॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

વડતાલ પીઠાધિપતિ વિદ્યમાન પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી **આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી શ્રી નરેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી** તથા
પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી પ્રકાશિત

શ્રી સ્વામિનારાયણ
મહામંત્ર મહિમા



:: લેખક :: સાધુ યોગેશ્વરદાસજી

ગુરુ :- પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી - વડતાલ (હાલ-સરધાર)

:: પ્રસિદ્ધ કર્તા ::

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મીનારાયણ દેવ પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી

શ્રી સ્વામિનારાયણ મહામંત્ર મહોત્સવ સમિતિ

પ્રસ્તાવના

परात्परं परब्रह्म पूर्णं ब्रह्म सनातनम् । सर्वावतारिणं स्वेष्टं स्वाश्रितजनतारकम् ।।
भक्तिधर्मात्मजं नित्यं स्वामिनारायणं प्रभुम् । वन्देऽहं सहजानन्दं वेदवेदाङ्गवन्दितम् ।।

આ ઘોર કળિયુગમાં જીવાત્માએ ડગલે ને પગલે અંતઃશત્રુઓ સાથે યુદ્ધ કરવાનું છે. તે માટે 'મુમુક્ષુ જીવાત્માઓનું ડગલે ને પગલે રક્ષણ થાય અને મોક્ષમાર્ગમાં બળ મળી રહે તેને માટે કંઈક ઉપાય કરું' આમ વિચાર કરીને **ભગવાન શ્રી સ્વામિનારાયણે** સ્વસ્થાપિત દિવ્ય સંપ્રદાયમાં સત્સંગની વૃદ્ધિ-વિકાસ અને અનંત હરિભક્તોના કલ્યાણ કરવા સ્વયં ભગવાન શ્રીહરિએ પોતાના દિવ્ય મુખકમળમાંથી **'શ્રી સ્વામિનારાયણ'** મહામંત્રની ઉદ્‌ઘોષણા કરી. સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણે સ્વમુખે આ 'શ્રી સ્વામિનારાયણ' **મહામંત્ર** આપ્યો ત્યારે તેમણે જ જે **મહિમા** પણ સ્વમુખે કહ્યો તેની **નોંધ** લેતાં પ.પૂ. ધ.ધુ. આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજ **'શ્રીહરિલીલામૃત'** ગ્રંથમાં લખે છે :

'ષડક્ષરી મંત્ર મહાસમર્થ, જેથી થશે સિદ્ધ સમસ્ત અર્થ;
સુખી કરે સંકટ સર્વ કાપે, અંતે વળી અક્ષરધામ આપે.
ષડક્ષરો છે ષટ શાસ્ત્ર સાર, તે તો ઉતારે ભવસિંધુ પાર;
છયે ઋતુમાં દિવસે નિશાયે, સર્વે ક્રિયામાં સમરો સદાયે.'

(શ્રીહરિલીલામૃત : ૫/૩)

અનંત બદ્ધ જીવાત્માઓને માયાના પાશથી મુકાવીને મુક્ત બનાવવા માટે પધારેલા સર્વાવતારી **ભગવાન શ્રી સ્વામિનારાયણ**ની અણમોલ **વરદાનરૂપ ભેટ** એટલે પોતાના દિવ્ય મુખકમળમાંથી ઉચ્ચારેલો ષડક્ષરી **'શ્રી સ્વામિનારાયણ'** મહામંત્ર.

આમ, શ્રીજીમહારાજે મહાન પાવનકારી 'શ્રી સ્વામિનારાયણ' મહામંત્ર આપીને **'સર્વજીવહિતાવહ'**નું દૃષ્ટાંત પૂરું પાડ્યું. જીવાત્માના આત્યંતિક મોક્ષની નિસરણીરૂપ 'શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય'ની ધુરા ભગવાન શ્રી સ્વામિનારાયણ પછી તેમના જ સ્થાને સ્થાપિત વડતાલ તેમજ અમદાવાદ ગાદીના બંને આચાર્યશ્રીઓ દ્વારા આજ દિવસ પર્યંત દેદીપ્યમાન રહી છે. અને આ **'આચાર્ય પરંપરા'** દ્વારા સ્વયં ભગવાન શ્રીહરિએ **'સર્વજીવહિતાવહ'**ના સૂત્રને ચાલુ રાખ્યું છે. શ્રીજી સમકાલીન નંદસંતોથી લઈને આજ દિવસ પર્યંત **આચાર્ય દીક્ષિત સંતપરંપરા**એ પણ આ **મહાશ્રેયસ્કારી** 'શ્રી સ્વામિનારાયણ' મહામંત્ર **પાંદડે પાંદડે ગુંજે** એવા **પ્રયત્નો** કર્યા છે અને કરી રહ્યા છે.

આવો દિવ્ય **'શ્રી સ્વામિનારાયણ'** મહામંત્ર તેને કોઈ પોતાના **શુલ્ક સ્વાર્થથી અર્થહીન** ન કરી નાખે અને 'વાસુદેવમાહાત્મ્ય'માં બતાવ્યા પ્રમાણે 'ઘોર કળિકાળ જેમ જેમ વ્યાપ્તો જશે તેમ તેમ **અધર્મને જ** લોકો **ધર્મ** માની સ્વીકારવા લાગશે અને મોક્ષ કરતલ **મૂળભૂતતા**ને લોકો ભૂલી જશે અને મુમુક્ષુના મોક્ષનો માર્ગ **સદૈવ** રૂંધાઈ જશે.' તો રખેને કોઈ મુમુક્ષુ જીવાત્માને 'શ્રી સ્વામિનારાયણ' મહામંત્રનો કરાતો ઊલટો અર્થ તેનો ચેપ ન લાગી જાય તે માટે સનાતન સત્ય **અર્થસભર ગ્રંથ** વર્તમાનકાળે પ્રકાશન કરવાની અતિ આવશ્યકતા ઊભી થઈ.

સાથે સાથે ભગવાન શ્રીહરિના કલ્યાણકારી સંકલ્પને **સાકાર સ્વરૂપ** આપવા તેમજ 'શ્રી સ્વામિનારાયણ' મહામંત્રની દિવ્યતા ફરી ઉજ્જ્વલિત થાય, જાગૃત થાય, સંપ્રદાય **એક છત્ર** નીચે આવે તેમજ શ્રી સ્વામિનારાયણ મહામંત્રનો મહિમાથી જાપ જપી અનેક જીવોનું આત્યન્તિક કલ્યાણ થાય

એવા શુભ આશયથી પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી વિદ્યમાન **આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**એ દિવ્ય સંકલ્પ કર્યો કે, આંતરરાષ્ટ્રીયસ્તરે શ્રી સ્વામિનારાયણ' મહામંત્રનું લેખનકાર્ય સમસ્ત સંપ્રદાયના સત્સંગી ભક્તો પાસે કરાવવું. અને એ સંકલ્પને ભક્તોએ ઉમંગ-ઉત્સાહથી લેખનકાર્ય કરી ભગીરથ જપયજ્ઞનું કાર્ય પૂર્ણ કરીને તેના પુરશ્ચરણરૂપે **પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ના દિવ્ય સાંનિધ્યમાં **ગઢપુર**ને આંગણે અદ્‌ભુત, અદ્વિતીય, અકલ્પ્ય પ્રથમચરણ **'શ્રી સ્વામિનારાયણ ૩૬૫ કરોડ મહામંત્ર મહોત્સવ - ૨૦૧૦'**માં તથા **જૂનાગઢધામ**ને આંગણે દ્વિતીય ચરણ **'શ્રી સ્વામિનારાયણ ૭૩૦ કરોડ મહામંત્ર મહોત્સવ-૨૦૧૩'માં** ઉજવાય ગયો. અને તે જ મંત્રજાપની ભક્તિ દ્વારા એકતાની શક્તિ વધે, ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણનું નામ ભક્તોના શ્વાસોશ્વાસમાં વણાઈ જાય અને મહામંત્ર જપનાર-લખનાર હરિભક્તો ભગવાન શ્રીહરિનું ભજન કરી મહાસુખકારી આત્યન્તિક કલ્યાણને પામી શકે તેવા શુભ હેતુથી શ્રીહરિ પ્રસન્નતાર્થે અને વિશ્વશાંતિ માટે **આગામી** તૃતીય ચરણ **'શ્રી સ્વામિનારાયણ ૧૫૦૦ કરોડ મહામંત્ર મહોત્સવ - વડતાલ'**ના ઉપલક્ષમાં આ છઠ્ઠી આવૃત્તિનું પ્રકાશન થઈ રહ્યું છે.

જેના માધ્યમથી દરેક ભક્તજનો મહોત્સવ સમિતિ દ્વારા પ્રસિદ્ધ કરાયેલા આ પ્રસ્તુત **'શ્રી સ્વામિનારાયણ મહામંત્રનો સનાતન-વૈદિક શાસ્ત્રોના પ્રમાણો સહિત અર્થસભર મહિમા'** જેવા ગ્રંથોને પોતાના ઘરમાં વસાવે અને સંબંધીજનોને પણ વાંચી-વંચાવીને **'શ્રી સ્વામિનારાયણ' મહામંત્રનો સાર્થક મહિમા** સમસ્ત વિશ્વમાં **જનજન પ્રત્યે** પહોંચાડે અને સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણના **કૃપાપાત્ર** બને એવી **અપેક્ષા** સહ...

લી. શ્રી સ્વામિનારાયણ મહામંત્ર મહોત્સવ સમિતિ વતી
સ્વામી નિત્યસ્વરૂપદાસજી - વડતાલ (હાલ-સરધાર)ના
ખૂબજ હેતપૂર્વક **જય શ્રી સ્વામિનારાયણ**

નમ્ર નિવેદન

ઉદ્ધવાવતાર સદ્‌ગુરુવર્ય શ્રી રામાનંદ સ્વામીએ આ ઉદ્ધવ સંપ્રદાયની સ્થાપના કરી. મહાપ્રભુ શ્રી સહજાનંદ સ્વામીને જેતપુરમાં ધર્મધુરા સોંપી સ્વધામ સિધાવ્યા. ત્યારબાદ ફરેણીમાં ભગવાન શ્રીહરિએ ગુરુવર્ય શ્રી રામાનંદ સ્વામીના ચૌદમા **(સં. ૧૮૫૮ના માગશર વદ - ૧૧, તા. ૩૧-૧૨-૧૮૦૧)**ના દિવસની સભામાં સ્વમુખે **'સ્વામિનારાયણ'** મહામંત્રનો ઉદ્‌ઘોષ કર્યો. ત્યારથી અવિરતપણે સંપ્રદાયમાં સર્વ આબાલવૃદ્ધ અનુયાયી નરનારીઓ આ **'શ્રી સ્વામિનારાયણ'** મહામંત્રના નામનું ભજન સ્મરણ કરે છે. પરંતુ મહામંત્રના જપ સાથે **નામે સહિત નામીનું ભજન** થાય એવા હેતુથી વેદ-શાસ્ત્રોના પ્રમાણો સહિત આ **મહામંત્ર**ના અર્થનું લેખનકાર્ય થયું છે.

કોઈએ આ **'શ્રી સ્વામિનારાયણ'** મહામંત્રનો ગુણાતીતાનંદ સ્વામી અને નારાયણ એવો **અનર્થ** કરી અતિ શુદ્ધ ઉપાસનાનું **ખંડન** કર્યું છે. તેને સાચી દિશામાં સત્ય શું છે ? તે જણાવવા આ ગ્રંથમાં **નમ્ર પ્રયાસ** કર્યો છે. જે સંપ્રદાયના સર્વ અનુયાયીઓના હિતમાં છે. જેથી સાચા મુમુક્ષુઓ ખોટી ભ્રમણામાં અટવાઈ ન જાય તેવા હેતુથી **પ્રસંગોપાત** તેનો પણ **ઉલ્લેખ** કર્યો છે.

સ્વયં શ્રીજીમહારાજ **'સ્વામિનારાયણ'** મહામંત્રનો મહિમા ગાતા **વચનામૃતમાં** કહે છે :

''...ગમે તેવો પાપી હોય ને **અંત સમે** જો તેને **'સ્વામિનારાયણ'** એવા નામનું ઉચ્ચારણ થાય, તો તે સર્વ પાપ થકી છૂટીને બ્રહ્મમહોલને વિષે નિવાસ કરે...''

(વચનામૃત પ્રથમપ્રકરણ : ૫૬)

'સ્વા...મિ...ના...રા...ય...ણ...' આ ષડક્ષરી **મહામંત્ર**નો કેવો **પ્રૌઢ પ્રતાપ** છે તે પ.પૂ. ધુ. ધુ. આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજશ્રી બતાવે છે :

'જે સ્વામિનારાયણ નામ લેશે તેનાં બધાં પાતક બાળી દેશે;
છે નામ મારાં શ્રુતિમાં અનેક, સર્વોપરી આજ ગણાય એક.'

(શ્રીહરિલીલામૃત : ૫/૩)

આ 'શ્રી સ્વામિનારાયણ' **મહામંત્ર** આધિ-વ્યાધિ-ઉપાધિની ભડકતી **જ્વાળાઓ વચ્ચે** અનેરી શીતળતા, શાંતિ, ધીરજ, સ્થિરતા અને પવિત્રતા બક્ષે છે. સાધનાની કાંટાળી કેડી ઉપર ડગમગ થતાં કંઈક ચરણોને આ મહામંત્રે સ્થિરતા-ધીરતા આપીને **ધ્યેય સુધી** પહોંચાડ્યા છે. આ મહામંત્રનો **દિવ્ય અનુભવ** પૂર્વે હજારો હરિભક્તોએ કર્યો છે, વર્તમાનકાળે **સેંકડો હરિભક્તો** કરી રહ્યા છે અને ભવિષ્યમાં પણ લાખો

મુમુક્ષુ જીવાત્માઓ કરતા રહેશે.

અહિં પ્રસ્તુત પુસ્તિકામાં ભગવાન શ્રી સ્વામિનારાયણ તેમજ **શ્રીજીસમકાલીન** નંદસંતો, અને આચાર્યશ્રીઓ, વિદ્વાનો દ્વારા પ્રતિપાદિત થયેલા **મહામંત્ર મહિમા**ને એમના જ **શબ્દો દ્વારા** નિરૂપવાનો **નિર્મળ પ્રયાસ** કર્યો છે.

સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણના દિવ્ય મુખકમળમાંથી ઉદ્‌ઘોષિત થયેલા આ **'સ્વામિનારાયણ'** મહામંત્રનો અપાર મહિમા શબ્દોમાં કંડારવો એ અસંભવ છે. છતાં પણ ભગવાન શ્રીહરિ, પ.પૂ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. લાલજી મહારાજશ્રી તથા **સમગ્ર ધર્મકુળ પરિવાર** અને તેમના વ્હાલા એવા **સંતો-હરિભક્તો**ના **રાજીપા** માટે અને અનેક મુમુક્ષુ જીવાત્માઓ કંઈક અંશે આ મહામંત્રનો **શાસ્ત્રોક્ત મહિમા** સમજી તેની દિવ્યતા ને ભવ્યતાની ઝાંખી કરી શકે એવા શુભ આશયથી આ **લેખનકાર્ય** કરવાનો **પૂ. સાધુ શ્રી યોગેશ્વરદાસજી**એ ખૂબજ સંશોધનાત્મક **પ્રયત્ન** કરેલ છે.

આ ગ્રંથનું પ્રુફરીંડીગ કરવામાં પોતાના અન્ય પ્રુફ-સંશોધનાદિ કાર્યમાંથી સમય કાઢીને **પૂ. સ્વામી આનંદસ્વરૂપદાસજી**એ ખૂબજ કાળજીપૂર્વક ખંતથી કર્યું છે અને તેને છાપકામઆદિક કાર્યમાં **સાધુ અમૃતસ્વરૂપદાસજીએ**પણ ખૂબજ સારી સેવા બજાવી છે. તેમજ આ ગ્રંથમાં અન્ય ગ્રંથોમાંથી સંદર્ભો લેવા માટે **પા. હરિકૃષ્ણ ભગત, પા. સંદીપ ભગત** અને **ચતુર ભગત** વગેરે જે જે સંતો-ભક્તોએ આ ગ્રંથ-સંપાદનમાં સુયોગ્ય-પ્રશંસનીય પોતાનું પ્રદાન અર્પ્યું છે તે સહુનો મહામંત્ર મહોત્સવ સમિતિ હૃદયપૂર્વક આભાર માને છે.

અસ્તુ.... જય શ્રી સ્વામિનારાયણ.

- શ્રી સ્વામિનારાયણ મહામંત્ર મહોત્સવ સાહિત્ય પ્રકાશન સમિતિના

જય શ્રી સ્વામિનારાયણ

છઠ્ઠી આવૃત્તિ વેળાએ...

આ ગ્રંથનું
પ્રકાશન ઈ.સ. ૨૦૧૦થી લઈને
ઈ.સ.૨૦૧૬ સુધીના **૬ વર્ષ**ના ટૂંકા સમયગાળામાં
'શ્રી સ્વામિનારાયણ મહામંત્ર મહિમા' ગ્રંથની આવૃત્તિ **૪૫૦૦૦ હજાર**
જેટલી પ્રતોનું વેચાણ કાર્ય થઈ ચૂક્યું છે. શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના મૂળભૂત
સિદ્ધાંતોને માનસપટમાં સુવ્યવસ્થિત ઉતારવા માટે સંપ્રદાયના યુવાન સંત અને જેમણે
વડતાલ પીઠાધિપતિ પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી **આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી
મહારાજશ્રી** તથા પ.પૂ. ૧૦૮ શ્રી **ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**નો અનહદ
રાજીપો પ્રાપ્ત કર્યો છે એવા પૂ. **સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી**ના કૃપાપાત્ર શિષ્ય વિદ્વદ્વર્ય
પૂ. સાધુ શ્રી યોગેશ્વરદાસજી દ્વારા રચિત આ ગ્રંથ પૂર્ણતઃ સફળ નીવડ્યો છે.
એ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય માટે **અતિ ગૌરવ**ની વાત છે.
લેખકશ્રી દ્વારા થયેલા નોંધપાત્ર નૂતન સંશોધનોની સાથે સવિશેષ ઉમેરા સહિત **છઠ્ઠી
આવૃત્તિ**ના પ્રકાશનની શુભ વેળાએ આ ગ્રન્થ માત્ર શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય જ
નહિ, પરંતુ સમગ્ર સનાતન હિન્દુ સમાજ માટે **'શ્રી સ્વામિનારાયણ મહામંત્ર'**
તેમજ સંપ્રદાયની મૂળ ધરોહરને સમજવા માટે ઉપયોગી બની રહે એ
જ ઈષ્ટદેવ સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણના
શ્રીચરણોમાં કોટિ કોટિ વંદના સહ પ્રાર્થના...

લેખકના બે બોલ

વ્હાલા ભક્તજનો ! આ ગ્રંથના પ્રકાશનનો **હેતુ** ખૂબજ રોચક છે. પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી **વિદ્યમાન આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**એ આજથી અંદાજે દશેક વર્ષ પૂર્વે મારી પાર્ષદાવસ્થામાં જ પ્રારંભેલા અને **બે-ત્રણ વર્ષ સુધી** વ્યાકરણ શાસ્ત્રમાં લઘુસિદ્ધાંત-કૌમુદી સૂત્રો અને પાણિનિ અષ્ટાધ્યાયી કંઠસ્થ કરવા પૂર્વક અભ્યાસરૂપી **પ્રભાતકાળ**માં પસાર થઈને આગળ સંસ્કૃત વિદ્યાના વ્યાકરણ-મહાભાષ્યાદિ ગ્રંથોમાં પ્રવેશ કરવાના **ઉદયકાળ**માં જ જ્યારે હું પ્રથમપરીક્ષા આપવા તત્પર હતો ત્યારે મને વિ.સં. ૨૦૫૭માં **ભાગવતી દીક્ષા** આપી મોક્ષમાર્ગમાં અનુગ્રહ પૂર્વક **વિશેષ ધન્યભાગી** બનાવ્યો; ત્યારે એજ સમયે મારા ઉપર ખૂબજ રાજી થઈ **આશીર્વાદ** આપી **આદેશ** કર્યો કે, શાસ્ત્રનું ખૂબ અધ્યયન કરવું, જેથી સર્વોપરી ભગવાન શ્રી સ્વામિનારાયણનો **સર્વોપરી નિશ્ચય** દૃઢ થાય. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના આ વચનો **બ્રહ્મવાક્યની જેમ** મારા હૃદયમાં ઉતરી ગયા. અને એ આજ્ઞા મસ્તકે ચડાવી **સાંપ્રદાયિક શાસ્ત્રોનો** તેમજ તેમના યથાર્થ જ્ઞાનના સુબોધ માટે **વ્યાકરણ-ન્યાય-વેદાંતાદિ** સંસ્કૃત ભાષાના વિવિધ ગ્રંથોનો પણ અભ્યાસ કર્યો. જેથી આ અભ્યાસની પ્રવૃત્તિથી રાજી થઈને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ મને **'શ્રી સ્વામિનારાયણ'** મહામંત્રનો મહિમા અને તેના વિષે તલસ્પર્શી **સંશોધન** કરવાની આજ્ઞા કરી. જે હું અભ્યાસ દરમ્યાન સમય અવકાશે કરતો રહ્યો.

આ સમય દરમ્યાન સંપ્રદાયના અન્ય કાર્યક્રમોમાં જવાનો તેમજ હરિભક્તોને મળવાનો **પ્રસંગ** થતો હતો. એવા જ **એક પ્રસંગ**માં કોઈક હરિભક્તએ **પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ને અક્ષર-પુરુષોત્તમસંસ્થાના કહેવાતા સાધુ બ્રહ્મદર્શનદાસે **આણંદ મુકામે** પોતાના પ્રવચનમાં શાસ્ત્રોના **ખોટા અર્થઘટન** કરીને મૂળ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયની કરેલી **ટીકા**ની **ઓડિયો સી. ડી.** આપી અને પોતાની **વ્યથા** રજૂ કરી. તે સમયે **પ.પૂ. લાલજી મહારાજશ્રી** તથા મારા આશ્રમગુરુ **પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી**એ એમ **નિર્ણય** લીધો કે, જો આવું અવળું જ્ઞાન અને આવા અવળા અર્થોને જો લોકો **સત્ય** માની બેસે તો કેટલાકના **કલ્યાણ** બગડશે. જેથી હજારો ભક્તોને કલ્યાણના માર્ગથી પડતા બચાવવા તેમજ ભગવાન શ્રી સ્વામિનારાયણના સર્વોપરીપણાને અને મોક્ષના સંકલ્પને **જીવંત** રાખવા, સંપ્રદાય અનુસાર **માન્ય શાસ્ત્રો**ના **યથાર્થ મહિમા**એ સહિત સત્ય **હકીકત** હરિભક્તો (મુમુક્ષુઓ) સુધી પહોંચે તે માટે આ ગ્રંથને **વિરાટ સ્વરૂપ** આપવાનું નક્કી કર્યું.

ઉપરોક્ત કાર્ય નાનું ન હતું, પરંતુ **પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી**ના વચનોરૂપી આશીર્વાદે **પ્રેરણા બળ**નું કામ કર્યું છે. આ ભગીરથ કાર્યના **સંશોધન** અને **સંકલન**ના ખૂબ જવાબદારીભર્યા કાર્યમાં **પ.પૂ. લાલજી મહારાજશ્રી**એ ડગલેને પગલે ખૂબજ **મહત્ત્વપૂર્ણ માર્ગદર્શન** પૂરું પાડ્યું. અને સાંપ્રદાયિક કાર્યમાં **વ્યસ્ત** હોવા છતાં આ કાર્ય માટે બહુજ **વિશેષ સમય** ફાળવ્યો. તેમજ મારા આશ્રમગુરુ પૂ. સ.ગુ. **સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી**એ પણ ખૂબજ **પ્રોત્સાહન** આપી આ સેવા કાર્યમાં રહેવા માટે **બળ** પૂરું પાડ્યું. તેમજ અમારા મંડળના પૂ. આનંદસ્વરૂપદાસજી

સ્વામી, પૂ. અમૃત સ્વામી તથા મંડળના અન્ય તમામ સંતો-પાર્ષદોએ ખૂબ **સાથ સહકાર** આપી આ કાર્યને **સફળ** કરવા મદદ કરી છે.

અતિ મહત્ત્વપૂર્ણ અને જવાબદારી ભરેલું કાર્ય હોવાથી આ કાર્યમાં સમય લાગે એમ હતો. પરંતુ જોગાનુજોગ **'શ્રી સ્વામિનારાયણ' મહામંત્ર પ્રાગટ્ય**ના ૨૦૯ વર્ષના ઉપલક્ષમાં ગઢપુરને આંગણે **'આંતરરાષ્ટ્રીય શ્રી સ્વામિનારાયણ મહામંત્ર મહોત્સવ'** થનગનવા લાગ્યો ત્યારે આનાથી ઉત્તમ આ ગ્રંથને પ્રકાશિત કરવાનો બીજો **અવસર** નહિ મળે તેમ જણાતા આ અતિ ભવ્ય અને દિવ્ય મહોત્સવમાં જ આ ગ્રંથ ભગવાન શ્રીહરિની પૂર્ણકૃપાથી સમગ્ર સંપ્રદાયને **સદ્‌બોધ** પ્રાપ્ત થાય તે માટે મારા **દીક્ષાગુરુ** પ.પૂ. સનાતન ધ.ધુ. **૧૦૦૮ શ્રી વિદ્યમાન આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ના કરકમળોમાં આદર સહ **સમર્પણ પૂર્વક** સત્સંગી હરિભક્તો માટે સાદર **સમર્પિત** કરીએ છીએ.

આ ગ્રંથને પ્રકાશિત કરતા અમને (આ ગ્રંથમાં **યેન કેન પ્રકારેણ** સહાયભૂત થનાર સહુને) **ખૂબજ હર્ષ** થાય છે કે, આપણા ઈષ્ટદેવ સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણનો મહિમા અને તેમના સિદ્ધાંતને ગાવાનો અમને અવસર મળ્યો. અને એ વાતથી અમને **દુઃખ** પણ છે કે, કેટલાક દ્વેષી અને સ્વાર્થાંધ વ્યક્તિઓ અને વિમુખ સંસ્થાઓ આજે શુદ્ધ સંપ્રદાયના આવા દિવ્ય માળખા ઉપર **અકારણ પ્રહાર** કરી તેને વેર-વિખેર કરવાનો **પ્રયત્ન** કરે છે. અને પોતાના સ્વાર્થને સિદ્ધ કરવા હજારો જીવાત્માઓનું કલ્યાણ બગાડી અવળાનું સવળું ને **સવળાનું અવળું** કરવા મથે છે. જેથી આજે એવા વ્યક્તિઓને વિનમ્રતા સાથે **આગમચેત** કરીએ છીએ કે, **તમારા જીવનું કલ્યાણ ઈચ્છતા હો તો** ભગવાન શ્રી સ્વામિનારાયણના સ્થાપેલ **સિદ્ધાંતો**ને **શરણે** થઈ જાવ, જો ન થવાય તો આ દિવ્ય સંપ્રદાયને **નુકશાન** થાય અને **ભગવાન શ્રી સ્વામિનારાયણના સિદ્ધાંતો તૂટે** તેવું કાર્ય તો ન જ કરતા. કારણ કે જેમ અધર્મીઓને અધર્મ આચરવામાં આનંદ આવતો હોય છે તેમ ધર્મમાં અણિશુદ્ધ વર્તવાવાળાને પોતાના ઈષ્ટદેવની **સતત ખુમારી** હોય છે. અને તેથી જ તે હરપ્રકારે પોતાના ઈષ્ટદેવનો પક્ષ દૃઢતાથી રાખશે જ તે **હકીકત** ધ્રુવ તારાની માફક **સદાય અવિચલ** સમજવાની **ખાસ જરૂર** છે.

આગમચેતી ખાસ નોંધ :- આ ગ્રંથના પ્રમાણભૂત કોઈપણ અર્થમાં કે હકીકતમાં જેમને કોઈપણ પ્રકારનો સંશય કે શંકાને સ્થાન હોય તેની સાથે જાહેરમાં પણ **ખુલાસો** કરવા અમો **તત્પરતા** દાખવીએ છીએ, જેની **વાસ્તવિક સત્ય જ્ઞાનાંશ માટે** સહુએ **નોંધ** લેવી.

લેખક : સાધુ યોગેશ્વરદાસ
ગુરુ :- પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી - વડતાલ (હાલ-સરધાર)

:: આ મહામંત્ર મહિમા ગ્રંથ વાંચનની રીત ::

આ 'મહામંત્ર મહિમા' ગ્રંથનું જ્યાં સુધી **સંપૂર્ણ વાંચન** ન થાય ત્યાં સુધી કોઈપણ **નિર્ણય** બાંધી લેવાની ઉતાવળ ન કરશો. એટલે કે સાચું શું ? ખોટું શું ? એ નિર્ણયને થોડો મુલતવી રાખજો. જ્યારે પૂરેપૂરો આ ગ્રંથ વંચાય જાય ત્યારે ધર્મશાસ્ત્રમાં જે હકીકત **પ્રમાણરૂપ** હોય તેના અંગે વિચારજો અને **ચિંતન** કરજો, એકાદ પેઈજ વાંચી તેના ઉપર જો વિચાર કરવાનું શરૂ કરશો તો સમજી લેજો મુશ્કેલી ઊભી થશે. કારણ કે શક્ય છે કે, શરૂઆતમાં થોડું કઠીન લાગે, પરંતુ સંપૂર્ણ ગ્રંથ વાંચ્યા પછી સમજવાની કોશિશ કરશો તો શક્ય છે કઠીનાય જતી રહેશે.

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયનો હકીકત **સાચો સિદ્ધાંત** સમજવો અતિ કઠીન છે અને આપણી સમજ એટલી નાની છે કે, આપણે જ્યારે તેના આધારે નિર્ણય કરી લઈએ છીએ, ત્યારે આપણે હંમેશા ભૂલમાં પડી જઈએ છીએ. માટે ઉતાવળે નિર્ણય ન કરશો, વિચારવા માટે ઘણો સમય છે, ધીમે ધીમે તેના ઉપર વિચારજો.

આપણી આદતો ઘણીવાર ખોટી હોય છે કે, જ્યારે આપણે વાંચન કરતા હોઈએ છીએ, ત્યારે આગળ વાંચેલાનો વિચાર પણ ચાલુ રાખીએ છીએ. તમને ખબર છે ? મન એક સમયે એક જ કામકરી શકે છે, કાં તો વાંચન કરી શકે છે કાં તો વિચાર કરી શકે છે. એટલે જો તમે વિચારશો તો તમે આગળનું વાંચન સંપૂર્ણ નહી કરી શકો. અને જે વાતને વાંચી જ નથી તો તેના અંગે કેવી રીતે વિચારી શકશો ? તો પહેલા સંપૂર્ણ વાંચી લો, વિચારવાનું કામ પછી કરી લેજો. કોઈ ઉતાવળ નથી અને અમે એવું પણ નથી કહેતા કે વાંચવાનો અર્થ છે કે માની લેવું - ના. વાંચવાનો અર્થ એવો થતો નથી કે અમે લખીએ તે માની લેવું. પરંતુ જે વાત વાંચી છે તેને શ્રીમદ્ સત્સંગિજીવનાદિક ધર્મગ્રંથોની સાથે સરખાવજો અને જે વાત ધર્મગ્રંથોની સાથે મળતી આવે તેનો વિચાર કરજો, અને પછી તમારો નિર્ણય બાંધજો. માટે પહેલા સંપૂર્ણ ગ્રંથ વાંચવો **પર્યાપ્ત** છે. અને વાંચ્યા પછી આ ગ્રંથમાં જો **સચ્ચાઈ** હશે, તો તે તમારા હૃદય સુધી પહોંચશે. અને જેના લખાણો ને માન્યતાઓ ધર્મગ્રંથોથી વિરુદ્ધમાં હશે, તો તે ખોટા હોવાનો **બોધ-અનુભવ** પણ તમને થઈ જશે.

અને હવે એથીયે વિશેષ મહત્ત્વની વાત અમે તમને કહીએ છીએ કે, અહીંની ચર્ચામાં અમારો કેવળ એક ટકા જેટલો જ હિસ્સો છે, નવ્વાણું ટકા હિસ્સો તમારો છે. આખરે સાચું શું ? ખોટું શું ? એના નિર્ણાયક સ્વયં તમે છો. અને જો કોઈપણ વાત ધર્મશાસ્ત્રના પ્રમાણ વગર અથવા ધર્મશાસ્ત્રના વાંચન વગર કેવળ મનથી કે દેખાદેખીથી સાચી માની લીધી હશે તો આ ગ્રંથ વાંચ્યા પછી તમે અવશ્ય દ્વિધામાં પડશો. ત્યારે આ ગ્રંથમાં જે જે ગ્રંથોના પ્રમાણો તે શ્લોકની સંખ્યાએ સહિત આપ્યા છે તે ગ્રંથો જો તમારી પાસે હોય તો તે પ્રમાણ આપેલા શ્લોકની

સંખ્યાનો ક્રમતમારી પાસે રહેલા ધર્મગ્રંથોમાંથી શોધી ફરી વાર વાંચજો. અને પ્રમાણ આપેલા ધર્મગ્રંથો જો ન હોય તો મંગાવીને વાંચજો. તો તમને સત્ય હકીકતની જાણ થશે અને તમારી દ્વિધા પણ દૂર થશે.

પરંતુ આપણી મોટામાં મોટી **મુસીબત** એ છે કે ધર્મગ્રંથોને વાંચ્યા વગર કોઈપણ જોરથી કહી દે તો તેની ઉપર વિશ્વાસ મૂકી દઈએ છીએ. આપણને કોઈપણ વાતમાં વિશ્વાસ ધરાવતા કરી શકાય છે. પ્રત્યેક માણસની હાલત પણ એવી જ છે. એ પણ જાણે છે કે આ બિલકુલ જૂઠું છે. પરંતુ તેમછતાં અસત્યને પણ ઘણા દિવસો સુધી અનેક લોકો દ્વારા દોહરાવવાથી તે સત્ય જેવું લાગવા માંડે છે.

એડોલ્ફ હિટલરે પોતાની **આત્મકથા**માં લખ્યું છે :- ''એવું કોઈ જૂઠાણું નથી જેને વારંવાર દોહરાવવામાં આવે તો તે પ્રજા માટે સત્ય ના બની જાય.'' આગળ તેણે લખ્યું છે કે, ''આ હું કેવળ વાત કે સિદ્ધાંત નથી કહી રહ્યો. આ હું મારા પોતાના અનુભવના આધારે કહું છું. હું સતત કોણ જાણે કેટલા પ્રકારના જૂઠાણાઓ બોલ્યો હોઈશ. પરંતુ યોગ્ય રીતે તેનો પ્રચાર કર્યો, લોકોને સમજાવ્યા અને તે બધા સત્ય બની ગયા. હું ખુદ પણ પાછળથી નવાઈ પામી ગયો કે આટલા બધા લોકો જ્યારે માને છે તો તે સાચું જ હશે. મને પણ એવું લાગવા માંડ્યું બલ્કે જૂઠું તો હું જ બોલ્યો હતો. જેની શરૂઆત મારાથી જ થયેલી અને હું જાણું છું કે એ હળાહળ અસત્ય વાતો હતી. પરંતુ જ્યારે આખો દેશ માનવા માંડ્યો ત્યારે મને પણ શંકા થઈ કે ક્યાંક હું ભૂલ તો નથી કરી રહ્યો ને ! જ્યારે આટલા બધા લોકો માને છે, તો બરાબર જ માનતા હશે.''

'હું પચ્ચીસમો **તીર્થંકર** છું' એમઅત્યારે કોઈ કહે તો તેને જૈનો ન સ્વીકારે. એવી જ રીતે એક મહંમદ પયગંબર સિવાય બીજી કોઈ વ્યક્તિ કહે કે, 'હું પયગંબર છું' તો તેનો મુસ્લિમો ક્યારેય સ્વીકાર નહિ કરે. કારણ કે એમનો એવો મત છે કે અલ્લા એ મોકલેલા મહંમદ પયગંબરે જે કંઈ કહેવાનું હતું તે બધું જ કહી દીધું છે, તો હવે તેમાં કોઈ સુધારો તો કરવાનો નથી. તો શું કામઅલ્લા બીજાને મોકલે ?

એક માણસે એવી ઘોષણા કરી કે, 'હું **પયગંબર** છું.' તો તેને બગદાદના ખલીફાએ પકડીને હાજર કર્યો અને કહ્યું : ''આ ગાંડપણ છોડી દે, નહિતર હત્યા સિવાય એનું બીજું કોઈ પરિણામનહીં આવે. હું તને એક દિવસની મુદ્દત આપું છું.'' પછી તેને જેલમાં પૂરી દેવામાં આવ્યો. અને કહેવામાં આવ્યું કે, ''કાલ સવારે હું આવીશ, તું બરાબર વિચારી લે; નહિતર તારી ગરદન કપાયા સિવાય બીજું કંઈ થશે નહીં. તારી વાત ખોટી છે અને કોઈ પોતાને પયગંબર કહે તે વાત અમે સહન કરી શકીએ નહિ. બસ, મહંમદ પયગંબર છેલ્લા પયગંબર હતા. હવે આગળ કોઈ પયગંબર નથી. એક છે અલ્લા અને એક છે તેના રસૂલ મહંમદ. હવે કોઈ બીજું ન ચાલે. બસ થયું. કામપૂરું થઈ ગયું. કુરાનમાં જે કંઈ જોઈએ છે તે બધું જ છે. હવે અલ્લાહ પાસેથી કોઈ નવા નવા પુસ્તકો લાવવાની જરૂર નથી.''

પેલા માણસને કેદ કરવામાં આવ્યો. સવારે બાદશાહ **ખલીફા** તેને મળવા આવ્યા. ખલીફાએ તેને કહ્યું : ''મિત્ર ! કંઈ વિચાર્યું ? વિચાર કર્યો ?'' ત્યારે તે માણસ હસવા લાગ્યો, તેણે કહ્યું : ''તમે પાગલ છો. તમને શું એ નથી ખબર કે પયગંબર સામે હંમેશા

મુશ્કેલીઓ આવી છે ! તેનાથી કદાપિ એવું સાબિત નથી થતું કે હું પયગંબર નથી. તેનાથી તો એ જ સાબિત થાય છે કે હું પયગંબર છું. આવી મુસીબતો તો હંમેશા અગાઉ પણ પયગંબર પર આવતી રહી છે. પયગંબરને હંમેશા હેરાન કરવામાં આવ્યા છે. આ તો એક કસોટી છે અને તમે મને જેટલો હેરાન કરશો, એટલું એ જ સાબિત થશે કે હું પયગંબર છું. અને તમે જો મારી હત્યા કરશો તો તો બસ, કામથઈ ગયું. પયગંબરની હત્યા થતી આવી છે. જુઓ, ઈસુ ખ્રિસ્તીને વધસ્તંભ પર ચડાવી દેવામાં આવ્યા હતા. અને સોક્રેટીસને ઝેર આપવામાં આવ્યું હતું. આવું તો ચાલતું જ રહે છે. તો તમારે જે કરવું હોય તે કરો. આ તો અલ્લાએ મને પહેલેથી જ કહી રાખ્યું હતું કે તને મોકલી રહ્યો છું પણ બહુ મોટી મુસીબતોનો સામનો કરવો પડશે. બસ, આ મુશ્કેલી સહન કરવાનું શરૂ થઈ ગયું. હવે વાત પાકી થઈ છે કે હું પયગંબર છું.'' પેલા માણસની વાતથી ખલીફા ખૂબ પરેશાન થયો.

એ જ વખતે તે કેદખાનામાં થોડે દૂર અંધારામાં થાંભલા સાથે એક બીજો કેદી બાંધેલો હતો તે ખડખડાટ હસવા લાગ્યો.

ત્યારે ખલીફાએ આક્રોશથી તેને પૂછ્યું : ''તું કેમહસે છે ?''

પેલા કેદીએ કહ્યું : ''જહાંપનાહ ! આ માણસ ખોટું બોલે છે.''

ત્યારે ખલીફા કહે : ''તારી પાસે એ વાતની કોઈ સાબિતી છે ?''

ત્યારે પેલા કેદીએ કહ્યું : ''હું પોતે અલ્લાહ છું ને મેં કોઈ પયગંબરને મોકલ્યા જ નથી. તો આ પયગંબર કેમહોઈ શકે ?''

હવે ખલીફા પાસે બીજો સવાલ ઊભો થયો કે, સામે ઊભેલા પયગંબર સાચા કે થાંભલા સાથે બાંધેલા અલ્લાહ સાચા ?

વાસ્તવમાં બંને ખોટા જ હતા. પરંતુ એમણે જોરશોરથી કરેલા ખોટા એલાનોએ ખલીફા જેવા બાદશાહને વિચાર કરતા કરી દીધા. દુનિયામાં આવું જ ચાલે છે.

ખોટો માણસ તમામપ્રકારની કોશિશો કરીને **બિલકુલ સાચા માણસ** જેવો બની શકે છે એટલું જ નહિ, બલ્કે એવું પણ બને કે સાચાને અને ખોટાને પરીક્ષામાં બેસાડવામાં આવે તો સાચા નાપાસ થાય, આવું એટલા માટે શક્ય છે, કારણ કે, સાચું સહજ છે તેમાં ભૂલ થવાની સંભાવના છે. પરંતુ ખોટામાં કોઈ ભૂલચૂક થઈ જ શકે નહીં. તેનો હિસાબ ગણિત જેવો છે. તેનો તો એક રતી રતીનો હિસાબ છે.

આવી એકવાર પરીક્ષા લેવાય ચૂકી છે. યુરોપમાં **ચાર્લી ચેપ્લીન** નામના ખ્યાતનામએક **હાસ્ય કલાકાર** હતા. આખી દુનિયામાં હજારો-લાખો લોકો તેના ચાહકો છે. ચેપ્લીનનો જન્મદિવસ હતો અને તેના મિત્રોએ તેના જન્મદિવસે એક **સમારંભ** યોજ્યો. અને આખા યુરોપ અને અમેરિકામાંથી તેણે ચાર્લી ચેપ્લીનની ભૂમિકા ભજવવા માટે દુનિયાભરના અભિનેતાઓને આમંત્રણ આપ્યું. ઠેર-ઠેર હરિફાઈઓ યોજાઈ. આખરે સો અભિનેતાઓને પસંદ કરવામાં આવ્યા. અને તેઓ બધા લંડનમાં ભેગા થયા તે સો અભિનેતાઓ ચાર્લી

ચેપ્લીનની ભૂમિકા ભજવશે. અને તેમાંથી સૌથી સારી ચાર્લી ચેપ્લીનની ભૂમિકા ભજવવાવાળા ત્રણ અભિનેતાઓને **મોટા પુરસ્કાર** ઈંગ્લેન્ડની મહારાણી આપશે એવું નક્કી થયું.

ચેપ્લીને વિચાર્યું કે, હું પણ બીજા નામે ભરતી કેમના થઈ જાઉં ? હું પણ ઉમેદવારી નોંધાવી દઉં બીજા નામે. અને હરિફાઈમાં ભાગ લઉં કોને ખબર પડશે ? ત્યાં તો એકથી સો માણસો છે તેમાં હું ખોવાઈ જઈશ. અને પ્રથમપુરસ્કાર તો મને મળી જ જશે. કારણ કે, હું અસલી **ચાર્લી ચેપ્લીન** છું.

તેમણે ખોટા નામે ઉમેદવારી નોંધાવી અને હરિફાઈમાં સામેલ થયા. પરંતુ જ્યારે હરિફાઈનું પરિણામઆવ્યું ત્યારે મોટી મુશ્કેલી થઈ, તેનો નંબર બીજો આવ્યો. અને પહેલા નંબર ઉપર કોઈ બીજો જ માણસ હતો.

આ અસલી ચાર્લી ચેપ્લીનને **બીજા નંબરનો પુરસ્કાર** મળ્યો. એ તો પાછળથી ખબર પડી કે ચાર્લી ચેપ્લીન ખુદ પણ હરિફાઈમાં હતા અને બીજા નંબરે આવ્યા.

આ નકલ આખી દુનિયામાં થઈ રહી છે અને નકલને કારણે જ સાચી વસ્તુ હોવા છતાં જણાતી નથી. એટલે સાચી વસ્તુ જાણવા માટે વિચાર કરવાવાળી આંખ જોઈએ; શોધવાવાળી, વિચારવાળી, ચિંતનકરવાવાળી, ધર્મશાસ્ત્રથી પરિશુદ્ધ થયેલી બુદ્ધિ જોઈએ.

આ મહામંત્ર મહિમા ગ્રંથ સાચી વસ્તુ જણાવવા માટે એક **માર્ગદર્શક**નું કામપૂરું પાડશે, એવી મને શ્રદ્ધા છે. ખોટી વસ્તુની વિરુદ્ધમાં આ ગ્રંથ તમને એક **મૌલિક ચિંતન** કરવાનો વિચારવાનો, સાચું શોધવાનો મોકો આપશે. અને જેમના જીવનમાં એવી કોઈ ઘડી આવે કે સાચી વસ્તુ મળતા તેઓ જાગી જાય. અને ખુદ પોતે સાચું જાણે ને બીજાને પણ જણાવે. પરંતુ એ જ માણસ જાગી શકે છે જે બરાબર સમજી ચૂક્યો છે કે પોતે સૂતો છે. કારણ કે જેને ભ્રમછે કે હું જાગ્રત છું, તેને સ્વયં ભગવાન પણ જગાડી શકશે નહિ.

- લેખકશ્રી



અનુક્રમણિકા

૧. મંત્રનો ઈતિહાસ ——— ૧

- મંત્ર પરિચય
- મંત્ર મહિમા

૨. ભગવન્નામમહિમા ——— ૫

- નામ-જપ મહિમા ગોસ્વામીજીના મતે...
- કલિમાં મોક્ષનો અનન્ય ઉપાય...
- નામસ્મરણથી અજામિલનો ઉદ્ધાર...
- વાલીયો લૂંટારો...
- નામસ્મરણથી મોહ ટળ્યો...

૩. 'શ્રી સ્વામિનારાયણ' મહામંત્રના પ્રાગટ્યનો પૂર્વ ઈતિહાસ ——— ૧૫

૪. 'શ્રી સ્વામિનારાયણ' મહામંત્ર ઉદ્‌ઘોષણા દિન ——— ૨૩

- વિવિધ નામોના પ્રવૃત્તિ હેતુ...
- શ્રી સ્વામિનારાયણ નામ-મહામંત્રનો પ્રવૃત્તિ હેતુ...
- અહર્નિશ જપનીય અસાધારણ મંત્રરાજનો ઉદ્‌ભવ તથા માહાત્મ્ય સહ પ્રવૃત્તિ હેતુ...

૫. 'શ્રી સ્વામિનારાયણ' નામ-મહામંત્રના વેદાદિ શાસ્ત્રોક્ત અર્થો ——— ૩૦

૬. 'શ્રી સ્વામિનારાયણ' મહામંત્રના ગૂઢ-અર્થની સ્પષ્ટતા માટેના કેટલાક પ્રશ્નો તથા તેના ઉત્તરો... ૮૯

૭. 'શ્રી સ્વામિનારાયણ' નામના માધ્યમથી ચાલતી અન્ય સંસ્થાઓ ——— ૧૪૮

૮. ધર્મગ્રન્થના અર્થજ્ઞાનની આવશ્યકતા અને ઉપયોગિતા ——— ૨૩૮



અનુક્રમણિકા

૯. 'શ્રી સ્વામિનારાયણ' મહામંત્રરાજનો મહાપ્રૌઢ પ્રતાપ ૨૮૫

- શીતળદાસમાંથી સદાશીતળ બનેલા સંત વ્યાપકાનંદજી
- 'શ્રી સ્વામિનારાયણ' મહામંત્રના નાદે..., મરેલી ઘોડીને જીવતી કરી.
- 'શ્રી સ્વામિનારાયણ' મહામંત્રના નાદે..., મરેલા બ્રાહ્મણપુત્રને બેઠો કર્યો.
- યમપુરી ખાલી કરાવી...
- 'શ્રી સ્વામિનારાયણ' મહામંત્રમાં બધાં મુહૂર્ત આવી ગયાં...!!!
- સ્નાન સમયે નામલીધા વિના શોણિત સ્નાન...
- 'શ્રી સ્વામિનારાયણ' નામથી ભગવાનને પણ બોલાવે છે...
- 'શ્રી સ્વામિનારાયણ' ભજનથી અનાવરણ સ્થિતિ...
- 'શ્રી સ્વામિનારાયણ' મહામંત્રથી સુંદરજી ભક્તની સહાય...
- જમદૂત થકી રક્ષા કરી અક્ષરધામઆપ્યું...
- 'શ્રી સ્વામિનારાયણ' મહામંત્રથી પાપીને પણ પરમગતિ...
- 'શ્રી સ્વામિનારાયણ' મહામંત્રના પ્રતાપે ધામગમન...
- શ્રી સ્વામિનારાયણ જે કહેશે, ભાવે કુભાવે પણ મુક્તિ લેશે...
- જપીશ આઠો જામ, સ્વામિનારાયણ નામ...
- 'શ્રી સ્વામિનારાયણ' નામરટણથી વાસના નિર્મૂળ થઈ ગઈ...
- ઘાંડલાના મૂળુ ડોશીને અખંડ મહામંત્ર જપનો કેફ...
- મારી સીવેલી ડગલી જે પહેરશે તેનું પણ કલ્યાણ...
- ખાખીઓએ બંધ કરેલો સિંચોડો સ્વામિનારાયણ મહામંત્રથી ચાલુ થયો...
- 'શ્રી સ્વામિનારાયણ' મહામંત્રથી કોઈ મોટો મંત્ર નથી...!!!
- 'શ્રી સ્વામિનારાયણ' મહામંત્રના પ્રતાપથી સ્મશાનમાં મડદું બોલ્યું...
- 'શ્રી સ્વામિનારાયણ' મહામંત્રના ભજનથી : કેસરાભાઈને કાળા નાગનું ઝેર ઉતરી ગયું...!!!
- ગઢાળીના હરિભાઈને સર્પનું ઝેર ઊતર્યું...!
- ખરડના રામબાઈને સર્પનું ઝેર ઊતર્યું...!
- સર્પનું ઝેર ઊતરાવવાનો ઇન્કાર...!
- 'શ્રી સ્વામિનારાયણ' મહામંત્રના ભજનથી સમાધિમાં ધામદેખાડ્યું...!
- સદ્ય સમાધિનું કારણ 'સ્વામિનારાયણ' નામનું ભજન છે...!!
- આજથી 'સ્વામિનારાયણ' મહામંત્રના ભજનથી વેશ્યાઓનો પણ ઉદ્ધાર થયો...



અનુક્રમણિકા

- અમદાવાદમાં 'સ્વામિનારાયણ' ભજનથી સંતોને સર્પ ભય ટળ્યો...
- 'શ્રી સ્વામિનારાયણ' મહામંત્રના ભજનથી ઝેરી વીંછી પણ ચડ્યો નહિ...
- 'શ્રી સ્વામિનારાયણ' મહામંત્રથી અવગતિ પામેલા સર્પનો ઉદ્ધાર...
- 'શ્રી સ્વામિનારાયણ' મહામંત્રના જપથી અંધને આંખો મળી...
- 'શ્રી સ્વામિનારાયણ' મહામંત્રના પ્રતાપે ચૂડેલને પણ કાઢી મૂકી...
- 'શ્રી સ્વામિનારાયણ' નામથી ભુવા-ડાકલા અને દોરાની પ્રતીતિ ટાળી...
- 'શ્રી સ્વામિનારાયણ' મહામંત્રથી વાડીના માલિકોને ભૂત બનાવનાર ૩૦ ભૂતોનો પણ મોક્ષ કર્યો...
- ચાર જણનો જીવ લેનાર સર્પનું ઝેર પણ ન ચડ્યું !!!
- 'શ્રી સ્વામિનારાયણ' મહામંત્રના પ્રતાપે અફીણનું ઝેર પણ ઉતારી દીધું...!
- 'શ્રી સ્વામિનારાયણ' મહામંત્રથી ભૂત-પિશાચ ભાગે...
- 'શ્રી સ્વામિનારાયણ' મહામંત્રથી અધોગતિ પામેલા બ્રાહ્મણ દંપતિનો મોક્ષ...

૧૦. સંપ્રદાયના ગ્રંથોમાં 'શ્રી સ્વામિનારાયણ' મહામંત્ર નામનો મહિમા ____ **૩૧૧**

૧૧. ભગવન્નામમાહાત્મ્ય સહિત જપવિધિ... ____ **૩૨૪**

૧૨. અંતમાં એક ટકોર... ____ **૩૨૮**

૧૩. સંદર્ભ સૂચિ ____ **૩૩૦**

૧. મંત્રનો ઈતિહાસ



મંત્ર પરિચય

મંત્ર કોને કહેવાય ? તો યંત્ર, મંત્ર અને તંત્ર આધ્યાત્મિક માર્ગના **સબળ સાધન** છે અને આત્મવિદ્યાના **દ્યોતક** છે.

યંત્ર એટલે જે **નિયંત્રણ કરે** તે 'યંત્રયતે ઈતિ યંત્રમ્' યંત્રમાં દોરેલા ત્રિકોણ, ચતુષ્કોણ, વર્તુલ કે પદ્મ આપણા જ શરીરમાં રહેલી વિવિધ **શક્તિના સ્થાનો** છે; યંત્ર તો એનો **નકશો** છે. યંત્ર પર ધ્યાન દઈ **અંતર્યાત્રા** કરતા એ શક્તિ-કેન્દ્રોને પામી શકાય છે, તેનો પ્રત્યક્ષ **પરિચય** થાય છે.

મંત્રમાં **બે વસ્તુ** છે : (૧) **મનન** અને (૨) **ત્રાણ,** મંત્રને તેથી જ **'મનનં ત્રાણ ધર્મા'** કહેવાય છે. યંત્ર એકાગ્ર દૃષ્ટિ માગી લે છે, મંત્ર એટલે એકાંત મનન- **'મંત્રયતે ગુપ્તં પરિભાષ્યતે ઈતિ મંત્રઃ'** અર્થાત્ જેનાથી ઈષ્ટદેવ સાથે મેળાપ થાય, મંત્રણા થાય, રહસ્ય વાર્તા સંભળાય તેને **મંત્ર** કહેવાય છે. આમ મંત્ર આપણા પોતાનામાં નિગૂઢ **ઈષ્ટદેવ સાથે સંવાદ** સાધી આપે છે. 'પરશુરામ કલ્પસૂત્ર'માં કહ્યું છે : **'મન્ત્રાણાં અચિન્ત્ય શક્તિતા'** મંત્રોમાં **અપાર શક્તિમત્તા** રહેલી છે.

તંત્ર એટલે **મંત્રની શક્તિનો વિસ્તાર** 'તનોતિ વિસ્તારયતિ ઇતિ તન્ત્ર' અર્થાત્ મંત્રના અધિષ્ઠાતા આરાધ્ય **ઈષ્ટદેવની ચેતના**નો-રહસ્યનો જે **વિસ્તાર** કરે તે ખરા અર્થમાં **તંત્ર** કહેવાય છે; (જેમ કે પંચરાત્ર તંત્ર-શાસ્ત્ર) મનુષ્ય પોતાનામાં ક્ષુદ્ર અને ક્ષણભંગુર દેહભાવમાં બદ્ધ ચેતનાને **પરમચેતના સાથે** તન્મયતાથી (દાસભાવે) **એકાકાર** કરી દે એટલે તંત્રનું કાર્ય પૂરું થયું કહેવાય : યંત્ર, મંત્ર અને તંત્રનો આ **સાચો પરિચય** છે.

'મંત્ર' નો ઈતિહાસ સૃષ્ટિના **મૂળ કારણ** પરમાત્મા જેટલો જ પ્રાચીન છે, કારણ કે મંત્ર તરીકે **સૌપ્રથમ** પ્રસિદ્ધ થયેલ વેદોના **સંહિતા** ભાગની કંડિકાઓનું **મૂળ** સ્વયં **પરમાત્મા** જ છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણ સારંગપુર પ્રકરણના છઠ્ઠા વચનામૃતના માધ્યમથી, તેમજ શ્રીમદ્ ભાગવતના એકાદશ સ્કંધને વિષે શ્રીકૃષ્ણભગવાન ઉદ્ધવજી પ્રત્યે મંત્રોની ઉત્પત્તિ દર્શાવતાં જણાવે છે :-

'સ એષ જીવો વિવરપ્રસૂતિઃ પ્રાણેન ઘોષેણ ગુહાં પ્રવિષ્ઠઃ। મનોમયં સૂક્ષ્મમુપેત્ય રૂપં માત્રા સ્વરો વર્ણ ઇતિ સ્થવિષ્ઠઃ ।।

(શ્રીમદ્ ભાગવત : ૧૧/૧૨/૧૭)

"પ્રથમ ઉત્પત્તિકાળને વિષે પુરુષોત્તમ ભગવાન જે તે વૈરાજપુરુષના મસ્તકને વિષે રહ્યું જે સહસ્રદળનું કમળ તેને વિષે પ્રવેશ કરીને **અક્ષરબ્રહ્માત્મક** એવો જે **નાદ** તેને કરતા હવા. પછી તે નાદ જે તે સુષુમ્ણા માર્ગે કરીને તે વિરાટપુરુષના નાભિકંદ પ્રત્યે વ્યાપીને મહાપ્રાણે સહિત થકો ત્યાંથી ઊંચો વૃદ્ધિને પામતો હવો. તેણે કરીને તે વિરાટપુરુષનું જે નાભિપદ્મ તે અધોમુખ હતું તે ઊર્ધ્વમુખ થતું હવું. એવી રીતે તે વિરાટપુરુષના નાભિકંદને વિષે જે નાદ થયો તેને **પરાવાણી** કહીએ અને તે પરાવાણી જે તે વેદની ઉત્પત્તિને અર્થે પોતે ભગવાને બીજરૂપે પ્રકાશી છે ને તેજના પ્રવાહરૂપ છે ને અર્ધમાત્રારૂપ છે. પછી તે પરાવાણી જે તે ત્યાં થકી તે વિરાટના હૃદયાકાશને પામીને **પશ્યંતી** નામે થતી હવી ને ત્યાં થકી કંઠ દેશને પામીને **મધ્યમા** નામે થતી હવી ને ત્યાંથી તે વિરાટના મુખને પામીને **વૈખરી** સંજ્ઞાને પામતી હવી અને અકાર, ઉકાર ને મકાર એ ત્રણ વર્ણરૂપે થઈને પ્રણવરૂપે થતી હવી ને પછી બાવન અક્ષરરૂપે થઈને **ચાર વેદરૂપે** થતી હવી." (વચનામૃત : સા. પ્ર. ૧૬)

વિરાટના માધ્યમથી પ્રાપ્ત થયેલ અક્ષરબ્રહ્માત્મક **નાદરૂપ** વેદો અર્થાત્ **મંત્રો** મનુષ્ય જાતિના વ્યવહારમાં ક્યારે અને કઈ રીતે આવ્યા તેની નોંધ કરતા **નિરુક્તકાર** યાસ્ક મુનિ કહે છે :-

' સાક્ષાત્કૃતધર્માણો ઋષયો બભૂવુઃ । તેઽવરેભ્યોઽસાક્ષાત્કૃતધર્મસ્ય ઉપદેશેન મન્ત્રાન્ સંપ્રાદુઃ ।
ઉપદેશાય ગલાયન્તોઽવરે બિલ્વગ્રહણાયેમં ગ્રન્થં સમામ્નાસિષુર્વેદદઙ્ચ વેદાઙ્ગાનિ ચ ।।'

ધર્મ અર્થાત્ પરમ સત્તાનો સાક્ષાત્કાર કરનાર ઋષિઓના અનુભવમાં આ **વેદમંત્રો** આવ્યા. તેમણે પરમતત્ત્વનો સાક્ષાત્કાર નથી કર્યો તેવા સાધકોને ઉપદેશ દ્વારા મંત્રો આપ્યા. સાધક ઋષિઓએ તેમને **કંઠસ્થ** કર્યા. જે આ મંત્રરૂપ ઉપદેશને ગ્રહણ કરવા માટે પણ અસમર્થ હતા તેમણે મંત્રોને ગ્રંથસ્થ કર્યા. (નિરુક્ત : ૧/૬/૨૦)

આવી રીતે પરમાત્મા પાસેથી પ્રાપ્ત થયેલ **વેદમંત્રો** મનુષ્ય જાતિને પ્રાપ્ત થયાનો **ઈતિહાસ** જાણવા મળે છે.

● **મંત્ર મહિમા...**

મંત્ર એટલે ?

સંસ્કૃતના વૈયાકરણીઓ મંત્રની વ્યાખ્યા કરતા કહે છે :- **'મનનાત્ ત્રાયતે ઇતિ મન્ત્રઃ'** એટલે કે જેનું મનન કરવાથી આપણું રક્ષણ થાય તે મંત્ર. મંત્ર શબ્દનો સર્વપ્રથમ પ્રયોગ વિશ્વના સૌથી પ્રાચીન ગ્રંથ ઋગ્વેદમાં થયો છે. વિશ્વનો આદિ મંત્ર એટલે પ્રણવનાદ : **ૐ.**

કઠોપનિષદમાં યમરાજે **નચિકેતા**ને કહ્યું છે કે, આ **ૐ મંત્ર** અવિનાશી પરબ્રહ્મ છે. પ્રશ્નોપનિષદમાં પિપ્પલાદ ઋષિએ સત્યકામને કહ્યું છે કે, ૐ મંત્રની ઉપાસનાથી પુરુષ પરમાત્માને પામે છે. તૈત્તરીય, છાંદોગ્ય, માંડૂક્ય વગેરેમાં ૐ મંત્રનો **મહિમા** છે. ઈસ્લામ ધર્મમાં ઉચ્ચારાતો **'આમીન'** અને ખ્રિસ્તી ધર્મે ઉચ્ચારેલો શબ્દ **'ઓમ્ની પ્રેઝન્ટ'** આ બેય શબ્દો વૈદિક ૐ મંત્ર સાથે **સંકળાયેલા** છે.

ભગવદ્ ગીતા કહે છે :- 'ૐ ઇતિ એકાક્ષરં બ્રહ્મ ।।૮।૧૩।।' કહીને ઉપનિષદ ઋષિઓએ પરબ્રહ્મને આ મંત્ર દ્વારા સંબોધ્યા હતા. ઓછામાં ઓછાં

દસ હજાર વર્ષ પહેલા મહર્ષિ વિશ્વામિત્રના મુખેથી ગાયત્રી છંદમાં, સૂર્યનારાયણમાં પ્રકાશતા **પરમાત્માની સ્તુતિ** શ્રવી હતી, તે મંત્ર આજે **ગાયત્રી મંત્ર** (ઋગ્વેદ : ૩.૬૨, ૧૦) તરીકે વિખ્યાત છે.

વૈદિક યુગમાં ઋગ્વેદથી માંડીને તમામ વેદોની સંહિતાઓના તમામ સૂક્તો **મંત્ર** તરીકે જ વિખ્યાત થયા હતા. પાછળથી મંત્ર શબ્દ ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદ ઉપરાંત અન્ય વૈદિક સાહિત્યની વિવિધ કંડિકાઓ માટે પણ પ્રયોજાવા માંડ્યો. વૈદિક સાહિત્યને સમાંતર આગમ સાહિત્યમાં અને પુરાણ-ઈતિહાસ યુગમાં મંત્રો ઉપાસનાનું મુખ્ય સાધન બન્યા. પુરાણકાળમાં ભગવાનના **નામરૂપ મંત્રનો** મહિમા સવિશેષ વધ્યો. નામરૂપ મંત્રોનો જપયજ્ઞ, મંત્ર-ધ્યાન, મંત્રજપમાળા અને તેનો મહિમા આધ્યાત્મિક સાધનામાં સવિશેષ પ્રચલિત થવા લાગ્યો.

પૌરાણિક યુગ પછી જુદા જુદા આચાર્યોએ પણ આધ્યાત્મિક સાધનામાં **નામમંત્ર** પર **વિશેષ ભાર** મૂક્યો. રામાનુજાચાર્ય, મધ્વાચાર્ય, નિમ્બાર્કાચાર્ય, વલ્લભાચાર્ય વગેરે આચાર્યોએ **મંત્ર સાધનાને** ખૂબ **મહત્ત્વ** આપ્યું. તુલસીદાસ, સુરદાસ, મીરાંબાઈ, જ્ઞાનેશ્વર, તુકારામ, નરસિંહ મહેતા વગેરે ભક્તકવિઓએ પણ નામજાપ અને મંત્ર-મહિમાને ખૂબ વિસ્તાર્યો.

હજારો વર્ષોથી ચાલી આવતી આ **મહિમા-ભાગીરથીની અસર** જૈન અને બૌદ્ધ દર્શનો પર પણ પડી હતી. પ્રસિદ્ધ જૈનમંત્ર 'ૐ **णमो अरिहन्ताणम्**', બૌદ્ધ સાધુઓએ જગવિખ્યાત કરેલો બૌદ્ધમંત્ર '**ૐ मणिपद्मे कवचाय हुम्**', સનાતન ધર્મની વૈદિક મંત્ર પરંપરાનું જ **અનુસરણ** છે. બૌદ્ધ ગ્રંથોનું અંગ્રેજીમાં ભાષાંતર કરનાર પ્રસિદ્ધ બ્રિટિશ વિદ્વાન એડવર્ડ કોઝે 'E. Buddhism' પુસ્તકમાં તિબેટી બૌધ્ધોમાં વ્યાપેલો **અપાર મંત્રમહિમા** સવિસ્તાર વર્ણવ્યો છે. બૌદ્ધ ધર્મ ભારતમાંથી સ્થાનાંતરિત થઈને ચીન અને પૂર્વના અન્ય દેશોમાં પ્રસર્યો તે સાથે મંત્ર તે તે પ્રદેશોમાં પણ વિસ્તર્યો છે. ચીનમાં 'Zhenyan' અને જાપાનમાં 'On'yomi' તરીકે મંત્રમહિમા વિસ્તર્યો છે. તેના મૂળમાં **સનાતન** હિંદુ ધર્મની **મંત્ર-પરંપરા** છે.

પ્રાચીન ઈરાનવાસીઓ અને વૈદિક યુગના આર્યો વચ્ચે કોઈક **સંબંધ** હતો તે વાત **સુપ્રચલિત** છે. આથી જ પ્રાચીન ઈરાનીઓમાં ખાસ કરીને ઝોરાષ્ટ્રિયનોમાં, અવેસ્તામાં 'મન્થ્ર (Manthra)' શબ્દ પ્રવેશ્યો અને તેમાં પણ **મંત્ર-મહિમા** વિસ્તર્યો છે.

શીખ ધર્મમાં 'શબદ' તરીકે 'ગુરુમંતર' 'વાહે ગુરુ' અને 'મૂલમંતર' '**એક્ ઓંકાર સતનામ્**'નો **મહિમા** ખૂબ વિસ્તર્યો છે.

માત્ર ભારતીય ધર્મો જ નહિ, પરંતુ યહૂદી, ખ્રિસ્તી અને મુસ્લિમ ધર્મો પર પણ આ **મંત્ર પ્રભાવ** છવાયો હતો. સૂફી ઈસ્લામિક પરંપરામાં અલ્લાહના **૯૯ નામોનો જપ** પ્રચલિત છે. તો **'તસ્બી'** એટલે કે જપમાળા અરબી મુસ્લીમોમાં ઘરોઘર આજેય સચવાઈ છે. નવમી સદીથી ૧૩મી સદી દરમ્યાન ખ્રિસ્તીઓમાં 'Chanting' અને 'Gregorian Chanting' તરીકે **મંત્રોચ્ચારની પરંપરા** વિવિધ સ્વરૂપે વિકસી હતી.

આ તમામ પરંપરાઓના મૂળમાં પ્રાચીન ભારતીય **મંત્ર પરંપરા** છે - એમ કહેવામાં કોઈ અતિશયોક્તિ નથી. પરંતુ સનાતન હિંદુ ધર્મમાં મંત્રનો કે નામમંત્રનો જેટલો **મહિમા** કહેવાયો છે, તેટલો અન્યત્ર ક્યાંય નથી, તે એક **હકીકત** છે. ક્યારેક મનમાં સવાલ ઉઠે છે : ગુરુનાનકથી માંડીને મહર્ષિ વેદવ્યાસજી અને વાલ્મીકિ સુધી તથા શ્રી રામાનુજાચાર્યથી માંડીને સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામી સુધી અનેક મહાપુરુષોએ ભગવાનના **નામમંત્રનો મહિમા** આકંઠ ગાયો છે, તે શું માત્ર **'કવિકર્મ'** છે ? કે તેમાં કાંઈ **તથ્ય** છે ? આધુનિક વિજ્ઞાન શું કહે છે?

મંત્રમહિમાના આધ્યાત્મિક મહાસાગરમાં ભૌતિક બુદ્ધિની એક મર્યાદા હોય છે. આમ છતાં, વિજ્ઞાનને જ પોતાનો ધર્મ માનનારા ભેજાબાજ ભૌતિક વિજ્ઞાનીઓએ પણ મંત્રમહિમાના **સાગરમાં** થોડી ઘણી ડૂબકીઓ લગાવી છે.

જો કે વિજ્ઞાન હજુ આ દિશામાં **પાપા પગલી** કરી રહ્યું છે. છતાં આવાં ભાતભાતનાં વૈજ્ઞાનિક સંશોધનો મંત્ર, ધ્યાન, અધ્યાત્મ વગેરે વિષયો પર થઈ રહ્યાં છે, તેનાથી એક **વિશ્વાસ** જન્મે છે કે મંત્ર મહિમાની અનેક વાતોમાં કંઈક તથ્ય **અવશ્ય** છે.

૨૧મી સદીમાં હજારો વર્ષોની પ્રાચીન ભારતીય મંત્ર પરંપરાને વિજ્ઞાનીઓ નવા દૃષ્ટિકોણથી મૂલવવા મથી રહ્યા છે ત્યારે, ફરી ભગવાન શ્રી સ્વામિનારાયણના આશીર્વાદ સમા **'શ્રી સ્વામિનારાયણ' મહામંત્રનું** સ્મરણ થાય છે.





૨. ભગવન્નામ મહિમા

ભગવન્નામ અનંત માધુર્ય, ઐશ્વર્ય અને સુખોની **ખાણ** છે. બધાં જ શાસ્ત્રોમાં નામના મહિમાનું **વર્ણન** કરવામાં આવ્યું છે. આ અનેક પ્રકારની આધિ-વ્યાધિથી ગ્રસ્ત કળિકાળમાં **હરિનામ-જપ** સંસારસાગરથી પાર થવા માટેનું **ઉત્તમ સાધન** છે.

ભગવાનના મંગલકારી નામનો મહિમા હિન્દુ શાસ્ત્રોમાં અપરંપાર ગૂંજે છે. સ્કંદપુરાણમાં તથા બૃહદ્ વિષ્ણુપુરાણમાં ભગવાન વેદવ્યાસજી, ભગવાનના **નામનો મહિમા** દર્શાવતા નોંધે છે :

'નામ્નોઽસ્તિ યાવતી શક્તિઃ પાપનિર્દહને હરેઃ । તાવત્કર્તું ન શક્નોતિ પાતકં પાતકી જનઃ ।।'

અર્થાત્ પૂર્ણ પુરુષોત્તમ ભગવાનના પરમ પુણ્યકારી નામમાં જેટલાં **પાપોને નાશ** કરવાની **શક્તિ** છે, એટલા પાપ તો **પાપી પુરુષ** પોતાના સમગ્ર જીવન દરમ્યાન પણ કરી શકે તેમ નથી.

(બૃહદ્ વિષ્ણુપુરાણ તથા સ્કંદપુરાણ વૈ. માર્ગ મા. : ૧૫/૫૩)

કેટલાક લોકો સવાલ કરે કે **મિષ્ટાન્ન** શબ્દ બોલવાથી મોઢું ગળ્યું થતું નથી, કે **ચપ્પુ** શબ્દ બોલવાથી જીભ કપાતી પણ નથી, તો ભગવાનનું કેવળ નામ લેવાથી **પાપ નાશ** કેવી રીતે થાય ?

વિદ્વાનો આનો **ઉત્તર** આપતાં સમજાવે છે કે આપણા નિત્ય વ્યવહારમાં પણ **વ્યક્તિથી જેટલું કામ થાય છે તેટલું જ તેમના નામથી પણ થાય છે.** દા. ત. કોઈ ઉચ્ચ પદાધિકારીને મળવા જવાનું હોય ત્યારે આપણે અન્ય ઉચ્ચ પદાધિકારીનું નામ લઈએ છીએ તો મળવાનું સરળ થઈ જાય છે. જાહેર ક્ષેત્રોમાં કંઈ કામ ન થતું હોય તો કોઈ સત્તાધારી કે પ્રભાવશાળી વ્યક્તિનું નામ દઈને કામ કઢાવી શકાતું હોય છે. જેમનું નામ લેવામાં આવ્યું છે એ વ્યક્તિ પોતે હાજર નથી તો પણ માત્ર તેમના નામના ઉપયોગથી પણ એટલું જ કાર્ય સરે છે. જો આ લોકની એક સામાન્ય વ્યક્તિનું નામ પણ કોઈક પ્રભાવ પાથરી શકતું હોય તો અનંત કોટિ બ્રહ્માંડોના **રાજાધિરાજ** પરમાત્માના નામનો કેટલો **પ્રભાવ** હોઈ શકે !

નામમાં આવી અનુપમ **શક્તિ** છે તે **હકીકત** શું છે ? શાસ્ત્રકાર ઋષિઓ કહે છે : ભગવાનનું નામ અને સ્વયં ભગવાન વચ્ચે **એકતા** છે. **ભગવાનનું નામ-સ્મરણ તે તેમનો પ્રત્યક્ષ સંગ કર્યા બરાબર છે.** ભગવાનના નામ-સ્મરણનું ફળ પ્રત્યક્ષ ભગવાનનાં દર્શન બરાબર છે. આથી, જેટલી ભગવાનની શક્તિ છે, તેટલી ભગવાનના પવિત્ર નામમાં પણ છે. ભગવાન જ્યારે પૃથ્વી પર અવતાર ધારણ કરે છે ત્યારે તેમાં દેહ-દેહીનો ભેદ હોતો નથી. એટલે કે આપણા સામાન્ય માનવ શરીરમાં **આત્મતત્ત્વ** અને **દેહતત્ત્વ** જુદુ છે, તેવું પરમાત્માના અવતારમાં હોતું નથી. શાસ્ત્રીય ભાષામાં કહીએ તો ભગવાનના દેહ અને દેહી બંને સમાન રૂપે **ચૈતન્યઘન** છે.

જેવી રીતે ભગવાનના દેહમાં અને અંદર બિરાજમાન તત્ત્વમાં કોઈ ભેદ નથી તેવી રીતે **તેમના નામમાં અને તેમનામાં કોઈ ભેદ નથી.** બંને એક જ ચૈતન્ય તત્ત્વ છે. એટલે જ ભગવાનના નામને **શબ્દબ્રહ્મ** પણ કહે છે. યોગસૂત્રમાં **પતંજલિ ઋષિ** કહે છે :

'तस्य वाचकः प्रणवः ।' (યોગદર્શન : ૧-૨૭)

ભગવાનના નામનો મહિમા ગાતાં **વિષ્ણુધર્મોત્તર પુરાણ** કહે છે :

'न गंगा न गया सेतुर्न काशी न च पुष्करम् । जिह्वाग्रे वर्तते यस्य हरिरित्यक्षरद्वयम् ।।
ऋग्वेदोथ यजुर्वेदः सामवेदो ह्यथर्वणः । अधीतास्तेन येनोक्तं हरिरित्यक्षरद्वयम् ।।
अश्वमेधादिभिर्यज्ञैर्नरमेधैस्तथैव च । याजितं तेन येनोक्तं हरिरित्यक्षरद्वयम् ।।'

(શિક્ષાપત્રી ભાષ્ય શ્લોક - ૫૬ : વિષ્ણુધર્મોત્તર પુરાણ)

''જે ભાગ્યશાળી મનુષ્યની જીભ પર ભગવાનનું નામ રમે છે તેને માટે ગંગા, ગયા, સેતુબંધ, કાશી કે પુષ્કર તીર્થનું કોઈ વિશેષત્વ નથી. તેણે ભગવાનના નામના પ્રભાવથી ઋગ્વેદ આદિ ચારેય વેદોનું અધ્યયન કરી લીધું છે અને અશ્વમેધ જેવા અનેક યજ્ઞો પણ કરી લીધા છે.''

'गोकोटिदानं ग्रहणेषु काशी प्रयागगङ्गायुतकल्पवासः । यज्ञायुतं मेरुसुवर्णदानं गोविन्दनाम्ना न तदापि तुल्यम् ।।'

સર્વ દાનમાં ગોદાન શ્રેષ્ઠ ગણાય છે, તેમાં પણ ગ્રહણ વખતે ગોદાન આપવાનું વિશેષ માહાત્મ્ય છે. એવી કરોડો ગાયોનું ગ્રહણ વખતે દાન દેવામાં આવે, તથા કાશી કે ગયાજી જેવા ઉત્તમ તીર્થમાં પરમ પવિત્ર ગંગાજીને કિનારે દસ હજાર કલ્પ સુધી વાસ કરવામાં આવે, વળી યજ્ઞ તો ભગવાનનું સ્વરૂપ કહેવાય છે. 'यज्ञो वै विष्णुः' એવા યજ્ઞ કરવામાં આવે, તેમ સોનાનું દાન દેવું એ મહાપુણ્ય ગણાય છે એ સોનાનું દાન મેરુ પર્વત જેટલું કરવામાં આવે, તોપણ એ કોઈ સાધનો ભગવાનના **નામસ્મરણની સમાન** થઈ શકતા નથી. આવો અદ્ભુત અને અચિંત્ય ભગવન્નામનો મહિમા છે. એથી જ અતિ શ્રેષ્ઠ ગણાતાં યજ્ઞાદિ સર્વ ઉત્તમ સાધનોમાં થયેલ ભૂલ કે અશુદ્ધિની માફી અને ખોટખામીની પૂર્ણતા પ્રભુના નામનો જપ કરવાથી જ થાય છે. કોઈપણ ક્રિયાની શુદ્ધિ અને સંપૂર્ણ સિદ્ધિ ભગવાનના નામનો જપ કર્યા વિના થઈ શકતી જ નથી. આ હેતુથી શાસ્ત્રોમાં ભગવન્નામનો યથાર્થ **અપાર મહિમા** મુક્તકંઠથી ગવાયો છે. પૂર્વે બલિરાજા અત્યંત મોટો યજ્ઞ કરી રહ્યા હતા, એ વખતે તેની પરિક્ષા લેવા ભગવાન પોતે **વામનરૂપ** ધારણ કરી તેના યજ્ઞમાં ગયા અને ત્રણ પગલાં પૃથ્વી માગી **ત્રિલોકીનું રાજ્ય** લઈ લીધું, પરંતુ બલિરાજાની અનન્ય ભક્તિથી વશ થઈને ભગવાન તેના રક્ષક-પહેરેગીર બની ગયા ! યજ્ઞ હજુ પૂર્ણ થયો ન હતો. શુક્રાચાર્ય યજ્ઞના આચાર્ય હતા, ભગવાને શુક્રાચાર્યને કહ્યું : 'હવે યજ્ઞને વિધિપૂર્વક **સમાપ્ત** કરો, યજ્ઞની સમાપ્તિમાં કોઈ **ત્રૂટી** ન રહી જાય.' એનો **ઉત્તર** શુક્રાચાર્યજીએ બહુ જ સુંદર આપ્યો :

'मन्त्रतस्तन्त्रतश्छिद्रं देशकालार्हवस्तुनः । सर्वं करोति निश्छिद्रं नामसंकीर्तनं तव ।।'

(શ્રીમદ્ ભાગવત : ૮/૨૩/૧૬)

હે ભગવન્ ! કોઈપણ કર્મ પૂર્ણવિધિથી સાંગોપાંગ નથી થઈ શકતું. કંઈને કંઈ **ત્રૂટી** રહી જ જાય છે. મંત્રતંત્ર સંબંધી તથા દેશકાળ અને આવશ્યક વસ્તુ સંબંધી જેટલી ત્રૂટી રહી જાય છે, તે સર્વ આપના **નામસંકીર્તન** દ્વારા **પૂર્ણ** થઈ જાય છે. ઉપર્યુક્ત હેતુથી સમસ્ત યજ્ઞોના અંતમાં તથા સમસ્ત ધાર્મિક ક્રિયાઓ પછી કર્મકર્તા **આચાર્ય** આ શ્લોક બોલે છે :

'यस्य स्मृत्या च नामोक्त्या तपोयज्ञक्रियादिषु । न्यूनं संपूर्णतां याति सद्यो वन्दे तमच्युतम् ।।'

જેનું નામસ્મરણ કરવાથી યજ્ઞ, વ્રત, તપાદિ સર્વ ક્રિયાઓમાં જે **ન્યૂનતા** રહી ગઈ હોય તે પૂરી થાય છે એવા અચ્યુત ભગવાનને હું તત્કાળ વંદના કરું છું. (શિક્ષાપત્રી ભાષ્ય : શ્લોક - ૫૬)

ભગવાન **વેદવ્યાસજી** કહે છે :

'हरेर्नाम हरेर्नाम हरेर्नामैव केवलम् । कलौ नास्त्येव नास्त्येव नास्त्येव गतिरन्यथा ।।'

''પરમાત્માનું નામ જ, **નામ જ** અને નામ જ ભવસાગર તારે છે. કળિયુગની અંદર તે સિવાય પ્રભુ પામવાનો **અન્ય ઉપાય** નથી જ, નથી જ અને નથી જ.''

(બૃહન્નારદીય પુરાણ : ૩૮/૧૨૮૭)

પદ્મપુરાણમાં કહ્યું છે :

'ये वदन्ति नरा नित्यं हरिरित्यक्षरद्वयम् । तस्योच्चारणमात्रेण विमुक्तास्ते न संशयः ।।'

''જે મનુષ્ય પરમાત્માના આ બે અક્ષરવાળા નામ **'હરિ'**નું નિત્ય ઉચ્ચારણ કરે છે એના ઉચ્ચારણમાત્રથી તે મુક્ત થઈ જાય છે, એમાં કોઈ શંકા નથી.''

ગરુડપુરાણમાં કહ્યું છે કે :

'यदीच्छसि परं ज्ञानं ज्ञानाच्च परमं पदम् । तदा यत्नेन महता कुरु श्रीहरिकीर्तनम् ।।'

''જો આત્મજ્ઞાનની ઈચ્છા હોય અને આત્મજ્ઞાનથી પરમપદ મેળવવાની ઈચ્છા હોય તો ખૂબ પ્રયત્નપૂર્વક **શ્રીહરિના નામનું કીર્તન** કરો.''

એક વખત નારદજીએ ભગવાન બ્રહ્માજીને કહ્યું : ''એવો કોઈ ઉપાય બતાવો કે જેથી હું વિકરાળ કળિકાળની જાળમાં ન ફસાઉં.''

એના ઉત્તરમાં બ્રહ્માજીએ કહ્યું : **'आदिपुरुषस्य नारायणस्य नामोच्चारणमात्रेण निर्धूतकलिर्भवति ।'** - ''આદિપુરુષ ભગવાન નારાયણનો **નામોચ્ચાર** કરવામાત્રથી જ મનુષ્ય કળિયુગથી તરી જાય છે.''

(કલિસંતરણોપનિષદ્)

શ્રીમદ્ ભાગવતના **અંતિમ શ્લોક**માં ભગવાન **વેદવ્યાસજી** કહે છે :

'नामसंकीर्तनं यस्य सर्वपापप्रणाशनम् । प्रणामो दुःखशमनस्तं नमामि हरिं परम् ।।'

''જેનું નામસંકીર્તન બધાં પાપોનું વિનાશક છે અને પ્રણામ દુઃખ દૂર કરનાર છે એ સર્વોપરિ શ્રીહરિને હું નમસ્કાર કરું છું.''

(શ્રીમદ્ ભાગવત : ૧૨/૧૩/૨૩)

કળિકાળમાં **નામના મહિમા**નું વર્ણન કરતા ભગવાન વેદવ્યાસજી **શ્રીમદ્ ભાગવત**માં કહે છે :

'कृते यद् ध्यायतो विष्णुं त्रेतायां यजतो मखैः । द्वापरे परिचर्यायां कलौ तद्धरिकीर्तनात् ।।'

''સતયુગમાં ભગવાન વિષ્ણુના ધ્યાનથી, ત્રેતામાં યજ્ઞથી અને દ્વાપરમાં ભગવાનની પૂજા-અર્ચના કરવાથી જે ફળ મળતું તે બધું ફળ કળિયુગમાં ભગવાનનાં **નામ-કીર્તનમાત્રથી** જ **પ્રાપ્ત** થઈ જાય છે.''

(શ્રીમદ્ ભાગવત : ૧૨/૧૩/૫૨)

નામ-જપ મહિમા ગોસ્વામીજીના મતે

શ્રીરામચરિત માનસમાં ગોસ્વામી **તુલસીદાસજી** મહારાજે આ જ વાતને એ રૂપમાં કહી છે કે :

'कृतेजुग त्रेताँ द्वापर पूजा मख अरु जोग । जो गति होई सो कलि हरि नाम ते पावहिं भोग ।।'

''સતયુગ, ત્રેતા અને દ્વાપરમાં જે ગતિ પૂજા, યજ્ઞ અને યોગથી પ્રાપ્ત થાય છે એ જ ગતિ કળિયુગમાં લોકો ફક્ત ભગવાનના **નામજપ**થી પ્રાપ્ત કરી શકે છે.''

(શ્રીરામ ચ. મા. ઉ. : દોહા ૧૦૨-ખ)

આગળ શ્રીરામચરિત માનસમાં **ગોસ્વામીજી** કહે છે :

'कलिजुग केवल हरि गुन गाहा । गावत नर पावहिं भव थाहा ।।
कलिजुग जोग न जग्य न ग्याना । एक अधार राम गुन गाना ।।
सब भरोसे तजि जो भज रामहि । प्रेम समेत गाव गुन ग्रामहि ।।
सोई भव पर कछु संसय नाहीं । नाम प्रताप प्रगट कलि माहीं ।।'

''કળિયુગમાં તો ફક્ત ભગવાન શ્રીહરિનાં ગુણગાન કરવાથી જ મનુષ્ય ભવસાગરથી પાર થઈ જાય છે. કળિયુગમાં ન તો યોગ અને યજ્ઞ છે કે ન જ્ઞાન છે. ભગવાન શ્રીહરિનાં **ગુણગાન** જ એકમાત્ર **આધાર** છે. માટે બધા ભરોસાઓ છોડીને જે પરમાત્માને ભજે છે અને પ્રેમસહિત એમનાં ગુણગાન ગાય છે એ ભવસાગરથી તરી જાય છે એમાં કોઈ સંદેહ નથી. **નામનો પ્રતાપ** કળિયુગમાં **પ્રત્યક્ષ** છે.''

(શ્રીરામચરિતમાનસ, ઉત્તરકાંડ : ૧૦૨, ૪ થી ૭)

'अपतु अजामिलु गजु गणिकाउँ । भये मुकुत हरि नाम प्रभाउँ ।।१।।
चहुँ जुग तीनि काल तिहुँ लोका । भएे नाम जपि जीव बिसोका ।।२।।
नाम कामतरु काल कराला । सुमिरत समन सकल जग जाला ।।३।।
राम नाम कलि अभिमत दाता । हित परलोक लोक पितु माता ।।४।।
कालनेमि कलि कपट निधानू । नाम सुमति समरथ हनुमानू ।।५।।
भार्व कुभार्व अनख आलसहूँ । नाम जपत मंगल दिसि दसहूँ ।।६।।
नामु सप्रेम जपत अनयासा । भगत होहिं मुद मंगल बासा ।।७।।
राम एक तापस तिय तारी । नामु कोटि खल कुमति सुधारी ।।८।।
दंडक बन प्रभु कीन्ह सुहावन । जन मन अमित नाम किएे पावन ।।९।।
निसिचर निकर दले रघुनंदन । नामु सकल कलि कलुष निकंदन ।।१०।।

રામ સુકંઠ બિભીષન દોઉ । રાખે સરન જાન સબુ કોઉ ॥૧૧॥
નામ ગરીબ અનેક નેવાજે । લોક બેદ બર બિરિદ બિરાજે ॥૧૨॥
સેવક સુમિરન નામુ સપ્રીતી । બિનુ શ્રમ પ્રબલ મોહ દલુ જીતી ॥૧૩॥
ફિરત સનેહઁ મગન સુખ અપનેં । નામ પ્રસાદ સોચ નહિં સપનેં ॥૧૪॥
નારદ જાનેઉ નામ પ્રતાપૂ । જગપ્રિય હરિ હરિ હર પ્રિય આપૂ ॥૧૫॥
નામુ જપત પ્રભુ કીન્હ પ્રસાદુ । ભગત સિરોમનિ ભે પ્રહલાદૂ ॥૧૬॥
ધ્રુવઁ સગલાનિ જપેઉ હરિ નાઊઁ । પાયઉ અચલ અનૂપમ ઠાઊઁ ॥૧૭॥
સુમિરિ પવનસુત પાવન નામૂ । અપને બસ કરિ રાખે રામૂ ॥૧૮॥
કહૌં કહાઁ લગિ નામ બડાઇ । રામુ ન સકહિં નામ ગુન ગાઇ ॥૧૯॥'

(બાલકાંડ)

અર્થ :- હે ભક્તો ! ગોસ્વામી તુલસીદાસજી **ભગવાનના નામનો મહિમા** રામાયણના **'બાલકાંડ'**માં લખતાં કહે છે કે-''નીચ એવો અજામિલ, ગજેન્દ્ર (હાથી) તથા વેશ્યા પણ શ્રીહરિના **નામનું સ્મરણ** કરવાથી મુક્ત થયાં છે. (૧) એટલું જ નહિ પરંતુ ચારે યુગોમાં સ્મરણ કરવાથી લોકો મુક્ત થયાં છે. નામનો જપ કરી જીવો શોક રહિત થયા છે. (૨) આવા ભયંકર કળિયુગમાં નામ જ **કલ્પવૃક્ષ** છે, કારણકે-તેનું સ્મરણ કરતાં જ જગતની સમગ્ર જંજાળો નાશ પામે છે. (૩) કળિયુગમાં ભગવાનનું નામ જ **ઇચ્છિત ફળ** આપે છે, પરલોકમાં તે **હિતકારક** છે અને આ લોકમાં **માતા-પિતા સમાન** છે. (૪) કપટની ખાણ જેવા કળિયુગરૂપી કાળનેમિને મારવા માટે હરિ નામ જ ઉત્તમ બુદ્ધિવાળા સમર્થ શ્રી હનુમાન સમાન છે. (૫) ભાવથી, કુભાવથી ક્રોધથી કે આળસથી-હરકોઈ પ્રકારે નામજપ કરતાં દશે દિશાઓમાં મંગળ થાય છે. (૬) પ્રેમ સહિત નામ જપતાં ભક્તજનો વિના પ્રયાસે **આનંદ** અને **મંગલના સ્થાન** બને છે. (૭) રામે તો એક તપસ્વિની સ્ત્રી અહલ્યાને તારી; પરંતુ તેઓના નામે તો કરોડો દુષ્ટોની ખરાબ બુદ્ધિને સુધારી છે. (૮) શ્રીરામ પ્રભુએ ભયાનક એવા દંડક વનને **રળિયામણું** બનાવ્યું, પરંતુ તેઓના નામે તો અસંખ્ય મનુષ્યોના મનને **પવિત્ર** કર્યા છે. (૯) શ્રીરામજીએ રાક્ષસોના સમૂહને માર્યા;પરંતુ તેઓનું નામ તો કળિયુગનાં **સમગ્ર પાપોનું નિકંદન** કાઢે છે. (૧૦) શ્રીરામે સુગ્રીવ તથા વિભીષણ બેને જ શરણમાં રાખ્યા, એ હરકોઈ જાણે છે. (૧૧) પરંતુ તેઓના નામે તો અનેક ગરીબો ઉપર કૃપા કરી છે; આ તેમનું **ઉત્તમ બિરુદ** લોકમાં તથા વેદમાં **વિશેષરૂપે** પ્રકાશે છે. (૧૨) ભક્તજનો પ્રીતિપૂર્વક માત્ર નામના સ્મરણથી વિના પરિશ્રમે **મોહ**ના પ્રબળ **સૈન્ય**ને જીતી પ્રેમમગ્ન થઈ આત્મસુખમાં જ વિચરે છે. (૧૩) નામની કૃપાથી તેઓને સ્વપ્નમાં પણ શોક થતો નથી. (૧૪) નારદજી નામનો પ્રતાપ જાણે છે. શ્રીહરિ જગતને પ્રિય છે; પરંતુ શ્રીહરિને તથા શંકરને નારદજી અતિ પ્રિય છે. (કારણકે-નારદજી નામનો મહિમા જાણે છે.) (૧૫) નામ-સ્મરણ કરવાથી જ પ્રભુએ પ્રહ્લાદજી ઉપર **કૃપા** કરી છે અને તેના કારણે જ પ્રહ્લાદજી **ભક્તશિરોમણિ** બની ગયા છે ! (૧૬) ધ્રુવજીએ ગ્લાનિથી **હરિનામ** જપ્યું, અર્થાત્ ઓરમાન માતાનાં વચનોથી દુઃખી થઈ સકામભાવે હરિ સ્મરણ કર્યું, તોપણ અચળ **અનુપમ સ્થાન** પ્રાપ્ત કર્યું. (૧૭) વાયુદેવના પુત્ર હનુમાનજી મહારાજે **પવિત્ર નામનું સ્મરણ** કરીને જ શ્રીરામને પોતાને વશ રાખ્યા. (૧૮) અરે ! નામની મહત્તા હું કયાં સુધી કહું ? સ્વયં પરમાત્મા પણ નામના ગુણો ગાઈ શકે નહિ.- **કહૌં કહાઁ લગી, નામ બડાઇ !** (૧૯)

કળિયુગમાં મોક્ષનો અનન્ય ઉપાય

'જહું જુગ શ્રુતિ નામ પ્રભાઊ । કલિ બિસેષિ નહિં આન ઉપાઊ ॥'

''આમ તો ચારેય યુગોમાં અને ચારેય વેદોમાં નામનો મહિમા છે, પરંતુ કળિયુગમાં વિશેષ રૂપે છે. કળિયુગમાં તો નામજપ સિવાય બીજો કોઈ ઉપાય જ નથી.

'નામ જીહઁ જપિ જાગહિં જોગી । બિરતિ બિરંચિ પ્રપંચ બિયોગી ॥
બ્રહ્મસુખહિ અનુભવહિં અનૂપા । અકથ અનામય નામ ન રુપા ॥
જાના ચહહિં ગૂઢ ગતિ જેઊ । નામ જીહઁ જપિ જાનહિ તેઊ ॥
સાધક નામ જપહિં લય લાએઁ । હોહિં સિદ્ધ અનિમાદિક પાએઁ ॥
જપહિં નામુ જન આરત ભારી । મિટહિં કુસંકટ હોહિં સુખારી ॥'

આ ભગવન્નામ-જપયોગના આધ્યાત્મિક અને લૌકિક પક્ષનો સુંદર સમન્વય કરતા **ગોસ્વામીજી** કહે છે કે, બ્રહ્માજીના બનાવેલ આ પ્રપંચાત્મક દૃશ્ય જગતથી યથાર્થ રીતે છૂટેલા વૈરાગ્યવાન મુક્ત યોગી પુરુષ આ નામને જીભ દ્વારા જપીને તત્ત્વજ્ઞાનરૂપી દિવસમાં જાગે છે અને નામ તથા રૂપથી રહિત અમાયિક અનુપમ, અનિર્વચનીય, અનામય **બ્રહ્મસુખનો અનુભવ** કરે છે. જેઓ પરમાત્માના **ગૂઢ રહસ્ય**ને જાણવા ઈચ્છે છે તેઓ જીભ દ્વારા **ભગવન્નામનો જપ** કરીને એને જાણી લે છે. લૌકિક સિદ્ધિઓની ઈચ્છા રાખતા સાધકો **લયયોગ** દ્વારા ભગવન્નામનો જપ કરીને અણિમાદિક સિદ્ધિઓ પ્રાપ્ત કરી સિદ્ધ બની જાય છે. આવી જ રીતે જ્યારે મુસીબતોથી ઘેરાયેલ આર્ત ભક્ત **નામજપ** કરે છે તો એની મોટી મોટી **મુસીબતો** પણ ટળી જાય છે અને એ **સુખી** થઈ જાય છે.

(શ્રીરામચરિતમાનસ, બાલકાંડ : ૨૧, ૧ થી ૨)

પરમાત્માના નામનું સ્મરણ કરવાથી તમામ પાપો બળી જાય છે. તથા લોયાના છઠ્ઠા વચનામૃતમાં શ્રીજીમહારાજે કહ્યું છે કે- ''ધ્યાન કરતા ભૂંડા ઘાટ થાય ત્યારે ઉચ્ચ સ્વરે કરી, નિર્લજ્જ થઈને તાળી વગાડીને **'સ્વામિનારાયણ સ્વામિનારાયણ'**ભજન કરવું, તો સર્વે ઘાટ ટળી જાય અને નિરાંત થાય; પરંતુ એ વિના બીજો એવો ઘાટ ટાળ્યાનો ઉપાય નથી.''

સ.ગુ. શ્રી શતાનંદ સ્વામી **'શ્રીમદ્ સત્સંગિજીવન'** ગ્રંથમાં કહે છે :-

'પ્રચ્છન્નં ચ મહાપાપે ક્વચિજ્જાતેઽપિ નિષ્કૃતિઃ । જપાદ્યૈસ્તસ્ય કર્તવ્યા મૃત્યૂપાયો ન તુ ક્વચિત્ ॥'

''ક્યારેક ગુપ્ત રીતે પણ મહાપાપ થઈ ગયું હોય, તો પરમાત્માના નામનો **જપ** કરવાથી મહાપાપનું પ્રાયશ્ચિત્ત કરવું, પરંતુ ક્યારેય પણ શાસ્ત્રમાં કહેલા અગ્નિપ્રવેશ વગેરે મૃત્યુના ઉપાયો ન કરવા.''

(શ્રી સત્સંગિજીવન : ૫/૨૧/૧૫)

તેમજ ૪૬ માં અધ્યાયમાં કહ્યું છે કે, ગમે તે પાપનું **પ્રાયશ્ચિત્ત** કરતા હોઈએ, પરંતુ તેની સાથે **નામ સ્મરણ** કરવું જોઈએ, નહિતર સંપૂર્ણ ફળ મળતું નથી.''

મહાભારતના શાંતિપર્વના ૧૯૬ થી ૨૦૦ અધ્યાય સુધી **નામ જપનો ખૂબ મહિમા** કહ્યો છે. તેમાં ભીષ્મપિતા યુધિષ્ઠિરને કહે છે કે : "કોઈ કામનાથી કરવામાં આવતો જપ તેની તે તે ઇચ્છાઓ પૂરી કરે છે અને નિષ્કામભાવથી કરવામાં આવતા જપથી **મોક્ષ** મળે છે."જપના મહિમાનો **વિસ્તાર** શાંતિપર્વમાંથી વાંચી લેવો.

ભગવદ્ ગીતાના ૮માં અધ્યાયના ૧૪મા શ્લોકમાં **શ્રીકૃષ્ણપ્રભુ** કહે છે કે, "હે અર્જુન ! જે એકચિત્તે સતત અને હંમેશાં મારું સ્મરણ કરે છે, તે ભક્તને હું સહેજે પ્રાપ્ત થાઉં છું. કારણકે તે ભક્ત મારા સ્મરણમાં નિરંતર પરોવાયેલો રહે છે." તથા ૧૦માં અધ્યાયના ૨૫માં શ્લોકમાં પરમાત્મા કહે છે : "હે પાર્થ ! **'यज्ञानां जपयज्ञोऽस्मि'** - "યજ્ઞોમાં જપયજ્ઞ હું છું." અર્થાત્ ભગવાનના નામનો જે વ્યક્તિ (સ્ત્રી અથવા પુરુષ) હંમેશાં જપ કરે છે તેઓને ધન ખર્ચીને યજ્ઞ કરવાથી જે ફળ મળે છે તે કેવળ **નામ સ્મરણ** કરવાથી મળે છે.

'શ્રીહરિચરિત્રામૃત સાગર' ગ્રંથમાં **સદ્‌ગુરુ શ્રી આધારાનંદસ્વામી** લખે છે : "હરિના નામમાં હરિનું સ્થાન છે. નામ-સ્મરણ વિના હરિનું ધ્યાન ન થાય અને હરિનાં દર્શન પણ ન થાય."

(શ્રીહરિચરિત્રામૃતસાગર : પુર - ૮)

સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામી **'હરિબળગીતા'**માં લખે છે :

'પુરુષોત્તમ પ્રગટનું, નામ નિર્ભય નિશાણ । જે જન જીભે ઉચ્ચરે, તે પામે પદ નિર્વાણ ॥
ત્રિલોકમાં તપાસતાં, નાવે નારાયણ નામ તુલ્ય । પતિતને પાવન કરવા, એ છે નિધિ અમૂલ્ય ॥
હિરણ્યકશિપુ શ્રવણે સાંભળ્યો, નારાયણ નામનો નાદ । તપ તજી ત્રિયા ભજી, તેના થયા ભક્ત પ્રહ્લાદ ॥'

(હરિબળગીતા : કડવું. ૧-૨)

ભાગવતજીના ત્રીજા સ્કંધના ૩૩મા અધ્યાયમાં **દેવહૂતિમાતા** કપિલ ભગવાનને કહે છે: "હે ભગવન્ ! આપનું નામ સાંભળવાથી અને આપનું સ્મરણ કરવાથી નીચ એવા ચાંડાળ પણ **સોમયાગ** યજ્ઞ કરવા યોગ્ય થાય છે. અહો ! આશ્ચર્ય છે ! જેની જીભમાં આપનું નામ હોયછે તેવા ચાંડાળ પણ અત્યંત શ્રેષ્ઠ છે, માટે જેઓ આપનું નામ જ રટે છે, તેઓએ જ વાસ્તવિક તપ, હોમ અને તીર્થસ્નાન કર્યું છે તથા સદાચાર પાળ્યા છે અને વેદાધ્યયન પણ કર્યું છે." આ પ્રસંગની નોંધ શ્રીજીમહારાજે અંત્ય પ્રકરણના પાંચમા વચનામૃતમાં પણ લીધી છે.

નામ સ્મરણથી અજામિલ ઉદ્ધાર

ભાગવતજીના છઠ્ઠા સ્કંધમાં અજામિલ નામના બ્રાહ્મણનો એક **ઇતિહાસ** પહેલા અધ્યાયમાં આવે છે. તે પ્રસંગને ટૂંકમાં જોઈએ.

કામ્યકુબ્જ નગરમાં **અજામિલ** નામનો ધાર્મિક બ્રાહ્મણ રહેતો હતો. એક દિવસ અજામિલ વનમાંથી યજ્ઞ માટે લાકડાં લઈને આવતો હતો. તે સમયે તેણે નટી કાંઠે એક વેશ્યાને તથા એક કામી પુરુષને વિહાર કરતાં જોયા. તેને જોઈને અજામિલ કામાતુર થયો. તેથી તેની ઇચ્છા પૂર્ણ કરવા માટે તે વેશ્યાને ઘેર ગયો અને વસ્ત્રાભૂષણો તેમજ ધન આપીને તેણી સાથે વ્યભિચાર કરવા લાગ્યો. પછી તો પોતાની પત્નીને કાઢી મૂકી વેશ્યાને ઘરમાં લાવ્યો અને તમામ સદાચારનો ત્યાગ કરી અનેક પ્રકારનાં પાપો કરવા લાગ્યો. સમય જતાં અજામિલની ઉંમર ૮૮વર્ષની થઈ અને તે વેશ્યાથકી તેને દસ પુત્રો થયા તેમાં સર્વથી નાના પુત્રનું નામ **નારાયણ** હતું.

અજામિલને નારાયણ **પુત્ર** બહુ વહાલો હતો,તેથી વારંવાર તેનું નામ લીધા કરતો હતો. તે સમયમાં તે અતિ બીમાર થયો અને અંતકાળે તેને લેવા માટે ભયાનક યમદૂતો આવ્યા. યમદૂતોને જોઈને તે ભયભીત થઈ ગયો, તેના કારણે પોતાના પુત્ર નારાયણનું નામ લઈને બૂમો પાડવા લાગ્યો. તેજ સમયે વૈકુંઠમાંથી ભગવાનના પાર્ષદોએ આવી, યમદૂતો પાસેથી અજામિલને છોડાવ્યો. યમદૂતોએ કારણ પૂછ્યું: "આટલો બધો મહા પાપી હોવા છતાં તમોએ અજામિલને કેમ છોડાવ્યો ?" ત્યારે વિષ્ણુદૂતોએ કહ્યું: "અજામિલે કરોડો જન્મોનાં પાપોનું પ્રાયશ્ચિત્ત કરી વાળ્યું છે. કેમ કે, તેણે પરાધીન અવસ્થામાં પણ સર્વ કલ્યાણોના આધાર એવા શ્રીહરિના નામનું ઉચ્ચારણ કર્યું છે.

વાલીયો લૂંટારો

ભગવાનના નામનું અખંડ સ્મરણ કરવાથી સાધારણ જીવપણ કેટલી ઉચ્ચસ્થિતિ પ્રાપ્ત કરી શકે છે ? તે આપણે ટુંકમાં જોઈએ.

એક ભયાનક જંગલમાં વાલીયા નામનો લૂંટારો રહેતો હતો. લોકોને મારીને, લૂંટફાટ કરીને પોતાના કુટુંબનું ભરણ-પોષણ કરતો હતો. પછી નારદજીના ઉપદેશથી રામ નામનો અખંડ જપ શરૂ કર્યો. વર્ષો જતાં અંખડ નામ-સ્મરણના પ્રતાપથી તેમને ત્રિકાળજ્ઞાન પ્રાપ્ત થયું, તેથી ભૂતકાળ, વર્તમાનકાળ અને ભવિષ્યકાળને જાણતા થઈ ગયા અને વાલીયા લૂંટારામાંથી વાલ્મીકિ ઋષિ બની ગયા. પછી તો તેઓને સંસ્કૃત ભાષાનું પણ નામસ્મરણને પ્રતાપે જ્ઞાન થયું અને આખું રામાયણ સંસ્કૃત ભાષામાં લખી નાખ્યું. ભીલમાંથી ઋષિ બન્યા !

ત્રણ દિવસ પછી શું બનવાનું છે ? તેની ખબર ન હતી એની બદલીમાં ત્રણ કાળનું જાણતા થઈ ગયા ! આ સર્વેનું જો કોઈ કારણ હોય તો એજ છે કે ભગવાનના નામનું સ્મરણ.

નામસ્મરણથી મોહ ટળ્યો

કાશીનરેશના રાજ્યમાં રામા નામનો ભંગી રાજાના મહેલનું ચોગાન સાફ કરતો. એક દિવસ રાજકુમારી રમા અટારીમાં ઊભી હતી. ઝાડું વાળતા રામાની નજર એના ઉપર પડી અને એ રામાના દિલમાં એકદમ વાસના ભભૂકી ઊઠી. ક્યાં રામો ભંગી અને ક્યાં રાજકુમારી રમા ? પરંતુ કહ્યું છે કે, **'भूख न देखे जूठे भात, प्यास न देखे धोबी घाट; निंद न देखे मुडदे की खाट, प्रेम न देखे जात-कुजात.'** આ ભંગી રામાને વાસનાની **વિષવેલ** વિંટળાઈ ગઈ. દિન-પ્રતિદિન એ સુકાવા લાગ્યો, શરીર ક્ષીણ થવા માંડ્યું.

વાસનાનો તાપ કેટલો **ભયંકર** હોય છે ? વાસનાથી પીડાતો માણસ બિચારો અંદરને અંદર બળ્યા જ કરતો હોય છે. અંતરની વાસના બીજાને તો **નુકસાન** કરે, પરંતુ સૌથી પ્રથમ તો પોતાને જ નુકસાન કરે છે. એટલે **નીતિવાક્ય** કહે છે : **'ઈચ્છા એક રાખો કે મારી બધી જ ઈચ્છાઓ મરી જાઓ.'** ભંગી રામાએ ઈચ્છા કરી કે મારે રાજકુમારી રમાને મેળવવી છે, તેથી જ તે દુઃખી થવા લાગ્યો. આમ છતાં રામો જાણતો હતો કે, આ વાસના મારાથી ભોગવી શકાવાની જ નથી. ક્યાં રાજાની રાજકુમારી ને ક્યાં હું ભંગી ? આથી વાસનાને દબાવ્યે જ છૂટકો ગણ્યો. એનું શરીર સુકાઈ જવા લાગ્યું. રામા ભંગીની પત્ની ઝરકીથી આ સહેવાયું નહિ. એક દિવસ રામાને જમાડતા તેણે પૂછ્યું : 'રામા તને શું થયું છે ? તું આમ કેમ સુકાતો જાય છે ?' ત્યારે રામો કહે : 'કંઈ નહિ, એ તો અમસ્તુ જ એમ થાય છે.' એક પતિ થઈને પોતાની પત્નીને આવી વાત શી રીતે કરી શકે ? ઝરકીએ જરા ધમકાવીને કહ્યું : 'તું સાચું કહે, નહિતર હું ખાઈશ નહિ, તારા મનમાં કંઈક પાપ છે, નહિતર આ બને નહિ.' ઝરકીના અતિ આગ્રહથી ન છૂટકે રામાએ

પેટછૂટી વાત કરતા કહ્યું : ‘ઝરકી ! રાજકુમારીમાં મારું મન લાગી ગયું છે. એના વિચારમાં મારું મગજ ખલાસ થઈ ગયું છે.’ ત્યારે ઝરકી કહે : ‘અ..૨..૨..! અકરમી ! તને મારામાં શું ઓછું લાગ્યું કે જેથી તને આવી ઈચ્છા થઈ ? શું હું તને ગરમ ગરમ રોટલા ઘડી નથી આપતી ? રમા રાજકુમારી પ્રત્યે બીજો ખોટો વિચાર કરવો એ પણ પાપ કહેવાય.’

ભંગી કહે : ‘એ બધીય તારી વાત સાચી છે પણ રમા મારા મનમાંથી ખસતી નથી. તું કાલે મહેલમાં પોતા મારવા માટે જા ત્યારે રાજકુમારીને આ વાત કરજે.’

રામાની પત્નિ ઝરકીને અને રાજકુમારી રમાને મેળ સારો હતો. આથી જ ન છૂટકે બીજે દિવસે ઝરકીએ રમાને વાત કરી.

ઝરકી કહે : ‘બા સાહેબ ! પેલો અભાગિયો છે ને મારો ધણી...’

ત્યારે રમા કહે : હા, તેનું શું છે ?’

ઝરકી કહે : ‘તે તમારે ત્યાં ચોગાનમાં વાળવા આવે છે. આથી તેણે તમને ક્યારેક જોયા હશે ત્યારનો તમારું નામ જ લે છે. તમારા ઉપર રાગ થયો છે. હવે નથી બરાબર ખાતો કે પીતો, દિવસે દિવસે એકદમ સુકાય રહ્યો છે. બતાવો હું શું કરું ?’

રમા કહે : ‘હાય...! હાય...! આવું છે ?’

‘હા બા ! શું કરું ? તમે જ કોઈ રસ્તો કાઢો અને મારા ધણીને બચાવો.’ ઝરકીએ કહ્યું.

‘ઝરકી જા, તું તારા ધણીને જઈને કહે કે, હું તૈયાર છું. આજથી એક મહિના પછી આવીશ પણ એ પહેલા એક મહિના સુધી ઉપવાસ સાથે ગંગાતટ ઉપર **રામનામ સ્મરણ** કરતા કરતા એણે પરમહંસ બની જવું પડશે. પછી એની પાસે હું આવીશ.’ રાજકુમારી રમાએ રસ્તો કાઢતાં કહ્યું.

ત્યારે ઝરકી કહે : ‘બા સાહેબ ! તમારે માટે તો એ જીવ કાઢે એમ છે, આ વાત કરીશ એટલે એ તો તૈયાર થઈ જશે. પછી તમે મુસીબતમાં મૂકાઈ જશો તો ?’ રમા કહે : ‘તું ચિંતા ન કર, હું વચન આપું છું કે, એક મહિના પછી હું જ તારે ત્યાં આવીશ.’

ઝરકી ઘેર ગઈ ભંગીને બધી વાત કરી. ભંગી તો ખુશખુશ થઈ ગયો. એક મહિનાના ઉપવાસ સાથે ગંગાના તટ ઉપર બેસી ગયો. અને રામના નામનું સ્મરણ શરું કર્યું. બે, ત્રણ અને ચાર દિવસ થયા. ભંગી હવે તો સતત રામ...રામ... જ કરે છે. વીસમો દિવસ થયો. ભંગીનો દેહાધ્યાસ તૂટી ગયો, એ રામમય બની ગયો. એના હોઠ બોલ ન બોલે પણ એના હૈયામાંથી એક અખંડ ધ્વનિ ‘રામ...રામ...’ નીકળ્યા જ કરે છે. ભંગીને રામનામનો **અજપાજપ** થઈ ગયો. નગરના અને બાજુના ગામોમાં ખબર પડી ગઈ કે ગંગાના તટ ઉપર કોઈ સિદ્ધપુરુષ આવ્યા છે. કાશીના લોકો એના દર્શને આવે છે. ઓગણત્રીસમો દિવસ થયો. ભંગીના સમાચાર સાંભળીને રાજા પણ સવારે બગીમાં બેસી દર્શન કરવા જાય છે. ભંગીની સ્થિતિ જોઈને **સ્તબ્ધ** બની જાય છે. દર્શન કરી ઘેર આવીને સાંજે જમતા જમતા રાજા રાજકુમારીને વાત કરતા કહે : ‘બેટા ! આપણે ત્યાં પેલો ભંગી આવતો હતો ને ? તે પરમહંસ બની ગયો ! હું આજે જ ત્યાં ગયો હતો. હજારો લોકો દર્શન કરવા આવે છે.’

રાજકુમારી પિતાજીને પંખાથી પવન નાખતા નાખતા કહે : ‘પિતાજી ! તો તો હું ય જાઉં ?’ રાજા કહે : ‘હા...હા... બેટા ! તું ય જઈ આવજે ને.’ બીજે દિવસે રાજકુમારી ભંગી પાસે જાય છે.

પછી રાજકુમારી ભંગી પાસે જઈને ઢંઢોળે છે. એનો ખભો પકડીને તેને જોરથી હલાવે છે. પરંતુ ભંગી જરાપણ ભાનમાં આવતો નથી. તેના કાન

પાસે જઈને કહે : ‘આંખ્ય ખોલો, હું તેદિ’ વાળી આવી ગઈ છું.’ ત્યારે ભંગી ઉપર કોઈ અસર થઈ નહિ. બીજીવાર કહ્યું. તોપણ તેને એવી સમાધિ થઈ ગઈ હતી કે, પોતાના શરીર ઉપરનો કાબુ પણ ગુમાવ્યો હતો. બીજીવાર એનો ખભો પકડીને તેને જોરથી હલાવીને કહે : ‘આંખ્ય ખોલો, હું તેદિ’ વાળી આવી ગઈ છું.’ ત્યારે એ ભંગી સમાધિમાંથી બહાર આવીને આંખ ખોલીને કહે : ‘તું તેદિ’ વાળી છો, પણ હું હવે તેદિ’વાળો નથી રહ્યો.’ એમ કહીને ફરીથી સમાધિમાં લીન થઈ ગયો. અંતે એક મહાન સંત તરીકે તેની ગણના થઈ. **“કહૉં કહાँ લગી, નામ બડાઇ !”**

‘ઉંચા કુળ કિસ કામકા, જહા નહિ હરિકા નામ । તુલસી તાતે શ્વપચ ભલા, જા મૂખમેં હરિકા નામ ॥
સુખ કે શીર સીલ પડો, જો નામ હૃદયસેં જાય । બલિહારી વો દુઃખકી, પલ પલ નામ જપાય ॥’

‘વિષ્ણોઃ સ્મરણમાત્રેણ મુચ્યતે સર્વપાતકૈઃ’ “ અંત સમયે પરમાત્માનું સ્મરણ કરવાથી પાપીજનો તમામ પાપોથકી રહિત થાય છે.’’ પરંતુ તે સમયે ભગવાનનું નામ યાદ આવવું બહુ કઠિન છે. એટલા માટે જ અત્યારથી નામ સ્મરણ શરૂ કરી દેવું જોઈએ. તેથી અંતસમયે યાદ આવી જાય.

વિષ્ણુદૂતો કહે છે: ‘‘હે યમદૂતો ! શાસ્ત્રજ્ઞ મહાપુરુષોએ **વ્રતાદિક** જે જે **પ્રાયશ્ચિત્તો** કહ્યાં છે, તેનાથી પાપી જેવો શુદ્ધ થતો નથી, તેવો હરિના **નામનો ઉચ્ચાર** કરવાથી થાય છે. કારણકે-પાપનું પ્રાયશ્ચિત્ત કર્યું હોવા છતાંપણ ફરીથી મન પાપના માર્ગે દોડે છે. માટે પાપકર્મનો સમૂળગો નાશ ઈચ્છતા પુરુષોએ હરિના ગુણાનુવાદરૂપ જ પ્રાયશ્ચિત્ત કરવું જોઈએ; કારણકે તે પ્રાયશ્ચિત્ત ચિત્તને પણ શુદ્ધ કરે છે.

હે યમદૂતો ! પુત્રાદિકના નામે લીધેલું, મશ્કરીમાં લીધેલું, ગાયનના આલાપરૂપે લીધેલું અને અપમાન પૂર્વક લીધેલું હરિનું નામ પણ સર્વ પાપને હરે છે.- **‘હરતિ જનાનાં પાપમ્ ઇતિ હરિઃ’**

મકાન ઉપરથી નીચે પડતાં, ઠેસ વાગતાં, શરીરને પીડા થાય ત્યારે, સર્પાદિકના દંશ વખતે, તાવ આદિકના દાહ વખતે, લાકડીથી કોઈ મારતું હોય ત્યારે, છીંક આવે ત્યારે અને પરાધીન અવસ્થામાં **‘નારાયણ’** આ પ્રમાણે બોલતો મનુષ્ય નરકની વેદનાને પામતો નથી.

તપ કરવાથી જો કે મનુષ્યના પાપો દૂર થાય છે, કિંતુ અધર્મથી ઉત્પન્ન થનારુ તે તે પાપોનું સંસ્કારરૂપ જે હૃદય છે તે દૂર થતું નથી, તેતો પરમાત્માના સ્મરણથી જ થાય છે.

‘જેમ અખંડ પ્રગટાવેલ દીવો અંધકારનો નાશ કરે છે, તેમ હરિ નામ એમને એમ ચાલુ રાખવામાં આવે તો બીજા પાપો ફરીને ઉત્પન્ન થતાં જ નથી; જેમ અખંડ દીવો અંધકારને ઉત્પન્ન થવા દેતો નથી તેમ.’

સો વર્ષોથી રૂમ બંધ હોય તેથી તેમાં અંધારુ હોય, પરંતુ એક **દિવાસળી** જલાવો, તુરંત **અંધકાર નષ્ટ** થશે. પરંતુ જો દીપ બુઝાય તો ફરી અંધારુ ! તેમ હરિનામરૂપી દીપ **અખંડ** શરૂ રહેશે તો અંતઃકરણમાં **અજવાળું** રહેશે, પરંતુ બંધ થઈ જશે તો ફરીને અંધકાર થઈ જશે.

3. શ્રી સ્વામિનારાયણ મહામંત્રના પ્રાગટ્યનો પૂર્વ ઈતિહાસ



વૈદિક સંસ્કૃતિનાં આધાર સ્તંભ, જગદ્‌ગુરુ કહેવાતા આ ભારતનો ૨૦૦ વર્ષ પૂર્વનો સમય (૧૭મી તથા ૧૮મી સદી) તે કાળના વિરાટ વ્યાપમાં કોઈ મોટો સમયગાળો તો નથી, પરંતુ એટલું તો જરૂર છે કે ૨૦૦ વર્ષ પહેલાનું ગુજરાત અને ભારતના ઈતિહાસને આંખે નિહાળીએ તો હૃદયને બેચેન બનાવી મૂકે તેવી ભયાનક અંધાધુંધીનો સમય, મોગલોની સત્તા તથા પેશ્વા રાજ્યના અંત સાથે **'ઈસ્ટ ઈન્ડિયા કંપની'** ની જામતી જતી સત્તા.

'જેના હાથમાં તેની બાથમાં' આ સ્થિતિ...

જેટલા જમીનદારો તેટલા રાજા, વહીવટી અવ્યવસ્થાને કારણે ગુંડાતત્ત્વોનો છૂટો દોર - રાજકીય ઝઘડાઓમાં ગાયકવાડ અને મરાઠાના તથા રજવાડાઓનાં અંદરોઅંદરના ધીંગાણાથી ખરડાતી લોહિયાળ રણભૂમિઓ - સત્તાલાલચુ સત્તાધીશોના કારમાં સકંજામાં પીલાતી પ્રજા! બધેથી એક જ પોકાર.....

ત્રાહિમામ્ ! ત્રાહિમામ્ !

અમારી રક્ષા કરો! અમારી રક્ષા કરો!

અરે ! ખુદ પ્રજાના **રક્ષકો** જ **ભક્ષકો** બન્યા હતા. બ્રાહ્મણો યજ્ઞમાં માંસ ખાતા-ખવરાવતા, સાધુ-બાવાઓ ધર્મના નામે આડંબરો ચલાવતા, વ્યસનો અને વહેમોમાં રાચતા ને તેમાં જ ફસાવતા. સાથોસાથ પરધન-પરસ્ત્રીને માટે જ ધ્યાન ધરતા. ખરેખર તો સાધુસંતોને જ ધર્મને વળગી સમાજને ઉગારવાનો હોય, પરંતુ પોતે જ બેહાલ બનેલ હોય ત્યારે ? તેથી તો કહ્યું છે :

''આગ જલે તો જલ કો કહું, મગર જલ જલે તો કીસકો કહું.''

આ પરિસ્થિતિ સર્જાઈ હતી. બાળકોનું અપહરણ, સતીપ્રથા, બાળલગ્નો, વિધવા તિરસ્કાર, બાળકીને દૂધપીતી કરવી વગેરે આવી આવી અનેક **અમાનુષિક પ્રથાઓ** સમાજમાં પથરાઈ હતી. આમ જોતા સમગ્ર ભારત અને ગુજરાત **'પોપાબાઈનું રાજ'** કહેવાતું. જેથી તો વ્યભિચારનાં તો પંથો ચાલતા. યજ્ઞોમાં પણ માંસાહાર થતું. બાવાઓનાં ઝુંડ ફાવે તેમ લૂંટફાટ, ચોરી, મારપીટ કરતા. આમ, સર્વત્ર **અધર્મ** ફેલાઈ ચુક્યો હતો. ત્યારે એક **નવયુગના પ્રભાતી સૂર્ય**ના ઉદયની તાતી જરૂરિયાત હતી.

બસ આવા જ સમયે...

દુર્ભેદ્ય અધર્મ અંધકારના ચૂરેચૂરા કરી **સદ્ધર્મ**ને સ્થાપવા... અનેક સાચા સંતો, ઋષિમુનિઓ તથા ભક્તોના ભાવોને પૂર્ણ કરવા તથા ગાય-

બ્રાહ્મણોનું અને સત્શાસ્ત્રોનું રક્ષણ કરી સમગ્ર સમાજને **નવપલ્લવિત** કરવા તેમજ અનેક સત્શાસ્ત્રોના સત્વચનોને **સાર્થક** કરવા...જેવા કે...

'યદા યદા હિ ધર્મસ્ય ગ્લાનિર્ભવતિ ભારત । અભ્યુત્થાનમધર્મસ્ય તદાત્માનં સૃજામ્યહમ્ ॥
પરિત્રાણાય સાધૂનાં વિનાશાય ચ દુષ્કૃતામ્ । ધર્મસંસ્થાપનાર્થાય સંભવામિ યુગે યુગે ॥'

જ્યારે જ્યારે ધર્મનો નાશ થાય, અધર્મની વૃદ્ધિ થાય, સત્પુરુષોને અતિ કષ્ટ થાય તેવા દુષ્કૃત્યો સર્જાય ત્યારે ત્યારે ધર્મનું સ્થાપન કરવા દરેક યુગે યુગે હું જન્મને ધારણ કરું છું.

(શ્રીમદ્ ભગવદ્ ગીતા : ૪/૭-૮)

'किरातहूणान्ध्रपुलिन्दपुल्कसा आभीरकंका यवनाः खसादयः । येऽन्ये च पापा यदुपाश्रयाश्रयाः शुध्यन्ति तस्मै प्रभविष्णवे नमः ॥'

કિરાત, હૂણ, આન્ધ્ર, પુલિન્દ, પુલ્કસ, આહિર, કાઠી-કણબી, મુસ્લીમ, ખવાસ આદિક જાતિઓ તથા બીજા અનેક પાપી જનોને પણ શરણાગત બનાવી પવિત્ર કરશે. એવા કળિકાળે અવતરણ કરનાર સર્વ શક્તિમાન ભગવાનને વારંવાર નમસ્કાર છે.

(શ્રીમદ્ ભાગવત : ૨/૪/૧૮)

'अन्योऽपि धर्मरक्षायै देहः संभ्रियते मया । विरामायाऽप्यधर्मस्य काले प्रभवतः क्वचित् ॥'

કોઈ સમયે સદ્ધર્મના રક્ષણાર્થે તથા કાળે કરીને પ્રવર્તેલા અધર્મના ઉચ્છેદને માટે હું અવતારનું ધારણ કરીશ.

(શ્રીમદ્ ભાગવત : ૧૦/૫૦/૧૦)

'कृतादिषु प्रजा राजन् कलाविच्छन्ति संभवम् । कलौ खलु भविष्यन्ति नारायण परायणाः ॥'

સત્યુગ, ત્રેતાયુગ તથા દ્વાપરયુગની દરેક પ્રજાજન એવું ઈચ્છે છે કે 'અમને કળિયુગમાં જન્મ મળે. કારણ કે સ્વામિનારાયણ ભગવાનના અનેક શરણાગતો થાશે; તેમની સાથે અમો પણ એ નારાયણના ભક્ત બનીએ.'

(શ્રીમદ્ ભાગવત : ૧૧/૫/૩૮)

'धर्मदेवात्तदा मूर्तौ नरनारायणात्मना । प्रवृत्तेऽपि कलौ ब्रह्मन् भूत्वाहं सामगो द्विजः ।।'

ધર્મદેવ તથા ભક્તિદેવીને માતા-પિતા બનાવી નરનારાયણને શાપના નિમિત્ત બનાવી કળિયુગમાં સામવેદી બ્રાહ્મણકુળે સ્વયં ભગવાન અવતરશે.

(સ્કંદપુરાણ : વાસુદેવ માહાત્મ્ય : ૧૮/૪૩)

'ये ब्राह्मणा वंशजाता युष्माकं वै सहस्त्रशः । तेषां नारायणे भक्तिर्भविष्यति कलौ युगे ।।१२।। परात्परतरं यान्ति नारायणपरा जनाः । ।।१३।।'

અર્થ :- ભગવાન શ્રીકૃષ્ણ કહે છે : હે મહર્ષિઓ ! તમારા વંશમાં હજારો જે બ્રાહ્મણ ઉત્પન્ન થશે તેમને કળિયુગમાં પરબ્રહ્મ ભગવાન નારાયણને વિષે દૃઢ ભક્તિ ઉદય થશે અને પરાત્પર એવા જે એ પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ તેમને તે સર્વે પામશે.

(કૂર્મપુરાણ : ૨૭/૧૨-૧૩)

આવા અનેકાનેક સત્શાસ્ત્રોના સત્વચનોને સાકાર સ્વરૂપ આપવા તથા અનેક તામસી-રાજસી-સાત્વિક જીવોને બ્રહ્મરૂપ કરી પોતાનું પરબ્રહ્મ સર્વોપરી સ્વરૂપનું જ્ઞાન કરાવી આત્યન્તિક મોક્ષ અપાવવાને કાજે ઉત્તરભારતના અયોધ્યા નજીક આવેલા **નાનકડા 'છપૈયા' ગામમાં આજથી**

બરાબર ૨૩૩ વર્ષ પહેલા એક સહજાનંદરૂપી સૂર્યનો ઉદય થયો. સં.૧૮૩૭ ચૈત્ર સુદ - ૯, ઈ.સ. ૧૭૮૧ - ૨ એપ્રિલ ને સોમવારના દિવસે રાત્રે દસને દસ ઘડીએ પૂર્ણ પુરુષોત્તમ બાળપ્રભુ 'ઘનશ્યામ' રૂપે પ્રગટ્યા.

પવિત્ર સરવરિયા બ્રાહ્મણકુળમાં માતા ભક્તિદેવી (પ્રેમવતી), પિતા ધર્મદેવ (હરિપ્રસાદ) તથા સાવર્ણી ગોત્ર, સામવેદ, શાખા કૌથુમી, ભાર્ગવ-સાવેતસ-વૈતહવ્ય આ ત્રણ પ્રવર તથા મોટાભાઈનું નામ **રામપ્રતાપ** તથા દાદાનું નામ **બાલશર્મા** હતું. બાળપ્રભુને ત્રણ મામા-મામી હતા. ૧. વશરામ મામા - લક્ષ્મીમામી. ૨. સુબોધમામા - સુંદરીમામી. ૩. ઘેલામામા - સુરજામામી અને બે માસી-માસા હતા. ૧. બલધિદેવ - ચંદનમાસી. ૨. સરદાર પાંડે - વસંતા માસી હતા. આવા **મહાપવિત્ર** કુળે સ્વયં અવતારીએ અવતરણ કરી સમગ્ર ભારત જ નહિ પરંતુ પૂરા બ્રહ્માંડને **પવિત્ર** કર્યું.

મહાપ્રભુ સર્વોપરી ભગવાન શ્રી સ્વામિનારાયણ લગભગ કુલ ૧૭૭૦૧ દિવસ આ પૃથ્વી પર રહ્યા તે જોઈએ તો...

કુલ ૪૦૫૧ દિવસ ઘનશ્યામ નામથી...

૯૦૦ દિવસ છપૈયાની ધરતી ઉપર

- ૧૮૩૭ ચૈત્ર સુદ - ૯, તા. ૨-૪-૧૭૮૧ સોમવાર, રાત્રે ૧૦-૧૦ સમયે **જન્મ** તથા જાતકર્મ સંસ્કાર.
- ૧૮૩૭ ચૈત્ર સુદ - ૧૦, તા. ૩-૪-૧૭૮૧ના સવારે પુત્ર જન્મ ઉત્સવ-આનંદ.
- ૧૮૩૭ ચૈત્ર સુદ - ૧૪, તા. ૭-૪-૧૭૮૧ શનિવાર - છઠ્ઠીના દિવસે સવારે બાળપ્રભુ શ્રી ઘનશ્યામે કૃત્યાને પરાજીત કરી.
- ૧૮૩૮ અષાઢ વદ -૭, તા. ૧૩-૭-૧૭૮૧ ગુરુવાર, માર્કન્ડેય ઋષિ દ્વારા બાળપ્રભુનો **નામકરણ** સંસ્કાર. કર્કરાશીમાં જન્મ હોવાથી ત્રણ નામ રાખ્યા : ૧. હરિ ૨. કૃષ્ણ ૩. હરિકૃષ્ણ.
- સં. ૧૮૩૮ શ્રાવણ સુદ - ૧૧, તા. ૩૧-૭-૧૭૮૧ મંગળવાર, પાંચમાં માસમાં **ભૂમિ ઉપવેશન** સંસ્કાર વિધિ કરાવ્યો.
- સં. ૧૮૩૮ આસો સુદ - ૨, તા. ૧૯-૯-૧૭૮૧ બુધવાર, છઠ્ઠા મહિનાના પ્રવેશે **અન્નપ્રાશન** સંસ્કાર વિધિ કરાવ્યો. ત્યારબાદ ધર્મદેવે બાળપ્રભુની **પરીક્ષા** લીધી.
- સં. ૧૮૩૮ આસો સુદ - ૧૫, તા. ૨-૧૦-૧૭૮૧ મંગળવાર ના પવિત્ર દિવસે છપૈયા બાલપ્રભુનો કર્ણવેધ સંસ્કાર કરાવ્યો. ત્યારબાદ મોટાભાઈ રામપ્રતાપભાઈના લગ્ન થયા, સુવાસિનીબાઈ બાળપ્રભુના ભાભી બન્યા. તરગામના દુબે બલદેવ સરવરિયા બ્રાહ્મણ રામપ્રતાપભાઈના સસરા થયા.
- સં.૧૮૩૯ જેઠ વદ - ૫, તા. ૧૯-૬-૧૭૮૩ ગુરુવારે બાલપ્રભુ શ્રી ઘનશ્યામનો **ચૌલ સંસ્કાર** વિધિ સવારે કરવામાં આવ્યો. તે જ દિવસે બાલપ્રભુએ અસુરરાજા કાલિદત્તનો વધ કરેલો. અને બાલપ્રભુ બાર સ્વરૂપે થઈને બાર માતાઓની ગોદમાં રમ્યા હતા.
- સં. ૧૮૪૦ આસો સુદ - ૯ના શુભ દિવસે બાલપ્રભુએ આજે ધર્મદેવ આદિ કુટુંબ પરિવાર સાથે છપૈયાથી નીકળી સરયુ નદી પાર કરીને અયોધ્યામાં **બરહટ્ટા શેરી**માં **નિવાસ** કર્યો. કુલ ૨ વર્ષ ને ૬ માસ સુધી છપૈયામાં રહ્યા.

અયોધ્યામાં કુલ ૩૧૫૧ દિવસ રહ્યા

સં. ૧૮૪૨ ચૈત્ર સુદ -૨, તા. ૩૧-૩-૧૭૮૬ શુક્રવાર. બાલપ્રભુએ પાંચવર્ષની ઉંમરે પિતા ધર્મદેવ પાસે વિદ્યા-અભ્યાસનો પ્રારંભ કર્યો.

સં. ૧૮૪૨ વૈશાખ સુદ - ૨, તા. ૩૦-૪-૧૭૮૬ રવિવાર. બ્રાહ્મમુહૂર્તમાં પ્રાતઃકાળે ઈચ્છારામજીનો જન્મ. (બાલપ્રભુશ્રીના નાનાભાઈ)

સં. ૧૮૪૪ ફાગણ સુદ - ૧૦, તા. ૧૭-૩-૧૭૮૮ સોમવાર. ઉપવીત સંસ્કાર દિવસ : બાલપ્રભુ શ્રી ઘનશ્યામને યજ્ઞવિધિ કરીને જનોઈ આપી. આજે આઠમું વર્ષ ચાલતુ હતું.

- અયોધ્યામાં બાલપ્રભુ શ્રી ઘનશ્યામ મહારાજે રામપ્રતાપભાઈને અનેક રૂપે દર્શન આપેલા, સુવાસીની ભાભીની વીંટી ચોરી લીધેલી, તરગામના ખેતરમાં ચીભડાના વેલાની લીલા કરેલી, તળાવના કિનારા પરના વૃક્ષનો ખાપો સાથળમાં લાગેલો, મીન સરોવરે માછલાને સજીવન કરેલા વગેરે **અનેક લીલાઓ** કરેલી છે. સાથોસાથ પિતા ધર્મદેવ સાથે કાશી જઈ વિદ્વાનોની સાથે **શાસ્ત્રાર્થ** કરી પરાસ્ત પણ કરેલા અને અયોધ્યાના મલ્લોને પણ પરાજીત કરેલા.

સં. ૧૮૪૮ કાર્તિક સુદ - ૧૦, તા. ૫-૧૧-૧૭૯૧ શનિવારે માતા **ભક્તિદેવી**ને બાલપ્રભુ શ્રી ઘનશ્યામ મહારાજે હરિગીતા રૂપી ઉપદેશ આપી પોતાના સ્વરૂપનું યથાર્થ જ્ઞાન કરાવી **દિવ્યગતિ** આપી.

ત્યારબાદ પિતા પાસેથી વેદ-વેદાંત, ગીતા-ઉપનિષદો-પુરાણોનો સંપૂર્ણ અભ્યાસ કરી એક ગુટકો તૈયાર કરી પિતાજીને બતાવી **ધર્મદેવ**ની પ્રસન્નતા પ્રાપ્ત કરેલ. પછી પિતાને પણ પોતાના સ્વરૂપનું જ્ઞાન કરાવી સં. ૧૮૪૮ જેઠ વદ - ૪, તા. ૮-૬-૧૭૯૨ શુક્રવારે **દિવ્યગતિ** આપી.

બાલપ્રભુ શ્રી ઘનશ્યામ મહારાજે પોતાના **ધર્મ સંસ્થાપન**નો **હેતુ** સિદ્ધ કરવા સર્વમાંથી **ઉદાસીનતા** ગ્રહણ કરીને આખરે ૧૧ વર્ષ, ૩ માસ ને ૧ દિવસ ઘરે રોકાઈ...

સં. ૧૮૪૯ અષાઢ સુદ -૧૦, તા. ૨૯-૬-૧૭૯૨ના રોજ હંમેશાને માટે અયોધ્યાનો ત્યાગ કરી વનની ગેહરી વાટે ચાલી નીકળ્યા... આમ, લગભગ ૪૦૫૧ દિવસો ઘરે રહ્યા.

શ્રી નીલકંઠ વર્ણીરૂપે દિવ્ય વન વિચરણ - કુલ દિવસ : ૨૬૧૨

નભોમંડલમાંથી અષાઢી મેઘની **વર્ષા** સમગ્ર ભારતની ભૂમિ પર છવાઈ રહી હતી. એક તરફ હિમાલયને છોડીને વિશાળ મેદાનોમાં વહેતી **સરયુ નદી** બેઉ કાંઠે ગાંડીતૂર બનીને **સમુદ્ર તરફ** ધસમસતી વહેતી હતી. ચાતુર્માસની **ભક્તિભરી મોસમ**નાં **મંડાણ** થવામાં માત્ર **એક જ દિવસની વેળા** બાકી હતી.

અષાઢ સુદી દશમની વહેલી પ્રભાતે **બ્રાહ્મમુહૂર્ત** થયું ત્યારે અયોધ્યાના બરહટ્ટા વિસ્તારમાંથી એ ફૂલસમી કોમળકાયા, મેઘની વરસતી ઝડીઓને ખુલ્લા શરીરે ઝીલતી ઉતાવળે સરયુ તરફ ધસી રહી હતી. કોઈ પોતાનો પીછો ન કરે એટલે એ માસુમ બાળકે **સાહસભર્યો રસ્તો** લીધો.

ગાંડીતૂર બનેલ સરયુ નદીમાં ઝંપલાવીને એ બાળયોગીએ સમયની રેત પર જ ડગલાં માંડ્યા.

ખુલ્લા શરીરે, ખુલ્લાપગે, ન કોઈ સાધન, ન કોઈ સહારો ! અને ન કોઈ ઉષ્માનો આંગરો, ન કોઈ વૃક્ષની છાયા, ન કોઈ આસનની માયા ! ન કશું અન્ન, ન કોઈ ફળ, માત્ર કૌપીનભર, મૃગચર્મ, શાલીગ્રામ, સર્વશાસ્ત્રોનો સારરૂપ ગુટકો, માળા, કમંડળુ, પાણી ગાળવાનું વસ્ત્ર વગેરે આટલી વસ્તુ સાથે લઈને ચાલી નીકળ્યા....

...અનેક સાધકોને સાધનના ફળરૂપે સ્વદર્શન દેવાને કાજે, ઘણાક દિવસ ફરતાં ફરતાં...

-સં. ૧૮૪૯ શ્રાવણ સુદ -૧, તા. ૨૯-૪-૧૭૯૨ રવિવાર - હરિદ્વાર.

-સં. ૧૮૪૯ શ્રાવણ વદ - ૮, તા. ૧૦-૮-૧૭૯૨ શુક્રવારે એક વટવૃક્ષ નીચે રાત્રિનિવાસ તથા શ્રી હનુમાનજી દ્વારા ભૈરવનો પરાજય.

-સં. ૧૮૪૯ ભાદરવા સુદ - ૪, તા. ૨૧-૮-૧૭૯૨ મંગળવાર - નીલકંઠ વર્ણી આજ રોજ લક્ષ્મણ ઝુલામાં વિચરણ કરતા હતા.

- સં.૧૮૪૯ ભાદરવા વદ - ૧ થી ૩૦, તા. ૧-૯-૧૭૯૨ થી ૧૬-૯-૧૭૯૨ સુધી ના સમય દરમ્યાન નીલકંઠ વર્ણી ગુપ્તપ્રયાગ અને કેદારનાથમાં વિચરણ કરતા હતા.

-સં.૧૮૪૯ આસો સુદ -૯, તા. ૨૪-૯-૧૭૯૨ સોમવાર, આજ રોજ વર્ણી બદ્રિનાથમાં વિચરણ કરતા હતા.

- સં.૧૮૪૯ કાર્તિક વદ - ૮, તા. ૭-૧૧-૧૭૯૨ બુધવાર, આજ રોજ નીલકંઠ વર્ણી બદરિકાશ્રમમાં ઋષિમુનિઓને સ્વદર્શન દેવાને કાજે પધાર્યા હતા.

-સં.૧૮૪૯માં નીલકંઠ વર્ણી માનસ સરોવર (ચીન)માં વિચરણ કરતા હતા.

-સં. ૧૮૫૦ ભાદરવા સુદ - ૮ના રોજ ઋષિકેશમાં વિચરણ કરતા હતા.

હિમાલયના બર્ફિલા પહાડોની વચ્ચે ઘણાક દિવસ ફરતા ફરતા...

-સં. ૧૮૫૦ કારતક સુદમાં તા. ૧૪-૧૧-૧૭૯૩ ગુરુવારથી પુલહાશ્રમમાં બે મહિના અને ૨૦ દિવસ ઘોર **તપશ્ચર્યા** કરી હતી.

-સં. ૧૮૫૧માં નીલકંઠ વર્ણી વન વિચરણ કરતા થકા ગોપાળયોગીના આશ્રમમાં રહી દશ માસ **યોગવિદ્યા** શીખ્યા હતા.

- સં. ૧૮૫૨માં નીલકંઠ વર્ણી વન વિચરણ કરતા, **નવલખા પર્વત** ઉપર જઈ વર્ષોથી સાધના સાધતા નવલાખ યોગીઓને સાધનાના ફળરૂપે **સ્વદર્શન** દેવા પધાર્યા.

-સં. ૧૮૫૩ કારતક સુદ - ૧માં બંગાળમાં સીરપુરના સિદ્ધવલ્લભ રાજાને દર્શન દેવા પધાર્યા હતા.

- સં. ૧૮૫૩ કારતક સુદ - ૧૫ થી જેઠ મહિના સુધીમાં નીલકંઠ વર્ણી વન વિચરણ કરતા થકા પૂર્વથી દક્ષિણ ભારત તરફ કામાક્ષીદેવીના મંદિરે પિબેકનો ઉદ્ધાર કરી, જગન્નાથપુરી (ઓરીસ્સા)આવ્યા. ત્યાં દશ માસ રોકાયા અને ત્યાં અનેક અસુરોને પરસ્પર મરાવી માનસપુર આવ્યા.ત્યાં સત્રધર્મા રાજાને દર્શન આપી વેંકટાદ્રિ (તીરૂપતિ બાલાજી-આંધ્રપ્રદેશ) આવ્યા. ત્યાંથી નીકળી સેવકરામને કૃતઘ્ની જાણી ત્યાગ કરી આગળ ચાલતા ચાલતા ઘણા ઉપવાસ થયા તેથી શરીરમાં લોહીનું બુંદ રહેવા ન પામ્યું. વાગે તો પાણી નીસરે આવી કઠોર તપશ્ચર્યા કરતા મહાપ્રભુ નીલકંઠ વર્ણી ઘોરજંગલમાં આવ્યા ત્યારે કાપડી વેશમાં શિવ-પાર્વતીએ સાથવો જમાડ્યો. ત્યાંથી કાંચીપુર, શ્રીરંગક્ષેત્ર આવ્યા, ત્યાંથી રામેશ્વર, ભૂતપુરી, (તામિલનાડુ) વગેરે **તીર્થસ્થળો**માં **વિચરણ** કરતા હતા.

- સં. ૧૮૫૪માં કન્યાકુમારી, લંબેનારાયણ, પદ્મનાભ, જનાર્દન, આદિકેશવ, શ્રીરંગપત્તનમ્, યાદવગિરિ, મેલુકોટે, કિષ્કિંધા, સ્ફટિકશિલા, ચક્રતીર્થ, શબરીવન, પંપાસર, પંઢરપુર વગેરે **સ્થાનો**માં નીલકંઠ વર્ણી **વિચરણ** કરતા હતા.

- સં. ૧૮૫૫માં પુના, નાસિક, દંડકારણ્ય, ત્રંબકેશ્વર થઈ ગુજરાતની ધરતીમાં પ્રવેશ કરતા થકા **સુરત** શહેરમાં પધાર્યા હતા. તાપી નદી, નર્મદા નદી, મહિ નદી ઉતરી...

સં. ૧૮૫૫ ફાગણ સુદ - ૧, તા. ૧૭-૩-૧૭૯૯ સોમવારે નીલકંઠ વર્ણી વડતાલે પ્રથમવાર પધાર્યા. ત્યાંથી બુધેજ તથા સાબરમતી નદી ઉતરી

ભીમનાથ-ભાવનગર થઈ **ગોપનાથ** આવ્યા. ત્યાંથી તુલસીશ્યામ, ગુપ્તપ્રયાગ, લોઢવા, પ્રભાસ થઈ સં.૧૮૫૬ શ્રાવણ સુદ - ૧૦ તા. ૧૦-૮-૧૭૯૯ના દિને **જૂનાગઢ** ગીરનારે પધાર્યા.

સં. ૧૮૫૬ શ્રાવણ વદ - ૬, તા. ૨૧-૮-૧૭૯૯ ગુરુવારના રોજ **માંગરોળ** થઈ વિશ્વના નકશામાં ટપકું પણ ન આવે તેવું જે ગામ અનંતકોટિ બ્રહ્માંડના ધણીને જાણે કે સાદ કરીને બોલાવી રહ્યું છે ! વિરલ પરિવ્રાજકની યાત્રાને અહીં વિસામો જ નહીં, પણ વિરામ આપવા તેની ધરતી જાણે ખોળો પાથરીને બેઠી છે એવું સોરઠનું અતિ ભાગ્યશાળી ગામ **લોયેજ**(લોજ)માં પધાર્યા.

આમ, ૭ વર્ષ, ૧ માસ, ૧૧ દિવસ (કુલ દિવસ : ૨૫૬૧) માં માત્ર ૧૧ થી ૧૮ વર્ષની કિશોરવયમાં તેઓએ વન-પર્વતો સહિતના પ્રદેશોને આવરી લેતી આશરે ૧૨,૫૦૦ કિ.મી.ની યાત્રા પગરખાં વિના, એક કૌપીનભર અને કોઈપણના સાથ-સંગાથ વિના માત્ર વાયુના આહારમાં છ-છ મહિના સુધી માણસનો જ્યાં અવાજ માત્ર ન સંભળાય એવી બર્ફીલી પહાડીઓ પર એકલ પંડે માનસરોવરથી લઈને હિન્દુસ્તાનના પૂર્વ-પશ્ચિમ, ઉત્તર-દક્ષિણની સમગ્ર ધરતી પર એ **વિરલ પરિવ્રાજકના પદારવિંદ** ઘૂમી વળ્યા હતા.

આશરે ૨૫૬૧ દિવસના આ દીર્ઘ પ્રવાસમાં તેઓએ ભારત, ચીન, નેપાળ, મેઘાલય, બાંગ્લાદેશ, ભૂતાન તથા બર્મા સહિત **૭ દેશોમાં વિચરણ** કર્યું હતું.

ભારત દેશનાં ૧૬ રાજ્યોના ૨૫૦થી વધુ ગામોને તથા શહેરોને પાવન કર્યાં હતા.

ત્યારે વર્ણીની ઉંમર હતી... ૧૮ વર્ષ, ૪ માસ ને ૧૨ દિવસ.

પછી લોજમાં મુક્તાનંદ સ્વામીનો સૌપ્રથમ મેળાપ થયો. (ત્યારે મુક્તાનંદ સ્વામીની ઉંમર ૪૧ વર્ષ, ૭ માસ ને ૧૪ દિવસની હતી.) અને નીલકંઠ વર્ણીને પૃથ્વી ઉપર પધાર્યાના ૬૬૧૨ દિવસ થયા હતા.

...પછી લોજમાં નીલકંઠ વર્ણીમાંથી સર્જુદાસરૂપે બન્યા.

(સર્જુદાસ નામથી... કુલ દિવસ : ૪૪૦)

સર્જુદાસરૂપે મુક્તાનંદ સ્વામી સાથે.... કુલ દિવસ : ૩૦૬

લોજમાં સૌપ્રથમ પાંચ ભેદના સ્વરૂપનો શાસ્ત્રાર્થ કરી સર્જુદાસે મુક્તાનંદ સ્વામી આદિક ૫૦ સંતોને **અષ્ટાંગ યોગ** શીખવ્યો.

- સં. ૧૮૫૬ ફાગણ વદ - ૫, તા. ૧૫-૩-૧૮૦૦ રવિવાર. સર્જુદાસજી તથા મુક્તાનંદ સ્વામીએ સાથે પત્રો લખી ભૂજમાં રામાનંદ સ્વામીને મોકલાવ્યા.

લોજમાં રહેતા થકા સર્જુદાસે મુક્તાનંદ સ્વામી આદિક સંતોની સાથે જન્માષ્ટમી, જલજીલણી એકાદશી, વામનદ્વાદશી, વિજયાદશમી, શરદપૂર્ણિમા, દિવાળી, અન્નકુટ, પ્રબોધિની એકાદશી, વસંતપંચમી, શિવરાત્રી, હોળી-ફુલદોલોત્સવ વગેરે **અનેક ઉત્સવો** કર્યા.

-સં. ૧૮૫૬ ચૈત્ર સુદ -૯ (રામનવમી)નો ઉત્સવ કર્યો ત્યારે સર્જુદાસના **૧૯ વર્ષ** પૂર્ણ થયા.

લોજપુરમાં આશ્રમમાં સર્જુદાસરૂપે રહીને...

- પાણી ભરવું..., સફાઈ કરવી..., ભિક્ષા માંગવા જવું..., છાણ લાવવું..., વાસણ માંજવા ...

વગેરે ઘણી સેવાઓ કરતા. સાથોસાથ અનેક ઐશ્વર્ય પણ બતાવતાં, મીંઢી આવળ તથા લવિંગીયા તીખા મરચાના ગોળા બનાવી જમતાં, શીલ ગામમાંથી ૧૬ મણ ચીભડાની ગાંસડી લાવ્યા વગેરે અનેક લીલાઓ કરેલી.

સંતોને ધ્યાન શીખવતા, સ્ત્રી-પુરુષની સભા અલગ કરાવી, આશ્રમ અને તેની બાજુમાં આવેલ ગૃહસ્થના ઘર વચ્ચે જે દિવાલ તેમાં ગોખલો હતો તે પુરાવ્યો, તેવા અનેક કાર્ય કરી-કરાવી મુક્તાનંદ સ્વામી આદિક સંતોને સાધુતા શીખવતા ૧૦ માસ ને ૬ દિવસ પુરા થયા ત્યારે...

- સં. ૧૮૫૬ જેઠ વદ - ૧૨, તા. ૧૮-૬-૧૮૦૦ ગુરુવારના રોજ પીપલાણા ગામે નરસિંહ મહેતાને ઘેર સૌપ્રથમવાર સર્જુદાસ અને ઉદ્ધવાવતાર રામાનંદ સ્વામીનો મેળાપ થયો.

ત્યારે રામાનંદ સ્વામીની ઉંમર ૬૧ વર્ષ, ૧૦ માસ ને ૪ દિવસની હતી. જ્યારે સર્જુદાસની ઉંમર ૧૯ વર્ષ, ૨ માસ ને ૧૮ દિવસની હતી. ત્યારે સર્જુદાસને પૃથ્વી પર પધાર્યાનો ૬૯૧૮મો દિવસ હતો.

રામાનંદ સ્વામી અને સર્જુદાસ. કુલ દિવસ : ૧૩૪

આખોય ચાતુર્માસ પીપલાણામાં જ રહ્યાં. ત્યાં રહ્યા થકા સર્વે ચાતુર્માસના ઉત્સવો ઉજવ્યા. અને છેલ્લે પ્રબોધિનીનો ખૂબ મોટો ઉત્સવ કર્યો.

- સં. ૧૮૫૭ કાર્તિક સુદ - ૧૧, તા. ૨૮-૧૦-૧૮૦૦ બુધવારના રોજ પીપલાણામાં સર્જુદાસને રામાનંદ સ્વામીએ ભાગવતી દિક્ષા આપી. **'સહજાનંદ સ્વામી'** અને **'નારાયણમુનિ'** એવા બે નામો રાખ્યા.

(સહજાનંદ સ્વામી નામથી.... કુલ દિવસ : ૪૦૫)

ત્યારબાદ મકરસંક્રાંતિનો ઉત્સવ ભારેરમાં કર્યો, કાલવાણીમાં વસંતપંચમીનો ઉત્સવ કર્યો, ફુલદોલોત્સવ માણાવદરમાં કર્યો.

- સં. ૧૮૫૭ ચૈત્ર સુદ - ૯ (રામનવમી)નો ઉત્સવ ધોરાજીમાં કર્યો. ત્યારે સહજાનંદ સ્વામીના વીશ વર્ષ પુરા થયા.

ત્યારબાદ ચાતુર્માસના દરેક ઉત્સવો ઉજવતા સદ્. રામાનંદ સ્વામી સાથે **શિષ્ય તરીકે** સહજાનંદ સ્વામી ગામડાઓમાં વિચરણ કરતાં હતાં.

- સં. ૧૮૫૮ કાર્તિક સુદ - ૧૧ (પ્રબોધિની એકાદશી), તા. ૧૬-૧૧-૧૮૦૧ સોમવારે જેતપુરમાં ઉન્નડ રાજાના દરબારમાં રામાનંદ સ્વામીએ સહજાનંદ સ્વામીને **ગાદી** સોંપી ને પુરા સંપ્રદાયની **જવાબદારી** આજથી સહજાનંદ સ્વામીના શિરે સમર્પી ત્યારે સહજાનંદ સ્વામીની ઉંમર ૨૦ વર્ષ, ૭ માસ ને ૨ દિવસની હતી. આટલી નાની ઉંમરે **સર્વેના ગુરુ** બન્યા. ત્યારે સહજાનંદ સ્વામીને પૃથ્વી પર પધાર્યાનો ૭૦૫૨મો દિવસ હતો.

શ્રી સહજાનંદ સ્વામીનો પટ્ટાભિષેક કરી ઉદ્ધવ સંપ્રદાયની ગાદીના આચાર્યપદે સ્થાપ્યા. પછી વરદાન માગવા જણાવ્યું ત્યારે શ્રી સહજાનંદ સ્વામીએ પોતાના ગુરુ રામાનંદ સ્વામી પાસે **બે વરદાન** માગ્યા :-

(૧) તમારા સત્સંગી હોય તેને એક વીંછીનું દુઃખ થવાનું હોય, તો તે મને એક એક રૂંવાડે કોટિ કોટિ વીંછીનું દુઃખ થાઓ, પણ તમારા સત્સંગીને તે ન થાઓ.

(૨) તમારા સત્સંગીના પ્રારબ્ધમાં રામપત્તર (ભિક્ષાપાત્ર) લખ્યું હોય તે મને આવે પણ તમારા સત્સંગી અન્ન-વસ્ત્રે કરીને દુઃખી ન થાય.

રામાનંદ સ્વામી સાથે સહજાનંદ સ્વામી. કુલ દિવસ : ૩૯૨

ગાદી સંભાળ્યા બાદ બંને વિચરણ કરતા કરતા **ફરેણી** પધાર્યા.

- સં. ૧૮૫૮ માગશર સુદ - ૧૩, તા. ૧૭-૧૨-૧૮૦૧ ગુરુવારે ફરેણીમાં આજ રોજ રામાનંદ સ્વામી અંતર્ધાન થયા ત્યારે રામાનંદ સ્વામીની ઉંમર ૬૩ વર્ષ, ૩ માસ ને ૨૦ દિવસની હતી.

- સહજાનંદ સ્વામી રામાનંદ સ્વામી સાથે કુલ ૧ વર્ષ, ૫ માસ ને ૧૬ દિવસ રહ્યા. આ સમયે સહજાનંદ સ્વામીની ઉંમર ૨૦ વર્ષ, ૮ માસ, ૪ દિવસની હતી. અને આ પૃથ્વી પર પધાર્યાનો આજે ૭૪૪૪ મો દિવસ હતો.

ત્યારબાદ રામાનંદ સ્વામીના ચૌદમાના દિવસે...

- સં. ૧૮૫૮ માગશર વદ - ૧૧, તા.૩૧-૧૨-૧૮૦૧ ગુરુવારે એજ ફરેણી ગામમાં વિશાળ સભામાં મહારાજે પોતાના (આવિર્ભાવના **૭૪૫૮** માં દિવસે) સ્વમુખે ધર્મનો ઉપદેશ આપ્યો. સાથોસાથ સૌ સંતો-હરિભક્તોને આદેશ આપ્યો કે આજથી બધાને **'સ્વામિનારાયણ'** મહામંત્રનો જાપ કરવો અને તે જ મંત્રનું ભજન કરવું.

આમ, સંપ્રદાયમાં માગશર વદ - ૧૧ એકાદશીનો દિવસ **'શ્રી સ્વામિનારાયણ મહામંત્ર દિન'** તરીકે **પ્રસિદ્ધ** થયો, તો હવે જોઈએ...





૪. શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ઉદ્‌ઘોષણા દિન

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય હજુ ઉદ્ધવ સંપ્રદાય તરીકે ઓળખાતો હતો એ સમયની વાત છે. હજુ ઉદ્ધવ સંપ્રદાયના સ્થાપક ઉદ્ધવાવતાર સદ્‌ગુરુવર્ય શ્રી રામાનંદ સ્વામી બિરાજમાન હતા, સૌને આનંદ હતો. ગુરુવર્ય રામાનંદ સ્વામીએ નીલકંઠ વર્ણીને દિક્ષા આપીને **'સહજાનંદ સ્વામી'** અને **'નારાયણમુનિ'** નામ ધારણ કરાવીને જેતપુરમાં ધર્મધુરા સોંપીને પોતાના સ્થાને બિરાજમાન કર્યા હતા. તેઓશ્રીને વિચરણ દરમ્યાન સાથે રાખી સૌને ગુરુવર્ય રામાનંદ સ્વામી સમજાવતા : **'આ સહજાનંદ સ્વામી છે તે પ્રગટ પુરુષોત્તમનારાયણ છે, સર્વાવતારી સ્વયં ભગવાન છે** - હું તો કેવળ પટ (પૂર્વભૂમિકા)નો બાંધનાર હતો પણ આ ખરા ખેલના ભજવનાર છે. મેં જે કંઈ કાર્ય કર્યું તે તો જેમ લાખ મણ રૂ કાંતવાનું હોય તેમાં માત્ર મેં તો એક પૂણી રૂ કાંત્યું છે. **હવે બીજું અધૂરું સર્વ કાર્ય આ સહજાનંદ સ્વામી પુરું કરશે.'** વગેરે ઉપદેશો આપીને ગામડા ફરતાં ફરતાં **ફરેણી** આવ્યા.

એ સમય સંવત ૧૮૫૮નો ચાલતો હતો. એ દિવસ માગશર સુદ તેરશનો હતો. ત્યારે સ.ગુ. શ્રી રામાનંદ સ્વામી પુનઃ ઉપરોક્ત પ્રમાણે ઉપદેશ આપીને સં. ૧૮૫૮ માગશર સુદ - ત્રયોદશી (તા. ૧૭-૧૨-૧૮૦૧, ગુરુવાર)ના દિને અક્ષરધામવાસી થયા હતા. સમસ્ત શિષ્યમંડળમાં શોક પ્રવર્તી ગયો. સૌ શિષ્યોને લાગ્યું કે આટલા દિવસોના દિવ્ય આનંદ-સુખનો આજે એકાએક અંત આવી ગયો ! પૂર્વોક્ત જેતપુર ગામમાં માત્ર દોઢ મહિના પહેલા જ કારતક સુદ - ૧૧ (પ્રબોધિની એકાદશી)ના શુભ દિવસે ગુરુવર્ય શ્રી રામાનંદ સ્વામીએ શ્રી સહજાનંદ સ્વામીને પોતાના સ્થાને આરુઢ કરી ગાદી સોંપેલી અને એમની મોટપની ખૂબ વાતો; ઉપર પ્રમાણે સૌ શિષ્યોને ઠોંસી ઠોંસીને કહેલી, પણ સૌને ગુરુનિષ્ઠાના પ્રેમમાં એ ગુરુવર્ય શ્રી રામાનંદ સ્વામીના પુરુષોત્તમપણાના શબ્દો ભૂલાઈ ગયા. સ.ગુ. શ્રી રામાનંદ સ્વામીના જ્યેષ્ઠ અને કૃપાપાત્ર શિષ્ય સ્વયં મુક્તાનંદ સ્વામી જેવા પણ ગુરુવર્ય શ્રી રામાનંદ સ્વામીના અંતર્ધાનથી **શોકમગ્ન** બની ગયા.

ગુરુવર્ય શ્રી રામાનંદ સ્વામીના દેહને સ્નાન કરાવી, કપાળે ચંદનની અર્ચા કરી, ઊર્ધ્વપુંડ્ર તિલક કર્યું. હાર પહેરાવ્યા. સૌએ વારાફરતી આરતી કરી. પછી સહજાનંદ સ્વામી, રામદાસ સ્વામી, મુક્તાનંદ સ્વામી અને મયારામ ભટ્ટે વિમાનાકાર પાલખી ઉપાડી. આગળ સંતો-હરિભક્તો કીર્તનો ગાતા, ઉત્સવ કરતા, અબીલ-ગુલાલ અને પુષ્પો ઉડાડતા ચાલતા હતા.

'अनर्घ्यसितसूक्ष्मेण वाससाच्छाद्य तत्त्रिभिः । शिष्यैरन्यैः समं निन्ये स्नातैर्भद्रां विमानकम् ॥'

''તે વિમાનને બહુ મૂલ્યવાન શ્વેત સૂક્ષ્મ વસ્ત્રથી શણગારવામાં આવ્યું હતું. ત્યારબાદ શ્રીહરિ સ્નાન કરી તૈયાર થયેલા મુકુન્દાનંદાદિક બીજા ત્રણ શિષ્યોની સાથે સ્વામીના તે વિમાનને **ભદ્રાવતી** નદીએ લઈ ચાલ્યા.'' (શ્રી સત્સંગિજીવન : ૧/૬૦/૧૧)

શુદ્ધ ભૂમિ જોઈ, સહજાનંદ સ્વામીએ ભદ્રા નદીનું નીર ત્યાં છાંટ્યું. પછી ચિતા ગોઠવી અને તેમાં સ્વામીના દેહને પધરાવ્યો. શાસ્ત્રવિધિ અનુસાર **અગ્નિસંસ્કાર** કર્યો. ચિતા ઠારીને સૌ ભજન કરતા ફરેણી ગામમાં પાછા આવ્યા.

સહજાનંદ સ્વામીએ સૌને ધીરજ આપતાં કહ્યું : **''મોટા પુરુષ કદી પૃથ્વી ઉપરથી જતા જ નથી.** માટે સૌએ સ્વામીની આજ્ઞા પ્રમાણે વર્તવું. તેમના ગુણો વિચારવા, તો સ્વામી જરૂર અંતરમાં પ્રગટ થશે. પછી સ્વામી અંતર્ધાન થયા છે એવો ભાવ રહેશે નહિ અને **ભગવાનનું પ્રગટ સ્વરૂપ** ઓળખાશે.''

તેમના આ શબ્દોની અસર થઈ. સૌને ગુરુવર્ય રામાનંદ સ્વામીનાં **વચનો** યાદ આવ્યા. આ નવયુવાન શ્રી સહજાનંદ સ્વામીના કલ્યાણકારી ગુણો જોઈને જ તેમણે **ધર્મધુરા** સોંપી છે, સહજાનંદ સ્વામીનું સ્વરૂપ પણ તેમણે ઓળખાવ્યું છે. તેથી હવે જે સ્વરૂપ અદૃશ્ય થયું છે તેમાંથી વૃત્તિ કાઢી જે દૃશ્યમાન છે, પ્રગટ છે તેમાં વૃત્તિ જોડવી. કલ્યાણ ત્યારે જ થશે. આવા વિચારોમાં સૌ મગ્ન બની ગયા.

ગુરુવર્ય રામાનંદ સ્વામીનો દ્વાદશાહ અને ત્રયોદશાહ વિધિ સહજાનંદ સ્વામીએ વિધિપૂર્વક કર્યો. ચૌદમાના દિવસનું પ્રભાત થયું. સં. ૧૮૫૮ના માગશર વદ એકાદશી (તા. ૩૧-૧૨-૧૮૦૧)નું એ પ્રભાત હતું. **ફરેણી ગામમાં મંદિરની જગ્યા છે, જ્યાં હાલ બેઠક પણ છે ત્યાં ભગવાન શ્રી સહજાનંદ સ્વામી સંતો-હરિભક્તોની સભા કરીને વિરાજમાન હતા.** (સ.ગુ. શ્રી ગુણાતીતાનંદ સ્વામીની વાતો : ૪/૩) તેમણે બ્રહ્મચારીઓ, સાધુઓ તથા સ્ત્રી-પુરુષોના ધર્મો સવિસ્તાર સમજાવતાં કહ્યું : **"ધર્મના અનુશીલનથી જ પરમાત્માની પ્રાપ્તિ માટેની સાધનાની સિદ્ધિ થાય છે.** આગળ મોટા મોટા દેવતાઓ શેષ, સૂર્ય, ચંદ્ર વગેરે પણ ધર્મના અનુશીલનથી જ સુખ અને મોટપ પામ્યા છે. **શ્રુતિ અને સ્મૃતિનું આ રહસ્ય છે.** પરંતુ ધર્મપાલનની પ્રેરણા તો મોટાપુરુષ મળે ત્યારે તેમના સંબંધથી અને આશીર્વાદથી જ થાય છે. દેહ અને ઈન્દ્રિયોની શુદ્ધિ ધર્મથી થાય છે. મન અને આત્માની શુદ્ધિ ભક્તિથી થાય છે. દેહ, મન અને આત્માની શુદ્ધિથી જ અંતરમાં ભગવાનનું જ્ઞાન થાય છે, પ્રગટ ભગવાન ઓળખાય છે અને એકાંતિક ભક્તિ સિદ્ધ થાય છે." શ્રી નારાયણ મુનિએ આ **રહસ્ય** સભામાં સ્પષ્ટ કર્યું. સ્ત્રી-પુરુષની મર્યાદા સાચવવાનો જે આગ્રહ તેને તેઓશ્રીએ અહીં દૃઢ કર્યો. ત્યાગીઓ માટે તો તેનું પાલન અનિવાર્ય કરી દીધું. તેમણે આ વાત ફરી સ્પષ્ટ કરતાં કહ્યું : **"જ્યાં ધર્મ છે ત્યાં જ ભગવાન છે."**

આવી રીતે તે સભામાં સુંદર ઉપદેશ આપી સર્વેના ગુરુપદ ઉપર બિરાજતા ભગવાન શ્રી સહજાનંદ સ્વામીએ સર્વે સભાને બે હાથ ઊંચા કરી સંબોધતા કહ્યું : **" હે વ્હાલા સંતો-ભક્તો !** આજ સુધી સત્સંગમાં સૌ જુદા જુદા નામોથી ભજન-માળા આદિ કરો છો. જેમ કે કોઈ કૃષ્ણ-કૃષ્ણ જપે છે, તો કોઈક રામ-રામ... એમ જપે છે તો કોઈ કપિલ-કપિલ ને કોઈ દત્ત-દત્ત... કહે છે... તો કોઈ નારાયણ-નારાયણ... કરે છે પણ એક જ સંપ્રદાયના સૌ કોઈ ભક્તોનું ભજન તો એક જ મંત્રથી થાય તે જ ઉચિત ગણાય, તો આજે એવા એક **સર્વોપરિ મંત્ર**નો અમો **ઉદ્‌ઘોષ** કરીએ છીએ કે જે મંત્ર નહિ પણ **મહામંત્ર** હશે. જે મંત્રને આપ ધ્યાનથી સાંભળો અને હવે પછી માળામાં, ભજનમાં, ધૂન્યમાં એજ મહામંત્રનો જપ કરજો. બીજા અનંત નામ મંત્રો આ **સર્વોપરી મહામંત્ર** પાસે કેવા જણાય છે તે કહું છું તે સાંભળો...

'વળી વ્હાલે કરી એક વાત, સહુ સાંભળો જન સાક્ષાત; અમારા નામ છે જો અપાર, તેમાં પણ કર્યો નિરધાર.
માર્કંડ ઋષિએ તે જેહ, નામ પાડ્યા છે અમારા એહ; કૃષ્ણ હરિ હરિકૃષ્ણ સાર, નિલકંઠ નામ નિરધાર.
વળી સ્વામી રામાનંદે જેહ, નામ પાડ્યા છે અમારા તેહ; સહજાનંદ સુખનું ધામ, બીજું નારાયણમુનિ નામ.
રૂડું ઘનશ્યામ નામ જેહ, માતા પિતા કહેતા કરી સ્નેહ; એમ નામ અમારા તે બહું, પાડ્યા નોખા નોખા જને સહુ.
પણ મુખ્ય અમારું જે નામ, તે તો ભૂલી ગયા છે તમામ; કોઈને હાથ તે આવ્યું નહિ, એહ સારું નામ ગયું રહી...'

(પુરુષોત્તમલીલામૃત સુખસાગર : તરંગ ૧૩)

વિવિધ નામોના પ્રવૃત્તિ હેતુ :

"હે ભક્તજનો ! આજ સુધી અમારા ઘણાં નામ પડ્યા છે. જેમ કે નાના હતા ત્યારે ધર્મપિતાને ઘેર આવેલા માર્કંડેય ઋષિએ અમારું નામકરણ કરતા કહેલું કે. આ સૌના ચિત્તને આકર્ષણ પમાડશે માટે આ તેજસ્વી પુત્રનું નામ **'કૃષ્ણ'** રાખો, વળી અનંતની વૃત્તિઓને પોતાના સ્વરૂપમાં હરી લેશે માટે **'હરિ'** રાખો ને બંને ગુણ ભેગા થાય તો હરિકૃષ્ણ બને માટે **'હરિકૃષ્ણ'** રાખો અને તપ-ત્યાગ ને વૈરાગ્યમય એમનું જીવન હશે માટે **'નીલકંઠ'** નામ રાખો. વળી નાનપણમાં અમારા મિત્રો-માતાપિતા સૌ અમને **'ઘનશ્યામ'** નામથી બોલાવતા. તો ગુરુ શ્રી રામાનંદ સ્વામીએ અમને **'સહજાનંદ'** અને **'નારાયણમુનિ'** નામથી ઓળખાવ્યા. પરંતુ અમારું મુખ્ય **સર્વોપરી નામ** હજુ કોઈનાય હાથમાં આવ્યું નથી. જે અમે આજે **પ્રકાશ** કરીએ છીએ... તો એકાગ્ર ચિત્તે સાંભળો."

શ્રી સ્વામિનારાયણ નામ મહામંત્ર પ્રવૃત્તિ હેતુ

'હવે આજ કરું હું પ્રકાશ, તમે સાંભળો તે સહુ દાસ; સ્વામિનારાયણ મારું નામ, સંભારતા સૌને સુખધામ.
બીજા નામ લે કોઈ અપાર, તોય આવે નહીં એની હાર; સ્વામિનારાયણ નામ સાર, લીએ એકવાર નિરધાર.
તેને અપાર નામનું ફળ, મળે તરત જાણો એ પળ; માટે સૌ જન લેજો વિચારી, આ છે નામ અતિ સુખકારી.
સ્વામિનારાયણ નામ સાર, રટજો સહુ તે નરનાર; સર્વે નારાયણનો હું સ્વામી, માટે રહેજો મને કરભામી.
બીજા નારાયણ નામ ઘણા, કહું નામ થોડાક તે તણા; સૂર્યનારાયણ જે કહેવાય, વૈરાટનારાયણ પણ લેવાય.
લક્ષ્મીનારાયણ નામ કહે છે, નરનારાયણ નામ લહે છે; વાસુદેવનારાયણ સાર, એવા નારાયણ નામ અપાર.
તે સૌ નારાયણનો હું સ્વામી, સહુ રહ્યા મને કરભામી; માટે સ્વામિનારાયણ જેહ, નામ મારું છે કહું છું તેહ.
સર્વોપરિ નામ છે એ સાર, માટે રટજો સહુ નરનાર; એહ નામ રટે જન જેહ, પામે અલૌકિક સુખ તેહ.'

(પુરુષોત્તમલીલામૃત સુખસાગર : તરંગ ૧૩)

"અર્થાત્, હે સંતો-ભક્તો ! નારાયણ નામ તો ઘણા છે જેમ કે સૂર્યનારાયણ, વૈરાટનારાયણ, લક્ષ્મીનારાયણ, નરનારાયણ, વાસુદેવનારાયણ આદિ... સૌ નારાયણ માત્રના અમો સ્વામી (ઐશ્વર્ય પ્રદાતા) છીએ ને નિયંતા છીએ માટે અમારું નામ **'સ્વામિનારાયણ'** છે, તેનું આજથી સૌ કોઈ ભજન અને જપ કરજો.

આજ દિવસ પર્યંત તો આપે સર્વે જેને જે ગમ્યું તે નામથી ભગવાનનું ભજન કર્યું પણ આજે અમે **અનાદિનું જે અમારું નામ છે તે** કહિએ છીએ. જે મંત્રનું ભજન અમારા અક્ષરધામમાં અનંતમુક્તો કરે છે. તેવું મહામહિમાવંતુ એ અમારું નામ છે **'સ્વામિનારાયણ'** આ નામ દ્વારા આજથી સર્વેએ ભજન-ભક્તિ જે કરવું તે આ મંત્રથી કરવું. **આ જે સ્વામિનારાયણ મંત્ર છે તે જેવો બીજો કોઈ મંત્ર બળવાન નથી.** આ મંત્રથી **ચારેય પુરુષાર્થની સિદ્ધિ** થાય છે. આ મંત્રથી તો વાસનાના વમળો તુટી જાય, આ મંત્રથી સદેહે મુક્ત સ્થિતિ પમાય એવો બળવાન આ મંત્ર છે."

'સ્વા...મિ...ના...રા...ય...ણ...' આ ષડક્ષરી મહામંત્રનો કેવો **પ્રૌઢ પ્રતાપ** છે તે પ.પૂ ધ.ધુ. આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજશ્રી બતાવે છે :

'જે સ્વામિનારાયણ નામ લેશે તેનાં બધા પાતક બાળી દેશે; છે નામ મારાં શ્રુતિમાં અનેક, સર્વોપરી આજ ગણાય એક.
જો સ્વામિનારાયણ એકવાર, રટે બીજા નામ રટયા હજાર; જપ્યા થકી જે ફળ થાય એનું, કરી શકે વર્ણન કોણ તેનું.
ષડક્ષરી મંત્ર મહાસમર્થ, જેથી થશે સિદ્ધ સમસ્ત અર્થ; સુખી કરે સંકટ સર્વ કાપે, અંતે વળી અક્ષરધામ આપે.
ગાયત્રીથી લક્ષ ગુણો વિશેષ, જાણે જ જેનો મહિમા મહેશ; જ્યાં જ્યાં મહામુક્ત જનો વસાય, આ કાળમાં તો જપ એજ થાય.
જો અંતકાળે શ્રવણે સુણાય, પાપી તણો તે પણ મોક્ષ થાય; તે મંત્રથી ભૂત પિશાચ ભાગે, તે મંત્રથી તો સદ્‌બુદ્ધિ જાગે.
તે મંત્ર જેના મુખથી જપાય, તેના થકી તો જમ નાશી જાય; શ્રી સ્વામિનારાયણ જે કહેશે, ભાવે કુભાવે પણ મુક્તિ લેશે.
ષડક્ષરો છે ષટ શાસ્ત્ર સાર, તે તો ઉતારે ભવસિંધુ પાર; છયે ઋતુમાં દિવસે નિશાયે, સર્વે ક્રિયામાં સમરો સદાયે.
પવિત્ર દેહે અપવિત્ર દેહે, તે નામ નિત્યે સ્મરવું સનેહે; જળે કરીને તન મેલ જાય, આ નામથી અંતર શુદ્ધ થાય.
જેણે મહાપાપ કર્યા અનંત, જેણે પીડ્યાં બ્રાહ્મણ ધેનુ સંત; તે સ્વામિનારાયણ નામ લેતાં, લાજી મરે છે મુખથી કહેતાં.
શ્રી સ્વામિનારાયણ નામ સાર, છે પાપને તે પ્રજળાવનાર; પાપી ઘણું અંતર હોય જેનું, બળ્યા વિના કેમ રહેજ તેનું.'

(શ્રીહરિલીલામૃત : ૫/૩/૪૫-૫૪)

કોઈ બીજા હજારો નામ જપે અને આ સ્વામિનારાયણ મહામંત્રનો એકવાર જપ જપે તોપણ એને તુલ્ય તે ન આવે. વળી, ગમે તેવું સંકટ કે દુઃખ આવ્યું હશે ત્યારે **આ મહામંત્રનો જપ કરતા સર્વે દુઃખ માત્રનો વિરામ થશે,** વળી ગમે તેવા ભૂત-પ્રેતાદિકનો ઉપદ્રવ થાય ત્યારે પણ આ મંત્રથી તે આસુરી તત્ત્વો બળીને ભસ્મીભૂત થશે. આ મંત્ર જપનારને જમનું તેડું નહિ આવે એટલું જ નહિ પણ સર્વે પાપ માત્રનો પ્રલય કરનારો આ મહામંત્ર રહેશે.

આ રીતે **'સ્વામિનારાયણ' મહામંત્રનો મહિમા** સ્વયં શ્રી સહજાનંદ સ્વામીએ સ્વમુખે સભામાં કહ્યો. સર્વે સંતો-ભક્તો ત્યારથી આ **'સ્વામિનારાયણ'** મહામંત્રનો જાપ કરવા લાગ્યા. બસ, તે સમયથી જ આ ઉદ્ધવ સંપ્રદાય સર્વત્ર **'શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય'** તરીકે ઓળખાયો. ગુરુપદે બિરાજમાન શ્રી સહજાનંદ સ્વામી ત્યારથી જ **'શ્રી સ્વામિનારાયણ'** ભગવાન તરીકે પ્રસિદ્ધિને પામ્યા.

મંત્રની જો વ્યાખ્યા કરીએ તો સંસ્કૃત પ્રમાણે **'मन्त्र्यतेऽनेनेति मन्त्रः ।'** - જેના વડે **મંત્રણા** થાય તે મંત્ર. એટલે કે મહાપુરુષો કે ભગવાનના મહાન કલ્યાણકારી વિચારો અને ભાવનાઓ બીજા સુધી પહોંચી શકે તેને મંત્ર કહેવાય. ટૂંકમાં મંત્ર એ **ભક્ત અને ભગવાન વચ્ચે** સંબંધ સાધવાનું **માધ્યમ** છે. જેથી તો વિશેષે કરી મંત્રજપનો અર્થ ભગવાનના **ભજન-આરાધન**માં **રૂઢ** થયો છે.

જેમ પ્રિય વ્યક્તિના નામના ઉચ્ચારણ-શ્રવણ-લેખનથી સહેજે **રોમાંચ** થાય છે, **આનંદ** અનુભવાય છે - કારણ કે તેમાં વ્યક્તિ તાદૃશ થાય છે. તેમ ભગવાનના નામરટણથી ભગવાનનો પણ અનુભવ થઈ શકે, જો તે રટણમાં ભગવાનના સ્વરૂપનો અન્વય થાય તો.

તે સ્વરૂપ એટલે ભગવાનનું પ્રગટ સ્વરૂપ. આ રહસ્ય ભગવાન શ્રી સ્વામિનારાયણે **'સ્વામિનારાયણ'** મહામંત્ર આપતી વખતે જ પ્રગટ કરેલું. ગુરુવર્ય શ્રી રામાનંદ સ્વામીના ધામગમન બાદ, શ્રીજીમહારાજે ૧૩ દિવસ પછી **'સ્વામિનારાયણ'** મંત્ર આપ્યો. એ **ઐતિહાસિક પ્રસંગ**નું વર્ણન પ.પૂ. ધ. ધુ. આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજશ્રીએ **'શ્રીહરિલીલામૃત'**માં લખ્યું છે :

'ચૌદમાથી નવી રીત કરી, સોના અંતરમાંહિ ઊતરી.'

(શ્રીહરિલીલામૃત : ૫/૩/૫૩)

અહીં એક પ્રશ્ન મનમાં સહેજે ઉદ્‌ભવે : તે **'નવી રીત'** કઈ ? શું આ પૂર્વે ભગવાનનું ભજન થતું જ ન હતું ? થતું તો કેવું થતું ?

'તેના પહેલું ભજન એમ થાતું, રામકૃષ્ણ ગોવિંદ ભજાતું; હરે નારાયણની ઉચ્ચારી, સઉ કરતા ભજન નરનારી.'

(શ્રીહરિલીલામૃત : ૫/૩/૫૬)

જો 'સ્વામિનારાયણ' મંત્ર કેવળ 'રામકૃષ્ણ ગોવિંદ'નો પર્યાય જ હોય તો નવા મંત્રનું **પ્રયોજન** શું ? શ્રીજીમહારાજનો નિર્દેશ સ્પષ્ટપણે **પ્રગટ સ્વરૂપ** તરફ છે. આ પૂર્વેના અવતારોનું ભજન થતું તેથી તેમના સ્વરૂપનું અનુસંધાન રહેતું. પરંતુ હવે પૂર્ણ પુરુષોત્તમ નારાયણ સર્વાવતારી આ પૃથ્વી પર પ્રગટ વિચરી રહ્યા છે તો તેનું જ **નામ-સ્મરણ-ભજન** થવું જોઈએ. કારણ કે તેથી જ જીવની માયાથી મુક્તિ શક્ય બને છે. શ્રીજીમહારાજ ગઢડા મધ્ય પ્રકરણના **૩૨મા વચનામૃત**માં કહે છે : "...અને વળી જીવનું જે કલ્યાણ થાય અને જીવ માયાને તરીને બ્રહ્મસ્વરૂપ થાય તેનું કારણ તો પુરુષોત્તમ એવા જે વાસુદેવ ભગવાન તેના પ્રત્યક્ષ સ્વરૂપનું જ્ઞાન, ધ્યાન, કીર્તન અને કથાદિક એ જ છે." વળી **'જીવને મુક્તિ અપાવવી'** એ જ શ્રીજીમહારાજનો મંત્ર આપવા પાછળનો **હેતુ** છે.

'શ્રી સ્વામિનારાયણ જે કહેશે, ભાવે કુભાવે પણ મુક્તિ લેશે.'

(શ્રીહરિલીલામૃત : ૫/૩/૫૦)

આ સંદર્ભોનો **સમન્વય** કરતાં નિઃશંકપણે સિદ્ધ થાય છે કે 'સ્વામિનારાયણ' મહામંત્ર **પ્રગટ ભગવાનના સ્વરૂપનું જ ભજન** સૂચવે છે.

ભગવાન શ્રીહરિના સમકાલીન પરમહંસો-સંતો-ભક્તો આ મર્મને પામ્યા હતા. તેઓ મંત્રનું રટણ, **પ્રગટ ઉપાસના**નું **રહસ્ય** સમજીને કરતા. **સ.ગુ. શ્રી મુક્તાનંદ સ્વામી** ગાય છે :

'સ્વામિનારાયણનું સ્મરણ કરતાં, અગમ વાત ઓળખાણી રે;

તે **'અગમ વાત'**નો સ્ફોટ (સ્પષ્ટ ખુલાસો) કરતાં તેઓ બીજી જ પંક્તિમાં લખે છે :

નિગમ નિરંતર નેતિ કહી ગાવે, પ્રગટને પ્રમાણી રે...'

(કીર્તનામૃત - સરધાર : પેજ - ૭/૮)

સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામીએ પણ પ્રગટસ્વરૂપના ભજનનો જ મહિમા તેમના **'ભક્તિનિધિ'** ગ્રંથમાં આલેખ્યો છે :

‘પ્રગટ પ્રભુની ભક્તિ અતિ સાચીજી, જેહ ભક્તિને મોટે મોટે જાચીજી;
તેહ વિના બીજી છે સરવે કાચીજી, તેમાં ન રે’વું કેદિયે રાચીજી.’

(ભક્તિનિધિ : ૧૩)

● ● ● ●

‘ભક્તિ સરસ સહુ કહે, પણ ભક્તિ ભક્તિમાં ભેદ; ભક્તિ પ્રભુ પ્રગટની, એમ વદે છે ચાર વેદ.’

(ભક્તિનિધિ : ૧)

આમ, ‘સ્વામિનારાયણ’ મહામંત્રનું રટણ કરતાં પ્રગટ ભગવાન શ્રી સ્વામિનારાયણમાં વૃત્તિ જોડવાનો **સિદ્ધાંત** સુસ્પષ્ટ થાય છે.

ઈતિહાસમાં આજનો દિવસ **અમરત્વ** પામી ગયો. ભગવાન શ્રી સ્વામિનારાયણે પોતાના નામરૂપે **કલ્યાણકારી મહામંત્ર** સૌને આપ્યો અને **મોક્ષની વાટ** ખુલ્લી મૂકી. સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામીએ આ દિવ્ય મહામંત્રની ગાથા ગાતાં લખ્યું : **‘એહ નામની ભણક જેને પડી રે, તેની અક્ષરપોળ ઊઘડી રે...’**

અહર્નિશ જપનીય અસાધારણ મંત્રરાજનો ઉદ્‌ભવ તથા માહાત્મ્ય સહ પ્રવૃત્તિ હેતુ :

આ ઉદ્ધવાવતાર સ.ગુ. શ્રી રામાનંદ સ્વામી પ્રવર્તિત સંપ્રદાયના ઉપાસ્ય ઈષ્ટદેવ ભગવાન શ્રીહરિનું અસાધારણ મંગળ નામ **‘સ્વામિનારાયણ’** છે. આ મુખ્ય નામથી તેમની **ભક્તિ ઉપાસના** સંપ્રદાયમાં મુખ્ય પ્રવર્તે છે. દીક્ષિત અખિલ અનુયાયિઓને અહર્નિશ જપવા ભજવા માટે આજ **ષડક્ષર** નામમંત્રનો દીક્ષાદાતા આચાર્યે ઉપદેશ આપવો એમ પણ શ્રી સત્સંગિજીવનના ચોથા પ્રકરણના અધ્યાય ૪૬ના ૩૧માં શ્લોકમાં **‘गुणाक्षरं ततो मन्त्रं जप्तुं सर्वत्र सर्वदा।’** - આવા શબ્દમાં વિધાન છે. ગુણ શબ્દ ષટ્ સંખ્યામાં લીધો છે. આ શુભ સર્વોપરી નામનો પ્રયોગ સર્વ સત્શાસ્ત્રોમાં તથા વ્યવહારમાં પણ વિશેષતઃ પ્રવર્તે છે. મુખ્ય ગ્રંથ શ્રી સત્સંગિજીવન પ્ર.૧, અ.૧, શ્લોક - ૧૨ **‘स एष साक्षात् भगवान् स्वामिनारायणाख्यया। प्रसिद्धोऽस्ति’** - તે આ સાક્ષાત્ શ્રીહરિ ભગવાન સ્વામિનારાયણ નામથી પૃથ્વી ઉપર પ્રસિદ્ધ થયા છે. શ્રી સત્સંગિજીવન પ્ર.૨, અ.૨૪, શ્લોક - ૩૬ **‘सैष नारायणमुनिः सहजानंदनामकः । स्वामिनारायणाख्यश्च स्वाम्याख्यश्च विराजते’** - તે અમારા ગુરુ શ્રી નારાયણમુનિ, સહજાનંદ, સ્વામિનારાયણ અને સ્વામી નામથી બિરાજે છે. શ્રી સત્સંગિજીવન પ્ર.૫, અ.૬૯, શ્લોક - ૧૭ **‘हरिकृष्णो घनश्यामो नीलकण्ठश्च स स्मृतः । स्वामी च सहजानंदः स्वामिनारायणस्तथा’** - ભગવાન શ્રીહરિનાં હરિકૃષ્ણ, ઘનશ્યામ, નીલકંઠ, સ્વામી, સહજાનંદ, સ્વામિનારાયણ આદિક અનેક શુભ નામો છે. આ રીતે ગ્રંથમાં અનેક પ્રયોગો છે. વચનામૃત **ગઢડા પ્રથમ પ્રકરણના ૫૬**માં ‘‘ગમે તેવો પાપી હોય ને અંતસમે જો તેને **‘સ્વામિનારાયણ’** એવા નામનું ઉચ્ચારણ થાય તો તે સર્વ પાપ થકી છૂટીને બ્રહ્મમહોલને વિષે નિવાસ કરે.’’ એવો મહિમા વર્ણવવા પૂર્વક તથા લોયા પ્રકરણના ૧૮માં વચનામૃતમાં શ્રીજીમહારાજ સર્વે હરિભક્તોને **‘જય સ્વામિનારાયણ’** કહીને હસતા થકા પોતાને ઉતારે પધાર્યા. જનમંગલ સ્તોત્રમાં શ્લોક - ૧૨ના નામ ૪૯-૫૦માં **‘स्वामिनारायणः स्वामी’** આ રીતે છે. સર્વમંગલ સ્તોત્રમાં શ્લોક - ૭૩ના નામ ૩૯૪માં **‘स्वामिनारायणः’** આ રીતે છે. શિક્ષાપત્રી શ્લોક - ૧૦૮ની સ.ગુ. શ્રી શતાનંદ સ્વામીકૃત ટીકામાં અંતે **‘यः साक्षात् भगवान्... श्री स्वामिनारायणः’** સાક્ષાત્ ભગવાન્ ક્ષરાક્ષરપર પુરુષોત્તમ નારાયણ ભગવાન **શ્રી સ્વામિનારાયણ** નામથી પ્રકટ થયા. આ રીતે આ દિવ્ય નવા સંપ્રદાયમાં સકળ સંસ્કૃત-પ્રાકૃત શાસ્ત્રોમાં આ નામ તેના અદ્‌ભુત **મહિમાનુવાદ** સાથે વર્તે છે.



૫. 'શ્રી સ્વામિનારાયણ' નામ-મહામંત્રના વેદાદિ શાસ્ત્રોક્ત અર્થો

'સ્વા'મિનારાયણ' મંત્રમાં મુખ્ય બે શબ્દો છે. ૧. સ્વામિ અને ૨. નારાયણ. તો સૌપ્રથમ આપણે વ્યાકરણની દૃષ્ટિએ 'સ્વામિ' શબ્દનો પ્રકૃતિ-પ્રત્યય સંમિલિત વ્યુત્પત્તિજન્ય **અર્થ** જોઈએ.

'સ્વામિ' શબ્દમાં 'સ્વ' પ્રકૃતિને મત્વર્થ નિપાતિત 'આમિનિચ્' પ્રત્યય 'સ્વામિન્રૈશ્વર્યે' (અષ્ટાધ્યાયી : ૫/૨/૧૨૯) આ પાણિનિસૂત્ર દ્વારા લાગીને **'સ્વામી'** શબ્દ બને છે. જેમાં 'સ્વ' પ્રકૃતિનો અર્થ - આત્મા આત્મીય-જ્ઞાતિ અને ધન થાય છે. પરંતુ મત્વર્થ પ્રત્યય 'આમિનિચ્' લગાડવાથી 'સ્વ' પ્રકૃતિનો અર્થ ઐશ્વર્ય થાય છે. 'આત્મात्मीयज्ञातिधनवचनः स्वशब्दः । आमिनिच्चिषयस्वैश्वर्यवाची ।

(૧/૧/૩૯ સૂત્ર પર મહાભાષ્યપ્રદીપ)

આદિ આચાર્ય પ.પૂ. ધ.ધુ. શ્રી રઘુવીરજી મહારાજ વિરચિત 'સર્વમંગલ સ્તોત્ર'ની ભાવપ્રબોધિનીટીકામાં અને 'જનમંગલ સ્તોત્ર'ની ભાવાર્થપ્રકાશિકાટીકામાં 'સ્વામી' શબ્દની ત્રણ અર્થમાં વ્યુત્પત્તિ કરી છે. જોઈએ તેઓશ્રીના જ શબ્દોમાં :-

સર્વમંગલ સ્તોત્ર ભાવપ્રબોધિની ટીકા :-



स्वमैश्वर्यं विद्यते । यस्यासौ स्वामी । स्वामिन्रैश्वर्य इति निपातितः । सर्वेषां जीवानामीश्वराणां च नियन्तृत्वम् । सकलकर्मफलप्रदातृत्वादि चैश्वर्यं तद्वान् एतेन तस्यैव सर्वोपास्यत्वमुक्तम् । एक एव हरिः स्वामिशब्दवाच्योऽस्ति सर्वथा । अन्यस्तु तदुपास्त्यासगुणयोगात्तथोच्यते । इति बृहद्विष्णुपुराणोक्तेः ।

અર્થાત્ - સર્વજીવો અને ઈશ્વરોનું નિયમન કરવાપણું તથા સર્વને પોત પોતાના કર્મ અનુસાર ફળ આપવાપણું વગેરે વગેરે ઐશ્વર્ય જેમની પાસે છે તેને સ્વામી કહેવાય. એથી ભગવાન શ્રીહરિની ઉપાસના કરવી એમ કહેલું છે. એક પુરુષોત્તમનારાયણને જ 'સ્વામી' શબ્દથી સંબોધી શકાય છે. અને ભગવાનની ઉપાસનાથી પ્રાપ્ત થયેલ ઐશ્વર્યને લીધે અન્ય વ્યક્તિને માટે સ્વામી શબ્દનો ગૌણ રીતે પ્રયોગ થાય છે એમબૃહદ્ વિષ્ણુપુરાણમાં કહ્યું છે.

(સર્વમંગલ સ્તોત્ર - ભાવપ્રબોધિની ટીકા, શ્લોક - ૯)

જનમંગલ સ્તોત્ર ભાવપ્રકાશિકા ટીકા :



स्वमैश्वर्यमस्तीति स्वामी । यद्वा स्वामिशब्दः पतिपर्यायः । स्वाश्रितसकलजनानां कालमायायमादिभ्यो रक्षणसमर्थत्वात् पतिरित्यर्थः । स्वान्निजाश्रितजनान् अमयति स्वस्वरुपज्ञानं गमयतीति स्वामी । यद्वा स्वमात्मनममति सर्वदा गच्छतीति स्वामी ।

સંપૂર્ણ ઐશ્વર્યવાન્ જે હોય તેને સ્વામી કહેવાય અથવા 'સ્વામી' શબ્દ પતિ શબ્દનો પર્યાય છે. પોતાના સર્વાશ્રિતોને કાળ-માયા અને યમાદિઓથી રક્ષણ કરવા સમર્થ હોવાથી ભગવાનને પતિ કહ્યા છે અર્થાત્ સ્વામી કહ્યા છે. અથવા પોતાના આશ્રિતોને પોતાના સ્વરૂપનું જ્ઞાન કરાવતા હોવાથી ભગવાનને સ્વામી કહ્યા છે. અથવા પોતાના આત્માનું સર્વદા, સર્વથા જાણપણું રહે છે તેથી ભગવાનને સ્વામી કહેવાય છે.

(જનમંગલ સ્તોત્ર - ભાવાર્થપ્રકાશિકા, શ્લોક - ૧૨)

સર્વમંગલ સ્તોત્ર ભાવપ્રબોધિની ટીકા :



स्वमैश्वर्यमस्तीति स्वामी सकलैश्वर्यसम्पन्नः ।

संपूर्ण ऐश्वर्य संपन्न होवाथी भगवान श्रीहरिने स्वामी कहेवाय छे.

(सर्वमंगल स्तोत्र - भावप्रबोधिनी, श्लोक - १)

सर्वमंगल स्तोत्र भावप्रबोधिनी टीका :



स्वामी सकलैश्वर्यसम्पन्नः ।

संपूर्ण ऐश्वर्य संपन्न होवाथी भगवान श्रीहरिने स्वामी कहेवाय छे.

(सर्वमंगल स्तोत्र - भावप्रबोधिनी, श्लोक - ७७)

श्री सत्संगिजीवन हेतुटीका :



स्वामी सकलैश्वर्यसम्पन्नः । यद्वा स्वामिशब्दः पतिपर्यायः । स्वाश्रितसकलजनानां कालमायायमादिभ्यो रक्षणसमर्थत्वात् पतिरित्यर्थः । स्वामिशब्दार्थस्तु श्रीरघुवीराचार्यकृतसर्वमंगलजनमंगलस्तोत्रटीकाया अवगन्तव्यः ।

संपूर्ण ऐश्वर्य संपन्न होवाथी भगवान श्रीहरिने स्वामी कहेवाय छे. 'स्वामी' शब्द पति शब्दनो पर्याय छे. पोताना सर्वाश्रितोने काळ-माया अने यमादिओथी रक्षण करवा समर्थ होवाथी भगवान श्रीहरिने पति कह्या छे अर्थात् स्वामी कह्या छे. विशेष स्वामी शब्दनो अर्थ आचार्य श्री रघुवीरजी महाराजश्रीअे करेली 'सर्वमंगल स्तोत्र' अने 'जनमंगल स्तोत्र'नी टीकामांथी जाणवो. (श्री सत्संगिजीवन हेतुटीका : २/२४/४६)

श्रीहरिवाक्यसुधासिंधु - सेतुमालाटीका - उपोद्घात प्रकरण :





स्वामी स्वं क्षराक्षरादिनियमनैश्वर्यमस्यास्तीति । ऐश्वर्यार्थात्स्वशब्दादामिनिच्प्रत्यये सिद्धिमिदम् । तथा च सूत्रम् । स्वामिन्नैश्वर्ये इति । यद्वा स्वामी स्वो धनेऽस्त्रियामित्यमरोक्तेः स्वं धनममति गच्छतीत्येवं शीलं स्वपूर्वार्गत्याद्यर्थादम् धातोस्ताच्छील्ये णिनिः । निरवधिकातिशयसम्पत्त्याढ्य इत्यर्थः । श्रीकान्तत्वादिति भावः । यद्वा स्वामी कालमायाऽक्षरब्रह्मनित्यैश्वर्याणिमाद्यनन्तशक्तिपतिः । स्वामी त्वीश्वरः पतिरीशितेत्यमरः । (एक एव हरिः स्वामिशब्दवाच्योऽस्ति सर्वथा । अन्यस्तु तदुपास्त्याप्तगुणयोगात्तथोच्यते । इति बृहद्विष्णुपुराणोक्तेः । स्वयं हरिः ।)

क्षर-अक्षर आदिकने नियमन करवारूप ऐश्वर्य जेनी पासे छे तेने 'स्वामी' कहेवाय. अथवा निरवधि अतिशय संपत्तिवान् भगवान श्रीहरि होवाथी तेमने स्वामी कहेवाय छे. अथवा काळ-माया, अक्षरब्रह्म, नित्यैश्वर्य, अणमादिक अनंत शक्तिओना पति होवाथी भगवान श्रीहरिने स्वामी कहेवाय छे. अेक पुरुषोतमनारायणने ज स्वामी शब्दथी संबोधी शकाय छे अने भगवाननी उपासनाथी प्राप्त थयेल ऐश्वर्यने लीधे अन्य व्यक्तिने माटे स्वामी शब्दनो गौण रीते प्रयोग थई शके छे, मुख्य तो भगवानने माटे ज योगरूढ स्वामी शब्दनो प्रयोग थाय छे, अेम बृहद्विष्णुपुराणमां कह्युं छे. (सर्वमंगल स्तोत्र- भावप्रबोधिनी टीका - श्लोक - ६)

(श्रीहरिवाक्यसुधासिंधु सेतुमाला टीका उपोद्घात प्रकरण, श्लोक - ११)

श्रीहरिलीलाकल्पतरु - रसबोधिनीव्याख्या :



स्वामिनारायणमतुल्यश्रीदिव्यैश्वर्यवन्तं परमेश्वरम् ।

कोईनी पण साथे तुलना न थई शके अेवा ऐश्वर्यवान् होवाथी भगवान श्रीहरिने स्वामी कहेवाय.

(श्रीहरिलीलाकल्पतरु - २सबोधिनीव्याख्या : ७/११/२०)

श्रीहरिसंभव महाकाव्य - विद्वज्जनाह्लादिनी टीका :-



स्वामी क्षराक्षराणामधिपतिः ।

क्षर२ अने अक्षरोना अधिपति होवाथी भगवान श्रीहरिने स्वामी कहेवाय छे.

(श्रीहरिसंभव महाकाव्य - विद्वज्जनाह्लादिनी : २/८)

आध्यात्मिक तत्त्वाख्यानम् :

स्वत्वं ह्यात्मनि सञ्जातं स्वामित्वं श्रीहरौ स्थितम् ।
स्वभूतस्य च संरक्षा स्वामिनो भर एव च ॥ ६६ ॥
यतो नारायणस्त्वेषोऽन्तरात्मा सर्वधारकः ।
अतः स्वामी च सर्वस्य हरिकृष्णः सदा स्मृतः ॥ ६७ ॥

स्वामित्वमस्य नोपाधेः कादाचित्कं मतंविभोः ।
किन्तु स्वतः सार्वत्रिकं हरेः सर्वान्तरात्मनः ॥ ६८ ॥
शरीरभूतं सर्वं हि क्षरं चाक्षरमेव च ।
यच्चापि चिद्यच्च जडं ईशानीशादिकं तथा ॥ ६९ ॥

स्वामीति सर्व शेषित्वमुक्तं सर्वात्मनोऽस्य च ।
नररूपस्य धर्मस्यापत्यं नारायणस्तथा ॥ ७३ ॥

कर्मधारयवृत्त्याऽयं स्वामिनारायणेति वै ।
मन्त्रः सर्वान्तरात्मानं सर्वाधारं पतिं तथा ॥ ७४ ॥

ક્ષર-અક્ષર તમામઆત્માઓમાં દાસપણું અને ભગવાન શ્રીહરિમાં સ્વામીપણું સ્થિત છે. સ્વભૂત (સેવકભૂત) ભક્તોનું સંરક્ષણ કરવું એ સ્વામીને શિરે ભાર છે.

પોતે નારાયણ નામવાળા હોવાથી અર્થાત્ અન્વર્થ નામ હોવાથી તે સર્વાન્તર આત્મા અને સર્વાધાર છે. આ કારણથી જ સર્વના સ્વામી ભગવાન શ્રીહરિકૃષ્ણ મહારાજને કહ્યા છે.

સર્વ વ્યાપક ભગવાન શ્રીહરિનું આ સ્વામિપણું બીજાઓની પેઠે ઔપાધિક-કાદાચિત્ક (ક્યારેક જ હોય એવું) નથી. અર્થાત્ બીજા બધા અક્ષર સુધીના બ્રહ્માંડોના સ્વામી એકબીજાની દૃષ્ટિ દાસ પણ છે. પરંતુ ભગવાન શ્રીહરિ ક્યારેય કોઈના દાસ નથી, પણ હંમેશા સર્વના સ્વામી છે. એ પણ સાર્વકાલિક જ છે.

વેદાંત શાસ્ત્ર મુજબ ક્ષર-અક્ષર આદિક સર્વે પરમાત્માના શરીર છે અને પરમાત્મા સર્વેના આત્મા છે. જે કંઈ ચિત્-અચિત્ તેમજ ઈશ અતિશયપણે કહ્યું છે. તે બધાના પરમાત્મા શરીરીભૂત છે. અર્થાત્ બધાના જ આત્મા છે. જ્યારે યત્કિંચિત્ સર્વે પરમાત્માના શરીર છે, તો તેની અપેક્ષાએ સર્વેના અંતર્યામી, સર્વેના નિયંતા, સર્વેના આધાર, સર્વજ્ઞ અને સર્વેના **સ્વામી** ભગવાન શ્રીહરિ જ છે.

(આધ્યાત્મિકતત્ત્વાખ્યાનમ્ : ૨૨/ ૬૬ થી ૬૯ તથા ૭૩-૭૪)

यथेष्टविनियोगार्हं यत्तत् स्वमित्यभिधीयते । यथा लोके गृहक्षेत्रमुखं स्वं परिकीर्तितम् ।।
तथा श्रीहरिणा सर्वं चेतनाचेतनात्मकम् । विनियुक्तं यथेच्छं तु स्वभूतं तस्य सर्वदा ।।
स्वत्वमात्मनि सञ्जातं स्वामित्वं ब्रह्मणि स्थितम् । उभयोरेष सम्बन्धो न परोऽभिमतो मम ।।
एक एव हरिः स्वामिशब्दवाच्योऽस्ति सर्वथा । अन्यस्तु तदुपास्त्याप्तगुणयोगात् तथोच्यते ।।
इति स्वत्वं चेतनेषु स्वामित्वं पुरुषोत्तमे । विनिश्चिक्युर्महात्मानस्तत्त्वज्ञाः परमर्षयः ।।

જે વસ્તુનો ઉપયોગ ઈચ્છા મુજબ કરી શકાતો હોય તે 'સ્વ' એમકહેવાય છે. જેમલોકમાં ગૃહ, ક્ષેત્ર અને ધન આદિક વસ્તુઓ 'સ્વ' કહેવાય છે, એનો જે ઉપયોગકર્તા તે **સ્વામી** કહેવાય છે. તેમજ પરમાત્માએ ચેતન-અચેતન સમગ્રનો ઉપયોગ સ્વેચ્છા મુજબ કરાય છે, જેથી તે પરમાત્માના સ્વભૂત મનાય છે અને તેના સ્વામી **પરમાત્મા** કહેવાય છે. આ બાબત શાસ્ત્રોમાં ઉદ્ઘોષીને સ્પષ્ટ વર્ણવી છે. આત્માને વિષે સ્વપણું અને પરમાત્માને વિષે સ્વામિપણું સદા રહ્યું છે. આત્મા અને પરમાત્મા વચ્ચે સ્વામિ-સેવકભાવ જ નિયત છે. એ થકી બીજો કોઈ સંબંધ અભિમત નથી. સ્વામી શબ્દથી ખરી રીતે કહેવા યોગ્ય તો એક શ્રીહરિ જ છે.આ અર્થનું અનુસંધાન મેળવતા બીજા કોઈને પણ સ્વામિશબ્દથી કહી શકાય નહિ. બીજાને સ્વામિશબ્દથી કહેવામાં આવે છે તે તો પરમાત્માની ઉપાસના કરવાથી પ્રાપ્ત થયેલા સદ્ગુણોને લીધે કહેવાય છે, વસ્તુતાએ નહિ. આ રીતે સમગ્ર ચેતનો વિષે સ્વપણું (દાસપણું) અને પુરુષોત્તમવિષે સ્વામિપણું તત્ત્વજ્ઞ મહાત્મા મહર્ષિઓએ નિર્ધારિત કર્યું છે.

(આધ્યાત્મિકતત્ત્વાખ્યાનમ્ : ૨૫/૩૧-૩૫)

ઉપરોક્ત દર્શાવેલી હસ્તલિખિત પ્રતોમાં 'સ્વામી' શબ્દોના જે અર્થો કહ્યા છે તેને વેદાદિ શાસ્ત્રોના આધારે વિસ્તારપૂર્વક ક્રમથી જોઈએ :

પ્રથમ : **'सर्वेषां जीवानामीश्वराणां च नियन्तृत्वम् । सकलकर्मफलप्रदातृत्वादि चैश्वर्यं तद्वान् एतेन तस्यैव सर्वोपास्यत्वमुक्तम् ।'** - અર્થાત્ સર્વને પોત-પોતાના કર્મ અનુસાર ફળ આપવાપણું વગેરે વગેરે ઐશ્વર્ય જેમની પાસે છે તેને સ્વામી કહેવાય. એથી ભગવાન શ્રીહરિની ઉપાસના કરવી એમ કહેલું છે. આદિઆચાર્ય શ્રી રઘુવીરજી મહારાજશ્રીએ 'સેતુમાલા ટીકા'માં પણ **'સ્વામી' શબ્દનો અર્થ** સર્વમંગલ સ્તોત્રની વ્યાખ્યાને મળતો જ કર્યો છે. જોઈએ તેઓશ્રીના જ શબ્દો :-

स्वामी स्वं क्षराक्षरादिनियमनैश्वर्यमस्यास्तीति । અર્થાત્ સર્વજીવો અને ઈશ્વરોનું નિયમન કરવાપણું તથા સર્વને પોતપોતાના કર્માનુસાર ફળ આપવાપણું વગેરે વગેરે ઐશ્વર્ય જેમની પાસે છે તેને **'સ્વામી'** કહેવાય.

વૈયાકરણસિદ્ધાંતકૌમુદીની 'બાલમનોરમાટીકા' તથા 'તત્ત્વબોધિની ટીકા' પણ આદિ આચાર્ય પ.પૂ. ધ.ધુ. શ્રી રઘુવીરજી મહારાજે કરેલા અર્થનું પ્રતિપાદન કરે છે. **'स्वम् ऐश्वर्यम्, तद्वानित्यर्थः । नियन्तेति यावत् (बालमनोरमा)'** અર્થાત્ જડચિદાત્મકોના જે નિયંતા છે તેને **'સ્વામી'** કહેવાય.

'ईशिता हि ईश्वरः । स तु स्वामीत्युच्यते । (तत्त्वबोधिनी)' - અર્થાત્ શક્તિ સંપન્ન જે છે, તેને જ સ્વામી કહી શકાય છે.

સ્વયં ભગવાન શ્રી સ્વામિનારાયણ વચનામૃતમાં **'સ્વામી'** શબ્દનો અર્થ કરતા કહે છેઃ-

- ''પુરુષોત્તમનારાયણ તે સર્વના **સ્વામી** છે. તેમ એ નારાયણ પોતાના ઐશ્વર્યે કરીને **સર્વોપરી** વર્તે છે.'' (વચ.પ્ર.પ્ર. ૨૧)

- ''સર્વ ક્રિયાના પ્રવર્તાવનારા ને સર્વના સ્વામી એક જ ભગવાન (અર્થાત્ **ભગવાન એજ** સર્વના સ્વામી) છે. તથા ભગવાન સંગાથે બીજાને દાવ બંધાય એમ પણ જણાતું નથી.''

(વચ. ગ. અં. પ્ર. ૩૯)

સદ્.શ્રી નિષ્કુળાનંદ સ્વામી પણ આ જ અર્થને દોહરાવતા કહે છે.

'સર્વેના સ્વામી જે શ્રીહરિ રે, સર્વના કા'વિયા શ્યામ; પુરુ૦ સર્વના નિયંતા નાથજી રે, સર્વેના કરિયા કામ. પુરુ૦'

(પુરુષોત્તમ પ્રકાશ : ૫૫/૧૦)

'એવા નામના નામી જે સ્વામી રે, તે છે અક્ષરધામના ધામી રે; સહુના નિયંતા સહુના નાથ રે, સહુના સ્વામી સુખની મિરાથ રે.'

(પુરુષોત્તમ પ્રકાશ : ૨૧/૧૭)

'સૌના નાથ નિયંતા સ્વામી રે, સૌ ધામના પણ ધામી રે; તે તો અઢળક આજ ઢળિયા રે, થયા સુખી જન જેને મળિયા રે.'

(પુરુષોત્તમ પ્રકાશ : ૧૨/૨૦)

સમ્રાટ ગ્રંથરત્ન 'શ્રી સત્સંગિજીવન'ની હેતુટીકામાં સ.ગુ. શ્રી શુકાનંદ સ્વામીએ **'સ્વામી'** શબ્દનો ઉપર બતાવ્યા પ્રમાણે જ અર્થ કર્યો છે. 'સ્વામી - સકલૈશ્વર્યસંપન્નઃ' - અર્થાત્ 'કાલમાયાક્ષરબ્રહ્માદીનાં નિયમનલક્ષણૈશ્વર્યમસ્યાસ્તિ ઇતિ સ્વામી' - કાળમાયા, અક્ષરબ્રહ્મ આદિકોને નિયમન કરવારૂપ ઐશ્વર્ય જેની પાસે છે તેને **'સ્વામી'** કહેવાય.

સ.ગુ. શ્રી શુકાનંદ સ્વામી, સ.ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામી વિરચિત **ગીતાભાષ્ય**ના મંગલાચરણના **શ્લોક ૧**માં આવેલ 'સ્વામિનારાયણ' શબ્દનું ભાષ્ય આ પ્રમાણે કરે છેઃ-

निर्दिशति--श्रीस्वामिनारायण इति । सर्वस्वामित्वं नारायण एव सुप्रसिद्धं श्रुतिषु ।
तमिमं परब्रह्मासाधारणेन लक्षणेन लक्षयति-यो विश्वस्येत्यादिना।''जन्माद्यस्य यत 'इति

'સર્વસ્વામિત્વં નારાયણ એવ સુપ્રસિદ્ધં શ્રુતિષુ ।' - અર્થાત્ સર્વના સ્વામી, સર્વનું નિયંતાપણુ એક નારાયણમાં જ છે એ શ્રુતિઓમાં **સુપ્રસિદ્ધ** છે.

પ.પૂ. ધ.ધુ. આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજશ્રીએ પણ 'શ્રી સત્સંગિજીવન'ની 'ભાવબોધિની ટીકા'માં ઉપર પ્રમાણે જ 'સ્વામી' શબ્દનો અર્થ કર્યો છેઃ

पिंभिश्च समर्चितचरणकमलोऽसि, त्वमसि सर्वेषां निरुपाधिकः स्वामी नारायणः, इहावनावतीर्य सर्वेषां तत्त्वावबोधनेन सकलैर्दैशिकेन्द्रोऽसि, ः

'ત્વમસિ સર્વેષાં નિરુપાધિકઃ સ્વામી' - તમે જ સર્વેના સર્વકાળે અને સર્વથા સ્વામી છો. (શ્રી સત્સંગિજીવન - ભાવબોધિની ટીકા : ૨/૨૮/૧૬)

ઉપનિષદો પણ કહે છે :-

- 'न तस्येश कश्चन' - તે પરમાત્મા સર્વના સ્વામી છે. તેના સ્વામી કોઈ જ નથી. (તૈત્તિરીયનારાયણ : ૩/૧/૧૦)
- 'सर्वस्य वशी सर्वस्येशानः' - પરમાત્મા સર્વના સ્વામી છે, સર્વ પરમાત્માને વશ છે. (બૃહદારણ્ય : ૬/૪/૨૨)

શ્રી રામાનુજાચાર્ય પણ કહે છે :-

'सर्वैश्वर्यसम्पन्नः सर्वेश्वरः शम्भुराकाशमध्ये ध्येयः (अ.शि.२) इति नारायणस्यैव परमकारणस्य शम्भुशब्दवाच्यस्य ध्यानं विधीयते (वेदार्थ संग्रह)' - સર્વ ઐશ્વર્ય સંપન્ન, સર્વેશ્વર, સર્વના પરમ કારણ, શંભુ શબ્દથી કહેવાયેલા નારાયણનું પોતાના હૃદય આકાશને વિશે ધ્યાન કરવું.

'स्वत्वमात्मनि संजातं स्वामित्वं ब्रह्मणि स्थितम् । उभयोरेष संबन्धो न परोऽभिमतो मम ।।

આત્માઓમાં દાસપણું અને પરમાત્મામાં સ્વામીપણું સ્થિત છે. આ બંને સ્વામી-સેવક ભાવ વિના બીજો કોઈ સંબંધ મારા માન્યામાં નથી.

स्वोज्जीवनेच्छा यदि ते स्वसत्तायां स्पृहा यदि । आत्मदास्यं हरेः स्वाम्यं स्वभावं च सदा स्मर ।।'

જો ઉન્નત જીવવાની ઈચ્છા અને પોતાની સત્તામાં સ્પૃહા હોય તો આત્મામાં દાસપણુ અને પરમાત્મામાં સ્વામીપણું સ્વભાવથી સિદ્ધ છે. એને સદાયને માટે યાદ રાખવું.

(શ્રી વિષ્ણુતત્ત્વે)

'दासभूताः स्वतः सर्वे ह्यात्मानः परमात्मनः' - સમસ્ત જીવ-પ્રાણીમાત્ર સ્વભાવથી પરમાત્માના દાસ છે. (અર્હિબુધ્ન્યસંહિતાયાં મંત્રરાજપદસ્તોત્રે શ્લોક-૧૨)

'इत्यादिप्रसिद्धं स्वभावतः दासत्वं च्विप्रत्ययाभावेन व्यज्यते द्वयेऽपि नारशब्दवाच्यानां जीवानां तात्पर्यवृत्त्या दासत्वं ग्राह्यम्' - ભૂત-પ્રાણીઓનું સ્વભાવથી દાસપણુ પ્રસિદ્ધ હોવાથી જે વસ્તુ પહેલા જે અવસ્થામાં ન હોય અને પાછળથી એ અવસ્થાને પ્રાપ્ત કરે એ અર્થમાં થતો 'च्वि' પ્રત્યયનો અભાવ સૂચિત કરે છે. નાર શબ્દવાચ્ય જીવોનું તાત્પર્ય શક્તિથી દાસપણું ગ્રહણ કરવું. (શરણાગતિ ગદ્યમ્ - ૧૨)

'नियतस्वमिति प्रबुद्धधीरथवा किं नु समर्पयामि ते ?।। नियतस्वमिति नित्यशेषभूतमित्यर्थः। किं नु समर्पयामि ते ?! सर्वस्वामिनः सर्वेश्वरस्य तव पूर्वमशेषभूतं मयेदानीं स्वातन्त्र्यस्वामित्वाभिमानपूर्वकं शेषीकर्तव्यं न किञ्चिदस्ति ।' - બધું જ પરમાત્માનું છે આવી બુદ્ધિ હોવાથી હું શું હવે એ પરમાત્માને અર્પણ કરું ? સર્વના સ્વામી એવા પરમાત્માનો હું દાસ છું. માટે સ્વતંત્ર સ્વામીપણાનું અભિમાન ધરીને મારી પાસે તેમને અર્પણ કરવા માટે કશું નથી.

(સ્તોત્રરત્ન ભાષ્ય - શ્લોક-૫૩)

'स्वामित्वं नाम स्वव्यतिरिक्तस्य समस्तस्य वस्तुनः स्वकीयत्वेनाभिमानः । शेषित्वं तु तदाहितातिशयाश्रयवत्त्वम् । ईदृशभेदविवक्षयैव श्रीभाष्यकारैरपि पृथुगद्ये अशेषचिदचिद् वस्तुशेषिभूतः । अखिलजगत्स्वामिन् इति प्रयुक्तं बोध्यम् ।' - સ્વામીપણું એટલે પોતાથી વ્યતિરિક્ત સમસ્ત વસ્તુઓમાં પોતાપણાનું અભિમાન, શેષિપણું તો તેમાં સ્થાપિત અતિશય આશ્રયપણું છે. સમસ્ત ચિદચિદાત્મક વસ્તુ પરમાત્માનું શરીર છે. અખિલ વિશ્વના સ્વામી પરમાત્મા છે એવી રીતે પ્રયોગ જાણવો જોઈએ. (ઈશાવાસ્યોપનિષદ્ ટીકા પ્રતિપદાર્થવિવરણટીકા ટીપ્પણી)

'परमात्मा हरिः स्वामी स्वतोऽहं तस्य किङ्करः । कैङ्कर्यमखिला वृत्तिरित्येषः ज्ञानसङ्ग्रहः ।।'

(નારદપંચરાત્ર ભારદ્વાજ સંહિતા, પરિશિષ્ટે અધ્યા.૧, શ્લો.૭૬ તથા ઈશાવાસ્યોનિષદ્ શ્રીરંગાચાર્યભાષ્ય પ્રથમમંત્ર)

ભાગવત જ્ઞાનનો સારાંશ એ જ છે કે, પરમાત્મા ભગવાન શ્રીહરિ જ **'સ્વામી'** છે. અને હું સ્વયં એનો **દાસ** છું. મારા દ્વારા કરવામાં આવેલા બધા જ કાર્યો ભગવાનના કૈંકર્ય સ્વરૂપ છે. 'स्वामिसमादेशापेक्षी तच्चोदितकारी किंकरः' - અર્થાત્ સ્વામીના આદેશ અનુસાર કાર્ય કરનારને **કિંકર** કહેવાય.

'ब्रह्माऽहंकृष्णदासोऽस्मि ।' - મંત્રનો પણ આ જ **ભાવાર્થ** છે.

'स्वस्यापि स्वामिनं विद्याच्छ्रीहरिं परमं सुधीः ।' - મારા આત્માના સ્વામી સાક્ષાત્ ભગવાન શ્રીહરિ છે એમ જાણવું. (આધ્યાત્મિકતત્ત્વાખ્યાનમ્, શ્લો-૫૨)

'एक एव हरिः स्वामिशब्दवाच्योऽस्ति सर्वथा ।
अन्यस्तु तदुपास्त्याप्तगुणयोगात्तथोच्यते ।।

એક પુરુષોત્તમનારાયણને જ સ્વામી શબ્દથી સંબોધી શકાય છે. અને ભગવાનની ઉપાસનાથી પ્રાપ્ત થયેલ ઐશ્વર્યને લીધે અન્ય વ્યક્તિને માટે પણ સ્વામી શબ્દનો ગૌણ રીતે પ્રયોગ થાય છે.

(સર્વમંગલ સ્તોત્ર - ભાવપ્રબોધિની ટીકા, શ્લોક - ૬ તથા ઉપોદ્‌ઘાત પ્રકરણ શ્લો-૧૧, સેતુમાલા ટીકા)

સ.ગુ. શ્રી શતાનંદ સ્વામી વિરચિત 'શિક્ષાપત્રી અર્થદીપિકા', આદિઆચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ વિરચિત 'શિક્ષાપત્રી ભાષ્ય', પ.પૂ. ધ.ધુ. આચાર્ય શ્રી ભગવત્પ્રસાદજી મહારાજ વિરચિત 'શિક્ષાપત્રી ભાષ્યની ટીકા'માં પેજ નં. ૧૯માં પણ ઉપરોક્ત શ્લોક આપેલો છે.

'સ્વામી' શબ્દનો બીજો અર્થ :- આદિ આચાર્ય પ.પૂ. ધ.ધુ. શ્રી રઘુવીરજી મહારાજ 'સ્વામી' શબ્દનો બીજો અર્થ દર્શાવતા કહે છે :

'कालमायाऽक्षरब्रह्मनित्यैश्वर्याऽणिमाद्यनन्तशक्तिपतिः, स्वामी त्वीश्वरः पतिरीशितेत्यमरः।' - કાળમાયા, અક્ષરબ્રહ્મ, નિત્ય ઐશ્વર્ય, અણિમા આદિક અનંતશક્તિઓના પતિ હોવાથી ભગવાન શ્રીહરિ તેને **'સ્વામી'** કહેવાય.

આદિઆચાર્ય શ્રી રઘુવીરજી મહારાજશ્રીએ 'જનમંગલ સ્તોત્ર'ની વ્યાખ્યામાં **'સ્વામી'** શબ્દનો અર્થ ઉપર પ્રમાણે જ કર્યો છે. જેમ કે :-

- 'स्वामिशब्दः पतिपर्यायः । स्वाश्रितसकलजनानां कालमायायमादिभ्यो रक्षणसमर्थत्वात् पतिरित्यर्थः ।'

અર્થાત્ પોતાના સમસ્ત આશ્રિતોને કાળમાયા આદિકોથી રક્ષણ કરવા સમર્થ હોવાથી પતિ કહેવાય છે. અર્થાત્ **'સ્વામી'** કહેવાય છે.

(આદિઆચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ કૃત જનમંગલ સ્તોત્ર શ્લોક - ૧૨ 'ભાવાર્થ પ્રકાશિકા' વ્યાખ્યા)

સ.ગુ. શ્રી શુકાનંદ સ્વામી, સ.ગુ. શ્રી શતાનંદ સ્વામી દ્વારા વિરચિત સમ્રાટ ગ્રંથરત્ન 'શ્રી સત્સંગિજીવન'ની **હેતુટીકા**માં 'સ્વામી' શબ્દનો બીજો અર્થ આદિઆચાર્ય શ્રી રઘુવીરજી મહારાજે કરેલા અર્થમાં જ **સૂર** પૂરે છે. જેમ કે,

'स्वामिशब्दः पतिपर्यायः स्वाश्रितसकलजनानां कालमायायमादिभ्यो रक्षणसमर्थत्वात् पतिरित्यर्थः ।' - પોતાના સમસ્ત આશ્રિતોને કાળમાયા, યમ આદિકથી રક્ષણ કરવા સમર્થ હોવાથી પતિ એટલે કે **'સ્વામી'** છે. (શ્રી સત્સંગિજીવન હેતુટીકા: ૨/૨૪/૪૬)

મહાભાષ્યકાર શ્રી પતંજલિ મહર્ષિ 'પતિ' શબ્દનો અર્થ કરતા કહે છે :- **'पत्युर्नो यज्ञसंयोगे'** (અષ્ટાધ્યાયી : ૪/૧/૩૩) - સૂત્રના ભાષ્યમાં **'पतिशब्दोऽयमैश्वर्यवाची'** - **पति શબ્દ** ઐશ્વર્યને કહેનારો છે. સ્વામી શબ્દનો **પર્યાય** છે.

યામુનમુનિકૃત સ્તોત્રરત્નના ૧૦માં શ્લોકમાંના 'स्वामिन्' શબ્દનો અર્થ ને તેનું ભાષ્ય કરતા કહ્યું છે :-

'पतिं विश्वस्यात्मेश्वरं ' - વિશ્વના સ્વામી પરમાત્મા છે. (તૈ.ઉ. ૨।૧૧।૩) 'स कारणं करणाधिपाधिपः' - સર્વકારણના કારણ, સર્વના ઉપરી એક પરમાત્મા છે. (શ્વે. ઉ. ૬।૯) 'प्रधानक्षेत्रज्ञपतिर्गुणेशः' - પ્રધાનક્ષેત્રજ્ઞના સ્વામી પરમાત્મા છે. (શ્વે. ઉ. ૬।૧૬) 'पतिं पतीनां परमं परस्तात्' - સ્વામીઓના સ્વામી પરતત્ત્વ પરમાત્મા છે. (શ્વે. ઉ. ૬।૭) 'एषभूतपतिरेष भूतपालः' - સમસ્ત ભૂતપ્રાણી માત્રના સ્વામી પરમાત્મા છે. (કૌષીતકી - ૩।૯) 'इत्यादिषु प्रसिद्धं हि सर्वस्वामित्वम् (स्तोत्ररत्नभाष्यम् श्लो-४३)'

વિદ્વત્ સમ્રાટ સ.ગુ. શ્રી નિત્યાનંદ સ્વામી **'શ્રીહરિ દિગ્વિજય'** ગ્રંથમાં કહે છે :-

'सकलैश्वर्यसम्पन्नः सर्वशक्तिपतिः प्रभुः । अनन्तवैभवो दिव्यः सच्चिदानन्दविग्रहः ।।'

(શ્રીહરિ દિગ્વિજય : ઉલ્લાસ-૩૦, શ્લોક-૧૪)

ભગવાન શ્રીહરિ સમગ્ર ઐશ્વર્યોથી સંપન્ન છે, માયા આદિક સર્વ શક્તિઓના પતિ-નિયામક અને પ્રેરક છે, સર્વના નિયંતા છે, અનંત વૈભવે યુક્ત છે, દિવ્યસ્વરૂપ અને સત્, ચિત્ અને આનંદમય એવા દિવ્યાકાર છે.

'સ્વામી' શબ્દનો ત્રીજો અર્થ :- આદિ આચાર્ય પ.પૂ. ધ.ધુ. શ્રી રઘુવીરજી મહારાજ સ્વામી શબ્દનો ત્રીજો અર્થ કરતા કહે છે :

'स्वो धनेऽस्त्रियामित्यमरोक्तेः स्वं धनम् अमति गच्छति इत्येवं शीलः स्वपूर्वागत्याद्यर्थात् अम् धातोस्ताच्छील्ये णिनि इति स्वामी निरवधिकातिशयसम्पत्त्याढ्यः इत्यर्थः' - નિરવધિ અતિશય સંપત્તિવાનને **સ્વામી** કહેવાય છે.

અવધિ રહિત અતિશય સંપત્તિના માલિક હોવાથી ભગવાનને 'સ્વામી' કહે છે. પૃથ્વી ઉપરનું જે સર્વે ધન છે તે ભગવાનનું હોવાથી તેમને **'સ્વામી'** કહેવાય છે.

(ભગવદ્‌ગોમંડલ)

'शृणु नारायणक्षेत्रं जलाद्धस्त चतुष्टयम् । अत्र नारायणः स्वामी नान्यः स्वामी कदाचन ।।४०।।'

सुनिए, नदि सरोवर आदि जलके किनारे की चारवार हाथकी भूमि श्रीनारायणक्षेत्र कहाती है, उसके स्वामी नारायण ही है, अन्य कोई कभी भी उसके स्वामी नही है ।।४०।।'

(બ્રહ્મવૈવર્ત પુરાણ - શ્રીકૃષ્ણજન્મખંડ, અ.૭૮)

'ईशावास्यमिदं सर्वं यत्किञ्च जगत्यां जगत् । तेन त्यक्तेन भुञ्जीथा मा गृधः कस्यस्विद्धनम् ।।'

સમસ્ત બ્રહ્માંડમાં જે કાંઈપણ જણાતું બધું જ સર્વનિયામક પરમાત્માથી વ્યાપ્ત છે. કોઈ અંશ પરમાત્માથી રહિત નથી. એવા કર્મફલપ્રદાતા પરમાત્માએ આપેલા પોતે કરેલા કર્મોના ફળસ્વરૂપ ભોગોને શાસ્ત્ર પ્રમાણે ભોગવો. કોઈનું પણ દ્રવ્ય ઈચ્છશો નહિ, કારણ કે એ ધન કોઈનું નથી. તે શાથી ? સર્વનિયામકથી આ સમગ્ર જગત વ્યાપ્ત છે. તેના સ્વામી એક પરમાત્મા છે.

(ઈશાવાસ્યોપનિષદ્ : શ્લોક-૧)

આદિઆચાર્ય શ્રી રઘુવીરજી મહારાજશ્રીએ 'જનમંગલ સ્તોત્ર'ની વ્યાખ્યામાં **'સ્વામી'** શબ્દનો આ રીતે પણ અર્થ કર્યો છે. જેમ કે :-

- 'स्वान् निजाश्रितजनान् अमयति स्वस्वरूपज्ञानं गमयतीति स्वामी ।'

અર્થાત્ પોતાના આશ્રિતોને પોતાના સ્વરૂપનું જ્ઞાન કરાવતાં હોવાથી **'સ્વામી'** કહેવાય છે.

(આદિઆચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ કૃત જનમંગલ સ્તોત્ર શ્લો. ૧૨ 'ભાવાર્થ પ્રકાશિકા' વ્યાખ્યા)

આનાથી એ અર્થ ફલિત થયો કે, 'સ્વામી' શબ્દનો મુખ્ય પ્રયોગ ભગવાનને વિષે જ થઈ શકે. બીજી જગ્યાએ પ્રયોજવામાં આવતો **'સ્વામી'** શબ્દ ગૌણ છે. અનુક્રમે આ લોકમાં સ્ત્રીનો સ્વામી તેનો **પતિ** છે અને પ્રજાનો સ્વામી તેનો **રાજા** છે. અને સર્વે રાજાનો સ્વામી **ઈન્દ્ર** છે. પરંતુ તેનું સ્વામિત્વ સ્વર્ગના બાહ્ય નિયમન પૂરતું જ સીમિત છે. સર્વ બ્રહ્માંડોમાં એમનું નિયમન નથી. તેઓ લોકના સ્વામી હોવા છતાં એકબીજાની દૃષ્ટિએ દાસ પણ છે. ઈન્દ્રનું ત્રિલોકમાં ચાલે પણ ચૌદ લોકમાં નહિ. ચૌદ લોકનું નિયમન **બ્રહ્મા** કરે. બ્રહ્માની પાસે ઈન્દ્ર દાસ કહેવાય. **વિરાટ** પાસે બ્રહ્મા દાસ કહેવાય.

વિરાટનો સ્વામી **પ્રધાનપુરુષ** છે અને પ્રધાનપુરૂષનો સ્વામી **મહાપુરુષ** છે. અક્ષરબ્રહ્મ મહાપુરુષના સ્વામી કહેવાય. છતાં **મૂળ અક્ષરબ્રહ્મ** પણ પુરુષોત્તમનારાયણ પાસે દાસ જ છે. સર્વ શક્તિમાન, સર્વના નિયંતા, સર્વના પ્રેરક, સર્વના કારણ, સર્વના ઉપાસ્ય, સર્વના સ્વામી એક પરબ્રહ્મ **ભગવાન શ્રી સ્વામિનારાયણ** છે.

'અક્ષર પ્રજંત નિર્જીવ કહાવે, હરિ મર્જી સમર્થ રહાવે; ઔર દેવ ભૂપતિ રહે જે તે, હરિ આગે નિર્જીવ હે તેતે.'

ભગવાન શ્રી સ્વામિનારાયણની મરજી વિના **અક્ષર પર્યંત** સર્વે જીવ વિનાના શરીર જેવા અતિ **અસમર્થ** છે. અને ભગવાન શ્રીહરિની આગળ **અક્ષરાદિક** સર્વે **પરતંત્ર** છે. અને બીજા દેવ કે રાજાઓ પણ સર્વે જીવ વિનાના મનુષ્યોના શરીર જેવા છે. તે ભગવાન શ્રીહરિ વિના કાંઈપણ કરવા સમર્થ નથી.

(શ્રીહરિચરિત્રામૃતસાગર : ૭/૫૭)

'અક્ષર પ્રજંત કો સમર્થ જેહા, અણુમાત્ર ન દેખાવત તેહા; જીહા લગ દિયો સામર્થ્ય જાકું, તિહા લગ દેખ આવે તાકું.'

અક્ષર પર્યંતનું સામર્થ્યપણું ભગવાન શ્રીહરિની દૃષ્ટિ આગળ અણુમાત્ર પણ દેખાતું નથી. અને જેને જેને જ્યાં લગી ભગવાન શ્રીહરિએ આપેલું **સામર્થ્ય** છે ત્યાં લગી તેમાં દેખાય છે.

(શ્રીહરિચરિત્રામૃતસાગર : ૧૨/૪૬)

'અક્ષર સમહી હોઉ, અનુવૃત્તિમે ન ચલત જબ; કિટ સમ હોત સોઈ, હરિસમ નહિ સમર્થ કોઉ.'

ભગવાન શ્રી સ્વામિનારાયણ કહે છે કે, આ પ્રગટની ઉપાસના-ભજન કરીને અક્ષર જેવા ભક્તો થયા હોય પછી તે અક્ષર પણ ભગવાન શ્રીહરિની આજ્ઞાનો ભંગ કરીને પોતાના મનમાં આવે તેમ ચાલે છે ત્યારે અક્ષર જેવા સમર્થ હોય તેને પણ ભગવાન શ્રીહરિ **કીટ સમાન** તત્કાળ કરી મૂકે છે. એવા ભગવાન શ્રીહરિ **અતિ સમર્થ** છે.

(શ્રીહરિચરિત્રામૃતસાગર : ૧૮/૩૯)

'અક્ષર ઐસે પ્રતાપ હી વાના, તુમ આગે જડ હૈ ભગવાના; ઐસી મોટપ તુમારી કહાવે,જથાર્થ શેષ પાર ન પાવે.'

સત્શાસ્ત્રમાં અક્ષરની મોટપ કહેલી છે, પરંતુ ભગવાન શ્રી સ્વામિનારાયણની દૃષ્ટિ આગળ અક્ષર તે તો જડ જેવું છે. તે અતિ અસમર્થ છે અને એથી અનંત અપાર હે ભગવાન શ્રીહરિ! તમારી **મોટપ** છે. તેનો યથાર્થ અનંત **શેષનારાયણ** પણ પાર પામતા નથી.

(શ્રીહરિચરિત્રામૃતસાગર : ૧૨/૭૫)

'શ્રીહરિ પુની કહુત ભયેઉ, હરિજન પ્રતિહી બાત; એક રોમ ભગવાન કે, અક્ષર કોટિ રહાત.'

ભગવાન શ્રી સ્વામિનારાયણ કહે છે કે, હે ભક્તો! તમે સર્વે એમ જાણો કે પુરુષોત્તમ ભગવાનના એક એક રોમમાં **કોટિ અક્ષર** રહે છે.

(શ્રીહરિચરિત્રામૃતસાગર : ૧૬/૪૯)

'ક્ષત્સંસ્થિતાऽવિગણિતાક્ષરમુક્તપુંસામેકેકરોમ્ણિ ननु कोटिदिनेशतुल्यम् । तेजોऽस्ति तन्निखिलमुक्त महांसि वायुर्लीनत्वमेव नृप यस्य तु चाल्पदेशे ।।'

અક્ષરધામમાં રહેલા અનાદિ અસંખ્ય અક્ષરમુક્તો એવા પુરુષોના **એક એક રોમમાં** કરોડ સૂર્યના જેવું તેજ છે. તે સર્વે મુક્તોનું અનવિધિકાતિશય તેજ છે. તે અક્ષરના અણુમાત્ર એટલે **અલ્પદેશમાં** લીન થઈ જાય છે. એવું ભગવાન શ્રીહરિનું **અક્ષરધામ** છે.

(શ્રીહરિલીલાકલ્પતરુ : ૧/૧૪/૨૫)

'ભવામ્યક્ષરધામસ્થં તેજસ્તચ્ચાપિ સર્વશઃ । મદેકરોમરન્ધ્રેऽપિ કર્તું લીનમહં ક્ષમઃ ।।'

અક્ષરધામનું તે સમગ્ર તેજ મારા (શ્રીજીમહારાજના) એક રોમના અગ્રભાગમાં સર્વે લીન થઈ જાય છે. એવા જે **અનંત અક્ષરબ્રહ્મ** તેના પ્રકાશને લીન કરી નાખે એવો પ્રકાશ અનાદિ સનાતન દિવ્ય મૂર્તિ ભગવાન શ્રી સ્વામિનારાયણના **એક એક રોમમાં** રહેલો છે.

(શ્રીહરિલીલાકલ્પતરુ : ૩/૫/૧૭)

'સર્વજ્ઞત્વમનાદ્યન્તં હ્યક્ષરાદિ નિયન્તૃતામ્ । ચમત્કારાંસ્તથા પૂર્ણકામત્વાદીન્ન વેત્સિ મે ।।'

જે મારું અલૌકિક સર્વજ્ઞપણું, આદિ અને અંતથી રહિતપણું તેમજ અક્ષરાદિક સર્વેનું નિયંતાપણું તથા અને પૂર્ણકામપણું એ આદિક અનેક ચમત્કારોને હે ભક્ત! (પુંજજીત) તમે જાણતા નથી.

(શ્રીહરિલીલાકલ્પતરુ : ૯/૧૨/૪૩)

'નિખિલેશ્વરાઃ પ્રકૃતિપુરુષૌ તથા ભયકારિકાલ-સકલાક્ષરાદયઃ । ચકિતા વશેऽસ્ય સતતં કિલાસતે મનુજસ્ય ગાવ ઇવ વિદ્ધનાસિકાઃ ।।'

સર્વે ઈશ્વરો, પ્રકૃતિ પુરુષ, સર્વેને ભય પમાડતો કાળ તથા ભગવાન શ્રીહરિએ આપેલ અંતર્યામીપણા રૂપ સર્વે કળાએ સહિત મહાપુરુષ, અક્ષરબ્રહ્મ વગેરે; નાથેલા બળદની પેઠે, જેમ તે અતિ ભય પામીને ખેડૂતને વશ વર્તે છે એમ નિરંતર અક્ષરાદિક સર્વે મુક્તો આ પ્રગટ ધર્મદેવના પુત્ર ભગવાન શ્રી સ્વામિનારાયણની આજ્ઞાને વિષે દૃઢ વર્તે છે.

(શ્રીહરિલીલાકલ્પતરુ : ૧૦/૧૩/૨૬)

'અક્ષરાત્માऽક્ષરપરઃ સર્વકારણકારણમ્ । કર્તા નિયંતા સર્વેષાં સ્વપ્રકાશશ્ચ સર્વવિત્ ।।'

અક્ષરના પણ ભગવાન શ્રીહરિ આત્મા છે. અને તે અક્ષરથી પર અક્ષરાતીત પુરુષોત્તમ ભગવાન સર્વે કારણના કારણ છે, સર્વેના કર્તા છે અને સર્વેના નિયંતા છે, સ્વપ્રકાશ છે. એટલે સ્વયં પોતાના પ્રકાશથી પ્રકાશવાળા છે. પણ બીજાના પ્રકાશની જરૂર નથી. સર્વજ્ઞ છે એવા સમર્થ જે પુરુષોત્તમ ભગવાન તે સર્વેના સ્વામી છે.

(શ્રીહરિવાક્યસુધાસિંધુ - પરથારાનો શ્લોક)

'કર્તું સમર્થોऽકર્તું ચાऽન્યથા કર્તુમપિ સ્વયમ્ । સ્વતેજસિ વિલાપ્યૈતાનેકઃ સ્થાતું ચ સ ક્ષમઃ ।।'

ભગવાન શ્રીહરિ કહે છે :- હું કર્તા છું એટલે અક્ષરાદિક સર્વે મુક્તોને મારા તેજમાં લીન કરી એકાકી સ્વતંત્રપણે રહેવાને સમર્થ છું. અને અકર્તા એટલે ભગવાન શ્રીહરિના મનમાં આવે એટલું કાર્ય અક્ષર દ્વારા કરાવે છે એટલે ભગવાન શ્રીહરિ અકર્તા છે. અન્યથા કર્તા એટલે ભગવાન શ્રીહરિ કોઈકને જે જે કાર્ય કરવાની આજ્ઞા આપે તે અક્ષરાદિકને જો મનમાં જરાક માન આવે તો ભગવાન શ્રી સ્વામિનારાયણ પોતે સ્વયં તે કાર્ય કરે છે અથવા બીજાની પાસે તે કાર્ય તત્કાળ કરાવે છે. પરંતુ તેને બીજા અક્ષરાદિક મુક્તો છે તે કોઈ જાણતા નથી. કેમ કે, ભગવાન શ્રીહરિ તે અન્યથા કર્તા છે. એટલે પોતાના મનમાં આવે તો સ્વતંત્રપણે અક્ષરાદિક મુક્તોનો ત્યાગ કરીને પણ સ્વરાટ થકા એકલા રહેવાને સમર્થ છે.

(શ્રીહરિવાક્યસુધાસિંધુ : તરંગ - ૧૨૧, વચ. લો. પ્ર.-૧૩)

'શ્રીહરેર્દિવ્યમૂર્તેસ્તુ સુખં શ્રેષ્ઠં વિચાર્યતે । તદાऽક્ષરસુખં તુચ્છાયતે સર્વં હિ તત્પુરઃ।।૫૯૮।।
યતો હરેઃ પ્રતાપેનાऽક્ષરં શક્તં પ્રજાયતે । ધારયિતું ત્વસંખ્યાન્ વૈ મહામુક્તાન્ હિ તત્સમાન્ ।।૫૯૯।।'

અક્ષરથી આગળ જ્યારે પૂર્ણપુરુષોત્તમનારાયણ જે શ્રીજીમહારાજ તેની મૂર્તિના સુખનો વિવેકથી જ્યારે વિચાર કરે ત્યારે તે બુદ્ધિવાળા પુરુષને

અક્ષરનું સુખ પણ તુચ્છ થઈ જાય છે. કેમ જે અક્ષર અનંતકોટિ બ્રહ્માંડ ને મુક્તોને ધારવા સમર્થ છે. તે પણ પુરુષોત્તમ ભગવાનની દૃષ્ટિ વડે કરીને ધારવા સમર્થ છે.

(શ્રી ગોપાળાનંદ સ્વામી સંસ્કૃત વાતો : પ્ર. ૩/૨૫, પેજ નં. ૪૮૫)

'અથાઽસ્ય રોચતે તર્હિ મુક્તૈઃ સહિતમક્ષરમ્ । લીનીકૃત્ય સ્વરાડેકઃ સ્વયમેવ વિરાજતે ।।૮૬૫।।'

ભગવાન શ્રીહરિની નજરમાં આવે તો મુક્ત સહિત અક્ષરને પણ લીન કરીને સ્વયં પોતે એકલા જ સ્વરાટ થકા વિરાજમાન રહે છે.

(શ્રી ગોપાળાનંદ સ્વામી સંસ્કૃત વાતો : પ્ર. ૨/૪૦, પેજ નં. ૩૩૯)

શ્રીજીમહારાજ ગઢડા પ્રકરણના ૬૪મા વચનામૃતમાં કહે છે :- "...અને એ આત્મા ને અક્ષર એ સર્વેના પ્રેરક છે ને સ્વતંત્ર છે ને નિયંતા છે ને સકળ ઐશ્વર્ય સંપન્ન છે ને પર થકી પર એવું અક્ષર તે થકી પણ પર છે, એવા જે પુરુષોત્તમ ભગવાન તે જીવના કલ્યાણને અર્થે કૃપાએ કરીને પૃથ્વીને વિષે મનુષ્ય જેવા જણાય છે, તેને જે આવી રીતે સદા દિવ્ય મૂર્તિમાન જાણીને ઉપાસના ભક્તિ કરે છે, તે તો એ ભગવાનના સાધર્મ્યપણાને પામે છે અને અનંત ઐશ્વર્યને પામે છે..." (વચ. ગ. પ્ર. ૬૪)

'સ્વામી' શબ્દ પર વિસ્તારથી ધર્મશાસ્ત્ર મુજબ **પ્રમાણસિદ્ધ** ચર્ચા કરી હવે **'નારાયણ'** શબ્દનો વ્યુત્પત્તિજન્ય અર્થ જોઈએ :-

નારાયણ મંત્રમાં બે શબ્દો છે : નાર અને અયન. સંધિ બની અકાર દીર્ઘ થતા **નારાયણ** શબ્દ સિધ્ધ થયો. બંને શબ્દમાં પ્રથમ **'નાર'** શબ્દનો અર્થ સમજીએ.

મનુસ્મૃતિમાં તથા વિષ્ણુપુરાણમાં **નાર** શબ્દનો અર્થ **સુસ્પષ્ટ** વર્ણવ્યો છે.

'આપો નારા ઇતિ પ્રોક્તા આપો વૈ નર સૂનવઃ । અયનં તસ્ય તાઃ પૂર્વં તેન નારાયણઃ સ્મૃતઃ ।।'

જળને **'નારા'** કહ્યું છે. કારણ કે જળ પરમાત્માથી - નરથી ઉત્પન્ન થયું છે. તે જળ પ્રથમ સૃષ્ટિ ઉત્પન્ન થયા પહેલા પરમાત્માનું આશ્રયસ્થાન હતું. અર્થાત્ સૃષ્ટિના પ્રથમ ગર્ભોદકરૂપે જળમાં પરમાત્મા **અયન** અર્થાત્ શયન કરી રહેલા હોવાથી **નારાયણ** કહેવાય છે.

(મનુસ્મૃતિ : ૧/૧૦ તથા વિષ્ણુપુરાણ : ૧/૪/૬)

વૈરાજપુરુષને નારાયણ કહેવાય છે. આ અર્થમાં સહમત જે ધર્માચાર્યો તથા ભાગવતના ટીકાકારો છે તેઓએ **'નારાયણ'** શબ્દની આ રીતે વ્યુત્પત્તિ કરી છે.

૧. **'નરાજ્જાતં યજ્જલં તદયનાદ્યો નારાયણઃ ।'** (આચાર્ય શ્રી ભગવત્પ્રસાદજી મહારાજ - ભાગવતટીકા ભક્તમનોરંજની : ૧૦/૧૪/૧૪)

૨. **'નરભૂઃ નરાજ્જાતં યજ્જલં તત્રાયનાન્નિવાસાન્નારાયણ ઇતિ નામ્ના યઃ પ્રસિદ્ધો વૈરાજો વૈરાજપુરુષોત્તમયોરભેદત્વાન્નારાયણ ઇત્યુક્તમ્ ।'**

(શ્રી ગોપાળાનંદ સ્વામી - ભાગવતટીકા નિગૂઢાર્થપ્રકાશવ્યાખ્યાનમ્ : ૧૦/૧૪/૧૪)

૩. **'નરાજ્જાતં યજ્જલં તદયનાદ્યો નારાયણઃ પ્રસિદ્ધઃ ।'** (શ્રીધરસ્વામિવિરચિતા ભાવાર્થદીપિકા : ૧૦/૧૪/૧૪)

૪. **'નરભૂજલાયનાન્નરાદુદ્ભૂતાનિ જલાનિ તેષામ્ અયનાન્નારાયણઃ ।'** (ભાગવત ટીકા - તત્ત્વદીપિકા : ૧૦/૧૪/૧૪)

૫. **'જાતા નારા આપઃ તાસુ યદયનં યસ્ય ઇતિ નારાયણઃ ।'** (ભાગવત ટીકા - સિદ્ધાંતપ્રદીપ : ૧૦/૧૪/૧૪)

૬. **'નરઃ પરમાત્મા તસ્માદ્ ભૂતં યજ્જલં તદયનાદ્યઃ પ્રસિદ્ધો નારાયણઃ ।'** (ભાગવત ટીકા - બાલપ્રબોધિની : ૧૦/૧૪/૧૪)

૭. **'નયતિ ઇતિ નરઃ પ્રોક્તઃ પરમાત્મા સનાતન ઇતિ વચનાન્નરઃ પુરુષોત્તમસ્તસ્માજ્જાતા નારાઃ તદુક્તં તાસ્વવાત્સીત્ સ્વસૃષ્ટાસુ સહસ્રપરિવત્સરાન્ ।**

તેન નારાયણો નામ યદાપઃ પુરુષોદ્ભવા ઇતિ' (વિષ્ણુપુરાણ : ૧/૪/૬ તથા શ્રીધરસ્વામિકૃત આત્મપ્રકાશાખ્ય વ્યાખ્યા ટિપ્પણી)

૮. **'કારણજલાર્ણવસ્તદાશ્રયત્વાન્નારાયણઃ ।'** (ભાગવત ટીકા - વૈષ્ણવતોષિણી : ૧૦/૧૪/૧૪)

સ.ગુ. શ્રી શતાનંદ સ્વામી કહે છે :-

'સ્વાઙ્ગોત્પન્ને જલે તસ્મિન્નશેત ચ નરસ્ततः । આપો નારા ઇતિ શ્રુત્યા નારાયણ ઇતીર્યતે ।।' - **નર** નામના મહાપુરુષે પોતાના અંગથી ઉત્પન્ન થયેલા જળમાં યોગનિદ્રાથી શયન કરવાથી **'આપો નારા'** એ શ્રુતિથી **'નારા અયનં યસ્ય'** નાર છે અયન (આશ્રય) સ્થાન જેનું તેને કહેવાય **'નારાયણ'**આ પ્રકારે બહુવ્રીહિ સમાસથી 'નારાયણ' શબ્દ સિદ્ધ થાય છે. (શ્રી સત્સંગિજીવન : ૪/૬૮/૧૭)

શ્રી સત્સંગિજીવનના આ શ્લોકે મહામાયાના પતિ **મહાપુરુષ**ને 'નારાયણ' કહ્યા છે. કેમ કે, પૂર્વોત્તર શ્લોકમાં મહાપુરુષનો **સંબંધ** છે.

સ.ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામીના મત પ્રમાણે **'વૈરાજપુરુષોત્તમયોરભેદત્વાન્નારાયણઃ'** -(ભાગવતટીકાનિગૂઢાર્થપ્રકાશ વ્યાખ્યાનમ્: ૧૦/૪૦/૧) વૈરાજપુરુષને ભગવાનના સંબંધને લઈને **નારાયણ** કહ્યા છે. સ્વયં ભગવાન શ્રી સ્વામિનારાયણ લોયા પ્રકરણના ૧ ઉમા વચનામૃતમાં કહે છે : "...અને એ નારાયણને લઈને તો જેને વિષે **મોટપ** કહીએ તેને વિષે સંભવે અને એને લઈને વિષ્ણુ, શિવ, બ્રહ્મા, નારદ, સનકાદિક એ સર્વેને **ભગવાન** કહેવાય છે, અને ઉદ્ધવજીને વિષે એ નારાયણને લઈને ઉદ્ધવને પણ ભગવાન કહેવાય, ને હમણાં આ મુક્તાનંદ સ્વામી જેવા સંતને વિષે એ નારાયણને લઈએ તો એમને પણ **ભગવાન જેવા** કહેવાય, અને એ નારાયણને લીધા વિના તો અક્ષરને પણ ભગવાન ન કહેવાય. તો બીજાની શી વાર્તા કહેવી ?..."

"...નારાયણ તે સર્વના સ્વામી છે... તેમ એ નારાયણ પોતાના ઐશ્વર્યે કરીને **સર્વોપરી** વર્તે છે... નારાયણ જેવા તો એક **નારાયણ** જ છે." (ગ.પ્ર. ૨૧, લો. ૧૩) તેમજ "...ભગવાનના જે ઘણાક અવતાર થયા છે તેને એમ જાણીએ છીએ જે એ સર્વ અવતાર તે **નારાયણ**ના છે..." (લો. ૧૪)

માટે **નારાયણ શબ્દ** વૈરાજનારાયણ કે મહાપુરુષ - નારાયણ એટલો જ સીમિત ન રહેતા એનાથી પર એવા પરબ્રહ્મ પુરુષોત્તમનારાયણ માટે પણ આ શબ્દ પ્રયોજાયો છે.

વેદવેદાંત ઉપનિષદો, શ્રુતિ-સ્મૃતિઓ નારાયણનો અર્થ સર્વકારણના કારણ પરબ્રહ્મ પરમાત્મા પર કરે છે. **'એકો હ વૈ નારાયણાસીત્ ન બ્રહ્મા નેશાનઃ ।'** (મહો. ૧/૧) જ્યારે કંઈપણ સૃષ્ટિ વર્ગનું કાર્ય ન હતું, બ્રહ્મા કે શંકર વગેરે ન હતા ત્યારે એક નારાયણ જ સ્વરાટ્ થકા વિરાજમાન હતા.

'પુરુષો નારાયણ ભૂતં ભવ્યં ભવિષ્યચ્ચાસીત્ । સ એષ સર્વેષાં મોક્ષદશ્ચાસીત્ । સ ચ સર્વસ્માન્મહિમ્નો જ્યાયાન્ । તસ્માત્ર કોઽપિ જ્યાયાન્ ।।'

સૃષ્ટિની રચના પહેલા પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રી નારાયણ જ ભૂતકાળ, વર્તમાનકાળ અને ભવિષ્યકાળ આ ત્રણેય કાળોના રૂપમાં વિદ્યમાન હતા. તે નારાયણ જ સમસ્ત પ્રાણીઓને મોક્ષ પ્રદાન કરવાવાળા છે. તે જ મહાન શક્તિશાળી જનોમાં વિશિષ્ટ છે. એથી અધિક વિશિષ્ટ અન્ય કોઈ નથી. તે જ સર્વથી શક્તિમાન છે.

(મુદ્ગલોપનિષદ્ : ૨/ ૩)

'નિષ્કલઙ્કો નિરઞ્જનો નિર્વિકલ્પો નિરાખ્યાતઃ શુદ્ધો દેવ એકો નારાયણો ન દ્વિતીયોઽસ્તિ કશ્ચિત્'

ભગવાન નારાયણ જ એકમાત્ર નિષ્કલંક, નિરંજન, નિર્વિકલ્પ, અનિર્વચનીય અને વિશુદ્ધ છે. એમની સિવાય બીજા કોઈ નથી.

(નારાયણ ઉપનિષદ્ - ૨)

'નારાયણાત્પરો દેવો ન ભૂતો ન ભવિષ્યતિ । એતદ્ રહસ્યં વેદાનાં પુરાણાનાં ચ સત્તમમ્ ।।'

અર્થાત્ નારાયણથી પર દેવ કોઈ હતા નહિ ને કોઈ થશે પણ નહિ. આ જ વેદોનું અને પુરાણોનું **સર્વોત્તમ** સારરૂપ **રહસ્ય** છે.

(વરાહપુરાણ : અધ્યાય - ૭૩/૫૨)

'भगवत आदिपुरुषस्य नारायणस्य नामोच्चारणमात्रेण निर्धूतकलिर्भवतीति'

આદિપુરુષ ભગવાન નારાયણના નામ ઉચ્ચારણ માત્રથી મનુષ્ય કળિયુગના બધા જ દોષોનો નાશ કરી શકે છે.

(કલિસંહિતા - ૧)

સ.ગુ. શ્રી શતાનંદ સ્વામી કહે છે :-

- 'नारायणं नरकतारणनामधेयम् । नारायणं परमवैव मुदा स्मरन्तं ।।' - નિર્મળ અક્ષરધામમાં સદા નિવાસ કરનારા નારાયણ મુનિનું નામ નરકથી ઉદ્ધાર કરનારું છે (શ્રી સત્સંગિજીવન : ૫/૬૬)

ભગવાન શ્રીહરિ વડતાલ પ્રકરણના બીજા વચનામૃતમાં ભાગવતના આધારે કહે છે:-

- 'नारायणपरा वेदा देवा नारायणाङ्गजाः । नारायणपरा लोका नारायणपरा मखाः ।।
नारायणपरो योगो नारायणपरं तपः । नारायणपरं ज्ञानं नारायणपरा गतिः ।।'

(શ્રીમદ્ ભાગવત : ૨/૫/૧૫-૧૬)

- 'तत्त्वमेको महायोगी हरिर्नारायणः परः' - પરાત્પર મહાયોગી એક **નારાયણ** જ છે. (ભાર. શાં.મો. ૩૫૭-૮૯)
- 'नारायणो जगन्मूर्तिश्चानन्तात्मा सनातनः' - સનાતન સર્વે શ્રેષ્ઠ જગતમૂર્તિ એક **નારાયણ** છે. (મ.ભા. શાં. - ૭૫/૧૦)
- 'मत्तः परतरं नाऽन्यत् किञ्चिदस्ति' - પરમાત્મા કહે છે મારાથી પર બીજું કશું જ નથી. (ભગવત્ ગીતા : ૭/૭)
- 'आलोड्य सर्वशास्त्राणि विचार्य च पुनः पुनः । इदमेकं सुनिष्पन्नं ध्येयो नारायणः सदा ।' - ભગવાન વેદવ્યાસજી કહે છે કે, મેં સર્વે શાસ્ત્રોનું મંથન કરી વારંવાર વિચાર કરીને એક દૃઢ નિશ્ચય કર્યો છે કે **ધ્યાન કરવા યોગ્ય** એક **નારાયણ** જ છે. (ભાર. આનુ. ૧૮/૧૧)
- 'एष सर्वभूतान्तरात्मा अपहतपाप्मा दिव्यो देव एको नारायणः' - સમસ્ત ભૂતપ્રાણીમાત્રના અંતર્યામી પાપરહિત દિવ્ય દેવ એક **નારાયણ** જ છે. (સુબા. - ૭-૭)
- 'सदेव सोम्येदमग्र आसीदेकमेव' - સૃષ્ટિના સર્જન પહેલા એક **નારાયણ** જ હતા. (છા. ૬/૨/૧)
- 'ब्रह्म वा इदमग्र आसीदेकमेव' - જ્યારે કશું જ નહોતું ત્યારે એક **પરબ્રહ્મ** પરમાત્મા હતા. (બૃ. ઉ. : ૪/૧૧)
- 'न तत्समश्चाभ्यधिकश्च दृश्यते' - નારાયણની **સમાન** અને તેથી **અધિક** કોઈ નથી. (શ્વે. ઉ. ૬/૮)
- 'यस्मात् परं नापरमस्ति किञ्चित्' - નારાયણથી પર તત્ત્વ કોઈ નથી. (મુંડકોપનિષદ : ૧/૭/૧)
- 'तमीश्वराणां परमं महेश्वरम्' - નારાયણ ઈશ્વરોથી પણ **શ્રેષ્ઠ** મહેશ્વર છે. (શ્વે. ઉ. ૬/૭)

- 'क्षरात्मानावीशते देव एकः' - ક્ષર-અક્ષરના નિયમન કરનારા એક **નારાયણ** છે. (શ્વે. ઉ. ૧/૧૦)
- 'एक इदं राजा जगतो बभूव' - વિશ્વનું શાસન કરનારા એક **નારાયણ** છે. (તૈ. સં. ૪/૧/૮)
- 'एक एवाऽद्वितीयोऽभूदात्माधारोऽखिलाश्रयः' - સમસ્ત જડચિદાત્મકોના આધાર અને આશ્રય એક **અદ્વિતીય** નારાયણ છે. (શ્રીહરિ દિગ્વિજય : ઉલ્લાસ-૯, શ્લોક-૧૬૦)

નારાયણ એકજ **પરબ્રહ્મ પરમાત્મા** છે. એ નારાયણ શબ્દની **વ્યુત્પત્તિ** નીચે પ્રમાણે થશે.

૧. 'नारस्य अयनं प्रवृत्तिर्यस्मात् स नारायणः व्यापक इत्यर्थः' (શ્રીધરસ્વામિકૃત ભાગવતટીકા ભાવાર્થદીપિકા)
૨. 'नारं अयते व्याप्नोति इति नारायणः' (ભાગવત ટીકા - સિદ્ધાંતપ્રદીપ : ૧૦/૧૪/૧૪)
૩. 'नाराणि चतुर्विंशति तत्त्वानि अयते प्रेरयति इति नारायणः' (ભાગવત ટીકા - બાલપ્રબોધિની : ૧૦/૧૪/૧૪)
૪. 'नरः परमात्मा ततो जातानि आकाशादीनि तानि अयते कारणात्मना व्याप्नोतीति नारायणः' (ભાગવત : ૧૦/૬/૬, ભાવાર્થદીપિકા પ્રકાશ)

વૈરાજપુરુષ - નારાયણ તથા મહાપુરુષ - નારાયણ તે થકી પૃથક્ અને તેમના ઉપરિ એવા નારાયણ તેની **વ્યાખ્યા** જોઈએ :-

'रि हिंसायाम्' સ્વાદિગણના ધાતુને 'अन्येष्वपि दृश्यते' (અષ્ટાધ્યાયી : ૩/૨/૧૦૧) આ વ્યાકરણ સૂત્રથી 'ड' પ્રત્યય કરી 'ङित्त्वसामर्थ्यादृटिलोपः' - ટીનો લોપ કરવાથી 'रः' શબ્દ બન્યો. रः = क्षयः । न रः = अविद्यमानः रः (= क्षयः) यस्य स नरः, 'नञोऽस्त्यर्थानां वाच्यो वा चोत्तरपदलोपः' આ વાર્તિક દ્વારા બહુવ્રીહિ સમાસ અને નિપાતનથી નકારના લોપનો અભાવ થતા 'नरः' શબ્દ બને છે. જેને કોઈ મારી નથી શકતું અર્થાત્ જેનો ક્યારેય સ્વરૂપ અને સ્વભાવથી વિનાશ થતો નથી અર્થાત્ નિત્ય-વસ્તુ જે બદ્ધ, મુક્ત અને નિત્યમુક્ત અથવા જીવ, ઈશ્વર અને બ્રહ્મ એ ચૈતન્ય વસ્તુ. પ્રકૃતિ, વિકૃતિ અને પ્રકૃતિ-વિકૃતિ આ અચેતન પદાર્થો તેને **'નર'** કહેવાય. 'नराणाम् समूहः इति नारम् ।' - 'तस्य समूहः ' (અષ્ટાધ્યાયી : ૪/૨/૩૭) આ પાણિનિ સૂત્રથી 'अण्' પ્રત્યય લાગીને 'तद्धितेष्वचामादेः' (અષ્ટાધ્યાયી : ૭/૨/૧૧૭) સૂત્ર દ્વારા આદિ અકારની વૃદ્ધિ થતા 'नारम्' શબ્દ બન્યો છે. ચેતનાચેતનના સમૂહને 'નારમ્' કહેવાય.

હવે **'अयन'** શબ્દનો અર્થ જોઈએ :

'इण् गतौ' અને 'अय गतौ' ધાતુને ભાવાર્થે 'ल्युट् च' (અષ્ટાધ્યાયી : ૩/૩/૧૧૫) - સૂત્રથી 'ल्युट्' પ્રત્યય થાય છે અને તેને 'युवोरनाकौ' (અષ્ટાધ્યાયી : ૭/૧/૧) સૂત્રથી 'अन' આદેશ થવાથી 'अयनम्' શબ્દ બને છે. અથવા 'कृत्यल्युटो बहुलम्' (અષ્ટાધ્યાયી : ૩/૩/૧૧૩) પાણિનિ સૂત્રાનુસારે કર્માર્થમાં 'ल्युट्' પ્રત્યય કરવાથી પણ 'अयन' શબ્દ બને છે. જ્યારે ભાવાર્થમાં પ્રત્યય કરીશું ત્યારે 'अयनम्' શબ્દનો અર્થ થશે : **ગમનમ્.** અને જ્યારે કર્માર્થમાં 'ल्युट्' પ્રત્યય કરીશું ત્યારે 'अयन' શબ્દનો અર્થ થશે : **આશ્રય.** હવે 'नारम्' શબ્દ અને 'अयनम्' શબ્દનો સમાસ કરીશું. જ્યારે 'अयनम्' શબ્દ ભાવાર્થમાં લઈશું ત્યારે પહેલા સમાસ કરીશું **બહુવ્રીહિ:** 'नारे अयनम् गमनम् अन्तर्यामितया यस्य स नारायन' હવે 'नारायन' શબ્દના નકારને 'पूर्वपदात्संज्ञायामगः' (અષ્ટાધ્યાયી : ૮/૪/૩) સૂત્રથી 'न'કારનો 'ण'કાર થશે ત્યારે શબ્દ બનશે 'नारायणः' જે ચિદચિદ્ જડચૈતન્યાત્મક સમૂહમાં અંતર્યામી સ્વરૂપે રહીને સર્વનું **નિયમન** કરે છે તેને 'નારાયણ' કહેવાય. 'नारायण' શબ્દના અર્થનું પ્રતિપાદન સ્વયં **વેદશ્રુતિઓ** આ રીતે કરે છે :

- 'यच्च किञ्चिज्जगत्यस्मिन् दृश्यते श्रूयतेऽपि वा । अन्तर्बहिश्च तत्सर्वं व्याप्य नारायणः स्थितः ।।' - આ વિશ્વમાં જે કાંઈ જોવામાં અને સાંભળવામાં

૨. 'नराणां समूहो नारं तदयनं निवासस्थानं यस्य स नारायणः अन्तर्यामी इत्यर्थः ।' (શ્રી સત્સંગિજીવન હેતુટીકા : ૨/૨૪/૪૬)

૩. 'नारं जीवसमूहोऽयनमाश्रयो यस्येति नारायणः सर्वदेहिनामात्मा इत्यर्थः ।'

(આચાર્ય શ્રી ભગવત્પ્રસાદજી મહારાજ - ભાગવતટીકા ભક્તમનોરંજની : ૧૦/૧૪/૧૪)

૪. 'सर्वदेहिनां नारपदवाच्यानां बद्धमुक्तनित्यरूपाणां आत्मा अयनं शरीरी यः नारायणः।' (ભાગવત ટીકા - શ્રીસુદર્શનસૂરિકૃત શુકપક્ષીયમ્ : ૧૦/૧૪/૧૪)

૫. 'नरसमूहो नारं तदयनं प्रवेशस्थानं यस्य स नारायणः ।' (ભાગવત ટીકા -સિદ્ધાંતપ્રદીપ : ૧૦/૧૪/૧૪)

૬. 'नारं जीवसमूहम् अयते व्याप्नोति इति नारायणः सर्वदेहिनामात्मा व्यापक इत्यर्थः ।' (ભાગવત ટીકા - વૈષ્ણવતોષિણી : ૧૦/૧૪/૧૪)

૭. 'नारमयते प्रेरयतीति नारायणः ।' (ભાગવત ટીકા - શ્રીસુબોધિની : ૧૦/૧૪/૧૪)

૮. 'नारं जीवसमूहस्तदयते प्रेरयति प्रविशति वा स नारायणः ।' (ભાગવત ટીકા - બાલપ્રબોધિની : ૧૦/૬/૨૪)

૯. 'नारं जीवसमूहोऽयनमाश्रयो यस्य स नारायणः सर्वदेहिनामात्मत्वान्नारायणः ।' (ભાગવત ટીકા - શ્રીધરસ્વામિકૃત ભાવાર્થદીપિકા : ૧૦/૧૪/૧૪)

૧૦. 'नारानयते प्रेरयतीत्यन्तर्यामी नारायणः ।' (શ્રીવલ્લભાચાર્યમહારાજકૃત શ્રીસુબોધિનીલેખ : ૧૦/૮/૨૦)

૧૧. 'नारशब्देन जीवानां समूहः प्रोच्यते बुधैः । तेषामयनभूतत्वान्नारायण इति स्मृतः।' (ભાગવત ટીકા - તત્ત્વદીપિકા : ૧૦/૧૪/૧૪)

૧૨. 'सर्वे जीवा नारं तदयनं यस्य स नारायणः ।' (ભાગવત ટીકા - બૃહત્ક્રમ સંદર્ભ : ૧૦/૧૪/૧૪)

૧૩. 'सर्वात्मन एव नारायणपदार्थत्वमिति तात्पर्यम् ।' (ભાવાર્થદીપિકાપ્રકાશ : ૧૦/૧૪/૧૪)

જે ચિદચિદ્ જડચૈતન્યાત્મક સમૂહમાં અંતર્યામી સ્વરૂપે રહીને સર્વનું નિયમન કરે છે તેને **'નારાયણ'** કહેવાય. અથવા સમસ્ત ચેતનાચેતનાત્મકના જે આત્મા છે, શરીરી છે તેને નારાયણ કહેવાય.આ બંને ભગવાનના **અન્વય સ્વરૂપ**ના અર્થ છે.

હવે **વ્યતિરેક સ્વરૂપ**ના **બે અર્થ** થાય છે તે જોઈએ :

'शरीरेन्द्रियविषयोपनीतया वेदनया न रमते इति नरः नञ्पूर्वकाद् रमु क्रीडायां धातोरन्यत्रापि दृश्यत इति डः '

દેહ, ઈન્દ્રિયો ને વિષય તેના સુખ-દુઃખમાં ન રમે એને કહેવાય **નર.** અર્થાત્ મુક્તપુરુષ તે **નર** કહેવાય. 'नराणां समूहो नारम् ।' મુક્તપુરુષોના સમૂહને 'नारम्' કહેવાય.

જ્યારે કર્માર્થમાં 'ल्युट्' પ્રત્યય કરીશું ત્યારે 'अयनम्' શબ્દનો અર્થ થશે : **આશ્રય.** હવે 'नारम्' શબ્દ અને 'अयनम्' શબ્દનો 'नारे अयनं यस्य स नारायणः' એવો બહુવ્રીહિ સમાસ કરીશું ત્યારે એનો અર્થ થશે : જેમનું 'अयन' નિવાસસ્થાન 'नार' એટલે મુક્તનો સમૂહ તેમાં છે અર્થાત્ મુક્તના સમૂહ મધ્યે રહેલા **'નારાયણ.'**

હવે 'नारस्य अयनम् इति नारायणः' એવો તત્પુરુષ સમાસ કરીશું ત્યારે એનો અર્થ થશે : નારના = મુક્ત સમૂહના 'अयन' આશ્રયભૂત તે નારાયણ અર્થાત્ અનાદિમુક્તના સમૂહને મૂર્તિમાં જોડી, પોતાના ધામમાં રાખી, પોતાનું સુખ આપવું એજ જેમને તાન છે તેને કહેવાય **'નારાયણ.'** આ **બંને** નારાયણના વ્યતિરેક સ્વરૂપના **અર્થ** છે.

'वासुदेवः स च स्वाभिः सत्यज्ञानादिशक्तिभिः । तेषु सर्वेष्वन्वितोऽस्ति व्यतिरिक्तोऽस्ति च स्वतः ॥'

મૂળ પ્રકૃતિ-પુરુષાદિના પતિ, અક્ષરરૂપી રાજધાનીના એક સ્વામી વાસુદેવ તે સર્વેમાં પોતાને વિષે અસાધારણપણે રહેલી સત્યજ્ઞાનાદિ,

આવે છે તે સર્વેની અંદર અને બહાર **નારાયણ** વ્યાપીને રહેલા છે. (તૈ.ના. ૨૫)

- 'अन्तः प्रविष्टः शास्ता जनानां सर्वात्मा ।' - સર્વજનોમાં અંતર્યામીપણે અંતઃપ્રવેશ કરીને સર્વનું નિયમન કરનારા છે. (યજુ. ૩/૧૧)

- 'एष सर्वभूतान्तरात्माऽपहतपाप्मा दिव्यो देव एको नारायणः ।' - સર્વ ભૂતોમાં અંતર્યામીપણે રહેલા દિવ્યદેવ એક **નારાયણ** જ છે.

(સુબાલોપનિષદ્ : ખંડ-૭)

- 'शास्ता चराचरस्यैकः, एकः शास्ता न द्वितीयोऽस्ति शास्ता' - સર્વ ચેતનાત્મક સમૂહમાં જે વ્યાપીને રહે છે તથા અંતર્યામી સ્વરૂપે રહી જે સર્વનું નિયમન કરે છે તે નારાયણ છે. (ભાર. આશ્વ. ૨/૭/૧)

હવે **બીજો અર્થ** જોઈએ : જ્યારે કર્મણિ 'ल्युट्' પ્રત્યય કરીશું ત્યારે 'अयन' શબ્દનો અર્થ થશે : 'આશ્રય.' અને ત્યારે સમાસ થશે **ષષ્ઠી તત્પુરુષ.**

'नारस्य आत्मा 'अयनम्' शरीरी यः स नारायणः' - સમસ્ત ચેતનાચેતનાત્મકના જે આત્મા છે, શરીરી છે તેને **નારાયણ** કહેવાય. આ અર્થનું પ્રતિપાદન સ્વયં વેદશ્રુતિઓ કરે છે :

'यस्याक्षरं शरीरं' (સુબાલોપનિષદ્ ખંડ-૭, વચ. લોયા-૭) અક્ષર પરમાત્માનું શરીર છે. 'जगत् सर्वं शरीरं ते' - આ સમસ્ત જગત પરમાત્માનું શરીર છે. (વા.રા.યુ. કાં. ૧૧૬) 'तत्सर्वं वै हरेस्तत्तनुः' (શ્રીભાષ્ય ભાવપ્રકાશિકા ટીકા)

'यस्यात्मा शरीरं य आत्मानमन्तरो यमयति स त आत्मान्तर्याम्यमृतः ।' (બૃહદારણ્યકોપનિષદ્ : ૩/૭/૨૨) જે પરમાત્માનું આત્મા શરીર છે જે પરમાત્મા જીવાત્મામાં અંતર્યામીપણે પ્રવેશ કરીને નિયમન કરે છે તે જ **અંતર્યામી** તારા **અમૃત** આત્મા છે. ભગવાન શ્રીહરિએ પણ લોયા પ્રકરણના ૭મા વચનામૃતમાં આજ વાત કરી છે.

'यस्य पृथिवी शरीरं यः पृथिवीमन्तरो यमयति स त आत्मान्तर्याम्यमृतः' (બૃહદારણ્યકોપનિષદ્ : ૩/૭/૩) જે પરમાત્માનું પૃથ્વી શરીર છે જે પરમાત્મા પૃથ્વીમાં અંતર્યામીપણે પ્રવેશ કરીને નિયમન કરે છે તે જ **અંતર્યામી** તારા **અમૃત** આત્મા છે. (વચ. લો. ૭)

'नारायणो जगन्मूर्तिरनन्तात्मा सनातनः' (મ.ભા. શાં. ૭૫/૧૦) જગતમૂર્તિ **નારાયણ** સર્વના આત્મા છે.

શ્રીજીમહારાજ પણ ગઢડા પ્રથમ પ્રકરણના ૬૪મા વચનામૃતમાં કહે છે :- ''આત્મા અને અક્ષર એ બેને જે પુરુષોત્તમ ભગવાનનું શરીરપણું તે તો વ્યાપ્યપણું, આધીનપણું અને અસમર્થપણું તેણે કરીને છે, કેવી રીતે તો ભગવાન જે તે પોતાની અંતર્યામી શક્તિએ કરીને આત્મા ને અક્ષર તેને વિષે વ્યાપક છે, ને એ બેય વ્યાપ્ય છે અને ભગવાન જે તે સ્વતંત્ર છે, ને આત્મા ને અક્ષર તે તો ભગવાનને આધીન છે, પરતંત્ર છે અને ભગવાન જે તે અતિ સમર્થ છે, ને આત્મા ને અક્ષર તે તો ભગવાનની આગળ અતિ અસમર્થ છે, એવી રીતે ભગવાન જે તે એ બેયના શરીરી છે અને એ બેય જે તે ભગવાનનું શરીર છે અને શરીરી એવા જે પુરુષોત્તમ ભગવાન તે તો સદાય દિવ્ય મૂર્તિમાન છે અને એવા જે એ ભગવાન તે જે તે વ્યાપક ને દૃષ્ટા એવા જે સર્વે આત્મા અને તે આત્માને વ્યાપ્ય ને આત્માને દૃશ્ય, એવા જે દેહ એ સર્વેમાં પોતાની અંતર્યામી શક્તિએ કરીને આત્મારૂપે રહ્યા છે.''

ઉપરોક્ત જે અર્થો કર્યા તે શ્રી સત્સંગિજીવન તથા ભાગવતના ટીકાકારોના આધારે કર્યા છે. ધર્માચાર્યોએ તથા વિદ્વાનોએ આ રીતે **વ્યુત્પત્તિ** કરી છે :

૧. 'नराणां समूहो नारं तद् अयनं निवासस्थानं यस्य स नारायणः ।'

(આદિઆચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ કૃત જનમંગલ સ્તોત્ર શ્લો. ૧૨ 'ભાવાર્થપ્રકાશિકા' વ્યાખ્યા)

શક્તિઓથી **અન્વય** પામેલા છે. અને સ્વરૂપથી પોતાના ધામમાં **વ્યતિરેક**પણે રહેલા છે.

(શ્રી સત્સંગિજીવન : ૪/૬૮/૨૦)

न रीयन्ते इति प्रोक्ता नरा नित्यपदार्थकाः । तेषां समूहो नारं तदयनं यस्य तं बुधाः ।।
नारायण इति प्राहुः सर्वव्यापिनमीश्वरम् । नाराणामयनं चैनं सर्वाधारं प्रचक्षते ।।
अन्तर्बहिश्च तत्सर्वं व्याप्य नारायणः स्थितः । इति श्रुतिः प्रभोराह व्याप्तिं सर्वत्र सर्वथा ।।
यथा तिलेषु तैलं स्यात्तथान्तर्व्याप्य वर्तते । वेद्यामग्निरिव प्रोक्तः सर्वस्य बहिरप्यसौ ।।

(આધ્યાત્મિકતત્ત્વાખ્યાનમ્ : ૨૧/૫૧-૫૪)

જેનો ક્ષય થાય તે **'ર'** કહેવાય. જેનો સ્વરૂપથી કે કાળપ્રવાહથી ક્ષય ન થાય તે **'નર'** કહેવાય. અર્થાત્ ચિદચિત્ નિત્યવસ્તુઓ. તેનો જે સમૂહ તે 'નાર' કહેવાય, તે 'નાર અયન' આશ્રય જેમને છે (એટલે નારનો વ્યાપકપણે આશ્રય કરી રહેલા) અથવા 'નાર'ના 'અયન' - આશ્રય (એટલે તેના અંતરાત્મારૂપે વ્યાપી રહેલા) તે નારાયણ કહેવાય. આ રીતે નારાયણ શબ્દનો **અવયવાર્થ** છે.

તાત્પર્ય એ છે કે, બહુવ્રીહિસમાસ અને ષષ્ઠીતત્પુરુષસમાસથી અંદર બહાર વ્યાપ્તિ સમજવી. ભગવાનના નામો અસંખ્યેય છે, તેમાં વ્યાપક અને અવ્યાપક એવા બે પ્રકાર છે. ભગવાનના ગુણો-કર્મોને કહેનારા જે નામો તે અવ્યાપક જાણવા અને સ્વરૂપથી વ્યાપ્તિને પ્રતિપાદન કરનારા જે નામો તે વ્યાપક જાણવા. અવ્યાપક નામોની અપેક્ષાએ વ્યાપક નામોની શ્રેષ્ઠતા છે. જેમકે - **'नारायणाय विद्महे'**, **'वासुदेवाय धीमहि'**, **'तन्नो विष्णुः प्रचोदयात्'** આ વૈદિક મંત્રમાં 'નારાયણઃ', 'વાસુદેવઃ' અને 'વિષ્ણુઃ' આ ત્રણ નામો અધિક શ્રેષ્ઠપણે પ્રસિદ્ધ છે. **'नारम् अयनम् यस्य सः इति नारायणः'**, **'यस्मिन् समस्तं वसति यो वा समस्ते वसति स वासुः'**, **'स चासौ देवश्चेति वासुदेवः'**, **'न तु वसुदेवस्य अपत्यमिति । उक्तं च भाष्ये'** - **'नैषा क्षत्रियाख्या संज्ञैषा तत्र भगवतः'** इति । **'वेवेष्टि व्याप्नोति विश्वं यः इति विष्णुः'** આ રીતે વ્યુત્પત્તિ અનુસાર આ ત્રણ નામોનો **વ્યાપક** એવો અર્થ થાય છે. તેમાં પણ 'વાસુદેવઃ' અને 'વિષ્ણુઃ' આ બે નામોને વ્યાપ્યપદના અધ્યાહારની અપેક્ષા રહે છે. આ બંને નામોની અપેક્ષાએ 'નારાયણઃ' નામમાં વ્યાપ્યપદની અપેક્ષા રહેતી નથી. કારણ કે, વ્યાપ્ય વસ્તુ નારાયણ નામના 'નાર' શબ્દમાં જ આવી જાય છે, તેથી તેની સર્વશ્રેષ્ઠતા **'नारायणाय विद्महे'** એમપ્રથમકહેલા નિર્દેશથી સિદ્ધ થાય છે, તે કારણથી જ શ્રુતિ-સ્મૃતિઓએ પરબ્રહ્મનું મંગળમય નારાયણ નામથી બહુધા નિર્દેશ કર્યો છે. જેમકે, **'यच्च किञ्चिज्जगत्यस्मिन् दृश्यते श्रूयतेऽपि वा । अन्तर्बहिश्च तत्सर्वं व्याप्य नारायणः स्थितः ।'** સમસ્ત જગતની અંદર બહાર વ્યાપીને રહે તે નારાયણ કહેવાય. **'वेदैश्च सर्वैरहमेव वेद्यः'** સર્વ વેદો વડે જાણવા યોગ્ય એક નારાયણ જ છે. **'नारायणपरा वेदाः'** (શ્રીમદ્ ભાગવત : ૨) વેદો નારાયણનો બોધ કરે છે. **'नारायणाय विद्महे'** (તૈ. ના.) **'नारायणः परं ब्रह्म तत्त्वं नारायणः परः'** (તૈ. ના.) ઇત્યાદિ જે નારાયણાનુવાક છે તે સર્વ 'પરાવિદ્યા વડે જાણવા યોગ્ય એક નારાયણ જ છે' એવો નિર્ધાર કરી આપનારા સર્વે ઉપનિષદ-અનુવાક છે. એવો નિર્ણય ભગવાન વેદવ્યાસે પણ બ્રહ્મસૂત્રમાં **'लिङ्गभूयस्त्व'** અધિકરણમાં કર્યો છે. **'एको ह वै नारायण आसीत् न ब्रह्मा नेशानः, एष सर्वभूतान्तरात्माऽपहतपाप्मा दिव्यो देव एको नारायणः'** (મહોપનિષદ્) આ શ્રુતિઓ નારાયણનું જ સર્વાન્તરાત્મપણું, દિવ્યપણું, અદ્વિતીયપણું સુસ્પષ્ટ કહે છે. ઉક્તગુણવિશિષ્ટ પરમાત્માનું અન્ય અધિષ્ઠાતાઓ થકી

નિવારણ કરનારું **અસાધારણ નામ** નારાયણ છે. પરબ્રહ્મનું આ દિવ્ય નામવેદની સમગ્ર શાખાઓમાં સુપ્રસિદ્ધ છે. જેમતમામવસ્તુઓનું એક નામહોય છે તેમજગતકર્તા પરમાત્માનું અસાધારણ નામ **'नारायण'** છે : **'नारायणाभिधानस्य ब्रह्मणः परमात्मनः'** (શ્રીમદ્ ભાગવત : ૧૧) એમપરબ્રહ્મનું અસાધારણ નામનારાયણ જ નિર્ધારિત કર્યું છે.

વળી, નારાયણ નામનો **નિરતિશય મહિમા** શ્રુતિ-સ્મૃતિઓમાં સુપ્રસિદ્ધ છે : **'किं तस्य बहुभिर्मन्त्रैः किं तस्य बहुभिर्व्रतैः । नमो नारायणायेति मन्त्रः सर्वार्थसाधकः ।।'**, **'सङ्कीर्त्य नारायणशब्दमात्रं विमुक्तदुःखाः सुखिनो भवन्त ।'** નરસમૂહોમાં આત્મારૂપે વ્યાપી રહેલા હોવાથી નારાયણ નામથી નિર્દેશ કરેલો છે. આમાં સર્વવ્યાપકપણું અને સર્વાધારપણું પણ આવી જાય છે. જેમતલમાં તેલ હોય છે તેમપરમાત્મા એ સર્વ જગતમાં વ્યાપીને રહ્યા છે. જેમવેદી ઉપર અગ્નિદેવ રહ્યા છે તેમસર્વની બહાર પણ પરમાત્મા રહ્યા છે. આ કથન પણ શ્રુતિઓ જ કરે. જેમકે,

'अन्तर्बहिश्च तत्सर्वं व्याप्य नारायणः स्थितः ।'
अतस्त्रव्यन्तवाक्येषु परमात्मा सनातनः । अणोरणीयान् महतो महीयानिति विश्रुतः ।।
यथाकाशं भवदपि पृथ्व्यादिभ्यो महत्तरम् । सूक्ष्मत्वेन ततोऽन्तस्तु व्याप्तं भ्वादिचतुष्टये ।।
तथा महत्तमो देवः सर्वमावृत्य तिष्ठति । सुसूक्ष्मत्वात्तथा सर्वस्यान्तर्व्याप्यापि वर्तते ।।
नित्यं विभुं सर्वगतं सुसूक्ष्ममिति मुण्डके । श्रूयते त्रिविधं चैतदानन्त्यं परमात्मनः ।।

(આધ્યાત્મિકતત્ત્વાખ્યાનમ્ : ૨૧/૫૫-૫૮)

ઉપર પ્રમાણેની પરિસ્થિતિ સર્વોત્કૃષ્ટ હોવાથી વેદવેદાંતમાં સનાતન નારાયણને **'अणोरणीयान् महतो महीयान्'** આ શ્રુતિ અણુ થકી અણુ અને મોટા થકી મોટાપણે નારાયણને નિરૂપે છે. અણુનો અર્થ પરિમાણ નહીં પણ સૂક્ષ્મતારૂપનો સમજવો. એટલે કે વ્યાપ્યપદાર્થો વ્યાપ્તમાં અટકાવ કરી શકે નહિ. કારણ કે, પારાવાર પાતળો પદાર્થ જે હોય તે સર્વમાં પ્રવેશી શકે છે. મોટા તરીકે કહેવાતા તમામની અપેક્ષાએ નારાયણ મોટા છે. આ કથન તો માપથી સમજવું. નારાયણને તુલ્ય કોઈ પણ માપમાં મોટું નથી. આ કથનને દૃષ્ટાંતથી સમજાવે છે - જેમઆકાશ છે તે પૃથિવ્યાદિ ભૂતો કરતા મોટો છે અને તે બીજા જલાદિભૂતોની અપેક્ષાએ સૂક્ષ્મછે. આ કારણથી જ જલાદિ ચારેય ભૂતોની અંદર વ્યાપી શકે છે. પૃથિવ્યાદિક ભૂતો કરતા આકાશ મોટો છે અને બહુ સૂક્ષ્મપણ છે. એ જ રીતે જે નારાયણ છે તે પરિમાણમાં મહત્તમહોવાથી સર્વને આવરીને રહ્યા છે અને સુસૂક્ષ્મહોવાથી સર્વની અંદર પણ વ્યાપીને વર્તે છે. આ બાબતને સમજવા માટે **'आकाशवत् सर्वगतः'** આવું કથન નારાયણ માટે કહેવાયું છે એનું અનુસંધાન શ્રુતિ-સ્મૃતિઓમાં બહુ જ છે. **'नित्यं विभुं सर्वगतं सुसूक्ष्मं'** આ મુંડક ઉપનિષદ્માં આ ત્રણ પ્રકારથી આનન્ત્ય (દેશ, કાળ વસ્તુથી માપ નહિ) નારાયણનું સ્પષ્ટ નિરૂપણ કર્યું છે. શ્રુતિનો અર્થ એમછે કે, 'નિત્ય' પદથી સર્વ કાળમાં વિદ્યમાન હોવાથી કાળથી અપરિચ્છિન્નપણું, 'વિભુ' પદથી સર્વદેશમાં વર્તમાન હોવાથી અપરિચ્છિન્નપણું અને 'સર્વગત' પદથી બહાર જેમવર્તમાન છે તેમજ સર્વની અંદર પણ પ્રવેશીને રહેવાપણું. નારાયણ સૂક્ષ્મવસ્તુઓની અંદર કેવી રીતે પ્રવેશી શકે ? નારાયણ સૂક્ષ્મથકી પણ સૂક્ષ્મતર હોવાથી સમસ્ત સૂક્ષ્મવસ્તુઓમાં પ્રવેશી શકે છે. અમુક દેશમાં કે અમુક કાળમાં છે એમનારાયણને કદાપિ કહી શકાય નહિ. કારણ કે, સર્વ દેશમાં અને સર્વ કાળમાં નારાયણ અંતઃ પ્રવેશ કરીને રહ્યા છે. નારાયણનું સૂક્ષ્મથકી સૂક્ષ્મપણું અને મોટા થકી મોટાપણું સ્પષ્ટ પ્રતિપાદન કરતી શ્રુતિઓ બહુ છે : **'यस्मान्नाणीयो न ज्यायोऽस्ति कश्चित्'**, **'बृहच्च तद्दिव्यमचिन्त्यरूपं सूक्ष्माच्च तत्सूक्ष्मतरं विभाति'**, **'एष मे आत्मान्तर्हृदयेऽणीयान् ...पृथिव्या ज्यायानन्तरिक्षाज्ज्यायान् दिवो ज्यायानेभ्यो लोकेभ्यः'** (छान्दोग्योपनिषद्) **'यत्परंब्रह्म विश्वात्मा विश्वस्यायतनं महत् ।**

सूक्ष्मात्सूक्ष्मतरं नित्यम् । परात्परं यन्महतो महान्तम्' (તૈ.ઉ.) 'अतो ज्यायांश्च पुरुषः' (પુ.સૂ.) ઈત્યાદિ. તથા ભગવાન શ્રી સ્વામિનારાયણ પણ આ જ વાતને સમજાવતા કારિયાણી પ્રકરણના ૮મા વચનામૃતમાં કહે છે : "...ભગવાનનું નિર્ગુણ સ્વરૂપ છે તે તો સૂક્ષ્મથકી પણ અતિ સૂક્ષ્મછે અને પૃથ્વી આદિક જે સર્વે તત્ત્વો તેનું આત્મા છે.... તેમપુરુષોત્તમભગવાન સર્વના આત્મારૂપે કરીને સર્વને વિષે રહ્યા છે."

स्वरूपतः स्वभावैश्च महत्त्वं परमात्मनः । नान्यस्य कस्यचित्तस्मात् परंब्रह्मैकमेव तु ।।

સ્વરૂપથી અને સ્વભાવથી મોટાપણું એક નારાયણમાં સંભવી શકે છે અન્યમાં કદાપિ સંભવી શકે જ નહિ. કારણ કે પરબ્રહ્મ એક નારાયણ જ છે.

(आध्यात्मिकतत्त्वाख्यानम् : २१/६०)

वेदान्तेषु परंब्रह्म श्रुतं यत्सर्वकारणम् । नारायणो वासुदेवः कृष्ण एव स नेतरः ।।
ब्रह्मत्वं तु बृहत्त्वं स्यात् सर्वातिशयितं परम् । जगज्जन्मस्थितिध्वंसहेतोरस्य महात्मनः ।।

(आध्यात्मिकतत्त्वाख्यानम् : २१/७६-७७)

વેદાંત શાસ્ત્રમાં સર્વ કારણપણે જે પરબ્રહ્મ નિરૂપ્યા છે તે બીજા કોઈ નહિ, પણ નારાયણને જ કહ્યા છે. જે બ્રહ્મ શબ્દથી બૃહત્પણું (સર્વથી મોટાપણું) કહ્યું છે તે સર્વ કરતા નિરતિશય પરબ્રહ્મનું જાણવું અને તે બૃહત્પણું જગતના જન્મ-સ્થિતિ અને નાશના કારણ એવા સર્વના આધાર નારાયણ જ છે. આ અર્થ 'अथातो ब्रह्मजिज्ञासा', 'जन्माद्यस्य यतः' આ બંને સૂત્રમાં ભગવાન વેદવ્યાસે વર્ણવ્યો છે. આમાં 'यतो वा इमानि भूतानि... तद्विजिज्ञासस्व तद् ब्रह्मेति' આ શ્રુતિઓ પ્રમાણપણે લીધી છે. શ્રીભાષ્યમાં એનો અર્થ 'ब्रह्म शब्देन च स्वभावतो निरस्तनिखिलदोषोऽनवधिकातिशयाऽसंख्येयकल्याणगुणगणः पुरुषोत्तमोऽभिधीयते । सर्वत्र बृहत्त्वगुणयोगेन हि ब्रह्म शब्दः, बृहत्त्वं च स्वरूपेण गुणैश्च यत्रानवधिकातिशयं सोऽस्य मुख्यार्थः । स च सर्वेश्वर एव । अतो ब्रह्मशब्दस्तत्रैव मुख्यवृत्तः । तस्मादन्यत्र तद्गुणलेशयोगादौपचारिकः' આ રીતે કર્યો છે.

સ.ગુ. શ્રી નિત્યાનંદ સ્વામીએ 'શાંડિલ્યસૂત્ર'ના ભાષ્યમાં બ્રહ્મશબ્દનો અર્થ શ્રીભાષ્યને મળતો જ કર્યો છે. સર્વથી મોટું હોય તેને બ્રહ્મ કહેવાય. 'बृंहति बृंहयति तस्मादुच्यते परं ब्रह्म, बृहत्त्वात् बृंहणत्वाच्च ब्रह्मेति परिपठ्यते' એવી સ્મૃતિ છે. આના અનુરોધથી 'रूपैः स्वरूपेण गुणैर्विभवैश्च स्वयं मुहुः । ब्रह्मेति स तु ब्रह्म' આવું નિરુક્તિકથન છે. જે સ્વરૂપ અને ગુણાદિકો વડે સર્વ થકી નિરતિશય મોટા હોય અને આશ્રિતોને પણ મોટા બનાવી દે તે બ્રહ્મ કહેવાય. સ્વરૂપથી મોટા હોય એ જ સર્વની સાથે સંબંધ ધરાવી શકે. અલ્પથી એ બની શકે નહિ. સર્વની સાથે અંદર અને બહાર સંબંધ ધરાવવો એને જ વ્યાપકપણું કહે છે. એમબ્રહ્મ શબ્દથી સર્વ વ્યાપકતારૂપ વિભૂતિ સિદ્ધ થાય છે. પરંબ્રહ્મ વાસુદેવ વગેરે શબ્દોથી જે પ્રતિપાદન કરેલા છે તે નારાયણ જ છે એવો ઉપસંહાર કરવામાં આવ્યો છે. 'બ્રહ્મ' શબ્દનો પ્રયોગ અન્યત્ર આવે છે. તેના નિવારણ માટે 'પરંબ્રહ્મ' એમપણ કહેવામાં આવ્યું છે. 'यं केचिदाहुः परमात्मसंज्ञं केचित्परंब्रह्म परात्परं च' ઈત્યાદિ.

આ બંને અર્થોની **વ્યુત્પત્તિ** સ્વયં પરબ્રહ્મની વાણીરૂપ જે **વચનામૃત** તેના આધારે કરી છે. જે શ્રીજીમહારાજે વચનામૃતમાં પરબ્રહ્મનું જે **અન્વયપણું** અને **વ્યતિરેકપણું** કહ્યું છે તે જોઈએ સ્વયં ભગવાન શ્રી સ્વામિનારાયણના જ શબ્દોમાં :-

● પરમાત્માનું અન્વયપણું ●

વચ. પ્ર. ૭મું :- "...અક્ષરબ્રહ્મ, ઈશ્વર, જીવ, માયા અને માયાના કાર્ય જે બ્રહ્માંડ એમને વિષે જે શ્રીકૃષ્ણ ભગવાનને અંતર્યામીપણે કહેવા અને નિયંતાપણે કહેવા તે એ ભગવાનનું અન્વયપણું છે..."

વચ. પ્ર. ૧૩મું :- "...જીવ-જીવ પ્રત્યે અંતર્યામીરૂપે રહ્યા છે..."

વચ. પ્ર. ૩૨મું :- "...મારે વિષે અંતર્યામીરૂપે પુરુષોત્તમ ભગવાન સદાકાળ વિરાજે છે..."

વચ. પ્ર. ૪૧મું :- "...અક્ષરને પુરુષ - પ્રકૃતિ- આદ્યે સર્વને વિષે પુરુષોત્તમ ભગવાન અંતર્યામી રૂપે રહ્યા છે પણ પાત્રની તારતમ્યતાએ કરીને સામર્થીમાં તારતમ્યપણું છે. એવી રીતે એક પુરુષોત્તમ ભગવાન છે તે અંતર્યામીરૂપે કરીને એ સર્વને વિશે પ્રવેશ કરીને રહ્યા છે..."

વચ. પ્ર. ૫૯મું :- "...એક ભગવાન પુરુષોત્તમને જ સર્વના અંતર્યામી જાણે..."

વચ. પ્ર. ૬૨મું :- "...ભગવાન તે અંતર્યામીરૂપે સર્વમાં વ્યાપક છે..."

વચ. પ્ર. ૬૩મું :- "...પોતાની અંતર્યામી શક્તિએ કરીને અક્ષરધામ અને અનંતકોટિ બ્રહ્માંડ અને તે બ્રહ્માંડના જે ઈશ્વર તે સર્વને વિષે અન્વયપણે રહ્યા છે..."

વચ. પ્ર. ૬૪મું :- "...ભગવાન જે તે પોતાની અંતર્યામી શક્તિએ કરીને આત્મા ને અક્ષર તેને વિષે વ્યાપક છે..."

વચ. સા. પ્ર. ૫મું :- "...બદ્ધ જીવ તથા મુક્ત જીવ એ બેના હૃદયમાં સાક્ષીરૂપ થકા રહ્યા છે. અને બદ્ધપણું ને મુક્તપણું જેને અડતું નથી, તેમજ ઈશ્વરના ને અક્ષરના હૃદયમાં સાક્ષીરૂપે રહ્યા છે અને તે તે ઉપાધિ થકી રહિત છે એ પુરુષોત્તમનું અન્વય સ્વરૂપ છે..."

વચ. સા. પ્ર. ૬ઠું :- "...એ પુરુષોત્તમભગવાન તે જીવને વિષે અતંર્યામીરૂપે કરીને રહ્યા છે...."

વચ. લો. ૭મું :- "...એ સર્વને વિષે ભગવાન જે તે અંતર્યામીરૂપે કારણપણે કરીને રહ્યા છે..."

વચ. લો. ૧૮મું :- "...એવા તે ભગવાન... સર્વના અંતર્યામી છે..."

વચ. મ. ૨૭મું :- "...ભગવાન સર્વાંતર્યામી છે; તે એક ઠેકાણે રહીને સર્વના અંતરને જાણે છે..."

વચ. અમ. ૪થું :- "...ભગવાન અંતર્યામી છે..."

વચ. અં. ૩૨મું :- "...ભગવાન... સર્વના નિયંતા છે, સર્વના અંતર્યામી છે..."

● પરમાત્માનું વ્યતિરેકપણું ●

વચ. પ્ર. ૭મું :- "...એ સર્વથી પૃથક્પણે કરીને પોતાના ગોલોકધામને વિષે જે બ્રહ્મજ્યોતિ તેને વિષે રહ્યા છે એમ જે કહેવું તે એ ભગવાનનું વ્યતિરેકપણું છે..."

વચ. પ્ર. ૭૮મું :- "...તે ભગવાન વ્યતિરેક થકા સર્વમાં અન્વયપણે રહ્યા છે અને અન્વય થકા પણ વ્યતિરેક છે..."

વચ. સા. પ્ર. ૫મું :- "...જીવ, ઈશ્વર ને અક્ષર તે થકી પર જે અક્ષરાતીત સ્વરૂપ એ પુરુષોત્તમનું વ્યતિરેક સ્વરૂપ છે..."

વચ. કા. ૪થું :- "...તેમ ભગવાન પણ પોતાના અક્ષરધામને વિષે મૂર્તિમાન થકા પોતાની અંતર્યામી શક્તિએ કરીને જીવોને વિષે વ્યાપીને રહ્યા છે ને મૂર્તિમાનની પેઠે ક્રિયાને કરે છે..."

વચ. લો. ૪થું :- "...તે ભગવાન પોતાના અક્ષરધામમાં એક ઠેકાણે રહ્યા થકા પોતાની ઈચ્છાએ કરીને તે અનંતકોટિ બ્રહ્માંડને વિષે પોતાના ભક્તને અર્થે અનંતરૂપે દેખાય છે..."

વચ. પં. ૪થું :- "...ભગવાનનું સનાતન અનાદિ દિવ્ય એવું જે મૂળ રૂપ પોતાના અક્ષરધામમાં રહ્યું છે..."

વચ. મ. ૧૦મું :- "...પુરુષોત્તમ ભગવાન છે તે બ્રહ્મરૂપ જે પોતાની અંતર્યામી શક્તિ તેણે કરીને સર્વને વિષે વ્યાપક છે ને મૂર્તિમાન થકા સર્વથી જુદા છે..."

વચ. મ. ૧૩મું :- "...જે તેજને વિષે મૂર્તિ છે તે જ આ પ્રત્યક્ષ મહારાજ છે, એમ જાણજો...."

વચ. મ. ૪૨મું :- "...તેમ પુરુષોત્તમ ભગવાન બ્રહ્માંડ - બ્રહ્માંડ પ્રત્યે જ્યાં જેવું રૂપ પ્રકાશ્યું જોઈએ ત્યાં તેવા રૂપને અક્ષરધામમાં રહ્યા થકા પ્રકાશે છે અને પોતે તો સદાય અક્ષરધામમાં રહે છે...."

વચ. વર. ૭મું :- "...અન્વય વ્યતિરેકની વાર્તા તો એમ છે જે, ભગવાન અર્ધાક માયાને વિષે અન્વય થયા છે ને અર્ધાક પોતાના ધામને વિષે વ્યતિરેક રહ્યા છે એમ નથી, એ તો ભગવાનનું સ્વરૂપ જ એવું છે જે માયામાં અન્વય થયા થકા પણ વ્યતિરેક જ છે. પણ ભગવાનને એમ બીક નથી જે, 'રખે હું માયામાં જાઉં ને અશુદ્ધ થઈ જાઉં.' ભગવાન તો માયાને વિષે આવે ત્યારે માયા પણ અક્ષરધામરૂપ થઈ જાય છે. અને ચોવીશ તત્ત્વને વિષે આવે તો ચોવીશ તત્ત્વ પણ બ્રહ્મરૂપ થઈ જાય છે..."

વચ. અં. ૩૧મું :- "...ગુણાતીત એવું જે અક્ષરધામ તેને વિષે જે મૂર્તિ છે તે જ મૂર્તિ પ્રત્યક્ષ છે, એ બેમાં ફેર નથી..."

વચ. અં. ૩૫મું :- "...ને સદા પોતાના અક્ષરધામને વિષે વિરાજમાન છે ને રાજાધિરાજ છે ને તે જ આ પ્રત્યક્ષ છે..."

વચ. અં. ૩૭મું :- "...એ ભગવાન છે તે પોતાના ધામરૂપ એક દેશને વિષે રહ્યા થકા જ અન્વયપણે અનેક બ્રહ્માંડને વિષે રહ્યા જે સર્વે જીવના સમૂહ તેમને વિષે તેમના યથાયોગ્ય કર્મ-ફળપ્રદાતાપણે અંતર્યામીરૂપે કરીને રહ્યા છે..."

આ બંને અર્થો સ.ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામી તથા ભાગવતના ટીકાકારોના આધારે પણ કર્યા છે. જેઓએ આ રીતે **વ્યુત્પત્તિ** કરી છે :

૧. **'असंख्यकोटिमुक्तपुरुषाणां समूहो नारं तस्मिन्नयनं निवासस्थानं यस्य तम् अक्षरधामनि स्थितेषु मुक्तकोटिषूपास्यत्वेन वसन्तमित्यर्थः'**

(શ્રી ગોપાળાનંદ સ્વામી - ભાગવતટીકા નિગૂઢાર્થપ્રકાશવ્યાખ્યાનમ્ : ૧૦/૪૦/૧)

૨. **'नयति इति नरः प्रोक्तः परमात्मा सनातनः इति वचनात्, नरः परमात्मा 'जह्नुर्नारायणो नर' इति नरशब्दस्य श्रीभगवन्नामसु पाठातरि वा नरः परमात्मा नरसम्बन्धयोग्या नारास्तेषामयनं स्थानमिति नारायणः'**

(વીર રાઘવાચાર્ય કૃત ભાગવત ચંદ્ર ચંદ્રિકા - ૧૦/૧૪/૧૪ તથા શ્રીવલ્લભાચાર્યમહારાજકૃત શ્રીસુબોધિનીલેખ : ૧૦/૮/૨૦)

૩. **'नराणाम् अक्षरधामस्थमुक्तपुरुषाणां समूहो नारं तदयते क्रीडनार्थं प्राप्नोति इति नारायणः ।'** (શ્રી સત્સંગિજીવન : ૧/૫૧/૩૪)

૪. - **'नारं नरसमूहम् अयते तत् शरणागतत्वेन प्राप्नोतीति नारायणः ।'**

(આદિઆચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ કૃત જનમંગલ સ્તોત્ર શ્લો. ૧૨ 'ભાવાર્થ પ્રકાશિકા' વ્યાખ્યા)

૫. **'नराणामयनत्वाच्च नारायण इति स्मृतोः नारस्त्विति सर्वपुंसां समूहः परिकीर्तितः ।'**

(શ્રીમદ્ રહસ્યત્રયસાર)

આમ, અંદર ને બહાર વ્યાપીને રહેલા, સમગ્ર ચિત્-અચિત્ વસ્તુમાત્ર પરબ્રહ્મનું **શરીર** છે અને પરમાત્મા પોતે સ્વેતર - સમસ્ત **ચિત્-અચિત્** અક્ષરથી આરંભીને **સ્તંભ-પર્યંત** સર્વના શેષી, શરીરી, નિયંતા અને પ્રેરક છે. માટે તે પરમાત્મા સ્વશરીરભૂત ચિત્-અચિત્ વસ્તુમાત્રથી **વિશિષ્ટ** એવા **અદ્વિતીય** સ્વરૂપ હોવાથી 'વિશિષ્ટાદ્વૈત' એમ કહેવાય છે. અને એ જ 'વિશિષ્ટાદ્વૈત' સ્વરૂપ પરમાત્મા **પ્રસ્થાન-ત્રયી** (ઉપનિષદ્, બ્રહ્મસૂત્ર, ભગવદ્ ગીતા) પ્રતિપાદ્ય **પરમ તત્ત્વરૂપ** છે અને અક્ષરમુક્તો મધ્યે રહેલા છે, જે અક્ષરમુક્તોના પણ ઉપાસ્ય સ્વરૂપ છે તેને **'નારાયણ'** કહેવાય છે. આવા **વિશાળ અર્થ**નો બોધ કરનાર નારાયણ શબ્દને અનેક **બીજા વિશેષણો** લગાડી નાનો બનાવી દેવામાં આવ્યો. જેમ કે, શેષનારાયણ, સૂર્યનારાયણ, વૈરાટનારાયણ, બદ્રિનારાયણ, સત્યનારાયણ, નરનારાયણ, લક્ષ્મીનારાયણ - આ બધા જ શબ્દોમાં શેષ, સૂર્ય, વૈરાટ આદિક વિશેષણ નારાયણ શબ્દને લાગવાથી નારાયણ શબ્દ હવે વિશાળ અર્થને ન કહેતા એક **સંકુચિત અર્થ**ને કહેવા લાગે છે.

- **'भेद्यं विशेष्यमित्याहुर्भेदकं तु विशेषणम् । प्रधानं तु विशेष्यं स्यादप्रधानं विशेषणम् ।।'** - બીજાથી અલગ થનારને વિશેષ્ય કહેવાય છે. અને બીજાથી અલગ કરનારને વિશેષણ કહેવાય છે. તેમાં વિશેષ્ય પ્રધાન (મુખ્ય) છે. અને વિશેષણ અપ્રધાન (ગૌણ) હોય છે.

(લઘુસિદ્ધાન્ત કૌમુદી - ભૈમીવ્યાખ્યા)

- **'विद्यमानं सदितर व्यावर्तकं विशेषणम् ।'**- વિદ્યમાન રહીને અન્યની વ્યાવૃત્તિ કરે તેને **વિશેષણ** કહેવાય છે. (પ્રૌઢમનોરમાટીકા શબ્દરત્ન)

આ વ્યાકરણના નિયમ અનુસાર જેના દ્વારા કોઈ વસ્તુ **વિશિષ્ટ** કરવામાં આવે અથવા બીજી વસ્તુઓથી અલગ કરી નવી ઓળખાણ દેવામાં આવે તેને **વિશેષણ** કહેવાય. જેમ કે, લાલ ગાય, આમાં લાલ વિશેષણ પદ, ગાય વિશેષ્ય પદને બીજી સફેદ અને કાળી ગાયોથી અલગ કરી લાલગાયના રૂપમાં વિશિષ્ટ કરે છે. હવે લાલ ગાય કહેવાથી સફેદ ગાય કે કાળી ગાયનો બોધ નહી થઈ શકે. લાલ વિશેષણે ગાય વિશેષ્યના અર્થને એટલો સંકુચિત બનાવી દીધો કે હવે તે સફેદ ગાય કે કાળી ગાયનો બોધ કરાવી શકશે નહિ. તેવી જ રીતે જ્યારે નારાયણ શબ્દને શેષ, સૂર્ય, વૈરાટ આદિક વિશેષણો લગાડવામાં આવે છે ત્યારે અતિ વિશાળ અર્થ જે પરબ્રહ્મને સૂચવનારો જે **'નારાયણ'** શબ્દ સંકુચિત બની જાય છે. હવે તે નારાયણ શબ્દ પરબ્રહ્મનો બોધક ન રહેતા કેવળ શેષનાગ, સૂર્યદેવ, વિરાટપુરુષ આદિકનો જ બોધ કરનારો રહે છે, પરંતુ હવે એ પરબ્રહ્મને સૂચવનાર રહ્યો નથી.

આવી સંકુચિત વૃત્તિને જોતા સ્વયં ભગવાન શ્રીહરિએ 'નારાયણ' શબ્દને **'સ્વામી'** વિશેષણ લગાડી પાછો અતિ વિશાળ અર્થ જે પરબ્રહ્મ તેનો બોધ કરનારો બનાવી દીધો. યથાવત્ સ્થાને રાખી દીધો.

ભગવાન શ્રી સ્વામિનારાયણ **સ્વયં** કહે છે :-

'સ્વામિનારાયણ નામ સાર, રટજો સહુ તે નરનાર; સર્વે નારાયણનો હું સ્વામી, માટે રહેજો મને કરભામી.
બીજા નારાયણ નામ ઘણા, કહું નામ થોડાક તે તણા; સૂર્યનારાયણ જે કહેવાય, વૈરાટનારાયણ પણ લેવાય.
લક્ષ્મીનારાયણ નામ કહે છે, નરનારાયણ નામ લહે છે; વાસુદેવનારાયણ સાર, એવા નારાયણ નામ અપાર.
તે સૌ નારાયણનો હું સ્વામી, સહુ રહ્યા મને કરભામી; માટે સ્વામિનારાયણ જેહ, નામ મારું છે કહું છું તેહ.
સર્વોપરિ નામ છે એ સાર, માટે રટજો સહુ નરનાર; એહ નામ રટે જન જેહ, પામે અલૌકિક સુખ તેહ.
એમ હરિએ નિજનામ તણો, કહ્યો મહિમા મુખેથી ઘણો;'

(પુરુષોત્તમ લીલામૃત સુખસાગર : તરંગ ૧૩)

હવે સ્વામી અને નારાયણ - આ બંને શબ્દોમાં ભગવાન શ્રી સ્વામિનારાયણની જમણીભૂજા સમાન સ.ગુ. શ્રી શુકાનંદ સ્વામીએ સમ્રાટ ગ્રંથરત્ન **'શ્રી સત્સંગિજીવન'**ની **'હેતુટીકા'** વગેરે સાંપ્રદાયિક ધર્મગ્રંથોમાં ભગવાન શ્રીહરિની રુચિ અનુસાર **કર્મધારય સમાસ** કર્યો છે. જેમ કે,

શ્રી સત્સંગિજીવન-હેતુટીકા :



- 'स्वामी सकलैश्वर्यसम्पन्नः स चासौ नारायणश्च । नराणां समूहो नारं तदयनं निवासस्थानं यस्य स नारायणः । अन्तर्यामीत्यर्थः । इति ।।

यद्वा स्वामिशब्दः पतिपर्यायः । स्वाश्रितसकलजनानां कालमायायमादिभ्यो रक्षणसमर्थत्वात् पतिरित्यर्थः । नरस्य नराकृतेः धर्मस्यापत्यं पुमान्नारायणः । स चासौ स चेत्याख्या नाम यस्य सः (स्वामिनारायणः) । इति ।। (श्री सत्संगिजीवन हेतुटीकाः २/२४/४६)

श्री सत्संगिजीवन-भावबोधिनीटीका :



'त्वमसि सर्वेषां निरुपाधिकः स्वामी नारायणः' तत्सम्बुद्धौ स्वामिनारायण इति ।

(श्री सत्संगिजीवन-भावबोधिनी : २/२८/१६)

આદિઆચાર્ય શ્રી રઘુવીરજી મહારાજશ્રીએ 'જનમંગલ સ્તોત્ર'ની વ્યાખ્યામાં ભગવાન શ્રીહરિની રુચિ અનુસાર 'સ્વામિનારાયણ' મહામંત્રમાં **કર્મધારય સમાસ** જ કર્યો છે. જોઈએ તેઓશ્રીના જ શબ્દો :-



- 'स्वमैश्वर्यमस्तीति स्वामी नरस्य नराकृतेः धर्मस्य अपत्यं पुमान् नारायणः स चासौ स चेति स्वामिनारायणः । मनुष्यपुत्रतया प्रसिद्धोऽपि सकलैश्वर्यसम्पन्न एवेत्यर्थः । इति ।।

यद्वा स्वामिशब्दः पतिपर्यायः । स्वाश्रितसकलजनानां कालमायायमादिभ्यो रक्षणसमर्थत्वात् पतिरित्यर्थः, नारं नरसमूहम् अयते तच्छरणागतत्वेन प्राप्नोतीति नारायणः स चासौ स चेति स्वामिनारायणः । स्वयं रक्षणसमर्थत्वाद् बहून् शरणागतान् प्राप्नुवन्नित्यर्थः । इति ।।

(આદિઆચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ કૃત જનમંગલ સ્તોત્ર શ્લો. ૧૨ 'ભાવાર્થ પ્રકાશિકા' વ્યાખ્યા)

આદિઆચાર્ય શ્રી રઘુવીરજી મહારાજશ્રીએ 'સર્વમંગલ સ્તોત્ર'ની વ્યાખ્યામાં ભગવાન શ્રીહરિની રુચિ અનુસાર 'સ્વામિનારાયણ' મહામંત્રમાં **કર્મધારય સમાસ** જ કર્યો છે. જોઈએ તેઓશ્રીના જ શબ્દો :-



સ્વમૈશ્વર્યમસ્યાસ્તીતિ સ્વામી સકલૈશ્વર્યસમ્પન્નો નરસ્યાપત્યં નારાયણઃ, દુર્વાસઃશાપેન ધૃતનરાકૃતેઃ શ્રીધર્મદેવસ્ય પુત્રઃ સ ચાસૌ સ ચ તમ્ નરાકૃતિત્વેઽપિ પ્રકટિતૈશ્વર્યત્વાત્ સ્વામિનારાયણ ઇત્યન્વર્થસઞ્જ્ઞામિત્યર્થઃ । ઇતિ ।।

(આદિઆચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ કૃત સર્વમંગલ સ્તોત્ર શ્લો.૧ 'ભાવપ્રબોધિની' વ્યાખ્યા)



- स्वामी सकलैश्वर्यसम्पन्नः स चासौ नारायणश्च । नराणां समूहो नारं तदयनं निवासस्थानं यस्य स नारायणः (स्वामिनारायणः) । अन्तर्यामीत्यर्थः । इति ।।

(આદિઆચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ કૃત સર્વમંગલ સ્તોત્ર શ્લો.૭૩ 'ભાવપ્રબોધિની' વ્યાખ્યા)

આચાર્ય શ્રી ભગવત્પ્રસાદજી મહારાજે **'શ્રીહરિલીલાકલ્પતરુ'**ની રસબોધિની નામની વ્યાખ્યામાં ભગવાન શ્રીહરિની રુચિ અનુસાર

'સ્વામિનારાયણ' મહામંત્રમાં **કર્મધારય સમાસ** જ કર્યો છે. જોઈએ તેઓશ્રીના જ શબ્દો :-



- स्वामी च स एव नारायणश्चेति स्वामिनारायणः । इति ।। (સ્કંધ - ૪, અ. - ૨૦, શ્લો. ૨૫)



- स्वामी पतिश्चासौ नरस्य धृतमनुष्याकृतेः धर्मस्यापत्यं च तत्संबुद्धिः स्वामिनारायण । इति ।। (સ્કંધ - ૪, અ. - ૫૦, શ્લો. ૧)



- श्री स्वामिनारायणापरपर्यायश्रीहरिकृष्णभगवत इत्यर्थः । इति ।।

(સ્કંધ - ૩, અ. - ૪, શ્લો. ૩૬)

निर्दिशति—श्रीस्वामिनारायण इति । सर्वस्वामित्वं नारायण एव सुप्रसिद्धं श्रुतिषु । तमिमं परब्रह्मासाधारणेन लक्षणेन लक्षयति-यो विश्वस्येत्यादिना । ''जन्माद्यस्य यत ''इति

- श्रीस्वामिनारायणम् अतुल्यश्री-दिव्यैश्वर्यवन्तं परमेश्वरम् । इति ।। (સ્કંધ - ૩, અ. - ૧૧, શ્લો. ૨૦)

- स्वामिनारायणं महामन्त्ररूपस्वामिनारायणनामा तम् । इति ।। (સ્કંધ - ૬, અ. - ૧૮, શ્લો. ૬)

સ.ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામી કૃત 'ગીતાભાષ્ય'ના મંગળાચરણ શ્લોકની વ્યાખ્યા કરતા સ.ગુ. શ્રી શુકાનંદ સ્વામીએ પણ ભગવાન શ્રીહરિની રુચિ અનુસાર 'શ્રી સ્વામિનારાયણ' મહામંત્રમાં **કર્મધારય** સમાસ જ કર્યો છે. જોઈએ તેઓશ્રીના જ શબ્દોમાં :



- सर्वस्वामित्वं नारायण एव सुप्रसिद्धं श्रुतिषु । इति ।।

(શ્રી ગોપાળાનંદ સ્વામી કૃત ગીતાભાષ્ય - મંગલાચરણ શ્લોક-૧)

સ.ગુ. બ્રહ્મ. શ્રી અચિંત્યાનંદ સ્વામી વિરચિત 'શ્રીહરિસંભવમહાકાવ્ય'ના સર્ગ - ૨, શ્લોક - ૮માં આવેલ 'સ્વામિનારાયણ' શબ્દનો સમાસ **શ્રી ભોળાનાથ ભટ્ટ** વિદ્વજ્જનાહ્લાદિની ટીકામાં આ રીતે **કર્મધારય સમાસ** કરે છે, જેમ કે :-



द्वितीयः सर्गः ६९

विद्वज्जनाह्लादिनी

तदिति । इहास्यां पृथिव्याम् । नराः पुरुषाश्चाङ्गना स्त्रियश्च तासां जातं वृन्दम् । कर्तृजातं व्यक्तौघजन्मसु, इति मेदिनी । स्वामी क्षराक्षराणामधिपतिः । स चासौ नारायणश्चेति नाम आह्वा तस्य धर्ता धारकस्तस्य 'आख्याह्वेऽभिधानं

-'स्वामी क्षराक्षराणामाधिपतिः स चासौ नारायणश्चेति स्वामिनारायणः । इति ।।'

દીનાનાથ ભટ્ટના ટીકરા જે ભોળાનાથ ભટ્ટે આદિઆચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ વિરચિત **'શ્રીહરિવાક્યસુધાસિંધુ'**ની **સેતુમાલા ટીકા**માં શ્રી રઘુવીરજી મહારાજને લેખન અને સંશોધનમાં સહાય કરી હતી. તેમનો પરિચય શ્રી રઘુવીરજી મહારાજે સેતુમાલા ટીકાના અંતમાં આ રીતે આપ્યો છે :-

-'एतन्महाप्रयासे तु सहाये लेखने तथा । शोधनेऽभवतां द्वौ मे विद्वांसौ स्वाश्रिताविमौ ।।६।।'

-'शुकानन्दमुनिर्विप्रो भोलानाथाभिधस्तथा । हरेरनन्यभक्तौ द्वौ तत्प्रसन्नत्वकामुकौ ।।७।।'

આદિઆચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ લખે છે કે, શ્રીહરિવાક્યસુધાસિંધુની **સેતુમાલા ટીકા**ના લેખનકાર્યમાં અને સંશોધનમાં વિદ્વાન્ સંત શુકાનંદ સ્વામી અને વિદ્વાન શ્રીહરિના અનન્યભક્ત ભોળાનાથે સહાય કરી છે. આથી જણાય છે કે ભોળાનાથ ભટ્ટ વચનામૃતના પણ જ્ઞાની હતા.

સ.ગુ. શ્રી અદ્‌ભુતાનંદ સ્વામીના શિષ્ય વિદ્વાન સ.ગુ. શ્રી ઘનશ્યામચરણદાસજી સ્વામીએ **'આધ્યાત્મિક તત્ત્વાખ્યાનમ્'** ગ્રંથમાં પણ ભગવાન શ્રીહરિની રુચિ અનુસાર 'શ્રી સ્વામિનારાયણ' મહામંત્રમાં **કર્મધારય સમાસ** કર્યો છે. જોઈએ તેઓશ્રીના જ શબ્દોમાં :

नारा अयनमस्येति सर्वान्तर्व्याप्तिरुच्यते ।
नराणामयनं चेति सर्वाधारत्वमुच्यते ।। ७२ ।।

स्वामीति सर्व शेषित्वमुक्तं सर्वात्मनोऽस्य च ।
नररूपस्य धर्मस्यापत्यं नारायणस्तथा ।। ७३ ।।

कर्मधारयवृत्त्याऽयं स्वामिनारायणेति वै ।
मन्त्रः सर्वान्तरात्मानं सर्वाधारं पतिं तथा ।। ७४ ।।

- 'कर्मधारयवृत्त्यायं स्वामिनारायणेति वै । मन्त्रः सर्वान्तरात्मानं सर्वाधारं पतिं तथा ।। इति ।।'

(આધ્યાત્મિક તત્ત્વાખ્યાનમ્ : ૨૨/૭૪)

ગ્રંથરાજ મહાન સમ્રાટ શ્રીમદ્ સત્સંગિજીવનમાં સ.ગુ. શ્રી શતાનંદ સ્વામી પણ હરિકૃષ્ણ, ઘનશ્યામ, નીલકંઠ, સહજાનંદ સ્વામી અને સ્વામિનારાયણ - આ બધા નામો **એક વ્યક્તિ પરક** જ ઘટાડે છે. અર્થાત્ **નામ ભેદ** છે **અર્થ ભેદ** નથી. આ રહ્યા સ.ગુ. શ્રી શતાનંદ સ્વામીના જ શબ્દો :-

- 'सैष नारायणमुनिः सहजानंद नामकः । स्वामिनारायणाख्यश्च स्वाम्याख्यश्च विराजते ।।' (શ્રી સત્સંગિજીવન : ૨/૨૪/૩૬)
'हरिकृष्णो घनश्यामो नीलकण्ठश्च स स्मृतः । स्वामी च सहजानंदः स्वामिनारायणस्तथा ।।' (શ્રી સત્સંગિજીવન : ૫/૬૯/૧૩)
- 'स्वामिनारायणो नीलकण्ठो नारायणो हरिः । हरिकृष्णश्च सहजानन्दः कृष्णोस्तु मे हृदि ।।' (શ્રી સત્સંગિજીવન માહાત્મ્ય : ૪/૨)

જનમંગલ સ્તોત્રના દેવતા ધર્મના દીકરા એવા ભગવાન શ્રીહરિ છે, એમ શતાનંદ સ્વામી સ્વયં જનમંગલ સ્તોત્ર અને સર્વમંગલ સ્તોત્રમાં કહે છે. માટે સ્વામિનારાયણ શબ્દ એકમાત્ર ભક્તિધર્મના દીકરા એવા સહજાનંદ સ્વામી માટે જ વપરાયેલો છે. અર્થાત્ **કર્મધારય સમાસ** છે.

સ.ગુ. શ્રી અદ્‌ભુતાનંદ સ્વામીના શિષ્ય વિદ્વાન સ.ગુ. શ્રી ઘનશ્યામચરણદાસજી સ્વામીએ 'આધ્યાત્મિક તત્ત્વાખ્યાનમ્'નામના ગ્રંથમાં 'સ્વામિનારાયણ' શબ્દમાં **કર્મધારય સમાસ** થાય છે તે વાતને પોતાના ગ્રંથમાં અનુષ્ટુપ્‌છંદમાં આવરી લીધી છે. જેમ કે :- 'कर्मधारयवृत्त्यायं स्वामिनारायणेति वै । मन्त्रः सर्वान्तरात्मानं सर्वाधारं पतिं तथा ।।' (૨૨/૭૪)

અર્થાત્ 'स्वामी चासौ नारायणः इति स्वामिनारायणः[૧] ।' વિશેષણં વિશેષ્યેણ બહુલમ્ । (અષ્ટાધ્યાયી : ૨/૧/૫૭) આ પાણિનિસૂત્રથી સમાસ થશે. જે સમાસને 'तत्पुरुषः समानाधिकरणः कर्मधारयः ।' (અષ્ટાધ્યાયી : ૧/૨/૪૨) આ પાણિનિસૂત્રથી **કર્મધારય સમાસ** કહેવાય છે અર્થાત્ **સમાનાધિકરણ** તત્પુરુષ સમાસને **'કર્મધારય'** નામથી કહેવામાં આવે છે. 'सामानाधिकरण्यम्'નું **લક્ષણ** એ છે કે, 'भिन्नप्रवृत्तिनिमित्तानां शब्दानामेकस्मिन्नर्थे वृत्तिः सामानाधिकरण्यम्।' જુદા જુદા સાર્થક અર્થમાં પ્રવર્તવારૂપ નિમિત્તભેદવાળા શબ્દો એક જ અર્થમાં પ્રવર્તે (એક જ ધર્મી પદાર્થનો બોધ કરે) તે સમાનાધિકરણ્ય કહેવાય. જેમ કે - **'સ્વામી'** એટલે ક્ષર-અક્ષર આદિકને નિયમન-પાલનાદિ કરવારૂપ ઐશ્વર્ય સંપન્ન અને 'નારાયણ' એટલે અંતર્યામી અક્ષરમુક્તોને પણ ઉપાસ્ય પરબ્રહ્મ આ રીતે બંને સાર્થક શબ્દો જુદા જુદા અર્થોને જ કહેનારા છે. અર્થાત્ 'સ્વામિત્વવિશિષ્ટ' વસ્તુને કહેનારો 'સ્વામી' શબ્દ છે અને 'નારાયણત્વવિશિષ્ટ' વસ્તુને કહેનારો 'નારાયણ' શબ્દ છે. પરંતુ આ બંને સાર્થક શબ્દો 'स्वामी चासौ नारायणश्च' આમ એક સાથે મૂકવાથી 'સ્વામિત્વ' અને 'નારાયણત્વ' આ બંને જુદા જુદા ધર્મરૂપ અર્થ નીકળી જઈને 'स्वाम्यभिन्नो नारायणः' - અર્થાત્ 'સ્વામી એવા જે નારાયણ' આવો એક **અખંડ** અર્થ લઈને એક જ **વ્યક્તિ વિશેષ**નો બોધ કરે છે. જેનો **વ્યુત્પત્તિજન્ય અર્થ** થાય છે - સર્વજગતનું સર્જવાપણું, આત્માપણું, અંતર્યામીપણું, સર્વઆધારપણું, સર્વફળપ્રદાતાપણું વગેરે બહુવિધ ઐશ્વર્ય સંપન્ન હોવાથી **'સ્વામી'** અને સર્વની અંદર ને બહાર વ્યાપી રહેલા હોવાથી **નારાયણ** અને તે બંને મળીને **'સ્વામિનારાયણ'** આ મહામંત્ર થયો. જેનો અર્થ આ રીતે થશે જે ક્ષર-અક્ષરાત્મા, સર્વજ્ઞ, સર્વકર્તા, સર્વનિયંતા, સર્વાધાર, સર્વવ્યાપક, સર્વકારણના કારણ, સ્વયંપ્રકાશક, સ્વતંત્ર, સર્વેશ્વરેશ્વર, સર્વના સ્વામી તેને કહેવાય 'સ્વામિનારાયણ.' આ **'સ્વામિનારાયણ'** મહામંત્ર એક **યોગરૂઢ** શબ્દ છે.

વ્યાકરણ શાસ્ત્રની દૃષ્ટિએ શબ્દનો ચાર પ્રકારે બોધ થાય છે. ૧. રૂઢ ૨. યોગરૂઢ ૩. યૌગિક ૪. યૌગિકરૂઢ.

૧. **પહેલો પ્રકાર : રૂઢ** :- રૂઢ શબ્દ કોને કહેવાય તે સમજાવતા **લઘુમંજૂષાકાર** શ્રી નાગેશ ભટ્ટ કહે છે :- 'अवयवार्थमनपेक्ष्य समुदायशक्तिमात्रेणार्थबोधकत्वं रूढत्वम् ।' પ્રકૃતિ-પ્રત્યયરૂપી અવયવના અર્થોની અપેક્ષાવગર કેવળ સમુદાય શક્તિથી અર્થનો બોધ કરે તે **રૂઢ** કહેવાય અર્થાત્ જે શબ્દની વ્યુત્પત્તિ થતી ન હોય અને જે શબ્દનો પ્રયોગ પરંપરાગત કોઈ એક નિશ્ચિત વસ્તુ કે વ્યક્તિ માટે જ પ્રયોજાતો હોય તેને રૂઢ શબ્દ કહેવાય. જેમ કે, **ગાય** - હવે ગાય શબ્દમાં 'ગા' તથા 'ય' એમ બે અક્ષરો છે. આ બંને અક્ષરોનો અલગ અલગ કોઈજ અર્થ નીકળતો નથી. પરંતુ બંને શબ્દના સમુદાયથી ગળે ગોદડીવાળા પ્રાણીનું જ્ઞાન થાય તેને ગાય કહેવાય. આમ ગાય શબ્દને એક **રૂઢ શબ્દ** કહેવાય છે.

૨. **બીજો પ્રકાર : યોગરૂઢ** :- યોગરૂઢ શબ્દને સમજાવતા લઘુમંજૂષાકાર **શ્રી નાગેશ ભટ્ટ** કહે છે : 'अवयवार्थसंवलितसमुदायशक्त्याऽर्थबोधकत्वम् योगरूढत्वम् ।' પ્રકૃતિ-પ્રત્યયરૂપી અવયવોના અર્થ સંમિલિત થઈને સમુદાય શક્તિથી અર્થનો બોધ કરાવે તેને **યોગરૂઢ** કહેવાય છે. અર્થાત્ જે શબ્દનો વ્યુત્પત્ત્યનુસારે અર્થ નીકળતો હોવા છતાં પણ તે શબ્દનો પ્રયોગ કોઈ નિશ્ચિત વસ્તુ કે વ્યક્તિ માટે જ થતો હોય તો તેને યોગરૂઢ કહેવાય. જેમ કે, પંકજ

(૧.) 'स्वामिन् सु - नारायण सु' આ સમુદાયની 'कृतद्धितसमासाश्च ।।१।२।४६।।' સૂત્રથી પ્રાતિપાદિક સંજ્ઞા થવાથી 'सुपो धातुप्रातिपादिकयोः ।।२।४।७१।।' સૂત્રથી બંને 'સુ' પ્રત્યયનો 'લુક્' થતા 'स्वामिन् नारायण' શબ્દ બન્યા પછી 'स्वामिन्' શબ્દની પાછળ 'લુક્' થયેલ 'સુ' પ્રત્યયને 'प्रत्ययलोपे प्रत्ययलक्षणम् ।।१।१।६२।।' સૂત્રથી લુપ્ત 'સુ' પ્રત્યયને આશ્રિત કાર્ય જે પદસંજ્ઞા થતા 'न लोपः प्रातिपादिकान्तस्य ।।८।२।७।।' સૂત્રથી 'स्वामिन् नारायण' શબ્દમાં રહેલ 'स्वामिन्' શબ્દના 'न' કારનો લોપ થયો. અને તે નકારનો લોપ 'नलोपः सुप्स्वरसंज्ञातुग्विधिषु कृति ।।८।२।२।।' સૂત્રથી અસિદ્ધ થતા 'सुपो धातुप्रातिपादिकयोः ।।२।४।७१।।' સૂત્રથી 'લુક્' થયેલ 'સુ' પ્રત્યયને 'प्रत्ययलोपे प्रत्ययलक्षणम् ।।१।१।६२।।' સૂત્રથી લુપ્ત 'સુ' પ્રત્યયને આશ્રિત કાર્ય થતા 'सौ च ।।६।४।१३।।' સૂત્રથી દીર્ઘ કરવા જતા 'न लुमताऽङ्गस्य ।।१।१।६३।।' સૂત્રથી દીર્ઘનો નિષેધ થતા 'स्वामिनारायण' શબ્દમાં રહેલ 'स्वामि' શબ્દને દીર્ઘ થતો નથી.

શબ્દ, 'પડ્કાત્ જાયતે ઇતિ, પડ્કજમ્ ।' કાદવમાંથી જે (કોઈપણ વનસ્પતિ કે વીંછી આદિ જંતુ) જન્મે તેને પંકજ કહેવાય. આ વ્યુત્પત્તિ અનુસાર અર્થ થતો હોવા છતાં પણ આ પંકજ શબ્દનો પ્રયોગ કેવળ એક નિશ્ચિત વસ્તુ 'કમળ' માટે જ થાય છે. માટે આ પંકજ શબ્દને **યોગરૂઢ શબ્દ** કહેવાય છે.

૩. **ત્રીજો પ્રકાર યૌગિક :-** યૌગિક શબ્દને સમજાવતા **લઘુમંજૂષાકાર** શ્રી નાગેશ ભટ્ટ કહે છે :- 'અવયવશક્ત્યૈવાર્થબોધકત્વમ્ યૌગિકત્વમ્ ।' અર્થાત્ પ્રકૃતિ-પ્રત્યયરૂપી અવયવની શક્તિમાત્રથી અર્થનો બોધ કરે તેને **યૌગિક** શબ્દ કહેવાય. જેમ કે, **પાચક** - આ શબ્દમાં 'પચ્' ધાતુ છે. અને 'અક' પ્રત્યય છે જેમાં ધાતુનો અર્થ પકાવવું છે અને પ્રત્યયનો અર્થ કર્તા છે. વ્યુત્પત્તિ અનુસાર આ શબ્દનો અર્થ થાય છે - પકાવવાવાળો. આમ, પ્રકૃતિ અને પ્રત્યયથી બોધ થતો હોવાથી પાચક શબ્દને **યૌગિક શબ્દ** કહેવાય છે.

૪. **ચોથો પ્રકાર યૌગિકરૂઢ :-** યૌગિકરૂઢ શબ્દને સમજાવતા લઘુમંજૂષાકાર **શ્રી નાગેશ ભટ્ટ** કહે છે :- 'अवयवशक्त्या समुदायशक्त्या चार्थबोधकत्वम् यौगिकरूढत्वम् ।' -અર્થાત્ પ્રકૃતિ-પ્રત્યયરૂપી અવયવ શક્તિથી તથા કેવળ સમુદાયશક્તિથી જે અર્થનો બોધ કરાવે તેને યૌગિકરૂઢ શબ્દ કહેવાય છે. જેમ કે, મંડપ - આ મંડપ શબ્દના બે અર્થો થાય છે 'मण्डं पिबति इति मण्डपः' - અર્થાત્ ઓસામણ પીનાર. આવો પ્રકૃતિ-પ્રત્યયરૂપી અવયવ શક્તિ (**યૌગિક શબ્દ**)થી બોધ થાય છે અને બીજો કેવળ સમુદાયશક્તિથી મંડપનો અર્થ માંડવો એવો **રૂઢ શબ્દ**નો બોધ થાય છે.

એવી જ રીતે **'સ્વામિનારાયણ'** મહામંત્ર **યોગરૂઢ** શબ્દ છે.

'स्वम् ऐश्वर्यम् अस्यास्तीति स्वामी, नारं अयनं निवासस्थानं यस्य इति नारायणः, स्वामी चासौ नारायणः इति स्वामिनारायणः ।' - એવી વ્યુત્પત્તિ અનુસારે અર્થ થતો હોવા છતાં, આ શબ્દ અક્ષરધામસ્થ સંપૂર્ણૈશ્વર્ય સંપન્ન, સર્વાધાર, સર્વજ્ઞ, સર્વાત્મા, ક્ષરાક્ષરાતીત, સર્વના નિયંતા, સર્વતંત્ર-સ્વતંત્ર, સ્વયંપ્રકાશક, સર્વાંતર્યામી, સર્વવ્યાપક, સર્વકારણના કારણ, સર્વઅવતારના અવતારી પરબ્રહ્મ પૂર્ણપુરુષોત્તમ ભગવાન જે છપૈયા ગામમાં ધર્મપિતા અને ભક્તિમાતા થકી મનુષ્યરૂપે પ્રગટ થયા હતા તે નિશ્ચિત વ્યક્તિ વિશેષનો જ બોધ કરાવે છે. માટે આ શબ્દ વ્યાકરણ અનુસાર **યોગરૂઢ** છે.

અહીં સુધી જે વ્યાકરણની વ્યુત્પત્તિથી અર્થ કર્યા તે તમામ અર્થોને સ.ગુ. શ્રી અદ્‌ભુતાનંદ સ્વામીના શિષ્ય વિદ્વાન સ.ગુ. શ્રી ઘનશ્યામચરણદાસજી સ્વામીએ **'आध्यात्मिक तत्त्वाख्यानम्'** નામના ગ્રંથમાં અનુષ્ટુપ્ છંદમાં આવરી લીધા છે. જેથી ભક્તોને સમજવામાં સહેલું પડે, તો હવે જોઈએ તે સ્વામીના જ શબ્દોમાં :-

'स्वत्वं ह्यात्मनि सञ्जातं स्वामित्वं श्रीहरौ स्थितम् । स्वभूतस्य च संरक्षा स्वामिनो भर एव च ।। अ.२२ श्लो.६६।।'

ક્ષરઅક્ષર તમામ આત્માઓમાં દાસપણું અને ભગવાનમાં સ્વામિપણું સ્થિત છે. બંને વચ્ચે સ્વામી-સેવકભાવ 'आत्मदास्यं हरेः स्वाम्यं स्वभावं च सदा स्मर (विष्णुतत्त्वे)' - આત્માઓ **દાસ** છે અને ભગવાન હંમેશા **સ્વામી** છે એવી સ્મૃતિ યાદ રાખવી ઘટે, સ્વભૂત (સેવકભૂત) ભક્તોનું સંરક્ષણ કરવું એ સ્વામીને શિરે ભાર છે. ભગવાન જ સ્વામી **શાથી ?** તો કહે છે :-

'यतो नारायणस्त्वेषोऽन्तरात्मा सर्वधारकः । अतः स्वामी च सर्वस्य हरिकृष्णः सदा स्मृतः ।।अ.२२ श्लो. ६७।।'

તો પોતે **નારાયણ** નામવાળા હોવાથી અર્થાત્ **અન્વર્થનામ** હોવાથી તે સર્વાંતરાત્મા અને સર્વાધાર છે. આ કારણથી જ સર્વેના સ્વામી ભગવાન **શ્રીહરિકૃષ્ણ મહારાજ**ને કહ્યા છે.

'स्वामित्वमस्य नोपाधेः कादाचित्कं मतं विभोः । किन्तु स्वतः सार्वत्रिकं हरेः सर्वान्तरात्मनः ।।अ.२२ श्लो. ६८।।'

સર્વ વ્યાપક ભગવાનનું આ સ્વામિપણું બીજાઓની પેઠે ઔપાધિક કાદાચિત્ક (ક્યારેક જ હોય એવું) નથી અર્થાત્ બીજા બધા અક્ષર સુધીના બ્રહ્માંડોના સ્વામી એકબીજાની દૃષ્ટિએ દાસ પણ છે. પરંતુ ભગવાન ક્યારેય કોઈના દાસ નથી પણ હંમેશા સર્વના સ્વામી છે. એ પણ સાર્વકાલિક જ છે. 'एष सर्वांतरात्मा' (સુબા. ઉ-૭) - આ શ્રુતિમાં કહ્યા મુજબ સર્વના અંતર્યામી છે.

'शरीरभूतं सर्वं हि क्षरं चाक्षरमेव च । यच्चापि चिद्यच्च जड ईशानीशादिकं तथा ।।अ.२२ श्लो. ६९।।'

વેદાંત શાસ્ત્ર મુજબ ક્ષરઅક્ષર આદિક સર્વે પરમાત્માના શરીર છે અને પરમાત્મા સર્વેના આત્મા છે. જે કંઈ ચિદચિદ્ તેમજ ઈશ-અનિશપણે કહ્યું છે તે બધું જ 'यस्य प्रकृतिः शरीरम्, यस्यात्मा शरीरम्' (બૃ.ઉ. મા.પા. ૫/૭/૨૬) 'यस्याक्षरं शरीरम्' (સુબા. ઉ-૭) આ ઉપનિષદોમાં કહ્યા મુજબ પરમાત્મા શરીરીભૂત છે. અર્થાત્ બધાના જ આત્મા છે. જ્યારે યત્કિંચિત્ સર્વે પરમાત્માના શરીર છે. તો તેની અપેક્ષાએ સર્વના અંતર્યામી, સર્વના નિયંતા, સર્વના આધાર, સર્વજ્ઞ અને સર્વના સ્વામી - 'पतिं विश्वस्य' (તૈ.ના.ઉ. ૧૧-૩), 'सर्वस्य वशी सर्वस्येशानः' (બૃ.ઉ. ૬/૪/૨૨) આ શ્રુતિમાં કહ્યા પ્રમાણે સર્વના ઉપાસ્ય ભગવાન શ્રી સ્વામિનારાયણ છે બીજા કોઈ જ નહિ.

'स एव श्रीहरिः कृष्णः प्रादुर्भूतः कलाविह । नाम्ना च हरिकृष्णः स्वामिनारायणस्तथा ।।अ.२२ श्लो. ७१।।'

જે સર્વાંતરાત્મા, સર્વનિયંતા, સર્વાધાર, સર્વજ્ઞ, સર્વતંત્ર-સ્વતંત્ર જે નારાયણ કહ્યા એ જ **શ્રીહરિકૃષ્ણ** તથા **સ્વામિનારાયણ** નામથી આ કળિયુગમાં પ્રગટ્યા છે.

'नारा अयनमस्येति सर्वान्तर्व्याप्तिरुच्यते । नाराणामयनं चेति सर्वाधारत्वमुच्यते ।।अ.२२ श्लो. ७२।।'

પ્રસંગપ્રાપ્ત હવે **'आध्यात्मिक तत्त्वाख्यानम्'** ગ્રંથના લેખક સ.ગુ. શ્રી ઘનશ્યામચરણદાસજી સ્વામી **'સ્વામિનારાયણ'** શબ્દનો વ્યુત્પત્તિજન્ય અર્થ કરે છે. જેનો ક્ષય થાય તેને **'ર'** કહેવાય છે અને જેનો સ્વરૂપથી કે પ્રવાહથી ક્ષય ન થાય તે **'નર'** કહેવાય. ચૈતન્ય અને અચૈતન્યનો ક્ષય નહિ હોવાથી તેને **નર** શબ્દથી કહેવાય છે. નરના સમુદાયને **નાર** કહેવાય. 'नारम् अयनम् अस्य' એમ બહુવ્રીહિ સમાસ કરતા સર્વાંતર્વ્યાપ્તિ આવે છે. અથવા 'नाराणाम् अयनम्' એમ તત્પુરુષ સમાસ કરતા સર્વાધારપણું આવે છે. સર્વ વસ્તુઓમાં વ્યાપક અને સર્વાધાર એવો નારાયણ શબ્દનો અર્થ નીકળે છે : આવી નિરુક્તિ - 'अन्तर्बहिश्च तत्सर्वं व्याप्य नारायणः स्थितः ।' (તૈ. ના. - ૨૫) આ શ્રુતિએ જ કરી છે.

હવે **'સ્વામી'** શબ્દનો અર્થ કરે છે :-

'स्वामीति सर्वशेषित्वमुक्तं सर्वात्मनोऽस्य च । नररूपस्य धर्मस्यापत्यं नारायणस्तथा ।।अ.२२ श्लो. ७३।।'

સ્વામી શબ્દથી સર્વવ્યાપક, સર્વાધાર નારાયણનું **શેષિત્વ** (આત્માપણું) કહ્યું છે. કારણ કે જડચિદાત્મક સર્વજગત પરમાત્માનું શેષ (શરીર) છે. અને પરમાત્મા જડચિદાત્મક સંપૂર્ણ જગતના શેષી (આત્મા) છે. અને નર૩૫ જે ધર્મદેવ તેના પુત્રને **નારાયણ** કહેવાય. તેની વ્યુત્પત્તિ આ રીતે છે - 'नरस्य अपत्यं पुमान्' એ અર્થમાં નર શબ્દને 'नडादिभ्यः फक् ।' (અષ્ટાધ્યાયી : ૪/૧/૯૯) પાણિનિ સૂત્રથી 'ફક્' પ્રત્યય થાય છે અને 'ફક્' પ્રત્યયને 'आयनेयीनीयियः फढखछघां प्रत्ययादीनाम्' (અષ્ટાધ્યાયી : ૭/૧/૨) પાણિનિ સૂત્રથી 'आयन्' આદેશ થઈ 'किति च' (અષ્ટાધ્યાયી : ૭/૨/૧૧૮) સૂત્રથી આદિ વૃદ્ધિ થઈ **નારાયણ** શબ્દ બને છે.

સ્વામી અને નારાયણ આ બંને નામો વચ્ચે **ક્યો સમાસ** થાય છે તે હવે કહે છે :

'कर्मधारयवृत्त्याऽयं स्वामिनारायणेति वै । मन्त्रः सर्वान्तरात्मानं सर्वाधारं पतिं तथा ।।अ.२२ श्लो. ७४।।'

'स्वामी चासौ नारायणः इति स्वामिनारायणः ।' એમ **કર્મધારય** સમાસ સમજવો. એટલે બંને નામો એક જ વ્યક્તિનો બોધ કરે છે. સર્વના પતિ તે **સ્વામી** કહેવાય. 'स्वमैश्वर्यम्' આવો અર્થ હોવાથી **સર્વ ઐશ્વર્ય સંપન્ન** એવો અર્થ થાય છે. બંને **સાર્થક શબ્દો** મળીને સર્વ ઐશ્વર્ય સંપન્ન **સર્વશેષી** સર્વાંતર્યામી, સર્વાધાર એવો અર્થ નિશ્ચિત થાય છે.

વિદ્વાન સ.ગુ. **શ્રી ઘનશ્યામચરણદાસજી સ્વામી**એ પોતાના ગુરુ **સ.ગુ. શ્રી અદ્‌ભુતાનંદ સ્વામી** પાસેથી સાંભળીને 'આધ્યાત્મિકતત્ત્વાખ્યાનમ્' નામના ગ્રંથના અધ્યાય - ૨૨ શ્લોક - ૭૪માં સાર્થક બે શબ્દનો કર્મધારય સમાસ કર્યો છે.

સ.ગુ. **શ્રી અદ્‌ભુતાનંદ સ્વામી**એ પણ પોતાની વાતોમાં કહ્યું છે :

''રામ ! કૃષ્ણ ! હરે ! ગોવિંદ ! હરે ! નારાયણ ! એવા ભગવાનના બહુ નામોના નિવેશવાળું મંગલ ભજન થતું તેને અળસાવીને **'સ્વામિનારાયણ'** એવા બે સાર્થક નામના નિવેશવાળું શુભ ભજન ચલાવ્યું.'' (વાત નં. ૨૨)

બે સાર્થક નામના નિવેશવાળું એટલે ? સ્વામી કે'તા 'सकलैश्वर्यसम्पन्नः',અને નારાયણ કહેતા 'नराणां समूहो नारं तदयनं निवासस्थानं यस्य स नारायण अन्तर्यामी इत्यर्थः।' (શ્રી સત્સંગિજીવન હેતુટીકા : ૨/૨૪/૪૬)અર્થાત્ સંપૂર્ણ ઐશ્વર્યવાન અને સર્વેના અંતર્યામી જે હોય તેને સ્વામિનારાયણ કહેવાય આવો અર્થ સદ્. શ્રી શુકાનંદ સ્વામીએ સ.જી.ની હેતુટીકામાં કરેલ છે.આવી રીતે આ બંને સાર્થક નામોનું ભજન ચલાવ્યું. અર્થાત્ 'स्वामी चासौ नारायण इति स्वामिनारायणः ।' આમાં બંને સાર્થક શબ્દનો **કર્મધારય** સમાસ છે. એમ સ.ગુ. શ્રી અદ્‌ભુતાનંદ સ્વામીના શિષ્ય વિદ્વાન સ.ગુ. શ્રી ઘનશ્યામચરણદાસજી સ્વામીએ કહ્યું છે :

'यथा देहस्य संरक्षाभारोऽस्त्येवात्मनस्तथा । स्वभूतस्य ममायं तु प्रपन्नस्य विधास्यति ।।अ.२२ श्लो. ७८।।
रक्षणं श्रीहरिः कृष्णः स्वामिनारायणः प्रभुः । इति स्वामित्वविज्ञानात्प्रत्ययो जायते हरौ ।।अ.२२ श्लो. ७९।।'

જેમ દેહના સંરક્ષણનો બધો **ભાર** જીવાત્માને માથે છે અર્થાત્ આત્મા જ દેહનું રક્ષણ કરે છે તેમ દાસભૂત **શરણાગત** મારું **રક્ષણ** શ્રીહરિકૃષ્ણ મહાપ્રભુ શ્રી સ્વામિનારાયણ કરશે જ, આ રીતે ભગવાનમાં સ્વામિપણાનું વિજ્ઞાન થતાં શ્રીહરિમાં **દૃઢ વિશ્વાસ** બંધાય છે. આ રીતે સ્વામિપણાનું જ્ઞાન વિશ્વાસમાં કારણ બને છે ત્યારે જ **'વિશ્વસ્યઃ પુરુષોત્તમઃ' સાર્થક** થાય છે.

આવી રીતે સ્વામિનારાયણ એટલે ક્ષર-અક્ષરના આત્મા, સર્વજ્ઞ, સર્વકર્તા, સર્વાધાર, સર્વના નિયંતા, સર્વવ્યાપક, સર્વતંત્ર-સ્વતંત્ર, સ્વયંપ્રકાશક, સર્વાંતર્યામી, સર્વકારણના કારણ, સર્વઅવતારના અવતારી પરબ્રહ્મ પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણ નામનો મહિમા ત્યારે જ યથાર્થ જાણ્યો કહેવાય કે જ્યારે એ નામને ધારણ કરનાર નામીને યથાર્થ ઓળખીએ અને જ્યારે નામી સ્પષ્ટપણે ઓળખાય જશે ત્યારે **'સ્વામિનારાયણ'** નામનું ભજન કરવું નહિ પડે, થઈ જશે.

ભગવાન શ્રી સ્વામિનારાયણે **સ્વયં** પત્ર લખીને **સંતો-ભક્તો**ને કહેલ છે :-

''કે (પુરુષોત્તમ) નારાયણનું નામ નામીએ સહિત લેવું તો તેને તેવું **ફળ** મળે છે. અધિક નામ જો ભાવથી લહે છે તો તે ભક્ત દેહ છતેજ ભગવાનના ધામને દેખે છે. માટે દરેક હરિભક્તોએ નામીએ સહિત નામ લેવું. નામીયુક્ત જે નામનું પ્રતિપાદન પોતે ન કરે તેને અમે દેહ અભિમાની કહી(એ) છીએ અને તે તો ગુરુદ્રોહી છે તથા સંતનો દ્રોહી છે અને જે નામીએ સહિત નામ લહે છે તેને આત્મદર્શી ગુરુભક્ત અને સંતભક્ત માનીએ છીએ. અને તે અક્ષરધામમાં સદાય રહે છે. અમારા આ પત્રનું અતિ પ્રતિપાદન સર્વે કરજો.''

(શ્રીહરિચરિત્રામૃતસાગર : ૧૫/૯૭)

'मनः संहृत्य विषयान्मन्त्रार्थगतमानसः । न द्रुतं न विलम्बञ्च जपेन्मौक्तिकपङ्क्तिवत् ।।'

મનમાં ભગવાનની મૂર્તિનું ચિંતવન કરી, મંત્રના અર્થને મનમાં ચિંતવનની સાથે ન અતિ ઉતાવળે ને ન અતિ ધીરે માળાના પારાની સાથે જપ કરવો. (શબ્દકલ્પદ્રુમ કોષ)

(પુરુષોત્તમ) નારાયણનું નામ નામીએ સહિત લેવું તેનો જે અતિશે આગ્રહ રાખશે, તેના જીવને સુષુમ્ણા નામે નાડીને વિષે પ્રવેશ કરાવીને ષટ્‌ચક ભેદીને વૈકુંઠથી પર ગોલોક, તેથી પર ચિદાકાશ તેની વિષે તેને પ્રવેશ કરાવશે તે સારું (પુરુષોત્તમ) નારાયણનું નામ નામીએ સહિત અતિશય આગ્રહથી જે જે ભક્તો જીભથી નામ ઝાઝા લેવા અને જો ઝાઝાં ઝાઝાં લેશે તો દેહ છતે પુરુષોત્તમનું ધામ દેખશે ને જો થોડા થોડા લેશે તો મુઆ સમે (મૃત્યુ સમયે) દેખશે. તે સારું નામી વિના નામ તો જેમ ફૂલ (ખીલ્યા) વિનાનું પુષ્પ, વાંઝણી સ્ત્રી પુત્ર (સંતાન) વિના, તેમ નામી વિના નામ, તે સારુ (પુરુષોત્તમ) નારાયણનું નામીએ સહિત જે નામ તેનું અતીશે પ્રતિપાદન નહી કરે તેને દેહગુરુ (દેહાભિમાની) જાણવા, વચનદ્રોહી જાણવા, સંતના દ્રોહી જાણવા, સર્વે સત્સંગી સમસ્ત વાંચજો. સં. ૧૮૬૨ના મહા વદી ૮ને ગુરુવાર.

(શ્રીહરિનો પ્રસાદીનો પત્ર પેજ નં. ૫ તથા શ્રી સ્વા. અવતારી સ્વરૂપ નિરુપણ. પેજ.નં.૮૦૭)

'શ્રી સ્વામિનારાયણ' નામને ધારણ કરનારા **નામી** કોણ છે ? આ પ્રશ્નનો ઉત્તર સદ્‌ગુરુવર્ય શ્રી રામાનંદ સ્વામીએ લાલજી સુથાર (ભાવિ નિષ્કુળાનંદ સ્વામી)ને ભૂજનગરમાં કહ્યો હતો તે **'શ્રીહરિલીલામૃત'** ગ્રંથમાં નોંધતા પ.પૂ. ધ.ધુ. આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજ કહે છે :-

'કહે લાલજી મોટા તે કેવા ? દત્તાત્રેય કે ઋષભદેવ જેવા; કે શું છે રામચંદ્ર સમાન ? રામાનંદ કહે સુણો કાન.
જેમ કૃષ્ણ મોટા સરવેથી, તેમ આ છે મોટા વળી એથી; આ છે અવતારના અવતારી, ઘણું શું કહિયે વિસ્તારી.'

(શ્રીહરિલીલામૃત : ૪/૩/૪૧-૪૨)

લાલજી સુથાર પૂછે છે : ''શું વર્ણી કપિલ સમાન છે ? દત્તાત્રેય, ઋષભદેવ કે રામચંદ્રજી સમાન છે ?''
ત્યારે રામાનંદ સ્વામી કહે છે : ''લાલજી ! વર્ણી તો કપિલ, દત્તાત્રેય, ઋષભદેવ કે રામચંદ્રજી વગેરેથી પણ શ્રેષ્ઠ છે.''
ફરીને લાલજી સુથાર **પ્રશ્ન** કરે છે : ''હે ગુરુદેવ ! વર્ણી આપણા ઈષ્ટદેવ **શ્રીકૃષ્ણ સમાન** છે કે શું ?''
ત્યારે રામાનંદ સ્વામીએ કહ્યું : ''મારાથી જેમ શ્રીકૃષ્ણ અધિક છે તેમ ઈશ્વર એવા શ્રીકૃષ્ણથી આ વર્ણી **અતિ અધિક** છે.''
આટલી મોટાઈ આ તમામ નામના ધરતલ **નામી**માં છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણના પ્રાદુર્ભાવને વર્ણવતા સ્વયં શ્રીજીમહારાજના મુખેથી કાનોકાન સાંભળેલી વાત સ.ગુ. શ્રી ગુણાતીતાનંદ સ્વામી કહે છે :- ''વરતાલે **આંબા હેઠળ** પરમહંસે સહિત શ્રીજી મહારાજ સભા કરીને બિરાજમાન હતા, ને સર્વે પરમહંસ શ્રીજી મહારાજના મુખારવિંદ સામું ચકોરપક્ષીની પેઠે જોઈ રહ્યા હતા; પછી ચાર પાટીદાર શ્રીજી મહારાજ પાસે આવ્યા, ને ત્યાર પછી શ્રીજી મહારાજે ચરણારવિંદ લાંબા કર્યા તે ચરણારવિંદ સામું જોઈને તે બોલ્યા જે 'હે મહારાજ ! તમારા ચરણારવિંદ સામું જોઈએ છીએ ત્યારે તો તમે પુરુષોત્તમ ભગવાન જણાઓ છો, ને તમારા શરીર સામું જોઈએ છીએ ત્યારે તો તમે મનુષ્ય જેવા જણાઓ છો. ને અમોએ ઘણે ઠેકાણે સભા દીઠી છે, પણ આમ એક નજરે તમ સામું સર્વે મનુષ્ય જોઈ રહ્યા છે; તેમ કોઈ ઠેકાણે આવી મનુષ્યની સભા અમોએ દીઠી નથી માટે અમોને આ વાત જેમ સમજાય તેમ કૃપા કરીને કહો ?' ત્યાર પછી શ્રીજી મહારાજે કહ્યું જે 'વૈરાટ બ્રહ્મા છે, તેણે **આ ચરણારવિંદ** પૃથ્વી ઉપર આવે તેને અર્થે પોતાનાં **પચાસ વર્ષ** ને **દોઢ પહોર** દિવસ ચડ્યો ત્યાં સુધી

સ્તુતિ કરી, ત્યારે આ ચરણારવિંદ પૃથ્વી ઉપર આવ્યા છે; પણ તમે તો હવે સૂઝે એમ સમજો. ને વળી હું અક્ષરધામમાંથી સદ્‌ગુરુ રૂપી સૂર્ય પ્રગટ થયો છું; ને આ સર્વે સંત છે તે સૂર્યમુખી કમળ ખીલ્યાં છે, તે સર્વે મારા મુખકમળ સામું જોઈ રહ્યા છે.' એવી રીતે શ્રીજી મહારાજે પોતાના પુરુષોત્તમપણાની બહુ વાત કરી તેને સાંભળીને તેમને શ્રીજી મહારાજના સ્વરૂપનો નિશ્ચય થયો.''

(સ્વામીની વાતો : ૪/૧૯)

ભગવાન શ્રી સ્વામિનારાયણને આ ફૂટલા બ્રહ્માંડમાં લાવવા માટે વિરાટનારાયણે ૫૦ વર્ષ અને દોઢ પહોર **પ્રાર્થના** કરી ત્યારે સર્વોપરી **પૂર્ણ પુરુષોત્તમનારાયણ** પ્રગટ થયા છે. સત્‌યુગ, ત્રેતાયુગ, દ્વાપરયુગ અને કળીયુગ એમ ચાર યુગની એક ચોકડી એવી ૧૦૦૦ ચોકડી જાય ત્યારે વિરાટનારાયણનો એક દિવસ થાય, તેમના એક દિવસમાં આપણા ૪,૩૨,૦૦,૦૦૦૦ ચાર અબજ બત્રીસ કરોડ વર્ષ થાય, જેવડો દિવસ એવડી જ રાત્રી. એવા ૩૦ દિવસનો મહિનો અને ૧૨ માસનું વર્ષ. એવા વિરાટનારાયણના ૫૦ વર્ષ અને દોઢ પહોર ગયો ત્યારે **અક્ષરાધિપતિ** પહેલા વહેલા **આ ભૂમંડળ ઉપર** પધાર્યા. અત્યાર સુધી જે અવતારો થયા તે અક્ષરાધિપતિના ન હતા; તે તો ગોલોકાધિપતિ કે વૈકુંઠાધિપતિ એટલે પ્રધાનપુરુષ કે પ્રકૃતિપુરુષના જ હતા.

આમ, પ્રત્યેક યુગમાં અવતરતાં ભગવાનના અવતારો બ્રહ્માના એક દિવસમાં ૪૦૦૦ પ્રગટે છે. એક વરસમાં ૩૬૫ x ૪૦૦૦ = ૧૪,૬૦,૦૦૦ (ચૌદ લાખ સાઈઠ હજાર) અવતારો થાય છે. જેમાં ૩,૬૫,૦૦૦ (ત્રણ લાખ પાંસઠ હજાર) વાસુદેવ, કૃષ્ણ વગેરે પણ ગણાઈ જાય છે. (એક વર્ષમાં ૧૪,૬૦,૦૦૦ અવતારો થતાં હોય તો એવા **પચાસ વર્ષ** સુધી વિરાટબ્રહ્માએ પ્રાર્થના કરી ત્યાં સુધીમાં તો કેટલા અવતારો થયા હોય તે **ગણતરી** કરવામાં આજના આધુનિક યુગમાં કોમ્પ્યુટર પણ **વામણું** બની જાય.) આ એક બ્રહ્માંડના વૈરાજપુરુષની વાત થઈ. આવા અસંખ્યાત બ્રહ્માંડોના અવતારો ગણાતાં **અસંખ્ય અવતારો** થાય તે **સહજ** છે

આ વાત પણ **'શ્રીહરિલીલાસિંધુ'** ગ્રંથમાં **રત્ન-૧ તરંગ -૨૨માં** લખવામાં આવી છે. વૈરાટપુરુષ પોતે ભગવાન શ્રીહરિની **સ્તુતિ** કરે છે કે, ''હે (પુરુષોત્તમ) ભગવાન! તમે મારી આ અર્ધા આયુષ્યમાં તમારા નિત્યનિમિત્ત અવતાર સો કરોડથી ઉપર થયા છે અને અવતારી (પુરુષોત્તમ) તો તમે આ સમયે એક જ વાર આ બ્રહ્માંડમાં આવ્યા છો.''

શ્રીજીમહારાજ બોલ્યા જે, આ બ્રહ્માંડના અધિપતિની **દશ મૂર્તિઓ** છે ૧. શ્રીકૃષ્ણનારાયણ ૨. નરનારાયણ ૩. વાસુદેવનારાયણ ૪. ભૂમાપુરુષ ૫. સંકર્ષણ ૬. અનિરુદ્ધ ૭. પ્રદ્યુમ્ન ૮. બ્રહ્મા ૯. વિષ્ણુ ૧૦. શિવ તેમણે મળીને (સાથે વિરાટબ્રહ્માએ પણ) બ્રહ્માના પચાસ વરસ સુધી **પ્રાર્થના** કરી ત્યારે આ (શ્રીહરિના) ચરણારવિંદ આંહી આવ્યા છે. (શ્રીહરિચરિત્રચિંતામણી ભાગ-૩ : વાત નં. ૧૨)

આ બ્રહ્માંડમાં બીજા અવતાર ઘણા થયા પણ પૂર્ણ પુરુષોત્તમનારાયણ બ્રહ્માંડ બ્રહ્માંડ પ્રત્યે એકજ વાર પધારે છે. સ્વયં શ્રીકૃષ્ણ પરમાત્મા **'ભગવદ્‌ ગીતા'**માં કહે છે :-

'यदा यदा हि धर्मस्य ग्लानिर्भवति भारत । अभ्युत्थानमधर्मस्य तदात्मानं सृजाम्यहम् ॥
परित्राणाय साधूनां विनाशाय च दुष्कृताम् । धर्मसंस्थापनार्थाय संभवामि युगे युगे ॥'

જ્યારે જ્યારે ધર્મનો નાશ થાય, અધર્મની વૃદ્ધિ થાય, સાધુ-બ્રાહ્મણોનો વિનાશ થાય તેવા દુષ્કૃત્યો સર્જાય ત્યારે ત્યારે ધર્મનું સ્થાપન કરવા દરેક યુગે યુગે હું જન્મને ધારણ કરું છું. (શ્રીમદ્‌ ભગવદ્‌ ગીતા : ૪/૭-૮)

શ્રીમદ્‌ ભાગવતના **દશમસ્કંધમાં** સ્વયં **શ્રીકૃષ્ણનારાયણ** મુચુકુંદ રાજાને કહે છે :-

'जन्मकर्माभिधानानि सन्ति मेऽङ्‌ग ! सहस्रशः । न शक्यन्तेऽनुसङ्‌ख्यातुमनन्तत्वान्मयाऽपि हि ।।
क्वचिद्रजांसि विममे पार्थिवान्यरुजन्मभिः । गुणकर्माभिधानानि न मे जन्मानि कर्हिचित् ।।'

હે રાજા! ઘણા જન્મના અંતે કદાચ પૃથ્વીના રજકણોને ગણી શકાય, પણ મારા ગુણો, કર્મો અને જન્મોને ગણી શકાય નહીં. મારા હજારો અવતાર થયા છે. મારા અવતારો અસંખ્ય હોવાથી હું પણ તેને ગણી શકતો નથી. (શ્રીમદ્‌ ભાગવત : ૧૦/૫૧/૩૭-૩૮)

ગોસ્વામી તુલસીદાસજી **'રામાયણ'**માં કહે છે :-

'જબ જબ હોઈ ધરમકી હાની, બાઢહી અસુર અધમ અભિમાની । કરહિ અનીતિ જાઈ નહિ બરની, સીદહી બિપ્ર ધેનુ સુર ધરની ॥'

પરંતુ પૂર્ણ પુરુષોત્તમ **ભગવાન શ્રી સ્વામિનારાયણ** તો **સ્વયં** કહે છે કે, હું આ બ્રહ્માંડમાં **પહેલીવાર** આવ્યો છું. શ્રીજીમહારાજના જ મુખે સાંભળેલી વાત કરતા સ.ગુ. શ્રી **નિષ્કુળાનંદ સ્વામી** કહે છે :-

'આ વારનો જે અવતાર રે, એવો ન થાય વારંવાર રે; નથી આવ્યા ને આવશું ક્યાંથી રે !, જન જાણજ્યો સૌ મનમાંથી રે.'

(પુરુષોત્તમ પ્રકાશ : ૩૨/૨૦)

ભક્તચિંતામણી ગ્રંથમાં સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામી પોતાના શબ્દોમાં કહે છે :-

'સુણો સહુ હું શું કહું, વરણવી વારમવાર; નથી દીઠો નથી સાંભળ્યો, આ જેવો બીજો અવતાર.
અતિ સામર્થિ વાવરી, હરિ ધરિ મનુષ્યનું દેહ; આ દિન મોર્યે આગમે, નથી સુણી શ્રવણે તેહ.'

(ભક્તચિંતામણી : ૧૬૨/૧-૨)

આ જ વાતને સ.ગુ. શ્રી **પ્રેમાનંદ સ્વામી** આ રીતે કહે છે :-

'આ ધામ ધામી ક્યારે નો'તા પધાર્યા; ઈશ્વર કોટિ સ્તુતિ કરીને હાર્યા રાજ. શીદનેo'

(કીર્તનામૃત : પેજ નં. ૧૦૩, સરધાર પ્રકાશન-૨૦૧૦)

'એવા થયા ન થાશે કોઈ, કે અવતાર ભુવિ ફરી રે લોલ ! આજ તો અટળક ટળીયા નાથ; કે દયા અતિશે કરી રે લોલ.'

(પ્રેમાનંદ કાવ્ય ભાગ-૧ : પદ - ૭૬૪, કડી-૧૭)

સં. ૧૯૧૯માં **'શ્રીહરિચરિત્રામૃતસાગર'**ના પંદરમા પુરના એકતાલીસ તરંગ પૂરા થયા હતા, તે વખતે આદિઆચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ અક્ષરધામ સિધાવ્યા તે પહેલા આદિઆચાર્ય **શ્રી રઘુવીરજી મહારાજ** પણ આ ગ્રંથ વાંચી બોલી ઊઠ્યા :

'સર્વોપરિ ભયે યહ અવતારા, એસે અવતાર ન ભયે કોઈ વારા; સર્વોપરિ જો ચરિત્ર કરતાહિ, સત્સંગમે જન બોલત રહા હિ.'

(શ્રીહરિચરિત્રામૃતસાગર : ૧૫/૪૭/૩૭-૩૮)

સ.ગુ. શ્રી આધારાનંદ સ્વામી **'શ્રીહરિચરિત્રામૃતસાગર'** ગ્રંથમાં કહે છે :

'એસો ન કોઈ દિન ભયો અવતારા, ફેર કોઉ દિન હોન ન હારા; જો જીન કે હોય ભાગ્ય અપારા, સો માનેગે જન અબ હિ વારા.'

(શ્રીહરિચરિત્રામૃતસાગર : ૩/૨૫/૪૭)

સ.ગુ. શ્રી મુક્તાનંદ સ્વામી અક્ષરધામ સિધાવ્યા તેના થોડા દિવસ પહેલા જ નિત્યાનંદ સ્વામીને સ્વામી કહે છે :-

''પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, **'અમે તો આ બ્રહ્માંડને વિષે આવ્યા નથી ને આવશું પણ નહિ. માટે આ જે તમને નિશ્ચય થયો છે તે ફરવા દેવો નહિ.**''

(શ્રી ગુણાતીતાનંદ સ્વામીની વાતો : ૪/૧૩)

વૈરાગ્યમૂર્તિ સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામી દ્વારા રચિત **'નિષ્કુળાનંદ કાવ્ય'** અને **'ભક્તચિંતામણિ'** વગેરે ગ્રંથોમાં ભગવાન શ્રીહરિનું પુરુષોત્તમપણું, સર્વોપરીપણું અને સર્વાવતારીપણું ખૂબ જ **સચોટ** અને **ચોટદાર** રીતે **વર્ણન** કર્યું છે :

'કોટિ મુક્તો સેવા કરે, રોમ રોમ રસરૂપ; અંગ પ્રકાશ અગમ અતિ, અક્ષરાતીત સ્વરૂપ.
કોટિ અવતારના કારણ કહી, કોટિ કૃષ્ણ કરજોડ; નિષ્કુળાનંદ રહી ચરણમેં, મેરે ઈષ્ટકી હજુર.'

(કીર્તનરત્નમાળા : પદ-૧૫૭૨)

'એવા મળ્યા છે મહારાજ, જે કોઈ સર્વેના શ્યામ છે રે; વળી રાજ એ અધિરાજ, એને આધારે સહુ ધામ છે રે.
ધામ ધામના જે રહેનાર, હજૂર રહે છે જોડી હાથને રે; કરી આરત્યશું ઉચ્ચાર, શિશ નમાવે છે નાથ ને રે.'

(ચોસઠપદી, પદ : ૨૮)

'જોડ્ય નથી જડતી જગમાંયે જોતેજી, ઘણી ઘણી રીતે ઘટમાં ગરી ગોતેજી.
બીજા અવતારના અવતારી પોતેજી, આપે આવિયા સર્વે સામર્થિ સોતેજી. ॥૧॥'

(સારસિદ્ધિ, કડવું : ૪૧)

'અનંત સામર્થિ અનંત ઐશ્વર્ય, અનંત પરાક્રમ અપાર; અનંત ધામના ધણી હરિ, વળી અનંત શક્તિ આધાર. ॥૮॥
સહુ ઉપર એ શ્રીહરિ, એની ઉપર નહિ કોઈ એક; પૂરણ બ્રહ્મ પુરુષોત્તમ પોતે, એને આધારે બીજા અનેક. ॥૯॥'

(સારસિદ્ધિ : કડવું - ૪૪)

'અણુ એક એથી નથી અજાણ્યું, જાણો એ છે અંતરજામી; તેને તજીને જે ભજે બીજાને, તે તો કહેવાય લુણ હરામી રે; સંતો॰ ॥૩॥'

(ભક્તિનિધિ : કડવું - ૧૭ પદ - ૪)

'જે જે લોકમાં આચરણ જેહ, દેખે કહે જથારથ તેહ; જે જે લોકના જે અધિપતિ, કરે પ્રકટ પ્રભુની વિનતિ. ॥૭॥
તે જ સુખદાય સહજાનંદ, જગજીવન જે જગવંદ; જે કોઈ સર્વે કારણના કારણ, તેણે કર્યું છે તન ધારણ. ॥૧૧॥
સર્વે અવતારના અવતારી, તે જ સહજાનંદ સુખકારી; જે કોઈ સર્વે ધામના ધામી, જાણો તે જ સહજાનંદ સ્વામી. ॥૧૨॥'

(ભક્તચિંતામણી : ૧૦૧)

'અલૌકિક મૂર્તિ આજની, ઘરી ધર્મકુમાર; જોતાં ના' વે જોડ્યમાં, આ સમ અન્ય અવતાર. ॥૧॥
સમર્થ મૂર્તિ સુખભરી, ઘરી ન ઘરશે કોય; સર્વોપરિ છે શ્રીહરિ, સહજાનંદ પ્રભુ સોય. ॥૨॥'

(હરિસ્મૃતિ : ૭)

'આ મૂર્તિ નહિ અન્ય જેવી, અચરજકારી છે; હરિ ઘરી ન ઘરશે એવી, અચરજકારી છે.'

(હરિસ્મૃતિ : ૭/૪૩)

'આદ્યે મધ્યે અંત્યે અવતાર, થયા અગણિત થાશે અપાર; પણ સર્વેના કારણ જેહ, તે તો સ્વામી સહજાનંદ એહ.'

(અવતારચિંતામણી - નિષ્કુળાનંદ કાવ્ય : ૩૨)

'એહ આદિ બહુ અવતાર રે, તે તો અવતારીના નિરધાર રે. ॥૧૮॥
પણ સર્વે રીતે સુખકારી રે, તે તો પુરુષોત્તમ અવતારી રે;

'એસો અવતાર ભયે નહિ કેહા, સુનિ ઔર શાસ્ત્રમે તેહા; જડમતિકું જાને નહિ આયે, દારુણતા કે પાપ રહાયે.'

(શ્રીહરિચરિત્રામૃતસાગર : ૭/૪૯/૧૦)

સ.ગુ. શ્રી અખંડાનંદ બ્રહ્મચારી **'શ્રીહરિચરિત્રમ્'** ગ્રંથમાં ભગવાન શ્રી સ્વામિનારાયણની **અદ્વિતીયતા** નોંધતા લખે છે :-

'अवतारा हरेर्भूम्नो बहवोऽत्र भवन्ति च । भूता लोके भविष्यन्ति नैतत्तुल्यस्तु कोऽपि वै ।।
उपमा सहजानन्दस्वामिनस्त्वस्ति नेतरा । हेतुः सर्वावताराणां स्वयं श्रीपुरुषोत्तमः ।।'

(શ્રીહરિચરિત્રમ્ : ૪/૫૪/૭-૮)

ભગવાન શ્રીહરિના અસંખ્ય અવતારો થાય છે, થયા છે અને થશે. પરંતુ આ અવતારી શ્રીહરિ જેવો કોઈ થયો નથી, થશે પણ નહિ. મહાપ્રભુ શ્રી સહજાનંદ સ્વામિને બીજા કોઈ **અવતારોની ઉપમા** આપી શકાય જ નહિ. કારણ કે આ તો **સર્વ અવતારોના કારણ** સ્વયં પુરુષોત્તમનારાયણ છે.

સ.ગુ. શ્રી વૈષ્ણવાનંદ સ્વામી **'શ્રીહરિલીલાસિંધુ'** ગ્રંથમાં ભગવાન શ્રી સ્વામિનારાયણની અદ્વિતીયતા વર્ણવતા લખે છે :- ''બાલપ્રભુ શ્રી ઘનશ્યામ મહારાજના નામકરણ સંસ્કાર માટે પધારેલા માર્કંડેય ઋષિ બાલપ્રભુની **હસ્તરેખા** જોઈ બોલી ઊઠ્યા.''

'તુમ પૂછે હમ સન બાત મુનિ સોઈ, ધામ કે ધામી કહાય હે; કઉં દિવસ ભૂવિપર આએ નહિ હરિ, અબ કિ બેર સો આય હે.'

(શ્રીહરિલીલાસિંધુ : ૧/૬/૨૩)

સ.ગુ. **શ્રી અવિનાશાનંદ સ્વામી** પણ ભગવાન શ્રીહરિની અદ્વિતીયતા નિરૂપતા જણાવે છે :-

'સ્વયં પોતે નથી આવીયા, પુરુષોત્તમ આપ; તે આ ફેરે પધારીઆ, લેઈ મુક્ત અમાપ. ॥૮॥'

(અવિનાશાનંદ કાવ્ય : પદ-૨૪૫)

'થયો નથી થાશે નહી, આવો અવતાર; અવિનાશાનંદનો નાથજી, અવતારી આ વાર. ॥૧૦॥'

(અવિનાશાનંદ કાવ્ય : પદ-૨૫૮)

પ.પૂ. ધ.ધુ. **આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજ** પણ ભગવાન શ્રી સ્વામિનારાયણની અદ્વિતીયતા વર્ણવતા લખે છે :-

'આવ્યા નથી ને નથી આવનાર, છે જે પ્રભુ અક્ષરબ્રહ્મ પાર; તે આવિયા છે નરદેહ ધારી, તેથી દિસે આજ દિવાળી સારી.'

(શ્રીહરિલીલામૃત : ૪/૨૩/૧૬)

યોગમૂર્તિ **શ્રી ગોપાળાનંદ સ્વામી** પોતાની વાતોમાં **'પુરુષોત્તમ નિરૂપણ'** પ્રકરણમાં પાટીદારોના વચન નોંધતા સ્વયં લખે છે :-

''હે મહારાજ ! તમે સર્વોપરી પુરુષોત્તમ છો. માટે તમારા પુરુષોત્તમપણાના નિશ્ચયમાં સંશય ન થાય એવી કૃપા કરો. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે આ પુરુષોત્તમ તો આ બ્રહ્માંડને વિષે ક્યારેય આવ્યા નથી ને આવશે પણ નહીં માટે આ તો સર્વોપરી મૂર્તિ છે માટે આ જે નિશ્ચય તે ફરવા દેવો નહિ.''

(શ્રી ગોપાળાનંદ સ્વામીની વાતો/પુરુષોત્તમ નિરૂપણ : વાત - ૧૫૫)

''આ અવતાર નહિ આતો સર્વોપરી અવતારી છે તે સર્વોપરી કલ્યાણ જીવનું કરે છે, ને આવા તો કોઈ થયા નથી ને થાશે પણ નહિ એવા તો એ એકજ છે.''

(શ્રી ગોપાળાનંદ સ્વામીની વાતો/પુરુષોત્તમ નિરૂપણ : વાત - ૧૬૬)

સ.ગુ. શ્રી **ગુણાતીતાનંદ સ્વામી** પણ પોતાની વાતોમાં લખે છે :-

તેહ પોતે પધાર્યા છે આજ રે, અક્ષરધામના ધામી મહારાજ રે. ॥૧૯॥'

(પુરુષોત્તમ પ્રકાશ, પ્રકાર : ૧૦)

'પુરુષોત્તમ પધારિયા, સર્વે અવતારના આધાર; અગણિત જીવ આ જગતના, તે સહુની લેવા સાર. ॥૧॥'

(પુરુષોત્તમ પ્રકાશ, પ્રકાર : ૧૧)

'મહામોટો પ્રતાપ પ્રગટાવી રે, રીત નોતમ ન્યારી ચલાવી રે; જેને ઉપર નહિ બિજો કોય રે, તે તો જેમ કરે તેમ હોય રે. ॥૧૯॥
સૌના નાથ નિયંતા સ્વામિ રે, સૌ ધામ તણા પણ ધામી રે; તે તો અટળક આજ ઢળિયા રે, થયા સુખી જન જેને મળિયા રે. ॥૨૦॥'

(પુરુષોત્તમ પ્રકાશ, પ્રકાર : ૧૨)

'કાંજે પામ્યા અમારો પ્રસંગ રે, તેને તુલ્ય આવે કેમ ગંગ રે; એને સ્પર્શ્યા'તા વામન પાવે રે, તે તો હરિ અવતાર કા'વે રે. ॥૧૬॥
પણ અવતારના જે અવતારી રે, વાત તેની તો જાણજો ન્યારી રે; જાણો પુરુષોત્તમનો સ્પરશ રે, તે તો સહુ થકી છે જો સરસ રે. ॥૧૭॥
સર્વે ધામના જે કોઈ ધામી રે, તે તો અમે નારાયણ સ્વામી રે; વાત આજની છે અતિ મોટી રે, જેથી જીવ તર્યા કોટિ કોટિ રે. ॥૧૮॥'

(પુરુષોત્તમ પ્રકાશ, પ્રકાર : ૪૪)

'નો'તી દીઠી નો'તી સાંભળી રે, પ્રગટાવી એવી પુનિત પુરુષોત્તમ પ્રગટી રે.
સર્વેના સ્વામી જે શ્રીહરિ રે, સર્વેના કા'વિયા શ્યામ, પુરુષોતમ પ્રગટી રે.'

(પુરુષોત્તમ પ્રકાશ, પ્રકાર : ૫૫/૮)

'સૂરજ સહજાનંદજી રે, આપે થયા છે ઉદ્યોત, પુરુષોત્તમ પ્રગટી રે.
પૂર્વની દિશાએ પ્રગટી રે, ખોટા મોટા તે કર્યા ખદ્યોત, પુરુષોત્તમ પ્રગટી રે.'

(પુરુષોત્તમ પ્રકાશ, પ્રકાર : ૫૫/૧૫)

'અષાડી મેઘે આવી કર્યા રે, ઝાઝાં બીજાં ઝાકળ, પુરુષોત્તમ પ્રગટી રે.
પૂર ચાલ્યા તે પૃથવીયે રે, ધોયા ધરતીના મળ, પુરુષોત્તમ પ્રગટી રે.'

(પુરુષોત્તમ પ્રકાશ, પ્રકાર : ૫૫/૧૬)

'અનેક જીવને ઉપરે, અટળ ઢળ્યા અવિનાશ; જગજાળ કાપી આપી પદવી, બ્રહ્મમો'લે કરાવ્યો નિવાસ.
અણ ચિંતવે આવી ગયા, અતિ અચાનક અલબેલ; ખબર ન પડી ષટ્મતને, એવો ખેલી ગયા ખેલ.'

(પુરુષોત્તમ પ્રકાશ, પ્રકાર : ૫૦)

અદ્વૈતમત, દ્વૈતમત, દ્વૈતાદ્વૈતમત, શુદ્ધાદ્વૈતમત, વિશિષ્ટાદ્વૈતમત, અચિંત્યદ્વૈતાદ્વૈતમત વગેરે **મતો**ના **અનુયાયીઓ** આંખો ચોળતા રહી ગયા અને સાંખ્ય, યોગ, ન્યાય, વૈશેષિક, મીમાંસા અને વેદાંત આ **ષડ્દર્શન**ના **ભણેલાઓ** પણ કહેતા :-

- ભગવાનને ત્રિયુગી કહ્યા માટે કળિયુગમાં ભગવાન ન હોય.
- અમે તો શાસ્ત્રને આધારે ભગવાન ઓળખી લઈશું.
- યોગીઓ કહેતા અમે યોગથી જાણી લઈશું.
- શેખમતના આશ્રિતો કહેતા તેરમી સિદ્ધિ પાર થાય તો કલ્યાણ.
- દિગંબર શ્વેતાંબર જૈન કહે કે પાંચમા આરામાં મોક્ષ થાય, અત્યારે ન થાય.
- ફકીરો-સંન્યાસીઓ કહે કે આત્યંતિક પ્રલયે કલ્યાણ થશે.

- જંગમપથના કહે છે કે ભગવાન તો અગમ્ય છે તે અત્યારે પ્રગટ ક્યાંથી હોય ?

સાધુસંતો, ભક્તો, ભેખધારીઓ, સંન્યાસીઓ, યોગીઓ, ધર્માચાર્યો, ગુરુઓ, શિષ્યો, પીરો, મુરિદો, તુર્કીઓ, સજ્જનો, તત્ત્વચિંતકો, વેદાંતીઓ, જ્યોતિષ પ્રાચાર્યો, શાસ્ત્રકારો, લેખકો, કવિઓ, પંડિતો, શાસ્ત્રીઓ, સાહિત્યકારો, રામાયણીઓ, પુરાણીઓ, ઈતિહાસકારો, કથાકારો, ઉપદેશકો, માણભટ્ટો, કલાકારો - આ તમામ **વિચાર કરતા** રહી ગયા. આ હકીકતને દર્શાવતા સ્વામી આગળ લખે છે :-

'પણ કોઈનું ધાર્યું ન રહ્યું રે, વણધારે વચ્ચે બીજું થયું રે; એવો લીધો અલૌકિક અવતાર રે, સહુના ધાર્યા વિચાર્યાથી બા'ર રે.
બહુ રહ્યા સહુ વાટ જોતા રે, પીર મુરિદ ગુરુ શિષ્ય સોતા રે; અણચિંતવી આનંદ એ'લિ રે, થઈ અમૃતરસ ચાલ્યો રેલિ રે.
તેમાં પડ્યા સાકરના કરા રે, વરસ્યા મોતિડાંના મેઘ ખરા રે; ભાગી સરવે ભૂખ્યાની ભૂખ રે, કર્યું દૂર દારિદ્ર દુઃખ રે.
આપે આવિ ગયા અણધાર રે, જન ઉદ્ધારવા આણિવાર રે; અકળ કળા એની ન કળાણી રે, ડાહ્યા શ્યાણાને રહી અજાણિ રે.
ન પડી ગમ રહ્યા ગમ ખાઈ રે, ના'વી વાત મતિના મત માંઈ રે; અગમ અપાર કા'વે અકળ રે, કહો કેને પડે એની કળ રે.'

(પુરુષોત્તમ પ્રકાશ, પ્રકાર : ૫૦)

અવતાર અને અવતારી બંને સ્પષ્ટપણે અલગ જ છે. સ્વયં **ભગવાન શ્રી સ્વામિનારાયણ** વચનામૃતમાં કહે છે :-

- ''વેદ, પુરાણ, ઈતિહાસ ને સ્મૃતિઓ એ સર્વ શાસ્ત્રમાંથી અમે એ **સિદ્ધાંત** કર્યો છે, જે જીવ, માયા, ઈશ્વર, બ્રહ્મ અને પરમેશ્વર એ સર્વે **અનાદિ** છે.''

(વચ. અં. પ્ર. ૧૦)

- ''પુરુષોત્તમ ભગવાન, અક્ષરબ્રહ્મ, માયા, ઈશ્વર અને જીવ એ જે પાંચ ભેદ તે અનાદિ છે.'' (વચ. ગ. પ્ર. ૭)

'શ્રી સત્સંગિજીવન' ગ્રંથના પ્રથમ પ્રકરણના ૫૧માં અધ્યાયમાં આ પાંચ ભેદોના લક્ષણનું **સવિસ્તારપૂર્વક** વર્ણન કરવામાં આવેલું છે.

'ભેદો હિ વાસ્તવો નૂનં જીવેશબ્રહ્મણાં હરેઃ । નિત્યાનાં નિત્ય ઇત્યાદિશ્રુતિભિઃ પ્રતિપાદિતઃ ॥'

જીવો, ઈશ્વરો જે વૈરાજાદિ અને અક્ષરબ્રહ્મ તથા ભગવાન શ્રીહરિનો ભેદ **વાસ્તવિક** છે. 'નિત્યાનાં નિત્યઃ' વગેરે શ્રુતિઓએ પ્રતિપાદન કરેલો જ છે.

(શ્રી સત્સંગિજીવન : ૪/૨૧/૫૪)

હવે જો અવતાર (દ્વિચૈતન્ય) અને અવતારી બંને એકજ હોય તો જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ અને પરબ્રહ્મ આ જે શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયનું **અજોડ તત્ત્વજ્ઞાન** ભાંગીને ભુકો થઈ જાય. કારણ કે ત્યારે પાંચભેદને બદલે જીવ, માયા, બ્રહ્મ અને ઈશ્વર, આ ચાર તત્ત્વોનો જ ભેદ રહે. ભગવાન શ્રી સ્વામિનારાયણ સ્વયં **પાંચ ભેદ** સ્વીકારે છે. માટે પ્રધાનપુરુષથી આરંભી બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ સુધી **ઈશ્વરો** કહેવાય. પૃથ્વી ઉપર જ્યારે અધર્મ વધે ત્યારે પ્રધાનપુરુષના અવતારો અધર્મનું ઉચ્છેદન કરી ધર્મનું સ્થાપન કરે છે, માટે **ઈશ્વરરૂપ અવતારો** અને **અવતારી** પરબ્રહ્મ પરમાત્મા આ બંનેમાં **ભેદ** સ્પષ્ટ છે.

સ.ગુ. શ્રી વૈષ્ણવાનંદ સ્વામીએ **'પુરુષોત્તમવિવાહ'** ગ્રંથની રચના કરીને ભગવાન શ્રીહરિની સર્વોપરીતાને સ્પષ્ટતાથી ઉલ્લેખ કરી છે. વૈષ્ણવાનંદ સ્વામીએ આ ગ્રંથની રચના કરીને શ્રીજીમહારાજને વંચાવ્યો હતો એવો આ **પ્રમાણરૂપ ગ્રંથ** છે તેમાં અવતાર-અવતારીના **ભેદ**ને વર્ણવતા **સ્પષ્ટ** કહે છે :

'સર્વે અવતારના અવતારી, સેવે ચતુર્વ્યૂહ જેને પ્યારી. ॥૨॥ અક્ષરાતીત મુક્ત અપાર, પૂજે ચરણકમળ જેનાં સાર. ॥૩॥

મહાકાળ અને માયા મૂળ, પુરુષ અક્ષરબ્રહ્મ અતુલ; સેવે શક્તિ સર્વે અકામી, કહે યેષ્ણવાનંદ તે હું પામી. ॥૪॥

(પુરુષોત્તમવિવાહ, પદ : ૧૧)

'નહિ યૈકુંઠવાસી એવા, નહિ ગોલોકવાસી જેવા;
નોય ભૂમાપુરુષ સુખધામ, આ તો પૂરણકામ અકામ.
નોય મચ્છ ને કચ્છ વરાહ, નોય વામન રામ અથાહ;
નહિ શ્વેતદ્વીપપતિ શ્યામ, નહિ બદરિકાવાસી અકામ.
આ તો સર્વેના સ્વામી છે એક, એમ જાણે તે પરમ વિવેક.'

(પુરુષોત્તમવિવાહ, પદ : ૧૨)

પ.પૂ. ધ.ધુ. આદિઆચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજના દીક્ષિત સ.ગુ. શ્રી **અવિનાશાનંદ બ્રહ્મચારી**એ પોતાના કાવ્યમાં અનેક કીર્તનોમાં ભગવાન શ્રીહરિને સર્વોપરી, સર્વ અવતારોથી જૂદા અને સર્વાવતારના કારણ તરીકે વર્ણવ્યા છે.

'અવતાર ને અવતારીનો, જેને વિવેક થાય; તે જાય અક્ષરધામમાં, મહામુક્ત કે'વાય. ॥૧॥
અવતારી અવતારને, સરખા જેહ જાણે; તેને વિવેકી ન જાણવો, કહું શાસ્ત્ર પ્રમાણે. ॥૨॥
ચક્રવર્તિ ભૂપાલને, કેવો ખંડિયો રાજા; તે તો વિવેકી કહે નહીં, કહે મૂર્ખ સમાજા. ॥૩॥
સમુદ્ર ને સરોવરને, કેમ સરખું લેવાય; અવતાર ને અવતારીને, તુલ્ય નવ કે'વાય. ॥૪॥
તારાના ગણ છે નભમાં, વળી જાણ્યો ત્યાં ચંદ; તેને બરોબર લઈ કહે, કૈયે મતિના મંદ. ॥૫॥
વડવાનળ વળિ વહનીને, કહે તુલ્ય મસાલ; જાણે તેમ અવતારીને, હોય બુદ્ધિના બાલ. ॥૬॥
ચિંતામણિ ને હિરામણિ, તેને એક જે જાણે; તેને મંદ મતિ જાણવો, કહુ શાસ્ત્ર પ્રમાણે. ॥૭॥
અવતાર ને અવતારીમાં, ભેદ અનંત અપાર; દૃષ્ટાંત પ્રમાણે જાણજ્યો, ખોટું નથી લગાર. ॥૮॥
અપાર મહિમા નાથનો, તેતો નવ કે'વાય;જેવા જાણે મહારાજને, તેવો તે થાય. ॥૯॥
અગણિત મહિમા જુક્ત છે, સ્વામી સહજાનંદ; અવિનાશાનંદ નિશ્ચે કહે, ધારી પ્રભુ સુખકંદ. ॥૧૦॥'

(અવિનાશાનંદ કાવ્ય : પદ - ૨૫૨)

'સો અક્ષર કે વાસી સંતત, પુરૂષોત્તમ પ્રભુ અવતારી; કારણ સબ અવતાર કે કાવે, પ્રેરક સબ કે સુખકારી. ॥૧॥
અનંત કોટિ મહાવિષ્નુ ઉપાસે, ચતુરવ્યુહ સેવત ભારી;નિશદીન ધ્યાન ધરત હે ઉર મે, રહવત મરજી અનુસારી. ॥૨॥'

(અવિનાશાનંદ કાવ્ય : પદ -૧૫)

'અનંત કોટિ બ્રહ્માંડ મેં એહિ સમ, નહિ હે દુજો કોઈ ધામ; પુરુષોત્તમ અક્ષરપુરવાસી, વિચરે સંતત ઘનશ્યામ. ॥૬॥
અવતારી અવતાર અમીત કે, ધામ સકલ કે સુખધામી; અનંત નામ કે નામી કાવે, સો શ્રીસહજાનંદ સ્વામી. ॥૮॥
સો સહજાનંદ સબ કે કારન, સબહી નીયંતા શુભ કરણી; તાકો મહીમા કીન કહુ મુખ, કવિ અવિનાશાનંદ વરણી. ॥૧૦॥'

(અવિનાશાનંદ કાવ્ય : પદ - ૧૬)

'શ્રીસહજાનંદ શામળો, બ્રહ્મમોહોલના વાસી; પુરુષોત્તમ પરમાતમા, પૂરણ સુખરાશી. ॥૧॥
અનંત કોટિ અવતારના, આપે અવતારી; પ્રેરક સર્વેના શ્રીહરિ, પોતે સુખકારી. ॥૨॥
ચતુરવ્યુહ ઉપાસના, કરે નીશદીન ભારી; મહા વિષ્નુ ધ્યાન ધરે, નીત પ્રેમ વધારી. ॥૩॥
સર્વ નિયંતા શ્રીહરિ, સર્વે સુખના ધામ; તે પ્રગટ્યા દયા કરી, પોતે છપૈએ ગામ. ॥૪॥
સ્વયં પોતે નથી આવીયા, પુરુષોત્તમ આપ; તે આ ફેરે પધારીઆ, લેઈ મુક્ત અમાપ. ॥૮॥'

(અવિનાશાનંદ કાવ્ય : પદ -૨૪૫)

'અવતારી સઉ અવતારના, પોતે આવ્યા છે આજ; તે માટે સામર્થી જનને, દેખાડે છે મા'રાજ. ॥૪॥
આગે અવતારે કરી, કર્યા પ્રાકમ ભારી; ભક્ત દ્વારે તેવાં કરે, માટે આ અવતારી. ॥૫॥
જેવા તેવા હોય જીવને, ધારણા તે ધરાવે; દેખાડે અક્ષરધામને, માટે અવતારી કાવે. ॥૬॥
કેટલાક ભક્તને આ દેહે, ગતી સ્વતંત્ર આપી; કોટિ બ્રહ્માંડમાં જાય તે, અષ્ટ આવર્ણ કાપી. ॥૭॥'

(અવિનાશાનંદ કાવ્ય : પદ -૨૫૧)

'થયો નથી થાશે નહી, આવો અવતાર; અવિનાશાનંદનો નાથજી, અવતારી આ વાર. ॥૧૦॥'

(અવિનાશાનંદ કાવ્ય : પદ -૨૫૮)

સ.ગુ. શ્રી જગદીશાનંદ બ્રહ્મચારી પણ **અવતાર-અવતારીનો વિવેક** બતાવતાં લખે છે :-

'બીજા જે અવતાર અનેક, રહે હાજર જોડી હાથને રે; ધરી અંતરમાં દૃઢ ટેક, કરે રાજી સદા નિજનાથને રે. ॥૧॥
સર્વ અવતારના જે ભાવ, તે પ્રભુજીએ પોતામાં દેખાડ્યા રે; ભારે ઐશ્વર્ય દેખાડી માવ, અવતારી જુદા પાડ્યા રે. ॥૨॥
એવા પ્રગટ જે ભગવાન, તેનો દૃઢાવ દૃઢ રાખવો રે; જગદીશ કહે એ જ તાન, બીજો સંશય કાઢી નાખવો રે. ॥૫॥'

(શ્રીજી સર્વોપરિ સ્વરૂપ સંગ્રહ)

આદિઆચાર્ય પ.પૂ. ધ.ધુ. શ્રી રઘુવીરજી મહારાજ **'શ્રીહરિલીલાકલ્પતરુ'** ગ્રંથમાં શ્રીજીમહારાજને અવતારના **અવતારી** છે એમ સ્પષ્ટતા કરતા વિવિધ વચનો કહે છે :-

● સિદ્ધો શ્રીજીમહારાજની **સ્તુતિ** કરતાં કહે છે :

'ये त्वां वदन्ति परमं निखिलावतारहेतुं सुरैः सदृशमत्र तवावतारैः । जानन्ति मन्दमतयो नहि ते त्वदीयं तत्त्वं हरे ! विधिमुखैरपि चाऽवितर्क्यम् ॥'

'હે ભગવન્ ! સર્વ અવતારના કારણ, માટે સર્વોપરી એવા તમને જે આ લોકમાં બીજા અવતારો તથા દેવતાઓની તુલ્ય કહે છે, તે મંદબુદ્ધિવાળા મનુષ્યો બ્રહ્માદિક દેવતાઓ દ્વારા પણ તર્ક ન કરી શકાય એવું તમારું તત્ત્વ તેને જાણતા નથી.'

(શ્રીહરિલીલાકલ્પતરુ : ૨/૪૯/૮)

● શ્રીજીમહારાજ જગન્નાથપુરીમાં **નીલકંઠવર્ણી રૂપે** હતા ત્યારે,

'ततस्तत्र जगन्नाथस्तं ज्ञात्वैवाऽवतारिणम् । सदाऽदृश्यः सिषेवेऽन्यैः श्रीधार्मिं पुरुषोत्तमम् ॥'

ધર્મના પુત્ર શ્રીહરિને સર્વ અવતારના અવતારી **પુરુષોત્તમ** જાણીને **જગન્નાથજી** અદૃશ્ય સ્વરૂપે શ્રીહરિકૃષ્ણ ભગવાનને સેવતા હતા.

(શ્રીહરિલીલાકલ્પતરુ : ૨/૫૦/૨)

● પર્વતભાઈનો **એક પ્રસંગ** પણ તેમાં નોંધેલ છે. અગતરાઈના પર્વતભાઈને **સંકલ્પ** થયો કે નૃસિંહ અવતારનું રૂપ કેવું હશે ? પછી શ્રીજીમહારાજની ઈચ્છાથી તેમને ચોવીસેય અવતારોનાં દર્શન થયાં. પછી તેમણે આ અવતારોને મહારાજની મૂર્તિમાં લીન થતા જોયા. આવી રીતે પર્વતભાઈનો સંકલ્પ **સત્ય** કરીને શ્રીહરિ પોતે જ પર્વતભાઈને કહે છે,

'दृष्टास्त्वयाऽवतारा ये युगपत्सर्वशोऽद्भुताः । तेषां हेतुमहेतुं मां त्वं वेदैवावतारिणम् ॥'

'તમોએ એક સાથે સર્વે અલૌકિક અવતારોને જોયા, તે સર્વના કારણરૂપ **અવતારી** મને જ જાણો. હું સર્વનું કારણ છું, પણ મારું કારણ કોઈ નથી.' (શ્રીહરિલીલાકલ્પતરુ : ૩/૧૮/૩૯)

(सर्वावतारहेतुत्वेऽपि स्वयं हेतुर्वर्जितम् – સર્વ અવતારના કારણ હોવા છતાં સ્વયંનું કોઈ જ કારણ નથી)

● આ જ ગ્રંથમાં શ્રીહરિ **પોતાનું સ્વરૂપ** સમજાવતાં કહે છે,

'भूतास्तथा भवन्तो मे भविष्या येऽपि भूरिशः । अवतारास्त्वहं तेषामवतार्यस्मि कारणम् ॥
सोऽहमेवाऽक्षराद् धाम्नो दिव्यैश्वर्यादिसंयुतः । अवतारी क्षितौ नूनं युष्मदर्थमिहाऽऽगतः ॥'

'હે ભક્તજનો ! મારા ઘણાક અવતાર થયા છે, વર્તમાનકાળે છે ને ભવિષ્યમાં થશે, તે સર્વેનો કારણ અવતારી તે હું જ છું. અક્ષરધામનો અધિપતિ અવતારી જે હું તે અક્ષરધામથી દિવ્ય ઐશ્વર્ય યુક્ત, આ પૃથ્વી પર ભરતખંડમાં તમારે અર્થે આવ્યો છું.'

(શ્રીહરિલીલાકલ્પતરુ : ૫/૮/૩૨,૩૩)

● સ્વર્ગવાહિની ગંગાજી એકવાર અતિશય ગર્વ અને ઉત્સાહ સભર હતા. નરનારાયણ ભગવાને કારણ પૂછતા ગંગાજીએ કહ્યું કે, ભગવાન ત્રિવિક્રમ (વામન) અને આપના સ્પર્શથી પવિત્ર થયેલ હું શા માટે ગર્વ ન કરું ? ત્યારે નરનારાયણ પ્રભુએ જણાવ્યું કે, હે ગંગા ! નરે સહિત મેં તારામાં સ્નાન કર્યું છે તેથી અને ત્રિવિક્રમ (વામન) અવતારે પાદસ્પર્શથી પવિત્ર કરી છે, તેથી તું ગર્વ ન કર, કારણ કે ત્રિવિક્રમ અને મારાથી પણ પર સર્વ અવતારના અવતારી **પુરુષોત્તમનારાયણ** અક્ષરધામમાં વિરાજે છે.

(શ્રીહરિલીલાકલ્પતરુ : ૮/૧૦/૯-૧૭)

'अपि ब्रह्मन्स भगवान् परमात्मा सनातनः । ब्रह्मधाम्नि त्वया दृष्ट आवयोः कारणं परम् ।।'

'શ્રી નારાયણ તે નારદજીને કહે છે કે, હે બ્રહ્મન્ ! જે સનાતન પરમાત્મા **ભગવાન** જે તમે (અક્ષર) બ્રહ્મધામને વિષે દીઠા તે ભગવાન અમારા બંનેનાં **પરમ કારણ** છે.' (શ્રી સ્કંદપુરાણ, વૈષ્ણવ.વા. મા.અ. ૧૯)

શ્રીજીમહારાજ ગઢડા અંત્ય પ્રકરણના ૩૮મા **વચનામૃત**માં કહે છે :-

"પ્રત્યક્ષ પુરુષોત્તમ ભગવાન તેના સ્વરૂપમાં ને અક્ષરધામને વિશે રહ્યા જે ભગવાન, તેના સ્વરૂપમાં કાંઈપણ ભેદ નથી, એ બે એક જ છે. અને એવા જે આ **પ્રત્યક્ષ પુરુષોત્તમ ભગવાન** તે અક્ષરાદિક સર્વના નિયંતા છે, ઈશ્વરના પણ ઈશ્વર છે, ને સર્વકારણના પણ કારણ છે, ને સર્વોપરી વર્તે છે, ને સર્વ અવતારના **અવતારી** છે, ને તમારે સર્વેને એકાંતિકભાવે કરીને ઉપાસના કરવા યોગ્ય છે."

ભગવાન શ્રી સ્વામિનારાયણે વચનામૃતમાં **અવતાર** અને **અવતારી** બંને પરસ્પર **અતિશય ભિન્ન** છે - એ વાત અતિશય સુસ્પષ્ટપણે સમજાવી છે. તેઓ ગઢડા મધ્ય પ્રકરણના ૯મા વચનામૃતમાં કહે છે :-

"સર્વોપરી ને સદા દિવ્ય સાકારમૂર્તિ અને સર્વ અવતારનું અવતારી એવું જે **ભગવાનનું સ્વરૂપ** છે તે જ મને પ્રાપ્ત થયું છે' તે માટે પોતાને સાક્ષાત્ મળ્યું જે ભગવાનનું સ્વરૂપ તેને સદા દિવ્ય સાકારમૂર્તિ ને સર્વ અવતારનું કારણ અવતારી એવું જાણવું. અને જો એમ ન જાણે ને નિરાકાર જાણે ને બીજા અવતાર જેવા જાણે તો એનો દ્રોહ કર્યો કહેવાય."

આ વચનામૃતમાં શ્રીજીમહારાજે અવતારી અને અવતારનો ભેદ ચોખ્ખો બતાવ્યો છે. હવે જો બંનેને સમાન સમજે તો ભગવાનના સ્વરૂપનો દ્રોહ કર્યો કહેવાય.

આ જ રીતે સ્તોત્રરત્ન ભાષ્યમાં પણ **શ્રી યામુનાચાર્યજી** કહે છે :-

'यस्तु नारायणं देवं समत्वेनाभिमन्यते । स तु तेनावमानेन नरकान्नाति वर्तते ।। (भागवतम्)

જે પુરુષ ભગવાન પુરુષોત્તમ નારાયણને અન્ય દેવ જેવા જાણે છે, તે પુરુષ અવગણનાના દોષથી નરકમાં પડે છે. (ભાગવત)

'ये तु सामान्यभावेन मन्यन्ते पुरुषोत्तमम् । ते वै पाषण्डिनो ज्ञेया नरकार्हा नराधमाः ।। (भारतम्)'

જે મનુષ્યો ભગવાન પુરુષોત્તમને સામાન્યભાવથી (દેવ-મનુષ્યાદિ જેવા) જુએ છે, અને માને છે તેઓને પાખંડી જાણવા; તે નરાધમ પુરુષો નિશ્ચે નરકને જ પામે છે. (મહાભારત) (સ્તોત્રરત્ન ભાષ્ય : શ્લોક-૧૧)

વચનામૃતમાં કોઈ વખત પ્રસંગોપાત્ત સભામાં બેઠેલા વિભિન્ન પ્રકારના મુમુક્ષુઓની પાત્રતા પ્રમાણે શ્રીજીમહારાજે પોતાના સ્વરૂપ વિશે જુદી જુદી વાતો કરી હોય, પરંતુ એ ઉપદેશોમાં ખૂબ જ સાવધાની અને પ્રતીતિપૂર્વક સંપાદન કરનાર નંદસંતોએ એ પ્રકારના વચનામૃતોને અંતે, 'મહારાજ પોતે સર્વોપરી, સર્વાવતારના અવતારી છે', 'સાક્ષાત્ પુરુષોત્તમ નારાયણ છે' વગેરે શબ્દોથી સ્પષ્ટતા કરી છે; જેથી ભગવાન શ્રી સ્વામિનારાયણના કહેવાનાં ભાવાર્થ કે તાત્પર્ય અને પ્રયોજનને સમજ્યા વગર એમનાં એ પ્રસંગોપાત ઉચ્ચારેલાં વચનોને આધારે કોઈ મહારાજને કેવળ સાધક, ભક્ત, ઉપાસક, સાધુ, અનાદિમુક્ત, ગુરુ, ઉપદેષ્ટા કે **અન્ય અવતાર જેવા** ન માની લે. એવી **તકેદારી** સર્વત્ર રાખેલી છે.

હવે આપણે વચનામૃત સંપાદક નંદસંતોએ જે તે વચનામૃતને અંતે કરેલી સ્પષ્ટતાવાળાં **કેટલાંક વચનામૃતો** જોઈશું.

પ્ર.૪૪ - "એવી રીતે શ્રીજીમહારાજ બોલ્યા તે તો પોતાના ભક્તને શિક્ષાને અર્થે છે એમ જાણવું, અને પોતે તો સાક્ષાત્ **પુરુષોત્તમ નારાયણ** છે."

લો.૧૩ - "એવી રીતે ભક્તજનની શિક્ષાને અર્થે શ્રીજીમહારાજે વાર્તા કરી, ને પોતે તો સાક્ષાત્ **પુરુષોત્તમ નારાયણ** છે."

લો.૧૪ - "એવી રીતે પોતાના ભક્તજનની શિક્ષાને અર્થે શ્રીજીમહારાજે વાર્તા કરી, ને પોતે તો સાક્ષાત્ **પુરુષોત્તમ નારાયણ** છે."

લો.૧૮ - "એવી રીતે શ્રીજીમહારાજની વાર્તા સાંભળીને સર્વે સાધુ તથા સર્વે હરિભક્ત તે શ્રીજીમહારાજને **સર્વ અવતારના કારણ અવતારી** જાણીને દિવ્યભાવની અતિશય દૃઢતા કરતા હવા."

પં.૬ - "એવી રીતની વાર્તાને સાંભળીને સર્વે સાધુ તથા હરિભક્ત તે શ્રીજીમહારાજને વિશે **સર્વકારણપણું** જાણીને ઉપાસનાની **દૃઢતા** કરતા હવા."

પં.૭ - "એવી રીતે શ્રીજીમહારાજે પોતાના ભક્તજનની શિક્ષાને અર્થે પોતાના સ્વરૂપની જે **અનન્ય નિષ્ઠા** તે સંબંધી વાર્તા કરી, તેને સાંભળીને સર્વે પરમહંસ તથા હરિભક્ત તે શ્રીજીમહારાજના સ્વરૂપની એવી જ રીતે **વિશેષે દૃઢતા** કરતા હવા."

ગ. પ્ર. ૭૮ :- "...અનિરુદ્ધ, પ્રદ્યુમ્ન, સંકર્ષણ અને વાસુદેવ; એ જે ચતુર્વ્યૂહ તથા કેશવાદિક જે ચોવીશ મૂર્તિઓ તથા વરાહાદિક જે અવતાર એ સર્વેના કારણ એવા જે **પ્રત્યક્ષ** શ્રીકૃષ્ણ પુરુષોત્તમ ભગવાન તેનો મહિમા અતિશયપણે કરીને સમજે તો તેને ભગવાનની શ્રવણાદિક જે નવધા ભક્તિ તે અચળ રહે..."

સા. ૧૬ :- "...અને તે પછી તે ભક્તજનના હૃદયને વિષે ભગવાનની ઈચ્છાએ કરીને જણાતું જે અક્ષરબ્રહ્મમય એવું તેજ તેને વિષે **સાક્ષાત્** એવા જે શ્રીકૃષ્ણ ભગવાન તેનું દર્શન થાય છે..."

કા. ૭ :- "...**પ્રત્યક્ષ** પુરુષોત્તમને વિષે જે દૃઢ નિષ્ઠા તેને આત્યંતિક કલ્યાણ કહીએ..."

કા. ૧૦ :- "...અને જીવનું કલ્યાણ તો આટલી જ વાતમાં છે જે, **'પ્રગટ પ્રમાણ** એવા જે શ્રીકૃષ્ણનારાયણ તેનું જ કર્યું સર્વે થાય છે, પણ કાળ, કર્મ ને માયાદિક કોઈનું કર્યું કાંઈ થતું નથી.' એવી રીતે ભગવાનને વિષે જ એક કર્તાપણું સમજવું..."

લો. ૧ :- "...તેમ **પ્રત્યક્ષ** જે શ્રીકૃષ્ણનારાયણ તે શુભ-અશુભ સર્વ ક્રિયાને કર્તા થકા આકાશની પેઠે નિર્લેપ છે એમ જાણે..."

લો. ૭ :- "...માટે એ સર્વેને બ્રહ્મ કહ્યા છે પણ એ સર્વે શરીર છે અને એ સર્વેના શરીરી, તે ભગવાન શ્રીકૃષ્ણ **પ્રત્યક્ષ** પુરુષોત્તમ છે...."

પં. ૬ :- "...માટે આ અવતાર સર્વોત્કર્ષપણે વર્તે છે, એવી રીતે જેની **પ્રત્યક્ષ** શ્રીકૃષ્ણના સ્વરૂપમાં અચળમતિ હોય ને એ મતિ કોઈ દિવસ વ્યભિચારને ન પામતી હોય..."

વચ. ૧ :- "...તેમ જેને **પ્રત્યક્ષ** શ્રીકૃષ્ણ ભગવાનના સ્વરૂપનો દૃઢ નિશ્ચય થયો ને તેમાં કોઈ જાતનો કુતર્ક ન થાય તો તે પુરુષના પ્રાણ લીન ન થયા હોય તો પણ નિર્વિકલ્પ સમાધિ છે..."

અં. ૫ :- "...જો તે **પ્રત્યક્ષ** શ્રીકૃષ્ણ ભગવાનની મૂર્તિ વિના કાંઈક બીજું ઈચ્છે તો તેને ન્યૂન સુખની પ્રાપ્તિ થાય છે..."

અં. ૩૧ :- "...માટે તે જે ધામમાં રહી મૂર્તિ ને આ **પ્રગટ શ્રીકૃષ્ણની મૂર્તિ** તેમાં અધિકપણે સાદૃશ્યપણું છે..."

'શ્રીહરિવાક્યસુધાસિંધુ' ગ્રંથમાં સ.ગુ. શ્રી શતાનંદ સ્વામી લખે છે :-

- 'ઈશ્વરત્વં મહત્ત્વञ્ચ યત્રાન્યેષામુદીરિતમ્ । તત્રાસ્યૈવાન્વયેનૈવ તત્પ્રોક્તમિતિ દૃશ્યતામ્ ।।

કાર્યાऽર્થં યત્ર યત્રાऽસ્યાऽનુપ્રવેશોऽસ્તિ ચ પ્રભોઃ । સ સ પ્રોક્તોऽસ્તિ ભગવાનિતિ નૈવ સ્વતઃ ક્વચિત્ ।।'

અર્થાત્ :- પુરુષોત્તમનારાયણ સિવાય અન્ય અવતારોને ઈશ્વર અથવા મહાન કહ્યા હોય તે તો તે પુરુષોત્તમનારાયણના અન્વયથી જ તેમની મહત્તા સમજવી. જે જે કાર્યને અર્થે જેમાં જેમાં પુરુષોત્તમનારાયણનો **અનુપ્રવેશ** થાય છે તેને તેને **ભગવાન** કહેવાય છે. પરંતુ સ્વતઃ પરમાત્મા અન્ય કોઈ નથી.

સ.ગુ. આધારાનંદ સ્વામી **'શ્રીહરિચરિત્રામૃતસાગર'**માં ભગવાન શ્રીહરિના **સર્વોપરીપણાના પ્રસંગો** નોંધે છે :

'પ્રતાપ દિખાયે ન લિખત જાઈ, ગુપચુપ કર રખત છિપાઈ; કોટિ બ્રહ્માંડ હનન કો પાપા, લગત હૈ દિન દિન અમાપા.'

આ પ્રગટ ભગવાન શ્રી સ્વામિનારાયણનો **અનંત પ્રતાપ** દેખ્યો છે, છતાં પણ તેને જે જે **ગુપચુપ** કરીને રાખે છે પણ બીજા અવતારાદિક કે અક્ષરાદિ મુક્તોના સ્વામી આ પ્રગટ શ્રી સહજાનંદ સ્વામી છે એવી જે અધિકતા બીજાની આગળ કહે નહિ તેને દિવસે દિવસે કોટિ બ્રહ્માંડનો નાશ

મ.૧૩ - "એવી રીતે શ્રીજીમહારાજે પોતાના ભક્તજનની શિક્ષાને અર્થે પરોક્ષપણે **પોતાના પુરુષોત્તમપણાની વાર્તા** કરી, તેને સાંભળીને સર્વે સાધુ તથા હરિભક્ત તે એમ જ માનતા હવા જે, 'જે તેજને વિષે મૂર્તિ કહી તે જ આ **શ્રીજીમહારાજ** પ્રત્યક્ષ પ્રમાણ છે."

મ.૨૨ - "એમ શ્રીજીમહારાજે પોતાનું વૃતાંત ભક્તજનના કલ્યાણને અર્થે કહ્યું, ને પોતે તો સાક્ષાત્ શ્રીકૃષ્ણ **પુરુષોત્તમ નારાયણ** છે."

અં.૩૦ - "એવી રીતે શ્રીજીમહારાજે પોતાના ભક્તની શિક્ષાને અર્થે પોતાનું વર્તન લઈને વાર્તા કરી, ને પોતે તો સાક્ષાત્ **શ્રી પુરુષોત્તમ નારાયણ** છે."

અં.૩૧ - "એવી રીતે શ્રીજીમહારાજે પોતાના **પુરુષોત્તમ સ્વરૂપના નિરૂપણની વાર્તા** પરોક્ષપણે કરીને કહી."

અં.૩૯ - "એવી રીતે શ્રીજીમહારાજે કૃપા કરીને બીજાને સમજાવવા સારું પોતાનું વર્તન લઈને વાર્તા કરી, ને પોતે તો સાક્ષાત્ **શ્રી પુરુષોત્તમ નારાયણ** છે."

શ્રીજીમહારાજે **વચનામૃત**માં ઘણીવાર **'શ્રીકૃષ્ણ'** શબ્દનો પ્રયોગ **પોતાના માટે** એટલે કે **પ્રત્યક્ષ** બધા ભક્તોને **નયનગોચર** મનુષ્યરૂપ મૂર્તિ માટે કર્યો હોય તેવું સ્પષ્ટપણે જણાય છે. આના માટે ભગવાન શ્રીહરિએ જ્યાં જ્યાં **'શ્રીકૃષ્ણ'** શબ્દનો પ્રયોગ કર્યો છે તેની આગળ અથવા પાછળ 'પ્રત્યક્ષ', 'તમારા સૌના નયનગોચર', 'પ્રગટ પ્રમાણ', 'સાક્ષાત્' વગેરે શબ્દોનો પ્રયોગ કર્યો છે. જેમ કે -

ગ. પ્ર. ૯ :- "...શ્રીકૃષ્ણ ભગવાનનો **પ્રત્યક્ષપણે** નિશ્ચય કર્યો હોય...", "...અને જે **પ્રત્યક્ષ ભગવાન**ને વિષે દૃઢ નિષ્ઠા રાખે છે...", "...જેને ભગવાનને વિષે અનન્ય નિષ્ઠા હોય તેને **પ્રત્યક્ષ ભગવાન** વિના બીજું કાંઈ ઈચ્છવું નહિ..."

ગ. પ્ર. ૨૦ :- "...પ્રકાશને મધ્યે **પ્રત્યક્ષ** એવા જે પુરુષોત્તમ ભગવાન તેની મૂર્તિને જુએ છે અને નારદ, સનકાદિક જેવો સુખીયો પણ થાય છે..."

ગ. પ્ર. ૨૭ :- "...પૂર્વે જે જે અનંત પ્રકારના આશ્ચર્ય થઈ ગયાં છે તથા હમણા જે થાય છે તથા આગળ થશે તે સર્વે મને મળ્યા એવા જે **પ્રત્યક્ષ** ભગવાન તે વતે જ થાય છે..."

ગ. પ્ર. ૩૧ :- "...ભગવાનના ભક્તની જે મોટપ છે તે તો **પ્રત્યક્ષ** ભગવાનના નિશ્ચયે કરીને તથા તે ભગવાનની આજ્ઞાને વિષે વર્તવે કરીને છે..."

ગ. પ્ર. ૪૭ :- "...સત્તારૂપ એવો જે પોતાનો આત્મા તે રૂપે નિરંતર વર્તે અને પોતાના ઈષ્ટદેવ એવા જે **પ્રત્યક્ષ** શ્રીકૃષ્ણ પરમાત્મા તેને સર્વથી પર અને અતિશુદ્ધ સ્વરૂપ અને સદા દિવ્ય સાકાર મૂર્તિ સમજે..."

ગ. પ્ર. ૪૯ :- "...જેવા પોતાને **પ્રત્યક્ષ** ભગવાન મળ્યા છે તેની મૂર્તિ સામે જોઈ રહેવું એ અંતર્દૃષ્ટિ છે..."

ગ. પ્ર. ૫૧ :- "...સર્વના કારણ જે પુરુષોત્તમ ભગવાન તેની દૃષ્ટિએ કરીને જોઈએ ત્યારે એ પુરુષોત્તમ ભગવાન વિના બીજું કાંઈ ભાસે જ નહિ. એવા જે ભગવાન તે જ કૃપા કરીને જીવના કલ્યાણને અર્થે પૃથ્વીમાં સર્વે મનુષ્યને **પ્રત્યક્ષ** દર્શન આપે છે..."

ગ. પ્ર. ૫૬ :- "...માટે જેને ભગવાનને પ્રસન્ન કરવા હોય તેને જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ તથા બીજા કોઈ શ્રેષ્ઠ ગુણ હોય તેને અભિમાને કરીને અટંટ થવું નહિ. તો એ પુરુષના હૃદયને વિષે **પ્રગટ પ્રમાણ એવા જે શ્રીકૃષ્ણ નારાયણ** તે પ્રસન્ન થઈને નિવાસ કરીને રહે છે..."

ગ. પ્ર. ૫૯ :- "... સમજણે સહિત જે **પ્રત્યક્ષ** ભગવાનના સ્વરૂપને વિષે નિશ્ચય તે જ પરમેશ્વરને વિષે અસાધારણ સ્નેહનું કારણ છે..."

● "મહારાજે સમાધિઓ કરાવીને જેવો તેવો હોય તેને પણ અષ્ટાવરણ પાર જે અક્ષરધામ તે દેખાડ્યું, તથા તે સમાધિને વિષે પોતાના અવતાર દેખાડીને પોતાને વિશે લીન કરી દેખાડ્યા. તથા પુષ્પ તથા સોટીને સ્પર્શે કરીને પોતાનાં ધામ દેખાડ્યાં, એ સર્વે પોતાને વિષે પુરુષોત્તમપણું દેખાડ્યું. એવી રીતે મહારાજે પૂર્વે જે જે અવતારે કરીને જે જે કાર્ય કર્યું છે તે પોતે સહજ લીલાએ કરીને કર્યું. આવી રીતે આ વાતને વિચારીને પછી એમ નિર્ધાર કરવો જે, 'જ્યારે સર્વ અવતારનો ભાવ મહારાજે પોતાને વિષે દેખાડ્યો, તે માટે **સર્વ અવતારના અવતારી** તે આ પ્રગટ ભક્તિધર્મના પુત્ર એવા **શ્રીહરિકૃષ્ણ મહારાજ** છે. ને બીજા અવતાર તો એમના **આજ્ઞાકારી** છે. એમ મહારાજના સ્વરૂપને સમજવું. તે આ વાતને પણ જે બુદ્ધિવાળો હોય અને શુદ્ધ સંપ્રદાય થકી જ્ઞાનને પામ્યો હોય, તે આ વાતને **શુદ્ધ સંપ્રદાય** થકી સમજે ત્યારે આ વાત સમજાય પણ તે વિના સમજાય નહિ, તે માટે આ વાતને સમજી રાખવી."

(શ્રી ગોપાળાનંદ સ્વામીની વાતો : ૧/૯૯ અમદાવાદ પ્રત)

● "શ્રીજીમહારાજે નાગડકાને વિશે **પરમહંસ આગળ** વાર્તા કરી જે, 'પૂર્વે રામકૃષ્ણાદિક અવતાર થઈ ગયા ને આગળ બીજા થાશે તથા બીજાં ધામોને વિશે જે મૂર્તિઓ છે, તે સર્વેના કારણ ને સર્વ થકી પર આ **પ્રગટ પુરુષોત્તમ નારાયણ** અમે છીએ, તેમાં ખોટું કહેતા હોઈએ તો સર્વે પરમહંસના સમ છે. એવું જે પ્રગટ પુરુષોત્તમના સ્વરૂપનું જ્ઞાન તેમાં જો ખામી રહી જશે તો કોઈ રીતે વાંધો નહિ ભાંગે. અને જેમ વૈકુંઠવાસીને રહેવાનું વૈકુંઠધામ છે, ને ગોલોકવાસીને ગોલોક છે તેમ અમારે રહ્યાનું **અક્ષરધામ** છે."

(શ્રી ગોપાળાનંદ સ્વામીની વાતો : ૧/૧૫૬ અમદાવાદ પ્રત)

મહાભારતના **શાંતિપર્વના 'મોક્ષધર્મનુશાસન પર્વ'**માં અધ્યાય ૩૩૪માં કથાનો એવો પ્રસંગ છે કે, એકવખત નર તથા નારાયણ તે બંને, ભગવાનનું પૂજન કરતા હતા ને નારદજી બદરિકાશ્રમમાં આવ્યા ત્યાં તે બંનેને પૂજા કરતા જોઈને નારદજીએ પૂછ્યું કે,

'वेदेषु सपुराणेषु साङ्गोपाङ्गेषु गीयसे । त्वमजः शाश्वतो धाता मातामृतमनुत्तमम् ।।२५।। कं त्वद्य यजसे देवं पितरं कं न विद्महे ।।२७।।'

અર્થાત્ :- હે ભગવન્ ! અંગ તથા ઉપાંગો સહિત, સંપૂર્ણ વેદોમાં તથા પુરાણોમાં આપનો મહિમા વર્ણન કર્યો છે; આપ અજન્મા, સનાતન, બધાના માતાપિતા તથા સર્વોત્તમ અમૃતરૂપ છો. વળી સર્વજનો આપનું પૂજન કરે છે. તોપણ આજે, આપ કયા દેવતા તથા કયા પિતૃની પૂજા કરો છો, તે મારા સમજવામાં આવતું નથી તેથી હું જાણવા ઈચ્છું છું. ॥૨૫-૨૭॥

આમ જ્યારે પૂછ્યું ત્યારે **નારાયણ ભગવાન,** નારદજીને કહેવા લાગ્યા :

'अवाच्यमेतद् वक्तव्यमात्मगुह्यं सनातनम् । तव भक्तिमतो ब्रह्मन् ! वक्ष्यामि तु यथातथम् ।।२८।।'

અર્થાત્ :- હે બ્રહ્મન્ ! તમે જે બાબતનો પ્રશ્ન પૂછ્યો, તે વાત અર્થાત્ તે **સનાતન રહસ્ય** અમારે કોઈને પણ કહેવા યોગ્ય નથી; પરંતુ ગુપ્ત રાખવા જેવું છે, તોપણ તમારા જેવા ભક્તને તો તે વાત કહેવી જોઈએ. માટે હું તે રહસ્ય યથાર્થપણે તમોને કહું છું. ॥૨૮॥

ત્યારબાદ પરમતત્ત્વ **પરબ્રહ્મ પુરુષોત્તમનારાયણનું** વર્ણન કરીને નારાયણ ભગવાને એજ અધ્યાયના શ્લોક ૩૨માં નારદજીને આ પ્રમાણે કહ્યું છે :-

'तां योनिमावयोर्विद्धि योऽसौ सदसदात्मकः । आवाभ्यां पूज्यतेऽसौ हि दैवे पित्र्ये च कल्प्यते ।।३२।।'

અર્થાત્ :- સત્-અસત્સ્વરૂપ (સર્વના આત્મા) તે પરમાત્મા **પુરુષોત્તમનારાયણ** જ નરનારાયણ એવા અમો બંનેની **ઉત્પત્તિના કારણ** છે, એમ

કર્યાનું **અમાપ પાપ** લાગે છે.

(શ્રીહરિચરિત્રામૃતસાગર : ૮/૧૩)

● ગઢડામાં લાડુદાનજી (બ્રહ્માનંદ સ્વામી)ને સમાધિમાં બદરિકાશ્રમને વિષે નરનારાયણનું દર્શન થાય છે. તેઓ શ્રીહરિના ચરિત્રો પૂછે છે. લાડુદાનજી તેમને શ્રીહરિની થોડીક વાત કરે છે. પછી **નરનારાયણ** સૌને કહે છે,

'नारायण बोलत भये, सुनो नर तुम भ्रात; अवतार अनंत हि भये, ऐसि न सुनि कोउ बात. ॥३८॥
अवतार अनंत कारन यह, अक्षरपति अविनाश; श्रीपुरुषोत्तम प्रगटे, अधर्मके करन नास. ॥३७॥
तब बोले मुनि तेहि जोई, हम जानत तुम हो सोई; तब बोले नारायन देवा, हम जैसे सो अनंत हे एवा. ॥४२॥'

ગઢડામાં શ્રીજીમહારાજે લાડુદાન ગઢવીને સાધુ કરી **શ્રીરંગદાસ** નામ પાડ્યું. ત્યારે રાજાઓએ તેમને પૂછ્યું કે તમે શો પ્રતાપ દેખીને ભેખ લીધો ? ત્યારે શ્રીરંગદાસે કહ્યું કે મને સર્વોપરી વાત મળી છે. સર્વે સુખના કારણ આ પ્રગટ શ્રીહરિ છે. એમનાથી બીજું કોઈ અધિક નથી. આવી વાત ક્યારેય મળી નથી. હું સમાધિ વખતે બદરિકાશ્રમમાં ગયો. ત્યાં મેં નરનારાયણને પૂછ્યું કે તમે જ અહીં બદરિ તળે બેઠાં થકા ત્યાં અવતાર ધર્યો છે ? ત્યારે નરનારાયણ બોલ્યા કે જે સર્વોપરી શ્રીહરિ અક્ષરના પતિ છે, એમના જેવા સમર્થ બીજા કોઈ નથી. અનંત અવતાર થયા છે, તે બધા જ આ શ્રીહરિની મરજી પ્રમાણે વર્તે છે. આ શ્રીહરિ જ સર્વના કારણ છે. તેઓ સૌની ઉપર છે, પરંતુ એમની ઉપર અમારી જેવા બીજા કોઈ નથી.

(શ્રીહરિચરિત્રામૃતસાગર : ૪/૧૨ તથા શ્રી સ્વા. અવતારી સ્વરૂપ નિરૂપણ : અધ્યાય : ૧૦૬)

સ.ગુ. શ્રી **શુકાનંદ સ્વામી** પણ અવતારીને અવતાર જેવા જાણે તેને અવળી સમજણ છે એમ જણાવતાં કહે છે :- "જેને પ્રમાદ અને મોહ હોય તેને એકાંતિક ધર્મ તો આવે જ નહિ, કાં જે એની સમજણ જ અવળી હોય તે શું ? તો પુરુષોત્તમને અવતાર જેવા જાણે ને અવતારને પુરુષોત્તમ જેવા જાણે."

(શ્રી શુકાનંદ સ્વામીની વાતો : ૧૩)

સ.ગુ. શ્રી **ગોપાળાનંદ સ્વામી** પણ સમજાવે છે કે :- "જ્યાં જ્યાં પ્રગટ પુરુષોત્તમપણાની વાત આવે છે, ત્યાં ત્યાં સર્વેની બુદ્ધિ ભ્રમી જાય છે પણ સર્વ ઠેકાણે પ્રત્યક્ષ હરિકૃષ્ણ પુરુષોત્તમને લઈને બીજાને **પુરુષોત્તમ** કહ્યા છે."

(શ્રી ગોપાળાનંદ સ્વામીની વાતો, પુરુષોત્તમ નિરૂપણ : વાત - ૧૬૧)

● "માટે આપણે તો અવતારને વિશે મોટપ ન સમજવી. અને મહારાજ સર્વ અવતારોના અવતારી પોતે એક જ છે. અને અવતારમાત્રના સ્વામી છે. ને બીજા સર્વ અવતાર મહારાજના ભક્ત છે. એમ સમજવું ને બીજાને એમ સમજાવવું ને મહારાજે વ્યાપકાનંદ સ્વામીને પણ પોતાના સ્વરૂપને વિષે ચોવીસ અવતાર લીન કરી દેખાડ્યા, અને પર્વતભાઈ પણ ચોવીસ અવતારને મહારાજની સ્તુતિ કરતા નિરંતર દેખતા. એવા એવા હજારો વાર ચમત્કાર મહારાજે જણાવ્યા છે. તથા હમણાં પણ જણાય છે. તે આપણે બીજા અવતાર જેવા મહારાજને કેમ સમજીએ ? માટે આપણે તો **ચોખ્ખી ઉપાસના** સમજવી જે, બીજા અવતાર તથા અક્ષરના મુક્ત તથા અક્ષર અને પૂર્વે જે જે અવતાર થઈ ગયા છે તથા આગળ થાશે એ સર્વના **અવતારી** શ્રીજી મહારાજ છે. અને **એ સર્વે અવતાર મહારાજના ભક્ત છે** એમ સમજવું, અને એ સર્વેને નિયમમાં રાખનારા પોતે એક જ છે, પણ એ વિના બીજો કોઈ નથી, એ મોટા સંતનો **સિદ્ધાંત** છે."

(શ્રી ગોપાળાનંદ સ્વામીની વાતો : ૧/૧૭ અમદાવાદ પ્રત)

તમે સમજો; અમે બંને તેમની પૂજા કરીએ છીએ, અને 'દેવ' એટલે કે ઈષ્ટદેવ તથા 'પિતૃ' કહેતા સુખ, સામર્થ્ય ને પ્રકાશના દાતા પણ તેમને જ માનીએ છીએ.॥૩૨॥

'इति गुह्यसमुद्देशस्तव नारद ! कीर्तितः । भक्त्या प्रेम्णा च विप्रर्षे ! अस्मद्भक्त्या च ते श्रुतः ।।४५।।'

અર્થાત્ :- હે નારદ ! હે વિપ્રર્ષે ! તમારે ભગવાનને વિષે પ્રેમ તથા ભક્તિ છે, તેમજ અમારે વિષે પણ ભક્તિભાવ થયો છે; તેથી જ અમે તમને આ ગુહ્ય વાર્તા કહી. અને તમને પણ સાંભળવાનો અવસર મળ્યો. ॥૪૫॥

વળી, બીજો એક **આશ્વમેધિક**પર્વના **અનુગીતાપર્વ**માં અધ્યાય ૧૬માં એવો પ્રસંગ આવે છે કે કુરુક્ષેત્રના યુદ્ધ પછી ભીષ્મપિતાએ દેહત્યાગ કર્યો પછી ભગવાન દ્વારકેશ શ્રીકૃષ્ણ પોતાની દ્વારકાનગરીમાં જવાની તૈયારી કરે છે અને સહુની રજા માંગે છે ત્યારે અર્જુને ભગવાન શ્રીકૃષ્ણને આ પ્રમાણે કહ્યું :-

"હે મહાબાહુ દેવકીપુત્ર ! જ્યારે યુદ્ધકાળ ઉપસ્થિત થયો હતો, ત્યારે મેં **તમારું માહાત્મ્ય** અને **ઈશ્વરી (વિરાટ) સ્વરૂપ** જાણ્યું હતું." ॥૫॥

"હે પુરુષવ્યાઘ્ર કેશવ ! તમે ભગવાને મારા પરના સ્નેહને લીધે **પૂર્વે જે જ્ઞાન કહ્યું હતું, તે** સર્વે મારા ચિત્તની વ્યગ્રતાને લીધે હું ભૂલી ગયો છું." ॥૬॥

"હે માધવ ! તે જ્ઞાનના સંબંધમાં મને વારંવાર **ઉત્કંઠા** થયા કરે છે, પણ તમે તો હવે અલ્પ સમયમાં જ દ્વારકા તરફ જશો." ॥૭॥

વૈશંપાયન બોલ્યા :- "અર્જુને એ પ્રમાણે કહ્યું, એટલે વક્તાઓમાં શ્રેષ્ઠ એવા મહાતેજસ્વી શ્રીકૃષ્ણ અર્જુનને ભેટી પડ્યા અને આ પ્રમાણે વચન બોલ્યા." ॥૮॥

વાસુદેવ બોલ્યા :- "હે પાર્થ ! તે સમયે મેં તને **સનાતન એવું ગુહ્યજ્ઞાન** કહી સંભળાવ્યું હતું, સાક્ષાત્ ધર્મ જણાવ્યો હતો અને સનાતન સર્વ લોકના દર્શન કરાવ્યા હતાં." ॥૯॥

"પણ તે અબુદ્ધિ (અજ્ઞાન)ને લીધે **તે જ્ઞાન ગ્રહણ કર્યું નહિ, એ મને અત્યંત અપ્રિય લાગે છે,** કેમ કે હવે મને ફરીથી તે પ્રકારની સ્મૃતિ યાદ આવી શકશે નહિ." ॥૧૦॥

"ખરેખર, હે પાંડવ ! તું અશ્રદ્ધાળું છે અને તારી બુદ્ધિ સારી નથી. હે ધનંજય ! હું તે જ્ઞાનને ફરીથી સંપૂર્ણ રીતે કહેવાને સમર્થ નથી." ॥૧૧॥

"ખરેખર, મેં ઉપદેશેલો તે ધર્મ પરબ્રહ્મનું પરમપદ જાણવાને માટે પરિપૂર્ણ હતો. પરંતુ હવે હું **તે ધર્મને સંપૂર્ણ રીતે કહેવાને અસમર્થ** છું." ॥૧૨॥

"કારણ કે તે સમયે મેં યોગનિષ્ઠ થઈને તને પરબ્રહ્મનો ઉપદેશ આપ્યો હતો. હવે તો માત્ર હું તને એ વિષયને જ લગતો એક **પુરાતની ઈતિહાસ** કહું છું." ॥૧૩॥

એમ કહીને ભગવાન શ્રીકૃષ્ણ અર્જુનને પોતાનો એક સિદ્ધ બ્રાહ્મણ સાથે થયેલ સંવાદ કહી સંભળાવે છે અને અહિં જ અધ્યાય ૧૬ની સમાપ્તિ થાય છે.

તો, આ પ્રસંગ જ એ સાબિતી આપે છે કે કુરુક્ષેત્રના રણમેદાનમાં શ્રીકૃષ્ણ પરમાત્માએ અર્જુનજીને જે કાંઈપણ ઉપદેશ આપ્યો છે તે આજે **શ્રીમદ્ ભગવદ્ગીતાના સ્વરૂપમાં** પ્રત્યક્ષ છે. **તેમાં કહેલ ઉપદેશ ભગવાન શ્રીકૃષ્ણ સ્વયં સ્વીકારે છે તે ઉપદેશ તેમણે** યોગનિષ્ઠ થઈને પરબ્રહ્મ સાથે એકતા સાધીને **પરબ્રહ્મ પુરુષોત્તમનારાયણના જ** પોતાના સ્વરૂપનું જ્ઞાન આપેલ હતું.

આજ વાત ભગવાન શ્રીસ્વામિનારાયણે પંચાળા પ્રકરણના ૭મા વચનામૃતમાં સમજાવી છે :-

"એ જે પુરુષોત્તમનારાયણ તે કોઈ કાર્યને અર્થે પુરુષરૂપે થાય છે ત્યારે એ પુરુષ છે તે પુરુષોત્તમના પ્રકાશમાં લીન થઈ જાય છે ને પુરુષોત્તમ જ રહે છે. તેમ જ માયારૂપે થાય છે ત્યારે માયા પણ પુરુષોત્તમના તેજમાં લીન થઈ જાય છે ને તે રૂપે ભગવાન જ રહે છે અને પછી એ ભગવાન મહતત્ત્વરૂપે થાય છે ને તેમજ મહતત્ત્વમાંથી થયાં જે બીજા તત્ત્વ તે રૂપે થાય છે અને પછી તે તત્ત્વનું કાર્ય જે વિરાટ તે રૂપે થાય છે તથા તે વિરાટ પુરુષથી થયા જે બ્રહ્માદિક તે રૂપે થાય છે તથા નારદસનકાદિક રૂપે થાય છે. એવી રીતે અનેક પ્રકારના કાર્યને અર્થે જેને જેને વિષે એ પુરુષોત્તમ ભગવાનનો પ્રવેશ થાય છે, તેને તેને પોતાના પ્રકાશે કરીને લીન કરી નાખીને પોતે જ તે રૂપે કરીને સર્વોત્કર્ષપણે વિરાજમાન થકા રહે છે. અને જેને વિષે પોતે વિરાજમાન રહે છે તેના પ્રકાશને પોતે ઢાંકીને પોતાનો પ્રકાશ પ્રકટ કરે છે. જેમ અગ્નિ લોઢાને વિષે આવે છે ત્યારે લોઢાનો જે શિતળ ગુણ ને કાળો વર્ણ તેને ટાળીને પોતે પોતાના ગુણને પ્રકાશ કરે છે તથા જેમ સૂર્ય ઉદય થાય છે ત્યારે તેના પ્રકાશમાં સર્વે તારાચંદ્રમાદિકના તેજ લીન થઈ જાય છે ને એક સૂર્યનો જ પ્રકાશ રહે છે, તેમ એ ભગવાન જેને જેને વિષે આવે છે ત્યારે તેના તેજનો પરાભવ કરીને પોતાના પ્રકાશને અધિકપણે જણાવે છે. અને જે કાર્યને અર્થે પોતે જેમાં પ્રવેશ કર્યો હતો, તે કાર્ય કરી રહ્યા કેડે તેમાંથી પોતે નોખા નીસરી જાય છે ત્યારે તો તે પંડે જેવા હોય તેવા રહે છે અને તેમાં જે અધિક દેવત જણાતું હતું તે તો પુરુષોત્તમ ભગવાનનું હતું એમ જાણવું."

❖ ❖ ❖ ❖ ❖

સ.ગુ. શ્રી ગુણાતીતાનંદ સ્વામી પણ પોતાની વાતોમાં **અવતાર-અવતારીનો ભેદ** બતાવતાં **અનેક દૃષ્ટાંતો** આપીને સમજાવે છે :-

- જેમ હાથણી વિંયાય ત્યારે તેને ભેંસ જેવડું બચ્ચું આવે ને જૂ વિંયાય ત્યારે તેને લીખ આવે એમ...
- વડનું ઝાડ ને તુવેરના ઝાડમાં જેમ ભેદ છે.
- તીર ને તીરનો નાખનારમાં જેમ ભેદ છે.
- રાજા ને રાજાના ઉમરાવમાં ભેદ છે.
- ચક્રવર્તી રાજા ને ખંડિયા રાજામાં ભેદ છે.
- તારા ને ચંદ્રમામાં ભેદ છે.
- ચંદ્રમામાં અને સૂર્યમાં ભેદ છે.
- પારસમણિ અને ચિંતામણિમાં ભેદ છે....

તેમ પુરુષોત્તમનારાયણ **ભગવાન શ્રી સ્વામિનારાયણ** અને તેમના **અન્ય અવતારો**ને વિષે એવો **ઘણો ભેદ** છે.

"મહારાજ તો સર્વોપરી ને સર્વ અવતારના અવતારી, સર્વ કારણના કારણ છે. તે ઉપર મધ્યનું નવમું ને છેલ્લાનું આડત્રીશમું વચનામૃત વંચાવીને

કહ્યું જે, 'આજ તો સત્સંગમાં સાધુ, આચાર્ય, મંદિર ને મૂર્તિઓ તે **સર્વોપરી** છે, તો મહારાજ સર્વોપરી હોય તેમાં શું કહેવું ?' એ તો **સર્વોપરી જ છે** એમ સમજવું.''

(૨/૧૨)

''એકોતેર ચોકડી રાજ કરીને એક ઈન્દ્ર પડે ને એવા ચૌદ ઈન્દ્ર પડે ત્યારે એક દિવસ વૈરાટ બ્રહ્માનો થયો, તેમાં બ્રહ્મા, વિષ્ણુ ને શિવ એ ત્રણ નાશ થાય. તે બ્રહ્માંડ બ્રહ્માંડ પ્રત્યે એક શ્રી કૃષ્ણ નારાયણ, એક લક્ષ્મીનારાયણ, એક નરનારાયણ ને એક વાસુદેવ નારાયણ એ છે. એવાં અનંત કોટિ બ્રહ્માંડ છે એમ સમજવું. હવે એવા ત્રીસ દિવસનો મહિનો ને બાર મહિનાનું વરસ, એવાં સો વરસ વૈરાટ જીવે, ને પ્રધાનપુરુષના રૂંવાડે રૂંવાડે ક્ષીરસાગર છે એટલે **સાડાત્રણ કરોડ** શેષશાયી થયા. માટે એ સર્વથી પ્રધાનપુરુષ મોટા થયા ને તે પ્રધાનપુરુષના એક દિવસમાં વૈરાટ પડે. તેવા સો વરસ પ્રધાનપુરુષ જીવે ને તે પાછો પ્રકૃતિપુરુષના એક દિવસમાં નાશ થાય. એવાં સો વરસ પ્રકૃતિપુરુષ જીવે છે; એમ ત્યાં સુધી કાળ પુગે છે ત્યારે બીજા કાળ થકી શું મુકાવે ? માટે તેને વિશે અરુચિ કરીને એક અક્ષરધામના ધામી જે પુરુષોત્તમ ભગવાન મળ્યા છે તેનું માહાત્મ્ય સમજીને તેનો જ બ્રહ્મરૂપે કરીને આશરો કરવો, ને ત્યાં પૂગવાની રુચિ રાખવી ને એના સાધુને વિશે જીવ બાંધવો. - આ સિદ્ધાંત વાર્તા કહી છે. તે જો નહિ સમજાય તો ખોટ રહી જાશે ને વાંસેથી પસ્તાવો થાશે, ને દેહ રહે કે ન રહે, તોપણ કસર કાઢી નાખવી.''

(૬/૯૫)

''વરતાલમાં શ્રીજી મહારાજે પરમહંસ આગળ પોતાના પુરુષોત્તમપણાના મહિમાની વાત પાંચ-છ દિવસ કરીને પછી શ્રીજી મહારાજે સંતને કહ્યું જે, 'અમારી વાતનું **રહસ્ય** તો આ નિત્યાનંદ સ્વામી સમજે છે.' પછી સર્વે સંતે કહ્યું જે, 'હે મહારાજ, એ કેમ સમજે છે ?' ત્યારે કહ્યું જે, 'તમે પૂછો.' ત્યારે સર્વે સંતે પૂછ્યું, ત્યારે નિત્યાનંદ સ્વામીએ કહ્યું જે, **'તમે પુરુષોત્તમ કહ્યા તે તો મહાપુરુષ છે,** ને પુરુષોત્તમ તો અક્ષર થકી પર ને રામકૃષ્ણાદિક સર્વે અવતારના **અવતારી** ને સર્વ કારણના કારણ આ પ્રત્યક્ષ પ્રમાણ શ્રીજી મહારાજ છે.' ત્યાર પછી સર્વે સંતે શ્રીજી મહારાજને કહ્યું જે, 'હે મહારાજ ! તમારા સ્વરૂપનો સર્વોપરી નિશ્ચય થાય તેવી રીતે કૃપા કરીને કહો.' ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે, 'જ્યાં પ્રગટ પુરુષોત્તમપણાની વાત આવે છે ત્યાં સર્વેની બુદ્ધિ ભ્રમાઈ જાય છે. પણ સર્વ ઠેકાણે પ્રત્યક્ષ હરિકૃષ્ણ પુરુષોત્તમને લઈને બીજાને પુરુષોત્તમ કહ્યા છે, તે પ્રત્યક્ષ હરિકૃષ્ણ પુરુષોત્તમને લીધા વિના તો અક્ષરને પણ ભગવાન ન કહેવાય, તો બીજાની શી વાત કહેવી ? માટે એવા શબ્દ સાંભળીને મતિ ભ્રમાવા દેવી નહિ, તે પુરુષોત્તમ રામકૃષ્ણાદિક સર્વ અવતારના અવતારી પ્રત્યક્ષ હરિકૃષ્ણ અમે છીએ, એમાં કિંચિત્માત્ર સંશય નથી.' એવી રીતે શ્રીજી મહારાજે પોતાના પુરુષોત્તમપણાની સંત આગળ વાત કરી.''

(૭/૨૪)

પ.પૂ. ધ.ધુ. આદિઆચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ **'દુર્ગપુરમાહાત્મ્ય'** ગ્રંથમાં ભગવાન શ્રીહરિના સર્વોપરીપણાનો એક **પ્રસંગ** નોંધે છે :

રામદાસ સ્વામી **અંતિમ બિમારી** વખતે શ્રીજી મહારાજને કહે છે, 'હે પ્રભુ ! મારા દેહનો અંતકાળ હવે નજીક આવ્યો છે. તેથી મારે સર્વે સંતોને અને ગૃહસ્થ હરિભક્તોને મારો **અભિપ્રાય** કહેવો છે, તો તમે સર્વે સંત અને ગૃહસ્થ ભક્તોને તત્કાળ અહીં બોલાવો.' ત્યારે શ્રીહરિએ સૌને બોલાવ્યા. પછી રામદાસ સ્વામીએ સૌને કહ્યું, 'હે ભક્તજનો ! સાંભળો. તમારા હિતની એક વાત છે. જ્યારે સંતો આ શ્રીહરિને શ્રીકૃષ્ણની સમાન કહેતા હતા ત્યારે હું નિષેધ કરતો નહિ, પણ જ્યારે અધિકપણે કહેવા લાગ્યા ત્યારે મેં માન્યું નહિ, અને તેઓને કહ્યું હતું કે હે સંતપુરુષો, જેમ સાકરના નાળિયેરમાં એક અણુમાત્ર પણ તત્ત્વભેદ નથી, તેમ અવતારોમાં પણ અણુમાત્ર ભેદ નથી. ત્યાર પછી મને શ્રીકૃષ્ણ ભગવાને તથા રામાનંદ સ્વામીએ પોતાનાં દર્શન આપીને કહ્યું કે હે યોગીવર્ય, પ્રત્યક્ષ એવા શ્રીહરિ પ્રભુ સર્વથી પર છે, સર્વ અવતારોના કારણ છે, કાળ-માયા-ઈશ્વરાદિકના નિયંતા છે. આ શ્રીહરિને જ્યારે સર્વથી પર જાણશો, ત્યારે જ **આત્યંતિક કલ્યાણ** થશે. આ પ્રકારે કહીને તે બંને અંતર્ધાન થઈ ગયા. ત્યારથી હું શ્રીહરિ પ્રભુને સર્વથી

પર અને રામકૃષ્ણાદિક સર્વે અવતારોના અવતારી અને સર્વ કારણના કારણ એવા પરમાત્મા જાણું છું. માટે હે સંતપુરુષો, આ શ્રીહરિ પ્રભુ જે મનુષ્યાકૃતિ ધારી રહેલા છે, તે પ્રભુ સર્વેથી પર વર્તે છે. આ પ્રભુથી પર બીજો કોઈ નથી. આ સર્વાંતર્યામી પ્રભુ સર્વેથી પર વર્તે છે. આ પ્રભુથી પર બીજો કોઈ નથી. આમાં જો હું લગારેક પણ અસત્ય બોલતો હોઉં તો મને આ પાંચસો પરમહંસોના સમ છે, એટલું જ નહિ, પરંતુ આ બ્રહ્માંડ ભાંગ્યાનું પાપ પણ મારે માથે છે.'

- 'अत्रासत्यं यदा स्याच्चेत्तर्हि मे शपथः सताम् । अस्ति ब्रह्माण्डभङ्गस्य पातकं मे तथा महत् ॥'

(અધ્યાય : ૬૯ શ્લો : ૩૫)

પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજ દ્વારા રચિત **'શ્રીહરિલીલામૃત'** ગ્રંથમાં પ્રસંગોપાત ભગવાન શ્રીહરિનું **સર્વોપરીપણું** પ્રતિપાદિત કરવામાં આવ્યું છે.

ભક્તિમાતાની ઈચ્છાથી બાળપ્રભુ શ્રી ઘનશ્યામ મહારાજે તેમને સમાધિ કરાવી. તે સમાધિમાં સર્વે ધામમાં દર્શન થયાં. આ સમાધિ વખતે મૂળ માયા ભક્તિમાતાને શ્રીજીમહારાજનો **મહિમા** કહે છે :

-'જે કૃષ્ણ આદી અવતાર થાય, તે સર્વનું કારણ આ ગણાય; એ છે પ્રતાપી પરમાત્મ પોતે, જાણી શકે શું કુમતિ-જનો તે. ॥૬૧॥'

(શ્રીહરિલીલામૃત : ૨/૧૦)

ગઢડામાં રાત્રે દાદાખાચરના પરિવારને સ્વપ્નમાં મહારાજ અને મુક્તોનાં દિવ્ય વિમાન સાથે દર્શન થયાં. એ વખતે મુક્તો દાદાખાચરને કહે છે :

-'ઘણા જન્મનું પુણ્ય તમારું, આજ ઉદય થયું અતિ સારું; સર્વ અવતારના અવતારી, સરવોપરિ જે સુખકારી. ॥૩૯॥
સૌના ઈશ્વર સૌના નિયંતા, જે છે અતિશય ઐશ્વર્યવંતા; જેનું ધ્યાન શિવાદિક ધારે, તે તો ઘેર પધાર્યા તમારે. ॥૪૦॥'

(શ્રીહરિલીલામૃત : ૫/૨૬)

આવી રીતે ખુદ શ્રીજીમહારાજે તથા પ.પૂ. આચાર્ય મહારાજશ્રીઓ અને તેમના સમકાલીન સંતોએ તથા ત્યારપછીના બ્રહ્મનિષ્ઠ સંતોએ પણ તેમના રચેલા તથા રચાવેલા શાસ્ત્રોમાં **ભગવાન શ્રીહરિ** પૂર્વે થઈ ગયેલા **તમામ અવતારો કરતા સંપૂર્ણ રીતે અલગ જ તત્ત્વ** છે. અને તે **સર્વોપરી તત્ત્વ** છે. એવું સમજાવ્યું છે તો તે ભગવાન શ્રીહરિના હૃદયગત અભિપ્રાયને તથા તેમના અભિપ્રાય તથા રહસ્ય રુચિને જાણનાર પરમહંસોના વિચારોને જ આપણા મોક્ષમાર્ગના **પરમ રહસ્યરૂપ** તથા **મુખ્ય** ગણીને આપણા હૃદયમાં અને જીવમાં ઉતારવા એ **અત્યંત આવશ્યક** છે.

આવી રીતે સર્વોપરી, સર્વઅવતારના અવતારી, સર્વકારણના કારણ, ક્ષર-અક્ષરના આત્મા, સર્વાધાર, સર્વજ્ઞ, સર્વાત્મા, સર્વ નિયંતા, સર્વતંત્ર-સ્વતંત્ર, સ્વયંપ્રકાશક, સર્વાંતર્યામી, સર્વવ્યાપક, સર્વેશ્વરેશ્વર, અક્ષરાતીત, પરબ્રહ્મ પૂર્ણ પુરુષોત્તમ **ભગવાન શ્રી સ્વામિનારાયણ** છે, આવું સમજીને ભગવાન શ્રી સ્વામિનારાયણનું ભજન કરવામાં આવે અર્થાત્ **'નામી'**એ સહિત જો **'નામ'** લેવામાં આવે તો તેનું ફળ અત્યધિક મળે છે.

'શ્રી સ્વામિનારાયણ' **મહામંત્ર જાપ** એ માત્ર ઉચ્ચારણનો વિષય નથી. પરંતુ એ મનનનો વિષય છે. એનું મનન કરવાથી વિષયવાસના નાશ થાય છે.

સ.ગુ. શ્રી **ગુણાતીતાનંદ સ્વામી** પણ પોતાની વાતોમાં કહે છે :-

''અને **સ્વામિનારાયણ નામના મંત્ર જેવો બીજો કોઈ મંત્ર આજ બળિયો નથી.** એ મંત્રે કાળા નાગનું ઝેર ન ચડે ને એ મંત્રે વિષય ઉડી જાય છે ને બ્રહ્મરૂપ થાય છે ને કાળ, કર્મ, માયાનું બંધન છૂટી જાય છે. એવો બહુ બળિયો એ મંત્ર છે. માટે નિરંતર ભજન કરવું.''

(શ્રી ગુણાતીતાનંદ સ્વામીની વાતો : ૧/૧૫૪)

મંત્રમાં ગોઠવાયેલી તે તે અક્ષરોની આનુપૂર્વીને ખૂબ રટવાથી તેના અધિષ્ઠાયક **નામી** ઉપર અસર થાય છે. મંત્રોના પ્રણેતાઓએ એની આનુપૂર્વીઓ (સ્પેલીંગ) માં એવી શક્તિ મૂકી હોય છે. એ મંત્ર જપવાથી અવશ્ય એની અસર પ્રકૃતિઓમાં થતી હોય છે. મંત્રો ઊર્જાથી ભરપૂર હોય છે. તેના પ્રત્યેક શબ્દોમાંથી ઊર્જા પ્રવાહિત થાય છે અને તે ઈચ્છિત કામનાઓની પૂર્તિ કરી આપતા હોય છે. મંત્રનો પ્રત્યેક અક્ષર સ્વયં દેવતા સ્વરૂપ છે. આ વાતને મીમાંસા દર્શને વિશેષરૂપે ઘૂંટી છે. અને સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામીએ પણ **પ્રત્યેક વર્ણની મહાનતા** દર્શાવતા ગાયું છે :

'સકાર કે'તા સર્વે દુઃખ વામે રે, હકાર કે'તા હરિધામ પામે રે ॥
જકાર કે'તાં જય જય જાણો રે, નકાર કે'તાં નિર્ભય પ્રમાણો રે ॥૧૮॥
દકાર કે'તાં દદામાં દઈને રે, પામે ધામ સહજાનંદ કહીને રે ॥'

(પુરુષોત્તમ પ્રકાશ : ૨૩)

ધ્વનિવિજ્ઞાન પણ કહે છે કે, મંત્રોની આનુપૂર્વીમાં અમુક પ્રકારની ઊર્જા (વેવલેંથ) હોય છે. તે તે ઉર્જાઓથી **ચમત્કારી કાર્યો** થતાં હોય છે.

- દીપકરાગના ધ્વનિથી દીવા પ્રગટે છે.
- મેઘમલ્હાર રાગના વેવલેંથથી વરસાદ થાય છે.
- ઓમકારનાથ ઠાકુરે આ પ્રયોગ સફળ રીતે દુકાળના સમયના વૈશાખ માસના બળબળતા વાયરા વચ્ચે કરી બતાવ્યો હતો.
- માલકૌંસ રાગ ગાવાથી પ્રગટતી ઊર્જા શ્રોતાઓના દિલમાં વૈરાગ્યભાવને પ્રગટ કરે છે.
- શૃંગારના રાગોનું શ્રવણ કામને જાગ્રત કરી દે છે.
- સારંગ રાગના ધ્વનિ જંગલના હરણોને ખેંચી લાવે છે.

ભગવાન શ્રીહરિ પણ કહે છે :- ''...જ્યારે એવા ભૂંડા ઘાટ થવા માંડે ત્યારે ધ્યાનને પડ્યું મુકીને જીભે કરીને ઉચ્ચસ્વરે નિર્લજ્જ થઈને તાળી વજાડીને **'સ્વામિનારાયણ...સ્વામિનારાયણ'** ભજન કરવું..., ...તો ઘાટ સર્વે ટળી જાય ને નિરાંત થાય પણ એ વિના બીજો એવો ઘાટ ટાળ્યાનો ઉપાય નથી.''

(વચનામૃત લોયા પ્રકરણ : ૯)

પાંચ દશવાર **સ્વામિનારાયણ સ્વામિનારાયણ** નામ જાણે અજાણે લેશે, તેનું પણ આપણે **કલ્યાણ** કરવું પડશે.

(શ્રી ગુણાતીતાનંદ સ્વામીની વાતો : ૧/૨૪)

'સુણી સ્વામિનારાયણ નામ રે, સર્યા કંઈક જીવના કામ રે; કાને એ નામની ભણક પડી રે, તેને અક્ષરપોળ ઉઘડી રે.'

(પુરુષોત્તમ પ્રકાશ : ૨૩/૧૧)

'હાલે હુકમ એ નામ તણો રે, આજ અમલ એહનો ઘણો રે; શક્કો સર્વે પ્રકારે છે એનો રે, નથી અમલ આજ બીજા કેનો રે.'

મુમુક્ષુ જો ભાવથી 'સ્વામિનારાયણ' નામનું રટણ કરે તો, એ વખતે દિવ્ય ઊર્જા એના આત્માના પ્રદેશોમાં રેલાઈ જાય છે ત્યારે એ ભક્ત સહજાનંદમાં ગાંડો બને છે. એને એવો કોઈક નશો ચડે છે કે એના ઘેનમાં બ્રહ્માંડોના સુખોને પણ ઠુકરાવી નાંખે છે. દેવેન્દ્રોની સિદ્ધિને પણ હસી નાંખે છે, તુચ્છકારી નાંખે છે. ભગવાન શ્રી સ્વામિનારાયણનું નામ એવું ક્લોરોફોર્મ છે કે, દેહના બધા જ દુઃખ ભાનને ખતમ કરી નાખે છે. ભગવાનના નામનું **સ્મરણ** તે જ સાચું જેમાં દેહનું **વિસ્મરણ** થઈને જ રહે છે.

સૌરાષ્ટ્રમાં ઉપલેટાથી પોરબંદર જતી રેલ્વે લાઈન ઉપર **સુપેડી** નામનું એક ગામ આવે છે, તે ગામમાં સહજાનંદી પ્રહ્લાદ થઈ ગયા છે. તે ભક્તનું નામ હતું **'ડાહ્યો.'** ડાહ્યા ભક્ત ખરેખર ડાયા હતા.

એક વખત સુપેડી ગામનો **સંઘ** ગંગાજીની **યાત્રા** કરવા જતો હતો. તે સંઘમાં ગામના રામજી પટેલના બે પુત્રો પણ હતા. મોટાનું નામ રવજી અને નાનાનું નામ ડાહ્યો. સહુ ચાલતાં ચાલતાં **ગઢપુર**ના **પાદર**માં નીકળ્યા, તેથી સહુને થયું : ''ચાલો સ્વામિનારાયણ અહીંયાં રહે છે તો તેઓને જોતા જઈએ. કેમજે, એ ભગવાન કહેવાય છે માટે ચાલો.'' આ રીતે પરસ્પર વાતો કરતાં દાદાના દરબારમાં આવ્યા.

તે સમયે શ્રીજીમહારાજ લીંબતરુ નીચે સભા કરીને બિરાજમાન હતા, તેથી સહુએ આવીને દર્શન કર્યા. પછી સૌ ચાલવા લાગ્યા. પરંતુ રામજી પટેલનો ડાહ્યો તો શ્રીજીમહારાજનાં દર્શન કરીને ત્યાંજ ઉભો રહી ગયો અને શ્રીહરિની સામું મીટ માંડીને જોઈ રહ્યો. ત્યારે સંઘના લોકો તથા તેના મોટાભાઈએ ડાહ્યાને કહ્યું : ''ચાલ, ડાહ્યા ! પછી મોડું થશે. હજુ તો ઘણાં તીર્થોએ દર્શન કરવાનાં છે.'' ત્યારે ડાહ્યા ભક્તે જવાબ આપ્યો : ''મારે તો **અડસઠ તીરથ** સ્વામિનારાયણ ભગવાનનાં દર્શન કરવાથી **પરિપૂર્ણ** થઈ ગયાં છે, માટે મારે નથી આવવું.'' ખૂબ મનાવવા છતાં ડાહ્યો ગયો નહિ, તેથી સહુએ નક્કી કર્યું કે - ''વળતાં આવીશું ત્યારે ડાહ્યાને ઘેર લેતાં જઈશું.'' એમ કહીને સર્વે લોકો ગંગાજી ગયા અને અનેક તીર્થો કરતાં કરતાં બે મહીને પાછા ગઢપુર આવ્યા.

ગઢપુરમાં ડાહ્યા ભક્ત બે મહીના રહીને સાધુનો સમાગમ કરી પાકા ભક્ત થઈ ગયા હતા. ત્યાં પેલા લોકોએ આવી સુપેડી આવવાનું કહ્યું. પરંતુ ડાહ્યાએ સ્પષ્ટ ના કહી દીધી. તેથી સૌ પરસ્પર કહેવા લાગ્યા : '' અરે ! જોયું ડાહ્યાને સ્વામિનારાયણે ભૂરકી નાખીને વશ કરી લીધો છે એટલે આવતો નથી.''

આ રીતે વાતો કરતાં બીજે દિવસે સાંજે **સુપેડી** આવ્યા. ગામ લોકોએ સામૈયું કર્યું. રામજી પટેલ પણ દીકરાઓને લેવા આવ્યા. ત્યાં તો ડાહ્યાને ન દીઠો તેથી મોટા દીકરાને પૂછ્યું: ''એલા રવલા ! ડાહ્યો કેમ દેખાતો નથી.?'' ત્યારે દરેક લોકોએ કહ્યું : ''એને સ્વામિનારાયણે ભૂરકી નાખીને ગઢડા રોકી રાખ્યો છે.'' આવી વાત સાંભળતાંવેંત રામજી પટેલના રોમેરોમમાં ક્રોધ વ્યાપી ગયો અને રવજીને કહ્યું : ''તું ગમે તેમ કરીને ડાહ્યાને લઈ આવ, તોજ તું મારો દીકરો ખરો, જા.'' તુરંત રવજી તેના ભાઈબંધોને લઈને ગઢપુર આવ્યો અને શ્રીહરિજીને કહ્યું: ''એય સ્વામિનારાયણ ! મારા ભાઈને ઘેર મોકલો, નહિતર જોયા જેવી થશે, સમજ્યા.?'' પછી શ્રીહરિએ ડાહ્યાને કહ્યું : ''ડાહ્યા તું ઘેર જા, ત્યાં રહીને અમારું ભજન કરજે.'' હરિજીની આજ્ઞા થતાં તુરંત ડાહ્યો સુપેડી આવ્યો. સવારે નાહીને પૂજા કરવા લાગ્યો, ત્યાં તો હિરણ્યકશીપુ જેવા તેના બાપે પ્રહ્લાદ જેવા ડાહ્યાને કહ્યું : ''એલા ડાહ્યલા ! આ સ્વામિનારાયણની પૂજા આપણે ઘેર કરાય નહિ, સમજ્યો ? લાવ તારી પૂજા અને આજ પછી ક્યારેય સ્વામિનારાયણનું નામ લીધું છે ને ? તો મારા

જેવો કોઈ ભૂંડો નથી એમ સમજી લેજે.'' એમ કહીંને પૂજા ઝુંટવી લીધી. એટલે ડાહ્યો માનસીપૂજા કરીને ધૂન બોલવા લાગ્યો. ત્યારે નરાધમ રામજી પટેલ ડાહ્યાભક્તને ખૂબ માર મારવા લાગ્યો. છતાં પણ ડાહ્યાએ નામ લેવાનું બંધ ન કર્યું તેથી ડાહ્યાભક્તને વાડીએ લઈ ગયો, અને લાકડીએ કરીને ખૂબ માર માર્યો. છતાં પણ ડાહ્યાભક્તે નામ લેવાનું છોડ્યું નહિ, તેથી પાપી બાપે પગે દોરડું બાંધીને કૂવામાં ઊંધે માથે લટકાવીને ડૂબકાં ખવડાવ્યાં, તો પણ સ્વામિનારાયણ નામ લેવાનું ડાહ્યાભક્તે બંધ ન કર્યું.

પછી ઘેર લાવ્યા અને એક ઘરમાં થાંભલા સાથે જકડીને બાંધી દઈને કહ્યું : ''જ્યાં સુધી નામ નહિ છોડે ત્યાં સુધી ખાવા-પીવાનું નહિ દઉં.'' ત્યારે નાના એવા ડાહ્યાભક્તે કહ્યું : ''સ્વામિનારાયણ નામ પર મારે મરવું પડે તો બહેતર છે. આ દેહમાં જ્યાં સુધી જીવ હશે ત્યાં સુધી હું એ સ્મરણ નહિ છોડું, સમજ્યા.?''

ડાહ્યાભક્તનાં આવાં આકરાં વે'ણ (વચન) સાંભળીને તેનો બાપ ધુંવાં પુંવાં થઈ ગયો તેથી દરવાજો બંધ કરી, તાળું મારીને જતો રહ્યો.

અંધારા ઘરમાં ડાહ્યાભક્તને અસહ્ય પીડા થાય છે. એક તો બે દિવસના ઉપવાસ થયા છે અને પરોણાનો ખૂબ માર માર્યો છે, તેમજ જકડીને બાંધ્યા છે; છતાં પણ હરિસ્મરણ છોડ્યું નથી.

ડાહ્યાભક્તની આટલી બધી ધીરજતા જોઈને શ્રીહરિજી રાત્રિના ત્રણ વાગ્યે ભોજનના થાળ સાથે પ્રગટ થયા અને ડાહ્યાના શરીરે હાથ ફેરવ્યો, ત્યાંતો બંધન છૂટી ગયાં તેમજ સર્વે પીડા શમી ગઈ. !

પછી શ્રીહરિએ પોતાના હાથથી કોળીયા લઈને ડાહ્યાભક્તને જમાડ્યા, પછી પૂછ્યું : ''તારી શું ઇચ્છા છે?'' ત્યારે ડાહ્યાભક્તે કહ્યું : ''મને તમારી સાથે લઈ જાઓ.'' તુરંત શ્રીહરિએ આંખો મીંચવા કહ્યું. પછી ખોલવાનું કહ્યું. ખોલી, ત્યાંતો દાદાનો દરબાર ! ડાહ્યાભક્તના હર્ષનો પાર ન રહ્યો. આ બાજુ સુપેડી ગામમાં ઘરના લોકોએ કલ્પાંત કર્યું, તેથી રામજી પટેલે બારણું ખોલ્યું. ત્યાં તો ઘર ખાલીખમ ! ડાહ્યો નહિ. પછી સહુએ નક્કી કર્યું કે સ્વામિનારાયણ જાદુગરા છે, તેથી તેઓ રાત્રિએ આવીને લઈ ગયા હશે, માટે ચાલો ગઢડા જઈએ. પછી રામજી પટેલ અને ગામના માણસો ગઢપુર આવ્યા. તે સમયે ડાહ્યાભક્ત સભામાંજ બેઠા હતા પરંતુ શ્રીહરિની ઇચ્છાથી દેખાણા નહિ, તેથી સૌ જતા રહ્યા. પછી ડાહ્યાભક્ત યુવાન થયા ત્યારે શ્રીહરિજીએ તેમને દીક્ષા આપીને સાધુ કર્યા.

❖ ❖ ❖ ❖ ❖

જામનગરની બાજુમાં **મેડી** (જગા) નામનું એક નાનકડું ગામ છે. શ્રીજી સમકાલીન સમયમાં તે ગામમાં સંતો સત્સંગ કરાવવા ગયા હતા. દરરોજ ગામના ચોરે સંતો કથા કરે અને મુમુક્ષુઓ સાંભળવા આવે.

એક દિવસ પટેલનો દિકરો હીરો પણ કથા સાંભળવા આવ્યો. સંતો શ્રીહરિનો મહિમા કહેવા લાગ્યા, તેથી મુમુક્ષુ એવા હીરાના હૃદયમાં તે શબ્દો ઉતરવા લાગ્યા અને ભગવાનપણાનો નિશ્ચય થઈ ગયો.

પછી તો દિવસે પણ સંતો પાસે આવવા લાગ્યો અને સત્સંગ કરવા લાગ્યો. પછી વર્તમાન ધારણ કરી કંઠી પહેરી પૂજા કરવાનો નિયમ લીધો.

નિયમની દૃઢતા કરાવી સંતો બીજા ગામડાઓમાં ગયા, એટલે હીરા ભક્ત પૂજા-પેટી લઈને ઘેર આવ્યા. સવારે નાહીને પવિત્ર થઈ પૂજા ખોલી,

માળા ફેરવવા લાગ્યા, ત્યાંતો જમ જેવો તેમનો બાપ જાગ્યો અને હીરા ભક્તને પૂજા કરતા જોઈને ત્રાડુક્યો : ''એલા એય હીરયા ! આ ધતીંગ કોણે શીખવાડ્યું ? બંધ કર, બંધ કર, તારું ટીખળ. મારો છોકરો થઈને પૂજા -પાઠ કરે છે ? હજુ તો વેંત જેવડો છે ત્યાં ભગત થઈ જાઉં છે. ?'' આ રીતે બોલતો બોલતો હીરાભક્ત પાસે આવીને પૂજાની મૂર્તિઓ લઈ ફાડી નાખી અગ્નિમાં બાળી નાખી. આ રીતે નરપિશાચ બાપે ભગવાનની મૂર્તિઓ બાળી દીધી તેથી હીરા ભક્તને પારાવાર દુઃખ થયું અને તે દિવસે જમ્યા નહિ.

બીજા દિવસની સવારે પવિત્ર થઈને માનસીપૂજા કરીને ધૂન બોલતા હતા ત્યાંતો પેલો નરાધમ આવીને મારવા મંડી પડ્યો. જેમ જેમ પેલો મારે તેમ તેમ હીરા ભક્ત જોર જોરથી **'સ્વામિનારાયણ... સ્વામિનારાયણ...'** બોલવા લાગ્યા, તેથી તેમના બાપને વધારે ક્રોધ ચઢ્યો અને નાના બાળુડાને પકડી ગાડીમાં બેસાડી વાડીએ લઈ ગયો.

ત્યાં તે નરાધમે ગાડા ઉપર ભર (ઘણું વજન) ભરી હીરા ભક્તને બળદને ગળે બાંધવાના જોતરે બાંધી દીધો અને તે પિશાચ બોલ્યો : ''એય હીરીયા ! હું હિરણ્યકશિપુ છું, માટે કાન ખોલીને સાંભળી લે. **તારા સ્વામિનારાયણનું નામ લેવું બંધ કરી દે, નહિતર ગાડું ઉલાળીને તને મારી નાખીશ,** બોલ નામ લેવું બંધ કરે છે કે પછી ભર ઉલાળું ?''

ત્યારે હીરા ભક્તે ખરેખરા હીરા (ડાયમંડ) જેવા મજબૂત બનીને જવાબ આપ્યો : ''હે પિતા ! તમો હિરણ્યકશિપુ છો, તો પછી હું પ્રહ્લાદ છું. સાંભળી લો, **મારા દેહમાં જ્યાં સુધી જીવ હશે ત્યાં સુધી સ્વામિનારાયણ ભગવાનનું નામ લેવાનું હું બંધ નહિ કરું;** તમારે જે કરવું હોય તે કરવા માંડો.''

બાર વર્ષના બાળુડાની આવી હિંમતભરી વાણી સાંભળી, નરાધમ બાપે જોરથી ગાડાને ઉલાળી નાખ્યું, તેના કારણે કોમળ અંગવાળા હીરાભક્તના ગળામાં જોતરનો ફાંસો બેસી ગયો, તેથી હરિસ્મરણ કરતાં કરતાં મૂર્છા પામી ગયા. તે સમયે અનંતમુક્તોને લઈને ભગવાન સ્વામિનારાયણ પધાર્યા. હીરાભક્તને દર્શન દઈને કહ્યું : ''હે હીરા ! મારા માટે તેં અનેક દુઃખો સહન કર્યા અને મૃત્યુનો પણ સ્વીકાર કર્યો છે માટે તારે જે જોઈએ તે વરદાન માગી લે, તું કહેતો હોય તો તને અમર બનાવી દઉં. તું કહેતો હોય તો તને ઈંદ્રજેવો વૈભવ આપી દઉં, અરે તું કહેતો હોય તો તને મારું ધામ આપી દઉં અને બળીરાજાની જેમ તારો સેવક બની જાઉં. બોલ, તારે શું જોઈએ છે ? જલ્દી માગી લે.'' આ રીતે બોલતાં બોલતાં શ્રીહરિની બન્ને આંખોમાંથી આંસુઓ પડવા લાગ્યા.

ત્યારે શ્રીહરિનાં દર્શનથી પીડા નાબુદ થઈ છે એવા હીરા ભક્ત બન્ને હાથ જોડીને પ્રાર્થના કરી કહેવા લાગ્યા : ''હે પ્રભુ ! આ નાશવંત લોકમાં મારે રહેવું નથી તેમજ મોહ ઉત્પન્ન કરનાર ભોગોની મને ઈચ્છા નથી. મારે તો આપની સેવામાંજ નિરંતર રહેવું છે. માટે મને તમારી સાથે લઈ જાઓ.''

આવું હીરાભક્તનું કહેવું સાંભળી, શ્રીહરિની ઇચ્છાથી તુરંત તેમનો દેહ પડી ગયો અને દિવ્ય તનુ ધારણ કરીને વિમાનમાં બેસી અક્ષરધામમાં પહોંચી ગયા.

પિતાની મારી નાખવા સુધીની ધમકીઓ છતાં તેણે સ્વામિનારાયણ નામ ન મૂક્યું. છેવટે હિરણ્યકશિપુ જેવા તેના પિતાએ તેને ગાડાના જોતરે ગળા ફાંસો આપી ગાડું ઉલાળીને મારી નાખ્યો, છતાંય તેના મુખમાંથી નીકળેલો છેલ્લો શબ્દ હતો : **'સ્વામિનારાયણ'**

નથી સમજાતું આ બાળકોમાં આટલું સત્ત્વ ક્યાંથી આવ્યું ? કે જેણે મોતનું પણ માથું કાપી લીધું...!!!

'શ્રી સ્વામિનારાયણ' મહામંત્રમાં જેટલું સામર્થ્યશાળી નામી સાથે **મનન** તેટલી તેની ઝડપી અસર, મંત્ર જપતા ભગવાનના સ્વરૂપમાં **એકાગ્રતા** ઊભી કરવાની ખાસ **જરૂરિયાત** રહે છે. ખૂબ જ લાગણીશીલ વ્યક્તિ હોય તે વ્યક્તિ ભગવાનના સ્વરૂપમાં એકાગ્રતા ઝડપથી સાધી શકે છે. અને ભગવાનના સ્વરૂપમાં **રસબોળ** થઈ જઈ ક્ષણે ક્ષણે અવનવા સંવેદનો અને અનુકંપનો અનુભવી શકે છે.

મંત્રજાપ કરતી વખતે **કલ્પનાના ચિત્રો** પણ ઊભા કરી શકો છો. ભાવ-વિભોરશીલ વ્યક્તિ હોય તે કલ્પનાનું **સુરેખ ચિત્ર** ઝડપથી દોરી શકે છે. અને એના દર્શનમાં **લાગણીશીલ** થઈ ક્ષણે ક્ષણે આનંદ માણી શકે છે.

જેમ કે, - ભગવાન શ્રી સ્વામિનારાયણનો જાપ કરતા સાક્ષાત્ ભગવાન શ્રી સ્વામિનારાયણ સામે આવીને ખડા થઈ ગયા અને આપણે તેમનું પવિત્ર દર્શન કરતા રહીએ અને કહીએ : "હે પરમપિતા પરમાત્મા ! મને સદ્‌બુદ્ધિ આપો, મારા જીવનમાં જામી ગયેલી વાસનાને ઉખેડી નાંખવાને આવશ્યક એવી પ્રજ્ઞા આપો. હે ભગવન્ ! આ તમારા બાળને અંતરથી આશિષ આપો કે તે તેના સર્વ અજ્ઞાનથી મુક્ત થાય. હું જન્મોજન્મથી તમારાથી વિખૂટો પડી ગયો છું, હું હવે જુદો પડવા નથી માંગતો. હે કૃપાળુ ! દયા કરો... દયા કરો...!" આર્તહૃદય અને આર્તનાદથી જ્યારે **પ્રાર્થના** થાય છે ત્યારે જરૂર ભગવાન સાંભળતા હોય છે.

સ.ગુ. શ્રી **શુકાનંદ સ્વામી** કહે છે :-

"સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... નામ લે છે તે સર્વેને શ્રીજીમહારાજ સાંભળે છે ને સર્વના સામું જોઈ રહ્યા છે ને બહુ રાજી થાય છે જે આ બહુ સારું કરે છે. એમ સર્વે મુક્તને ને ગોપાળાનંદ સ્વામીને કહે છે ને સ્વામી પણ રાજી થાય છે."

(શ્રી શુકાનંદ સ્વામીની વાતો : ૧૮)

અને પછી ખરેખર, સ્મિત વરસાવતા ભગવાન શ્રી સ્વામિનારાયણ જાણે કે દૂર ઊભા ઊભા **આશિષ** આપી રહ્યા હોય તેવી કલ્પના કરવી અને તે જ ક્ષણે આપણું હૈયું એકદમ આનંદથી ઊભરાઈ જાય અને શરીરના રોમેરોમમાં રોમાંચની **લાગણી** પસાર થઈ જાય. જે દિવસે રોમેરોમમાંથી પુલકિતતા પસાર કરી શક્યા તે દિવસનો આપણો **મંત્રજાપ** સફળ સમજવો. જેમ જેમ આવું સંવેદનશીલ **જપન** વધતું જાય તેમ તેમ એનો જીવ બળને પામતો જાય છે.

જે પોતાની કલ્પનાની (આ યોગક્રિયામાં **'ધારણા'** નામનું એક અંગ છે.) સૃષ્ટિમાં ભગવાન શ્રી સ્વામિનારાયણના આશિષો મેળવે છે. આશિષ મેળવતા હર્ષનો કંપન અનુભવે છે. એ વાસ્તવમાં જ એકવાર ભગવાનનું સાક્ષાત્ દર્શન મેળવીને **બડભાગી** બની શકે છે. એમ **યોગદર્શન** કહે છે.

પરંતુ એક વાત ચોક્કસ છે કે, આવી સદ્‌બુદ્ધિની પ્રાપ્તિ કરવા માટે આંખ સામે ભગવાનની જે **કલ્પના** કરવી પડે છે, જે આશિષો લેવા પડે છે, જે કંપન અનુભવવાના હોય છે તે પહેલા ભગવાનના સ્વરૂપનો **મહિમા** આકંઠ સમજવો જ પડે છે.

ભગવાનનો મહિમા કેવો સમજવો ? એ મહિમા સમજાવતાં ભગવાન શ્રીહરિ ગઢડા પ્રથમ પ્રકરણના ૨૭મા વચનામૃતમાં કહે છે :- "પરમેશ્વરને ભજવાની તો સર્વને ઈચ્છા છે પણ સમજણમાં ફેર રહે છે, માટે જેની આવી સમજણ હોય તેના હૃદયમાં ભગવાન સર્વ પ્રકારે નિવાસ કરીને રહે છે. તેની વિગત જે, જે એમ સમજતો હોય જે 'આ પૃથ્વી જેની રાખી સ્થિર રહી છે ને ડોલાવી ડોલે છે તથા આ તારામંડળ જેનું રાખ્યું અધર રહ્યું છે તથા જેના વરસાવ્યા મેઘ વર્ષે છે તથા જેની આજ્ઞાએ કરીને સૂર્ય ચંદ્ર ઉદય અસ્તપણાને પામે છે તથા ચંદ્રમાની કળા વધે ઘટે છે તથા પાળ વિનાનો સમુદ્ર

❖ ❖ ❖ ❖ ❖

● ભગવાન શ્રીહરિના સમકાલીન પરમહંસ **હીરાનંદ સ્વામી**ને દ્વેષીઓએ સ્વામિનારાયણ નામ મૂકાવવા માટે આખે શરીરે બળબળતા ડામ દીધાં, છતાં તેઓએ સ્વામિનારાયણ નામ ન છોડ્યું. અરે ! સંતોને દ્વેષીઓએ સ્વામિનારાયણ નામ મૂકાવવા સારું જીવતા સળગાવી નાંખેલા, ઊભા વેતરી નાંખ્યા, છતાં પણ મરવા સુધી તેઓએ સ્વામિનારાયણ નામ ન મૂક્યું.

નથી સમજાતું કે સત્ત્વનું ઉત્પાદક તત્ત્વ એવું તે કયું ચમત્કારી બળ સ્વામિનારાયણ નામમાં છૂપાયું હશે કે મોતની રમત પણ એને મીઠી લાગે...!!!

● વ્રજકુંવરબાની દીકરી **ઝમકુંબા** ઉદેપુરના મહારાણી હતા. પરંતુ જ્યારે એમને સ્વામિનારાયણ નામની રટના લાગી ત્યારે રાજવૈભવ છોડી ગઢડે આવી ગયા.

● અયોધ્યામાં રામગલોલા મઠના મહંત **લક્ષ્મણદાસ**ને સ્વામિનારાયણ નામની રટના લાગી ત્યારે એક લાખ રૂપિયાની મિલકત ઠોકરે ચડાવી ભગવાન શ્રી સ્વામિનારાયણના સાધુ થઈ ગયા અને તેનું નામ પડ્યું : **આનંદાનંદ સ્વામી.**

● સોનાની થાળીમાં જમનારા મધ્યપ્રદેશના દંતિયા ગામના **દિનમણી શર્મા**ને જ્યારે સ્વામિનારાયણ નામની રટના લાગી ત્યારે લાખો રૂપિયાની વારસાગત સંપત્તિ છોડી ભગવાન શ્રી સ્વામિનારાયણના સાધુ બની ગયા અને નામ રાખવામાં આવ્યું : **નિત્યાનંદ સ્વામી.**

● રાજસ્થાન રાજ્યના ખાણ ગામના ચારણપુત્ર **લાડુદાન ગઢવી**ને સ્વામિનારાયણ નામની રટના લાગી ત્યારે ગાયકવાડ સરકાર દ્વારા મળતા ૪૦ ગામના પરગણાને ઠુકરાવી ભગવાન શ્રી સ્વામિનારાયણના સાધુ થઈ **'બ્રહ્માનંદ સ્વામી'** નામ ધારણ કર્યું હતું. નથી સમજાતું કે આ સ્વામિનારાયણ નામમાં એવી તે કઈ **દિવ્યશક્તિ** રહેલી છે કે, જેની પાછળ આખોય સંસાર ગાંડો બન્યો છે, જેના માટે સમગ્ર જીવનની કુરબાની કરવામાં આવે છે; એવા વિશ્વના નવ રસો આ લોકોને **સુક્કાં-ફિક્કાં** બની ગયા...!!

● ભાદરાના ડોસાભાઈ સૂકો રોટલો ને ખાટી છાશ જમતા હતા ત્યારે કો'કે કહ્યું, ડોસાભાઈ ! શું આ લૂખું ખાઓ છો ? ત્યારે તેઓએ કહ્યું, **લૂખું ખાય તે હરામ ખાય,** લૂખું તો તમે ખાઓ છો, અમે તો કોળીયે કોળીયે **સ્વામિનારાયણ** નામ બોલીને જમીએ છીએ.

નથી સમજાતું કે ભીષણ ગરીબીમાં, કારમી યાતનાઓ અને ક્લેશ-કંકાસની હૈયાહોળીઓમાં, માનવસંસારને દુર્લભ પ્રાયઃ શાંતિ આ લોકોમાં ક્યાંથી આવી ?

માનવમસ્તિષ્ક આ પ્રશ્નનું સમાધાન આપી શકે તેમ નથી. કેમ કે માનવમસ્તિષ્કનો એ વિષય નથી. કદાચ સાહસ કરીને પણ આ પ્રશ્નનું સમાધાન કોઈ **આઇન્સ્ટાઇન** ભેજું કસવા જાય તોય એ **સમાધાન** કરતા કરતા તેની જીભ થોથવાઈ જાય. કારણ કે માનવભેજાની **મર્યાદાતીત** આ વાત છે. બહુ બળ કરીને કદાચ બુદ્ધિ કહેવા લાગે તો એટલું જ કહી શકે કે, સ્વામિનારાયણ નામમાં એવી દિવ્યશક્તિ છે કે જે વિશ્વના સમગ્ર સુખને ચરણોમાં આળોટતું કરી મૂકે છે. એમાં એવું કંઈ છે જે દુઃખોની આગ ભરી વેદનામાં પણ અનિર્વાચ્ય **આનંદ** બક્ષે છે. ક્લેશ-કંકાસના હુતાશનમાંય એ હિમગીરીઓની **ઠંડક** અનુભવે છે.

જેની મર્યાદામાં રહે છે તથા જળના બિંદુમાંથી મનુષ્ય ઉત્પન્ન થાય છે અને તેને હાથ, પગ, નાક, કાન એ આદિક દશ ઈન્દ્રિયો થઈ આવે છે તથા આકાશને વિશે અધર જળ રાખી મૂક્યું છે અને તેમાં ગાજવીજ થાય છે એવા અનંત આશ્ચર્ય છે, તે સર્વે મને મળ્યા એવા જે ભગવાન તેનાં જ કર્યાં થાય છે' એમ સમજે. પણ પ્રગટ પ્રમાણ જે ભગવાન તે વિના બીજો કોઈ એ આશ્ચર્યનો કરનારો છે એમ માને નહિ. અને પૂર્વે જે જે અનંત પ્રકારના આશ્ચર્ય થઈ ગયાં છે તથા હમણાં જે થાય છે તથા આગળ થશે તે સર્વે મને મળ્યા એવા પ્રત્યક્ષ ભગવાન તે વતે જ થાય છે.'' આમ, જ્યારે સમજે ત્યારે એ ભગવાનને મળવાની ઉત્કંઠા જાગે છે, ત્યારે એના કલ્પના ચિત્રો **પ્રત્યક્ષ** થાય છે. સંપૂર્ણ નિષ્ઠાપૂર્વક જે સતત **સ્વામિનારાયણ મહામંત્ર જાપ** કર્યા કરે તેને શું **અસાધ્ય** રહે ?

જિહ્વાથી સતત મહામંત્ર જપાતો હોય, શ્વાસે શ્વાસે મહામંત્રનું **સ્મરણ** થતું હોય, ડગલે ને પગલે મહામંત્રનું **ચિંતન** ચાલું હોય, શબ્દે શબ્દે મહામંત્ર ઉચ્ચારાતો હોય તો સમજી લેવું કે બસ સાધના પૂર્ણ થાય છે.

એકવાર વિજયાત્માનંદ સ્વામી ભજન કરતા હતા જે, **સ્વામિનારાયણ... સ્વામિનારાયણ...** ત્યારે મહારાજ કહે શું કહો છો ? એમ જે **સ્વામિનારાયણ** કહે છે તેને મહારાજ જાણે છે જે આ ભક્ત મને **સાદ** કરે છે.

(શ્રી શુકાનંદ સ્વામીની વાતો : ૧૯)



૬. ‘શ્રી સ્વામિનારાયણ’ મહામંત્રના ગૂઢ-અર્થની સ્પષ્ટતા માટેના કેટલાક પ્રશ્નો તથા તેના ઉત્તરો...



● **પ્રશ્ન : ૧.** ‘स्वामी चासौ नारायणश्च’ આ વિગ્રહ કરી **કર્મધારય સમાસ** થાય છે, પરંતુ આવો કર્મધારય સમાસ ન કરતા ‘સ્વામી’ એટલે ગુણાતીતાનંદ સ્વામી અને ‘નારાયણ’ એટલે સહજાનંદ સ્વામી - આવા ભાવાર્થને લઈને ‘स्वामी च नारायणश्च’ આવો વિગ્રહ કરી, શું ઈતરેતરદ્વન્દ્વ સમાસ ન કરી શકાય ?

ઉત્તર :- ના, ન કરી શકાય. કારણ કે શબ્દનું રૂપ બદલી જાય અર્થાત્ ‘स्वामिनारायणः’ આવું શબ્દનું રૂપ ન બનતા ‘स्वामिनारायणौ’ આવું વિપરીત રૂપ બને. ‘उभयपदार्थप्रधानो द्वन्द्वः’ વ્યાકરણના નિયમ અનુસાર દ્વન્દ્વ સમાસમાં બંને પદોના અર્થોની પ્રધાનતા હોવાથી **‘स्वामिनारायण’** આ શબ્દની પાછળ દ્વિવચનનો પ્રયોગ થાય છે. જેમ કે - **‘स्वामिनारायणौ’** આમાં ‘સ્વામી’ અને ‘નારાયણ’ આ બંને પદો પ્રધાન છે. અને આવો પ્રયોગ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં વિદ્વાન નંદસંતો રચિત કોઈજ ગ્રંથમાં થયો નથી. શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના માન્ય ગ્રંથોમાં ‘स्वामिनारायणः’ આ રીતનો જ પ્રયોગ થયો છે. માટે ઈતરેતરદ્વન્દ્વ સમાસ થતો નથી. પરંતુ **વિશેષણ પૂર્વપદ** અર્થાત્ જેનું પૂર્વપદ વિશેષણરૂપ છે એવો **કર્મધારય** સમાસ જ થશે.

● **પ્રશ્ન : ૨.** ‘स्वामी च नारायणश्च तयोः समाहारः’ આ રીતે વિગ્રહ કરી **સમાહાર** અર્થમાં **દ્વન્દ્વ** સમાસ કરીએ તો શો બાધ આવે ?

ઉત્તર :- ‘સ્વામિનારાયણ’ શબ્દમાં સમાહાર અર્થમાં પણ **દ્વન્દ્વ** સમાસ નહિ થઈ શકે. કારણ કે ‘स्वामी च नारायणश्च तयोः समाहारः’ આ રીતે વિગ્રહ કરી ‘चार्थे द्वन्द्वः’ (અષ્ટાધ્યાયી : ૨/૧/૨૯) વ્યાકરણના સૂત્રથી સમાહાર અર્થમાં દ્વન્દ્વ સમાસ કરીશું તો ‘स नपुंसकम्’ (અષ્ટાધ્યાયી : ૨/૪/૧૭) વ્યાકરણના સૂત્રથી સમાહાર અર્થમાં દ્વન્દ્વતત્પુરુષ સમાસ થયેલા સામાસિક શબ્દનો પ્રયોગ **નપુંસકલિંગ**માં થાય છે. ત્યારે ‘अतोऽम्’ (અષ્ટાધ્યાયી : ૭/૧/૨૪) વ્યાકરણના સૂત્રથી ‘अम्’ પ્રત્યય લાગતા પ્રથમા એકવચનમાં ‘स्वामिनारायणम्’ આવું રૂપ બને છે. પરંતુ એમ કરવું એ તદ્દન યોગ્ય નથી, કારણ કે શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના સાહિત્યમાં તો ‘स्वामिनारायणः’ આવો પુલ્લિંગમાં જ પ્રયોગ થયેલો પ્રસિદ્ધ છે. નપુંસકલિંગમાં તો ક્યાંય પ્રયોગ થયેલો જ નથી. માટે શબ્દનું લિંગ અને રૂપ બદલી જવાથી સમાહાર અર્થમાં દ્વન્દ્વ સમાસ પણ નહી થઈ શકે.

● **પ્રશ્ન : ૩.** ‘स राधया युतो ज्ञेयो राधाकृष्ण इति प्रभुः । रुक्मिण्या रमयोपेतो लक्ष्मीनारायणः स हि ॥१०९॥’ અને સમર્થ એવા જે શ્રીકૃષ્ણ તે જે તે રાધિકાજીએ યુક્ત હોય ત્યારે ‘રાધાકૃષ્ણ’ એવે નામે જાણવા, અને રુક્મિણીરૂપ જે લક્ષ્મી, તેમણે યુક્ત હોય ત્યારે

'લક્ષ્મીનારાયણ' એવે નામે જાણવા. (શિક્ષાપત્રી : ૧૦૯)

અહિં - 'राधया + युतः = इति राधायुतः राधायुतश्चासौ कृष्ण इति राधाकृष्णः' આમ મધ્યમપદલોપિતત્પુરુષ સમાસ કર્યો છે. અહિં મધ્યમપદ 'युत'નો લોપ (અદર્શન) થતાં જેવી રીતે 'राधाकृष्णः' શબ્દ સિદ્ધ થાય છે તેવી જ રીતે 'स्वामिना युत इति स्वामियुतः, स्वामियुतश्चासौ नारायण इति स्वामिनारायणः' આવો શબ્દ સિદ્ધ થાય છે. જેનો અર્થ 'સ્વામીએ સહિત[૨] નારાયણ' એવો થાય છે. આમાં રૂપ કે લિંગનું પણ પરિવર્તન થતું નથી. માટે મધ્યમપદલોપિ તત્પુરુષ સમાસ થશે તેમાં શો **બાધ** છે ?

(૨.) **ખાસનોંધ** :- અક્ષર-પુરુષોત્તમ બોચાસણ સંસ્થા દ્વારા પ્રકાશિત થયેલ **'સ્વામિનારાયણ મહામંત્ર અર્થ અને મહિમા'** નામના પુસ્તકના **પેજ નં. ૧૮** ઉપર 'શ્રી સ્વામિનારાયણ' મહામંત્રમાં **'સ્વામિ'** શબ્દથી પરમાત્માનું ગ્રહણ ન કરીને અક્ષરબ્રહ્મ (ગુણાતીતાનંદ સ્વામી)ને ગ્રહણ કરવા અંગે **કારણ** બતાવતાં કહે છે :

"...'નારાયણ' શબ્દની આગળ 'હરિ' શબ્દ મૂકીને હરિનારાયણ જેવા પદો પ્રસિદ્ધ હતા. તેવી જ રીતે 'સ્વામિ' શબ્દથી ફક્ત પરમ-ઐશ્વર્યશાળી પરમાત્માનો જ અર્થ બોધ કરાવવો હોત તો 'સ્વામિ' શબ્દનો પરમ-ઐશ્વર્યરૂપ અર્થ દર્શાવતા ઈશ, પ્રભુ વગેરેમાંથી કોઈક શબ્દને આગળ મૂકીને **ઈશનારાયણ, પ્રભુનારાયણ** જેવા મંત્રો પણ શ્રીહરિ આપત. પરંતુ તેમણે 'સ્વામિ' શબ્દ આગળ મૂક્યો છે તે પરમાત્માના અર્થ સિવાય **કાંઇક બીજી વાત** (એટલે કે ગુણાતીતાનંદ સ્વામીને) કહેવા માટે પણ આપણને દોરે છે." આ રીતનું અક્ષર-પુરુષોત્તમ બોચાસણ સંસ્થાવાળા **'શ્રી સ્વામિનારાયણ'** મહામંત્રમાં પ્રયોજાયેલા 'સ્વામિ' શબ્દથી ગુણાતીતાનંદ સ્વામીને ગ્રહણ કરવા અંગે કારણ બતાવે છે તે વૈદિક સિદ્ધાંતોથી **તદ્દન ખોટી વાત** છે. કારણ કે, सर्वमंगल स्तोत्र - भावप्रबोधिनी टीका आदिકમાં **स्वमैश्वर्यं विद्यते । वस्यासौ स्वामी । स्वामित्रैश्वर्यं इति निपातितः । सर्वेषां जीवानामीश्वराणां च नियन्तृत्वम् । सकलकर्मफलप्रदातृत्वादि चैश्वर्यं तद्वान् एतेन तस्यैव सर्वोपास्यत्वमुक्तम् ।** અર્થાત્ સર્વજીવો અને ઈશ્વરોનું નિયમન કરવાપણું તથા સર્વને પોત પોતાના કર્મ અનુસાર ફળ આપવાપણું વગેરે વગેરે ઐશ્વર્ય જેમની પાસે છે તેને સ્વામી કહેવાય. એથી ભગવાન શ્રીહરિની ઉપાસના કરવી એમ કહેલું છે. આવી રીતે ભગવત્ વાચક સ્વામી શબ્દનો અર્થ સાંપ્રદાયિક ધર્મગ્રંથોમાં કર્યો છે. અને વૈદિક મંત્રોમાં જેટલી **અર્થની મહત્તા** છે એટલી જ મંત્રોમાં ગોઠવાયેલા શબ્દોની **આનુપૂર્વી** (સ્પેલીંગ)ની **મહત્તા** છે. મહાભાષ્યકાર પતંજલિએ પણ મંત્રોની આનુપૂર્વી (મંત્રોમાં ગોઠવાયેલા શબ્દોની) કેટલી મહત્તા છે તે મહાભાષ્યના નવાહ્નિકમાં સવિસ્તારથી વર્ણવી છે. મહાભાષ્યકાર પતંજલિ પાણિનિસૂત્રને **'छन्दोवत् सूत्राणि भवन्ति'** કહે છે. અર્થાત્ પાણિનિસૂત્ર વૈદિક મંત્રોની સમાન છે. એટલે એમાં ગોઠવાયેલા શબ્દોની આનુપૂર્વી(સ્પેલીંગ)માં કોઈ ફેરફારને અવકાશ નથી. એવી જ રીતે **'શ્રી સ્વામિનારાયણ'** મહામંત્ર એ **વૈદિક મહામંત્ર** છે. એટલે આ મહામંત્રમાં જેટલી **અર્થની મહત્તા** છે એટલી જ એમાં ગોઠવાયેલા શબ્દોની **આનુપૂર્વી** (સ્પેલીંગ)ની **મહત્તા** છે. આ જ કારણથી **'શ્રી સ્વામિનારાયણ'** મહામંત્રમાં પ્રયોજાયેલ **'સ્વામિ'** શબ્દનો પર્યાય વાચક **ઈશ, પ્રભુ** વગેરે શબ્દોમાંથી કોઈક શબ્દને આગળ ન મૂક્યો, આવી કલ્પના પણ ન કરી શકાય તો પછી આવું ખોટું કારણ તો ક્યાંથી બતાવી શકાય ?

બાવીસમીવાર પ્રકાશિત થયેલ **'ભારતે ભગવાન'** નામના પુસ્તકમાં **પેજ નં. ૧૦૧**માં મંત્રવિદ્યાના **રહસ્ય**ને જાણનાર લેખક લખે છે કે, મંત્રો એ **અમુક પ્રકારના શબ્દોની ગોઠવણ** છે. તે શબ્દોને એકઠાં ગોઠવનાર વિદ્વાન્ અને જ્ઞાણકાર પુરુષો હતાં. તેઓ શબ્દની શક્તિને સમજતા હતા અને અમુક શબ્દોમાં અમુક કાર્ય કરવાની શક્તિ રહેલી છે તેમ સમજતા હોવાથી જેવા ફળની ઈચ્છા હોય તેવા શબ્દો ગોઠવતા હતા અને યોગ્ય શિષ્યોને શીખવતા હતા. પરંતુ હાલમાં મોટે ભાગે તેવા શીખવનારા રહ્યા નથી અને તેથી કરીને મંત્રો ખરા (સાચા) છે. છતાં તેની **યોગ્ય અસર** થતી નથી. કેટલાક મંત્ર-અક્ષરોના શબ્દોમાં પણ ફેરફાર થઈ ગયો છે. **મંત્રના ફળનો આધાર** શબ્દોના અર્થ પર નહિ પણ તે **શબ્દોની રચના** પર રહેલો છે. **'अग्निं इव पुरोहितम् (अग्निमीले)'** એ મંત્રોમાં અગ્નિને બદલે (अग्नि શબ્દનો પર્યાયવાચક શબ્દ) વહ્નિને મૂકીએ તો પણ અર્થ તો તેનો તે જ (અગ્નિ જ) થાય છે. પણ શબ્દ (ની આનુપૂર્વી સ્પેલીંગ) ફરી જવાથી તેની અસર જુદી થાય છે. અરે ! એ બાબતને બાજુ પર રાખી આપણી ગુજરાતી રીતમાં જ જુઓ કે તમારી માતુશ્રી પાસે **'માતાજી પાણી આપો'** એમ કહીને પીવા સારું પાણી માંગો તો તેનું પરિણામ શું આવે તે જુઓ. એટલે જણાશે કે **'માતાજી પાણી આપો'** એમ માન પૂર્વક માંગવાથી તે ખુશીથી ઠંડું હિમજળ જેવું પાણી લાવીને આપશે. પરંતુ **'બાપની બૈરી પાણી પા'** (બાપની બૈરી શબ્દનો અર્થ તો માતુશ્રી જ થાય છે પણ આનુપૂર્વી (સ્પેલીંગ) ફરી જાય છે.) આમ કહી પાણી માંગવાથી કાં તો તે ગણકારશે નહિ યા તો એકાદ-બે ગાળો પણ સંભળાવશે. માટે કોઈપણ દિવસ મંત્રની સાધના કરવાવાળાઓએ મંત્રના શબ્દમાં ફેરફાર કરવો નહિ.

'સ્વામિ' શબ્દના **પર્યાય વાચક** ઈશ, પ્રભુ વગેરે શબ્દ ન મૂક્યા એ કારણથી **'સ્વામિ'** શબ્દથી ગુણાતીતાનંદ સ્વામીને ગ્રહણ કરવા તે વૈદિક સિદ્ધાંતોથી **તદ્દન ખોટી** વિચારધારા છે. 'શ્રી સ્વામિનારાયણ' મહામંત્રમાં 'સ્વામિ' તરીકે પરમાત્માના **અર્થનું જ ગ્રહણ** કરવામાં આવે છે. સ્વયં ભગવાન શ્રી સ્વામિનારાયણ વચનામૃતમાં **'સર્વના સ્વામી'** કોણ છે તે જણાવતા કહે છે :-

ઉત્તર :- **'शान्तिकर्मणि वेतालोदय इति रीत्या'** - આ રીતે સમાસ કરતા લિંગ કે રૂપનું પરિવર્તન થતું નથી એ વાત સત્ય છે. પરંતુ મધ્યમપદલોપિ તત્પુરુષ સમાસ સ્વીકારીશું તો, શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં વિદ્વાન નંદસંતો દ્વારા લખાયેલા ગ્રંથોનો અન્વય દૂષિત થઈ જશે. મહાપુરુષોએ સર્વોચ્ચ સત્યને જે ઉચ્ચાર્યું છે તે અસત્ય બનશે. જે ઉદ્દેશથી ગ્રંથો લખાયેલા છે તે ઉદ્દેશ ભાંગી પડશે.

ધારો કે - તમારા કહેવા પ્રમાણે **'स्वामिना युत इति स्वामियुतः, स्वामियुतश्चासौ नारायण इति स्वामिनारायणः'** આવો મધ્યમપદલોપિ તત્પુરુષ સમાસ કરીશું. જેનો અર્થ **'સ્વામિએ સહિત નારાયણ'** એવો થાય છે. અર્થાત્ સ્વામી એટલે ગુણાતીતાનંદ સ્વામી અને નારાયણ એટલે સહજાનંદ સ્વામી. એટલે ગુણાતીતાનંદ સ્વામી સહિત સહજાનંદ સ્વામી એટલે : **'સ્વામિનારાયણ.'**

હવે સ્વામીએ સહિત નારાયણ અર્થાત્ ગુણાતીતાનંદ સ્વામીએ સહિત સહજાનંદ સ્વામી આ અર્થમાં પ્રયોજાયેલ **'स्वामिनारायणः'** શબ્દને **'धर्मात्मजः'** આદિ વિશેષણ લાગી શકશે નહિ. કારણ કે સ્વામીએ સહિત નારાયણ એ ધર્મના પુત્ર નથી. પણ કેવળ નારાયણપદથી ગ્રહણ કરવામાં આવતા સહજાનંદ સ્વામી જ **ધર્મના દિકરા** છે.

સમાસ થયેલા **'स्वामिनारायणः'** શબ્દમાં કેવળ **'नारायणः'** પદની સાથે **'धर्मात्मजः'** આદિ વિશેષણનો અન્વય થઈ શકશે નહિ. કારણ કે મહાભાષ્યકાર કહે છે કે, **'सविशेषणानां वृत्तिर्न, वृत्तस्य वा विशेषणयोगो न (महाभाष्य. ।।२।१।१।।)'** વિશેષણથી વિશિષ્ટ હોય તેનો સમાસ (વૃત્તિ = બે શબ્દોનો જોડાણરૂપ સંબંધ) થતો નથી. અને સમાસ થયો હોય એવા બે શબ્દોમાંથી કોઈ એક શબ્દ સાથે વિશેષણનો સંબંધ (યોગ) થતો નથી. લઘુમંજૂષાકાર **શ્રી નાગેશ ભટ્ટ** કહે છે :- **'पदार्थः पदार्थेनान्वेति न तु पदार्थैकदेशेन'** (લઘુમંજૂષા સમાસવૃત્તિ) 'धर्मात्मजः' વિશેષણનો સંબંધ (યોગ) **'स्वामिनारायणः'** એ સમસ્ત (આખા) શબ્દની સાથે થશે. પણ **'स्वामिनारायणः'**

"પુરુષોત્તમનારાયણ તે **સર્વના સ્વામી** છે... (વચ. ગ.પ્ર. ૨૧) તેમ એ નારાયણ પોતાના ઐશ્વર્યે કરીને **સર્વોપરી** વર્તે છે..." (વચ. લો. ૧૩)

- "સર્વ ક્રિયાના પ્રવર્તાવનારા ને સર્વના સ્વામી એક જ ભગવાન છે તથા ભગવાન સંગાથે બીજાને દ્વાવ બંધાય એમ પણ જણાતું નથી." (વચ. અંત્ય. પ્ર. ૩૯)

- આદિઆચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ 'શિક્ષાપત્રી ભાષ્ય'ના બીજા શ્લોકમાં કહે છે :- **'स्वामित्वं च पतिं विश्वस्यात्मेश्वरमित्यादौ'** - સમસ્ત વિશ્વના સ્વામી, આત્મા અને ઈશ્વર એક પરમાત્મા જ છે.

- સ.ગુ. શ્રી શુકાનંદ સ્વામી, સ.ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામી વિરચિત **ગીતાભાષ્ય**ના મંગલાચરણના શ્લોક - ૧માં આવેલ **'स्वामिनारायण'** શબ્દનું ભાષ્ય આ પ્રમાણે કરે છે :- **'सर्वस्वामित्वं नारायण एव सुप्रसिद्धं श्रुतिषु ।'** - અર્થાત્ સર્વના સ્વામી, સર્વનું નિયંતાપણું એક નારાયણમાં જ છે. એ શ્રુતિઓમાં સુપ્રસિદ્ધ છે.

સમ્રાટ ગ્રંથરત્ન **'श्री सत्संगिजीवन'**ની **हेतुटीका**માં સ.ગુ. શ્રી શુકાનંદ સ્વામીએ **'स्वामी'** શબ્દનો અર્થ કરતા કહ્યું છે :- **'स्वामी - सकलैश्वर्यसंपन्नः, स्वामिशब्दः पतिपर्यायः स्वाश्रितसकलजनानां कालमायायमादिभ्यो रक्षणसमर्थत्वात् पतित्वार्थः ।'** - સ્વામી એટલે સકલ-ઐશ્વર્યશાળી અથવા પોતાના સમસ્ત આશ્રિતોને કાળમાયા, યમ આદિકથી રક્ષણ કરવા સમર્થ હોવાથી પતિ યાને **'સ્વામી'** છે. (શ્રી સત્સંગિજીવન હેતુટીકા : ૨/૨૪/૪૬)

- આદિઆચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ વિરચિત **'શ્રીહરિવાક્યસુધાસિંધુ'**ની **સેતુમાલા** ટીકામાં ઉપોદ્‌ઘાત પ્રકરણના ૧૧મા શ્લોકમાં 'સ્વામી' શબ્દની વ્યાખ્યા કરતા કહે છે : **'स्वं क्षराक्षरादिनियमनैश्वर्यमस्यास्तीति स्वामी'** - અર્થાત્ ક્ષરાક્ષર આદિકને નિયમન કરવારૂપ ઐશ્વર્ય જેની પાસે છે તેને **'સ્વામી'** કહેવાય.

- સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામી પણ કહે છે : **'સર્વેના સ્વામી જે શ્રીહરિ રે, સર્વના કા'વિયા શ્યામ; પુરુ૦ સર્વના નિયંતા નાથજી રે....'** (પુરુષોત્તમ પ્રકાશ : ૫૫/૧૦) **સહુના નિયંતા સહુના નાથ રે, સહુના સ્વામી સુખની મિરાંય રે.'** (પુરુષોત્તમ પ્રકાશ : ૨૨/૧૮) **'સૌના નાથ નિયંતા સ્વામી રે, સૌ ધામના પણ ધામી રે...'** (પુરુષોત્તમ પ્રકાશ : ૧૨/૨૦)

ઉપરોક્ત પ્રમાણોથી સિદ્ધ થાય છે કે, **'શ્રી સ્વામિનારાયણ'** મહામંત્રમાં પ્રયોજાયેલા 'સ્વામિ' શબ્દથી **કોઈપણ પરિસ્થિતિમાં** ક્યારેય પણ ગુણાતીતાનંદ સ્વામીને ગ્રહણ ન જ કરી શકાય.

શબ્દનો એક ભાગ (એક દેશ) જે 'नारायणः' તેની સાથે થઈ શકશે નહિ.

'समर्थः पदविधिः (२।१।१)' પાણિનિ સૂત્રને સમજાવતા **ન્યાસકાર** કહે છે :- 'विग्रहवाक्यार्थाभिधाने यः शक्तः स समर्थो वेदितव्यः यथा राजपुरुष इत्ययं समासः एतदर्थं पदवाक्यं राज्ञः पुरुष इति तस्य योऽर्थस्तदभिधाने राजपुरुष इत्ययं शब्दः शक्तः ततोऽपि तदर्थस्य प्रतीतेः (काशिकान्यास. ।।२।१।१।।)'

જે સમાસ આદિ વૃત્તિઓના અર્થને બોધ કરવામાં શક્તિમાન હોય તેને **સમર્થ** કહેવાય છે. જેમ 'राजपुरुषः' આ સમાસ છે. સમાસ થતાં પહેલા 'राज्ञः पुरुषः' આવું વાક્ય હતું. હવે એ જ વાક્યનો બોધ કરવામાં સમાસ થયેલા 'राजपुरुषः' શબ્દ શક્તિમાન છે. કારણ કે સમાસ થયેલો 'राजपुरुषः' શબ્દથી પણ 'राज्ञः पुरुषः' આ અર્થની પ્રતીતિ થાય છે.

તેમ સમાસ થયેલા 'स्वामिनारायणः' શબ્દથી પણ 'स्वामियुतश्चासौ नारायणः' આ અર્થની પ્રતીતિ થાય છે. (સ્વામી સહિત નારાયણ એવા અર્થની પ્રતીતિ થાય છે.)

'समर्थः पदविधिः (२।१।१)' આ પાણિનિ સૂત્રના ભાષ્યમાં **કૈયટ** કહે છે :- 'अथ वाऽन्य एव अवयवार्थान्वितः समुदायार्थः प्रादुर्भवतीति' (સમાસ થયા બાદ સમાસ અંતર્ગત અવયવોના અર્થને સાથે લઈ સમુદાયનો અર્થ પ્રાપ્ત થાય છે.)

જેમ કે - 'राधया युतः इति राधायुतः राधायुतश्चासौ कृष्णश्च इति राधाकृष्णः' આ સમાસના અર્થમાં ન તો રાધા રહી ન કૃષ્ણ રહ્યાં. પરંતુ રાધા સહિત વિશિષ્ટ કૃષ્ણ આવો એકાકાર એકાર્થીભાવ રૂપ અર્થ થયો. એટલા માટે હવે 'राधाकृष्णः' શબ્દને 'वसुदेवात्मजः' વિશેષણ લાગશે નહિ. કારણ કે રાધા સહિત કૃષ્ણ એ વસુદેવના દિકરા નથી. કેવળ કૃષ્ણ જ છે. રાધા તો શ્રીવૃષભાનુની દીકરી હતા. 'पदार्थः पदार्थेनान्वेति न तु पदार्थैकदेशेन' અથવા 'स विशेषणानां वृत्तिर्न, वृत्तस्य च विशेषणयोगो न' આ ન્યાયથી 'राधाकृष्णः' સમસ્ત શબ્દમાં તેનો એકદેશ 'कृष्णः' શબ્દની સાથે 'वसुदेवात्मजः' વિશેષણનો અન્વય થશે નહિ.

'सीतया युत इति सीतायुतः सीतायुतश्चासौ रामश्च इति सीतारामः, दृष्टः सीतारामो त्वया' - આ વાક્યમાં કેવળ સીતા જોયા એમ પણ તમે ન કહી શકો અને કેવળ રામ જોયા એમ પણ ન કહી શકો. પણ સીતાની સાથે રામ જોયા એમ કહી શકાય. સીતારામ આ મધ્યમપદલોપિતપુરુષ સમાસમાં મધ્યમ જે યુત પદનો લોપ થયો છે તે 'यः शिष्यते स लुप्यमानार्थाभिधायी (प्रौढमनोरमा)'એ ન્યાયથી વાક્યના બોધ સમયે એનો અર્થ ઉપસ્થિત થાય છે.

તેવી જ રીતે 'स्वामिना युत इति स्वामियुतः, स्वामियुतश्चासौ नारायणश्च इति स्वामिनारायणः' આ મધ્યમપદલોપિતપુરુષ સમાસમાં મધ્યમ જે યુત પદનો લોપ થયો છે તે 'यः शिष्यते स लुप्यमानार्थाभिधायी (प्रौढमनोरमा)' ન્યાયથી વાક્યના બોધ સમયે એનો અર્થ ઉપસ્થિત થાય છે. જેનો અર્થ 'સ્વામિએ સહિત નારાયણ' એવો થાય છે.

માટે 'स्वामी चासौ नारायणश्च इति स्वामिनारायणः' આવો 'विशेषणं विशेष्येण बहुलम् ।।२।१।५७।।' પાણિનિ સૂત્ર દ્વારા કર્મધારય સમાસ થતાં 'स्वामिनारायणः' શબ્દ સિદ્ધ થાય છે. જેનો અર્થ **'સ્વામી એવા જે નારાયણ'** એવો થાય છે. વ્યાકરણની દૃષ્ટિએ આવો **કર્મધારય સમાસ** સ્વીકારવો જ સુયોગ્ય છે. અને જો કર્મધારય સમાસ નહિ સ્વીકારીએ તો અર્થાત્ ઉપર બતાવ્યા પ્રમાણે

મધ્યમપદલોપિતપુરુષ સમાસ સ્વીકારીશું તો શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના ગ્રંથો અન્વયની અનુત્પત્તિથી દૂષિત થશે. તે કેવી રીતે અન્વય ન થવાથી દૂષિત થશે તે જોઈએ :

'यो विश्वस्य प्रतिष्ठा प्रभवति च यतो लीयते यत्र चैतत् योऽनन्ताश्चर्यशक्तिस्त्रिविधचिदचितामान्तरो यो नियन्ता ।
निःसीमानन्दभूमा निरवधिशुभसंवासधामानवद्यः सोऽयं त्रय्यन्तवेद्यो निवसतु हृदये स्वामिनारायणो नः ।।'

જે પરમાત્મા આ સકલ વિશ્વના આધારભૂત છે, જેના થકી આ સકલ વિશ્વ ઉત્પન્ન થાય છે તેમજ સકલ વિશ્વ જેમાં લય પામે છે, જે આશ્ચર્યકારી અનંત શક્તિઓથી ભરપૂર છે, બદ્ધ, મુક્ત અને નિત્યમુક્ત અથવા જીવ, ઈશ્વર, અને બ્રહ્મ એ ત્રણ વિભાગથી વિભક્ત એવા ચેતન તત્ત્વને જે અંદર રહીને નિયમન કરે છે, તેમજ પ્રકૃતિ, વિકૃતિ અને પ્રકૃતિ-વિકૃતિ આ ત્રણ વિભાગથી વિભક્ત એવા અચેતન તત્ત્વમાં પણ અંદર પ્રવેશ કરીને જે નિયમન કરે છે. નિરવધિક પરમાનંદ અને અસંખ્યાત કલ્યાણ ગુણગણના આધારરૂપ છે. અને જે સકલ નિર્દોષ સ્વરૂપ છે. અને જે વેદત્રયીના શિરોભાગરૂપ વેદાંતથી જ એક જાણવા યોગ્ય છે. એવા તે આ પ્રત્યક્ષ ભગવાન શ્રી સ્વામિનારાયણ અમારા ઈષ્ટદેવ, અમારા હૃદયમાં અખંડ નિવાસ કરીને વિરાજમાન રહો.

(શ્રી ગોપાળાનંદ સ્વામીકૃત 'गीताभाष्यम्' મંગલાચરણ શ્લોક-૧)

હવે જો સ્વામીએ સહિત નારાયણ આવો મધ્યમપદલોપિતપુરુષ સમાસ માનીએ તો, ઉત્પત્તિ-સ્થિતિ-લયના કર્તા તથા જડચેતનનું નિયમન કરનારા પણ સ્વામી સહિત નારાયણ માનવા પડે. પરંતુ એ તો 'जगद् व्यापारवर्जं प्रकरणादसन्निहितत्त्वाच्च ।।४।४।१७।।' આ વ્યાસસૂત્રથી બિલકુલ વિરુદ્ધ થાય છે. આ સૂત્ર પર ભાષ્ય લખતા **મુક્તાનંદ સ્વામી** કહે છે :- 'मुक्तस्य परेण साम्यं जगद्व्यापारवर्जम्' (બ્રહ્મમીમાંસા ભાષ્ય) ચેતન અચેતનરૂપ જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને નિયમન આદિ વ્યાપારને છોડીને જ મુક્તપુરુષોની પરબ્રહ્મ સાથે સમાનતા કહેલી છે. **શ્રી ગોપાળાનંદ સ્વામી** પણ કહે છે :- 'मुक्तस्य यदैश्वर्यं तज्जगद् व्यापारवर्जम् जगत्सर्गस्थिति संहारादिवर्जम् ।' (બ્રહ્મમીમાંસા પ્રદીપ) મુક્તપુરુષોનું જે ઐશ્વર્ય કહ્યું છે તે જગતની સૃષ્ટિ સ્થિતિ અને લય આ વ્યાપાર (ક્રિયા-પ્રવૃત્તિ) વિનાનું કહ્યું છે.

આ કહ્યા પ્રમાણે જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને લય આ વ્યાપારમાં અક્ષર પણ અસમર્થ છે. અને ભગવાન શ્રી સ્વામિનારાયણને જડચેતનનું નિયમન કરનારા કહ્યા હોવાથી અક્ષરનું પણ નિયમન પરમાત્મા કરે છે. માટે 'जगद् व्यापारवर्जम्' સ્વામીએ સહિત નારાયણ એ જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને લય આદિ વ્યાપાર નથી કરતા. પણ સ્વામિ એવા જે નારાયણ એજ જડચિદાત્મકનું નિયમન કરે છે. માટે સ્વામી તરીકે

ગુણાતીતાનંદ સ્વામીને એટલે કે અક્ષરબ્રહ્મને કહી શકાય નહિ.

'विश्वसृष्टिस्थितिलयं त्रय्यन्ते श्रूयते यतः । तमानन्दघनं ब्रह्म स्वामिनारायणं श्रये ।।' - જેના થકી વિશ્વની ઉત્પત્તિ-સ્થિતિ અને લય થાય છે તે આનંદરૂપ પરબ્રહ્મ ભગવાન શ્રી સ્વામિનારાયણનો મેં આશ્રય કર્યો છે. ઉત્પત્તિ-સ્થિતિ અને લયના કર્તા સ્વામી એવા જે નારાયણ છે. પરંતુ સ્વામી સહિત નારાયણ નથી. આવી રીતે સ.ગુ. શ્રી મુક્તાનંદ સ્વામી વિરચિત બ્રહ્મમીમાંસા ભાષ્યના પ્રથમ મંગલાચરણ શ્લોકમાં પણ બાધનો પ્રસંગ આવે છે.

[**નોંધ :**-શ્રી સત્સંગિજીવનના દ્વિતીય પ્રકરણના અધ્યાય ૨૮ શ્લોક ૧૪ થી ૧૬માં અભય આદિ ભક્તો **સ્તુતિ** કરે છે. જેમાં ભગવાન શ્રી સ્વામિનારાયણને **'હરિપ્રસાદે'** (અર્થાત્ હરિપ્રસાદ જે ધર્મદેવ તેના પુત્ર) તથા **'પ્રેમવતીતનૂજ'** કહ્યા છે. ભક્તિધર્મના દિકરા સ્વામીએ સહિત નારાયણ નહોતા પણ **સ્વામી એવા નારાયણ** હતા. માટે સ્વામી તરીકે ગુણાતીતાનંદ સ્વામીને એટલે કે અક્ષરબ્રહ્મને કહી શકાય નહિ.]

સ.ગુ. શ્રી **નિત્યાનંદ સ્વામી** લખે છે :-

'त्वं साक्षात्पुरुषोत्तमोऽसि परमं ब्रह्माक्षरात्माक्षरः । श्री कृष्णो हरिकृष्ण आदिपुरुषो धर्मात्मज ! श्रीहरे !।।
हे नारायण ! वासुदेव ! परमानन्द ! प्रभो ! सत्पते । मायाधीश ! बृहत्पुरस्थनृतनो ! श्री स्वामिनारायण !।।'

હે ધર્મપુત્ર શ્રીહરિ ! તમે સાક્ષાત્ સ્વયં અવતારી પુરુષોત્તમ છો, તમને જ વેદાદિક શાસ્ત્રોમાં અક્ષરના પણ આત્મા-આધાર એવા સાક્ષાત્ પરબ્રહ્મ એ પ્રમાણે વર્ણન કરેલા છે. આદિ પુરુષ તમે આ લોકમાં શ્રીહરિકૃષ્ણ એવા નામે પ્રસિદ્ધ વર્તો છો. હે નારાયણ ! હે પ્રભુ ! હે માયાધીશ ! આપ દિવ્ય બ્રહ્મપુર ધામમાં અખંડ વિરાજમાન રહ્યા થકા જ આ લોકમાં મનુષ્યાકારે જણાઓ છો એવા પ્રત્યક્ષ પ્રભુ હે **સ્વામિનારાયણ** ! હું આપની સ્તુતિ કરું છું.

(શ્રીહરિદિગ્વિજય : ઉલ્લાસ - ૪૮, શ્લોક-૩)

[**નોંધ :**- આ શ્લોકમાં અક્ષરના આત્મા, ધર્મના પુત્ર, માયાધીશ વગેરે વિશેષણો સ્વામીએ સહિત નારાયણને ન લાગી શકે, અક્ષરે સહિત નારાયણ, અક્ષરના આત્મા કઈ રીતે થઈ શકે ? માટે સ્વામી તરીકે ગુણાતીતાનંદ સ્વામી એટલે કે અક્ષરબ્રહ્મને કહી શકાય નહિ.]

'श्रेयोमार्गे प्रकृष्टे गमयितुमखिलान् शुद्धधर्मप्रधानं शिक्षापत्र्याख्यलेखं सकलहितकरं यश्चकार प्रकृष्टम् । स्वीये स्थानेऽभिषिच्य स्वसहजतनयावादिशत्सम्प्रदाय प्राप्तान् धर्मान्विधेयान् स जयतु भगवान्स्वामिनारायणोऽयम् ।।'

જે શ્રીહરિએ પોતાના સહોદર ભાઈઓના બે પુત્રોને પોતાના સર્વમાન્ય ગુરુસ્થાનમાં **અભિષેક**-સ્થાપન કરીને સ્વસંપ્રદાયમાં સંપ્રાપ્ત પાલનીય સદ્ધર્મોને પાળવાની આજ્ઞા કરી હતી અને વળી સર્વજીવોને પ્રકૃષ્ટ-આત્યંતિક શ્રેયમાર્ગમાં લઈ જવાને માટે શુદ્ધ-સનાતન ધર્મપ્રધાન એવી **શિક્ષાપત્રી** લખી હતી એવા તે **શ્રી સ્વામિનારાયણ** મારા ઈષ્ટદેવ ભગવાન આ લોકમાં સર્વદા **જયકારી** વર્તો. (શ્રીહરિદિગ્વિજય : ઉલ્લાસ - ૪૧, શ્લોક-૨)

[**નોંધ :**- આ શ્લોકમાં ધર્મકુળમાં આચાર્યની સ્થાપના તથા શિક્ષાપત્રીનું લખાણ, સ્વામીએ સહિત નારાયણ એટલે ગુણાતીતાનંદ સ્વામીએ સહિત સહજાનંદ સ્વામીએ કર્યું જ ન હતું. પણ સ્વામિ એવા જે નારાયણ તેમણે જ કર્યું હતું. માટે સ્વામી તરીકે ગુણાતીતાનંદ સ્વામી એટલે કે અક્ષરબ્રહ્મને કહી શકાય નહિ.]

'प्रणमामि भक्तितनयं श्री स्वामिनारायणम् ।' - ભક્તિમાતાના પુત્ર એવા **શ્રી સ્વામિનારાયણ**ને હું પ્રણામ કરું છું.

(શ્રીહરિચરિત્રમ્ : ૧/૧)

[**નોંધ :**- ભક્તિમાતાના પુત્ર સ્વામીએ સહિત નારાયણ નહોતા પણ સ્વામિ એવા નારાયણ હતા. માટે સ્વામી તરીકે ગુણાતીતાનંદ

સ્વામી એટલે કે અક્ષરબ્રહ્મને કહી શકાય નહિ.]

'निष्कास्यमाने कौपीने तैः स साधुस्त्वाच तान् । स्वामिनारायणीयानां कौपीने तन्न सम्भवेत् ।।'

- તેનું વચન સાંભળનારા તમમુદ્રા આપનારાઓએ સચ્ચિદાનંદ મુનિની કૌપીન ખેંચી ત્યારે સચ્ચિદાનંદમુનિએ તેઓને કહ્યું, હે ભક્તો, **શ્રી સ્વામિનારાયણના સાધુઓ**ની કૌપીનમાં ધનનો સંભવ નથી.

(શ્રીસત્સંગિજીવન : ૪/૨૯/૪૨)

[**નોંધ :**- ભગવાન શ્રીહરિના સમકાલીન સંતો, સ્વામીએ સહિત નારાયણ એટલે કે ગુણાતીતાનંદ સ્વામીએ સહિત સહજાનંદ સ્વામીના આશ્રિતો નહોતા. પણ સ્વામી એવા જે નારાયણ તેમના આશ્રિતો હતા. અને આ શ્લોકમાં 'स्वामिनारायणीयानां' શબ્દ આવેલો છે. જેની વ્યુત્પત્તિ આ રીતે થશે 'स्वामिनारायणस्य अयं' આ અર્થમાં 'तस्येदम् ।।४।३।१२०।।' સૂત્રથી પ્રાપ્ત સામાન્ય 'अण्'નો બાધ કરી 'वृद्धाच्छः ।।४।२।११२।।' સૂત્રથી છ પ્રત્યય પ્રાપ્ત થયો તેને 'आयनेयीनीयियः फढखछघां प्रत्ययादीनाम् ।।७।१।२।।' આ સૂત્રથી 'ईय' આદેશ થતા 'स्वामिनारायणीयः' શબ્દ બને છે. જેનો અર્થ થાય છે સ્વામિનારાયણના સંબંધવાળા અર્થાત્ સ્વામિનારાયણના સાધુ.]

- 'स्वामिनारायणीयास्तु सन्तश्चरन्ति भूरिशः ।' - જ્યાં ભગવાન શ્રી સ્વામિનારાયણના ઘણા સંતો વિચરે છે.

(શ્રીહરિચરિત્રમ્ : તૃતીય પરિચ્છેદ, ૧૩/૨૨)

હવે જો સ્વામીએ સહિત નારાયણ આવા અર્થમાં મધ્યમપદલોપિ-તત્પુરુષ સમાસ કરીશું તો ગુણાતીતાનંદ સ્વામી કેવળ 'नारायणीयः' નારાયણના સાધુ કહેવાશે, પણ સ્વામિનારાયણના સાધુ નહિ કહેવાય. માટે સ્વામી તરીકે ગુણાતીતાનંદ સ્વામીને ગણી શકાય નહિ.

[**નોંધ :**- અહિં નીચેના દરેક વાક્યોમાં પણ ઉપરોક્ત પ્રમાણે જ દોષ લાગે છે.]

- 'दयालुः स स्वयं चेत्थमवतारी परात्परः । स्वीयांस्तान् सुखयामास स्वामिनारायणः सतः ।।' - સર્વ અવતારના અવતારી, પરાત્પર, પરમ દયાળુ સ્વયં ભગવાન શ્રી સ્વામિનારાયણે પોતાના સંતોને આ રીતે સુખી કર્યા. (શ્રીહરિચરિત્રમ્ : પ્રથમ પરિચ્છેદ, ૧૬/૧૨)

- 'स्वामिनारायणेनैव रन्तुं तेनावतारिणा । रामकृष्णादयस्तस्मिन् रासे चायन्ननेकशः ।।' - તે રાસમાં અવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણની સાથે રાસ રમવા માટે રામકૃષ્ણાદિક અનેક અવતારો પણ આવ્યા.

(શ્રીહરિચરિત્રમ્ : દ્વિતીય પરિચ્છેદ, ૨૭/૨૬)

- 'राजन्नेवं निजान् भक्तान् स्वामिनारायणो हरिः । अवतारी कृपाम्भोधिः प्रावोचद्भक्तवत्सलः ।।' - હે રાજન્ ! અવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ પ્રભુ શ્રીહરિ કૃપાસાગર અને ભક્તવત્સલ છે, તેથી જ તેમણે આ રીતે પોતાના ભક્તોને કહ્યું.

(શ્રીહરિચરિત્રમ્ : તૃતીય પરિચ્છેદ, ૧૫/૩૦)

- 'अतो वृत्तालयेऽद्याहमायामि यत्र राजते । स्वामिनारायणः साक्षादवतारी परात्परः ।।' - માટે હું આજે જ વડતાલ આવું છું. જ્યાં પરાત્પર અવતારી સાક્ષાત્ ભગવાન શ્રી સ્વામિનારાયણ બિરાજે છે. (શ્રીહરિચરિત્રમ્ : ચતુર્થ પરિચ્છેદ, ૧૩/૫૧)

- 'मुनेऽवतारिणः साक्षात् स्वामिनारायणस्य हि । पादपद्माङ्कितस्यास्य माहात्म्यं वक्तुमर्हसि ।।' - હે મુને ! અવતારી સાક્ષાત્ ભગવાન

(શ્રીહરિચરિત્રમ્ : ચતુર્થ પરિચ્છેદ, ૬૨/૬૪)

[**નોંધ :-** ઉપરોક્ત શ્લોકોમાં 'स्वामिनारायण' શબ્દને 'भक्तिजः, भक्तिधर्मतनयः' આદિ વિશેષણોનો અન્વય થઈ શકશે નહિ. કારણ કે ભક્તિધર્મના પુત્ર સ્વામીએ સહિત નારાયણ નહોતા, પણ સ્વામિ એવા નારાયણ હતા. અર્થાત્ 'स्वामी चासौ नारायणश्च इति स्वामिनारायणः' આ કર્મધારય સમાસ જ યોગ્ય છે. પણ 'स्वामियुतश्चासौ नारायणश्च' આવો મધ્યમપદલોપિતત્પુરુષ સમાસ કોઈ જ રીતે યોગ્ય નથી.]

- 'सर्वावतारबीजस्य स्वामिनारायणप्रभोः । अनन्तं चरितं राजन् सर्वं वक्तुं न शक्यते ।।' - સર્વ અવતારના કારણ ભગવાન શ્રી સ્વામિનારાયણના ચરિત્ર અપાર છે. તે બધા તો કહી પણ ન શકાય. (શ્રીહરિચરિત્રમ્ : પ્રથમ પરિચ્છેદ, ૬/૩૧)

- 'नैकाण्डस्थितिसर्गादिहेतवेऽनन्तरूपिणे । नमो वेदादिवेद्याय स्वामिनारायणाय ते ।।' - આપ અનેક બ્રહ્માંડોની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયનું કારણ છો, આપ અનંત રૂપોને ધારણ કરો છો. વેદ વેદાન્તાદિ શાસ્ત્રથી જેનું જ્ઞાન થાય છે એવા આપ **'ભગવાન શ્રી સ્વામિનારાયણ'**ને અમે નમીએ છીએ. (શ્રીહરિચરિત્રમ્ : દ્વિતીય પરિચ્છેદ, ૧૯/૧૨)

- 'जय श्रीहरे स्वामिनारायण श्रीपते ब्रह्मधामन् । प्रभो रामकृष्णादिसर्वावतारायहेतो परात्मन् ।।' - હે બ્રહ્મધામન્ ! હે લક્ષ્મીપતિ પ્રભો ! પરમાત્મન્ ! રામકૃષ્ણાદિક અવતારોનું મૂળ કારણ આપ છો, કૃપાના સાગર છો, સંતોની સભાના ખરા આભૂષણ છો, હે શ્રીહરિ સ્વામિનારાયણ ! ધર્મભક્તિના પુત્ર છો, પોતાના ભક્તોને સર્વોત્તમ આનંદ-સુખ આપો છો, આવા નીલકંઠ નામે પ્રસિદ્ધ આપનો સદા જય થાઓ.

(શ્રીહરિચરિત્રમ્ : ચતુર્થ પરિચ્છેદ, ૩૫/૫)

- 'सर्वेषामसि हेतुस्त्वं स्वामिनारायण प्रभो । नेति नेतीति वेदाद्या अपि यं कथयन्ति वै ।।' - હે સ્વામિનારાયણ પ્રભો ! આપ સર્વનું કારણ છો. વેદ આદિ શાસ્ત્ર આપને 'नेति नेति' કહીને ગાય છે. (શ્રીહરિચરિત્રમ્ : ચતુર્થ પરિચ્છેદ, ૪૫/૨૪)

[**નોંધ :-** ઉપરોક્ત શ્લોકોમાં 'स्वामिनारायण' શબ્દને 'सर्वावतारबीज, नैकाण्डस्थितिसर्गादिहेतु' વગેરે વિશેષણોનો અન્વય થઈ શકશે નહિ. કારણ કે સર્વઅવતારના કારણ ગુણાતીતાનંદ સ્વામીએ સહિત સહજાનંદ સ્વામી નથી. પરંતુ કેવળ સહજાનંદ સ્વામી જ છે. માટે કર્મધારય સમાસ જ સુયોગ્ય છે.]

- 'अथावेक्ष्य जनाः सर्वे स्वामिनारायणात्मजौ । महातेजस्विनौ प्रेक्ष्यौ तत्कल्पौ जहृषुर्भृशम् ।।' - સભામાં રહેલા સર્વ ભક્તો ભગવાન શ્રી સ્વામિનારાયણના પુત્રોને તેમના જેવા દર્શનીય અને તેજસ્વી જોઈને ખૂબ રાજી થયા. (શ્રીહરિચરિત્રમ્ : ચતુર્થ પરિચ્છેદ, ૪૪/૮)

- 'श्री स्वामिनारायणपादसक्तौ तदात्मजौ धर्मधुरन्धरौ च । आचार्यवर्यौ प्रणमामि भक्त्याऽयोध्याप्रसादं रघुवीरमीशौ ।।' - ભગવાન શ્રી સ્વામિનારાયણના ચરણારવિંદમાં પ્રેમાસક્ત, તેમના દત્તપુત્ર, જીવોનું કલ્યાણ કરવામાં મહાસમર્થ આવા ધર્મધુરંધર શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ અને શ્રી રઘુવીરજી મહારાજ બંને આચાર્યવર્યોને હું ભક્તિ ભાવથી પ્રણામ કરું છું.

(શ્રીહરિચરિત્રમ્ : ચતુર્થ પરિચ્છેદ, ૬૨/૬૦)

- 'स्वामिनारायणस्येयं प्रपौत्रेण विनिर्मिता । विहारीलालाचार्येण सापि स्तात् भक्तरञ्जनी ।।'

શ્રી સ્વામિનારાયણના ચરણકમળથી ચિહ્નિત આ ગઢપુરનું માહાત્મ્ય યથાર્થપણે મને કહો. (શ્રીહરિચરિત્રમ્ : ચતુર્થ પરિચ્છેદ, ૪૩/૩)

- 'अस्माकं मिलितो योऽसाववतारी स तु प्रभुः । स्वामिनारायणः साक्षादन्येषां नाक्षरात् परः ।।' - અક્ષરથી પર, અવતારી પ્રત્યક્ષ મહાપ્રભુ શ્રી સ્વામિનારાયણ ભગવાન આપણને જે મળ્યા છે તે બીજાને મળ્યા નથી. (શ્રીહરિચરિત્રમ્ : ચતુર્થ પરિચ્છેદ, ૪૮/૧૧)

[**નોંધ :-** ઉપરોક્ત શ્લોકોમાં **'स्वामिनारायण'**ને અવતારી વિશેષણ લગાડવામાં આવ્યું છે. હવે જો સ્વામીએ સહિત નારાયણ આવો મધ્યમપદલોપિ-તત્પુરુષ સમાસ કરીશું તો **'अवतारी'** વિશેષણનો અન્વય થઈ શકશે નહિ. કારણ કે સ્વામીએ સહિત નારાયણ અર્થાત્ ગુણાતીતાનંદ સ્વામીએ સહિત સહજાનંદ સ્વામી અવતારી નથી. કેવળ સહજાનંદ સ્વામી જ અવતારી છે. **'स्वामी चासौ नारायणश्च'** આવો **કર્મધારય** સમાસ જ **સુયોગ્ય** છે.]

- 'साक्षात् तं परमेश्वरं गुणनिधिं रमाराधाधीश्वरं । वन्देऽहं ह्यवतारिणं वृषसुतं श्री स्वामिनारायणम् ।।' - અનંત વિશ્વની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયના કારણ, માયાથી પર, સર્વનો આશ્રય, સર્વવ્યાપક અને પરમ સુખરૂપ આવા મહાન્ અક્ષરધામમાં નિવાસ કરીને રહેલા, અનેક કલ્યાણકારી ગુણોના નિધિ, રાધા અને લક્ષ્મીના સ્વામી, સાક્ષાત્ પરમેશ્વર ધર્મપુત્ર અવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણને હું વંદન કરું છું. (શ્રીહરિચરિત્રમ્ : માહાત્મ્ય, ૧૦/૬૨)

- 'राजन् द्विजा वीक्ष्य परेजनाश्च यज्ञाभिधं यं पुरुषं प्रणेमुः । ननाम भक्त्यात्मजमीशमद्धा स स्वामिनारायणसंज्ञकं तु ।।' - હે રાજન્ ! બ્રાહ્મણોએ અને અન્ય લોકોએ જે ભગવાન યજ્ઞ પુરુષને જોઈને પ્રણામ કર્યા તે યજ્ઞનારાયણ ભક્તિપુત્ર સાક્ષાત્ ભગવાન શ્રી સ્વામિનારાયણને પગે લાગ્યા.

(શ્રીહરિચરિત્રમ્ : પ્રથમ પરિચ્છેદ, ૨૫/૧)

- 'दत्त्वाऽथ तस्यै ह्यभयं स भक्तिजः श्री स्वामिनारायण ईश्वरेश्वरः । तत्भक्तिसन्तुष्टमनाः कृपानिधिस्तामाह निष्किञ्चनभक्तवल्लभः ।।' - ભગવાન શ્રી સ્વામિનારાયણને નિષ્કિંચન ભક્તો પ્રિય છે, સ્વયં બ્રહ્માદિ ઈશ્વરોના પણ ઈશ્વર અને કૃપાનિધિ છે. રાણીની ભક્તિથી મનમાં સંતુષ્ટ થયા. પછી ભક્તિનંદન ભગવાન શ્રીહરિ રાણીને અભયદાન કરીને બોલ્યા. (શ્રીહરિચરિત્રમ્ : દ્વિતીય પરિચ્છેદ, ૪૧/૩૯)

- 'हेतुस्तथावताराणां स्वामिनारायणः प्रभुः । प्रादुर्भूतो वृषाद्भक्तौ वर्ततेऽस्मद्गुरुर्ध्रुवम् ।।'- સર્વ અવતારોના કારણ ભગવાન શ્રી સ્વામિનારાયણ હાલના સમયમાં ધર્મ-ભક્તિને ઘરે પ્રકટ થયેલા છે જે અમારા ગુરુ છે. (શ્રીહરિચરિત્રમ્ : તૃતીય પરિચ્છેદ, ૧૦/૨૬)

- 'धर्माद्भक्तौ प्रादुरासीत् कृपाब्धिः प्राप्ताः स्मस्तं स्वामिनारायणं त्वाम् ।' - જે અક્ષરધામના અધિપતિ કરુણાના સાગર છો, અસંખ્ય જીવ સમુદાયનું કલ્યાણ કરવા ધર્મથી ભક્તિમાં પ્રકટ થયા છો, પરમાનંદ મૂર્તિ રૂપ સ્વામિનારાયણ આવા નામે પ્રસિદ્ધ છો, તે સાક્ષાત્ આપને શરણે અમે આવ્યા છીએ. (શ્રીહરિચરિત્રમ્ : ચતુર્થ પરિચ્છેદ, ૨/૩૩)

- 'वाराहाद्यवतारहेतुमखिलब्रह्माण्डनाथेश्वरं श्रीमद्ब्रह्मपुराधिपं मुनिपतिं वेदादिभिः संस्तुतम् । मायेशाक्षरमुक्तजीवहृदयावासं रमालालितं ध्यायेऽहं हृदि भक्तिधर्मतनयं श्री स्वामिनारायणम् ।।' - વારાહાદિક અનેક અવતારોના કારણ, સર્વ બ્રહ્માંડાધીશ્વરોના પણ સ્વામી, શ્રીમદ્ અક્ષરાધિપતિ, સંતોના પાલક, વેદાદિકે સ્તુતિ કરેલા, માયા, ઈશ્વરો, મુક્તો અને જીવો, તે સહુના હૃદયમાં અંતર્યામીપણે રહેલા, લક્ષ્મીજીએ પ્રેમથી સેવેલા ભક્તિ ધર્મના પુત્ર ભગવાન શ્રી સ્વામિનારાયણનું હું મારા હૃદયમાં ધ્યાન કરું છું.

(ભાગવત ટીકા - ભક્તમનોરંજની પ્રસ્તાવના શ્લોક -૧)

[**નોંધ :-** ઉપરોક્ત શ્લોકોમાં શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ અને શ્રી રઘુવીરજી મહારાજને **'स्वामिनारायणात्मजौ'** વિશેષણ લગાડવામાં આવ્યું છે. માટે શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ અને શ્રી રઘુવીરજી મહારાજ એ ગુણાતીતાનંદ સ્વામીએ સહિત સહજાનંદ સ્વામીના દત્તપુત્રો નહોતા. પણ એક શ્રી સહજાનંદ સ્વામીના જ દત્તપુત્રો હતા. માટે **स्वामी चासौ नारायणश्च इति स्वामिनारायणः'** આ કર્મધારય સમાસ જ સુયોગ્ય છે.]

● ''...અનંત અક્ષરાદિક મુક્ત ને અનંત શક્તિઓ ને અનેક વિભૂતિઓ અને અનેક ઐશ્વર્ય ને એ સર્વેએ સેવ્યા થકા અનાદિ નિત્યસિદ્ધ, અનવધિકાતિશય ને નિરંકુશ દિવ્ય એવું ઐશ્વર્ય તેણે યુક્ત થકા ને શ્રી ધર્મદેવ ને ભક્તિમાતા થકી છે જન્મ જેમનો એવા જે **સ્વામિનારાયણ** તે જ અક્ષરાતીત **સર્વોપરી પુરુષોત્તમ** છે...''

(શ્રી ગુણાતીતાનંદ સ્વામીની વાતો : ૪/૩૦)

● ''...દિવ્ય, તેજ, ઐશ્વર્ય, પ્રતાપ, બલ, કીર્તિ, સ્વરાટ, સત્યસંકલ્પ એવા અનેક દિવ્યગુણે યુક્ત એ મૂર્તિ છે ને અનવધિકાતિશય ને નિરંકુશ દિવ્ય એવા ઐશ્વર્ય તેણે યુક્ત થકા ને શ્રી ધર્મદેવ ને ભક્તિમાતા થકી છે જન્મ જેમનો એવા જે **શ્રી સ્વામિનારાયણ** તે જ અક્ષરાતીત **સર્વોપારી પુરુષોત્તમ** ભગવાન છે...''

(શ્રી ગોપાળાનંદ સ્વામીની વાતો, પુરુષોત્તમ નિરૂપણ : ૧૭૨)

[**નોંધ :-** શ્રી ધર્મદેવ ને ભક્તિમાતા થકી છે જન્મ જેમનો એવા સ્વામીએ સહિત નારાયણ અર્થાત્ ગુણાતીતાનંદ સ્વામીએ સહિત સહજાનંદ સ્વામી નહોતા. પણ કેવળ સહજાનંદ સ્વામી જ હતા. અને એ સ્વામિનારાયણ કેવા છે ? તો સ્વામી કહે છે :- ''જે **શ્રી સ્વામિનારાયણ** તે જ અક્ષરાતીત **સર્વોપરી પુરુષોત્તમ** છે...'' હવે જો સ્વામી તરીકે અક્ષરબ્રહ્મને લઈએ તો 'અક્ષરાતીત' વિશેષણ કઈ રીતે લાગી શકે ? કારણ કે અક્ષરબ્રહ્મ સ્વયં સ્વયંથી અતીત ન થઈ શકે માટે **'स्वामी चासौ नारायणश्च'** આવો કર્મધારય સમાસ જ સ્વીકારવો પડે.]

● શ્રી ગુણાતીતાનંદ સ્વામી કહે છે :- ''મેં ઉઘાડી વાત સભામાં કરવા માંડી, ત્યારે સાધુ સૌ કહે : ''તુંને કોણે કહ્યું છે જે તું કહે છે ?'' ત્યારે મેં કહ્યું : જે ''સ્વામિનારાયણે કહ્યું છે, બીજો કોણ કહેશે ?''

(શ્રી ગુણાતીતાનંદ સ્વામીની વાતો : ૫/૩૩)

● શ્રી ગુણાતીતાનંદ સ્વામી કહે છે :- ''અમને તો સ્વામિનારાયણે **કાનમાં મંત્ર** મૂક્યો છે : જે ''**અમે તો સર્વોપરી ભગવાન છીએ**''

(શ્રી ગુણાતીતાનંદ સ્વામીની વાતો : ૫/૩૬)

[**નોંધ :-** (આ બંને વાતો ઉપરથી એ **સુસ્પષ્ટ** થાય છે કે, સાંભળનારા ગુણાતીતાનંદ સ્વામી છે અને કહેનારા સ્વામિનારાયણ છે.) 'સ્વામિનારાયણ' આ મંત્રમાં **'સ્વામી'** તરીકે ગુણાતીતાનંદ સ્વામી લઈ શકાય નહિ. તો હવે **'स्वामी चासौ नारायणश्च इति स्वामिनारायणः'** આવો કર્મધારય સમાસ જ સ્વીકારવો રહ્યો. અને આમ છતાં જો **'स्वामियुतश्चासौ नारायणश्च इति स्वामिनारायणः'**

આવો મધ્યમપદલોપિતત્પુરુષ સમાસ સ્વીકારશો તો **'स्वामीએ सहित नारायणे गुणातीतानंद स्वामीने कह्युं'** આવો અર્થ થશે. આમાં હવે સ્વામી તરીકે ગુણાતીતાનંદ સ્વામીને સ્વીકારી શકીએ જ નહિ. કારણ કે ગુણાતીતાનંદ સ્વામી તો સાંભળનારા છે. હવે સ્વામીએ સહિત નારાયણ આ અર્થમાં સ્વામી તરીકે બીજા સંતને સ્વીકારવા પડશે અને સ્વામી તરીકે અન્ય સંતને સ્વીકાર્યા પછી પણ **'भक्तिधर्मात्मजः, सर्वावतारहेतुः, अक्षरातीतः'** વગેરે વિશેષણો તો લગાડી શકાશે નહિ.

આ બધું જોતા એક વાત સુસ્પષ્ટ થાય છે કે, **'શ્રી સ્વામિનારાયણ'** મહામંત્રમાં **કર્મધારય** સમાસ જ છે. મધ્યમપદલોપિ તત્પુરુષ સમાસ સ્વીકારનારાઓનો **હઠાગ્રહ** ખોટો જ છે.]

● ''...અને **આજ્ઞા પળે એટલી વાસના બળે.** ને આજ્ઞા ને ઉપાસના બે મુખ્ય જોઈએ તે કૃપાનંદ સ્વામીનો એમ ઠેરાવઃ જે કોશ ઊની કરીને ગળામાં ઘાલે, એ કેટલું દુઃખ થાય ! તો પણ આજ્ઞા ભંગ ન કરવી. ને છાનું ખાતા હશે, પદાર્થ રાખતા હશે, પથારી ઝાઝી કરતા હશે; તે ઓલ્યા સ્વામિનારાયણ નથી જાણતા ?...''

(શ્રી ગુણાતીતાનંદ સ્વામીની વાતો : ૫/૧૧૪)

[**નોંધ :-** આ વાત ઉપર નિર્ણય થાય છે કે, કહેનારા અને જાણનારા બંને અલગ જ છે. તો કઈ રીતે **'સ્વામિનારાયણ'** મહામંત્રમાં સ્વામી તરીકે **કહેનારા** ગુણાતીતાનંદ સ્વામીને લઈ શકાય ? કારણ કે **જાણનારા** સ્પષ્ટ રીતે **'સ્વામિનારાયણ'** અલગ જ છે.]

અક્ષરાદિક સર્વ થકી પર ને **અદ્વિતીય મૂર્તિ** એવા જે પ્રકટ પુરુષોત્તમ **'શ્રી સ્વામિનારાયણ'** તેમને એ રીતે સર્વોપરી જાણવા એ સર્વે સત્પુરુષનો ને સર્વ સત્શાસ્ત્ર તેમનો પરમ રહસ્ય **અભિપ્રાય** છે.

(શ્રી ગોપાળાનંદ સ્વામીની વાતો, પુરુષોત્તમ નિરૂપણ : ૧૫૨)

[**નોંધ :-** આ વાતમાં ગોપાળાનંદ સ્વામી 'અદ્વિતીય મૂર્તિ એવા શ્રી સ્વામિનારાયણ છે' એમ કહે છે. હવે જો સ્વામીએ સહિત નારાયણ લઈએ તો તો **દ્વિતીય મૂર્તિ** થયા. માટે **'स्वामी चासौ नारायणश्च इति स्वामिनारायणः'** આવો કર્મધારય સમાસ જ સુયોગ્ય છે.]

સ્વયં ભગવાન શ્રી સ્વામિનારાયણે અનેક સંતો-ભક્તોને રાજીપા સ્વરૂપે કાપડ પર પોતાના ચરણારવિંદ પાડી આપ્યા હતાં. તે આજે પણ મહાપ્રસાદિના માહાત્મ્ય સાથે સંપ્રદાયના અનેક મંદિરોમાં છે. તેમાંથી મોટા ભાગના ચરણારવિંદ નીચે લખેલું હોય છે કે, **'ભગવાન શ્રી સ્વામિનારાયણના ચરણારવિંદ.'** આ ઉપરાંત આજે પણ સંપ્રદાયના દરેક અનુયાયીની નિત્યપૂજામાં ભગવાન શ્રી સ્વામિનારાયણના ચરણારવિંદ હોય જ છે. અને તેની નીચે પણ લખેલું હોય છે :- 'ભગવાન શ્રી સ્વામિનારાયણના ચરણારવિંદ.' તો હવે વાત સ્પષ્ટ છે કે, તેમાં બે જ ચરણારવિંદ છે. માટે સ્વામી એટલે ગુણાતીતાનંદ સ્વામી અને નારાયણ એટલે સહજાનંદ સ્વામી એવો અર્થ બે ચરણારવિંદ નીચે ઘટી શકે જ નહિ. એવો અર્થ કરવા જઈએ તો ચાર ચરણારવિંદ જોઈએ. તેથી 'શ્રી સ્વામિનારાયણ' મહામંત્રમાં **કર્મધારય સમાસ** જ થઈ શકે છે.

● **પ્રશ્ન : ૪.** ભગવાન શ્રી સ્વામિનારાયણનું પ્રાકટ્ય 'છપૈયા' ગામમાં થયું એવું કહીએ છીએ ત્યારે **'સ્વામિનારાયણ'** એટલે શ્રીજીમહારાજ સમજવાના. કારણ કે એ વખતે ગુણાતીતાનંદ સ્વામીનો જન્મ થયો નહોતો અને **'સ્વામિનારાયણ'** મહામંત્ર બોલીએ

ત્યારે 'સ્વામીએ સહિત નારાયણ અર્થાત્ ગુણાતીતાનંદ સ્વામીએ સહિત સહજાનંદ સ્વામી' આવી રીતે સમજીએ તો શો બાધ આવે ?

ઉત્તર :- ભગવાન શ્રી સ્વામિનારાયણનું પ્રાકટ્ય **'છપૈયા'** ગામમાં થયું એવું કહીએ છીએ ત્યારે **'સ્વામિનારાયણ'** એટલે શ્રીજીમહારાજ સમજવાના એવું તમે કહો છો અને એમાં કારણ બતાવો છો કે એ વખતે ગુણાતીતાનંદ સ્વામીનો જન્મ થયો નહોતો. તો પછી જ્યારે ફરેણી ગામમાં સં. ૧૮૫૮ના માગશર વદ - ૧૧ (તા. ૩૧-૧૨-૧૮૦૧)ની સભામાં સ્વયં શ્રીજીમહારાજે **'સ્વામિનારાયણ'** મહામંત્રની **ઉદ્‌ઘોષણા** કરી ત્યારે ગુણાતીતાનંદ સ્વામી તો તે સમયે **મૂળજી શર્મા** હતા. **'સ્વામિનારાયણ'** મહામંત્રનો ઉદ્‌ઘોષ થયા બાદ ૮ વર્ષ પછી એટલે સં. ૧૮૬૬માં ભગવાન શ્રીહરિએ ડભાણના યજ્ઞ સમયે દીક્ષા આપી **'ગુણાતીતાનંદ સ્વામી'** નામ ધારણ કરાવ્યું. તો પછી **'સ્વામિનારાયણ'** મહામંત્રમાં **'સ્વામી'** તરીકે ગુણાતીતાનંદ સ્વામીને કઈ રીતે લઈ શકાય ? કારણ કે તમે સ્વયં એમ કહો છો કે ભગવાન શ્રી સ્વામિનારાયણનું પ્રાકટ્ય 'છપૈયા' ગામમાં થયું ત્યારે **'સ્વામિનારાયણ'** એટલે શ્રીજીમહારાજ સમજવાના. કારણ કે એ વખતે ગુણાતીતાનંદ સ્વામીનો જન્મ થયો નહોતો. એવી જ રીતે ફરેણી ગામમાં સં. ૧૮૫૮માં સ્વયં શ્રીજીમહારાજે **'સ્વામિનારાયણ'** મહામંત્રની ઉદ્‌ઘોષણા કરી ત્યારે મૂળજી શર્મા 'ગુણાતીતાનંદ સ્વામી' તરીકે જન્મ પામ્યા જ નહોતા. માટે ત્યારે પણ **'સ્વામિનારાયણ'** એટલે શ્રીજીમહારાજ જ સમજવાના એ વાત સ્પષ્ટ થાય છે. બંનેમાં કારણ સમાન છે.

પરંતુ ઉપરોક્ત ઐતિહાસિક સત્યને મારીમચડીને વિમુખ-મનમુખી સંસ્થાવાળાઓએ **'સ્વામિનારાયણ'** શબ્દનો એવો અર્થ ગોઠવ્યો છે કે 'સ્વામિ' એટલે ગુણાતીતાનંદ સ્વામી અને 'નારાયણ' એટલે શ્રીજીમહારાજ ! આવો સાંપ્રદાયિક સિદ્ધાંતોથી અવળો અર્થ કરે છે.

● **પ્રશ્ન : ૫.** એ વખતે રામ ! કૃષ્ણ ! હરે ! ગોવિંદ ! હરે ! નારાયણ ! એવા ભગવાનના બહુ નામોના નિવેશવાળું મંગલ ભજન થતું હતું. તેને અળસાવીને 'સ્વામિનારાયણ' એવા બે સાર્થક નામના નિવેશવાળું શુભ ભજન ચલાવ્યું. (શ્રી અદ્‌ભુતાનંદ સ્વામીની વાતો - ૨૨)

આ સંદર્ભ પ્રમાણે તો બે નામો અર્થાત્ સ્વામી એટલે ગુણાતીતાનંદ સ્વામી અને નારાયણ એટલે સહજાનંદ સ્વામી આવી રીતે અર્થ કરી શકાય કે નહિ ?

ઉત્તર :- ના, ન જ કરી શકાય. કારણ કે અદ્‌ભુતાનંદ સ્વામીની વાતોનો પ્રસંગ, જ્યારે પ્રથમવાર ફરેણીમાં સ્વયં શ્રીજીમહારાજે સ્વમુખે **'સ્વામિનારાયણ'** મહામંત્રની ઉદ્‌ઘોષણા કરી ત્યારનો છે. અને એ વખતે મૂળજી શર્મા સાધુ થયા નહોતા. ભગવાન શ્રીહરિએ 'સ્વામિનારાયણ' મહામંત્રની સં. ૧૮૫૮માં **ઉદ્‌ઘોષણા** કરી ત્યાર બાદ ૮ વર્ષ પછી **મૂળજી શર્મા**એ ડભાણના યજ્ઞમાં સં. ૧૮૬૬માં દીક્ષા લઈ **'ગુણાતીતાનંદ સ્વામી'** બન્યા હતા. આ કારણથી સ્વામી તરીકે ગુણાતીતાનંદ સ્વામીને લઈ શકાય નહિ. આમ ન સ્વીકારીએ તો ૮ વર્ષ સુધી 'સ્વામી' શબ્દ નિરર્થક પડ્યો રહે, માટે 'સ્વામી' શબ્દ શ્રીજીમહારાજ માટે પ્રયોજાયેલો છે. અને **'સાર્થક નામના નિવેશવાળું'** એમ કહ્યું છે તો ગુણાતીતાનંદ સ્વામીનું સાર્થક નામ સ્વામી નહોતું. પરંતુ 'ગુણાતીતાનંદ સ્વામી' હતું. જનમંગલ સ્તોત્રમાં ભગવાન શ્રીહરિના 'સ્વામી' અને 'નારાયણ' આ બે નામો સાર્થક છે.

જેમ કે - **'स्वं क्षराक्षरादिनियमनैश्वर्यमस्तीति स्वामी, स्वं कालमायाऽक्षरब्रह्मनित्यैश्वर्याऽणिमाद्यनन्तशक्तिपतिरिति स्वामी'**

(સેતુમાલા ટીકા : ઉપોદ્‌ઘાત, શ્લોક-૧૧)

'स्वामी = सकलैश्वर्यसम्पन्नः' (સ.ગુ. શ્રી શુકાનંદ સ્વામી કૃત શ્રી સત્સંગિજીવન હેતુટીકા : ૨/૨૪/૪૬)

દિવ્ય કર્તાશક્તિ, જ્ઞાનશક્તિ, ક્રિયાશક્તિ, લયશક્તિ, ધારકશક્તિ, પ્રેરકશક્તિ, નિત્યઅલુપ્તશક્તિ, મહામનોહરશક્તિ, અચિંત્યશક્તિ, નિરંકુશશક્તિ, નિર્વિશેષશક્તિ, નિર્દોષશક્તિ, અજીતશક્તિ, શોભાશક્તિ, નિયંતાશક્તિ આદિક અનંત દિવ્યશક્તિઓથી સંપન્ન હોવાથી ભગવાનને સાર્થક **'સ્વામી'** કહેવાય છે.

- **'नराणां समूहो नारं तदयनं निवासस्थानं यस्य स नारायणः ।'**

(શ્રીસત્સંગિજીવન : ૨/૨૪/૪૬)

- **'असंख्यकोटिमुक्तपुरुषाणां समूहो नारं तस्मिन्नयनं निवासस्थानं यस्य स नारायणः ।'**

(શ્રી ગોપાળાનંદ સ્વામી - ભાગવતટીકા નિગૂઢાર્થપ્રકાશવ્યાખ્યાનમ્)

નિત્યમુક્તો દ્વારા સેવાયેલા, તેઓના ઉપાસ્ય, તેઓની મધ્યે રહેનારા હોવાથી ભગવાનને સાર્થક **'નારાયણ'** કહેવાય છે.

આ બંને સાર્થક શબ્દનો સંપ્રદાયના ગ્રંથોમાં અલગ-અલગ પ્રયોગ થયેલો છે. જેમ કે

- **'स हि नारायणः स्वामी धाम्नः स्वादक्षरात्परात् । आविर्बभूव भूलोके त्राकृतिः श्रेयसे नृणाम् ।।'** (શ્રી સત્સંગિજીવન : ૪/૪૬/૩૪)

એ સ્વામિનારાયણ મહાપ્રભુ, અક્ષર થકી પર પોતાના અક્ષરધામમાંથી જીવોના કલ્યાણ કરવા મનુષ્યાકૃતિને ધારણ કરીને આ ભૂલોકને વિષે પ્રગટ થયા છે.

- **'स्वामी नारायणो दृष्ट्वा'** (શ્રી સત્સંગિજીવન)
- **'त्वमेवैकः स्वामी सकलजगतामित्यपि हरे'** (શ્રી સત્સંગિજીવન)

શ્રીજીમહારાજ પણ વચનામૃતમાં કહે છે :- "...અને પુરુષોત્તમનારાયણ તે સર્વના સ્વામી છે. (પ્ર. ૨૧), ...અને ભગવાન સર્વના સ્વામી છે માટે સર્વ ક્રિયાના પ્રવર્તાવનારા અને સર્વના સ્વામી એક જ ભગવાન છે. (અ. ૩૭), ...નારાયણ જેવા તો એક નારાયણ જ છે. (લો. ૧૩), ...ભગવાનના જે ઘણાક અવતાર થયા છે તેને એમ જાણીએ છીએ એ સર્વ અવતાર તે નારાયણના છે. (લો. ૧૪)"

સ્વામી અને નારાયણ - આ બંને સાર્થક શબ્દનો **'स्वामी चासौ नारायणश्च इति स्वामिनारायणः'** આ કર્મધારય સમાસથી શબ્દ સિદ્ધ થાય છે. જેમ કે - માર્કંડેય ઋષિએ ભગવાન શ્રીહરિનું નામકરણ કરતા કહ્યું :- **'निजाश्रितानां चेतांसि स्वस्वरूपे कर्षतीति कृष्णः'** - આ સૌના ચિત્તને આકર્ષણ પમાડશે માટે આ તેજસ્વી પુત્રનું નામ **'કૃષ્ણ'** રાખો, વળી - **'हरिष्यत्याश्रितसकलसन्तापमिति हरिः'** - પોતાના આશ્રિતોના સમસ્ત સંતાપોને હરિ લેશે માટે **'હરિ'** રાખો. વળી માર્કંડેય ઋષિએ વળતો વિચાર કર્યો કે, સર્વ અવતારના અવતારી પૂર્ણ પુરુષોત્તમનારાયણનું નામ 'કૃષ્ણ' તો રાખ્યું, પરંતુ લોકો વૃંદાવનવાસી કૃષ્ણ સમજી લેશે.અને મેં બીજું નામ હરિ રાખ્યું, તે હરિ

નામથી પણ લોકો ગજ ઉદ્ધારક હરિ સમજી લેશે. માટે આ સર્વ અવતારના અવતારી પૂર્ણ પુરુષોત્તમનારાયણનું હું કંઈ અલગ નામ આપું. પછી માર્કંડેય ઋષિએ હરિ અને કૃષ્ણ - આ બંને સાર્થક શબ્દોને ભેગા કરી 'समस्तं द्वे मिलित्वा एकं हरिकृष्ण इत्यपि नाम भविष्यति । एक नामत्वं हरिकृष्णशब्दयोरर्थान्तरत्वद्योतनाय हरिश्चासौ कृष्णश्चेत्येकं समस्तं नामाप्यन्वर्थमेव' त्रीજું નામ 'हरिश्चासौ कृष्णश्च इति हरिकृष्णः' **'हरिकृष्ण'** એવું રાખ્યું.

(શ્રી સત્સંગિજીવન હેતુટીકા : ૧/૨૪/૨૫)

એવી જ રીતે શ્રીજીમહારાજના સ્વામી અને નારાયણ - આ બે નામો હતા. પણ ભગવાન શ્રીહરિએ વિચાર કર્યો હશે કે, સ્વામી શબ્દથી લોકો મને સાધુ-સંન્યાસી સમજી લેશે. કારણ કે લોકમાં સાધુસંતો માટે ગૌણ અર્થમાં સ્વામી શબ્દનો પ્રયોગ થાય છે. અને નારાયણ શબ્દથી મને લોકો શેષશાયી વિષ્ણુ સમજી લેશે, માટે સર્વ અવતારના અવતારી તરીકેનું હું કંઈ અલગ નામ આપું. પછી સ્વામી અને નારાયણ આ બંને સાર્થક શબ્દોને ભેગા કરી **'स्वामिनारायण'** 'स्वामी चासौ नारायणश्च इति स्वामिनारायणः' આ નામનો **મહામંત્ર** આપ્યો.

માટે અદ્‌ભુતાનંદ સ્વામી કહે છે :- રામ ! કૃષ્ણ ! હરે ! ગોવિંદ ! હરે ! નારાયણ ! એવા ભગવાનના બહુ નામોના નિવેશવાળું મંગલ ભજન થતું હતું. તેને અળસાવીને **'स्वामिनारायण'** એવા બે સાર્થક નામના નિવેશવાળું શુભ ભજન ચલાવ્યું.

હવે જો **'स्वामिनारायण'** એવા બે સાર્થક નામના નિવેશવાળું શુભ ભજન ચલાવ્યું - આ વાતમાં અદ્‌ભુતાનંદ સ્વામીનો ભાવાર્થ સ્વામીએ સહિત નારાયણ અર્થાત્ સ્વામી એટલે ગુણાતીતાનંદ સ્વામી અને નારાયણ એટલે સહજાનંદ સ્વામી એવો હોત તો તેમના જ શિષ્ય વિદ્વાન સ.ગુ. શ્રી ઘનશ્યામચરણદાસજી સ્વામીએ 'स्वामियुतश्चासौ नारायणश्च इति स्वामिनारायणः' આવો મધ્યમપદલોપિ-તત્પુરુષ સમાસ કર્યો હોત. પરંતુ વિદ્વાન શ્રી ઘનશ્યામચરણદાસજી સ્વામીએ તો 'आध्यात्मिक तत्त्वाख्यानम्' નામના ગ્રંથમાં 'कर्मधारयवृत्त्यायं स्वामिनारायणेति वै मन्त्रः सर्वान्तरात्मानं सर्वाधारं पतिं तथा ।।' શ્લોક લખી સ્પષ્ટ કહ્યું છે કે, **'स्वामिनारायण'** આ મહામંત્રમાં 'स्वामी चासौ नारायणश्च इति स्वामिनारायणः' આવો **કર્મધારય** સમાસ સમજવો. અને સાથે **'स्वामिनारायण'** મહામંત્રનો અર્થ પણ કર્યો છે કે, જે સર્વ ઐશ્વર્ય સંપન્ન, સર્વશેષી, સર્વાન્તર્યામી, સર્વના આધાર હોય તેને **'स्वामिनारायण'** કહેવાય. વિદ્વાન શ્રી ઘનશ્યામચરણદાસજી સ્વામીને પોતાના ગુરુ અદ્‌ભુતાનંદ સ્વામીની વાતો સાથે વિરોધ હોય નહિ, અર્થાત્ ગુરુના સિદ્ધાંત સાથે શિષ્યનો વિરોધ હોય જ નહિ. પરંતુ જે લોકો 'स्वामियुतश्चासौ नारायणश्च इति स्वामिनारायणः' આવા મધ્યમપદલોપિ-તત્પુરુષ સમાસથી **'स्वामिनारायण'** શબ્દને સિદ્ધ કરે છે અને તેનો અર્થ સ્વામીએ સહિત નારાયણ એવો કરે છે તેઓનો જ આ અદ્‌ભુતાનંદ સ્વામીની વાત-૨૨ સાથે વિરોધ છે એ સ્પષ્ટ થાય છે.

[**ખાસનોંધ** :- બ્રહ્મચારી શ્રી અખંડાનંદ સ્વામી દ્વારા વિરચિત **'શ્રીહરિચરિત્રમ્'** ગ્રંથમાં પણ 'સ્વામિનારાયણ' શબ્દમાં **કર્મધારય** સમાસ જ કરેલો છે. જોઈએ સ્વામીના જ શબ્દોને :-

'नारायणोत्तरपदं निखिलाघहन्तृस्वामीतिनाम नियमाश्च निजाश्रितानाम् ।।
स्वोपासनाप्रवरपद्धतिरीशमृग्या निष्कामता च निजनैष्ठिकसाधुरीतिः ।।
एतत्तु पञ्चकमिहाहृतमात्मधाम्नो येनापरैरमितजन्मभिरेव मृग्यम् ।।
धन्या अहो वयमनन्यसमाः स्म आप्तास्तं ब्रह्मधामवसतिं ह्यवतारहेतुम् ।।'

● સર્વ પાપનો નાશ કરનારું આવું **'स्वामिनारायण'** નામ પોતાના આશ્રિત ત્યાગી ગૃહીના નિયમ, ઈશ્વરો પણ ચાહે એવી અનન્ય સ્વસ્વરૂપની ઉપાસના પદ્ધતિ, નિષ્કામ ધર્મભાવના અને વર્ણી તથા સાધુઓની અદ્‌ભુત રીત - **આ પાંચને** તો ભગવાન શ્રી સ્વામિનારાયણ **અક્ષરધામમાંથી અહીં** લાવ્યા છે, જે બીજાને તો મેળવતા ઘણા જન્મ વીતે તેમ છે. અહો ! આપણે તો સહુથી **અધિક ભાગ્યશાળી** છીએ, કારણ કે આપણને સર્વાવતારી ભગવાન શ્રીહરિ સાક્ષાત્ મળ્યા છે.

(શ્રીહરિચરિત્રમ્ : દ્વિતીય પરિચ્છેદ,૧૭/૧૧-૧૨)

● શ્રી અખંડાનંદ સ્વામી કહે છે :- 'સ્વામિનારાયણ' મહામંત્રમાં **'नारायण'** એ **ઉત્તરપદ** છે. અને **'स्वामी'** એ **પૂર્વપદ** છે. અહિં પૂર્વપદ 'एकदेशे बोधेऽन्वयो नित्यसाकाङ्क्षत्वात्' (શબ્દરત્નટીકા ભાવપ્રકાશ) નિયમથી ગ્રહણ કરવામાં આવે છે. અથવા 'येन विना यदनुपपन्नं तद् तस्याक्षेपः' આ નિયમથી **ઉત્તરપદ** કહ્યું છે. પરંતુ પૂર્વપદ સ્પષ્ટ કહ્યું નથી પણ પૂર્વપદ વગર ઉત્તરપદ કઈ રીતે હોઈ શકે ? આકાંક્ષાથી અથવા અનુમાનથી **પૂર્વપદ** ગ્રહણ કરવામાં આવે છે.

હવે જો 'स्वामी चासौ नारायणश्च' આવો કર્મધારય સમાસ કરીશું ત્યારે વિગ્રહ વાક્યમાં **'स्वामी'** એ પૂર્વપદ છે અને **'नारायण'** એ ઉત્તરપદ છે. પણ જ્યારે સમાસ થઈ જશે ત્યારે 'સ્વામિનારાયણ' શબ્દ એક પદ બની જશે, પછી એમાં પૂર્વપદ કે ઉત્તરપદ એવો વ્યવહાર થશે નહિ. સમાસનું લક્ષણ વ્યાકરણમાં આ રીતે કરવામાં આવ્યું છે : 'विभक्तिर्लुप्यते यत्र तदर्थस्तु प्रतीयते । पदानां चैकपद्यं च समासः सोऽभिधीयते ।।' - જેમાં વિભક્તિનો લોપ થઈ જાય છે, પણ એના અર્થની પ્રતીતિ થાય છે અને જ્યાં અનેક પદો મળીને એકપદના રૂપમાં રૂપાંતરિત થઈ જાય તેને **'समास'** કહેવાય છે.

કાશિકાકાર પણ **સમાસનું પ્રયોજન** બતાવતાં કહે છે :- 'समासस्य प्रयोजनमैकपद्यमैकस्वर्यञ्च (काशिका)' - અનેક પદો મળીને તેનું એકપદમાં અને એક સ્વરમાં રૂપાંતરિત થઈ જવું એ સમાસનું પ્રયોજન છે.

ભાષ્યમાં **પ્રદીપકાર** કહે છે :- 'एकार्थीभाव उच्यते पांसूदकवदेकभावापन्नत्वम्' - માટી અને પાણી મળીને જેમ એક પીંડ બની જાય છે તેમ અનેક પદો મળીને એકપદ બની જાય તેને એકાર્થીભાવ (સમાસ) કહેવાય છે. માટે સમાસ થયા પછી 'સ્વામિનારાયણ' પદમાં પૂર્વ પદ તથા ઉત્તરપદનો વ્યવહાર કરી શકાશે નહિ. વિગ્રહ વાક્યમાં જ પૂર્વ પદ તથા ઉત્તરપદનો વ્યવહાર થશે.

પરંતુ જો કોઈ હવે 'स्वामियुतश्चासौ नारायणश्च' આવો વિગ્રહ કરી મધ્યમપદલોપિ-તત્પુરુષ સમાસ કરશે ત્યારે પૂર્વપદ 'स्वामियुतः' અને ઉત્તરપદ 'नारायणः' થશે. પણ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના મહાન વિદ્વાન બ્રહ્મચારી શ્રી અખંડાનંદ સ્વામી દ્વારા વિરચિત 'શ્રીહરિચરિત્રમ્' ગ્રંથના શ્લોકમાં તો 'नारायणोत्तरपदं निखिलाघहन्तृस्वामीति नाम' આ રીતે કહે છે. 'एकदेशे बोधेऽन्वयो नित्यसाकाङ्क्षत्वात्' (શબ્દરત્નટીકા ભાવપ્રકાશ) નિયમથી આ શ્લોકમાં 'સ્વામી' પૂર્વપદ છે અને 'નારાયણ' ઉત્તરપદ છે. પણ 'स्वामियुतः' પૂર્વપદ અખંડાનંદ સ્વામીએ કહ્યું નથી. અને ઉત્તરપદ જે 'युतः' તેનો લોપ તો 'वर्णो वर्णेन (२।१।६८)' સૂત્રસ્થ ભાષ્ય વાર્તિક 'शाकपार्थिवादीनां सिद्धये उत्तरपदलोपस्योपसङ्ख्यानम् ।।'થી સમાસ થયા પછી 'कृतद्धितसमासाश्च ।।१।२।४६।।' આ

પાણિનિ સૂત્રથી પ્રાતિપદિક સંજ્ઞા થતાં પહેલા અર્થાત્ 'સુપ્' ઉત્પત્તિ થયા પહેલા થાય છે. માટે એકપદત્વ છે એવી શંકા રહેતી નથી. આથી એક વાત **સુસ્પષ્ટ** થાય છે કે, 'સ્વામિનારાયણ' મહામંત્રમાં 'स्वामी चासौ नारायणश्च इति स्वामिनारायणः' આવો **કર્મધારય સમાસ** જ છે.]

અખંડાનંદ સ્વામી કહે છે કે, **'સ્વામિનારાયણ'** મહામંત્ર શ્રીજીમહારાજ અક્ષરધામમાંથી લાવ્યા છે. અને જે મંત્રમાં 'स्वामी चासौ नारायणश्च इति स्वामिनारायणः' આવો **કર્મધારય સમાસ** થાય છે એમ વિદ્વાન શ્રી **અખંડાનંદ સ્વામી** સ્વીકારે છે. અને જે 'સ્વામિનારાયણ' મહામંત્રમાં 'स्वामियुतश्चासौ नारायणश्च इति स्वामिनारायणः' આવો મધ્યમપદલોપિ-તત્પુરુષ સમાસ કરીને **'સ્વામિનારાયણ'** મહામંત્ર સિદ્ધ કરે છે તે અક્ષરધામનો મહામંત્ર નથી, પરંતુ આ લોકમાં પોતાના સ્વાર્થની ખાતર ઉપજાવી કાઢેલો છે. જેમાં આનુપૂર્વી (સ્પેલિંગ) સમાન છે. પરંતુ જેનો **ભાવાર્થ** શ્રીજીમહારાજ અને નંદસંતોથી **તદ્દન વિરુદ્ધ** છે.

આ સંપ્રદાયના ઉપાસ્ય ઈષ્ટદેવને વિષે અસાધારણ ભજનીય-જપનીય નામ તરીકે નક્કી કરેલા આ શબ્દો **અર્થાનુસંધાન** વિનાના નથી. એના અર્થો પણ **શાસ્ત્રાનુસારે** સિદ્ધ કરેલા છે. જે નામથી નિરંતર ભજન-સ્મરણ કરવાનું છે તેનો અર્થ પણ ભક્તજનોએ ખાસ સમજવાની જરૂર છે. અર્થ જાણ્યા વિના ભજન કરે તેના કરતાં અર્થ જાણીને ભજન કરનારને સ્વાદ **વિશેષ** આવે છે. અને ફળ પણ **અધિક** થાય છે. એટલે અર્થ જાણવાની અત્યંત આવશ્યકતા છે. અર્થ પણ કપોલકલ્પિત રીતે નહિ, પરંતુ શાસ્ત્રાનુસાર સમજવો જોઈએ. 'शक्तिग्रहं व्याकरणोपमानकोशाप्तवाक्याद् व्यवहारतश्च । वाक्यस्य शेषाद् विवृतेर्वदन्ति सान्निध्यतः सिद्धपदस्य वृद्धाः ।।' (લઘુમંજૂષા) 'અમુક શબ્દોનો અમુક અર્થ થાય' એ તો વ્યાકરણ, ઉપમા, કોષ, આપ્તવાક્ય, વિવરણ(ટીકા વગેરે), વ્યવહાર (વૃદ્ધોનો) વગેરેથી નિશ્ચિત થાય છે. આ નામનો અર્થ કરવામાં આ બધી જ વસ્તુઓનો ઉપયોગ જ્ઞાનવૃદ્ધોએ કર્યો છે. મુખ્ય માન્ય ગ્રંથ સત્સંગિજીવનની આખી ટીકા બીજા કોઈ અલ્પશ્રુતે નહિ પણ જે ભગવાન શ્રીહરિના સહચર હોઈને શ્રીજીમહારાજને પોતાના કાગળ પત્રો લખવા, શાસ્ત્રોનું સંશોધન કરવું વગેરે સમુચિત સેવામાં નિયોજેલા હતા. અને જેમની શ્રીમુખે પારાવાર પ્રશંસા કરી છે એવા બહુશ્રુત વિદ્વદ્વર્ય **સ.ગુ. શ્રી શુકાનંદ સ્વામી**એ કરેલી ટીકા **પ્રથમ પ્રમાણભૂત** છે. વળી પોતે કરેલી ટીકાની પ્રમાણતા માટે જ આમાં મનઃકલ્પિત અર્થ કોઈ કર્યો નથી. પરંતુ ગ્રંથકર્તા સ.ગુ. શ્રી શતાનંદ સ્વામીના મુખ થકી સમક્ષ જે અર્થ સાંભળ્યો હતો તે યથાર્થ રહે અને વિપરીત થઈ જાય નહિ એવી કાળજી રાખીને કર્યો છે. આવી પ્રમાણભૂત **હેતુ** નામની સાર્થક ટીકામાં **'સ્વામી'** અને **'નારાયણ'** નામનો અર્થ **અન્વર્થ** બહુ સ્થળે કર્યો છે. સ્વામિનારાયણ નામનો **સમાસ** સાથે સાર્થક **અર્થ** શ્રીમદ્ સત્સંગિજીવનના પ્રકરણ બીજામાં અધ્યાય ૨૪ના શ્લોક ૪૬ની ટીકામાં નીચે પ્રમાણે કર્યો છે.

'स्वामी सकलैश्वर्यसम्पन्नः स चासौ नारायणश्च इति स्वामिनारायणः।' (સ.ગુ. શ્રી શુકાનંદ સ્વામી કૃત શ્રીમદ્ સત્સંગિજીવન હેતુટીકા : ૨/૨૪/૪૬) આવો **કર્મધારય** સમાસથી શબ્દ સિદ્ધ થાય છે. જેનો અર્થ **'સ્વામી એવા નારાયણ'** એવો થાય છે.

પ.પૂ ધ.ધુ. આચાર્ય શ્રી **વિહારીલાલજી મહારાજશ્રી** 'શ્રી સત્સંગિજીવન'ની 'ભાવબોધિનીટીકા'માં સ્વામિનારાયણ શબ્દનો **અર્થ** કરતા કહે છે :

'त्वमसि सर्वेषां निरुपाधिकः स्वामी नारायणः' (ભાવબોધિની વ્યાખ્યા : ૨/૨૮/૧૬) આવો **કર્મધારય** સમાસ શબ્દ સિદ્ધ થાય છે. જેનો અર્થ **'સ્વામી એવા નારાયણ'** એવો થાય છે.

આદિઆચાર્ય શ્રી રઘુવીરજી મહારાજશ્રીએ 'જનમંગલ સ્તોત્ર'ની વ્યાખ્યામાં ભગવાન શ્રીહરિની રુચિ અનુસાર 'સ્વામિનારાયણ' મહામંત્રમાં **કર્મધારય સમાસ** જ કર્યો છે. જોઈએ તેઓશ્રીના જ શબ્દો :-

- **'स्वमैश्वर्यमस्तीति स्वामी नरस्य नराकृतेः धर्मस्य अपत्यं पुमान् नारायणः स चासौ स च । मनुष्यपुत्रतया प्रसिद्धोपि सकलैश्वर्यसंपन्नः एवेत्यर्थः ।'**

(આદિઆચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ કૃત જનમંગલ સ્તોત્ર શ્લો. ૧૨ 'ભાવાર્થપ્રકાશિકા' વ્યાખ્યા)

- **'स्वामिशब्दः पतिपर्यायः । स्वाश्रितसकलजनानां कालमायायमादिभ्यो रक्षणसमर्थत्वात् पतिरित्यर्थः । नारं नरसमूहम् अयते तत् शरणागतत्वेन प्राप्नोतीति नारायणः स चासौ स च । स्वयं रक्षणसमर्थत्वात् बहून् शरणागतान् प्राप्नुवन्नित्यर्थः ।'**

(આદિઆચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ કૃત જનમંગલ સ્તોત્ર શ્લો. ૧૨ 'ભાવાર્થ પ્રકાશિકા' વ્યાખ્યા)

આદિઆચાર્ય શ્રી રઘુવીરજી મહારાજશ્રીએ 'સર્વમંગલ સ્તોત્ર'ની વ્યાખ્યામાં ભગવાન શ્રીહરિની રુચિ અનુસાર 'સ્વામિનારાયણ' મહામંત્રમાં **કર્મધારય સમાસ** જ કર્યો છે. જોઈએ તેઓશ્રીના જ શબ્દો :-

- **'स्वमैश्वर्यं विद्यते यस्यासौ स्वामी । सर्वेषां जीवानामीश्वराणां च नियन्तृत्वं सकलकर्मफलदातृत्वादि चैश्वर्यं तद्वान् । स चासौ नारायणश्च । नराणां समूहो नारं तदयनं निवासस्थानं यस्य स नारायणः । अन्तर्यामीत्यर्थः ।'**

(આદિઆચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ કૃત સર્વમંગલ સ્તોત્ર શ્લો. ૬ 'ભાવપ્રબોધિની' વ્યાખ્યા)

આચાર્ય શ્રી ભગવત્પ્રસાદજી મહારાજે 'શ્રીહરિલીલાકલ્પતરુ'ની રસબોધિની નામની વ્યાખ્યામાં ભગવાન શ્રીહરિની રુચિ અનુસાર 'સ્વામિનારાયણ' શબ્દમાં કર્મધારય સમાસ જ કર્યો છે.

- **'स्वामी च स एव नारायणश्चेति स्वामिनारायणः ।'** (સ્કંધ - ૪, અ. - ૨૦, શ્લો. ૨૫)
- **'स्वामी पतिश्चासौ नरस्य धृतमनुष्याकृतेः धर्मस्यापत्यं च तत्संबुद्धिः ।'** (સ્કંધ - ૪, અ. - ૫૦, શ્લો. ૧)
- **'श्रीस्वामिनारायणापरपर्यायश्रीहरिकृष्णभगवत इत्यर्थः ।'** (સ્કંધ - ૩, અ. - ૪, શ્લો. ૩૬)

સ.ગુ. બ્રહ્મ. શ્રી અચિંત્યાનંદ સ્વામી વિરચિત 'શ્રીહરિસંભવમહાકાવ્ય'ના સર્ગ - ૨, શ્લોક - ૮માં આવેલ 'સ્વામિનારાયણ' શબ્દનો સમાસ **શ્રી ભોળાનાથ ભટ્ટ** વિદ્વજ્જનાહ્લાદિની ટીકામાં આ રીતે **કર્મધારય સમાસ** કરે છે, જેમ કે :- **'स्वामी क्षराक्षराणामाधिपतिः स चासौ नारायणश्चेति स्वामिनारायणः ।'**

જનમંગલ સ્તોત્રના દેવતા ધર્મના દીકરા એવા ભગવાન શ્રીહરિ છે, એમ શતાનંદ સ્વામી સ્વયં જનમંગલ સ્તોત્ર અને સર્વમંગલ સ્તોત્રમાં કહે છે. માટે સ્વામિનારાયણ શબ્દ એકમાત્ર ભક્તિધર્મના દીકરા એવા સહજાનંદ સ્વામી માટે જ વપરાયેલો છે. અર્થાત્ **કર્મધારય સમાસ** છે.

સ.ગુ. શ્રી અદ્‌ભુતાનંદ સ્વામીના શિષ્ય વિદ્વાન સ.ગુ. શ્રી ઘનશ્યામચરણદાસજી સ્વામીએ 'આધ્યાત્મિક તત્ત્વાખ્યાનમ્'નામના ગ્રંથમાં 'સ્વામિનારાયણ' શબ્દમાં કર્મધારય સમાસ થાય છે તે વાતને અનુષ્ટુપ્‌છંદમાં આવરી લીધી છે. જેમ કે :- 'कर्मधारयवृत्त्यायं स्वामिनारायणेति वै । मन्त्रः सर्वान्तरात्मानं सर्वाधारं पतिं तथा ।।'[૩] (૨૨/૭૪)

શાસ્ત્રમાં પોતાના મનનો ધાર્યો સમાસ થતો નથી. પણ ગ્રંથકારના ઉદ્દેશ અનુસાર જ સમાસ થાય છે. **'સ્વામિ' શબ્દાર્થ અને 'નારાયણ' શબ્દાર્થ ભિન્ન ભિન્ન વ્યક્તિમાં** નહિ પણ એક જ વ્યક્તિમાં બંને શબ્દો ઘટાડવાના હોય છે. ત્યાં **કર્મધારય સમાસ** કરવામાં આવે છે.

અને સ.ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામીના **'ગીતાભાષ્ય'**ના મંગલાચરણ શ્લોકમાં આવેલ 'સ્વામિનારાયણ' શબ્દનું વિવેચન કરતા **શુકાનંદ સ્વામી** આ પ્રમાણે કહે છે :-

'सर्वस्वामित्वं नारायण एव सुप्रसिद्धं श्रुतिषु ।' અર્થાત્ સર્વનું સ્વામીપણું, એક નારાયણમાં જ છે એ શ્રુતિઓમાં સુપ્રસિદ્ધ છે. આવી રીતે શુકાનંદ સ્વામીએ પણ **'સ્વામિ' શબ્દાર્થ અને 'નારાયણ' શબ્દાર્થ ભિન્ન ભિન્ન વ્યક્તિમાં** નહિ પણ એક જ વ્યક્તિમાં બંને શબ્દો પ્રયોજ્યા છે. અને આ વાત શ્રુતિઓમાં પણ પ્રસિદ્ધ છે. એમ શુકાનંદ સ્વામીએ પણ સ્પષ્ટ કહ્યું છે.

વૈરાગ્યમૂર્તિ સ.ગુ. શ્રી **નિષ્કુળાનંદ સ્વામી**એ પણ ગાયું છે :-

'વર નર તો એક નારાયણ છે, બીજા સર્વે છે સખીને સ્વરૂપ રે; વર નિષ્કુળાનંદનો નાથ છે રે, રાખો હેત પ્રીત સ્વામીને સંગ રે.'

(નિષ્કુળાનંદ કાવ્ય : વૃત્તિવિવાહ પદ - ૨૦/૮)

આ પંક્તિમાં સ્વામી અને નારાયણનો **સરળ અર્થ** કરી દીધો છે.

સ.ગુ. શ્રી **મુક્તાનંદ સ્વામી** પોતાના **કીર્તનપદ**માં કહે છે :-

'છાંડીકે શ્રી ઘનશ્યામ, ઓરકો જો જપું નામ; કર લે કટારી મેરી, જીભા કાટી ડારીયો....'

(કીર્તનામૃત : પેજ નં. ૨૮, પ્રકાશક : શ્રી સ્વા. મંદિર - સરધાર, ઈ.સ. ૨૦૧૦)

ઉપરોક્ત પંક્તિમાં સ.ગુ. શ્રી મુક્તાનંદ સ્વામી એક જ ઈષ્ટદેવના ભજન ઉપર ભાર મૂકે છે.

પ્રેમસખી સ.ગુ. શ્રી પ્રેમાનંદ સ્વામીએ પણ ગાયું છે :-

'હમતો એક સહજાનંદ સહજાનંદ ગાવે, હમારે મન સ્વામિનારાયણ દુસરો ન ભાવે;'

(કીર્તનામૃત : પેજ નં.૩૭, પ્રકાશક : શ્રી સ્વા. મંદિર - સરધાર, ઈ.સ. ૨૦૧૦)

પ્રેમાનંદ સ્વામીએ પણ **'સ્વામિ' શબ્દાર્થ અને 'નારાયણ' શબ્દાર્થ ભિન્ન ભિન્ન વ્યક્તિમાં** નહિ પણ એક જ વ્યક્તિમાં બંને શબ્દો પ્રયોજ્યા છે. અને જો સ્વામીએ સહિત નારાયણ એવો અર્થ હોત તો પ્રેમાનંદ સ્વામીએ ગાયું હોત : 'હમારે મન સ્વામિનારાયણ **તિસરો** ન ભાવે...', પરંતુ આવું તો ગાયું નથી.

(૩.) વિશેષ જાણવા માટે જુઓ પેજ નં. ૫૩ ઉપર

'આજ એ નામનો છે અમલ રે, તે ન વીસરવું એક પલ રે; લેતા નામ નારાયણ સ્વામી રે, જાણો તે બેઠા ધામને પામી રે.'

(પુરુષોત્તમ પ્રકાશ : ૪૭/૧૨)

'સર્વે ધામના જે કોઈ ધામી રે, તે તો અમે નારાયણ સ્વામી રે; વાત આજની છે અતિ મોટી રે, જેથી જીવ તર્યા કોટિ કોટિ રે.'

(પુરુષોત્તમ પ્રકાશ : ૪૪)

સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામી પણ સ્પષ્ટ **'સ્વામિનારાયણ'** આ નામ **એક જ વ્યક્તિ**ને સંબોધીને કહી રહ્યા છે. અને **સ્વામી** શબ્દનો **વિશેષણ** તરીકે જ પ્રયોગ કર્યો છે.

'તે સૌ નારાયણનો હું સ્વામી, સહુ રહ્યા મને કરભામી; માટે સ્વામિનારાયણ જેહ, નામ મારું છે કહું છું તેહ.'

(પુરુષોત્તમલીલામૃત સુખસાગર : તરંગ-૧૩)

'પુરુષોત્તમલીલામૃત સુખસાગર' ગ્રંથમાં 'સ્વામી અને નારાયણ' એ બંને શબ્દો એકજ વ્યક્તિ માટે પ્રયોજેલા છે. અહિં **સ્વામી** શબ્દ **વિશેષણ** છે અને **નારાયણ** શબ્દ **વિશેષ્ય** છે. અર્થાત્ 'स्वामी चासौ नारायणश्च इति स्वामिनारायणः' આવો કર્મધારય સમાસથી શબ્દ સિદ્ધ થાય છે. જેનો અર્થ 'સ્વામી એવા જે નારાયણ' થાય છે.

ભગવદ્ ગીતાના આઠમાં અધ્યાયના ૨૧માં શ્લોકમાં તથા પંદરમાં અધ્યાયના ૧૬ થી ૧૮માં શ્લોકોમાં સ.ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામીએ **'ગીતાભાષ્ય'**માં 'અક્ષર'ની **વ્યાખ્યા** કરતા કહ્યું નથી કે, આ 'અક્ષર' એ ગુણાતીતાનંદ સ્વામી છે. અને ગીતાભાષ્યની ટીકામાં પણ શુકાનંદ સ્વામી દ્વારા 'અક્ષર' એ 'ગુણાતીતાનંદ સ્વામી' છે એવી અણસાર પણ મળતી નથી.

આમ, 'સ્વામિનારાયણ' મહામંત્રમાં 'સ્વામીએ સહિત નારાયણ' આવો મરજી મુજબનો અર્થ તારવી 'અક્ષર-પુરુષોત્તમ'ની ભેળસેળથી એકતાવાળું કૃત્રિમ તત્ત્વજ્ઞાન ઉપજાવી કાઢવું તે એકદમ અયોગ્ય છે. તે પૂર્વના વડીલ નંદસંતો અને ધર્મપુરુષોએ દર્શાવેલા રહસ્ય પ્રમાણે નથી.

સ.ગુ. શ્રી ગુણાતીતાનંદ સ્વામીની વાતો....

- સર્વ બ્રહ્માંડોમાં અનંત કોટાન કોટિ ભગવાનની મૂર્તિઓ છે; એ સર્વના કારણ **સ્વામિનારાયણ** ભગવાન છે એમ સમજવું.
  (શ્રી ગુણાતીતાનંદ સ્વામીની વાતો : ૩/૧૨૪)
- આ તો સર્વોપરિ રામકૃષ્ણાદિક **અવતારના અવતારી** તે **હરિપ્રસાદ** નામે વિપ્રને ઘેર પ્રગટ થયા છે.
  (શ્રી ગુણાતીતાનંદ સ્વામીની વાતો : ૪/૨)
- આ શ્રીજી મહારાજ તો સર્વ **અવતારના અવતારી** ને **અક્ષરધામના પતિ** છે.
  (શ્રી ગુણાતીતાનંદ સ્વામીની વાતો : ૪/૩)
- અમે તો સર્વે **અવતારના અવતારી** ને **અક્ષરધામના પતિ** શ્રી પુરુષોત્તમ નારાયણ છીએ.
  (શ્રી ગુણાતીતાનંદ સ્વામીની વાતો : ૪/૫)
- તમે તો સર્વ **અવતારના અવતારી** ને **અક્ષરધામના પતિ** પૂર્ણ પુરુષોત્તમ છો.
  (શ્રી ગુણાતીતાનંદ સ્વામીની વાતો : ૪/૯)
- આ તો અવતાર નહિ, આ તો સર્વે **અવતારના અવતારી** ને **અક્ષરધામના પતિ** છે, તે જ આજે કૃપા કરીને જીવના કલ્યાણ

કરવાને અર્થે પધાર્યા છે.

(શ્રી ગુણાતીતાનંદ સ્વામીની વાતો : ૪/૧૧)

● હે મહારાજ ! તમે તો અનંત કોટિ બ્રહ્માંડના આધાર જે અક્ષર તેના પતિ છો, ને સર્વ **અવતારના અવતારી** ને સર્વ કારણના કારણ સાક્ષાત પુરુષોત્તમ નારાયણ છો.

(શ્રી ગુણાતીતાનંદ સ્વામીની વાતો : ૪/૧૩)

● એવા અનંત અક્ષર મુક્તે સેવ્યા એવા જે પ્રગટ પુરુષોત્તમ તેની તમારે સાક્ષાત્ પ્રાપ્તિ છે. ને એવા જે પ્રગટ પુરુષોત્તમ **શ્રી સ્વામિનારાયણ** તે બીજા ધામમાં રહી જે મૂર્તિઓ તથા સર્વે અવતાર તેના કારણ છે. (શ્રી ગુણાતીતાનંદ સ્વામીની વાતો : ૪/૧૫)

● સર્વ થકી પર જે **અક્ષરધામ** તેના **પતિ** એવા જે આ પ્રત્યક્ષ પુરુષોત્તમ ભગવાન તેની તમો સર્વને સાક્ષાત્કાર પ્રાપ્તિ થઈ છે; ને તે પુરુષોત્તમનો તમારે દૃઢ આશરો થયો છે.

(શ્રી ગુણાતીતાનંદ સ્વામીની વાતો : ૪/૧૬)

● **સર્વ અવતારના અવતારી** ને **અક્ષરધામના પતિ** શ્રી પુરુષોત્તમ ભગવાન તે તમોને પ્રત્યક્ષ મળ્યા છે, માટે તે પુરુષોત્તમ ભગવાનની એકાંતિકી ભક્તિ નિરંતર કરવી.

(શ્રી ગુણાતીતાનંદ સ્વામીની વાતો : ૪/૨૩)

● રામકૃષ્ણાદિક **સર્વ અવતારના અવતારી** એવા જે આ શ્રી સહજાનંદ પ્રગટ પુરુષોત્તમની મૂર્તિના ધ્યાનનો પ્રતાપ છે.

(શ્રી ગુણાતીતાનંદ સ્વામીની વાતો : ૪/૨૪)

● પુરુષોત્તમ તો અક્ષર થકી પર ને રામકૃષ્ણાદિક **સર્વ અવતારના અવતારી** ને સર્વ કારણના કારણ આ પ્રત્યક્ષ પ્રમાણ શ્રીજીમહારાજ છે..,. ...રામકૃષ્ણાદિક **સર્વ અવતારના અવતારી** પ્રત્યક્ષ હરિકૃષ્ણ અમે છીએ; એમાં કિંચિત માત્ર સંશય નથી.

(શ્રી ગુણાતીતાનંદ સ્વામીની વાતો : ૪/૨૬)

● રામકૃષ્ણાદિક **સર્વ અવતારના અવતારી** ને સર્વ કારણના કારણ પ્રગટ હરિકૃષ્ણ પુરુષોત્તમ ! તે અક્ષરધામ થકી જીવોનાં આત્યંતિક કલ્યાણ કરવાને અર્થે દયા કરીને પધાર્યા છે.

(શ્રી ગુણાતીતાનંદ સ્વામીની વાતો : ૪/૨૯)

● અક્ષરધામને વિષે સદા વિરાજમાન એવા હરિકૃષ્ણ પુરુષોત્તમ શ્રી સહજાનંદ સ્વામી છે..., ...અક્ષરાદિક સર્વે ઉપર દયા કરીને એમની સેવાને અંગીકાર કરે છે, ને પોતે તો સર્વ પ્રકારે નિર્દોષ છે ને પૂર્ણકામ છે; ને અનંત અક્ષરાદિક મુક્ત ને અનંત શક્તિઓ ને અનેક વિભૂતિઓ અને અનેક ઐશ્વર્ય ને એ સર્વેએ સેવ્યા થકા અનાદિ નિત્યસિદ્ધ, અનવધિકાતિશય ને નિરંકુશ દિવ્ય એવું ઐશ્વર્ય તેણે યુક્ત થકા ને શ્રી ધર્મદેવ ને ભક્તિમાતા થકી છે જન્મ જેમનો એવા જે **સ્વામિનારાયણ** તે જ **અક્ષરાતીત સર્વોપરી** પુરુષોત્તમ છે.

(શ્રી ગુણાતીતાનંદ સ્વામીની વાતો : ૪/૩૦)

● આ પ્રગટ પુરુષોત્તમ શ્રીજીમહારાજ સહજાનંદ સ્વામી તે સર્વે શ્રીકૃષ્ણાદિક જે અવતાર તેમના **અવતારી** ને સર્વેના કારણ ને સર્વેના નિયંતા છે; એમાં લેશ માત્ર ફેર નથી.

(શ્રી ગુણાતીતાનંદ સ્વામીની વાતો : ૫/૭)

● અને **સર્વે અવતારના કારણ** પુરુષોત્તમ સહજાનંદ સ્વામી છે, તેની ઉપાસનાએ કરીને તો ઠેઠ અક્ષરધામમાં જાય.

(શ્રી ગુણાતીતાનંદ સ્વામીની વાતો : ૫/૨૧)

● શ્રીજીમહારાજ સર્વ અવતારના **અવતારી** છે, તેને જ **સર્વોપરી ભગવાન** જાણવા.

(શ્રી ગુણાતીતાનંદ સ્વામીની વાતો : ૫/૨૨)

સ.ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામીની વાતો....

● એવા જે પ્રકટ પુરુષોત્તમ તેમની જેમ તમારે ઉપાસના થઈ છે તેમ જેને ઉપાસના થાય તે જ પુરુષોત્તમને પામે ને બીજો પુરુષ તો કોટી સાધન કરે તો પણ ન પામે એવી જે રહસ્યવાર્તા છે તે જ્ઞાનવાન્ એવા જે એકાંતિક સંત તેને પ્રસંગે, કરીને સમજાય છે. ને **અક્ષરાદિક સર્વ થકી પર** ને **અદ્વિતીય મૂર્તિ** એવા જે પ્રકટ પુરુષોત્તમ **'શ્રીસ્વામિનારાયણ'** તેમને એ રીતે **સર્વોપરી** જાણવા એ સર્વ સત્પુરુષ ને સર્વ સત્શાસ્ત્ર તેમનો પરમ રહસ્ય અભિપ્રાય છે.

(શ્રી ગોપાળાનંદ સ્વામીની વાતો, પુરુષોત્તમ નિરૂપણ : ૧૫૨)

● તમે પુરુષોત્તમ કહ્યા તે તો મહાપુરુષ છે ને પુરુષોત્તમ તો **અક્ષર થકી પર** પ્રત્યક્ષ પ્રમાણ આ શ્રીજીમહારાજ છે.

(શ્રી ગોપાળાનંદ સ્વામીની વાતો, પુરુષોત્તમ નિરૂપણ : ૧૬૨)

● એવા જે અક્ષરાતીત શ્રી સહજાનંદજી મહારાજ તે તો રામકૃષ્ણાદિક **સર્વ અવતારના અવતારી** છે.

(શ્રી ગોપાળાનંદ સ્વામીની વાતો, પુરુષોત્તમ નિરૂપણ : ૧૬૩)

● શ્રી સહજાનંદસ્વામી **સર્વે અવતારના અવતારી** સર્વોત્તમ પુરુષોત્તમ છે.

(શ્રી ગોપાળાનંદ સ્વામીની વાતો, પુરુષોત્તમ નિરૂપણ : ૧૬૪)

● **સર્વ અવતારના અવતારી** ને સર્વ કારણના કારણ પ્રકટ હરિકૃષ્ણ **પુરુષોત્તમ** છે એમ સર્વે મોટા સંતનો અને શ્રીજીમહારાજનો **સિદ્ધાંત** છે.

(શ્રી ગોપાળાનંદ સ્વામીની વાતો, પુરુષોત્તમ નિરૂપણ : ૧૬૫)

● આ અવતાર નહિ આતો **સર્વોપરી અવતારી** છે તે સર્વોપરી કલ્યાણ જીવનું કરે છે, ને આવા તો કોઈ થયા નથી ને થાશે પણ નહિ એવા તો એ એકજ છે ને હું પણ સર્વ ધામો પ્રત્યે જાઉં છું ત્યારે સર્વે તે ધામના વાસી એમજ કહે છે જે શ્રી સહજાનંદ હરિકૃષ્ણ તો **સર્વે અવતારના અવતારી** સર્વોપરી પૂર્ણપુરુષોત્તમ છે.

(શ્રી ગોપાળાનંદ સ્વામીની વાતો, પુરુષોત્તમ નિરૂપણ : ૧૬૬)

● આ અવતાર નહિ, આ તો રામકૃષ્ણાદિક **સર્વે અવતારના અવતારી** પ્રકટ પુરુષોત્તમ છે.

(શ્રી ગોપાળાનંદ સ્વામીની વાતો, પુરુષોત્તમ નિરૂપણ : ૧૬૭)

● એ તો રામકૃષ્ણાદિક **સર્વે અવતારના અવતારી** શ્રીસહજાનંદ પુરુષોત્તમ તેની મૂર્તિના ધ્યાનનો પ્રતાપ છે.

(શ્રી ગોપાળાનંદ સ્વામીની વાતો, પુરુષોત્તમ નિરૂપણ : ૧૬૮)

● આ તો સર્વોપરી રામકૃષ્ણાદિક અવતારના અવતારી છે તે **હરિપ્રસાદ** નામે વિપ્રને ઘેર પ્રકટ થયા છે..., ...એવા જે શ્રીસહજાનંદ પુરુષોત્તમ તે સર્વોપાસ્ય રાજાધિરાજ ને **સર્વે અવતારના અવતારી** છે.

(શ્રી ગોપાળાનંદ સ્વામીની વાતો, પુરુષોત્તમ નિરૂપણ : ૧૬૯)

● હે મહારાજ ! તમે તો **સર્વે અવતારના અવતારી** પુરુષોત્તમ છો. માટે તમે દેખો તેમાં શું કહેવું ? તમે તો દિવ્ય એવા જે ગુણ, વિભૂતિ, ઐશ્વર્ય, પાર્ષદ, ને શક્તિઓ તેણે યુક્ત એવા અનાદિ નિત્ય સિદ્ધ સર્વોત્કૃષ્ટ પરિપૂર્ણ ને અનવધિકાતિશય કલ્યાણકારી ગુણે યુક્ત થકા એકાંતિક ભક્તને સુખ દેવાને અર્થે કૃપા કરીને હરિપ્રસાદ (વિપ્ર) ને ઘેર પ્રગટ થયા છો.

(શ્રી ગોપાળાનંદ સ્વામીની વાતો, પુરુષોત્તમ નિરૂપણ : ૧૭૧)

● એવો અનંત અપાર જે અક્ષરધામનો પ્રકાશ તે સર્વે ભેળો કરીએ તો **સર્વે અવતારના અવતારી** જે શ્રીહરિકૃષ્ણ પૂર્ણપુરુષોત્તમના એક રોમના કોટીમા ભાગની પાશંગના બરોબર નથી આવતો એવા પુરુષોત્તમ છે. તે દિવ્ય, તેજ, ઐશ્વર્ય, પ્રતાપ, બળ, કીર્તિ, સ્વરાટ, સત્યસંકલ્પ એવા અનેક દિવ્યગુણે યુક્ત એ મૂર્તિ છે ને અનવધિકાતિશય અનેક નિરંકુશ દિવ્ય એવાં ઐશ્વર્ય તેણે યુક્ત થકા ને **શ્રીધર્મદેવ ને ભક્તિ થકી છે જન્મ જેમનો એવા જે 'શ્રી સ્વામિનારાયણ' તેજ અક્ષરાતીત સર્વોપરિ પુરુષોત્તમ ભગવાન છે.** તેમાંથી સર્વ અવતાર પ્રકટ થાય છે ને પાછા તેમને વિષે લીન થાય છે તે જેમ તારા ચંદ્રમાને વિષે લીન થાય છે અને જેમ ચંદ્રમા સૂર્યને વિષે લીન થાય છે તેમ લીનતા છે, પણ જેમ જળમાં જળ મળે છે ને અગ્નિમાં અગ્નિ મળે છે તેમ નથી. **અવતાર ને અવતારીમાં તો ઘણો ભેદ** છે એમ જાણવું. (શ્રી ગોપાળાનંદ સ્વામીની વાતો, પુરુષોત્તમ નિરૂપણ : ૧૭૨)

● અનંતકોટિ અક્ષરનું તેજ ભેળું કરીએ તે પુરુષોત્તમ નારાયણના એક રોમના કોટિમા ભાગમાં લીન થઈ જાય છે તે પુરુષોત્તમનારાયણ તે **ભક્તિધર્મના પુત્ર શ્રીહરિકૃષ્ણજી મહારાજ** આ પ્રગટ પ્રમાણ છે એમ જાણવું.

(શ્રી ગોપાળાનંદ સ્વામીની વાતો : ૨/૩૯)

● **અવતારી** એવા જે પૂર્ણ પુરુષોત્તમ **ભક્તિધર્મના પુત્ર શ્રી હરિકૃષ્ણજી મહારાજ** તેમની સેવામાં રહે ત્યારે સુખ થાય પણ તે વિના તો જેમ જેમ અધિક સંપત્તિને પામે છે તેમ તેમ અધિક દુઃખને પામે છે.

(શ્રી ગોપાળાનંદ સ્વામીની વાતો : ૩/૧૯)

[**નોંધ :-** ઉપરોક્ત સ.ગુ. શ્રી ગુણાતીતાનંદ સ્વામી અને સ.ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામીની **વાતોથી** એ **સિદ્ધ** થાય છે કે : (૧) સ્વામિનારાયણ, સહજાનંદ સ્વામી, હરિકૃષ્ણ મહારાજ, શ્રીજીમહારાજ, પુરુષોત્તમનારાયણ, પુરુષોત્તમભગવાન વગેરે આવા અનેક નામો અને અક્ષરધામના અધિપતિ, અવતારના અવતારી, ભક્તિ-ધર્મપુત્ર, સર્વોપરી, અદ્વિતીયમૂર્તિ, સર્વકારણના કારણ, અક્ષરાતીત, અક્ષરધામના પતિ, અનંતકોટિ બ્રહ્માંડના આધાર, સર્વના નિયંતા વગેરે આવા અનેક વિશેષણો **એકજ વ્યક્તિ** માટે પ્રયોજાયેલા છે, બે વ્યક્તિ માટે પ્રયોગ થયો હોય એવો **અણસાર** પણ નથી. (૨) સ.ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામી તથા સ.ગુ. શ્રી ગુણાતીતાનંદ સ્વામીએ પોતાના મનમાં **'સ્વામિનારાયણ' મહામંત્રનો અર્થ** 'સ્વામીએ સહિત નારાયણ' હોય એવી સ્વપ્નામાં પણ **કલ્પના** નહિ કરી હોય. પરંતુ જેમણે **શબ્દછલ** આચરી પોતાના સ્વાર્થની સિદ્ધિ જ કરવી છે એવા બુદ્ધિજીવી લોકો (વડતાલ અને અમદાવાદ ગાદીસ્થાન - મૂળ સંપ્રદાયથી વિમુખ સંસ્થાઓ) ના જ આ શબ્દ હોય શકે. (૩) 'શ્રી સ્વામિનારાયણ' મહામંત્રનો 'સ્વામીએ સહિત નારાયણ' એવો અર્થ કરીશું તો 'એવા જે સ્વામિનારાયણ તે જ **અક્ષરાતીત** સર્વોપરી પુરુષોત્તમ છે' આવો પ્રયોગ થઈ શકશે નહિ. કારણ કે સ્વામીએ સહિત એટલે કે અક્ષરે સહિત નારાયણ અક્ષરાતીત નથી. અક્ષર, અક્ષરથી અર્થાત્ અક્ષર સ્વયં - સ્વયંથી અતીત (૫૨) કઈ રીતે હોઈ શકે ? માટે 'સ્વામિનારાયણ' મહામંત્રમાં **'स्वामी चासौ नारायणश्च इति स्वामिनारायणः'** આવો

કર્મધારય સમાસ કરવાથી **એક વ્યક્તિપરક** બોધ થાય છે અર્થાત્ સ્વામી વિશેષણ છે અને નારાયણ વિશેષ્ય છે. હવે સ્વામીની વાતોનો બાધ આવશે નહિ. અને તે વાતનો અર્થ આ રીતે થશે : 'સ્વામિનારાયણ એવા જે સહજાનંદ સ્વામી તે જ અક્ષરાતીત સર્વોપરી પુરુષોત્તમ છે.']

'સ્વામિનારાયણ' મહામંત્રમાં **'स्वामिना युत इति स्वामियुतः'** - **'तृतीया तत्कृतार्थेन गुणवचनेन (अ. ।।२।१।३०।।)'** આ પાણિનિસૂત્રનો 'તૃતીયા'એ યોગવિભાગથી સમાસ થઈ **'स्वामियुतश्च नारायणश्च इति स्वामिनारायणः'** આવો **'समानाधिकरणाधिकारे शाकपार्थिवादीनामुपसंख्यानमुत्तरपदलोपश्च (वार्तिक १३३९ वर्णो वर्णेन ।।२।।१।६८।। भाष्य.)'** આ વાર્તિકથી મધ્યમપદલોપિ-તત્પુરુષ સમાસ થતાં શબ્દ સિદ્ધ થાય છે. જેનો **અર્થ** 'સ્વામીએ સહિત નારાયણ' એવો થાય છે. અને **ભાવાર્થ** પોતાના જીવાત્માને અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી સાથે એકતા કરી દાસભાવે ઉપાસ્ય નારાયણ પરબ્રહ્મ શ્રી સહજાનંદ સ્વામી છે તેવો થાય છે. આવો **વિરુદ્ધ અર્થ** મૂળ સંપ્રદાયથી વિમુખ-મનમુખી સંસ્થાવાળાઓ સમજાવે છે.

પરંતુ અહિં **પ્રશ્ન** એ થાય છે કે, સ્વામીએ સહિત નારાયણ આવો સ્પષ્ટ અર્થ છે અને એનો ભાવાર્થ પોતાના જીવાત્માને અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી સાથે એકતા કરી દાસભાવે ઉપાસ્ય નારાયણ પરબ્રહ્મ શ્રી સહજાનંદ સ્વામી છે. આવો કઈ રીતે થઈ શકે ? **'स्वामियुतश्चासौ नारायणश्च इति स्वामिनारायणः'** આ મધ્યમપદલોપિતત્પુરુષ સમાસમાં આ ભાવાર્થનો ગંધ પણ નથી. **'युतः'** શબ્દનો અર્થ શિક્ષાપત્રી ભાષ્યમાં સ.ગુ. શ્રી શતાનંદ સ્વામી **'સહવર્તમાન'** કરે છે અને તમે 'અમુક વ્યક્તિ સાથે એકતા કરી દાસભાવે ઉપાસ્ય નારાયણ' આવો શિક્ષાપત્રી ભાષ્યથી વિરુદ્ધ **ભાવાર્થ** કરો છો તે કેમ ચલાવી લેવાય ? 'શ્રી સ્વામિનારાયણ' મહામંત્રમાં ક્રિયાપદ, જીવાત્મા, દાસભાવ અને સેવા આ તમામ શબ્દોનો અહિં **ઉલ્લેખ** પણ નથી.

લક્ષણાથી પણ આ **ભાવાર્થ** કરી શકાશે નહિ. કારણ કે બે પદોમાં અથવા વાક્યમાં અન્વયની અયોગ્યતાથી **તાત્પર્યવિષયનો અભાવ** હોય ત્યાં જ **લક્ષણા** કરવામાં આવે છે. અહિં તો સમાસ થતાં **'સ્વામિનારાયણ'** એક જ પદ છે માટે **લક્ષણા** કોઈપણ પરિસ્થિતિમાં થશે નહિ અને શ્રીભાષ્યમાં **શ્રી રામાનુજાચાર્ય** કહે છે કે, દરેક શબ્દનો અર્થ **સીધી રીતે** થતો હોય તે જ **ખરો અર્થ** હોય છે. પરંતુ અપોહવાદિ (વિપરીત તર્કથી પદાર્થની અતદ્ વ્યાવૃત્તિ કહેનાર) દ્વારા થતો અર્થ ખરો અર્થ હોતો નથી, આમ છતાં કોઈ મારીમચોડીને 'સ્વામિનારાયણ' શબ્દમાં **લક્ષણા** કરવાનો **પ્રયાસ** કરે તોપણ 'સ્વામિનારાયણ' શબ્દનો **સ્વઅર્થમાં** એટલે કે પોતાના જ **મુખ્ય અર્થમાં** અન્વય થતો હોવાથી **લાક્ષણિક અર્થ** કોઈ કાળે સંભવિત નથી. આ વાત **'પરમલઘુમંજુષા'** ગ્રંથમાં[૪] કહી છે.

'अन्वयायोग्यत्वादिना तात्पर्यविषयत्वाभावे लक्षणा ।'

'यत्र वाक्ये यत्पदं येनोच्चारयित्रा यदर्थप्रतीतीच्छयोच्चारितं तत्र वाक्ये तत्पदं तदर्थे लाक्षणिकं नान्यत्र वाक्ये ।।'

વાક્યોમાં અન્વયની અયોગ્યતા આદિઓથી તાત્પર્ય વિષયતાના અભાવમાં લક્ષણા કરવામાં આવે છે. ઉચ્ચારણ કર્તાએ

(૪.) तात्पर्यानुपपत्तिप्रतिसंधानमेव तद्बीजम् । गङ्गायां घोषः.... घोषनिष्ठाधेयतानिरूपिताधारता गङ्गायां न संभवतीति तत्रान्वयानुपपत्तिं दृष्ट्वा लक्षणाऽऽश्रीयते । (પરમલઘુમંજૂષા-લક્ષણાનિરૂપણમ્)

(વક્તાએ) જે પદ જે વાક્યમાં જે અર્થની પ્રતીતિની ઈચ્છાથી ઉચ્ચારણ કર્યું હોય તે વાક્યમાં તે પદના અર્થમાં **લક્ષણા** થાય છે, અન્ય વાક્યોમાં નહી.

(પરમલઘુમંજુષા ટીકા : જ્યોત્સના)

અને હા..., મંત્રમાં પ્રત્યેક અક્ષરનો **ભાવાર્થ** શાસ્ત્રોમાં જોવા મળે છે. જેમ કે -

'कृषिर्निर्वाणवचनो नकारो मोक्षवाचकः । अकारो दातृवचनस्तेन कृष्ण इति स्मृतः ।।'

'કૃષ્ણ' શબ્દનો અર્થ કરતા બ્રહ્મવૈવર્તપુરાણના કૃષ્ણજન્મખંડમાં કહે છે - 'कृष्' નિર્વાણ(પરમપદ) વાચક છે. 'न' મોક્ષવાચક છે અને 'अ' દાતાવાચક છે. આથી મોક્ષરૂપી પરમપદ આપનારને **શ્રીકૃષ્ણ** કહેવાય છે.

(બ્રહ્મ.વૈ. પુરાણ : કૃષ્ણજન્મખંડ : અ.૧૩/શ્લો. ૬૨)

'ब्रह्मणो वाचकः कोऽयम् ऋकारोऽनन्तवाचकः ।। शिवस्य वाचक षश्च नकारो धर्मवाचकः ।।
अकारो विष्णुवचनः श्वेतद्वीपनिवासिनः ।। नरनारायणार्यस्य विसर्गो वाचकः स्मृतः ।।
सर्वेषां तेजसां राशिः सर्वमूर्तिस्वरूपकः ।'

યશોદામાતાને **'કૃષ્ણ'** શબ્દનો અર્થ સમજાવતાં ગર્ગાચાર્ય કહે છે - 'क्' બ્રહ્માનો વાચક છે 'ऋ' અનંત (શેષનાગ) અર્થ દર્શાવે છે. 'ष्' શિવજીનો બોધ કરાવે છે. 'न्' ધર્મદેવનો અર્થ સમજાવે છે. 'अ' વિષ્ણુને કહે છે. વિસર્ગ (:) નરનારાયણનો અર્થ કહે છે. આવી રીતે 'क्' + 'ऋ' + 'ष्' + 'न्' + 'अ' + : = 'कृष्णः' શબ્દ તમામ દેવતાઓ અને તેજોરાશિનો વાચક છે.

(બ્રહ્મ.વૈ. પુરાણ : કૃષ્ણજન્મખંડ, પૂર્વાર્ધ : અ.૧૩/૫૬-૫૮)

'रेफो हि कोटिजन्माघं कर्मभोगं शुभाशुभम् । आकारो गर्भवासं च मृत्युं च रोगमुत्सृजेत् ।।
धकार आयुषो हानिमाकारो भवबन्धनम् । श्रवणस्मरणोक्तिभ्यः प्रणश्यति न संशयः ।।'

'રાધા' શબ્દની વ્યુત્પત્તિમાં 'र्' કરોડો જન્મોના પાપ તથા શુભ-અશુભ ભોગથી છૂટકારો આપે છે. 'आ' ગર્ભવાસ, મૃત્યુ તથા રોગને દૂર કરે છે. 'ध्' આયુષ્યની હાનિને અને 'आ' જન્મમરણનો નાશ કરે છે. રાધા નામના શ્રવણ, સ્મરણ અને કીર્તનથી આવી રીતે તમામ દોષો નાશ પામે છે.

(બ્રહ્મ.વૈ. પુરાણ : કૃષ્ણજન્મખંડ, અ.૧૩/૧૦૫-૬)

સ્વયં ભગવાન શ્રીહરિએ ભક્તિમાતાને **'ભક્તિ'** શબ્દના પ્રત્યેક વર્ણનો અર્થ સમજાવતાં કહ્યું છે :-

'भजधातोस्तु सेवार्थः प्रेम क्तिन्प्रत्ययस्य च । स्नेहेन भगवत्सेवा भक्तिरित्युच्यते बुधैः ।।'

શ્રીહરિ કહે છે : ''હે માતા ! **ભજ** ધાતુનો 'સેવા કરવી' એવો અર્થ થાય છે. અને તેને લાગેલા **'ક્તિન્'** પ્રત્યયનો 'સ્નેહ' એવો અર્થ થાય છે. અર્થાત્ **સ્નેહપૂર્વક ભગવાનની સેવા કરવી** એને જ્ઞાની પુરુષોએ **ભક્તિનું સ્વરૂપ** કહ્યું છે.''

(શ્રી સત્સંગિજીવન : ૧/૩૬/૧)

સ. ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામીએ **'સહજાનંદ'** શબ્દના પ્રત્યેક વર્ણનો અર્થ સમજાવતાં કહ્યું છે :-

'સકાર કે'તા સર્વે દુઃખ વામે રે, હકાર કે'તા હરિધામ પામે રે ॥
જકાર કે'તાં જય જય જાણો રે, નકાર કે'તાં નિર્ભય પ્રમાણો રે ॥૧૮॥
દકાર કે'તાં દદામા દઈને રે, પામે ધામ સહજાનંદ કહીને રે ॥'

(પુરુષોત્તમ પ્રકાશ : ૨૩)

ઉપરોક્ત પ્રત્યેક વર્ણનો અર્થ વક્તાના મનનો ભાવાર્થ હોય છે. પરંતુ સાચો અર્થ તો પદ કે વાક્ય દ્વારા જ સ્પષ્ટ થાય છે. કારણ કે ભગવાનના નામો અન્વર્થ હોય છે.

એટલા માટે જ સ.ગુ. શ્રી શતાનંદ સ્વામીએ **'શિક્ષાપત્રી ભાષ્ય'** માં **'સહજાનંદસ્વામી'** નું અન્વર્થ **નામ** બતાવતાં કહ્યું છે :-

'सहजः स्वभावसिद्धो न त्वन्यवत् साधनजन्यः कृत्रिमो वा आनन्दो यस्येति सहजानन्दः ।' સહજાનંદ સ્વામી એ પ્રમાણે **સહજ** સ્વભાવસિદ્ધ છે, બીજાની માફક સાધનજન્ય નહી; તેમ કૃત્રિમ પણ નહી એવો છે સહજ **આનંદ** જેમનો તે **'સહજાનંદ.'** 'वह्वा सहन्ते ज्ञानबलेन द्वन्द्वानीति सहाः साधवः । जायन्त इति जाः जनाः, सहाश्च ते जाश्च सहजाः साधुजनास्तानान्दयतीति तथोक्तः ।' અથવા જ્ઞાનના બળ વડે સુખ-દુઃખ વગેરે જોડલાંઓને સહન કરે તે 'सह' કહેવાય. અને ઉત્પન્ન થાય તે 'ज' કહેવાય. 'सह' અને 'ज' તે 'सहज' કહેવાય. **સહજ** એટલે સાધુજનો તેમને **આનંદ** આપે તે **'સહજાનંદ'** કહેવાય. (શિક્ષાપત્રી ભાષ્ય : શ્લોક-૨)

એટલા માટે જ મહામુનિ **પતંજલિ** કહે છે :-

'नाम कृतं कुर्यात्र तद्धितमिति ।' - 'नाम कृत् પ્રત્યયવાળું રાખવું પણ તદ્ધિત પ્રત્યયવાળું ન કરવું.' અર્થાત્ હંમેશા અન્વર્થ નામ રાખવું. (પ્રકૃતિ, પ્રત્યય સંમિલિત યૌગિક રાખવું.)

'तद्धि प्रतिष्ठिततमं भवति ।' - કારણ કે તેવું જ નામ **પ્રતિષ્ઠિત** થાય છે. (વ્યાકરણ મહાભાષ્ય પસ્પશાહ્નિક)

'पदे न वर्णा विद्यन्ते वर्णेष्ववयवा न च । वाक्यात् पदानामत्यन्तं प्रविवेको न कश्चन ।।' - વાક્યપદીય ગ્રંથમાં ભર્તૃહરિ કહે છે કે, જેમ ક, ખ, ગ, આદિક વર્ણોમાં અવયવ હોતા નથી. એવી જ રીતે પદમાં વર્ણરૂપી અવયવો હોતા જ નથી. અને વાક્યમાં પણ પદનો વિભાગ નથી. અર્થાત્ પદ અને વાક્ય વસ્તુતઃ **અખંડ** છે. (વાક્યપદીયઃ બ્રહ્મકાંડ : ૭૩)

કહેવાનું **તાત્પર્ય** એ છે કે, શાસ્ત્રીય પ્રક્રિયા અથવા લોકના વ્યવહારના નિર્વાહ માટે અપોહવાદ (તર્ક અને તેના સમાધાનથી નિર્ણીત) દ્વારા અખંડપદમાં અવયવરૂપ વર્ણ વિભાગની કલ્પના કરવામાં આવે છે. પરંતુ વાસ્તવિક રૂપમાં તો પદ પૂર્વ-પર વર્ણક્રમ ભેદથી રહિત સ્વતઃ અખંડ છે.

માટે વ્યાકરણની દૃષ્ટિએ 'સ્વામિનારાયણ' આ પદમાં પ્રત્યેક વર્ણનો કોઈ જ અર્થ નથી. કારણ કે કોઈપણ અર્થનો બોધ પદના જ્ઞાન દ્વારા થાય છે. આ સિદ્ધાંત મૂળરૂપમાં 'चेनोच्चारितेन' આદિક મહાભાષ્યના પ્રદીપ અને ઉદ્યોતમાં સ્પષ્ટ છે.

ડૉ. **સુરેશ ત્રિપાઠી** કહે છે :-

'न हि किञ्चित् पदं नाम रूपेण नियतं क्वचित् । पदानां रूपमर्थो वा वाक्यार्थादेव जायते ।।' - કોઈપણ પદ, નામ અને રૂપ નિયત નથી હોતું. પદોના રૂપ અને અર્થ વાક્યાર્થથી જ જાણવામાં આવે છે. (સંસ્કૃત વ્યાકરણ દર્શન)

અને 'सकृदुच्चरितः शब्दः सकृदेवार्थं गमयति इति न्यायेन ।' એકવાર બોલેલો શબ્દ એકજ અર્થનો બોધ કરાવે છે.

'यावन्तोऽर्थास्तावन्तः शब्दाः प्रयोक्तव्याः (१।२।६४।। प्रौढमनोरमा-टीका संस्कृत बालप्रकाशिका)' - 'यावन्तन्तेऽर्थास्तावतां शब्दानां प्रयोगः (काशिका)'જેટલા અર્થોનો બોધ કરાવવો હોય તેટલા જ શબ્દનો પ્રયોગ કરવો જોઈએ. આ ન્યાયથી 'युतः' શબ્દનો અર્થ શિક્ષાપત્રી ભાષ્યમાં સ.ગુ. શ્રી શતાનંદ સ્વામી એ **'सहवर्तमान'** એવો સ્પષ્ટ કરેલો છે. પરંતુ તમારા સ્વાર્થને ખાતર શિક્ષાપત્રી ભાષ્યથી **વિરુદ્ધ અર્થ** કરવા તમે પ્રેરાયા છો. કારણ કે, તમારા ભાવાર્થને અનુસરતો 'युतः'શબ્દ તો છે નહિ, તો આ બાપ વગર દિકરો જન્મ્યો ક્યાંથી? (અર્થાત્ કારણ વિના કાર્ય કેમ સંભવે?)

'स्वामियुतश्चासौ नारायणश्च इति स्वामिनारायणः' આવો મધ્યમપદલોપિ-તત્પુરુષ સમાસ સ્વીકારવામાં તમે **દૃષ્ટાંત** શિક્ષાપત્રીનું આપો છો. જેમ કે -

'स राधया युतो ज्ञेयो राधाकृष्ण इति प्रभुः । रुक्मिण्या रमयोपेतो लक्ष्मीनारायणः स हि ॥१०९॥' - અને સમર્થ એવા જે શ્રીકૃષ્ણ તે જે તે રાધિકાજીએ યુક્ત હોય ત્યારે **'राधाकृष्ण'** એવે નામે જાણવા, અને રૂક્મિણીરૂપ જે લક્ષ્મી, તેમણે યુક્ત હોય ત્યારે **'लक्ष्मीनारायण'** એવે નામે જાણવા. (શિક્ષાપત્રી: ૧૦૯)

અહિં - 'राधया + युतः = इति राधायुतः राधायुतश्चासौ कृष्ण इति राधाकृष्णः' જેનો અર્થ થાય છે - 'રાધાએ સહિત કૃષ્ણ.' આવી રીતે સમાસ કરીને જેમ 'રાધાકૃષ્ણ' શબ્દ સિદ્ધ થાય છે. તેવી જ રીતે 'સ્વામિનારાયણ' શબ્દ સિદ્ધ થાય છે. જેનો અર્થ થાય છે - 'સ્વામીએ સહિત નારાયણ.'

પરંતુ જો તમે 'પોતાના જીવાત્માને અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી સાથે એકતા કરી દાસભાવે ઉપાસ્ય નારાયણ પરબ્રહ્મ શ્રી સહજાનંદ સ્વામી છે' એમ કહો છો; પણ જો આવો **ભાવાર્થ** કરશો તો દૃષ્ટાંત (ઉપમા) અને દાર્ષ્ટાંતિક (ઉપમેય)માં **સજાતિપણું** જોઈએ એ રહેશે નહિ. કારણ કે દૃષ્ટાંતમાં રાધાએ સહિત કૃષ્ણ આવા ભાવાર્થને લઈને મધ્યમપદલોપિ-તત્પુરુષ સમાસ થયો છે. અને તમે તો પોતાના જીવાત્માને અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી સાથે એકતા કરી દાસભાવે ઉપાસ્ય નારાયણ પરબ્રહ્મ શ્રી સહજાનંદ સ્વામી છે આવો ભાવાર્થ લઈને 'स्वामियुतश्चासौ नारायणश्च इति स्वामिनारायणः' આવો મધ્યમપદલોપિ-તત્પુરુષ સમાસ કરો છો, માટે દૃષ્ટાંત અને દાર્ષ્ટાંતિક (ઉપમા યોગ્ય)માં સમાનપણું નથી માટે **દૃષ્ટાંત** પ્રમાણરૂપ નથી.

બીજું સ્વામી સહિત નારાયણ એટલે સ્વામિનારાયણ અહિં થયેલ મધ્યમપદલોપિ-તત્પુરુષ સમાસથી પ્રામાણિકતા પૂરવાર કરવા 'स राधया युतः....' વગેરે શ્લોકો ટાંક્યા છે. પરંતુ તે શ્લોકોમાં દર્શાવેલ રાધા અને લક્ષ્મીનું ગ્રહણ પત્ની હોવાથી કર્યું છે. અને અર્જુન અને બલભદ્રનું ગ્રહણ પણ શ્રીકૃષ્ણના અંશરૂપે હોવાથી કર્યું છે. માટે તે શ્લોકો ઉત્તમ ભક્ત તરીકે અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીને 'સ્વામી' શબ્દથી ગ્રહણ કરવામાં પ્રમાણભૂત બનતા નથી.

શિક્ષાપત્રીના પહેલા શ્લોકના 'राधा' અને 'श्रीः' શબ્દની વ્યાખ્યા કરતા સ.ગુ. શ્રી શતાનંદ સ્વામી અર્થદીપિકા ટીકામાં કહે છે :- 'ब्रह्मवैवर्त पुराणस्थ श्रीकृष्णजन्मखण्डादौ श्रीवृन्दावने भगवत्कृतराधिकापरिणयनवर्णनं बाध्येत । श्री लक्ष्मीस्तु तद्रमणार्थमतिसान्निध्यस्थिता प्रगल्भैव । पतिमात्रविषयककेलिकलापकोविदा प्रगल्भा ।' - બ્રહ્મવૈવર્તપુરાણના શ્રીકૃષ્ણજન્મખંડમાં શ્રી વૃંદાવનમાં ભગવાને રાધા સાથે કરેલા લગ્નના વર્ણનનો બાધ આવે. શ્રી લક્ષ્મીજી તો પ્રભુ સાથે જ રમવા માટે અતિસમીપમાં રહેલા **પ્રગલ્ભા** જ છે. પતિની સાથે જ

રમવામાં નિપુણ તે પ્રગલ્ભા કહેલી છે.

રાધા, લક્ષ્મી બંને ભગવત્ સેવા પરાયણ હોવાથી ધીરાધીરાદિના ભેદો કહ્યા નથી. તેમનું માનાવસ્થામાં જ રસગ્રંથોમાં વર્ણન કરેલું છે. બંને નાયિકાનું રંજન કરવાથી ભગવાનનું દક્ષિણનાયકપણું જણાય છે. અનેક નાયિકાઓમાં સમાન પ્રેમ એ **દક્ષિણનાયક**નું **લક્ષણ** છે. એટલે જ તો શ્રી શતાનંદ સ્વામીએ અર્થદીપિકા ટીકામાં શ્લોક - ૧૧૧માં 'राधादयो भक्ताः' આ પંક્તિમાં આવેલ ભક્ત શબ્દની વ્યાખ્યા 'सेवकाः' કરે છે. પત્ની ને માટે સેવ્ય એ પોતાનો પતિ જ છે આ દૃષ્ટિએ પત્નીને **સેવક** કહેવામાં આવે છે. અંતે તો પત્ની પતિની **ભક્ત** જ હોય છે.

'एका गृह्यमाना खलु एकस्य पत्नी अपरस्य माता, अपरस्य सहोदरी अपरस्य दुहिता, अपरस्य भ्रातृजाया, इति एवं खलु परस्परं सम्बन्धो भवति' - એક જ સ્ત્રી **સીતા;** રામની દૃષ્ટિએ પત્ની છે, લવકુશની દૃષ્ટિએ માતા છે, ઉર્મિલાની દૃષ્ટિએ બહેન છે અને જનકરાજાની દૃષ્ટિએ દીકરી છે, લક્ષ્મણની દૃષ્ટિએ ભાભી છે. એવી જ રીતે પતિ એવા રામમાં અતિ સ્નેહની દૃષ્ટિથી સીતા ભક્ત પણ છે અને સંબંધની દૃષ્ટિથી આવો વ્યવહાર જગતમાં જોવામાં આવે છે અને દૃષ્ટિથી જ ભગવાન શ્રી સ્વામિનારાયણે રાધા, લક્ષ્મી અને અર્જુનને ભક્ત કહ્યા છે. અરે સ્વયં ભગવાન શ્રી સ્વામિનારાયણે પણ આ સંબંધની દૃષ્ટિએ શિક્ષાપત્રીમાં પ્રથમ શ્લોકમાં એક (સંપ્રદાયના સંસ્થાપક-ગુરુ અને સ્વયં ભગવાન હોવા છતાં) ભક્ત બનીને મંગલાચરણ કર્યું છે.

પત્ની માટે પતિ એ જ પરમેશ્વર હોય છે. તે શાસ્ત્રોમાં કહ્યું છે. જેમ કે -

- **'पतिर्हि देवता नार्याः ।'** - સ્ત્રીઓને પોતાનો પતિ જ દેવતા છે. (વાલ્મીકી રામાયણ: ૭/૪૮/૧૭)
- **'पतिर्हि देवो नारीणां ।'** (મહાભારત, અનુશાસનપર્વ: ૧૪૬/૫૫)
- **'पतिर्हि दैवतं स्त्रीणां पतिरेव परायणम् ।'** (મત્સ્યપુરાણ: ૨૧૦/૧૭)
- **'पतिर्बन्धुर्गतिर्भर्ता दैवतं ।'** (બ્રહ્મવૈવર્ત પુરાણ, કૃષ્ણજન્મખંડ ઉત્તરાર્ધ: ૫૭/૧૦)
- **'भर्ता नाथो ।'** (બૃહન્નારદીય પુરાણ, ઉત્તરભાગ: ૪/૪૦)
- **'भर्ता देवो ।'** (સ્કંદપુરાણ, કાશીખંડ: ૪/૪૮)
- **'भर्ता देवता देवतैः सह ।'** - સ્ત્રીઓને પોતાના પતિ જ પરમેશ્વર, પતિ જ દેવ છે. (પદ્મપુરાણ, કાશીખંડ: ૪/૪૮)
- **'पतिर्ब्रह्मा पतिर्विष्णुः पतिर्देवो महेश्वरः ।'** - સ્ત્રીઓએ પોતાના પતિને જ બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ્વર માનવા જોઈએ. (સ્કંદપુરાણ, વૈશાખ માહાત્મ્ય : ૨૬/૮૪)

આ બધા જ શાસ્ત્રોમાં પત્નીને પોતાના પતિ જ પરમેશ્વર કહ્યા છે. હવે જો પતિ પરમેશ્વર હોય તો પત્ની તો ભક્ત છે એ સહેજે સ્વીકારાય જાય છે. આ દૃષ્ટિએ ભગવાન શ્રી સ્વામિનારાયણે પણ રાધા, લક્ષ્મી આદિકને **ભક્ત** કહ્યા છે.

જેમ કે ગઢડા પ્રથમ પ્રકરણના ૬૩મા વચનામૃતમાં મહિમા સમજાવવાના સંદર્ભમાં બાઈ હરિભક્તોને ગોપી, દ્રૌપદી, કુંતાજી, લક્ષ્મી, રૂક્ષ્મણિ વગેરે **પરોક્ષના ભક્તો** સાથે સરખાવે છે.

સ્વયં **ભગવાન શ્રી સ્વામિનારાયણ** રાધિકાજીને શ્રીકૃષ્ણના **પત્નીરૂપે** સ્વીકારીને શિક્ષાપત્રીના **શ્લોક - ૬૩**માં લખે છે :-

संबंध જ પ્રસિદ્ધ છે. (યજુઃ સંહિતા : ૪-૪-૧૨)

'अस्येशाना जगतो विष्णुपत्नी' - (તે. સં. ૪-૪-૧૨)

'अनवधिकमहिमामहिषी' (વેદાંતસંગ્રહ)

'कृताभिषेका महिषी' (અમરકોષ : ૨-૬-૫)

'ह्रीश्च ते लक्ष्मीश्च पत्न्यौ' (તે.આર. ઉ. ૧૩-૪૧)

'अनन्या हि मया सीता' (રામા. યુ. ૧૧૮-૧૯)

'अनन्या राघवेणाहम्' (રામા. સુ. ૨૧-૧૫)

'हरिवल्लभाम्' (અષ્ટોત્તરશતનામસ્તોત્ર : શ્લોક-૩)

વેદોમાં તથા ઉપનિષદોમાં લક્ષ્મીને ભગવાનના **પત્ની** તેમજ **મહારાણી** કહ્યા છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણ ગઢડા મધ્ય પ્રકરણના ૨૨માં વચનામૃતમાં કહે છે : 'જેમ રાજા હોય અને તેની રાણી હોય તે જેટલામાં રાજાનું રાજ્ય છે તેટલામાં રાણીનું રાજ્ય કહેવાય અને જેવો રાજાનો હુકમ ચાલે તેવો જ રાણીનો પણ હુકમ ચાલે.'

'लोके वेदे वा क्वचिदपि पत्न्याः पतिं प्रति दासत्वाभावः । अत एव हि यदा यदा हि कौशल्या दासीवच्च सखीव च (रामा. अयो. १२-६८) इति दृष्टान्ततयोच्यते । अहं शिष्या च दासी च भक्ता च तव माधव (वाराहे) इति भूमिवचनमप्युपचारतो नेयम् ।'

(યામુનાચાર્યકૃત ચતુઃશ્લોકી ભાષ્ય : શ્લોક-૧)

લોકમાં અને વેદમાં પત્નીનો પતિ પ્રતિ દાસત્વભાવ અભાવ છે. એટલા માટે રામાયણમાં કૌશલ્યા દાસીની જેમ અને સખીની જેમ...એમ કહ્યું છે. અને વરાહપુરાણમાં પૃથ્વી ભગવાનને કહે છે કે, 'હે માધવ! હું તમારી શિષ્યા છું, દાસી છું, ભક્ત છું' આ પૃથ્વીનું વચન ઉપચારથી ગ્રહણ કરવું.

નર અને અર્જુન પણ ભગવાનના અંશ છે. શાસ્ત્રમાં કહ્યું છે જે -

'धर्मपुत्रौ हरेरंशौ नरनारायणाभिधौ । चन्द्रवंशमनुप्राप्य जातौ कृष्णार्जुनावुभौ ।।' - ભગવાનના અંશ ધર્મના પુત્ર નર અને નારાયણે ચંદ્રવંશમાં કૃષ્ણ અને અર્જુનરૂપે જન્મ લીધો. (ભાગવત ભક્તમનોરંજનીટીકા)

'ताविमौ वै भगवतो हरेरंशाविहागतौ । भारव्ययाय च भुवः कृष्णौ यदुकुरूद्वहौ ।।' - ભગવાનના અંશ એવા નર અને નારાયણે પૃથ્વીનો ભાર ઉતારવા અનુક્રમે યદુવંશમાં કૃષ્ણરૂપે નારાયણે અને કુરુવંશમાં અર્જુનરૂપે નરે અવતાર લીધો. (ભાગવત ભક્તમનોરંજનીટીકા)

'अर्जुने तु नरावेशः कृष्णो नारायणः स्वयम् । इति भारतोक्तेः ।।' - અર્જુનમાં નરનો આવિર્ભાવ છે એમ મહાભારતમાં કહ્યું છે. (શિક્ષાપત્રી ભાષ્ય : શ્લોક - ૧૧૦)

તમે સ્વયં 'સ્વામિનારાયણ' મહામંત્રમાં સ્વામીએ સહિત નારાયણ આવો અર્થ સ્વીકારો છો, પણ સ્પષ્ટ રીતે આવો અર્થ સ્વીકારવા જતા ચાર ચરણારવિંદની ઉપાસના થઈ જાય છે. જેમ કે - **રાધાકૃષ્ણ.** હવે આમાંથી બચવા માટે પોતાના જીવાત્માને

'नामसङ्कीर्तनं कार्यं तत्रोच्चै राधिकापतेः ।।' - મંદિરને વિષે **શ્રીરાધિકાજીના પતિ** એવા જે **શ્રીકૃષ્ણ ભગવાન** તેના નામનું ઉંચે સ્વરે કરીને **કીર્તન** કરવું.

ઉપરોક્ત શિક્ષાપત્રીના શ્લોકમાં ભગવાન શ્રી સ્વામિનારાયણ, સ્પષ્ટ શ્રીકૃષ્ણ ભગવાનને શ્રીરાધિકાજીના **પતિ** કહે છે. હવે જો, શ્રીકૃષ્ણ ભગવાન શ્રીરાધિકાજીના પતિ હોય તો શ્રીરાધિકાજીને શ્રીકૃષ્ણ ભગવાનના **પત્ની** તરીકે જ સ્વીકાર્યા છે એ **નિર્વિવાદ** છે. એમાં કોઈ જ શંકાને સ્થાન નથી.

આદિઆચાર્ય શ્રી **રઘુવીરજી મહારાજ** પણ શિક્ષાપત્રીના ભાષ્યમાં **શ્રીલક્ષ્મીજી**ને ભગવાનના પત્ની સ્વરૂપે આલેખન કરતા કહે છે :- 'चतुर्भुजश्च वैकुण्ठे महालक्ष्मीपतिः स्वयम् ।' - વૈકુંઠધામમાં ચારભુજાવાળા ભગવાન સ્વયં **મહાલક્ષ્મીના પતિ** છે. અર્થાત્ મહાલક્ષ્મીને ભગવાનના **પત્ની** તરીકે જ સ્વીકાર્યા છે. (શ્રી રઘુવીરજી મહારાજ વિરચિત શિક્ષાપત્રી ભાષ્ય : શ્લોક - ૧૧૨)

ભગવાન શ્રીહરિ વડોદરાના **વિદ્વાનો**ને કહે છે કે :- 'तदर्धाङ्गतया देवी पूज्या शक्तिश्च पार्वती ।' - પાર્વતી દેવી પણ તે શંકરના **અર્ધાંગના** હોવાથી તે શંકરની **શક્તિરૂપ** દેવી છે માટે તે અમારે સર્વથા પૂજ્ય છે. (શ્રીહરિદિગ્વિજય : ૪૫/૧૮૦)

'विष्णुः शिवो गणपतिः पार्वती च दिवाकरः ।।૮૪।।' - શિક્ષાપત્રીના આ શ્લોકમાં આવેલ **'પાર્વતી'** શબ્દની વ્યાખ્યા કરતા **શતાનંદ સ્વામી** શિક્ષાપત્રી ભાષ્યમાં કહે છે :

'पार्वती तु श्रीशङ्करार्द्धाङ्गमेवादिशक्तिरिति पूज्या ।' (પાર્વતી તે શંકરના અર્ધાંગના અને આદિ શક્તિ હોવાથી પૂજ્ય છે.) આમ શતાનંદ સ્વામી **સ્પષ્ટ** કહે છે કે, પાર્વતી દેવીની પૂજા શિવજીના ધર્મપત્ની હોવાથી અને આદિશક્તિ હોવાથી કરવામાં આવે છે.

'लक्ष्मीनारायणादीनां सेवा कार्या यथाविधि ।।૧૩૦।।' - શતાનંદ સ્વામી આ **શ્લોક**ની **વ્યાખ્યા** કરતા કહે છે : 'परिचारकबाहुल्येऽपि भगवत्सेवा स्वयमेव कर्तव्या । 'आदरः परिचर्यायां सर्वाङ्गैरभिवन्दनम् । गृहशुश्रूषणं मह्यं दासवद्यदमायया ।।' इति भगवता स्वभक्तधर्मोक्तेः । अत एव श्रीरुक्मिण्यादीनामपि तथाविधैव सेवोक्ता । 'दासीशता अपि विभोर्विदधुः स्वदास्यम्' इति ।।૧૩૦।।' - સેવા કરનારા ઘણા હોવા છતાં ભગવાનની સેવા **પોતે જ** કરવી. 'મારી સેવામાં આદર અને સર્વ અંગોથી મને નમસ્કાર અને દાસની માફક કપટ સિવાય મંદિરની સેવા.' એ પ્રમાણે ભગવાને પોતાના ભક્તોના ધર્મો કહ્યા છે. એથી જ શ્રી રૂક્મિણ્યાદિક ભગવાનની પત્નીઓની પણ તેવી જ **સેવા** વર્ણવી છે :- 'હે રાજન્ ! તે રાણીઓ પાસે સેંકડો દાસીઓ હોવા છતાં ભગવાનની સેવા જાતે જ કરતી હતી.'

'एते राधादयो भक्ताः' - આ શિક્ષાપત્રીના ૧૧૧ શ્લોકમાં ભાષ્ય લખતા કહે છે : 'राधां विना तिष्ठति नैव कृष्णः कृष्णं विना तिष्ठति नैव राधा । साधारणान्योन्यरसे निलग्नौ लग्नौ मदीये हृदि खेलतस्तौ ।।' - રાધા વિના કૃષ્ણ રહેતા નથી અને કૃષ્ણ વિના રાધા રહેતા નથી. અન્યોન્ય અસાધારણ પ્રીતિરસમાં ડૂબેલા અને મારા હૃદયમાં ખેલતા તે બંને જણ સાથે રહેલા છે. આ શ્લોકના ભાષ્યમાં પણ પતિ-પત્નીનો સંબંધ જ શતાનંદ સ્વામી બતાવી રહ્યા છે.

'विष्णुपत्नी' - યજુર્વેદની સંહિતામાં લક્ષ્મીને વિષ્ણુના પત્ની કહ્યા છે. અને લોકમાં પણ નારાયણ અને લક્ષ્મીનું પતિ પત્ની રૂપ

અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી સાથે એકતા કરી દાસભાવે ઉપાસ્ય નારાયણ પરબ્રહ્મ શ્રી સહજાનંદ સ્વામી છે આવો **કપોલ-કલ્પિત** ભાવાર્થ કરો છો, એ તો દર્પણની જેમ દેખાય આવે છે.

'स्वामियुतश्चासौ नारायणश्च इति स्वामिनारायणः' આવો મધ્યમપદલોપિ-તત્પુરુષ સમાસથી આવો શબ્દ **સિદ્ધ** થાય છે. જેનો અર્થ સ્વામીએ સહિત નારાયણ આવો **સ્પષ્ટ** થાય છે. પરંતુ તમે માનેલો ભાવાર્થ લેવા જશું તો 'સ્વામિનારાયણ' મહામંત્રના મંત્ર જેવો બીજો કોઈ મંત્ર આજ બળિયો નથી, એ મંત્રથી કાળાનાગનું ઝેર ન ચડે ને એ મંત્રથી વિષય ઉડી જાય છે ને બ્રહ્મરૂપ થવાય છે. (૧/૧૫૪) આ ગુણાતીતાનંદ સ્વામીની વાત સાથે 'इतरेतराश्रय' રૂપી દોષ આવશે. જે આગળ વિસ્તારથી બતાવવામાં આવ્યું છે અને સ્વામીએ સહિત નારાયણ આવો અર્થ લેવા જશું તો 'રાધાકૃષ્ણ'ની જેમ ચાર ચરણારવિંદની ઉપાસના થશે. અને ચાર ચરણારવિંદની ઉપાસના માનવામાં 'મુક્તને એક પુરુષોત્તમના બે ચરણારવિંદની ઉપાસના છે અને તે સાથે જ રમણ છે. ને બીજા ધામોને વિષે તો ચાર ચરણારવિંદની ઉપાસના છે.' આ ગુણાતીતાનંદ સ્વામીની ચોથા પ્રકરણની ૨ ઉમી વાત સાથે **વિરોધ** થશે.

સ્વામીએ સહિત નારાયણ અર્થાત્ અક્ષરબ્રહ્મની સાથે પરબ્રહ્મ - આમ માનીને **ઉપાસના** કરીશું તો ઉપાસના **ખંડિત** થશે.

- ઉપાસ્ય સ્વરૂપ ઈષ્ટદેવ સાથે અભેદપણે વર્તવાથી... (વચ. ગ. અં. પ્ર. ૨૬)

હવે જો અક્ષરબ્રહ્મની સાથે પરબ્રહ્મની ઉપાસના કરીશું તો પરમાત્મા સાથે અભેદપણું આવી જશે. કારણ કે ભગવાન શ્રીહરિએ કહ્યું છે કે, પોતાના આત્માને જ **અક્ષર** માનવો. આ રહ્યા તેઓના શબ્દો : ''અષ્ટાવરણે યુક્ત એવા જે કોટિ કોટિ બ્રહ્માંડ તે જે **અક્ષર**ને વિષે અણુની પેઠે જણાય છે એવું જે પુરુષોત્તમનારાયણનું ધામરૂપ અક્ષર તે રૂપે પોતે રહ્યો થકો પુરુષોત્તમની ઉપાસના કરે તેને ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચયવાળો કહીએ.'' (વચ. લો. પ્ર. ૧૨)

- ભગવાનનો મહિમા તો યથાર્થ સમજે ને પોતાના દેહથી વ્યતિરિક્ત જે પોતાનો આત્મા તેને **બ્રહ્મરૂપ** સમજે. (વચ. ગ. અં. પ્ર. ૨૬)

- પછી એમ માનવું જે મારો જીવાત્મા છે તે જ **અક્ષરબ્રહ્મ** છે. કેમજે અક્ષરમાં પણ પુરુષોત્તમ ભગવાન રહ્યા છે, તેના તે જ મારા જીવાત્માને વિષે રહ્યા છે. (શ્રી ગોપાળાનંદ સ્વામીની વાતો : ૨/૩૪)

- **અક્ષરબ્રહ્મ** તે રૂપ પોતાના આત્માને નથી માનતો તેને તો પ્રકટ પુરુષોત્તમનો યથાર્થ નિશ્ચય નથી.
(શ્રી ગોપાળાનંદ સ્વામીની વાતો, પુરુષોત્તમ નિરૂપણ : ૧૫૬)

- જો આત્માનો મનન દ્વારે સંગ કર્યા કરે, તો **અક્ષરરૂપ** થઈ જાય છે..., ...આત્માને અક્ષર રૂપ માને છે તે જ સત્સંગી છે.
(શ્રી ગુણાતીતાનંદ સ્વામીની વાતો : ૫/૨૩)

- હું **અક્ષર** છું અને પુરુષોત્તમ મારે વિષે બેઠા છે; એમ કરતા જાવું..., (શ્રી ગુણાતીતાનંદ સ્વામીની વાતો : ૫/૪૨)

શ્રીજીમહારાજના ઉપાસકે પોતાના આત્માને અક્ષરબ્રહ્મ માનવું અને એમ માનીને ઉપાસના કરવી એવો ભગવાન શ્રી સ્વામિનારાયણનો અને ગુણાતીતાનંદ સ્વામીનો **અભિપ્રાય** છે. ગોપાળાનંદ સ્વામીએ તો એટલે સુધી કહ્યું કે, જેમ અક્ષરમાં પુરુષોત્તમ છે તેના તે જ આપણા જીવાત્મામાં પુરુષોત્તમ રહ્યા છે. એટલે પોતાનો આત્મા અક્ષર જ છે એમ ભાર દઈને કહ્યું છે. પરંતુ વિમુખ બોચાસણ સંસ્થા આ વાતથી તદ્દન વિરુદ્ધમાં સમજાવે છે કે ભગવાન શ્રી સ્વામિનારાયણની ઉપાસનાના જો

અધિકારી થવું હોય તો મૂળ અક્ષર જ **ધ્યેય** હોવું જોઈએ. ટૂંકમાં મૂળ અક્ષરને મેળવ્યા વગર શ્રીજીમહારાજને મળાતું નથી. કોઈપણ મુમુક્ષુ **મૂળ અક્ષર** વગર બ્રહ્મરૂપ એની મેળે થઈ શકતો નથી. સ.ગુ. શ્રી ગુણાતીતાનંદ સ્વામી મૂળ અક્ષર છે, એમાં જોડાયા વગર પરબ્રહ્મ ભગવાન શ્રીહરિની પ્રાપ્તિ થઈ શકે નહિ.

આ મત અને અભિપ્રાય ભગવાન શ્રી સ્વામિનારાયણ માન્ય સદ્ગ્રંથોમાંથી નીકળતો નથી. આ અભિપ્રાય શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયથી તદ્દન **વિરુદ્ધ** છે. આવો **અભિપ્રાય** પ્રગટ કરવાનું મુખ્ય કારણ તો તેઓનું **ખોટી ગુરુપરંપરા**માં જોડવાનું છે. અને ભગવાન થઈને પૂજાવાનું છે. આ વાત વિમુખ બોચાસણ સંસ્થા દ્વારા થતાં સાહિત્ય પ્રકાશન અને માસિકો દ્વારા સ્પષ્ટ જણાઈ આવે છે.

સ્વયં ભગવાન શ્રી સ્વામિનારાયણ ગઢડા મધ્ય પ્રકરણના ૬૬માં વચનામૃતમાં કહે છે કે, ''શુકદેવજી બ્રહ્મસ્વરૂપ થયા હતા... અને શૌનકાદિ અઠ્ઠ્યાશી હજાર ઋષિ તે બ્રહ્મસ્વરૂપ છે.'' ગઢડા અંત્ય પ્રકરણના ઉજા વચનામૃતમાં ભગવાન શ્રી સ્વામિનારાયણ કહે છે કે ''અશ્વત્થામા બ્રહ્મસ્વરૂપ થયો હતો.'' અશ્વત્થામા તો અસુર હતો, તેમ છતાં તે બ્રહ્મસ્વરૂપ થઈ ગયો હતો તે અશ્વત્થામા કયાં ગુણાતીતાનંદ સ્વામીનો સમાગમ કરવા ગયો હતો ? માટે ભગવાન શ્રી સ્વામિનારાયણના સિદ્ધાંત પ્રમાણે બ્રહ્મરૂપ થવા માટે મૂળ અક્ષરના સંગની કોઈ આવશ્યકતા નથી. સ.ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામીએ પણ આ વાતને થોડી અલગ રીતે કહે છે કે, ''જો ઉપાસના હોય તો અક્ષરનો મહિમા અધિક સમજતો હોય તો તે ભક્ત અક્ષરમાં લીન થઈ જાય છે.'' માટે પોતાનું આત્યંતિક કલ્યાણ ઈચ્છતા મુમુક્ષુઓ માટે મૂળ અક્ષર મેળવ્યા વગર શ્રીજીમહારાજને મળાતું નથી, એ સિદ્ધાંત તદ્દન ખોટો છે.

મૂળ સંપ્રદાયથી વિમુખ બોચાસણ (અક્ષર-પુરુષોત્તમ) સંસ્થા તરફથી પ્રકાશિત **'સ્વામિનારાયણ પ્રકાશ'** નામના માસિકમાં પ્રકાશિત થયેલ, તેમના અંતરના અભિપ્રાય જેવો એક લેખ ખાસ નોંધવા જેવો છે. ઈ.સ. ૧૯૬૫ના જાન્યુઆરીના 'સ્વામિનારાયણ પ્રકાશ' (તંત્રી : ખેંગારજી કા. ચૌહાણ) અંકમાં પાન નં. ૭૭ ઉપર ગોંડલના **'અક્ષર મંદિર'**ના સાધુ નિર્મળદાસનો લેખ છપાયો છે તે મુજબ : 'સર્વોપરી સેવા પ્રકરણ'

''પ.પૂ. પ્ર. ગુરુરૂપ હરિ **સાક્ષાત નારાયણ** સ્વરૂપે યોગીજી મહારાજની **અલૌકિક લીલા**નું યત્કિંચિત દર્શન.''

''અહોહો ! આવા તો અનંત પ્રસંગો બની ગયા, બને છે અને નિર્વિવાદ બનશે... અહોહો ! પૂ. **પરબ્રહ્મ** સ્વા. યોગીજી મહારાજ હમણાં અનંત જીવ કોટિમાંથી આંખનું મટકું ભરીયે તેટલામાં જ સ્વસ્વરૂપનો પ્રૌઢ પ્રતાપ અવારનવાર અનેક સ્થળે અનેક ભક્તો સાથે વિચરી ઓળખાણવાળા ભક્તોને સ્વસંબંધી (પોતાના જેવા ગુણવાળા) બનાવી રહ્યા છે. એટલે બીજ અંકુર ન્યાય વડે પાત્રો પ્રાપ્ત થતાં આ **અદ્ભુત કરામત** આખી વિશ્વવ્યાપી બની સર્વોપરી ઉજ્જવલતાનો પ્રકાશ પાથરી અને કાળ, કર્મ, માયા, સ્વભાવ, અસત્ પુરુષોના બળનો નાશ થઈ જાય તેવા શુદ્ધ ચૈતન્ય સહજાનંદો, ગુણાતીતાનંદો, બ્રહ્માનંદો, નિત્યાનંદો, મુક્તાનંદો આ ગુણાતીત બાગમાં **પ્રગટના સંબંધે** ખીલી જાય અને તેણે કરીને અમો સૌ વાસીત થઈ અક્ષરધામનું અચળ અખંડ સુખ અનુભવીએ, તેવી **પ્રગટ ગુરુ રૂપ** હરિ શ્રી યોગીજી મહારાજને નમ્ર પ્રાર્થના છે.''

ઉપરના આ ફકરાથી સ્પષ્ટ થાય છે કે **કેવા પ્રકારની ઉપાસના** અક્ષર-પુરુષોત્તમ સંસ્થા ફેલાવી રહી છે. જીવ કોટિમાંથી યોગી

સ્વામીની કરામતે **અનેક સહજાનંદો** અને અનેક ગુણાતીતાનંદો વગેરે થાય તેવી માન્યતા...!!!

વળી, બોચાસણપંથી તરફથી પુરાણી ગોપીનાથજી દ્વારા લખાયેલ **'સિદ્ધાંતસાર'** પુસ્તકમાં શાસ્ત્રી યજ્ઞપુરુષદાસજીને પૂર્ણ પુરુષોત્તમ શ્રીહરિ સ્વરૂપે જ વર્ણવ્યા છે. તેમાં **૩૪૪માં પાને** લખે છે :-

''જ્યારે વડતાલથી સ્વામીજી અક્ષર-પુરુષોત્તમના શુદ્ધ સર્વોપરી સંપ્રદાયનું સ્થાપન કરવા નીકળ્યા ત્યારે હરિકૃષ્ણ મહારાજ તથા લક્ષ્મીનારાયણ એ ત્રણેય જણ સ્વામીની (યજ્ઞપુરુષદાસની) સેવામાં હાજર રહેતા તેથી પરચા ને ઐશ્વર્યનો તો પાર જ ન હતો.''

વિમુખ બોચાસણ સંસ્થા તરફથી પુરાણી ગોપીનાથજી દ્વારા લખાયેલ 'સિદ્ધાંતસાર' પુસ્તકમાં શાસ્ત્રી યજ્ઞપુરુષદાસને જ **પૂર્ણ પુરુષોત્તમ** ભગવાન બનાવ્યા છે. જેમાં પાના નં. ૮ ઉપર **બે બોલ**માં લખે છે :- ''પ્રત્યક્ષ પુરુષોત્તમ સ્વામી શ્રી યજ્ઞપુરુષદાસજીએ બાકી રહેલું કામ પુરું કર્યું. **પાના નં. ૨૯ ઉપર :** ભક્ત વત્સલ ભગવાન **પુરુષોત્તમ નારાયણ** આ લોકમાં અન્ય સ્વરૂપ ધારીને ગુર્જર દેશે **મહેળાવ** ગામે કૃષિકુળમાં ધોરીભાઈના ભુવનમાં હેતબા થકી **પ્રાદુર્ભાવ** થતા હતા. **પાના નં. ૧૦૭ ઉપર :** આવી રીતે છ હેતુ માટે પુરુષોત્તમ નારાયણને અક્ષરધામ ને મુક્તો સાથે મહારાજ પોતે આલોકમાં સત્સંગના મધ્યમાં જન્મ ધારણ કરીને **વર્ણવિધ** ધારણ કરી સાધુ થઈ **યજ્ઞપુરુષ** નામ ધારણ કર્યું. તેમાં જે જે યજ્ઞપુરુષના જે તે ભાવે સંબંધમાં આવ્યા તેનું કામ થઈ ગયું ને જે મર્યાદામાં ને તંતીમાં રહ્યા તે આ વખતે પણ રહી ગયા. **પાના નં. ૨૫૭ ઉપર :** ત્યારે કોઈએ કહ્યું જે હે સ્વામી તમો જમીન લેવા માટે તો પ્રયાસ કરો છો પણ ગઢડામાં જમીન મળતી નથી ને રાજાએ પણ આપણને આપવા માટે બંધી કરી છે તો આપણને ક્યાંથી મળશે. ત્યારે પ્રગટ પુરુષોત્તમ નારાયણ કહે જે 'જો રાજા જમીન નહિ આપે તો છેવટે અમો **અન્યથાકર્તુ** શક્તિ વાપરીને જમીન લઈને મંદિર કરશું ને જો વધારે આડા આવશે તો તેની પાસે જ કરાવીશું અત્યારે અમારુ ધાર્યું થાય છે. તે કોણ ના પાડી શકે તેમ છે.' ત્યારે સમય સૂચક બુદ્ધિવાળા મગનભાઈ (આફ્રિકાવાળા) એ માગણી કરી જે 'હે સ્વામી આ મંદિરની સેવા અમોને આપજો એટલે સાક્ષાત્ પરમાત્મા **પરબ્રહ્મ** સ્વામીશ્રીએ રાજી થઈ તેમને માથે હાથ મૂક્યા અને કહ્યું જાવ તમારો પહેલા નંબરનો ભાગ રાખશું.' પછી **પ્રગટ પુરુષોત્તમ**ને ધોતીયા ઓઢાડ્યાં.''

❖ ❖ ❖ ❖ ❖

સ.ગુ. શ્રી આધારાનંદ સ્વામી 'શ્રીહરિચરિત્રામૃતસાગર' ગ્રંથમાં જે ખોટા ભગવાન થઈને પૂજાય છે તે કેટલા **પાપિષ્ઠ** છે તે જણાવતાં કહે છે :-

'પ્રભુ બિન હોવત જાહિ, અતિ પાપી હમ માનત તાહિ ।
અનંત બ્રહ્માંડમેં પાપ હે જેતે, નિત્ય કરત હે પાપી તેતે ।
તાકે શિર લગત સો પાપા, પ્રભુ બિન પ્રભુ કહત જો આપા ।'

અને ભગવાન શ્રીહરિ વિના બીજો અક્ષરપર્યંત કોઈ ભગવાન નથી અને એ પ્રભુ જેવા તો પ્રભુ એક જ છે. તે પ્રભુના દાસ થઈને અનંત ભક્તો ભક્તિ કરે છે અને પ્રભુ વિના જે પ્રભુ થાય છે તે તો **પંચ મહાપાપી** છે. અને પ્રભુ વિના જે જે પોતાને પ્રભુ કહે છે તેને

અનંત બ્રહ્માંડમાં જે પાપી લોકો જેટલું પાપ કરે છે તે સર્વે ખોટા પ્રભુ થઈને જે બેઠા છે તેના શિર ઉપર **નિત્ય** લાગે છે.

(શ્રીહરિચરિત્રામૃતસાગર : ૯/૩૨)

❖ ❖ ❖ ❖ ❖

'બ્રહ્માંડમે પાપ હોત જીતના, કહત મે ભગવાન હું તિતના । પાપ લગત હૈ સબ હી તાઈ, આપકે ધ્યાન કરાત જાઈ ॥૯॥'

ભગવાનના જે જે અવતાર થાય છે તે ક્યારેય અમે ભગવાન છીએ એમ કહેતા નથી, પણ તેમનો પ્રતાપ વાત ઉપરથી દેખાય છે. હું ભગવાન છું એમ જે દંભથી કહે છે તેને બ્રહ્માંડનું (સમગ્ર) પાપ લાગે છે. (શ્રીહરિચરિત્રામૃતસાગર : ૧૭/૮૩)

❖ ❖ ❖ ❖ ❖

'તોઉ દાસ કે દાસ રહાતે, ઐસે સંત સો અધિક કહાતે । સંત હોઈ ભગવાન તિનસે, અધિક માને જે તેઉ ઈનસે ।
ચંડાલ સે અધિક કહી ચંડાલા, દેખત ચહ તાકું તત્કાલા । ભગવાન સે અધિક કહત તાકું, જીતનો પાપ કહાવત વાકું ।'

ભગવાન શ્રીહરિ વિના જે જે પોતાને અધિક કહે છે, તેથી કાંઈ અધિક થઈ જવાતું નથી. અને ભગવાનના જે ગુણ તે એકાંતિક સંતમાં આવે છે તોપણ **દાસના દાસ** થઈને જે રહે તે સર્વે **વિવેકી** સંત કહેવાય છે. અને સાધુ થઈને પોતાને ભગવાનથી પણ **અધિક** કહે છે તે તો ચંડાળથી પણ અધિક ચંડાળ છે. જે પોતાને ભગવાનથી અધિક કહે છે તેને આ પૃથ્વીમાં જેટલું **પાપ** કહેવાય છે તે સર્વે લાગે છે. (શ્રીહરિચરિત્રામૃતસાગર : ૧૮/૬૧)

❖ ❖ ❖ ❖ ❖

'તુચ્છ જીવ હી હોઈકે, કહત હે મે ભગવાન । કોટિ બ્રહ્માંડ વધ કે, પાપ લગત તેહિ આન ।'

ભગવાન શ્રીહરિ કહે છે :- ''જે આ બ્રહ્માંડમાં જીવ જેવા શુભ-અશુભ માર્ગે ચાલે છે તેને તેવું પરમેશ્વર જરૂર ફળ આપે છે. અને જે તુચ્છ જીવ થઈને કહે છે કે હું ભગવાન છું તેને **કોટિ બ્રહ્માંડના જીવનો નાશ** કર્યાનું પાપ લાગે છે.'' (શ્રીહરિચરિત્રામૃતસાગર : ૧૯/૨૮)

❖ ❖ ❖ ❖ ❖

'કુબુદ્ધિ જન રહે જીતને, જ્ઞાન શીખી કે જેહ । મે રહે ભગવાન જોઉ, ઐસે માનત તેહિ ।'

અને કુબુદ્ધિવાળા જન છે તે જરાક જ્ઞાન શીખીને પછી કહે છે કે હું ભગવાન છું એવું માની બેસે છે. (શ્રીહરિચરિત્રામૃતસાગર : ૨૭/૮૫)

❖ ❖ ❖ ❖ ❖

'કોટિ વિપ્ર કોટિ ગૌહનન, તિનસે અધિક હે તેહ ।
સત્યકું કહે અસત્ય હી, અસત્ય કુ કહે સત્ય ।
કોટિ ગુરુ અંગના સંગસે, પાપ સો કોટિ ગત્ય ।'

અને આ લોકમાં સર્વેથી અધિક પાપ શું છે ? તો જે ભગવાન શ્રીહરિના આ સંબંધરૂપ **અલૌકિક સત્સંગ** પ્રગટ મળ્યો છે, તેને જે **અસત્ય** કહે છે અને તેની જે **અરુચિ** કરાવે છે તેને **કોટિ બ્રાહ્મણની કે કોટિ ગાયો**ની હત્યા કર્યાનું પાપ લાગે તેનાથી **અધિક પાપ** લાગે

છે. (એમ જે ભગવાન શ્રીહરિ સત્ય છે તેને જે અસત્ય કહે છે અને જે અસત્ય છે તેને જે સત્ય કહે છે તેને **કોટિ ગુરુસ્ત્રીનો સંગ** કર્યાનું પાપ લાગે છે.)

(શ્રીહરિચરિત્રામૃતસાગર : ૧૦/૧૪)

❖ ❖ ❖ ❖ ❖

ભગવાન શ્રી સ્વામિનારાયણની આજ્ઞાનો ત્યાગ કરીને જે મનમાં આવે એમ વર્તે છે તેના ઉપર ભગવાન શ્રીહરિનો કોપ થાય છે. તે પોતાને જ સર્વથી શ્રેષ્ઠ પુરુષોત્તમ ભગવાન માનીને પછી ફાવે તેમ વર્તે છે ને ઉંદરડાની પેઠે મનમાં મલકાય છે પણ તેને વિવેક જરા પણ નથી. તે **પંચ મહાપાપી** છે. અમૃત સમાન ભગવાન શ્રીહરિ છે તેને થૂંકીને (વિમુખને) મળમૂત્ર પીવાનું ગમે છે તે અસુર, જેમ ઉંદરડો દારૂનું પાન કરીને પછી મલકાય છે, પણ તે બિલાડીના ઝપાટામાં આવે કે તત્કાળ પકડીને તેનો **નાશ** કરે છે. એમ (જે ખોટા ભગવાન થાય છે) તેને પણ થાય છે.

(શ્રીહરિચરિત્રામૃતસાગર : ૨૨/૩૭)

❖ ❖ ❖ ❖ ❖

એક વખત સદ્‌ગુરુ બ્રહ્મચારી આનંદાનંદ સ્વામી ગામ **રોહીશાળે** પધાર્યા હતા અને બળેવનો દિવસ હતો. પછી તે ગામના બ્રાહ્મણ ભગવાનજી કરીને હતા. તે જનોઈઓ પહેરીને સ્વામીની પૂજા કરવા માટે ચંદન તથા પુષ્પના હાર લઈને મંદિરમાં આવ્યા. તે વખતે સ્વામી પૂજા કરવા બેઠા હતા અને ભગવાનજી ત્યાં આવીને સ્વામીને દંડવત કરીને પગે લાગ્યા ને સ્વામીને કહ્યું જે, 'સ્વામી ! મારે તમારી પૂજા કરવી છે.' ત્યારે સ્વામી કહે કે, 'તું મને કેવો જાણે છે ?' ત્યારે ભગવાનજી કહે કે, 'સ્વામી! તમે સનકાદિક છો અને શ્રીજીમહારાજે તમારી આરતી ઉતારેલી છે.' પછી સ્વામી કહે, 'ચુડાવાળા **હરિશંકર**ને તું કેવો જાણે છે ?' ત્યારે ભગવાનજી હરિશંકરનો સેવક હતો. તેથી સ્વામીએ પૂછ્યું. પછી ભગવાનજીએ કહ્યું જે, 'સ્વામી ! તે તો **ભગવાનનો અવતાર** છે.' તે સાંભળીને સ્વામી એકદમ પૂજામાંથી ઉભા થયા અને તેને સ્વામીએ કહ્યું જે, 'આજથી ત્રીજે દહાડે તે મૃત્યુને ન પામે તો હું સ્વામિનારાયણનો બ્રહ્મચારી નહીં.' એમ કહીને સ્વામીએ તેને મેડેથી હેઠે ઉતારી મેલ્યો અને પછી ત્રીજે દિવસે મેલો લઈને કોઈ માણસ ચુડેથી રોહીશાળે આવ્યો. તે વખતે સ્વામી રોહીશાળાની નદીમાં સવારમાં નહાવા પધાર્યા હતા. પછી ભગવાનજી આવીને સ્વામીને પગે લાગ્યો અને બોલ્યો જે, 'સ્વામી ! તમારા કહેવા પ્રમાણે હરિશંકરભાઈ મૃત્યુને પામ્યાના ખબર આવ્યા છે.' (આવી રીતે શ્રી હરિકૃષ્ણ કે શ્રીહરિના અવતાર જેવા પોતાને કહેવાય નહીં, અને હાલ વર્તમાન કાળમાં ખોટા, પાખંડી ભગવાન થાય છે, પણ શ્રીહરિને મળેલા **આનંદાનંદ સ્વામી**નો આ ઠેકાણે વાતમાં **સિદ્ધાંત** કહેલો છે કે **જે મિથ્યા ભગવાન થાય તેનો તત્કાળ શ્વપચની પેઠે ત્યાગ કરજો.** એટલે આપણે એમ જાણવું કે ખોટા ભગવાન થાય છે તેનો નાશ થઈ ગયો. (શ્રી અક્ષરાનંદ સ્વામીની વાતો : નં. ૯૨૫)

સત્સંગમાં કોઈ **આસુરી જીવ** આવ્યો હોય તેને પણ **શ્રીહરિના તાનવાળા ભક્તો છે તે આસુરીને જાણી લે છે.** રામદાસભાઈ, મુક્તમુનિ અને આત્માનંદ સ્વામી વિગેરે શ્રીહરિને વિષે **અતિશે તાનવાળા** છે. અને મુક્તમુનિના કરેલા કાવ્યમાં સર્વત્ર શ્રીહરિનું તાન છે. શ્રીહરિ વિના બીજા અનંત પ્રકારના કોઈક **ચમત્કાર દેખાડે તો પણ** તેને માને જ નહિ, તેને **બાજીગર જેવા** ખોટા જાણે અને

વિમુખ જાણે. હરિભક્તોમાં **પર્વતભાઈ** છે તે પણ એવા જ છે. તેને શ્રીહરિ વિના બીજા **અનેક અવતારના દર્શન** થાય અને શ્રીહરિ કહે કે **અવતાર એ હું જ છું** તોપણ પર્વતભાઈને લેશ માત્ર **અવતારને વિષે પ્રેમ** થાય નહિ. એવી રીતે પર્વતભાઈનું શ્રીહરિને વિષે પતિવ્રતા ભક્તિમાંથી લવ લેશ મન ડગ્યું નહિ. અને અવતાર સર્વે પર્વતભાઈની પાછળ ફરે, જ્યાં જ્યાં ખેતીનું કામ કરવા જતા ત્યાં ત્યાં પર્વતભાઈની પાછળ અવતાર પાંચ વર્ષ સુધી ફર્યા તો પણ પર્વતભાઈનું મન જરાપણ ડગ્યું નહિ. એટલે શ્રીહરિ પણ પાંચ વર્ષ સુધી પર્વતભાઈને વારંવાર વઢતા. ત્યારે પર્વતભાઈ આનંદથી હસતા પણ શ્રીહરિનો અવગુણ ક્યારે લેતા નહિ. અને બહુ વઢે ત્યારે શ્રીજીમહારાજને પર્વતભાઈ કહેતા કે આપ અક્ષરથી પર સર્વેકારણના કારણ તમે અમોને મળ્યા, અને **કારણમાં જ અનેક કાર્યો આવી જાય છે.** અને તમારો પાર કોઈ **અક્ષર પર્યંત** પામે નહિ તો પછી અમે તો તમારી આગળ જીવ છીએ તે એવી એક મતિ રાખી શકીયે ? અને જ્યારે કૃષ્ણાવતાર ધરીને ગોકુળમાં વિચર્યા ત્યારે તમારી માયામાં બ્રહ્મા પણ મુંઝાઈ ગયા માટે એક વૃક્ષના જે સર્વે ડાળાં, પાંદડાં, ફૂલ વિગેરેનો અનંત અપાર વિસ્તાર થયો છે. તે સર્વે વિસ્તાર અમારી બાથમાં આવે નહિ પણ અમે એક થડરૂપ તમને જ બાથ લીધી છે એટલે તે સર્વે બાથમાં આવી ગયું ગણાય. અમે સર્વે અવતારના કારણ તમને જ એક થડ રૂપે માનીએ છીએ. અને હવે તો **કોટિ ભુજાવાળો ભગવાન આવે તો પણ** તમારાથી અધિક બીજો કોઈ નથી. એવી **સ્વરૂપ નિષ્ઠા** અમે દૃઢ વજ્ર સમાન તમારે વિષે રાખેલી છે. અને શ્રીજીમહારાજ વિના અમને બીજી વાત ગમે જ નહિ. અને શ્રીહરિનું **અનંત સામર્થ્ય** અમે દેખેલું છે. એવું અક્ષર પર્યંત બીજા કોઈનું નથી, કેમ કે જેવો અમે મનમાં ઘાટ સંકલ્પ કરીયે છીયે તે પ્રમાણે હે શ્રીહરિ ! તમે **તત્કાળ દર્શન** આપો છો. અને તમારા વિના બીજી વાત કરતા નથી, કેમ કે સર્વના **કારણ** શ્રીહરિ તમને છોડીને જે જે હરિભક્તો બીજા **કાર્ય**ને વિષે વળગે છે તે સર્વે હરિભક્તો અતિ **અજ્ઞાની** ભોળા છે. (શ્રીહરિચરિત્રામૃતસાગર : પુર - ૮, તરંગ - ૨૫.)

(શ્રી સ્વા. અવતારી સ્વરૂપ નિરુપણ : પેજ નં. ૯૯૩-૯૪, લેખક : પાર્ષદ ગાંડા ભગત - અમદાવાદ. સં. ૨૦૨૮)

❖ ❖ ❖ ❖ ❖

બોચાસણપંથી તરફથી પુરાણી ગોપીનાથજી દ્વારા લખાયેલ **'સિદ્ધાંતસાર'** પુસ્તકના પેજ નં. ૯૨ ઉપર : 'ધૂળ ઉડતી પણ વાયુદેવે સ્વામી (યજ્ઞપુરુષ શાસ્ત્રી)ને રાજી કરવા તે કામ બંધ કર્યું તેમજ ઈન્દ્ર મહારાજે પોતાના સેવક મેઘરાજા પાસે પાણી છંટાવીને સેવા કરી અને કુબેર ભંડારીએ કોઠાર ખૂટવા દીધો જ નહિ તેથી પ્રગટ પ્રભુએ ઘણા રાજી થઈને દેવોને આશીર્વાદ આપ્યા.'

❖ ❖ ❖ ❖ ❖

વડોદરામાં એક સમયે ગોકુળ અષ્ટમીના દિવસે હિંડોળો શણગાર્યો ત્યારે સ.ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામીના હેતને કારણે તેમાં શ્રીજીમહારાજ આવી વિરાજમાન થયા. દુષ્કાળના ઉનાળામાં પણ તેમણે ત્રણ દિવસ વરસાદ વરસાવ્યો ત્યારે **'લાગ્યા ગોપાળ સ્વામીને પાય, ધન્ય ધન્ય તમે મુનિરાય...'** લોકો તેમને કહેવા લાગ્યા કે, તમારે પ્રતાપે વરસાદ થયો છે. ત્યારે ગોપાળાનંદ સ્વામી કહે છે :-

'બોલ્યા ગોપાલ સ્વામી તે પ્રત્યે, જે થયું તે શ્રીજી સામર્થ્ય. બીજા થકી તે કાંઈ ન થાય, ઠાલો ભલો ફોગટ ફુલાય.'

(ભક્તચિંતામણી : પ્ર. ૧૪૨)

સ.ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામી આવા સમર્થ હતા, છતાં પોતાનામાં જે કાંઈ સામર્થ્ય હતું તે ભગવાન શ્રી સ્વામિનારાયણનું જ હતું. એમ તેઓ વિનયપૂર્વક જણાવતા હતા. જ્યારે વિમુખોના ગુરુઓમાં એમનાથી કરોડમાં ભાગનું પણ સામર્થ્ય ન હોવા છતાં **'રાઈનો પર્વત'** કરવાની એમની **કુચેષ્ટા** ગજબની છે.

ઘણીવાર એકની એક જૂઠી વાત પણ વારંવાર પ્રચારવામાં આવતી હોવાને કારણે એ જૂઠ, જૂઠ મટીને સત્ય બનીને ભાસતું હોય એવું બને છે. આવા પ્રકારના સત્યને **'ગોબલ્સ સત્ય'** કહેવામાં આવે છે.

હિટલરનો પ્રચારમંત્રી **ગોબલ્સ** કહેતો કે, એક અસત્યને વારંવાર કહ્યા કરો તો તે સાચું મનાશે. વિમુખોની આ સિદ્ધ કરેલી **ટેકનીક** છે. એવા **'ગોબલ્સ સત્ય'**ને આગળ જોઈએ.

પેજ નં. ૨૧૧ ઉપર : આણંદમાં ઉતારો મણિભાઈ નારણભાઈને ઘેર હતો. એટલે જ્યારે સ્વામીશ્રી ત્યાં પધારવાના હોય ત્યારે આગળથી ચંચળબાને દર્શન દઈને કહે જે 'અમો આવીએ છીએ.' એટલે પાણી ભરી રાખે. મેડા ઉપર વાળીને સાફ રાખે ક્યારેક રસોઈ પણ કરી રાખે. એમ આગળથી દર્શન આપીને રૂબરૂ કહેતા... તેમજ મોતી ભગવાનદાસના ઘરના સુરજબાને પણ સ્વામી દર્શન આપતા ને તેમના મનોરથો પુરા કરતા.... **ક્યાં આ મિથ્યા પ્રચાર ? અને ક્યાં એ ભારતદેશના મહાન સંત રમણ મહર્ષિનો પ્રસંગ !!**

જે આશ્રમના રૂમમાં રમણ મહર્ષિ શાંતિથી સૂતા હતા તે રૂમને પૂજારીએ બહારથી કડી ચડાવીને વિદાય લીધી.

પણ તે દિવસે મહર્ષિ વહેલા ઉઠ્યા, બહાર દૂર જઈને રોજના સ્થળે વહેલા પહોંચવાની ઈચ્છા થઈ. બારણે જોયું તો બહારથી કડી ચડાવેલી છે. મહર્ષિએ બારણું ખેંચતા જે તિરાડ પડી તેમાંથી આંગળી બહાર કાઢીને કડી ગબડાવી દીધી. બહાર નીકળી ગયા, ફરી તેજ રીતે કડી ચડાવીને બે કિલોમીટર દૂરના પથ્થરે બેઠા.

આશ્રમમાં પૂજારીએ વાત ફેલાવી કે, કડીથી બારણું વાસેલુ હતું છતાં મહર્ષિ સૂક્ષ્મદેહથી પથ્થરે પહોંચ્યા છે. ચમત્કાર...! ચમત્કાર...!

રમણ મહર્ષિને મફતમાં આ યશ મળતો હતો પણ યશ તો તેમને મન અતિતુચ્છ હતો. એકઠા થયેલા લોકોમાં જે ચમત્કારની વાત ફેલાણી હતી તે તેમણે બંધ કરાવી., પછી પેટ પકડીને હસ્યા. તેમણે કહ્યું : **"મને ચમત્કાર આવડતો જ નથી."**

રમણ મહર્ષિના અંતકાળના છેલ્લા શબ્દો હતા : "મારા મૃત્યુ બાદ કોઈએ મારી કોઈ હસ્તી રાખવાની નથી. ગુરૂમંદિર નહિ, જીવનચરિત્ર પણ નહિ **જો તમે મારી વાત નહિ માનો તો** મારા આત્માને દુઃખ થશે."

❖ ❖ ❖ ❖ ❖

અધ્યાય ૫૪ પેજ નં. ૧૯૮ ઉપર : રાધારમણને સમાધીમાં શાસ્ત્રીજી મહારાજના જ્યારે દર્શન થયાં ત્યારે 'સ્વામીજી મને કૈલાસમાં તેડી ગયા. ત્યાં શંકર પાર્વતી ને ગણોના દર્શન કરાવ્યાં. પછી બ્રહ્માના લોકમાં લઈ ગયા ને સત્યલોકમાં કોઈ ચાર મુખ બ્રહ્મા ને કોઈ દસ મુખ, કોઈ સો મુખ ને કોઈ હજાર મુખવાળા બ્રહ્મા જોયા ને ત્યાં નિરંતર યજ્ઞ થતો ને હોમ થતો વેદના મંત્રોનો ઉચ્ચાર થતો

એમ જોયું. પછી ત્યાંથી વિષ્ણુના લોકમાં ગયા. ત્યાં વિષ્ણુના પાર્ષદો ને લક્ષ્મીજી જોઈ રાજી થયા. પછી બદ્રિકાશ્રમના લોકમાં પધાર્યા. ત્યાં નર ને નારાયણ તથા અઢાસી હજાર ઋષિ મુનિઓ જોયા. સર્વેના તપમય શરીર જોયાં. પછી સ્વામીશ્રી તેમને શ્વેતદ્વીપમાં લઈ ગયા. ત્યાં વાસુદેવ ભગવાન શેષશાયી (શેષશય્યા) પર પોઢેલા ને લક્ષ્મીજી સેવામાં ને સર્વે મુક્તો નિરન્નપણે ધ્યાન પરાયણ જોયા. પછી તેમને મહાવૈકુંઠ જે રામચંદ્રજીનું ધામ બતાવ્યું. રામ લક્ષ્મણ ને સીતાજી સર્વેને જોયાં ને તેમના મુક્તોને પણ જોયા. હનુમાનજીને પણ દીઠા. પછી સ્વામીજી તેમને ગોલોકમાં જ્યાં શ્રીકૃષ્ણ ભગવાન રાધિકાજી તથા લક્ષ્મી આદિક પટરાણીઓ, ઉદ્ધવ આદિક પાર્ષદો, ગોપી ગણો યુક્ત ભગવાનના દર્શન કર્યા પછી પ્રધાન પુરુષના લોકમાં ગયા. ત્યાં પણ તે લોક ને તેમના મુક્તો ને ભગવાનને જોયા. પછી પ્રકૃતિ પુરુષના લોકમાં ગયા. ત્યાં પણ ભૂમા પુરુષને ને તેમના લોકો જોયા આ બંને ધામોમાં ચાર ભૂજાવાળા પુરુષો જોયા ને ચાર ચરણની ઉપાસનાવાળા મુક્તો જોયા. પછી સ્વામીજી મને અક્ષરધામમાં લઈ ગયા. સમાધીમાં કૈલાસથી માંડીને અક્ષરધામમાં જતા સુધી જે જે લોકમાં ગયા ત્યાંના અધિષ્ઠાતા દેવતા જે તે લોકના ઈશ્વર તેમણે **શાસ્ત્રી મહારાજ**ની પૂજા આરતી સ્તુતિ વંદન કરી **આશીર્વાદો** માગ્યા તે સર્વે રાધારમણે જોયું. મનમાં વિચાર કરવા લાગ્યા જે **આ સાધુ છે ને આમને સર્વે પોતપોતાની શક્તિઓ સાથે કેમ પૂજનવિધિ કરે છે** એમ સંકલ્પ કરતા થકા ઠેઠ અક્ષરધામમાં ગયા, જ્યાં તેજોમય એવું અક્ષરધામમાં તેજોમય દિવ્ય સિંહાસનમાં તેજોમય કિશોર મૂર્તિના દર્શન થયાં, ત્યાં સાથે રહેલા શાસ્ત્રીજી મહારાજ **અદૃશ્ય** થઈ ગયા. ને શ્રીજીની મૂર્તિ દેખાવા લાગી. ને તે મૂર્તિની ચારે બાજુ અનંતકોટિ મુક્તો જોયા. તે સર્વે મહારાજ સામે જોઈ રહ્યા હતા એવું જોયું પછી મહારાજની પૂજા કરવાનો મનમાં સંકલ્પ થયો ત્યારે સર્વે સામગ્રી પોતા પાસેજ દીઠી. પછી મહારાજની પૂજા કરી હાર પહેરાવી આરતી ઉતારી ને હાથ જોડીને પોતે બેઠા ને પછી પાછા આવવા જ્યાં વિચાર થયો ત્યાં મહારાજની મૂર્તિ અદૃશ્ય થઈ ગઈ ને શાસ્ત્રી મહારાજ દેખાયા. પછી શાસ્ત્રીજી મહારાજે લાવીને નારાયણ કુંડ પર થઈને મંદિરમાં યજ્ઞ કુંડ પર મૂકી દીધા ને પોતે અદૃશ્ય થઈ ગયા. તે વખતે યજ્ઞકુંડ પર મહાન તેજનો સમુદાય થયો. તે મંદિરમાં તથા બહાર પણ વ્યાપ્યો તે સર્વે માણસોએ જોયો... એ સ્વામીને કોઈ સાધુ માનશો નહિ એ તો મારી સાથે જોડે જ હતા ને ધામમાં તો મહારાજને શાસ્ત્રીજી મહારાજ એક જ સ્વરૂપે થઈ ગયા તે મેં નજરો નજર જોયું. માટે આ શાસ્ત્રીજી મહારાજ તો **સાક્ષાત્ પુરુષોત્તમ નારાયણ** પોતે જ છે. માટે **તેમાં ને શ્રીજીમહારાજમાં એક રોમનો પણ ફેર નથી** એમ સમજશો. પણ આ સાધુ છે એમ મનુષ્યભાવ લાવશો નહિ. એમ વાત કરીને પછી સર્વે પોતપોતાને ઉતારે જઈને પધાર્યા ને સ્વામીશ્રી પણ પોતાને ઉતારે પોઢી ગયા...' હવે પોતે **મૂર્તિદ્વારે ઐશ્વર્ય** વાપરીને કામ લેવાનું વિચાર્યું. એટલે તો આણંદ, નડિયાદ, વઢવાણ, અમદાવાદ, મુંબઈ, ચાણસદ, બોચાસણ, સારંગપુર, પુરુષોત્તમપુરા, સોખડા વગેરે વગેરે ગામોમાં **સમાધિ** થવા લાગી. તેમાં સાધુ હોય, પાળા હોય, ભાઈ હોય કે બાઈ હોય, બાળક હોય કે સત્સંગી હોય, બીનસત્સંગી હોય, તો પણ **પ્રગટ પુરુષોત્તમ નારાયણ** શાસ્ત્રીજી મહારાજ શ્રી યજ્ઞપુરુષદાસજી મહારાજના પ્રતાપ વડે **સમાધિ**[૫] થાતી. આવી રીતે આખા પુસ્તકમાં યજ્ઞપુરુષ શાસ્ત્રીને પૂર્ણ

(૫.) શ્રીહરિચરિત્રામૃતસાગરમાં દંભીઓની **ખોટી સમાધિનું ખંડન** કરતા **સ્વયં** ભગવાન શ્રીહરિએ કહ્યું છેઃ-

"શ્રીહરિને સંકલ્પે કેટલાકને સમાધિ થઈ જતી. શ્રીહરિ પોતે પૃથ્વી પર રહ્યા ત્યાં સુધી સમાધિનો સંકલ્પ રાખ્યો, પછી બંધ કર્યો. પ્રગટ હરિ વિના સમાધિ થાય જ નહિ. લોક દેખાડવા સારું કરાવે તો તે દંભ જાણવો. દંભી ઓળખાયા વિના રહે નહિ. શ્રીહરિ પોતે પણ કહેતા કે અમે રહીશું ત્યાં સુધી સમાધિ સત્ય રહેશે."

(શ્રીહરિચરિત્રામૃતસાગર : પુર - ૧૯, તરંગ - ૪૦)

નિત્યાનંદ સ્વામી ઉત્તર સમજી ગયા હતા. પણ મૌન રહ્યાં. પણ કૃષ્ણાનંદ સ્વામીએ ઉત્તર કર્યો કે, ''મહારાજ, આપના વિના બીજાનું ધ્યાન કરે તેની ભક્તિ વ્યભિચારિણી કહેવાય. એમ બીજાને આપના જેવા જાણીએ તો તે અમારો જન્મ વ્યર્થ ગયો કહેવાય.'' આ સાંભળીને મહારાજ હસ્યા અને કહ્યું : ''તમારા ઉત્તરમાં શાસ્ત્રોની સંમતિ નથી. અમારી રુચિ પણ તમે સમજ્યા હોય તેવું જણાતું નથી.''

મહારાજે આ રીતે પ્રશ્નનો વિસ્તાર કર્યો. નિત્યાનંદ સ્વામી પોતાની સૂક્ષ્મ બુદ્ધિથી પ્રથમથી જ મહારાજના આ પ્રશ્નનું રહસ્ય સમજી ગયા હતા. તેથી ધીરે રહીને મહારાજના પ્રશ્નનો ઉત્તર આપતા કહ્યું : ''મહારાજ ! શાસ્ત્રમાંથી અને આપની વાતમાંથી એમ રહસ્ય સમજાય છે કે જે સંત આપની તમામ આજ્ઞામાં યથાર્થ વર્તે છે, આપના સ્વરુપનું સ્મરણ અને ધ્યાન કરે છે અને આપના જ ચરિત્રોનું ગાન કરે છે તે સંતની સેવા મોક્ષપ્રદ છે. શુકદેવજીના ઉપદેશથી પરિક્ષિતનો મોક્ષ થયો અને નારદજીના વચનથી પ્રિયવ્રત, પ્રહ્લાદ, ધ્રુવ, દક્ષના પુત્રો, ચિત્રકેતુ વગેરેનો મોક્ષ થયો છે. તેથી જેમ ભગવાનથી મોક્ષ થાય છે તેમ આવા સંતની સેવાથી પણ મોક્ષ થાય છે. પરંતુ સંતના ધ્યાનથી મોક્ષ થતો નથી.'' મહારાજે સાંભળીને કહ્યું : ''પ્રશ્નનો ઉત્તર યથાર્થ થયો.''

અહીં સુધી તો બરાબર પણ આગળ લખે છે કે, ''શ્રીહરિને હજું આગળ કહેવું હતું. કારણ કે જીવને બ્રહ્મરૂપ થવું હોય તો અમારા ઉત્તમ ભક્ત સાક્ષાત્ મૂળ અક્ષરબ્રહ્મ કે તેમના સ્વરૂપસમાન ગુણાતીત સંતની સાથે એકાત્મતા સાધવી પડે. માટે તેમનો મનન દ્વારા સંગ કરવો જ પડે. માટે એમનું ધ્યાન કરવું જ પડે તો જ જીવ બ્રહ્મરૂપ થાય. અને તો જ અમારી ભક્તિનો અધિકાર પ્રાપ્ત થાય. વળી, એવા ગુણાતીત સંત અખંડ અંગેઅંગમાં અમને ધારણ કરી રહે છે. તેથી તેમનું ધ્યાન એ અમારું જ ધ્યાન બની રહે છે. આથી, જેમ અમારી માનસીપૂજા અને અમારા ધ્યાનથી જીવોનું આત્યંતિક કલ્યાણ થાય તેમ અમારા અખંડ ધારક પરમભાગવત ગુણાતીત સંતના ધ્યાનથી જીવોનું આત્યંતિક કલ્યાણ થાય છે. તેમાં લેશ પણ શંકા નથી.'' પરંતુ અત્યારે આ વાત કહેવાનું શ્રીહરિને ઉચિત ન લાગ્યું. કારણ કે આ ભોળા ભક્તોને બ્રહ્મતત્ત્વને જાણનારા એવા બ્રહ્મવેત્તા સંતો અને સાક્ષાત્ અક્ષરબ્રહ્મ ગુણાતીત સંત વચ્ચેના ભેદની હજી ખબર નથી. આથી ગુણાતીત સંતના ધ્યાનના મિષે ગમે તે બ્રહ્મવેત્તા સંતનું ધ્યાન કરવામાં સૌ લાગી જાય તો મોક્ષની દિશા જ બદલાય જાય. પરંતુ આ વાત સમજ્યા વિના છૂટકો પણ નથી. એટલે આ વાતને ભવિષ્ય પર છોડીને શ્રીહરિએ સભા પૂર્ણ કરી ને હરિભક્તોને મળવામાં વ્યસ્ત બની ગયા.

નોંધ :- આપણે ઉપર જે 'ભગવાન શ્રી સ્વામિનારાયણ ભાગ-૪'ની વિગત જોઈ તે નવી આવૃત્તિમાં સુધારી લેવામાં આવી છે. તે શા માટે સુધારી લેવામાં આવ્યું તેની વિગત પણ જાણવા જેવી છે. રાજકોટ ગુરુકુલ દ્વારા પ્રકાશિત 'ઉપાસનાનું અમૃત' નામના પુસ્તકમાં લેખક લખે છે કે, ''મને એક અક્ષરપુરુષોત્તમ સંસ્થામાં શ્રદ્ધા ધરાવનાર યુવાન મળ્યો હતો. તેની સાથે સંતોનું ધ્યાન ન થાય તે વિશે ચર્ચા થઈ ત્યારે તે યુવાને બીજે દિવસે ઉપરોક્ત પ્રસંગ લેખકને વંચાવ્યો હતો. પણ તે કાંઈ જુદી રીતે લખેલો હતો.'' આ રહ્યો એ પ્રસંગ એ લેખકના જ શબ્દોમાં :-

'ભગવાન શ્રી સ્વામિનારાયણ ભાગ-૪' (હર્ષદભાઈ દવે લિખિત) એ ગ્રંથનો પાન નંબર ૪૧, ૪૨ અને ૪૩ ખોલીને મને વાંચવાનું કહ્યું. હું ટૂંકમાં તે પ્રસંગ રજૂ કરું છું : પછી બધા સંતો બેઠા એટલે મહારાજે પ્રશ્ન પૂછ્યો કે, ''તમે સૌ સંતો, હરિભક્તો

પુરુષોત્તમ **ભગવાન** ચીતર્યા છે. જેવા શ્રીજીમહારાજે પરચા આપ્યા હતા તે જ પ્રમાણે સમાધિ કરાવી બીજે સ્વરૂપે દર્શન દીધા, ધામમાં તેડી ગયા, સંકલ્પો પૂર્ણ કર્યા, આ બધું ચીતરી તેમને **પૂર્ણ પુરુષોત્તમ** ભગવાન જ ઠરાવ્યા છે.

❖ ❖ ❖ ❖ ❖

'સ્વામી શ્રી યજ્ઞપુરુષદાસજી' નામના પુસ્તકમાં **પેજ નં. ૩૬૪માં** લખે છે :-

એકવખત ભાદરણથી **અંબારામ ભગત** બોચાસણ આવ્યા. હરિકૃષ્ણદાસને તેમના વિષે ગુરુભાવ હોવાથી અંબારામ ભગતની તેઓ સેવા કરતા. આવા એક પ્રસંગે અંબારામ ભગત પાસે બેસીને તેમને સ્વામીશ્રી (યજ્ઞપુરુષદાસ)ની મૂર્તિમાં અતિશય તેજના દર્શન થયા તે વાત કરી. હરિકૃષ્ણદાસની આ વાત સાંભળી અંબારામ ભગતે તેમને કહ્યું : ''સ્વામીશ્રીની તમારી ઉપર અત્યંત કૃપા થઈ છે એટલે તમને સાચું સ્વરૂપ ઓળખાવ્યું છે. હવે તે દૃઢ કરી અનન્યભાવે જોડાઈ જશો.''

એમ કહીને તેમણે કહ્યું : ''હરિકૃષ્ણદાસ, આપણા તો અહોભાગ્ય છે કે, આપણને આવા શ્રીજીના અખંડ સંબંધવાળા સંત મળ્યા. મને પણ આવી દૃઢ નિષ્ઠા છે. પણ **ગુરુરૂપ હરિનું ધ્યાન થાય કે નહિ** તે **ગડમથલ**માં હતો. ગયા વર્ષે કંથારિયા ગયો ત્યારે માનસી કરવા બેસતાં આ જ **સંકલ્પ** ઉઠ્યો એટલે તરત જ સ્વામીશ્રીએ મને દર્શન દીધા. સાથે પ્રભુદાસ કોઠારી હતાં. પ્રભુદાસ કોઠારીએ સ્વામીશ્રી યજ્ઞપુરુષદાસજી તરફ આંગળી ચીંધીને મને કહ્યું, ભગત ! **આ સ્વરૂપને જ્યારે તમો ધારશો ત્યારે** તમને **શાંતિ** થશે. તે દિવસથી મને આનંદ આવે છે. અને તમે પણ મહારાજના અખંડ ધારક આ સ્વામીશ્રીના સ્વરૂપમાં સર્વ પ્રકારે જીવ જડી દેશો તો તમને પણ એ આનંદનો અનુભવ થશે.''

અક્ષરપુરુષોત્તમસંસ્થાના અક્ષરપીઠ સાહિત્ય દ્વારા પ્રકાશિત હર્ષદરાય દવે દ્વારા લખાયેલ પુસ્તક 'ભગવાન શ્રી સ્વામિનારાયણ ભાગ-૪'ના ઉદ્‌ગીથ-૩માં લખે છે કે, મહારાજ સમક્ષ સૌ સંતો-હરિભક્તો આવી બેસી ગયા. એટલે મહારાજે સંતોને પ્રશ્ન પૂછ્યો : ''તમે સૌ સંતો-હરિભક્તો અમારા ધ્યાન અને પૂજનથી મોક્ષ માનો છો અને વળી અમારા સંબંધવાળી વસ્તુઓ પણ મોક્ષપ્રદ છે એમ માનો છો, પરંતુ અમો ન હોઈએ ત્યારે સંતો-ભક્તો મુક્તમુનિનું ધ્યાન કરે તો મોક્ષ થાય કે ન થાય ?''

આ જ પ્રશ્નને અનુલક્ષીને ફૂટનોટમાં શ્રીહરિચરિત્રામૃતસાગરનું પ્રમાણ આ પ્રમાણે લખ્યું છે :

'હમારે વચન હિ જેહિ, હમ સંબંધી વસ્તુ કોટ । મોક્ષરુપ હિ તેહિ માનત, હો મન કર્મ કર ॥૮૧॥
હમ ન હોવે જબ હી, મુક્તાનંદ મુનિ કે જન । ધ્યાન કરે તબ હી, મોક્ષ હોય કે ન હોય કહે ॥૮૨॥'

ત્યારપછી એ પુસ્તકમાં આગળ શ્રીહરિચરિત્રામૃતસાગરના એ પ્રસંગને આગળ આ રીતે લખ્યો છે :

પછી મહારાજના આ પ્રશ્નથી બધા મૂંઝવણમાં પડી ગયા. કોઈને સૂઝતું નથી. મહારાજે કહ્યું : ''એમ કહીને છૂટી પડવું એમાં બુદ્ધિની ખામી કહેવાય. એકથી ઉત્તર ન થાય તો મોટેરા સંતો ભેગા મળો. વિચારો અને પછી ઉત્તર કરો. બ્રહ્મમુનિ, આનંદમુનિ, નિત્યાનંદમુનિ (બીજા સંતોના નામ પણ લખેલા છે) બધા ભેગા થાવ, બુદ્ધિ કસો. શાસ્ત્રોના પ્રમાણ વિચારો અને ઉત્તર કરો.''

ત્યારબાદ જે લખ્યું છે તેને ટૂંકમાં જોઈએ :

અમારા ધ્યાન-પૂજનથી મોક્ષ માનો છો. વળી, અમારા સંબંધવાળી વસ્તુ પણ મોક્ષપ્રદ છે એમ માનો છો. પરંતુ અમો ન હોઈએ ત્યારે તમે સૌ સંતો, ભક્તો મુક્તમુનિનું ધ્યાન કરો તો મોક્ષ થાય કે ન થાય ? !! આ પ્રશ્નનો જવાબ આપો.'' - હરિચરિત્રામૃતસાગર, પુર ૧૭, તરંગ ૮૨. હવે આ તો આધારિત ગ્રંથનો પ્રશ્ન લાવી દીધો. મને તો વાંચતા વાંચતા થોડી મૂંઝવણ થઈ ! કારણ કે આમાં તો લખ્યુ જ છે

'હમ ન હોવે જબ હી મુક્તાનંદ મુનિ કે જન । ધ્યાન યહ કરે તબ હી, મોક્ષ હોય ન હોય કહે ।।'

પછી મહારાજના આ પ્રશ્નથી બધા મૂંઝવણમાં પડી ગયા. કોઈને ઉત્તર સૂઝતો નથી. મહારાજ કહે, ''એમ છૂટી ન પડાય. બ્રહ્મમુનિ, આત્માનંદમુનિ, નિત્યાનંદમુનિ (બીજા સંતોના પણ નામ લખ્યા છે) બધા ભેગા થાવ, બુદ્ધિ કસો, શાસ્ત્રોના પ્રમાણ વિચારો ને ઉત્તર કરો.'' નિત્યાનંદ સ્વામી ઉત્તર સમજી ગયા હતા પણ મૌન રહ્યા. પણ કૃષ્ણાનંદ સ્વામીએ ઉત્તર કર્યો કે, ''મહારાજ, આપના વિના બીજાનું ધ્યાન કરે તેની ભક્તિ 'વ્યભિચારિણી' કહેવાય. અમે બીજાને આપના જેવા જાણીએ તો તો અમારો જન્મારો વ્યર્થ ગયો કહેવાય.'' આ સાંભળીને મહારાજ હસ્યા કે, ''તમને ઉત્તર કરતા ન આવડ્યો ! તમને શાસ્ત્રની રૂચિ નથી અને શાસ્ત્ર સમજ્યા પણ નથી !'' પછી નિત્યાનંદ સ્વામી બોલ્યા કે, ''મહારાજ, શાસ્ત્રોમાંથી અને આપની વાતોમાંથી એમ રહસ્ય સમજાય છે કે, જે સંત આપની તમામ આજ્ઞા પાળતા હોય, આપના ચરિત્રનું ગાન કરતા હોય તેવા સંતનું ધ્યાન કરવાથી મોક્ષ થાય છે, એમાં લેશમાત્ર શંકા નથી...!!!'' (હરિચરિત્રામૃતસાગર, પુર ૧૭, તરંગ ૮૪.)

પેલા યુવાને આવું શાસ્ત્રીય પ્રમાણ આપ્યું. એટલે હું વિચાર કરતો થઈ ગયો. મેં તેને કહ્યું, ''તમે મને ત્રણ દિવસ પછી મળજો.'' પછી મેં અમારા પાર્ષદ દ્વારા ગાંધીનગરમાં હરિપ્રકાશદાસ સ્વામી પાસે 'હરિચરિત્રામૃતસાગર' ગ્રંથની ચોક્કસાઈ (ખરાઈ) કરાવી. પછી પ્રકાશિત થયેલા ગ્રંથની ઝેરોક્ષ કરી લાવ્યા અને એ ઝેરોક્ષ મેં એ ભાઈના હાથમાં આપીને કહ્યું, ''એ જ પુર, એ જ તરંગ, આધારાનંદ સ્વામી શું લખે છે ? મહારાજ શું ઉત્તર આપે છે ? એ તમે વાંચી લ્યો.''

હવે હું મૂળ ઓરીજીનલ પ્રતમાં વર્ણવેલ આ પ્રસંગ રજૂ કરું છું :-

પછી મહારાજે પૂછ્યું કે, ''અમારા ધ્યાન-ભજનથી તમે મોક્ષ માનો છો. પણ અમે ન હોઈએ તો મુક્તમુનિનું ધ્યાન કરે તો મોક્ષ થાય કે ન થાય ?'' ત્યારે સંતોને પ્રશ્નનો ઉત્તર સૂઝ્યો નહિ. શ્રીહરિ કહે, ''તમે વિચારીને બોલો. બ્રહ્મમુનિ, આત્માનંદમુનિ, નિત્યાનંદમુનિ વગેરે બધાય સંતો એકબાજુ બેસીને ઉત્તર કરો.'' બધા સંતો વિચારવા માંડ્યા. ત્યારે સમાધિનિષ્ઠ કૃષ્ણાનંદ સ્વામી શૂરવીર હતા. એ સૌથી પહેલા બોલ્યા કે, ''તમારા વિના જે બીજાનું ધ્યાન કરે તેનો ભાવ વ્યભિચારી છે. અમારે બીજા જનનું કામ નથી. તમારા સમાન બીજાને સમજીએ તો અમારો જન્મારો વ્યર્થ જાય.'' આવી રીતે બધા સંતોએ એક સમાન ઉત્તર આપ્યો. મહારાજ કશું બોલ્યા નહિ. ત્યારે નિત્યાનંદ સ્વામી બોલ્યા કે, ''પરીક્ષિત, પ્રિયવ્રત, પ્રહ્લાદ, ધ્રુવ વગેરે નારદજી જેવા સંતની સેવા ને વચનથી તરી ગયા છે. એવું વિધાન શાસ્ત્રોમાં પણ છે. માટે સંતની સેવા ને વચનથી મોક્ષ છે પરંતુ સંતના ધ્યાનથી મોક્ષ થતો નથી.'' આ જે ઉત્તરની ચોપાઈ હતી એ હર્ષદભાઈએ છાપી નહિ. તે ચોપાઈમાં ચોખ્ખું લખ્યું છે :-

'દક્ષ તાકે પુત્ર હિ કેતા, નારદ કે બચન કર એતા ।
પરમ મોક્ષ તેહિ પાવત રહેઉ, ચિત્રકેતુ આદિક હિ તેઉ ।
નારદ દાસીપુત્ર જબ ભયેઉ, સંત કિ સેવા બચન કર એઉ ।।'

આમાં ક્યાંય 'સંતોના ધ્યાનથી મોક્ષ થાય છે' એવું લખ્યું નથી.

તો આ રીતે પોતાની સંસ્થામાંથી પ્રકાશિત થયેલા પુસ્તકોનું પોતાને ઘેડ બેસે એ રીતે શાસ્ત્રના ખોટા અથવા અધૂરા પુરાવા રજૂ કરે છે. અને જ્યારે તે ખોટા પડે છે ત્યારે તેમાં ફેરફાર કરે છે. પરંતુ જ્યારે ફેરફાર કરે ત્યારે પોતાનો બચાવ કરવા માટે અહીં આપણે આગળ જોયું તેમએકાદ ફકરામાં પોતાની ખોટી કલ્પનાઓ લખે છે.

અક્ષરપીઠ શાહીબાગથી પ્રકાશિત થયેલું પુસ્તક 'ભગવાન શ્રી સ્વામિનારાયણ પ્રબોધિત શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસના' નામના પુસ્તકમાં પેજ નં. ૮૦ પર લખે છે કે, સ્થૂળ રૂપે અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીના અંતર્ધાન થયા પછી પણ શ્રીજીમહારાજ અક્ષરબ્રહ્મની જ પરંપરા દ્વારા પ્રગટ રહ્યા છે. કારણ કે, સ્વામીએ પોતે જ કહ્યું છે કે હું ચિરંજીવી છું ને તમારા બધાના દેહ પાંચ-દશ વર્ષમાં પડી જશે. આમ લખીને પછી સ્વામીની વાતોનો પુરાવો આપે છે. ત્યારપછી આગળ લખે છે કે :-

એ જ ગુણાતીત ગુરુપરંપરામાં બ્રહ્મસ્વરુપ ભગતજી મહારાજ, બ્રહ્મસ્વરુપ શાસ્ત્રીજી મહારાજ અને બ્રહ્મસ્વરુપ યોગીજી મહારાજ દ્વારા શ્રીજીમહારાજ પ્રગટ રહ્યા અને વર્તમાનકાળે પરમપૂજ્ય બ્રહ્મસ્વરુપ શ્રી પ્રમુખ સ્વામી મહારાજ દ્વારા પ્રગટ રહીને પોતાની મૂર્તિનું સુખ આપી રહ્યા છે.

ભગવાન જેમના દ્વારા સમ્યક્ પણે પ્રગટ છે તેવા અક્ષરબ્રહ્મ સ્વરુપ ગુણાતીત સંત અખંડ પૃથ્વી પર વિચરે છે એ જ અનંતજીવોને માટે મોક્ષનું દ્વાર છે અને તે એક જ હોય.

ત્યારપછી ગઢડા અંત્ય પ્રકરણના ૩૯માં વચનામૃતની સાંખ્ય લઈને લખે છે કે, તેવી જ રીતે એક કરતા વધારે સંતો દ્વારા જો ભગવાન પ્રગટ રહેતા હોય તો આંત્યતિક કલ્યાણની અવ્યવસ્થા ઊભી થાય.

ખરેખર, વાસ્તવિકતા એ છે કે, ગઢડા અંત્ય પ્રકરણના ૩૯માં વચનામૃતમાં ભગવાન એક જ છે એવી વાત કરેલી છે. પરંતુ સંત દ્વારા પ્રગટ રહેવાની કોઈ વાત જ નથી.

આગળ લખ્યું છે કે :-

'બીજા ગુણવાન તો ઘણાં મળશે, પણ નહિ મળે હરિના મળેલ; નિષ્કુળાનંદ એવા સંત સંબંધે, અનંતના પાપ બળેલ.'

(નિષ્કુળાનંદ કાવ્ય - સારસિદ્ધિ : ૩૮/૧૦)

અહીં સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામીએ 'હરિના મળેલ' એમ જે લખ્યું છે તથા શ્રીજીમહારાજે પણ વચનામૃતમાં (વરતાલ પ્ર. ૧૦મું અને જેતલપુર પ્ર. ૧લું) 'ભગવાનના મળેલ' એવા જે શબ્દો વાપર્યા છે. તો ભગવાનને મળેલા એટલે શું ? શ્રીજીમહારાજના મળેલા ૫૦૦ પરમહંસો હતા તો શું સર્વે થકી આત્યંતિક કલ્યાણની વાત કહી છે...!! 'હરિના મળેલ' એટલે આ લાખો હરિભક્તો અને ૫૦૦ પરમહંસો દ્વારા આંત્યતિક કલ્યાણ કે બ્રહ્મરુપ થવાની વાત નથી.

પરંતુ 'હરિના મળેલ' એટલે શ્રીહરિ સાથે અપૃથક સિદ્ધ સંબંધથી જોડાયેલ. એવો સંબંધ અક્ષરબ્રહ્મને જ છે. બીજા કોઈને નથી. અક્ષરબ્રહ્મ એક જ છે તો તે દ્વારા પ્રગટપણું પણ એક સ્વરૂપે જ હોય તે સ્પષ્ટ છે.

આ વાતની પુષ્ટિ કરવા તે આગળ લખે છે કે :-

શ્રીજીમહારાજના અંતર્ધાન પછી આજ સુધી તેમનું પ્રગટપણું એક જ ગુણાતીત સંત દ્વારા રહ્યું છે અને ભવિષ્યમાં પણ એ જ દ્વારા રહેશે. એ શ્રીજીમહારાજનો સ્પષ્ટ અભિપ્રાય છે. જેમને જે વખતે જે પ્રગટ સ્વરુપ મળે તેમને તે સ્વરુપને વિશે પતિવ્રતાની ટેક રાખવાની વાત કરતા શ્રીજીમહારાજ કહે છે : "જેવે રૂપે કરીને ભગવાનનું દર્શન થયું છે ને તે સંગાથે જેને પતિવ્રતા જેવી દૃઢ પ્રીતિ બંધાણી છે તેને મોટા મોટા જે બીજા મુક્ત સાધુ તે સંગાથે પણ પ્રીતિ થાય જ નહિ." (વચ. ગ. અં. ૧૬)

આ બધું લખીને વિમુખ સંસ્થાવાળા એવું સાબિત કરવા માંગે છે કે, અક્ષરબ્રહ્મ અત્યારે પ્રમુખ સ્વામીરૂપે પ્રગટ છે. અને તે જ 'હરિના મળેલ' છે. અને ભવિષ્યમાં તે જ પરંપરામાં અક્ષરબ્રહ્મ પ્રગટ રહેશે. અને તે પરંપરા વિના આત્યંતિક કલ્યાણ જ નથી....(?)

પરંતુ આ બધી વાતો તદ્દન ખોટી...!!! કઈ રીતે તે વિગતવાર જોયા જેવું છે.

સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામી 'સારસિદ્ધિ' ગ્રંથમાં 'હરિના મળેલ' એવો શબ્દ પ્રયોજ્યો છે તે પ્રકરણાનુસાર ભગવાન માટે મનુષ્યરૂપે પ્રગટ હતા ત્યારે તેમને મળેલ પ્રત્યક્ષ સંતની જ વાત કહેલી છે, નહિ કે અક્ષરબ્રહ્મની. હવે (વરતાલ પ્ર. ૧૦મું અને જેતલપુર પ્ર. ૧લું) વચનામૃતમાં 'ભગવાનને મળેલ' એવો જ શબ્દ પ્રયોગ કર્યો છે તો કોના માટે કર્યો છે ? એ પ્રશ્ન ઊભો રહ્યો તો તેનો ઉત્તર પણ ભગવાન શ્રી સ્વામિનારાયણ સ્વયં જેતલપુરના ૧લાં વચનામૃતમાં જ આપતા કહે છે કે, "...તેમ બ્રહ્મવેત્તાને વિષે આત્મબુદ્ધિ માનવી તે શા સારુ જે એણે આવરણ ભેદ્યાની ગતિ છે." અહીં મહારાજે ભગવાનને મળેલ એટલે બ્રહ્મવેત્તા અર્થાત્ ભગવાનના સ્વરુપને યથાર્થ જાણનારા એટલે કે, ભગવાનના સ્વરુપમાં સ્થિતિવાળા એવો અર્થ કર્યો છે. નહિ કે ભગવાનના મળેલા. એટલે અક્ષરબ્રહ્મ એક જ. વળી, ગઢડા અંત્ય પ્રકરણના ૨૭માં વચનામૃતમાં પણ શ્રીજીમહારાજ કહે છે કે, "શાસ્ત્રે કહ્યા જે નિષ્કામ-નિર્લોભ-નિઃસ્વાદ-નિઃસ્નેહ-નિર્માન ઈત્યાદિક સંતના લક્ષણ તેને સાંભળીને એવા લક્ષણ જ્યાં દેખાય ત્યાં એવા જે સંત તેને ને ભગવાનને સાક્ષાત્ સંબંધ હોય." અર્થાત્ શાસ્ત્રોમાં પંચવર્તમાન કહ્યા છે તે જેમાં યથાર્થપણે હોય એટલે કે યથાર્થ પાળતા હોય એવા જે સંત તે ભગવાનને મળેલા જ છે. પરંતુ 'ભગવાનને મળેલ' માત્ર અક્ષરબ્રહ્મ જ નહિ.

સંપ્રદાયના અનેક શાસ્ત્રોમાં એવા પુરાવા મળે છે કે, ભગવાન શ્રીહરિ અંતર્ધાન થયા પછી મૂર્તિ દ્વારા, આચાર્ય દ્વારા, એકાંતિક સંતો દ્વારા, ભક્તો દ્વારા કે શાસ્ત્રો દ્વારા પ્રગટ છે. પરંતુ માત્ર ગુણાતીત સંત પરંપરા કે કહેવાતા પ્રગટ અક્ષરબ્રહ્મ દ્વારા જ ભગવાન પ્રગટ રહે છે તેવી કોઈ વાત સંપ્રદાયના માન્ય કરેલા કોઈ શાસ્ત્રમાં જોવા મળતી નથી. એ ફક્ત પોતાના સ્વાર્થની સિદ્ધિઓ માટે ઉપજાવી કાઢેલ વાતો જ છે.

આ બધું વાંચન કર્યા પછી ખરા મુમુક્ષુને ખ્યાલ આવી જશે કે, **બોચાસણ સંસ્થાવાળા કઈ પ્રકારની ઉપાસના પ્રવર્તાવવા માગે છે.** બહારથી વાત કરે છે કે, અમે કોઈને અમારા **પ્રગટ બ્રહ્મસ્વરૂપ ગુરુની ભક્તિ** કરવાની વાત કરતા નથી. અમે તો

શ્રીજીમહારાજની જ ભક્તિ કરવાની વાત કરીએ છીએ. ઉપરોક્ત પ્રસંગને જોતાં, શું આ વાત **તદ્દન ખોટી** નથી ? અર્થાત્ ખોટી જ **સાબિત** થાય છે.

નવા મુમુક્ષુને બોચાસણ સંસ્થાવાળા સમજાવે છે કે, આ સ્વામીશ્રી છે તે **પ્રગટ બ્રહ્મસ્વરૂપ** છે. આપણે એમને **ભગવાન** ન કહીએ, પણ તેમના પ્રતિ ભગવાન જેવી **પૂજ્યબુદ્ધિ** તો રાખવી જ જોઈએ. આવી સલાહ મુમુક્ષુને આડે માર્ગે દોરવાની **શરૂઆત** છે. જો મુમુક્ષુ જરા ઊંડો ઉતરશે તો તેને સમજાશે કે તેઓનો **અંતિમ પ્રયત્ન** તો તે પ્રગટ બ્રહ્મસ્વરૂપ સ્વામીશ્રીને **ભગવાન** મનાવવાનો જ છે.

મૂળ સંપ્રદાયથી વિમુખ સંસ્થાઓ એવી ગેરસમજ ફેલાવવાનો પ્રયત્ન કરે છે કે, અમુક 'જુદા' ને 'ઉંચા' તત્ત્વ વિચારને અથવા 'સાચી સમજણ' કે 'શુદ્ધ ઉપાસના'ને ફેલાવવા માટે મૂળ સંપ્રદાય આડો આવતો હોવાથી તેનાથી ના છૂટકે છૂટા પડ્યા છીએ. પરંતુ આવું બહાનું **બીન પાયેદાર** છે. જો તેઓ ભગવાન શ્રી સ્વામિનારાયણની સર્વોપરી ઉપાસના પ્રવર્તાવવા માટે જ છૂટા થયા હોય તો તે મુજબ તેમની બધી વાતમાં હંમેશા **ભગવાન શ્રી સ્વામિનારાયણનું જ મુખ્યપણું** આવવું જોઈએ. અને સર્વે અનુયાયીઓને કેવળ **ભગવાન શ્રી સ્વામિનારાયણને** વિષે જ જોડવા જોઈએ. તેને બદલે પોતાને વિષે જોડવા અને **'પ્રગટ ગુરુરૂપ હરિ'**નો પ્રચાર કરી ભગવાન શ્રી સ્વામિનારાયણનો આધાર લઈ પોતાને **'ભગવાન'** મનાવવા તે તો અતિ હીન પ્રવૃત્તિ જ ગણાય. જે જે મુમુક્ષુઓ આવી પ્રવૃત્તિમાં જોડાયા હોય તેમનો મૂળ ઉદ્દેશ ગમે તેટલો ઊંચો હોય તોપણ તે **ગેરમાર્ગે** દોરવાઈ ગયા છે, એમ **સત્ય** કહેવું જ રહ્યું.

જે કોઈ ભગવાન શ્રી સ્વામિનારાયણ સાથે શાસ્ત્રોક્ત સિદ્ધાંત મુજબ જોડતા નથી, બીજા પોતાના મનઃકલ્પિતને માધ્યમ બનાવે છે તે પોતે ભૂલેલા છે. અને અન્યને પણ ભૂલા પાડે છે. ગઢડા અંત્ય પ્રકરણના ૧૬માં વચનામૃતમાં સ્વયં શ્રીજીમહારાજ કહે છે કે, "ભગવાનના ભક્તને પણ ભગવાન સંગાથે દૃઢ ટેક જોઈએ. અને જેવે રૂપે કરીને ભગવાનનું દર્શન પોતાને થયું છે ને તે સંગાથે જેને પ્રતિવ્રતાના જેવી દૃઢ પ્રીતિ બંધાણી છે, તેને મોટા મોટા જે બીજા મુક્ત સાધુ તે સંગાથે પણ પ્રીતિ થાય જ નહિ અને પોતાના ઈષ્ટદેવ જે ભગવાન તેના જે બીજા અવતાર હોય તે સંગાથે પણ પ્રીતિ થાય જ નહિ, કેવળ જે સ્વરૂપની પોતાને પ્રાપ્તિ થઈ હોય તેને સંગાથે જ પ્રીતિ રહે..., ...માટે જાણી જોઈને પોતાનું નાક કપાય એવી ભક્તિ ન કરવી ને ભગવાનના ભક્તને તો સમજી વિચારીને પતિવ્રતાની જેવી **દૃઢ ભક્તિ** કરવી."

❖ ❖ ❖ ❖ ❖

માટે જે મુમુક્ષુ હોય તેને **ભગવાનના જેવું હેત કોઈ મુક્ત કે સાધુને વિષે ન કરવું** અને જો તેવું હેત તેને વિષે કરે તો તેને પણ પોતાને વિષે જોડે. માટે વિચારીને હેત કરવું. આ વાત પણ **અવશ્ય** સમજવાની છે.

(શ્રી ગોપાળાનંદ સ્વામીની વાતો : ૨/૫)

વાસ્તે (તે માટે) મહારાજના જેવું કોઈ મુક્તને વિષે હેત ન રાખવું.

(શ્રી ગોપાળાનંદ સ્વામીની વાતો : ૨/૯)

❖ ❖ ❖ ❖ ❖

[**નોંધ :-** શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના સિદ્ધાંત મુજબ શ્રી સ્વામિનારાયણ મહામંત્રના મૂળ અર્થથી તદ્દન જુદો જ 'સ્વામીએ સહિત નારાયણ' આવો **નવો અર્થ** શ્રીજીમહારાજના સ્વધામગમન બાદ કેટલાક વ્યક્તિઓએ સ્વાર્થવશ કર્યો છે. તેઓએ 'સ્વામીનારાયણ' આવી રીતે **(ી)** 'દીર્ઘ' ઉચ્ચારણ કરીને કર્યો છે. પરંતુ **'સ્વામિનારાયણ'** આવી રીતે **(િ)** 'હ્રસ્વ' ઉચ્ચારણ કરીને કર્યો નથી. આ વાતની સાક્ષી **ભગવદ્‌ગોમંડળ** નામનો **અતિ વિશાળ** ગુજરાતી કોષ આપે છે. તેમાં **આ રીતે** કહ્યું છે :-

સ્વામીનારાયણ = સ્વામી (ગુણાતીતાનંદ સ્વામી) + નારાયણ = (સહજાનંદ સ્વામી) સ્વામિનારાયણ **(િ)** 'હ્રસ્વ' એટલે **સર્વથી શ્રેષ્ઠ નારાયણ** એવો **મૂળ અર્થ** છે. અને સ્વામીનારાયણ **(ી)** 'દીર્ઘ' એટલે સહજાનંદ સ્વામી અને ગુણાતીતાનંદ સ્વામીની **જોડી** એવો **નવો અર્થ** પણ કરવામાં આવે છે. આમાં **શાસ્ત્રી યજ્ઞપુરુષદાસજી** મુખ્ય છે.

(ભગવદ્‌ગોમંડલ ગુજરાતી બૃહદ્ કોષ, ભાગ - ૯ : પેજ નં. ૯૦૫૪)

'સ્વામીનારાયણ' આવી રીતે **(ી)** 'દીર્ઘ' ઉચ્ચારણમાં (લેખનમાં) પ્રેસદોષ આદિ કોઈ કારણ હશે એમ અહીં તો કહી શકાય એમ જ નથી. કારણ કે ભગવત્‌ગોમંડળ ગુજરાતી કોષમાં હ્રસ્વ ઈકારાન્તના ક્રમમાં પાના નં. ૯૦૫૩માં **મૂળ સંપ્રદાયને માન્ય** એવો **'સ્વામિનારાયણ'** શબ્દ આપવામાં આવ્યો છે. અને **(ી)** 'દીર્ઘ' ઈકારાન્તના ક્રમમાં પાના નં. ૯૦૫૪માં **'સ્વામીનારાયણ'** આવો **બીજો શબ્દ** આપવામાં આવ્યો છે. અને એની વ્યાખ્યા કરતા રાજાસાહેબ શ્રી ભગવત્‌સિંહજી કહે છે કે, સ્વામિનારાયણ **(િ)** 'હ્રસ્વ' એટલે સર્વથી શ્રેષ્ઠ નારાયણ એવો **મૂળ અર્થ** છે. જે મૂળ સંપ્રદાય સ્વીકારે છે. અને સ્વામીનારાયણ **(ી)** 'દીર્ઘ' એટલે સહજાનંદ સ્વામી અને ગુણાતીતાનંદ સ્વામીની જોડી એવો નવો અર્થ (**મનમુખી કલ્પિત અર્થ**) પણ કરવામાં આવે છે. આવી રીતે **(િ)** 'હ્રસ્વ' ઉચ્ચારણવાળા મૂળ **શાસ્ત્રોક્ત** 'સ્વામિનારાયણ' શબ્દની અને **(ી)** 'દીર્ઘ' ઉચ્ચારણવાળા **કલ્પિત** 'સ્વામીનારાયણ' શબ્દની **વ્યાખ્યા** પણ કરી છે.]

શાસ્ત્રી યજ્ઞપુરુષદાસજીના શિષ્યો જે વિમુખ બોચાસણ સંસ્થા દ્વારા પ્રકાશિત - 'સ્વામિનારાયણ મહામંત્ર અર્થ અને મહિમા' નામની પુસ્તિકામાં **પાના નં. ૪૬** પર પોતે જ કહે છે કે, ''સ્વામીનારાયણ મહામંત્રમાં **'મી'** અક્ષરની દીર્ઘ જોડણી ખોટી છે.''

શાસ્ત્રી યજ્ઞપુરુષદાસે 'સ્વામીએ સહિત નારાયણ' આવો નવો (કલ્પિત) અર્થ કરવા માટે 'સ્વામીનારાયણ' આવી રીતે 'મી' દીર્ઘ ઉચ્ચારણ કરીને કર્યો હતો. વર્તમાનકાળમાં તેમના જ શિષ્યો કહે છે કે, ''સ્વામીનારાયણ મહામંત્રમાં **'મી'** અક્ષરની દીર્ઘ જોડણી **ખોટી** છે.'' સ્વામીનારાયણ મહામંત્રમાં 'મી' અક્ષરની **દીર્ઘ જોડણી** ખોટી છે તો શાસ્ત્રી યજ્ઞપુરુષદાસે સ્વીકારેલો **'સ્વામીએ સહિત નારાયણ'** આવો **અર્થ પણ** ખોટો છે એ માનવું જ રહ્યું.

● **પ્રશ્ન : ૬.** 'स्वामिना युत इति स्वामियुतः स्वामियुतश्चासौ नारायणश्च इति स्वामिनारायणः' આવો શબ્દ સિદ્ધ થાય છે. જેનો અર્થ 'સ્વામીએ સહિત નારાયણ' એવો થાય છે. જીવો તથા ઈશ્વરો અક્ષરબ્રહ્મનો મનન દ્વારા સંગ કરીને બ્રહ્મરૂપ થઈ; એટલે કે બ્રાહ્મી સ્થિતિ પ્રાપ્ત કર્યા બાદ પરબ્રહ્મનું દાસભાવે ભજન-ભક્તિ કરવી એવો **'સ્વામિનારાયણ'** મહામંત્રનો **ભાવાર્થ** સમજીએ તો શો બાધ આવે ?

ઉત્તર :- સ.ગુ. શ્રી ગુણાતીતાનંદ સ્વામી પ્રથમ પ્રકરણની ૧૫૪મી વાતમાં કહે છે :- ''...**સ્વામિનારાયણ નામના મંત્ર જેવો બીજો કોઈ મંત્ર આજ બળિયો નથી.** એ મંત્રે કાળા નાગનું ઝેર ન ચડે ને એ મંત્રે વિષય ઉડી જાય છે ને બ્રહ્મરૂપ થવાય છે ને કાળ, કર્મ, માયાનું બંધન છૂટી જાય છે. એવો બહુ બળિયો એ મંત્ર છે. માટે નિરંતર ભજન કરવું.'' આ વાતમાં સ.ગુ. શ્રી ગુણાતીતાનંદ સ્વામી **'સ્વામિનારાયણ'** મહામંત્રને બ્રહ્મરૂપ થવાનું સાધન બતાવે છે. તે સાથે **વિરોધ** થશે.

તે વિરોધ કઈ રીતે આવશે તે **વિસ્તાર**થી જોઈએ : શ્રી ગુણાતીતાનંદ સ્વામી આ વાતમાં **સ્પષ્ટ** કહે છે કે, 'સ્વામિનારાયણ મંત્રના ભજનથી બ્રહ્મરૂપ થાય છે.' અને તમે કહો છો કે, 'બ્રહ્મરૂપ થયા બાદ પરબ્રહ્મનું દાસભાવે ભજન કરવું.'

'સ્વામિનારાયણ મંત્રના ભજનથી બ્રહ્મરૂપ થવાય છે' એમ શ્રી ગુણાતીતાનંદ સ્વામી કહે છે અને તમે કહો છો કે, 'બ્રહ્મરૂપ થયા બાદ પરબ્રહ્મની દાસભાવે ભક્તિ કરવી.' એવો 'સ્વામિનારાયણ' મહામંત્રનો **ભાવાર્થ** છે. તો હવે **પ્રશ્ન** થશે કે તમે બ્રહ્મરૂપ થશો કોનાથી ?

મહાભાષ્યકાર કહે છે : **'इतरेतराश्रयाणि च कार्याणि न प्रकल्पन्ते (।१।१।१।। भाष्य)'** એકબીજા પર આધારિત કાર્યો સિદ્ધ થતા નથી.

નામસ્મરણરૂપી ભક્તિથી **બ્રહ્મરૂપ** થાય છે અને જ્યાં સુધી બ્રહ્મરૂપ ન થાય ત્યાં સુધી પરબ્રહ્મની દાસભાવે **ભક્તિ** ન થાય. અર્થાત્ ભક્તિ થયા બાદ બ્રહ્મરૂપ થાય છે અને બ્રહ્મરૂપ થયા બાદ ભક્તિ થાય છે. આમ મુર્ગી પહેલા કે ઈંડુ પહેલા એની જેમ ગોળ ગોળ ફર્યા જ કરવાનું એમાંથી કોઈ કાર્યની સિદ્ધિ ન થાય. પેલા આપમેળે બંધ થતા તાળા જેવો આ **'इतरेतराश्रय'** થયો. ચાવી રૂમની અંદર રહી છે અને તાળું મરાઈ ગયું. હવે શી રીતે રૂમ ખૂલે ? જો તાળું ખૂલે તો ચાવી મળે, પણ ચાવી મળે તો જ તાળું ખૂલેને !! અને હા, **'निजात्मानं ब्रह्मास्त्वं देहत्रयविलक्षणम् । विभाव्य तेन कर्तव्या भक्तिः कृष्णस्य सर्वदा ।।'** અને સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ - એ જે ત્રણ દેહ તે થકી વિલક્ષણ એવો જે પોતાનો જીવાત્મા, તેને બ્રહ્મરૂપની ભાવના કરીને પછી તે બ્રહ્મરૂપે કરીને શ્રીકૃષ્ણ ભગવાનની ભક્તિ જે તે સર્વ કાળને વિષે કરવી. (શિક્ષાપત્રી - ૧૧૬) આ શિક્ષાપત્રીના શ્લોકમાં શ્રીજીમહારાજે બ્રહ્મરૂપ થઈને ભક્તિ કરવાનો **આદેશ** દીધો છે, પરંતુ આ **ભાવાર્થ** 'સ્વામિનારાયણ' મહામંત્રમાંથી નીકળતો નથી. મહામંત્રમાંથી આવો ભાવાર્થ લેવા જતાં સ્વામીની વાત સાથે **'इतरेतराश्रय'**રૂપી દોષ આવે છે. માટે અક્ષરબ્રહ્મનો મનન દ્વારા સંગ કરીને બ્રહ્મરૂપ થઈ એટલે કે બ્રાહ્મી સ્થિતિ પ્રાપ્ત કર્યા બાદ પરબ્રહ્મની દાસભાવે ભક્તિ કરવી આવો ભાવાર્થ લઈને **'स्वामियुतश्चासौ नारायणश्च इति स्वामिनारायणः'** આવો મધ્યમપદલોપિ-તત્પુરુષ સમાસ સ્વીકારશું તો 'સ્વામિનારાયણ' નામના મંત્રથી બ્રહ્મરૂપ થાય છે એ વાતમાં **'इतरेतराश्रय'**રૂપી દોષ આવશે. માટે 'સ્વામિનારાયણ' મહામંત્રમાં **'स्वामी चासौ नारायणश्च इति स्वामिनारायणः'** આવો શ્રી શુકાનંદ સ્વામી વગેરેએ સ્વીકારેલો **કર્મધારય** સમાસ જ **સુયોગ્ય** છે.

'वृद्धव्यवहारस्य शब्दार्थनिश्चयहेतुत्वम् (शब्देन्दुशेखर)' જ્યારે શબ્દના અર્થનો નિર્ણય કરવાનો હોય ત્યારે વૃદ્ધવ્યવહાર (શ્રીજીમહારાજ સમકાલીન નંદસંતો અને આચાર્યશ્રીઓનો વ્યવહાર) જ માન્ય થાય છે.

આપણા નંદસંતો **ત્રિકાળ જ્ઞાની** હતા અને સાથે પ્રજ્જવલિત **વિદ્વત્તા** પણ હતી. પ.પૂ. ધ.ધુ. આચાર્ય શ્રી ભગવત્પ્રસાદજી મહારાજ 'શ્રીમદ્ ભાગવત'ની **'ભક્તમનોરંજની ટીકા'**માં ભગવાન શ્રી સ્વામિનારાયણનો **પરિચય** આપતા કહે છે :-

'अपि च यच्छिष्याः शतानन्दमुक्तानन्दादयः प्रौढप्रचण्डप्रतापिपण्डिताः प्रबभूवुः ।' જે ભગવાન શ્રી સ્વામિનારાયણના શિષ્યોમાં શતાનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી વગેરે પ્રૌઢ અને પ્રચંડ (અતિ તેજસ્વી) પ્રતાપી પંડિતો શિષ્યો હતા. આચાર્ય શ્રી ભગવત્પ્રસાદજી મહારાજ શતાનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી વગેરેની વિદ્વત્તાને પ્રૌઢ, પ્રચંડ અને પ્રતાપી આવા ત્રણ-ત્રણ વિશેષણોથી નવાજે છે.

સ્વયં વિદ્વત્વર્ય શ્રી નિત્યાનંદ સ્વામી સ્વવિરચિત **'શ્રીહરિદિગ્વિજય'**નામના ગ્રંથમાં પ્રત્યેક **ઉલ્લાસને અંતે** લખે છે :

'इति श्रीमदुद्धवसम्प्रदायाचार्यप्रवर श्रीसहजानंदस्वामिशिष्यतत्सम्प्रदायसकलहार्दऽभिज्ञनित्यानंदमुनिविरचिते श्रीहरिदिग्विजये श्रीमदुद्धवस्वामिनामाचार्यपदस्थापननामा प्रथम उल्लासः ।।१।।'

ઈતિ શ્રીમદ્ ઉદ્ધવ સંપ્રદાય આચાર્યપ્રવર શ્રી સહજાનંદ સ્વામિના શિષ્ય અને તેમના સંપ્રદાયના સકળ રહસ્યને જાણનારા નિત્યાનંદ મુનિ વિરચિત શ્રીહરિદિગ્વિજયમાં શ્રીમદ્ ઉદ્ધવ સ્વામીને આચાર્ય સ્થાપ્યા એ નામે પ્રથમ ઉલ્લાસ સંપૂર્ણ થયો.॥૧॥

મહાન અને શ્રેષ્ઠ વિદ્વાન સ.ગુ. શ્રી નિત્યાનંદ સ્વામી **'શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય'**ના **રહસ્ય**ને જાણનારા હતા એમ સ્વયં કહે છે.

બંને દેશના વડીલ તથા વિદ્વાન સ.ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામી, સમર્થ સંસ્કૃત વિદ્વાન આદિઆચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ, આચાર્ય શ્રી ભગવત્પ્રસાદજી મહારાજ, આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજ વગેરેએ તથા ભગવાન શ્રીહરિની સમીપ રહેનારામાંથી કોઈએ પોતાના ગ્રંથોમાં 'સ્વામીએ સહિત નારાયણ' એવા અર્થની **ઝલક પણ** દેખાડી નથી.

આચાર્યશ્રીઓ તથા નંદસંતો દ્વારા લખાયેલા ગ્રંથોમાં ક્યાંય પણ **પરસ્પર વિરોધ** આવતો હોય એવું **એકપણ વચન** જોવામાં આવતું નથી.

'परस्परं च शास्त्राणां सांकर्यं नैव भाववेत् । अर्धप्राज्ञैस्तथा सर्वं कृतं सीमातिलङ्घनात् ।।'

ધર્મગ્રંથોમાં પરસ્પર 'સાંકર્ય' (ભેળસેળ) અવરોધક વિચાર હોતો નથી. કારણ કે ધર્મગ્રંથોની પણ પોતાની કંઈક સીમા હોય છે. પરંતુ અર્ધવિદ્વાન તે સીમાઓનું ઉલ્લંઘન કરી ધર્મગ્રંથોને પરસ્પર સાંકરપણું(ભેળસેળ) કરી નાખે છે. (તર્કસંગ્રહ - આલોક વ્યાખ્યા)

'स्वामियुतश्चासौ नारायणश्च इति स्वामिनारायणः' આવો મધ્યમપદલોપિ-તત્પુરુષ સમાસથી 'સ્વામિનારાયણ' શબ્દને સિદ્ધ કરવો તે તદ્દન **શાસ્ત્રોથી વિરુદ્ધ** છે, **કપોલ-કલ્પિત** છે. પોતાના સ્વાર્થને ખાતર, પોતાની અક્ષર-પુરુષોત્તમની ઉપાસના સિદ્ધ કરવા માટે 'સ્વામિનારાયણ' મહામંત્ર સાથે **શબ્દછલ** આચરેલું છે. અન્યત્ર પણ આરીતે શબ્દછલ આચરે છે, જેમ કે - વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણના ૨માં 'પ્રત્યક્ષ ગુરુરૂપ હરિ' મનુષ્યાકૃતિ પ્રત્યક્ષ ભગવાન શ્રીહરિને જ કહ્યા છે. તેમ છતાં તે શબ્દના મૂળ અર્થને મચડીને અન્ય કોઈ એક જ વ્યક્તિપરક અર્થનું પ્રતિપાદન કરે છે. તેમજ ભક્તચિંતામણી ગ્રંથની પંક્તિ **'અક્ષર પર પુરુષોત્તમ જેહ, તેણે ધર્યું મનુષ્યનું દેહ...'** (ભક્તચિંતામણી : પ્ર.૭૭/૬) તેનો પણ ફેરબદલ કરીને આ રીતે **'અક્ષર પુરુષોત્તમ જેહ, તેણે ધર્યું મનુષ્યનું દેહ...'** ગાવામાં આવે છે. શ્રી સત્સંગિજીવન અને ભક્તચિંતામણી તથા શ્રીજીમહારાજના પાંચસો પરમહંસોના નામોમાં **એકેયનું નામ** અક્ષર-પુરુષોત્તમ નથી. તેમજ જનમંગલ તથા સર્વમંગલ સ્તોત્રમાં શ્રીજીમહારાજના હજાર નામોમાં પણ **એકેય નામ** અક્ષર-પુરુષોત્તમ નથી.

આના ઉપરથી એ **ફલિત** થાય છે કે, 'સ્વામિનારાયણ' શબ્દમાં 'સ્વામિ' શબ્દ એ શ્રી ગુણાતીતાનંદ સ્વામીને માટે પ્રયોજાયેલો નથી. પરંતુ **'સ્વામિ'** અને **'નારાયણ'** આ બંને શબ્દો એક જ વ્યક્તિ માટે અને તે ભગવાન શ્રી **સહજાનંદ સ્વામી માટે** જ પ્રયોજાયેલા છે અર્થાત્ 'स्वामी चासौ नारायणश्च इति स्वामिनारायणः' આવો **કર્મધારય** સમાસથી શબ્દ સિદ્ધ થાય છે. જેનો અર્થ 'સ્વામી એવા જે નારાયણ' એવો થાય છે.

'સ્વામિનારાયણ' મહામંત્રમાં 'स्वामियुतश्चासौ नारायणश्च इति स्वामिनारायणः' આવો મધ્યમપદલોપિ-તત્પુરુષ સમાસ ન થઈ શકે. કારણ કે સ્વયં શ્રીજીમહારાજ ગઢડા મધ્ય પ્રકરણના ત્રીજા વચનામૃતમાં કહે છે :- ''એ બ્રહ્મ થકી પરબ્રહ્મ જે પુરુષોત્તમ નારાયણ તે નોખા છે ને એ બ્રહ્મના પણ કારણ છે ને આધાર ને પ્રેરક છે.''

કારણ અને કાર્ય, આધાર અને આધેય, પ્રયોજક અને પ્રયોજ્ય હંમેશા **અલગ જ** હોય છે. બે સાથે માનવામાં આવે તો કાર્યકારણ આદિક ભાવની **વ્યુત્પત્તિ** થઈ શકશે નહિ.

અને બીજી વાત એ સમજવાની કે, દરેક ધામમાં **ઉપાસ્યમૂર્તિ** ધામ થકી જુદી જ હોય છે. ધામ એ જ **ઉપાસ્ય સ્વરૂપ** નથી હોતું. જેમ કે, બદ્રિકાશ્રમમાં શ્રી નરનારાયણ દેવ, વૈકુંઠમાં શ્રી લક્ષ્મીનારાયણ દેવ , ગોલોકમાં શ્રી રાધાકૃષ્ણ દેવ તેમ અક્ષરધામમાં ઉપાસ્યમૂર્તિ **'ભગવાન શ્રી સ્વામિનારાયણ'** છે તે અક્ષરધામ - અક્ષરબ્રહ્મ થકી જુદા છે અને અક્ષરબ્રહ્મ થકી પર છે. અક્ષરાતીત છે, અક્ષરધામના અધિપતિ છે માટે ઉપાસ્ય સ્વરૂપમાં 'ભગવાન શ્રી સ્વામિનારાયણ'માં 'સ્વામિ' તે ધામરૂપ અક્ષરબ્રહ્મ નથી, પરંતુ 'સ્વામિ' એ નારાયણનું **ઐશ્વર્યવાચક** વિશેષણ છે.

● **પ્રશ્ન : ૭.** 'स्वामि चासौ नारायणश्च इति स्वामिनारायणः' આવો કર્મધારય સમાસથી શબ્દ સિદ્ધ થાય છે. જેનો અર્થ 'સ્વામી એવા જે નારાયણ' એવો થાય છે. આવી રીતના અર્થથી સિદ્ધ થતાં શબ્દને શ્રીજીમહારાજનું નામ સમજીએ અને 'स्वामियुतश्चासौ नारायणश्च इति स्वामिनारायणः' આવો મધ્યમપદલોપિ-તત્પુરુષ સમાસથી શબ્દ સિદ્ધ થાય છે. જેનો અર્થ 'સ્વામીએ સહિત નારાયણ' એવો થાય છે. આવી રીતના અર્થથી સિદ્ધ થતો 'સ્વામિનારાયણ' શબ્દ **મહામંત્ર** છે (આ પ્રમાણે કેટલાક કહે છે તો) એમ સમજી શકાય કે નહિ ?

ઉત્તર :- ના, ન સમજી શકાય. કારણ કે શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના ધર્મગ્રંથોમાં સ્વામિનારાયણ 'નામ' અને સ્વામિનારાયણ 'મહામંત્ર' આ બંને શબ્દોનો સમાન અર્થમાં જ પ્રયોગ થયેલો છે. (દા.ત.) સ.ગુ. શ્રી **અદ્‌ભુતાનંદ સ્વામી**ના **શિષ્ય** વિદ્વાન સ.ગુ. શ્રી ઘનશ્યામચરણદાસજી સ્વામી **'आद्यात्मिक तत्त्वाख्यानम्'** નામના ગ્રંથમાં સ્વામિનારાયણ મહામંત્રમાં કર્મધારય સમાસ કરતા લખે છે :-

નામ હોય કે મંત્ર હોય પણ બંને પ્રયોગ અર્થ અને ઓળખ બતાવવા માટે જ થાય છે. 'कः स्वामिनारायणः ? इति प्रश्ने 'कुण्डली व्यूढोरस्को वृत्तबाहुरीदृशः स्वामिनारायणः' કોણ **સ્વામિનારાયણ** છે ? આ પ્રશ્નના ઉત્તરમાં કહેવામાં આવે છે કે, કુંડલના ધરતલ, ઉપડતી છાતીવાળા, આજાનબાહુવાળા છે એ **સ્વામિનારાયણ.** આમ, નામ અને મંત્ર આ બંનેથી એકજ અર્થ બતાવવામાં આવે છે.

'વળી આ સમે ધર્યું જે નામ રે, તેને જપતાં જાયે અક્ષરધામ રે;
નીલકંઠ નામ ઘનશ્યામ રે, સદા સર્વ સુખનું ધામ રે. ॥૧૪॥
સ્વામિનારાયણ નારાયણ રે, ભજી કૈં થયા ધામપરાયણ રે;
લેતા નારાયણ મુનિ નામ રે, પામ્યા કંઈ સુખવિશ્રામ રે. ॥૧૬॥
હરિ હરિકૃષ્ણ કૃષ્ણ કે'તા રે, તર્યા અપાર એ નામ લેતાં રે;
એવા નામના નામી જે સ્વામી રે, તે છે અક્ષરધામના ધામી રે.॥૧૭॥'

(પુરુષોત્તમ પ્રકાશ : ૨૨)

'એવો નામનો છે પ્રતાપ રે, ધન્ય જે જન જપે આપ રે;
પૂર્ણ પુરુષોત્તમ સુખધામ રે, તેણે ધર્યું સહજાનંદ નામ રે.॥૫॥
સહજાનંદ સહજાનંદ ગાય રે, તે તો અક્ષરધામમાં જાય રે;
સહજાનંદ નામ જેને મુખે રે, તે તો બ્રહ્મપુર જાશે સુખે રે.॥૬॥
જેહ મુખે એ નામ ઉચ્ચાર રે, તે તો પામી ગયા ભવપાર રે;
સહજાનંદ નામ સમરતાં રે, નથી પરિશ્રમ પાર ઊતરતાં રે.॥૭॥
સહજાનંદ નામ જે વદને રે, તે તો પહોંચ્યા બ્રહ્મસદને રે;
સહજાનંદ સહજાનંદ ગાતાં રે, નથી કઠણ એને ધામ જાતાં રે. ॥૮॥
સહજાનંદ સહજાનંદ કહિએ રે, જાણે એથી પરમપદ લહિયે રે;
જેને અખંડ એ છે રટન રે, તેને ન રહે ભવ અટન રે. ॥૯॥
સ્વામિનારાયણ શબદે રે, પ્રાણી વાસ કરે છે બેહદે રે;
સહજાનંદ નામ સુણ્યું કાને રે, તેને આવ્યું છે એ ધામ પાને રે. ॥૧૦॥'

(પુરુષોત્તમ પ્રકાશ : ૨૩)

[**નોંધ** :- ઉપરોક્ત પંક્તિઓમાં **સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામીના મતે** નીલકંઠ, ઘનશ્યામ, સ્વામિનારાયણ, નારાયણમુનિ, હરિ, હરિકૃષ્ણ, સહજાનંદ - આ બધા નામોમાં શબ્દ **ભેદો** હોવા છતાં ત્યાં **અર્થભેદ** બિલકુલ નથી.]

જે તરસ છીપાવે છે તેને કોઈ **પાણી** કહે છે, કોઈ **જલ** પણ કહે છે, કોઈ **ભૂ** કહે છે, કોઈ **વોટર** કહે છે. આ બધા **શબ્દભેદ** હોય પણ તેમાં અર્થ ફેર નથી અને જે પદાર્થ છે તે તો એક જ છે. તેમાં કશો ફરક પડતો નથી.

'સ્વામિનારાયણ નામનું **રટન** કરવું' કે 'સ્વામિનારાયણ મહામંત્રનો **જપ** કરવો' - આ બંનેમાં શબ્દભેદ હોવા છતાં **અર્થભેદ**

'कर्मधारयवृत्त्यायं स्वामिनारायणेति वै । मन्त्रः सर्वान्तरात्मानं सर्वाधारं पतिं तथा ।।'

(અ.૨૨, શ્લોક-૭૪)

સ્વામી અને નારાયણ - આ બંને સાર્થક નામો વચ્ચે 'स्वामी चासौ नारायणश्च इति स्वामिनारायणः' કર્મધારય સમાસથી આવો મહામંત્ર સિદ્ધ થાય છે. જેનો અર્થ સર્વ ઐશ્વર્ય સંપન્ન, સર્વશેષી, સર્વાન્તર્યામી, સર્વાધાર શ્રીજીમહારાજ છે, એવો થાય છે. આમ, **'આધ્યાત્મિક તત્ત્વાખ્યાનમ્'** ગ્રંથમાં 'શ્રી સ્વામિનારાયણ' મહામંત્રમાં **કર્મધારય સમાસ** જ સ્વીકાર્યો છે. પરંતુ મધ્યમપદલોપિ તત્પુરુષ સમાસ સ્વીકાર્યો નથી.

એ જ મહામંત્ર ભગવાન શ્રી સ્વામિનારાયણનું નામ છે એ કહેતા **'આધ્યાત્મિક તત્ત્વાખ્યાનમ્'** ગ્રંથમાં લખે છે :-

'स एव श्रीहरिः कृष्णः प्रादुर्भूतः कलाविह । नाम्ना च हरिकृष्णः स्वामिनारायणस्तथा ।।अ.२२ श्लो. ७१।।'

જે સર્વાંતરાત્મા, સર્વનિયંતા, સર્વાધાર, સર્વજ્ઞ, સર્વતંત્ર-સ્વતંત્ર જે નારાયણ કહ્યા એ જ **શ્રીહરિકૃષ્ણ** તથા **સ્વામિનારાયણ** નામથી આ કળિયુગમાં પ્રગટ્યા છે.

સ.ગુ. શ્રી **પ્રેમાનંદ સ્વામી** પ્રગટ ભગવાન શ્રીહરિના નામને જ **મહામંત્ર** કહે છે :-

'સ્વામિનારાયણ મહામંત્ર છે, પ્રગટ હરિનું નામ; આ અવસર જે કોઈ લેશે, તેના સરશે કામ.'

(પ્રેમાનંદ કાવ્ય : પદ - ૫૮૦/૧)

અને બીજી **ખાસ વાત** એ સમજવાની કે, શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં ભગવાન શ્રી સ્વામિનારાયણના નામને જ **'મહામંત્ર'** કહેવામાં આવે છે. અર્થાત્ 'સ્વામિનારાયણ' નામનો મહામંત્રના શબ્દથી વ્યવહાર કરવામાં આવે છે. એટલે 'સ્વામિનારાયણ' **નામ** અને **'મહામંત્ર'** બંને એક જ છે. બંનેને અલગ-અલગ સમજવું એ બુદ્ધિની ક્ષુદ્રતા છે. અન્ય સંપ્રદાયમાં પણ ભગવાનનું નામ અને મંત્ર બંનેને એકજ ગણવામાં આવ્યા છે. દા.ત. દશરથના પુત્ર જે શ્રી રામ હતા તે રામનામને જ **મંત્ર** કહેવામાં આવે છે. વસુદેવના પુત્રનું નામ જે **શ્રી કૃષ્ણ** હતું તે કૃષ્ણનામને જ **મંત્ર** કહેવામાં આવે છે. પરંતુ કોઈ સ્વાર્થને ખાતર એમ કહે કે, દશરથના પુત્ર શ્રી રામ છે એને નામ સમજવાનું અને 'रमन्ते योगिनो यस्मिन् इति रामः' આવી રીતની વ્યુત્પત્તિથી જે શબ્દ સિદ્ધ થાય તેને મંત્ર સમજવો. એવી રીતે વસુદેવના પુત્ર **શ્રી કૃષ્ણ** છે એને નામ સમજવાનું અને 'कर्षति अरीन् महाप्रभावशक्त्या इति कृष्णः' આવી રીતની વ્યુત્પત્તિથી જે શબ્દ સિદ્ધ થાય તેને મંત્ર સમજવો. આમ, કદાચ કોઈ કહે તો એ કેવળ પોતાની બુદ્ધિનું પ્રદર્શન કર્યું કહેવાય પરંતુ તેમાં કશું તથ્ય નથી. કોઈ **'રામ'** શબ્દને સંજ્ઞા શબ્દ માની 'अर्थवदधातुरप्रत्ययः प्रातिपदिकम्' (અષ્ટાધ્યાયી : ૧/૨/૪૫) સૂત્રથી **પ્રાતિપદિક** સંજ્ઞા કરે છે. તો કોઈ ભગવત્ગુણ અનુરૂપ વ્યુત્પત્તિથી રામ શબ્દ સિદ્ધ કરી 'कृत्तद्धितसमासाश्च' (અષ્ટાધ્યાયી : ૧/૨/૪૬) સૂત્રથી પ્રાતિપદિક સંજ્ઞા કરે છે. પરંતુ આ બંને શબ્દોથી અર્થ તો એક વ્યક્તિપરક જ લેવાય છે. આ સમજાવતા **મહાભાષ્યકાર** કહે છે :- 'अर्थगत्यर्थः शब्दप्रयोगः । अर्थं संप्रत्यायविष्यामीति शब्दः प्रयुज्यते तत्रैकेनोक्तत्वात् तस्यार्थस्य द्वितीयस्य प्रयोगेण न भवितव्यम् (।।२।१।१।। भाष्य)' - અર્થનો બોધ કરવા માટે શબ્દનો **પ્રયોગ** કરવામાં આવે છે. એક શબ્દથી અર્થનો **બોધ** થઈ ગયા પછી બીજીવાર એ જ અર્થના બોધ માટે **એ જ શબ્દનો પ્રયોગ** કરી શકાય નહિ.

બિલકુલ નથી.

'નામાऽર્થયોરભેદસમ્બન્ધેનૈવાન્વયો વ્યુત્પન્નઃ' શબ્દ (નામ) અને અર્થનો પરસ્પર **અભેદ સંબંધ**થી અન્વય થાય છે. આ વાતને સમજાવતા યોગભાષ્યમાં **પતંજલિ** કહે છે :- 'पदपदार्थयोरितरेतराध्यासरूपः स्मृत्यात्मको योऽयं शब्दः सोऽर्थो योऽर्थः स शब्द इति (યો.ભા. ૩।૧૭)' પદ અને પદાર્થમાં પરસ્પર તાદાત્મ્યરૂપ સ્મૃતિનો વિષય, જે આ શબ્દ છે તે જ અર્થ છે અને જે આ અર્થ તે જ શબ્દ છે.

જેમ કે - કોઈ **પ્રશ્ન** પૂછે કે શબ્દ શું છે ? અથવા અર્થ શું છે ? આ બંને પ્રકારના પ્રશ્નોના ઉત્તરમાં **'સ્વામિનારાયણ'** આ શબ્દ છે. **'સ્વામિનારાયણ'** આ **અર્થ** છે. આવો એકજ પ્રકારનો **ઉત્તર** જોવામાં આવે છે. કારણ કે બંનેમાં **તાદાત્મ્ય સંબંધ** છે.

'ओमित्येकाक्षरं ब्रह्म (ब्रह्मविद्योप. - ३) रामेति द्व्यक्षरं नाम मानभङ्गः पिनाकिनः (परमलघुमञ्जुषा शक्तिनिरूपण)' ઓમ્ એ એક અક્ષર (વર્ણ) બ્રહ્મ છે, 'રામ' એ બે અક્ષરવાળું નામ પિનાકીનું માનભંગ કરે છે. એક વર્ણવાળા બ્રહ્મ કેમ હોય શકે ? બે અક્ષરવાળું 'રામ' શબ્દથી પિનાકી ધનુષ્ય કેમ ભાંગે ? એક વર્ણવાળો **'ઓમ્'** વર્ણ અને **બ્રહ્મ**નો તાદાત્મ્ય સંબંધમાનથી પ્રયોગ થઈ શકે છે. 'રામ' એ શબ્દનો મર્યાદા પુરુષોત્તમ રામની સાથે **અભેદ સંબંધ** થવાથી જ પિનાકી ધનુષ્ય ભાંગવું સંભવ છે. સ.ગુ. શ્રી મુક્તાનંદ સ્વામી પણ શબ્દ અને અર્થનું તાદાત્મ્ય સંબંધ માની પ્રયોગ કરે છે. જેમ કે - **'સ્વામિનારાયણ સ્વામિનારાયણ સ્વામિનારાયણ જપના, મનવા એહી મંત્રરાજ ઈષ્ટદેવ અપના...'**

અહિં મંત્ર તો એક શબ્દ (ની આનુપૂર્વી) છે તે ઈષ્ટદેવ કઈ રીતે માની શકાય ? પરંતુ 'સ્વામિનારાયણ' આ શબ્દ સહજાનંદ સ્વામીની સાથે તાદાત્મ્ય સંબંધ થવાથી જ ઈષ્ટદેવ થઈ શકે છે.

'मननात् त्रायते यस्मात् तस्माद् मन्त्रः प्रकीर्तितः (शब्दकल्पद्रुमः)' એટલે કે મનન-ચિંતનપૂર્વક જપ કરવાથી રક્ષણ કરે છે, તેથી **મંત્ર** કહેવાય છે. અર્થાત્ મનન-ચિંતનપૂર્વક ભગવાનના નામનો જપ કરવાથી રક્ષણ થાય છે, તેથી મંત્ર કહેવાય છે.

મંત્રનો **બીજો અર્થ** એ પણ થાય છે : દેવતાને સંબોધિત કરવું અને નામનો અર્થ થાય છે : કોઈ વિશેષ વ્યક્તિને સંબોધિત કરવું. અર્થની દૃષ્ટિએ તો બંને સમાન અર્થની પ્રતીતિ કરાવે છે. શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના સાહિત્યમાં તો **નામ** અને **મંત્ર** એ બંનેનો **સમાન અર્થમાં જ પ્રયોગ** થયેલો છે :

સ.ગુ. શ્રી **પ્રેમાનંદ સ્વામી** ગાય છે :-

'સ્વામિનારાયણ સ્વામિનારાયણ, મુખે રટીયે નામ; ધન જોબન ને આવરદા, એનો ન કરીએ નિરધાર.'

(પ્રેમાનંદ કાવ્ય : પદ - ૫૭૯/૧)

'સ્વામિનારાયણ નામનો પ્રાણી, અતિ મોટો પ્રતાપ; અંતકાળે પ્રભુ તેડવા આવે, સ્વામિનારાયણ આપ.'

(પ્રેમાનંદ કાવ્ય : પદ - ૫૮૦/૩)

'સ્વામિનારાયણ આજ પ્રગટ મહામંત્ર છે, શ્રવણે સાંભળતા કંપે દિનકર દૂત જો...'

(પ્રેમાનંદ કાવ્ય : પદ - ૮૪૭)

[**નોંધ :-** ઉપરોક્ત પંક્તિઓમાં સ.ગુ. શ્રી પ્રેમાનંદ સ્વામી 'સ્વામિનારાયણ' **નામ** અને 'સ્વામિનારાયણ' **મહામંત્ર** આ બંનેનો **સમાન અર્થમાં જ** પ્રયોગ કરે છે.]

સ.ગુ. શ્રી **મુક્તાનંદ સ્વામી** ગાય છે :-

'સ્વામિનારાયણ નામ જપો મુખ, સંત શું રાખો પ્રીતિ રે; મુક્તાનંદ કહે માન્ય શીખામણ, તો જઈશ જગત જીતી રે..'

(કીર્તન મુક્તાહારમ્ : પદ -૧, પેજ નં.૨૪૬)

'સ્વામિનારાયણ મુખે ઉચ્ચરે, તેને જન્મમરણ જમનો ભય જાય...નારાયણ.
મુક્તાનંદ કે' મહિમા અતિ ઘણો, તેને એક મુખે રે કવિ કેટલોક ગાય...નારાયણ.'

(કીર્તનામૃત : પદ - ૪, પેજ નં. ૨૩૩, સરધાર પ્રકાશન - ૨૦૧૦)

'સ્વામિનારાયણ સ્વામિનારાયણ કહોરે મન મેરા, એહિ હૈ મહામંત્ર-સાર મીટે ભવ ફેરા...'

(કીર્તન મુક્તાહારમ્ : પદ -૨, પેજ નં. ૧૬૫)

'શ્રીનારાયણ સ્વામિને પરહરી, જાર ભજનાર સર્વે ખ્વાર થાશે; કહે છે મુક્તાનંદ પ્રગટ ભજ પ્રાણિયા...'

(કીર્તન મુક્તાહારમ્ : પદ-૨, પેજ નં. ૧૬૮)

[**નોંધ :-** સ.ગુ. શ્રી મુક્તાનંદ સ્વામી ઉપરોક્ત પંક્તિઓમાં **'સ્વામિનારાયણ'** નામને જ **મહામંત્ર** કહે છે.]

સ.ગુ. શ્રી **નિષ્કુળાનંદ સ્વામી** ગાય છે :-

'સ્વામિનારાયણ નામ રે વ્હાલું લાગે સ્વામિનારાયણ નામ રે; રાતદિવસ મારા રૂદિયા ભીતર, જપીશ હું આહું જામ રે...'

સ.ગુ. શ્રી દેવાનંદ સ્વામી ગાય છે :-

'સ્વામિનારાયણ સુમરણ કરલે, ભજય નારાયણ ભાઈ; રસના સ્વામિનારાયણ રટતે, જનમ મરણ મીટ જાઈ.
નામ તણો મહિમા અતિ મોટો, વેદ પુરાન બતાઈ; દેવાનંદ કહે સ્વામી, પ્રગટ ભયે સંતન કે સુખદાઈ...'

(દેવાનંદ કાવ્ય : પદ ૧૧૧૧, પેજ નં.૪૫૪)

પ.પૂ. ધ.ધુ. આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજ સ્વયં **શ્રીમુખ** શબ્દોની **નોંધ** કરતા લખે છે :-

'જે સ્વામિનારાયણ નામ લેશે તેનાં બધા પાતક બાળી દેશે; છે નામ મારાં શ્રુતિમાં અનેક, સર્વોપરી આજ ગણાય એક.
ષડક્ષરી મંત્ર મહાસમર્થ, જેથી થશે સિદ્ધ સમસ્ત અર્થ; સુખી કરે સંકટ સર્વ કાપે, અંતે વળી અક્ષરધામ આપે.
જો અંતકાળે શ્રવણે સુણાય, પાપી તણો તે પણ મોક્ષ થાય; તે મંત્રથી ભૂત પિશાચ ભાગે, તે મંત્રથી તો સદ્‌બુદ્ધિ જાગે.
તે મંત્ર જેના મુખથી જપાય, તેના થકી તો જમ નાશી જાય; શ્રી સ્વામિનારાયણ જે કહેશે, ભાવે કુભાવે પણ મુક્તિ લેશે.'
'...તે સ્વામિનારાયણ નામ લેતા, લાજી મરે છે મુખથી કહેતા; શ્રી સ્વામિનારાયણ નામ સાર, છે પાપને તે પ્રજળાવનાર...'

(શ્રીહરિલીલામૃત : ૫/૩)

[**નોંધ :-** પ.પૂ. ધ.ધુ. આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજ **'શ્રીહરિલીલામૃત'** ગ્રંથમાં સ્વામિનારાયણ **'નામ'** અને સ્વામિનારાયણ **'મહામંત્ર'** બંને એકજ વ્યક્તિના અર્થમાં પ્રયોગ થયેલો છે એમ **સ્પષ્ટ** કહે છે.]

સ.ગુ. શ્રી **નિષ્કુળાનંદ સ્વામી** ગાય છે :-

‘સ્વામિનારાયણ નામનો રે, શક્કો બેસારિયો આપ, એ નામને જે આશર્યા રે, તેના તે ટળિયા તાપ;’

(પુરુષોત્તમ પ્રકાશ : ૫૫/૧૧)

‘જેમાં સહજાનંદ સ્વામી નામ રે, આવે જે કાવ્યમાં ઠામોઠામ રે;
એવી કાવ્ય કે’તા ને સાંભળતા રે, વાર ન લાગે મહાસુખ મળતાં રે.
મહામંત્રરૂપ એ કા’વે રે, તેને તુલ્ય બીજુ કેમ આવે રે.’

(પુરુષોત્તમ પ્રકાશ : ૪૭/૭-૯-૧૦)

[**નોંધ :-** ઉપરોક્ત પંક્તિઓમાં સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામીએ **સહજાનંદ સ્વામી** નામને પણ **મહામંત્ર** કહ્યો છે.]

‘આજ એ નામનો અમલ રે, તે ન વીસરવું એક પલ રે; લેતા નામ નારાયણ સ્વામી રે, જાણો તે બેઠા ધામને પામી રે..’

(પુરુષોત્તમ પ્રકાશ : ૪૭/૧૨)

‘લેતા સ્વામિનારાયણ નામ રે, થાય શુદ્ધ સહુ નરનાર રે; માટે જે જપશે એ નામ રે, તે તો પામશે અક્ષરધામ રે.
એવો એ નામનો પરતાપ રે, પ્રગટાવ્યો પૃથવી પર આપ રે.’

(પુરુષોત્તમ પ્રકાશ : ૩૩/૧૩-૧૪)

‘સુણી સ્વામિનારાયણ નામ રે, સર્યા કંઈક જીવના કામ રે; કાને એ નામની ભણક પડી રે, તેને અક્ષરપોળ ઉઘડી રે.’

(પુરુષોત્તમ પ્રકાશ : ૨૩/૧૧)

‘હાલે હુકમ એ નામ તણો રે, આજ અમલ એહનો ઘણો રે; શક્કો સર્વે પ્રકારે છે એનો રે, નથી અમલ આજ બીજા કેનો રે.’

(પુરુષોત્તમ પ્રકાશ : ૨૨/૧૯)

‘સ્વામિનારાયણ નામ સહુને, નક્કી લેવરાવ્યું નામ; ભજન કરાવી આ ભવમાં, આપિયું અક્ષરધામ.’

(પુરુષોત્તમ પ્રકાશ : ૫૪/૧૫)

‘સૂર્યનારાયણ જે કહેવાય, વૈરાટનારાયણ પણ લેવાય. લક્ષ્મીનારાયણ નામ કહે છે, નરનારાયણ નામ લહે છે;
વાસુદેવનારાયણ સાર, એવા નારાયણ નામ અપાર. તે સૌ નારાયણનો હું સ્વામી, સહુ રહ્યા મને કરભામી;
માટે સ્વામિનારાયણ જેહ, નામ મારું છે કહું છું તેહ. સર્વોપરિ નામ છે એ સાર, માટે રટજો સહુ નરનાર;
એહ નામ રટે જન જેહ, પામે અલૌકિક સુખ તેહ.’

(પુરુષોત્તમલીલામૃત સુખસાગર : તરંગ ૧૩)

- પાંચ દશવાર **સ્વામિનારાયણ સ્વામિનારાયણ નામ જાણે અજાણે લેશે, તેનું પણ** આપણે **કલ્યાણ** કરવું પડશે.

(શ્રી ગુણાતીતાનંદ સ્વામીની વાતો : ૧/૨૪)

- **સ્વામિનારાયણ** નામના મંત્ર જેવો બીજો કોઈ મંત્ર આજ બળિયો નથી.

(શ્રી ગુણાતીતાનંદ સ્વામીની વાતો : ૧/૧૫૪)

- **સ્વામિનારાયણ** નામનો મંત્ર બહુ બળિયો છે, માટે ભજન કર્યા કરવું.

(શ્રી ગુણાતીતાનંદ સ્વામીની વાતો : ૧/૨૪૫)

[**નોંધ :-** સ.ગુ. શ્રી ગુણાતીતાનંદ સ્વામીએ **ઉપરોક્ત વાતોમાં** સ્વામિનારાયણ **‘નામ’** અને સ્વામિનારાયણ **‘મહામંત્ર’** બંનેનો **એક જ વ્યક્તિ પરક** પ્રયોગ કરેલો છે.]

- લય તો ભગવાનની લીલાનાં ચિંતવને કરીને તથા **સ્વામિનારાયણ** નામના ભજને કરીને ટળે છે.

(યોગીવર્ય શ્રી ગોપાળાનંદ સ્વામીની વાતો : ૧/૨૮૦)

- એકાદશીને દિવસ આ કિર્તન સાંભળ્યાં જે **‘‘સ્વામિનારાયણ સ્વામિનારાયણ ઉંચે સાદે ગાય, સાંભળીને યમદૂત તેને દૂરથી લાગે પાય’’** એ કિર્તન સાંભળીને સંતે પૂછ્યું જે એ કિર્તન કુસંગી લોક ગાય તો યમદૂત છેટે રહે કે ન રહે ? ઉત્તર જે સ્વામિનારાયણ કહેવું એ મહામંત્ર છે તે શું ? તો સત્સંગી ગાતા હોય કે કુસંગી ગાતા હોય પણ યમના દૂત તો છેટે રહે છે એવો એ નામનો પ્રતાપ છે.

(શ્રી શુકાનંદ સ્વામીની વાતો : ૧૭)

- ઉંચે સાદે **સ્વામિનારાયણ સ્વામિનારાયણ** નામ લે છે તે સર્વેને **શ્રીજીમહારાજ** સાંભળે છે ને સર્વના સામું જોઈ રહ્યા છે ને બહુ રાજી થાય છે જે આ બહુ સારું કરે છે એમ **સર્વે મુક્તને ને ગોપાળાનંદ સ્વામી**ને કહે છે ને સ્વામી પણ રાજી થાય છે.

(શ્રી શુકાનંદ સ્વામીની વાતો : ૧૮)

[**નોંધ :-** ઉપરોક્ત કહેલા પ્રમાણોથી એ સિદ્ધ થાય છે કે, સ્વામિનારાયણ ‘નામ’ અને સ્વામિનારાયણ ‘મહામંત્ર’ - આ બંનેનો **સમાન અર્થમાં જ પ્રયોગ** થયેલો છે. અર્થાત્ નામ અને મહામંત્ર આ બંનેમાં ‘स्वामी चासौ नारायणश्च इति स्वामिनारायणः’ આવો **કર્મધારય સમાસ** જ થાય છે.]

- ‘ॐ नमोऽवतारिणे स्वामिनारायणाय । एतन्मन्त्राक्षरावृत्त्या कुर्याद्व्यासं च हस्तयोः ।’ - नमोऽवतारिणे स्वामिनारायणाय । એ મંત્રના અક્ષરોથી **કરન્યાસ** કરવો.

(શ્રીહરિચરિત્રમ્ : પ્રથમ પરિચ્છેદ, ૪૨/૧૧)

- ‘नमोऽवतारिणे स्वामिनारायणाय चेति वै । मूलमन्त्रस्य विप्रेन्द्रैः कारयेज्जपमिष्टदम् ।।’ - नमोऽवतारिणे स्वामिनारायणाय । આ **મૂળ મંત્ર** છે. તેનો **જાપ** વિપ્રો પાસે કરાવવો.

(શ્રીહરિચરિત્રમ્ : માહાત્મ્ય, ૯/૧૭)

- ‘नमोऽवतारिणे स्वामिनारायणाय ते नृप । इति श्लोकाद्यवर्णैस्तं जपन्तस्तुष्टुवुर्मनुम् ।।’ - नमोऽवतारिणे स्वामिनारायणाय । આ મંત્રનો જાપ કરતા સંતોએ ભગવાન શ્રીહરિની **સ્તુતિ** કરી. (શ્રીહરિચરિત્રમ્ : દ્વિતીય પરિચ્છેદ, ૧૪/૪૧)

[**નોંધ :-** અહિં સ.ગુ. બ્રહ્મચારી શ્રી અખંડાનંદ સ્વામી ‘સ્વામિનારાયણ’ મહામંત્રને **અવતારી** વિશેષણ લગાડે છે. હવે જો ‘स्वामियुतश्चासौ नारायणश्च इति स्वामिनारायणः’ આવો મધ્યમપદલોપિતત્પુરુષ સમાસથી શબ્દ સિદ્ધ થાય છે. જેનો અર્થ ‘સ્વામીએ સહિત નારાયણ’ એવો થાય એમ માનીશું તો તેને **‘અવતારી’** વિશેષણ લાગી શકશે નહિ. કારણ કે અવતારી સ્વામીએ સહિત નારાયણ નથી, પરંતુ અવતારી **‘સ્વામિનારાયણ’** એકજ છે. ‘स्वामियुतश्चासौ नारायणश्च इति स्वामिनारायणः’ આવો મધ્યમપદલોપિ-તત્પુરુષ સમાસથી શબ્દ સિદ્ધ કરી આ સહજાનંદ સ્વામીનું નામ છે એ પણ કહી શકાશે નહિ. કારણ કે મધ્યમપદલોપિતત્પુરુષ સમાસથી સિદ્ધ થતાં **‘સ્વામિનારાયણ’** શબ્દને ‘भक्तिधर्मात्मजः, भक्तितनयः’ આદિક વિશેષણો લાગી શકશે નહિ. સ્વામીએ સહિત નારાયણ એ ભક્તિધર્મના પુત્ર ન હતા. પરંતુ કેવળ ‘સ્વામિનારાયણ’ જ હતા. એવું તો તમે પણ ખૂલ્લા મનથી

સ્વીકારો જ છો.]

- 'स एव साक्षाद्भगवान् स्वामिनारायणाख्यया । प्रसिद्धोऽस्ति स मां पायाद्धरिः सर्वान्तरायतः ।।' - સર્વજીવ પ્રાણીમાત્રના અંતર્યામી છે અને અક્ષરથી પણ પર છે. એ જ પરમાત્મા અત્યારે આ ભૂમિ ઉપર **'સ્વામિનારાયણ'** એવા નામથી **પ્રસિદ્ધ** છે.

(શ્રી સત્સંગિજીવન : ૧/૧/૧૨)

- 'स्वामिनारायणो नीलकण्ठो नारायणो हरिः।हरिकृष्णश्च सहजानन्दः कृष्णोऽस्तु मे हृदि ।।'

- શ્રીસ્વામિનારાયણ, નીલકંઠ, નારાયણ, હરિ, હરિકૃષ્ણ, સહજાનંદ તેમજ શ્રીકૃષ્ણ વગેરે નામોનું સ્મરણ કરી મારા હૃદયમાં સદા તમે બિરાજો એમ **પ્રાર્થના** કરવી.

(શ્રી સત્સંગિજીવન માહાત્મ્ય : ૪/૨)

- 'हरिकृष्णो घनश्यामो नीलकण्ठश्च स स्मृतः । स्वामी च सहजानन्दः स्वामिनारायणस्तथा ।।' - અને તે હરિકૃષ્ણ, ઘનશ્યામ, નીલકંઠ આ નામોથી તથા સ્વામી, સહજાનંદ, **સ્વામિનારાયણ** નામથી પણ તેમને કહેલા છે.

(શ્રી સત્સંગિજીવન : ૫/૬૯/૧૭)

- 'स्वेन शोकश्च सर्वेषां हृतः सार्थं हरिस्ततः । इति चक्रे निजं नाम स्वामिनारायणः स्वयम् ।।' - અક્ષરાધિપતિ સ્વયં ભગવાન શ્રી સ્વામિનારાયણે ભક્તોના શોક હરી-ટાળીને પોતાનું **'હરિ'** એવું નામ **સાર્થક** કર્યું.

(શ્રીહરિચરિત્રમ્ : પ્રથમ પરિચ્છેદ,૭/૩૧)

- 'श्रीस्वामिनारायणसंज्ञयाऽद्धा तस्य प्रसिद्धस्य हरेर्हि पश्चात् । के चावतारास्तदुपासकाश्च केचिच्च मुक्ता ऋषयोऽत्र जाताः ।।'- તે ભગવાન શ્રીહરિ **'સ્વામિનારાયણ'** એવે નામે પ્રસિદ્ધ થયા તે પછી કેટલાક અવતારો, તેમના ભક્તો, અક્ષરાદિ ધામોના મુક્તો અને મરીચ્યાદિ ઋષિઓ પણ આ ભૂમિ ઉપર પ્રકટ્યા છે.

(શ્રીહરિચરિત્રમ્ : પ્રથમ પરિચ્છેદ,૨૧/૪૦)

- 'ईश्वरः कर्तुमकर्तुमन्यथाकर्तुमस्म्यहम् । स्वामिनारायणाद्याख्या भवान्नृन् मोचयन्ति मे ।।' - હું કર્તું અકર્તું અને અન્યથા કર્તું સમર્થ છું. **'સ્વામિનારાયણ'** આદિ મારા નામનું શ્રવણ કીર્તન સ્મરણ કરનાર મનુષ્યનો આ સંસારથી હું મોક્ષ કરું છું. તે મારા ધામને પામે છે.

(શ્રીહરિચરિત્રમ્ : દ્વિતીય પરિચ્છેદ,૨૩/૩૨)

- 'नमोनमस्ते हरयेऽवतारिणे श्रीस्वामिनारायणनाम धारिणे । ब्रह्माण्डसर्गस्थितिनाशहेतवे निबद्धनानानिजभक्तिसेतवे ।।' - **'શ્રી સ્વામિનારાયણ'** આવા નામે પ્રકટ થયેલા અવતારી આપ ભગવાન શ્રીહરિને અમે વારે વારે **નમસ્કાર** કરીએ છીએ. આપ આ બ્રહ્માંડની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયનું કારણ છો. આપે પોતાની એકાંતિકી ભક્તિ માટેના વિચિત્ર સેતુઓ બાંધ્યા છે.

(શ્રીહરિચરિત્રમ્ : દ્વિતીય પરિચ્છેદ,૨૭/૩૪)

- 'अतो भज त्वं नृप धर्मसंस्थितिः श्री स्वामिनारायणसंज्ञया क्षितौ । प्रसिद्धमीशं सकलावतारिणं तेनामरैर्लप्स्यसि शर्म दुर्ल्लभम् ।।' - હે નૃપ! માટે તમે ધર્મમાં રહીને આ ભૂમિ ઉપર **'સ્વામિનારાયણ'** આવે નામે પ્રસિદ્ધ, સર્વ અવતારના અવતારી, સર્વ નિયંતા ભગવાન શ્રીહરિને ભજો. તેથી દેવોને દુર્લભ ભગવદ્ધામની પ્રાપ્તિરૂપ સુખને પામશો.

(શ્રીહરિચરિત્રમ્ : તૃતીય પરિચ્છેદ,૧૧/૩૧)

- 'एकैकाङ्गं स्मरन् प्रीत्या मदीयं मालिकां जपेत् । वदन् प्रतिमणिं भक्तः स्वामिनारायणाऽभिधाम् ।।' - મારા ભક્તે પ્રેમથી મારા એક

એક અંગને સંભારવું. પારે પારે **'સ્વામિનારાયણ'** નામ બોલીને માળા જપવી-ફેરવવી.

(શ્રીહરિચરિત્રમ્ : તૃતીય પરિચ્છેદ,૨૨/૨૦)

- 'अतो नमो नमः स्वामिन् भक्तिधर्मात्मजाय ते । स्वामिनारायणाख्याय ब्रह्मधाम्नेऽवतारिणे ।।' - હે સ્વામિન્! ભક્તિધર્મના પુત્ર, **'સ્વામિનારાયણ'** નામે પ્રસિદ્ધ થયેલા અક્ષરધામના અધિપતિ અવતારી એવા આપને અમે સહુ વારંવાર **નમસ્કાર** કરીએ છીએ.

(શ્રીહરિચરિત્રમ્ : તૃતીય પરિચ્છેદ,૨૪/૫૪)

- 'मायापरे वस्तुत एव सत्ये कृष्णे परात्मन्यखिलैकपाले । श्रीस्वामिनारायणनाम्नि चात्मरूपेण हार्दं स्वहिताय कार्यम् ।।' - માયાથી પર, સત્ય સ્વરૂપ, સર્વના એક પાલક ભગવાન **શ્રી સ્વામિનારાયણ** પરમાત્મામાં આત્મસત્તારૂપે થઈને **સ્નેહ** કરવો.

(શ્રીહરિચરિત્રમ્ : ચતુર્થ પરિચ્છેદ,૪૯/૪૦)

[**ખાસનોંધ :-** ઉપરોક્ત શાસ્ત્રોના આધાર-પુરાવા ઉપરથી **નિર્ણય** થાય છે કે, **'સ્વામિનારાયણ'** નામ અને **'સ્વામિનારાયણ'** મહામંત્ર - આ બંનેનો **સમાન અર્થમાં પ્રયોગ** થયેલો છે. 'स्वामी चासौ नारायणः इति स्वामिनारायणः' એમ કર્મધારય સમાસ જ સમજવો, અને ઉપરોક્ત શાસ્ત્રોમાં બતાવેલા 'અવતારી', 'સર્વોપરી' 'कर्तुमकर्तुमन्यथाकर्तुम्' આદિક **વિશેષતા** એક **'સ્વામિનારાયણ'**ને જ લાગી શકે; પરંતુ આ વિશેષણ લગાડવાની અક્ષરબ્રહ્મમાં ક્યારેય **સ્વતંત્ર યોગ્યતા** નથી. 'स्वामी चासौ नारायणश्च इति स्वामिनारायणः' આમ કર્મધારય સમાસથી જે શબ્દ સિદ્ધ થાય છે તે સહજાનંદ સ્વામીનું **નામ** સમજવું. અને 'स्वामियुतश्चासौ नारायणश्च इति स्वामिनारायणः' આવો મધ્યમપદલોપિતપુરુષ સમાસથી જે શબ્દ સિદ્ધ થાય છે તેને **મહામંત્ર** સમજવો આવી કલ્પના કરવાની ચતુરાઈ ભરેલી વ્યવસ્થા તો, તમારા વિમુખોના **વચનમાત્રમાં જ** - બોલવા માત્રમાં જ શોભે એવી છે. પરંતુ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના **ધર્મગ્રંથો**ની **સાથે** વિચારવામાં આવે તો તે આખરે **મૂળમાંથી જ ખોટું** સાબિત થાય છે અને તે કેવળ **બુદ્ધિનું પ્રદર્શન** જ છે.]

મંત્રમાં મંત્રપણું પણ ભગવાનના નામને કારણે જ છે. જો મંત્રમાંથી ભગવાનના નામની બાદબાકી કરી નાંખવામાં આવે તો મંત્રમાંથી મંત્રપણું મટી જાય છે. આ વાતને સમજાવતા સ.ગુ. શ્રી શતાનંદ સ્વામી **'શિક્ષાપત્રી ભાષ્ય'**માં લખે છે :-

कपिलगीतायां च - 'तेपुस्तपस्ते जुहुवुः सस्नुरार्या ब्रह्मानूचुर्नाम गृणन्ति ये ते ।' वैदिकमन्त्रकृतानां यज्ञादिकर्मणां वैदिकमन्त्रजपस्यापि सादृगुण्यं भगवन्नाम्नैवेत्युक्तं श्रीभागवते - 'मन्त्रतस्तन्त्रतश्छिद्रं देशकालार्हवस्तुतः । सर्वं करोति निश्छिद्रं नामसंकीर्तनं तव ।।'

(भागवतम् : ८।२३।१६)'

કપિલગીતામાં કહ્યું છે કે, ''ભગવાનના નામનો જેણે **ઉચ્ચાર** કર્યો છે તેણે જ તપ કરેલું છે, હોમ કરેલો છે, સ્નાન કરેલું છે, વેદને ભણેલો છે. આથી તો વૈદિક મંત્રોથી કરેલા યજ્ઞાદિક કર્મોનું તથા વૈદિક મંત્ર જપનું પણ સાદૃગુણ્ય તો ભગવાનના નામને કારણે જ છે. એ શ્રીમદ્ ભાગવતમાં કહ્યું છે કે, દેશથી, કાળથી, મંત્રથી કે તંત્રથી કોઈ વસ્તુથી કોઈ ન્યૂનતા હોય તો તમારું **નામ સંકીર્તન** સર્વને સંપૂર્ણ કરે છે.''

स्कान्दे च - 'यस्य स्मृत्या च नामोक्त्या जपयज्ञक्रियादिषु । न्यूनं संपूर्णतां याति सद्यो वन्दे तमच्युतम् ।।' इति । श्री शङ्कराचार्यकृतविष्णुसहस्रनामभाष्यान्ते च - 'प्रमादात् कुर्वतां कर्म प्रच्यवेताध्वरेषु यत् । स्मरणादेव तद् विष्णोः संपूर्णं स्याद् इति श्रुतिः ।।'

इति ।

વળી, સ્કંદપુરાણમાં કહ્યું છે કે, ''જેના સ્મરણથી કે નામોચ્ચારણથી જપ યજ્ઞાદિકમાં અપૂર્ણતા હોય તે તત્કાળ **સંપૂર્ણપણા**ને પામે છે. તે પરમાત્માને હું વંદન કરું છું.'' શ્રી શંકરાચાર્યે કરેલા **'વિષ્ણુસહસ્રનામભાષ્ય'**ને અંતે કહ્યું છે કે, 'યજ્ઞાદિક કર્મો કરતા કોઈ કર્મમાં **ન્યૂનતા** થાય તો તે તત્કાળ વિષ્ણુ ભગવાનના સ્મરણ થકી **સંપૂર્ણ** થાય છે.' એવી **શ્રુતિ** છે :-

'तथा च श्रुतिः - 'मर्त्ता अमर्त्यस्य ते नाम भूरि मनामहे विप्रासो जातवेदसः इति ।' विष्णुधर्मोत्तरे - 'अधीताः सकला वेदाः साङ्गोपाङ्गा हि तेन तु । भगवन्नाम येनात्र जप्तं सर्वार्थसिद्धिदम् ।।' इति । 'ऋग्वेदोथ यजुर्वेदः सामवेदो ह्यथर्वणः । अधीतास्तेन येनोक्तं हरिरित्यक्षरद्वयम् ।।' इति ।'

શ્રુતિમાં કહ્યું છે કે, ''મરણ ધર્મવાળા અમે બ્રાહ્મણો અમૃતરૂપ મૂર્તિવાળા યજ્ઞનારાયણ રૂપ **તમારું નામ** વૈદિક મંત્રોથી, યજ્ઞાદિ કર્મથી પણ **અધિક** માનીએ છીએ. **વિષ્ણુધર્મોત્તર**માં કહ્યું છે કે, તે જ અંગ ઉપાંગસહિત સમગ્ર વેદો ભણેલા છે. સર્વ સિદ્ધિઓને આપનાર તથા સર્વ અર્થોને આપનાર ભગવાનનું નામ આ લોકમાં જેણે જપેલું છે, **હરિ** એવું **બે અક્ષરનું નામ** જેણે લીધેલું છે તે જ ઋગ્વેદ-યજુર્વેદ-સામવેદ અને અથર્વવેદને ભણેલો છે.''

ભગવાનના નામનો આવો **મહિમા** સાંભળી કોઈ તેને ખોટો મહિમા કહે અથવા **અર્થવાદ માત્ર** (તેમાં રૂચિ ઉપજાવવા માટે જ મહિમા કથન) છે એમ કહે છે તે પાપનો ભાગી છે. આ સમજાવતા **શ્રી શતાનંદ સ્વામી** લખે છે :

'हरिभक्तिविलासे चोक्तम् - 'ईदृशे नाममाहात्म्ये श्रुतिस्मृतिविनिश्चिते । कल्पयन्त्यर्थवादं ये यान्ति ते घोरयातनाः ।।' इति । कात्यायनसंहितायाञ्च - 'अर्थवादं हरेर्नाम्नि संभावयति यो नरः । स पापिष्ठो मनुष्येषु निरये पतति स्फुटम् ।।' इति । जैमिनिसंहितायाञ्च - 'श्रुतिस्मृतिपुराणेषु नाममाहात्म्यवाचिषु । येऽर्थवाद इति ब्रूयुर्न तेषां निरयक्षयः ।।' इति च पाद्मे च - 'गुरोरवज्ञा श्रुतिशास्त्रनिन्दनं तथार्थवादो हरिनाम्नि कल्पितः । नाम्नो बलाद्यस्य च पापबुद्धिर्न विद्यते तस्य यमैर्विशुद्धिः ।।' इति । ब्रह्मसंहितायां च - 'मन्त्रामकीर्तनफलं विविधं निशम्य न श्रद् दधाति मनुते च तदर्थवादम् । यो मानुषस्तमिह दुःखचये क्षिपामि संसारघोरविविधार्तिनिपीडिताङ्गम् ।।' इति ।'

હરિભક્તિવિલાસમાં કહ્યું છે કે, ''શ્રુતિ-સ્મૃતિએ નિશ્ચય કરેલા આવા નામ માહાત્મ્યમાં જે **અર્થવાદ**ને કલ્પે છે તે ઘોરયાતના પામે છે. **કાત્યાયનસંહિતા**માં કહ્યું છે કે, ભગવાનના નામમાં જે મનુષ્ય અર્થવાદની કલ્પના કરે છે તે મનુષ્યોમાં પાપી છે અને નરકમાં પડે છે એ સ્પષ્ટ છે. **જૈમિનિસંહિતા**માં કહ્યું છે કે, નામના માહાત્મ્યને કહેનારા શ્રુતિ-સ્મૃતિ-પુરાણોને વિષે જે અર્થવાદ છે એમ કહે છે, તેઓ હંમેશા નરકમાં રહે છે. **પદ્મપુરાણ**માં કહ્યું છે કે, ગુરુનો તિરસ્કાર શ્રુતિ અને શાસ્ત્રની નિંદા તથા હરિનામમાં કલ્પેલો અર્થવાદ અને નામના બળને લઈને જ જેની પાપમાં બુદ્ધિ હોય તેની યમરાજાથી પણ શુદ્ધિ થતી નથી. **બ્રહ્મસંહિતા**માં કહ્યું છે કે, મારા નામ સ્મરણનું વિવિધ પ્રકારનું ફળ સાંભળીને જે તેમાં શ્રદ્ધા રાખતો નથી અને અર્થવાદ માને છે, સંસારની ઘોર વિવિધ પીડાઓથી પીડિત અંગવાળા તે મનુષ્યને દુઃખના સમુદાયમાં હું નાખું છું.''

(શિક્ષાપત્રી ભાષ્ય અર્થદીપિકા ટીકા : શ્લોક - ૫૬)

[**ખાસનોંધ :-** આ શિક્ષાપત્રી ભાષ્ય ઉપરથી સ્પષ્ટ થાય છે કે, **'સ્વામિનારાયણ'** નામ એ જ **મંત્ર** છે. કારણ કે મંત્રમાં મંત્રપણું

ભગવાન શ્રીહરિના નામથી રહ્યું છે. માટે **'સ્વામિનારાયણ' નામ** અને **'સ્વામિનારાયણ' મહામંત્ર** બંને એકજ છે. છતાં પોતાને બુદ્ધિજીવી અને વિદ્વાન કહેવડાવનાર વ્યક્તિઓ પોતાની અક્ષર-પુરુષોત્તમ ઉપાસનાને સત્ય કરવા માટે 'સ્વામિનારાયણ' નામ અને 'સ્વામિનારાયણ' મહામંત્ર બંને અલગ-અલગ છે, એમ આવા **ઊંધા એકડા** ભણાવીને મુમુક્ષુ જીવાત્માને ગેરમાર્ગે દોરી રહ્યા છે...

તો અંતે **નિર્ણય** એ થયો છે કે, 'स्वामी चासौ नारायणश्च इति स्वामिनारायणः' એમ **કર્મધારય** સમાસથી જે **'સ્વામિનારાયણ'** શબ્દ સિદ્ધ થાય છે. તે જ સહજાનંદ સ્વામીનું **નામ** છે અને **જે નામ છે તે જ મહામંત્ર** છે. આ વાક્ય ધ્રુવ સત્ય છે, સનાતન સત્ય છે. તેને સ્વીકાર્યા વિના પોતાને સમર્થ તરીકે પ્રસિદ્ધ મનાવતા રુસ્તમોનેય છૂટકો નથી.]

અક્ષર-પુરુષોત્તમ બોચાસણ સંસ્થાવાળા **'અમૃત સમીપે'** નામના પુસ્તકના **પેજ નં. ૮૬ પર** અક્ષર-પુરુષોત્તમ શબ્દનો **અર્થ** કરતા કહે છે :-

''કૃષ્ણ રાધાએ સહિત હોય ત્યારે રાધાકૃષ્ણ કહેવાય. લક્ષ્મીએ સહિત હોય ત્યારે લક્ષ્મીનારાયણ કહેવાય. પુરુષોત્તમનારાયણ આપણા ઈષ્ટદેવ સ્વામિનારાયણ અક્ષરે સહિત હોય ત્યારે **અક્ષર-પુરુષોત્તમ** કહેવાય.

આગળ એજ પેજ ઉપર તથા **'સ્વામિનારાયણ મહામંત્ર અર્થ અને મહિમા'** નામના પુસ્તકના **પેજ નં. ૨૭ પર** સ્વામિનારાયણ શબ્દનો અર્થ કરતા કહે છે, સ્વામિ એટલે **ગુણાતીતાનંદ** અક્ષરબ્રહ્મ અને નારાયણ એટલે **સહજાનંદ સ્વામી** - પુરુષોત્તમનારાયણ અર્થાત્ સ્વામીએ સહિત નારાયણ એટલે સ્વામિનારાયણ.''

નોંધ :- વિમુખો **અજ્ઞાન મૂલક** કપોલ-કલ્પિત ઢંગથી જ્યારે અક્ષર-પુરુષોત્તમ શબ્દનો **અર્થ** કરે છે ત્યારે અજાણતા પણ વાસ્તવિક એવા **સ્વામિનારાયણ** શબ્દને **એક વ્યક્તિપરક** માનીને કહે છે કે, 'સ્વામિનારાયણ **અક્ષરે સહિત હોય ત્યારે** અક્ષર-પુરુષોત્તમ કહેવાય' સ્વામિનારાયણ શબ્દમાં આવેલ **સ્વામિ** શબ્દથી અક્ષરને **ગ્રાહ્ય** કરતા નથી. પરંતુ સ્વામી એવા જે નારાયણ એમ સમજીને **અર્થ** કરે છે. અર્થાત્ 'स्वामी चासौ नारायणः इति स्वामिनारायणः' આવો **કર્મધારય સમાસ** માનીને અર્થ કરે છે.

અને જ્યારે **સ્વામિનારાયણ** શબ્દનો અર્થ કરે છે ત્યારે સ્વામિનારાયણ શબ્દમાં આવેલ **'સ્વામિ'** શબ્દથી ગુણાતીતાનંદ સ્વામીને ગ્રહણ કરીને કહે છે કે, 'સ્વામિ એટલે **અક્ષરબ્રહ્મ**- ગુણાતીતાનંદ સ્વામી અને **નારાયણ** એટલે સહજાનંદ સ્વામી અર્થાત્' 'स्वामियुतश्चासौ नारायणश्च इति स्वामिनारायणः' આવો મધ્યમપદલોપિ-**તત્પુરુષ સમાસ** કરે છે. જેનો અર્થ કરે છે 'સ્વામીએ સહિત નારાયણ એટલે સ્વામિનારાયણ' આવો **શાસ્ત્રબાહ્ય** અપ્રમાણિત **અર્થ** પ્રતિપાદન કરે છે.

આવી રીતે વિમુખો શબ્દછળથી (શબ્દાર્થને અન્યથા સમજાવવાથી) લોકોને ભરમાવે છે. **'ધાર્મિક વિધાનો અને ભાવનાઓ'** નામના પુસ્તકના **પેજ નં. ૩૦ પર** સ્વામિનારાયણ શબ્દનો અર્થ કરતા કહે છે :- 'સ્વામી એટલે મૂળ અક્ષર મૂર્તિ ગુણાતીતાનંદ સ્વામી અને નારાયણ એટલે ભગવાન સ્વામિનારાયણ.'

સ્વામિનારાયણ શબ્દમાં આવેલ નારાયણ શબ્દનો અર્થ સ્વામિનારાયણ કરે છે.

સમાવેશની આ રીતને ટેકો આપી શકાય તેમ નથી. કદાચ, તેનાથી વધારે નહિ તો તેમના જેટલા જ વિદ્વાન અને પવિત્ર માણસો ૭૫ વર્ષોથી વધારે સમયમાં જે ઉકેલી ન શક્યાં તે વસ્તુ પ્રતિવાદીઓ કેવી રીતે ખોળી શક્યાં એ **વિચિત્ર** છે. સં. ૧૯૬૦ સુધી કોઈ અક્ષરપુરુષોત્તમ વિષે કશું જાણતું ન હતું. આ પ્રમાણે **નિર્ણય** આપ્યો છે.



અરે ! રાધાકૃષ્ણ શબ્દમાં આવેલ કૃષ્ણનો અર્થ રાધાકૃષ્ણ થઈ શકે ખરો ? નથી જણાતું? આ લોકોની (શાસ્ત્રોક્ત બાધ-નિર્બાધ વિચાર્યા વિનાની) શબ્દ ફિલોસોફી વિચાર માંગી લે છે...!!!

બોરસદ કોર્ટમાં પણ 'સ્વામિનારાયણ' નામના અર્થની રસપ્રદ ચર્ચા પ્રતિવાદી તરફથી મંડન-ખંડનાત્મક બહુજ ચર્ચાઈ હતી. શાસ્ત્રી હરિજીવનદાસજીની જુબાનીમાં **'સ્વામિનારાયણ'** નામનો **અર્થ** પૂર્વોક્ત શાસ્ત્ર પ્રણાલિકાએ સમાસ સાથે **સપ્રમાણ** થઈ ગયો હતો. આ બધું તત્ત્વ જાણવા છતાં પણ શાસ્ત્રોક્ત અર્થને પણ છોટો કે ખોટો કરીને પોતાનો **'સ્વામિ'** એટલે સ.ગુ. શ્રી ગુણાતીતાનંદ સ્વામી અને **'નારાયણ'** એટલે ભગવાન શ્રી સહજાનંદ સ્વામી આવો અર્થ સાબિત કરવાનો દુરાગ્રહ દુરંત ન્યાય કોર્ટમાં પણ કરવામાં આવેલો. છેવટે 'राधया + युतः = इति राधायुतः राधायुतश्चासौ कृष्ण इति राधाकृष्णः' આમ મધ્યમપદલોપિ-તત્પુરુષ સમાસ કરવા ગયા. આવો સમાસનો સાંપ્રદાયિક આધાર માંગતા તે નહિ મળી આવવાથી તેને પણ પડ્યો મૂક્યો. છેવટે ન છૂટકે સ.ગુ. શ્રી શુકાનંદ સ્વામી કૃત શ્રીમદ્ સત્સંગિજીવન હેતુટીકા : ૨/૨૪/૪૬માં તથા આદિઆચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ રચિત સર્વમંગલ સ્તોત્રની ટીકામાં કહેલો 'स्वामीचासौ नारायणः इति स्वामिनारायणः' એમ કર્મધારય સમાસ સ્વીકારવો પડ્યો. સમાસ સ્વીકાર્યો એટલે અર્થ પણ સ્વીકારાઈ ગયો. એટલે 'સ્વામિ' શબ્દનો 'અક્ષર' એવો અર્થ છોડી દેવો પડ્યો. **અને છેવટે અમે માનીએ છીએ તેવો અર્થ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના કોઈપણ ધર્મશાસ્ત્રમાં નથી. તેમ સ્વીકારવું પડ્યું.** અને આવો અર્થ મારા ગુરુ(શાસ્ત્રી યજ્ઞપુરુષદાસ)એ મને શિખવાડેલો એમ કહેવું પડ્યું. સ્વામિનારાયણ આખો એક જ શબ્દ શ્રીજીમહારાજ માટે જ વપરાયેલો છે. અને **વચનામૃત**માં તથા **શ્રી સત્સંગિજીવન**માં પણ **'સ્વામિનારાયણ' શબ્દ** શ્રીજીમહારાજ માટે વપરાયેલો છે. સ્વામિ શબ્દનો અર્થ **ઐશ્વર્ય સંપન્ન** અને નારાયણ એટલે **અંતર્યામિ** એવો અર્થ થાય છે, એમ કહીને હાર **કબૂલ** કરીને છૂટા પડ્યા.

બોચાસણ સંસ્થાવાળા પોતાના મંદિર ઉપર લખે છે કે, 'અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ મંદિર.' અક્ષર એટલે ગુણાતીતાનંદ સ્વામી અને પુરુષોત્તમ એટલે સહજાનંદ સ્વામી. એવો અર્થ કરે છે. હવે જો સ્વામી એટલે ગુણાતીતાનંદ સ્વામી એવો અર્થ લઈએ તો તેમના આ લખાણમાં પુનરુક્તિ દોષ આવે છે. જેમ રાધાકૃષ્ણનું મંદિર હોય તેની ઉપર 'રાધેશ્યામ રાધાકૃષ્ણ મંદિર' એ રીતે ક્યાંય લખ્યું હોય તો તેમાં રાધેશ્યામ અને રાધાકૃષ્ણ આ બંને શબ્દોમાં એક જ અર્થ છે માટે એવી રીતે ગુણાતીતાનંદ સ્વામી એટલે સ્વામી અને સહજાનંદ સ્વામી એટલે નારાયણ આવો જ્યારે 'સ્વામિનારાયણ' શબ્દનો અર્થ કરીએ ત્યારે અક્ષરપુરુષોત્તમ અને સ્વામિનારાયણ આ બંને શબ્દોનો એકજ અર્થ થાય છે. આવી રીતે પુનરુક્તિ દોષ આવે છે. માટે અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ આવી રીતનો શબ્દ પ્રયોગ શાસ્ત્ર દૃષ્ટિએ ખોટો છે.

મંત્રાર્થનો અંતિમ એકરાર

આ સંબંધમાં આંક ૨૮૦ **કો. શ્રીજીસ્વરૂપ શાસ્ત્રી કબૂલ કરે છે કે** આ શબ્દ (સ્વામિનારાયણ) સત્સંગિજીવન, સર્વમંગલ સ્તોત્ર, જનમંગલ સ્તોત્રમાં **શ્રીજીમહારાજ એકલા જ માટે** વપરાયેલ છે. સ્વામિનારાયણ શબ્દનો **ગુણાતીતાનંદ સ્વામી અને શ્રીજીમહારાજ** એવો **અર્થ** સત્સંગિજીવનમાં **ક્યાંય** કરેલો નથી. અને તેમની જૂબાનીમાં પેરા-૯૫ થી જણાય છે કે બે વ્યક્તિઓના



૭. 'શ્રી સ્વામિનારાયણ' નામના માધ્યમથી ચાલતી અન્ય સંસ્થાઓ

સર્વોપરી, સર્વકારણના કારણ, અક્ષરાતીત પૂર્ણપુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણે સં. ૧૮૫૮ના માગશર વદ એકાદશીના(તા. ૩૧-૧૨-૧૮૦૧)મંગલ પ્રભાતે **'શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય'**ની સ્થાપના કરી. અને તેના સંચાલન માટે આદેશાત્મક **વ્યવસ્થા** કરી, જે **દેવ** (આરાધ્ય ઈષ્ટદેવ), **મંદિર** (ભગવાન શ્રીહરિ સ્થાપિત અને પ્રમાણિત દેવમંદિર), **આચાર્યો** (સર્વે સત્સંગના ધણી, ગુરુ, સંચાલક), **શાસ્ત્રો** (ધર્મનું પ્રતિપાદન કરી ઉપાસના-ભક્તિનો બોધ આપનાર ગ્રંથો), **સંતો** (શ્રીજીકૃત સિદ્ધાંત અને આચાર્યશ્રીની આજ્ઞામાં દીક્ષા લઈ તેમને અનુસરી સત્સંગનું પોષણ કરનાર) અને **હરિભક્તો** (આચાર્યશ્રી થકી કંઠી અને ગુરુમંત્ર ધારણ કરી મોક્ષમાર્ગમાં અગ્રેસર થનાર મુમુક્ષુ) તે ભગવાન શ્રી સ્વામિનારાયણ સ્થાપિત સંપ્રદાયના **અભિન્ન અંગ** છે.

હવે **આધ્યાત્મિક દૃષ્ટિકોણ**થી વિચારીએ તો સત્ય એ કાંઈ **અક્કડ** વસ્તુ નથી કે, જેનો સંબંધ ફક્ત એક વ્યક્તિ સાથે હોય. જેમ કે - પ્રશ્ન પૂછવામાં આવે કે -

ફળ કોને બંધાયેલું છે ? ડાળને.
ડાળ કોને બંધાયેલી છે ? શાખાને.
શાખા કોને બંધાયેલી છે ? વૃક્ષને.
વૃક્ષ કોને બંધાયેલું છે ? થડને.
થડ કોને બંધાયેલું છે ? જમીનને.
જમીન પર વૃક્ષને પેદા કોણે થવા દીધું ? વાદળે.
વાદળને સ્થાન કોણે આપ્યું ? આકાશે.
આકાશમાં વાદળ પેદા કરવામાં ફાળો કોનો ? સૂર્યનો.
સૂર્ય વાદળને નિર્માણ કરી શક્યો એમાં ઉદારતા કોની ? સાગરની.

સાગરને પાણી પહોંચાડ્યું કોણે ? નદીઓએ.

નદીમાં પાણી પહોંચાડ્યું કોણે ? ઝરણાઓએ.

પર્વતમાં ઝરણાઓ પેદા થયા ક્યાંથી ? વરસાદમાંથી.

અને વરસાદ પર્વત તરફ ખેંચાયો કોના કારણે ? પર્વત ઉપર ઉગેલા વૃક્ષોને કારણે.

આ બધું કહેવાનું **તાત્પર્ય**એ છે કે, જો આપણને **ફળ સાથે પ્રેમ હોય તો** આ તમામ **પરિબળો સાથે પ્રેમ** હોવો જ જોઈએ. તેમાં **બેદરકારી** ન ચાલે, તે ન જ ચાલે.

બસ, એ જ રીતે...

સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણે ઉપાસનાનું કાર્ય કોનાથી સિદ્ધ કર્યું ? મંદિરોથી.

મંદિરોનું **નિર્માણ** કોના ધનથી થયું ? હરિભક્તોના.

હરિભક્તોને મંદિર નિર્માણ કરવાની **પ્રેરણા** અને **ઉપદેશ** કોણે આપ્યો ? સંતોએ.

સંતોને ઉપદેશ દેવાની સત્તા અર્થાત્ **ભાગવતી દીક્ષા** કોણે આપી ? ધર્મવંશી આચાર્યશ્રીએ.

ધર્મવંશી આચાર્યશ્રીને ત્યાગી સંતોને દીક્ષા આપવાની **સત્તા** કોણે આપી ? શાસ્ત્રોએ.

શાસ્ત્રોમાં કોની સત્તાનું વર્ણન છે ? **ભગવાન શ્રી સ્વામિનારાયણની.**

ભગવાન શ્રી સ્વામિનારાયણ કોનાથી રાજી થાય ? **ઉપાસના**થી.

આનો અર્થ શું ? એ જ કે જો આપણને ઉપાસનારૂપી એક ફળ સાથે પ્રેમ છે તો એ **ફળ**ને **ઉત્પન્ન** કરવામાં દેવ, મંદિર, શાસ્ત્ર, આચાર્ય, સંત અને હરિભક્તો આ **તમામ પરિબળો** તે એકબીજાના પૂરક અને **સમર્થક** છે અને એજ હેતુથી એ તમામ **ષડ્અંગી પરિબળો** જ્યાં હોય ત્યાં તેમની સાથે આપણો **પ્રેમભાવ** હોવો જોઈએ. પ્રેમભાવ હોવાને કારણે **'ઉપાસના'** સાથે આપણે જો **સંઘર્ષ** નથી જ કરતા, તો આ તમામ ષડ્અંગી પરિબળોમાંના એકપણ પરિબળ સાથે આપણો સંઘર્ષ ન જ હોવો જોઈએ. ઉપાસના આપણને **પોતીકી** લાગે તો **દેવ, મંદિર, શાસ્ત્ર, આચાર્ય, સંત** અને **હરિભક્ત** આ તમામ ષડ્અંગી પરિબળો પણ આપણને **પોતીકા** લાગવા જ જોઈએ. એમાં બેદરકારી ન ચાલે તે ન જ ચાલે. આ ષડ્અંગી સંપ્રદાયમાં એકાદ અંગની જો **બાદબાકી** કરી નાખવામાં આવે તો વિકલાંગથી **ઉપાસનાની સિદ્ધિ** ન થઈ શકે. આ વાતને મનના એક ખૂણામાં સાચવી રાખજો.

સોયમાં જો દોરો પરોવવો હોય તો દોરામાં ગાંઠ ન હોવી જોઈએ. ગાંઠ વિનાના દોરાને સોયમાં પરોવી દીધા પછી એ દોરાને સોયમાં ટકાવી રાખવો હોય તો દોરાની પાછળ ગાંઠ લગાવવી જ પડે. આગળ ગાંઠ હોય તો દોરો સોયમાં જાય નહિ અને પાછળ ગાંઠ ન હોય તો સોયમાં દોરો ટકે નહિ.

બસ, આ જ વાત લાગું પડે છે ષડ્અંગી સંપ્રદાયમાં. જો દેવ, મંદિર, શાસ્ત્ર, આચાર્ય, સંત અને હરિભક્ત આ તમામ ષડ્અંગી સાથે સંઘર્ષની **ગાંઠ** હોય તો આ **શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય**માં **પ્રવેશ જ અશક્ય** છે, અને એ સંઘર્ષની ગાંઠ છોડીને **પ્રવેશ કર્યા પછી** જો ભગવાન શ્રી સ્વામિનારાયણના **સિદ્ધાંતોની ગાંઠ** ન હોય તો શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં **ટકી રહેવું** અશક્ય છે.

અત્રે **ઉલ્લેખનીય** છે કે, શ્રીજીમહારાજ સ્થાપિત દેવોની **પરિભાષા,** મંદિરોની અને શાસ્ત્રોની પરિભાષા **ફેર** કરવાનો આચાર્ય, સંતો અને હરિભક્તો એ કોઈને **અધિકાર** પ્રાપ્ત નથી. અને તેનાથી **વિપરીત ચાલવાનો** પણ અધિકાર નથી.

પ.પૂ. ધર્મકુળ મુગટમણિ ૧૦૮ શ્રી લાલજી **શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી** ષડ્અંગી સંપ્રદાયની **વ્યાખ્યા** કરતા કહે છે :

ભગવાન શ્રી સ્વામિનારાયણે **ષડ્અંગી સંપ્રદાયની સ્થાપના** કરી. આ **છ અંગો** એવા સ્થાપ્યા છે કે આપણને બીજી કોઈ વસ્તુની જરૂર ન રહે. શ્રીજીમહારાજે જીવાત્માના મોક્ષ માટે તમામ મુદ્દાઓ બહુ ચોક્કસાઈથી પ્રતિપાદન કર્યા છે. ભગવાન શ્રીહરિ કહે છે :- ''આ જે લક્ષ્મીનારાયણ, નરનારાયણ, હરિકૃષ્ણ મહારાજ આદિક મૂર્તિઓ અમે પધરાવી છે તેમાં અમારો અખંડ નિવાસ છે.'' શિક્ષાપત્રીમાં લખે છે :- 'आचार्येणैव दत्तं यद्यच्च तेन प्रतिष्ठितम् । कृष्णस्वरूपं तत्सेव्यं वन्द्यमेवेतरत्तु यत् ॥' - અને જે ભગવાનનું સ્વરૂપ પોતાને સેવવાને અર્થે ધર્મવંશના જે આચાર્ય, તેમણે જ આપ્યું હોય અથવા તે આચાર્યે જે સ્વરૂપની પ્રતિષ્ઠા કરી હોય તે જ સ્વરૂપને સેવવું અને તે વિના બીજું જે ભગવાનનું સ્વરૂપ, તે તો નમસ્કાર કરવા યોગ્ય છે પણ સેવવા યોગ્ય નથી. ॥૬ ૨॥

આચાર્યશ્રીએ પધરાવેલી મૂર્તિ હોય તે જ મૂર્તિ **ધ્યાન-ઉપાસના કરવા યોગ્ય** છે. બીજી મૂર્તિઓના આપણે તિરસ્કાર ન કરીએ, પરંતુ તે ધ્યાન-ઉપાસના કરવા યોગ્ય તો નથી જ કેવળ **નમસ્કાર કરવા યોગ્ય** છે. એટલે શ્રીજીમહારાજે અહિં આપણા ઉપર **વિકલ્પ** મુક્યો છે કે, મૂર્તિ 'આચાર્યશ્રી' દ્વારા **પ્રતિષ્ઠિત** છે કે નથી તે આપણે નક્કી કરવાનું છે. ભગવાન શ્રીહરિએ **સત્શાસ્ત્રો**ની રચના કરી તોપણ કહ્યું કે, ''અમે **પ્રમાણિત કરેલા** જે **સત્શાસ્ત્રો** છે તેને જ અમારા સંપ્રદાયના ગણવા.'' દરેક શાસ્ત્રોનું અધ્યયન કરવાનું છે, કોઈનું ખંડન નથી કર્યું, પણ આપણે જ્યારે આશ્રય લેવો હોય, કોઈ **નિર્ણય** લેવો હોય ત્યારે આપણે ભગવાન શ્રી સ્વામિનારાયણે પ્રતિપાદન કરેલા શાસ્ત્રોના **માપદંડ**માં તે **મુજબ** કરી શકાય. સંતોનો પણ જ્યારે શ્રીજીમહારાજે સંગ કરવાનું કહ્યું ત્યારે કહ્યું કે, ''જે સાધુ અને અસાધુને એક સરખા જાણે છે તે તો મહામૂર્ખ ને મહાપાપી છે. તેનું કલ્યાણ થતું નથી.'' અહિં **સંતોનો સમાગમ કરવામાં પણ** ભગવાન શ્રીહરિએ આપણને **વિકલ્પ** આપ્યો કે **સાધુનો જ સંગ કરવો** અસાધુનો નહિ. કસોટી કરીને જ સાધુનો સંગ કરવો. હરિભક્તોને પણ શ્રીજીમહારાજે કહ્યું કે, **''સત્સંગનું જેને બળ હોય એવાનો સંગ કરવો. સત્સંગનો જે વિરોધ કરતા હોય એવાનો સંગ કરવો નહિ.''** એમ હરિભક્તોમાં પણ **વિકલ્પ** મુક્યો છે.

પરંતુ આ **છ અંગ**માંથી **એક** એવું **અંગ** અમોને દેખાયું છે. જે વિષે **શ્રીજીમહારાજ** કહે છે :- ''કદાચ અમારા સ્થાપેલા આચાર્યશ્રીથી અન્ય કોઈ ગમે તેટલા ગુણે કરીને, સામર્થીએ કરીને, જ્ઞાને કરીને કે ઐશ્વર્યે કરીને કે બીજી કોઈપણ રીતે શ્રેષ્ઠ દેખાતા હોય તોપણ અમે તમારા કલ્યાણને માટે આ **બે આચાર્ય**ને સ્થાપ્યા છે; અને અમારી આજ્ઞા છે કે જો તમે તમારા જીવનું કલ્યાણ ઈચ્છતા હો તો મન-કર્મ-વચને **અમારા આચાર્યશ્રીના ગમતામાં, એમની આજ્ઞામાં** રહેજો. અને એમને મૂકીને કોઈ **અન્ય આશ્રય** કરશે તો તે અમારો નથી ને તે **અતિશય દુઃખ** પામશે.'' માટે આચાર્યશ્રીને અનુસરવાની જ્યાં વાત આવે ત્યાં શ્રીજીમહારાજે **વિકલ્પ** નથી રાખ્યો. ભગવાન શ્રીહરિએ એવું નથી કહ્યું કે આ આચાર્યને માનજો ને આ આચાર્યને ન માનશો. આ અંગ વિષે શ્રીજીમહારાજે બહુ સ્પષ્ટ કહી દીધું છે કે **અમારા સ્થાપેલા બે આચાર્ય**નો જ **આશ્રય** કરજો, અન્ય બીજા કોઈનો નહિ.

(દિવ્ય સત્સંગ શિબિર - ન્યૂજર્સી, ૨૦૧૦)

'...કાં જે એ છે ધર્મનું કુળ રે, માટે એહ વાતનું ઉંડુ મૂળ રે.
જેવું અમારું કુળ મનાશે રે, તેને તુલ્ય બીજું કેમ થાશે રે;
માટે વિચારીને વાત કીધી રે, ઘણું સમજીને ગાદી દીધી રે.'

(નિષ્કુળાનંદ કાવ્ય, પુરુષોત્તમ પ્રકાશ : ૩૮)

'એહ અધર્મ નહિ આચરશે રે, ઘણું અધર્મ સર્ગથી ડરશે રે; ધર્મવંશીની ગાદિએ બેસી રે, વળી કા'વશે ધર્મ ઉપદેશી રે.'

(નિષ્કુળાનંદ કાવ્ય, પુરુષોત્તમ પ્રકાશ : ૩૯/૧૭)

આ પ્રમાણે **ભગવાન શ્રી સ્વામિનારાયણ સ્થાપિત** પરંપરાના **આચાર્યશ્રી**, પોતે ભગવાન શ્રીહરિની આજ્ઞાનું **યથાર્થ પાલન** કરી સંપ્રદાયના આશ્રિતોને પણ ધર્મમાં રખાવતા આવ્યા છે અને હાલ પણ રખાવે છે. અને ઉપાસનામાર્ગમાં **આ સંપ્રદાય** એ વ્યક્તિ-પ્રાધાન્ય નથી, પણ **ઈષ્ટદેવ પ્રાધાન્ય** છે તેવું પોતે મનાવવા પૂજાવવાના **કોડ** રાખનાર કેટલાક વ્યક્તિને લાગતા પોતાના સ્વાર્થ અને કોડને પૂરા કરવા માટે માત્ર ઈષ્ટદેવના જ્ઞાનની (ખરેખર તો અવાસ્તવિક જ જ્ઞાનની) ઓથે **વિમુખ પ્રવૃત્તિ** કરે છે.

વિમુખોએ આ **ષડ્અંગી સંપ્રદાયનો** છડેચોક **ભંગ** કરી ચૂસ્ત સરહદો અને વિભાગો પાડી જુદાગરાનો એક ભ્રમ પેદા કરી સંપ્રદાયને **ભેડોળ** બનાવી દીધો છે. તે જુદાગરે **એકબીજા સાથે** બેચેની, અશાંતિ, અલગતા અને દુશ્મનાવટની **લાગણી** પેદા કરી છે તેમજ હજારો જીવાત્માઓને મોક્ષમાર્ગથી **પથભ્રષ્ટ** કર્યા છે.

છેલ્લા સૈકામાં કે છેલ્લા દાયકામાં જ બહાર આવેલી કેટલીક સંસ્થાઓ એવી બહાર પડી છે કે, જેણે પોતાના નામ સાથે **'શ્રી સ્વામિનારાયણ'** શબ્દનો **ઉપયોગ** કરીને જોડ્યો છે. અને તેનું કાર્ય શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયની મૂળભૂત સિદ્ધાંતો, આજ્ઞાઓ, મર્યાદાઓ અને તત્ત્વચિંતનને **અનુરૂપ** નથી.

બોચાસણ અક્ષરપુરુષોત્તમ સંસ્થા, હરિધામ સોખડા, મુક્તજીવન મણિનગર, મુક્તજીવન કુમકુમ, અબજીબાપા વાસણા, અનુપમ મિશન, ગુણાતીત જ્યોત, ગુણાતીત સમાજ, યોગી ડીવાઈન સોસાયટી **વગેરે નામો** આ બાબતમાં આપી શકાય.

પૂર્વોક્ત નૂતન સંપ્રદાયો કે મંડળોને ઉતારી પાડવા માટે **આ વાત** કરતા નથી, પરંતુ અણિશુદ્ધ પરંપરાગત **શ્રીજીમહારાજ સ્થાપિત** ધર્મો જીવંત રહે એજ આશયથી આ વાત કરીએ છીએ.

કોઈના ઘરમાં પ્રવેશીને અમારે ઝઘડવું નથી, પણ અમારા ઘરમાં **તોડફોડ** કરવા કોઈ આવે તો પૂરી તાકાતથી એમનો **પ્રતિકાર** કરવો તે અમારી **પવિત્ર ફરજ** છે.

મૂળ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયથી **બહાર જનારાઓ** પોતાનો અલગ કહેવાતો **સંપ્રદાય** પોતાના નામથી ઓળખાવે એમાં **મૂળ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયને** કોઈ જ વિરોધ નથી. પરંતુ શ્રી સ્વામિનારાયણ નામની **ઓથ** લઈ પોતાના **વ્યક્તિગત સંપ્રદાયનો** પ્રસાર-પ્રચાર કરવામાં લાગે છે ત્યારે વાત વણસ્યા વિના રહેતી નથી.

અસીમ આકાશને આપણી ફૂટપટ્ટીથી આપણે માપીએ તેમાં કોઈ વાંધો ન હોય, પરંતુ આપણી ફૂટપટ્ટીથી મપાતું આકાશ **એટલું જ છે**, એવું જ્યારે આપણે માનવા કે બોલવા લાગીએ ત્યારે વિરોધ થયા વિના ન રહે. બસ, **એ જ ન્યાયે** મૂળ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયને કોઈ વ્યક્તિ પોતાની બુદ્ધિને આધારે મૂલવતો રહે ત્યાં સુધી મૂળ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયને કોઈ વાંધો નથી આવતો. પણ એ વ્યક્તિએ કરેલા **મંતવ્યને** જ્યારે શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના **સિદ્ધાંતોનું રૂપ** આપી દેવામાં આવે છે ત્યારે વાત વણસ્યા વિના રહેતી નથી.

સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ **ધર્મધુરા** સ્વીકારીને ગાદીએ આરૂઢ થયા ત્યારે તેમના ગુરુના ગુરુ આત્માનંદજીની સાથે વાલબાઈ અને હરબાઈ નામની બે સમર્થ વૃદ્ધ ઉપદેશિકાઓ હતી. તે પુરુષોને પણ ઉપદેશ કરતી. ભગવાન શ્રી સ્વામિનારાયણે તેમને પુરુષોની સભામાં બેસવાની-બોલવાની મનાઈ કરી. પરંતુ બંનેએ **શ્રીજીમહારાજની આજ્ઞા** ન માની તેથી તરત તેમને **વિમુખ** કરી. એવી જ રીતે ભગવાન શ્રીહરિના ગુરુભાઈ **રઘુનાથદાસ** જે શ્રીજીમહારાજનો **દ્રોહ** કરતો અને તેમની કોઈ આજ્ઞા ન માનતો ને તે કહેતો ફરતો કે, ગુરુ રામાનંદ સ્વામીનું સાચું દૈવત અને બધું

ઐશ્વર્ય મારામાં છે, આ છોકરા જેવા સહજાનંદમાં નહિ. શ્રીજીમહારાજે તેમને સમજાવ્યો પણ ન માન્યો. એટલે તેને **વિમુખ** કરી કાઢી મુક્યો.

વળી, (અદ્‌ભુતાનંદ સ્વામી કહે છે કે,) જેતલપુર, ગામડી અને અસલાલી આ ત્રણ ભાવિક ગામોમાં **દેવાનંદ** સ્વામી, **ગોવિંદ** સ્વામી અને **રામદાસભાઈ** આ ત્રણ સમર્થ સાધુઓ ભગવાન થઈને પૂજાતા હતા. તેમને તો શ્રીજીમહારાજ બહુમાન આપીને ત્રણ ગાદીઓ પર બેસાર્યા. (સન્માન આપવા ગાદિ-તકિયો આપી બેસાડ્યા.) આ સમયે શહેરમાંથી મોટા શેઠ શાહુકારો દર્શને આવ્યા, તેમને સદ્ય સમાધિ કરાવીને અક્ષર ધામમાં મોકલીને પોતાના અસાધારણ અલૌકિક ઐશ્વર્ય દેખાડ્યાં..., આ ચાલુ સભામાં ગાદીએ બેઠેલા ગોવિંદ સ્વામી તથા દેવાનંદ સ્વામી તથા રામદાસભાઈ ઉપરોક્ત અદૃષ્ટ અશ્રુત અદ્‌ભુત **ચમત્કાર** નજરે જોઈને, **'આ પ્રગટ ભગવાન સ્વયં સાચા છે.'** એવો **નિરુત્થાન નિશ્ચય** કરીને, બોલ્યા કે, 'હે મહારાજ! અમે ખોટી રીતે ભગવાન થઈને પૂજાયા છીએ અને એને માટે ભોળા લોકોને છેક છેતર્યા છે, તો તેનું ઉચિત **પ્રાયશ્ચિત** આપો કે જેના કરવાથી અમો એ દોષમાંથી છૂટી જઈએ' ત્યારે મહારાજે બહુ વિચારીને કહ્યું કે, 'ડુંગળીના ડચકાની માળા કોટમાં ઘાલીને, ચાર ચરણે ચાલીને, જે જે ગામમાં ભગવાન થઈને પૂજાયા હો તે ગામમાં ભિક્ષા આપવા બાઈ કે ભાઈ જે કોઈ આવે ત્યારે **'હાઉં હાઉં'** એમ બોલીને તેની કેડે દોડવું. આ લૌકિક પ્રાયશ્ચિત, શારીરિક કષ્ટ વિનાનું સહેલું **સંક્ષિપ્ત** છે. ત્યારે તે ત્રણેય જણે તે માન લાજ મૂકીને મહારાજના કહ્યા પ્રમાણે કર્યું. ઉપર પ્રમાણે પોતાનો **પ્રબળ પ્રતાપ** પ્રત્યક્ષ પ્રદર્શાવીને એ ત્રણેય મહાજનોનું ભગવાનપણું મટાડીને સ્વરૂપનો નિઃશંક નિશ્ચય કરાવ્યો.'

(શ્રી અદ્‌ભુતાનંદ સ્વામીની વાતો : ૨૫/૨૬)

...રામાનંદ સ્વામીના સ્વધામ ગમન પછી **સાડાબાર ભગવાનો નાના મોટા થયા.** અને સત્સંગપણ થોડો થોડો વહેંચાઈ ગયો. તેને એક કરવા વાસ્તે માંગરોળમાં પોતાનો (શ્રીજીમહારાજ) પારમૈશ્વર્ય પ્રતાપ દેખાડવા માંડ્યો.

(શ્રી અદ્‌ભુતાનંદ સ્વામીની વાતો : ૨૨)

ભગવાન શ્રી સ્વામિનારાયણ પછી, એમના દત્તપુત્ર તરીકે ગાદી પર આરૂઢ થયેલા આદિઆચાર્ય શ્રી રઘુવીરજી મહારાજે **'ચુડાવાળા હરિકૃષ્ણ'** ને શુદ્ધ ઉપાસનાવિધિના **ખંડન**ના કારણે **વિમુખ** કરી સત્સંગ બહાર કાઢી મૂક્યો હતો. ત્યાર પછી લોટ પીઈને રહેવાનો ઢોંગ કરનારાઓનું **'લોટીયા'** નામનું **મંડળ** જૂનાગઢમાં શરુ થયું. તેને વિમુખ કરીને કાઢી મૂકવામાં આવ્યું હતું. ત્યારબાદ જૂનાગઢ મંદિરના મહંત ગુણાતીતાનંદ સ્વામીના નામનો **દૂરઉપયોગ** કરી પોતાના **સ્વાર્થ ખાતર** ભગવાન મનાવાનું **કૌભાંડ** શરુ કરનાર **'પ્રકાશપુરી મંડળ'** ને વિમુખ કરી આચાર્ય શ્રી ભગવત્પ્રસાદજી મહારાજે કાઢી મૂક્યું. જૂનાગઢમાં અક્ષરપુરીમાં અક્ષરબ્રહ્મનું મંદિર હજુ સાક્ષી પૂરે છે. આ અરસામાં ચુડાવાળા હરિકૃષ્ણ, 'હું પ્રગટ ભગવાન **પુરુષોત્તમ** છું' એમ જાહેર કરીને ગઢડે આવ્યા. પરંતુ અમરોખાચર તરત તલવાર લઈ બહાર નીકળ્યા અને ગરજતા કહ્યું : ''ગઢડાનું મંદિર તો શું **ગઢડા ગામમાં એ હરિયાએ પગ રાખ્યો તો જીવતો વાઢી નાખીશ.** એમ ન કરું તો હું **દાદાખાચરનો દીકરો** નહિ.'' ત્યારે હરિયો ભગવાન જીવ લઈને નાસી ગયો. એ પાખંડીને વિમુખ બનાવી સત્સંગમાંથી હટાવી દીધો. (ચુડામાં આજે તેનું મંદિર હજુ સાક્ષી પૂરે છે.) એની પૂંઠે પૂંઠ જ ભાદરણના **પુરુષોત્તમ પાટીદારે** ડીંગ ચલાવ્યું કે, 'હું જ **સાક્ષાત્ પુરુષોત્તમ** છું.' તેને પણ વિમુખ કરી સત્સંગમાંથી કાઢી મૂકવામાં આવ્યો. (આજે પણ તેનું મંદિર હજુ **પલાણા** ગામમાં સાક્ષી પૂરે છે.)

આ દરમ્યાન જૂનાગઢના દરજી **પ્રાગજી** ભગતને પ્રગટ ભગવાન બનવાના ગુમ કોડ જાગ્યા અને લોકોને ઊંધે રસ્તે ચડાવવા માંડ્યા. એટલે તેને તરત વિમુખ કર્યા. પરંતુ પસ્તાઈને તેણે ક્ષમા માગતા સત્સંગમાં લીધા. પ્રાગજી ભગત પછી એના જેવા જ તેની સાથેના અભણ મોચી જ્ઞાતિના જાગા ભગતે **ગુણાતીતાનંદ સ્વામી ભગવાન છે** એમ જાહેર કરતા અને ગપ્પા ઉડાડી પોતાના **અંગત પરચાઓની વાતો** કરી રહ્યા હતા. અને એના ઓઠા

પાછળ પોતે પૂજાતા હતા. તેને પણ જૂનાગઢ મંદિરમાંથી કાઢી મૂક્યા. ત્યાર પછી વડતાલ મંદિરમાં જ છૂપી રીતે પોતાની મહત્તા ફેલાવવા પ્રાગજી ભગત અને જાગા ભગતના અંગત શિષ્ય બની સાધુ યજ્ઞપુરુષ શાસ્ત્રીએ સુરત, રાજકોટ અને જૂનાગઢ મંદિરમાં પ્રગટ ભગવાનોનું **તર્કટ** જોરશોરથી શરુ કર્યું હતું. તેમને પણ સં. ૧૯૬૨માં આચાર્ય શ્રી લક્ષ્મીપ્રસાદજી મહારાજે સર્વાનુમતે **બહિષ્કૃત** કરી વડતાલ મંદિરમાંથી દૂર કર્યા.

એ પછી વડતાલ મંદિરની જેમ જ અમદાવાદ મંદિરમાંથી અબજી બાપાના પથભ્રષ્ટ અનુયાયી સાધુ **મુક્તજીવનદાસ**ને વિમુખ કરી પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ સત્સંગમાંથી દૂર કર્યા. શાસ્ત્રી યજ્ઞપુરુષદાસ પછી વિમુખ ઠરીને સત્સંગમાંથી બહિષ્કૃત થનાર છેલ્લા સાધુ જ્ઞાનજીવનદાસ (યોગીજી) પ્રથમ જૂનાગઢ મંદિરના સાધુ હતા. ત્યારબાદ જે અક્ષર-પુરુષોત્તમમાંથી છૂટા પડેલા **'ગુણાતીત જ્યોત'**વાળા છે, તેઓ ઉપરથી તો પોતાને એક જ કુળના અક્ષર-પુરુષોત્તમ પંથના ગણાવે છે, પરંતુ અંદરખાને એક-બીજાને કટ્ટર વિરોધ છે. ગુણાતીત જ્યોતમાં વળી બે ભેદ છે : સોખડાના **હરિપ્રસાદ** અને વલ્લભવિદ્યાનગરવાળા સંસારી **પપ્પાજી-કાકાજી-દાદુજીવાળાઓ** છે. વળી તેમાંથી છૂટા પડેલા **અનુપમ મિશન**વાળા **જશસાહેબ** છે.

શા. **યજ્ઞપુરુષદાસ** કહે છે કે, 'મારો અવતાર અક્ષર-પુરુષોત્તમની ઉપાસના પ્રવર્તાવવા માટે થયો છે.' અને પોતાના શિષ્યોએ પરચા ચગાવવાનું શરુ કર્યું. ''જ્યારે વડતાલથી સ્વામીજી અક્ષર-પુરુષોત્તમના શુદ્ધ સર્વોપરી સંપ્રદાયનું **સ્થાપન** કરવા નીકળ્યા ત્યારે હરિકૃષ્ણ મહારાજ તથા લક્ષ્મીનારાયણ એ ત્રણેય જણ સ્વામીની (યજ્ઞપુરુષદાસની) સેવામાં હાજર રહેતા તેથી પરચા ને ઐશ્વર્યનો તો પાર જ ન હતો.''

(બોચાસણ સંસ્થાના સાધુ ગોપીનાથજી દ્વારા લખાયેલ સિદ્ધાંતસાર પુસ્તક. પેજ નં. ૩૪૪)

વળી, મણિનગરવાળા **મુક્તજીવનદાસ** કહે છે કે, 'બાપાશ્રીએ જે કાર્ય અધુરું મેલ્યું તે બાપાશ્રીના સિદ્ધાંત-સર્વોપરી ઉપાસના પ્રવર્તાવવા શ્રીજીના સંકલ્પરૂપ મારો અવતાર છે.' આમ કહેવાતા બંને મહાપુરુષોએ - એકે પ્રાગજી ભગતની ઓથ લઈ ઉપાસના પ્રવર્તાવી અને બીજાએ અબજીબાપાની ઓથ લઈને સિદ્ધાંત-સજીવન ઉપાસના પ્રવર્તાવી. આ બંનેની ઉપાસનામાં આસમાન જમીનનો ફેર છે. એકના મતે અક્ષરને પામ્યા સિવાય પુરુષોત્તમની પ્રાપ્તિ થાય જ નહિ. ત્યારે બીજાને મતે જીવકોટિ, ઈશ્વરકોટિ એવી અક્ષરકોટિ છે ને મુક્તકોટિ છે. અને શ્રીજીના સાધર્મ્યપણાને પામ્યા સિવાય, પુરુષોત્તમરૂપ થયા સિવાય પુરુષોત્તમની પાસે રહેવાય નહિ. માટે પુરુષોત્તમ થવા માટે પુરુષોત્તમે રાખેલા સત્પુરુષનો સમાગમ કરે ને તેની અનુવૃત્તિમાં રહે તો સત્સંગી પુરુષોત્તમરૂપ થઈને પુરુષોત્તમની મૂર્તિમાં રહે. હાલ હું પુરુષોત્તમના સાધર્મ્યને પામ્યો છું, હું પુરુષોત્તમરૂપ છું, મારામાં રહીને પુરુષોત્તમ સર્વ કામ કરે છે અને મારું ધ્યાન-ભજન કરો તો **પુરુષોત્તમરૂપ** થશો. વળી અક્ષર-પુરુષોત્તમવાળા પણ કહે છે કે, પ્રમુખસ્વામીમાં મૂળ અક્ષર ગુણાતીતાનંદ સ્વામી, પ્રાગજી ભગત, શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ સર્વે રહ્યા છે. માટે તે પ્રગટ બ્રહ્મસ્વરૂપ છે, તેમાં જોડાશો તો અક્ષરરૂપ થઈ પુરુષોત્તમને પમાશે. **અક્ષરબ્રહ્મના સંબંધને પામ્યા વિના મોક્ષ થાય નહિ,** આવો તેઓનો **ગુરુમંત્ર** છે. સિદ્ધાંતસાર પુસ્તકના **પેજ નં. ૬૨**માં લખે છે : 'ગુણાતીત સંત ક્યારેય પૃથ્વી પરથી **અદૃશ્ય** થતા નથી.' તો શું **શ્રીજીમહારાજ** અદૃશ્ય થયા ? તો શું એમણે માનેલા એક જ ગુણાતીત **સંત** કે **બ્રહ્મ** ગણવા બીજા નહીં ? અરે ! જે શ્રીજીમહારાજ પ્રસ્થાપિત શાસ્ત્રો મુજબ સંત જ ન હોય તે ગુણાતીત ક્યાંથી હોય ? તો શું શ્રીજીમહારાજે લખ્યું છે કે, હું અક્ષરથી પર અને સર્વોપરી સ્વતંત્ર છું તે શું ખોટું ? અહો ! આ તે કેટલું બેહૂદુ અને હડહડતું **જુઠાણું** છે !!!

સ.ગુ. શ્રી **ગોપાળાનંદ સ્વામી**ની **વાતો**માં કહ્યું છે :

અને 'શ્રીહરિજી મહારાજને હવે **રાજી કરવાનો** શો **ઉપાય** છે ?' એ પ્રશ્નનો ઉત્તર જે **ધર્મામૃત, શિક્ષાપત્રી ને નિષ્કામશુદ્ધિ પ્રમાણે વરતે તો રાજી**

થાય ને શ્રીહરિજીનું કયાં પરોક્ષપણું છે ? એતો સદાય પ્રત્યક્ષ જ છે ને **ઉપાસ્ય, ઉપાસક** અને **સ્થાનક**ની શુદ્ધતાએ કરીને **અતિ ઉત્તમ** થવાય છે. તેમાં **ઉપાસકનું લક્ષણ** જે, **યો વેત્તિ યુગપત્સર્વં પ્રત્યક્ષેણ સદા સ્વતઃ** એમ જાણે તે કહેવાય.

(શ્રી ગોપાળાનંદ સ્વામીની વાતો : ૧/૪૬, સરધાર પ્રકાશન)

આમ, બંને (મત પ્રવર્તકો)ના મતમાં બનાવટી અને કપોલ-કલ્પિત સિદ્ધાંત છે, તે શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના કોઈપણ પ્રમાણિત ગ્રંથમાં છે જ નહિ. તે ભગવાન શ્રી સ્વામિનારાયણની **આજ્ઞા** અને તેના **મૂળભૂત સિદ્ધાંતો**થી બિલકુલ **વિરુદ્ધ**માં છે. પરંતુ બંને જો ભગવાન શ્રી સ્વામિનારાયણનું નામ ન લે તો બંટીના ભાવમાં ય કોઈ તેમને પૂછે નહિ. કોઈપણ મૂળ સંપ્રદાયથી વિમુખને ભગવાન શ્રી સ્વામિનારાયણનું નામ લીધા વિના કોઈ આરો નથી.

''પરાત્પર પુરુષોત્તમ નારાયણ **શ્રી સ્વામિનારાયણ ભગવાન**નો **પ્રાદુર્ભાવ** સં. ૧૮૩૭ના ચૈત્ર સુદ નવમીને દિવસે **છપૈયા** મુકામે **સરવરિયા** ધર્મનિષ્ઠ **બ્રાહ્મણ કુટુંબ**માં થયો.

પરમ કૃપાળુ શ્રીનીલકંઠજીએ બાલ્યાવસ્થામાં સાત વર્ષ, એક મહિનો અને અગિયાર દિવસ વનવિચરણ કર્યું. આખા ભારતની પરિસ્થિતિ નજરે જોઈ. ધર્મમાં વિતંડાવાદ, વહેમી અંધશ્રદ્ધાનો લાભ લેતા ભગવાધારીઓને જોયા. સત્શાસ્ત્રોનો અનર્થ કરતા પંડિતો જોયા. સામાજિક દુર્વ્યવહારો પ્રજાને અધઃપતનને માર્ગે લઈ જતા, તેનો અનુભવ કર્યો. ધર્મને નામે ધર્મપ્રેમી મુમુક્ષુઓ પાસેથી દ્રવ્ય મેળવવાનો ધંધો થતો જોયો. અપરિગ્રહ વ્રતનું બહુધા મીંડું જોયું. ધર્મને મોક્ષનું સાધન નહીં પણ છેતરપિંડીનું સાધન જોયું. પોતે સ્વયં નારાયણ હતા છતાં લોકહિતાર્થે માનવીની માફક વર્તન કરી, અનુભવ મેળવી **'એકાંતિક ભાગવત ધર્મ,' 'સ્વામિનારાયણ સંપ્રદાય'** મુમુક્ષુ જીવોના આત્યંતિક કલ્યાણ માટે સ્થાપ્યો. ભૂતકાળમાં **શાસ્ત્રોના અનર્થ** કરી જુદા-જુદા પંથો પડેલા તે **હકીકત** આ શુદ્ધ સંપ્રદાયની સ્થાપના વખતે શ્રીજીના ધ્યાનમાં હતી. વળી આજ્ઞા અને સિદ્ધાંતો સ્પષ્ટ, અસંદિગ્ધ અને સરળ ભાષામાં કર્યા. જેથી કોઈ મનફાવે તેવો અર્થ કરી, સ્વામિનારાયણના અનુયાયીઓને બીજે માર્ગે દોરી જઈ શકે નહિ.''

(નહિ રે વિસારું હરિ, પેજ નં. ૩૪૬-૪૭, પ્રકાશક : નટવરલાલ દવે - અમદાવાદ)

''...શ્રીજીમહારાજનું **ધ્યેય** એકાંતિક **ભાગવત ધર્મનો પ્રચાર** કરી એકાંતિક ભક્તો બનાવવા અને એમનું આત્યંતિક કલ્યાણ કરવું. આ ધ્યેય પ્રાપ્તિ કાજે શ્રીજીમહારાજે એમની હયાતીમાં **હજારો પરમહંસો** તૈયાર કર્યા. એ પરમહંસો શ્રીજીની **અગ્નિ પરિક્ષા**માંથી પસાર થયા. શ્રીજીની અક્ષરશઃ આજ્ઞા પાળી અને તેથી જ આજ્ઞા પળાવવા માટે **લાયકાત**નું (મુમુક્ષુપણાનું) **સર્ટિફિકેટ** મેળવી હજારોની સંખ્યામાં એકાંતિક ભક્તો બનાવ્યા. અને પોતાનું આત્યંતિક કલ્યાણ સુધાર્યું. એ સંતોએ પોતાનું સમગ્ર **અસ્તિત્વ** નકારી કાઢ્યું. અને શ્રીજીની પ્રસન્નતા માટે જ **નિઃસ્વાર્થ ભાવે** લોક સંગ્રહાર્થે જીવન ગાળી સત્સંગનો, ભગવાન શ્રીહરિની **આજ્ઞા**-બાંધેલી મર્યાદા અને **શ્રીહરિની રૂયિ મુજબ** ફેલાવો કર્યો, તો આપણે હવે એકાંતિક ભાગવત ધર્મ અને આત્યંતિક કલ્યાણનો ધ્યેય ધ્યાનમાં રાખી વિચારીએ તો ઉપર જણાવેલ અક્ષર-પુરુષોત્તમવાળા, અગર મણિનગરવાળા, અગર સાંકરદાના સાધુ, અગર દાદુભાઈવાળા વગેરે પંથના શ્રીજીમહારાજનું **ધ્યેય** પરિપૂર્ણ કરવાની જરૂરી શિસ્ત અને લાયકાત ધરાવે છે કે કેમ ? એનો વિચાર કર્યા વગર છૂટકો નથી. ભગવાન શ્રીહરિની આજ્ઞાનું ઉલ્લંઘન કરનાર, અને લેખિત આજ્ઞાનું **છડે ચોક ભંગ** કરનાર સત્સંગી ગણાય કે કેમ તેજ **પ્રશ્ન** સંપ્રદાયમાં ઉઠે છે, તો પછી આગેવાની લઈને સંપ્રદાયનો પ્રચાર કરવાનો પ્રશ્ન રહે છે ખરો ? બીજી રીતે તપાસીએ તો શ્રીજીમહારાજ સદેહે પૃથ્વી ઉપર વિચરતા હતા તે વખતે આવી રીતે આજ્ઞા ભંગ કરનારાઓને **મૂળ સંપ્રદાયના સિદ્ધાંતો**ને નામે **પ્રચાર** કરવાની

છૂટ મળી હોત ખરી ? જવાબ **નકારમાં જ** આપવો પડે તેમ છે.

દેશ-પરદેશમાં પરિભ્રમણ કરી સદ્‌વિચારોના વ્યાખ્યાન કરવા, કોઈને વ્યસન છોડાવવું, કોઈને અનુયાયી કરવા, કોઈને આજીવન સભ્યો બનાવવા, અગર પરદેશમાં મંદિર ઊભું કરવું. અને ભારતના હિંદુ ધર્મના વડા તરીકે દેશ-પરદેશના રાજદ્વારી પુરુષોને થોડા સમય માટે મળવું, અને તે અંગે **જાહેરાતો** કરવી એથી જ એકાંતિક **ભાગવત ધર્મની સ્થાપના** અને **આત્યંતિક કલ્યાણ** થવાનું છે ખરું ? સમાજ બહુ તો ભગવા લુગડાંવાળા સંત સાધુઓને જુએ એમનું પ્રવચન સાંભળે ટેપ કરી લે ફોટા પાડે, પછી દરેક પોતાના માર્ગે વિદાય થાય, એટલે આવા પ્રવાસોમાં મુમુક્ષુના જીવન ઉપર **ચોટિયાં અસર** કરી શકાય છે. પરંતુ ભગવાન શ્રીહરિનો **અવતાર હેતુ** પાર પડતો હોય એમ કદી બનતું નથી. એમના **સદ્‌વિચાર** ને હરકોઈ મનુષ્ય આવકારે છે. એ તો પરમ કૃપાળુ પરમાત્માની **દેણ** છે અને બાળક નાનું હોય ત્યારથી મા-બાપ સદ્‌વિચારના સંસ્કારો સિંચે છે એટલે સદ્‌વિચાર અગર સદ્-વર્તનની સલાહ એ તો ધર્મ માર્ગે લઈ જવાનું ફક્ત એક **પગથિયું** છે. આવા પગથિયા ઉપર ઊભા રહેનાર તો અસંખ્ય જીવો શ્રીજીમહારાજના પ્રાદુર્ભાવ પહેલા હતા. અને પછી પણ થયા છે. પરંતુ શ્રીજીનો અવતાર આ પગથિયા પરથી મુમુક્ષુ જીવોને ઉંચકી ઠેઠ **અક્ષરધામના અધિકારી** બનાવવાનો હતો. એથી સ્વયં પોતે પધાર્યા અને એ **ધ્યેય**ને પહોંચાડી શકે એવા સંતોની **હારમાળા** ઊભી કરી. શ્રીજીનું કાર્ય કોણ કરી શકે ? એને માટે **પ્રમાણપત્ર** કોને મળે ? આ કામની **લાયકાત** માટે પ્રથમ શું જરૂરી છે. ગમે તે ભગવાં કપડાં પહેરીને એ કાર્ય કરી શકે ? ખરેખર એ શ્રીજીનો **અનુયાયી** છે ? શ્રીજીમહારાજને નામે વાતો કરવા એણે કોઈ **અધિકાર** પ્રાપ્ત કર્યો છે ખરો ? સત્કાર્યો, લોકહિતના કાર્યો કે વ્યસનમુક્તિના કાર્યો, ભણાવવાના કાર્યો કે દવાખાનાનાં કાર્યો વગેરે કાર્યો કરવા માટે ધર્મનો ખોટો અંચળો ઓઢવાની જરાય જરૂર નથી. કારણ કે શાસ્ત્રોએ અનેક ઠેકાણે પ્રમાણ આપ્યું છે કે, ભગવાનનો આશ્રય તો કેવળ **મોક્ષ** અર્થાત્ **આત્યંતિક કલ્યાણ** માટે જ કરવો અને સંપ્રદાય કે ધર્મનો **મુખ્ય ઉદ્દેશ** એ જ હોઈ શકે. જો આ મુખ્ય ઉદ્દેશનું **ખંડન** થતું હોય તો બાકી કરેલા કહેવાતા **સત્કર્મો**નો કોઈ **હેતુ** સરતો નથી. એમાંય જ્યારે કહેવાતા **લોકહિતના કાર્યો** તે વ્યવસાય ધોરણે કરાતા હોય તો તેને **સેવા** પણ ન કહેવાય. આ તો **'બેંક લૂંટી દાન કર્યું'** તેના જેવું કહેવાય. જે સર્વથા **ખોટું** જ છે.

આ બધી બાબતો અને પ્રશ્નો **વિચાર** માંગી લે છે અને આ વિચાર કરવામાં, અન્ય સંસ્થાઓ **હરિફ** છે. એટલે એમની ટીકા કરવી, એ વાતને સ્થાન નથી, એવા સૂક્ષ્મ દ્વેષ અગર ઈર્ષ્યાથી વિચારોને રંગવાના નથી. પરંતુ તટસ્થ રીતે **સત્ય હકીકત** રજુ કરી પછી વાંચક પોતે પરિપક્વ બુદ્ધિથી વિચારે અને ન્યાય કરે તે માટે સાચી હકીકત રજુ કરવાનો હેતુ છે અને આ ચર્ચામાં શુદ્ધ સ્વામિનારાયણ સંપ્રદાય શું છે ? સાચી ઉપાસના શું છે ? શ્રીજીમહારાજે અસંદિગ્ધ ભાષામાં લખાણો શા માટે કર્યા ? એમની આજ્ઞાનું પાલન નહિ કરનારને શ્રીજીમહારાજ કયી દૃષ્ટિએ જુએ છે. અને જોવાનું કહે છે ? ધર્મ સહજ ભક્તિ કોને કહેવી ? ધ.ધુ. આચાર્યોની નિમણુંક કેમ કરી ? બે ગાદીઓ કેમ સ્થાપી ? એ સ્થાપ્યાં પછી શિક્ષાપત્રીમાં કેવી આજ્ઞા કરી ? શા માટે કરી ? સત્સંગિજીવન ગ્રંથ ક્યા હેતુસર લખાયો ? વચનામૃત ગુજરાતી સરળ ભાષામાં કેમ કર્યું ? શ્રીજીમહારાજના પ્રાદુર્ભાવ પહેલાનો સમય, તે વખતમાં ધર્મ મર્યાદા કેમ તુટી ? પાખંડ ધર્મ કેમ શરુ થયો ? ધર્મને નામે ધતિંગ કેમ ચાલ્યું ? એના કારણો અને એવું ભવિષ્યમાં સ્વામિનારાયણ સંપ્રદાયમાં, 'ના' બને તેની તકેદારી કેવી રીતે રાખવામાં આવી ? તે વિષે **વિગતવાર વિચાર** કરીએ તો જ **ખરુ રહસ્ય** સમજાય. અને એ પ્રકાશમાં જ **ઉપલી સંસ્થાઓ તરફથી** જે **આધુનિક પ્રચાર** થાય છે, તેનું **મૂલ્યાંકન** થઈ શકે.

શ્રીજીમહારાજે એમની આજ્ઞા અને રૂચિ અને બાંધેલ ધર્મ મર્યાદા, અને એકાંતિક ભાગવત ધર્મ માટેના પાલન અને રક્ષણ માટે **લેખિત દસ્તાવેજો** કર્યા અને કરાવ્યાં, શિક્ષાપત્રી **સ્વયં** રચી અને વચનામૃત, શ્રી સત્સંગિજીવન આદિ **ગ્રંથો** રચાવ્યાં અને તેને **પ્રમાણિત** કર્યા. જેને શ્રી સ્વામિનારાયણ

સંપ્રદાયના **બંધારણીય ગ્રંથ** તરીકે સ્વીકારવામાં આવે છે. એટલું જ નહિ શ્રીજીમહારાજ સમકાલીન વિદ્વાન સંતોએ તથા આચાર્યશ્રીઓએ તે શાસ્ત્રોના સિદ્ધાંત અનુસાર તેની ટીકાઓ તથા અર્થદીપિકા વગેરે વ્યાખ્યાઓ કરી છે. જેથી ભગવાન શ્રીહરિના **મૂળ** ઉપદેશ, ભાવ અને અર્થ સહિત તેનો **હેતુ** જળવાય રહે; જેથી પાછળથી કોઈ **અનર્થ** થાય નહિ અગર **મનસ્વી અર્થ** કરી આ સ્થાપેલ શુદ્ધ ધર્મ પ્રણાલિકા અને સંપ્રદાયનો પોતાના સ્વાર્થ ખાતર **દુર ઉપયોગ** કરે નહિ.

આ માટે ભગવાન શ્રીહરિએ દેશવિભાગનો લેખ, શિક્ષાપત્રી, સત્સંગિજીવન, વખતોવખત અનુયાયી વર્ગને **લેખિત પત્રો** દ્વારા કરેલી **સૂચનાઓ** સ્વમુખે કહેલા 'વચનામૃતો' 'ભક્તચિંતામણી' જેવા લીલાચરિત્રોના **ગ્રંથો** તથા મહાસમર્થ સંતો - સ.ગુ. શ્રી મુક્તાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, શુકમુનિ, નિત્યાનંદ સ્વામી અને અન્ય પણ અષ્ટકવિ અંતર્ગત સંત કવિઓ જે સ.ગુ. શ્રી પ્રેમાનંદ સ્વામી, નિષ્કુળાનંદ સ્વામી, મંજુકેશાનંદ સ્વામી, દેવાનંદ સ્વામી વિગેરેએ ભગવાન શ્રીહરિના **સિદ્ધાંતોનું રહસ્ય** સ્પષ્ટ જણાવતાં રસભીના રચેલા **કાવ્યો** અને ભગવાન શ્રીહરિના અપરસ્વરૂપ એવા પ.પૂ આચાર્યશ્રીઓએ લખેલા તેમજ પ્રમાણિત કરેલા ગ્રંથો - આ બધાનું સાચા ઋષિ(યથાર્થ દૃષ્ટા-વક્તા સત્પુરુષ)ના માર્ગદર્શન નીચે **વાંચન-શ્રવણ મનન** અને **નિત્ય ધ્યાન** કરવાની જરૂર છે.

વળી ભગવાન શ્રી સ્વામિનારાયણે બતાવેલ **સેવા ધર્મ પાલન** અને એમની **આજ્ઞા પાલન** અક્ષરશઃ મોટા મોટા **નંદપંક્તિના સંતો**એ કરેલ છે. આ નંદસંતો સમર્થ હોવા છતાં અને **શ્રીજી સમકાલીન** હોવા છતાં શ્રીજીમહારાજને પરાત્પર **પુરુષોત્તમ નારાયણ** માનતા હતા અને શ્રીજીના ચરણમાં પોતાની જાતને **સમર્પિત** કરીને મનસા, વાચા, કર્મણા, શ્રીજીમહારાજનું પુરુષોત્તમપણું ગામે ગામ ફરી અગવડો ભોગવી, આક્રમણો, અપમાન સહન કરી ક્ષમા અને અહિંસા યુક્ત જીવન જીવીને શ્રીજી મરજી અનુસાર **સત્સંગનો પ્રચાર** કર્યો છે. આ રીતે આખા સત્સંગનો **પાયો** સ્વયં શ્રીજીમહારાજે અને તેમની આજ્ઞા પ્રમાણે એમના નંદ સંતોએ, અને એકાંતિક હરિભક્તોએ **શાશ્વત જનકલ્યાણ** માટે નાંખ્યો છે અને એની પાછળ **ભાવના** કેવળ જનકલ્યાણ અને આત્યંતિક કલ્યાણની હતી. મોટા સંતોએ અને એકાંતિક ભક્તોએ આ માટે પોતાના **'સ્વ'**ની પૂરી **આહુતિ** આપી છે અને શ્રીજીમહારાજની **સ્વરૂપ નિષ્ઠા** અને **માહાત્મ્ય**ને કાંઈ આંચ ન આવે એ પ્રમાણે **વર્તન** કરેલ છે.''

(વિમુખો સ્વામિનારાયણ સંપ્રદાયના નથી. પેજ નં. ૧૯-૨૦, પ્રકાશક : નટવરલાલ દવે - અમદાવાદ)

''...શ્રીજીમહારાજ મૃત્યુલોકના માણસોની અપૂર્ણતાથી **વાકેફ** હતા. સત્ શાસ્ત્રોનો અનર્થ સ્વાર્થી ગુરુઓ કરે છે. અને તેથી થતી ધર્મની અને પ્રજાની **દુર્દશા** શ્રીહરિએ જાતે વિચરણ કરી **અનુભવી** હતી.

તે ઉપરાંત દુર્વાસાના શાપને નિમિત્ત બનાવી ધર્મના નામે થતાં ધતિંગો દૂર કરવાનું અને એકાંતિક ધર્મ સ્થાપવાનું પોતાનું **અવતાર કાર્ય** હતું.

એટલે પોતાના આશ્રિતો માટે પોતે સત્ શાસ્ત્રો કરાવ્યાં; ઉપર જણાવ્યા મુજબ **દેશ વિભાગનો લેખ** કર્યો અને આચાર્યોની **સ્થાપના** કરી, **શિક્ષાપત્રી** પોતે લખી અને વ્યવહાર અને કલ્યાણ માર્ગ માટેનું **વર્તન** સ્પષ્ટપણે જણાવ્યું. અને શિક્ષાપત્રીમાં જણાવેલા આદેશો અને સમજને કોઈ હળવી રીતે લેવાનો પ્રયાસ કરે નહિ. એટલા માટે 'શિક્ષાપત્રી' એ **પોતાનું બીજું સ્વરૂપ** છે એમ આશ્રિતોને જણાવ્યું. એટલે શિક્ષાપત્રીનો દોર એટલે ભક્તજનોને સ્વરૂપ નિષ્ઠાનો દોર થાય એવો **ભાર** મૂક્યો.

પોતે સ્થાપેલ સ્વામિનારાયણ સંપ્રદાયમાં **શબ્દો**નો **અનર્થ** કરીને **છટક બારીઓ** શોધાય નહિ એટલા માટે તદ્દન સરળ સ્પષ્ટ અને **અસંદિગ્ધ** પ્રમાણે સંપ્રદાયના **શાસ્ત્રો** કર્યા અને કરાવ્યાં.

પ્રભુ ભજન કરતાં થોડી સિદ્ધિ મળે એવી જાતે (પોતે જ)અગર અનુયાયીઓના **પ્રચાર** મારફતે પોતે ભગવાન તરીકે પૂજાવવાની **નબળાઈ** હિન્દુ ધર્મમાં પ્રચલિત છે, અને તેથી ભોળા લોકો અને કહેવાતા સ્વાર્થી સમજુ લોકોને સ્પષ્ટ આદેશાત્મક માર્ગદર્શન આપવા એવી વ્યવસ્થા ગોઠવી કે જેથી ખબરદાર સત્સંગીના કલ્યાણ અને મોક્ષ માર્ગમાં કોઈ અવરોધ ના આવે. આ મુજબ શ્રીજીમહારાજે 'દેશવિભાગનો લેખ', 'શિક્ષાપત્રી', 'સત્સંગિજીવન', 'વચનામૃત' વગેરે શાસ્ત્રો દ્વારા લેખિત **સ્પષ્ટ માર્ગદર્શન** આશ્રિતોને આપ્યું છે અને આચાર્યોના ધર્મો, સાધુ, બ્રહ્મચારીના ધર્મો અને સત્સંગી ગૃહસ્થોના ધર્મો એવો **સ્પષ્ટ પ્રબંધ** કર્યો છે. જગતના ધર્મોના ઈતિહાસમાં આવું સ્પષ્ટ સરળ અને **અસંદિગ્ધ લખાણ** મળવું **મુશ્કેલ** છે. આ તો 'આમ કરવું' અને 'આ ન કરવું' એવી **સ્પષ્ટ સૂચના** કરી છે. અપવાદને ભાગ્યે જ સ્થાન હોય છે. અને જો અપવાદ કર્યો હોય તો તે સ્પષ્ટ લેખન કરવામાં આવ્યું છે. શ્રીજીમહારાજે સત્સંગનું જે **સાહિત્ય** કરાવ્યું તેમાં અચોક્કસતાને **સ્થાન** જ નથી.''

(વિમુખો સ્વામિનારાયણ સંપ્રદાયના નથી. પેજ નં. ૩૩-૩૪, પ્રકાશક : નટવરલાલ દવે - અમદાવાદ)

આમ, છતાં મનુષ્ય તો મનુષ્ય જ રહ્યો. શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં સ.ગુ. શ્રી ગુણાતીતાનંદ સ્વામીના નામે **મૂળ અક્ષરની વાત** ઊભી કરવામાં આવી. અને છાનો છાનો **પ્રચાર** જાગા ભગત-પ્રાગજી ભગત વગેરે કરવા લાગ્યા. ત્યારબાદ અક્ષર-પુરુષોત્તમ પંથ શરૂ થયો જે શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના તત્ત્વચિંતનથી બિલકુલ વિરુદ્ધમાં છે, અપસિદ્ધાંતવાળો છે, અશાસ્ત્રીય છે. અને **ખોટા પ્રચાર** શરૂ કર્યા કે, પોતે શ્રીજીમહારાજના **સિદ્ધાંતો** બરાબર સમજે છે. શ્રીજીમહારાજની **અંતરની ઈચ્છા** પોતે સમજે છે. અને બીજા બધા અંધારામાં છે. મૂળ અક્ષરબ્રહ્મની પાસપોર્ટ પર સહી ન થાય ત્યાં સુધી શ્રીજીમહારાજના અક્ષરધામમાં જવાય નહિ, આવી રીતે મૂળભૂત શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના સિદ્ધાંતોને તોડી મરોડીને બોચાસણ સંસ્થાએ આવો **કપોલ-કલ્પિત** સિદ્ધાંત ઊભો કરીને **નવો પંથ** સ્થાપ્યો છે.

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાંથી વિમુખ કરેલાનો ઘણો મોટો સિદ્ધાંતિક ભેદ છે. અને પોતાને ભગવાન થવાનો પણ મોટો કોડ છે. એટલા માટે જ અલક-મલકની આ દુનિયામાં ભગવાન થવાનો કોડ એમને કેવા નીચમાં નીચ નાચ નચાવી રહ્યો છે. **'સિદ્ધાંત સાર'** નામનું પુસ્તક પુરાણી ગોપીનાથજી ગુરુ યજ્ઞપુરુષદાસજીએ બહાર પાડ્યું. તે પુસ્તકની શરૂઆતમાં **બે બોલ** મથાળા નીચે લખવામાં આવ્યું છે કે, 'તે જ પ્રમાણે વર્તમાનકાળે પ્રત્યક્ષ પુરુષોત્તમ યજ્ઞપુરુષદાસજીએ બાકી રહેલું કામ પૂરું કર્યું. પોતાના ધામરૂપ જે યોગીજીમહારાજ જે સાથે લાવેલા તેમને પોતાનું કામ સોંપીને તેમનું સ્વરૂપ પ્રગટ કરવાની આજ્ઞા કરી.' આ ઉપરથી **સ્પષ્ટ** થાય છે કે અક્ષર-પુરુષોત્તમવાળાને પોતાની જાતના જ ફોટા-સ્ટેચ્યું પધરાવવાનું મૂળમાંથી જ **તાન** છે. અને એ તાનને પૂર્ણ કરવા માટે ગુણાતીતાનંદ સ્વામીનો **ઓથ** લીધો છે. પોતાને જ ઓળખાવવાનું જે સંતને તાન હોય એને સંત કેમ કહી શકાય ? પરોક્ષના સાચા સંતો પણ પોતાના ફોટો અને મૂર્તિના **દૃઢ વિરોધી** રહ્યા છે.

★ મહારાષ્ટ્રમાં થયેલા **માણે મહારાજ** અત્યંત નમ્ર હતા. સાવ **નિરાભિમાની** હતા આથી જ એ સંત હતા.

તેમણે ભેગી કરી આપેલી રકમમાંથી ગરીબો માટે નાસિકમાં શાળા થઈ, તે ચાલુ થયા બાદ ક્યારેક જોવા ગયા. શાળાના કમ્પાઉન્ડમાં તેમનું ફુલ સાઈઝનું **બાવલું** (પુતળું) ઊભું હતું તેમણે ટ્રસ્ટીઓને પૂછ્યું : ''આ માણસ કોણ છે ? તે અહીં શું કામ કરે છે ? જો તે નકામો ઊભો હોય તો તેને સત્વર દૂર કરો.'' આટલું બોલતાની સાથે પોતાની કડિયાળી ડાંગના **ચાર-પાંચ ઘા** જોરથી કરી દીધા. બાવલાના ટુકડે ટુકડા થઈ ગયા.

તે પછી કાર્યાલયમાં ગયાં. ત્યાં ફોર કલરમાં પોતાના બસો-ત્રણસો **ફોટાની** એક **થપ્પી** જોઈ. તરત ઉપાડી, ઘોડાગાડીમાં બેસી નદીના પુલ ઉપર ગયા, ત્યાંથી તમામ ફોટા **જલશરણ** કરી દીધા !

મકરંદ દવેએ **સંતની વ્યાખ્યા** કરી છે કે, 'જે કદી ફોટા પડાવતો ન હોય અને પોતાના નામને વિશેષણો લગાડવા દેતો ન હોય તે સંત' કડવું કેટલું છે ? પરંતુ સત્ય છે ...!!

અહીં તો ફોટા પડાવવાની ક્યાં વાત કરવી પણ મંદિરના સિંહાસનમાં પણ ભગવાનની સાથે પોતાની જાત (ફોટા કે મૂર્તિરૂપે) પધરાવરાવી આરતી-થાળ-પૂજા કરાવે છે.

★ સંત ગોપાલને ભક્તોએ વિનંતી કરી કે આ વખતનો **ચાતુર્માસ** અમારા ગામમાં જ કરવો અને ભક્તજનો સમક્ષ દરરોજ ભગવાનની કથા કરવી.

નિઃસ્પૃહી સ્વામીજીએ એ વાત સ્વીકારીને તે ગામમાં ચાતુર્માસ કર્યો. જેમ જેમ દિવસો જતા ગયા તેમ તેમ કથામાં લોકોની સંખ્યા વધતી ગઈ. **બે-ત્રણ હજાર માણસો** નિત્ય શ્રવણ કરવા લાગ્યા.

જોતજોતામાં ચાતુર્માસ પૂર્ણ થયો, સ્વામીજીએ શુભ દિવસે પ્રયાણ કર્યું. ભક્તજનોએ સ્વામીજીને વળાવ્યા.

ત્યારબાદ બીજા જ દિવસની આ વાત છે : સ્વામીજીના ઘણા વર્ષોના આશ્રિત શ્રીમંત ભક્તો તેમની પાસે આવ્યા, સ્વામીજીના આશ્રમસ્થાને વંદના કરીને ગામમાં આવ્યાં. ગામના અગ્રણીઓને ભેગા કરીને તેમના હાથમાં **પાંચ હજાર રૂપિયા** આપીને કહ્યું : ''આ ગામમાં અમારા સંત ગોપાલજીએ ચાતુર્માસની કથા કરી છે. તેની સ્મૃતિ રૂપે મધ્યભાગમાં સ્વામીજીનું **બાવલું** (સ્ટેચ્યુ) ઊભું કરજો અને તેની નીચે સ્વામીજીનું એક **સુવર્ણ વાક્ય** કોતરજો.''

ગ્રામજનો તો ખૂબજ રાજી થઈ ગયા, અને દોડ્યા સ્વામીજીની પાસે જવાં ...!! ઝપાટાબંધ પંથ કાપતા થોડી જ વારમાં સ્વામીજીની પાસે પહોંચી ગયા. એક વડલા નીચે સ્વામીજી અને ભક્તજનો બેઠા. સ્વામીજી એ પૂછ્યું : ''બંધુઓ ! કેમ આવવુ થયું ?''

એક **અગ્રણીજન** બોલ્યો : ''સ્વામીજી ! વાત એમ છે કે આપના શ્રીમંત ભક્તોએ અમને પાંચ હજાર રૂપિયા દઈને આપનું બાવલુ મુકવાનું કહ્યું છે. અમારી પણ એજ ભાવના છે. તો એની નીચે કોતરવા માટે એક **સુવર્ણવાક્ય** આપ ફરમાવો, અમે તે માટે આવ્યા છીએ.''

ત્યારે સ્વામીજીએ કહ્યું. : ''અલ્યા ! ભાઈ ! મારા જેવા **સામાન્ય માણસનું** તે **બાવલું** હોતુ હશે ? આપ તે કેવા ગાંડા થયા છો.''

પણ હવે ગ્રામજનો માને તેમ ન હતા, તેથી ઘણી રકઝકના અંતે પણ ગ્રામજનો માન્યા નહિ એટલે સ્વામીજીએ કહ્યું : ''લખી લો ત્યારે મારું સુવર્ણ વાક્ય **'મારા ભક્તોથી ચેતતા રહેજો !'** આ સાંભળીને જ ગ્રામજનો તો **સ્તબ્ધ** થઈ ગયા.... આનું કારણ, એક ભારતીય અંદર-બહાર એકતાનાં આર્જવ-ગુણ યુક્ત **વિભૂતિ સંતનો પ્રભાવ** જ હતો ...!!!

રમણ મહર્ષિના અંતકાળના **છેલ્લા શબ્દો** હતા : ''મારા મૃત્યુ બાદ કોઈએ મારી કોઈ હસ્તી રાખવાની નથી. ગુરૂમંદિર કરવા નહિ, જીવનચરિત્રના ગ્રંથ પણ રચવા નહિ જો તમે **મારી વાત નહિ માનો તો** મારા આત્માને **દુઃખ** થશે.''

આને કહેવાય ઉચ્ચકોટિની **સાધુતા,** આની સામે પોતાની મૂર્તિ કે પોતાના ફોટા પૂજવા આપનારા કેટલા **વામણા** લાગે છે ? સદા ઊંઘમાં જ જેને આનંદ લાગે છે એવા **કુંભકર્ણને** જાગેલા પણ જગાડી શકતા નથી.

આવી **બોગસ ઉપાસના** પ્રવર્તાવવા માટે મંદિરની આવશ્યકતા રહે અને મૂળ મંદિરોમાં એમનું તો કોઈ **સ્થાન** નથી. તેથી તેણે શ્રીજીમહારાજના સંસ્થાપિત મંદિરોની હરિફ (વિરુદ્ધ)માં મંદિરોનું **નિર્માણ** કર્યું.

ભગવાન શ્રીહરિએ **સ્વયં** છ શિખરબધ્ધ મંદિરો બંધાવ્યા અને પોતે જ તેમાં **મૂર્તિ પ્રતિષ્ઠા** કરેલી છે. તે મંદિરો અમદાવાદ, ભુજ, વડતાલ, ધોલેરા, જૂનાગઢ અને ગઢડામાં છે. તે મંદિરોનું કલ્યાણયુક્ત **સેવાકાર્ય** થતું, તે જોઈ તેમાં સેવા કરનારાઓના ઉપર ભગવાન શ્રીહરિ **અતિ રાજી** થતા. વડતાલ અને ગઢડાના મંદિરોના **બાંધકામ વખતે** શ્રીજીમહારાજે સ્વયં પોતાના માથા ઉપર ઈંટો-પથ્થરો મૂકેલા અને તે રીતે મંદિરોનું **મહત્ત્વ** અને તેમાં પોતાનો **રાજીપો** બતાવ્યો છે. આ વાત સંપ્રદાયમાં અતિ જાણીતી છે. ભગવાન શ્રી સ્વામિનારાયણે સ્વયં બંધાવેલા આવા મંદિરોની સામે બીજા મોટા **શિખરબધ્ધ મંદિર** રચવા તે સ્વયં ભગવાન શ્રીહરિનો **દ્રોહ કરવા સમાન** છે. આવી રીતે સામે મંદિર બંધાવવાની **પ્રવૃત્તિ** બતાવે છે કે, તે મૂળ સંપ્રદાયમાં માનતા નથી અને ભગવાન શ્રીહરિ સ્થાપિત મંદિરોમાં શ્રદ્ધા અને વિશ્વાસ નથી કે સંતોષ નથી એટલે જ તેવા પવિત્ર મંદિરોથી જુદાં મંદિરો, મૂળના અસલ મંદિરોના **હરિફ** (વિરોધી) તરીકે ઊભા થયેલા છે તેથી **મૂળ** શ્રી સ્વામિનારાયણ **સંપ્રદાયના** ગણવા યોગ્ય નથી.

વળી, એમ પણ ભરમાવવાનો પ્રયત્ન કરે છે કે, ગઢડામાં શ્રીજીમહારાજની ઈચ્છા ઘેલાકાંઠે મંદિર કરવાની હતી. તે ઈચ્છા હવે (અક્ષર-પુરુષોત્તમ સંસ્થાના મંદિરથી) પૂરી થઈ. પરંતુ આવી વાત કેવળ બેહૂદી છે. શ્રી સત્સંગિજીવન ગ્રંથમાં સ્વયં ભગવાન શ્રી સ્વામિનારાયણ કહે છે :

'यदर्थमवतारोऽयं मनुष्येषु मया धृतः । कार्यं कृतं तत्सकलं नावशिष्टं हि किञ्चन ।।'

જે કાર્ય કરવા મનુષ્યમાં મેં આ અવતાર ધારણ કર્યો હતો તે સમગ્ર કાર્ય **પરિપૂર્ણ** કર્યું છે. આ ધર્મ પ્રતિષ્ઠાપનરૂપ કાર્યમાં કાંઈ પણ અવશેષ મેં રાખ્યું નથી તો **પ્રાદુર્ભાવ પ્રયોજન** પરિસમાપ્ત કરી રહેલો હું હવે **સ્વધામ પ્રતિ** જઈશ.

(શ્રી સત્સંગિજીવન : ૫/૬૮/૨૮)

'ફરી ફરી ફેરો પડે, એવું કરવું નથી આ વાર; સહુ જીવનો સામટો, આજ કરવો છે ઉદ્ધાર.'

(પુરુષોત્તમ પ્રકાશ : ૪૫/૪)

'કરી લીધું છે સર્વ જો કામ રે, એમ વિચારિયું ઘનશ્યામ રે; કે'વા રાખ્યું નથી કેડે કાંઈ રે, જાવા મોક્ષના મારગ માંઈ રે.
બહુવિધ ઉઘાડીયાં બાર રે, કરવા કલ્યાણને આ વાર રે; હવે પધારું હું મારે ધામ રે, જે સારું આવ્યા'તા તે થયું કામ રે.'

(પુરુષોત્તમ પ્રકાશ : ૪૮/૫-૬)

'अनन्यसाध्यमेवं यद्विधेयं स्वेन तत्त्वया । सर्वं कार्यं कृतं किञ्चिन्नावशिष्टं हि वर्तते ।।'

આ પ્રકારે જે અન્યથી સાધ્ય ન થઈ શકે અને જે ફક્ત આપ જ કરી શકો તે કરવા યોગ્ય **સર્વકાર્ય** આપે કર્યું છે, કાંઈપણ બાકી રાખ્યું નથી.

(શ્રીહરિલીલાકલ્પતરુ : ૧૦/૪૩/૨૫)

'તમે સાંભળજ્યો સર્વે જન રે, જેહ અર્થે ધાર્યું તું મેં તન રે; તે કર્યું મેં સર્વે કારજ રે, કરવા કેડ્યે રાખ્યું નથી રજ રે.'

(ભક્તચિંતામણી : ૧૬૦/૩૧)

'धैर्यं संरक्ष्य यूयं भो शृणुत मद्वचोऽखिलाः । प्रादुर्भूतोऽहमत्रोर्व्यां यदर्थं तत्कृतं मया ।।
पृष्ठे कर्तुं तु किञ्चित्र किमपि रक्षितं जनाः । व्रजाम्यऽद्यान्तरात्माऽहं स्वतन्त्रो धाम मामकम् ।।'

હે ભક્તો ! તમે બધા ધીરજ રાખીને મારું વચન સાંભળો. આ ભૂમિ ઉપર હું જે કાર્ય કરવા પ્રકટ થયો છું તે **સર્વ કાર્ય** મેં કરી દીધું છે. થોડું પણ હવે પછી બાકી રહ્યું નથી. માટે સૌનો અંતર્યામી અને સ્વતંત્ર આવો હું હવે મારા ધામમાં જાઉં છું.

(શ્રીહરિચરિત્રમ્ : ચતુર્થ પરિચ્છેદ, ૫૪/૫૦-૫૧)

સ્વયં ભગવાન શ્રી સ્વામિનારાયણ કહે છે : ''અમે તો આ સમે કોઈ વાતનું કાચું રાખ્યું નથી.'' (વચ. જે. પ્ર. ૫)

'અમે હૈયે ન હૈયે જો આંઈ રે, નથી રાખ્યું કેડ્યે કામ કાંઈ રે; સર્વે કરીને લીધું છે કાજ રે, એમ કહે છે શ્રીમહારાજ રે.'

(પુરુષોત્તમ પ્રકાશ : ૪૩/૧૮)

જ્યારે શ્રીજીમહારાજે સમગ્ર કાર્ય પુરું કર્યું છે, તેની સામે વિમુખના **'સિદ્ધાંતસાર'** પુસ્તકમાં **પેજ નં. ૮માં** કહે છે કે, 'તે જ પ્રમાણે આજે વર્તમાનકાળે તેમનું અન્ય સ્વરૂપ જે **પ્રત્યક્ષ પુરુષોત્તમ** સ્વામી શ્રી યજ્ઞપુરુષદાસજીએ પુરું કર્યું છે.

આમ કહેનારાઓ **ઉપરોક્ત વાક્યોથી** શું **સિદ્ધ** કરવા માગે છે ? તો એજ કે, ભગવાન પોતે પોતાના **સંકલ્પ પૂર્ણ કરવા** સમર્થ ન હતા અને આ વિમુખો તે સંકલ્પો **પૂર્ણ** કરી શક્યા !!! એટલે શું તેઓ ભગવાન શ્રીહરિથી વધારે શ્રેષ્ઠ, સામર્થીવાન અને સર્વોપરી છે ? સર્વ આશ્રિતોની ઈચ્છાને પૂર્ણ કરનાર **સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ,** જેમની મરજી વિના સૂકું પાંદડું પણ હલતું નથી, તેમની **ઈચ્છા અધુરી** રહી ગયેલી તેવું કહેવું એ કેટલું **નીચ કક્ષાનું પાપ** કહેવાય. આ અક્કલ વિનાની હઠ છે અને બુદ્ધિ વિનાનું તો બળ છે. ભગવાન શ્રીહરિએ ગઢડામાં મંદિર કર્યું ત્યારે પહેલા જુદી જુદી જગ્યાઓ જરૂર જોઈ હતી. પરંતુ તેથી પોતે જ કરાવેલા મંદિરોની સામે હરિફાઈમાં જુદું મંદિર કરવું અને તે ભગવાનની ઈચ્છા પૂરી કરવા થયું હોય તો તેને શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયને **સમર્પિત** કરી દેવું જોઈએ. તેની હરિફાઈમાં **અલગ અસ્તિત્વ** ટકાવી રાખવું ન જોઈએ.

તેવી જ રીતે ગોંડલમાં સ.ગુ. શ્રી ગુણાતીતાનંદ સ્વામીએ **જાતે જ બંધાવેલું મંદિર** ગામની વચ્ચે છે. સ્વામીશ્રીએ પોતાનો દેહ પણ તે જ મંદિરમાં મૂક્યો છે. વિમુખ બોચાસણ **અક્ષર-પુરુષોત્તમ** સંસ્થા પોતે સ.ગુ. શ્રી ગુણાતીતાનંદ સ્વામીનો **આધાર** લે છે. છતાં સ્વામીશ્રીએ બંધાવેલ તે **મૂળ મંદિરની** હરિફાઈમાં **બીજું મંદિર** તેમણે કરેલ છે.

ભગવાન શ્રીહરિ દ્વારા પ્રસ્થાપિત **મૂળ મંદિરો** ઉપરાંત ભગવાન શ્રીહરિજીએ સ્થાપેલા બંને દેશના આચાર્યોએ સ્થાપેલા **શિખરબધ્ધ મંદિરો** કે **હરિમંદિરોની હરિફાઈમાં** મંદિરો બાંધવા તે પણ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયનો **દ્રોહ** જ છે. અને તે શ્રીહરિજી મહારાજની આજ્ઞાથી **વિરુદ્ધ** છે. અને શ્રીજીમહારાજે સ્થાપેલા સંપ્રદાયને ધક્કો લાગે તેવી રીતે **હરિફ મંદિરો** સ્થાપવાની પ્રવૃત્તિ તો **સંપ્રદાયનો** અને **શ્રીજીમહારાજનો દ્રોહ** જ ગણાય.

સ.ગુ. **શ્રી ગોપાળાનંદ સ્વામી** પોતાની વાતોમાં **દૃઢ ઉપાસનાનું રૂપ** કહેતા કહે છે :-

''(૧) સ્થાનકને ઓળખે તે જે **સ્થાનકને** વિશે શ્રીજીમહારાજે પોતાનું કરીને ઘણા વર્ષ સુધી **નિવાસ** કર્યા હોય તેનું કોઈ ઘસાતું બોલે તો ખમી શકે નહિ ને જેમ છે તેમ **યથાર્થ ઉત્તર** કરે ને આજ્ઞાએ કરીને બીજે ઠેકાણે રહેતો હોય તોપણ ત્યાં **હેત** વધુ રાખ્યા કરે ને તેનો યશ ગાયા કરે ને સંભાર્યા કરે.''

(શ્રી ગોપાળાનંદ સ્વામીની વાતો : ૧/૧૪૭)

''અને એકાંતિક ભક્તની વૃત્તિમાં ભગવાન રહ્યા છે તે એવા ભક્તનું **વર્તન** કેવી જાતનું હોય ?' એ પ્રશ્નનો ઉત્તર જે, એવાની જે **ક્રિયા** તે **આચાર્યજી મહારાજને** અર્થે હોય કે **મંદિરને અર્થે** હોય પણ પોતાને અર્થે ન હોય...''

(શ્રી ગોપાળાનંદ સ્વામીની વાતો : ૧/૨૬૫)

આ વાતોમાં શ્રી ગોપાળાનંદ સ્વામીએ ઉપાસનાનું સ્વરૂપ અને એકાંતિક ભક્તનું વર્તન કેવું હોય એ સ્પષ્ટ કહ્યું છે. આજે પોતાને પ્રગટ બ્રહ્મસ્વરૂપ કહેરાવવું છે, અને શ્રીજીમહારાજના સ્થાપિત મંદિરોની સામે **બળવો** કરવો આ બે વાતનો **તાલ** મળતો નથી. અને પ્રવચનોમાં, પુસ્તકોમાં અને જ્ઞાનગોષ્ઠીઓમાં મૂળ સંપ્રદાયની **નિંદા** કર્યા વગર રહેતા નથી ને બહારથી પાછા એમ બતાવો છો : 'અમને ખંડનમાં રસ નથી; અમે તો રચનાત્મક મંડન જ કરવા માંગીએ છીએ, ખંડનમાં રસ તો મૂળ સંપ્રદાયવાળાને છે.'

ખંડનનું ખંડન એ વસ્તુતઃ **મંડન** છે. ભારતીય પરંપરાના **સદાચારોનું ખંડન** જો સિનેમાઓથી થતું હોય તો સિનેમાઓનું **ખંડન** કરવું એ તે સદાચારોના મંડનના પરિણામે છે. લોકોના હૈયે ખંડનાત્મક કાર્યો તરફ સૂગ અને રચનાત્મક કાર્યો તરફ **પ્રેમ** ઉત્પન્ન કરાવીને કેટલાક વિમુખ તત્ત્વોએ પોતે તો **મૂલ્યોના ખંડનની તીવ્ર પ્રક્રિયા** ક્યારનીય શરૂ કરી દીધી છે ! આવા લોકો ક્યા મોંએ મંડનની વાતો કરે છે.

સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ જ્યાં ૨૬-૨૬ વર્ષ પોતાનું ઘર માનીને રહ્યા હોય તેવા **અક્ષરધામ તુલ્ય** ગઢપુર ગામ સાથે ખૂબ હેત રાખવું તથા તેની **યશોગાથા** ગાવી એ વાત તો એકબાજુ રહી, પરંતુ ગઢપુરમાં શ્રીજીમહારાજ જે રસ્તેથી ઘેલા નદીમાં તેમજ અન્ય જગ્યાએ જવા માટે **કાયમી આવન-જાવન** કરતા હતા, તેવા મહાન પ્રસાદિભૂત **રસ્તાની જમીન** વિમુખ બોચાસણ અક્ષર-પુરુષોત્તમ સંસ્થાવાળા તમે લોકોએ **પોતાના ગ્રાઉન્ડમાં વાળી લેવી** એ કેટલી બધી **હિનતા** કહેવાય. તેમ ન કર્યું હોત તો તમે મૂળ સંસ્થા સાથે તેમજ ગ્રામજનો તેમજ ભાવિક ભક્તોની સાથે ખોટા વિવાદમાં ન ઉતર્યા હોત ...!!

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય **કેવળ** કાયદાબાજોનો અને બુદ્ધિવાદિઓનો નથી. **આ સંપ્રદાય તો** સિદ્ધાંતવાદિઓનો અને શ્રદ્ધાવાનોનો છે.

વિમુખપંથીઓ પોતાના શિષ્યોને લઈને વડતાલ, અમદાવાદ, ગઢપુર વગેરે ધામોમાં દર્શન નિમિત્તે દેખાવ પૂરતા જાય છે, કારણ કે પોતાના કરેલા શિષ્યો ક્યારેક ભૂલે ચૂકે મૂળ શાસ્ત્ર વાંચે અને તેનો સાચો અર્થ સમજે તો તેમના કહેવાતા ગુરુઓને પ્રશ્ન કરે કે :-

(૧) શ્રીજીમહારાજે છ ધામ બાંધ્યા તેનો મહિમા વિશેષ કે આપણે મંદિર બાંધીએ તેનો મહિમા વિશેષ ?

(૨) શ્રીજીમહારાજે સ્થાપેલા દેવોમાં સંતોષ અને શાંતિ શું નથી મળતી ? કે જેથી જુદા મંદિર કરવા પડ્યાં ?

(૩) આચાર્યોની અણિશુદ્ધ પરંપરા અને દીક્ષાવિધિ આ બધાનું શું ? વગેરે પ્રશ્ન પૂછે, તો શું જવાબ આપે એટલા પુરતું માત્ર દેખાવ કરવા કે અમને શ્રીજીમહારાજના સ્થાપેલા દેવ, મંદિર કે શાસ્ત્રો સાથે કોઈ જ વાંધો નથી તેવું દેખાડવા જ મૂળ મંદિરોમાં જાય છે.

અને જો તેમ ન હોય તો મૂળ મંદિરોમાં અને ભગવાન શ્રીહરિના સિદ્ધાંતોમાં જો સર્વોપરિતા અને દિવ્યતા દેખાતી હોત તો ગમે તેટલું સહન કરીને પણ તે દેવોનો કે મંદિરોનો આશ્રય છોડત નહિ.

ખરી રીતે તો તેઓ **પોતાના મતના પ્રચારાર્થે** સંત-હરિભક્તોના દૂષણ શોધવા જાય છે. આવા વિમુખોના ગુરુઓ આવા મંદિરોમાં દર્શન કરવાને બહાને ઘૂસવા જાય ત્યારે દેખીતી રીતે જ એમને **જાકારો** મળે છે ત્યારે એમના અનુયાયીઓ માને-મનાવે કે, 'આપણા ગુરુ કેવા નિર્માની છે કે આ લોકો તરફથી થતાં **અપમાનો** સહન કરે છે. પણ આ મંદિરવાળાઓ કેવા અસુર છે !' પરંતુ આવા દેખાવો કરી તેઓ પોતાના અનુયાયીઓના મનમાં એમ ઠસાવવા માગે છે કે, અહિં આપણું અપમાન થાય છે. માટે **અલગ મંદિર** ઊભું કરો. આમ સારી એવી રકમ કઢાવી સામા મંદિરો ઊભા કરે છે. શિષ્યોને પણ મનમાં એમ થાય છે કે, આપણા ગુરુનું અપમાન કર્યું માટે ગમે તે થાય પણ આપણે **સામું મંદિર** કરીને એમને કહી દેખાડીએ કે અમે તમારીથી કંઈ કમ નથી. આમ કરવાથી આવા અનુયાયીઓમાં પોતાના ગુરુ પ્રત્યે **પૂજ્યબુદ્ધિ** વધે છે તથા ત્યાં રહેવા માટે **સ્થાન** થાય છે.

વિમુખો મુમુક્ષુઓને પોતાના જાડાં ધોતિયા બતાવીને તેમને કહે છે : 'આપણા ગુરુઓ જ ધન-સ્ત્રીના ખરા ત્યાગી છે અને મૂળ સંપ્રદાયની સ્થૂળ બાંધણીમાં વળગીને સંપ્રદાયના માળખામાં જ બંધાઈ રહેલા સાધુઓ તો શ્રીજીમહારાજની આજ્ઞા પ્રમાણે વસ્ત્ર-પાત્રાદિ રાખતા નથી માટે મહારાજની આજ્ઞાથી બહાર વર્તનારા કેવળ ભગવાધારીઓ જ છે.' આવી રીતે સમજાવીને પોતાનામાં જોડે છે અને મૂળ સંપ્રદાયમાંથી તોડે છે. ત્યારે

એમ કહેનારાને પણ કહેવાનું મન થાય છે કે, **તમે માત્ર જાડાં ધોતિયા પહેરો** એ પૂરતું નથી; કેવળ જાડા ધોતિયા પહેર્યા તેનાથી જ **સાચા સાધુ** નથી થવાતું, **એ વાત પણ સમજી રાખજો.** જાડાં ધોતિયા પહેરો છો તે ધોતિયા તમે માટીના જ કલર જેવા માત્ર ડાઈંગ કલરથી જ રંગેલા ધોતિયા કેમ પહેરો છો ? અને મૂળ સંપ્રદાયના કેટલાક **સંતમંડળોની** જેમ રામપરાની **ભગવી માટીથી** પોતાના વસ્ત્રોને રંગીને અને પ.પૂ. આચાર્ય મહારાજશ્રી પાસેથી દીક્ષા ગ્રહણ કરી, ભગવાન શ્રી સ્વામિનારાયણની ધર્મામૃતમાં કહેલી **આજ્ઞાને અનુસરવાનો આદર** કેમ નથી કરતા ? આ શું **દંભ** ને **કપટ** ન કહેવાય ?

દરેક દુકાનદાર પોતાના માલને જ **શ્રેષ્ઠ** કહે એ તો ઠીક, પરંતુ બીજાના માલને **કનિષ્ઠ** કહીને ધિક્કારવો એ વાત બરોબર ન કહેવાય. પોતાના હલકાં માલને સુંદર **બારદાન** નું **લેબલ** લગાડીને તેને ઊંચી ગુણવત્તા ધરાવતો માલ કહેવો એમાં કેટલી **યોગ્યતા** ગણાય ? આવું કપટ તમે ખોટું ઉપાસનાનું મ્હોરું પહેરીને આચરો છો તે યોગ્ય ન ગણાય. મનમાં જૂદું, વાણીમાં જુદું અને કાયામાં (વર્તનમાં) સાવ જુદું એ **કપટનું લક્ષણ** છે.

★ ઈલીયત કહે છે કે, દુનિયાને **અડધું નુકસાન તો** એવા માનવીઓએ કર્યું છે જેઓ પોતાને **મહાન** કહેવડાવવા માંગે છે.

★ ફિલોસોફર **પ્લુટો**એ કહ્યું છે કે, દેખાડવાનો ન્યાય એ અન્યાયની **સૌથી ખરાબ રીત** છે.

પહેલા અગાઉના જમાનામાં **'ઘીની દુકાન'** આટલું જ લખાતું. કારણ કે એ વખતે **'ડુપ્લીકેટ'** ડાલડા ઘીનો પ્રચાર હતો નહિ. અને આજે **'ચોખ્ખા ઘીની દુકાન'** લખવું પડે છે. કારણ સ્પષ્ટ છે કે **ડાલડા ઘીનો પ્રચાર** વધી ગયો છે.

તેમ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના મંદિરોમાં પહેલા કેવળ **'શ્રી સ્વામિનારાયણ મંદિર'** આટલું જ લખવામાં આવતું. અત્યારે 'શ્રી સ્વામિનારાયણ **મુખ્ય મંદિર**', યા તો **વડતાલ તાબાનું, જૂનાગઢ તાબાનું** લખવું પડે છે. આવું શું કામ લખવામાં આવે છે ? આ વાત ખૂબ **વિચારણીય** છે. શાંતિથી વિચાર કરશો તો **સ્પષ્ટ** સમજાય જશે.

મૂળ **શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય**માં આજે પણ એવા **સત્ત્વશીલ** પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના દીક્ષિત **સાધુઓ** જીવી રહ્યા છે કે, જેનું એક **આધ્યાત્મિક જગત** છે. આ ઘોર કળિયુગના કોમ્પ્યુટર યુગમાં પણ માયા સાથે જે બાથ ભીડે તે સાધુનું સત્ત્વ દાદ માગી લે તેટલું જ **જબરદસ્ત** કહેવાય.

વિવિધ રમતો, ભાષણો, યુદ્ધો વગેરેના ક્ષેત્રમાં જેઓ હિંમત કરે અને યશ પામે તે બધા **વીરપુરુષો** કહેવાય. પરંતુ તે વીરોનું **તિલક** તો એ જ સંતો કહેવાય કે જેણે અંતઃશત્રુઓ સાથે બાથ ભીડી હોય. તે વીરનાય વીર છે. જેઓ આજે પણ **'પંચવર્તમાન'** અણિશુદ્ધ પાળી રહ્યા છે.

આ સંતોએ કેવળ તનથી જ સ્ત્રીનો **ત્યાગ** નથી કર્યો, પરંતુ મનથી પણ ત્યાગ કરીને જીવે છે. નારીનો મનમાં **રંજમાત્ર સંકલ્પ** ઊઠી જાય તો **નકોરડો ઉપવાસ** કરે છે, એક ભગવાન શ્રીહરિને અંતર્યામી જાણીને ...!!! આથી બીજો ક્યો મોટો **ઉપાસક** હોય શકે ?

'અંતરજામીપણે રહું એમાં રે, માટે નથી બંધાતા એ કેમાં રે; સંકલ્પ સ્વપન ઉપવાસ રે, તે તો કરે છે જાણી મને પાસ રે.'

(પુરુષોત્તમ પ્રકાશ : ૪૧/૧૦)

ભગવાન શ્રી સ્વામિનારાયણની આજ્ઞાને **અક્ષરશઃ** પાળવારૂપ ચારિત્ર-જીવન **અતિશય દુષ્કર** છે. જેમાં ભલભલા છક્કડ ખાઈ ગયા છે. આવી સ્થિતિ માત્ર કપડા બદલ્યે **સંભવિત** નથી. સાચા સાધુ તો તે છે જેને સંસારી અવસ્થામાં (પૂર્વાશ્રમમાં) જે રૂપાળી સ્ત્રી, લાખોનું ધન કે વિશાળ સત્તા મળતી હતી તેને ઠુકરાવીને તેનાથી સવાયા કે બમણા હવે સાધુ થયા બાદ મળે ત્યારે પણ તેની ઉપર **થૂં થૂં** કરતા હોય. આવા **સાધુ-સંતો વચ્ચે** હું જીવી

રહ્યો છું. આ કાંઈ ગાંડાનો બકવાસ નથી **અનુભવ**ની વાણી છે.

નિઃસ્વાદી વર્તમાન આજે **મૂળ સંપ્રદાયના સંતો** પાળી રહ્યા છે. તે બીજે માત્ર **કાષ્ઠના પત્તર** રહ્યા છે પણ કેવળ કાષ્ઠના પત્તર રાખવા માત્રથી તેને નિઃસ્વાદીનું **સર્ટીફિકેટ** મળી જતું નથી. પણ રોટલી, દાળ-શાક, ભાત બધું પત્તરમાં મેળવી, બધું જ **એક રસ** કરી, ત્રણ અંજલિથી **પોશ ભરી** (આડો ખોબો) પાણી નાંખી ભગવાન શ્રીહરિને સંભારતા **દિવસમાં એકજવાર** જમે ત્યારે તે સાધુને **નિઃસ્વાદી** કહેવાય. (કેવળ કાષ્ઠના પત્તર દેખાડવા પૂરતા રાખવા એ તો દંભ અને કપટ કહેવાય.) આવા સંસારસાગરને પોતે તરીને બીજાને પણ તારનાર બાહોશ મરજીવાઓ ક્યાં ક્ષુદ્ર ખાબોચીયામાં ડૂબી ગયા...!!! તે જણાવતાં સ.ગુ. શ્રી **નિષ્કુળાનંદ સ્વામી** કહે છે :

'પોષ ભરી પાણી નાખવું, અમૃતસરિખા અન્નમાં; ભેળું કરેલ ભાવે નહિ, અતિ મુંઝવણ થાય મનમાં.'

(વચનવિધિ : ૩૪/૫)

ઓ કેરી ! ઓ લાડું ! ઓ દૂધપાક ! અરે ! રે ! છૂટા મિષ્ટાનના બટકા, અરે ! યાર ! તું જડ છતાં તારી ચૈતન્યસ્વરૂપને **ઘોબીપછાડ** દેવાની અપ્રતિમ તાકાત ! તે મોટા મોટાને **ભૂ પીતા** કરી દીધા છે. રસના રાગમાં જ્યારે બધા આબાદ રંગાઈ ગયા છે ત્યારે **મૂળ સંપ્રદાયના સાધુઓ** હાલમાં **અડીખમ** ઊભા છે. નિઃસ્વાદી વર્તમાન **અણિશુદ્ધ** પાળે છે. તે સવા બસો વર્ષથી ચાલી આવતી **શુદ્ધ પરંપરા**ની લીધેલી દીક્ષાની એક **સ્વયંભૂ શક્તિ** છે. આવા નિઃસ્વાદી સાચા સાધુઓની મસ્તી તો સાત આસમાનને અડી જતી હોય છે. જે સિંહની માફક ત્રાડ નાંખીને અંતઃશત્રુઓને જીતવા માટે ત્યાગાશ્રમમાં ધસી ગયા છે. અને અંતઃશત્રુઓને **ખતમ** કરવાના બધા **દાવ** પૂરજોશમાં ખેલે છે.

અરે ! મોત આવી જાય તોય દીનતા ન લાવે, તો નાની સૂની ઘાયલ થવા જેવી વાતમાં તો દીન થાય જ શેનો ! જેમ સિંહ ઘાસ ખાઈને જીવવાનું પસંદ ન કરે. તેમ આ તો બાહ્ય જીવન જીવવા માટે સાધુ કદી તૈયાર ન થાય. અરે ! મોતને ભેટી લે પણ નબળી વાત તે કદી ન કરે. સિંહની જેમ સંસાર ત્યાગનારો સિંહની જેમ જ નિર્ભય સાધુપણામાં વિચરે પણ એ કદી કોઈનું એઠું જૂઠું ખાનાર - બીકણ શિયાળ બને નહિ.

મૂળ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના સત્ત્વશીલ સાધુઓનું **નિઃસ્નેહી વર્તમાન** પણ દાદ માગી લે તેવું છે. જ્યારે એક મુમુક્ષુ પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પાસેથી **ભાગવતી દીક્ષા** ગ્રહણ કરે છે ત્યારે તેના માટે બધા સંસારી **સગાસંબંધીઓ** મરી ગયા બરોબર થાય. કોર્ટની ભાષામાં તેમનું **'સિવિલ ડેથ'** થયું કહેવાય. આથી સંસારીપણાનો સગો બાપ પણ મરી જાય તોય તેની પાછળ તેના સાધુ બનેલા દીકરાને કેવળ સ્નાન સિવાય કશું જ **સૂતક** લાગતું નથી.

નિર્લોભી વર્તમાન માટે તો કહેવાયું છે કે, જેના વિના **જીવન ગુજારો** થાય જ નહિ, તેટલી જ વસ્તુની **અપેક્ષા** રાખવી. આ વાત પણ એક વિચાર માગી લે એવી છે. કારણ કે તેમાં **સગવડતાઓનો ઉમેરો કરે તો** પથારો એટલો બધો વધી જશે કે તેના નીચે જ પોતે **ચગદાઈ** જશે.

જે ભૌતિક સુખોનો ત્યાગ કરીને સાધુ બને છે તે જ વળી પાછો ભજન મૂકીને ભૌતિક સુખોની સામગ્રી માટે વાંઝિયાને સંતાન, ગરીબને ધન, રોગીને આરોગ્ય, પ્રેમીને પાત્ર વગેરે મેળવી આપવાનું કામ **મોહ કે પ્રમાદથી** કરે તો તેનો **સંસાર** કેટલો બધો વધી જાય ? સાધુના ધર્મો **ત્યાગાશ્રમના ધર્મો** છે. અને અનેક શાસ્ત્રોમાં તેમજ **ભગવાન શ્રીહરિએ જણાવ્યું છે** કે, જે સાધુને શોભે તે ગૃહસ્થને **દૂષણરૂપ** છે, અને જે ગૃહસ્થને શોભે તે **ત્યાગીને દૂષણરૂપ** છે. (વચ.ગ.મ. ૫૨) અને વળી સાધુ તો સત્ત્વગુણથી શોભે, ત્યાગીઓને તો ભૂમિ પર જ **આસન** હોય અને કાંતો ચાકળે આસન હોય (જે શ્રીજીમહારાજ વખતથી **પ્રચલિત** છે) અને જ્યારે આ વિમુખ સંસ્થાઓના કહેવાતા મોટેરા સાધુ આલિશાન, રજવાડી ઠાઠમાઠવાળા **આસનો** ઉપર બેસે છે, વી.આઈ.પી. ગાડીઓમાં ફરે છે. આ બધું **રજોગુણને પ્રદર્શિત** કરે છે. એટલું જ નહિ પોતે તો રજોગુણી થયા પણ પોતાના **સ્વાર્થ ખાતર** સ.ગુ. શ્રી ગુણાતીતાનંદ સ્વામીને પણ ભગવાન શ્રીહરિની સાથે સિંહાસનમાં પધરાવીને આભૂષણો તથા વાઘા પહેરાવી તેમની છબી (વાસ્તવિક પ્રતિભા)ને પણ **ધૂમિલ** કરવાનો પ્રયત્ન કરે છે. આને શું સત્ત્વગુણે યુક્ત સાધુ કહેશું ?

નિર્માની વર્તમાન બતાવતાં **ભગવાન શ્રીહરિ** ગઢડા અંત્ય પ્રકરણના ૧૨મા **વચનામૃત**માં કહે છે :- ''જેને પોતાનું કલ્યાણ ઈચ્છવું તેને કોઈ પ્રકારનું માન રાખવું નહિ અને ગરીબ સત્સંગી હોય તેના પણ **દાસાનુદાસ** થઈને રહેવું.''

આવી દિવ્ય અને ભવ્ય સવા બસ્સો વર્ષની સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણની **અવિચ્છિન્ન** અણિશુદ્ધ પરંપરાને ભાંડતા **વિમુખો** કહે છે કે, આપણે મૂળ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયથી **જુદા પડ્યા ન હોત તો** શ્રીજીમહારાજનો **અક્ષર-પુરુષોત્તમ સિદ્ધાંત** રૂઢીચુસ્ત પરંપરાવાદીઓએ બહાર આવવા ન દીધો હોત.

આ લોકોને ત્યારે કહેવાનું મન થાય કે, તમે તમારી જાતને સાચી જ કહો છો તો તમારી સંસ્થામાંથી ભગવાન શ્રી સ્વામિનારાયણના હૃદયગત **અભિપ્રાય** અને **સિદ્ધાંતો**ને બતાવનાર સંપ્રદાયના મહાન ગ્રંથો : **શિક્ષાપત્રી,** સમ્રાટ ગ્રંથરાજ **શ્રીમદ્ સત્સંગિજીવન, શ્રીહરિદિગ્વિજય, નિષ્કુળાનંદ કાવ્ય** આદિક ગ્રંથ જેમ છે તેમ કેમ **પ્રકાશિત** થયા નથી ? અને ત્યાગ-ભાગ કરીને પોતાને મળતું આવે એવું કંઈક પ્રકાશિત થાય છે તેમાં પણ શબ્દનો બહુધા **ફેરફાર** થઈ જાય છે. એ વાત જ બતાવે છે કે, માંહિ કંઈક **પોલ** છે. એ પોલ કેવળ સારા દેખાવાથી પૂરાય તેમ નથી.

ખોટું એ **વાળાના રોગ** જેવું છે. કૂવામાં પાણી પીવા ગયા હોય ત્યારે એ પાણી દ્વારા **'વાળા'** (રોગના જંતુ) શરીરમાં ચાલ્યા જાય છે. અને પછી શરીરમાં ગમે તે ભાગોમાંથી તે બહાર નીકળે છે. શરીરના ક્યા ભાગમાંથી બહાર નીકળે એ કહી શકાય નહી.

એ ખોટું ગમે તેટલા **સાચાના લેબલથી** સંતાડવા જઈએ તોપણ એ **ગમે ત્યારે ગમે તે સ્વરૂપે** ફુટીને જ નીકળે. હવે એનો કોઈ જ **આરોવારો** નથી.

મૂળ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના આશ્રિતો જે સમજે છે તે **બિલકુલ ખોટું** છે અને અમે સમજીએ છીએ એ જ **સનાતન સત્ય** છે. આમ કહેવું એ અજ્ઞાનતાનું **તોફાન** છે. વૈરભાવથી નીકળેલું વચન છે.

તમે લોકો મૂળભૂત સંપ્રદાયને **'ઓર્થોડોક્સ'** (રૂઢીચુસ્ત) કહો છો. પરંતુ આવું કહેનાર તમને ખબર નથી કે તમે અમને 'ગાળ' દેવારૂપી **રૂઢીચુસ્ત પરંપરાવાદી** કહો છો ત્યારે અમે તો તેને ગુણ સમજીએ છીએ. તમે અમને રૂઢીચુસ્ત કીધા એટલે અમે તો એમ સમજીએ છીએ કે, વાહ ! ચાલો, આપણે ખરેખર ભગવાન શ્રી સ્વામિનારાયણની **મૂળભૂત પરંપરા**ને માનનારા ઠર્યા. આ તો બહુ સરસ થયું !!

આજનો જમાનો તો રોજ સવારે, બપોરે અને સાંજે પલટાય છે એવા નિત પલટાતા જતાં જમાનાને **વફાદાર** રહેવા કરતા એક ધારી રીતે સવા બસ્સો વર્ષથી ચાલી આવતી અને બદ્ધમૂલ બનેલી ધર્મશાસનની કે સંસ્કૃતિની પરંપરાઓને જ વફાદાર રહેવામાં અમે તો **ગૌરવ** સમજીએ છીએ. પરંપરાગત **ધારદાર મૂલ્યો** પ્રત્યેનો અવિરત **આદરભાવ** કેળવનાર શ્રી સ્વામિનારાયણીય સાધુનું મૂલ્ય મૂઠ્ઠી ઉંચેરું છે.

એટલું તો સમજી રાખો કે, આ જગતમાં અનેક ઝંઝાવાતોની વચ્ચે પણ તે જ ટકી જાય છે, અગણિત આંધીઓની વચ્ચે પણ તે જ અડગ રહી જાય છે, ધસમસતા વિષમકાળના ઘોડાપુરોની અંદર પણ તે જ **અડીખમ** રહી જાય છે, જે સ્વયં મજબુત હોય છે.

જે સ્વયં મજબુત નથી એ આંધી, તુફાન અને ઝંઝાવતો વચ્ચે અડગ રહી શકતા નથી. બસ્સો વર્ષ પુરાણી સમ્યક્ એવી **રૂઢીઓ** અને **પરંપરાઓ** અત્યાર સુધી ટકી રહી છે. એ જ એના **સ્વયંભૂ બળની તાકાત** બતાવી આપે છે.

રૂઢી કહીને કોઈપણ **શુદ્ધ પરંપરા**ને વખોડી નાખવા પૂર્વે બુદ્ધિજીવી લોકો આટલું જરૂર વિચારો કે, શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયનું **માળખું** છે તે સામાન્ય કોટિનું માળખું નથી. આ માળખાના **ઘડયૈયા** સ્વયં સર્વોપરી પૂર્ણ પુરુષોત્તમ **ભગવાન શ્રી સ્વામિનારાયણ** છે. અણિશુદ્ધ પરંપરાગત આ મર્યાદાઓ બતાવી છે. તેઓ **સર્વજ્ઞ** હતા અને છે, અને **સર્વદેશી દૃષ્ટિવાળા** હતા અને છે, ભૂત-ભવિષ્ય અને વર્તમાનકાળના **જાણકાર** અને **સર્વના નિયામક** હતા અને છે; આપણને કાલના દિવસની કોઈ જાણકારી નથી, તેઓ તો 'યાવત્ ચંદ્રદિવાકરૌ' સુધી શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના જાણકાર હતા. એવું બધું જોઈને જેમણે સંપ્રદાયના સિદ્ધાંતો અને મર્યાદાઓ આંકી હોય એમાં લેશ પણ ખામી હોવાની **શકયતા જ** કેમ હોય ? શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયની અણિશુદ્ધ મૂળ પરંપરાઓ અને રૂઢીઓનો નાશ કરવાના અનેકાનેક પ્રયાસો થયા હોવા છતાં એ અણિશુદ્ધ **મૂળ પરંપરા** આજેય **અડીખમ** ઊભી છે. આ તેની ખૂબી છે, આ તેનું **લંગર** છે.

યાદ રાખો...!! કે મૂળ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં આજે ધર્મના **ઊંડા ચીલાઓ** પડેલા છે તે એકાદ રાતમાં પડેલા નથી. તેની ઉપર અનેક વંટોળા પસાર થઈ ગયા છે, તેને **ભૂંસી નાખવા** અનેક લોકો જન્મ્યા છે. પરંતુ અંતે તેઓ જ ભૂંસાઈ ગયા છે !!

જે ધર્મના ચીલાની પાછળ ઘણો મોટો ઈતિહાસ ખડકાયો છે તેને ભૂંસી નાખવાનું આ **આંધળું સાહસ** છે. સમજી લો કે, **નવા** - પાખંડ અને કપોલ કલ્પિત ધર્મના **ચીલા** રહેવાના નથી અને જૂના **બદ્ધમૂલ** ધર્મના ચીલાને **વેર-વિખેર** કરવાના પરિણામે અનેક અભદ્રક પરિણામે **જીવોના જીવન** વેર-વિખેર થઈને રહેવાના છે.

કદાચ જગતની દૃષ્ટિએ ભૌતિક રીતે આવી કહેવાતી **પરંપરા** ચાલે પણ ખરી (કળિયુગ હોવાથી) પણ ભગવાન શ્રી સ્વામિનારાયણની દૃષ્ટિમાં તેની કોઈ જ **કિંમત** નથી અને તેમાં મોક્ષ પણ નથી. તે **નિર્વિવાદ** છે.

જે પરંપરાઓના વૃક્ષો સવા બસ્સો વર્ષમાં અનેક વખત ઊઠેલા સર્વનાશી **ઝંઝાવતો** સામે પણ ટક્કર લઈને ઊભા રહી ગયા હોય અને આજે ઘેઘુર બનીને મસ્ત રહ્યા હોય તે **રૂઢીચુસ્ત** પરંપરા કેટલી બધી સાચી હોય તો જ આવું બની શકે. જે પરંપરાઓ નબળી હતી તે તમામ **સાફ** થઈ ગઈ છે. શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયની **અણિશુદ્ધ પરંપરાઓ** બરોબર ટકી રહી છે, તે જ તેની બલવંતતાની અને ગરિમાની સાબિતી છે. ભગવાન શ્રી સ્વામિનારાયણથી લઈને આજ સુધી એક ધારી રીતે ચાલી આવી છે. એમાં કશો જ **ફેરફાર** કરવાનો **અવકાશ** નથી.

જેમ કોઈ માણસ સુંદર મજાના દેખાતા ગુલાબની પાંખડીઓને મરોડ આપવા માટે જો એનો સ્પર્શ કરે અને જરા આમ તેમ વાળે તો શું એ પાંખડીઓ વધુ સુંદર બને કે ચીમળાઈ જાય છે ?

અરે ! ભાઈ ! ગુલાબને કુદરતે સૌંદર્ય બક્ષ્યું છે. એમાં તું શું **મરોડ** આપવાનો હતો ? પણ... આ વાત નહિ સમજતો **બુદ્ધિજીવી** માણસ ગુલાબની પાંખડીને મરોડ આપવા જતા એને ચીમળી નાખે તો તેમાં કદાચ કીડા પડે અને તે **સુવાસ** ખોઈ બેસે.

તેમ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના વિષયમાં પણ જ્યાં જ્યાં **સર્વોપરી ઉપાસના**નું **નિમિત્ત** આગળ કરીને, શાસ્ત્રોને અભરાય ઉપર મૂકીને મૂળભૂત પરંપરાગત તત્ત્વોમાં **ફેરફાર** કરવામાં આવ્યો છે ત્યાં ત્યાં તેની સુવાસ ચાલી ગઈ છે. અને વિકૃતિઓના કીડા પડ્યા છે. કારણ કે સર્વોપરી ઉપાસનાના ઓઠા નીચે પોતાના અધાર્મિક કાર્યોને વેગ આપી દેવાય છે. પેલું સર્વોપરી ઉપાસનાનું ઓઠું માત્ર નામ પૂરતું કે દેખાવા પૂરતું રહે છે. તુરીયા અને કારેલાની કલમને ભેગી કરીને તેને ખાતર ભેગી જો દાટવામાં આવે તો બંનેનો એક સાથે વિરુદ્ધ દિશામાં વિકાસ થાય. પછી વેપારી દૃષ્ટિનો માણસ તુરીયાના વિકાસને સ્થગિત કરી દેવા માટે તેને કાપી નાખે એટલે એકલો કારેલાનો છોડ વિકસવા લાગે. પરંતુ આમાં જે કારેલું આવે તે

તુરીયા જેટલું જ લાંબુલસ હોય. દેખાવે તુરીયું હોય ને અંદર કારેલું હોય. તુરીયું એટલે **સર્વોપરી ઉપાસના** અને કારેલું એટલે **વિમુખ તત્ત્વો.**

ક્યાંક જે તે વસ્તુના શબ્દોને બદલી નાખીને વિમુખો તે વસ્તુનું **અસ્તિત્વ** ખતમ કરે છે. અરે ! આનંદો ! દરેક વસ્તુઓને તેના અસલ સ્વરૂપમાં રાખો. મોહરા બદલવાથી અસલ વસ્તુનો નાશ થઈ જાય છે. એ ન ભૂલો કે જ્યાં જ્યાં **સર્વોપરી ઉપાસનાના નામે સુધારા** થયા છે ત્યાં ત્યાં બધે જ તે **મૂળભૂત વસ્તુ** એના ધ્રુવ સ્થાનેથી **ખસી** છે. અસલ તે અસલ. અસલનું પણ એક આગવું **કુદરતી સૌંદર્ય** હોય છે. એવા કાળીયામાં કનૈયાના દર્શન થાય છે. જ્યારે નકલ એ નકલ ગમે તેટલું સુંદર હોય પણ નકલપણું એ જ એની મોટી **અસુંદરતા** છે.

દૂધમાંથી દહીં જરૂર બનશે, પરંતુ જો આખી રાત્રિ તેની સાથે અડપલા ન થાય તો. કોઈ માણસ રાતના બે વાગતા સુધી વારંવાર છીબું ખસેડ્યા કરે, આંગળી ડબોળ્યા કરે અને જુએ કે દહીં જામ્યું કે નહિ ? હજી નથી જામ્યું ? વગેરે મનોમન માથાકુટ કરે તો એ દહીં ન બને ડોંડો બની જાય.

તેમ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયની અણિશુદ્ધ પરંપરાગત મૂલ્યો, સિદ્ધાંતો અને મર્યાદાઓને **અકબંધ** રહેવા દો. એમાં અખતરા મત કરો. દરેક અખતરો ખતરો ક્યારેક બને છે. શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયની અણિશુદ્ધ સુંદર ગોઠવાયેલી પરંપરા અને જીવનશૈલીને **ખણખોદ** કરીને બગાડાઈ રહી છે. આનાથી લાખો મુમુક્ષુઓનું **હિત** જોખમાયું છે.

હવે એ મૂળભૂત પરંપરાનો અને સિદ્ધાંતોનો-દહીંને ડોંડો બનાવવાનું બંધ કરો...!!!

પરંપરાગત ચિંતન મર્યાદાઓ અને સિદ્ધાંતો **પ્રાણ તત્ત્વ** છે. એ ખતમ થયા પછીના મડદાની સાજ-સજાવટની કિંમત કેટલી ? પ્રાણ નીકળી ગયા પછીની તેઓની મડદાની ઉપાસના ? હાય ! કેવી સમજણ ભગવાન શ્રી સ્વામિનારાયણને સર્વોપરી માનતો હોય અને ભગવાન શ્રીહરિએ બનાવેલી **રૂઢીચુસ્ત પરંપરા** સામે જોતો નથી તે માણસ ૧૦૪ ડીગ્રી તાવમાં ઘી પીવાનું **મૂર્ખામીભર્યું કામ** કરી રહેલ છે.

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયની મૂળભૂત **શુદ્ધ પરંપરા** અને એમની **જીવનશૈલી** તે માત્ર કહેવાતા પ્રયોગોથી (અખતરાથી) જ નિશ્ચિત બનેલી નથી. માટે વાસ્તવિક અને સ્વતઃસિદ્ધ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના બંધારણમાં લગારેય ફેરફારને **અવકાશ** નથી. કારણ કે સંપ્રદાયનું બંધારણ **ગોડ-મેઈડ** (ભગવાને બનાવેલું) છે. મેન-મેઈડ (માણસે બનાવેલું) હોત તો તેમાં ક્ષતિઓ અને અવકાશ હોત, તો તેમાં સુધારો પણ કરવો પડત; પરંતુ ભગવાન શ્રી સ્વામિનારાયણ સર્વજ્ઞ હતા. તેઓએ જે **અપરિવર્તનીય મૂળભૂત સિદ્ધાંતો** આપ્યા છે તેમાં પરિવર્તનને લાગીરેય **અવકાશ** હોઈ શકે નહિ. મૂળભૂત સંપ્રદાય પાસે એવી કોઈ વાતની કોઈપણ ક્ષેત્રે **ઉણપ** નથી, જેની પૂરતી આપણે કરવાની બાકી રહેતી હોય. આ છે **શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયની આગવી વિશિષ્ટતા.**

ગુજરાતના જાણીતા, મૂર્ધન્ય ગાંધીવાદી ચિંતક **શ્રી કિશોરલાલ મશરુવાળા** 'સહજાનંદ સ્વામી અથવા સ્વામિનારાયણ સંપ્રદાય' નામના પુસ્તકમાં લખે છે :- "...તેમણે (ભગવાન શ્રી સ્વામિનારાયણે) એવું **બંધારણ** આપ્યું કે **એ નિયમોમાં ત્રુટિ આવ્યા સિવાય** સંપ્રદાયમાં **ત્રુટિ** આવવી **અશક્ય** છે. સુવર્ણસમ દીમિમંત શ્રીજીમહારાજના બંધારણમાં સ્થળ કે કાળનો ભેગ ભળ્યો નથી. કસોટી ટાણે સદાયે તે સોયે સો ટચનું રહ્યું છે. તેમાં ક્યારેય સુદ-વદ આવી નથી. માટે સાચો ભગવાનનો ભક્ત શ્રીજીમહારાજના **પરંપરાગત મૂલ્યો**નો આદર કરે છે. તેમના બંધારણના માર્ગને **નમસ્કાર** કરે છે. શ્રીજીમહારાજના આંકેલા **માળખાને** આબાદ સ્વીકારે છે, મર્યાદાને તો તે નમસ્કાર કરવા લાયક **'ભગવતી'** માને છે."

અમે રૂઢીચુસ્ત પરંપરા અને ભગવાન શ્રી સ્વામિનારાયણની આજ્ઞા ઉપર જીવીએ છીએ. એ અમારી લોખંડી તાકાત છે. ઘડિયાળના આગળ વધી ગયેલા કાંટાઓને પણ એક દિવસ પાછા ફરવું જ પડશે.

સૌ કોઈ **પોતાની ડાયરીમાં** એક વાત **નોંધી રાખો** કે, જ્યાં સુધી મૂળથી ખસી ગયેલા વૃક્ષને મૂળ સાથે જોડીને શ્વાસ ધબકતું નહિ કરી શકે ત્યાં સુધી શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં આદરેલા **તમામ કાર્યો** અધુરાં જ રહેશે. આજે નહિ તો આવતી કાલે પણ **આ મહાસત્યને સ્વીકાર્યા વિના** કોઈપણ ધર્મના **રખોપાનો છૂટકો** નથી. પરંતુ આ મહાસત્યને થોડા ઘણા અંશે બધા જાણે છે. પણ એને સ્વીકારતા **નાનપ** અનુભવે છે.

ખરેખર તમે ખોટા રસ્તે ચડી ગયા હો તો તમારે ત્યાંથી પાછા ફરવું જ જોઈએ. આ તો મોટા માણસનું **વિશિષ્ટ લક્ષણ** છે કે, ખોટો માર્ગ સમજાય કે ત્યાંથી તેણે **પીછેહઠ** કરવી જ જોઈએ. જે માણસો અવસરે પણ પીછેહઠ કરતા નથી અને ખોટા માર્ગને જ પકડી રાખે છે એ સાચા મોટા માણસો નથી. મોટા માણસો તો જેટલી ઝડપથી આગેકૂચ કરતા હોય એટલી જ ઝડપથી ખોટું સમજાય તો ત્યાંથી પાછા પણ ફરી જાય છે. આગેકૂચમાં જેટલી મર્દાનગીની જરૂર પડે છે, તેથી ઘણી વધુ મર્દાનગીની ખોટા રસ્તેથી પાછા હટવામાં જરૂર પડે છે.

મૂળ માર્ગો ઉપર પાછા ફરવાની પીછેહઠ કરવામાં તો એટલી મોટી તાકાતની જરૂર પડે છે કે, જેટલી જરૂર કદાચ **'આલ્પ્સ પર્વત'**ના સીધા ચઢાણની આગેકૂચમાં પણ ન પડે.

મહાભારતનું યાદગાર યુદ્ધ અઢાર દિવસ સુધી ચાલ્યું. અઢારેય દિવસ દુર્યોધન માતા ગાંધારી પાસે **આશિષ** લેવા ગયો અને અઢારેય દિવસ માતાએ દુર્યોધનને આશિષ આપતા માતાએ એક જ વાત કહી : **'यतो धर्मस्ततो जयः'** - ધર્મ વિના **વિજય** શક્ય જ નથી.

સગી માતા પોતાના સગા પુત્રને રોજને રોજ એક જ વાત કહી દે કે, **' બેટા ! ધર્મ વિના વિજય શક્ય જ નથી.'** એ શું નાની સુની વાત છે ?

આજે સત્ય **સનાતન** મૂળ **શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય** વિષે વિમુખો ફાવે તેમ બોલે છે અને મુમુક્ષોને તેના પ્રત્યે ઘૃણા કરાવે છે. શું મૂળ સંપ્રદાય કાંઈ બોરીબામણીનું ખેતર છે ? વિમુખો જેમ તેમ તેની સાથે વર્તી શકે ? ફાવે તેમ મૂળ સંપ્રદાયનું લખી શકે ? અને શ્રી સ્વામિનારાયણ મહામંત્રનો મન ફાવતો અર્થ કરી શકે ? એવા સમયે એવા **સ્વાર્થી માણસો સાથે** ન છૂટકે પણ **વિરોધ** કરવો જ પડે. મૂળ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના સિદ્ધાંતો તોડવાનો પ્રયાસ થતો હોય ત્યારે શક્તિ સંપન્ન **આક્રિતો** લાલ આંખ ન કરે અને યથોચિત **મુકાબલો** ન કરે તો તેમને ખરેખર સંપ્રદાયનું જ્ઞાન પચ્યું જ ન કહેવાય.

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના પ્રત્યેક ભક્તોને **લાલબત્તી** ધરી દઉં. હજારો મુમુક્ષુઓને આત્યંતિક કલ્યાણ કરી આપતો જે આ સંપ્રદાય છે તેના મૂળ સિદ્ધાંતોને જીવતા રાખવા જોઈએ. કેમ કે ભગવાન શ્રી સ્વામિનારાયણે બનાવેલી સત્ય સનાતન **શુદ્ધ પરંપરા** અને તેના **સિદ્ધાંતો** આપણા સંસ્કારી જીવનની **જીવાદોરી** છે. છેલ્લા કેટલાક સમયથી ભગવાન શ્રીહરિના રહસ્યને અમે જ સમજીએ છીએ એમ કહીને મૂળ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના ગૌરવને હણી નાખવાનો વ્યવસ્થિત પ્રયાસ **'શ્રી સ્વામિનારાયણ' નામની** ઓથ લઈને સેંકડો **જયચંદો** અને **અમીરચંદો** કરી રહ્યા છે. અરે ! ભગવાન શ્રી સ્વામિનારાયણની વાગ્મય સ્વરૂપ અને શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના મૂળભૂત સિદ્ધાંતોની સાક્ષી પૂરતી **'શિક્ષાપત્રી'**ને પણ તોડી મરડીને **'સૂક્તિરત્નો'**ના રૂપમાં લાવી દીધી છે. તેમાં પોતાને મળતું રાખી બીજા બધાની **બાદબાકી** કરી નાખી છે.

આજે જો આ ખોટી વિચારધારાઓની સામે કોઈ **સાચી વિચારધારાઓ** નહિ ટકરાય તો એ અસત્ય પણ સત્ય બની જવાનો પ્રયત્ન કરે છે. અને ખોટી વિચારધારાઓને જ આજનો સમાજ અંતિમ સત્ય માની બેસશે. અસત્યને પણ જો વારંવાર **રીપીટ** કરવામાં આવે તો એ લોકમાનસમાં છેક ઊંડે સુધી પેસી જઈને **સત્યનો સ્વાંગ** સજી શકે છે. અને એટલે જ સત્યને પ્રેમ કરવાની સજ્જનોને ફરજ બની જાય છે કે, એ ચૂપચાપ બેસી ન રહે; સત્યનો સેવક બને, લોકો સાવ બહેરા નથી હોતા, ક્યારેક કોઈના કાનમાં જો **સચ્ચાઈનો સ્વર** પેસી જાય તો એ **ક્રાંતિનું કામ** કરી શકે. ભલે એક વ્યક્તિ સત્યને

સાંભળવા **તત્પર** હોય તો તેના માટે પણ બોલવું જોઈએ. એકમાંથી અનેક દીપ પ્રગટી શકે છે. એકજ દીવો ધારે તો અંધકારના આખા સામ્રાજ્યને **ખતમ** કરી શકે છે.

ગોસ્વામી શ્રી **તુલસીદાસજી** પણ લખે છે :-

'નહિ અસત્ય સમ પાતક પુંજા, ગિરિ સમ હોહિં કિ કોટિક ગુંજા । સત્યમૂલ સબસુકૃત સુહાએ, બેદ પુરાન બિદિત મનુ ગાએ ।'

''અસત્ય સમાન કોઈ મોટું પાપ નથી, અસત્ય બોલવું તેતો પાપનો મોટો ઢગલો છે. જેમ કરોડો ચણોઠી ભેગી કરવાથી તેનો કદીપણ પહાડ બની શકતો નથી, તેમ બીજા પાપો ભેગા કરવાથી અસત્ય સમાન પાપ થતું નથી. સત્ય છે તેજ સમસ્ત પુણ્યોનું મૂળ છે એમ વેદો તથા પુરાણોમાં પ્રસિદ્ધ છે અને મનુએ પણ કહ્યું છે.''

(અયોધ્યાકાંડ)

જર્મન તત્ત્વચિંતક **નિત્સે**એ કહ્યું છે કે, 'તમે જરાય **નબળા** ન રહો. નબળા રહેવું એ જ પાપ છે.' - 'Weakling is evil.'

વળી તેણે કહ્યું છે કે, 'તમે તમારા સત્યને એટલું બધું ઊંચે લઈ જાઓ કે તમારા એવા અસ્તિત્વ માત્રથી બીજાઓ **વ્યવસ્થિત** રહે.' - 'Live dangerously.'

વળી તે કહે છે કે, 'તમે જોરદાર પ્રતિકૂળતાઓમાં જ રહો. એથી તમારું સત્ત્વ ખૂબ ખીલી ઊઠશે. તમારું ઘર લાવારસથી ઉકળતા પહાડોની ઉપર બાંધો ગમે તે પળે, ગમે તે પ્રતિકૂળ ઘટના માટે એકદમ તૈયાર રહો.' - 'Build your houses on volcanos.'

આ ધરતીમાતા સત્ત્વની ભૂખી છે, સંપત્તિની ભૂખી નથી તે **સત્ત્વશીલ** પ્રજાની **'માઁ'** બનવા માંગે છે, નપાણિયાઓની નહિ. આથી જ કોઈ કવિએ કહ્યું છે :-

'જનેતા તો જ તું જણજે, સપૂત નર સંત કે શાણા; ન જનમે ચતુર ચંદ તો, પેટે પડે ભલે પાણા.'

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના મૂળ સિદ્ધાંતોને બચાવવા માટે આપ્ત કે સમજદાર વ્યક્તિઓ સંગઠિત અને સક્રિય થાય, પાશવી શક્તિથી પડકારે અને પોતે જ્યાં ને જે સ્થિતિમાં છે ત્યાંથી મૂળ **શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય**ના **જાગૃત પહરી**ની **ફરજ** અદા કરે તો કોની મજાલ છે કે મૂળ **શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય**ની છાતી પર ચઢી એને દબાવી શકે ?

મૂળ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય વિષે **વિમુખો** પ્રવચનોમાં ફાવે તેમ બોલતા હોય અને માસિકોમાં **પોતાનો કક્કો જ સાચો છે** એવી જોરશોરથી **બૂમરાણ** બોલવતા હોય આવી સ્થિતિમાં સાક્ષી બનીને બેસી રહેવું, ડરપોક થઈ જીવવું, પોતાના અંગત સ્વાર્થ ખાતર મૂળ સંપ્રદાયને ખાડામાં પડતો જોઈ રહેવો, તે વિમુખોની દોરવણીનો વિરોધ ન કરવો એ **અપરાધ** છે. પોતે જે સંપ્રદાયના અન્ન-પાણીથી **ગુજરાન** ચલાવે છે, જે સત્સંગમાં જન્મ્યા છે તેનું પણ કશુંક **ઋણ** હોય છે. આ ઋણને ચુકવવાનો વખત આવે ત્યારે **ડરપોક** થઈને જીવવું કે કશુંય બોલ્યા વિના રહેવું એ **કાયરતા** છે. ખોટું થતું હોય ત્યારે મોટા સમૂહની સામે આંગળી ઊંચી કરીને જીવવું કે કશુંક બોલવું તે **સાહસ** માગી લે છે. ડરપોક બનીને પોત પોતાના માળામાં પાંખ સંકોરીને બેસી રહે છે તે મુક્ત આકાશમાં ઊડી શકતા નથી. એ સંપ્રદાય ધીમે ધીમે **નિષ્પ્રાણ** થતો જાય છે. મડદું જેમ સડે તેમ સડવા લાગે છે. અને ત્યારે એમાંથી **દુર્ગંધ** ઊઠે તો પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજ અને પ.પૂ. લાલજી શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજ જેવા **યુગપુરુષો**ને ચિંતા થાય તે **સ્વાભાવિક** છે. આવી ચિંતા શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના પ્રત્યેક સજાગ હરિભક્તોને થવી જોઈએ. કેમ કે મૂળ

સંપ્રદાયમાં જીવતી પ્રત્યેક વ્યક્તિની ફરજ બની જાય છે.

જેમ અધર્મ કરવો તે પાપ છે એમ બીજા દ્વારા કરાતા અધર્મને પોતાની શક્તિ હોવા છતાં તે નિવારવો નહિ તે પણ પાપ છે. આજે વિમુખોનું **'મોરલ'** એટલી હદ સુધી નીચે ઉતરી ગયું છે કે, જેથી વાત વાતમાં ભગવાન શ્રી સ્વામિનારાયણની આજ્ઞાઓ સામે **વકીલાત** કરવા લાગી ગયા છે. તેઓનું મગજ **વન-વે સ્ટ્રીટ** જેવું બની ગયું છે.

જો મૂળ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય પોતે **વિરાટ બળ** સ્વયંભૂ રીતે ન ધરાવતો હોત તો તેને ખતમ કરી નાખનારા આ વિમુખોના ઘાતકી પરિબળોને ક્યારનીય સફળતા મળી ચૂકી હોત.

બીજી એક વાત જણાવી દઉં કે, જેને જેને ભગવાન શ્રી સ્વામિનારાયણની **સર્વોપરી ઉપાસના**ની **ખરી રટના** લાગી હોય તેણે પ્રથમતઃ તો આજ્ઞા અનુસાર જીવન જીવવું જ પડશે. એ વિના ઉપાસના વસ્તુતઃ **કુ-ઉપાસના** સિવાય બીજું કંઈજ નથી. આજે ઉપાસનાની વ્યાખ્યા સર્વકારણના કારણ, સર્વઅવતારના અવતારી કરવામાં આવે છે. એ વ્યાખ્યા અધુરી છે. ઉપાસનાની **પૂર્ણ વ્યાખ્યા** તો ભગવાન શ્રી સ્વામિનારાયણની **ઓળખાણપૂર્વક** તેમની **આજ્ઞા** એ જ ખરી ઉપાસના. એકપણ અપવાદ વિના ભગવાન શ્રી સ્વામિનારાયણની આજ્ઞાનું સર્વાંશે પાલન કરવું એ જ એમની **વાસ્તવિક ઉપાસના** છે. એટલા માટે શ્રીજીમહારાજની **સર્વોપરી વાતો** કરવી એ જુદી ચીજ છે અને ભગવાન શ્રીહરિની આજ્ઞાનું **યથોચિત પાલન** કરવું એ જુદી જ બાબત છે. એના માટે ભગવાન શ્રી સ્વામિનારાયણના **માશુક** બનવું જ રહ્યું. શ્રીજીમહારાજ **સ્વયં** કારિયાણી પ્રકરણના ૧૧મા વચનામૃતમાં કહે છે :- "જેને ભગવાનને વિષે પ્રીતિ હોય તે ભગવાનની આજ્ઞા કોઈ કાળે લોપે જ નહિ." (અમે કહેલું છે એમ) જો નહિ રહો તો તમારે ને અમારે ઘણું છેટું થઈ જશે અને ભૂતનું કે બ્રહ્મરાક્ષસનું દેહ આવશે અને હેરાન થશો. (વચ. ગ. પ્ર. ૧૮)

કળિના ગુણો; જે શ્રીહરિના સંબંધ વિનાના વચનો તે **કળિના ગુણ** જાણવા.

(શ્રીહરિચરિત્રામૃતસાગર : પુર-૧૭, તરંગ-૧૩)

શ્રીહરિના વચનમાં દૃઢપણે રહેવું. પણ શ્રીહરિના વચનરૂપ સાધનનો ક્યારેય પણ ત્યાગ કરવો નહિ. અને આ દેહની સ્મૃતિ રહે ત્યાં સુધી પણ નિષ્કામરૂપ ધર્મ સાધનનો જે ભક્ત ત્યાગ કરે નહિ તેને જ સાચા **બ્રહ્મરૂપ** સાધુ કહેલા છે.

(શ્રીહરિચરિત્રામૃતસાગર : પુર-૧૬, તરંગ-૪૭)

'મેરો સ્વરૂપ હૈ શિક્ષાપત્રી, સો અસલ સત્ય માનીયો । ધર્મવંશી સંત હી હરિજન, દૃઢ તરીકે જનીયો ॥
અબ જો શિક્ષાપત્રી કહે તેહિ, તૈસે ચલના પ્રીતસું । ઔર આચાર્ય ધર્મવંશી, કહે ત્યું કરના સુ રીતસું ॥૧૯॥
મેરે હી અક્ષરધામમેં સો, આવહી નહિ સંદેહ હી । ધર્મવંશી દ્વારમે રહે, બચન ગ્રહો મેરો તેહ હી ॥
ઔર હી મૂર્તિ દ્વારમેં રહે, મંદિર મોરે જાઈ હૈ । એક રૂપ તિન રૂપ ધરે । સબ જન સુખદાઈ હૈ ॥૨૦॥'

ભગવાન શ્રીહરિ કહે છે : 'શિક્ષાપત્રી મારું સ્વરૂપ છે. તેને તમે **મૂળભૂત** (શાશ્વત) સત્ય માનજો.' મારા આ વચનને ધર્મવંશી આચાર્ય, સંતો અને હરિભક્તો દૃઢ રીતે સમજી રાખજો. હવે પછી જેમ શિક્ષાપત્રીમાં કહ્યું છે તેમ સહુ પ્રેમથી વર્તશો. અને ધર્મવંશી આચાર્ય કહે તેમ વિવેકથી સારી રીતે રહેશો. તો મારા અક્ષરધામમાં આવશો તેમાં સંદેહ નથી, આવું મારું વચન રાખજો. અને જે મારા મંદિર છે તથા તેમાં જે મૂર્તિઓ છે, તેમાં હું રહ્યો છું. હું એક હોવા છતાં શિક્ષાપત્રી, આચાર્ય અને મૂર્તિ એ **ત્રણરૂપ** ધરીને રહ્યો છું તે સહુને માટે **સુખદાયક** છે.

(શ્રીહરિચરિત્રામૃતસાગર : પુર-૧, તરંગ-૨)

'મેરી આજ્ઞા સો મેરો સ્વરુપા, મેરે બચન માનના અનૂપા । મેરે વચનમેં શશિ અરુ સુરા, નિશ દિન તત્પર રહે હજૂરા ॥૨૧॥'

મારી આજ્ઞા તે **મારું સ્વરૂપ** છે. મારા વચનને **અનુપમ** ગણજો. સૂર્ય અને ચંદ્રમા તથા ભવબ્રહ્માદિ દેવો પણ રાતદિન મારું વચન પાળવા તત્પર થઈને **હજૂર** રહે છે.

(શ્રીહરિચરિત્રામૃતસાગર : પુર-૧, તરંગ-૨)

'મોરી આગ્યા માને સો મેરા, ન માને તેહિ માયા કેરા ।'

ભગવાન શ્રીહરિ ભક્તોને કહે છે : જે મારી આજ્ઞા માને તે મારા છે અને જે ન માને તે **માયાના જીવ** છે.

(શ્રીહરિચરિત્રામૃતસાગર : પુર-૧, તરંગ-૨)

'મેરે વચન કર નિયમ હી જેતા, મેરે સ્વરૂપ માનના તેતા ॥૩૧॥
વચન કે આદર રખોગે જે તો, મેરે આદર કરે માનત તે તો । વચનમેં મેરો રહે નિવાસા, જાન હું સદા તુમારી પાસા ॥૩૨॥
આદર જીતનો તિતનો જોઉં, તુમારી પાસ રહેમેં સોઉ । વચન સો પ્રત્યક્ષ રુપ હે મેરા, દુર ન જાવત સો કોઉ વેરા ॥૩૩॥
મનુષ્ય તનમેં ધારે જેહા, મનુષ્યકી રીત વરતાવત તેહા । પ્રત્યક્ષ પ્રોક્ષ દોનું ભાવા, મનુષ્ય કે તનમેં રહાવા ॥૩૪॥
વચનરૂપ તન દિવ્ય મેરો, પ્રોક્ષન હોવન હી કોઉ વેરો । પ્રત્યક્ષ પ્રોક્ષ ભાવ દોનો, પુનિ પુનિ યામેં આવત જોના ॥૩૫॥'

મારા વચનરૂપ જે જે **નિયમ** કહેલા છે એ જ મારું સ્વરૂપ માનજો. એમ મારા વચનનો જે **દૃઢ આદર** રાખે છે એજ મારો આદર માનવો. કેમ કે જે મારા વચન તેમાં મારો જ **નિવાસ** છે એમ તમે સર્વે જાણજો. હું સદાય તમારી પાસે પ્રગટ રહેલો છું. મારા વચનનો જેટલો આદર એટલો જ હું તમારી પાસે રહેલો છું. અને હું તો વચનમાં **પ્રત્યક્ષ સ્વરૂપે** રહેલો છું. પણ જરાય દૂર નથી. તમારી પાસે જ રહેલો છું. અને જ્યારે મનુષ્ય તન મેં ધારેલું છે ત્યારે મનુષ્યની રીતથી વર્તીએ છીએ. અને **પ્રત્યક્ષ** અને **પરોક્ષ** એ બેય ભાવ મનુષ્ય તનમાં રહેલા છે. અને મારા **વચનરૂપ** જે મારું **દિવ્ય શરીર** છે તે ક્યારેય પણ **પરોક્ષ** થતું જ નથી.

(શ્રીહરિચરિત્રામૃતસાગર : પુર-૧૪, તરંગ-૭૫)

સ.ગુ. શ્રી **નિષ્કુળાનંદ સ્વામી** કહે છે :-

'વચનમાં જેહ વરતે, તેહ પરમ ધર્મ પાળનાર; વચન વિરોધી જેહ વરતે, તે સર્વે ધર્મ ટાળનાર. ॥૬॥
મોટો ધર્મ એ માનવો, જે કહ્યો ધર્મને બાળ; નિષ્કુળાનંદ મુખોમુખનાં વચન, ન ઉલ્લંઘવા કોઈ કાળ. ॥૧૦॥'

(સારસિદ્ધિ : ૨૭)

'ધર્મ તે ધર્મસુતનાં વચન, તેહ પાળવાં પ્રીતે કરી; જેને જેમ કરી આગન્યા, તે ફેરવવી નહિ ફરી. ॥૩॥
આગન્યાથી અધિક બીજો, નથી આવતો ધાર્યામાંય ધર્મ; તોળી તપાસી જોયું તને મને, એજ ધર્મ છે વળી પર્મ. ॥૪॥'

(સારસિદ્ધિ : ૨૭)

'ધર્મ ધર્મ સહુ કોઈ કહે, પણ ધર્મમાં બહુ મર્મ છે; પ્રગટ પ્રભુનાં વચન પાળે, એથી મોટો કોઈ ધર્મ છે.'

(સારસિદ્ધિ : ૨૮/૯)

ધર્મ અનેક પ્રકારના હોય. માનવ ધર્મ, પુત્ર ધર્મ, પત્નિ ધર્મ, સ્વજન ધર્મ, પડોશી ધર્મ, શિક્ષક ધર્મ, રાજ્ય ધર્મ, નીતિ ધર્મ, આશ્રમ ધર્મ, સેવા ધર્મ વગેરે અનેક પ્રકારના ધર્મો છે. આ બધા **લૌકિક ધર્મ**ના ખડકલા નીચે ભગવાન શ્રી સ્વામિનારાયણે પ્રબોધેલા **આજ્ઞારૂપી ધર્મ**માં તત્ત્વની ભેળસેળ ન થઈ જાય એટલે એને ધર્મ ન કહેતા **સિદ્ધાંત** કહેવામાં આવે છે. જેનો અંત નિશ્ચિત થઈ ગયો હોય તેને 'સિદ્ધાંત' કહેવાય છે. આપણે એવા સિદ્ધાંતને

એકાંતિક ધર્મમાનીએ છીએ.

ભગવાન શ્રી સ્વામિનારાયણે સ્થાપેલા **સિદ્ધાંત** શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય માટે **ધર્મ** જ છે. પણ જે જે **શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયની દૃષ્ટિએ** પરધર્મ, પાખંડધર્મ કે કલ્પિત ધર્મ કહેવાય તે શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના સિદ્ધાંત બની શકતા નથી, અને તે **સ્વયં** ભગવાન શ્રીહરિએ પણ **શિક્ષાપત્રી** શ્લોક નં - **૨૪** માં કહ્યું છે કે :- **પરધર્મો ન ચાચર્યો ન ચ પાષણ્ડકલ્પિતઃ**।। પરધર્મનું આચરણ ન કરવું. તથા **પાખંડ ધર્મ**નું આચરણ ન કરવું તથા **કલ્પિત ધર્મનું આચરણ** ન કરવું.

બુદ્ધિ પાપ કરવાની હોય અને પાપ થાય તે તો સાવ સાદી સમજાય તેવી વાત છે. ચોરી કરવાની પાપબુદ્ધિથી **ચોરીનું પાપ** કોઈ કરે તેમાં કાંઈ નવાઈ નથી. પરંતુ બુદ્ધિમાં એમ લાગતું હોય કે, પોતે ધર્મ કરી રહ્યો છે અને થઈ જતો હોય અધર્મ! આ વાત ખૂબ જ **વિચારણીય** છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણના મૂળભૂત સિદ્ધાંતોને એકબાજુ રાખીને થતો **ધર્મ** એ **વાસ્તવિક** ધર્મ જ નથી, ધર્મના અંચળામાં છૂપાયેલું અધર્મનું જ એ **દાંભિક** સ્વરૂપ છે. શ્રીજીમહારાજની આજ્ઞાનું **અણિશુદ્ધ** પાલન એ જ ધર્મ છે. ભગવાન શ્રીહરિની આજ્ઞાનું અમુક અંશમાં પાલન અને અમુક અંશમાં વિરુદ્ધપાલન એ તો ભયાનક અધર્મ છે. આવા અધર્મએ જ ભગવાન શ્રી સ્વામિનારાયણના મૂળભૂત સિદ્ધાંતો પર સીધી કે આડકતરી રીતે **પ્રહાર** કર્યા છે.

એક વાત યાદ રાખજો. ભગવાન શ્રી સ્વામિનારાયણના મૂળભૂત સિદ્ધાંતો તોડીને પોતાની **પ્રગતિ** થઈ રહી છે એમ કોઈ માનતું હોય તો એ મોટામાં મોટો **ભ્રમ** છે. એ પ્રગતિ નથી માત્ર ગતિ છે. ઘાંચીનો બળદ આખા દિવસમાં દસ-વીસ કિલોમીટર ચાલતો હશે પણ રહે છે તો ઠેરનો ઠેર! એક ડગલું પણ આગળ વધવારૂપ પ્રગતિ તે કરતો નથી. એકલી ગતિનો કાંઈ અર્થ નથી.

મુમુક્ષુ જો પરિઘોમાં જ ગોળ ગોળ ચક્કર મારતો ગતિ કરે, પરંતુ વર્તુળોના સિદ્ધાંતરૂપ કેન્દ્રમાં કદી પહોંચે નહિ; ને પ્રગતિ કરે નહિ, તો પરિઘોના વર્તુળોમાં ચક્કરો મારવાનો શો અર્થ?

ગતિમાંથી **પ્રગતિ** ત્યારે સર્જાય જ્યારે સિદ્ધાંતરૂપી **ઘસરકો** લાગે.

બંગડીનું ચકરડું આંગળી ઉપર ફેરવાય તો તે ગોળ ગોળ ફરે, ગતિ કરે; પરંતુ આગળ વધવારૂપ પ્રગતિ તે ત્યારે જ કરે જ્યારે તે ચકરડાને જમીન સાથે ઘસરકો અપાય. તેમ થતાં તે એકદમ આગળ ધસી જાય છે. આનું નામ **પ્રગતિ,** પણ ધરતી સાથે **ઘસારો** પામે તો જ ચકરડું પ્રગતિ કરે.

તેમ ભગવાન શ્રી સ્વામિનારાયણના **મૂળભૂત સિદ્ધાંતો**ને જીવનમાં અપનાવે ત્યારે જ **પ્રગતિ** થાય, અન્યથા તો કેવળ **ગતિ** જ છે.

આજે લોકો વિદેશમાં મંદિર બાંધવું એને પ્રગતિ માને છે, પણ તે પ્રગતિ નથી કેવળ ગતિ છે. વિદેશોમાં અન્ય ભારતીય ધર્મ પ્રચારકોની સરખામણીમાં ગતિને પ્રગતિ માનનારાઓનો પ્રચાર ખૂબજ ક્ષુલ્લક છે. ઈસ્કોન સંસ્થાના સંસ્થાપક શ્રી **ભક્તિવેદાંત સ્વામીજી**એ પૂરા ત્રણ દહાડા પૂરતુંય ભાથું ન ચાલે એટલા રૂપિયા લઈ ૬૯ વર્ષે ન્યૂયોર્કમાં પગ મૂક્યો અને અત્યારે દક્ષિણ અમેરિકા, ન્યૂઝીલેન્ડ, ઓસ્ટ્રેલીયા, ઈંગ્લેન્ડ, હોલેન્ડ વગેરે યુરોપ, એશિયા ખંડોથી લઈને આખી દુનિયામાં કરોડોના ખર્ચે અનેક વિશાળ શ્રી રાધાકૃષ્ણના મંદિરો બંધાવી તેમણે અભૂતપૂર્વ ચમત્કાર કરી બતાવ્યો છે. તેમના સેંકડો યુરોપિયન ભક્તો માથે ચોટલી રાખી હરિકીર્તન કરતા રસ્તામાં નાચતા દેખાય છે. એવા જ બીજા ગણેશપુરીવાળા **મુક્તાનંદ બાબા** હતા. ૧૯૪૨ની સાલમાં પરદેશમાં તેમના અઢી લાખ ભક્તો હતા. અમેરિકાના મોટા લેખકો અને વિજ્ઞાનીઓ એમના ચુસ્ત શિષ્યો છે. સ્વયં અમેરિકાની સરકારે તેમની સંસ્થાઓને પૂર્ણ હિન્દુવિધિ પ્રમાણે અમેરિકનોના સમૂહલગ્નો કરવાની પરવાનગી આપી છે, આ બધી **ગતિ**

કહેવાય. રખેને કોઈ આને પ્રગતિ ન માની બેસતા...!!!

કારણ કે માત્ર ભૌતિક વ્યાપ્તતા કે વિખ્યાતિપણું તે જીવનું કે ધર્મનું **લક્ષ** છે જ નહિ, જીવનું અને ધર્મનું ખરું લક્ષ તો **મોક્ષપ્રાપ્તિ**નું જ છે કદાચ હજારોની સંખ્યામાં સંસ્થાઓ (પંથો) જગતમાં પ્રવર્તતા હશે પણ **સાચો ધર્મ** તો એજ કહેવાય કે 'જે જીવાત્માને **મોક્ષ** અને **કલ્યાણ** સુધી પહોંચાડી શકે છે.'

વિમુખ સંસ્થાઓનું ગતિની રૂએ **કલેવર** ખૂબજ **સુશોભિત** બન્યું છે, પણ પ્રાણસમા ભગવાન શ્રી સ્વામિનારાયણના **મૂળભૂત સિદ્ધાંતો** ઊડી ગયા છે. 'પોતાના મનઃ કલ્પિત ઉપાસનાદિ ફેલાવવા માટે સર્વહિતકર ભગવાન શ્રી સ્વામિનારાયણના મૂળભૂત સિદ્ધાંતોને ઠુકરાવવા' એ કેટલા બધા સંકુચિત અને ક્ષુદ્રાતિક્ષુદ્ર માનસની **નીપજ** છે, એ તો તમે શાંતિથી વિચારશો તો સમજાશે.

તેઓ મુમુક્ષુને ભગવાન શ્રી સ્વામિનારાયણના મૂળભૂત સિદ્ધાંતોથી વિરુદ્ધ (અક્ષર-પુરુષોત્તમ વિમુખો) પોતાની ઉપાસના અને શાસ્ત્રાર્થને કેવા વિપરીત રીતે સમજાવે છે, બીજાઓને પણ સિદ્ધાંતબાહ્ય વિચારોની છાંટ નાખીને એમનું પણ અહિત કરે છે તે જોઈએ :

શ્રીજીમહારાજે જ્યાં જ્યાં પરોક્ષદેવની મૂર્તિઓ પધરાવી ત્યાં તેમના ભક્ત સહિત જ ભગવાનની યુગલ ઉપાસના કરવાનું જણાવે છે. એવું તેઓ મનાવે છે. તેમાં તેઓ શિક્ષાપત્રીનું **પ્રમાણ** આપતા કહે છે :

શ્રીકૃષ્ણ ભગવાન રાધિકાએ યુક્ત હોય ત્યારે **'રાધાકૃષ્ણ'** લક્ષ્મીજીએ યુક્ત હોય ત્યારે **'લક્ષ્મીનારાયણ'** અર્જુને યુક્ત હોય ત્યારે **'નરનારાયણ'** એવે નામે જાણવા.

(શિક્ષાપત્રી : શ્લોક-૧૦૯/૧૧૦)

એ સમયે લોકો સમજતા જ હતા કે, શ્રીકૃષ્ણ રાધિકાએ યુક્ત હોય ત્યારે રાધાકૃષ્ણ કહેવાય. છતાં શ્રીજીમહારાજે કહ્યું એટલે એનો **ભાવાર્થ** એ સમજવાનો કે, ''ભક્તે સહિત ભગવાનની અર્થાત્ ગુણાતીતાનંદ સ્વામીએ સહિત સહજાનંદ સ્વામીની ઉપાસના કરવી.'' આવા અર્થના તે **અનર્થ** કરે છે!!

જે **હકીકત** લક્ષ્મીજીની તથા નરની ઉત્પત્તિ તેનું કારણ અને તેની સાથે ભગવાનનો વ્યવહાર તેના ઈતિહાસને જાણવાથી **સિદ્ધ** થાય છે કે, તેનો અર્થ જેવો વિમુખો કરે છે તેવો **વાસ્તવિક** થતો નથી.

બ્રહ્મવૈવર્તપુરાણમાં **લક્ષ્મી અને રાધાની ઉત્પત્તિ** બતાવી છે. તે જોઈએ સ્વયં વેદવ્યાસજીના જ શબ્દોમાં :-

'સ કૃષ્ણઃ સર્વસૃષ્ટ્યાદૌ સિસૃક્ષુસ્ત્વેક એવ હિ ।। ૨૮।।
સ્વેચ્છામયઃ સ્વેચ્છયા ચ દ્વિધા રૂપો બભૂવ હ। સ્ત્રીરૂપા વામભાગાંશાદ્ દક્ષિણાંશઃ પુમાન્ સ્મૃતઃ ।।૨૯।।
અથ કાલાન્તરે સા ચ દ્વિધારૂપા બભૂવ હ। વામાઽર્ધાઽગા ચ કમલા દક્ષિણાર્ધા ચ રાધિકા ।।૩૬।।
એતસ્મિન્નન્તરે કૃષ્ણો દ્વિધારૂપો બભૂવ હ। દક્ષિણાર્ધો દ્વિભુજો વામાર્ધશ્ચ ચતુર્ભુજઃ ।।૫૭।।
એવં લક્ષ્મીં સમ્પ્રદદૌ તુષ્ટો નારાયણાય વૈ। સંજગામ ચ વૈકુણ્ઠં તાભ્યાં સાર્ધં જગત્પતિઃ ।।૫૯।।'

(બ્રહ્મવૈવર્તપુરાણ, પ્રકૃતિખંડ : અધ્યાય - ૨)

સૃષ્ટિ પહેલા સૃષ્ટિના સર્જન કરવાની ઈચ્છાવાળા એક શ્રીકૃષ્ણનારાયણ હતા. તે પોતાની ઈચ્છાથી બે રૂપે થયા. ડાબા અંગમાંથી સ્ત્રીરૂપે અને જમણા અંગમાંથી પુરુષરૂપે, પછી કાળાંતરે તે સ્ત્રીરૂપમાંથી ફરી બે રૂપે થયા. ડાબા અંગમાંથી લક્ષ્મીરૂપે અને જમણા અંગમાંથી રાધિકારૂપે થયા.

ત્યારપછી શ્રીકૃષ્ણભગવાન પણ બે રૂપે થયા. જમણા ભાગમાંથી દ્વિભુજ સ્વરૂપે અને ડાબા ભાગમાંથી ચતુર્ભુજ સ્વરૂપે થયા. અને લક્ષ્મી શ્રીનારાયણને સમર્પિત થઈને વૈકુંઠમાં રહ્યા.

વિમુખોના બટક બોલા જ્ઞાનમાં **વિપરીત જ્ઞાન**નો જ **અંધાપો** છે. એમની ક્રાંતિમાં **નર્યો સ્વાર્થ** નીતરે છે. તેઓના જ્ઞાનમાં કોઈ જ ભગવાન શ્રી સ્વામિનારાયણના **મૂળભૂત સિદ્ધાંતો** નથી. ભગવાન શ્રી સ્વામિનારાયણના નામે સ્વાર્થ સાધવા સિવાય કશું જ **વિશેષ** નથી.

સ.ગુ. શ્રી શતાનંદ સ્વામી **'શિક્ષાપત્રી ભાષ્ય'**માં શ્રીજીમહારાજનો **ભાવાર્થ** દર્શાવતા કહે છે :-

''એક જ શ્રીકૃષ્ણ પોતાને પડખે વર્તતા રાધા-લક્ષ્મી-નર આદિક સેવકના ભેદથી મોટા મંદિરમાં સ્થાપન કરેલા 'રાધાકૃષ્ણ', 'લક્ષ્મીનારાયણ', 'નરનારાયણ' વગેરે નામોથી ઓળખાય છે. એથી આ શ્રીકૃષ્ણના પ્રસિદ્ધ મોટા મંદિરોમાં રહેલા સ્વરૂપોને વિષે સર્વ પ્રકારે **ભેદ** ન જાણવો.''

(શિક્ષાપત્રી ભાષ્ય : શ્લોક -૧૧૨)

આ સિદ્ધાંતને સમજાવતાં સ.ગુ. **શ્રી અદ્‌ભુતાનંદ સ્વામી** પોતાની **વાતો**માં કહે છે : ''...વડોદરાના શાસ્ત્રીએ **પ્રશ્ન** પૂછ્યો કે, 'તમારે મુખ્ય **ઉપાસના** કેની છે? જો મુખ્ય ઉપાસના સ્વામિનારાયણની છે એમ કહેશો તો, તમારાં મંદિરોમાં લક્ષ્મીનારાયણ, રાધાકૃષ્ણ, નરનારાયણ આદિકની મૂર્તિઓ પધરાવી છે અને એમની જ ઉપાસના (સેવા-પૂજાદિ) પ્રવર્તાવી છે. આ જોતાં તમારે સ્વામિનારાયણની મુખ્ય ઉપાસના જણાતી નથી.' તેનો ઉત્તર અદ્‌ભુતાનંદ સ્વામીએ કર્યો કે, 'અમારે તો મુખ્ય ઉપાસના સ્વામિનારાયણની છે.' ...સ્વામિનારાયણ રૂપે પ્રગટ થઈને માંગરોળમાં પ્રથમ રહ્યા ત્યારે કોઈને લક્ષ્મીનારાયણ તો કોઈને રાધાકૃષ્ણ તો કોઈને નરનારાયણ તો કોઈને રામચંદ્ર ઈત્યાદિ દિવ્યરૂપે દર્શન દીધાં છે. વળી ચોવીશ અવતાર રૂપે પણ દર્શન દીધાં છે. આ દૃષ્ટિએ જોઈએ તો ઉપાસનામાં ભેદ નથી. (અર્થાત્ ભગવાન શ્રી સ્વામિનારાયણે માંગરોળમાં કોઈને લક્ષ્મીનારાયણરૂપે તો કોઈને રાધાકૃષ્ણરૂપે, કોઈને નરનારાયણરૂપે દર્શન આપ્યા ત્યારે વૈકુંઠવાસી, ગોલોકવાસી કે બદ્રિકાશ્રમવાસી સ્વરૂપો નહોતા, પરંતુ સ્વયં ભગવાન શ્રી સ્વામિનારાયણે જ તે તે સ્વરૂપે દર્શન આપ્યા હતા.) '...પણ મૂર્તિઓમાં ભેદ નથી' એમ **વચનામૃતમાં પણ** કહ્યું છે. હરિદિગ્વિજય **'एतानि मम रूपाणि सर्वाण्यत्र न संशयः । प्रयोजनवशादेव ध्यानं कार्यं यथारुचि ।।'** આવો યથાશાસ્ત્ર ઉત્તર સાંભળીને તે શાસ્ત્રીઓ, (શ્રીજી)મહારાજ, સદ્‌ગુરુઓ વિગેરે રાજી થયા. અને પ્રસન્નતા પ્રદર્શાવતા છાતીમાં ચરણારવિંદ આપ્યાં.''

(શ્રી અદ્‌ભુતાનંદ સ્વામીની વાતો : ૨૧૨)

એટલા માટે જ શ્રીજીમહારાજે શિક્ષાપત્રીના ૧૧૨મા શ્લોકમાં કહ્યું છે કે,

'अतश्चास्य स्वरूपेषु भेदो ज्ञेयो न सर्वथा ।' - એ હેતુ માટે એ રાધાકૃષ્ણ અને લક્ષ્મીનારાયણ આદિક જે **સ્વરૂપો** તેમને વિષે સર્વે પ્રકારે કરીને **ભેદ** ન જાણવો. એમ કહ્યું છે; કારણ કે તે સ્વયં પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રીહરિના જ **અવતાર** છે અને તેમની **ઈચ્છા અનુસાર** અવતારના સામર્થ્યમાં **ભેદ** દેખાય છે.

આ ભેદને બતાવતા **ભગવાન શ્રીહરિ** પંચાળાના છઠ્ઠા **વચનામૃત**માં કહે છે :

''બીજી મૂર્તિને વિષે થોડું **ઐશ્વર્ય** છે ને એને વિષે સંપૂર્ણ ઐશ્વર્ય છે, માટે કૃષ્ણાવતાર જેવો કોઈ અવતાર નથી.''

વળી, ભગવાન શ્રીહરિ પંચાળા પ્રકરણના ૧લા **વચનામૃત**માં કહે છે :

''...અને પશુના સુખથી મનુષ્યમાં અધિક સુખ છે ને તે કરતા રાજાનું સુખ અધિક છે ને તેથી દેવતાનું સુખ અધિક છે ને તેથી ઈન્દ્રનું અધિક છે ને તેથી બૃહસ્પતિનું ને તેથી બ્રહ્માનું ને તેથી વૈકુંઠલોકનું ને તેથી ગોલોકનું સુખ તે અધિક છે અને તેથી ભગવાનના અક્ષરધામનું સુખ અતિ અધિક છે.''

આ વચનામૃતમાં ભગવાન શ્રી સ્વામિનારાયણે વૈકુંઠ અને ગોલોકમાં તારતમ્યની દૃષ્ટિએ **સુખમાં** પણ **ભેદ** બતાવ્યો છે. જો સુખમાં ભેદ હોય તો તે **તે સ્વરૂપોમાં પણ ભેદ** રહેવો જોઈએ છે. અને ભગવાન શ્રી સ્વામિનારાયણે શિક્ષાપત્રીમાં કહ્યું છે કે આ સ્વરૂપોમાં ભેદ ન જાણવો. આથી આ વાતથી એ સ્પષ્ટ થાય છે કે મોટા મંદિરોમાં પધરાવેલા રાધાકૃષ્ણ અને લક્ષ્મીનારાયણ, નરનારાયણ આદિક સ્વરૂપો માંગરોળમાં સમાધિમાં ભગવાન શ્રી સ્વામિનારાયણે સ્વયં જે દર્શનો દીધા હતા તે જ સ્વરૂપો છે. માટે ભગવાન શ્રીહરિએ કહ્યું છે કે તે સ્વરૂપોમાં ભેદ ન જાણવો.

આ જ વાતની પુષ્ટિ કરતા ભૂજ મંદિરના મહંત સ.ગુ. શ્રી નંદકિશોરદાસજી સ્વામી **'આત્યંતિક કલ્યાણ'** નામના ગ્રંથમાં પેજ નં. ૧૩૧ પર લખે છે કે, ''શ્રી સ્વામિનારાયણ ભગવાને સ્વયં મહામંદિરો કરાવી તેમાં પોતાના જ સ્વરૂપો પધરાવ્યાં. શ્રીહરિએ જ્યારે સમાધિ પ્રકરણ ચલાવ્યું હતું, ત્યારે દરેકને પોતપોતાના ઈષ્ટદેવરૂપે દર્શન દીધા હતા. એટલે સ્વામિનારાયણ ભગવાન - લક્ષ્મીનારાયણ દેવરૂપે દર્શન દે, નરનારાયણરૂપે દર્શન દે, કે ગોપીનાથ દેવરૂપે દર્શન દે, તોપણ પોતે જ તે તે રૂપે દર્શન દે છે.''

આજ વાતને અમદાવાદ પીઠાધિપતિ પ.પૂ. ધ.ધુ. આચાર્ય શ્રી દેવેન્દ્રપ્રસાદજી મહારાજના શુભાશીર્વાદથી પ્રકાશિત **'શિક્ષાપત્રી રહસ્યાર્થ'** ગ્રંથમાં આ રીતે કહી છે :

''શ્રીજીમહારાજ જ્યારે મનુષ્યરૂપે પ્રકટ હતા તે સમયને વિષે મુમુક્ષુને પોતાનો નિશ્ચય કરાવવાને અર્થે સમાધિઓ કરાવતા; તેમાં પોતાના સંકલ્પ માત્રે કરીને પોતે નરનારાયણ, લક્ષ્મીનારાયણ તથા રાધાકૃષ્ણાદિરૂપે થઈને સમાધિસ્થિતિને પામેલા જે ભક્ત તેમને પોતાનું દર્શન દેતા હતા; એ જે નરનારાયણ-રાધાકૃષ્ણાદિરૂપે થઈને દર્શન દીધાં તે સ્વરૂપને **'સંકલ્પ અવતાર'** જાણવા.

સર્વ સંકલ્પસ્વરૂપના મૂળસ્વરૂપી **શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુ** છે, તે શું શું કાર્ય કરવા તથા શા હેતુથી સંકલ્પ-સ્વરૂપ જે સંકલ્પાવતાર તેને ધારણ કરે છે તે કહીએ છીએ : પરોક્ષ અવતારના ઉપાસક જે મુમુક્ષુ હતા, તેમને પોતાના સ્વરૂપનો-**ભગવાનપણાનો નિશ્ચય** કરાવવો એ કાર્યને અર્થે અને બીજું **સર્વોપરી** પોતાનું **સ્વરૂપ** સમજાવીને તેમને પોતાના આશ્રિત કરવા; એ હેતુથી જ શ્રીહરિ, પરોક્ષ રામકૃષ્ણાદિક અવતારના ભક્તોને લોજ-માંગરોળ વગેરે ગામોમાં **સમાધિ** કરાવીને **તે તે અવતારરૂપે** થઈને પોતાનું **દર્શન** દેતા હતા.

હવે એ સ્વરૂપને **પ્રત્યક્ષપણે** જોઈએ : શ્રીજીમહારાજ પોતે જ સંકલ્પ કરી નરનારાયણ, લક્ષ્મીનારાયણ ને રાધાકૃષ્ણાદિરૂપે થઈને, સમાધિને વિષે મુમુક્ષુને દર્શન દેતા હતા; એ જ સ્વરૂપ શ્રીજીમહારાજે અમદાવાદ, વડતાલ, ગઢપુર ને મૂળી આદિ ધામોને વિષે મહામંદિરોમાં પધરાવ્યાં છે; તે પણ ઘણા જીવોના સમાસને અર્થે શ્રીહરિ **વેષાંતર** કરીને **દર્શન** આપે છે. અને એ સંકલ્પાવતારરૂપે **શ્રીજીમહારાજ પોતે** જ **દર્શન** દે છે. તે શિક્ષાપત્રી શ્લોક - ૧૧૨માં કહ્યું છે :- **'अतश्चास्य स्वरूपेषु भेदो ज्ञेयो न सर्वथा ।'** - એ હેતુ માટે એ રાધાકૃષ્ણ અને લક્ષ્મીનારાયણ આદિક જે સ્વરૂપો તેમને વિષે સર્વે પ્રકારે કરીને ભેદ ન જાણવો. એમ કહ્યું છે.

જો આમ ન સમજીએ તો ગુણાતીતાનંદ સ્વામીએ શ્રી રાધારમણ દેવની ૪૦ વર્ષ ૪ માસને ૪ દિવસ સુધી ભાવથી સેવા-પૂજા કરી. તે થઈ ન શકે. કારણ કે ભગવાન શ્રી સ્વામિનારાયણના ઉપાસક થઈ શ્રી રાધારમણ દેવની સેવા-પૂજા કરવી એ તો **વ્યભિચારિણી** ભક્તિ કહેવાય, પતિવ્રતાની ભક્તિ ન કહેવાય. ભગવાન શ્રીહરિ ગઢડા અંત્ય પ્રકરણના ૧૬મા વચનામૃતમાં કહે છે :- ''...રામાવતાર પછી બીજા કેટલાક ભગવાનના અવતાર થયા છે પણ હનુમાનજીને રામચંદ્રજીને વિષે જ **પતિવ્રતાના જેવી ભક્તિ** રહી છે તે માટે હનુમાનજીની ભક્તિ પતિવ્રતાના જેવી છે. એવી રીતે જે

ભગવાનના ભક્તની ટેક હોય તેની પતિવ્રતાના જેવી ભક્તિ કહેવાય અને જેનું અંગ એવું ન હોય તો તેની વ્યભિચારિણીના જેવી ભક્તિ કહેવાય માટે જાણી જોઈને પોતાનું નાક કપાય એવી ભક્તિ ન કરવી ને ભગવાનના ભક્તને તો સમજી વિચારીને પતિવ્રતાના જેવી **દૃઢ ભક્તિ** કરવી.''

મોટા મંદિરોમાં આજે ભાવથી દેવોની જે **સેવા-અર્ચનાદિક** થાય છે તે આવી રીતે સમજીને થાય છે. જો આમ ન હોત તો શ્રીજીમહારાજે બંધાવેલા છ મંદિરોની સેવા-અર્ચનાદિક ભક્તિ પરોક્ષના મંદિરની જેમ શુષ્કતાને પામી ગઈ હોત, એ **નિર્વિવાદ** વાત છે.

'છાંડીકે શ્રીકૃષ્ણ દેવ, ઔર કી જો કરું સેવ, કાટિ ડારો શિર મેરો, તીખી તલવારસે.'

(કીર્તન મુક્તાહારમ્ : પેજ નં. ૧૬૬)

'હમતો એક સહજાનંદ સહજાનંદ ગાવે, હમારે મન સ્વામિનારાયણ દૂસરો ન ભાવે;'

(કીર્તનામૃત : પેજ નં. ૩૭)

આવી નિષ્ઠાવાળા નંદસંતોથી પોતાના ઈષ્ટદેવ વિના બીજા સ્વરૂપોની **સેવા-પૂજા** થઈ જ શી રીતે શકે ? પરંતુ ઉપર બતાવેલા **ભાવાર્થને** મનમાં રાખીને નંદસંતોથી લઈને હાલમાં પણ એ સ્વરૂપોની અતિ સ્નેહસભર **સેવા-અર્ચના** આદિક થઈ રહી છે. પતિવ્રતા ભક્તિમાં પણ ખોટ આવતી નથી અને ધ્યાન કરવા માટે ભગવાન શ્રી સ્વામિનારાયણે વડતાલમાં પોતાના જ સ્વરૂપની **શ્રીહરિકૃષ્ણ મહારાજ**ની પ્રતિષ્ઠા કરી છે.

સ.ગુ. બ્રહ્મચારી શ્રી અખંડાનંદ સ્વામી **'શ્રીહરિચરિત્રમ્'** ગ્રંથમાં આ વાતને દોહરાવતાં કહે છે :-

'શ્રીહરિરુવાચ-શ્રીમદ્વત્તાલયે ભક્તા લક્ષ્મીનારાયણાદયઃ । સ્થાપિતા મન્મૂર્ત્તયોઃ સદા તાસુ સ્થિતોઽસ્મ્યહમ્ ।।
મયૈવ સ્થાપિતે તત્ર જ્ઞાપિકે ચ મદાકૃતેઃ । ધ્યાનાય ભાવિભક્તાનાં મદર્ચેઽહં તયોઃ સ્થિતઃ ।।'

હે ભક્તો ! વડતાલમાં શ્રી લક્ષ્મીનારાયણ આદિ મારી મૂર્તિઓને મેં સ્થાપી છે. તેમાં હું કાયમ રહ્યો છું. મારા આકારને સૂચવતી મારી બે મૂર્તિઓ ભવિષ્યમાં ભક્તોને ધ્યાન કરવા માટે ત્યાં વડતાલમાં મેં જ સ્થાપી છે, તે મૂર્તિઓમાં હું નિરંતર રહ્યો છું.

(શ્રીહરિચરિત્રમ્ : ચતુર્થ પરિચ્છેદ, ૫૫/૨-૩)

'સ્થાપિતઃ શ્રીપુરે શ્રીમન્નરનારાયણો મયા । મૂર્તિઃ સાઽસ્તિ મદીયા ચ સદા તસ્યાં સ્થિતોઽસ્મ્યહમ્ ।।'

અમદાવાદમાં મેં શ્રી નરનારાયણ દેવ પધરાવ્યા છે. તે મૂર્તિઓ મારી છે અને તેમાં હું સદા રહ્યો છું.

(શ્રીહરિચરિત્રમ્ : ચતુર્થ પરિચ્છેદ, ૫૫/૪)

વિમુખોને માયાવી જીવન જીવવાની ફરજ પડે છે. બિચારા ! દુનિયામાં **'સાચા'** દેખાવા માગતા હોય અને હકીકતમાં 'સાચા' હોય નહિ. ખોટથી ભરેલા હોય એ ખોટ્યોને એમને સતત છુપાવી રાખવી પડે છે. વળી, ઉલટા પોતે ખૂબ સાચા માણસો છે એવું ઠસાવવા માટે અનેક જાતના **મોહરા** પહેરવા પડે છે.

ખોટા લોકોની આ કેવી પરેશાની ? ભીતરમાં દુઃખી લોકો જેમ બહારથી તો સુખી જ દેખાવાનો પ્રયત્ન કરે છે, તેમજ અહિં ભીતરમાં ખોટા લોકો પોતાને બહારથી **સાચા** દેખાડવાનો **દંભ** કરતા હોય છે.

માણસ જેમ દિશા ભૂલી જાય, પૂર્વને બદલે ઉત્તરમાં ચાલ્યો જાય છે તેવું આ લોકોના જીવનમાં બને છે.

કોઈપણ વ્યક્તિના વિચારો, શબ્દો અને કાર્યો તે શું કરવા માગે છે તે **સ્પષ્ટ** બતાવી આપે છે. બસ, આ રુએ વિમુખોની **કાર્ય પદ્ધતિ** જોઈએ.

'સમ્પ્રાપ્ય દીક્ષામિહ ભક્તિધર્મયુક્તાદ્ગુરોર્ભાગવતીં નરઃ પ્રાક્ । અર્ચાં તતઃ પ્રાપ્ય તદુક્તરીત્યા ભક્તિં વિદધ્યાદપતન્દ્રિ વિષ્ણોઃ ।।'

આ લોકમાં મનુષ્ય પ્રથમ ભક્તિ અને ધર્મથી યુક્ત ગુરુથી **ભાગવતી દીક્ષા** પામીને તે ગુરુથી **ભગવાનની પ્રતિમા** પ્રાપ્ત કરીને ગુરુએ બતાવેલી સેવાની રીતિથી આળસરહિત શ્રીકૃષ્ણની **ભક્તિ** કરે.

(શ્રી સત્સંગિજીવન : ૨/૫૧/૯)

આ શ્લોકમાં આવેલ **'ગુરુ'** શબ્દની વ્યાખ્યા કરતા સ.ગુ. શ્રી **શુકાનંદ સ્વામી** 'શ્રી સત્સંગિજીવન'ની 'હેતુટીકા'માં લખે છે :-

'અત્ર ભક્તિધર્મયુક્તાદિતિ ગુરુવિશેષણાદ્ દીક્ષાગ્રહણં ધર્મવંશીયગુરોઃ સકાશાત્કર્તવ્યમિતિ સૂચિતમિતિ વ્યજ્યતે ।'

અહિં ભક્તિધર્મયુક્ત વિશેષણ 'ગુરુ' શબ્દનું હોવાથી ધર્મવંશીગુરુ (આચાર્ય) પાસેથી જ **દીક્ષા** ગ્રહણ કરવી એમ શતાનંદ સ્વામી સુસ્પષ્ટ **સૂચિત** કરી રહ્યા છે.

શ્રી શતાનંદ સ્વામીના કહેવાના **ભાવાર્થને** સાવ ઉથલાવી અર્થના અનર્થ કરી પોતાના તરફ મારી મચોડીને ઘસડી જઈ વિમુખો પોતાની દીક્ષા સાચી કરવા **'અક્ષર-પુરુષોત્તમ ઉપાસના'** નામના પુસ્તકમાં **પેજ નં. ૧૫૧માં** લખે છે : ''દીક્ષાની બાબતમાં પણ **'શ્રી સત્સંગિજીવન'** ગ્રંથમાં શ્રીજીમહારાજ કહે છે : આ લોકમાં ધર્મભક્તિયુક્ત અર્થાત્ પરમ એકાંતિક **સંત થકી** દીક્ષા ગ્રહણ કરીને, ભક્તિના આધારભૂત ભગવાનની જે **દિવ્યમૂર્તિ** તે સદ્ગુરુ થકી મેળવવી, કારણ કે એવા ગુરુએ પૂજેલી પ્રતિમા જ શિષ્યના ધ્યાન માટે **યોગ્ય** છે. એ રીતે ગુરુ થકી દીક્ષા, પ્રતિમા (અર્ચા) દેખીતી રીતે તેઓ (વિમુખો) પોતાની જાતને ભગવાન શ્રી સ્વામિનારાયણના **સમકાલીન** અને તેમના અનન્ય આશ્રિત સ.ગુ. શ્રી **શતાનંદ મુનિ** કરતા વધારે **હોંશિયાર** ગણે છે; કે શતાનંદ સ્વામીના શબ્દોને **ગ્રાહ્ય** જ કરતા નથી ?

પોતાનું જ્ઞાન કપોલકલ્પિત છે એ સાબિત કરવા માટે 'અક્ષરપુરુષોત્તમ ઉપાસના' નામના પુસ્તકમાં પેજ નં. ૧૪૯માં **અશાસ્ત્ર સંમત જવાબો** આપતા લખે છે :

પ્રશ્ન :-

શિક્ષાપત્રીમાં લખ્યું છે કે, 'આચાર્યે જે સ્વરૂપની પ્રતિષ્ઠા કરી હોય તે જ સ્વરૂપ સેવવું અને તે વિના બીજું જે સ્વરૂપ તે તો નમસ્કાર કરવા યોગ્ય છે પણ સેવવા યોગ્ય નથી.' (શિક્ષાપત્રી : શ્લો. ૬૨)

પૂજાની મૂર્તિઓ પણ આચાર્યશ્રી આપે તો જ પૂજાય. દીક્ષા આપવાનો અધિકાર પણ આચાર્યશ્રીને જ છે. તો શ્રીજીમહારાજની આ આજ્ઞાનો અભિપ્રાય શો છે ?

ઉત્તર :-

શિક્ષાપત્રીમાં ધર્મવંશીગુરુ માટે અર્થાત્ ધર્માચાર્ય માટે જ આચાર્ય શબ્દનો પ્રયોગ થયેલો છે. એ શિક્ષાપત્રીના સત્ય અર્થને મૂકીને આચાર્ય શબ્દનો પુરાણમાં જે બીજો અર્થ થાય છે. જેમ કે, શાસ્ત્રને ભણે અને ભણાવે તેને પણ આચાર્ય કહેવાય છે. ભગવાન શ્રી સ્વામિનારાયણ અને શતાનંદ સ્વામીએ જે આચાર્ય શબ્દનો અર્થ કર્યો છે, એ અર્થને ગ્રહણ ન કરતા પૌરાણિક આ અર્થને ગ્રહણ કરીને આચાર્ય શબ્દની વ્યાખ્યા કરતા કહે છે કે, 'કેવળ શાસ્ત્રનો અભ્યાસ જ નહિ, પણ તે મુજબનું આચરણ જેનું હોય તે આચાર્ય કહેવાને યોગ્ય બને છે. એવા સદ્ગુણોએ યુક્ત આચાર્ય પ્રતિષ્ઠા કરે તો જ મૂર્તિમાં દૈવત આવે છે. તેથી અખંડ નૈષ્ઠિક વ્રતધારી બ્રાહ્મીસ્થિતિના અખંડ ધારક શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ અને પ્રમુખ સ્વામીના વરદ્ હસ્તે પ્રતિષ્ઠિત મૂર્તિઓ દિવ્ય કલ્યાણકારી હોય એમાં આશ્ચર્ય શું છે ?'

શિક્ષાપત્રીના આવા **મનઘાર્યા અર્થ** કરવા એ સજ્જન વ્યક્તિને શોભાસ્પદ નથી. શિક્ષાપત્રીના રચયિતા ભગવાન શ્રી સ્વામિનારાયણ, શિક્ષાપત્રીના ભાષ્યકાર **સ.ગુ. શ્રી શતાનંદ સ્વામી** અને શિક્ષાપત્રીનું ગુજરાતી અનુવાદ કરનાર **સ.ગુ. શ્રી નિત્યાનંદ સ્વામી**ને કલ્પના પણ નહીં હોય કે શિક્ષાપત્રીના આવા ખોટા અર્થ કરશે. આજે સ્વયં ભગવાન શ્રી સ્વામિનારાયણ આ લોકમાં પુનઃ પધારે તો શું તમને ખાતરી છે કે આવા શિક્ષાપત્રીના ખોટા અર્થઘટનો કરનારાની વાતો અને ભગવાન શ્રી સ્વામિનારાયણની વાતો એક જ હશે ?

શિક્ષાપત્રી પર **અર્થદીપિકા** નામની ટીકા લખનાર સ્વયં સ.ગુ. શ્રી શતાનંદ સ્વામી શિક્ષાપત્રીના ૬૨મા શ્લોકમાં આવેલ **આચાર્ય શબ્દ**ની **વ્યાખ્યા** કરે છે :-

'आचार्योऽत्र स्वस्य भक्तिमार्गोपदेष्टा धर्मवंश्यो गुरुः । न तु ''उपनीय ददद्वेदमाचार्यः स उदाहृतः'' तस्येहाप्रसङ्गात् ।।'

અહીં આચાર્ય એટલે ભક્તિમાર્ગનો ઉપદેશ કરનાર ધર્મવંશના ગુરુ સમજવા. ઉપનયન કરીને વેદ શીખવાડનાર આચાર્યની અહીં પ્રાપ્તિ કે પ્રસંગ નથી.

'आचार्येणैव दत्तं यद्यच्च तेन प्रतिष्ठितम् । कृष्णास्वस्त्रं तत्सेव्यं वन्द्यमेवेतरत्तु यत् ।।'

(શિક્ષાપત્રી : શ્લોક - ૬૨)

આ શિક્ષાપત્રીના ૬૨મા સંસ્કૃત શ્લોકનો અનુવાદ, શ્રીજીમહારાજના સમકાલીન સ્વયં મૂર્ધન્ય વિદ્વાન પંડિત **સ.ગુ. શ્રી નિત્યાનંદ સ્વામી** આ રીતે કરે છે. જોઈએ એના એ જ શબ્દોમાં :-

''અને જે શ્રીકૃષ્ણનું સ્વરૂપ પોતાને સેવવાને અર્થે ધર્મવંશના જે આચાર્ય, તેમણે જ આપ્યું હોય અથવા તે આચાર્યે જે સ્વરૂપની પ્રતિષ્ઠા કરી હોય તે જ સ્વરૂપને સેવવું અને તે વિના બીજું જે શ્રીકૃષ્ણનું સ્વરૂપ, તે તો નમસ્કાર કરવા યોગ્ય છે પણ સેવવા યોગ્ય નથી.''

'અક્ષરપુરુષોત્તમ ઉપાસના'નામના પુસ્તકમાં પેજ નં. ૧૪૯માં શિક્ષાપત્રીના ૬૨મા સંસ્કૃત શ્લોકનો અનુવાદ તેઓ આ રીતે કરે છે. જોઈએ તેમના જ શબ્દો :-

''આચાર્યે જે સ્વરૂપની પ્રતિષ્ઠા કરી હોય તે જ સ્વરૂપ સેવવું અને તે વિના બીજું જે સ્વરૂપ તે તો નમસ્કાર કરવા યોગ્ય છે પણ સેવવા યોગ્ય નથી.''

હવે અહીં તમે આગળ વાંચવાનું **થોડીક ક્ષણ માટે** બંધ રાખી.... અને.....

શ્રીજીમહારાજના સમકાલીન મૂર્ધન્ય વિદ્વાન પંડિત સ.ગુ. શ્રી નિત્યાનંદ સ્વામીએ શિક્ષાપત્રીના ૬૨મા સંસ્કૃત શ્લોકનો ઉપર જે અનુવાદ કર્યો છે તે અને 'અક્ષરપુરુષોત્તમ ઉપાસના'નામના પુસ્તકમાં પેજ નં. ૧૪૯મા શિક્ષાપત્રીના ૬૨મા સંસ્કૃત શ્લોકનો ઉપર અનુવાદ કર્યો છે તે, આ **બંને અનુવાદો** ફરી એકવાર **શાંત ચિત્તે વાંચી જુઓ.** તો તમને સ્પષ્ટ જણાશે કે, આ લોકો શ્રીજીમહારાજના વચનો ઉપર કઈ રીતે **પ્રહાર** કરે છે.

બીજી એક ખોટી વાત પણ તેઓ સમજાવે છે કે, **દ્વારકા - બદ્રીનાથ વગેરે પ્રાચીન સ્થાનો**માં ક્યાં ધર્મવંશી આચાર્યે **પ્રતિષ્ઠા** કરી છે ? છતાં પણ તે પૂજવામાં આવે છે.

પરંતુ આ વાત **તદ્દન** સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ સ્થાપિત મૂળભૂત સિદ્ધાંતો અને સ.ગુ. શ્રી શતાનંદ સ્વામીના વિચારોથી **વિરુદ્ધ**માં છે. કારણ કે સ્વયં શતાનંદ સ્વામી શિક્ષાપત્રીની **અર્થદીપિકા ટીકા**માં લખે છે :-

'अनादिसिद्धपीठपुण्यक्षेत्रस्थभगवत्स्वरूपाणि तु सेव्यान्येव, तेषां महापुराणादिषु सर्वेषामपि यथाधिकारमवश्यसेव्यत्वविधानात् । प्रपञ्चितमेतद्धेमाद्रिणा

તીર્થખણ્ડ इति तत एवावगन्तव्यम् ।'

અનાદિસિદ્ધ પીઠ કે પુણ્ય ક્ષેત્રમાં રહેલા **ભગવત્સ્વરૂપો** તો સેવવા જ; તેમનું મહાપુરાણોમાં સર્વેને અધિકાર પ્રમાણે સેવવાનું વિધાન છે. આ વાતનો હેમાદ્રિ તીર્થખંડમાં **વિસ્તાર** કરેલો છે. ત્યાંથી જોઈ લેવું.

(શિક્ષાપત્રી અર્થદીપિકા : શ્લો. ૬૨)

ધર્મશાસ્ત્રથી જે વિરુદ્ધ જ્ઞાન હોય છે તેનાથી કદાચ બીજાને છેતરી શકાય છે, પરંતુ આવા જ્ઞાનથી ન તો કોઈ મુક્ત થાય છે કે ન તો ક્યારેય કોઈ વ્યક્તિ સત્યને જાણી શકે છે. જો કોઈ માણસ જાણે છે કે સાચું શું છે, તો શું **એ શક્ય છે કે,** તે ખોટું કરી શકે ? જે સાચું શું છે તે જાણે છે તે ખોટું કરી જ ન શકે. પરંતુ સાચાને જાણે છે અને ખોટું કરે છે તે શું સૂચવે છે ? તે સૂચવે છે કે તેમનું જાણવું **બનાવટી** છે, ખોટું છે, કેવળ **શાબ્દિક** છે - સત્ય નથી.

સાંપ્રદાયિક-વૈદિક ધર્મગ્રંથોને યથાર્થ સમજી **તદનુસાર** વર્તવાથી જ **કલ્યાણ** થાય છે. શ્રીજીમહારાજ **ગઢડા પ્રથમ પ્રકરણના ૫૨મા વચનામૃત**માં કહે છે :- ''પોતાની મનની કલ્પનાએ કરીને ગમે તેવી રીતે શાસ્ત્રને સમજીને વર્તે છે અને તે જો વેદાંતી છે અથવા ઉપાસનાવાળો છે તે બેય ભૂલા પડ્યા છે પણ કલ્યાણનો માર્ગ એ બેમાંથી કોઈને જડ્યો નથી, માટે એ વેદાંતી તે **દંભી જ્ઞાની** છે અને ઉપાસનાવાળો તે પણ **દંભી ભક્ત** છે.''

સ.ગુ. શ્રી આધારાનંદ સ્વામી **'શ્રીહરિચરિત્રામૃતસાગર'** ગ્રંથમાં કહે છે :

''સત્સંગમાંથી વાત શીખીને બીજાની પાસે **અવળા અર્થ** કરીને વાત કરે છે તેથી બીજાને **અતિ ઉત્પાત** કરાવે છે. અને તે જે વિવેકી સાચે સાચા દૃઢ હરિભક્તો છે તે તો પાપીના તોફાનમાં જરાપણ ભળતા નથી. એ તોફાનીની આગળ શી ગતિ થશે ? તે તો સર્વે મરીને જમપુરીમાં જશે.''

(શ્રીહરિચરિત્રામૃતસાગર : પુર-૨૭, તરંગ-૯૮)

સ.ગુ. શ્રી **નિષ્કુળાનંદ સ્વામી** કહે છે :-

'પાપ પૂર્વના પ્રગટે પ્રાણીને, ત્યારે સૂઝે તે અવળો ઉપાય રે; કરવાનું જે હોય તે ન કરે, ન કર્યાનું કામ કરાય રે.'

(વચનવિધિ : ૩૭, પદ - ૧)

કોઈને પણ સાધુ બનવું હોય તો તેણે પ્રથમ **દીક્ષા લેવી તે બાબત** શ્રી સત્સંગિજીવનના પ્રકરણ - ૪, અધ્યાય-૪૮માં વિગતે વર્ણવેલ છે. એ મહાદીક્ષા આપવાનો હક્ક એકલા **ધર્મવંશી આચાર્યશ્રી**ને જ છે. બીજા કોઈ ગમે તેવા મોટા અને પવિત્ર હોય તોપણ તે **દીક્ષા** આપી શકે નહિ.

આ વાતની સાબિતી તરીકે એ વાત **સુપ્રસિદ્ધ** છે કે, સ.ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામી અને સ.ગુ. શ્રી ગુણાતીતાનંદ સ્વામીએ ભગવાન શ્રીહરિ અંતર્ધાન થયા ત્યારબાદ અનુક્રમે બાવીસ અને સાડત્રીસ વર્ષ દેહ રાખ્યા તે દરમ્યાનના લાંબા ગાળામાં કોઈ સાધુ તેમણે પોતે જ કર્યા નહોતા. દરેક વખતે પોતે તે નવા થનાર સાધુને આચાર્યશ્રી પાસે મોકલીને જ **મહાદીક્ષા** અપાવતા હતા.

● સં. ૧૯૦૦માં સ.ગુ. ગુણાતીતાનંદ સ્વામીએ વડતાલમાં પ્રેમજી ભક્તને આદિઆચાર્ય **શ્રી રઘુવીરજી મહારાજ**ના વરદ્ હસ્તે દીક્ષા અપાવી **'યોગેશ્વરદાસ'** એવું નામ ધારણ કરાવ્યું.

● સં. ૧૯૦૮ના વૈશાખ વદ - ૬ના શુભ દિવસે 'હરિસંભવ મહાકાવ્ય' વગેરે ગ્રંથોના રચિયતા તેમજ 'શ્રીહરિલીલામૃત' ગ્રંથના પ્રથમ વક્તા એવા **'અચિંત્યાનંદ વર્ણી'**ને આદિઆચાર્ય શ્રી રઘુવીરજી મહારાજે પોતાના વરદ્ હસ્તે દીક્ષા આપી હતી.

(બ્રહ્મના ઉપાસક બ્રહ્મચારીઓ : પેજ નં. ૧૩૪)

● ધોલેરાના દેવેશ્વર નામના ભક્તને આદિઆચાર્ય શ્રી રઘુવીરજી મહારાજે પોતાના વરદ્ હસ્તે દીક્ષા આપીને **'નિષ્કામાનંદજી બ્રહ્મચારી'** એવું

નામ ધારણ કરાવ્યું. પ.પૂ. આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજે 'શ્રીહરિલીલામૃત' ગ્રંથ રચના કરવા વિચાર્યું ત્યારે તેઓશ્રીએ આ ગ્રંથના નિર્માણ કાર્ય માટે સલાહ-સૂચનો લેવા માટે તે સમયના જુદા જુદા એકાંતિક વિદ્વાન **નવ** સંતોને બોલાવેલા અને તે સર્વેનો ગ્રંથ નિર્માણ અંગેનો મત જાણેલો. બ્રહ્મચારી નિષ્કામાનંદજી પણ તે નવ વિદ્વત્‌વર્ય સંતોમાંના એક હતા.

● પીપલગના માધવજીને આદિઆચાર્ય શ્રી રઘુવીરજી મહારાજના વરદ્‌ હસ્તે દીક્ષા અપાવી **'ભગવાનદાસ'** એવું નામ ધારણ કરાવ્યું.

● જૂનાગઢના વાસુદેવાનંદજી બ્રહ્મચારીને આદિઆચાર્ય શ્રી રઘુવીરજી મહારાજે પોતાના વરદ્‌ હસ્તે દીક્ષા આપીને **'વાસુદેવાનંદજી'** એવું નામ ધારણ કરાવ્યું. તેઓએ સ.ગુ. શ્રી ગુણાતીતાનંદ સ્વામીની સાથે રહીને જૂનાગઢમાં શ્રી રાધારમણ દેવની ખૂબ **સેવા** કરી હતી. સં. ૧૯૦૧માં સ.ગુ. શ્રી ગુણાતીતાનંદ સ્વામીની પ્રાર્થનાથી સ.ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામીએ જૂનાગઢમાં **શ્રેયસ્કર** એવી **મહાપૂજાની શરૂઆત** બ્રહ્મચારી વાસુદેવાનંદજી પાસે કરાવી હતી.

(બ્રહ્મના ઉપાસક બ્રહ્મચારીઓ : પેજ નં. ૧૧૫)

● અવિનાશાનંદ કાવ્યના રચિયતા વિદ્વાન **'બ્રહ્મચારી અવિનાશાનંદજી'** ને આદિઆચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજે ભાગવતી દીક્ષા આપી હતી.

સં. ૧૯૦૯માં સ.ગુ. શ્રી ગુણાતીતાનંદ સ્વામી ચૈત્રી સમૈયો કરવા વડતાલ જવા તૈયાર થયા ત્યારે પાર્ષદ ગોરધન ભગતને સાધુ દીક્ષા અપાવવાના હેતુથી સાથે લીધા હતા. વડતાલ જતા રસ્તામાં આવતા ગામડાઓમાં સ્વામીશ્રી રોકાતા ને હરિભક્તોને કથાવાર્તાનું સુખ આપતા. તે સમયે ગોરધન ભગત સ્વામીશ્રીની સાથે રહી જે કાંઈ નાની મોટી સેવા હોય તે શ્રદ્ધાપૂર્વક કરી સ્વામી ચૈત્રી સમૈયામાં વડતાલ પધાર્યા. આ સમૈયામાં સ્વામીશ્રીએ આદિઆચાર્ય શ્રી રઘુવીરજી મહારાજના વરદ્‌ હસ્તે પાર્ષદ ગોરધન ભગતને દીક્ષા અપાવી **'બાલમુકુંદદાસ'** એવું નામ ધારણ કરાવ્યું.

(સ્વામી શ્રી બાલમુકુંદદાસજીનું જીવન અને કાર્ય)

● એકવાર મહાપુરુષાનંદજી બ્રહ્મચારી પૂર્વાશ્રમમાં જૂનાગઢ સદ્‌ગુરુ સ્વામી ગુણાતીતાનંદ પાસે આવ્યા અને ત્યાંથી સ્વામીએ બ્રહ્મચારી સાથે ગઢડે મોકલ્યા ત્યાં રઘુવીરજી મહારાજ પાસેથી દીક્ષા લીધી અને બ્રહ્મચારી થયા ને **'મહાપુરુષાનંદજી'** નામ પાડ્યું.

(શ્રીહરિચરિત્ર ચિંતામણી, ભાગ-૧ : પેજ નં. ૮)

● જૂનાગઢના શ્રી કૃષ્ણસેવાદાસજી સ્વામીએ **આદિઆચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ**ના વરદ્‌ હસ્તે ભાગવતી દીક્ષા ગ્રહણ કરી.

● ભુજના **પ્રથમ મહંત** સ.ગુ. શ્રી અચ્યુતદાસજી સ્વામીએ વિ.સં. ૧૮૯૦માં **આદિઆચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ**ના વરદ્‌ હસ્તે ભાગવતી દીક્ષા ગ્રહણ કરી.

● સંવત્‌ ૧૯૨૦માં બ્રહ્મચારી સ્વામી શ્રી આનંદાનંદજીએ મુમુક્ષુ રામકૃષ્ણને આચાર્ય શ્રી ભગવત્પ્રસાદજી મહારાજ પાસે વરતાલ જઈને ત્યાં બ્રહ્મચારીની દીક્ષા અપાવી અને **'અક્ષરાનંદ'** નામ ધારણ કરાવ્યું.

(શ્રી અક્ષરાનંદ સ્વામીની વાતો : જીવનચરિત્ર)

● સંવત્‌ ૧૯૪૧ના ભાદરવા સુદ જળજલણી એકાદશીના સમૈયા ઉપર સ્વામી મહાપુરુષદાસજી ગઢપુર પધાર્યા ત્યાં આચાર્ય શ્રી વિહારીલાલજી પાસે કેશવજી ભગતને સાધુ દીક્ષા અપાવી **'રઘનાથચરણદાસજી'** એવું નામ પાડ્યું.

(શ્રીહરિચરિત્ર ચિંતામણી, ભાગ-૩)

● સંવત્‌ ૧૯૫૫માં **વિરસદ**વાળા **શ્રી જ્ઞાનજીવનદાસજી સ્વામી**ને આચાર્ય મહારાજ વિહારીલાલજી મહારાજે પોતે હાજર રહી શ્રી લક્ષ્મીપ્રસાદજી મહારાજના વરદ્‌ હસ્તે તેમને ત્યાગીની **મહાદીક્ષા** અપાવી હતી.

(સ્વા. શ્રી જ્ઞાનજીવનદાસજી (વિરસદ) જીવનચરિત્ર)

● સ્વામી દેવચરણદાસજીને સંવત ૧૯૫૭ના મહા સુદી પાંચમના રોજ સદ્‌ગુરુ પુરાણી સ્વામી ભક્તિવલ્લભદાસજીએ ધર્મધુરંધર **આચાર્ય શ્રી પુરુષોત્તમપ્રસાદજી મહારાજ** પાસે સાધુ તરીકેની ભાગવતી મહાદીક્ષા મૂળી મુકામે અપાવી.

(શ્રી સ્વામિનારાયણ સંહિતા : પેજ નં. ૧૧)

● જૂનાગઢના બ્રહ્મનિષ્ઠ સંતોની વાતોના લેખક ધર્મવલ્લભદાસજી સ્વામીએ વિ.સં. ૧૯૮૧ કાર્તિક સુદી દ્વાદશીના શુભ દિવસે વડતાલના શતવાર્ષિક પાટોત્સવના ઉત્સવ દરમ્યાન જ **આચાર્ય શ્રી શ્રીપ્રતિપ્રસાદજી મહારાજ**ના વરદ્‌ હસ્તે ભાગવતી દીક્ષા ગ્રહણ કરી.

● જૂનાગઢના શ્રી ધર્મસ્વરૂપદાસજી સ્વામીએ **આચાર્ય શ્રી ભગવત્પ્રસાદજી મહારાજ**ના વરદ્‌ હસ્તે ભાગવતી દીક્ષા ગ્રહણ કરી.

● જૂનાગઢના શ્રી ગોપીનાથજી સ્વામીએ સં. ૧૯૩૪ના **આચાર્ય શ્રી ભગવત્પ્રસાદજી મહારાજ**ના વરદ્‌ હસ્તે ભાગવતી દીક્ષા ગ્રહણ કરી.

● ભુજના **બીજા મહંત** સ.ગુ. શ્રી અક્ષરજીવનદાસજી સ્વામીએ સં. ૧૯૨૪માં **આચાર્ય શ્રી કેશવપ્રસાદજી મહારાજ**ના વરદ્‌ હસ્તે ભાગવતી દીક્ષા ગ્રહણ કરી.

● ભુજના **ત્રીજા મહંત** સ.ગુ. શ્રી કૃષ્ણચરણદાસજી સ્વામીએ સં. ૧૯૩૧માં **આચાર્ય શ્રી કેશવપ્રસાદજી મહારાજ**ના વરદ્‌ હસ્તે ભાગવતી દીક્ષા ગ્રહણ કરી.

● ભુજના **ચોથા મહંત** સ.ગુ. શ્રી ધર્મજીવનદાસજી સ્વામીએ **આચાર્ય શ્રી કેશવપ્રસાદજી મહારાજ**ના વરદ્‌ હસ્તે ભાગવતી દીક્ષા ગ્રહણ કરી.

● ભુજના **પાંચમા મહંત** સ.ગુ. શ્રી મહાપુરુષદાસજી સ્વામીએ **આચાર્ય શ્રી કેશવપ્રસાદજી મહારાજ**ના વરદ્‌ હસ્તે ભાગવતી દીક્ષા ગ્રહણ કરી.

● ભુજના **છઠ્ઠા મહંત** સ.ગુ. શ્રી ભક્તિપ્રિયદાસજી સ્વામીએ સં. ૧૯૫૨માં **આચાર્ય શ્રી પુરુષોત્તમપ્રસાદજી મહારાજ**ના વરદ્‌ હસ્તે ભાગવતી દીક્ષા ગ્રહણ કરી.

● ભુજના **સાતમા મહંત** સ.ગુ. શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામીએ સં. ૧૯૩૩માં **આચાર્ય શ્રી કેશવપ્રસાદજી મહારાજ**ના વરદ્‌ હસ્તે ભાગવતી દીક્ષા ગ્રહણ કરી.

● ભુજના **આઠમા મહંત** સ.ગુ. શ્રી શ્રીવલ્લભદાસજી સ્વામીએ સં. ૧૯૬૩માં **આચાર્ય શ્રી વાસુદેવપ્રસાદજી મહારાજ**ના વરદ્‌ હસ્તે ભાગવતી દીક્ષા ગ્રહણ કરી.

● ભુજના **નવમા મહંત** સ.ગુ. શ્રી ધર્મજીવનદાસજી સ્વામીએ સં. ૧૯૮૧માં **આચાર્ય શ્રી વાસુદેવપ્રસાદજી મહારાજ**ના વરદ્‌ હસ્તે ભાગવતી દીક્ષા ગ્રહણ કરી.

● ભુજના **દશમા મહંત** સ.ગુ. શ્રી હરિસ્વરૂપદાસજી સ્વામીએ સં. ૧૯૮૪માં **આચાર્ય શ્રી વાસુદેવપ્રસાદજી મહારાજ**ના વરદ્‌ હસ્તે ભાગવતી દીક્ષા ગ્રહણ કરી.

● ભુજના સ.ગુ. શ્રી **નંદકિશોરદાસજી સ્વામી**એ સં. ૧૯૫૭માં **આચાર્ય શ્રી પુરુષોત્તમપ્રસાદજી મહારાજ**ના વરદ્‌ હસ્તે ભાગવતી દીક્ષા

ગ્રહણ કરી.

● આ રીતે પ્રસિદ્ધ નામી-અનામી બધા જ સંતોએ બંને દેશના આચાર્યશ્રીના વરદ્ હસ્તે જ **ભાગવતી દીક્ષા** ગ્રહણ કરેલી છે.

વિમુખ અક્ષર-પુરુષોત્તમ સંસ્થાના સ્થાપક શાસ્ત્રી યજ્ઞપુરુષદાસજીએ પણ આચાર્યશ્રી પાસે જ દીક્ષા લીધી છે. તેનો ઉલ્લેખ કરતા તેમના 'સ્વામિનારાયણ મહામંત્ર અર્થ અને મહિમા' પુસ્તકના **પેજ નં. ૪૯માં** લખે છે :

''હું (યજ્ઞપુરુષદાસજી) સંવત ૧૯૩૯ની સાલથી વડતાલવાસી શ્રી લક્ષ્મીનારાયણ દેવની ગાદીના ધર્મ ધુરંધર આચાર્ય મહારાજ શ્રી વિહારીલાલજી મહારાજ પાસે દીક્ષા લઈ, શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના શાસ્ત્રોનો અભ્યાસ કરી...''

આ જ સંસ્થાના દ્વિતીય વારસદાર ગણાતા જ્ઞાનજીવનદાસજી (યોગીજી)ને પણ તેમના ગુરુ સ્વામી કૃષ્ણચરણદાસજીએ સં. ૧૯૬૭માં ભીમ એકાદશી પર ગુરુએ આચાર્ય શ્રી શ્રીપ્રતિપ્રસાદજી મહારાજ પાસે સાધુ કરાવી જ્ઞાનજીવનદાસજી નામ પડાવ્યું.

યજ્ઞપુરુષ શાસ્ત્રી અને જ્ઞાનજીવનદાસ (યોગીજી) આ બંને તમારા ગુરુઓએ પણ ધર્મવંશી આચાર્યશ્રી પાસે જ દીક્ષા ગ્રહણ કરી છે. તો તમે શેના આધારે કહો છો કે શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં સંતો દીક્ષા આપી શકે ?

અને જો એમ ન હોય તો **જાહેર કરો કે** તમારા આદ્ય સંસ્થાપકો **મહામૂર્ખ** હતા અને તેમણે આચાર્યશ્રી પાસે દીક્ષા લઈને **ભૂલ** કરેલી તેથી તેઓ સાધુ ન હતા. અને તમે જ વિદ્વાન અને સાધુ છો.

સ.ગુ. શ્રી આધારાનંદ સ્વામી **'શ્રીહરિચરિત્રામૃતસાગર'** ગ્રંથમાં કહે છે :

''જે શ્રીહરિના વચનથી વિરુદ્ધ ચાલે છે તે સદાયે આ સત્સંગમાં તત્કાળ દેખાય આવે છે. એવો સત્સંગની વાતમાં અલૌકિક ચમત્કાર અનંત રહેલો છે.''

(શ્રીહરિચરિત્રામૃતસાગર : પુર-૨૭, તરંગ-૯૬) (શ્રી સ્વા. અવતારી સ્વરૂપ નિરૂપણ : પેજ નં. ૧૧૩૦)

ખરેખર તો પોતાની ભૂલને છૂપાવવા માટે **ધર્મશાસ્ત્રોના અવળા અર્થ કરવા એ** ખૂબ સંકુચિત અને નીચલા સ્તરની ચેતનાની **નિશાની** છે.

સ.ગુ. શ્રી **ગુણાતીતાનંદ સ્વામી** પોતાની વાતોમાં કહે છે :

આ સત્સંગમાંથી પડવાનો ઉપાય : **મંદિરનો, આચાર્યનો, સાધુનો, સત્સંગીનો એ ચારનો જેને દ્રોહ થાય તેનાં મૂળ કપાણાં જાણવા,** તે ઉપર ઘણી વાતો કરી.

(શ્રી ગુણાતીતાનંદ સ્વામીની વાતો : ૫/૧૦૪)

શ્રીજીમહારાજ વડતાલ પ્રકરણના બીજા વચનામૃતમાં **દ્રોહનું સ્વરૂપ** સમજાવતા કહે છે કે, ''...ત્યારે કહેશો જે દ્રોહ તે શું ? ...ત્યાં દૃષ્ટાંત છે જેમ તમે ગામના પટેલ છો તે જે તમારી ગામમાં પટલાઈ ન રહેવા દે તે તમારો દ્રોહી કહેવાય અને વળી જેમ ચક્રવર્તી રાજા હોય તેનો હુકમ ખોટો કરીને જે રાજા ન હોય તેનો હુકમ ચલાવે તો તે પુરુષ **રાજાનો દ્રોહી** કહેવાય.''

બસ, એ જ રીતે,

મૂળભૂત શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં મંદિરોની પ્રતિષ્ઠા અને ત્યાગી સંતોને દીક્ષા આપવાની સત્તા ભગવાન શ્રી સ્વામિનારાયણે **ધર્મવંશી આચાર્યશ્રીને જ** આપી છે. તેની સત્તાનું **ઉલ્લંઘન** કરીને જો કોઈ સાધુ ત્યાગી સંતને **દીક્ષા** આપે કે મંદિરની **પ્રતિષ્ઠા** કરે તો તે સાધુએ ધર્મવંશી આચાર્યશ્રીનો **દ્રોહ** કર્યો કહેવાય, એટલું જ નહિ પણ સ્વયં ભગવાન શ્રીહરિના વચન અને **આજ્ઞાનો લોપ** એ **ભગવાન શ્રીહરિનો** જ **દ્રોહ** છે.

તે દ્રોહનું ફળ વર્ણવતા સ.ગુ. શ્રી **ગુણાતીતાનંદ સ્વામી** પોતાની વાતોમાં કહે છે :

''સંવત ૧૯૧૯ના આસો માસમાં સાંખડાવદરને પાદર વાત કરી : જે ''લોક, ભોગ, દેહ ને પક્ષ એ ચાર તો જીવનું ભૂંડું કરે'' ને મહારાજ, **આચાર્ય,** સાધુ ને સત્સંગી એ ચારનો તો ગુણ જ લેવો એ તર્યાનો ઉપાય છે. **ને જો દ્રોહ કરે તો જીવનો નાશ થઈ જાય છે.**''

(શ્રી ગુણાતીતાનંદ સ્વામીની વાતો : ૫/૧૦૬)

ભગવાન શ્રી સ્વામિનારાયણે **સ્વયં** આચાર્યશ્રીઓની **નિમણૂંક** કરી છે. સંપ્રદાયના વ્યવસ્થા અને વહિવટ અંગે દેશના **બે વિભાગ** કર્યા છે, તે **'દેશ-વિભાગનો લેખ'** તરીકે પ્રસિદ્ધ છે. તે લેખ સં. ૧૮૮૩ (ઈ.સ. ૧૮૨૬)ના માગશર સુદ - ૧૫ને રોજ **ગઢપુરમાં** દાદાખાચરના દરબારગઢમાં લખાયેલો છે. તેમાં ભગવાન શ્રી સ્વામિનારાયણ **સ્વયં** કહે છે :

''૧૬.(૧) ને શ્રીધર્મવંશના બેય ગાદીવાળા આચાર્ય વિના અન્ય મતવાળા હરકોઈ મનુષ્ય, શાસ્ત્રે તથા જોગે તથા તપે તથા વૈરાગ્યાદિક ગુણે વિશેષ હોય ને તેથી શ્રીધર્મવંશના બે ગાદીવાળા આચાર્ય ન્યૂનપણે જાણ્યામાં આવે તો પણ, સાધુ તથા બ્રહ્મચારી તથા પાળા સમસ્ત તથા સત્સંગી સમસ્તને **અમારી એમ આજ્ઞા છે જે** તમારા જીવના કલ્યાણને અર્થે **શ્રીધર્મવંશના બે ગાદીવાળા આચાર્યને સદાકાળ નિરંતર માનજ્યો** ને મન, કર્મ, વચને આજ્ઞામાં રહેજ્યો. (૨) ને તેમાં જે ફેર પાડી **અન્ય આશ્રય** કરશે ને અન્યને માનશે તેના જીવને **આ લોકમાં તથા પરલોકમાં** કોઈ કાળે **સુખ** થાશે નહિ. ને **અતિ કષ્ટને** પામશે.''

શિક્ષાપત્રીમાં સ્વયં **ભગવાન શ્રીહરિ** લિખિત શ્લોક - ૬૨નો અનુવાદકર્તા વિદ્વાન સમ્રાટ સ.ગુ. **શ્રી નિત્યાનંદ સ્વામી** લખે છે :-

'આચાર્યેણૈવ દત્તં યદ્યચ્ચ તેન પ્રતિષ્ઠિતમ્ । કૃષ્ણસ્વસ્ત્વં તત્સેવ્યં વન્દ્યમેવેતરત્તુ યત્ ॥'

અને જે **શ્રીકૃષ્ણનું સ્વરૂપ** પોતાને સેવવાને અર્થે **ધર્મવંશના જે આચાર્ય, તેમણે જ આપ્યું હોય** અથવા તે આચાર્યે જે સ્વરૂપની **પ્રતિષ્ઠા** કરી હોય **તે જ સ્વરૂપને** સેવવું અને તે વિના બીજું જે શ્રીકૃષ્ણનું સ્વરૂપ, તે તો **નમસ્કાર** કરવા યોગ્ય છે પણ **સેવવા યોગ્ય** નથી.

(શિક્ષાપત્રી : શ્લોક - ૬૨)

'મદાશ્રિતાનાં સર્વેષાં ધર્મરક્ષણહેતવે । ગુરુત્વે સ્થાપિતાભ્યાં ચ તાભ્યાં દીક્ષ્યા મુમુક્ષવઃ ॥'

અને અમારે આશ્રિત જે સર્વે સત્સંગી, તેમના **ધર્મની રક્ષા કરવાને અર્થે** એ સર્વેના **ગુરુપણાને વિષે** અમે **સ્થાપન** કર્યા એવા જે તે અયોધ્યાપ્રસાદ અને રઘુવીર, તેમણે મુમુક્ષુજનને **દીક્ષા** આપવી.

(શિક્ષાપત્રી : શ્લોક - ૧૨૮)

'અથૈતયોસ્તુ ભાર્યાભ્યામાજ્ઞયા પત્યુરાત્મનઃ । કૃષ્ણમન્ત્રોપદેશશ્ચ કર્તવ્યઃ સ્ત્રીભ્ય એવ હિ ॥'

અને હવે એ અયોધ્યાપ્રસાદ અને રઘુવીર એ બેની જે **પત્નીઓ,** તેમણે પોતપોતાના પતિની આજ્ઞાએ કરીને **સ્ત્રીઓને જ** શ્રીકૃષ્ણના મંત્રનો **ઉપદેશ** કરવો; પણ પુરુષને ન કરવો.

(શિક્ષાપત્રી : શ્લોક - ૧૩૩)

શાસ્ત્રોક્ત વાતોને કેવળ શાસ્ત્રમાં જ બાંધી રાખનારાઓ અને કદાગ્રહના ભોગ બનેલા મુમુક્ષુઓના કરકમળમાં આ **ત્રણ શ્લોકો** સાદર **સમર્પણ** થાઓ.

ભગવાન શ્રી સ્વામિનારાયણના સ્વહસ્તે લખાયેલી શિક્ષાપત્રીનાં આ ત્રણે શ્લોકોએ વૈદિક સંપ્રદાયમાં શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયને

'સંપ્રદાય' તરીકે ગૌરવશાળી સ્થાન અપાવ્યું છે. સંપ્રદાય એટલે 'संप्रदायो गुरुक्रमः' અર્થાત્ વંશવારસાગત રીતે ચાલી આવતી, **અવિશુદ્ધ ગુરુપરંપરા દ્વારા** પ્રાપ્ત થયેલો **સદુપદેશ** (જીવાત્માને **મુક્તિ હેતુ મંત્ર** અને તેના **વિસ્તૃત** જ્ઞાનનો ઉપદેશ) શિષ્ય પરંપરામાં પ્રાપ્ત થતો રહે તે જ **સંપ્રદાય.** અને આ ભગવાન શ્રીહરિકૃત માળખાની **બહાર રહેલા**નાં વર્તુળને **શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય** ન કહેવાય, પરંતુ **'વાડા'** કહેવાય. આ ત્રણે શ્લોકને મૂકીને કોઈ પોતાના પંથને કે વાડાને શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય તરીકે ઠેરાવે તો આ ત્રણે શ્લોકથી બધી જ વાતે તે **મૂળથી ખોટા** ઠરે છે.

નોકરી માટે **ઈન્ટરવ્યુ** આપવા આવેલા યુવકને મેનેજરે પૂછ્યું :

''તમે દારુ પીઓ છો ?''

''ના.''

''ચોરી કરો છો ?''

''ના.''

''ગાળો બોલો છો ?''

''ના.''

''મારામારી કરો છો ?''

''ના.''

''સિગારેટ પીઓ છો ?''

''ના.''

''તો શું તમારામાં કોઈ ખામી જ નથી ?''

''હું દરેક બાબતમાં જૂઠું જ બોલું છું !!!''

કહેવાની જરૂર નથી કે મેનેજરે પળનોય વિલંબ વિના યુવકને પોતાની કેબિનમાંથી બહાર ધકેલી દીધો હશે કે કેમ ?

જૂઠની એક જ **નબળી કડી**એ જેમ એ યુવકને **તમામ બાબતમાં ખોટો** પુરવાર કરી દીધો. તેમ આ **ત્રણે શ્લોકો** મૂળ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય વિના બીજાને **ખોટા** પુરવાર કરી આપે છે.

કોઈપણ માણસ જૂઠું બોલે તો તેના પાછળ **ત્રણ કારણ** હોય : રાગભાવ, દ્વેષભાવ અને અજ્ઞાનતા.

અહિં એક વાતની **નોંધ** લેવી જરૂરી છે કે, સાચી મુક્તિ એ એવી વસ્તુ છે કે તમને ખોટી, નકામી અને બનાવટી વાતોમાંથી મુક્ત કરી દે છે.

કાંચીડો પોતાના સમસ્ત જીવન દરમ્યાન જેટલા રંગો બદલતો હશે એના કરતા વધુ રંગો ખોટો માણસ એક દિવસમાં બદલતો હોય છે. ખોટો માણસ ધર્મી છે નહિ, એને ધર્મી બનવું પણ નથી; પરંતુ એમને ધર્મી જરૂર દેખાવું છે. ખોટો માણસ પાપી છે, જીવનભર કદાચ પાપી બન્યા રહેવું પડતું હોય તોપણ એનો એને કોઈ ઝાઝો અફસોસ નથી. પણ એને પાપી દેખાવું નથી.

'सच्चाई छीप नहि शकती, बनावट की असुलोसे; खूश्बु आती नहि हरगीज, कागज के फूलोसे.'

શિક્ષાપત્રીના આ ત્રણ શ્લોકથી વિમુખો ચોખા **ખોટા** સાબિત થાય છે. છતાં તે ખોટને છૂપાવવા માટે શાસ્ત્રમાંથી **છૂટા-છવાયા શ્લોકો**ને સંગ્રહિત

કરી એના અર્થોને અવળા અર્થ કરી પોતાનો **સિદ્ધાંત** સાબિત કરવા મથે છે. અને કોઈ કારણવશાત્ અથવા અપવાદરૂપ બનેલા પ્રસંગને આગળ ધરીને કહે છે કે, સદ્‌ગુરુઓ (સંતો) દીક્ષા-પ્રતિષ્ઠા કરી શકે.

અરે ભાઈ ! એવો ક્યારેક **અપવાદરૂપ** પ્રસંગ બન્યો હોય તો તે કાંઈ **સિદ્ધાંત** ન બની જાય. ક્યારેક કોઈક દૂધ પીને મરી ગયો અને ઝેર ખાઈને જીવી ગયો છે, તેથી તે પ્રમાણે સર્વત્ર માન્યતા **અમલીકરણ** ન કરી શકાય. અમલમાં તો જે **સિદ્ધાંતોનો રાજમાર્ગ** હોય તેને જ નજરમાં લેવો પડે. કોઈપણ સંપ્રદાયને એક સૂત્રધાર સંયુક્ત બનાવવા માટેનો કોઈ સિદ્ધાંતનો રાજમાર્ગ તો આદર્શરૂપે માનવો જ પડે. અપવાદ જોવા મળે એટલે કાંઈ રાજમાર્ગને વખોડી શકાય નહિ.

લાખો મુમુક્ષુઓ ભગવાન શ્રી સ્વામિનારાયણના સિદ્ધાંતોનું પાલન કરીને જ જ્યારે આત્યંતિક કલ્યાણને પામ્યા હોય ત્યારે દર અબજે એકાદ ભાલપ્રદેશની મુસ્લિમ બીબડી જેવા કોઈક મુમુક્ષુ ભગવાન શ્રી સ્વામિનારાયણના સિદ્ધાંતોના અનુસરણ વિના (ન કે સિદ્ધાંતો તોડીને) આત્યંતિક કલ્યાણને પામી જાય, તેથી તેનું **દૃષ્ટાંત** ન લેવાય. ડાયવર્ઝન માર્ગ તો માત્ર પુલનું કે રસ્તાનું કામ ચાલતું હોય ત્યાં સુધીનો જ હોય છે. માટે હંમેશા રાજમાર્ગ જ અપનાવવાનો હોય છે, એ જિંદગીમાં ક્યારેય ન ભૂલો.

બીજી એક વાત સમજી લો કે, બધા જ પ્રપંચોમાં **ઘેલછા** જ પ્રચ્છન્નપણે (છૂપી રીતે) કામ કરી રહી છે.

એકવાત નક્કી છે કે, કેટલાક સંતો ઘણી ઊંચી આધ્યાત્મિક દશાને પામેલા હોય તો તેમને **શ્રેષ્ઠ સંત** જરૂર કહી શકાય અથવા તેમને 'મહાન' કહી શકાય, પરંતુ જો આત્માના ગુણોથી તે ઉભરાયેલા હોય તો તેને **'બ્રહ્મનિષ્ઠ'** પણ કહી શકાય. પરંતુ તે સંતને 'પ્રગટ બ્રહ્મસ્વરૂપ' તો ન જ કહેવાય. એવા બ્રહ્મનિષ્ઠ સંતને કોઈ તેમનો ભક્ત 'પ્રગટ બ્રહ્મસ્વરૂપ' કહે તો ય તે વાતને સ્વીકારવાની સદંતર ના જ પાડે. ને સામેથી કહે કે, મારામાં એવી મોટી વિશેષતા ક્યારેય આવી જ ન શકે. તમે મને **'પ્રગટ બ્રહ્મસ્વરૂપ'** ન કહો. કેટલીક વાર ભક્તો એવા ઘેલા બને છે કે, પોતાના ગુરુને **'પ્રગટ બ્રહ્મસ્વરૂપ'** કહીને સંબોધે છે, આ બરોબર ન કહેવાય. શાસ્ત્રો પણ આવા **બિરુદો** આપવાને **પ્રમાણિત** (માન્ય) કરતા નથી.

વચનામૃતમાં સ્વયં ભગવાન શ્રી સ્વામિનારાયણ કહે છે :-

જેવી પરોક્ષદેવને વિષે જીવને પ્રતીતિ છે તેવી જો **પ્રત્યક્ષ ગુરુરૂપ હરિને વિષે** આવે તો જેટલા અર્થ પ્રાપ્ત થવાના કહ્યા છે તેટલા **સર્વે અર્થ** તેને **પ્રાપ્ત** થાય છે. (વચ.ગ.અં.પ્ર.૨)

અહીં ભગવાન શ્રીહરિએ 'પ્રત્યક્ષ ગુરુરૂપ હરિ' શબ્દોથી તત્કાલીન હરિભક્તોને સંબોધીને એમની સામેના 'પ્રત્યક્ષ' એ ભક્તજનોએ **'ગુરુરૂપે માનેલા'** મનુષ્યાકૃતિ-ઉપદેષ્ટા **ભગવાન શ્રીહરિ**ને વિષે; શાસ્ત્રોમાં જ્યાં પણ પરોક્ષપણે મહિમા કહેલ છે તે આ ભગવાનનો જ છે ? એવી પ્રતીતિ લાવવી એવા **અભિપ્રાય**થી વાત કરી છે. આજે આ વાતને અલગ રીતે ઘટાડી રહ્યા છે. પોતાના ગુરુને જ **'પ્રત્યક્ષ ગુરુરૂપ હરિ'** માને એ કેટલું અઘટિત કહેવાય. સામાન્ય રીતે પણ **'પ્રત્યક્ષ ગુરુરૂપ હરિ'**નો અર્થ :- પ્રત્યક્ષ ગુરુરૂપે રહેલા **સ્વયં હરિ** એવો થાય છે. પણ પ્રત્યક્ષ ગુરુ એ **'હરિ'** છે એવો થતો નથી.

'ગુરુ'નો અર્થ સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામી **'કલ્યાણ નિર્ણય'**માં આ પ્રમાણે કરે છે:-

'શ્રીહરિ કહે ધર્મ સાંભળો, ગુરુ ન હોય ઘેર ઘેર; ગુરુ તો એક ગોવિન્દ છે, બીજી માયા બની બહુ પેર.'

(કલ્યાણનિર્ણય : ૧૦/૧)

'સાચા હરિ ગુરુ કહિયે, જેથી પરમપદ લહિયે રે; કૈવલ્ય પ્રાપ્તિના દાતા, નથી બીજાને કહેવાતા રે. ॥૨૫॥'

(કલ્યાણનિર્ણય : ૧૮/૨૫)

સંપ્રદાયના મંદિરોમાં સંધ્યા આરતી પછી ગવાતા વિદ્વાન દિનાનાથ ભટ્ટ દ્વારા રચિત **અષ્ટક**માં પણ કહે છે :

'भवसंभवभीतिभेदनं सुखसंपत्करुणानिकेतनं । व्रतदानतपःक्रियाफलं सहजानंदगुरुं भजे सदा ।।'

સંસારથી થતા ભયને નાશ કરનારા, સુખ - સંપત્તિ અને દયાના ભંડાર, વ્રત-દાન અને તપની ક્રિયાના ફળરૂપ એવા **સહજાનંદગુરુ**ને હું હમેશા ભજું છું.

'नमः श्रीसहजानन्दस्वामिने गुरुमूर्तये । नारायणमुने ! तुभ्यं नानासद्गुणशालिने ॥'

હે નારાયણ મુનિ! **સદ્‌ગુરુરૂપ,** નાના પ્રકારના શ્રેષ્ઠ ગુણોથી શોભાયમાન **શ્રી સહજાનંદ સ્વામી** તમોને અમો નમસ્કાર કરીએ છીએ.

(શ્રી સત્સંગિજીવન : ૨/૧/૬)

'कारुण्यपूर्णमखिलाश्रितजीवजाततापत्रयोपशमनप्रथितप्रतापम् । आनन्दमूर्तिममलं सुखकारिशीलं नारायणं गुरुवरं प्रणमाम्यहं त्वाम् ॥'

મયારામ બોલ્યા : હે કરુણાથી પરિપૂર્ણ ! આશ્રિત જીવોના ઉત્પન્ન થયેલા આધ્યાત્મિક, અધિભૂત અને અધિદૈવ આ ત્રણ તાપોને શમાવનાર, પ્રસિદ્ધ પ્રતાપવાળા, સદા આનંદસ્વરૂપ, શુદ્ધ, પોતાના ભક્તોને સુખ આપવાના સ્વભાવવાળા **શ્રેષ્ઠ ગુરુ** નારાયણ મુનિ! તમોને હું **પ્રણામ** કરું છું.

(શ્રી સત્સંગિજીવન : ૨/૧૦/૧)

'नारायणावतारोऽत्र हरिरस्ति गुर्सहं नः । सहस्रशो जनैस्तस्य मया चैश्वर्यमीक्षितम् ॥'

આ કળિયુગમાં **અમારા ગુરુ** હરિ, નારાયણના અવતાર-પ્રત્યક્ષ નારાયણનો પ્રાદુર્ભાવ છે. તેમનું ઐશ્વર્ય-પરમેશ્વરપણાને અસાધારણ જણાવનાર પ્રભાવ હજારોહજાર માણસો અને મેં પણ પ્રત્યક્ષ જોયેલ છે. (શ્રી સત્સંગિજીવન : ૪/૩૪/૨૪)

'त्वय्येव सद्गुरुमदं जगतीह सार्थं वर्वर्ति धर्मपथि वर्तयति स्वशिष्यान् । धर्मं स्वयं दृढमनुष्ठितवत्यशेषं नित्यं० ॥८८॥'

આ લોકમાં સમગ્ર ધર્મ દૃઢ જેમ હોય, તેમ પોતે અનુષ્ઠાન કરતા થકા, ધર્મમાર્ગમાં પોતાના શિષ્યોને વર્તાવનારા તમારે વિષે જ **સદ્‌ગુરુપદ** અતિશય **સાર્થક** વર્તે છે.

(શ્રી સત્સંગિજીવન : ૫/૫૪/૮૮ થી ૯૦)

'ऋतेऽप्यभ्यासाद्यः सकलमपि योगं निजदृशा । वितन्वन्स्वेच्छातः स जयति हरिः सद्गुरुवरः ।।'

મોટા મોટા રાજાઓથી, અને ધનાઢ્ય પુરુષોથી પણ ન બની શકે તેવા વિષ્ણુયાગ વગેરે મોટા યજ્ઞ અને જન્માષ્ટમી આદિક મોટા મોટા ભગવાન સંબંધી અનેક ઉત્સવો કરનાર, અને અષ્ટાંગયોગનો અભ્યાસ કર્યા સિવાયના મનુષ્યોને પણ પોતાની ઈચ્છા માત્રથી સમગ્ર યમ-નિયમાદિક અષ્ટાંગયોગને પોતાની દૃષ્ટિથી આપનાર, એવા **સકળ સદ્‌ગુરુવર્ય** તે **શ્રીહરિ** જયકારી વર્તે છે.

(શ્રીહરિદિગ્વિજય : ૧/૧૨)

'आदौ नारायणः साक्षात् विधेर्गुरुरुदाहृतः । स एव त्राकृतिः कृष्णः उद्धवार्जुनयोर्गुरुः ।।'

સાક્ષાત્ શ્રી નારાયણ ભગવાન બ્રહ્માને ઉપદેશ કરનાર **આદિગુરુ** કહેલા છે. તે જ સાક્ષાત્ મનુષ્યાકૃતિ ધારનાર **સ્વયં શ્રીકૃષ્ણ** ઉદ્ધવ અને અર્જુનના **ગુરુ** કહેલા છે.૨૨

(શ્રીહરિદિગ્વિજય : ૯/૯૮)

'स्मृत्वा चराचरगुरुं पुरुषं पुराणं नारायणं तमरणं मनसा जगाम ।।'

સ્થાવર અને જંગમના ગુરુ તે પુરાણ પુરુષ **નારાયણ** છે એમ મનમાં જાણીને તેમને (ભગવાનને) શરણે ગયો.

(શ્રીમદ્ ભાગવત : ૧૦/૧૬/૩૦)

'मनसो निग्रहस्तत्र ज्ञानिनामपि सद्गुरो । दुष्करः किं पुनस्तर्हि नृणां कर्मात्मनां भुवि ।।'

હે **સત્પુરુષોના ગુરુ** એવા (પુરુષોત્તમ) ભગવાન ! તે ક્રિયા યોગને વિષે મનનો નિગ્રહ કરવો તે તો જ્ઞાનિને પણ દુષ્કર છે ત્યારે તો પૃથ્વીને વિષે કર્માત્મક એવા મનુષ્યોને દુષ્કર હોય એમાં શું કહેવું ?

(શ્રી સ્કંદમહાપુરાણ, દ્વિતીય વિષ્ણુખંડ શ્રી વાસુદેવ માહાત્મ્ય : ૩૦/૩)

'सुरनरयुतमण्डमीरामायावृतमिदमावरणैः समेतमस्ति । अत इह नहि कोऽपि मोक्षदाता प्रकट हरिं गुरुमन्तरा सदैव ।।'

પૃથ્વી આદિક અષ્ટાવરણ પામેલી આ સમગ્ર દેવ-મનુષ્યાદિક સૃષ્ટિથી ભરેલું સમગ્ર બ્રહ્માંડ પુરુષોત્તમ ભગવાનની માયાથી આવરણ પામીને બંધાયેલું છે. માટે આ જગતમાં પ્રગટ શ્રીહરિ રૂપ **ગુરુ** વિના (બીજો) કોઈ પણ આત્યંતિક કલ્યાણ કરવા સમર્થ નથી.

(વિભૂતિ નારાયણ ઉપનિષદ, ત્રિપાદ : ૮/૬)

'गुरुः साक्षादादिनारायणः पुरुषः । स आदि नारायणोऽहमेव । तस्मान्मामेकं शरणं व्रज ।
मद्भक्तिनिष्ठो भव । मदीयोपासनां कुरु । मामेव प्राप्स्यसि । मद्व्यतिरिक्तं सर्वं बाधितम् ।'

હવે સર્વેથી ઉત્તમ ગુરુ કોણ તે કહે છે : સાક્ષાત્ આદિનારાયણ પુરુષ પોતે જ સર્વેથી **ઉત્તમ ગુરુ** છે. તે આદિનારાયણ હું છું. તમે સર્વે એક મારે જ શરણે આવો અને મારી જ ભક્તિમાં દૃઢ ઉપાસના કરજો, એટલે તમે સર્વે મને જ પામશો. અને મારા સિવાય બીજું સર્વે મિથ્યા છે.

(વિભૂતિ નારાયણ ઉપનિષદ, ત્રિપાદ : ૮)

'सर्वात्मना यः शरणं शरण्यं नारायणं लोकगुरुं प्रपन्नः' - સમસ્ત પ્રજાઓના શરણાગત વત્સલ **ગુરુ** નારાયણ જ છે. (શ્રીમદ્ ભાગવત : ૧૧/૫/૪૧)

'ममाप्यखिललोकानां गुरुर्नारायणो गुरुः' - સમસ્ત લોકના ગુરુ **નારાયણ** છે. (વિષ્ણુ પુરાણ : ૫/૧/૧૪)

'चराचरगुरुं हरिम्' - ચૈતન્ય અને અચૈતન્યના ગુરુ હરિ છે. (સહસ્રનામાધ્યાયે)

'पिताऽसि लोकस्य चराचरस्य त्वमस्य पूज्यश्च गुरु...' - ચરાચર લોકના તમે પિતા છો પૂજ્ય અને ગુરુ પણ તમે જ છો. (ભગવત્ ગીતા : ૧૧/૧૩)

'तमिमं सर्वसम्पन्नमाचार्यं पितरं गुरुम्' - સર્વ શક્તિ સંપન્ન આચાર્ય પિતા અને ગુરુ તમે છો. (મહાભારત, સભા : ૪૧/૩)

વર્તમાનકાળે એવી સ્થિતિનું નિર્માણ થયું છે કે, વર્તમાન ગુરુનો મહિમા વધારવા માટે ભૂતપૂર્વ ગુરુને આગળ કરવામાં આવે છે. ઘણીવાર એવું પણ બને છે કે કોઈ મોટા સંતનો મહિમા ગૌણ પાડી, એને નાના ચિત્રી પોતાના ગુરુઓનો મહિમા મોટો બતાવવામાં આવે છે. કેટલાક લોકો આ ક્ષેત્રોના માહેર હોય છે. પરંતુ આ પદ્ધતિ પાયામાંથી જ સાચી નથી હોતી તેને કદાગ્રહપૂર્વક વળગી રહ્યા હોય છે.

વિમુખો આજે આજ પદ્ધતિને અપનાવી રહ્યા છે. ગુણાતીતાનંદ સ્વામીનો મહિમા વધારવા ગોપાળાનંદ સ્વામીને ગૌણ બતાવી રહ્યા છે. આ શું અજ્ઞાન ન કહેવાય ? અજ્ઞાન એટલે છતી આંખે અંધાપો. વિમુખોનું જન્મસ્થાન જ આ અંધાપો છે.

સ.ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામીના જીવનવૃત્તાંતમાં કહ્યું છે :

શ્રીજીએ સંવત ૧૮૮૩ના વર્ષમાં મૂળ અક્ષરમૂર્તિ સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીને જુનાગઢની મહાંતાઈ આપવા માંડી ને હાર પહેરવા કહ્યું ત્યારે

તે બોલ્યા જે ''જો ગોપાળાનંદ સ્વામી વરસોવરસ એક મહિનો જુનાગઢ રહેવાનું કબુલે તો હું જુનાગઢની મહાંતાઈનો હાર પહેરું'' પછી સ્વામીશ્રીએ હા કહી ત્યારે ગુણાતીતાનંદસ્વામીએ હાર પહેર્યો. ત્યારથી સ્વામીશ્રી દર વર્ષે એક માસ જુનાગઢમાં પોતાના મંડળે સહિત રહેતા ને કોઈ વર્ષે ન જઈ શકાયું હોય તો બીજે વર્ષે બે માસ રહેતા.

(શ્રી ગોપાળાનંદ સ્વામીની વાતો : જીવન ચરિત્ર, પેજ નં. ૨૨, સરધાર પ્રકાશન)

શ્રી અક્ષરાનંદ સ્વામીની વાતોમાં પણ **૬૧૮મી વાત**માં કહે છે :

એક સમે **ગઢપુર**માં શ્રીજીમહારાજ સભા કરીને વિરાજમાન હતા. પછી હાથમાં હાર લઈને મહારાજ બોલ્યા જે, ''લ્યો, **ગુણાતીતાનંદસ્વામી !** આ હાર તમે પહેરો અને આજથી તમે જુનાગઢના મહંત.'' સ્વામી કહે, 'ના, મહારાજ ! હું મહંતાઈનો હાર નહીં પહેરું.' પછી મહારાજે બહુ આગ્રહ કર્યો ત્યારે ગુણાતીતાનંદ સ્વામી બોલ્યા જે, **'આ ગોપાળાનંદસ્વામી વરસદહાડામાં એક મહિનો મને વાતો સંભળાવા સારુ આવે તો હાર પહેરું.'** પછી મહારાજે ગોપાળાનંદસ્વામીને પૂછ્યું જે, ''કેમ સ્વામી ? પ્રતિ વરસે **એક મહિનો** જુનાગઢ ગુણાતીતાનંદસ્વામીને વાતુ કરવા જશો ?'' પછી સ્વામી કહે કે, 'હા, મહારાજ જેમ તમારી આજ્ઞા હશે તેમ કરીશ.' પછી સ્વામી પૃથ્વી ઉપર રહ્યા ત્યાં સુધી પ્રતિવરસે એક મહિનો જુનાગઢ ગુણાતીતાનંદસ્વામીને વાતો સંભળાવવા જતા અને જે વરસ ન જવાણું હોય તો બીજે વરસ **બે મહિના** જઈને રહેતા એમ સ્વામીનો દેહ રહ્યો ત્યાં સુધી **પોતે વરસો વરસ જુનાગઢ ગુણાતીતાનંદસ્વામીને દર્શન દેવા સારૂ** જતા હતા.

આ સાચી વાતને ઉલટાવીને વિમુખો, તેમની સંસ્થા દ્વારા પ્રકાશિત 'સ્વામિનારાયણ મહામંત્ર - અર્થ અને મહિમા' નામના પુસ્તકના પેજ નં. ૬૬માં તેમજ અન્ય પુસ્તકોમાં લખે છે કે, ''ગોપાળાનંદ સ્વામી જૂનાગઢના જોગી અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીને શ્રીજીમહારાજના પરમરહસ્ય જાણનાર તરીકે સ્વીકારતા અને સમાગમ કરવા પણ જતા.'' વિમુખો ઠેર ઠેર પોતાના પુસ્તકોમાં સ્વાર્થને અનુકૂળ ખ્યાતનામ વિદ્વાનોનું કે સંતોની વાતોનું પ્રમાણ લે છે, પરંતુ આ વાતમાં પોતાનો **સ્વાર્થ ભંગ** થતો જણાયો એટલે વાતને સાવ પલટાવી જ નાખી. આથી બીજો ક્યો મોટો દંભ હોઈ શકે ?

દંભ એટલે જે આંતરિક જુદું વિચારે છે અને બાહ્ય રીતે જુદું જ દર્શાવે છે. તેઓનું આંતર-બાહ્ય એકબીજા સાથે મેળ ધરાવતું હોતું નથી. બીજા શબ્દોમાં કહીએ તો તેઓના **બે ચહેરાઓ** હોય છે. એક સાચો ચહેરો જેને છૂપાવી રાખે છે અને બીજો ખોટો ચહેરો છે તે બીજાઓને બતાવી રહ્યા છે.

'અતિ દંભી અતિ વિમુખ હોઈ, સત્સંગકી દેશી લાવે સોઈ । સત્સંગકી સિખીકે બાતા, વિમુખ જનકું ધૂતત રહાતા ॥૧૧॥
સત્સંગ તજીકે સત્સંગ સંગા, દ્રોહ કરત જેહિ હોઈ ઉમંગા । કૃતઘ્નિ તેહુ, ચંડાલસેં ચંડાલ અતિ એહુ ॥૧૨॥'

અતિ દંભી હોય તે વિમુખ થઈને પોતે સત્સંગની દેશી કાઢે છે. અને સર્વે વાતના ગુણ આ સત્સંગમાંથી શીખીને પછી બીજાની આગળ વાત કરે છે. અને વિમુખ પોતાના જેવા જ અજ્ઞાની હરિભક્તો હોય તેને પછી સારી પેઠે ધૂતે છે અને શ્રીહરિના મૂળ સત્સંગનો ત્યાગ કરીને પછી મૂળ સત્સંગનો દ્રોહ કર્યા જ કરે છે. તેમાં જ વિમુખ આનંદ માને છે. એવા કૃતઘ્નીથી પણ કૃતઘ્ની (અતિપાપી) છે. અને તે સર્વે ચંડાલથી પણ અતિ ચંડાલ છે.

(શ્રીહરિચરિત્રામૃતસાગર : પુર-૯, તરંગ-૪૪)

સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામી કહે છે :-

'એવા સાધુ થઈ સંસારમાં, પૂજાય છે પાપી મળી; પ્રભુની બાંધી મરજાદને, ત્રોડવા છે તૈયાર વળી. ॥૬॥
ગદ્ધા ઘોળા ઘોળ્યા પરા, સારી લાગે શ્યામળી ગાય; નિષ્કુળાનંદ ગાય પૂજીએ, પણ ખર ખરા ન પૂજાય. ॥૮॥'

(વચનવિધિ: ૨૭)

'સત્સંગકી બાત સીખ કૈતા, કરત રહે ઉત્પાત હી તેતા । સાચે સંત રહેઉ જુતને, તોફાન મેં ન મિલત હી તિતને ॥
આગે કહા ગતિ હોવત મેરી, તોફાની ન માનત તેરી । તોફાની કે સત્સંગ ન રહાતે, મરી કે જમપુરીમેં જાતે ॥'

સત્સંગમાંથી વાત શીખીને બીજાની પાસે અવળા અર્થ કરીને વાત કરે છે તેથી બીજાને અતિ ઉત્પાત કરાવે છે. અને જે વિવેકી સાચે સાચા દૃઢ હરિભક્તો છે તે તો પાપીના તોફાનમાં જરા પણ ભળતા નથી. એ તોફાનીની આગળ શી ગતિ થશે ? તે તો સર્વે મરીને જમપુરીમાં જશે.

(શ્રીહરિચરિત્રામૃતસાગર : પુર-૨૭, તરંગ-૯૮)

અને આચાર્ય પણ ધર્મની રીતને લોપતા નથી એવી અલૌકિક આ **સત્સંગની સભા** છે. અને જે ખુણાની સભાવાળા છે તે સર્વે અતિ **ઉત્પાત** કરાવે છે. અને વળી જે જ્ઞાનની વાતો છાની છાની કરે છે એવા પુરુષો ધર્મમાં ફાવે તેવી રીતે વર્તતા હોય તો પણ એ મૂળ સત્સંગમાં અતિ **કુસંગ** રૂપે છે.

(શ્રીહરિચરિત્રામૃતસાગર : પુર-૨૭, તરંગ-૯૮)

ઈન્ડોનેશિયા જેવો દેશ કહે છે કે, ધર્મના વિચાર કરવામાં અમે **'કુરાન'**ને **અગ્રેસર** કરીએ છીએ.

આમીષ લોકો માટે **'પવિત્ર બાઈબલ'** એ આખરી શબ્દ છે.

આ મુસ્લિમો ક્યાં અને આજના વિમુખો ક્યાં ?

'પૂછડેથી પકડે તો બાંડું અને શિંગડેથી પકડે તો ખાંડું' આ કહેવતને આ લોકોએ આમૂલચુલ સાર્થક કરી બતાવી.

સ.ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામીની વાતોમાં આજ પર્યંત કોઈજ વધારો ઘટાડો થયો નથી તે વિવેકથી જરા વિચારી જુઓ અને ગુણાતીતાનંદ સ્વામીની વાતો જુઓ. પ્રથમથી જ ચર્ચાસ્પદ રહી છે, ઘણા વધારા-ઘટાડા કર્યા છે. ગુણાતીતાનંદ સ્વામીની વાતો **'પાંચ પ્રકરણ'** કે **'એકવીસ પ્રકરણ'**ની વાતો કહેવાય છે તેમાં પણ શુદ્ધ-અશુદ્ધ બે પ્રકારની વાતો છે.

આ લખવાનો ઈરાદો કાંઈ સ.ગુ. શ્રી ગુણાતીતાનંદ સ્વામીની મોટપને ઓછી આંકવાનો નથી. જો...જો... રખેને એવું કોઈ વિચારતા નહિ. અમારે સ.ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામી પ્રત્યે પક્ષપાત નથી અને સ.ગુ. શ્રી ગુણાતીતાનંદ સ્વામી સાથે દ્વેષ પણ નથી. અમારી વાત એટલી જ છે કે, સ.ગુ. ગુણાતીતાનંદ સ્વામીના નામે ઊભી કરેલી અને વિકૃત કરેલી **દંતકથાઓ** ખોટી છે. અને ગુણાતીતાનંદ સ્વામીના જીવનને જોતાં એ **સ્પષ્ટ** થાય છે કે, ઉપરોક્ત **કહેવાતી વાતો** તેમના જીવન કે તેમણે અપનાવેલા સિદ્ધાંતોથી **તદ્દન જુદી** છે.

ભાર-તોલવાના કાંટાને જ વજન બોલવા દો, તે જે કહે તે **પ્રમાણ.** આપણે વચ્ચે **વિક્ષેપ** કરવાની જરૂર નથી.

મોહાંધ માણસો કાગડાથીય ભૂંડા છે. કેમ કે કાગડો તો જ્યાં ખરેખર વિષ્ટા પડેલી છે ત્યાં જ ચાંચ મારે છે. વિમુખો તો દોષરૂપી વિષ્ટા ન હોય ત્યાંય દોષનું ઉદ્‌ભાવન કરીને ચાંચ મારે છે. વળી, તેમને પોતાના દોષો તો દેખાતા જ નથી.

'નથી સૂઝતું સાર અસાર રે, તેણે કરી ખાય જમ માર રે; સાચી વાત સાંભળે છે કાને રે, તોય ચડ્યો છે ખોટાને તાને રે.'

(કલ્યાણનિર્ણય : ૧૧/૨૦)

સ.ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામીના જીવનવૃત્તાંતમાં કહ્યું છે :

''...શ્રીજીનાં વચનામૃતોનાં રહસ્યો જે મોટા મોટા સદ્‌ગુરુઓને પણ ન સમજાયેલાં તે પોતે પોતામાં અખંડ રહેલા શ્રીજીને પુછી પુછીને સર્વને સ્પષ્ટ સમજાવ્યાં. એમ તેમની આ વાતોમાં રહેલાં તેમનાં વચનો ઉપરથી સ્પષ્ટ જણાય છે...''

(શ્રી ગોપાળાનંદ સ્વામીની વાતો : જીવન ચરિત્ર, પેજ નં. ૨૧, સરધાર પ્રકાશન)

''...સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી અને સદ્‌ગુરુ શુકાનંદ સ્વામી જેવા કે જે વચનામૃતના આચાર્ય કહેવાય તેઓ પણ કહેતા કે ''અમે શ્રીજી પાસેથી **વચનામૃતો** સાંભળ્યા ને લખ્યાં પણ અમને પુરાં સમજાયાં નહોતાં તે **ગોપાળાનંદ સ્વામીના સમાગમથી** બરોબર સમજાયાં ને હવે તેનો નવો ને નવોજ **સ્વાદ** આવે છે ને હૈયામાં શાંતિ તથા સુખ વર્તે છે.'' અને એથીજ ગુણાતીતાનંદ સ્વામી ઘણીવાર કહેતા કે ''જે અમને **ગોપાળાનંદ સ્વામી કરતાં અધિક** કહેશે તેને વિષે **અસુર** પ્રવેશ કરશે'' તે યથાર્થ છે, જેમ હીરે કરીનેજ હીરો વેંધાય તેમ તેવા હોય તેજ તેવાનો મહિમા જાણે...''

(શ્રી ગોપાળાનંદ સ્વામીની વાતો : જીવન ચરિત્ર, પેજ નં. ૨૩, સરધાર પ્રકાશન)

આ વાતને પણ પોતાના તરફ ઘસડી જતાં 'સ્વામિનારાયણ મહામંત્ર - અર્થ અને મહિમા' નામના પુસ્તકમાં **પેજ નં. ૬૫ ઉપર** વિમુખો લખે છે :-

વચનામૃત-સંપાદક પરમહંસોના એક શુકાનંદ સ્વામી જેવાએ પણ અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી પાસેથી રહસ્ય જાણ્યાની નોંધ છે. આષાઢી સંવત ૧૯૧૧માં વરતાલમાં આચાર્ય મહારાજના મેડે ગુણાતીતાનંદ સ્વામીએ વચનામૃત મધ્યના નવમા પર સ્વરૂપનિષ્ઠાની અદ્‌ભુત વાતો કરી તે સાંભળીને **શુકમુનિ** બોલ્યા કે 'સ્વામી! આ વચનામૃત મહારાજે મને ઉદ્દેશીને જ કહ્યું હતું અને આ વચનામૃત શોધવામાં કોઈ સદ્‌ગુરુનો ભાગ નથી પરંતુ યથાર્થ તો આજે જ મને સમજાયું. આ મેડાનાં પગથિયાં ચઢ્યો ત્યાં સુધી નહોતું સમજાયું.'

જો આનો અર્થ વિમુખો કહે છે તેમ કરીએ તો એનો અર્થ એમ થયો કે, વિમુખો સ.ગુ. ગુણાતીતાનંદ સ્વામીને ભગવાન શ્રીહરિ કરતા વધારે મહાન, બુદ્ધિમાન અને સામર્થ્યવાન ગણે છે કે 'જે કાર્ય ભગવાન શ્રીહરિ ન કરી શક્યા અથવા ન સમજાવી શક્યા તે ગુણાતીતાનંદ સ્વામીએ અને તેમના પછી આ વિમુખોએ કરી બતાવ્યું અને સમજાવી બતાવ્યું.' તમે આને શું સર્વોપરી નિષ્ઠા કહેશો?

વળી આદિઆચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ વિરચિત વિશ્વસનીય 'શ્રીહરિલીલાકલ્પતરુ' જેવા મહાન સત્શાસ્ત્રોમાં પણ ગમે તે પ્રકારે વ્યાખ્યા કર્તા દ્વારા ક્ષેપક શ્લોકો ઉમેરવાની યુક્તિ તો વિમુખોને જ આવડે, આજ દિવસ સુધી એમની આ કળા સ.ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામી જેવા સંતને, જેમને શ્રીજીમહારાજથી લઈને ઘણાક સંપ્રદાયવિદ્ બ્રહ્મનિષ્ઠ સંતો ભક્તોએ **શ્રીહરિના સદાય નિવાસસ્થાન સ્વરૂપે** શ્રીજીમહારાજના **પરમ સેવક** તરીકે બિરદાવ્યા છે તેમના સ્થાને તેવી રીતે અપ્રશસ્ત અન્યને બેસારી દેવામાં ખૂબ જ કામ આવતી હતી અને ઠેકઠેકાણે **મૂળ અક્ષર** તરીકે **મૂળજી શર્મા**ને જ ઓળખાવવા માટે આ શ્રીહરિલીલાકલ્પતરુના **નિર્દોષ** સપ્તમ સ્કંધના ૧૭મા અધ્યાયમાં (જેમાં આદિઆચાર્ય શ્રી **રઘુવીરજી મહારાજ** વિરચિત અને તેમની જ આજ્ઞાથી **પરમસુખદાસ સ્વામી** દ્વારા તત્કાલીન સમયમાં જ લખાયેલ **હસ્તલિખિત પ્રત**માં કુલ ૪૯ શ્લોક છે. તેમાં આઠ શ્લોક હાલના પુસ્તકમાં **શ્લોક નંબર ૪૭ થી ૫૪** સુધીના **ક્ષેપક** શ્લોકો ઉમેરીને જે **મૂળ અક્ષર** નથી તેમને પણ તેવી સ્થિતિમાં મૂકવાનો અને શ્રીજીમહારાજે **સ્વમુખે** ક્યારેય ન કર્યા હોય તેવા **વ્યર્થ વખાણ** કરાવવાનો સહેતુક છળકપટભર્યો **પ્રયત્ન** કરેલ છે માટે) **સદોષ નિરૂપણ** કરાવીને કેટલાય જનોને સત્યના જ્ઞાનમાર્ગથી વિચલિત કરાવવાનું ખોટું પ્રમાણ વાપરવામાં ખૂબ જ **ફાવટ** વાપરી છે. પરંતુ આજે ભગવાન શ્રી સ્વામિનારાયણની જ ઈચ્છા કે કૃપા કહો તેનાથી જ વડતાલ પીઠાધિપતિ પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી વિદ્યમાન આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના પુરાતન પુસ્તકોના સંગ્રહસ્થાનમાંથી મળી આવેલ એ હસ્તલિખિત પ્રસાદીરૂપ પ્રતના **મૂળ શ્લોકોના શબ્દો જ** એ **ક્ષેપક શ્લોકો**ને પોતાના મૂળ ગ્રંથ સ્વરૂપમાંથી **હકાલપટ્ટી** કરે છે. જેથી હવેથી કોઈપણ સ્વૈચ્છિક સંસ્થાવાળા એ શબ્દોનો **ઉપયોગ** કરી શકશે નહિ; અને તેમ છતાં પ્રયોગ કરવો જ હોય તો ભલે શ્રીજીમહારાજ અને તેમના અતિપ્રિય આદિઆચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ તથા સ.ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામીના નામ ઉપર ચોકડી મૂકીને અર્થાત્ તેમનો **અતિ દ્રોહ** કરીને ભલે કર્યા કરે. પણ એ વાત (શ્રી ગુણાતીતાનંદ સ્વામીને જ **'મૂળ અક્ષર'** રૂપે કહેવા તે) **પ્રમાણરૂપ** નથી નથી ને નથી જ...

જુઓ આ રહ્યા એ આદિઆચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ સમકાલીન અને તેમની જ આજ્ઞાથી **'શ્રીહરિલીલાકલ્પતરુ'** ગ્રંથનું લેખનકાર્ય કરનાર

લેખક : સ્વામી શ્રી પરમસુખદાસજીના હસ્તે લખાયેલ શ્રીહરિલીલાકલ્પતરુ ગ્રંથના ૧૭મા અધ્યાયના શ્લોક નંબર ૩૯ થી ૪૯ સુધીના પ્રાસાદિક શબ્દો અને આ શબ્દોને-શ્લોકોને સરખાવી જુઓ. હાલના સમયે વિ.સં. ૨૦૨૧ની પ્રતમાં વિમુખ સંસ્થાકીય જનોના આર્થિક સૌજન્યના સહકાર માટે લંબાવેલા હસ્તથી ઉમેરી દેવામાં આવેલા આઠ શ્લોકો મૂળ ગ્રંથમાં ગુણાતીતાનંદ સ્વામીને (મૂળજી શર્માને) ડભાણમાં દીક્ષા આપ્યાનો પણ લેશમાત્ર **ઉલ્લેખ** નથી. તો પછી શ્રીજીમહારાજ તેમના મૂળ અક્ષર તરીકે **વખાણ** કરે એ **પ્રસંગ** જ ક્યાંથી હોય?... જુઓ એ પ્રાસાદિક હસ્તલિખિત શ્લોકો અને ઉમેરેલા ક્ષેપક શ્લોકો ગુજરાતી ભાષાંતર સહિત

★ **સાહિત્ય સુરક્ષા માટે નિવેદન-ટૂંકનોંધ** :- સત્સંગમાં ઘણા સમયથી વડીલ સંતો દ્વારા પ્રતિદિન થતી કથાવાર્તાઓમાં **'શ્રીહરિલીલાકલ્પતરુ'** ગ્રંથના ૭મા સ્કંધના ૧૭મા અધ્યાયના ૪૭ થી ૫૪ - આ શ્લોકો **ક્ષેપક** હોવાની **સંભાવના** છે એવી વાતો સાંભળવામાં આવતી હતી. અને કોણે ઉમેરેલા છે તે વિષે થોડું દિગ્દર્શન કરવામાં આવતું હતું. પરંતુ પ્રત્યક્ષ હસ્તલિખિત પ્રતની પ્રસિદ્ધિના અભાવે આ બાબતમાં સંશોધનપૂર્વક નિઃસંશય સમાધાન થતું ન હતું અર્થાત્ ક્ષેપક છે તેમનિશ્ચિતપ્રાય હોવા છતાં હસ્તલિખિત ગ્રંથના પ્રબળ પ્રમાણ (પુરાવા) વિના ચોક્કસ થઈ શકે નહિ, તે માટે અને સાથે સાથે શ્રીહરિલીલાકલ્પતરુ ગ્રંથનું **પુનઃ પ્રકાશન** કરવાનો મારા વડીલગુરુબંધુ પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીને **શુભ સંકલ્પ** હોવાથી તે ગ્રંથના **સંશોધનાત્મક સંસ્કરણ** માટે પણ તેના મૂળ **હસ્તલિખિત ગ્રંથ**ની જરૂર હોવાથી વડતાલ પીઠાધિપતિ પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી વિદ્યમાન આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી પાસે પ.પૂ. લાલજી ૧૦૮ શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી દ્વારા તે મૂળ ગ્રંથની માગણી કરવાથી તેઓશ્રીએ પોતાનો કિંમતી સમય ફાળવીને પણ પ.પૂ. અ.સૌ. માતુશ્રી (ગાદીવાળા) તથા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી દ્વારા તે ગ્રંથનું **ફોટોકોપી-સ્કેનીંગ** કરાવીને તે ગ્રંથ અપાવ્યો અને એ ગ્રંથ મળતા ખૂબજ આનંદ થયો અને તેનાથી ખાસ એ વાત સ્પષ્ટપણે જાણવામાં આવી છે કે (વિ.સં. ૧૯૩૨માં લેખક ઠક્કર નરશી ખીમજી દ્વારા લખાયેલ શ્રીહરિલીલાકલ્પતરુ ગ્રંથની પ્રતમાં જ ઉપરોક્ત ક્ષેપક શ્લોકો છે તે સિવાય શ્રી રઘુવીરજી મહારાજકૃત શ્રીહરિલીલાકલ્પતરુ મહાગ્રંથના સ્કંધ -૭, અ. ૧૭માં ડભાણમાં શ્રી મૂળજી શર્મા (સ.ગુ. શ્રી ગુણાતીતાનંદ સ્વામી)ને દીક્ષા આપવાનો પ્રસંગ છે જ નહિ, જ્યાં એ લખાણો છે તે માત્ર **ક્ષેપક શ્લોકો** જ છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણે ભાદરાના મૂળજી શર્મા (સ.ગુ. શ્રી ગુણાતીતાનંદ સ્વામી)ને ડભાણમાં ભાગવતી દીક્ષા આપેલી નથી, પરંતુ તે દીક્ષા (આષાઢી સં. ૧૮૭૦ જન્માષ્ટમી ઉત્સવ પ્રસંગે) ગઢપુરમાં જ આપી છે. એવો સ્પષ્ટ ઉલ્લેખ સ.ગુ. શ્રી આધારાનંદ સ્વામીકૃત 'શ્રીહરિચરિત્રામૃતસાગર' ગ્રંથમાં જોવા મળે છે. આ રહ્યા એ જ શબ્દો :- **'ગુણાતિતાનંદ મુનિ જો, વિરક્તાનંદ બેહુ। દિક્ષા દિન બોલાઈ હરિ, મહામુનિ ભયે તેહુ॥'**

અર્થ :- (અનુસંધાન માટે આગળ-પાછળની કડી સહિત) ''જેટલા હરિભક્ત આવ્યા હતા તેમણે ભગવાન શ્રીહરિની પૂજા કરી અને જન્માષ્ટમી કરીને સહુ ગઢપુરથી ચાલ્યા ગયા. (૨૬) તે સમે **ગુણાતીતાનંદ સ્વામી** અને **વિરક્તાનંદ સ્વામી** તેમને બોલાવીને શ્રીહરિએ દીક્ષા આપી અને તેઓ **મહામુનિ થયા**. (૨૭) સમાધિનિષ્ઠ સંત સ્વરૂપાનંદ સ્વામી હતા તેમને વૌઠાના સમૈયા (સં. ૧૮૬૮ કારતક સુદ - ૧૫) વખતે ભણવા માટે કાશી મોકલ્યા હતા. તે ગઢપુર આવ્યા હતા. (૨૮)

(શ્રીહરિચરિત્રામૃતસાગર : ૧૫/૩૩/૨૭)

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયનું મુખ્ય શાસ્ત્ર 'શ્રી સત્સંગિજીવન' ગ્રંથમાં ડભાણના યજ્ઞ વખતે સ.ગુ. શ્રી શતાનંદમુનિ (સંતદાસજી)ને દીક્ષા આપ્યાનો ઉલ્લેખ :- **स्वान्तिके वासयामास दत्त्वा दीक्षां च तं द्विजम्। प्रपन्नाभयदः स्वामी कस्गावस्गालयः॥** - પ્રકરણ ૧/૩/૩૨માં માત્ર શતાનંદ મુનિને જ દીક્ષા આપ્યાનું વિધાન છે. તેમજ આગળ જતા પ્રકરણ ૨ અ.૪૮/૪૯માં ડભાણના યજ્ઞનું બે અધ્યાયમાં વિસ્તારથી વર્ણન છે. તેમાં ભગવાન શ્રીહરિએ લોકોપયોગી કાર્યો જેવા કે કન્યાદાન તથા દ્વિજબાળકોને જનોઈ અપાવ્યાનો પણ ઉલ્લેખ છે. પરંતુ મૂળજી શર્માને **ભાગવતી દીક્ષા** આપ્યાનો કંઈ જ **ઉલ્લેખ** જોવા મળતો નથી. ગુણાતીતાનંદ નામના સાધુ એક જ હતા એમપણ શ્રી મંજુકેશાનંદ સ્વામી રચિત 'નંદનામમાળા' તથા શ્રીહરિચરિતમ્ વગેરે અનેક ગ્રંથોમાં સ્પષ્ટપણે લખાયેલું છે. આ હકીકત હોવા છતાં અક્ષરપુરુષોત્તમસંસ્થા દ્વારા છપાયેલ **'ભગવાન શ્રી સ્વામિનારાયણ'** નામના ગ્રંથમાં ભાગ-૩ પેજ નં. ૬૫માં તો **લેખક હર્ષદભાઈ** લખે છે :- ''પોષ સુદ - ૧૫ના દિવસે શ્રીજીમહારાજે કાર્યકર્તા વિપ્ર નાનાભાઈને બોલાવ્યા અને કહ્યું : ''તમને ગઈકાલે સૂચના આપી હતી તે પ્રમાણે ભાદરાના મૂળજી શર્માને અહીં લઈ આવો. તેમને ભાગવતી દીક્ષા આપવાને માટે જ આ **પ્રસંગ** અમે યોજ્યો છે.'' આ રીતે ઘણા વિસ્તારથી લેખકે પ્રસંગને ઉઠાવવા માટે કવિમુખથી ખૂબજ **પ્રયત્ન** કર્યો છે.

પરંતુ ઉપરોક્ત તેમની વાત પુરવાર થઈ શકે તેવું એક પણ પ્રમાણ સંપ્રદાયના **શ્રીજી સમકાલીન નંદસંતો રચિત શાસ્ત્રો** કે તેમના **સમીપકાળ વર્તિ સંતો**એ બનાવેલ **સાંપ્રદાયિક ગ્રંથો**માં નથી. જે ગ્રંથોમાં ડભાણના યજ્ઞનું સવિસ્તારથી વર્ણન કરવામાં આવ્યું છે. છતાં ક્યાંય પણ શ્રીજીમહારાજે શ્રી ગુણાતીતાનંદ સ્વામીને ડભાણમાં દીક્ષા આપી હોય તેવો **ઉલ્લેખ** જોવા મળતો નથી. જેમકે :-

આવા ખોટા ક્ષેપક શ્લોકોના પ્રમાણ લઈને વિમુખો ગુણાતીતાનંદ સ્વામીની મહત્તા વધારતા 'સ્વામિનારાયણ મહામંત્ર - અર્થ અને મહિમા' નામના પુસ્તકમાં **પેજ નં. ૨૨** ઉપર લખે છે :

શ્રીહરિના યુગકાર્ય-અંતર્ગત અહિંસાત્મક યજ્ઞો પણ હતા. વિ.સં. ૧૮૬૬ પોષ માસની પૂર્ણિમાના દિવસે એક વિશાળ યજ્ઞની પૂર્ણાહુતિ પ્રસંગે તેમણે ભાદરા ગામના મૂળજી શર્માને દીક્ષા આપી. તે વખતે શ્રીહરિના મુખારવિંદ પર પ્રસન્નતા છવાયેલી ભક્તોએ નીરખી, ભક્તોની જિજ્ઞાસા જાણી, દિવ્ય-આનંદનું કારણ નિરૂપતાં શ્રીહરિ કહે છે : 'આજે ભાદરામાં પ્રગટ થયેલ મૂળજી શર્મા જે અમારું મૂર્તિમાન અક્ષરબ્રહ્મ ધામ છે તેને દીક્ષા આપતાં મને અત્યંત આનંદ થાય છે. એ અક્ષરધામ અધો-ઊર્ધ્વ પ્રમાણે રહિત છે અને તેમાં હું મારા અનંત મુક્તો સાથે અખંડ રહ્યો છું તેઓ ગુણાતીતાનંદ નામથી સમગ્ર વિશ્વમાં વિખ્યાત થશે.'

(શ્રીહરિલીલાકલ્પતરુ : ૭/૧૭/ ૪૯-૫૪)

'શ્રીહરિલીલાકલ્પતરુ' ગ્રંથની **હસ્તલિખિત પ્રત**માં આ **શ્લોકો** જોવામાં આવતા નથી. પાછળથી ક્ષેપક શ્લોક ઉમેરાયાં છે. આથી સ્પષ્ટ થાય છે કે, વિમુખોનો **આશય** સ.ગુ. શ્રી ગુણાતીતાનંદ સ્વામીનો મહિમા ગાવાનો નથી, પરંતુ 'ભુવો ધુણીને નારીયેલ પોતાના ઘર ભણી નાખે' તેમ

---

(૧) શ્રીમદ્ સત્સંગિજીવન (સ.ગુ. શ્રી શતાનંદમુનિકૃત)
(૨) શ્રી ભક્ત ચિંતામણી (સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામી રચિત ગ્રંથ)
(૩) શ્રીહરિચરિત્રામૃતસાગર (સ.ગુ. શ્રી આધારાનંદ સ્વામી રચિત મહાગ્રંથ)
(૪) શ્રી ઘનશ્યામલીલામૃત સાગર (સ.ગુ. શ્રી ભૂમાનંદ સ્વામી રચિત ગ્રંથ)
(૫) શ્રીહરિકૃષ્ણલીલામૃત સાગર (સ.ગુ. શ્રી માધવદાસજી સ્વામી - શ્રીજીસમકાલીન રચિત)
(૬) શ્રીહરિ ચરિત્રમ્ (શ્રીજીસમકાલીન - અખંડાનંદ બ્રહ્મચારી કૃત)
(૭) શ્રીહરિલીલાકલ્પતરુ (આદિઆચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ રચિત)
(૮) શ્રીહરિલીલા પ્રદીપ (પ.પૂ. ધ.ધુ. આચાર્ય શ્રી ભગવત્પ્રસાદજી મહારાજ કૃત)
(૯) શ્રીહરિલીલામૃત (પ.પૂ. ધ.ધુ. આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજ કૃત)
(૧૦) સ.ગુ. શ્રી અદ્‌ભુતાનંદ સ્વામીની વાતો
(૧૧) સ.ગુ. શ્રી ભાયાત્માનંદ સ્વામીની વાતો
(૧૨) સ.ગુ. શ્રી ભૂમાનંદ સ્વામીની વાતો (આ ગ્રંથમાં તિથિવાર ભગવાન શ્રીહરિની ડભાણયજ્ઞ સહિત દરેક લીલાનું વર્ણન છે.)
(૧૩) સ.ગુ. શ્રી પ્રસાદાનંદ સ્વામીની વાતો
(૧૪) પાર્ષદ શ્રી મોનજી ભગતની વાતો
(૧૫) શ્રીહરિચરિત્ર ચિંતામણિ ભાગ - ૧ થી ૩ (સ.ગુ. શ્રી ગુણાતીતાનંદ સ્વામીની જુનાગઢ - સંતપરંપરાના સુપ્રસિદ્ધ સ.ગુ. શ્રી રૂગનાથચરણદાસજી રચિત)

આ દરેક ગ્રંથોમાં ડભાણ યજ્ઞનું **વિસ્તૃત વર્ણન** છે. પરંતુ વિશેષ શું કહેવું ? પ.પૂ. ધ.ધુ. આદિઆચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ કૃત શ્રીહરિલીલાકલ્પતરુ મૂળ - હસ્તલિખિત ગ્રંથમાં પણ શ્રી ગુણાતીતાનંદ સ્વામીની દીક્ષાનો ઉલ્લેખ નથી, તેથી એ વાત ચોક્કસ પૂરવાર થાય છે કે જ્યાં એકમાત્ર પાછળથી સં. ૧૯૭૨ના સમયમાં લખાયેલા શ્રીહરિલીલાકલ્પતરુની આચાર્ય શ્રી ભગવત્પ્રસાદજી મહારાજશ્રી રચિત ટીકાગ્રંથ સહિત શ્રીહરિલીલાકલ્પતરુ પાનાત્મક ગ્રંથમાં જ અને તદનુસાર વિ.સં. ૨૦૨૧માં પ્રકાશન થયેલ મુદ્રિત પ્રતમાં જ એકમાત્ર સ્થાને આ ડભાણમાં દીક્ષા આપવાનો પ્રસંગ છે તે માત્ર ને માત્ર ક્ષેપક - **આઠ શ્લોક**નો પોતાની સ્વૈચ્છિક-સાંસ્થાનિક સ્વાર્થિક પ્રવૃત્તિની પુષ્ટિ માટે જ આ **હસ્તક્ષેપ** થયેલો જણાય છે.

લી. શ્રીહરિ **ચરણસેવક** ધર્મકુળ આશ્રિત **સાધુ આનંદસ્વરૂપદાસ**ના સપ્રેમ **જય શ્રી સ્વામિનારાયણ.**

ગુણાતીતાનંદ સ્વામીનો મહિમા આગળ કરીને **પોતાનો જ મહિમા** વધારવાનો આશય છે.

વળી, અક્ષરપીઠ સાહિત્ય દ્વારા પ્રકાશિત થયેલ 'અક્ષર-પુરુષોત્તમ ઉપાસના' પુસ્તકમાં પેજ નં. ૧૧૪ ઉપર ગુણાતીતાનંદ સ્વામીને મૂળ અક્ષર સાબિત કરવા માટે તેઓ પ.પૂ. ધ.ધુ. આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજશ્રી દ્વારા રચિત **'શ્રી કીર્તન કૌસ્તુભમાળા'** ગ્રંથના એક કીર્તનનું પણ ખોટું પ્રમાણ મૂળ કીર્તનના શબ્દોમાં **હસ્તક્ષેપ** કરીને આ રીતે આપે છે : 'ગુણાતીતાનંદ મૂળ અક્ષર ધ્યાની, શ્રીહરિનું મન શુકમુનિ જ્ઞાની...'

ઉપરોક્ત કીર્તનની કડીમાં પ્રયોજાયેલો 'મૂળ અક્ષર' શબ્દ તેઓએ પોતાની કલ્પનાથી મૂકેલો છે.સં. ૧૯૬૮માં પ.પૂ. ધ.ધુ. આચાર્ય શ્રી શ્રીપ્રતિપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી પ્રકાશિત થયેલ 'શ્રી કીર્તન કૌસ્તુભમાળા' ગ્રંથમાં આ પંક્તિની કડી મૂળ આ રીતે રજૂ થયેલી છે : **'ગુણાતીતાનંદ મહામુનિ ધ્યાની, શ્રીહરિનું મન શુકમુનિ જ્ઞાની...'**


गुणातीतानंद महामुनि ध्यानी,
श्रीहरिनुं मन शुकमुनि ज्ञानी;

આવા હસ્તક્ષેપથી એમનો આશય સ્પષ્ટ જણાય આવે છે.

જુઓ હવે પોતાનો મહિમા 'સ્વામિનારાયણ મહામંત્ર - અર્થ અને મહિમા' નામના પુસ્તકમાં પેજ નં. ૬૮ ઉપર ગાય છે :

''અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીએ જેને રહસ્ય જણાવ્યું હોય તે જ સાચું રહસ્ય સમજી શકે અને સમજાવી શકે. તેથી જ **'સ્વામિનારાયણ'** મહામંત્રમાં છૂપાયેલું રહસ્ય 'બોચાસણવાસી શ્રી **અક્ષર-પુરુષોત્તમ** સ્વામિનારાયણ સંસ્થા'ની પરંપરાના **પુરુષો** દ્વારા જ પ્રાપ્ત થયું છે. તે વર્તમાન કાળે પણ દૃષ્ટિગોચર થાય છે.'' આને કહેવાય **'પાઘડીનો વળ છેડે'** ઉતર્યો.

જ્યારે વિમુખ લોકોના માનસિક વલણમાં ડોકીયું કરશો તો તમને **આ જ પદ્ધતિ** જણાશે.

'અક્ષર-પુરુષોત્તમ ઉપાસના' નામના પુસ્તકના **પેજ નં. ૮૦માં પણ** લખે છે : ''ગુણાતીત-ગુરુપરંપરામાં બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજ, બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ અને બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ દ્વારા શ્રીજીમહારાજ પ્રગટ રહ્યા અને વર્તમાન કાળે પરમ પૂજ્ય પ્રગટ બ્રહ્મસ્વરૂપ શ્રી પ્રમુખસ્વામી મહારાજ દ્વારા પ્રગટ રહીને પોતાની મૂર્તિનું સુખ આપી રહ્યા છે.''

આની સામે શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના પ્રખર વિદ્વાન સંત **શ્રી નિત્યાનંદ સ્વામી** તો **'શ્રીહરિ દિગ્વિજય'** ગ્રંથમાં આ રીતે કહે છે :

'शिष्यशाखानिबन्धश्च गृहस्थस्यैव सम्मतः । न तु त्यागवतः क्वापि निषेधस्त्वस्य वर्तते ।।'

શાસ્ત્રોમાં **શિષ્ય-શાખાઓ બાંધવી** તે ગૃહસ્થ ગુરુને જ માનેલી છે. પરંતુ **ત્યાગી પુરુષ**ને ક્યારેય શિષ્ય-શાખાઓ બાંધવી તે શાસ્ત્રથી **બિલકુલ વિરુદ્ધ** છે. ત્યાગીને તો **ગુરુપરંપરા** ચલાવવાનો **નિષેધ** કરેલો છે.

(શ્રીહરિદિગ્વિજય : ૪૫/૬૧)

આમાં કોનું માનવું ? ભગવાન શ્રી સ્વામિનારાયણના દીક્ષિત સ.ગુ. શ્રી નિત્યાનંદ સ્વામીનું કે આજના વિમુખોનું...!!!

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં **ગુરુ સ્વીકારવા બાબતમાં** મહાન સમ્રાટ ગ્રંથરાજ **'શ્રી સત્સંગિજીવન'** બતાવે છે કે :-

'संपन्नोऽपि गुणैः सर्वैर्धर्मवंश्यो न चेत्तु यः । स गुरुर्नैव कर्तव्यः संसृतेर्मुक्तिमिच्छता ॥'

ગુરુ બનવાનાં સંપૂર્ણ ગુણોએ યુક્ત શુભ લક્ષણોથી સંપન્ન હોવા છતાં જો તે **ધર્મવંશી ન હોય તો** જન્મમરણના સંસૃતિ સંકટથી મુક્તિની ઈચ્છાવાળા **મુમુક્ષુએ** તેમને **ગુરુ ન કરવા,** ગુરુ તરીકે ન સ્વીકારવા.

(શ્રી સત્સંગિજીવન : ૪/૪૬/૨૩)

ઉપરોક્ત કહેલી ત્યાગીઓની **'ગુરુપરંપરા'** બાંધનારા **વિમુખો**ના કરકમળમાં આ બે શ્લોકો **સાદર સમર્પણ** થાઓ.

વિમુખોની **ફિલોસોફી** પણ ગજબની છે. પરંતુ અહિં એક વાત ખ્યાલમાં રાખવી કે આવું વલણ આર્યધર્મને કદાપી શોભે જ નહિ. સત્યના પાયા ઉપર જેમના **ધર્મોની ઈમારત** હોય તેઓનો જ **મોક્ષ** થઈ શકે એ ક્યારેય ભૂલવું ન જોઈએ. **શાસ્ત્રો દ્વારા જ સાચું-ખોટું જાણી શકાય છે.** શાસ્ત્રરૂપી તોલવાનો કાંટો વસ્તુનું જે **વજન જણાવે** તે સહુએ સ્વીકારવું પડે, તેમાં **વિવાદ** શેનો ?

શ્રીહરિના વચનો તો સર્વથી અધિક પ્રમાણ છે એમાં બેમત નથી. તેનું સર્વથી શ્રેષ્ઠ પ્રમાણ બતાવતાં સ.ગુ. શ્રી આધારાનંદ સ્વામી **'શ્રીહરિચરિત્રામૃતસાગર'** ગ્રંથમાં કહે છે :

'પ્રગટ હરિકે સંકલ્પ માંહિ, સબ શાસ્ત્ર હી વર્તન હૈ તાંહિ । હરિકિ બાનિ શાસ્ત્ર કહહી, હરિકિ મરજી સમ સો કરહિ ॥૨૪॥
તેહિ કરીકે શાસ્ત્રકો, સબસેં અધિક પ્રમાન । શાસ્ત્ર ન માને સો અસુર, મહા જાનના બુદ્ધિમાન ॥૨૫॥'

શ્રીજીમહારાજ કહે છે કે, જે આ પ્રગટની વાત સર્વેથી પર અને પ્રગટ શ્રીહરિકૃષ્ણ ભગવાનના સંકલ્પમાં જ સર્વે વેદાદિક શાસ્ત્ર વર્તે છે. એજ સત્શાસ્ત્ર છે તે શ્રીહરિની મરજી પ્રમાણે કહે છે. તેથી જ આ પ્રગટ શ્રીહરિના વચનરૂપ સત્શાસ્ત્રોનું અધિક પ્રમાણ માન્યું છે. પણ જે શાસ્ત્રને માને નહિ તે તો (રાવણાદિકથી પણ મોટો) અસુર છે.

(શ્રીહરિચરિત્રામૃતસાગર : પુર-૪, તરંગ-૨૯)

કેટલાક લોકો સ.ગુ. શ્રી ગુણાતીતાનંદ સ્વામીના નામનો **અવળો ઉપયોગ** કરી એવો **પ્રચાર** કરે છે કે, **શ્રીજીમહારાજના સમયમાં ગુણાતીતાનંદ સ્વામી કરતા વધુ યોગ્ય પાત્ર કોઈ હતું જ નહિ.** એટલે શ્રીજીમહારાજે શ્રી ગુણાતીતાનંદ સ્વામીને જ જ્ઞાન આપ્યું. અને પાંચસો પરમહંસોમાં ફક્ત એકજ ગુણાતીતાનંદ સ્વામીને સોંપેલ કલ્યાણની કૂંચી આજ પર્યંત અક્ષર-પુરુષોત્તમ સંસ્થા દ્વારા જળવાયેલ છે. પરંતુ **શ્રી ગુણાતીતાનંદ સ્વામી** સ.ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામીને મોટા માનીને **વખાણે** છે, પોતાથી **મોટા ગણે** છે તેમજ મુક્તાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, નિષ્કુળાનંદ સ્વામી, શુકાનંદ સ્વામી, ચૈતન્યાનંદ સ્વામી, અક્ષરાનંદ સ્વામી, સિદ્ધાનંદ સ્વામી, બાલમુકુંદાનંદ સ્વામી, વિધાત્રાનંદ સ્વામી, મહાપુરુષદાસજી સ્વામી, નિર્ગુણદાસજી સ્વામી વગેરે સંપ્રદાયના મૂર્ધન્ય નંદસંતો **સ.ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામીને મોટા ગણે છે.** અરે ! ભગવાન શ્રી સ્વામિનારાયણે પણ જેમને મોટા કર્યા છે. આ લોકો પોતાના પ્રચાર માટે કહે છે કે, શ્રીજીમહારાજના સમયમાં ગુણાતીતાનંદ સ્વામીના કરતા **વધુ યોગ્ય પાત્ર** કોઈ હતું જ નહિ. એટલે શ્રીજીમહારાજે શ્રી ગુણાતીતાનંદ સ્વામીને જ જ્ઞાન આપ્યું.

સ્વયં **ભગવાન શ્રી સ્વામિનારાયણે** અને **નંદસંતોએ** ગોપાળાનંદ સ્વામીની મુક્તકંઠે **મહત્તા** કહી છે. જોઈએ એ શબ્દોને :

એક સમય શ્રીજીમહારાજે મુક્તાનંદસ્વામી, નિત્યાનંદસ્વામી, નિષ્કુળાનંદસ્વામી, શુકાનંદસ્વામી, સિદ્ધાનંદસ્વામી, દાદાખાચર અને હરજી ઠક્કર, એમની આગળ વાત કરી હતી જે ''અમારો રહસ્ય અભિપ્રાય **ગોપાળાનંદસ્વામી** યથાર્થ જાણે છે માટે તેમના વચન ઉપર વિશ્વાસ રાખી જેમ

કહે તેમ સમજણ દૃઢ કરજો કારણ કે બીજી **ખામી** રહે તે ભાંગે પણ **સમજણની ખામી** રહે તે પછી ભાંગે નહિ.

(શ્રી ગોપાળાનંદ સ્વામીની વાતો : જીવન ચરિત્ર, પેજ નં. ૨૧, સરધાર પ્રકાશન)

શ્રીજીમહારાજે નિષ્કુળાનંદ સ્વામીની પાસે **ભક્તચિંતામણી ગ્રંથમાં** ગોપાળાનંદ સ્વામીનું **પરચા પ્રકરણ** આગ્રહપૂર્વક લખાવ્યું છે. આ વાત અક્ષરાનંદ સ્વામી પોતાની વાતોમાં લખે છે :

''શ્રીજીમહારાજ પ્રગટ વિરાજતા ત્યારે **ગઢપુર**માં સદ્‌ગુરુ **નિષ્કુળાનંદસ્વામી** ભક્તચિંતામણી ગ્રંથ બનાવતા. તે શ્રીજીમહારાજને બતાવતાં મહારાજ કહે કે, ''આમાં યોગીનું પ્રકરણ દાખલ કરો.'' તેથી સદ્‌ગુરુ નિષ્કુળાનંદસ્વામીએ યોગીન્દ્ર સદ્‌ગુરુવર્ય ગોપાળાનંદસ્વામીને વિનંતી કરી જે, 'મહારાજ આમ આજ્ઞા કરે છે.' યોગીન્દ્ર ગોપાળાનંદસ્વામી કહે, 'મારું કાંઈ દાખલ કરવું નહીં.' પછી મહારાજને કહ્યું જે, 'યોગી તો ના પાડે છે.' ત્યારે મહારાજ કહે, ''અમે બીજા કવિ પાસે લખાવશું.'' પછી સદ્‌ગુરુ નિષ્કુળાનંદસ્વામીએ તો તે હકીકત યોગીન્દ્ર સદ્‌ગુરુવર્ય ગોપાળાનંદસ્વામીને કહી. ત્યારે કહે કે, 'જેમ મહારાજની મરજી હોય તેમ કરો.' તેથી ભક્તચિંતામણીનું પ્રકરણ કર્યું. તે ૧૪૨મું પ્રકરણ જોઈ મહારાજ બહુ જ રાજી થયા.'' (વાત નં. ૬૧૫)

કારિયાણીમાં શ્રીજીમહારાજે ગોપાળાનંદ સ્વામીને કહ્યું હતું કે, અક્ષરધામમાંથી **આપણે** આ લોકમાં **છ હેતુ માટે** પધાર્યા છીએ. આ વાત નિષ્કુળાનંદ સ્વામીએ સાંભળી હતી. તેથી સ્વામી **ભક્તચિંતામણી** ગ્રંથમાં લખે છે :-

'યોગી પૂર્વ જન્મના, જેને વાલા સંગે અતિ વાલ; પ્રભુ સંગાથે પ્રકટ્યા, ખરા ભક્ત નામ ખુશાલ. ॥૨॥'

(ભક્તિચિંતામણી : પ્ર. ૧૪૨)

સ.ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામી તો ભગવાન શ્રીહરિ સાથે પ્રગટ્યા છે. અક્ષરાનંદ સ્વામીની વાતોમાં **વાત નં. ૬૨૬માં** આ પ્રસંગ વિસ્તારપૂર્વક લખવામાં આવ્યો છે.

વચનામૃત **ગઢડા અંત્ય પ્રકરણના ૩૩**માં શ્રીજીમહારાજ કહે છે : ''ધન, દોલત, સ્ત્રી અને પુત્ર એ આદિક જે પદાર્થ તેણે કરીને બુદ્ધિમાં ફેર પડે નહિ અને એને અર્થે કોઈને વિષે આસ્થા નહિ એવા તો આ સત્સંગમાં થોડાક **ગણતરીના હરિભક્તો** હોય.'' આ વચનામૃત પ્રમાણે ગણતરીના હરિભક્તોમાં શ્રીજીમહારાજે **ગોપાળાનંદ સ્વામી** ગણ્યા છે.

ગઢડા **મધ્ય પ્રકરણના ૬૨**મા વચનામૃતમાં શ્રીજીમહારાજ કહે છે : ''આજ્ઞાને વિષે જે પરમ આનંદ માને એ **દાસત્વની ઉત્તમ દશા** છે. એવા તો આજ **ગોપાળાનંદ સ્વામી** છે.''

આદિઆચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ **'શ્રી દુર્ગપુર માહાત્મ્ય'** નામના ગ્રંથમાં સ્વયં ભગવાન શ્રી સ્વામિનારાયણે **ગોપાળાનંદ સ્વામીનો** જે **મહિમા** કહ્યો હતો તે આલેખતા લખે છે :- ''આણે અષ્ટાંગયોગ સાધ્યો છે, યોગના પારંગત વિદ્વાનોમાં આ સ્વામી (ગોપાળાનંદ સ્વામી) **સર્વોત્તમ** છે. સમગ્ર સાધુઓમાં પણ **શ્રેષ્ઠ** છે અને હંમેશા મારા સ્વરૂપને સાક્ષાત્ અનુભવી રહ્યા છે.''

(શ્રી દુર્ગપુર માહાત્મ્ય : અધ્યા. ૮૩)

''ભગવાનના સ્વરુપનું નિરૂપણ કરતાં તો **મહારાજ**ને આવડે, કાં **ગોપાળાનંદ સ્વામી જેવા** સાધુને આવડે, પણ બીજા કોઈને આવડે નહિ...''

(શ્રી ગુણાતીતાનંદ સ્વામીની વાતો : ૨/૬૭)

સ.ગુ. શ્રી **શુકાનંદ સ્વામી** પણ પોતાની વાતોમાં ગોપાળાનંદ સ્વામીને અક્ષરધામના મુક્તોથી **શ્રેષ્ઠ** કહેતા કહે છે :

"એકાદશીને દિવસ આ કિર્તન સાંભળ્યાં જે **'સ્વામિનારાયણ સ્વામિનારાયણ ઉંચે સાદે ગાય, સાંભળીને યમદૂત તેને દૂરથી લાગે પાય...'** એ કિર્તન સાંભળીને સંતે પૂછ્યું જે એ કિર્તન કુસંગી લોક ગાય તો યમદૂત છેટે રહે કે ન રહે ? ઉત્તર જે સ્વામિનારાયણ કહેવું એ મહામંત્ર છે તે શું ? તો સત્સંગી ગાતા હોય કે કુસંગી ગાતા હોય પણ યમના દૂત તો છેટે રહે છે એવો એ નામનો પ્રતાપ છે. માટે હાલતાં, ચાલતાં, ખાતાં, પીતાં, નાતાં, ધોતાં, બેસતાં, ઉઠતાં, એ આદિક સર્વે ક્રિયા કરતાં થકાં સદા એ મંત્રનો જપ કરવો ને એમ જે મંત્રનો જપ કરે છે તેની સામું શ્રીજીમહારાજ જોઈ રહ્યા છે. અને વળી એમ વાત કરી જે કથા, વાર્તા, ભજન, સ્મરણ, એ આદિક જે જે ક્રિયા કરીએ છીએ તે સર્વેને શ્રીજીમહારાજ જોઈ રહ્યા છે ને અક્ષરધામના મુક્ત તથા **ગોપાળાનંદ સ્વામી**ને આગળ મહારાજ વાત કરે છે જે એ બહુ સારું કરે છે."

(શ્રી શુકાનંદ સ્વામીની વાતો : ૧૭)

"ગઢડે **શ્રીજીમહારાજ** સભામાં વાતો કરીને પછી **પોઢવા જાતા ત્યારે** મનુષ્યને મોકલીને ખબર કઢાવતા જે કોણ કોણ વાતોનું મનન કરે છે ને કોણ ભજન, સ્મરણ, ને કિર્તન ગાય છે અને જે વાતોનું મનન કરતા ને કિર્તનાદિક કરતા તેના ઉપર **બહુ રાજી થાતા** અને આજ પણ જે જે ભજન, સ્મરણ, કથા, કિર્તન, વાર્તા, નામ-સ્મરણ, વચનામૃત, હરિસ્મૃતિ એ કંઠે કરીને બોલે છે ને રાતે ઊઠીને ભગવાનનું ધ્યાન કરે છે ને ઉંચે સાદે સ્વામિનારાયણ સ્વામિનારાયણ નામ લે છે તે સર્વેને શ્રીજીમહારાજ સાંભળે છે ને સર્વના સામું જોઈ રહ્યા છે ને બહુ **રાજી** થાય છે જે **આ બહુ સારું કરે છે** એમ સર્વે મુક્તને ને **ગોપાળાનંદ સ્વામી**ને કહે છે ને સ્વામી પણ **રાજી** થાય છે."

(શ્રી શુકાનંદ સ્વામીની વાતો : ૧૮)

બંને વાતોમાં કેવળ મુક્ત કહેવાથી પણ સ.ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામીનું ગ્રહણ થઈ શકતું હોવા છતાં પણ ગોપાળાનંદ સ્વામીને અલગથી કહ્યા. તેથી એક વાત સ્પષ્ટ થાય છે કે, અક્ષરધામમાં બધા મુક્તો કરતા ગોપાળાનંદ સ્વામી શ્રેષ્ઠ છે.

"નિત્યાનંદ સ્વામીએ કહ્યું છે કે, સોનાના મંદિર થાશે, પણ **ગોપાળાનંદ સ્વામી અને ગુણાતીતાનંદસ્વામી જેવા** સાધુ નહિ મળે." (શ્રીહરિચરિત્ર ચિંતામણિ ભાગ-૨, વાત નં. ૩૩૨) નિત્યાનંદ સ્વામીએ પણ ગોપાળાનંદ સ્વામીનું મોટાઈમાં **પહેલું નામ** આપ્યું છે.

સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામી પણ સ.ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામીનો મહંત તરીકે મહિમા ગાતા કહે છે :

'માન મૂકી મળીએ મહંતને, આપે સદ્‌ગુરુજી નિજ જ્ઞાન; ભાંગે ખોટ મોટી ખોયા દિનની, વાગે જીત તણા જાંગી ઢોલ...સમજવું૦
થઈ મગન મોજ ઘણી માણીએ, સાચા સદ્‌ગુરુ સંતને સંગ; મળી નિષ્કુળાનંદ મહંતને, લીજીએ અખંડ આનંદ અંગ...સમજવું૦'

(કીર્તનામૃતઃ સરધાર પ્રકાશન : પેજ નં.૩૨૨)

સ.ગુ. શ્રીમુક્તાનંદ સ્વામી પણ સ.ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામીનો મહંત તરીકે મહિમા ગાતા કહે છે :

'જીરે મહિમા મોટો છે મહંતનો, જેને સેવે રે (૨) છૂટે માયાનું જાળ;
પ્રીત વધે પરબ્રહ્મમાં, મુક્તાનંદ કહે રે (૨) તજી આળ પંપાળ. સંતસમાગમ કીજીએ.'

(કીર્તનામૃતઃ સરધાર પ્રકાશન : પેજ નં.૩૨૭)

"સર્વ પરમહંસોને ધર્મમાં વર્તાવવા માટે શ્રીજીમહારાજ ગોપાળાનંદ સ્વામીને કહેતા હતા... ...ગોપાળાનંદ સ્વામીને સત્સંગમાં સંતો-બ્રહ્મચારી આદિ ત્યાગી વર્ગમાં સર્વેથી **અધિક મોટેરા** કરીને શ્રીજીમહારાજે સ્થાપ્યા." (શ્રી સત્સંગિજીવન : ૫/૫૫)

શ્રીજીમહારાજે દેહોત્સર્ગ કરવાના હતા ત્યારે સહુ સંતો અને હરિભક્તોને બોલાવીને આજ્ઞા કરી હતી કે, સહુ ગોપાળાનંદ સ્વામીની આજ્ઞામાં

રહેજો. આ વાત શ્રી સત્સંગિજીવન, ભક્તચિંતામણી, શ્રીહરિલીલામૃત તેમજ અન્ય સાંપ્રદાયિક ગ્રંથોમાં **સુપ્રસિદ્ધ** છે.

"શ્રીહરિએ ખુશાલભટ્ટને સંતના સર્વોપરી ગુણ આપ્યા હતાં. શ્રીહરિ પણ તેમની વાતને પ્રમાણ કરતા હતા."

(શ્રીહરિચરિત્રામૃતસાગર : પુર-૨૦, તરંગ-૨૨)

"ગોપાળાનંદ સ્વામીએ શ્રીજીમહારાજને સંતોની પંક્તિમાં પીરસવાની ના કહી ત્યારથી મહારાજે પંક્તિમાં પીરસવાનું બંધ કર્યું."

(શ્રીહરિ ચરિત્ર ચિંતામણી, ભાગ-૨ : વાત-૨૩૯)

"હરિભક્તોના કે બીજાના, બધાના અનેક પ્રકારના દુઃખોનો નાશ કરનારા આ સ્વયં મુનિવર્ય શ્રી ગોપાળાનંદ સ્વામી **સાધુતાની** તો **સીમા** છે. જીવોને ઉપદેશ આપીને સમજાવવામાં **પરમ કુશળ** છે. શ્રીહરિએ દાસભાવે ભજતા ભક્તોમાં ગોપાળાનંદ સ્વામીને **અગ્રગણ્ય** કહ્યા છે. ॥૮-૯॥"

(શ્રીહરિચરિત્રમ્ : પરિચ્છેદ - ૨, અધ્યા. ૨૮)

સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામી, **સ.ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામીનો મહિમા** ગાતા કહે છે :

'ધર્યું નામ તે ગોપાળાનંદ, થયા યોગેશ્વર જગવંદ;
ફરે દયાળુ સરવે દેશ, આપે મુમુક્ષુને ઉપદેશ. ॥૩૭॥
કર્યા મહારાજે મોટેરા બહુ, માને મોટા મુનિવર સહુ; ॥૩૮॥'

(ભક્તચિંતામણી : પ્ર. ૧૪૨)

નિષ્કુળાનંદ સ્વામી કહે છે કે, શ્રીજીમહારાજે **સ્વયં** ગોપાળાનંદ સ્વામીને **મોટાઈ** આપી છે. અને સર્વે **મોટા મોટા નંદસંતો** પણ ગોપાળાનંદ સ્વામીને **મોટા** માનતા હતા.

સ.ગુ. શ્રી ગુણાતીતાનંદ સ્વામીના મુખ્ય શિષ્ય હોવા છતાં બ્રહ્મચારી અચિંત્યાનંદજીએ 'શ્રીહરિલીલાકલ્પતરુ' (હસ્તલિખિત પ્રત) ગ્રંથમાં જૂનાગઢ મંદિર અને શ્રીજીલીલા વર્ણન કરતા **ગુણાતીત શબ્દ**નો **અણસાર** પણ આખા અધ્યાયમાં આવવા દીધો નથી.

સ.ગુ. શ્રી ગુણાતીતાનંદ સ્વામીના પરમ પરિચિત શ્રી નિષ્કુળાનંદ સ્વામી કૃત **'ભક્તચિંતામણી'**માં પણ તેમના નામનો **સાધારણ ઉલ્લેખ** છે, એવું જ અન્ય બે-ચાર ગ્રંથમાં છે.

સ.ગુ. શ્રી ગુણાતીતાનંદ સ્વામીની વાતોમાં **પ્રકરણ ૨ વાત ૫૭**માં જણાવેલી વાત **નોંધપાત્ર** છે :-

"...એક દિવસ કૃપાનંદ સ્વામીની સમાધિ જોઈને સચ્ચિદાનંદ સ્વામીએ કહ્યું જે "અમારે કૃપાનંદ સ્વામીના જેવું હેત નહિ. ને એવા હેતવાળા તે તો ગંગા જેવા, ને **ગોપાળાનંદ સ્વામી તે તો દરિયા જેવા.** તે તો અનંત જીવને સુખિયા કરી નાખે તેવા હતા. એમ કહીને બોલ્યા જે **જેવા રઘુવીરજી મહારાજ હતા ને જેવા ગોપાળાનંદ સ્વામી હતા તેવા તો જણાણા જ નહિ !...**"

આ વાતમાં સ્વામી **સ્પષ્ટ** કહે છે કે, ગોપાળાનંદ સ્વામીને કોઈ ઓળખી શક્યું જ નહિ.

ગુણાતીતાનંદ સ્વામીએ નંદકોટિના ઘણા સંતોના ગુણગાન તેમની વાતોમાં ગાયા છે, પરંતુ જ્યારે ગોપાળાનંદ સ્વામી સાથે સરખામણીની વાત આવે ત્યારે યુક્તિપૂર્વક ગોપાળાનંદ સ્વામીને **મોટા સાધુ** તરીકે પ્રતિપાદન કર્યા છે.

સ.ગુ. **શ્રી ગુણાતીતાનંદ સ્વામી** પોતાની વાતોમાં કહે છે :

૧. "...આ જીવને જેટલું અંતરે સુખ રહે છે કે અન્ન વસ્ત્ર મળે છે તે સર્વે મોટા સંતની દૃષ્ટિ વડે છે; પણ જીવ પોતામાં માલ માનીને આચાર્યને તથા

મોટા સાધુને **ઓશિયાળા કરે છે;** પણ પોતે ઓશિયાળો થાતો નથી, પણ જો મોટા સાધુની દૃષ્ટિ જરાક ફરે, તો ચાંડાળ જેવું અંતકરણ થઈ જાય ને સુખ પણ રહે નહિ...'' (૩/૬૬)

૨. ''...ભગવાન અને મોટા સાધુને આશરે કરીને તો વાદળ જેવાં દુઃખ આવવાનાં હોય તે પણ ટળી જાય; ને સાધને કરીને તો ફૂટી ફૂટીને મરી જાય તો પણ ન ટળે...'' (૧/૧૫૫)

૩. ''...અને મોટા પરોક્ષ થયા પછી આજની પેઠે પોતાના આશ્રિતની ખબર રાખે કે ન રાખે ? એ પ્રશ્નનો ઉત્તર : જે, ક્યાં પરોક્ષ થાય એવા છે ? બાકી આજની પેઠે દેખાય નહિ; ને ખબર ન રાખે તો બ્રહ્માંડની સ્થિતિ કેમ રહે ?...'' (૧/૨૯૨)

૪. ''...**કોઈ મોટાનો અવગુણ લે તેનું બહુ ભૂંડું થાય...** ...અરે ! કેટલાક તો 'ગોપાળાનંદ સ્વામીની વાત ખોટી' એમ કહેતા તે ગયા; તે પણ દીઠા....'' (૫/૬૫)

૫. ''ગુણાતીતાનંદ સ્વામી કોઈપણ પ્રશ્ન કે વાતના નિરાકરણ માટે ગોપાળાનંદ સ્વામીને પૂછીને ઉકેલ મેળવતા, આ વાતની ખાત્રી; સ્વા. વાતો પ્રકરણ - ૨, વાત - ૪૯ તથા ગોપાળાનંદ સ્વામીની વાતો - અમદાવાદ પ્રકાશનમાં ગોપાળાનંદ સ્વામીના **જીવન ચરિત્ર**માં નિરૂપણ કરેલા પ્રસંગો ઉપરથી થાય છે.''

૬. 'મોટાના ગુણ, વિભૂતિ, ઐશ્વર્ય, પ્રતાપ, ગંભીરપણું, ધીરજપણું એ આદિક **મોટાના મહિમાનો વિચાર કરીએ ને મોટા હૈયામાં સ્ફુરે તેણે કરીને સુખ વર્તે.**' (૧/૩૨૭)

૭. ''...મહારાજનો ને **મોટા સાધુ**નો એક સિદ્ધાંત છે...'' (૨/૨૪)

૮. ''...ભજન કરતાં કરતાં ક્રિયા કરીએ તો અંતરમાં ટાઢું રહે, ને તે અંતરમાં ટાઢું જોઈને **મોટા સાધુ** રાજી થાય; ને જેની ઉપર **મોટા સાધુ** રાજી થાય તેનો જીવ સુખિયો થઈ જાય...'' (૨/૩૨)

૯. ''...કામ ક્રોધાદિક તો એવા બળિયા છે, જે શિવ બ્રહ્માદિકની પણ લાજ લીધી છે. અને એ કામાદિક જેને વિષે આવે છે તેને ગળી જાય છે. તે આજ તો મહારાજે ને **મોટા સાધુ**એ ઠોઈ રાખ્યા છે જેમ બ્રહ્માંડથી પર **મહાજળ** છે તેમાં મોટા મોટા મચ્છ છે તે બ્રહ્માંડની સમીપે આવે તો આખા બ્રહ્માંડને પણ ગળી જાય એવડા મોટા છે પણ પ્રદ્યુમ્નને ચોકીમાં રાખ્યા છે તે જો બ્રહ્માંડની સમીપે ગળવા આવે તો માથામાં ગદા મારે તે કરોડું યોજન જાતા રહે. તેમ કામ ક્રોધાદિકને તો મહારાજે ને **મોટા સાધુ**એ ઠોઈ રાખ્યા છે નહિ તો આમાં રહેવાય નહિ....'' (૨/૪૦)

૧૦. ''...આ જીવ તો મેવાસી (નિરંકુશ) થઈ બેઠો છે; પણ ભગવાનની ને **મોટા સાધુ**ની તો ગરજ રાખતો નથી ને પોતાના જીવની તો પોતાને ખબર જ નથી...'' (૨/૫૯)

૧૧. ''...ભગવાન ને **મોટા સાધુ** જ્યારે ઉદાસી થાય, ત્યારે એમ જાણવું જે હવે મુમુક્ષુનાં કર્મ ફૂટ્યાં !...'' (૨/૭૩)

૧૨. ''...બુદ્ધિ તો એટલી જ જે **મોટા સાધુ**થી શીખે ને મોક્ષના કામમાં આવે; બાકી બુદ્ધિ નહિ. ને મહારાજ કહેતાઃ જે ''નાથ ભક્ત બુદ્ધિવાળા છે ને દીવાનજી મૂર્ખ છે...'' (૩/૨૩)

૧૩. ''...**મોટા સંત**નો સમાગમ તો ભગવાન ભેળું રહેવું તે કરતાં પણ અધિક છે. કેમ જે ઓલ્યાને દેશકાળ લાગે પણ આને ન લાગે...'' (૩/૩૯)

૧૪. ''...ભગવાન ને **મોટા સંત** આગળ નમી દેવું, ને પોતાની સમજણ મૂકી દેવી; ને એતો બહુ દયાળુ છે તે બહુ રક્ષા કરે...'' (૩/૬૪)

૧૫. ''...ભગવાનની દૃષ્ટિએ તો આ લોક, ભોગ સર્વે ધૂળ જ છે ને **મોટા સંત**ની પણ એવી જ સમજણ છે...'' (૩/૮૯)

૧૬. ''...પ્રતિલોમનો અભ્યાસ નિરંતર રાખવો; એ સિદ્ધાંત વાત છે. તે વચનામૃતમાં મહારાજે બહુ ઠેકાણે કહ્યું છે. ને **મોટા સંત**નો એ આગ્રહ મુખ્ય છે...'' (૩/૧૨૩)

૧૭. ''...આ લોકમાં ભગવાન તથા **મોટા સાધુ** મનુષ્ય જેવા ગણાય, તે જેને સમજતાં આવડે તેને ઓળખાય...'' (૫/૧૨૦)

૧૮. ''...એવાં ચોસઠ લક્ષણ સાધુનાં હોય ત્યારે સાધુ થવાય; તે મહાપ્રલય સુધી **ગોપાળાનંદ સ્વામી,** કૃપાનંદ સ્વામી, સ્વરૂપાનંદ સ્વામી ને મુક્તાનંદ સ્વામી જેવા સાધુનો અહોરાત્રી-નિરંતર સમાગમ કરે, ત્યારે પૂરો સાધુ થવાય. ને સાધુતા વગર સુખ આવે નહિ ને આત્યંતિક મોક્ષ પણ થાય નહિ. તે જેટલી કસર રહેશે તેટલી કસર ટાળવી પડશે....'' (૫/૩૦)

આ રીતે **સ.ગુ. શ્રી ગુણાતીતાનંદ સ્વામી પણ** સ.ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામીનો **મહિમા** સમજીને મન-કર્મ-વચને **સમાગમ** કરતા હતા અને તે મહિમાના **ફળસ્વરૂપે જ** ગુણાતીતાનંદ સ્વામીએ સ.ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામીને કેટલીકવાર **પ્રશ્નો** પણ પૂછેલા છે. અને સ્વામીએ તેના **ઉત્તર** પણ કરેલા છે. જેમ કે - (૧) અમદાવાદ પ્રત - **પ્ર.૧, વાત નં. ૩૩ :** ''ગુણાતીતાનંદ સ્વામીએ પૂછ્યું જે, 'દેશકાળાદિકે કરીને એક નિરધાર રહે એમ જણાતું નથી માટે કેમ કરે તો મતિ ન ફરે ?' ત્યારે કહ્યું જે એ તો એક ભગવાનને વિષેજ મોટપ સમજે પણ બીજા કોઈનો ભાર ન આવે ને સત્સંગનો વધારો થાય તથા ઘટી જાય તો પણ એમ સમજે જે ભગવાન મળ્યા છે તે તો કાંઈ જતા રહે તેમ નથી તથા કોઈક લે એમ પણ નથી અને જો સત્સંગનો વધારો થાશે ને લોક બહુ માનશે તો સામો ભગવાનને ભજતાં અંતરાય થાશે અને રજોગુણી મનુષ્ય સત્સંગી થાશે ને બહુ માનશે તો સામા આપણને પણ રજોગુણી કરશે માટે એમ ચોખું સમજે જે ભગવાન કરતા હશે તે ઠીકજ કરતા હશે એમ સમજે તો કોઈ રીતે મતિ ન ફરે.'' (૨) **પ્ર.૨ વાત નં. ૩૧૫ :** ''એક દિવસ ગુણાતીતાનંદ સ્વામીએ પૂછ્યું જે, વાસનામય જે લિંગ શરીર નાશ પામ્યું કેમ જણાય ? ત્યારે મોટા સંતે કહ્યું જે, ઉત્તમ પંચવિષય પ્રાપ્ત થયા હોય તેને મૂકી દે તો ફરી પાછા સાંભરે નહિ. તે જેમ જન્માંતરના વિષય સુખ નથી સાંભરતાં તેમ હમણાના વિષય પણ ન સાંભરે ત્યારે લિંગ દેહનો નાશ થયો જાણવો.''

આમ સ.ગુ. શ્રી **ગોપાળાનંદ સ્વામી**ની **વાતો**માં દૃષ્ટિ કરવાથી સ.ગુ. શ્રી ગુણાતીતાનંદ સ્વામી **મહાન હોવા છતાં** સ.ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામી તો તેમનાથી પણ **ખૂબ જ મહાન સંત**-વિરલ વિભૂતિ **પુરવાર** થઈ શકે છે.

સ.ગુ. શ્રી **ગોપાળાનંદ સ્વામી** પોતાની વાતોમાં (અમદાવાદ પ્રત : **૨/૧૩૭**માં) કહે છે :-

''વિજ્ઞાનદાસજીને **અવસ્થા લોપતી નથી** ને મુંઝાતા પણ નથી ને **સદા સુખીયા** રહેતા આવડે છે. ને નિર્માનીપણું પણ બહું છે. ને શ્રીજીમહારાજનો ને સત્પુરુષનો વિશ્વાસ પણ અતિશય છે. ને **ગુણાતીતાનંદ સ્વામી** તથા **સિદ્ધાનંદ સ્વામી** એ બેયને તો **અવસ્થા લોપાય છે ને મુંઝવણ પણ આવે છે.** તે જો પુરુષ પ્રયત્ને કરીને **અતિ આગ્રહ** કરે તો એમને પણ **મુંઝવણ** આવે નહિ. ને કોઈક ને તો વાત ચિત્ત કરતા થકા સર્વે ક્રિયાને વિષે શ્રીજીમહારાજ દેહની પેઠે નિરંતર સાંભર્યા કરે છે ને પૃથ્વીની પેઠે આધારપણાનો વિશ્વાસ પણ સદા વર્તે છે.''

આ રીતે અવસ્થા લોપાવાના ને મુંઝવણ આવવાના **હેતુ**થી સ.ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામીએ જે ગુણાતીતાનંદ સ્વામીની **સ્થિતિ** વિજ્ઞાનદાસજીથી **નીચી કક્ષા**ની જણાવેલ છે. શું આ સ.ગુ. શ્રી ચૈતન્યાનંદ સ્વામીના હસ્તે લખાયેલ **ગોપાળાનંદ સ્વામીની વાત** ખોટી હશે ? બુદ્ધિમાન પુરુષ વિચારે તો ખબર પડે કે સિદ્ધાનંદ સ્વામી તુલ્ય ગુણાતીતાનંદ સ્વામી કરતા **વિજ્ઞાનદાસજીની સ્થિતિ** અને તે કરતા પણ સ.ગુ. શ્રી **ગોપાળાનંદ સ્વામીની**

સ્થિતિ કેટલી ઊંચી હશે...!!!

સ.ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામીની વાતોના **સંગ્રહકર્તા** સ.ગુ. શ્રી **ચૈતન્યાનંદ સ્વામી** બીજા પ્રકરણની **વાત**માં લખે છે :-

''સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીએ સ્વપ્નાની વાત કરીને કહ્યું : શ્રીજીમહારાજે એકાંતિકમાં ભેદ દેખાડ્યો ને કહ્યું જે, એવા તો આ સમયે એકજ **ગોપાળાનંદ સ્વામી** છે. બીજા કોઈ એમના જેવા નથી.'' (સ.ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામીની વાતો : ૨/૯૭ અમદાવાદ પ્રત)

આમ સ.ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામીની વાતોમાં **બંને સંતોના વચનો**ની **મૂલવણી** કરવાથી સ.ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામી જ **સહુથી મહાન** સ્પષ્ટ જણાઈ આવે છે. તેમ છતાં અમુક પ્રાંતના કેટલાક સંતોએ મોક્ષમાર્ગમાં **બિનજરૂરી** મૂળ અક્ષરના **વિવાદ**ને ટાળવા માટે; બંને સંતો વાસ્તિવકમાં **પ્રત્યક્ષ ભગવાનમાં જ જોડનારા** છે એમ માની બંને પૂ. સંતોને વિષે **સમબુદ્ધિ** પણ દાખવેલી છે.

એકવાર **સ્વામી મહાપુરુષદાસજી** જૂનાગઢમાં પોતાને આસને થાંભલાને અઢેલીને બેઠા હતા. તે સમે પોતાના **શિષ્ય રૂગનાથચરણદાસજી**એ પગે લાગીને પૂછ્યું : 'હે સ્વામી ! મારે બેય સદ્‌ગુરુઓ **(ગોપાળાનંદ સ્વામી અને ગુણાતીતાનંદ સ્વામી)** એ બેમાં કોને **અક્ષર** જાણવા ?' ત્યારે સ્વામી બોલ્યા : 'સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી તથા સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી તે બેય **અક્ષરમૂર્તિ** છે તેમ જાણજે. મારે બેય સદ્‌ગુરુઓ ઉપર હેત છે. તેમ તારે પણ હેત રાખવું.' એમ કહી વળી બોલ્યા : 'મને શ્રીજીમહારાજ અને ગોપાળાનંદ સ્વામી તથા ગુણાતીતાનંદ સ્વામી અખંડ દેખાય છે. ને મેં ગોપાળાનંદ સ્વામીનો જોગ (સમાગમ) ૧૮ વર્ષ કર્યો ને ગુણાતીતાનંદ સ્વામીનો જોગ ૩૨ વરસ કર્યો. માટે તારે **બેયના ઉપર હેત** રાખવું. કારણ કે તે **બેય મોક્ષના દાતા** (મોક્ષપથ દર્શક) છે.' તે સાંભળીને સાધુ રૂગનાથચરણદાસજી અતિ રાજી થયા.

(જૂનાગઢના જોગી શ્રી મહાપુરુષદાસજી સ્વામી : પ્રસંગ-૭૯)

મહાપુરુષદાસજી સ્વામી સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી સાથે ૩૨ વર્ષ રહ્યા, છતાં ગોપાળાનંદ સ્વામી મોટા છે કે ગુણાતીતાનંદ સ્વામી મોટા એ પારખી ન શક્યા ! અને આજના વિમુખો **શેના આધારે** કહે છે કે, ગોપાળાનંદ સ્વામી કરતા ગુણાતીતાનંદ સ્વામી મોટા છે ? અરે ! સ્વયં **ગુણાતીતાનંદ સ્વામી** કહે છે : 'જે **અમને** ગોપાળાનંદ સ્વામી કરતા **અધિક** કહેશે તેમને વિષે **અસુર** પ્રવેશ કરશે. અમને ગોપાળાનંદ સ્વામી કરતા **મોટા** કહેશો નહિ.'

(શ્રી ગોપાળાનંદ સ્વામીની વાતો : જીવન ચરિત્ર , સરધાર પ્રકાશન)

સ.ગુ. શ્રી **ગુણાતીતાનંદ સ્વામી** પોતાની વાતોમાં **સ્પષ્ટપણે** સ.ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામીનો **નામ નિર્દેશ પૂર્વક** અદ્‌ભુત **મહિમા** કહે છે : ''સ્વામી બોલ્યા : જે, ગરુડ પૃથ્વી ઉપર આવ્યો હોય, ને તેની પાંખમાં મચ્છરિયું બેસી જાય તો કેટલો પ્રયાસ પડે ? ત્યારે કહ્યું : કાંઈ પ્રયાસ પડે નહિ. ત્યારે સ્વામી બોલ્યા : જે, ગોપાળાનંદ સ્વામી ને મુક્તાનંદ સ્વામી તે તો ગરુડ જેવા છે. તેની પાંખમાં આપણે બેસી ગયા છીએ માટે કાંઈ ચિંતા ન રાખવી... ...એમ કહીને વળી બોલ્યા : જે, ત્રણ પ્રકારનાં પંખી છે; તેમાં કેટલાંક પંખી તો વૃત્તિ દ્વારા ઈંડા સેવે એવાં છે, કેટલાંક પંખી તો દૃષ્ટિ દ્વારા ઈંડા સેવે એવાં છે. ને કેટલાક પંખી તો પાંખમાં રાખીને સેવે એવા છે. તેમાં વૃત્તિ દ્વારા ઈંડું સેવાતું હોય તે ઈંડું દૃષ્ટિમાં આવે તો ગંદુ રહે ? ત્યારે કહ્યું જે ન રહે, ત્યારે સ્વામી બોલ્યા જે એ ઈંડું પાંખમાં આવીને પડે તો શું ગંદું રહે ? ન જ રહે. એમ કહીને બોલ્યા : જે, એ તો **દૃષ્ટાંત** છે. એનો **સિદ્ધાંત** તો એ છે : જે વૃત્તિદ્વારે સેવે એવા તો ગોપાળાનંદ સ્વામી ને કૃપાનંદ સ્વામી જેવા છે. તેની પાંખમાં આપણે પડ્યા છીએ; માટે કાંઈ કસર રહેશે નહિ એમ જાણવું.''

(૨/૩૧)

આ વાતમાં સ્વયં ગુણાતીતાનંદ સ્વામી પોતાને **મચ્છરની ઉપમા** આપીને કહે છે કે, 'ગોપાળાનંદ સ્વામી તો **ગરુડ જેવા** છે. એની પાંખમાં આપણે બેસી ગયા છીએ માટે કાંઈ ચિંતા ન રાખવી.'

તેમજ સ્વામી મોક્ષ ઉપયોગી ખાસ **વિવેક દૃષ્ટિ** આપતા કહે છે : **''મોટા સાધુ** હોય તેને બીજા જેવા કહેવા તથા બીજાથી ઉતરતા જેવા કહેવા એ એનો **દ્રોહ** થાય છે.'' (૧/૨૨૨)

ઉપર દર્શાવેલ **તમામ વાતો** સંપ્રદાયના માન્ય ગ્રંથોના આધારે સમજાવવા માટે **અત્રે** લખેલી છે. પરંતુ અમારું વિનમ્રપણે **નિવેદન** છે કે, 'ભગવાન શ્રીહરિ **સમકાલીન** તેમના દીક્ષિત સંતો જે અક્ષરધામના **મુક્તો** હતા તેમાં કોણ મોટું અને કોણ નાનું તે **પ્રશ્ન** એ સંતો વચ્ચેનો છે અને તેનો **નિર્ણય** પણ તેઓ જ સારી રીતે કરી શકે. આપણા જેવા પામર જીવાત્માની તે **સામર્થી** છે નહિ, હોય નહિ અને તેમાં મોટા-નાનાનો ભેદ કરવાનો આપણને **અધિકાર** પણ નથી. આપણા માટે તો સ.ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામી, સ.ગુ. શ્રી મુક્તાનંદ સ્વામી, સ.ગુ. શ્રી બ્રહ્માનંદ સ્વામી, સ.ગુ શ્રી નિત્યાનંદ સ્વામી, સ.ગુ. ગુણાતીતાનંદ સ્વામી, આદિ તમામ **નંદપંક્તિના સંતો** તે **પૂજ્ય** જ છે ને **મોટા** છે. અને તેમાંના કોઈપણ શ્રીજીમહારાજના નાનામાં નાના દીક્ષિત સાધુની **ચરણની રજ** થવાનું મળે તો તે આપણું **મહાન સદ્‌ભાગ્ય** જ પ્રાપ્ત થયું સમજવું.

❖ ❖ ❖ ❖ ❖ ❖

આપણા **આધ્યાત્મિક વિકાસ** માટે પાયાની જરૂરિયાતોમાં **'ગુરુ'**નો પણ સમાવેશ આવશ્યક છે. પરંતુ આખી બાબતમાં એક વાત યાદ રાખજો કે ગુરુ આપણા આધ્યાત્મિક **માર્ગદર્શક** છે. જેઓ આપણા આધ્યાત્મિક વિકાસમાં **દોરવણી** આપે છે. તમારાં ધ્યેયની તેઓ પાસેથી બને તેટલી મદદ મેળવવી. જેથી તમારી **આધ્યાત્મિક સફર** સફળ નીવડે. તમારું ધ્યેય ભૌતિક રીતે એમને ચોંટી રહેવાનું ન હોવું જોઈએ. ચોંટવાનું તો સલૂણી મૂર્તિ ઘનશ્યામમાં છે એ વાત ક્યારેય ન ભૂલવી જોઈએ. ગુરુ સાથેનો સંપર્ક તો તમારા **અંતિમ ધ્યેય**નું જે **લક્ષ** પરમાત્માને પ્રાપ્ત કરવાનું છે અને તે પ્રાપ્તિ માટેનું જ હોવું જોઈએ, તેને **ચરિતાર્થ** કરાવે છે. જે સાચા ગુરુ હશે તે તો તમને પોતાને વિષે જ વળગી રહેવા માટે ક્યારેય **પ્રોત્સાહન** નહિ આપે. ગૌતમબુદ્ધ તેમના શિષ્યોને કહેતા હતા કે, **''ધ્યાન વખતે જો તમે પ્રભુને બદલે મને જુઓ તો તરત મને મારી નાંખજો.''** આ વાત ઉપર જણાવેલ મુદ્દાને વધુ સ્પષ્ટ કરવા જણાવી છે.

આજે વિમુખો કહે છે કે, અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીને વળગ્યા વિના સ્વામિનારાયણને પમાતું નથી, આ કેટલું **બેહૂદું** લાગે છે ?

જો તમે ભગવાન શ્રી સ્વામિનારાયણની જેમ ગુરુમાં જ વળગી રહેશો તો તમે તમારા **અંતિમ ધ્યેય** સુધી પહોંચી નહી શકો. કારણ કે તમારી **આધ્યાત્મિક સફર** ગુરુ પાસે આવીને અટકી જશે, પ્રભુ સુધી નહિ પહોંચે.

આ **દિવ્ય નિયમને સદાય યાદ રાખજો** કે, ગુરુઓ અથવા તો આધ્યાત્મિક રીતે પ્રબુદ્ધ થયેલ વ્યક્તિ સાથે **ગાંડાની જેમ** વળગી રહેશો તો આધ્યાત્મિક સફરમાં એક એવો પડાવ આવે છે. જ્યારે ગુરુ **મદદરૂપ થવાને બદલે** તમારી **આડખીલી રૂપ** બની જાય છે. આજ વાતને શ્રીજીમહારાજ આ રીતે ગઢડા પ્રથમ પ્રકરણના ૧લા વચનામૃતમાં કહે છે : 'ભગવાનની મૂર્તિનું ધ્યાન કરતા જે પદાર્થ આડું આવીને **આવરણ** કરે તેને **માયા** કહીએ.'

જે વ્યક્તિ ભગવાનને મૂકીને સદાય બીજી વ્યક્તિ પર આધાર રાખતી થઈ જાય છે તે મુક્તિ મેળવી નથી શકતી. **એક પરમાત્મા પર આધાર રાખવો** એ જ **મુક્તિનું સોપાન** છે. એ ક્યારેય ન ભૂલવું જોઈએ.

આપણે એક વાત ખાસ સમજી લેવી જોઈએ કે તમારું **અંતિમ ધ્યેય** ભગવાન શ્રી સ્વામિનારાયણ છે, નહિ કે ગુરુ ! ગુરુ તો એક સીધાસાદા

આધ્યાત્મિક **માર્ગદર્શક** છે. જે તમને તમારા અંતિમ ધ્યેય પરમાત્માને પ્રાપ્ત કરવામાં **મદદરૂપ** થાય છે. અને બીજી અગત્યની વાત જે તમારે (અર્થાત્ મુમુક્ષુ માત્રએ) સમજી લેવી જોઈએ કે, તમારે ગુરુ સ્વીકારવામાં આંધળું અનુકરણ ન કરવું જોઈએ. સાધુ-સંતો તમને જે **જ્ઞાન** આપે તેના ઉપર તમારે તમારા મનથી વિચાર કરી જે શાસ્ત્રમાં મળતું આવે તેને જ **ગ્રહણ** કરવું જોઈએ. તમારે બધા જ ઉપદેશો સાથે શાસ્ત્રોની વાતોને પણ સરખાવવી જોઈએ અને સાચા-ખોટાને **ક્ષીર-નીર ન્યાય**થી વિભાગ કરી લેતા શીખી જવું જોઈએ.

પરંતુ આધુનિક વાસ્તવિક જીવનમાં લોકો આ વાતથી તદ્દન ઉલટી રીતે વર્તે છે. તેઓ ધાર્મિક ગ્રંથોને વાંચતા નથી કે નથી તેમાંથી કોઈ **બોધપાઠ** ગ્રહણ કરતા. તેઓ તો આ ગ્રંથો પોતાના ધર્મના છે માટે ઉત્તમ છે તેમ કહીને તેના માત્ર **રક્ષક** બની જાય છે. પણ રાત-આંધળાની જેમ જોતા નથી કે લખનારા જે મહાપુરુષોએ જે ઉદ્દેશીને ગ્રંથો લખ્યા છે વિમુખ સંસ્થાઓએ તે ગ્રંથોમાં **ફેરફાર** કરી પોતાના મન ફાવતા પુસ્તકો છપાવ્યા છે. શિક્ષાપત્રીને પણ પોતાને મન ફાવતી છપાવી છે. એટલે જ કહેવાતી આ ધાર્મિક વ્યક્તિ પોતે માનેલા ધર્મની આજુબાજુ એક **દિવાલ** ખડી કરી દે છે. જેમાં બીજી વ્યક્તિએ ચંચુપાત કે દખલગીરી ન કરવી તેમ તેઓ ચુસ્તપણે ઈચ્છે છે. અને પોતાના ધર્મના ગ્રંથો વિષે બીજા લોકોએ **ટીકા-ટીપ્પણી** કરવાની હિંમત પણ ન કરવી જોઈએ તેમ તેઓ માને છે. અને જો કોઈ તેવી હિંમત કરે છે તો તલવાર મ્યાનમાંથી બહાર નીકળી પડે છે અને **તોફાનો** શરુ થઈ જાય છે. અને તેથી જ સાચું કહેવામાં આવ્યું છે કે, જગતમાં સૌથી વધુ યુદ્ધો **ધર્મના નામે** જ થયા છે.

બીજી રમૂજી વાત આપણા સમાજમાં એ **વાસ્તવિક** જોવામાં આવી છે કે, એક જ સંપ્રદાયના પડેલા બે વિભાગોમાં એક પક્ષના ધર્મમાં માનનારા લોકો બીજા પક્ષના ધર્મના મૌલિક એવા પણ ધાર્મિક ગ્રંથોનો અભ્યાસ કરતા નથી. જે ધર્મગ્રંથોમાં ધર્મના પ્રબુદ્ધ મહાપુરુષોએ **સર્વોચ્ચ સત્ય**ને જ ઉચ્ચાર્યું હોય છે. પરંતુ આ વાતથી વંચિત રહેતા એકજ સંપ્રદાયમાં ધાર્મિક જુથો વચ્ચે **જુદાગરો** ઊભો થાય છે.

હવે **સાચો અભિગમ** તો એ છે કે, ધાર્મિક ગ્રંથોને તાળા-કૂંચીમાં રાખ્યા વગર અને રોજ તેના ઉપરથી ફક્ત ધૂળ ખંખેરતા રહેવાને બદલે, લોકોએ તેનો અભ્યાસ કરવો જોઈએ. અને તેમાં જે લખેલું છે તેનો **સારાંશ** ગ્રહણ કરી જીવનમાં ઉતારવો જોઈએ. ખરેખર તો વ્યક્તિએ ફક્ત પોતે માનેલા ધર્મના જ ગ્રંથોનો અભ્યાસ ન કરવો જોઈએ. પરંતુ મૂળ સંપ્રદાયમાં રહેલા **પુરાતની ગ્રંથો**નો પણ **અભ્યાસ** કરવો જોઈએ. સત્ય વાતો કે સત્ય **અભિપ્રાયો**ને ખૂલ્લા અને વૈજ્ઞાનિક મનથી સ્વીકારવા જોઈએ.

સાચી વાત તો એ છે કે, **પરમ સત્ય** તો તમારે તમારી જાતે ખોળી કાઢવાનું હોય છે. સત્ય કોઈની પાસેથી ઉછીનું કે ઉતારો કરીને લેવાનું નથી હોતું કે કોઈ ધર્મગ્રંથનું સાર-અસાર સમજ્યા વિના **આંધળું અનુકરણ** કરી મેળવાતું નથી. સત્યની તમારી શોધમાં **ધાર્મિક ગ્રંથો** અને તે જે તે ધર્મના પ્રબુદ્ધ **મહાપુરુષો** દ્વારા જે ઉદ્દેશથી લખાયેલા હોય તે સારાંશ પકડવાનો આગ્રહ હોવો જોઈએ. તેને સમજ્યા વગર તેનું આંધળું અનુકરણ ન તો તે ધર્મ માટે કે ન તમારા માટે હિતાવહ છે.

મહેરબાની કરી મનમાં એક વાત કોતરી રાખજો કે, અંતિમ સત્ય તો તમારે પોતે જ જાણવાનું-ખોળવાનું રહેશે. સત્ય ઉછીનું મળતું નથી કે નથી તેની નકલ મળતી. સાચા ગુરુની શોધ માટે તો સત્સંગિજીવન, વચનામૃત, શ્રીહરિદિગ્વિજય જેવા **ગ્રંથો**ના **અભ્યાસ**ની સાથે સ.ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામી જેવા **સંતો** તથા સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામી જેવા અનુભવ સિદ્ધ પરબ્રહ્મ નિષ્ઠ સંતોના વચનોની સાંખ્ય જરૂર લેવી જ પડે. અને ત્યારે જ **સાચા સદ્‌ગુરુની ઓળખાણ** થાય અને મળેલા હોય તો તેનો **મહિમા** યથાર્થ સમજી શકાય.

તમે કોઈ સાધુ-સંતોનું વ્યાખ્યાન સાંભળો, તેના લખાણો વાંચો. તેનો કોઈ વાંધો નથી, પરંતુ સાચી વાત સમજ્યા વગર અને શાસ્ત્રોના વચનને

સરખાવ્યા વગર તેને ગુરુ કરવામાં **આંધળું અનુકરણ** કરવું યોગ્ય નથી. તમારી અક્કલ અને હોંશિયારીથી તમારે તેની વાતના **લેખાજોખા** કરવા જોઈએ. અને તેની વાતો અંગે મૂળ ધર્મગ્રંથોના વચનો જોવા જોઈએ અને પછી જ ગુરુ કરવા જોઈએ કે તમારો મત બાંધવો જોઈએ. તમારી હાલની અક્કલ-હોંશિયારીના સ્તરે તમે કદાચ તેની વાત બરાબર ન પણ સમજી શક્યા તો તમારે શિષ્ય બનવાનું છે - માટે તમારા મંતવ્યનો ચૂકાદો **મોકુફ** રાખવો જોઈએ. તોપણ તમે ઘણા અપાયો (અનિષ્ટો કે પાપો)થી બચી જશો.

ખરેખર તો **આધ્યાત્મિકતા** એક એવી **પ્રક્રિયા** છે કે આપણે સર્વપ્રથમ તો **જુદમાંથી મુક્તિ** મેળવવી જોઈએ અને જીવનની સ્લેટ ચોખ્ખી કરી નાખવી જોઈએ. તે પછી જ કશુંક કામનું ત્યાં લખી શકાશે. આપણે યોગ્ય રીતે વિકાસ કરવા માંગતા હોઈએ તો આપણે હકીકતો ઉપર ધ્યાન આપવું જોઈએ, માન્યતા ઉપર નહિ. **સાચો વૈજ્ઞાનિક** કોઈ વાતને માન્ય કે અમાન્ય કરતો નથી, તે તો પોતાની આંખ અને બુદ્ધિથી તેને તપાસે છે. જો તેની સત્યની એરણ ઉપર એ વાત સાચી ઠરે છે તો તે તેનો **સહર્ષ સ્વીકાર** કરે છે. સાચો વૈજ્ઞાનિક કોઈપણ વાતની તરફેણ કે વિરુદ્ધમાં હોતો નથી. તેનો સંબંધ તો **સત્ય** અને **હકીકતો** સાથે હોય છે.

આજ **અભિગમ** પુસ્તકો, ધાર્મિક શાસ્ત્રો અને ગ્રંથો વાંચતી વખતે અપનાવવો જોઈએ. **'કોઈ મહાત્માએ કહ્યું છે માટે સાચું છે'** એમ તમારે માની ન લેવું જોઈએ. તમારે તો ફક્ત એ વાતને ધર્મશાસ્ત્રો સાથે સરખાવી, વિચારી, તપાસી ખુલ્લા મનથી સમજી લીધા પછી જ તેનો **સ્વીકાર** કરવો જોઈએ. જ્યારે કોઈપણ વાત તમે સમજ્યા પછી સ્વીકારો છો તો તે **ઉછીનું જ્ઞાન** બની જતું નથી, એ તમે **મેળવેલું જ્ઞાન** હોય છે.

ભારતમાં આપણે ઘણીવાર જોયું છે કે, એક ગુરુને માનનારાઓ તેમનો **એક પંથ** બનાવે છે. અને બીજા ગુરુને માનનારાઓ તેનાથી **વિરુદ્ધ પંથ** બનાવે છે. અને બંને એકબીજાના શત્રુ બની જાય છે. કારણ કે બંનેનો દાવો હોય છે કે તેમના ગુરુ જ **સર્વોચ્ચ** છે. એક પંથવાળો કહેશે કે તેમના ગુરુ સાચા છે, તો બીજા પંથવાળા કહેશે કે તેમના ગુરુ જ સાચા છે. બસ, આ જ પરિસ્થિતિ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં પ્રત્યક્ષ દેખાય છે. શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં આજે અનેક ગુરુઓ થયા છે. આજે ભલભલા મુમુક્ષુઓ દ્વિધામાં પડે છે કે **દીક્ષા ગુરુ** બનાવવા કોને ? આજે એકવીસમી સદીમાં **લાખ ડોલર**નો આ **પ્રશ્ન** છે.

પરંતુ ભગવાન શ્રી સ્વામિનારાયણ તો અવતારના અવતારી હતા. મુમુક્ષોઓની આ મુંઝવણથી સંપૂર્ણ **વાકેફ** હતા. એટલા માટે જ ભગવાન શ્રી સ્વામિનારાયણે વડતાલ પ્રકરણના ૧૮માં વચનામૃતમાં **સુસ્પષ્ટ શબ્દોમાં** કહ્યું છે. જોઈએ એના એ જ શબ્દોમાં...:-

''...સત્સંગી હોય તેને **અવશ્યપણે શી શી વાર્તા જાણી જોઈએ ?** કેમ જે, તેને કોઈક પૂછે અથવા પોતાના મનમાં કોઈક તર્ક થઈ આવે ત્યારે જો તે વાર્તા જાણી ન હોય તો તેનું **સમાધાન** કેમ થાય ?'' એમ પ્રશ્ન પૂછીને પછી પોતે જ બોલ્યા જે, ''લ્યો એનો ઉત્તર અમે જ કરીએ છીએ જે, એક તો આપણો **ઉદ્ધવ સંપ્રદાય** છે તેની **રીત** જાણી જોઈએ તથા **ગુરુ પરંપરા** જાણી જોઈએ, તે કેવી રીતે તો ઉદ્ધવ તે રામાનંદ સ્વામીરૂપે હતા, ને તે રામાનંદ સ્વામી શ્રીરંગક્ષેત્રને વિષે સ્વપ્નમાં સાક્ષાત્ રામાનુજાચાર્ય થકી **વૈષ્ણવીદીક્ષા**ને પામ્યા. માટે રામાનંદ સ્વામીના ગુરુ તે રામાનુજાચાર્ય છે ને તે રામાનંદ સ્વામીના શિષ્ય અમે છીએ એવી રીતે ગુરુપરંપરા જાણવી. અને અમે અમારા **ધર્મકુળનું સ્થાપન** કર્યું છે તેની **રીત** જાણવી. અને ત્રીજા અમારા સંપ્રદાયમાં અતિ પ્રમાણરૂપ જે શાસ્ત્ર છે તેને જાણવાં; તે શાસ્ત્રના નામ ૧. વેદ, ૨. વ્યાસસૂત્ર, ૩. શ્રીમદ્ ભાગવત પુરાણ, ૪. મહાભારતને વિષે વિષ્ણુસહસ્રનામ, ૫. ભગવદ્‌ગીતા, ૬. વિદુરનીતિ, ૭. સ્કંદપુરાણના વિષ્ણુખંડ માંહિલું વાસુદેવ માહાત્મ્ય અને ૮. યાજ્ઞવલ્ક્યસ્મૃતિ, એ જે આઠ શાસ્ત્ર તેને જાણવાં, અને ચોથા સર્વે સત્સંગીના જે જે નિયમ છે તેને જાણવા. અને પાંચમા આપણા ઈષ્ટદેવ જે શ્રીકૃષ્ણ ભગવાન તેને જાણવાં...''

આ રીતે **શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય**માં પ્રવેશેલા મુમુક્ષુઓએ **પાંચ વાર્તા** અવશ્ય જાણવી જોઈએ. (૧) સંપ્રદાયની રીત (૨) ગુરુપરંપરા (૩) સંપ્રદાયના પ્રમાણરૂપ શાસ્ત્રો (૪) સર્વના નિયમો (૫) ભગવાનનું સ્વરૂપ.

આ જ વચનામૃતને **'શ્રીહરિવાક્યસુધાસિંધુ'** ગ્રંથમાં સ.ગુ. શ્રી શતાનંદ સ્વામીના શબ્દોમાં જોઈએ :-

'तत्राद्यः सम्प्रदायस्तु स्वगुरूणां परंपरा ।। गुरुस्तत्रादिमो ज्ञेय उद्धवोऽध्वप्रवर्तनात् ।।
बोध्यः स रामानंदो हि कृष्णार्पित गुरुत्वधूः ।। स्वामिनस्तस्य च ज्ञेयः साक्षात् रामानुजो गुरुः ।।
श्रीरङ्गाख्ये महाक्षेत्रे समाधौ च गुरोस्ततः ।। प्राप्तवान् वैष्णवीं दीक्षां तस्य शिष्यो भवाम्यहम् ।।
मयाऽयोध्याप्रसादे च रघुवीरे सुते स्विका ।। धर्मवंश्येऽस्ति निहिता गुरुतेति गुरुक्रमः ।।'

(હ.વા.સુ.સિં. - ત. ૨૧૮ / વચ. વર.૧૮)

શ્રીજીમહારાજ કહે છે કે, **ગુરુપરંપરા જાણવી જોઈએ.** કેવી રીતે ? તો રામાનંદ સ્વામી ઉદ્ધવના અવતાર હતા ને શ્રીકૃષ્ણ પરમાત્મા થકી સાક્ષાત્ ગુરુપદને પામ્યા હતા. તોપણ શ્રીરંગક્ષેત્રને વિષે રામાનુજાચાર્ય થકી વૈષ્ણવી દીક્ષાને પામ્યા હતા. જ્યારે બીજી બાજુ રામાનંદ સ્વામીના શિષ્ય શ્રીજીમહારાજ પોતે થયા અને તે સ્વયં ભગવાન શ્રીહરિએ ધર્મકુળના અયોધ્યાપ્રસાદ અને રઘુવીરજી મહારાજ બંને આચાર્યમાં પોતાના ગુરુપરંપરાપદની સ્થાપના કરી.

પ.પૂ. આદિઆચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ **'શ્રીહરિવાક્યસુધાસિંધુ - સેતુમાલા ટીકા'** ગ્રંથમાં લખે છે તે જોઈએ તેમના જ શબ્દોમાં :-

'मया धर्मवंश्ये । धर्मवंशभवे । सूते दत्तविधिना पुत्रत्वेनाङ्गीकृते अयोध्याप्रसादे रघुवीरे च स्विका मदीया गुरुता । आचार्यधुरा निहिता समाहिता ।।'

શ્રીજીમહારાજ સ્વયં કહે છે : ''મેં પોતે ધર્મવંશમાં જન્મેલા, દત્તવિધિથી પુત્રપણાથી સ્વીકારેલ એવા અયોધ્યાપ્રસાદજી મહારાજ અને રઘુવીરજી મહારાજ આ બંને પુત્રોને મારું **ગુરુપદ**-આચાર્યપદ સમ્યક્ પ્રકારે આપેલું છે, એમ જાણવું.''

(શ્રીહરિવાક્યસુધાસિંધુ : ત. ૨૧૮ / વચ. વર.૧૮)

આ શાસ્ત્રના વચનોથી એક વાત સ્પષ્ટ અને સચોટ થાય છે કે, મુમુક્ષુએ **'ગુરુ'** કેવલ **ધર્મવંશી આચાર્ય**ને જ બનાવવા. આ વાર્તાને મુમુક્ષુ સત્સંગીએ અવશ્ય જાણવી જોઈએ એવી ભગવાન શ્રી સ્વામિનારાયણની **આજ્ઞા** છે.

● **શુદ્ધ સંપ્રદાયનું જ્ઞાન કોને કહેવાય ?**

આ પ્રશ્નનો ઉત્તર આપતા સ.ગુ. શ્રી **ગોપાળાનંદ સ્વામી** કહે છે:-

અને વળી પુરુષોત્તમ ભગવાને આચાર્યજી મહારાજને આજ પોતાના દત્તપુત્ર કરીને સર્વે સાધુ તથા સત્સંગીના ગુરુ કરીને પોતાની ગાદી ઉપર બેસાર્યા છે, તેમાં તથા લક્ષ્મીનારાયણ આદિક જે મૂર્તિયું પોતે પધરાવી છે તેમાં પણ પોતાના **અવતાર જેટલું દૈવત** પોતે મૂક્યું છે માટે તે આચાર્ય તથા પોતાની પધરાવેલી જે મૂર્તિયું તેને અવતારી જે **પુરુષોત્તમ ભગવાન** તેના **અવતાર જેવા** જાણવા ને જેમ અવતારને અર્થે કરે તેને પોતે અંગીકાર કરે છે તેમજ આચાર્યજીને અર્થે તથા પોતાની પધરાવેલી જે મૂર્તિયું તેમને અર્થે જે સેવા કરે તે પોતે અંગીકાર કરે છે. તેમજ **તેમને અર્થે કોઈક સેવા કરતા હોય તેને અવળી વાત કહીને ભાંગી નાખે** તથા એમ કહે જે **'આચાર્યને અને લક્ષ્મીનારાયણને ક્યાં ખોટ છે** માટે **કાંઈ ધર્માદાનું હોય તથા નામનું હોય તે સંતને અર્થે ખર્યો.** કેમ જે **સંતને અર્થે જે જે કરે છે તે તત્કાળ ઉગી નિસરે છે.'** એમ **અવળો** ઉપદેશ કરીને પોતાની શુશ્રૂષાને અર્થે બીજાને મોળા પાડે છે, તથા કોઈક સારું મનુષ્ય હોય ને તે દેવની તથા આચાર્યની સેવા કરતો હોય તેને **પોતાની સેવા કરાવ્યાને અર્થે અવગુણ** ઘાલીને

તેમની સેવામાંથી પાછા પાડીને પોતાની સેવા કરાવે તો તેને **પંચ મહાપાપ** જેવું પાપ થાય છે માટે આ કહ્યું એમ સમજે તોજ શુદ્ધ સંપ્રદાયનું જ્ઞાન પામ્યા કહેવાય, નહિ તો અશુદ્ધ સંપ્રદાયનું જ્ઞાન કહેવાય ને આ વાત તો કેવી છે તો જેમ **હીરો હોય ને તેને જતન કરીને રાખે તેમ** આ વાતને **હીરાની પેઠે** નિત્ય નવી ને નવી રાખજો પણ ગાફલપણે કરીને **ભુલશોમાં,** જરૂર **ભુલશોમાં.** કેમ જે આ વાતને જે ન સમજે તેને મોક્ષના માર્ગમાં બહુ ફેર પડે છે.

(શ્રી ગોપાળાનંદ સ્વામીની વાતો : ૩/૮)

આ આખી બાબતમાં એક વાત યાદ રાખજો કે, અન્ય સંપ્રદાયોમાં **જ્ઞાનગુરુ** અને **દીક્ષાગુરુ** એકજ હોય; પરંતુ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં એક **વિશિષ્ટતા** એ છે કે જ્ઞાનગુરુ **સંતો** છે અને દીક્ષાગુરુ **પ.પૂ. આચાર્ય મહારાજશ્રી** છે. જ્ઞાનગુરુઓ ભગવાન શ્રી સ્વામિનારાયણની **આજ્ઞાનું પાલન** કરતા કરાવતા થકા શુદ્ધ **સર્વોપરી ઉપાસના**નું **જતન** કરે છે અને દીક્ષાગુરુ પ.પૂ. આચાર્ય મહારાજશ્રી ભગવાન શ્રી સ્વામિનારાયણના દરેક પ્રકારના **મૂળભૂત સિદ્ધાંતો**ને જાળવે છે. આ રહસ્યને હંમેશાને માટે યાદ રાખજો તો તમે ક્યારેય થાપ નહિ પામો. અન્યથા લોંગ કોટનું એકજ બટન ઊંધું દેવાય તો બીજા બધાજ બટનો ખોટા દેવાય છે, આ વાતને સહુ કોઈ જાણે છે.

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં પંચવર્તમાનયુક્ત સંતોની બહુ મોટી **ગરિમા** અને **પ્રતિષ્ઠા** છે. પંચવર્તમાનયુક્ત સંતો તો **ભાગવતધર્મનું પોષણ** કરનારા છે. આ રહસ્ય સ્વયં સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણે ગઢડા પ્રથમ પ્રકરણના ૫૪માં વચનામૃતમાં કહ્યું છે. આથી મોટું કયું પ્રમાણ હોઈ શકે ? તો હવે જોઈએ સ્વયં શ્રીજીમહારાજના શબ્દોને...:

પછી શ્રીજીમહારાજ બોલ્યા, ''સ્વધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને માહાત્મ્યજ્ઞાન તેણે સહિત જે ભગવાનની ભક્તિ તેણે યુક્ત એવા જે **ભગવાનના એકાંતિક સાધુ** તેના **પ્રસંગ થકી** ભાગવતધર્મનું **પોષણ** થાય છે. અને વળી જીવને મોક્ષનું જે દ્વાર તે પણ એવા સાધુના **પ્રસંગ** થકી ઉઘાડું થાય છે. અર્થાત્ એવા ધર્મવાન સાધુના સમાગમથી મોક્ષનો માર્ગ **પ્રશસ્ત** થાય છે. પણ પોતે બની બેઠેલા કહેવાતા મોટા સાધુથી નહિ તે **સ્પષ્ટ** છે.''

સ.ગુ. શ્રી શતાનંદ સ્વામી **'શ્રી સત્સંગિજીવન'** ગ્રંથમાં લખે છે :-

'यस्यासन्ना भवान्मुक्तिस्तस्य वः सङ्गमो भवेत् । येनैव जायते प्रीतिः श्रीमन्नारायणे प्रभौ ।।'

હે સંતો ! 'જે જીવાત્માને ભવબંધન થકી મુક્તિ મેળવવાનો સમય નજીક આવ્યો હોય તેને જ તમારા જેવા સત્પુરુષોનો **સુયોગ** પ્રાપ્ત થાય છે અને તમારા સમાગમરૂપી યોગથી જ સમર્થ શ્રીનારાયણ ભગવાનના સ્વરૂપને વિષે **ગાઢ પ્રીતિ** થાય છે.' (શ્રી સત્સંગિજીવન : ૧/૫/૪૦)

શ્રીકૃષ્ણ પરમાત્મા પણ કહે છે :-

'परित्राणाय साधूनां विनाशाय च दुष्कृताम् । धर्मसंस्थापनार्थाय संभवामि युगे युगे ।।'

(શ્રીમદ્ ભગવદ્ ગીતા)

સત્પુરુષોનો વિનાશ થાય તેવા દુષ્કૃત્યો સર્જાય ત્યારે ત્યારે **ધર્મનું સ્થાપન કરવા** દરેક યુગે યુગે હું જન્મને ધારણ કરું છું.

આ **શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય**ના મૂળિયા **પાતાળ સુધી** પહોંચાડવા માટે અને એની શાખાઓને **આસમાન સુધી** અંબાડવા માટે શ્રીજીમહારાજની દિવ્ય **અલૌકિક પરંપરા**ના પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીઓ, ધર્મકુળ પરિવાર સહિત રાત્રિ-દિવસ એક કરી **પુરુષાર્થ** કરે છે. અને તેમની આજ્ઞાથી તેમના દીક્ષિત સંતોએ પણ ગામડે ગામડા ખુંદી ભૂખ-તરસ, માન-અપમાન અને અનેક પ્રકારના **કષ્ટો**ને સહન કરીને પણ, તેમજ ધર્મકુળ આશ્રિત - હરિભક્તોએ પોતાના **ભૌતિક સુખ**નો ત્યાગ કરીને કળિયુગની ભયાનક હોનારતોમાં પણ **શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય**ના

વડતાલને **લીલો** રાખ્યો છે, અને **ઉની આંચ** પણ આવવા દીધી નથી.

વડતાલ પ્રકરણના ૧૮માં વચનામૃતમાં **દીક્ષાગુરુ પરંપરા**ની સ્પષ્ટતા કરી છે, તે **'શ્રીહરિવાક્યસુધાસિંધુ'** ગ્રંથમાં સ.ગુ. શ્રી શતાનંદ સ્વામીના શબ્દોમાં જોતા સ્પષ્ટ જણાય આવે છે.

'શ્રીરङ्गाख्ये महाक्षेत्रे समाधौ च गुरोस्ततः ।। प्राप्तवान् वैष्णवीं दीक्षां तस्य शिष्यो भवाम्यहम् ।।
मयाऽयोध्याप्रसादे च रघुवीरे सुते स्विका ।। धर्मवंश्येऽस्ति निहिता गुरुतेति गुरुक्रमः ।।'

(હ.વા.સુ.સિં. - ૨૧૮ / વચ. વર. પ્ર. ૧૮)

આ શ્લોકોમાં 'प्राप्तवान् वैष्णवीं दीक्षाम्' શબ્દો પ્રયોજાયેલા છે. એનો અર્થ એ જ છે કે રામાનંદ સ્વામીએ રામાનુજાચાર્ય પાસે દીક્ષા લીધી હતી. અને રામાનંદ સ્વામીએ અમને દીક્ષા આપી **'આચાર્યપદ'** પર આરુઢ કર્યા. અને અમે અમારા દત્તપુત્ર અયોધ્યાપ્રસાદજી અને રઘુવીરજીને દીક્ષા આપી **'આચાર્યપદ'** પર આરુઢ કર્યા છે.

ધર્મદેવને સદ્‌ગુરુવર્ય શ્રી રામાનંદ સ્વામીએ પ્રયાગક્ષેત્રમાં **યૈષ્ણવી મંત્રદીક્ષા** આપી હતી. અને થોડા વખતમાં જ ધર્મદેવ, રામાનંદ સ્વામીના અંતરનો પરમ પ્રેમ અને સંપૂર્ણ વિશ્વાસ સંપાદન કરી શક્યા. રામાનંદ સ્વામીએ એમને પોતાના સર્વ શિષ્યોમાં **જ્યેષ્ઠપદે** નિયુક્ત કર્યા અને મુમુક્ષુઓને દીક્ષા આપીને શિષ્ય બનાવવાનો પોતાનો **અધિકાર** પણ એમને એકલાને આપ્યો.

(શ્રી સત્સંગિજીવન :૧/૧૬/૪-૫-૬)

તે જ ધર્મદેવને પોતાના ગુરુ બનાવી બાળપ્રભુ શ્રી ઘનશ્યામ મહારાજે **અષ્ટાક્ષર મંત્ર** પોતાના પિતા-ગુરુ પાસેથી જ લીધો હતો. જેની નોંધ કરતા સ. ગુ. **શ્રી નિષ્કુળાનંદ સ્વામી 'ભક્તચિંતામણી'**માં કહે છે :-

'વળી શાસ્ત્રયુક્ત ભક્તિ જેહ રે, કરવી કૃષ્ણની તાત કહે તેહ રે; સુણો મંત્ર હુંથી મહામતિ રે, અષ્ટાક્ષરનો તે શુભ અતિ રે.
વળી ત્રણ પ્રકારનો જેહ રે, કહ્યો પિતાએ કરી સનેહ રે; કહ્યું એ મંત્ર વહાલો છે મને રે, અતિ હેત કરી કહ્યો તને રે.
કરો જપ તેનો પૂજા નિત્ય રે, પાળજ્યો સ્વધર્મ રૂડી રીત્ય રે; એવી તાતે શિખામણ દીધી રે, માંડ્યું વર્તવા હરિ એ વિધિ રે.'

(ભક્તચિંતામણી : પ્ર-૨૩/૩૯-૪૧)

વળી, ધર્મદેવે સં. ૧૮૪૮ના જેઠ માસમાં જ્યારે ધામમાં જવાની તૈયારી કરી હતી, ત્યારે પોતાના પુત્ર **રામપ્રતાપ** અને **ઈચ્છારામ**ને બોલાવી કહે છે :-

'નિજ આચારજ પદ જેહ, સ્થાપશે તમારે કુળ જેહ; એમ કરી મોટા મોટા કામ, પછી પધારશે નિજધામ.'

(ભક્તચિંતામણી : પ્ર-૨૬/૧૮)

આમ, **સંપ્રદાયનું ગુરુપદ** સ.ગુ. શ્રી રામાનંદ સ્વામીએ **ધર્મદેવ**ને જ આપેલું અને ધર્મદેવે આ પદ પોતાના કુળમાં જ રહેશે તેવી **ભવિષ્યવાણી** સં. ૧૮૪૮ના જેઠ માસમાં ઉચ્ચારેલી.

આચાર્યપદ ધર્મવંશમાં સ્થાપન કરશે એવી **ભવિષ્યવાણી** સં.૧૮૪૮માં જેઠ માસમાં સ્વયં ધર્મદેવે ઉચ્ચારી હતી. જોઈએ ગ્રંથરાજ **'શ્રી સત્સંગિજીવન'**ના શબ્દોમાં :-

'आचार्यत्वं च युवयोः स्थापयित्वा कुले निजम् । स्वकीयं धाम परमं प्रयास्यति महायशाः ।।'

હે રામપ્રતાપ તથા ઈચ્છારામ ! મહા યશસ્વી આ શ્રીહરિ તમારા કુળમાં પોતાના **'આચાર્યત્વપદ'** ની સ્થાપના કરશે અને પછી પોતાના પરમશ્રેષ્ઠ બ્રહ્મધામમાં પ્રયાણ કરશે.

(શ્રી સત્સંગિજીવન : ૧/૩૯/૧૦)

જ્યારે ભગવાન શ્રીહરિએ ભર સભામાં પ્રશ્ન કર્યો કે મારા સ્થાને કોને આરૂઢ કરવા ? ત્યારે મુક્તાનંદ સ્વામી આદિક **સભાજનો** કહે છે:

'प्रागेवाचार्यपदवी धर्मदेवाय धीमते। रामानंदेन सन्दत्ता स्वामिना गुरुणा प्रभो ।।'

હે પ્રભુ! ગુરુ રામાનંદ સ્વામીએ પૂર્વે **આચાર્ય પદવી** બુદ્ધિશાળી ધર્મદેવને આપી હતી.

(શ્રીહરિલીલાકલ્પતરુ : ૧૦/૨ /૮)

'अथायाते त्वयि स्वामिन् रामानंदस्य सन्निधिम् । तुभ्यं धर्मभुवे दत्तं तेन आचार्य पदं शुभम् ।।'

હે સ્વામિન્ ! તમે રામાનંદ સ્વામી પાસે આવ્યા ત્યારે રામાનંદ સ્વામીએ **આચાર્યપદ** ધર્મદેવનાં પુત્ર જાણી તમને આપ્યું.

(શ્રીહરિલીલાકલ્પતરુ : ૧૦/૨ /૯)

'स्थातुं तव पदे योग्यो धर्मवंशोद्‌भवः पुमान् । प्रादुर्भूतो भवान् यस्मिन्सर्वकारणकारणम् ।।
यथा सिहांगना दुग्धं स्वर्णपात्रे हि तिष्ठति । तथा त्वदीयमेतद्वै धर्मवंश्ये समर्हति ।।'

તમારા સ્થાનમાં રહેવા માટે **ધર્મવંશ** કુળમાં ઉત્પન્ન થયેલા પુરુષ જ યોગ્ય છે, જેમાં સર્વકારણના કારણ આપ પ્રાદુર્ભાવ પામેલા છો. જેમ સિંહણનું દૂધ સુવર્ણ પાત્રમાં જ રહે છે તેવી રીતે તમારું પદ **ધર્મવંશમાં જ યોગ્ય** છે.

(શ્રીહરિલીલા પ્રદીપ : કિ-૩, અધ્યા.- ૯, શ્લો.- ૧૧-૧૨)

'धर्मवंशीयतुल्योऽन्यो न वै स्यात् कोऽपि धर्मज !। त्वदीयधर्मधुर्वाहे शक्तोऽस्त्येव स नेतरः ।।'

હે ધર્મનંદન ! ધર્મવંશીની સમાન બીજા કોઈ **ધર્મવાન** નથી. અને આ તમારી ધર્મધુરાનું વહન કરવામાં **ધર્મવંશમાં ઉત્પન્ન માણસ** જ શક્તિમાન છે બીજો કોઈપણ **શક્તિમાન** નથી.

(શ્રીહરિલીલા પ્રદીપ : કિ-૩, અધ્યા.- ૯, શ્લો.- ૧૩)

આ રીતે સંતો-ભક્તોના મંતવ્ય સાંભળી ભગવાન શ્રીહરિ કહે છે:

'किञ्चान्येषामबुद्धिनां जनानां स्यादयं भ्रमः ।
स्वामिना स्वकुले न्यस्तं गुरुत्वं स्वीयमुत्तमम् ।।'

મેં પણ મારા સ્થાને ધર્મવંશી બાળકને જ બેસારવાનો વિચાર કર્યો છે. પરંતુ બીજા બુદ્ધિહીન (ઓછી બુદ્ધિવાળા) મનુષ્યોને એવો ભ્રમ થશે કે પોતાના ધર્મકુળમાં જ કેમ પોતાનું આવું શ્રેષ્ઠ **આચાર્યપદ** (ગુરુપદ) સ્થાપન કર્યું. (તે માટે હું વિચારતો હતો, તમોએ મારા વિચારને પુષ્ટ કરી આપ્યો.)

(શ્રીહરિલીલાકલ્પતરુ : ૧૦/૨/૩૦-૩૧)

ભગવાન શ્રી સ્વામિનારાયણે પણ પોતાના સ્થાન ઉપર ધર્મવંશી આચાર્યની સ્થાપના કરીને શિક્ષાપત્રીમાં ભગવાન શ્રીહરિએ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના આશ્રિતોને આદેશ આપ્યો છે કે :

'मदाश्रितानां सर्वेषां धर्मरक्षणहेतवे । गुरुत्वे स्थापिताभ्यां च ताभ्यां दीक्षा मुमुक्षवः ॥'

અને અમારે આશ્રિત જે સર્વે સત્સંગી, તેમના ધર્મની રક્ષા કરવાને અર્થે એ સર્વેના ગુરુપણાને વિષે અમે સ્થાપન કર્યા એવા જે તે અયોધ્યાપ્રસાદ અને રઘુવીર, તેમણે મુમુક્ષુજનને દીક્ષા આપવી.

(શિક્ષાપત્રી : શ્લોક - ૧૨૮)

આ રીતે ભગવાન શ્રી સ્વામિનારાયણ સ્થાપિત અવિચ્છિન્ન **અણિશુદ્ધ** વંશવારસાગત **દીક્ષાગુરુપરંપરા-આચાર્ય પરંપરા** સ્વીકારવામાં આવે છે. અને વડતાલના ૧૮માં વચનામૃતમાં દીક્ષાગુરુપરંપરા બતાવવા તરફ શ્રીજીમહારાજનો **અનુરોધ** છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણે આચાર્ય-ગુરુપરંપરાને આગળ વધારવા સ્વયં **બે આચાર્ય-ગુરુપરંપરા** ચાલુ કરી. જે એક શ્રી લક્ષ્મીનારાયણ દેવ પીઠસ્થાન - **વડતાલ** પરંપરા અને બીજી શ્રી નરનારાયણ દેવ પીઠસ્થાન - **અમદાવાદ** પરંપરાના નામે પ્રસિદ્ધ છે. આ બંને આચાર્ય-ગુરુપરંપરાઓ વર્તમાન સમયમાં પણ ચાલી આવે છે.






દક્ષિણ વિભાગ વડતાલ દેશ શ્રી લક્ષ્મીનારાયણ દેવ ગાદી પીઠસ્થાન 'આચાર્ય પરંપરા'

૧. પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ શ્રી આદિઆચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ
૨. પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી ભગવત્પ્રસાદજી મહારાજ
૩. પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજ
૪. પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી શ્રીપતિપ્રસાદજી મહારાજ
૫. પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી આનંદપ્રસાદજી મહારાજ
૬. પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી નરેન્દ્રપ્રસાદજી મહારાજ
૭. પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ શ્રી વિદ્યમાન આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજ
૮. પ.પૂ. ધર્મકુળ મુગટમણિ ૧૦૮ લાલજી શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજ









ઉત્તર વિભાગ અમદાવાદ દેશ શ્રી નરનારાયણ દેવ ગાદી પીઠસ્થાન 'આચાર્ય પરંપરા'

૧. પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ શ્રી આદિઆચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ
૨. પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી કેશવપ્રસાદજી મહારાજ
૩. પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી પુરુષોત્તમપ્રસાદજી મહારાજ
૪. પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી વાસુદેવપ્રસાદજી મહારાજ







૫. પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી દેવેન્દ્રપ્રસાદજી મહારાજ
૬. પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજ
૭. પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ શ્રી વિદ્યમાન આચાર્ય શ્રી કેશલેન્દ્રપ્રસાદજી મહારાજ
૮. પ.પૂ. ધર્મકુળ મુગટમણિ ૧૦૮ લાલજી શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજ




આજે સંપ્રદાયમાં **ઉત્થાન** અને **ઉલ્લાસ**ના ડંકા વાગી રહ્યા છે, મસ્તી અને આનંદની **ઝાલર** રણઝણે છે; વૈદિક પરંપરાના **સિદ્ધાંત**થી **સભર ડાળીઓ** લૂમીઝૂમી રહી છે. તેનું કારણ પુરા સંપ્રદાયના ગુરુસ્થાને બિરાજમાન પ.પૂ. આચાર્ય મહારાજશ્રીમાં **ભગવાન શ્રી સ્વામિનારાયણ** સાક્ષાત્ બિરાજમાન છે.

ભગવાન શ્રીહરિનો **આશીર્વાદ** કહો કે પોતાની **નિશાની** કહો કે પછી શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયને આપેલી **અમૂલ્ય ભેટ** કહો, તે છે આ દિવ્ય **આચાર્ય-ગુરુ પરંપરા !!!**

શાસ્ત્રવચને, શાસ્ત્રસાપેક્ષ વિદ્યમાન **પ.પૂ. આચાર્ય મહારાજશ્રી** આપણા માટે ભગવાન શ્રીહરિનું જ **અપરસ્વરૂપ** છે. ધર્મવંશી વિદ્યમાન આચાર્યશ્રીની **અવહેલના** કરવાથી સેંકડો વર્ષોથી ચાલી આવતી ભગવાન શ્રી સ્વામિનારાયણની અવિચ્છિન્ન **ગુરુ-શિષ્ય પરંપરા**નું ખૂન થાય છે. અને તે ભગવાન શ્રી સ્વામિનારાયણ સ્થાપિત અવિચ્છિન્ન અણિશુદ્ધ વંશવારસાગત **દિવ્ય પરંપરા**નો ઉઘાડો **દ્રોહ** છે.

ધર્મવંશી આચાર્યપદ એ કોઈ સાધારણ બાબત નથી. ભગવાન શ્રી સ્વામિનારાયણની અવિચ્છિન્ન અણિશુદ્ધ **વંશવારસાગત** ચાલી આવતી **ગુરુપરંપરા**ને ટકાવી રાખનારું એ **પદ** છે. ભગવાન શ્રી સ્વામિનારાયણની કલ્યાણ વ્યવસ્થાની **અંગભૂત** એક **વ્યવસ્થા** છે. એટલે જ વિદ્યમાન ધર્મવંશી આચાર્ય મહારાજશ્રી પાછળ ભગવાન શ્રી સ્વામિનારાયણની યોજનાનું, ભાવનાનું અને વ્યવસ્થાનું **પ્રચંડ બળ** રહ્યું છે. આથી જ તો વિદ્યમાન **ધર્મવંશી આચાર્ય મહારાજશ્રી**એ ભગવાન શ્રી સ્વામિનારાયણનું **અપર સ્વરૂપ** છે.

સ્વયં ભગવાન શ્રી સ્વામિનારાયણે કહ્યું છે કે, **વિદ્યમાન ધર્મવંશી આચાર્ય દ્વારા** કળિયુગમાં મારે **અનેકનો ઉદ્ધાર** કરવો છે. આ રહ્યા તેઓના મુખકમળમાંથી નીકળેલા **અતૂટ** શબ્દો :

'મન કર્મ વચને માનજો, એમાં નથી સંશય લગાર; એહ દ્વારે મારે અનેકનો, આજ કરવો છે ઉદ્ધાર. ॥૪॥'
(પુરુષોત્તમ પ્રકાશ : ૪૦)

'માનો મોક્ષનો છેલ્લો ઉપાય રે, એહ ઉપરાંત નથી કાંય રે; મૂર્તિ આચારજ ધર્મપાળ રે, રે'શે કલ્યાણ તે બહુ કાળ રે. ॥૧૬॥'
(પુરુષોત્તમ પ્રકાશ : ૩૭)

'એહ આચારજથી અપાર રે, બહુ જીવનો થાશે ઉદ્ધાર રે; એમાં નહિ પડે કાંઈ ફેર રે, શીદ કે'વરાવો વેર વેર રે. ॥૧૭॥'
(પુરુષોત્તમ પ્રકાશ : ૩૮)

'પણ છેલ્લો છે આ જે ઉપાય રે, બહુ જીવ તરશે આ માંય રે; ધર્મવંશી આચારજ ધાર્યા રે, ગુરુ કરી ગાદીએ બેસાર્યા રે. ॥૬॥'
(પુરુષોત્તમ પ્રકાશ : ૩૯)

અને કહ્યું છે કે, અમે આજે વિદ્યમાન ધર્મવંશી **આચાર્ય દ્વારા** પ્રત્યક્ષ રહીને **દર્શન** દઈએ છીએ.

'અમે એમાં એ છે અમમાંઈ રે, એમ સમજો સહુ બાઈભાઈ રે; એથી અમે અળગા ન રે'યે રે, એમાં રહીને દર્શન દૈયે રે. ॥૧૪॥'

(પુરુષોત્તમ પ્રકાશ : ૩૯)

એટલું જ નહિ, ભગવાન શ્રી સ્વામિનારાયણ કહે છે, વિદ્યમાન **ધર્મવંશી આચાર્ય**એ મારા વચનોનું **સાકાર સ્વરૂપ** છે. આ વાતમાં કોઈએ બુદ્ધિ લડાવવી નહિ. એ વાતને કંડારતા સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામી કહે છે :

'પણ સમજવી વાત સુધી રે, અતિ મતિ ન રાખવી ઊંધી રે; વચનદ્વારે વસ્યા અમે એમાં રે, તેમાં ફેર જાણશો મા તેમાં રે. ।૧૩।'

(પુરુષોત્તમ પ્રકાશ : ૩૯)

પેલું ભગવાન શ્રી સ્વામિનારાયણનું **વચન** યાદ આવે છે :

'આચારજથી બહુ ઉદ્ધરશે રે, જાણો બ્રહ્મનગર વાસ કરશે રે; એમ શ્રીમુખે કહ્યું શ્રીજીયે રે, જન સૌ સત્ય માની લીજિયે રે. ॥૨૦॥'

(પુરુષોત્તમ પ્રકાશ : ૩૭)

અરે ! સ્વયં ભગવાન શ્રીહરિ કહે : 'મારી હરિકૃષ્ણ આદિક મૂર્તિઓમાં જેવો **પ્રગટ પ્રમાણ** રહ્યો છું એવો ને એવો જ હું **વિદ્યમાન ધર્મવંશી આચાર્યમાં** રહ્યો છું.' આ રહ્યા એના એ જ શબ્દો :-

'सदैतयोरहं भक्ता मदर्चास्विव हि स्थितः । सेवनीयाविमौ तस्माज्जनै र्मत्प्रीतिकाङ्क्षिभिः ।।'

આ લોકમાં હું હંમેશા મારી હરિકૃષ્ણ આદિક મૂર્તિઓમાં જેમ પ્રત્યક્ષ રહ્યો છું તેમજ આ બંને ધર્મવંશી આચાર્યોમાં રહ્યો છું. માટે મારી પ્રીતિ સંપાદન કરવાની જે જનોને ઈચ્છા હોય તેમણે **બંને** ધર્મવંશી **આચાર્યો**ની **સેવા** કરવી.

(શ્રીહરિલીલાકલ્પતરુ : ૧૦/૪/૪૦)

ભગવાન શ્રી સ્વામિનારાયણ **સ્વયં** ધર્મવંશી આચાર્ય સાથે **નિત્યસંબંધ** દર્શાવતા કહે છે :

'मानसाख्यस्य सरसो हंसानां वर्तते यथा । नित्यं हि धर्मवंश्यानां सम्बन्धो मेऽन्यदुर्लभः ।।'

જેમ હંસોને માનસ સરોવરનો **નિત્ય સંબંધ** છે તેમ **ધર્મવંશી આચાર્યો**ને અન્યને દુર્લભ એવો મારો નિત્ય **સંબંધ** છે.

(શ્રીહરિલીલાકલ્પતરુ : ૧૦/૪/૪૪)

બોટાદના શેઠ **ભગા દોશી** શ્રીજીમહારાજ પાસે **વરદાન** માગતા કહે છે :-

'મારા વંશમાં જન થાય જેહ, ધર્મવંશી સાથે ધરે સ્નેહ; ગણે આચાર્ય શ્રીજી સમાન, મને એજ આપો વરદાન.'

(શ્રીહરિલીલામૃત : ૭/૮૦/૪૭)

એટલું જ નહિ, પણ સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામીએ પરમાત્માની પ્રાપ્તિ માટે આનાથી **સરળ અને સુંદર** બીજો કોઈ **ઉપાય** નથી એમ કહ્યું છે. જોઈએ સ્વામીના જ શબ્દો :

'ધર્મકુળને જે અનુસરે, ત્યાગી ગૃહી નર કોઈ નાર; પરિશ્રમ વિના તે પામશે, અપાર ભવનો પાર. ॥૪॥'

(પુરુષોત્તમ પ્રકાશ : ૩૮)

પ્રેમસખી સ.ગુ. **શ્રી પ્રેમાનંદ સ્વામી** તો કહે છે :- 'ધર્મવંશી આચાર્ય વિના બીજે **શિર કૂટવા સિવાય** કશું મળવાનું નથી.' જોઈએ તેમના જ શબ્દોમાં :-

'જેને જોઈએ તે આવો મોક્ષ માગવા રે લોલ, આજ ધર્મવંશીને દ્વાર નરનારી...જેને૦
શીદ જાઓ છો બીજે શિર કૂટવા રે લોલ, હ્યાં'તો તરત થાશો પાવન, નરનારી...જેને૦'

અરે ! ધર્મવંશી આચાર્ય તો કળિયુગમાં **મુક્તિના દાતા** છે :

'ચાલો ચાલો ધર્મવંશીને દ્વાર, સાહેલી માગીએ મોક્ષને;
આજ એ વિના મોક્ષ બીજે નથી, એ છે કળિમાં મુક્તિ દેનાર...સાહેલી૦

કવિકુળ શિરોમણી સ.ગુ. શ્રી બ્રહ્માનંદ સ્વામીના **'ધર્મવંશી આચાર્યપદ'** પ્રત્યેની નિષ્ઠાના ધારદાર શબ્દો જોઈએ :-

'ધર્મકુળ તજી કે, દૂજે કો જો શરનો લઈ હું જાઈ કે; તો મેં નીચ ખરો,
સાચી નિશ્ચે વાત કહું સમ ખાઈકે...'

❖ ❖ ❖ ❖ ❖

'મેરે અંતર તે, ધર્મવંશકી દૃઢતા કબહુ ના ટરે; કોઉં શિર કાટો, ભાવે જેસી આયકે તન વિપતા પરે...'

❖ ❖ ❖ ❖ ❖

'જો તજુ શરન ધર્મવંશકો, સેવું દેવ ભોગી મદ્ય માંસકો;
તો મોય કુટુંબી જાનો કંસકો...'

આમ, **અનેક વાદો વચ્ચે** ભગવાન શ્રી સ્વામિનારાયણ દ્વારા **પ્રસ્થાપિત** તેમજ સમકાલીન નંદસંતો તથા હરિભક્તો અને ત્યારપછીની આજ દિન સુધીની પેઢીઓએ **સ્વીકારેલો** સર્વ સ્વીકૃત આ **એક જ વાદ** છે.

માટે આપણે **સહુ** સાથે મળી વિદ્યમાન ધર્મવંશી આચાર્યને ગુરુ સ્વીકારી **ભગવાન શ્રી સ્વામિનારાયણ**ની બસ્સો વર્ષથી ચાલી આવતી અવિચ્છિન્ન અણિશુદ્ધ **વંશવારસાગત ગુરુપરંપરા** મજબૂત કરવા અવશ્ય **ફાળો** નોંધાવીએ.

ધર્મવંશી આચાર્યપદને વિશેષને વિશેષ **ગૌરવશાળી** બનાવીએ. આ માટે સહુ **શક્તિશાળી** કમર કસો. બાકી બધુ **ખૂબ સરસ** થઈ જશે. પછી બધી શક્તિઓના મણકાની એક સૂત્રતાએ **માળા** બની જશે. એનાથી સંપ્રદાયના છયેય અંગો **કાર્યરત** બનશે. અને એનાથી થતી કમાણી ભગવાન શ્રી સ્વામિનારાયણના એક ગલ્લામાં **જમા** થશે. આથી **શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય** વિશ્વના નકશામાં એક **આગવું સ્થાન** ધરાવી ઝળહળી ઊઠશે.

ભગવાન શ્રી સ્વામિનારાયણનું નામ **પાંદડે પાંદડે** ગૂંજતું કરવા માટે સ.ગુ. શ્રી **ગુણાતીતાનંદ સ્વામી** પોતાની વાતોમાં કહે છે :

અમે મહારાજને અરજી નાખી છે; જે **રઘુવીરજી મહારાજ જેવા બે આચાર્ય કરો ને ગય રાજા જેવો એક રાજા કરો તો બે કરોડ મનુષ્ય પ્રભુ ભજે છે તે દશ કરોડ મનુષ્ય પ્રભુ ભજે,** એમ સંકલ્પ કર્યો છે, ત્યારે સર્વે હરિજન બોલ્યા: જે 'હે મહારાજ ! તમે ધાર્યું છે તે સારું જ થાશે.'

(શ્રી ગુણાતીતાનંદ સ્વામીની વાતો : ૨/૬૩)

આમ, સ.ગુ. શ્રી ગુણાતીતાનંદ સ્વામીએ જે કહ્યું છે તે **ખૂબ વિચારી**ને જ કહ્યું છે. ભગવાન ભજવામાં **ધર્મવંશી આચાર્યની** કેટલી **જરૂર** છે તે સ.ગુ. શ્રી ગુણાતીતાનંદ સ્વામી **બરાબર** જાણે છે. તેથી તો શ્રીજીમહારાજને **પ્રાર્થના** કરી છે.

આ ગુરુપરંપરાની સ્પષ્ટતા ભગવાન શ્રી સ્વામિનારાયણે પ્રથમ પ્રકરણના ૧લાં વચનામૃતમાં કરી છે :- **'ધર્મકુળને આશ્રિત એવો જે ભગવાનનો ભક્ત છે તે ભગવાનની ઈચ્છાએ કરીને બ્રહ્મમય દેહને પામે છે'** આ વાક્યમાં વપરાયેલા **'ધર્મકુળને આશ્રિત'** એ શબ્દોનો અર્થ, સંપ્રદાયના મૂળભૂત સિદ્ધાંતના જ્ઞાનથી વંચિત અથવા ભગવાન શ્રી સ્વામિનારાયણના આશ્રિત કહેવાતા છતાં પણ શ્રીજીમહારાજના મૂળભૂત

સૈદ્ધાંતિક વિચારને ન સમજી શકનારા કેટલાક લોકો **'ધર્મ પાળે તે ધર્મકુળ'** આવો અર્થ[૬] કરે છે. પરંતુ એ તદ્દન **ખોટો અર્થ** છે. જો ધર્મ પાળે તે ધર્મકુળ એમ કહેશું તો વડતાલના ત્રીજા વચનામૃતનો બાધ આવે છે. જુઓ **વડતાલનું ૩જું** વચનામૃત :-

પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, ''આપણા ઉદ્ધવ સંપ્રદાયને વિષે જ્ઞાન, વૈરાગ્ય, ધર્મ અને ભગવાનની ભક્તિ એ ચાર વાનાં જેમાં હોય તે **એકાંતિક ભક્ત** કહેવાય. અને આપણા સત્સંગમાં **મોટો કરવા યોગ્ય** પણ તે જ છે. અને એ ચાર સંપૂર્ણ ન હોય ને એક જ મુખ્યપણે કરીને હોય તો પણ ત્રણ જે બાકી રહ્યાં તે તે એકના પેટામાં આવી જાય એવું એક કર્યું એ ચારેમાં શ્રેષ્ઠ છે ?'' ત્યારે ગોપાળાનંદ સ્વામીએ તથા મુક્તાનંદ સ્વામીએ કહ્યું જે, ''હે મહારાજ ! એવો તો એક ધર્મ છે, તે ધર્મ હોય તો ત્રણે વાનાં તે પુરુષમાં આવે.''

ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, ''ધર્મ તો કેટલાક વિમુખ માણસ હોય તેમાં પણ હોય, માટે તેને શું **સત્સંગમાં મોટો** કરીશું ?''

ભગવાન શ્રીહરિના આ શબ્દોને જોતા ધર્મ પાળે તે 'ધર્મકુળ' આ વાતનો જ છેદ ઊડી જાય છે. આવો શુલ્ક અર્થ ફક્ત પોતાના નિજસ્વાર્થને સિદ્ધ કરવા માટે જ કરવામાં આવે છે. અહીં **'ધર્મ' શબ્દ** ગુણવાચક અર્થમાં વપરાયેલો નથી. પણ સંજ્ઞાવાચક અર્થમાં વપરાયેલો છે. અર્થાત્ ધર્મકુળને આશ્રિત એટલે **'ધર્મદેવના કુળને આશ્રિત'** એવો જ અર્થ ગ્રહણ કરવો ઈષ્ટ છે.

સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામી **'ધર્મકુળ' શબ્દની** સ્પષ્ટતા કરતા કહે છે :-

'કાં જે એ છે ધર્મનું કુળ રે, માટે એ વાતનું ઊડું મૂળ રે; ॥૭॥
જેવું અમારું કુળ મનાશે રે, તેને તુલ્ય બીજું કેમ થાશે રે;
માટે વિચારીને વાત કીધી રે, ઘણું સમજીને ગાદી દીધી રે. ॥૮॥'

(પુરુષોત્તમ પ્રકાશ : ૩૯)

'ધર્મકુળને જે અનુસરે, ત્યાગી ગૃહી નર કોઈ નાર; પરિશ્રમ વિના તે પામશે, અપાર ભવનો પાર. ॥૪॥'

(પુરુષોત્તમ પ્રકાશ : ૩૮)

જેમ **રઘુકુળ** એટલે **રઘુરાજાનું** કુળ, તેમજ **વલ્લભકુળ** એટલે **વલ્લભાચાર્યનું** કુળ. વલ્લભનો અર્થ **પ્રિયતમ** પણ થાય છે. પરંતુ અહીં પ્રિયતમકુળ એવો અર્થ લેવાતો નથી. ધર્મકુળ એટલે **ધર્મદેવનું કુળ** એવો જ અર્થ લેવાનો છે, ન કે 'ધર્મ પાળે તે ધર્મકુળ.' શિક્ષાપત્રીના ઉજા શ્લોકમાં પણ આ વાતની **સ્પષ્ટતા** કરેલી છે. એ શ્લોકમાં **સંપ્રદાય માટે પોતે જે પુરુષોની આચાર્ય પદે પસંદગી કરીને નિયુક્તિ કરેલી છે,** તેનો ભગવાન શ્રીહરિ પોતે શ્રીમુખે **પરિચય** આપતા કહે છે :

(૬.) કુળ શબ્દ સદાય **સમુદાયવાચક** જ છે. અર્થાત્ તે જે તે કુળમાં જન્મેલા તમામ સભ્યોનો નિર્દેશ કરે છે. તેને સમજ્યા વિના જ 'ધર્મ પાળે તે ધર્મકુળ' એવો **ધર્મકુળ** શબ્દનો અર્થ ન્યાયશાસ્ત્રમાં કહેલા અતિવ્યાપ્તિ દોષયુક્ત થાય છે. જ્યારે ભગવાન શ્રી સ્વામિનારાયણે તો **સ્વસ્થાપિત** બંને **ગાદીસ્થ આચાર્યો** અને તેમના દ્વારા સાંપ્રદાયિક પ્રણાલિકા મુજબ **ભાવિ આચાર્યપદે** પસંદગી અપાયેલા **એક એક ધર્મવંશી** વ્યક્તિઓનો જ **પોતાના કલ્યાણ માટે** આશ્રય કરવા જણાવેલું છે :- 'एतयोश्चैतद्वंश्यानां करिष्यन्ति य आश्रयम्। तान् कृष्णो भगवान् धाम देहान्ते नेष्यति स्वकम् ॥' - આ મારા બંને પુત્રો તથા આ વંશમાં થનારા ગુરુપદમાં રહેલાઓનો **આશ્રય** જે કરશે તે ભક્તોને અમો (ભગવાન શ્રી સ્વામિનારાયણ) દેહાંતે ધામમાં લઈ જશું. (શ્રી સત્સંગિજીવન : ૪/૪૦/૩૯) વડતાલના ૧૮માં વચનામૃતમાં સ્વયં શ્રીહરિ કહે છે. 'અમે અમારા ધર્મકુળનું સ્થાપન કર્યું છે. તેની રીત જાણવી.'

'कुलम्' - શબ્દની વ્યાખ્યા **અમરકોષમાં** આ રીતે કરી છે :- **'सजातीयैः कुलम्'** - એક જાતીય કેવળ પ્રાણીઓના સમૂહને **'કુળ'** કહેવામાં આવે છે. જેમ કે - બ્રાહ્મણકુળ, ઋષિકુળ, ગોકુળ વગેરે...

'कुलम् जनपदे गोत्रे सजातीयगणेऽपि च । भवने च तनौ क्लीबम्' - આ રીતે **મેદનીકોષમાં** 'કુળ' શબ્દનો **ગોત્ર** એવો અર્થ કર્યો છે.

''અમારા પિતા ધર્મદેવના બીજા બે પુત્રો અને અમારા ભાઈઓ મોટા રામપ્રતાપભાઈ અને નાના ઈચ્છારામભાઈ, એમના પુત્રો અનુક્રમે અયોધ્યાપ્રસાદ અને રઘુવીરને અમે અમારા દત્તપુત્ર કરીને સંપ્રદાયના સર્વે સત્સંગીના **આચાર્યપદે** સ્થાપન કર્યા છે.''

આ શ્લોકમાં આચાર્યોનું **નામ જોગ સંબોધન** કરેલું છે. જો આમાં માત્ર આચાર્યોના નામનો નિર્દેશ અને સંબોધન જ કરવાનું હોત તો, શ્લોક-૪ અને ૫માં જેમ :-

'मुकुन्दानन्दमुख्याश्च नैष्ठिका ब्रह्मचारिणः । गृहस्थाश्च मयारामभट्टाद्या ये मदाश्रयाः ॥
सधवा विधवा योषा याश्च मच्छिष्यतां गताः । मुक्तानन्दादयो ये स्युः साधवश्चाखिला अपि ॥'

(શિક્ષાપત્રી : શ્લોક - ૪-૫)

બ્રહ્મચારી, ત્યાગી, ગૃહસ્થાશ્રમી અને સાધુ-ત્યાગી વર્ગના પ્રતિનિધિઓના માત્ર **નામ-નિર્દેશ** કરેલા છે તે પ્રમાણે આ શ્લોકમાં પણ માત્ર આચાર્યોના નામ જ લખ્યા હોત. પરંતુ એ નામો સાથે ચાર વિશેષણો : **'भ्रात्रोः, धर्मजन्मनोः, यावयोध्याप्रसादाख्यरघुवीराभिधौ અને सूतौ'** ખાસ વપરાયેલાં છે. ભગવાન શ્રી સ્વામિનારાયણે **આચાર્યપદ** પોતાના ભત્રીજાઓના વંશમાં નહિ, પણ પોતાના પિતા ધર્મદેવના વંશજોમાંથી દત્તપુત્ર કરીને સ્થાપિત કરેલું છે. આ હકીકત તરફ ધ્યાન દોરવા ખાતર જ **'ધર્મદેવ થકી જેમનો જન્મ થયો છે'** અને **'અમારા ભાઈ રામપ્રતાપજી અને ઈચ્છારામજી એમના પુત્રો'** એવો ત્રણ પેઢીનો પરિચય દાખવતાં **બે વિશેષણો** વાપરેલાં છે.

'શ્રીહરિવાક્યસુધાસિંધુ' ગ્રંથમાં સ.ગુ. શ્રી શતાનંદ સ્વામીએ 'ધર્મવંશ્ય' શબ્દનો પ્રયોગ કર્યો છે. તેની વ્યાખ્યા પ.પૂ. આદિઆચાર્ય શ્રી રઘુવીરજી મહારાજે આ રીતે કરી છે :- **'मया धर्मवंश्ये । धर्मवंशभवे । सूते दत्तविधिना पुत्रत्वेनाङ्गीकृते अयोध्याप्रसादे रघुवीरे च'**

ધર્મદેવના કુળમાં જન્મેલા દત્તવિધિથી પુત્રપણે અમે સ્વીકારેલા અયોધ્યાપ્રસાદ અને રઘુવીર - આ વ્યાખ્યાથી પણ **સ્પષ્ટતા** થાય છે કે **ધર્મકુળ એટલે** 'ધર્મદેવનું કુળ.'

સંપ્રદાયના સિદ્ધાંત અને સર્વજ્ઞીવહિતાવહ **પ્રણાલિકા**ની અતિ મહત્ત્વની વાત સૌ કોઈના ધ્યાનમાં હંમેશા રહે એ કારણે, વચનામૃતના સંપાદનકાર્યની શરૂઆત ધર્મકુળ વંશના સભ્યો અયોધ્યાથી સૌપ્રથમવાર સંપ્રદાયમાં આવ્યા તે પછી જ થયેલી જણાય છે. કેટલાક લોકો કહે છે કે ધર્મકુળ વંશના સભ્યો પહેલા-વહેલા લોયામાં સં. ૧૮૭૭માં ભગવાન શ્રી સ્વામિનારાયણે **'શાકોત્સવ'** ઉજવ્યો તે પછી આવેલા છે, પરંતુ આ માન્યતા બરાબર નથી. પ.પૂ. ધ.ધુ. આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજશ્રીએ **'શ્રીહરિલીલામૃત ગ્રંથ'**માં લોયાના શાકોત્સવનું **સુરેખ વર્ણન** કરેલું છે. તેમાં સ્પષ્ટ શબ્દોમાં **ઉલ્લેખ** કરેલો છે :-

'ઈચ્છારામ ને રામપ્રતાપ, નિજદેશ ગયા હતા આપ; પ્રભુદર્શન ચિત્ત ચહાઈ, આવ્યા તે સમે તે લોયામાંઈ.'

(શ્રીહરિલીલામૃત : ૭/૮૩/૨૫-૨૬)

આ નિર્દેશ સ્પષ્ટ સૂચવે છે કે ધર્મકુળ લોયામાં આવ્યું તો હતું જ, પરંતુ પ્રથમવાર નહીં. લોયામાં ઉજવાયેલા શાકોત્સવ અગાઉ ધર્મકુળ વંશના સભ્યો સત્સંગ-સંપ્રદાયમાં આવ્યા હતા. વચનામૃતના સંપાદનની શરૂઆત જે ઉપદેશોથી કરવામાં આવી છે તેની તિથિ સં. ૧૮૭૬ના માગશર સુદ ૪ છે. આ વચનામૃતના ત્રીજા પ્રશ્નના ઉત્તરમાં શ્રીજીમહારાજે **'ધર્મકુળને આશ્રિત એવો જે ભગવાનનો ભક્ત છે તે ભગવાનની ઈચ્છાએ કરીને બ્રહ્મમય દેહને પામે છે'** એવું કહ્યું છે.

હવે, પહેલાં જ વચનામૃતમાં વપરાયેલા આ શબ્દો ઉપરથી **ધર્મદેવના કુળના સભ્યો** સંપ્રદાયમાં **સં. ૧૮૭૬ના માગશર સુદ - ૪ પૂર્વે** આવેલા છે

એવો સ્વીકાર મને-કમને પણ કરવો જ પડે તેમ છે. સં. ૧૮૭૬ પૂર્વે એટલે ક્યારે ? તો એની સ્પષ્ટતા - જેમને ભૂત, ભવિષ્ય અને વર્તમાનમાં જોવા જાણવાની અદ્‌ભુત દૃષ્ટિ અને શક્તિ ભગવાન શ્રી સ્વામિનારાયણની કૃપાથી પ્રાપ્ત થયેલી હતી એવા સ્વતઃસિદ્ધ સમાધિનિષ્ઠ સ.ગુ. શ્રી શતાનંદ સ્વામીએ સંપ્રદાયના મહાન સમ્રાટ અને આધારભૂત ધર્મગ્રંથ **'શ્રી સત્સંગિજીવન'**માં સં. ૧૮૭૫માં વડતાલમાં કરેલ **પુષ્પદોલોત્સવ પ્રસંગ**માં (ફાગણ સુદ - ૧૦ને દિવસે ધર્મકુળ **સૌપ્રથમ** વડતાલમાં આવ્યું. એમ શ્રી સત્સંગિજીવન પ્ર.૩. અ.૪૯માં) નોંધ કરેલી છે. ત્યારબાદ બીજે દિવસે એકાદશીની સભામાં પણ;

'मुनिभिश्च जनैः सर्वैर्मानितौ तावुभावथ । रामप्रतापेच्छारामौ हरेरग्रे निषेदतुः ॥'

પછી રામપ્રતાપ અને ઈચ્છારામ બન્ને ભાઈઓ તે મુક્તાનંદ આદિ સાધુઓ તથા મયારામ ભટ્ટ આદિ- સર્વ સત્સંગીઓ વડે સત્કાર પામી શ્રીહરિની આગળ સમીપે બેઠા.

(શ્રી સત્સંગિજીવન : ૩/૫૩/૧૦)

આ શ્લોક એ **સ્પષ્ટ** બતાવે છે કે, સં.૧૮૭૫ના ફાગણ માસમાં ભગવાન શ્રી સ્વામિનારાયણે વડતાલમાં **ભવ્ય ફૂલદોલ**નો અભૂતપૂર્વ **ઉત્સવ** કર્યો તે સમયે ધર્મદેવના કુળના સભ્યો રામપ્રતાપજી મહારાજ તથા ઈચ્છારામજી મહારાજ આદિકની હાજરી હતી. આથી એવું નિષ્પન્ન થાય છે કે, **વચનામૃતના સંપાદન**નું પ્રારંભનું વર્ષ સં.૧૮૭૬ છે. અને **સત્સંગમાં ધર્મકુળની હાજરી** સંપ્રદાયના શાસ્ત્રો સં. ૧૮૭૫ની સાલથી દર્શાવે છે. માટે જે લોકો પ્રથમ પ્રકરણના ૧લા વચનામૃતમાં ધર્મકુળનો અર્થ અવળો સમજે છે અને સમજાવે છે તેઓ એમ કહે છે કે 'સં. ૧૮૭૬ની સાલમાં ધર્મકુળ સંપ્રદાયમાં આવ્યું જ ન હતું. ધર્મકુળ તો લોયામાં સં. ૧૮૭૭ની સાલમાં આવ્યું હતું. તેથી પહેલા વચનામૃતમાં તો ધર્મકુળનો અર્થ અમે સમજાવીએ છીએ એવો જ ('ધર્મ પાળે તે ધર્મકુળ' અથવા 'ધર્મગુણ વિશેષનું કુળ') છે' તો તેઓની આ **દલીલનું સંતોષકારક સમાધાન** ઉપરોક્ત પ્રમાણે છે.

હવે એક પ્રશ્ન એવો પણ ઉદ્‌ભવે કે શ્રીજીમહારાજે ભૂમંડળ પર વિદ્વત્તામાં જેમનો કોઈ જોટો ન જડે તેવા **પરમહંસો**માંથી કોઈને પોતાના સ્થાને આરૂઢ ન કરતાં ધર્મકુળ વંશમાંથી **શ્રી રઘુવીરજી મહારાજ** અને **શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ**ને જ કેમ ગાદી ઉપર આરૂઢ કરી સારાંય સંપ્રદાયના **આચાર્ય** તરીકે સ્થાપ્યા ? તેનો એકજ ઉત્તર છે કે, ૨૬૨ વચનામૃતોમાં અનેક **તાત્ત્વિક પ્રશ્નો** પૂછાયા છે. જે પ્રશ્નો સામાન્ય પંડિતોથી તો થવા અશક્ય જ છે. જે પ્રશ્નો ગોપાળાનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી આદિક સંતોએ કરેલા છે. પરંતુ વચનામૃતોમાં જેટલાં પણ પ્રશ્નો પૂછાયા છે તે પ્રૌઢ અવસ્થાએ પહોંચેલા સંતો-હરિભક્તોએ પૂછેલા છે. સારાય સંસારની પરિસ્થિતિ જાણ્યા-માણ્યા પછી **ઉદ્‌ભવેલાં પ્રશ્નો** સંતો-ભક્તોએ પૂછ્યા છે. **અનેક શાસ્ત્રોના અધ્યયન પછી ઉઠેલી શંકાઓના સમાધાન માટે** પ્રશ્નો પૂછાયા છે, પરંતુ ૨૬૨ વચનામૃતોમાં પૂછાયેલા તમામ પ્રશ્નો પૈકી ફક્ત ૪ પ્રશ્નો **બાકાત** છે. જે ગઢડા મધ્ય પ્રકરણના ૬૨માં વચનામૃતમાં તથા ગઢડા અંત્ય પ્રકરણના ૧૪ અને ૧૮માં વચનામૃતમાં આદિઆચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ અને આદિઆચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ દ્વારા પૂછવામાં આવ્યા છે.

ગઢડા મધ્ય પ્રકરણના ૬૨માં વચનામૃતમાં અયોધ્યાપ્રસાદજી મહારાજે શ્રીજીમહારાજને **પ્રશ્ન** પૂછ્યો છે કે, ''આ સંસારને વિષે એવો પુરુષ હોય જે આઠો પહોર તો સંસારની વિટંબણામાં રહ્યો હોય અને ગમે એવું યોગ્ય અયોગ્ય કર્મ પણ થઈ જતું હોય અને તે એક ઘડી કે બે ઘડી ભગવાનનું ભજન કરતો હોય, ત્યારે તે ભજને કરીને તેણે દિવસ બધામાં પાપ કર્યું તે બળે કે ન બળે ?''

એ પછી રઘુવીરજી મહારાજે **પ્રશ્ન** પૂછ્યો કે, ''હે મહારાજ ! આ જીવનો મોક્ષ તે કેમ કરે ત્યારે થાય છે ?''

આ પ્રશ્નો પૂછતી વખતે શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજની ઉંમર **૧૬ વર્ષ**ની અને શ્રી રઘુવીરજી મહારાજની ઉંમર **૧૩ વર્ષ**ની હતી. હવે **૧૬ વર્ષના અને ૧૩ વર્ષના કિશોર**ને આવી મોક્ષની અને ભગવદ્‌પ્રાપ્તિની **તીવ્ર ઝંખના** ભાગ્યે જ જોવા મળતી હોય છે. અને આવા **મોક્ષ ઉપયોગી** પ્રશ્નો હૃદયમાં ઉદ્‌ભવતાં હોય છે. કેટલી પરમાત્માને પ્રાપ્ત કરવાની આતુરતાં અને ભજન કરવાની ઝંખના હશે ત્યારે **આવા પ્રશ્નો** આટલી નાની વયે તેમના અંતરમાં ઉઠ્યાં હશે... !!!

વળી, **ગઢડા અંત્ય પ્રકરણના ૧૪માં વચનામૃતમાં** શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજે પૂછ્યું કે, ''એકની તો બુદ્ધિ પણ ઘણી હોય, ને શાસ્ત્રમાં પણ બહુ દૃષ્ટિ પુગતી હોય અને બીજો છે તેની તો બુદ્ધિ પણ થોડી હોય, ને શાસ્ત્રમાં પણ ઝાઝું જાણતો ન હોય અને ઘણી બુદ્ધિવાળો હોય તે સત્સંગમાંથી વિમુખ થઈ જાય છે, અને થોડી બુદ્ધિવાળો હોય તે દૃઢ થકો સત્સંગમાં રહે છે તેનું શું કારણ છે ?'' આ પ્રશ્ન પૂછતી વખતે શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજની ઉંમર **૧૯ વર્ષ**ની હતી.

ગઢડા અંત્ય પ્રકરણના ૧૮માં વચનામૃતમાં શ્રી રઘુવીરજી મહારાજે પ્રશ્ન પૂછ્યો કે, ''જેવી જાગ્રત અવસ્થાને વિષે જીવની સ્થિતિ છે તેવી સ્વપ્ન અવસ્થાને વિષે કેમ રહેતી નથી ?'' આ પ્રશ્ન શ્રી રઘુવીરજી મહારાજે **૧૬ વર્ષ**ની વયે પૂછ્યો હતો.

આટલી નાની વયમાં આટલાં બધા આંતરિક દોષો તરફ જાગૃત વર્તતા અને તેમને ટાળવા માટે સતત પ્રયત્નશીલ રહેનારા આ બંને આચાર્યશ્રીઓને શ્રીજીમહારાજે સારાંય સંપ્રદાયના **ગુરુપદે** સ્થાપ્યા હતા, તે **નિર્વિવાદ વાત** છે.

સ.ગુ. શ્રી **શુકાનંદ સ્વામી** શ્રીમદ્‌ ભગવદ્‌ ગીતાની **વ્યાખ્યા**માં લખે છે :- 'प्रादुरभूत् धर्मकुले धर्मत्राणाय वोऽक्षरात्परतः ।' - અક્ષરથી પર પરબ્રહ્મ **ભગવાન શ્રી સ્વામિનારાયણ** ધર્મની રક્ષાને માટે **ધર્મકુળ**માં **પ્રાગટ્ય**ને પામ્યા, આ પ્રમાણથી પણ એ જ વાત સ્પષ્ટ થાય છે કે **ધર્મકુળ એટલે** 'ધર્મદેવનું કુળ.'

ભગવાન શ્રી સ્વામિનારાયણ **ધર્મકુળના આશ્રય** ઉપર જ ભાર મૂકે છે. ધર્મવંશી **આચાર્યશ્રી**ના **આશ્રય** વિના શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયનો **તિલક-ચાંદલો** કરવાનો કે **કંઠી** પહેરવાનો અધિકાર નથી. આ રહ્યા **ભગવાન શ્રી સ્વામિનારાયણ**ના **સ્વયં**ના શબ્દો :-

'कृष्णदीक्षां गुरोः प्राप्तैस्तुलसीमालिके गले । धार्ये नित्यं चोर्ध्वपुण्ड्रं ललाटादौ द्विजातिभिः ॥'

અને **ધર્મવંશી ગુરુથકી** શ્રીકૃષ્ણની **દીક્ષા**ને પામ્યા એવા જે બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય એ ત્રણ વર્ણના અમારા સત્સંગી, તેમણે કંઠને વિષે તુલસીની બેવડી માળા નિત્યે ધારવી અને લલાટ, હૃદય અને બે હાથ એ ચારેય ઠેકાણે ઊર્ધ્વપુંડ્ર તિલક કરવું. ॥૪૧॥

(શિક્ષાપત્રી : શ્લોક - ૪૧)

આ શિક્ષાપત્રીના શ્લોકમાં આવેલ 'गुरोः' શબ્દની સ્પષ્ટતા સ.ગુ. શ્રી શતાનંદ સ્વામી **'શિક્ષાપત્રી ભાષ્ય'** ગ્રંથમાં આ પ્રમાણે કરે છે :-

'गुरोः गुरुपदस्थ धर्मवंश्यब्राह्मणात् सकाशात् तस्यैव स्वेन गुरुपदे स्थापित्वादिति भावः'

(શિક્ષાપત્રી ભાષ્ય/અર્થદીપિકા ટીકા : શ્લોક - ૪૧)

ગુરુપદમાં સ્થાપન કરેલા **ધર્મવંશી બ્રાહ્મણ** પાસેથી; તેને સ્વયં ભગવાન શ્રીહરિએ જ ગુરુપદે સ્થાપન કરેલા છે, એવું **તાત્પર્ય** છે.

'प्राप्तैः' - શબ્દની વ્યાખ્યા સ્વામીએ આ રીતે કરેલી છે :- 'दीक्षाग्रहणं विना भगवदर्चनादि भक्तावनधिकारापत्तेः गृहीतदीक्षैः इत्यर्थः ।' - ધર્મવંશી આચાર્ય પાસેથી દીક્ષા ગ્રહણ કર્યા વિના ભગવાનની પૂજારૂપ **ભક્તિ**નો **અધિકાર** પ્રાપ્ત થતો નથી. તો પછી શ્રી સ્વામિનારાયણ

સંપ્રદાયના ચિહ્નોને ક્યાંથી ધારી શકે ? માટે **ગ્રહીત દીક્ષા** એમ કહેલું છે.

શિક્ષાપત્રી ભાષ્ય ગ્રંથમાં સ.ગુ. શ્રી શતાનંદ સ્વામી **પદ્મપુરાણનું** પ્રમાણ આપતાં કહે છે :-

'पाद्मोत्तरखण्डे देवीं प्रति श्रीशंङ्करश्चाह अदीक्षितस्य वामोरु कृतं सर्वमनर्थकम् । पशुयोनिमवाप्नोति दीक्षाहीनो नरो मृतः ।।'

(શિક્ષાપત્રી ભાષ્ય/અર્થદીપિકા ટીકા : શ્લોક - ૪૧)

પદ્મપુરાણના **ઉત્તરખંડમાં** દેવીને શંકર કહે છે : ''હે સુંદરી ! દીક્ષા વગરનાનું કરેલું સર્વ નિરર્થક છે. દીક્ષા વિનાનો મનુષ્ય મરીને પશુયોનિને પામે છે.''

'संप्राप्य वैष्णवीं दीक्षां विष्णुं भुवि भजन्ति ये । ते कृतार्था मनुष्या वै भारभूता भुवोऽपरे ।।'

(શિક્ષાપત્રી ભાષ્ય/અર્થદીપિકા ટીકા : શ્લોક - ૪૧)

વૈષ્ણવી દીક્ષા પામીને ભૂમિ ઉપર જે પ્રભુને ભજે છે તે કૃતાર્થ થાય છે. અને પૃથ્વીમાં જે બીજા મનુષ્યો છે તે ભારરૂપ છે.

'न च यस्य पशोः कण्ठे तुलसीमालिका भवेत् । तस्यान्नं मांससदृशं जलं च मदिरासमम् ।।'

(શિક્ષાપત્રી ભાષ્ય/અર્થદીપિકા ટીકા : શ્લોક - ૪૧)

પદ્મપુરાણનું **પ્રમાણ** આપીને સ્વામી કહે છે : જે પશુના (જીવના) કંઠમાં તુલસીની માળા ન હોય તેનું અન્ન માંસ જેવું છે અને પાણી દારુ સમાન છે. તુલસીની માળા ધારણ કરવા માટે **ધર્મવંશી આચાર્યનો આશ્રય** અતિ **આવશ્યક** છે. તે વિના તુલસીની માળા ન ધારણ કરી શકાય.

આચાર્યપદની સ્થાપના આપણા ધર્મના રક્ષણ માટે સ્વયં ભગવાન શ્રીહરિએ કરેલી છે. શિક્ષાપત્રીમાં **શ્રીજીમહારાજ** લખે છે :-

'मदाश्रितानां सर्वेषां धर्मरक्षणहेतवे । गुरुत्वे स्थापिताभ्यां च ताभ्यां दीक्ष्या मुमुक्षवः ।।'

અને અમારે આશ્રિત જે સર્વે સત્સંગી, તેમના ધર્મની રક્ષા કરવાને અર્થે એ સર્વેના ગુરુપણાને વિષે અમે સ્થાપન કર્યા એવા જે તે અયોધ્યાપ્રસાદ અને રઘુવીર, તેમણે મુમુક્ષુજનને દીક્ષા આપવી.

(શિક્ષાપત્રી : શ્લોક - ૧૨૮)

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના મહાન સમ્રાટ ગ્રંથરાજ **'શ્રી સત્સંગિજીવન'** સત્સંગ સમાજને આંગળી પકડીને બતાવે છે કે **ગુરુ કોને બનાવવા :**

'संपन्नोऽपि गुणैः सर्वैर्धर्मवंश्यो न चेत्तु यः । स गुर्नैव कर्तव्यः संसृतेर्मुक्तिमिच्छता ।।'

ગુરુ બનવાનાં સંપૂર્ણ ગુણોએ યુક્ત - શુભ લક્ષણોથી સંપન્ન હોવા છતાં જો તે ધર્મવંશી ધર્મકુળના ન હોય તો; જન્મમરણના સંસૃતિ સંકટથી મુક્તિની ઈચ્છાવાળા મુમુક્ષુએ તેમને ગુરુ ન કરવા, ગુરુ તરીકે ન સ્વીકારવા.

(શ્રી સત્સંગિજીવન : ૪/૪૬/૨૩)

રમણ મહર્ષિ પાસે એક ભક્ત આવ્યો. તેની ભાવના હતી **રમણ મહર્ષિના શિષ્ય** થવાની, રમણ મહર્ષિએ તેને કહ્યું કે, ''જો તું સંન્યાસ લઈને મને ગુરુ બનાવવા માગતો હોય તો હું તને ખાતરી આપું છું કે, સંન્યાસીના જીવનમાં કોઈ પાપ કરી બેસીને તું નરકમાં જઈશ તો ત્યાં પણ હું તારા ગુરુપદે રહીને તને ત્યાંથી છોડાવી દઈશ અને **સદ્‌ગતિનું દાન** કરીશ, પણ આ બધુ ત્યારે બનશે જ્યારે પહેલા હું તને શિષ્ય તરીકે સ્વીકારું, તું ભલે મને ગુરુ તરીકે મનથી સ્વીકારે પણ હું તને શિષ્ય તરીકે સ્વીકાર્યાનો **પ્રતિસાદ** ન આપું તો તે મને ગુરુપદે સ્થાપ્યાનો કોઈ અર્થ નહિ સરે.''

આ રહ્યા **રમણ મહર્ષિના** તે **શબ્દો :-** 'I will follow you even hell to yes ue you, Provided I accept you as my disciple'

ભગવાન શ્રી સ્વામિનારાયણે આપણને શિષ્યભાવથી વર્ષો પહેલા સ્વીકારીને ધર્મવંશી આચાર્યને **અર્પણ** કરી દીધા છે. અને તેના બદલામાં આપણને **'ધર્મવંશી ગુરુ'** આપેલા છે. અને સાથે એ **વચન** પણ આપેલું છે :-

'મારા જનને અંતકાળે જરૂર મારે આવવું, બિરુદ મારું બદલે નહિ સર્વે જનને જણાવવું.'

(ભક્ત ચિંતામણિ : ૬૮/૯)

આ જ વાતનો ઉલ્લેખ સ.ગુ. શ્રી શતાનંદ સ્વામીએ **'શ્રી સત્સંગિજીવન'** ગ્રંથમાં કરેલો છે :-

'एतयोश्चैतद्वंश्यानां करिष्यन्ति य आश्रयम् । तान् कृष्णो भगवान् धाम देहान्ते नेष्यति स्वकम् ।।'

આ મારા બંને પુત્રો તથા એમના વંશમાં થનારા ગુરુપદમાં રહેલાઓનો **આશ્રય** જે કરશે તે ભક્તોને અમો દેહાંતે ધામમાં લઈ જશું.

(શ્રી સત્સંગિજીવન : ૪/૪૦/૩૯)

આજ પ્રસંગે ભગવાન શ્રીહરિ પોતાના બંને પુત્રો - **અયોધ્યાપ્રસાદજી અને રઘુવીરજી**ને ગાદીએ બેસાડતી વખતે તેમને ઉદ્દેશીને કહે છે :-

'साधवो वर्णिनः पद्मा ये स्युस्ते तूभयोः समाः ॥ अपक्षपाताः कर्तास्ते सेवां युवयोर्द्वयोः । ये पक्षपातिनः स्युस्ते भ्रष्टा यास्यन्त्यधोगतिम् ॥'

હે પુત્રો ! જે અમારા આશ્રિત સાધુઓ-બ્રહ્મચારીઓ અને પાળાઓ છે તે તો તમારે બંનેને શિષ્યભાવમાં સમાન છે. (એમને પૂજ્યપણે તમે તુલ્ય છો.) તે આ સાધુ વગેરે ત્યાગીઓ પક્ષપાત વિના તમારી બંનેની સેવા કરવાને યોગ્ય છે. અને જે સાધુ વગેરે પક્ષપાત કરશે તે પોતાના ધર્મથી ભ્રષ્ટ થશે અને અધોગતિને પામશે.

(શ્રી સત્સંગિજીવન : ૪/૪૦/૪૧-૪૨)

આ રીતે ભગવાન શ્રીહરિએ (સ.જી.પ્ર. ૪ અ. ૪૦)માં બંને આચાર્યશ્રીઓની સેવા પૂજ્યભાવ સહિત અને પક્ષપાત રહિત થઈને સાવધાનપણે કરવાની કહી છે. એટલું જ નહિ **ભગવાન શ્રીહરિએ** સ્વયં **શ્રી શુકાનંદ મુનિ દ્વારા** લખાવેલો, કોઈપણ ધર્મના કે દેશના બંધારણમાં જેની તુલના ન થઈ શકે એવો અજોડ **'દેશ-વિભાગનો લેખ'** છે. તે પણ (પ્રારંભથી જ, થોડે આગળ જતા;) ભગવાન શ્રીહરિ પોતાના ત્યાગી-ગૃહી સમસ્ત આશ્રિતોને અતિ સારરૂપ **હિતકારી ઉપદેશ** આપતા કહે છે :-

- ને અમે તમોને **મંદિરો આદિક** જે આપ્યું છે તેમાં કોઈ સાધુ તથા બ્રહ્મચારી તથા પાળા, તે કોઈ કાળે **દર દાવો** કરશે નહિ.

- ને અમારી **શિક્ષાપત્રી પ્રમાણે** તમો રહેજ્યો.

- ને એ સર્વે પણ શિક્ષાપત્રી પ્રમાણે પોતપોતાના ધર્મમાં રહી **તમારી સેવા** કરશે ને સરકાર, દરબાર આદિક કોઈના વાંક તળે આવે એવું **અજોગ્ય કામ** કોઈ કાળે કરશે નહિ. તેમ ગમે તેવો આપતકાળ પડશે તો સત્સંગીમાં ભીખ માંગી ખાશે, પણ આચાર્યને માથે આવે એવું **કોઈનું કરજ** કરશે નહિ, ને કોઈ જાણે અજાણે કરશે તો **કરનાર ભોગવશે,** એમ **અમારી આજ્ઞા** છે.

- ને સાધુ તથા બ્રહ્મચારી તથા પાળા એ સમસ્તના તથા સત્સંગી સમસ્તના તમો બેય ગાદીવાળાને **આચાર્ય** સ્થાપ્યા છે તે સર્વે નિરંતર તમારી આજ્ઞામાં રહેશે ને તમારી સેવા કરશે.

(દે. વિ. લેખ : પેરેગ્રાફ કલમ - ૧૨ થી ૧૫)

- ને શ્રીધર્મવંશના **ઉભય ગાદીવાળા આચાર્ય** વિના અન્ય મતવાળા હરકોઈ મનુષ્ય, શાસ્ત્રે તથા જોગે તથા તપે તથા વૈરાગ્યાદિક ગુણે વિશેષ હોય ને તેથી શ્રીધર્મવંશના બે ગાદીવાળા આચાર્ય **ન્યૂનપણે જાણ્યામાં આવે તો પણ,** સાધુ તથા બ્રહ્મચારી તથા પાળા સમસ્ત તથા સત્સંગી સમસ્તને અમારી એમ આજ્ઞા છે જે **તમારા જીવના કલ્યાણને અર્થે** શ્રીધર્મવંશના **બે ગાદીવાળા આચાર્યને સદાકાળ નિરંતર માનજ્યો** ને મન, કર્મ, વચને **આજ્ઞામાં રહેજ્યો.** - ને તેમાં જે ફેર પાડી **અન્ય આશ્રય** કરશે ને **અન્યને માનશે** તેના જીવને આ લોકમાં તથા પરલોકમાં **કોઈ કાળે સુખ** થાશે નહિ. ને **અતિ કષ્ટને** પામશે.

(દે. વિ. લેખ : પેરેગ્રાફ કલમ - ૧૬)

આ પ્રમાણે બંને આચાર્યોની આજ્ઞામાં રહેનારને આ લોક-પરલોકમાં સુખી થવાનો ઉપાય બતાવીને તે પ્રમાણે નહિ વર્તનારને - **અન્યાશ્રય** કરવા જનારને ચેતાવી દેતો - બંને લોકમાં અતિ કષ્ટરૂપ **દુર્ગતિની પ્રાપ્તિનો** જળજળતો **અભિશાપ** પણ શિક્ષાપત્રીમાં **આશીર્વાદથી અમી** વરસાવનારા અને **'પ્રેમાનંદનો વ્હાલો વરસ્યા અમૃત મેહ'** એમ સદા **આશીર્વાદનો વરસાદ** વરસાવનારા **એ જ ભગવાન** આપણને અગાઉથી ચેતાવવા માટે અભિશાપની **સિગ્નલ** (લાલ બત્તી) બતાવે છે.

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના સંસ્થાપક સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણે **સ્વયં** પોતાના ત્યાગી અને ગૃહસ્થ તમામ આશ્રિતો માટે **ગુરુની નિયુક્તિ** કરેલી છે. **વિશ્વના તમામ સંપ્રદાયો કરતા** શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય **અનોખી ભાત** દર્શાવે છે કારણ કે, શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં **'ગુરુ'** એ એક **સ્વયં** પરમાત્માની જ **દેણ** છે. જે બીજા કોઈ સંપ્રદાયમાં જોવા નથી મળતી. આ સ્વયં સર્વોપરી ભગવાનની જ દેણ હોવાથી એમાં ક્યારેય **વિકૃતિ સંભવ** નથી. વિકૃતિ તો માનવ સર્જનમાં હોઈ શકે ! શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં **'આચાર્ય ગુરુપરંપરા'** એ ભગવાન શ્રીહરિની આત્યંતિક કલ્યાણ વ્યવસ્થાની અંગભૂત એક વ્યવસ્થા છે. આવી **'આચાર્ય ગુરુપરંપરા'**ની પાછળ સ્વયં સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણની યોજનાની, ભાવનાની અને વ્યવસ્થાની એક **દિવ્યશક્તિ** રહેલી છે. આચાર્યપદ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયની **અવિચ્છિન્ન પરંપરાને** ટકાવી રાખનારું એ પદ છે. માટે **આચાર્ય પદ** એ પરમાત્માનો જ આપેલો **એક હિસ્સો** છે. અને એવી રીતે **વ્યવસ્થા** કરવામાં આવી છે કે, તે **કુદરતી વ્યવસ્થા** ને તેના મૂળ સ્વરૂપે સ્વીકારવામાં આવે તો એમાં કોઈ આડઅસરો પેદા થતી નથી. પરંતુ જો તમે પરમાત્માની વ્યવસ્થામાં **ફેરફાર** કરો છો કે એના મૂળ તત્ત્વોમાં કશોક ફેરફાર કરો છો તો **કેટલીક આડઅસરો** આપણા શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં પેદા થઈ છે, જે આપણે જોઈ શકીએ છીએ.

દાખલા તરીકે **સફેદ ખાંડ** અથવા તો **ટેબલ સુગરનું ઉદાહરણ** લઈએ. શેરડીને રિફાઈન અને પ્રોસેસ કરીને તે બનાવવામાં આવે છે. આ પ્રક્રિયા દરમિયાન તે તેના બધા જ વિટામિન્સ, મિનરલ (ખનીજ તત્ત્વ), ફાઈબર્સ ગુમાવી દે છે. અને તે ખાલી **કેલરી** બનીને રહી જાય છે. હવે ખાંડને પચાવવા માટે આપણા શરીરને વિટામિન્સ અને મિનરલ્સની જરૂર પડે છે. આથી શરીરના બીજા ભાગો જેવા કે, હાડકાં, જ્ઞાનતંતુઓ, સ્નાયુઓ, ત્વચા, આંખો વગેરે પાસેથી તે મેળવે છે. અને **પરિણામ** એ આવે છે કે શરીરને વિટામિન્સ અને મિનરલ્સની **ખોટ** વર્તાય છે. જે બીજી સમસ્યાઓ જેવી કે નબળા હાડકાં, માનસિક-ચીડિયાપણું, થાક લાગવો, સ્નાયુઓની બિમારી, આંખોની નબળાઈ વગેરે પેદા કરે છે. વધુમાં શુદ્ધ ખાંડ તરત બ્લડ ગ્લુકોઝનું સ્તર વધારી દે છે. જેને પચાવવા શરીર ઈન્સ્યુલીન છોડે છે. જેના લીધે સુગરનું સ્તર નીચું આવે છે. અને આ બધાને કારણે પ્રતિક્રિયારૂપે તમને થાક, હતાશા અને શરીરનો દુઃખાવો થાય છે. કુદરતી ખોરાક એવી રીતે બન્યા જ નથી કે શરીરમાં આ રીતે અચાનક ઊંચુ અને અચાનક નીચું વલણ ઊભું થાય. પણ જો શેરડીને **મૂળ સ્વરૂપે** સ્વીકારવામાં આવે તો આ કોઈ જ **આડઅસર** પેદા થતી નથી. પરંતુ જો શુદ્ર જેવી શેરડીમાં ફેરફાર

કરવા જઈએ તો આ આડઅસરો પેદા થતી હોય તો **'આચાર્ય ગુરુપરંપરા'** એ ભગવાન શ્રી સ્વામિનારાયણની **કલ્યાણ વ્યવસ્થાની અંગભૂત** એક **વ્યવસ્થા** છે. એ વ્યવસ્થામાં કોઈ **ફેરફાર** કરવા જે ગયા એ પોતાને હાથે જ માર્યા ગયા સમજો. કારણ કે, આપણે સહેજ ઊંડાણથી જોઈશું તો આપણને માલુમ પડશે કે કુદરતી વ્યવસ્થામાં કરેલો ફેરફાર ખૂબજ બનાવટી છે, માનવસર્જિત વસ્તુઓ ક્યારેય પરમાત્માની તોલે આવી શકતી નથી.

અહીં એક વાત ખાસ નોંધી રાખવા જેવી છે કે **કુદરતી વ્યવસ્થા** અનુસાર જીવન જીવવાથી તમે કુદરત પાસેથી અત્યંત આવશ્યક શક્તિઓ જેને **'પ્રાણ'** કહે છે તે મેળવો છો. કારણ કે કુદરતી વ્યવસ્થા આવા પ્રાણથી ભરભૂર છે. અને તે તમારા શરીરની શક્તિઓને જોમ બક્ષે છે. બનાવટી વસ્તુઓમાં પ્રાણ કે જીવનશક્તિ હોતી નથી. કારણ કે એ **કુદરતી વ્યવસ્થાથી વિમુખ** છે. માટે કોઈકને કોઈક **નુકસાનકર્તા** પરિણામો, **પ્રત્યાઘાતો** અથવા **આડઅસરો** અચૂક ઊભી થાય છે.

☛ વૈદિક દત્તકવિધાન

સર્વાવતારી ભગવાન શ્રીહરિએ પોતાના બંને ભાઈઓના એક-એક પુત્રને દત્તક લઈને પોતાને સ્થાને આરુઢ કર્યા છે. જેને માટે ઘણા બુદ્ધિજીવીઓ શંકાઓ ઉપસ્થિત કરતા હોય છે. તેને અહીં કેટલાક સાંપ્રદાયિક તેમજ અન્ય ગ્રંથોના સચોટ પુરાવા સાથે દત્તકવિધાનને સમજીએ.

યાજ્ઞવલક્ય સ્મૃતિ કહે છે :- 'દદ્યાન્માતા પિતા વા યં સ પુત્રો દત્તકો ભવેત્ ।' માતા-પિતાએ પુત્ર વિનાના આર્ય ગૃહસ્થને આપેલા પુત્રને **દત્તક** કહેવાય છે.

(યાજ્ઞવલ્ક્ય સ્મૃતિ : ૧૨/૧૩૦)

સ.ગુ. શ્રી શતાનંદ સ્વામી સંપ્રદાયના આધારભૂત ગ્રંથ 'શ્રી સત્સંગિજીવન'માં લખે છે :

'ततो हरिर्वैदिकविप्रवर्यैः शास्त्रोदितं दत्तविधिंविधाय । वादित्रगीतध्वनिमङ्गलाढ्यं जग्राह तौ सर्वजनानुरागौ ।।'

પછી શ્રીહરિએ વાજીંત્રો અને ગીતોના માંગલિક ધ્વનિઓ અને સ્વસ્તિ વાચનાદિથી યુક્ત ધર્મશાસ્ત્રોમાં કહેલો **દત્તવિધિ** શ્રેષ્ઠ વૈદિક બ્રાહ્મણો પાસે કરાવીને સર્વજનોની પ્રીતિ જેમને વિષે છે એવા અયોધ્યાપ્રસાદ અને રઘુવીરને પોતાના પુત્રપણે સ્વીકાર કર્યા.

(શ્રી સત્સંગિજીવન : ૪/૪૦/૨૧)

પ.પૂ. ધ.ધુ. આચાર્ય શ્રી ભગવત્પ્રસાદજી મહારાજશ્રી દ્વારા રચિત **'શ્રીહરિલીલા પ્રદીપ'** ગ્રંથમાં લખે છે :-

'राजन् हरिर्वैदिकभूसुरैस्ततः शास्त्रोदितं दत्तविधिं विधाय सः । मांगल्यवाद्यध्वनिगीतपूर्वकं जग्राह तौ धर्मधुराऽऽवहक्षमौ ।।'

વૈદિક બ્રાહ્મણો દ્વારા શાસ્ત્રમાં કહેલો દત્તવિધિ કરીને ભગવાન શ્રીહરિએ માંગલ્ય વાજિંત્રોના ધ્વનિ તથા ગીતપૂર્વક ધર્મધુરાને વહન કરવા યોગ્ય તે બંને અયોધ્યાપ્રસાદ અને રઘુવીરને પુત્રપણે ગ્રહણ કર્યા.

(શ્રીહરિલીલા પ્રદીપ : કિ-૩, અધ્યા.- ૯, શ્લો.- ૨૭)

સ.ગુ. શ્રી વાસુદેવાનંદ વર્ણી **'શ્રી સત્સંગિભૂષણ'** ગ્રંથમાં લખે છે :

શ્રીહરિ કહે : ''હે ભાઈઓ ! તમારા બંનેની હું પ્રાર્થના કરું છું કે, અત્યારે તમો મને પ્રિય એવા તમારા બે પુત્રો દત્તકપુત્ર વિધાનથી આપો. પછી તેમને મારા સ્થાને સ્થાપન કરીશ.''

બંને ભાઈઓએ એક-એક પુત્ર આપ્યા બાદ ભગવાન શ્રીહરિ, વેદના કુશળ બ્રાહ્મણો પાસે વેદોક્ત અનુસાર દત્તકપુત્ર ગ્રહણવિધિ કરાવતા હતા.

અને વાજિંત્રો વગડાવતા હતા તથા મંગળ કાર્યમાં ગાવા યોગ્ય કીર્તનો ગવરાવવા લાગ્યા.

(શ્રી સત્સંગિભૂષણ : ૧૮/૫૧-૫૬)

આ જ પ્રસંગને પ.પૂ. ધ.ધુ. આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજશ્રી 'શ્રીહરિલીલામૃત' ગ્રંથમાં પણ કંડારે છે :-

'ભાઇ બે પુત્ર આપવાવાળા, તેણે પૂજ્યા ગણેશ સૂંઢાળા; પછી શ્રીજીનું પૂજન કીધું, દાન બન્નેએ પુત્રનું દીધું.
દેવસ્ય ત્વા ભણી મંત્ર નાથ, ઝાલ્યા બે દત્તપુત્રના હાથ; વસ્ત્ર ભૂષણથી શણગાર્યા, પ્રભુએ નિજ પાસ બેસાર્યા.
પછી પુત્ર પ્રતિગ્રહ અંગે, કર્યા હોમ આચાર્યે ઉમંગે; કરી હોમ સમાપન ત્યાંય, દિધી આચાર્યને દક્ષિણાય.'

(શ્રીહરિલીલામૃત : ૮/૪૬)

વળી, આ જ પ્રસંગને સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામી 'ભક્તચિંતામણી' ગ્રંથમાં આલેખે છે :-

'વળી ધર્મવંશિ દ્વિજ ધીર રે, અવધપ્રસાદ ને રઘુવીર રે; એહ દત્તપુત્ર છે અમારા રે, તેને કર્યા છે ગુરુ તમારા રે.'

(ભક્તચિંતામણી : પ્ર-૧૬૦)

શબ્દરત્નમહોદધિ તથા **આપ્ટેકોશ**માં પણ **'દત્તકપુત્ર'**નો અર્થ કરેલો છે કે, પુત્ર વિનાના આર્ય ગૃહસ્થે ખોળે લીધેલો પુત્ર, આ ઉપરથી એ સિદ્ધ થાય છે કે ભગવાન શ્રી સ્વામિનારાયણ (માત્ર સ્વાશ્રિત ત્યાગીજનોની શિક્ષાને અર્થે ત્યાગ પ્રધાન જીવન-પરાયણ હોવા છતાં) ત્યાગી ન હતા. કારણ કે તેઓના જીવનમાં એક પણ એવો **ઈતિહાસ** નથી કે તેઓએ ભગવા કપડાંને પરિધાન કર્યા હોય. હા, તેઓ સાધુતાએ યુક્ત જીવન ચોક્કસ જીવ્યા હતા એમાં ના નહી, પરંતુ હતા તો પોતે ધર્માચાર્ય. એટલે જ તેઓએ દત્તપુત્રો લઈ ધર્માચાર્ય પરંપરા જાળવી. પોતાના બંને ભાઈઓના દિકરા ખોળે લીધા, દત્તક લીધા અને પોતે સદ્‌ગૃહસ્થ બ્રાહ્મણે જ ત્યાગીને દીક્ષા આપવાનો અધિકાર છે તેવી વૈષ્ણવ સંપ્રદાયની પરંપરાને જાળવી. સ્વયં ભગવાન શ્રી સ્વામિનારાયણે વડોદરાનાં રાજપંડિતોને કહ્યું છે :-

'सर्ववैष्णवमार्गेषु शिष्टाचारश्च तादृशः । प्रवर्तते साम्प्रतं च सत्यादिषु युगेष्वपि ।।'

સર્વ વૈષ્ણવ સંપ્રદાયોમાં શિષ્ટાચાર **ગૃહસ્થ બ્રાહ્મણને જ ગુરુ બનાવવાનો** છે અને આ **શિષ્ટાચાર** સત્યયુગથી લઈ આજ સુધી પણ એજ પ્રમાણે પ્રવર્તેલો છે.

(શ્રીહરિદિગ્વિજય : ૪૫/૬૫)

ભગવાન શ્રી સ્વામિનારાયણ **'સામ્પ્રતમ્'** શબ્દ બોલેલા છે. અર્થાત્ અત્યારે અમે પણ અમારા ભાઈઓના પુત્રોને દત્તક (ખોળે) લઈ સર્વ વૈષ્ણવ સંપ્રદાયના શિષ્ટાચાર પ્રમાણે ગૃહસ્થ બ્રાહ્મણને જ ગુરુ બનાવવા આ વૈષ્ણવ સંપ્રદાયના શિષ્ટાચારને જાળવી રાખ્યો છે. એમાં ન્યૂનતા નથી આવી.

આ ઉપરાંત અનેક ધર્મગ્રંથમાં કહ્યું છે કે, સદ્‌ગૃહસ્થ જ કોઈના પુત્રને દત્તક લઈ શકે. આ બાબતમાં ઘણાક પ્રમાણવચનો છે, પરંતુ અત્રે આટલા **પ્રમાણવચનો**થી જ સંતુષ્ટ થશો.

દત્તકચંદ્રિકા ગ્રંથને વિષે કહેલું છે કે, ત્યાગી ક્યારેય કોઈનાં પુત્રને દત્તક ન લઈ શકે. પરંતુ ભગવાન શ્રી સ્વામિનારાયણે પોતાના બંને ભાઈઓના પુત્રને **દત્તવિધિ**થી લીધેલા છે. ભગવાન શ્રી સ્વામિનારાયણ **દત્તકપિતા** હતા. અને **દત્તકપિતાનો અર્થ** ભગવદ્‌ગોમંડલમાં કર્યો છે કે, **'ધર્મપિતા** - અર્થાત્ ધર્મશાસ્ત્રના વિધાન મુજબ **પિતા** કહેવાય છે.'

'उभावेतौ धर्मवंश्यौ युष्माभिर्धर्मदेववत् । मान्यौ सेव्यौ स्वशक्त्यान्नवस्त्रभूषाधनादिभिः ।।'

તમોએ **ધર્મવંશમાં થયેલા બંને મારા પુત્રો ધર્મદેવની માફક માનવા.** પોતાની શક્તિ પ્રમાણે અન્ન, વસ્ત્ર, ભૂષણ, ધનાદિથી સેવા કરવા

યોગ્ય છે.

(શ્રી સત્સંગિજીવન : ૪/૪૦/૩૮)

'तादृक् पुत्रो न चेत्स्वस्य तदान्यं धर्मवंशजम् । गृहीत्वा दत्तविधिना स्थाप्यो मद्वन्न सोऽङ्गजः ।।'

જો પોતાનો પુત્ર તેવા લક્ષણે યુક્ત ના હોય ત્યારે તો મારી માફક દત્તવિધિથી પોતાના પુત્રથી બીજો ધર્મવંશનો પુત્રપણે સ્વીકાર કરીને ગુરુતા પદમાં સ્થાપન કરવો. ગુણે રહિત પોતાના પુત્રને સ્થાપન કરવો નહિ.

(શ્રી સત્સંગિજીવન : ૪/૪૦/૩૮)

ત્રિકાળજ્ઞાની બ્રહ્મર્ષિ સ.ગુ. શ્રી શતાનંદ સ્વામી **સર્વમંગલ સ્તોત્ર**માં લખે છે :-

'दत्तविध्युपात्तसुतद्वयाय नमः ।' - સભામાં જ પોતાના મોટા નાના ભાઈઓ થકી તેમના અયોધ્યાપ્રસાદ અને રઘુવીર નામના બે પુત્રોને શાસ્ત્રોક્ત દત્તવિધાનથી પોતાના પુત્રપણે ગ્રહણ કરનારા. (૮૩૪)

'पुत्रविन्यस्तगुरुताय नमः ।' - તે પુત્રને પોતાનું ગુરુપદ આપનારા. (૮૩૫)

'पुत्रसात्कृतसंश्रिताय नमः ।' - સમસ્ત સ્વાશ્રિતોને દત્તપુત્રાધીન કરનારા. (૮૩૬)

'पुत्रदत्तमहादीक्षाय नमः ।' - આચાર્યપદમાં સ્થાપેલા દત્તપુત્રોને પોતે જ મહાદીક્ષા આપનાર. (૮૮૮)

'पुत्रदीक्षितपुरुषाय नमः ।' - દીક્ષિત દત્તપુત્રો પાસે યથાવિભાગ સ્વ સ્વદેશીય પુરુષોને યથાધિકાર સામાન્ય અને વિશેષ દીક્ષા અપાવનારા. (૮૮૯)

'स्नुषादीक्षितयोषाय नमः ।' - પુત્ર પાસે દીક્ષા દેવડાવેલી તેમની પત્નીઓ (સુનંદા-વિરજાબાઈ) પાસે વિભક્ત સ્વ સ્વદેશીય સ્ત્રીઓને કૃષ્ણદીક્ષા અપાવનારા. (૮૯૦)

આ રીતે શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના અણિશુદ્ધ વંશવારસાગત રીતે ચાલી આવતી આચાર્ય પરંપરામાં વિદ્યમાન આચાર્યશ્રી પોતાના **યોગ્ય પુત્ર**ને 'ભાવિઆચાર્ય' તરીકે નિમણુંક કરી ભગવાન શ્રીહરિ સ્થાપિત ધર્મધુરા ગાદીસ્થાને સ્થાપિત કરે છે. અને જો વિદ્યમાન આચાર્યશ્રીને પુત્ર ન હોય તો વૈદિક પરંપરા અનુસાર **દત્તકપુત્ર** તરીકે સ્વીકારીને **'આચાર્યપદ'**ની સ્થાપના કરવામાં આવે છે. આથી એ વાત ફલિત થાય છે કે, અનુગામી આચાર્યશ્રીના વંશવારસાગત પિતા આચાર્યશ્રી હોવા જોઈએ અથવા દત્તક લેનાર પિતા આચાર્ય હોવા જોઈએ. જેમકે :-

(૧) ભગવાન શ્રી સ્વામિનારાયણ - આદિઆચાર્ય શ્રી રઘુવીરજી મહારાજના **દત્તક પિતા** છે. એટલા માટે આદિઆચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ 'શ્રીહરિવાક્યસુધાસિંધુ' ગ્રંથની સેતુમાલા ટીકાની સમાપ્તિમાં લખે છે કે :- 'हरिवाक्यसुधासिन्धोष्टीकेयं रचिता मया । सेतुमालाभिधा सम्यक् कृपया श्रीहरेः पितुः ।।१।।' - ''શ્રીહરિવાક્યસુધાસિંધુની આ સેતુમાલા ટીકા મારા પિતા એવા શ્રીહરિકૃષ્ણ મહારાજની કૃપાથી લખાયેલી છે.''

'भक्तिधर्मसुतस्तेन श्रीहरिः पुरुषोत्तमः । भूयादतिप्रसन्नो मे पिता कारुण्यवारिधिः ।।' - ''આ ટીકા લખવાથી મારા પિતા એવા ધર્મભક્તિના પુત્ર કરુણાનિધિ શ્રીહરિ પૂર્ણ પુરુષોત્તમનારાયણ પ્રસન્ન થાઓ.''

'इति श्रीमदेकान्तिकधर्मप्रवर्तक-श्रीहर्यैकान्तिकोपासक-श्रीहरिकृष्णभगवत्सूनुरघुवीराचार्यविरचिता-सेतुमालाख्या श्रीहरिवाक्यसुधासिन्धुटीका सम्पूर्णा ।।' - અને અંતમાં લખે છે : ''શ્રીમદ્ એકાંતિક ધર્મપ્રવર્તક શ્રીહરિના એકાંતિક ઉપાસક શ્રીહરિકૃષ્ણ મહારાજના દીકરા એવા રઘુવીરાચાર્ય (આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ) દ્વારા રચિત સેતુમાલા નામની શ્રીહરિવાક્યસુધાસિંધુની ટીકા સંપૂર્ણ.''

'શિક્ષાપત્રી અર્થદીપિકા ભાષ્ય' ગ્રંથની સમાપ્તિમાં આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ લખે છે કે :- 'इति श्रीभगवत्सहजानन्दस्वामिसुत-श्रीरघुवीराचार्यविरचितं भाष्यं समाप्तम् ।।' - ભગવાન શ્રી સહજાનંદ સ્વામિસુત આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજશ્રી દ્વારા વિરચિત શિક્ષાપત્રી અર્થદીપિકા ભાષ્ય સમાપ્ત.

(૨) આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજે શ્રી ભગવત્પ્રસાદજી મહારાજને **દત્તક** તરીકે સ્વીકારી આચાર્યપદે સ્થાપિત કર્યા હતા. આચાર્ય શ્રી ભગવત્પ્રસાદજી મહારાજ - આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજની શિક્ષાપત્રીનું સંસ્કૃત ભાષ્યની અર્થબોધિની ટીકામાં કહે છે :-

'पुत्रीकृत्य तु यं निजे गुरुपदे संस्थाप्य सर्वान्निजान् भक्तान्यस्य वशे चकार सहजानन्दः स साक्षाद्धरिः ।
तस्य श्रीरघुवीरदेशिकमणेः श्रीतातपादस्य मे, भूयात्स्वस्तिकरं पदाम्बुजमिदं मूर्ध्नो ममाभूषणम् ।।'

''साक्षात् श्रीहरि सहजानंद स्वामीએ દત્તપુત્ર તરીકે સ્વીકારીને પોતાના તમામઆશ્રિતોના ગુરુપદ પર સ્થાપિત કરેલા એવા મારા પિતા દક્ષિણ દેશના શિરમોડ શ્રી રઘુવીરજી મહારાજના ચરણારવિંદ મારું કલ્યાણ કરે. જે ચરણારવિંદ મારા માથાના આભૂષણ સમાન છે.''

'શિક્ષાપત્રી ભાષ્યટીકા' ગ્રંથની સમાપ્તિમાં આચાર્ય શ્રી ભગવત્પ્રસાદજી મહારાજ લખે છે કે :-

'इति श्रीरघुवीराचार्यसुत-श्रीभगवत्प्रसादाचार्यविरचिता भाष्यटीका समाप्ता ।।' - આદિઆચાર્ય શ્રી રઘુવીરજી મહારાજના દીકરા આચાર્ય શ્રી ભગવત્પ્રસાદજી મહારાજશ્રી દ્વારા વિરચિત શિક્ષાપત્રી ભાષ્યટીકા સમાપ્ત.

'इति श्रीहरिकृष्णभगवत्सूनु-श्रीरघुवीराचार्यात्मज-श्रीभगवत्प्रसादाचार्यविरचिते श्रीसारोपदेशे हितोपदेश-श्रीहरिस्तुत्यादिनिरूपणनामा दशमोऽध्यायः ।।' અર્થ :- એવી રીતે શ્રીહરિકૃષ્ણ ભગવાનના પુત્ર શ્રી રઘુવીરજી મહારાજ તેમના પુત્ર શ્રી ભગવત્પ્રસાદજી મહારાજ તેમણે રચ્યો એવો જે સારોપદેશ તેને વિષે હિતનો ઉપદેશ તથા ભગવાન શ્રીહરિની સ્તુતિ એ આદિકનું નિરૂપણ કર્યું એ નામે દશમો અધ્યાય જે તે થયો.

(શ્રીહરિલીલાપ્રદીપ : કિ.-૩/૪૪ તથા શ્રી સારોપદેશ - પેજ નં. ૧૮૮, પ્રકાશક : શ્રી સ્વા. મંદિર - વડતાલ, સને ૨૦૧૦)

(૩) આચાર્ય શ્રી ભગવત્પ્રસાદજી મહારાજે શ્રી વિહારીલાલજી મહારાજને દત્તક તરીકે સ્વીકારી આચાર્યપદ પર સ્થાપિત કર્યા.

- શ્રીહરિલીલામૃત ગ્રંથમાં પ.પૂ. ધ.ધુ. આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજશ્રીનો પરિચય આપતા શા. હરિજીવનદાસજી મુખપૃષ્ઠમાં લખે છે :- 'सनातनधर्मधुरंधराचार्यश्रीभगवत्प्रसादमहाराजात्मज-श्रीविहारिलालाचार्यमहाराजविरचितम् ।' - સનાતન ધર્મધુરંધર આચાર્ય શ્રી ભગવત્પ્રસાદજી મહારાજશ્રીના દીકરા શ્રી વિહારીલાલજી મહારાજ વિરચિત.

(શ્રીહરિલીલામૃત ભાગ - ૧ : મુખપૃષ્ઠ, પ્રકાશક - મુંબઈ મંદિર મહંત બ્ર. પ્રભુતાનંદજી)

- 'व्याख्यातः प्रीतये तेषामेषोऽदः कर्तृसूनुना । विहारिलालाचार्येण मया गुर्जरभाषया ।।' અર્થ :- તે સમગ્રની પ્રસન્નતાને અર્થે કેતા તેને રાજીપાને અર્થે આ ગ્રંથના રચનારા આચાર્ય શ્રી ભગવત્પ્રસાદજી મહારાજ તેમનો પુત્ર શ્રી વિહારીલાલજી નામે આચાર્ય જે હું તે મેં આ સારોપદેશની ગુજરાતી ભાષાએ કરીને વ્યાખ્યા કરી છે.

(શ્રી સારોપદેશ - પેજ નં. ૧૮૯, પ્રકાશક : શ્રી સ્વા. મંદિર - વડતાલ, સને ૨૦૧૦)

- 'तं प्रपितामहं नत्वा पितरं च पितामहम् । श्रीहर्यैकांतिकान्भक्तान्सर्वांश्च प्रणमाम्यहम् ।।' અર્થ :- મારા પ્રપિતામહ જે તે ભગવાન તેમને નમસ્કાર કરીને શ્રીઅયોધ્યાપ્રસાદજી મહારાજ તથા શ્રીરઘુવીરજી મહારાજ તેમને તથા મારા પિતા જે શ્રીભગવત્પ્રસાદજી મહારાજ તેમને તથા સમગ્ર

ભગવાન શ્રીહરિના એકાંતિક ભક્તને નમસ્કાર કરું છું.

(શ્રી સારોપદેશ - પેજ નં. ૧૯૦, પ્રકાશક : શ્રી સ્વા. મંદિર - વડતાલ, સને ૨૦૧૦)

'સખી વાત વીતી કહું મારી...' એ કીર્તનની છેલ્લી પંક્તિમાં લખ્યું છે :- **'રઘુવીર સુત સુતના સ્વામી....'**

(૪) શિક્ષાપત્રી (અર્થદીપિકા વ્યાખ્યા અને ભાષ્યટીકા) ગ્રંથમાં પ.પૂ. ધ.ધુ. આચાર્ય શ્રી શ્રીપતિપ્રસાદજી મહારાજશ્રીનો પરિચય આપતા મુખપૃષ્ઠમાં લખવામાં આવ્યું છે કે :- 'सनातनधर्मधुरंधराचार्यश्रीविहारिलालमहाराजात्मज-श्रीश्रीपतिप्रसादाचार्यमहाराजैः।' - સનાતન ધર્મધુરંધર આચાર્ય શ્રી શ્રીવિહારીલાલજી મહારાજશ્રીના દીકરા શ્રી શ્રીપતિપ્રસાદજી મહારાજશ્રીએ મુંબઈ નિર્ણયસાગર મુદ્રણાલયથી છપાવીને પ્રકાશિત કર્યું છે.

(શિક્ષાપત્રી : મુખપૃષ્ઠ, પ્રકાશક - વડતાલ મંદિર આચાર્ય શ્રી શ્રીપતિપ્રસાદજી મહારાજ, સંશોધક : પં. શ્રી કૃષ્ણમાચાર્ય (વડતાલ પાઠશાળા) સને ૧૯૨૪)

- મગનલાલ કીકાભાઈ દ્વારા પ્રસિદ્ધ કરાયેલા 'નિષ્કુળાનંદ કાવ્ય' (કીંમત - રૂા. ૧)માં આચાર્ય શ્રીપતિપ્રસાદજી મહારાજના ફોટા નીચે લખવામાં આવ્યું છે : 'ધર્મ ધુરંધર આચાર્ય શ્રી શ્રીપતિપ્રસાદજી વિહારીલાલજી મહારાજ.'

(૫) શ્રીહરિલીલામૃત ગ્રંથમાં પ.પૂ. ધ.ધુ. આચાર્ય શ્રી આનંદપ્રસાદજી મહારાજશ્રીનો પરિચય આપતા શા. હરિજીવનદાસજી મુખપૃષ્ઠમાં લખે છે :- 'सनातनधर्मधुरंधराचार्यश्रीश्रीपतिप्रसादमहाराजात्मज-श्रीआनन्दप्रसादाचार्यमहाराजाज्ञया।' - સનાતન ધર્મધુરંધર આચાર્ય શ્રી શ્રીપતિપ્રસાદજી મહારાજશ્રીના દીકરા શ્રી આનંદપ્રસાદજી મહારાજની આજ્ઞાથી. (શ્રીહરિલીલામૃત ભાગ - ૨ઃ મુખપૃષ્ઠ, પ્રકાશક - વડતાલ મંદિર મહંત ધર્મસ્વરૂપદાસજી)

(૬) શ્રીહરિલીલામૃત ગ્રંથમાં પ.પૂ. ધ.ધુ. આચાર્ય શ્રી નરેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનો પરિચય આપતા શા. હરિજીવનદાસજી મુખપૃષ્ઠમાં લખે છે :- 'सनातनधर्मधुरंधराचार्यश्रीआनन्दप्रसादमहाराजात्मज-श्रीनरेन्द्रप्रसादाचार्यमहाराजविरचितम् ।' - સનાતન ધર્મધુરંધર આચાર્ય શ્રી આનંદપ્રસાદજી મહારાજશ્રીના દીકરા શ્રી નરેન્દ્રપ્રસાદજી મહારાજની આજ્ઞાથી. (શ્રીહરિલીલામૃત ભાગ - ૧ : મુખપૃષ્ઠ, પ્રકાશક - મુંબઈ મંદિર મહંત બ્ર. પ્રભુતાનંદજી)

(૭) નિષ્કુળાનંદ કાવ્ય ગ્રંથમાં તથા ભક્તચિંતામણી ગ્રંથમાં પ.પૂ. ધ.ધુ. આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનો પરિચય આપતા વડતાલ મંદિરના મુખ્ય કોઠારી શા. લક્ષ્મીપ્રસાદદાસજી સ્વામી તથા શા. નીલકંઠદાસજી સ્વામી મુખપૃષ્ઠમાં લખે છે :- 'सनातनधर्मधुरंधराचार्यश्रीनरेन्द्रप्रसादमहाराजात्मज-श्रीअजेन्द्रप्रसादाचार्यमहाराजाज्ञया वडतालमंदिरमुख्याधिकारिणा शास्त्रिणा लक्ष्मीप्रसाददासेन ओफसेट प्रोसेस रूपेण प्राकाश्यं नीतम्।' (પ્રકાશન : સં. ૨૦૪૦ સને ૧૯૮૪) તથા એ જ રીતે શ્રી સત્સંગિજીવન, વચનામૃત વગેરે અનેક ગ્રંથોમાં પણ લખેલ છે.

શ્રી સ્વામિનારાયણ ચરિત્ર ચિંતામણી (પ્રસિદ્ધ કર્તા : શા. હરિજીવનદાસજી સ્વામી, શ્રી સ્વા. મંદિર ડાકોર)ની અર્પણ પત્રિકામાં લખેલ છે :- આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી અજેન્દ્રપ્રસાદજી શ્રી નરેન્દ્રપ્રસાદજી મહારાજની પવિત્ર સેવામાં...

આ રીતે સંપ્રદાયના અનેક ગ્રંથોમાં વિદ્યમાન આચાર્યશ્રીના નામપાછળ પૂર્વોક્ત આચાર્યશ્રીનું જ નામલખવામાં આવ્યું છે. જે આચાર્યશ્રી

દત્તકપિતા હોય કે વંશવારસાગત પિતા હોય શકે છે. ભગવાન શ્રીહરિના સિદ્ધાંત મુજબ **વિદ્યમાન આચાર્યશ્રી જ અનુગામી આચાર્યશ્રીની નિમણુંક** કરી શકે છે.

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયનું બંધારણ સ્વયં સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણે બતાવેલું છે. આ વાતથી એ સાબિત થાય છે કે, **શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયનું** બંધારણ વિશ્વની **તમામ પ્રણાલિકાઓ**ના બંધારણ કરતા **શ્રેષ્ઠ** છે. કારણ કે અન્ય કોઈ પ્રણાલિકાનું **બંધારણ** સંપૂર્ણ કુદરતી નથી, માનવ સર્જિત પણ છે. અને **માનવ સર્જિત બંધારણ** ગમે તેટલી બુદ્ધિ કસીને ઘડેલું હોય તોપણ થોડા જ વર્ષોમાં ખોખલું અને **પાંગળું** પુરવાર થાય છે. આજે વિશ્વમાં ભાગ્યે જ કોઈ દેશ એવો હશે જેનું સંવિધાન ઘડાયું હોય પછી એમાં ફેરફાર નહિ નોંધાયો હોય. બદલતા જતા જમાના સાથે કદમ મિલાવવા માનવ નિર્મિત **બંધારણના નિયમોની સાંકળ**ને મરોડવી જ પડે છે. વિચક્ષણ બુદ્ધિશાળીઓએ ઘડેલા વિલક્ષણ બંધારણોને કાળની સૂક્ષ્મ કાતર કદ પ્રમાણે વેતરી નાખે છે. ત્યારે **શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયનું બંધારણ** સર્વકારણના કારણ, સર્વોપરી ભગવાન શ્રી સ્વામિનારાયણે **સ્વયં** બનાવેલું છે એ બંધારણમાં **લગીરેય ફેરફાર**ને અવકાશ નથી. **શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયનું બંધારણ** એક **કુદરતી દેણ** છે, ભગવાન શ્રી સ્વામિનારાયણ સર્વજ્ઞ હતા. તેમણે જે અપરિવર્તનીય **મૂળભૂત સિદ્ધાંતો** આપ્યા છે તેમાં પરિવર્તનને લગીરેય અવકાશ હોઈ શકે નહિ.

જેમ્સ જિન્સ જેવા **વૈજ્ઞાનિકો** કહે છે :- "અમારી વાતો કે કાયદાઓને એકદમ સાચી માની લેવાની ઉતાવળ કરશોમાં. કેમ કે નિતનવા થતા જતાં સંશોધનોમાં **જુના સમીકરણો** અને **અન્વેષો** ખામીભર્યા દેખાવા લાગે છે." ત્યારે વચનામૃત **ગઢડા અંત્ય પ્રકરણના ૨૪**માં **શ્રીજીમહારાજ** કહે છે :- "...તે વચનથી આગળ પગ માંડીને અધિક પણ ન વર્તે અને ઓછો પણ ન વર્તે તેને જાણીએ જે, એ ધર્મમાંથી **આપત્કાળે પણ** નહિ પડે."

શ્રીજીમહારાજ **સ્પષ્ટપણે** કહે છે કે, અમારા આપેલા નિયમોથી અધિક પણ ન વર્તવું ને ઓછું પણ ન વર્તવું. ભગવાન શ્રીહરિને **વિશ્વાસ** છે કે મારા નિયમો **કાળમાં કંટાય** તેવા નથી અને **લક્ષ્યને ચૂકાવે** તેવા નથી.

ભગવાન શ્રી સ્વામિનારાયણે બાંધેલા બંધારણને તોડવું એ નીચમાં નીચ કક્ષાનું પાપ છે.

વિશ્વના તમામ સંપ્રદાયો અને મતપંથોમાં સર્વોપરીતાની દૃષ્ટિએ **શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય** નોખો તરી આવે છે. એજ રીતે આ વિશ્વ સર્જન થયું ત્યારથી લઈને અત્યાર સુધી પોતાના **ઈષ્ટદેવના બંધારણ**ને કે પોતાના **ઈષ્ટદેવે સ્થાપેલા ગુરુપદને ઉથલાવાના પ્રયાસ** થયા હોય તો તે વિશ્વના સંપ્રદાયોમાં શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના **અમુક હિસ્સા**એ જ આ **કલંક** માથે લીધું છે. આ જ કલંકથી વિશ્વના નકશામાં ભારત દેશને એક **લઘુકોટિ**માં મૂકી દીધો છે. સુવર્ણાક્ષરે લખાતો રહેલો શ્રી સ્વામિનારાયણ **સંપ્રદાયનો ઈતિહાસ** આ ઘટનાઓથી ડગલે ને પગલે **કાળા અક્ષરે** ખરડાયેલો રહે છે. બાકી શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના સાધુ સમુદાય જો સાચા અર્થમાં પોતાના ઈષ્ટદેવને **સર્વોપરી** માનતા હોય અને પોતાના ઈષ્ટદેવના **બંધારણનું ગૌરવ** કરતા હોત તો ક્યો ભડનો દીકરો એની સામે આંગળી પણ કરી શકે.

એક વાતનું **આશ્ચર્ય** તો એ થાય છે કે, પોતાના સર્વોપરી ઈષ્ટદેવના બંધારણને તોડીને પાછા **ગૌરવ** અનુભવે છે. અને પોતાની સમજણને શ્રેષ્ઠ સાબિત કરે છે અને કહે છે કે 'આ વાતને સમજતા નથી તેઓ બિચારાઓ છે. કારણ કે તેઓને **પ્રગટની ઓળખાણ** નથી અને આપણને તો પ્રગટ બ્રહ્મસ્વરૂપ **ગુરુહરિ** મળ્યા છે.' પરંતુ **પોતાના સર્વોપરી ઈષ્ટદેવના બંધારણની તર્જના કરીને ગમે તેવી સર્વોપરીની વાત કરે કે પ્રગટ બ્રહ્મસ્વરૂપ ગુરુહરિની વાત કરે** તોપણ તે **કદાપિ શોભે નહિ.** તે તો ધોતિયું પહેર્યા વિનાના પાઘડી પહેરેલા માણસ જેવો **હાસ્યાસ્પદ** લાગે. સત્ય કોઈ દિવસ

કુતર્કો કરવાથી છુપાતું નથી. શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયનું બંધારણ ધર્મશાસ્ત્રોમાં **આંધળો પણ વાંચી શકે** એ રીતે જણાવ્યું છે.

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય **સર્વોપરી** છે. તેના ઘણા કારણોમાંનું **એક કારણ** એ પણ છે કે, શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં સ્ત્રીભક્તોના ગુરુ **વિદ્યમાન પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના ધર્મપત્ની** જ થઈ શકે છે. અર્થાત્ **સ્ત્રીભક્તોના ગુરુ** સ્ત્રીભક્ત જ છે. આ સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણનું **અજોડ** અને **અદ્વિતીય** બંધારણ છે. અન્ય કોઈ સંપ્રદાયમાં જોવા મળતું નથી. શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના બંધારણની **ત્રીજી વિશિષ્ટતા** એ છે કે સ્ત્રીભક્તો માટે અલગ-પોતાની રીતે **નિર્વિઘ્ન ભજનભક્તિ** કરી શકે તેવા **મંદિરો** અથવા મંદિરોમાં **અલગ વ્યવસ્થા** કરવામાં આવી છે. આ અદ્વિતીયતા પાછળ સ્ત્રીભક્તોની મોક્ષની દૃષ્ટિએ અતિ ઉચ્ચ અને પરમપાવનકારી **યોજના** ભગવાન શ્રી સ્વામિનારાયણની છે.

શ્રીજીમહારાજે **મુમુક્ષુઓના આત્યંતિક કલ્યાણ માટે** જે વિવિધ **બંધારણો** બાંધ્યા હોય તેમાંનું એક **મહાન કાર્ય** બ્રહ્મચર્યની પુનઃ પ્રતિષ્ઠા કરવાનું હતું. તત્કાલીન સમયમાં ધર્મના પ્રત્યેક ક્ષેત્રમાં ધર્મગુરુઓ, ત્યાગી સાધુઓનું **બ્રહ્મચર્ય** કથળી ગયું હતું. ભગવાન શ્રી સ્વામિનારાયણના સિદ્ધાંત પ્રમાણે ત્યાગીઓ કે સંતોથી સ્ત્રીઓનો સ્પર્શ જ ન થાય, સ્ત્રીઓનું મુખ ન જોવાય, એ સ્થિતિમાં સ્ત્રીઓ સાથે **વાર્તાલાપ** કેવી રીતે થાય ? સ્ત્રીઓને **દીક્ષામંત્ર** કેવી રીતે ત્યાગી વર્ગ આપી શકે ?

આ **જટીલ સમસ્યા**નું સમાધાન કરવા માટે ભગવાન શ્રી સ્વામિનારાયણે પોતાના પિતા **ધર્મદેવના કુળમાં જ આચાર્યપદની સ્થાપના** કરી છે. સંપ્રદાયમાં સ્ત્રી મુમુક્ષુને દીક્ષા આપવાનો **અધિકાર** આચાર્યશ્રીની આજ્ઞાથી અને અનુમતિથી એમના ધર્મપત્ની માટે **સુરક્ષિત** રાખ્યો. કારણ કે સ્ત્રીભક્તોને **પુરુષ આચાર્ય** દીક્ષા આપે તો **અનેક દૂષણો** પેદા થવાની **સંભાવના** જરૂર રહે છે તેને અત્રે બિલકુલ **અવકાશ** મળતો નથી.

વ્હાલા ભક્તો ! અત્રે કદાચ એક **શંકા** ઉદ્‌ભવે : **'ન જાતુ મન્ત્રદા નારી ।'** - એવું **ભારદ્વાજ સંહિતા**નું વાક્ય હોવાથી મંત્રોપદેશ કરવાનો સ્ત્રીઓને નિષેધ છે તો તે મર્યાદાનું **અતિક્રમણ** થવામાં દોષનો **સંભવ** હોવાથી સ્ત્રીઓ, સ્ત્રીઓને કેમ **મંત્રોપદેશ** કરે ? વળી, બીજું શાસ્ત્રોમાં સ્ત્રીઓના ગુરુ પોતાના **પતિ**ને જ કહ્યા છે. આ રહ્યા **શાસ્ત્રોના પ્રમાણો :-**

- **'પતિરેવ ગુરુઃ સ્ત્રીણામ્ ।'** - પતિ જ સ્ત્રીનો ગુરુ છે. (બ્રહ્મપુરાણ : ૮૦/૮૭)
- **'પતિરેકો ગુરુઃ સ્ત્રીણામ્ ।'** - સ્ત્રીઓનો એક પતિ જ ગુરુ હોય છે. (શાતાતપ સ્મૃતિ)
- **'પતિર્હિ દેવતા નાર્યાઃ પતિર્બન્ધુઃ પતિર્ગુરુઃ ।'** - સ્ત્રીઓને પોતાનો પતિ જ દેવતા, પતિ જ મિત્ર અને પતિ જ ગુરુ છે. (વાલ્મીકી રામાયણ : ૭/૪૮/૧૭)
- **'પતિર્હિ દેવો નારીણાં પતિર્બન્ધુઃ પતિર્ગુરુઃ ।'** (મહાભારત, અનુશાસનપર્વ : ૧૪૬/૫૫)
- **'પતિર્હિ દૈવતં સ્ત્રીણાં પતિરેવ પરાયણમ્ ।'** (મત્સ્યપુરાણ : ૨૧૦/૧૭)
- **'પતિર્બન્ધુર્ગતિર્ભર્તા દૈવતં ગુરુરેવ ચ ।'** (બ્રહ્મવૈવર્તપુરાણ, કૃષ્ણજન્મખંડ ઉત્તરાર્ધ : ૫૭/૧૦)
- **'ભર્તા નાથો ગુરુર્ભર્તા દૈવતં ગુરુરેવ ચ ।'** (બૃહન્નારદીય પુરાણ, ઉત્તરભાગ : ૪/૪૦)
- **'ભર્તા દેવો ગુરુર્ભર્તા ધર્મતીર્થવ્રતાનિ ચ ।'** (સ્કંદપુરાણ, કાશીખંડ : ૪/૪૮)
- **'ભર્તા નાથો ગુરુર્ભર્તા દેવતા દેવતૈઃ સહ । ભર્તા તીર્થં ચ પુણ્યં ચ નારીણાં નૃપનન્દન ।।'** - સ્ત્રીઓને પોતાના પતિ જ પરમેશ્વર, પતિ જ ગુરુ, પતિ જ દેવ, પતિ જ તીર્થ અને પતિ જ પુણ્ય છે. (પદ્મપુરાણ, કાશીખંડ : ૪/૪૮)

- **'पतिर्ब्रह्मा पतिर्विष्णुः पतिर्देवो महेश्वरः । पतिर्गुरुः पतिस्तीर्थमिति स्त्रीणां विदुर्बुधाः ।।'** - સ્ત્રીઓએ પોતાના પતિને જ બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ્વર માનવા જોઈએ. પતિ જ પોતાના ગુરુ અને તીર્થ પણ પોતાનો પતિ જ છે. (સ્કંદપુરાણ, વૈશાખ માહાત્મ્ય : ૨૬/૮૪)

આ પ્રમાણે ઉપરોક્ત મુજબ જીજ્ઞાસુ-મુમુક્ષુના જેવી શંકા **વડોદરાના વિદ્વાનો**ને થઈ હતી. જ્યારે ભગવાન શ્રી સ્વામિનારાયણ વડોદરા પધાર્યા હતા ત્યારે ત્યાંના વિદ્વાનોએ આવી જે શંકા કરી હતી તે વિદ્વદ્વર્ય **સ.ગુ. શ્રી નિત્યાનંદ સ્વામી**એ **'શ્રીહરિદિગ્વિજય'** ગ્રંથમાં શબ્દશઃ લખી છે. તે જોઈએ એના એજ શબ્દોમાં...:-

'स्वस्वदेशस्थशिष्येभ्यो दद्यातां तौ च दीक्षणम् ।। व्यवस्था हि कृता तत्र सर्वेभ्योऽपि विलक्षणा ।।
दीक्षां गुरुर्धर्मवंश्यो दद्यात् पुम्भ्यः पुमान् परम्।। न तु स्त्रीभ्यस्तथा तस्य पत्नी स्त्रीर्दीक्षयेत् पुमान् ।।
इति याऽस्ति व्यवस्थाऽत्र प्रमाणं वर्तते न वा ।। अस्ति चेदत्र वक्तव्यं न चेत्साऽस्त्वप्रमाणिका ।।'

(શ્રીહરિદિગ્વિજય : ૪૫/૩-૫)

બંને આચાર્યો પોતપોતાના દેશમાં રહેલા શિષ્યોને **દીક્ષા** આપે, પરંતુ તેમાં બીજા સર્વે આચાર્યોથી પણ **વિલક્ષણ વ્યવસ્થા** કરેલી છે. ધર્મવંશી પુરુષ **આચાર્ય** પોતે કેવળ - એકલા પુરુષોને જ **દીક્ષા** આપે, પણ સ્ત્રીઓને ન આપે. તેમજ **તેઓની પત્નીઓ** કેવળ - એકલી સ્ત્રીઓને જ દીક્ષા આપે. તો આવી જે **વ્યવસ્થા મર્યાદા** કરેલી છે તેમાં કોઈ શાસ્ત્ર પ્રમાણ છે કે નહિ ? જો પ્રમાણ હોય તો અહિંયા સભામાં જ કહેવું જોઈએ અને જો **પ્રમાણ ન હોય તો** તે વ્યવસ્થા **અપ્રમાણિક**-પ્રમાણશૂન્ય ઠરે.

સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ વિદ્વાનોની આ શંકાનું સમાધાન **'નારદીય પંચરાત્ર'** શાસ્ત્રના વાક્યથી કરે છે :-

'भर्त्राज्ञयैव नारी तु मन्त्रं दद्यात्सुवासिनी ।। स्त्रीभ्यस्तथा न दोषः स्यात् दोषः स्यात् तदनाज्ञया ।।
पञ्चरात्रे नारदेन मन्त्रदीक्षाप्रसङ्गतः ।। निर्णितो ह्ययमेवार्थो हितायैव नृणामिह ।।'

(શ્રીહરિદિગ્વિજય : ૪૫/૩૪-૩૫)

સુવાસિની સ્ત્રી પોતાના પતિની આજ્ઞાથી જો સ્ત્રીઓને **મંત્ર** આપે તો તે સ્ત્રીને કોઈ પ્રકારનો **દોષ** છે જ નહિ. પરંતુ જો **પતિની આજ્ઞા સિવાય** આપે તો તો દોષ લાગે જ છે. પંચરાત્રમાં **મંત્રદીક્ષા**ના **પ્રસંગ**થી નારદમુનિએ મનુષ્યોના હિતને માટે જ આ બાબતમાં આ જ અર્થનો **નિર્ણય** કરીને નિશ્ચિત કરેલો છે.

આ જ વાતને **ભગવાન શ્રી સ્વામિનારાયણ** શિક્ષાપત્રીમાં લખતાં કહે છે :-

'अथैतयोस्तु भार्याभ्यामाज्ञया पत्युरात्मनः । कृष्णमन्त्रोपदेशश्च कर्तव्यः स्त्रीभ्य एव हि ।।'

(શિક્ષાપત્રી : શ્લોક -૧૩૩)

અને હવે એ અયોધ્યાપ્રસાદ અને રઘુવીર એ બેની જે પત્નીઓ, તેમણે પોતપોતાના પતિની આજ્ઞાએ કરીને સ્ત્રીઓને જ શ્રીકૃષ્ણના મંત્રનો ઉપદેશ કરવો; પણ પુરુષને ન કરવો.

સ.ગુ. શ્રી શતાનંદ સ્વામી **'શિક્ષાપત્રી ભાષ્ય'**માં આ શ્લોકનું ભાષ્ય-ટીકા કરતા કહે છે :-

'कृष्णमन्त्रस्याष्टाक्षरस्य उपदेशः कर्तव्यः । चात् सुवासिनीनां विधवानां च धर्मा यथोचितमुपदेष्टव्याः । हीति पादपूरणे । स्वातन्त्र्येणोपदेशस्तु न कर्तव्यः । 'धर्मोपदेशं या नारी दानं तीर्थं व्रतानि च । करोति निष्फलं तद्वै विनाज्ञां पत्युरात्मनः ।।' इति पराशरवचनात् ।'

(શિક્ષાપત્રી ભાષ્ય/અર્થદીપિકા ટીકા : શ્લોક - ૧૩૩)

ભગવાનના અષ્ટાક્ષર મંત્રનો ઉપદેશ કરવો અને સુવાસિનીના તેમજ વિધવાના ધર્મોનો યથાયોગ્ય ઉપદેશ કરવો. સ્વતંત્રતાથી ઉપદેશ ન કરવો. **'જે પોતાના પતિની આજ્ઞા વિના ધર્મનો ઉપદેશ, દાન, તીર્થ કે વ્રત કરે છે તે નિષ્ફળ છે.'** એમ પરાશરનું વચન છે.

સ.ગુ. શ્રી નિત્યાનંદ સ્વામી **'શ્રીહરિદિગ્વિજય'** ગ્રંથમાં લખે છે :-

'पतिव्रता धर्मरता या च पत्यैव दीक्षिता ।। सा तु दद्यात् कृष्णमन्त्रं स्त्रीभ्यः प्रणववर्जितम् ।।
कृष्णस्याष्टाक्षरो मन्त्रः स्त्रीभिर्ग्राह्यो गुरुस्त्रियाः ।। साध्वीधर्मच्युता स्त्री तु गुरुत्वं नार्हति क्वचित् ।।
गुरुपत्नी गुरुः कार्यः स्त्रीभिर्नान्यः पुमान् क्वचित् ।। स्त्रिय एव गतिः स्त्रीणां चतुर्वर्गावबोधने ।।'

(શ્રીહરિદિગ્વિજય : ૪૫/૩૭-૪૪)

જે સ્ત્રી પતિવ્રતા હોય, ધર્મમાં પ્રીતિવાળી હોય અને પોતાના પતિએ જ દીક્ષા આપેલી હોય તે જ સ્ત્રી બીજી સ્ત્રીઓને પ્રણવના ઉચ્ચારણ સિવાય કૃષ્ણનો મંત્ર આપે. અષ્ટાક્ષર મંત્ર સ્ત્રીઓએ **ગુરુસ્ત્રી થકી જ** ગ્રહણ કરવો. (વિધવા-સાંખ્યયોગી કે અન્ય કોઈ પુરુષ પાસેથી ક્યારેય પણ ગ્રહણ ન કરવો.) અને પતિવ્રતા ધર્મ થકી ભ્રષ્ટ થયેલી સ્ત્રીઓ ક્યારેય પણ ગુરુપણાને યોગ્ય થતી નથી. આ સંસાર બંધનથી મુક્તિ પામવાને માટે સર્વ સ્ત્રીઓએ **ગુરુપત્નીને જ ગુરુ કરવા** પણ તે સિવાય બીજી કોઈ સ્ત્રી અથવા કોઈ પુરુષને ક્યારેય **ગુરુ** ન જ કરવા. ધર્માદિક ચતુર્વર્ગને સમજાવવામાં **સ્ત્રીઓની ગતિરૂપ** સ્ત્રીઓ જ માનેલી છે.

'साध्वी चैव सदाचारा गुरुभक्ता जितेन्द्रिया ।। सर्वमन्त्रार्थतत्त्वज्ञा सुशीला पूजने रता ।। गुरुयोग्या भवेत्सा हि विधवा परिवर्जिता ।'

પતિવ્રતા, સદાચારિણી, ગુરુભક્તા, જિતેન્દ્રિયા, સર્વમંત્રાર્થ તત્ત્વજ્ઞા, સુશીલા, દેવપૂજનાદિ કાર્યોમાં અનુરક્તા સ્ત્રી **ગુરુ બનવા યોગ્ય** છે. તે સ્ત્રી પણ **વિધવા થયા પછી** ગુરુત્વને યોગ્ય નથી. (માત્ર વંદન કરવા યોગ્ય રહે છે.)

(યોગિનીતંત્ર)

મુમુક્ષુ ! તારો બીજો પ્રશ્ન હતો કે શાસ્ત્રમાં સ્ત્રીઓને **પતિ જ ગુરુ** કહ્યા છે ? તો તેનું સમાધાન સાંભળ !!

'न पत्नीं दीक्षयेत् भर्ता ।' (રુદ્રયામલ) - અનુસાર પતિને પોતાની પત્નીને દીક્ષા દેવાનો **અધિકાર** નથી. પરંતુ **'सिद्धमन्त्रो यदि पतिस्तदा पत्नीं स दीक्षयेत् ।'** (રુદ્રયામલ) - જો તે સિદ્ધમંત્ર હોય તો જ પોતાની પત્નીને **દીક્ષા પ્રદાન** કરી શકે છે.

'पत्युर्मन्त्रं पितुर्मन्त्रं न गृह्णीयात् कदाचन ।' - સ્ત્રીએ પોતાના પતિ પાસેથી કે પિતા પાસેથી ક્યારેય **મંત્ર** ગ્રહણ ન કરવો. (ભવિષ્યપુરાણ)

(જિજ્ઞાસુ પૂછે છે:) એકબાજુ શાસ્ત્રો સ્ત્રીઓએ પતિને જ **ગુરુ** કરવાનું કહે છે. જ્યારે બીજી બાજુ શાસ્ત્રો કહે છે કે, પતિએ પોતાની પત્નીને **ગુરુમંત્ર** ન આપવો. આમાં મુમુક્ષુઓએ શું સમજવું...? (તો કહે છે કે :-)

શાસ્ત્રોમાં સ્ત્રીઓને પોતાના પતિને જ **ગુરુ** કરવાનું કહ્યું એ **દીક્ષાગુરુ**ની વાત નથી. **શાસ્ત્રોમાં ગુરુ છ પ્રકારના કહ્યા છે :**

'प्रेरकः सूचकश्चैव वाचको दर्शकस्तथा । शिक्षको बोधकश्चैव षडेते गुरवः स्मृताः ।। पञ्चैते कार्यभूताः स्युः कारणं बोधको भवेत् ।'

પ્રેરણા કરનાર, સૂચન કરનાર, સંભળાવનાર, દેખાડનાર, શીખવાડનાર અને આત્મ-પરમાત્માનો બોધ કરનાર આ **છ જણા**ને **ગુરુ** કહ્યા છે. એમાં આગળના જે **પાંચ** દેખાડ્યા તે **કાર્યો માટે** હોય છે. જ્યારે **આત્મ-પરમાત્માનો બોધ** કરનાર **મુખ્ય** છે.

શાસ્ત્રોમાં 'સ્ત્રીઓને પોતાનો પતિ જ **ગુરુ** છે' એમ જે કહ્યું છે તે **કાર્યરૂપ ગુરુ** કરવાનું કહ્યું છે. કારણ કે સ્ત્રીઓએ પોતાના પતિના માર્ગદર્શન અનુસાર **જીવનપર્યંત** રહેવાનું હોય છે. પતિની પ્રેરણાથી સ્ત્રીઓએ **કાર્ય** કરવાનું હોય છે. માટે સ્ત્રીઓએ પોતાના પતિને જ **પ્રેરક આદિક** ગુરુ માનવા. અન્ય પુરુષોને તેવા માનવા નહિ. સ્ત્રીઓએ પોતાના પતિને જ ગુરુ કરવા એમ જે શાસ્ત્રોએ કહ્યું એનો **ભાવાર્થ** આવો છે.

'**પતિરેવ** ગુરુઃ સ્ત્રીણામ્ ।' (બ્રહ્મપુરાણ : ૮૦/૮૭) - પતિ જ સ્ત્રીનો ગુરુ છે. વસ્તુતઃ સ્ત્રીઓ માટે પોતાના **પતિને** જ **ગુરુ** માનવાનો **અભિપ્રાય** એ છે કે, સ્ત્રીઓને પોતાના પતિ દ્વારા **ભગવત્પ્રાપ્તિની સુવિધા** થઈ શકે છે. કારણ કે પતિ જ સ્ત્રીને માટે યથાર્થ **માર્ગદર્શક** છે. પરંતુ પતિ સ્ત્રીઓનો **બોધકગુરુ** ક્યારેય નથી બની શકતો. કારણ કે વિવાહ સંસ્કારમાં પુરુષ સ્ત્રીને અર્ધાંગનાના રૂપમાં સ્વીકાર કરે છે. એટલે જ સ્ત્રી લગ્ન પછી પોતાના પતિની **અર્ધાંગના** બની જાય છે. અર્ધાંગના બનેલી સ્ત્રીને પોતાના પતિની સાથે જીવનપર્યંત ચાર પુરુષાર્થ અંતર્ગત **ધર્મસંબંધની** સાથે **કામસંબંધ** અર્થાત્ રતિસંબંધ પણ બંધાય છે. પતિ અને પત્નીનો કામસંબંધ થવાથી બંનેમાં પરસ્પર ગુરુ અને શિષ્યભાવની **સાત્ત્વિક ભાવના** યથાર્થ જાગૃત થઈ શકતી નથી. બોધકગુરુ થવા માટે ગુરુ અને શિષ્યને પરસ્પર સાત્ત્વિક ભાવના તથા **શ્રદ્ધાભક્તિની** વિશેષ **આવશ્યકતા** હોય છે. પતિનો પત્નીની સાથે પુત્રોત્પાદનાર્થે કામસંબંધ હોવાથી પત્નીને પોતાના પતિમાં સ્વભાવથી ઉપદેશક ગુરુરૂપમાં તેની માન્યતા થઈ શકતી નથી. એટલા માટે સ્ત્રી પોતાના પતિને ગુરુ બનાવવામાં ક્યારેય પણ **શ્રદ્ધાન્વિત** થઈ પ્રવૃત્ત થઈ શકતી નથી.

અહીં જીજ્ઞાસુને હજુપણ એક **પ્રશ્ન** ઉપસ્થિત થાય કે, સ્ત્રીઓને **આચાર્યપત્ની** જે સ્ત્રી તેને **ગુરુ** કરવા અને પુરુષને આચાર્યને જ ગુરુ કરવા પણ આવી રીતે માનવાથી તો શાસ્ત્રમાં પતિ અને પત્ની બંનેને **એકજ ગુરુ** કરવાનું કહ્યું છે, તે શાસ્ત્રોનો **બાધ** થશે... તો એમ નથી, **આ રહ્યા શાસ્ત્રના શબ્દો :-**

'યસ્માન્ પત્યુશ્ચ વામાઙ્ગં પત્નીનિ શ્રુતયો જગુઃ ।। તસ્માત્ પતિશ્ચ પત્ની ચ ગુરુમેકં સમાશ્રયેત્ ।।
અજ્ઞાનાત્ વા ગુરું યાન્યં કુરુતે દૈવતં તથા ।। સા નારી ચ્યવતે ધર્માત્ નરકં ચાધિગચ્છતિ ।।'

(દીક્ષા રહસ્ય : પ્રકાશક - ચૌખંભા ઓરિયન્ટાલિયા, વારાણસી)

શ્રુતિઓએ પત્નીને પતિનું **ડાબું અંગ** કહ્યું છે. એટલે પતિ અને પત્ની બંનેએ **એકજ ગુરુનો આશ્રય** ગ્રહણ કરવો જોઈએ. જો નારી અજ્ઞાનવશ પોતાના પતિના ગુરુ અને દેવતાથી **અતિરિક્ત** અન્ય ગુરુ અને દેવતાને માને છે તે સ્ત્રી **ધર્મમાર્ગ થકી** ભ્રષ્ટ થાય છે અને **નરક**માં પડે છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણના બંધારણ પ્રમાણે **આચાર્યશ્રી** કેવળ **પુરુષભક્તોના ગુરુ** બની શકે છે. અને **આચાર્યપત્ની** જે પ.પૂ. **માતુશ્રી** (ગાદિવાળાશ્રી) કેવળ **સ્ત્રીના ગુરુ** બની શકે છે. આ બંધારણમાં ઉપર બતાવેલી **શંકાને અવકાશ** રહેતો નથી. વિવાહ સંસ્કારની દૃષ્ટિએ આચાર્યશ્રીના ધર્મપત્ની આચાર્યશ્રીના **અર્ધાંગના** કહેવાય છે. હવે કોઈ આચાર્યશ્રીના ધર્મપત્ની જે માતુશ્રીને ગુરુ કરે અને તે સ્ત્રીનો પતિ આચાર્યશ્રીને ગુરુ કરે તો બંને પતિ-પત્નીને **એક જ ગુરુ** પ્રાપ્ત થાય છે. અર્ધાંગના હોવાના નાતે પણ અલગ-અલગ ગુરુ થતા નથી. માટે શાસ્ત્રના કહ્યા પ્રમાણે પતિ અને પત્નીને **એક જ ગુરુ** અને **એક જ ઈષ્ટ** હોવા જોઈએ - આ વચનનો બાધ આવતો નથી.

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના બંધારણમાં વડોદરાના વિદ્વાનોએ એક **શંકા** કરી હતી જે વિદ્વદ્વર્ય સ.ગુ. શ્રી નિત્યાનંદ સ્વામીએ **'શ્રીહરિદિગ્વિજય'** ગ્રંથમાં આલેખેલી છે તે જોઈએ :-

'દીક્ષયેદ્ ગૃહિણં ત્યાગી યુક્તમેતત્પ્રતીયતે ।। નીચસ્થાનગતો હ્યુચ્ચસ્થાનિ દીક્ષાં તુ નાર્હતિ ।।
મતે વસ્ત્યાગિદીક્ષાપિ ગૃહસ્થેનૈવ દીયતે ।। અયુક્તમેતત્તુ કથં ક્રિયતે પ્રશ્ન એષ નઃ ।।'

વડોદરાના વિદ્વાનો ભગવાન શ્રીહરિને કહે છે કે, ત્યાગી ગૃહસ્થને દીક્ષા આપે એ તો યોગ્ય છે, પરંતુ ગૃહસ્થ ત્યાગીને દીક્ષા આપે તે યોગ્ય નથી. તો તમારા સંપ્રદાયમાં **ગૃહસ્થ આચાર્યશ્રી** ત્યાગીઓને **દીક્ષા** આપે છે. તો આવું અયોગ્ય આચરણ તમારા સંપ્રદાયમાં કેમ કરવામાં આવે છે ? એ અમારો **પ્રશ્ન** છે.

(શ્રીહરિદિગ્વિજય : ૪૫/૬-૭)

'ઇતિ પૃષ્ટઃ સ તૈરૂચે મહાસદસિ સંસ્થિતઃ । યુષ્માભિઃ પૃચ્છ્યતે સત્યં શ્રૂયતાં વત્તદુત્તરમ્ ।।'

આ પ્રમાણે તે રાજપંડિતોએ પૂછેલા અને વિશાળ સભામાં વિરાજમાન થયેલા એવા **સત્પુરુષોના પતિ** તે **ભગવાન શ્રીહરિ** કહેવા લાગ્યા : "હે પંડિતો ! તમોએ પૂછેલો પ્રશ્ન ખરો છે. માટે તેનો **ઉત્તર** અમે કહીએ છીએ તે સાંભળો."

(શ્રીહરિદિગ્વિજય : ૪૫/૮)

'ચતુર્ણામપિ વર્ણાનાં જન્મના બ્રાહ્મણો ગુરુઃ ।। સ ચેદુક્તગુણૈર્યુક્તો વિશેષેણ ગુરુર્મતઃ ।।
મહાભાગવતઃ શ્રેષ્ઠો બ્રાહ્મણો વૈ ગુરુર્નૃણામ્ ।। સર્વેષામેવ લોકાનામસૌ પૂજ્યો યથા હરિઃ ।।'

બ્રાહ્મણ જાતિનો પુરુષ ચારેય વર્ણનો જન્મથી જ **સહજ ગુરુ** માનેલો છે. અને તે વિપ્ર જો પૂર્વે કહેલા ગુણોથી સર્વથા **સંપન્ન** હોય તો તે વિશેષપણે જ **ગુરુ** માનેલો છે.

જુઓ - શ્રીમદ્ ભાગવતમાં પણ કહ્યું છે કે, આ લોકમાં સર્વ પ્રાણધારીઓમાં **બ્રાહ્મણ** જન્મથી જ **અતિ શ્રેષ્ઠ** છે. માટે સર્વ લોકમાં તે **ભગવાનની જેમ જ** પૂજવા અને માનવા યોગ્ય છે.

(શ્રીહરિદિગ્વિજય : ૪૫/૫૬-૫૭)

'ઇતિ કૃષ્ણોક્તલક્ષ્મા યઃ સ હિ શ્રેયાન્ ગુરુર્મતઃ । સ એવ શ્રેયસે સર્વૈઃ શ્રયણીયો મુમુક્ષુભિઃ ।।'

શ્રીકૃષ્ણ પરમાત્માએ કહેલા લક્ષણવાળો જે **બ્રાહ્મણ પુરુષ** હોય તે **સર્વથી શ્રેષ્ઠ** ગુરુ માનેલો છે. અને તે જ ગુરુ સર્વ મુમુક્ષુજનોએ પોતાના કલ્યાણ માટે **આશ્રય કરવા યોગ્ય** છે.

(શ્રીહરિદિગ્વિજય : ૪૫/૫૯)

'સ્વવર્ણાશ્રમધર્માંશ્ચ વેદોક્તાન્ ક્વાપિ ન ત્યજેત્ ।। ચતુર્વર્ણાશ્રમાણાં સ ગૃહસ્થો બ્રાહ્મણો ગુરુઃ ।।
શિષ્યશાખાનિબન્ધશ્ચ ગૃહસ્થસ્યૈવ સમ્મતઃ ।। ન તુ ત્યાગવતઃ ક્વાપિ નિષેધસ્ત્વસ્ય વર્તતે ।।
સ્મૃતિવાક્યં ચ ભવતિ ત્યાગવાન્ન ગુરુર્ભવેત્ ।। શ્રીમદ્ ભાગવતે સાક્ષાદુક્તં ભગવતાપિ હિ ।।
ન શિષ્યાનનુબધ્નીયાદ્ ગ્રન્થાન્નૈવાભ્યસેત્ બહૂન્ ।। અતો વર્ણી ગૃહી ત્યાગી સર્વોઽપિ ગૃહિણં ભજેત્ ।।
અતો જ્યેષ્ઠાશ્રમઃ પ્રોક્તો ગાર્હસ્થ્યં સ્મૃતિષુ ધ્રુવમ્ ।। ત્રયાણામપ્યાશ્રમિણાં પિતેવ ચ ગૃહી મતઃ ।।'

વળી, વેદોક્ત એવા પોતાના વર્ણાશ્રમના ધર્મોનો ક્યારેય પણ ત્યાગ ન કરે તેવો ગૃહસ્થાશ્રમી **બ્રાહ્મણ પુરુષ** ચારેય વર્ણ અને ચારેય આશ્રમનો **ગુરુ** માનેલો છે.

શાસ્ત્રોમાં શિષ્ય-શાખાઓ બાંધવી તે **ગૃહસ્થ ગુરુ**ને જ માનેલી છે. પરંતુ **ત્યાગી પુરુષને ક્યારેય શિષ્ય-શાખાઓ બાંધવી તે શાસ્ત્રથી બિલકુલ વિરુદ્ધ છે.** ત્યાગીને તો **ગુરુપરંપરા** ચલાવવાનો નિષેધ કરેલો છે.

અને 'ત્યાગવાન્ન ગુરુર્ભવેત્ ।' ત્યાગી પુરુષ પોતે ગુરુ ન થાય આવું **સ્મૃતિવાક્ય** પણ છે. તેમજ **શ્રીમદ્ ભાગવત**માં પણ **શ્રીકૃષ્ણ પરમાત્મા**એ

પોતે જ કહ્યું છે કે -

'न शिष्याननुबध्नीयाद्.....। ...सर्वोऽपि गृहिणं भजेत् ।।'

મોક્ષાર્થી એવો વૈરાગી ત્યાગી પુરુષ શિષ્ય-પરંપરાને ન બાંધે તેમજ મોક્ષમાં વિરોધી એવા ઘણા ગ્રંથોને પણ ન ભણે. માટે બ્રહ્મચારી ગૃહસ્થ અને ત્યાગી એ સર્વે મનુષ્યો **ગૃહસ્થ બ્રાહ્મણને જ ગુરુ** કરે.

અને આ કારણથી જ સ્મૃતિમાં ગૃહસ્થાશ્રમને સર્વ આશ્રમોથી **શ્રેષ્ઠ આશ્રમ** કહેલો છે. બ્રહ્મચારી, વાનપ્રસ્થી અને સંન્યાસી આ ત્રણેય આશ્રમીઓનો ગૃહસ્થ આશ્રમી **પિતા તુલ્ય** માનેલો છે.

(શ્રીહરિદિગ્વિજય : ૪૫/૬૦ - ૬૪)

'सर्ववैष्णवमार्गेषु शिष्टाचारश्च तादृशः । प्रवर्तते साम्प्रतं च सत्यादिषु युगेष्वपि ।।
सनकाद्या नारदश्च ऋभुर्हंसोऽरुणिर्यतिः । सहस्रशो वालखिल्याः ऋषयो ह्यकृतस्त्रियः ।।
अष्टाशीतिसहस्राणि ऋषयो ह्यूर्ध्वरेतसः ।। सर्वेऽप्येते त्यागिनोऽपि गृहिणं गृहमाश्रयन् ।।
केचित्सङ्कर्षणं केचिद् ब्रह्माणं वरुणं शिवम् ।। योगीश्वरं वसिष्ठं च गुरुं सूर्यं च शिश्रियुः ।।
एतेषां चरितं तत्तत्पुराणादिषु दृश्यते ।।'

અને સર્વ વૈષ્ણવ સંપ્રદાયોમાં શિષ્ટાચાર; **ગૃહસ્થ બ્રાહ્મણને જ ગુરુ** બનાવવાનો છે. અને આ **શિષ્ટાચાર** સત્યુગથી લઈને આજ સુધી પણ એજ પ્રમાણે પ્રવર્તેલો છે.

ત્યાગીમાં શ્રેષ્ઠ સનકાદિકો, નારદમુનિ, ઋભુ, હંસ, અરુણિ, યતિ આ બધા **મહર્ષિઓ** સ્ત્રીઓ પરણ્યા સિવાયના હતા, ત્યાગી હતા. તથા હજારોહજાર **વાલખિલ્યાદિ ઋષિઓ** ત્યાગી હતા. છતાં પણ તેઓએ ગૃહસ્થને જ ગુરુ કર્યા હતા.

તેમાંના કેટલાકે ગૃહસ્થ સંકર્ષણને ગુરુ કર્યા હતા. કેટલાકે ગૃહસ્થ બ્રહ્માને, વરુણને, શંકરને, યાજ્ઞવલ્ક્યને તથા વસિષ્ઠને દેવગુરુ-બૃહસ્પતિને તથા સૂર્યને એમ જુદાં જુદાં સમયમાં **ગૃહસ્થને** તે તે સમયના ત્યાગીઓએ **ગુરુ** બનાવ્યા હતા. અને આ સર્વનું ચરિત્ર તે તે ભાગવતાદિક પુરાણોમાં જોવા જાણવામાં આવે છે.

(શ્રીહરિદિગ્વિજય : ૪૫/૬૫-૬૮)

'श्रेयस्करं कृष्णमन्त्रं गृहणीयाद् गृहिणो गुरोः ।। अत्र प्रमाणवाक्यं च सापेक्षं चेदुदीर्यते ।।
वर्णी गृही वनी वापि त्यागी बहुविधोऽपि यः ।। गृह्णीयाद् गृहिणो मन्त्रं कृष्णस्यैव विमुक्तये ।।'

આત્યંતિકી મુક્તિને આપનારો **કૃષ્ણમંત્ર** તો ગૃહસ્થ ગુરુ થકી જ ગ્રહણ કરવો. આ વિષયમાં જો તમારે **પ્રમાણ-વચનની** જરૂર હોય તો અમે કહીએ છીએ.

'બ્રહ્મચારી, ગૃહસ્થાશ્રમી, વાનપ્રસ્થ અથવા બીજા પણ અનેક પ્રકારથી **ત્યાગાશ્રમમાં રહેલા** હોય તે સર્વેએ **પોતાની મુક્તિ માટે** કૃષ્ણ મહામંત્ર **ગૃહસ્થ ગુરુ** થકી જ ગ્રહણ કરવો.'

(શ્રીહરિદિગ્વિજય : ૪૫/૮૩-૮૪)

'एवं तृतीयरात्रे हि पञ्चरात्रे बहुन्यपि ।। वचांसि सन्ति चान्यानि विष्णु धर्मोत्तरादिषु ।।'

આ પ્રમાણે **પંચરાત્ર શાસ્ત્ર**માં તૃતીય રાત્રમાં તથા પંચમ રાત્રમાં પણ ઘણા વચનો છે. તેમજ **વિષ્ણુ ધર્મોત્તરાદિક** ગ્રંથોમાં પણ બીજા ઘણા વચનો છે. માટે અમારા સંપ્રદાયમાં ગૃહસ્થ આચાર્યશ્રી ત્યાગીને દીક્ષા આપે છે, તે મર્યાદા યથાશાસ્ત્ર અને સર્વોત્તમ **સનાતન ધર્મમર્યાદાને** અનુસરીને જ પ્રવર્તાવેલી છે.

(શ્રીહરિદિગ્વિજય : ૪૫/૮૬)

વૈદિક સમસ્ત ધર્મગ્રંથોમાં 'બ્રાહ્મણોઽસ્ય મુખમાસીત્' - બ્રાહ્મણોની ઉત્પત્તિ વિરાટનારાયણના મુખમાંથી થઈ છે.(શુક્લયજુર્વેદ : ૩૧/૧૧) 'બ્રાહ્મણો મામકી તનુઃ' - ભગવાન સ્વયં કહે છે કે બ્રાહ્મણો તો મારું શરીર છે. (વામનપુરાણ : ૯૫/૮) 'વર્ણાનાં બ્રાહ્મણઃ પ્રભુઃ' - બધા જ વર્ણોમાં બ્રાહ્મણ એ પ્રભુ (સમર્થ) છે. (મનુસ્મૃતિ : ૧૦/૩) ઈત્યાદિ વચનો દ્વારા બ્રાહ્મણોનું **વિશેષ મહત્ત્વ** કહ્યું છે. બ્રાહ્મણોનું વિશિષ્ટ મહત્ત્વ હોવાથી બધા જ વૈદિક શાસ્ત્રોએ બ્રાહ્મણોને **'જગત્ગુરુ'**ની પદવી આપેલી છે. એટલા માટે જ જગત્ગુરુ બ્રાહ્મણ ચારેય વર્ણના **ગુરુ** કહેવાય છે. તેથી જ **શાસ્ત્રો** કહે છે :-

'वर्णानां ब्राह्मणो गुरुः' - (પદ્મપુરાણ, સ્વર્ગખંડ : ૫૨/૫૧)
'वर्णानां ब्राह्मणो गुरुः' - (બ્રહ્મવૈવર્તપુરાણ, ગૌતમીમાહાત્મ્ય : ૧૦/૪૭)
'वर्णानां ब्राह्मणो गुरुः' - (બ્રહ્મપુરાણ : ૮૦/૪૭)
'वर्णानां ब्राह्मणो गुरुः' - (ચાણક્યનીતિ : ૫/૧)
'ब्राह्मणः सर्ववर्णानां गुरुरेव द्विजोत्तम ।' (પદ્મપુરાણ, બ્રહ્મખંડ : ૧૪/૨)
'गृहस्थः सर्ववर्णेषु श्रेष्ठो गुरुरुदाहृतः ।' - (સિદ્ધાંતશેખર)
'सर्वशास्त्रार्थवेत्ता च गृहस्थो गुरुरुच्यते ।' - (જ્ઞાનાર્ણવ)

'महाभागवतश्रेष्ठो ब्राह्मणो वै गुरुर्नृणाम् । सर्वेषामेव लोकानामसौ पूज्यो यथा हरिः ।।'

મહાભાગવત અર્થાત્ **ભગવદ્ભક્ત** હોવાથી **શ્રેષ્ઠ બ્રાહ્મણ** માનવમાત્રના **ગુરુ** છે. એટલા માટે જ સમસ્ત માનવ સમાજને ભગવાનની જેમ બ્રાહ્મણ **પૂજ્ય** છે.

(હરિભક્તિવિલાસ)

'विप्रो विप्रेतरगुर्नं विप्रो जायते ध्रुवम् । न च विप्रेषु पूजार्हस्तस्माद् विप्रं गुरुं चरेत् ।।'

બ્રાહ્મણો ક્ષત્રિય, વૈશ્ય, શુદ્ર અને બ્રાહ્મણના પણ ગુરુ બની શકે છે. બ્રાહ્મણ વર્ણથી **અન્ય વર્ણો** કયારેય પણ ગુરુ બનવાને યોગ્ય નથી. અને અન્ય વર્ણો બ્રાહ્મણોની મધ્યે પૂજાને યોગ્ય નથી. એટલા માટે ગૃહસ્થ બ્રાહ્મણને જ **ગુરુ** બનાવવા જોઈએ.

(કૌશિકસંહિતા)

'उद्धर्तुं चैव संहर्त्तुं समर्थो ब्राह्मणोत्तमः । तपस्वी सत्यवादी च गृहस्थो गुरुरुच्यते ।।'

તપસ્વી, સત્યવાદી તથા ગૃહસ્થ **ઉત્તમ બ્રાહ્મણ** જ બધાનો ઉદ્ધાર કરવા અને સંહાર કરવા સમર્થ હોવાથી **ગુરુ** કહેવાય છે.

(શૈવાચારપ્રદીપિકા : ૨/૧૫, આગમસંહિતા)

'जितेन्द्रियः सत्यवादी ब्राह्मणः शान्तमानसः । पितृ - मातृहिते युक्तः सर्वकर्मपरायणः ।। आश्रमी देशवासी च गुरुरित्यभिधीयते ।।'

જીતેન્દ્રિય, સત્યવાદી, શાંતચિત્તવાળો, માતા-પિતાનો હિતેચ્છુ, સમસ્ત કર્મોમાં કુશળ, ભારતવર્ષ નિવાસી **ગૃહસ્થ બ્રાહ્મણને ગુરુ** કહેવાય છે.

(ગુરુગીતા)

'रोगिणो वंशहीनाच्च भार्याहीनात्तथैव च । मन्त्रक्षिप्तात्तथा मन्त्रं न गृह्णीयात्कदाचन ।।'

રોગી, વંશહીન, સ્ત્રીહીન અને મંત્રને ભૂલી જનાર વ્યક્તિ પાસેથી **મંત્ર** ક્યારેય ગ્રહણ ન કરવો. અર્થાત્ તેને ગુરુ ન બનાવવા.

(બ્રહ્મવૈવર્તપુરાણ - કૃષ્ણજન્મખંડ : અધ્યાય : ૮૩, શ્લોક : ૪૪)

'भिक्षुभ्यश्च वनस्थेभ्यो वर्णिभ्यश्च महेश्वरि । गृहस्थो भोगमोक्षार्थी मन्त्रदीक्षां न चाचरेत् ।।'

હે દેવી! ભોગ અને મોક્ષની ઈચ્છાવાળો ગૃહસ્થ ભિક્ષુકો, વનવાસીઓ અને બ્રહ્મચારીઓથી **મંત્રદીક્ષા** ગ્રહણ ન કરે.

(ત્રિપુરારહસ્ય - દીક્ષા રહસ્ય : પ્રકાશક - ચૌખંભા ઓરિયન્ટાલિયા, વારાણસી)

'यतेर्दीक्षा पितुर्दीक्षा या दीक्षा वनवासिनः । विविक्ताश्रमिणो दीक्षा न सा कल्याणदायिका ।।'

યતિ (સંન્યાસી), પિતા, વનવાસી અને વિવિક્ત આશ્રમી (સંસાર ત્યાગી)થી જે **મંત્રદીક્ષા** લેવામાં આવે છે તે કલ્યાણને દેનારી નથી હોતી.

(ગણેશવિમર્ષિણી - દીક્ષા રહસ્ય : પ્રકાશક - ચૌખંભા ઓરિયન્ટાલિયા, વારાણસી)

'पितुर्दीक्षा यतेर्दीक्षा दीक्षा च वनवासिनः । अनाश्रमाणां या दीक्षा सा दीक्षा दुःखदायिनी ।।'

પિતા, સંન્યાસી, વનવાસી અને આશ્રમ રહિતથી જે **દીક્ષા** લેવામાં આવે છે તે **દુઃખને દેનારી** હોય છે, ન કે કલ્યાણ દેનારી.

(તારાકલ્પતંત્ર - દીક્ષા રહસ્ય : પ્રકાશક - ચૌખંભા ઓરિયન્ટાલિયા, વારાણસી)

'यतेर्दीक्षां गृहीत्वा तु कदाचिदपि मोहितः । प्रायश्चित्तं धेनुरेकां त्रिरात्रव्रतमेव च ।। प्रायश्चित्तं ततः कृत्वा पुनर्दीक्षां समाचरेत् ।।'

ક્યારેક અજ્ઞાનવશ યતિ (ત્યાગી)થી દીક્ષા લીધી હોય તો **પ્રાયશ્ચિત્ત રૂપે** એક ગાયનું **દાન** અને ત્રણ રાત્રિ સુધી **વ્રત-ઉપવાસ** કરવો જોઈએ. આવી રીતે પ્રાયશ્ચિત્ત કરીને **શુદ્ધ થયા બાદ** મનુષ્યે ફરીવાર સદ્ગૃહસ્થ બ્રાહ્મણ પાસેથી **દીક્ષા** લેવી જોઈએ.

(દીક્ષા રહસ્ય : પ્રકાશક - ચૌખંભા ઓરિયન્ટાલિયા, વારાણસી)

આદિઆચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ દ્વારા રચિત **'શ્રીહરિલીલાકલ્પતરુ'** ગ્રંથ ઉપરોક્ત વચનોને પુષ્ટિ કરી આપે છે :-

'त्वदाश्रितानां नस्त्यागिनां गृहिणां तथा ।। प्रसन्नताऽस्ति सर्वेषां भूयसी श्रीहरे ! ध्रुवम् ।।
अस्माकं त्यागिनां तस्मिन् गृहस्थेऽपि गुरौ क्वचित् ।। बाधोऽस्ति यतस्तेषां गृह्यार्यत्वं श्रुतोदितम् ।।'

હે શ્રી હરે ! આપના આશ્રિત અમો ત્યાગીઓ તથા ગૃહસ્થો સર્વે આમાં **અત્યંત પ્રસન્ન** છીએ. ધર્મવંશી ગુરુ **ગૃહસ્થ હોય તો પણ** અમો ત્યાગીઓને તે ક્યારેય પણ **બાધકર્તા** (અસ્વીકાર્ય) નથી. ત્યાગીઓના પણ **ગૃહસ્થ જ ગુરુ** હોય છે એમ શાસ્ત્રોમાં કહ્યું છે. આ પ્રમાણે **સમસ્ત સભાવતી સ.ગુ. શ્રી મુક્તાનંદ સ્વામીએ** ભગવાન શ્રીહરિને કહ્યું.

(શ્રીહરિલીલાકલ્પતરુ : સ્કંધ -૧૦, અધ્યા.- ૨, શ્લો.- ૧૨-૧૩)

સંસ્કૃત વિશ્વ વિદ્યાલયના પૂર્વ પ્રાધ્યાપક **વ્યાકરણાચાર્ય** શ્રી **બાલકૃષ્ણ પંચોલી** વૈયાકરણ-સિદ્ધાંત કૌમુદી ઉપર સવિમર્શ **રત્નપ્રભા** હિન્દી **વ્યાખ્યા**માં **'संज्ञायां ललाटकुक्कुटौ पश्यति।'** (૪/૪/૪૬) આ સૂત્ર પર લખે છે. જોઈએ એમના જ શબ્દોમાં :-

प्राचीन भारतीय धर्म व्यवस्थामें त्याग प्रधान सन्तजीवन का इससे चित्रण स्पष्ट होता है । अन्यथा नही । गृहस्थो को मन्त्र दीक्षा देने का शास्त्र अधिकार गृहस्थ सदाचारी ब्राह्मण को ही है ।

(મેરે ગુરુદેવ - સભાપતિ ઉપાધ્યાય વિરચિત વૈદિક ધર્મ રહસ્ય)

સુપ્રસિદ્ધ વિદ્વાન શ્રીયુત **ડો. નીરજાકાંત ચૌધરી** (એમ.એ., એલ.એલ.બી., પી.એચ.ડી) કલ્યાણ માસિકના **'ઉપાસના'** વિશેષાંક પેજ નં. ૫૨૬માં લખે છે :-

'आजकल अकस्मात् प्राप्त हुए जिस किसी साधु-संन्यासी को गुरु बनाने का नया प्रचलन चल गया है । साधु-संन्यासी को तो अधिकार ही नहीं है कि वह गृहस्थ को या स्त्रीजन को दीक्षा प्रदान करे ।'

શાસ્ત્રાર્થમહારથી **પં. શ્રી માધવાચાર્યજી શાસ્ત્રીજી** પોતાની 'ક્યોં ?' નામની પુસ્તકના ઉતરાર્ધ (પેજ નં. ૫૧૭)માં કળિયુગી પાખંડી સાધુ-સંન્યાસીના વિષયમાં બહુ મહત્ત્વપૂર્ણ **તથ્ય** લખતાં કહે છે :-

'आज ज्ञान के नाम पर जितना पाखण्ड, अनाचार, दुराचार और अत्याचार का बोलबाला हो रहा है, उतना अन्य किसी नाम पर नहीं । एक अधेले कीमत की गेरुकी गंठिया (भगवा वस्त्र) साक्षात् राम की भी अर्धाङ्गिनी (सीता) को विश्वासघातपूर्वक चुरा सकने का अवसर दे सकती है । लाखों अबोध बालक और भोलीभाली विधवाए और सधवाए भी आज कथित ज्ञानियों के गुरुदंभ की प्रचण्ड अग्नि में भस्मसात् हो रही है । अनेकों मण्डलेश्वर, रण्डलेश्वर बने अपने दोनो लोक नष्ट कर रहे है ।'

'आत्मनिष्ठां परां प्राप्ताः सन्ति ब्रह्मशिवादयः । शिष्यतां भेजिरे येषां नारदः सनकादयः ।।'

શ્રીજીમહારાજ બોલ્યા જે, ''બ્રહ્મા, શિવને પરંપરાથી જ સંતોના જેવી **આત્મનિષ્ઠા** દૃઢ પ્રાપ્ત થઈ છે. તે બ્રહ્માદિક તો નારદ સનકાદિક જેવા (મોટા સાધુ)ના પણ **ગુરુ** છે. બ્રહ્માદિકના શિષ્ય નારદ સનકાદિક છે તે બ્રહ્માદિકને ભજે છે.''

(શ્રીહરિવાક્યસુધાસિંધુ : તરંગ - ૧૮૪)

ગઢડા મધ્ય પ્રકરણના **૫૧મા વચનામૃત**માં **શ્રીજીમહારાજ** કહે છે : ''...શિવ બ્રહ્મા જેવા કોઈ **સમર્થ** કહેવાય નહિ, એ તો નારદ જેવાના પણ **ગુરુ** છે...''

વડતાલ પ્રકરણના ૨૦મા વચનામૃતમાં **ભગવાન શ્રીહરિ** કહે છે :- ''...અને શુકદેવજીના પણ રાજા જનક ગુરુ કહેવાયા...'' એમ આ વચનામૃતમાં શ્રીજીમહારાજનું અતિ મોટું **પ્રત્યક્ષ પ્રમાણ** છે - રાજા જનકના ગુરુ **પંચશિખ ઋષિ** પણ **ગૃહસ્થ** હતા.

'કઠિન મેં કઠિન વચન હે એહા, ત્યાગિ કું ગૃહી ગુરુ કરના તેહા ।
આપે ધન ન રખે રખાવે, ગુરુ અર્થ જાઈ ધન લેવાવે ॥'

ત્યાગીને **કઠણમાં કઠણ** એ છે જે **ગૃહસ્થને ગુરુ** કરવા. પોતે ધન રાખે નહિ અને ગુરુને માટે જઈ દાન લઈ આવે.

ત્યારે નિત્યાનંદ મુનિ બોલ્યા કે અમે એ પ્રમાણે **નિશ્ચય** કર્યો છે કે **વચન પ્રમાણે ચાલવું છે.** શાસ્ત્ર અને લોકની રીત એ **તમારા વચન જ** છે એમ અમે માન્યું છે. બધા સંત હરિભક્તો **એ પ્રમાણે** સમજે છે. એવા વચન સાંભળી શ્રીહરિ **પ્રસન્ન થયા** અને તેમને ઉરમાં **ચરણ** આપ્યાં.

(શ્રીહરિચરિત્રામૃતસાગર : પૂર : ૯, તરંગ : ૫૭)

મોક્ષપ્રાપ્તિને અર્થે **યથાર્થ જ્ઞાન** માટે રાજા જનકને ત્યાગી એવા શુકદેવજીએ પણ **ગુરુ** કર્યા છે ઈત્યાદિ **અનેક દૃષ્ટાંતો** આપણા પુરાતન શાસ્ત્રો મુજબ **'શ્રીહરિદિગ્વિજય'** ગ્રંથમાં કહેલા છે. જે આપણે આગળ જોઈ ગયા.

અક્ષરપુરુષોત્તમસંસ્થાના અક્ષરપીઠ સાહિત્ય દ્વારા પ્રકાશિત થયેલ અધ્યાત્મ આરોગ્ય ભાગ -૧માં પેજ નં. ૫૬ પર લખે છે કે, ''જેમ પુરુષો ત્યાગીની દીક્ષા લઈ ભગવા વસ્ત્રો ધારણ કરે છે તેમ સ્ત્રીઓ આ સંપ્રદાયમાં સન્યસ્ત (સાધ્વી દીક્ષા) લે એવો સત્સંગિજીવન, હરિલીલામૃત કે

સંપ્રદાયના અન્ય કોઈપણ ગ્રંથમાં નિર્દેશ કે પ્રબંધ છે જ નહિ. તેમજ પ્રણાલિકા પણ નથી.''

વળી, પેજ નં. ૫૭ પર લખ્યું છે કે, ''શ્રીજીમહારાજે આવી વિધવા બાઈઓને ભક્તિ કરવા અલગ વ્યવસ્થા કરી કે જેઓ મુંડન કરાવી શ્યામવસ્ત્ર ધારે, પુરુષથી પાંચ હાથ છેટે ચાલે, મોં સુધ્ધા ન જુએ - આદિ નિયમો ઘડ્યાં. આજે પણ કેવળ વિધવા સ્ત્રીઓને સાંખ્યધર્મ સ્વીકારી ભક્તિમય જીવન ગાળવું હોય તેમણે સંપ્રદાયે માન્ય કરેલા બાઈઓના મંદિરમાં રહીને ભગવાનને ભજવા એવો પ્રબંધ છે. પરંતુ તે સિવાયની સધવા અથવા અપરિણીત (કુમારી) સ્ત્રીને ગૃહત્યાગ કરીને ભગવાન ભજવા માટે બાઈઓના મંદિરમાં કે પછી કોઈ ગૃહસ્થના ઘરમાં રહે તેવી ક્યાંય શ્રીજીમહારાજે આજ્ઞા કરી નથી.''

સંપ્રદાયના આધારભૂત ગ્રંથ શ્રી સત્સંગિજીવનમાં ચતુર્થ પ્રકરણના ૫૩માં અધ્યાયમાં સ્ત્રીઓની સામાન્ય દીક્ષા અને મહાદીક્ષાનો વિધિ બતાવ્યો છે. વળી, તે બંને દીક્ષા આપવામાં આપવાની અધિકારીણી પણ ધર્મવંશી આચાર્યપત્ની જ છે. એવું પણ **સ્પષ્ટ વિધાન** છે.

આગળ આપણે જોયું કે, અક્ષરપુરુષોત્તમ સંસ્થા દ્વારા પ્રકાશિત 'અધ્યાત્મ આરોગ્ય' નામના પુસ્તકમાં તેઓ લખે છે કે, સ્ત્રીઓ આ સંપ્રદાયમાં સન્યસ્ત (સાધ્વી દીક્ષા) લે એવી પ્રણાલિકા પણ નથી તો તે જ સંસ્થા દ્વારા પ્રકાશિત થયેલ 'સ્ત્રી સ્વાતંત્ર્ય, સ્ત્રી-પુરુષ મર્યાદા, સ્ત્રી-સાધુ મર્યાદા' નામના પુસ્તકમાં પેજ નં. ૧૩૪ પર લખે છે કે, ''ગુરુમંત્ર લેવા ઈચ્છતી બાઈઓ, સાધુઓ કે સંપ્રદાયના આચાર્ય પાસેથી પણ ગુરુમંત્ર લે નહિ, પણ આચાર્યના ધર્મપત્ની (વહુજી મહારાજ) પાસેથી ગુરુમંત્ર લે. વળી, જીવુબા, લાડુબા, રાજબાઈ જેવા ધર્મનિષ્ઠ બાઈ હરિભક્તો પણ બાઈઓને વર્તમાન ધરાવે. અને પ્રસાદીની કંઠી ધારણ કરાવે તેવી પ્રણાલિકા પહેલેથી છે. કેવળ ભગવાન ભજવા ઈચ્છતી મુમુક્ષુ બાઈઓને આચાર્યપત્ની સાંખ્યયોગીની દીક્ષા આપે છે. શ્રીજીમહારાજ વખતે દાદાખાચરના મોટા બહેન જીવુબા આ દીક્ષા આપતા. સાંખ્યયોગ ગ્રહણ કરેલી બાઈઓ માથે મુંડન કરાવી ઘેરા રાતા વસ્ત્રો ધારણ કરે છે. તેઓ પોતાના ગામના બાઈઓના મંદિરમાં રહીને અથવા પોતાના ઘરે રહીને તપોમય જીવન જીવતા ભજન-ભક્તિ કરે છે. તેમના પિતા કે વાલી તેમના છેવટ સુધીના નિર્વાહની બધી ખબર રાખે છે. તેઓ બાળકને પણ અડતાં નથી, પુરુષોને ઉપદેશ કરતા નથી. સ્ત્રીઓને ઉપદેશ કરે છે.''

વળી, એ પુસ્તકમાં આગળ લખે છે કે, ''ભગવાન સ્વામિનારાયણે સ્ત્રીઓ માટે માન્ય કરેલી સાંખ્યયોગીની દીક્ષાથી જુદો ચિલો ચીતરીને સંપ્રદાયના એક ફાંટામાં સાધ્વી બનાવેલી સ્ત્રીઓ માથે વાળ રાખે છે. અને ભગવા વસ્ત્રો પણ પહેરે છે અને ગૃહસ્થ ગુરુની સેવા પરિચર્યા કરે છે...

કોઈ સ્થળે સાધુ અને સાધ્વીઓના આવાસ મંદિર કે આશ્રમના એક જ સંકુલમાં હોય છે...''

હવે, વિચારવાનું એ છે કે, એક જ સંસ્થામાંથી પ્રકાશિત થયેલા બે અલગ-અલગ પુસ્તકોમાં આ કેવડો મોટો વિરોધાભાસ ? એકમાં કહે છે કે, 'સંપ્રદાયમાં સાધ્વી દીક્ષાનો વિધિ જ નથી.' તો બીજા પુસ્તકમાં સાંખ્યયોગી એટલે કે સાધ્વી દીક્ષાનો વિધિ બતાવે છે. અને તેની પ્રણાલિકાને પણ બતાવે છે.

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં અનેક શાસ્ત્રોમાં સાંખ્યયોગી એટલે કે સંસાર ત્યાગ કરીને ભગવાન ભજવા નીકળેલી સ્ત્રીઓના ઉલ્લેખ જોવા મળે છે. સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામીએ તો સાંખ્યયોગી બાઈઓને ઉલ્લેખીને જ પુરુષ ખંડનનું ૧૧૧મું આખું પ્રકરણ 'શ્રી ભક્ત ચિંતામણી' ગ્રંથમાં લખ્યું છે. તેની શરુઆતમાં જ સ્વામી લખે છે કે :- 'સાંખ્યયોગી બાઈઓ હરિજન, જેના તપ પરાયણ તન...' (પ્ર. ૧૧૧/૧) 'એ રીત્ય ત્યાગી ત્રિયાની, જેણે તજ્યો સર્વે સંસાર...' (પ્ર. ૧૧૧/૪૭)

વચનામૃતમાં પણ અનેક સ્થળે ત્યાગી સ્ત્રીઓનો કે સાંખ્યયોગી બાઈઓનો **ઉલ્લેખ** છે :-

''માટે સર્વે મોટા પરમહંસ તથા મોટી-મોટી બાઈઓ તેને અમે મોરેથી કહી રાખ્યું છે કે સત્સંગમાં કોઈ પુરુષ તથા કોઈ સ્ત્રીને કદાચિત્ જો નિષ્કામી વર્તમાનમાં ફેર પડે તો અમને સંભળાવશોમાં...'' (ગ.મ. પ્ર. ૩૩)

''મોટા મોટા પરમહંસ તથા મોટી મોટી સાંખ્યયોગી બાઈઓ...'' (ગ.મ. પ્ર. ૫૦)

''અયોધ્યાવાસી બાઈ-ભાઈ સર્વે જેવા અમારા ગમતામાં વર્તે છે તેવા તો પરમહંસ તથા સાંખ્યયોગી ને કર્મયોગી સત્સંગી તે પણ અમારા ગમતામાં નથી વર્તતા....'' (અમ. પ્ર. ૩)

''સંતમંડળ તથા સાંખ્યયોગી હરિભક્ત સમસ્ત...'' (ગ.અં. પ્ર. ૧૯)

સ.ગુ. શ્રી ગુણાતીતાનંદ સ્વામીએ પણ પોતાની વાતોમાં ત્યાગી સ્ત્રીઓનો ઉલ્લેખ કર્યો છે :- ''...ને પૂર્વે શાસ્ત્રમાં સ્ત્રી તો કોઈ ત્યાગી થઈ સાંભળી નથી ને આજ તો હજારો બાઈઓ ત્યાગી થાય છે.'' (૩/૧૭૧)

સ્ત્રીઓની મહાદીક્ષા શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં આપવામાં આવે જ છે. જેનો વિસ્તાર શ્રી સત્સંગિજીવન ધર્મગ્રંથના ચતુર્થ પ્રકરણના ૫૩માં અધ્યાયમાં લખ્યો છે. ''સંસારનો ત્યાગ કરીને નીકળેલી સ્ત્રી આચાર્યપત્ની પાસેથી મહાદીક્ષા ગ્રહણ કર્યા પછી 'સાંખ્યયોગી' એવી સંજ્ઞાને પામે છે. અને આવી સાંખ્યયોગીની દીક્ષા માટે માત્ર વિધવા સ્ત્રીઓ જ નહિ, પરંતુ સંસારનો ત્યાગ કરીને ભગવાનને ભજવા ઈચ્છતી કોઈપણ સ્ત્રી અધિકારી છે. '' તેમજ ચતુર્થ પ્રકરણના ૫૦માં અધ્યાયમાં બ્રહ્મચારીની મહાદીક્ષા જુદી વિસ્તારથી લખેલી છે. તે બ્રહ્મચારીની દીક્ષા પણ મૂળ સંપ્રદાયથી વિમુખ થયેલ કોઈપણ સંસ્થામાં જોવા મળતી નથી એનું શું ?

વૈદિક શુદ્ધ પરંપરાઓને આધારે શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં ત્યાગી મુમુક્ષુઓને ભાગવતી દીક્ષા ગૃહસ્થ ધર્મવંશી આચાર્યશ્રી જ આપે છે. પરંતુ જેઓએ ધર્મવંશી આચાર્યશ્રી પાસે દીક્ષા લીધી નથી પણ સંત પાસેથી દીક્ષા લઈને સંત થયા છે તેને શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના બંધારણ મુજબ સાધુ-સંત કહી શકાય નહિ. કેવળ ભગવા વસ્ત્રો પહેરીને સ્વામિનારાયણના અમે સાધુ-સંત છીએ એવો દાવો પણ કોઈ કરી શકે નહિ.

એના માટે આ રહ્યું શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં સાધુઓને દીક્ષા આપવાનું ભગવાન શ્રી સ્વામિનારાયણ દ્વારા બંધાયેલું બંધારણ એના એજ શબ્દોમાં :-

'नारायणश्च तन्मध्य उच्चासन उपाविशत् । मुखारविन्दं तस्यैव ते च पश्यन्त आसत ॥६॥ तानुवाच हरिर्भक्ताः ! सर्वे शृणुत मद्वचः । दीक्षितानां फलं भक्तेः शीघ्रं भवति वै नृणाम् ॥७॥ यथाधिकारं दीक्षाऽतो सामान्या महती तथा । ग्राह्या पुम्भिश्च नारीभिः स्थितैरुद्धववर्त्मनि ॥८॥ लक्ष्मीनारायणस्यात्र खण्डे स्युः पुस्त्रास्तु ये । गृह्णन्तु रघुवीरात्ते दीक्षां तु द्विविधामपि ॥९॥ तेषां स्त्रियश्च गृह्णन्तु रघुवीरस्य योषितः । सकाशादिद्विविधां दीक्षां न तु पुंसः कदाचन ॥१०॥ नरनारायणस्यात्र खण्डे स्युः पुस्त्राश्च ये । दीक्षाऽयोध्याप्रसादात्तु गृह्यतां द्विविधापि तैः ॥११॥ तेषां स्त्रियस्तु यास्ताभिर्दीक्षा तस्यैव योषितः । सकाशादृह्यतां द्वेधा नान्यथा तु कदाचन ॥१२॥'

શ્રી સ્વામિનારાયણ ભગવાન સભાના મધ્યપ્રદેશમાં વિરાજમાન ઉચ્ચાસનમાં બેઠા. સભામાં બેઠેલા ભક્તજનો શ્રીહરિના મુખારવિંદને જ જોતા સતા બેઠા હતા. (૬) શ્રીહરિએ સભામાં બેઠેલા પોતાના ભક્તજનોને કહ્યું, હે ભક્તો ! તમો સર્વે મારું વચન સાંભળો. દીક્ષિત મનુષ્યોને ભક્તિનું

ફળ તત્કાળ થાય છે. (૭) માટે ઉદ્ધવ સંપ્રદાયમાં રહેલા પુરુષો અને સ્ત્રીઓએ અધિકાર પ્રમાણે સામાન્ય દીક્ષા તથા મહાદીક્ષા ગ્રહણ કરવી. (૮) ઉદ્ધવ સંપ્રદાયમાં જે પુરુષો શ્રી લક્ષ્મીનારાયણના દેશમાં હોય તે તો બે પ્રકારની દીક્ષા રઘુવીરથી ગ્રહણ કરે. (૯) શ્રી લક્ષ્મીનારાયણના દેશમાં રહેતા પુરુષોની સ્ત્રીઓ તે રઘુવીરની પત્ની વિરજાથી બે પ્રકારની દીક્ષા ગ્રહણ કરે. રઘુવીરગુરુથી (સાક્ષાત્) ક્યારેય પણ ગ્રહણ કરો નહિ. (૧૦) આ ઉદ્ધવ સંપ્રદાયમાં જે પુરુષો નરનારાયણના દેશમાં હોય તેમણે તો બે પ્રકારની દીક્ષા અયોધ્યાપ્રસાદથી ગ્રહણ કરવી. (૧૧) તેમની સ્ત્રીઓ તેમણે તો અયોધ્યાપ્રસાદની પત્ની સુનંદાથી જ બે પ્રકારની દીક્ષા ગ્રહણ કરવી. બીજે પ્રકારે એટલે, અયોધ્યાપ્રસાદથી ક્યારેય ગ્રહણ ના કરો. (૧૨)

(શ્રી સત્સંગિજીવન : ૪/૫૪/૯-૧૨)

ભગવાન શ્રી સ્વામિનારાયણે સ્વયં પોતાના સ્વહસ્તે બંને આદિ આચાર્યશ્રીઓ શ્રી રઘુવીરજી મહારાજ અને શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજને ઉદ્ધવ સંપ્રદાયની સામાન્ય દીક્ષા અને વિશેષ દીક્ષા આપી અને ત્યારપછી એજ સભામાં તે બંને આચાર્યશ્રીઓને મુમુક્ષુઓને સામાન્ય અને મહાદીક્ષા આપવાનો અધિકાર આપ્યો છે. જે ઉપરોક્ત દર્શાવેલા શ્રી સત્સંગિજીવન ધર્મગ્રંથના શ્લોકોથી પણ પ્રમાણ થાય છે. અને સંપ્રદાયના બીજા પણ અનેક શાસ્ત્રોમાં આ વાતનું પ્રમાણ મળે છે. પરંતુ કોઈ સંતને સામાન્ય કે વિશેષ દીક્ષા દેવાનો અધિકાર શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના કોઈપણ શાસ્ત્રમાં પણ નથી બતાવ્યો કે સંપ્રદાયની પ્રણાલિકા પણ નથી આપતી.

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના **બંધારણ-નિયમો**ને હંમેશા સ્મરણમાં રાખજો. **સત્યનું ક્યારેય પતન થતું નથી** અને અસત્ય **ક્યારેય** ટકતું નથી. કોઈપણ વ્યક્તિ અસત્ય અને બેઈમાનીની ચમક-દમક જોઈને થોડો સમય તેનાથી **મોહાંધ** બની શકે છે. પરંતુ અંતે તો **સત્ય જ** ઝળહળી ઊઠે છે. જીવનમાં સેંકડો વખતે **સત્યની નૌકા** હાલકડોલક થઈ શકે છે, પરંતુ તે ક્યારેય ડૂબતી નથી. કોઈપણ વ્યક્તિ **અસત્ય, બેઈમાની** કે દગાના **પ્રભાવ**થી પોતાની સંસ્થાની કે સ્થાનની **પ્રગતિ** કરે છે ત્યારે તે વ્યક્તિને વહેલી-મોડી અવશ્ય તે બધાની **હાનિકારક પ્રતિક્રિયાઓ** થાય છે જ. સત્યને છુપાવી શકાતું નથી. સત્યમાં એક એવી શક્તિ હોય છે જે પ્રગટ થઈને જ જંપે છે. પરંતુ આજકાલ એવું નજરે પડે છે કે લોકોના **બે રૂપ** હોય છે. એક અસલીરૂપ અને બીજું નકલીરૂપ, જે બીજાને બનાવવા માટે હોય છે. આવા લોકો હંમેશા મુખવટો (માસ્ક) પહેરીને ફરતા હોય છે. કારણ કે લોકોને તેઓની **અસલિયત** ખબર ન પડી જાય. આવી વ્યક્તિઓ ક્યારેય **આધ્યાત્મિક આનંદ**ને પામી શકતી નથી.

યાદ રાખજો કે, જીવનના કુદરતી નિયમો અનુસાર **અપ્રામાણિક** અને પોતાના ઈષ્ટના **બંધારણ**ને **તોડનાર** માનવી ક્યારેય સુખી થઈ શકતો નથી. કારણ કે તે તેની **સાચી ઓળખ**ને પામ્યો જ નથી હોતો. તમારી સાચી ઓળખની વિરુદ્ધની કોઈપણ વાત તમોને **અશાંતિ** અને પરલોકમાં **દુર્ગતિ** આપશે જ. બીજી વાત એ પણ નોંધી રાખજો કે, જ્યારે તમે અપ્રામાણિકપણે છેતરપીંડી અને જૂઠ આચરીને કોઈને આધ્યાત્મિક માર્ગમાં **નુકસાન** પહોંચાડો છો ત્યારે સૌથી મોટું નુકસાન તો તમને જ થાય છે. તમે જે આધ્યાત્મિક નુકસાન બીજાને પહોંચાડો છો તે તો એક જ જન્મનું નુકસાન હોય છે, પરંતુ તમે તે વખતે તમારા આત્માને જે હાનિ પહોંચાડો છો તેને **સરભર કરવું** ખૂબજ **મુશ્કેલ** છે.

કહેવાનું **તાત્પર્ય** એ છે કે, જો તમે ખરેખર જીવનના રસને માણવા માગતા હો તો **ભગવાન શ્રીહરિના બંધારણમાં રહીને** તમારું **વ્યક્તિત્વ** વિકસાવજો. શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના બંધારણને બાજુ પર રાખી, કોઈ ગ્રુપ, પક્ષ, સમાજ, સંસ્થા કે યુનિયન સાથે જોડાઈ તેમાં આંધળા થઈ અનુસરતા નહિ. તમારી આજુબાજુના લોકોની જો તમે **મનોદશા** જોશો તો તમને માલૂમ પડશે કે તે લોકોમાં કોઈ સંસ્થા કે મંડળી કે પક્ષમાં જોડાવાની

જોરદાર વૃત્તિ હોય છે. અને પછી તે પોતાના સૈદ્ધાંતિક **મૌલિક વિચારો**ને એકબાજુ મૂકીને પછી તે સંસ્થાના ગ્રુપ કે સમુદાયને અનુસરવાની તેઓ **મજા** લેતા હોય છે. જ્યારે કોઈ વ્યક્તિ કોઈપણ પરંપરાગત સંસ્થા કે સ્વેચ્છિક બંધારણ મુજબ ઊભી કરાયેલી **વાડાબંધી** કે **નૂતન-સમુદાય** સંસ્થામાં ભળે છે ત્યારે તે સમુદાયની મનોદશામાં તે તણાઈ જતી હોય છે. તેની **અંગતબુદ્ધિ** અને **વિચારો** બાજુ પર રહી જાય છે. લોકો ટોળામાં એટલા માટે ભળી જતાં હોય છે કે ત્યાં કશો જ વિચાર કરવાનો હોતો નથી કે નક્કી કરવાનું નથી હોતું કે શું કરવાનું છે અને શું નથી કરવાનું. સમુદાયના અગ્રેસર અથવા પ્રમુખ વ્યક્તિ જ પોતાના ગમતા મુજબ બધું નક્કી કરે છે અને લોકો **આંધળા બનીને** તેને **અનુસરે** છે. પરંતુ આમ કરવાથી લોકોમાં **સત્ય જાણવાની જિજ્ઞાસા** મરી પરવારે છે.

સ.ગુ. શ્રી **નિષ્કુળાનંદ સ્વામી**ના **શબ્દો**ને આગળ રાખીને જ ચાલવું પડશે :-

'અતિ આદર્યું કામ અતોલ, પરલોક પામવા; ત્યારે ખરી કરી જોઈએ ખોળ્ય, વિઘનને વામવા.
વણ સમજે સાર અસાર, પાર કહો કોણ થયા; કરી નિષ્કુળાનંદ વિચાર સંત અસંત કહ્યા.'

(ચોસઠપદી : પદ-૮)

આ પ્રમાણે સ્વામીના કહેવા મુજબ જો તમારે **આધ્યાત્મિક શિખરો સર કરવા હોય તો** ખોટું અનુકરણ એ તદ્દન નકામી વસ્તુ છે. **કોઈનું આંધળું અનુકરણ કરવું એ તમારા આત્માને ગુમાવી દેવા બરાબર છે.** આંધળા અનુકરણમાં તમે તમારી ઓળખ, સાચી વસ્તુને નીરખવાની શક્તિ અને તમારા અનુભવોને ગુમાવી બેસો છો. તમે તો તમારી આંખને ગુમાવી દઈ, કોઈની પાછળ પાછળ ચાલો છો. એ જ્યાં લઈ જાય છે ત્યાં તમે જાઓ છો. એ જે કાંઈ માનતા હોય કે કરતા હોય તેમ તમે કરો છો અને માનો છો. તો તમારી **ગતિ** (પ્રાપ્તિ) પણ એ જ્યાં જશે-પહોંચશે **ત્યાં સુધી જ** થશે. માટે સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામીના **આ શબ્દો** પણ આપણે સહુ કોઈએ **હૈયાનો હાર** કરીને સદાય **સ્મરણ**માં રાખવા જેવા છે :-

'માટે જે જનને મળે જેવા રે, તેવો તેને રંગ ચડશે; નહિ જાય શ્રોતા સારું લેવા રે, જેમ છે તેમ તેનું જડશે.
ખૂબ ખરા હોય ખપવાળા રે, તેને જોવું તપાસી; થાય નિષ્કુળાનંદ સુખાળા રે, ખરી વાત કહું ખાસી.'

(ચોસઠપદી : પદ-૧૧)

આ શબ્દો પણ સત્-અસત્ના **વિવેક**નું **નેત્ર** ખોલવા માટે જરૂરી છે. વિવેકને શાસ્ત્રમાં **દશમો નિધિ** ગણવામાં આવ્યો છે. વિવેકરૂપી નેત્ર વિનાનો માણસ અધ્યાત્મ માર્ગમાં આંધળો ગણાય છે.

આધ્યાત્મિક વ્યક્તિનું વ્યક્તિત્વ **પારદર્શક** હોય છે. તેમનું **આંતર-બાહ્ય જીવન** શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના બંધારણમાં **ફેરફાર વગરનું** હોય છે. કોઈપણ મહાપુરુષોની પરીક્ષા કરવાની હોય તો તમારે એ જોવું કે તેમના વિચારો, શબ્દો અને કાર્યો શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના બંધારણને બરાબર મળતા આવે છે કે નહિ.

એક વાતને તમે **જિંદગીભર** યાદ રાખજો. પરમાત્માના અબાધિત કાનુન કે બંધારણમાં જ્યાં સુધી વ્યક્તિ ન આવે ત્યાં સુધી હજારો કિલોમીટર લાંબી છતાં વર્તુળાકાર એવી **ઘાણીના બળદ**ની એક **ઘામયાત્રા**નો કોઈ અંત નથી. જન્મ, જિંદગી ને મરણ આ જ વર્તુળમાં છે. એની બહાર શું છે એ જોવાનો વૃષભરાજને સમય નથી. સતત પ્રદક્ષિણા કરતા **વૃષભરાજ** જ્યારે થાકીને ઊભા રહી જાય ત્યારે એને વિચાર આવે કે કેટલે

બધે દૂરથી અહિં આવી પહોંચ્યા. પ્રદક્ષિણા વખતે બંધ આંખે વૃષભરાજ વિચારતા હોય છે કે ખુલ્લા ખેતરો, હરિયાળી ટેકરીઓ, વહેતી નદીઓ - આ બધુ જ નજીક આવી રહ્યું છે. ધાન્યથી લચી પડતી પૃથ્વી તેમના પગ નીચેથી પસાર થઈ રહી છે. પરંતુ જ્યારે આંખ ઉઘાડે ત્યારે ખ્યાલ આવે છે કે આ તો માત્ર પગ જ ચાલ્યા છે. સ્થળ કે કાળ કશુંય ક્યાં બદલાયું છે ? તફાવત એ છે અને એ જ તકલીફ છે કે ઘાણીના બળદને આંખ ખૂલે ત્યારે પોતાની સ્થિતિનો **અહેસાસ** થાય છે. અને મનુષ્યને આંખ બંધ થાય ત્યારે **સત્ય હકીકતનો ખ્યાલ** આવે છે. બંને કિસ્સામાં ઘણું જ મોડું થઈ ગયું હોય છે. વ્હાલા ભક્તો ! **સંપ્રદાયના સત્ય બંધારણોને સુરક્ષિત રાખો,** નહિતર **રત્નો** હશે તેને **કાંકરા** માનીને ફેંકી દેવાનો અને કાંકરાઓને **રત્નોની જેમ** વર્ષો સુધી સાચવી રાખવાનો વારો આવશે. **અસત્ય** જેલવાસ ભોગવતી દેવકીના સાત સંતાનો જેવું છે. એ જન્મે છે ને મૃત્યુ પામે છે, પરંતુ **સત્ય** એ ઘટમાળથી બચી જાય છે. એ સત્ય **જન્મે છે** પણ મરતું નથી એ **શ્રીકૃષ્ણ** છે. શ્રીકૃષ્ણ પાસેથી આ વસ્તુ સમયસર શીખી લેવા જેવી છે. શ્રીમદ્ ભગવદ્ ગીતામાં ભગવાન **શ્રીકૃષ્ણચંદ્રજી** કહે છે :-

'यः शास्त्र विधिमुत्सृज्य वर्तते कामकारतः । न स सिद्धमवाप्नोति न सुखं न परां गतिम् ।।'

જે મનુષ્ય શાસ્ત્રવિધિ છોડી દઈને **મનમાની રીતે વર્તે છે તે** કોઈ પ્રકારની કાર્યસિદ્ધિ, સુખ કે **પરમગતિ** પામતો નથી.

(શ્રીમદ્ ભગવદ્ ગીતા : અધ્યાય - ૧૬ શ્લોક - ૧૬)

અંતમાં **ફરી એકવાર** કહીએ છીએ કે, આ **લેખનકાર્ય** યા તો **વિચાર** કોઈ સંસ્થા કે મંડળોને ઉતારી પાડવા માટે નથી. પરંતુ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના ધબકતા સત્યને સ્વાર્થની ખાતર જેમણે ખસેડ્યું હતું તે સત્યને યથાવત્ સ્થાને રાખવાનો પૂરતો **પ્રયાસ** કર્યો છે. અને શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના **મૂળભૂત સિદ્ધાંતો** જીવંત રહે એ આશયથી આ **લેખનકાર્ય** કરવામાં આવ્યું છે. મૂળ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયનો **અભિપ્રાય** એ છે કે, કોઈ નદી પોતાના માર્ગમાં પ્રવાહિત થાય છે ત્યારે એનો **ઉદ્દેશ** કોઈ વૃક્ષને ઉખેડીને ફેંકી દેવાનો કે કોઈ શિલાને **ધ્વસ્ત** કરવાનો નથી હોતો. પરંતુ જો નદીના માર્ગમાં આવીને કોઈ વૃક્ષ કે શિલા પડે યા ધ્વસ્ત થાય તો તેમાં નદીનો શું **દોષ** ગણાય ? બસ, **આ જ ન્યાયે** મૂળ શ્રી સ્વામિનારાયણ **સંપ્રદાય**ના સિદ્ધાંતથી **વિપરીત** જેટલા પણ **મત** છે એ મતોનું જો મૂળ **શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય**ના **સિદ્ધાંત**નું **વર્ણન** કરવાથી ખંડન થતું હોય તો એમાં વૈદિક-**સનાતન સિદ્ધાંતો**ના **સ્થાપન**નો શું **દોષ** છે ? અર્થાત્ દોષ લાગતો નથી પણ **સર્વહિતાવહ** સહજ **મહાગુણ** જ મનાય છે. (જુઓ વચનામૃત **ગઢડા મધ્ય પ્રકરણ**નું **૫**મું તથા **૫૭**મું : 'ભગવાનના ભક્તને પાજીપળાવની છાયામાં **દબાવું નહિ** ને શૂરવીર થઈને જવાબ દેવો.') 'ઉપદેશ કર્યા નિમિત્ત **કાંઈક થોડીઘણી ઉપાધિ રહે તો પણ** પરમેશ્વરની વાત કર્યામાં **કાયરપણું** રાખે નહિ.'



૮. ધર્મગ્રંથોના અર્થજ્ઞાનની આવશ્યકતા અને ઉપયોગિતા

સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણને ધર્મગ્રંથોમાં આકંઠ શ્રદ્ધા હતી. તેઓએ વચનામૃતમાં જે કંઈ વાત કરી છે તે શાસ્ત્રોના સારરૂપે સિદ્ધાંત વાત તારવીને કહી છે. તે શ્રીજીમહારાજના પ્રસાદિનાં જ શબ્દોમાં જોઈએ :-

➠ એક વેદાંતીને પ્રશ્ન પૂછતાં **ભગવાન શ્રીહરિ** કહે છે : ''તમે એક બ્રહ્મનું પ્રતિપાદન કરો છો ને તે વિના જે જીવ, ઈશ્વર, માયા અને જગત તથા વેદ, શાસ્ત્ર, પુરાણ તે સર્વેને મિથ્યા કહો છો, એ વાત અમને સમજાતી નથી તથા માન્યામાં આવતી નથી. માટે તમને પૂછીએ છીએ તેનો ઉત્તર કરો, તે વેદ, શાસ્ત્ર, પુરાણ, સ્મૃતિ અને ઈતિહાસ તેની સાખ્યે કરીને કરો, પણ કોઈક કલ્પિત ગ્રંથને વચને કરીને કરશો તો અમે તેને નહિ માનીએ અને જો વ્યાસજીને વચને કરીને કરશો તો અમારા માન્યામાં આવશે, કેમજે અમારે વ્યાસજીના વચનમાં દૃઢ પ્રતીતિ છે.'' (વચ.ગ.પ્ર.પ્ર. - ૩૯)

➠ જેને ભગવાનનો નિશ્ચય થાય છે તેને શાસ્ત્રે કરીને જ થાય છે. જેને ભગવાનનો નિશ્ચય થઈને ટળી જાય છે તેને તો શાસ્ત્રના વચનની પ્રતીતિ જ નથી, એ તો કેવળ મનમુખી છે ને નાસ્તિક છે અને જો **શાસ્ત્રની પ્રતીતિ** હોય તો કોઈ કાળે પરમેશ્વરથી વિમુખ થાય જ નહિ. (વચ. સારંગ. પ્ર. - ૧૩)

➠ વેદ, શાસ્ત્ર, પુરાણ, ઈતિહાસ એ સર્વે ગ્રંથોનો એ જ ગલિતાર્થ છે, આ જે અમે વાત કરી છે તે **સર્વે શાસ્ત્રનું રહસ્ય** છે. (વચ.ગ.મ.પ્ર. - ૧)

➠ ચાર વેદ, સાંખ્ય શાસ્ત્ર, યોગશાસ્ત્ર, ધર્મશાસ્ત્ર, અઢાર પુરાણ, ભારત, રામાયણ અને નારદપંચરાત્ર એ આદિક સર્વશાસ્ત્રનું એ જ **સિદ્ધાંત** છે. (વચ.ગ.મ.પ્ર. - ૮)

➠ અમે તમને વાત કહી તે સર્વે શાસ્ત્રનો **સિદ્ધાંત** છે. (વચ.ગ.મ.પ્ર. - ૧૩)

➠ જેટલા કલ્યાણને અર્થે વ્યાસજીએ ગ્રંથ કર્યા છે તે સર્વે સુરત રાખીને અમે સાંભળ્યા, તે સર્વે શાસ્ત્રમાં એ જ સિદ્ધાંત છે...' (વચ.ગ.મ.પ્ર. - ૨૧)

➠ મોટાનાં કરેલાં શાસ્ત્ર તો ખોટાં થાય જ નહી. (વચ.ગ.મ.પ્ર. - ૨૭)

➠ આ વાર્તા જે અમે કરી છે તે કેવી છે તો વેદ, શાસ્ત્ર, પુરાણ આદિક જે જે કલ્યાણને અર્થે પૃથ્વીને વિષે **શબ્દમાત્ર** છે, તે સર્વેનું અમે શ્રવણ કરીને તેનું સાર કાઢીને આ વાર્તા કરી છે, તે **પરમરહસ્ય** છે ને **સારનું પણ સાર** છે. (વચ.ગ.મ.પ્ર. - ૨૮)

➠ શ્રીમદ્ ભાગવતાદિક જે સત્શાસ્ત્ર તે સત્ય છે અને એ શાસ્ત્રમાં જે કહ્યું હોય તે તેવી જ રીતે થાય છે. પણ બીજી રીતે થતું નથી. (વચ.ગ.મ.પ્ર. - ૩૦)

➠ ચાર વેદ, પુરાણ, ઈતિહાસ એ સર્વેમાં એ જ વાર્તા છે. (વચ.ગ.મ.પ્ર. - ૫૯)

➠ વેદ, પુરાણ, ઈતિહાસ ને સ્મૃતિઓ એ સર્વે શાસ્ત્રમાંથી અમે એ સિદ્ધાંત કર્યો છે. (વચ.ગ.અં.પ્ર. - ૧૦)

➠ અમે સર્વે શાસ્ત્ર સાંભળીને એ સિદ્ધાંત કર્યો છે. (વચ.ગ.અં.પ્ર. - ૩૬)

➠ અમે સાંખ્યાદિક શાસ્ત્રનાં વિચારે કરીને એમનિશ્ચય કર્યો છે. (વચ.ગ.અં.પ્ર. - ૩૮)

➠ એ માયા ટાળીને ભગવાનમાં પ્રીતિ કરવી એટલો સર્વ શાસ્ત્રોનો સિદ્ધાંત છે. (વચ.ગ.અં.પ્ર. - ૩૯)

ભગવાન શ્રી સ્વામિનારાયણને **ધર્મગ્રંથો**માં **દૃઢ પ્રતીતિ** અને **શ્રદ્ધા** છે તેથી તો તેઓ જે કાંઈ વાત કરે છે તે સર્વે શાસ્ત્રનાં આધારે, તેમના સારરૂપે જ કરે છે. પણ કેવળ બુદ્ધિની કલ્પનાથી વાત કરતા નથી.

ધર્મગ્રંથો હજારો વર્ષથી જીવન પ્રત્યેનો માનવનો અભિગમબદલતા આવ્યા છે, એ વાંચ્યા પછી ભાવક એવો ને એવો કોરોધાકોડ રહી શકતો નથી, એ વાંચ્યા પછી અંદરને અંદર કંઈક બદલાય છે કે કંઈક ઉમેરાય છે અને કંઈક પૂર્વગ્રહો કે વિચારોની ગંદકી ધોવાય છે.

ધર્મગ્રંથનું જ્ઞાન શ્રદ્ધાપૂર્વક સેવવાથી જ પ્રાપ્ત થાય છે. અવકાશવિજ્ઞાની પોતાની આત્મશ્રદ્ધા વિના જ્ઞાનસાધના કરી શકે ખરો ? એ રાત્રે મોડે સુધી નાસાની કોઈ પ્રયોગશાળામાં ક્યારેક ખાધાપીધા વગર મંડી રહે. તેની પાછળ કશુંક અલૌકિક, કશુંક અનોખું રહસ્ય પામવાની અને દુનિયાને ચરણે ધરાવાની શ્રદ્ધા હોય છે. અવકાશયાનમાં બેસીને ઉપર જનારો અવકાશયાત્રી અવકાશયાન રચનારા અને એને અવકાશમાંથી પાછું ધરતી પર આવવા માટેનું ગણિત માંડનારા વિજ્ઞાની પ્રત્યે શ્રદ્ધા ધરાવ્યા વગર પોતાના જીવનને જોખમમાં મૂકી શકે ખરો ?

ધર્મગ્રંથ ઉપર શ્રદ્ધા જોઈએ અને ધર્મગ્રંથને સમજવાની આવડત જોઈએ, તો જ ધર્મગ્રંથના રહસ્યોને પામી શકાય. ધર્મગ્રંથમાં **તત્કાલીનકાળ** પાસે જે કાંઈ જાણકારી કે માહિતી હોય એના પાયા ઉપર ઊભા રહીને જ પ્રત્યેક મહાપુરુષે **તત્પૂરતી** વાત કરી હોય છે. એમની વાતમાં જે કાંઈ **અધ્યાત્મચિંતન** હોય છે એ જ સત્ય અને શાશ્વત હોય છે, પરંતુ જે કાંઈ **ભૌતિક કથનો** હોય છે એ તો એની પાસે જે તત્પૂરતી જાણકારી હોય એનાથી જ દોરવાયેલા હોય છે. ઋષિઓ, ઈસુ કે મહમદ વગેરેએ જે કાંઈ ચિંતન કર્યું એ અધ્યાત્મદર્શન બને પણ જે કાંઈ તત્કાલીન પરિસ્થિતિના સંદર્ભમાં કહ્યું હોય એને અધ્યાત્મદર્શન ન માની લેવાય. શંકરાચાર્યજી કહે છે કે, ''એને તો બુદ્ધિની તરાજુએ તોળવું જોઈએ.'' વેદમાં જે કહેવાયું હોય એ સત્યનો સ્વીકાર પણ એ સાથે જ જો વેદમાં 'અગ્નિ ગરમનથી' એવું કહેવાયું હોત તો એનો શી રીતે સ્વીકાર થાય ? વેદ ચાર જ છે, પરંતુ જો સો વેદો સાથે મળીને પણ અગ્નિ ગરમનથી એમકહે તોય એનો સ્વીકાર કરી શકાય નહિ. અહીં ભગવદ્ ગીતામાં આખરી શ્લોકમાં અર્જુને ભગવાન શ્રીકૃષ્ણને કહેલી વાત યાદ આવે છે. ગીતાજ્ઞાનના અંતિમચરણમાં અર્જુન કહે છે : **'करिष्ये वचनं तव ।'** - હે કૃષ્ણ ! તમે જે કહ્યું એનો હું સ્વીકાર કરું છું. તમે જે કહેશો તેમકરીશ પણ શ્રીકૃષ્ણ પ્રભુ નથી ઈચ્છતા કે અર્જુન આ વાતનો માત્ર પોતે કહ્યું છે માટે સ્વીકાર કરે. તરત જ ભગવાન શ્રીકૃષ્ણ કહે છે : **'यथेच्छसि तथा कुरु ।'** - હે અર્જુન ! મેં કહ્યું છે માટે નહિ તારા મનમાં બેસે તો જ આમકરજે. આમ, અહીં પણ શ્રીકૃષ્ણ પ્રભુએ કોઈ વાતનો સ્વીકાર આંખ મીચીને નહિ પણ બુદ્ધિમાં સહજ સમજમાં ઉતરે એ રીતે જ કરવાનું કહ્યું છે.

ભગવાન શ્રીકૃષ્ણ અર્જુનના મિત્ર છે એટલા માટે સમજાવે છે. એના તરફથી મિત્રતાની જ વાત છે. એટલા માટે આટલું બધું સમજાવી શક્યા. જો ગુરુ હોત તો બહુ જલદી નારાજ થઈ ગયા હોત. કહેત કે બસ હવે ઘણું થયું. જે કહું છું તે માની લે ! શંકા કરવી યોગ્ય નથી, શક કરવો ઉચિત નથી, ગુરુ

પર શ્રદ્ધા રાખ. જ્યારે હું કહું છું લડ તો લડ ! સમજાવવાની શું જરૂર છે ! ના, આટલી લાંબી ગીતા શ્રીકૃષ્ણ ભગવાન તરફથી એ વાત સૂચના છે કે સમજાવવાને માટે એ નિરંતર તૈયાર છે. એમાં ક્યાંય પણ તેઓ ઉતાવળમાં નથી. અર્જુન વારેવારે એ જ સવાલ ઉઠાવે છે. સવાલ નવા નથી. ગીતામાં બધા સવાલ ફેરવી ફેરવીને પાછા એના એ જ છે, પરંતુ ભગવાન શ્રીકૃષ્ણ એને એકવાર પણ નથી કહેતા કે તું વળી પાછો એ જ પ્રશ્ન પૂછે છે. તું વળી પાછો એનો એ જ પ્રશ્ન પૂછી લે છે. સાચો જવાબ આપ્યા પછી પણ ભગવાન શ્રીકૃષ્ણ કહે છે :- 'यथेच्छसि तथा कुरु ।' - હે અર્જુન ! મેં કહ્યું છે માટે નહિ તારા મનમાં બેસે તો જ આમકરજે.

ગાંધીજીને કોઈએ કહ્યું :- ''આપ મહાત્મા છો, આપની વાણી પરમસત્યની વાણી છે. અમે તો એ વાણી પર ઊંડો વિશ્વાસ ધરાવીએ છીએ. આપ સતત માર્ગદર્શન આપતા રહેશો તો અમારું કલ્યાણ થઈ જશે.'' આવું સાંભળી ગાંધીજીએ કહ્યું : ''ભાઈ ! હું મહાત્મા ગણાઉં તેથી મારું વચન સાચું જ એમમાની કોઈ ના વર્તે.'' મહાત્મા કોણ તે આપણે જાણતા નથી. સારો માર્ગ એ છે કે મહાત્માના વચનને પણ બુદ્ધિની અને અનુભવની કસોટીએ ચડાવવું ને તેમાં કસ ન ઉતરે તો તે વચનનો ત્યાગ કરવો એ કલ્યાણનો શ્રેષ્ઠ માર્ગ છે.

ગેલેલિયોના મનમાં પ્રશ્ન ઉઠ્યો કે, ''પૃથ્વી આવી ચપટી છે કે ગોળ ?'' એ બાઈબલમાં તપાસ કરી શકત. એમાં લખ્યું છે કે પૃથ્વી આવી ચપટી છે, બસ તો પછી આગળ વિચાર કરવાનો રહેતો નથી. ઉકેલ મળી ગયો. વાત પૂરી થઈ ગઈ. એણે વિચાર્યું કે બાઈબલ પર આધાર નથી રાખવો. હું જાતે તપાસ કરીશ. જ્યારે શોધ પૂરી થઈ ત્યારે માલુમપડ્યું કે બાઈબલનું કથન ખોટું છે.

ઈસુ સમક્ષ તત્કાલીન સમયે જે કાંઈ જાણકારી ઉપલબ્ધ હતી એમાં પૃથ્વી ગોળ નહોતી પણ સમથળ જમીનનો ટુકડો હતી. ઈસુએ આ સમજ સાથે જ પૃથ્વી સમથળ છે એવી વાત કરી છે. (આપણા ધર્મગ્રંથોએ પણ જે પૃથ્વીની વાત કરી છે એમાં રશિયા, અમેરિકા ઉત્તર ધ્રુવ કે દક્ષિણ ધ્રુવના સ્થળો આંગળી ચીંધીને ઓળખાવ્યા નથી એટલે એ કોઈ દિવસ હતા જ નહિ એમન કહી શકાય.) બાઈબલ પછી પંદરસો વરસે જાણકારીનો વિકાસ થયો ત્યારે વિજ્ઞાને કહ્યું : ''પૃથ્વી સપાટ જમીનનો ટુકડો નથી એ તો એક ગોળાકાર પ્રદેશ છે.''

જ્યારે આ સત્ય શોધાયું ત્યારે બાઈબલના રખેવાળોએ એ વાત ધર્મ વિરુદ્ધ છે એમકહીને એનો અસ્વીકાર કર્યો. એટલું જ નહિ આમકહેનારાઓ નાસ્તિક છે એવું તહોમતનામું ફરમાવીને સત્ય શોધનારનું જીવન યાતનામય બનાવી દીધું. બાઈબલના આ રખેવાળો માટે આ એટલા માટે જરૂરી હતું કે જો એકવાર બાઈબલની વિરુદ્ધ વાત સાબિત થાય તો બાઈબલની બીજી વાતોમાંય લોકો અસ્વીકાર કરવા માંડે. આ ભયથી ધ્રુજી ઊઠ્યા હતા. ઈસુએ જે કહ્યું હોય એમાંથી તત્કાલીન સ્થૂળ જાણકારીની બાદબાકી આ લોકો કરી શક્યા નહિ અને પરિણામે સત્યનો માર્ગ તત્પૂરતો અવરોધાયો. બાઈબલ પછી સાતસો વર્ષે કુરાન રચાયું. કુરાન પણ આ બે પાયા પર જ સંભવી શકે. એમાં અધ્યાત્મચિંતન શાશ્વત અને સત્ય હોય અને અન્ય વાતો માત્ર તત્કાલીન સમાજ પર અવલંબિત માર્ગદર્શન હોય. કોઈપણ ધર્મગ્રંથને જોવા સમજવા માટે આ જ ઉત્તમઅને તાર્કિક માપદંડ છે. આજેય કુરાનમાં એક અક્ષરનેય આઘો પાછો ન કરી શકાય. અરે ! એમકહેવું એ પણ માણસની સામાન્ય સમજદારીનું અપમાન કરવા જેવી વાત છે. હિન્દુના ધર્મગ્રંથોમાં બહુધા પુરુષને પુરુષોત્તમકહેવામાં આવ્યા છે તે પણ તત્કાલીન સ્થૂળ જાણકારીને લક્ષમાં લઈને જ લખાયું હોય છે. તેથી પુરુષને પુરુષોત્તમમાની ન લેવાય. એ જ રીતે કુરાનનેય કોઈ બૌદ્ધિક માપદંડથી ચકાસ્યા વિના અક્ષરશઃ સ્વીકારી શકાય નહિ. કુરાનમાં લખ્યું કે અદાલતમાં સાક્ષી તરીકે એક પુરુષની જુબાની બરાબર બે સ્ત્રીની જુબાની એવું ઈસ્લામિક દેશોનું અર્થઘટન આજે રમૂજ અને દયા પ્રેરે એવું છે.

ઋષિમુનિઓ પૌરાણિકો તથા કવિઓની **વર્ણન પદ્ધતિ** ખાસ લક્ષમાં રાખવા જેવી છે. કોઈપણ વસ્તુ નૈસર્ગિક બનાવો, સુચરિત કે કુચરિત પુરુષો તેના ગુણો, એ સર્વેનું વર્ણન સાદી ભાષામાં ન કરતા, હંમેશાં તેઓ કાવ્યની ભાષામાં, ખાસ કરીને **રૂપક**માં તથા **અતિશયોક્તિ**માં કરતાં. રાહુ નામનો

રાક્ષસ સૂર્ય-ચંદ્રના ગ્રહણ વખતે ગ્રાસ કરે છે, વર્ષાનો દેવતા ઈન્દ્ર મેઘરૂપી ઊડતા પર્વતોની પાંખનું છેદન કરે છે. શ્રીકૃષ્ણ ભગવાન કાલીય નાગનું દમન કરી ગોકુળના ગોપો અને ગાયોને તેના વિષના કે અપહરણના ભયમાંથી મુક્ત કરે છે. આ વર્ણનો રૂપકોના દૃષ્ટાંતો છે. રાવણનું, સહસ્રાર્જુનનું બળ દર્શાવવાને દશ મસ્તક અને હજાર હાથવાળા કલ્પ્યા છે. હનુમાન આખો પર્વત ઉપાડે અને સમુદ્ર તરી જવાને બદલે કૂદકો મારી ઓળંગી જતા વર્ણવ્યા છે. આ અતિશયોક્તિના **દૃષ્ટાંત** છે. સામાન્યજન કે સમાજ તે રૂપકોને સ્થૂળ રૂપમાં જેમવર્ણવ્યા છે તેવા જ સાચા માને છે અને તે રૂપકો દ્વારા સૂચન કરેલા તત્ત્વજ્ઞાનનું પાન કરી શકતા નથી. કોઈક સમયે રૂપકોના વિવરણમાં **ઈતિહાસ** માર્યો જાય છે તો કોઈક વખતે રૂપકોનું **હાર્દ** હણાઈ જાય છે.

ઈટાલીનો એક **મુસાફર** ભારતના પ્રવાસે આવ્યો. એણે ભારતના વિદ્વાન બ્રાહ્મણો વિષે ઘણું સાંભળ્યું હતું. એવો એક પરમતેજસ્વી **બ્રાહ્મણ** એને પણ મળી ગયો. ગ્રહણને દિવસે એણે બ્રાહ્મણને ગ્રહણનું મહત્ત્વ સમજાવવા વિનંતિ કરી. બ્રાહ્મણે સૂર્યની ગતિ, પૃથ્વીની ગતિ અને ચંદ્રની ગતિનો ખ્યાલ આપી ત્રણે સીધી લીટીમાં કઈ રીતે આવે તો કયું ગ્રહણ થાય તે સમજાવ્યું. બંને વાત કરતા હતા ત્યાં એક હરિજન રસ્તો સાફ કરવા ઝાડું લઈને આવ્યો. એણે નમસ્કાર કરી બ્રાહ્મણને પૂછ્યું : ''હે મહારાજ ! તે આ ઘરણ થાય એટલે શું થાય ?'' બ્રાહ્મણે ટૂંકો ને ટચ જવાબ આપ્યો : ''ઘરણ થાય એટલે રાહુ સૂર્યને ગળી જાય બીજું કશુંય નહિ.'' પેલા ઈટાલીયને પાછળથી બ્રાહ્મણને કહ્યું : ''તમે મને વિજ્ઞાનની વિગતો સમજાવી ને પેલાને કેમઆવો જવાબ આપ્યો ?'' જવાબમાં બ્રાહ્મણે કહ્યું : ''જ્ઞાન બધા માટે નથી.''

પ્રાચીન કાવ્યમય ઈતિહાસ પુરાણના લેખકોને માત્ર રૂપકથી જ સંતોષ થયો નથી, પરંતુ અતિશયોક્તિનું તથા અદ્‌ભુતતાનું અતિ વર્ણન કરેલું છે. પુરાણોમાં સૃષ્ટિકર્તા બ્રહ્મા પોતાની દીકરી સરસ્વતી પર મોહ પામ્યા એવું વર્ણન છે. અને શ્રીકૃષ્ણના ઉત્તમચારિત્ર્યનું ઉન્મત્તપ્રેમદર્શાવતી ગોપિકાનું વસ્ત્રહરણ, રાસલીલાઓથી ભરેલી, રૂપકવાળી કાવ્યમય ભાષામાં વર્ણન કરવાથી, ભગવદ્ ગીતાના સિદ્ધાંત પ્રસારનાર ભગવાન શ્રીકૃષ્ણનું ચરિત્ર જે હિન્દુ ધર્મને પરમસહાયકારક થવું જોઈએ તેને બદલે આંગળી બતાવવા જેવું, પરધર્મીઓના અનેક આક્ષેપને પાત્ર થઈ પડ્યું છે. જો કે વિદ્વાનો ઈશ્વરાવતારના આવા ચરિત્રવર્ણનો રૂપકથી ભરેલા છે એમસમજે છે. પરંતુ ધર્મની ઘેલછાવાળા પરધર્માવલંબીઓને આવી વાતોથી ઘણું બળ મળે છે. માટે પુરાણોમાંના આવા વર્ણનોને યથાર્થ સ્વરૂપમાં સમજવા જોઈએ.

વ્યક્તિની પાછળ મહાન વિશેષણ લાગે તે પહેલા અને પછી તેણે ગેરસમજમાં જાહેર રસ્તા પરથી પસાર થવું જ પડે છે. જેઓ ભગવાન શ્રીકૃષ્ણને નથી સમજ્યા તેઓ તો આજેય એમને વિષે કંઈ નહિ તો સોળ હજાર ગેરસમજોને લઈને ફરતા રહે છે. માતા સીતાજી કેટલા નિષ્કલંક હતા એની જેટલી સમજ રાવણને હતી એટલી અયોધ્યાના ધોબીને ન હતી.

દુર્યોધન સજ્જન પ્રત્યે આદર ધરાવતો ન હતો. જે પરમઆદરણીય હોય એને આદર ન આપે તેને જ દુર્યોધન કહે છે. દુર્યોધન જો ભગવાન શ્રીકૃષ્ણને આદર આપે તો માનવું કે શ્રીકૃષ્ણમાં ક્યાંક ગડબડ હોવી જોઈએ. દુર્યોધનનો શ્રીકૃષ્ણ ભગવાન પ્રત્યેનો અનાદર શ્રીકૃષ્ણના આંતરસત્ત્વની સૌથી મોટી સાબિતી છે.

પુરાણોની **આખ્યાયિકા** રૂપકથી ભરેલી છે. બ્રહ્માનું મોહપામી સરસ્વતી પાછળ પડવું, સરસ્વતીનું હરિણી-મૃગીનું રૂપ ધારી નાસી જવું તેની પાછળ બ્રહ્માનું મૃગરૂપ ધારણ કરી દોડવું, એ રોહિણી નામના નક્ષત્રરૂપી સરસ્વતીની પાછળ, મૃગશિર નક્ષત્રરૂપી પ્રજાપતિ-બ્રહ્માના અનુકરણનું **રૂપક** છે. બ્રહ્માને મૃગવ્યાધનામના નક્ષત્રરૂપી રુદ્ર બાણ મારે છે. મૃગશિર નક્ષત્રના શિરોભાગમાં ત્રણ એક હારમાં તારાઓ છે તેને બાણરૂપે કલ્પ્યા છે. આ આખ્યાયિકાએ સૃષ્ટિકર્તા બ્રહ્માની પૂજા વિષ્ણુ અને શિવ માફક થતી અટકાવી છે. બ્રહ્માનું પોતાની દુહિતા-વેદવાણીરૂપી સરસ્વતી પર મોહ પામવું એ

કોઈપણ કવિ કે ગ્રંથકારનું પોતાની કવિતા કે કૃતિ પર મોહ પામવા જેવું છે. બ્રહ્મા સરસ્વતીના રૂપક માટે **શિવ મહિમ્ન સ્તોત્ર**ના ૨૨મા **શ્લોક**માં કહ્યું છે :

'प्रजानाथं नाथ प्रसभमभिकं स्वां दुहितरम् गतं रोहिद्भूतां रिरमयिषु ऋष्यस्य वपुषा ।
धनुष्पाणेर्यातं दिवमपि सपत्राकृतममुं त्रसतं तेऽद्यापि त्यजति न मृगव्याधरभसः ।।'

પ્રજાનાથ ઈશ્વર ! પોતાની દીકરી સરસ્વતીનું લાવણ્ય જોઈ, કામવશ થવાથી બ્રહ્મા તેની પાછળ દોડ્યા એટલે સરસ્વતીએ મૃગલીનું રૂપ લીધું. ત્યારે બ્રહ્માએ મૃગશીર્ષ નક્ષત્ર કહેવાય છે તે મૃગનું રૂપ લઈને તેની સાથે ક્રીડા કરવા હઠ લીધી, એવામાં આપે જોયું કે - આ અધર્મ થાય છે માટે તેને યોગ્ય દંડ દેવો જોઈએ તેથી આપે વ્યાધ નામક આર્દ્રાનક્ષત્રરૂપી શરને તેની પાછળ મૂક્યું હતું. આજ સુધી પણ તે બાણરૂપી નક્ષત્ર કામી પ્રજાપતિનો પીછો મૂકતું નથી. આ શ્લોક પરથી જણાય છે કે પ્રાચીન વિદ્વાનોને આ રૂપકોની માહિતી હતી.

ભગવાન વિષ્ણુએ વામન અવતારમાં અદ્‌ભુત વિરાટ સ્વરૂપ ધારણ કરી ત્રણ પગલાં ભરી બળિરાજા પાસે આખા વિશ્વનું રાજ્ય માગી લઈ દેવોને પાછું આપ્યું. આ **આખ્યાયિકા** તેજ વડે વિશ્વવ્યાપી સૂર્યરૂપી વિષ્ણુ ઉદય, મધ્યાહ્ન અને અસ્તરૂપી ત્રણ પગલાં ભરી, દેવનું રાજ્ય લઈ લેનાર અંધકારરૂપી બલિરાજાને પાતાળમાં દાબી પૃથ્વી, અંતરિક્ષ અને સ્વર્ગલોકમાં પ્રકાશ કરે છે તેનું રૂપક છે. આ પ્રમાણે વેદમાં જુદાં જુદાં રૂપકોમાં નૈસર્ગિક બનાવોનું વર્ણન છે. અને તેના ઉપરથી પુરાણોમાં વિસ્તારવાળી આખ્યાયિકાઓ ગૂંથાયેલી છે.

વિશ્વામિત્રને મહાભારત તથા પુરાણમાં નવી સૃષ્ટિ રચનારા અને નવું નક્ષત્રમંડળ બનાવનાર તરીકે જણાવ્યા છે. તેમણે સંવત્સરોની, નક્ષત્રોની તથા કાળમાપની ગણત્રી કરવાની નવી યોજના કરેલી, જે બહુ પ્રચલિત થઈ નથી. તે ઉપરથી **વિશ્વામિત્ર**ને નવી સૃષ્ટિ રચનારા કહેવાયા હશે. અથવા તેમણે નવું સ્થાન અરણ્યમાં વસાવી અનાર્ય પ્રજાથી આર્યોને સુરક્ષિત રાખ્યા હોય તેનાથી પણ તેમને નવી સૃષ્ટિ રચનાર તરીકે ગણ્યા હશે. તેવી જ રીતે અગસ્ત્ય મુનિને સમુદ્રપાન કરનારા પુરાણમાં વર્ણવ્યા છે, તેમણે પ્રથમસમુદ્રયાત્રાનું સાહસ કર્યું હતું તે માટે **અગસ્ત્ય મુનિ**ને સમુદ્રપાન કરનારા પુરાણમાં વર્ણવ્યા છે. અથવા અગસ્ત્ય નામના તારાના ઉદય સમયે પૃથ્વી પર મહાન ધરતીકંપ કે એવા કોઈક વિપ્લવથી ભૂમધ્ય સમુદ્ર જેવા નવા સમુદ્ર ઉત્પન્ન થઈ આફ્રિકામાં સહારાનું વિશાળ રણ નીકળી આવ્યું. હિન્દુસ્તાનમાં રજપુતાના કે કચ્છનો વાલુકા પ્રદેશ પ્રકટ્યો અને મધ્ય એશિયામાં મંગોલિઆનું વિસ્તીર્ણ રણ બહાર આવ્યું એવા કોઈ બનાવનું **રૂપક** હશે.

ગોવર્ધન પર્વત ભગવાન શ્રીકૃષ્ણે અંગુલિ પર ઉંચક્યો, ઈન્દ્રે અતિવૃષ્ટિ કરી, તેમાંથી તેમનું રક્ષણ કરવા માટે શ્રીકૃષ્ણે ગોવાળોને તથા તેમના ગૌવત્સાદિકને ગોવર્ધન પર્વત પરના સુરક્ષિત સ્થળે જ્યાં વૃષ્ટિનો ઉપદ્રવ નડે નહિ ત્યાં દોર્યા હશે તેનું રૂપક છે. ગોવર્ધનગિરિની વિશાળ ગુફા મસ્તક પર છત્ર તરીકે આવી રહી હોય અને ગોપબાળો પોતાના ખભા પરની લાકડીઓ ઊંચી ધરી રહ્યા હોય, શ્રીકૃષ્ણ ભગવાન આંગળી ઊંચી કરી રહ્યા હોય તો ગોપબાળો અને તેમના સરદાર નંદલાલ જાણે પર્વત ઊંચકી રહ્યા હોય તેવો ભાસ થાય. આ બાળલીલાનું અત્યંત મનોહર અને અદ્‌ભુત વર્ણન ભાગવતકારે કર્યું છે.

શાસ્ત્રમાં લખેલું છે કે ભગવાન શ્રીકૃષ્ણના જન્મસમયે નંદરાજાએ લાખો ગાયોનું દાન કર્યું. ત્યારે પ્રશ્ન સહજ થાય કે નાના એવા ગોકુળ ગામમાં લાખો ગાય ક્યા રાખી હશે ? આવું જ્યારે શાસ્ત્રમાં વર્ણન આવે ત્યારે કા તો શંકા થાય અથવા તો વાત ખોટી મનાય પણ શાસ્ત્રની વાત ખોટી હોતી જ નથી, પરંતુ આપણને તેનું રહસ્ય સમજાણું નથી. આ રહસ્યને સમજાવતા મહાભાષ્યકાર પતંજલિ મહાભાષ્યમાં કહે છે :- 'ऋषिसहस्रमेकां

कपिलामेकैकशः सहस्रकृत्वो दत्त्वा तया सर्वे सहस्रदक्षिणाः संपन्नाः ।' (મહાભાષ્ય - અ ઈ ઉ ણ્ સૂત્ર) - એક જ કપિલા ગાય વારા ફરતી હજાર વાર દાનમાં આપીને ઋષિ સહસ્રનું દાન આપનાર બને છે. એક હજાર ઋષિઓ એકબીજા પાસેથી દ્રવ્ય વડે ગાય ખરીદીને હજારવાર દાનમાં આપે છે, તેથી દરેક ઋષિઓ સહસ્રદક્ષિણ બને છે. અહીં વાસ્તવિક રીતે ગાય એક છે છતાં વારાફરતી હજારવાર દાનમાં આપી છે, તેથી ઋષિઓ એકદક્ષિણ નહીં પણ સહસ્રદક્ષિણ બન્યા.

આજ રીતે નંદરાજાએ એક અથવા થોડી ગાયોને વારા ફરતી ઋષિઓ કે બ્રાહ્મણોને દાન આપી તે ઋષિઓ કે બ્રાહ્મણો પાસેથી તે ગાયની જેટલી કિંમત હોય તેટલા રૂપિયા આપી તે ગાય ખરીદી બીજા ઋષિઓ અને બ્રાહ્મણને આપી આવી રીતે થોડી ગાય હોવા છતાં લાખો ગાયનું દાન કરેલું કહેવાય. આજે હરિદ્વારમાં ગંગાકિનારે એક જ ગાયનું દાન દઈ પાછી ખરીદી એમયજમાન હજાર ગાયનું દાન દેનાર કહેવાય છે. અને ક્યારેક લાખ શબ્દ બહુ અર્થ વપરાયો હોય છે. લાખ ગાયનું દાન એટલે બહુ ગાયનું દાન. પરંતુ જો આ રહસ્ય ન સમજાણું હોય તો શાસ્ત્રની વાત ખોટી મનાય છે. અમુક વર્ણનો માત્ર કાલ્પનિક હોય છે. રૂપકો દ્વારા સદ્‌બોધ આપવા કે નૈસર્ગિક બનાવો દર્શાવવા યોજેલા હોય છે અને યથાર્થ સ્વરૂપમાં ઐતિહાસિક વૃત્તાંતરૂપ હોય છે. ઘણા સ્થળે કલ્પના, રૂપક અને ઈતિહાસ આ ત્રણેનું મિશ્રણ થયેલું હોય છે. પ્રાચીન કવિઓના આશય આ પ્રમાણે દીર્ઘ સમયે સમજવા મુશ્કેલ થઈ જાય છે અને વેદના અર્થ માફક પુરાણના અર્થો પણ ઘણે અંશે ભૂલાઈ ગયા છે.

શ્રી સત્સંગિજીવન ગ્રંથમાં શ્રીજીમહારાજના જે લીલાચરિત્રો તે કાર્યકારણભાવે જોડાયેલા હોય અથવા જેને એ રીતે એકમેક સાથે જોડી શકાય તેમહોય તેવા લીલાચરિત્રો વચ્ચે સમય અને સ્થળનું ગમે તેટલું અંતર હોય તોપણ તેનું **સંયુક્ત વર્ણન** કરવું એ સ.ગુ. શ્રી શતાનંદ સ્વામીની એક અનુપમનિરૂપણ **શૈલી** છે. એ કારણે એમણે સમય અને સ્થળનું મોટું અંતર હોવા છતાં લીલાપ્રસંગોનું સંયુક્ત વર્ણન કરેલ છે. જેમકે, ભગવાન શ્રી સ્વામિનારાયણે મુંબઈના ગવર્નર સરમાલ્કમને રાજકોટમાં મુલાકાત આપી હતી એ વર્ણન પૂર્ણ થયા પછી તરત જ 'विक्रमार्कशकस्याब्दे वेदाङ्गवसुभूमिते । वर्तमाने तपोमासे हरेश्चरितमित्यभूत् ।।' (શ્રી સત્સંગિજીવન : ૨/૩૬/૬૧) 'શ્રીહરિનું આ પ્રકારનું ચરિત્ર સં. ૧૮૬૪ના મહા માસમાં થયું' એવો ઉલ્લેખ કરેલો છે. આ નિર્દેશના આધારે જો કોઈ એમકહે કે, એ મુલાકાત સં. ૧૮૬૪ એટલે કે ઈ.સ. ૧૮૦૮માં થઈ હતી તો તે ઈતિહાસની દૃષ્ટિએ ભારે ગંભીર ભૂલ કહેવાય. એ વર્ષ કે તેની આજુબાજુના વર્ષમાં સૌરાષ્ટ્ર પ્રદેશમાં અંગ્રેજોની કોઈ સત્તા જ ન હતી. એટલે સાર્વભૌમસત્તાના પ્રતિનિધિ તરીકે ગવર્નર એ વર્ષે રાજકોટ આવે એ ઈતિહાસની દૃષ્ટિએ નરી અશક્યતા જ કહેવાય. જો એ વર્ષે ગવર્નરનું રાજકોટમાં આવવું જ શક્ય ન હોય તો, શ્રીજીમહારાજ તેમને તે વર્ષે રાજકોટમાં મુલાકાત આપે એ પણ દેખીતી રીતે જ સત્ય ન લેખાય. પરંતુ વાચકને જો શતાનંદમુનિની ઉપરોક્ત નિરૂપણ શૈલીનો ખ્યાલ હોય તો તે તુરત જ સમજશે કે સં. ૧૮૬૪ના મહા માસનો નિર્દેશ આ મુલાકાતને અનુલક્ષીને નહિ પણ બીજા કોઈ લીલાપ્રસંગને અનુલક્ષીને કરવામાં આવ્યો હોવો જોઈએ. શ્રી સત્સંગિજીવન ગ્રંથના બીજા પ્રકરણના ૩૪-૩૫-૩૬ એ ત્રણ અધ્યાયોમાં શતાનંદ મુનિએ કાર્યકારણભાવે એકમેક સાથે જોડાયેલા પાંચ લીલાપ્રસંગોનું એક સાથે સંયુક્ત વર્ણન કરેલું છે.

પહેલો પ્રસંગ : આસુરી સ્વભાવના બાવાઓ અને કુસંગીઓ સંપ્રદાયના સાધુઓ ઉપર અતિ અમાનુષિક અત્યાચારો ગુજારે છે એનું વર્ણન ૩૫મા અધ્યાયમાં કરેલું છે.

બીજો પ્રસંગ : સ્થાનિક રાજાઓ અને સત્તાધીશોએ આવા પ્રસંગે સાધુઓનું રક્ષણ કરવું જોઈએ પણ તે તેમનું રક્ષણ કરતા નથી. એટલું જ નહિ પણ આસુરી વૃત્તિના માણસોને તેમની દુષ્ટ અને નિર્દય પ્રવૃત્તિમાં ઉત્તેજન મળે એવું વલણ અપનાવે છે. આ હકીકતનું વર્ણન પણ શતાનંદમુનિએ ૩૫મા

અધ્યાયમાં જ કરેલું છે.

ત્રીજો પ્રસંગ : આસુરીજનોના અત્યાચારો અસહ્ય થાય છે ત્યારે શ્રીજીમહારાજ સાધુજનોના રક્ષણ માટે એક વિલક્ષણ માર્ગ અપનાવે છે. એક સ્થળે બધા સાધુઓને એકત્ર કરીને વૈષ્ણવી દીક્ષાના બાહ્યચિહ્નો - કંઠી, તિલક વગેરે તથા બાહ્યપૂજા-મૂર્તિઓ વગેરેનો ત્યાગ કરવાની તેમને આજ્ઞા કરે છે. એ આજ્ઞા માથે ચઢાવીને સંતો એ ચિહ્નોનો તત્કાળ ત્યાગ કરે છે અને અલક્ષ્યપણે વિચરી શકે એવા પરમહંસો બને છે. એનું વર્ણન પણ શતાનંદમુનિએ ઉપમા અધ્યાયમાં કરેલું છે.

ચોથો પ્રસંગ : ધર્મ અને સાધુઓની રક્ષા ન કરવાનું અને અધર્મને સાથ આપવાનું એ પરિણામઆવે છે કે, સ્થાનિક રાજાઓ સત્તાભ્રષ્ટ થાય છે અને માત્ર વેપાર કરવા સારુ હિંદમાં આવેલા અંગ્રેજોના હાથમાં સત્તાના સૂત્રો સરકી જાય છે તેનું વર્ણન પણ ઉપમા અધ્યાયમાં જ કરેલું છે.

પાંચમો પ્રસંગ : પોતાની નવી સત્તા સ્થિર કરવા માટે અંગ્રેજ ગવર્નર આવે છે ત્યારે એમના આમંત્રણને માન આપીને ભગવાન શ્રીહરિ કૃપા કરીને તેમને રાજકોટ મુલાકાત આપે છે એનું વર્ણન ૩૬મા અધ્યાયમાં કરેલું છે.

હવે ત્રીજો પ્રસંગ સાહિત્યની પરિભાષામાં **પરાકાષ્ઠા પ્રસંગ** કહેવાય તેવો છે. તે માટે પહેલા બે પ્રસંગો નિમિત્ત કારણ છે. ચોથો અને પાંચમો પ્રસંગ એ ઉપર જણાવેલા ત્રણ પ્રસંગોના **પરિણામરૂપ** પ્રસંગો છે. પહેલા બે પ્રસંગોની ઘટના પાંચ વર્ષનો સમયગાળો રોકે છે એ પછી તરત જ ત્રીજો પરાકાષ્ઠા પ્રસંગ બને છે. અને એ પછી પંદર-સોળ વર્ષના સમયગાળામાં ચોથા અને પાંચમા પ્રસંગની ઘટનાઓ બને છે. આમ, પહેલા પ્રસંગની શરૂઆતથી પાંચમા પ્રસંગ સુધીમાં વીસ-બાવીશ વર્ષનો લાંબો ગાળો રહેલો છે. છતાં પોતાની અનુપમશૈલીને અનુસરીને સ.ગુ. શ્રી શતાનંદ સ્વામીએ એ પાંચેય લીલાપ્રસંગોનું સંયુક્ત વર્ણન ત્રણ અધ્યાયોમાં કરેલું છે.

ઉપરોક્ત પાંચેય પ્રસંગોમાં જેને **હરિચરિત્ર** કહી શકાય અને એ દૃષ્ટિએ જેનું શ્રવણ, કીર્તન અને ગાન થઈ શકે તેવો એક જ પ્રસંગ છે. ત્રીજો પરાકાષ્ઠા પ્રસંગ. સર્વેશ્વર શ્રીહરિ સમર્થ અને સર્વ કર્તાહર્તા છે, છતાં પોતાના સાધુઓના રક્ષણ માટે તેઓ માનુષિક ચરિત્ર કરીને અતિવિલક્ષણ માર્ગ લે છે. એના જેવું **અલૌકિક ચરિત્ર** બીજું ક્યું ગણાય ? શતાનંદ મુનિએ પોતે તો એ ચરિત્રનું પરમભાવપૂર્વક ગાન કરેલું છે. પરંતુ તે સાથે સંકળાયેલા બીજા પ્રસંગોને લીધે વાચકોને દિવ્યાતિદિવ્ય લીલાચરિત્રોનું વિસ્મરણ ન થાય તે ખાતર બધા પ્રસંગોનું વર્ણન પૂરું થયા પછી તરત જ એ અદ્‌ભુત લીલાચરિત્રનું વર્ષ અને મહિનો દાખવીને તેનું સૌ કોઈને **મંગળ સ્મરણ** કરાવેલું છે. સંપ્રદાયના ઈતિહાસ ઉપરથી સ્પષ્ટ થાય છે કે, ભગવાન શ્રી સ્વામિનારાયણનું આ દિવ્ય માનુષિક લીલાચરિત્ર સં. ૧૮૬૪ મહામાસમાં **કાલવાણી** ગામે બનેલું હતું. એ ગામે, એ દિવસે મહાપ્રભુ શ્રીહરિએ પોતાના સાધુઓને સામૂહિક રીતે પરમહંસો બનાવ્યા હતા અને તેમના નવા નામો પાડ્યા હતા. (જુઓ ભક્ત ચિંતામણી : પ્ર-૫૧ તેમજ સંપ્રદાયના અન્ય ગ્રંથો)

જાપાનમાં બુદ્ધનું એક મંદિર છે. એ મંદિરમાં બુદ્ધની કોઈ પ્રતિમા નથી, પરંતુ બુદ્ધના હાથનું એક ચિત્ર બનાવેલું છે. હાથની આંગળીની એક મૂર્તિ માત્ર છે અને ઉપર ખૂણામાં એક ચંદ્ર છે. બુદ્ધના જીવનની એક ઘટના પર આધારિત આ શિલ્પ છે. બુદ્ધે એકવાર કહ્યું હતું કે, "એકવાર હું એક ગામમાં ગયો. મેં મારી આંગળી ચીંધીને ગામલોકોને કહ્યું કે, જુઓ પેલો ચંદ્ર ! પરંતુ ખૂબજ ઓછા લોકોએ એ તરફ જોયું. મોટા ભાગના લોકો આંગળી સામે જોતા રહ્યા અને ત્યારથી મને સતત લાગ્યા કરે છે કે જ્યારે પણ કોઈ વ્યક્તિ ભગવાન તરફ અંગુલી નિર્દેશ કરે છે ત્યારે કોઈ ભગવાનને જોતું નથી પરંતુ ભગવાનને દર્શાવવાવાળી આંગળી પકડી લે છે. આંગળીમાં શું છે ? ભલે પછી તે બુદ્ધની હોય કે અન્ય કોઈની પણ કેમન હોય. તેમાં કશું નથી. તો બુદ્ધે

કહ્યું કે, અંગુલી નિર્દેશના સંકેતોને લોકો પકડી લે છે. શબ્દોને પકડી લે છે, આંગળીઓને પકડી લે છે અને તેની પૂજા શરૂ કરી દે છે અને જેના તરફ ઈશારો કરવામાં આવ્યો હતો તેના તરફ આંખ ઊંચી કરીને પણ જોતા નથી.

જ્યાં સુધી વેદોની સાથે એકમત થાય ત્યાં સુધી તેઓ પ્રમાણ ગણાય એથી વધુ નહિ. પુરાણોમાં એવી કેટલીય બાબતો છે કે જે વેદની સાથે મળતી નથી આવતી. ઉદાહરણ તરીકે જોઈએ તો પુરાણોમાં લખ્યું છે કે 'કોઈ માણસ દસ હજાર વરસ સુધી ને કોઈ વીસ હજાર વરસ સુધી જીવતો' પણ વેદો કહે છે કે :- **'पश्येम शरदः शतं जीवेम शरदः शतम् ।'** (યજુર્વેદ : ૩૬/૨૪, અથર્વવેદ : ૧૯/૬૭/૮) અમે સો વર્ષ સુધી જોઈએ અને જીવીએ. કઠોપનિષદમાં નચિકેતાને ધર્મરાજા કહે છે કે :- **'शतायुषः पुत्रपौत्रान् वृणीष्व ।'** (કઠોપનિષદ્ : ૧/૧/૨૩) હે નચિકેતા ! તું સો વર્ષ જીવવાવાળા પુત્ર અને પૌત્રને માગી લે. ઈશાવાસ્યોપનિષદમાં પણ કહ્યું છે કે :- **'कुर्वन्नेवेह कर्माणि जिजीविषेच्छतं समाः ।'** (૨) અહીં કર્મ કરતા થકા સો વર્ષ જીવવાની ઈચ્છા કરો. **'शतायुर्वै पुरुषः ।'** - માણસનું આયુષ્ય સો વરસનું છે. આ બેમાંથી કોને સ્વીકાર્ય ગણવું ? બેશક વેદોને જ; તેમછતાં, આવા વિધાનો હોવા છતાં હું પુરાણોની નિંદા નથી કરતો.

પાણીના ધોધમાં રહેલી વીજળી સૌને નથી દેખાતી. વિદ્યુતને આપણે ધોધનું સૂક્ષ્મતમઆત્મતત્ત્વ કહી શકીએ. મેથીની ભાજીમાં રહેલું લોહતત્ત્વ, કોલસામાં રહેલું કાર્બન તત્ત્વ, છાણના ચુંબકમાં રહેલું ચુંબકત્વ અને મીઠામાં રહેલું સોડિયમકલોરાઈડ જોવા માટે વિજ્ઞાનવૃત્તિ જરૂરી છે.

રીંગણા સ્થૂળ છે, પરંતુ એમાં રહેલું લોહતત્ત્વ સૂક્ષ્મછે. બટાકા સ્થૂળ છે, પરંતુ જાણકાર માણસ બટાકામાં રહેલા સ્ટાર્ચને ભાળે છે. આમળાનું વજન કિલોગ્રામમાં થઈ શકે, પરંતુ વિટામીન 'સી' સૂક્ષ્મછે. લોહી નજરે પડે છે, પરંતુ હિમોગ્લોબિન નજરે નથી પડતું. ખેતરના શેઢા પર કે ફળિયાની ધૂળમાં છાણનો પોદળો નિરાંતે પડેલો હોય છે. ખેડૂત એને છાણ તરીકે જુએ છે, પરંતુ જેણે વિજ્ઞાનનો અભ્યાસ કર્યો છે તેને તો પોદળામાં રહેલા નાઈટ્રોજનનો ખ્યાલ આવે છે. વળી જેને આ સૃષ્ટિમાં ચાલતા વિરાટ નાઈટ્રોજન ચકરાવાનો ખ્યાલ હોય તે વ્યક્તિ તો એ પોદળાને સાવ જુદી જ દૃષ્ટિએ નિહાળશે. આવું દર્શન પામે તેને દૃષ્ટા કહેવાય છે. બસ આ જ દૃષ્ટિએ શાસ્ત્રને સમજવાના હોય છે, તો જ આપણે શાસ્ત્રના રહસ્યને પામી શકીએ અન્યથા નહિ.

આપણા ભાષ્યકારોના વિષય પર આવતા એક બીજી મુશ્કેલી ઊભી થાય છે. અદ્વૈતવાદી ભાષ્યકાર જ્યારે જ્યારે એક અદ્વૈતવાદને અનુકૂળ શાસ્ત્રવાક્ય આવે ત્યારે ત્યારે એને એમને એમજાળવી રાખે છે, પરંતુ એ જ ભાષ્યકાર દ્વૈતવાદને અનુકૂળ કોઈ શ્રુતિરચના આવે એટલે એને પોતાનાથી બનશે તેટલું મરડશે અને એમાંથી વિચિત્રમાં વિચિત્ર અર્થ ઉપજાવશે. ક્યારેક 'અજા' એટલે જન્મરહિત અને ક્યારેક 'અજા' એટલે બકરી અર્થ કરે છે. આવા વિચિત્ર ફેરફારો ઉદ્‌ભાવવામાં આવે છે. ભાષ્યકાર પોતાની સગવડ પ્રમાણે અજા પ્રકૃતિનો અર્થ અજા કરીને સમજાવે છે. એથી વધુ ખરાબ નહીં તો એ જ રીતે દ્વૈતવાદી ભાષ્યકારે શાસ્ત્રવાક્યોને વાપર્યા છે. દ્વૈતમતને અનુકૂળ વાક્યો એકેએક જેમના તેમરહેવા દીધા છે. અને અદ્વૈતમતો અર્થ બતાવે એવા એક-એક વાક્યને પોતાને ફાવે તેમમચડી નાખ્યું છે. આ સંસ્કૃત ભાષા એવી ગહન છે. વેદનું સંસ્કૃત એટલું બધું પ્રાચીન છે. અને સંસ્કૃત ભાષાશાસ્ત્ર એટલું બધું સંપૂર્ણ છે કે એક શબ્દના અર્થને માટે યુગોના યુગો સુધી ફાવે તેટલી ચર્ચા ચલાવી શકાય. જો એકાદ પંડિત અવળું-સવળું ધારે તો ધર્મગ્રંથના તાણીતૂસીને અર્થ બેસાડીને એ ગમે તે દાખલા, દલીલો અને પ્રમાણો આપીને રજૂ કરી શકે.

'परस्परं शास्त्राणां सांकर्यं नैव भावयेत् । अर्धप्राज्ञैस्तथा सर्वं कृतं सीमातिलङ्घनात् ।।' - ધર્મગ્રંથોમાં પરસ્પર ભેળસેળ વિચાર હોતો નથી. કારણ કે, ધર્મગ્રંથોની પણ કંઈક સીમા હોય છે. પરંતુ અર્ધવિદ્વાન તે સીમાઓનું ઉલ્લંઘન કરી ધર્મગ્રંથોને ભેળસેળ કરી નાખે છે. (તર્કસંગ્રહ - આલોકવ્યાખ્યા)

સર્વશાસ્ત્રમાં મળતી વાત એ **સર્વતંત્ર સિદ્ધાંત** કહેવાય. પોતાના જ સંપ્રદાયના જ શાસ્ત્રમાં હોય, બીજા શાસ્ત્રોમાં ન હોય તેને **સિદ્ધાંત** કહેવાય. સામેના શાસ્ત્રોમાં જ મળતી વાત હોય તે **પ્રતિતંત્ર સિદ્ધાંત** કહેવાય. જે ચાલુ વાંચનનું અધિકરણ હોય તેમાં જ લાગું પડે. અન્યત્ર ન લાગુ પડે તેને **અધિકરણ સિદ્ધાંત** કહેવાય. આ પ્રમાણે ચાર સિદ્ધાંતો શાસ્ત્રો જાણવા માટે જરૂરી છે. આવા સૂક્ષ્મવિચારો આધ્યાત્મિક તત્ત્વજ્ઞાનીઓએ સારી રીતે વર્ણવ્યા છે.

પરમાત્માની વાણી તથા જે જે શાસ્ત્રો તેના લખાણો સાચા જ હોય છે, પરંતુ અલ્પબુદ્ધિવાળાઓને ઉકેલતા આવડે નહિ. તેમાં કેટલાક વાક્યો વ્યંગ અર્થવાળા, કેટલાક ગુમ અર્થવાળા, કેટલાક બીજી જ રીતે અર્થ જણાવનારા પોતાનો સ્પષ્ટ અર્થ ન કહેતા હોય પણ બીજા અર્થને પુષ્ટિ કરતા હોય અને કાં તો કોઈ જ અર્થ જણાવતા ન હોય તેવા વાક્યનો શાસ્ત્ર દ્વારા અર્થ કરતા શીખવું જોઈએ. તો જ જે તે શાસ્ત્રનો રહસ્ય અર્થ સમજી શકાય છે. અન્યથા અર્થના અનર્થ થાવાની પૂરી શક્યતા રહે છે. શાસ્ત્રોની સમજણમાં નીચે બતાવેલા **નિયમો** અવશ્ય જાણવા જોઈએ.

'संसर्गो विप्रयोगश्च साहचर्यं विरोधिता । अर्थः प्रकरणं लिङ्गं शब्दस्यान्यस्य सन्निधिः ।।

सामर्थ्यमौचिती देशः कालो व्यक्तिः स्वरादयः । शब्दार्थस्यानवच्छेदे विशेषस्मृतिहेतवः ।।'

(૧) સંસર્ગ (સંયોગ) (૨) વિપ્રયોગ (૩) સાહચર્ય (૪) વિરોધ (૫) અર્થ (૬) સ્થાન-સંદર્ભ (૭) બીજા વાક્યમાંથી સૂચન (૮) અન્ય શબ્દનું સાન્નિધ્ય (૯) સામર્થ્ય (૧૦) ઔચિત્ય (૧૧) દેશ (૧૨) કાલ (૧૩) વ્યક્તિ (૧૪) સ્વર વગેરે જ્યારે શબ્દના અર્થનો ચોક્કસ નિર્ણય થતો ન હોય ત્યારે વિશિષ્ટ અર્થના નિર્ણાયક (કારણો) બને છે.

(વાક્યપદીય : ૨/૩૧૭-૩૧૮)

૧. સંસર્ગ : (સંયોગ)થી શબ્દનો અર્થબોધ :- એક જ શબ્દના અનેક અર્થો થતા હોય ત્યારે બીજા શબ્દ સાથેના સંસર્ગથી (સંબંધથી) અર્થનો નિશ્ચય થાય છે. જેમકે -

'सवत्सा धेनुः आनीयताम्' - આવું વાક્ય ઉચ્ચારવામાં આવે તો વાછરડા (सवत्सा) સાથેના સંસર્ગથી 'धेनुः' શબ્દનો અર્થ ગાયને લાવો એવો અર્થ થશે.

પરંતુ 'सकिशोरा धेनुः आनीयताम्' જો આવું વાક્ય ઉચ્ચારવામાં આવે તો કિશોરા (सकिशोरा) સાથેના સંસર્ગથી શબ્દનો અર્થ ઘોડી લાવો એવો અર્થ થશે.

'सबर्करा धेनुः आनीयताम्' - આવું વાક્ય ઉચ્ચારવામાં આવે તો સબર્કરા (सबर्करा) સાથેના સંસર્ગથી 'धेनुः' શબ્દનો અર્થ ઘોડી લાવો અર્થ થશે.

'सकरभा धेनुः' - આવું વાક્ય ઉચ્ચારવામાં આવે તો સકરભ (सकरभा) સાથેના સંસર્ગથી શબ્દનો અર્થ હાથણી અથવા સાંઢણી લાવો એવો અર્થ થશે. (પ્રદીપ-મહાભાષ્ય - ૧/૩/૬૬)

અહીં 'धेनुः' શબ્દના તાજી વિયાયેલી ગાય, 'અશ્વ', 'હાથણી', 'ભેંસ', 'સ્ત્રી' વગેરે અનેક અર્થ થાય છે, પરંતુ 'सवत्सा' આ શબ્દના સંયોગથી 'धेनुः'નો અર્થ ગાય જ થાય છે. કારણ કે 'वत्स' ગાયના તાજા વિયાયેલા બચ્ચાને જ કહેવામાં આવે છે. તેથી વત્સનો સંયોગ કેવલ ગાયની સાથે જ થઈ શકે છે. અન્યની સાથે નહીં.

૨. વિપ્રયોગ (વિયોગ)થી શબ્દનો અર્થબોધ :- એક જ શબ્દના અનેક અર્થો થતાં હોય ત્યારે બીજા શબ્દ સાથેના પ્રસિદ્ધ સંયોગનો વિયોગ નિર્દિષ્ટ હોય તેના આધારે શબ્દનો અર્થ કરવાનો હોય છે. જેમકે - હરિ શબ્દના અનેક અર્થો છે.

'यमानिलेन्द्रचन्द्रार्कविष्णुसिंहांशुवाजिषु । शुकाहिकपिभेकेषु हरिर्ना कपिले त्रिषु ।।'

યમરાજા, વાયુ, ઈન્દ્ર, ચન્દ્ર, સૂર્ય, વિષ્ણુ, સિંહ, કિરણ, ઘોડો, પોપટ, સર્પ, વાનર, ઘેટું, લીલો રંગ, પીળો રંગ વગેરે હરિ શબ્દના અર્થો થાય છે. પરંતુ 'अशंखचक्रको हरिः' આ ઉદાહરણમાં શંખનો હરિ અર્થાત્ વિષ્ણુ સાથે સંબંધ હોવાથી શંખ અને ચક્ર વિનાના હરિ એવા વાક્યમાં હરિનો અર્થ વિષ્ણુ થશે.

૩. સાહચર્યથી શબ્દનો અર્થબોધ :- એક જ શબ્દના અનેક અર્થો થતાં હોય ત્યારે એક શબ્દના બીજા શબ્દ સાથેના સાહચર્યથી શબ્દના અર્થનો નિર્ણય કરવાનો હોય છે. જેમકે - 'रामलक्ष्मणौ स्तः' આ વાક્યમાં આવેલ 'राम' શબ્દના 'પરશુરામ', 'બલરામ', 'રામચંદ્ર', 'ત્રણની સંખ્યા', 'તમાલપત્ર' વગેરે અનેક અર્થ થાય છે. 'लक्ष्मण' શબ્દના સાહચર્યને કારણે રામશબ્દથી પરશુરામવગેરેનો બોધ નહિ થાય. પરંતુ દશરથપુત્ર રામચંદ્રનો બોધ થશે. તેવી જ રીતે 'लक्ष्मण' શબ્દના રામના નાના ભાઈ, 'સારસ', 'ચિહ્ન', 'મુખ્ય (પ્રધાન)', 'ભાગ્યવાન' વગેરે અનેક અર્થ થાય છે. પરંતુ 'राम' શબ્દના સાહચર્યને કારણે 'लक्ष्मण' શબ્દથી 'સારસ', 'ચિહ્ન' વગેરેનો બોધ નહિ થાય, પરંતુ રામના નાના ભાઈ લક્ષ્મણનો બોધ થશે.

મહાપંડિત નાગેશ ભટ્ટ આ વાતને સ્પષ્ટ કરતા પરિભાષેન્દુશેખરમાં કહે છે : 'सहचरितासहचरितयोः सहचरितस्यैव ग्रहणम् ।' (પરિ. ૧૧૨) જેની સાથે જેનો સંસર્ગ વધુ હોય તેનું જ ગ્રહણ કરવામાં આવે છે.

૪. વિરોધિતાથી શબ્દનો અર્થબોધ :- એક જ શબ્દના અનેક અર્થો થતાં હોય ત્યારે જેમને પરસ્પર વિરોધ (દુશ્મનાવટ) પ્રસિદ્ધ હોય અને તેના વિરોધી વાચક શબ્દનો સાથે પ્રયોગ થયો હોય તેના ઉપરથી શબ્દોના અર્થનો નિર્ણય કરવાનો હોય છે. જેમકે - 'रामार्जुनौ स्तः ।' આ વાક્યમાં આવેલ 'राम' શબ્દના 'પરશુરામ', 'બલરામ', 'રામચંદ્ર' 'ત્રણની સંખ્યા', 'તમાલપત્ર' વગેરે અનેક અર્થ થાય છે. 'अर्जुन' શબ્દના 'સહસ્રાર્જુન', 'કુંતીપુત્ર અર્જુન', 'મોરપક્ષી', 'ઈન્દ્ર', 'ઘાસ', 'સફેદરંગ' વગેરે અનેક અર્થ થાય છે. પરંતુ 'रामार्जुनौ' શબ્દથી રામના વિરોધી એવા અર્જુન શબ્દથી સહસ્રાર્જુનનો બોધ થાય છે તેમસહસ્રાર્જુનના વિરોધી એવા રામશબ્દથી પરશુરામનો બોધ થાય છે. 'रामार्जुनौ' શબ્દથી દશરથપુત્ર રામચંદ્ર, બલરામવગેરેનો તથા કુંતીપુત્ર અર્જુન, મોરપક્ષી વગેરેનો બોધ થતો નથી. અહીં બંને શબ્દોનો અર્થનિશ્ચય વિરોધથી થાય છે.

૫. અર્થ (પ્રયોજન)થી શબ્દનો અર્થબોધ :- એક જ શબ્દના અનેક અર્થો થતાં હોય ત્યારે ક્યાં પ્રયોજનને માટે તે વાક્ય બોલવામાં આવ્યું તેના આધારે જ શબ્દનો અર્થ ગ્રહણ કરવામાં આવશે. જેમાં તે અર્થ પૂર્ણ કરવાની યોગ્યતા હોય. જેમકે - 'स्थाणुं वन्दे' આ વાક્યમાં આવેલ 'स्थाणु' શબ્દના શિવ, સ્તંભ, શાખા વગરના ઝાડનું ઠૂંઠું વગેરે અર્થ થાય છે. પરંતુ વાક્યમાં 'वन्दे' વંદન પ્રયોજન હોવાને કારણે શિવ અર્થનું ગ્રહણ થશે. સ્તંભ કે શાખા વગરના ઝાડનું ઠૂંઠું વગેરેનું ગ્રહણ થશે નહિ.

૬. પ્રકરણ :- સંદર્ભ અને પ્રસંગના આધારે પણ શબ્દોના જુદાં જુદાં અર્થો થાય છે. અર્થાત્ કયો શબ્દ તથા વાક્ય કયા પ્રસંગમાં કહેવામાં આવ્યું છે તથા લખવામાં આવ્યું છે તેના આધારે શબ્દોના અર્થનો નિશ્ચય કરવામાં આવે છે. જેમકે - 'सैन्धवमानय ।' અહીં 'सैन्धवम्' શબ્દનો અર્થ મીઠું અને ઘોડો બંને થાય છે. પરંતુ જો ભોજનનો સંદર્ભ હોય અને 'सैन्धवमानय ।' આવું વાક્ય ઉચ્ચારવામાં આવે તો મીઠું લાવવામાં આવે છે. અને સંગ્રામકે યાત્રાનો સંદર્ભ કે પ્રસંગ હોય અને 'सैन्धवमानय ।' આવું વાક્ય ઉચ્ચારવામાં આવે તો ઘોડો લાવવામાં આવે છે.

आदित्यमुपतिष्ठते - સૂર્યની ઉપાસના કરે છે.

रथिकानुपतिष्ठते - રથિકોની સોબત કરે છે.

महामात्रानुपतिष्ठते - રાજ અધિકારીની મિત્રતા કરે છે.

गंगा यमुनामुपतिष्ठते - ગંગા યમુનામાં મળે છે.

अयं पन्थाः स्रुघ्नमुपतिष्ठते - આ માર્ગ આગરા જાય છે.

આ ઉદાહરણમાં એક જ 'उपतिष्ठते' - ધાતુનો પ્રકરણ ભેદથી અર્થભેદ થયો છે.

૭. લિઙ્ગ (સંયોગથી ભિન્ન સંબંધસાથે સંબદ્ધ) :- અન્ય સ્થળ અર્થાત્ કથનમાંથી પ્રાપ્ત થતું સૂચન ઉપરથી શબ્દોના અર્થનો નિર્ણય કરવાનો હોય છે. જેમકે - 'अक्ताः शर्कराः उपदधाति ।' (ચોપડેલા કાંકરા તે પાસે મૂકે છે.) આવા વાક્યમાં 'अक्ताः' પદથી શેનાથી ચોપડ્યા છે તે સ્પષ્ટ થતું નથી. પરંતુ આ વાક્યથી પૂર્વે કહેવાયેલું 'तेजो वै घृतम्' ઘી નિશ્ચય જ તેજ છે. આ પ્રશંસાપરક વાક્ય જ અહીં પણ સૂચન કરે છે કે ઘીથી કાંકરા ચોપડવા જોઈએ. તેલ વગેરે પદાર્થથી નહિ. એવો અર્થ બોધ થાય છે.

૮. શબ્દાંતરસંનિધિથી શબ્દનો અર્થબોધ :- એક જ શબ્દના અનેક અર્થો થતાં હોય ત્યારે અન્ય શબ્દોના સાંનિધ્યને કારણે શબ્દોના અર્થ નિશ્ચિત થાય છે. જેમકે - 'अक्षा भज्यन्ताम्, भुज्यन्ताम्, दीव्यन्ताम्' આ વાક્યમાં 'अक्षाः' પદનો અર્થ 'भज्यन्ताम्, भुज्यन्ताम्' અને 'दीव्यन्ताम्'ના અર્થ પ્રમાણે જુદો જુદો થાય છે.

'अक्षा भज्यन्ताम्' આવું વાક્ય ઉચ્ચારવામાં આવે તો 'अक्षाः' પદનો અર્થ ગાડાની ધૂંસરી (ધુરા) એવો થાય છે. અર્થાત્ 'ગાડાની ધૂંસરીઓ જુદી કર' આવો વાક્યાર્થ થાય છે.

'अक्षा भुज्यन्ताम्' આવું વાક્ય ઉચ્ચારવામાં આવે તો 'अक्षाः' પદનો અર્થ કમળફળ એવો થાય છે. અર્થાત્ 'કમળ ફળને ખા' આવો વાક્યાર્થ થાય છે.

'अक्षा दीव्यन्ताम्' આવું વાક્ય ઉચ્ચારવામાં આવે તો 'अक्षाः' પદનો અર્થ જુગાર રમવાનાં પાસા એવો થાય છે. અર્થાત્ 'પાસાથી જુગાર રમ' આવો વાક્યાર્થ થાય છે.

'एकश्च शब्दो नानार्थः, अक्षाः पादाः माषाः' (મહાભાષ્ય : ૧/૨/૬૪) એક શબ્દના અનેક અર્થો થતા હોય છે. 'अक्ष, पाद, माष' આ ત્રણ શબ્દો અનેક અર્થના બોધક છે.

૯. સામર્થ્યથી શબ્દનો અર્થબોધ :- એક જ શબ્દના અનેક અર્થો થતા હોય ત્યારે અન્ય શબ્દોના સામર્થ્યને કારણે શબ્દોના અર્થ નિશ્ચિત થાય છે. જેમકે - 'मधुना मत्तः कोकिलः अस्ति' મધુથી કોયલ ઉન્મત્ત છે. આ વાક્યમાં આવેલ 'मधु' શબ્દના વસંત, મદિરા, મધ અને મધુ નામનો રાક્ષસ વગેરે અર્થો થાય છે. પરંતુ બધા અર્થોમાંથી કોકિલની ઉન્મત્તતા વસંતને કારણે હોવાથી કોકિલ અને વસંત આ બંને શબ્દો વચ્ચે સામર્થ્ય હોવાથી 'मधु' શબ્દનો અર્થ વસંત થશે, પરંતુ મદિરા, મધ અને મધુ નામનો રાક્ષસ વગેરે અર્થો થશે નહિ. અતઃ વસંતઋતુથી કોયલ ઉન્મત્ત છે એવો વાક્યનો અર્થ થશે.

૧૦. ઔચિત્યથી શબ્દનો અર્થબોધ :- વાક્યમાં કોઈક શબ્દનો પ્રયોગ ન થયો હોય ત્યારે ઔચિત્યના (યોગ્યતાના) આધારે શબ્દનો અર્થ સમજવાનો હોય છે. પદાર્થોની ક્રિયાની યોગ્યતા ઉપરથી તે પદાર્થવાચક શબ્દોના અર્થનો નિર્ણય કરવાનો હોય છે.

'वश्च निम्बं परशुना वश्चैनं मधुसर्पिषा । वश्चैनं गन्धमाल्याभ्यां सर्वस्य कटुरेव सः ।।' - જો લીમડાને કુહાડાથી કાપવામાં આવે કે ગળ્યા પાણીથી સિંચવામાં આવે અથવા પુષ્પોની માળાથી પૂજવામાં આવે તો પણ તે સર્વને માટે લીમડો તો કડવો જ રહે છે.

'यः परशुना निम्बं छिनत्ति, मधुसर्पिषा निम्बं सिञ्चति, गन्धमाल्याभ्यां निम्बं अर्चति, तथापि सर्वस्य कृते स निम्बः कटुरेव भवति ।' - અહીં તે તે પદાર્થની યોગ્યતાને અનુરૂપ ક્રિયાપદોની પ્રતીતિ થાય છે. જેમકે, 'परशुना' સાથે 'કાપે છે', 'मधुसर्पिषा' સાથે 'સિંચે છે', 'गन्धमाल्याभ्याम्' સાથે 'પૂજે છે' અને 'कटुरेव सः' 'રહે છે' અહીં જુદા જુદા કારકપદોના ઔચિત્યને કારણે શબ્દના અર્થબોધ થાય છે.

નીચેનાં ઉદાહરણોમાં ઔચિત્યના કારણે 'प्रकुरुते' ધાતુના અર્થમાં ફેરફાર થાય છે.

परदारान् प्रकुरुते - પરસ્ત્રીઓ સાથે ગમન કરે છે.

गाथाः प्रकुरुते - કથા સંભળાવે છે.

जनापवादान् प्रकुरुते - અફવા ફેલાવે છે.

शतं प्रकुरुते - સો રૂપિયાનો ધર્માદો કરે છે.

૧૧. દેશથી શબ્દનો અર્થબોધ :- વાક્યમાં સ્થાન કે દેશનો નિર્દેશ કર્યો હોય ત્યારે દેશભેદને કારણે પણ એક જ શબ્દોના જુદા જુદા અર્થ થાય છે. જેમકે - 'हरिः अरण्ये । हरिः द्वारिकायाम् । हरिः अमरावत्याम् ।' અહીં દેશભેદને કારણે એક જ 'हरिः' શબ્દના જુદા જુદા અર્થ થાય છે.

'हरिः अरण्ये' આ વાક્યમાં વનનો નિર્દેશ હોવાથી 'हरिः' શબ્દનો અર્થ 'સિંહ' થાય છે.

'हरिः द्वारिकायाम्' આ વાક્યમાં દ્વારિકાનો નિર્દેશ હોવાથી 'हरिः' શબ્દનો અર્થ 'શ્રીકૃષ્ણ' થાય છે.

'हरिः अमरावत्याम्' આ વાક્યમાં અમરાવતીનો (સ્વર્ગનો) નિર્દેશ હોવાથી 'हरिः' શબ્દનો અર્થ 'ઈન્દ્ર' થાય છે.

૧૨. કાલ (કાળ) :- એક જ શબ્દના અનેક અર્થો થતા હોય કાલ (સમય) ઉપરથી પણ શબ્દના અર્થ નિર્ણય થાય છે. જેમકે -

निशि चित्रभानुः वर्तते । - રાત્રિમાં અગ્નિ છે.

दिवा चित्रभानुः वर्तते । - દિવસે સૂર્ય છે.

અહીં ચિત્રભાનુ શબ્દનો અર્થ અગ્નિ તથા સૂર્ય બંને થાય છે. પરંતુ રાત્રિ શબ્દની સાથે ચિત્રભાનુ શબ્દનો અર્થ અગ્નિ થાય છે. તેમજ દિવસ શબ્દની સાથે ચિત્રભાનુ શબ્દથી સૂર્યનો બોધ થાય છે.

૧૩. વ્યક્તિ (લિંગ)થી શબ્દનો અર્થબોધ :- અહીં વ્યક્તિ શબ્દ લિંગ (Gender)ના અર્થમાં વાપર્યો છે. એક જ શબ્દના અનેક અર્થો થતા હોય ત્યારે લિંગ (પુલિંગ, સ્ત્રીલિંગ, નપુંસકલિંગ) આધારે શબ્દોના અર્થ નિશ્ચિત થાય છે. જેમકે - मित्रः आकाशे उदेति । मित्रं ग्रामं गच्छति ।

આ વાક્યમાં પુંલિઙ્ગવાચક મિત્ર શબ્દનો અર્થ સૂર્ય થાય છે, પરંતુ નપુંસકલિંઙ્ગવાચક મિત્ર શબ્દનો અર્થ દોસ્ત થાય છે. જેમકે -

मित्रः आकाशे उदेति । - સૂર્ય આકાશમાં ઊગે છે.

मित्रं ग्रामं गच्छति । - મિત્ર ગામમાં જાય છે.

'गोः वन्द्या'. 'गोः वन्द्यः' અહીં ગો શબ્દ સ્ત્રીલિંગમાં 'ગાય' અર્થનો બોધ કરે છે. અને પુલિંગમાં 'બળદ' અર્થનો બોધ કરે છે. 'कृष्णा, कृष्णः, कृष्णम्' અહીં કૃષ્ણશબ્દનો સ્ત્રીલિંગમાં 'દ્રૌપદી' અર્થ થાય છે. પુલિંગમાં 'વાસુદેવ' અર્થ થાય છે અને નપુંસકલિંગમાં 'કાળો રંગ' અર્થ થાય છે. 'आम्रः, आम्रम्' - આમ્ર શબ્દનો પુલિંગમાં 'આંબો' અર્થ થાય છે અને નપુંસકલિંગમાં 'કેરી' અર્થ થાય છે.

૧૪. સ્વરથી શબ્દના અર્થમાં ભેદ :- ઉદાત્ત, અનુદાત્ત, સ્વરિત વગેરે સ્વરોને કારણે પણ શબ્દોના અર્થો બદલે છે. જેમકે - 'इन्द्रशत्रुः' આ શબ્દમાં છેલ્લો સ્વર ઉદાત્ત હોવાથી 'इन्द्रस्य शत्रुः' આ રીતે વિગ્રહ થઈને **ષષ્ઠી તત્પુરુષ**સમાસ થશે. જેનો અર્થ 'ઈન્દ્રનો હણનાર' એવો થશે, પરંતુ પૂર્વપદ 'इन्द्र' તેના મૂળ સ્વરમાં હોય તો 'इन्द्रः शत्रुः यस्य सः' આ રીતે વિગ્રહ થઈને **બહુવ્રીહિ** સમાસ થશે. જેનો અર્થ 'ઈન્દ્ર જેનો હણનાર છે' એવો તદ્દન વિપરીત અર્થ થશે. સ્વરો દ્વારા અર્થનો નિર્ણય વેદમાં અત્યંત મહત્ત્વપૂર્ણ અર્થના નિર્ણયમાં કારણ માનવામાં આવે છે.

વૃત્રાસુરે ઈન્દ્રને મારવા માટે યજ્ઞમાં અભિચાર મંત્રનો પાઠ કરાવ્યો હતો. પરંતુ મંત્રમાં અંત ઉદાત્ત સ્વરને સ્થાને આદ્યુદાત્ત સ્વરનું ઉચ્ચારણ થવાથી ઈન્દ્રને બદલે વૃત્રનો જ વધ થયો.

મહાભાષ્યકાર પતંજલિ મહાભાષ્યમાં આ વાતને સ્પષ્ટ કરતાં કહે છે : 'दुष्टः शब्दः स्वरतो वर्णतो वा मिथ्या प्रयुक्तो न तमर्थमाह । स वाग्वज्रो यजमानं हिनस्ति यथेन्द्रशत्रुः स्वरतोऽपराधात् ।।' - જ્યારે સ્વર કે વર્ણની દૃષ્ટિએ કોઈ શબ્દનું અશુદ્ધ ઉચ્ચારણ થયું હોય ત્યારે શબ્દપ્રયોગ ખોટો થયો હોવાથી તે પ્રયોગ અર્થ તો દર્શાવી શકતો નથી પણ સ્વરના ઉચ્ચારણમાં દોષ થવાને કારણે વાણીરૂપી વજ્ર બનીને યજમાનને હણે છે. (મહાભાષ્યમ્ - પસ્પશા. ૧)

'दातृ' શબ્દ જો આદ્યુદાત્ત હોય તો તેનો અર્થ 'દેવું' થાય છે, પરંતુ અન્તોદાત્તનો 'દાતા' અર્થ થાય છે.

'मन्त्रस्तु यदि मनागपि स्वरतो वर्णतो वा हीनो भवति, न केवलं कर्मासमृद्धिः, किन्तर्हि दुरिष्टहेतुः प्रत्यवायः स्यात् ।' - મંત્રમાં સ્વર અને વર્ણની થોડી પણ ઉચ્ચારણમાં ત્રુટી થાય તો ન કેવલ કાર્યમાં નુકશાન થાય છે. પરંતુ તે વિઘ્નકારક થઈને પાપનું કારણ બને છે. (શુક્લયજુર્વેદ - પ્રાતિશાખ્ય - પૃ. ૩)

૧૫. શબ્દના ઉચ્ચારણ ભેદથી અર્થ ભેદ :- શબ્દોમાં વર્ણના ઉચ્ચારણના ભેદથી શબ્દનો અર્થ તદ્દન બદલી જતો હોય છે. જેમકે, 'स्वजन' (પોતાના સંબંધી) શબ્દના 'સ' વર્ણની જગ્યાએ જો 'શ'નું ઉચ્ચારણ કરવામાં આવે અર્થાત્ 'श्वजन' (કૂતરાના સંબંધી) તો શબ્દનો અર્થ તદ્દન બદલી જતો હોય છે. તેવી જ રીતે (सकल - સંપૂર્ણ, शकल - ખંડ, ટુકડો) (सकृत् - એકવાર, शकृत् - વિષ્ઠા)

'यद्यपि बहु नाधीषे तथापि पठ पुत्र व्याकरणम् । स्वजनः श्वजनो मा भूत् सकलं शकलं सकृत् शकृत् ।।' બીજું વધુ ન ભણી શકો તો ચિંતા નથી, પરંતુ વ્યાકરણનું થોડું અધ્યયન તો કરવું જ જોઈએ. જેથી 'स्वजन' (પોતાના સંબંધી) શબ્દના સ્થાન પર 'श्वजन' (કુતરાના સંબંધી), सकल (સંપૂર્ણ)શબ્દના સ્થાન પર शकल - ખંડ (ટુકડો), सकृत् (એકવાર) શબ્દના સ્થાન પર शकृत् (વિષ્ઠા) વગેરે શબ્દનો પ્રયોગ ન થઈ જાય.

'एकः शब्दः सम्यग्ज्ञातः सुप्रयुक्तः । स्वर्गे लोके कामधुग् भवति ।।' - એક જ શબ્દને સમ્યગ્ જાણીને શુદ્ધ ઉચ્ચારણની સાથે પ્રયોગ કરવામાં આવે તો તે શબ્દ સ્વર્ગમાં અને આ લોકમાં ઈચ્છાની પૂર્તિ કરનારો છે. (મહાભાષ્યમ્ - પસ્પશા. ૧)

૧૬. શબ્દમાં વર્ણવ્યવધારાથી અર્થ અભેદ :- આગમ, આદેશ, દ્વિત્વ, લિંગભેદ, ધ્વનિભેદ વગેરે થવાથી પણ ઘણે સ્થાને અર્થમાં ફેરફાર થતો નથી.

જેમકે - 'देवदत्तः - देवदत्तकः, अश्वः-अश्वकः, बन्धुः - बान्धवः, प्रज्ञः - प्राज्ञः' આ ઉદાહરણોમાં વર્ણનો વધારો થવાથી પણ અર્થમાં કોઈ જ ફેરફાર થયો નથી.

૧૭. વૈદિક શબ્દોના ઉચ્ચારણભેદથી અર્થ અભેદ :- વૈદિક મંત્રોમાં ય નો જ, ર્ નો રે, ऋ નો રિ, ष् નો ખ્, અને મ્ નો ઙ્વુઙ્ ઉચ્ચારણ કરવાથી પણ અર્થ બદલાતો નથી. જેમકે -

'सहस्रशीर्षा पुरुषः सहस्राक्षः सहस्रपात् ।'ને બદલે 'सहस्रशीरेखा पुरुखः सहस्राक्षः सहस्रपात् ।' અહીં 'ર'ના સ્થાન ઉપર 'રે' અને 'ષ'ના સ્થાન ઉપર 'ખ'નું ઉચ્ચારણ થયું છે. (શુક્લયજુર્વેદ : પ્ર.અ. - ૧)

'पुरुष एवेदं सर्वं यद्भूतं यच्च भाव्यम् ।'ને સ્થાને 'पुरुख एवेदङ्वुङ् सर्वं जद्भूतं जच्च भाव्यम् ।' અહીં 'ષ'ના સ્થાન ઉપર 'ખ', 'મ' ના સ્થાને 'ઙ્વુઙ્' અને 'ય'ના સ્થાને 'જ'નું ઉચ્ચારણ થયું છે. (શુક્લયજુર્વેદ : પ્ર.અ. - ૨)

'तेन देवा अयजन्त साध्या ऋषयश्च ये ।'ને સ્થાને 'तेन देवा अयजन्त साध्या रिखयश्च जे ।' અહીં યજુર્વેદી વેદ પાઠકો દ્વારા 'ऋ'ના સ્થાને 'રિ', 'ષ'ના સ્થાને 'ખ' અને 'ય'ના સ્થાને 'જ'નું ઉચ્ચારણ થયું છે. (શુક્લયજુર્વેદ : પ્ર.અ. - ૯) આ પ્રમાણે જુદાં જુદાં વેદ તથા શાખાના બ્રાહ્મણોની ઉચ્ચારણ પદ્ધતિ જુદી જુદી છે.

આ વાતને સ્પષ્ટ કરતા પ્રાતિશાખ્યપ્રદીપશિક્ષાકાર કહે છે કે :- 'अर्थविचारे तु प्रकृत्या ये वर्णाः, त एव, न त्वर्थभेदः' (પ્રાતિશાખ્યપ્રદીપશિક્ષા)

વૈદિક મંત્રોમાં ઉપર કહ્યા તે વર્ણો બદલવાથી પણ અર્થ બદલતો નથી.

વૈદિક મંત્રો બોલતી વખતે શબ્દો પર ભાર મૂકી બોલવાથી તેના ઉચ્ચારણમાં વ્યંજનો બેવડા બોલાય છે. જેમકે - 'पुरुष एवेदं सर्व्वं व्यद् भूतं व्यच्च भाव्यम् ।' આ પ્રકારના ઉચ્ચારણ પ્રમાણે મંત્રોને લખવાની પદ્ધતિ છે અને તે પ્રમાણે મંત્રો આપવામાં આવ્યા છે.

વાક્યના ઉચ્ચારણમાં જુદાં જુદાં શબ્દની ઉપર ભાર મૂકવાથી જુદો જુદો ભાવ દર્શાવી શકાય છે અને અર્થમાં ફેર પડે છે. તેટલા માટે અમુક અર્થ દર્શાવવાને માટે ક્યા શબ્દ પર ભાર મૂકવો જોઈએ. તેના નિયમો ઘડાયા હતા તેમજ વેદના મંત્રો યથાસ્થિત જાળવી રાખવાને પદ, ક્રમ, જટા, શિખા, માળા, દંડક્રમ, રથક્રમવગેરે યોજનાઓ રચાઈ છે.

૧૮. સત્વ-ષત્વ-વર્ણભેદથી અર્થભેદ :- સત્વ-ષત્વવર્ણના ભેદથી પણ શબ્દોના અર્થનો નિર્ણય કરવામાં આવે છે. જેમકે -

'सु सिक्तम् ।' સારું સિંચન કર્યું. આ વાક્યમાં 'सु' અનુપસર્ગ હોવાથી મૂર્ધન્ય ષકાર થતો નથી તેથી 'सु' શબ્દનો અર્થ પૂજા થાય છે.

'सुषिक्तं किं स्यात् तवात्र ? ।' તે ઘણું સિંચન કર્યું પણ તેનાથી તારે લાભ શું ? આ વાક્યમાં 'सु' ઉપસર્ગ હોવાથી મૂર્ધન્ય ષકાર થાય છે. તેથી 'सु' શબ્દથી નિંદા ગમ્યમાન થાય છે.

૧૯. ણત્વ-નત્વ-વર્ણભેદથી અર્થભેદ :- ણત્વ-નત્વ-વર્ણના ભેદથી પણ શબ્દોના અર્થનો નિર્ણય કરવામાં આવે છે. જેમકે -

'प्रकृष्टं नाययति इति प्रणायकः' - પ્રણયન કર્તા (ગ્રંથકર્તા) આ શબ્દમાં 'પ્ર' ઉપસર્ગ હોવાથી નકારનો ણકાર થાય છે. ત્યારે 'प्रणायकः' શબ્દનો અર્થ 'ગ્રંથકર્તા' થાય છે.

'प्रगतः नायकः यस्माद् देशात् इति प्रनायकः' - રાજા રહિત દેશ. આ વિગ્રહમાં 'ગમ્' ધાતુની દૃષ્ટિએ 'પ્ર' શબ્દની ઉપસર્ગ સંજ્ઞા છે. પરંતુ 'ની' ધાતુની દૃષ્ટિએ નહિ. અર્થાત્ નાયક શબ્દ પ્રતિ ઉપસર્ગ ન હોવાથી નકારને ણકાર થતો નથી. તેથી 'प्रनायकः' શબ્દનો અર્થ થાય છે. 'રાજા રહિત દેશ.'

૨૦. વાક્યથી શબ્દનો અર્થબોધ :- વાક્યના પર્યાલોચન ઉપરથી ક્રિયા, કારક અને કારકવિશેષણના અર્થનો બોધ થાય છે. 'कटं करोति भीष्ममुदारं दर्शनीयम् ।' એવા વાક્યમાં करोति ક્રિયાનો સંબંધ कटम् સાથે છે. પરંતુ कटम् વિશેષણવિશેષ્યભાવથી भीष्मम् સાથે જોડાયેલ છે તેથી भीष्मम् શબ્દનો અર્થ 'વિશાલ' થશે, પરંતુ ભીષ્મપિતામહ થશે નહિ.

૨૧. અર્થ (અભિધેયરૂપ અર્થથી) શબ્દનો અર્થબોધ :- એક જ અર્થનો બોધ કરનાર શબ્દનો પણ અભિધેયરૂપ અર્થ અલગ-અલગ થતો હોય છે. જેમકે - 'अञ्जलिना जुहोति ।' અંજલિથી હવન કરે છે. 'अञ्जलिना सूर्यमुपतिष्ठति ।' અંજલિથી સૂર્યની ઉપાસના કરે છે. અહીં પહેલા વાક્યામમાં 'जुहोति' (હવન કરવો) આ વિશેષ અર્થને કારણે અંજલિ શબ્દનો અર્થ થશે. 'ગોળ ખાડાવાળી અંજલિ' પરંતુ બીજા પ્રયોગમાં 'उपतिष्ठति' (ઉપાસના કરવી) આ વિશેષ અર્થને કારણે અંજલિ શબ્દનો અર્થ થાય છે 'બંને હાથ જોડેલા છે જેમાં એવી અંજલિ.' આ રીતે બંને વાક્યોમાં 'उपतिष्ठति, जुहोति' આ ક્રિયા પદોના અર્થ પ્રમાણે 'अञ्जलिना' પદ તે વિશેષ આકારવાળી અંજલિનો બોધ કરે છે, અર્થાત્ હવન કરવાના સમયે અથવા ઉપસ્થાન કરવાના સમયે અંજલિ કેવા પ્રકારની હોવી જોઈએ તેનો નિર્ણય તેની સાથે પ્રયોગ થયેલ ક્રિયાપદ ઉપરથી કરવાનો હોય છે, અતઃ અંજલિ શબ્દ વિશેષ રૂપવાળી અંજલિનો બોધ કરે છે.

૨૨. વક્તાની ભાવના પ્રમાણે શબ્દનો અર્થબોધ :- એક જ વાક્યને વક્તા સામાન્ય રીતે બોલે છે ત્યારે તે વાક્યનો અર્થ અલગ હોય છે. પરંતુ જ્યારે વક્તા તે જ વાક્યને વ્યંગ્ય રૂપમાં અથવા કટાક્ષમાં બોલે છે ત્યારે તે વાક્યનો અર્થ તદ્દન વિપરીત થતો હોય છે. જેમકે -

'તે તો દિલ્લીનો બાદશાહ છે.' આ વાક્ય ધનાઢ્ય વ્યક્તિને માટે બોલાયું હોય તો પ્રશંસારૂપી અર્થ બોધ કરે છે. પરંતુ જો આ જ વાક્ય કોઈક ગરીબ માટે બોલાયું હોય તો સામાન્ય અર્થથી સર્વથા વિપરીત અપ્રશંસા અને ઘૃણા પ્રગટ કરે છે.

આ વાતને સ્પષ્ટ કરતા ભર્તૃહરિ વાક્યપદીયમાં કહે છે :- 'बहुष्वेकाभिधानेषु सर्वेष्वेकार्थकारिषु । यत्प्रयोक्ताभिसन्धत्ते शब्दस्तत्रावतिष्ठते ।।' એક શબ્દથી જ્યારે અનેક અર્થો દર્શાવાતા હોય અને અનેક શબ્દો જ્યારે એક અર્થ દર્શાવતા હોય ત્યારે પ્રયોક્તા (વક્તા) જેનો નિર્દેશ કરે તે જ અર્થમાં પ્રાપ્ત થાય છે. (વાક્યપદીય : કાંડ-૨. શ્લોક - ૪૦૬)

મહાભાષ્યકાર પતંજલિ પણ મહાભાષ્યમાં આ જ વાતને દોહરાવતા કહે છે :- 'कल्प्यो हि वाक्यशेषो वाक्यं वक्तर्यधीनं हि ।' વાક્ય તો વક્તાને આધીન છે તેથી વાક્યને પૂરું કરવા માટે તેનો શેષ ભાગ અવશ્ય કલ્પી શકાય છે. (મહાભાષ્ય : ૧-૧-૫૭)

૨૩. અર્થકૃત આંતર્ય અથવા અન્વયથી શબ્દનો અર્થબોધ :- જેનું જેની સાથે અર્થકૃત આંતર્ય હોય તે દૂર હોવા છતાં પણ સમીપમાં જ હોય છે. વાક્યના અર્થને લક્ષમાં રાખીને શબ્દોને યથાયોગ્ય ક્રમમાં મૂકવાથી પણ શબ્દોનો અર્થ નિશ્ચિત થાય છે. આ વાતને સ્પષ્ટ કરતા મહાભાષ્યકાર પતંજલિ મહાભાષ્યમાં કહે છે : 'अनानुपूर्व्येणापि सन्निविष्टानां यथेष्टमभिसम्बन्धो भवति ।' (૧/૧/૫૮) વાક્યમાં શબ્દો અવ્યવહિત રીતે વિશિષ્ટ ક્રમમાં મૂકેલા ન હોય છતાં પણ અર્થને લક્ષમાં રાખીને શબ્દોને યથાયોગ્ય ક્રમથી મૂકવામાં આવે છે. જેમકે -

અયથાયોગ્ય ક્રમમાં

'अनड्वाहमुदहारि या त्वं हरसि शिरसा कुम्भम्, भगिनि साचीनमभिधावन्तमद्राक्षीः ।' - બળદને હે પનિહારિ જે તું લઈ જાય છે, માથા ઉપર ઘડો હે બહેન આડા અવળા દોડતાને તે જોયો છે ? આ વાક્યમાં શબ્દો યથાયોગ્ય ક્રમમાં ન હોવાથી વાક્યના અર્થનો સ્પષ્ટ બોધ થતો નથી.

યથાયોગ્ય ક્રમમાં

'उदहारि भगिनि या त्वं कुम्भं हरसि शिरसा, अनड्वाहं साचीनमभिधावन्तमद्राक्षीः ।' - આ રીતે વાક્યમાં અર્થને લક્ષમાં રાખીને શબ્દોને યથાયોગ્ય સંબંધથી મૂકવામાં આવે તો વાક્યના અર્થનો સ્પષ્ટ બોધ થાય છે. જેમકે - માથા ઉપર ઘડો લઈ જાય છે એવી હે પનિહારિ બહેન, તે આડા અવળા દોડતા બળદને જોયો છે ?

એટલા માટે મહાપંડિત **કૈયટ** પ્રદીપવ્યાખ્યામાં કહે છે :- 'पाठक्रमादार्थक्रमो बलीयानिति यथेष्टमन्त्राभिसम्बन्धः ।' (મહાભાષ્ય : પ્રદીપ - ૧/૧/૫૮) - પાઠક્રમથી અર્થક્રમબળવાન હોય છે. તેથી અર્થક્રમને અનુસાર શબ્દોનો અન્વય કરવાનો હોય છે.

૨૪. વ્યાખ્યાનથી શબ્દનો અર્થબોધ :- ઘણા વાક્યોમાં એવા શબ્દોનો પ્રયોગ થયો હોય છે. જ્યાં એક જ શબ્દના બે બે અર્થો થઈ શકતા હોય છે. ત્યાં બંને અર્થો કરવા કે બંને અર્થોને છોડી દેવા અથવા બંને અર્થોમાંથી એક અર્થ જ લેવો. આવા સંદિગ્ધ શબ્દના પ્રયોગ માટે મહાભાષ્યકાર પતંજલિ કહે છે : 'व्याख्यानतो विशेषप्रतिपत्तिर्न हि सन्देहादलक्षणम् ।' (મહાભાષ્ય : પ્ર.આહ્નિક) - શબ્દનો અર્થ સંદિગ્ધ માનીને છોડી દેવામાં આવતો નથી, પરંતુ આચાર્યોના વ્યાખ્યાનના આધારે શબ્દનો અર્થ કરવામાં આવે છે. અને તે અર્થ શાસ્ત્રને યોગ્ય હોય છે.

'सिद्धे शब्दार्थसम्बन्धे ।' - આ વાક્યમાં 'सिद्ध' શબ્દનો નિષ્પન્ન અને નિત્ય બંને અર્થો થાય છે. અતઃ અહીં 'सिद्ध' શબ્દનો અર્થ સંદિગ્ધ (ઉપરોક્ત દ્વિધાયુક્ત) છે. ત્યારે આચાર્યના વ્યાખ્યાન (વિવરણ) દ્વારા નિત્ય અર્થ સ્વીકારવામાં આવે છે.

'सम्प्राप्य दीक्षामिह भक्तिधर्मयुक्ताद्गुरोर्भागवतीं नरः प्राक् । अर्चां ततः प्राप्य तदुक्तरीत्या भक्तिं विदध्यादपतन्द्रि विष्णोः ।।' - આ લોકમાં મનુષ્ય પ્રથમભક્તિ અને ધર્મથી યુક્ત ગુરુથી ભાગવતી દીક્ષા પામીને તે **ગુરુ**થી ભગવાનની પ્રતિમા પ્રાપ્ત કરીને ગુરુએ બતાવેલી સેવાની રીતિથી આળસનો ત્યાગ કરીને શ્રીકૃષ્ણની ભક્તિ કરે. (શ્રી સત્સંગિજીવન : ૨/૫૧/૯)

આ શ્લોકમાં 'गुरोः' શબ્દનો **ધર્માચાર્ય** અને **સદ્ગુરુ** બંને અર્થો થાય છે. અતઃ અહીં 'गुरोः' શબ્દનો અર્થ સંદિગ્ધ છે ત્યારે સ.ગુ. શ્રી શુકાનંદ સ્વામી સ્વકૃત 'શ્રી સત્સંગિજીવન' ગ્રંથની 'હેતુટીકા'માં (વ્યાખ્યામાં) 'गुरोः' શબ્દનો અર્થ કરતા કહે છે - 'अत्र भक्तिधर्मयुक्तादिति गुरुविशेषणाद् दीक्षाग्रहणं धर्मवंशीयगुरोः सकाशात् कर्तव्यमिति सूचितमिति व्यज्यते ।' ભક્તિધર્મથી યુક્ત એવું ગુરુનું વિશેષણ ભગવાન શ્રીહરિએ કહેલું હોવાથી આ **ભાગવતી દીક્ષા** ધર્મવંશી આચાર્ય ગુરુ થકી જ પ્રાપ્ત કરવી એમ**અર્થસભર** સ્પષ્ટ જણાવેલ છે. અતઃ અહીં વ્યાખ્યાન (વિવરણ) દ્વારા ધર્મવંશી આચાર્ય અર્થ સ્વીકારવામાં આવે છે.

૨૫. શબ્દાધ્યાહારથી શબ્દનો અર્થબોધ :- જ્યાં પૂરા વાક્યના સ્થાન પર વાક્યના એક અંશનો પ્રયોગ થયો હોય છે. આવા પ્રયોગોમાં શબ્દના અર્થના નિશ્ચય માટે જે શબ્દનો વાક્યમાં પ્રયોગ નથી થયો તે શબ્દોના અધ્યાહાર કરવામાં આવે છે.

ભર્તૃહરિ આ વાતની પુષ્ટિ કરતા કહે છે : 'यथाप्रकरणं द्वारमित्यस्या कर्मणः श्रुतौ । बधान देहि वेत्येतदुपायादवगम्यते ।।' (વાક્યપદીય : કા.૨, શ્લોક-૩૩૫)

જ્યારે 'द्वारम्' એવું દ્વિતીયાન્ત કર્મપદ સંભળાય છે ત્યારે વક્તાની ઈચ્છા મુજબ સ્થાન-સંદર્ભ પ્રમાણે 'બંધ કરો' અથવા 'પ્રવેશ આપો' એવો અર્થ પ્રાપ્ત થાય છે.

'कुतो भवान् ? ।' તમે ક્યાંથી ? આ વાક્યનો પૂર્ણ અર્થ 'आगच्छति।' (આવો છો) ક્રિયાપદના અધ્યાહારથી થાય છે. 'कुतो भवान् आगच्छति ?' તમે ક્યાંથી આવો છો ?

મહાભાષ્યકાર પણ કહે છે : 'भवति वै कस्यचिदर्थात् प्रकरणात् वाऽपेक्ष्यं निर्ज्ञातम् ।' (મહાભાષ્ય : ૨/૨/૧૧) અર્થ અને પ્રકરણ દ્વારા પ્રયોગ ન કરાયેલા શબ્દોના અર્થનું જ્ઞાન થાય છે.

૨૬. શબ્દના એકભાગથી સંપૂર્ણશબ્દનો બોધ :- સંપૂર્ણ શબ્દના ન બોલતા તેના એક ભાગના પ્રયોગથી પણ શબ્દના અર્થનું જ્ઞાન થાય છે. જેમકે - 'દેવદત્ત' આ પૂર્ણ શબ્દ ન બોલતા તેનો એકભાગ 'દેવ' અથવા 'દત્ત' બોલવાથી પણ 'अक्षाः'નો બોધ થાય છે. 'सत्यभामा' શબ્દની જગ્યાએ 'भामा' બોલવાથી પણ 'सत्यभामा'નો જ બોધ થાય છે. મુખ (મોઢું) શબ્દથી નાક, આંખ, હોઠ આદિ અંગોથી સંપૂર્ણ ચહેરાનો બોધ થાય છે.

૨૭. યુક્તિસંગતતાથી શબ્દનો અર્થબોધ :- એક જ શબ્દના અનેક અર્થો થતા હોય ત્યારે જે તે શબ્દનો અર્થ યુક્તિસંગત હોય અને પ્રસંગને અનુરૂપ હોય તે જ સ્વીકારવામાં આવે છે.

'वृक्षाग्रवासी न च पक्षिराजः त्रिनेत्रधारी न च शूलपाणिः । त्वग्वस्त्रधारी न च सिद्धयोगी जलं च बिभ्रन्न घटो न मेघः ।।' - વૃક્ષની ઉપર રહે છે, પરંતુ પક્ષિરાજ નથી, ત્રણ આંખવાળો છે પરંતુ શંકર નથી, છાલના વસ્ત્રને ધારણ કરે છે પરંતુ સિદ્ધયોગી નથી, પાણીને ધારણ કરે છે પરંતુ નથી તે ઘડો કે નથી વાદળ. પ્રસંગને અનુરૂપ આ શ્લોકનો અર્થ 'નારિયેળ' થાય છે.

'अस्थि नास्ति शिरो नास्ति बाहुरस्ति निरङ्गुलिः । नास्ति पादद्वयं गाढम् अङ्गम् आलिङ्गति स्वयम् ।।' - જેને હાડકાં નથી, માથું નથી, પણ આંગળીઓ વગરના હાથ છે. બે પગ નથી છતાં જાતે આવીને ગાઢ આલિંગન કરે છે. પ્રસંગને અનુરૂપ આ શ્લોકનો અર્થ 'ખમીસ અથવા શર્ટ' થશે.

'सीमन्तिनीषु का शान्ता राजा कोऽभूत् गुणोत्तमः । विदुषां का सदा वन्द्या अत्रैवोक्तं न बुध्यते ।।' - સીમંતિની સ્ત્રીઓમાં સૌથી શાંત સ્ત્રી કોણ છે ? બધા રાજાઓમાં સૌથી વધુ ગુણવાન રાજા કોણ છે ? વિદ્વાનોમાં કોણ સદા પૂજનીય છે ? આ પ્રશ્નનો ઉત્તર શ્લોકમાં જ સમાયેલો છે.

જેમકે 'सीमन्तिनीषु का शान्ता' આ વાક્યનો પહેલો અક્ષર 'सी' અને છેલ્લો અક્ષર 'न्ता' અર્થાત્ 'सीता.' આ પ્રથમપ્રશ્નનો જવાબ છે. 'राजा कोऽभूत् गुणोत्तमः' આ વાક્યનો પહેલો અક્ષર 'रा' અને છેલ્લો અક્ષર 'म' અર્થાત્ 'राम.' આ બીજા પ્રશ્નનો જવાબ છે. 'विदुषां का सदा वन्द्या' આ વાક્યનો પહેલો અક્ષર 'वि' અને છેલ્લો અક્ષર 'द्या' અર્થાત્ 'विद्या' આ ત્રીજા પ્રશ્નનો જવાબ છે.

૨૮. ઉપસર્ગના યોગથી શબ્દના અર્થમાં ભેદ :- ઉપસર્ગના યોગથી શબ્દ અને ધાતુઓના અર્થમાં ઘણો ફેર પડી જાય છે, એક જ શબ્દ પોતાની વિરુદ્ધ અર્થનો પણ બોધ કરે છે.

'उपसर्गेण धात्वर्थो बलादन्यत्र नीयते । प्रहाराहारसंहारविहारप्रतिहारवत् ।।' (સિદ્ધાંત કૌમુદી સૂત્ર - ૨૨૩૨) ઉપસર્ગના યોગથી ધાતુનો અર્થ બહુ દૂર જતો રહે છે. જેમકે -

'हृ' ધાતુનો અર્થ હરણ કરવું. પરંતુ ઉપસર્ગોના કારણે તેનો અર્થ આહાર, પ્રહાર, વિહાર, સંહાર, પ્રતિહાર વગેરે થાય છે.

'स्था' ધાતુનો અર્થ છે - ઊભું રહેવું. પરંતુ 'प्रस्थान' શબ્દમાં તેનો અર્થ ગમન કરવું થાય છે. તેમજ ઉત્થાન, સંસ્થાન, અનુષ્ઠાન, પ્રતિષ્ઠાન, નિષ્ઠા વગેરેમાં અર્થમાં ફેર પડે છે.

આત્મનેપદ અને પરસ્મૈપદના ભેદથી પણ ધાતુનો અર્થ બદલાય છે. જેમકે - ભજ્ ધાતુ આત્મનેપદમાં હોય તો 'ભોજન કરવું' અર્થ થાય છે. પરંતુ પરસ્મૈપદમાં 'રક્ષણ કરવું' એવો અર્થ થાય છે. 'ओदनं भुङ्क्ते' (ભાત ખાય છે) 'राजा महीं भुनक्ति' (રાજા પૃથ્વીની રક્ષા કરે છે.)

૨૯. પ્રત્યયના યોગથી શબ્દના અર્થમાં ભેદ :- એક જ શબ્દ અથવા ધાતુને પ્રત્યય લાગતા શબ્દ તથા ધાતુનો અર્થ બદલાતો જાય છે. જેમકે -

૧. स्रुघ्ने जातः इति स्रौघ्नः अश्वः - સ્રુઘ્ન દેશમાં જન્મેલો ઘોડો.

૨. स्रुघ्ने प्रायेण बाहुल्येन भवतीति स्रौघ्नः देवदत्तः - સ્રુઘ્ન દેશમાં દેવદત્ત બહુધા હોય છે.

૩. स्रुघ्ने सम्भूते इति स्रौघ्नः गुरुः - સ્રુઘ્ન દેશમાં હોય તેવી સંભાવના છે તેવા ગુરુ.

૪. स्रुघ्नः भक्तिरस्य इति स्रौघ्नः पुरुषः - સ્રુઘ્ન દેશ જેનાથી સેવિત છે એવો પુરુષ.

૫. स्रुघ्ने भवः इति स्रौघ्नः यवः - સ્રુઘ્ન દેશમાં થયેલા જવ.

૬. स्रुघ्नाद् आगतः इति स्रौघ्नः संन्यासी - સ્રુઘ્ન દેશથી આવેલો સંન્યાસી.

૭. स्रुघ्नं गच्छति इति स्रौघ्नः पन्थाः दूतो वा - સ્રુઘ્ન દેશમાં જવાવાળો માર્ગ અથવા દૂત.

૮. स्रुघ्नमभिनिष्क्रामति इति स्रौघ्नं कान्यकुब्जद्वारम् - સ્રુઘ્ન દેશમાં જવાવાળો કાન્યકુબ્જદ્વાર.

૯. स्रुघ्नो निवासोऽस्य इति स्रौघ्नः ब्राह्मणः - સ્રુઘ્ન દેશ જેનું નિવાસ સ્થાન છે એવો બ્રાહ્મણ.

૧૦. स्रुघ्नोऽभिजनोऽस्य इति स्रौघ्नः युवा - સ્રુઘ્ન દેશમાં જેના પૂર્વજો રહ્યા હોય એવો યુવાન.

૧૧. स्रुघ्ने कृत इति स्रौघ्नः यज्ञः - સ્રુઘ્ન દેશમાં કરેલો યજ્ઞ.

૧૨. स्रुघ्ने लब्धः इति स्रौघ्नः ग्रन्थः - સ્રુઘ્ન દેશમાં પ્રાપ્ત કરેલો ગ્રંથ.

૧૩. स्रुघ्ने क्रीतः इति स्रौघ्नः गोधूमः - સ્રુઘ્ન દેશમાં ખરીદેલા ઘઉં.

૧૪. स्रुघ्ने कुशलः इति स्रौघ्नः पण्डितः - સ્રુઘ્ન દેશમાં કુશળ પંડિત.

આવી રીતે એક જ स्रुघ्न શબ્દને પ્રત્યય લાગવાથી અનેક અર્થ થાય છે. પણ શબ્દ स्रौघ्न જ રહે છે.

૩૦. વિશેષણના યોગથી શબ્દનો વિશિષ્ટ અર્થ :- વિશેષણના યોગથી પણ શબ્દ વિશિષ્ટ અર્થનો બોધ કરે છે. જેમકે -

शुक्लः पटो भवति । સફેદ વસ્ત્ર છે. આ વાક્યમાં વસ્ત્રશબ્દને સફેદ વિશેષણ લાગતા હવે તે વસ્ત્રશબ્દ સફેદરંગવાળા વિશિષ્ટ વસ્ત્રનો જ બોધ કરે છે, લાલ કે પીળારંગવાળા વસ્ત્રો નહિ.

रक्ता गौः अस्ति । લાલ ગાય છે. આ વાક્યમાં ગાયશબ્દને લાલ વિશેષણ લાગતા હવે તે ગાયશબ્દ લાલરંગવાળી વિશિષ્ટ ગાયનો બોધ કરે છે,

૧૦. વેદાંતદર્શનને અનુસાર જ્ઞાન, આનંદ વગેરે ગુણ.

૧૧. ધર્મજ્ઞને અનુસાર અકાર્પણ્ય, અસ્પૃહત્વ વગેરે ગુણ.

૧૨. પુરાણશાસ્ત્રને અનુસાર દેશ, કાળ વગેરે ચૌદ ગુણ.

૧૩. વૈદ્યમતને અનુસાર ઉષ્ણાદિ આઠ વીર્યના ગુણ.

૧૪. ન્યાયશાસ્ત્રને અનુસાર રૂપાદિ ચોવીશ ગુણ.

૧૫. ગુણ શબ્દથી દોરી અર્થનો પણ બોધ થાય છે.

ફિઝિક્સ, ભૌતિકશાસ્ત્ર જે આ સમયે સૌથી વધારે **વિકસિત વિજ્ઞાન** છે તેણે તો ધીરે ધીરે ભાષાનો ઉપયોગ બંધ કરી દીધો અને ગણિતની ફોર્મ્યુલાના સૂત્રનો ઉપયોગ શરૂ કરી દીધો છે. કારણ કે, ગણિતની **ફોર્મ્યુલા સૂત્ર** એકઝેક્ટ હોય છે, ચોક્કસ હોય છે. માણસે પ્રયોગ કરેલા શબ્દોની એકઝેક્ટનેસ ચોકસાઈ સંદિગ્ધ છે એમાં ઘણા અર્થ હોઈ શકે છે અને દરેક ઉપયોગ કરનારાનો પોતાનો **અર્થ** હોઈ શકે છે એટલા માટે આઈન્સ્ટાઈનના પુસ્તકને કેવળ એ જ માણસ સમજી શકે છે, જે બહુ હાયર મેથેમેટિક્સ - ઉચ્ચ ગણિત સમજી શક્યો હોય. આઈન્સ્ટાઈનના પુસ્તકને સમજવાને માટે ભાષાનું જ્ઞાન પર્યાપ્ત ન રહ્યું, ગણિતનું જ્ઞાન અનિવાર્ય બની ગયું. કારણ કે, ભાષા ગણિત બની રહી છે અને આઈન્સ્ટાઈન જેવા લોકોનો ખ્યાલ છે કે ભવિષ્યની જે વિજ્ઞાનની ભાષા હશે એ શબ્દને છોડીને સિંબોલ લઈ લેશે ગણિતના. કારણ કે એમાં બરાબર રીતે વાત કરી શકાય છે, નહીંતર કોઈપણ ગમે તે રીતે અર્થ કરી શકે છે.

૩૨. સંબંધી શબ્દોનો વિશેષ અર્થ :- સંબંધી શબ્દો પોતાના ભાવને આધારે વિશેષ અર્થનો બોધ કરાવે છે તે કારણથી જ સંબંધી શબ્દોની સાથે વાક્યમાં સ્વ શબ્દનો પ્રયોગ કરવાની આવશ્યતા રહેતી નથી. જેમકે -

'मातरि वर्तितव्यम्, पितरि वर्तितव्यम्, न चोच्यते स्वस्यां मातरि, स्वस्मिन् पितरि । सम्बन्धाच्चैतद् गम्यते, या यस्य माता यो यस्य पितेति ।' (મહાભાષ્ય : ૧/૨/૭૧) - માતાની સાથે આવો વ્યવહાર કરવો જોઈએ, પિતાની સાથે આવો વ્યવહાર કરવો જોઈએ વગેરે વાક્યોમાં સ્વ શબ્દનો પ્રયોગ નથી કર્યો છતાં પણ પોતાની માતા અને પોતાના પિતાનો બોધ થાય છે. વ્યવહારમાં પ્રસંગ અને સામર્થ્યના આધારે શબ્દના વિશિષ્ટ અર્થનો બોધ થાય છે.

૩૩. ગુણવાચક શબ્દથી અર્થનો અબોધ :- રૂપ-રસ-ગંધાદિક ગુણવાચક શબ્દથી અર્થનો બોધ થતો નથી. કારણ કે, તે અનિર્વચનીય અવ્યવહાર્ય અને સર્વથા સ્વાનુભવગમ્ય છે. જેમકે - **'गुडो मधुरः'** (ગોળ ગળ્યો છે) કોઈ વ્યક્તિને પૂછવામાં આવે કે ગોળ કેવો છે ? અથવા ગોળમાં મધુરતા શું છે ? આનો જવાબ શબ્દ દ્વારા સ્પષ્ટ કરી શકાતો નથી. કારણ કે, તે સ્વાનુભવગમ્ય છે તેથી તે શબ્દો દ્વારા અનિર્વાચ્ય છે.

૩૪. શબ્દમાં મુખ્ય અર્થનો અબોધ :- ક્યારેક શબ્દનો મુખ્ય અર્થ ગૌણ થઈ જાય છે અને ગૌણ અર્થ મુખ્ય થઈ જતાં હોય છે. અર્થાત્ શબ્દનો જે વાસ્તવિક અર્થ હોય છે તે લુપ્ત થઈ જાય છે અને જે ગૌણ અર્થ હોય તેનો બોધ થતો હોય છે. જેમકે -

'गोष्ठ' - ગોષ્ઠ શબ્દનો મુખ્ય અર્થ છે 'ગાયોને રહેવાનું સ્થાન.' પરંતુ અત્યારે સંસ્કૃતભાષામાં ગોષ્ઠ શબ્દનો અર્થ કેવળ 'રહેવાનું સ્થાન' એટલો જ રહ્યો છે. આમાં વિશેષ ગો શબ્દના અર્થનો બોધ થતો નથી. આ કારણથી જ ગાયોને રહેવાના સ્થાનને માટે **'गोगोष्ठ'** શબ્દનો પ્રયોગ થાય છે.

पुंगव, वृषभ, ऋषभ । - આ શબ્દો બળદના પર્યાયવાચી શબ્દો છે. પરંતુ શ્રેષ્ઠતા અને ઉત્કૃષ્ટતાના ગુણને કારણે સમાસમાં આ શબ્દો કેવળ શ્રેષ્ઠ

ધોળી કે કપિલા ગાયનો નહિ.

મહાભાષ્યમાં પતંજલિ કહે છે :- **'सर्वश्च शब्दोन्येन शब्देनाभिसंबध्यमानो विशेषवचनः संपद्यते ।'** (મહાભાષ્ય : ૨/૧/૫૪) શબ્દને વિશેષણ લાગવાથી તે શબ્દ વિશિષ્ટ અર્થનો બોધ કરે છે.

૩૧. વિશેષણ શબ્દનો વિશેષશબ્દ સાથે અર્થબોધ :- **'रक्तः, लोहितः, शोणः ।'** આ શબ્દો લાલ રંગના પર્યાયવાચી છે, પરંતુ લાલ રંગનો ઘોડો એમજો કહેવું હોય તો **शोणः अश्वः** એમજ કહી શકાય. કારણ કે **शोण** શબ્દનો અશ્વની સાથે જ પ્રયોગ થાય છે. એવી જ રીતે **हेमः अश्वः** કાળા રંગના ઘોડાને માટે હેમ શબ્દનો પ્રયોગ થાય છે. **कर्कः अश्वः** સફેદ રંગના ઘોડાને માટે કર્કશબ્દનો પ્રયોગ થાય છે. શોણ, હેમઅને કર્ક આ શબ્દો ક્રમશઃ લાલ, કાળા અને સફેદ રંગના પર્યાયવાચી છે, પરંતુ આ વિશેષણ શબ્દનો પ્રયોગ ઘોડા સાથે જ થાય છે આ વાતને સ્પષ્ટ કરતા મહાભાષ્યકાર કહે છે :

'युक्तं पुनर्यत्रियतविषया नाम शब्दाः स्युः । बाढं युक्तम् । अन्यत्रापि नियतविषयाः शब्दा दृश्यन्ते । तद्यथा समाने रक्ते वर्णे गौर्लोहित इति भवति, अश्वः शोण इति । समाने च काले वर्णे गौः कृष्ण इति भवति, अश्वो हेम इति । समाने च शुक्ले वर्णे गौः श्वेत इति भवति, अश्वः कर्क इति ।' (મહાભાષ્ય : ૧/૨/૭૧)

શબ્દનો અર્થ લોકપ્રસિદ્ધિના આધારે સંકુચિત થયેલો હોય છે અને તે શબ્દનો વિશેષ સ્થાન પર જ પ્રયોગ કરી શકાય છે, સર્વત્ર નહિ. જેમકે - બળદ અને ઘોડો લાલ રંગના સમાન હોવા છતાં લાલ બળદને **गौर्लोहित** કહેવાય છે અને લાલ ઘોડાને **अश्वः शोण**, કાળા બળદને **गौः कृष्ण** અને કાળા ઘોડાને **अश्वो हेम**, ધોળા બળદને **गौः श्वेत** અને ધોળા ઘોડાને **अश्वः कर्क** કહેવાય છે.

જેવી રીતે વ્યાકરણમાં પારિભાષિક સંજ્ઞાઓ (નામ) છે એવી જ રીતે વેદ, બ્રાહ્મણ, ઉપનિષદ, સ્મૃતિ, દર્શન, ગૃહ્ય અને શ્રૌતસૂત્ર તથા સાહિત્ય વગેરેમાં પોત-પોતાના પારિભાષિક શબ્દો હોય છે, તે શબ્દો એક શાસ્ત્રમાં જે અર્થમાં પ્રયોગ થયો હોય છે તે જ શબ્દ બીજા શાસ્ત્રમાં અન્ય અર્થમાં પ્રયોગ થયો હોય છે. એટલા માટે પ્રત્યેક શાસ્ત્રના અધ્યયન સમયે તે શબ્દોનો તે પારિભાષિક અર્થ લેવાનો હોય છે, પ્રચલિત અથવા વ્યાવહારિક અર્થ નહિ. ગુણ શબ્દનો સ્વસ્વશાસ્ત્રને અનુસાર અનેક અર્થ થાય છે. જેમકે -

૧. વ્યાકરણમાં ગુણશબ્દ **'अदेङ् गुणः'** સૂત્રથી અ, એ, ઓ અક્ષરોનો બોધક છે.

૨. વૈશેષિકોને અનુસાર ગુણશબ્દથી સાત પદાર્થોમાંથી એક (દ્રવ્ય, ગુણ, કર્મ વગેરે)

૩. સાંખ્યદર્શનને અનુસાર ગુણશબ્દથી સત્ત્વગુણ, રજોગુણ, તમોગુણ.

૪. શાસ્ત્ર અનુસાર ગુણશબ્દથી પાંચ મહાભૂતોના રૂપ, રસ, ગંધ વગેરે પાંચ વિષય.

૫. સાહિત્યકોને અનુસાર રસોના ઉત્કર્ષનો હેતુ શૌર્ય વગેરે ગુણ.

૬. કાવ્યપ્રકાશને અનુસાર માધુર્ય, ઓજ, પ્રસાદ ત્રણ ગુણ.

૭. નીતિશાસ્ત્ર અનુસાર સંધિ, વિગ્રહ વગેરે છ ગુણ.

૮. વ્યાકરણ અને મીમાંસામાં શુક્લતા વગેરે ગુણ.

૯. યોગશાસ્ત્રને અનુસાર શાંતિ, દયા વગેરે ગુણ.

અર્થના વાચક રહ્યા છે. જેમકે - भरतर्षभः (ભરતોમાં શ્રેષ્ઠ), नरपुंगवः (માણસોમાં શ્રેષ્ઠ)

વેદમાં કવિ શબ્દનો અર્થ ક્રાંતદર્શી કર્યો છે 'कविर्मनीषी परिभूः स्वयम्भूः' (યજુ. ૪૦-૮) પરંતુ આનો અર્થ સંસ્કૃતમાં છંદ અને પદ્યના રચયિતા એટલો જ રહ્યો છે.

૩૫. એકશેષ સમાસથી શબ્દનો વિશેષ બોધ :- એકશેષ સમાસમાં એક જ શબ્દથી અધિક અર્થનો બોધ થાય છે. જેમકે -

'पितरौ' - આ શબ્દનો અર્થ છે 'માતા-પિતા.'

'भ्रातरौ' - આ શબ્દનો અર્થ છે 'ભાઈ-બહેન.'

'श्वशुरौ' - આ શબ્દનો અર્થ છે 'સાસુ-સસરા.'

૩૬. સમાસથી શબ્દનો અર્થભેદ :- સમાસમાં પ્રયોજાયેલો શબ્દ પરાર્થનો બોધ કરતો હોવાથી તેમાં વાક્યની અપેક્ષાએ અર્થમાં અંતર પડી જાય છે. 'परार्थाभिधानं वृत्तिः' (મહાભાષ્ય : ૨/૧/૧) ભર્તૃહરિએ વાક્યપદીયમાં કહ્યું છે : 'वृत्तौ विशेषवृत्तित्वाद् भेदे सामान्यवाचिता ।' અર્થાત્ વાક્યમાં શબ્દ સામાન્ય અર્થનો બોધ કરાવે છે, પરંતુ સમાસ થવાથી તે જ શબ્દ વિશેષ અર્થનો બોધ કરે છે. જેમકે, 'निष्कौशाम्बिः' આ સમાસમાં 'निस्' શબ્દનો અર્થ નિષ્કાંત થાય છે, પરંતુ સમાસ રહિત સ્વતંત્ર 'निस्' શબ્દ પ્રયોગ થયો હોય ત્યારે તેમનો નિષ્કાંત અર્થ થતો નથી.

૩૭. સમાસભેદથી શબ્દનો અર્થભેદ :- 'प्रधीः, रामेश्वरः, निर्मक्षिकम्' આ ઉદાહરણોમાં શબ્દનું ઉચ્ચારણ અથવા વર્ણ સમાન હોવા છતાં સમાસ બદલાતા અર્થમાં ઘણો મોટો ફેરફાર થાય છે. જેમકે -

'प्रकृष्टं ध्यायति इति प्रधीः' - આ રીતે ઉપપદસમાસ કરતા તેનો અર્થ થશે - સારું ધ્યાન કરવાવાળો.

'प्रकृष्टा धीः इति प्रधीः' - આ રીતે પ્રાદિતત્પુરુષ સમાસ કરતા તેનો અર્થ થશે - સારી બુદ્ધિ.

'प्रकृष्टा धीः यस्य सः' - આ રીતે પ્રાદિબહુવ્રીહિ સમાસ કરતા તેનો અર્થ થશે - સારી બુદ્ધિવાળો

'रामस्य ईश्वरः इति रामेश्वरः' - આ રીતે ષષ્ઠી તત્પુરુષ સમાસ કરતા તેનો અર્થ થશે - રામના ઈશ્વર અર્થાત્ શિવ.

'रामः ईश्वरः यस्य सः इति रामेश्वरः' - આ રીતે બહુવ્રીહિ સમાસ કરતા તેનો અર્થ થશે - રામછે ઈશ્વર જેના અર્થાત્ હિન્દુ.

'मक्षिकाणाम् अभावः इति निर्मक्षिकम्' - આ રીતે અવ્યવીભાવ સમાસ કરતા તેનો અર્થ થશે - માખીનો અભાવ.

'मक्षिकाम् अतिक्रान्तः इति निर्मक्षिकः' - આ રીતે પ્રાદિતત્પુરુષ સમાસ કરતા તેનો અર્થ થશે - માખીને ઉલ્લંઘી ગયેલો.

૩૮. નામપદ અને ક્રિયાપદના ભેદથી અર્થભેદ :- 'नामाख्यातसरूपा ये कार्यान्तरनिबन्धनाः । शब्दा वाक्यस्य तेष्वर्थो न रूपादधिगम्यते ।।' - નામઅને તિઙન્ત જેવા સમાન રૂપવાળા અને અન્ય વ્યાકરણકાર્ય માટે કારણ રૂપ બનતા જે શબ્દો છે તેમનો અર્થ વાક્યના સ્વરૂપ ઉપરથી સમજાતો નથી. જેમકે -

'अजापयः पीयताम्' - બકરીનું દૂધ પી.

'अजापयः त्वं राजानम्' - તે રાજાને વિજય અપાવ્યો.

'अजापयः' આ રીતેના બંને શબ્દો અહીં સરખા રૂપવાળા દેખાય છે. એક જ શબ્દ એક સ્થાને નામપદ છે જ્યારે બીજે સ્થાને તે ક્રિયાપદ છે. જ્યાં નામપદ છે ત્યાં 'अजायाः पयः इति अजापयः' આ રીતે વિગ્રહ થઈને ષષ્ઠી તત્પુરુષસમાસ થતાં બકરીનું દૂધ એવો અર્થ થશે.

અને જ્યાં ક્રિયાપદ છે ત્યાં 'जयन्तं प्रैरयः इति अजापयः' અહીં 'जि जये' ધાતુનું અનદ્યતન ભૂતકાળના બીજા પુરુષ એકવચનનું પ્રેરક રૂપ બનશે. જેનો અર્થ થશે વિજય અપાવ્યો.

'अश्वः वने चरति ।' - ઘોડો વનમાં ચરે છે.

'अश्वः वनं त्वम् ।' - તું વનમાં ગયો હતો.

અહીં પહેલા વાક્યમાં 'अश्वः' શબ્દ ઘોડો એવો નામાર્થ દર્શાવે છે. જ્યારે બીજા વાક્યમાં 'टुओश्वि गतिवृद्ध्योः' ધાતુનું અનદ્યતન ભૂતકાળ બીજા પુરુષ એકવચનનું રૂપ થશે. જેનો અર્થ 'ગયો હતો' એવો થશે. આમ, બંને શબ્દો વર્ણની દૃષ્ટિએ સરખા રૂપવાળા દેખાય છે, પરંતુ આનુપૂર્વી (વર્ણ) સમાન હોવા છતાં બંનેનો અર્થ તદ્દન જુદો છે.

૩૯. વાક્યવિભાગથી અર્થભેદ :- વાક્ય વિભાગથી પણ શબ્દના અનેક અર્થો થઈ શકે છે. 'कालेनदन्तिनागाः' આ વાક્યનો વિભાગ કેવી રીતે કરી શકાય એ જાણી શકાતું નથી. આ વાક્યનું વિભાજન ત્રણ પ્રકારે થઈ શકે છે. તેના આધારે શબ્દોના અર્થ પણ બદલાય છે. જેમકે -

'कालेन दन्तिना अगाः' - તું કાળા હાથી પર ચઢીને ગયો.

'काले नदन्ति नागाः' - સમય પર હાથીઓ અવાજ કરે છે.

'काले नदन्ति नागाः' - સમય પર સર્પો ફૂંફાડા મારે છે.

'लक्ष्म्या वै जायते भानुः (सूर्यः) सरस्वत्यापि जायते ।' આ વાક્યનો વિભાગ કર્યા વગર અર્થ થાય છે. લક્ષ્મીથી અને સરસ્વતીથી સૂર્ય જન્મે છે. 'लक्ष्म्या वै जायते भा (कान्तिः) नुः (मनुष्यस्य) सरस्वत्यापि जायते ।' આ રીતે વાક્યનો વિભાગ કરીને જો અર્થ કરીએ તો સાચો અર્થ થશે. લક્ષ્મીથી અને સરસ્વતીથી મનુષ્યથી કાન્તિ (પ્રતિભા) જન્મે છે.

૪૦. અલ્પવિરામના ચિહ્નથી વાક્યનો અર્થભેદ :- વાક્યમાં અલ્પવિરામના ફેરફારથી પણ વાક્યનો અર્થ બદલી જતો હોય છે. જેમકે, 'મારો મત જાને દો' આ વાક્યના બે અર્થ થઈ શકે છે.

મારો મત, જાને દો.

મારો, મત જાને દો.

આ બંને વાક્યનો અર્થ એકબીજાથી તદ્દન વિપરીત છે. 'મત' શબ્દની સાથે જોડીને વાંચી શકાય અને 'જાને દો' શબ્દની સાથે પણ. આ બંને વાક્યમાં લખવાવાળાનો શું અભિપ્રાય છે તે બતાવવા માટે અલ્પવિરામચિહ્નનો પ્રયોગ કરવામાં આવે છે. આ ચિહ્ન વાંચતી વખતે થોડું અટકવાનો બોધ કરે છે. તેથી આ ચિહ્ન દ્વારા વાક્યના બે અર્થો થાય છે.

૪૧. નિષેધભેદથી શબ્દનો અર્થભેદ :- 'तत्सादृश्यं तदभावश्च तदन्यत्वं तदल्पता । अप्राशस्त्यं विरोधश्च नञर्थाः षट् प्रकीर्तिताः ।।' - નિષેધ છ

પ્રકારના છે. (૧) તત્સાદૃશ્ય (૨) તદ્ અભાવ (૩) તદન્યત્વ (૪) તદલ્પતા (૫) અપ્રાશસ્ત્ય (૬) વિરોધ.

૧. તત્સાદૃશ્યથી શબ્દનો અર્થબોધ :- નિષેધની સાથે પ્રયોગ કરવામાં આવેલ શબ્દના અર્થથી ભિન્ન પરંતુ તેના જેવા જ અર્થનું ગ્રહણ કરવામાં આવે તે નિષેધને તત્સાદૃશ્ય કહેવામાં આવે છે. જેમકે - 'न ब्राह्मणम् इति अब्राह्मणम् आनय' - 'બ્રાહ્મણ રહિતને લેતો આવ' આ વાક્યમાં બ્રાહ્મણથી ભિન્ન, પરંતુ બ્રાહ્મણ જેવા ક્ષત્રિય આદિ મનુષ્યને લાવવામાં આવે છે. લાકડું સુવર્ણ આદિ નહિ.

૨. તદ્ અભાવથી શબ્દનો અર્થબોધ :- નિષેધની સાથે પ્રયોગ કરવામાં આવેલ શબ્દના અર્થનો નિષેધ કરવામાં આવે તેને તદ્ અભાવ કહેવામાં આવે છે. જેમકે, 'अविघ्नस्य अभाव इति अविघ्नम् अस्ति' - વિઘ્નનો અભાવ છે, 'पापस्य अभावः अपापम् अस्ति' - પાપનો અભાવ છે.

૩. તદન્યત્વથી શબ્દનો અર્થબોધ :- નિષેધની સાથે પ્રયોગ કરવામાં આવેલ શબ્દના અર્થથી ભિન્નનું જ્યાં ગ્રહણ કરવામાં તેને તદન્યત્વ કહેવામાં આવે છે. જેમકે, 'न अश्वः इति अनश्वं प्राणिनम् आनय' - ઘોડાથી ભિન્ન પ્રાણીને લેતો આવ. અહીં ઘોડાથી ભિન્ન પ્રાણી ગાય, ગર્દભ આદિ લાવવામાં આવે છે, પરંતુ 'नास्ति अश्वो यस्य स अनश्वः' આ રીતે વિગ્રહ કરીને બહુવ્રીહિ સમાસ કરવામાં આવે તો 'अनश्वः' શબ્દનો અર્થ છે - 'જેની પાસે ઘોડો નથી તેવો વ્યક્તિ.'

૪. તદલ્પતાથી શબ્દનો અર્થબોધ :- નિષેધની સાથે પ્રયોગ કરવામાં આવેલ શબ્દના અર્થથી અલ્પતાનું જ્યાં ગ્રહણ કરવામાં આવે તેને તદલ્પતા કહેવામાં આવે છે. જેમકે - 'न उदरम् यस्या इति अनुदरा कन्या' - પેટ વિનાની કન્યા. પેટ તો પ્રત્યેક વ્યક્તિને હોય છે, પરંતુ અહીં પેટના નિષેધથી તે કન્યાના પેટની અલ્પતા વ્યક્ત થાય છે.

૫. અપ્રાશસ્ત્યથી શબ્દનો અર્થબોધ :- નિષેધથી સાથે પ્રયોગ કરવામાં આવેલ શબ્દના અર્થથી નિંદા થતી હોય તેને અપ્રાશસ્ત્ય કહેવામાં આવે છે. જેમકે - 'अब्राह्मणोऽयं वस्तिष्ठन् मूत्रयति' (મહાભાષ્ય : ૨/૨/૬) જે બ્રાહ્મણ ઊભો ઊભો મૂત્રે છે તે અબ્રાહ્મણ છે અર્થાત્ નિંદિત બ્રાહ્મણ છે, 'अपशवो वा अन्ये गोअश्वेभ्यः' (તૈત્તિરીયબ્રાહ્મણ) ગાય અને ઘોડાથી ભિન્ન અન્ય પશુઓ તો અપશુ છે અર્થાત્ અપ્રશસ્ત્ય પશુ છે.

૬. વિરોધથી શબ્દનો અર્થબોધ :- નિષેધની સાથે પ્રયોગ કરવામાં આવેલ શબ્દના અર્થનો જે વિરોધી. જેમકે, 'अधर्मः' - ધર્મનો વિરોધી. 'असुरः' - દેવોનો વિરોધી - રાક્ષસ.

૪૨. પર્યુદાસપ્રતિષેધથી શબ્દનો અર્થબોધ :- જ્યાં વિધિની પ્રધાનતા હોય અને નિષેધની અપ્રધાનતા હોય તેને પર્યુદાસપ્રતિષેધ કહેવામાં આવે છે. જેમકે, 'अब्राह्मणमानय' - બ્રાહ્મણ રહિતને લેતો આવ. આ વાક્યમાં લાવવાની પ્રધાનતા છે નિષેધની નહિ. કારણ કે, લાવવાનો નિષેધ કરવામાં આવ્યો નથી. બહુધા સમાસમાં પ્રર્યુદાસપ્રતિષેધ હોય છે. 'पुत्रः शत्रुरपण्डितः' - અવિદ્વાન પુત્ર શત્રુ છે.

૪૩. પ્રસજ્યપ્રતિષેધથી શબ્દનો અર્થબોધ :- જ્યાં ક્રિયાનો નિષેધ કરવામાં અથવા જ્યાં વિધિની અપ્રધાનતા હોય અને નિષેધની પ્રધાનતા હોય તેને પ્રસજ્યપ્રતિષેધ કહેવામાં આવે છે. જેમકે, 'अनृतं न वक्तव्यम्' - અસત્ય બોલવું ન જોઈએ. આ વાક્યમાં બોલવું જોઈએ - આ વિધિની અપ્રધાનતા છે અને ન બોલવું જોઈએ - આ નિષેધની પ્રધાનતા છે. 'न व्यापारशतेनापि शुकवत् पाठ्यते बकः' એકસો વાર પ્રયાસ કરવા છતાં બગલાને પોપટની જેમઅભ્યાસ કરાવાતો નથી. અહીં 'न पाठ्यते' આ ક્રિયાનો નિષેધ કરવામાં આવ્યો છે અને નિષેધ પ્રધાનતા હોવાથી પ્રસજ્યપ્રતિષેધ છે.

'द्वौ नञौ तु समाख्यातौ पर्युदास-प्रसज्यकौ । पर्युदासः सदृग्ग्राही प्रसज्यस्तु निषेधकृत् ।।

प्राधान्यं तु विधेर्यत्र प्रतिषेधेऽप्रधानता । पर्युदासः स विज्ञेयो यत्रोत्तरपदेन नञ् ।।

अप्राधान्यं विधेर्यत्र प्रतिषेधे प्रधानता । प्रसज्यस्तु स विज्ञेयः क्रियया सह यत्र नञ् ।।'

પર્યુદાસ અને પ્રસજ્ય આ બે પ્રકારના નિષેધો પ્રસિદ્ધ છે. તેમાં પર્યુદાસ પ્રતિષેધ સદૃશનું ગ્રહણ કરે છે અને પ્રસજ્ય પ્રતિષેધ નિષેધનું ગ્રહણ કરે છે. જેમાં વિધિની પ્રધાનતા હોય અને નિષેધની અપ્રધાનતા હોય અને પ્રાયઃ સમાસ થયેલો હોય તેને પર્યુદાસપ્રતિષેધ જાણવો. અને જ્યાં ક્રિયાનો નિષેધ કરવામાં આવે અથવા જ્યાં વિધિની અપ્રધાનતા હોય અને નિષેધની પ્રધાનતા હોય તેને પ્રસજ્યપ્રતિષેધ જાણવો.

૪૪. નિષેધાત્મક અવ્યયીભાવસમાસથી શબ્દનો અર્થબોધ :- પ્રાયઃ જ્યાં પૂર્વપદની પ્રધાનતા હોય છે અને નિષેધને માટે જ્યાં ઉપસર્ગનો પ્રયોગ થયો હોય છે તે નિષેધ અવ્યયીભાવસમાસનો જાણવો. જેમકે, 'मक्षिकाणाम् अभावः इति निर्मक्षिकम्' - માખીઓનો અભાવ, 'विघ्नानाम् अभावः इति अविघ्नम्' - વિઘ્નોનો અભાવ, 'हिमस्य अत्ययः इति अतिहिमम्' - ઠંડીનું જતું રહેવું.

૪૫. નિષેધાત્મક બહુવ્રીહિસમાસથી શબ્દનો અર્થબોધ :- પ્રાયઃ જ્યાં અન્ય પદાર્થ પ્રધાન હોય અને વિદ્યમાન પદનો વચ્ચેથી લોપ થયો હોય તે નિષેધ બહુવ્રીહિસમાસનો જાણવો. જેમકે, 'अविद्यमानं मित्रं यस्य स अमित्रः' - મિત્ર રહિત પુરુષ. પરંતુ જો 'न मित्रम् इति अमित्रम्' આ રીતે વિગ્રહ કરીને નઞતત્પુરુષસમાસ કરવામાં આવે તો 'अमित्रम्' શબ્દનો અર્થ થશે શત્રુ. 'निर्गता मक्षिका यस्मात् तत् स्थानं निर्मक्षिकम्' આ રીતે વિગ્રહ કરીને બહુવ્રીહિસમાસ કરવામાં આવે તો 'निर्मक्षिकम्' શબ્દનો અર્થ થશે - જ્યાંથી માખીઓ જતી રહી છે તેવું સ્થાન. અવ્યયીભાવસમાસ તથા બહુવ્રીહિસમાસમાં 'निर्मक्षिकम्' શબ્દનું સ્વરૂપ સમાન છે, પરંતુ અર્થ તદ્દન જુદો છે. અવ્યયીભાવસમાસમાં નિષેધ પ્રધાન છે અને બહુવ્રીહિસમાસમાં અન્યપદ પ્રધાન છે અર્થાત્ 'निर्मक्षिकम्' શબ્દ 'स्थानम्' શબ્દનું વિશેષણ છે.

૪૬. વિરોધાત્મક શબ્દનો અર્થબોધ :- વિરોધાત્મક શબ્દનો પ્રયોગ કરીને પણ નિષેધ કરી શકાય છે. જેમકે, 'श्वेतम्' (ધોળુ) શબ્દનો વિરોધાત્મક શબ્દ 'कृष्णम्' (કાળુ) શબ્દના પ્રયોગથી 'श्वेतम्' (ધોળુ) પદાર્થનો નિષેધ થાય છે. નિષેધાત્મકશબ્દ અને વિરોધાત્મકશબ્દથી નિષેધ થાય છે, પરંતુ બંનેનો અર્થ તદ્દન જુદો છે. નિષેધાત્મકશબ્દ ગુણ અને ક્રિયાનો નિષેધ કરે છે, પરંતુ વિરોધાત્મકશબ્દ પરસ્પર વિરોધભાવને જણાવે છે. જેમકે, 'धनिकः' (ધનવાન) 'दीनः' (ગરીબ), 'श्वेतम्' (ધોળો રંગ) 'कृष्णम्' (કાળો રંગ) અહીં ધનવાન શબ્દનો વિરોધાત્મક શબ્દ ગરીબ છે તેમજ ગરીબ શબ્દનો વિરોધાત્મક શબ્દ ધનવાન છે, ધોળાનો વિરોધાત્મક શબ્દ કાળો છે તેમજ કાળા શબ્દનો વિરોધાત્મક શબ્દ ધોળો છે. 'न श्वेतम् अश्वेतम्' ધોળા રંગનો અભાવ. અહીં 'अश्वेतम्' નિષેધાત્મક શબ્દ 'श्वेतम्' (ધોળો રંગ)નો નિષેધ કરે છે અર્થાત્ 'अश्वेतम्' શબ્દથી 'श्वेतम्' ભિન્ન. વિશ્વના તમામરંગનું ગ્રહણ થાય છે, પરંતુ વિરોધાત્મક 'कृष्णम्' શબ્દ માત્ર 'श्वेतम्' શબ્દનો જ નિષેધ કરતો નથી પણ વિશ્વના તમામરંગનો નિષેધ કરે છે. તેથી 'श्वेतम्' અને 'अश्वेतम्' આ બે શબ્દો કહેવાથી વિશ્વના તમામરંગોનું ગ્રહણ થાય છે, પરંતુ 'श्वेतम्' અને 'कृष्णम्' કહેવાથી ધોળા અને કાળા રંગને જ ગ્રહણ કરવામાં આવે છે. અર્થાત્ 'कृष्णम्' ભિન્ન 'श्वेतम्' અને 'श्वेतम्' ભિન્ન 'कृष्णम्' આ બંને રંગનું જ ગ્રહણ થાય છે.

૪૭. નિષેધના નિષેધથી મૂળશબ્દનો અર્થબોધ :- નિષેધનો ફરી નિષેધ કરવામાં આવે તો બંને નિષેધો મળીને ફરી મુખ્ય અર્થનો બોધ કરવા લાગે છે. જેમકે, 'विघ्नस्य अभावः इति अविघ्नः' વિઘ્નનો અભાવ અને ફરીવાર નિષેધનો નિષેધ કરવામાં આવે તો પાછો મૂળ અર્થનો બોધ થાય છે. જેમકે, 'अविघ्नस्य अभावः इति अनविघ्नः' વિઘ્નના અભાવનો અભાવ એટલે વિઘ્નનો બોધ થાય છે.

'अभावश्चतुर्विधः । प्रागभावः प्रध्वंसाभावोऽत्यन्ताभावोऽन्योऽन्याभावश्चेति ।' (તર્કસંગ્રહ) અભાવ ચાર પ્રકારના છે (૧) પ્રાગભાવ (૨)

પ્રધ્વંસાભાવ (૩) અત્યન્તાભાવ (૪) અન્યોન્યાભાવ.

૪૮. પ્રાગભાવથી શબ્દનો અર્થબોધ :- વસ્તુપદાર્થની ઉત્પત્તિ પૂર્વે રહેલા અભાવને પ્રાગભાવ કહેવામાં આવે છે. જેમકે, **'घटोत्पत्तेः प्राक् घटो नास्ति'** ઘડાના નિર્માણ પહેલા ઘડાનો અભાવ છે.

૪૯. પ્રધ્વંસાભાવથી શબ્દનો અર્થબોધ :- વસ્તુપદાર્થ નષ્ટ થયા પછીના અભાવને પ્રધ્વંસાભાવ કહેવામાં આવે છે. જેમકે, **'घटस्य नाशान्तरमपि घटो नास्ति'** ઘડો ફૂટી ગયા પછી ઘડાનો અભાવ.

૫૦. અત્યન્તાભાવથી શબ્દનો અર્થબોધ :- વસ્તુપદાર્થનો ત્રૈકાલિક અભાવને અત્યન્તાભાવ કહેવામાં આવે છે. જેમકે, **'वायौ रूपाभावः'** વાયુમાં રૂપનો અભાવ.

૫૧. અન્યોન્યાભાવથી શબ્દનો અર્થબોધ :- વસ્તુપદાર્થનો પરસ્પર અભાવને અન્યોન્યાભાવ કહેવામાં આવે છે. **'घटे पटाभावः, पटे घटाभावः'** ઘડામાં વસ્ત્રનો અભાવ, વસ્ત્રમાં ઘડાનો અભાવ.

૫૨. લક્ષણાથી શબ્દનો વિશિષ્ટ અર્થબોધ :- **'अन्वयस्य तात्पर्यस्य चानुपपत्तिप्रतिसन्धानं लक्षणाप्रवृत्तौ कारणम्'** (મંજૂષા - લક્ષણાનિરૂપણ) જ્યારે વાક્યમાં શબ્દોનો અન્વય ન થતો હોય ત્યારે લક્ષણા કરવામાં આવે છે. તેથી લાક્ષણિક પ્રયોગના આધારે અન્ય શબ્દોને માટે અન્ય શબ્દોનો પ્રયોગ થાય છે. તેથી અન્ય શબ્દથી અન્ય અર્થનો બોધ થાય છે.

'तात्स्थ्यात्तथैव ताद्धर्म्यात्तत्सामीप्यात्तथैव च । तत्साहचर्यात्तादर्थ्याज् ज्ञेया वै लक्षणा बुधैः ।।' (મંજૂષા - લક્ષણાનિરૂપણ) (૧) તાત્સ્થ્ય - તેના ઉપર સ્થિત હોવું. (૨) તાદ્ધર્મ્ય - તેના જેવું ધર્મવાળું હોવું. (૩) તત્સામીપ્ય - તેની સમીપમાં હોવું. (૪) તત્સાહચર્ય - તેની સાથે હોવું. (૫) તાદર્થ્ય - તેની માટે હોવું. આ પાંચ નિમિત્તોથી વિદ્વાનોએ **લક્ષણા** સમજવી જોઈએ.

'चतुर्भिः प्रकारैरतस्मिन् स इत्येतद् भवति, तात्स्थ्यात्, ताद्धर्म्यात्, तत्सामीप्यात्, तत्साहचर्यादिति ।' (મહાભાષ્ય : ૪/૧/૪૮) પતંજલિ કહે છે કે, ચાર પ્રકારથી અન્ય શબ્દથી અન્ય શબ્દનું જ્ઞાન થાય છે અર્થાત્ લાક્ષણિક અર્થનો બોધ થાય છે. તત્સ્થતા, તદ્ધર્મતા, તત્સમીપતા અને તત્સાહચર્ય.

૧. તાત્સ્થ્યલક્ષણા :- જે વસ્તુ જેના પર આધાર-આધેયભાવ સંબંધથી રહે છે ત્યારે આધારના ગુણોના આધેયપદાર્થમાં આરોપ કરવામાં આવે છે. જેમકે, **'मंचा हसन्ति'** - બેન્ચીસો હસે છે. અહીં બેન્ચીસો પર બેઠેલા આધારરૂપી બાળકોનો હસવારૂપી ગુણધર્મ આધેયરૂપ બેન્ચીસોમાં આરોપ કરવામાં આવે છે. કારણ કે, બેન્ચીસો હસી શકતી નથી એટલે લક્ષણાથી આ વાક્યનો અર્થ થશે - 'બેન્ચીસો પર બેઠેલા બાળકો હસે છે.' **'गिरिर्दह्यते'** પર્વત સળગે છે. અહીં લક્ષણાથી અર્થ થશે - 'પર્વત પર રહેલા વૃક્ષો સળગે છે.' કારણ કે, તાત્ત્વિક દૃષ્ટિએ પર્વત સળગે એવો પદાર્થ નથી તે કારણથી અહીં લક્ષણા કરવાથી જ વાક્યનો સાચો અર્થ થશે.

૨. તાદ્ધર્મ્યલક્ષણા :- પશુ-પક્ષી અને જીવજંતુના વિવિધ ગુણોને જોઈને લક્ષણાને આધારે તેના જેવા ગુણથી યુક્ત મનુષ્યાદિને માટે પણ તે શબ્દનો પ્રયોગ થાય છે. જેમકે, શૂરવીરતાની સાદૃશ્યતાથી **'सिंहो माणवकः'** (બાળક સિંહ છે) મૂર્ખતાની સાદૃશ્યતાથી **'गौर्वाहीकः'** (ભરવાડ બળદ છે) અલ્પજ્ઞતાની સાદૃશ્યતાથી **'कूपमंडूकः, कूपकच्छपः ।'** અહીં બાળકમાં સિંહ જેવી શૂરવીરતા જોઈને બાળકને લક્ષણાથી સિંહ કહેવામાં આવે છે. ન્યાયશાસ્ત્રમાં આ લક્ષણાને જહત્સ્વાર્થા લક્ષણા કહે છે.

૩. તત્સામીપ્યલક્ષણા :- લાક્ષણિક શબ્દ પોતાના સમીપવાચી અર્થનો પણ બોધ કરે છે. જેમકે, **'गंगायां घोषः'** (ગંગાના તટ ઉપર ઝૂંપડી) અહીં લાક્ષિણકરૂપથી અભિપ્રેત ગંગાશબ્દ છે તેનો અર્થ જલપ્રવાહ છે તે જલપ્રવાહની સાથે જે તટનો સામીપ્ય સંબંધ છે તે લક્ષણાર્થ છે. તેથી લક્ષણાવૃત્તિ દ્વારા ગંગાશબ્દ તટ અર્થનો બોધ કરાવે છે.

૪. તત્સાહચર્યલક્ષણા :- જે વ્યક્તિ જે વસ્તુપદાર્થને ધારણ કરે છે તે વસ્તુપદાર્થના નામથી પણ તે વ્યક્તિનો બોધ થાય છે અથવા તેના સાહચર્યથી અન્ય વ્યક્તિનો પણ બોધ થાય છે. સાહચર્યને કારણે શબ્દોનો અન્ય અર્થમાં પણ પ્રયોગ થાય છે. **'छत्रिणो यान्ति'** (છત્રીવાળા જાય છે) આ ઉદાહરણમાં જેની પાસે છત્રી નથી તેને પણ છત્રીવાળાના સાહચર્યથી છત્રીવાળા કહેવાય છે. **'यष्टीः प्रवेशय'** (લાકડી પ્રવેશ કરાવ) આ ઉદાહરણમાં લાકડીવાળાનો પણ કેવળ લાકડી કહેવાથી બોધ થયો. ચોર સાથે રહેવાવાળાને પણ ચોર કહેવાય છે ભલે તે ચોરી ન કરતો હોય. ન્યાયશાસ્ત્રમાં આ લક્ષણાને **અજહત્સ્વાર્થા** લક્ષણા કહે છે.

૫. તાદર્થ્યલક્ષણા :- જે વસ્તુપદાર્થ જે વ્યક્તિ માટે હોય ત્યારે લક્ષણાવૃત્તિ દ્વારા તે વસ્તુપદાર્થથી તે વ્યક્તિનો બોધ થાય છે. જેમકે, **'स्थूणा इन्द्रः'** અહીં સ્થૂણા શબ્દ યજ્ઞીય સ્તંભવિશેષ ઈન્દ્ર માટે હોવાથી સ્થૂણા શબ્દથી ઈન્દ્રનો બોધ થશે પણ સ્થૂણા શબ્દથી સ્તંભનો અર્થ બોધ થશે નહિ.

૬. જહદજહલ્લક્ષણા :- વેદાંતીઓ વાક્યના એક અંશનો ત્યાગ અને એક અંશનો સ્વીકાર કરવામાં આવે તેને 'જહદજહલ્લક્ષણા' કહે છે. જેમકે, **'तत्त्वमसि'** તે તું છો. આ ઉપનિષદના વાક્યમાં **'तत्'** પદ સર્વજ્ઞ વિશેષણથી યુક્ત ચૈતન્ય પરમાત્માનો બોધ કરે છે. અને **'त्वम्'** પદ અલ્પજ્ઞ વિશેષણથી યુક્ત ચૈતન્ય જીવાત્માનો બોધ કરે છે. અહીં સર્વજ્ઞ અને અલ્પજ્ઞ આ બંને વિશેષણોમાં સમાનતા સંભવ નથી. પરંતુ પરમાત્મા અને જીવાત્મા આ બંનેના ચૈતન્યમાં સમાનતા સંભવ છે. તેથી સર્વજ્ઞ અને અલ્પજ્ઞ આ બંને વિશેષણ અંશનો ત્યાગ કરીને કેવળ શુદ્ધ ચૈતન્ય અંશનો જ બોધ કરાવે છે. તેથી વાક્યનો અર્થ થશે 'તે ચૈતન્ય તું છો' આવી રીતે વિશેષણ અંશનો ત્યાગ અને વિશેષ્ય અંશનું ગ્રહણ કરવાથી જહદજહલ્લક્ષણા થાય છે. (પરમલઘુમંજૂષા : લક્ષણા નિરૂપણ)

'सोऽयं देवदत्तः ।' 'આ તે દેવદત્ત છે.' અહીં **'तत्'** પદથી પ્રતીત થવાવાળું પરોક્ષરૂપ 'તે' અંશને અને **'इदम्'** પદથી પ્રતીત થવાવાળું પ્રત્યક્ષરૂપ 'આ' અંશને પરસ્પર વિરોધપણું છે. અર્થાત્ પરોક્ષ અને પ્રત્યક્ષને પરસ્પર વિરોધપણું છે. તેથી **'तत्'** અને **'इदम्'** આ બંને પદનો અન્વય દેવદત્તમાં થઈ શકશે નહિ. તેથી **'तत्'** અને **'इदम्'** આ વિશેષણ અંશનો ત્યાગ કરીને કેવળ શુદ્ધ દેવદત્ત અંશનો જ બોધ જહદજહલ્લક્ષણાથી થાય છે.

૫૩. શબ્દથી શબ્દ અને અર્થનો બોધ :- શબ્દ પ્રથમપોતાના સ્વરૂપનો બોધ કરે છે અને પછી અર્થનો બોધ કરે છે. પ્રત્યેક જ્ઞાનમાં બે તત્ત્વનો સમાવેશ થાય છે, તેમાં એક જ્ઞાન અને બીજું જ્ઞેય. જેમકે -

'आत्मरूपं यथा ज्ञाने ज्ञेयरूपं च गृह्यते । अर्थरूपं तथा शब्दे स्वरूपं च प्रकाशते ।।' ઘડાના જ્ઞાનમાં એક જ્ઞેય ઘડા વસ્તુનો સમાવેશ થાય છે અને બીજું જ્ઞાનનો અર્થાત્ **'ज्ञातो घटः'** (મને ઘડાનું જ્ઞાન થઈ ગયું) તેમજ શબ્દથી શબ્દના સ્વરૂપનું અને અર્થનું ગ્રહણ થાય છે. ગાય કહેવાથી એક 'ગાય' વસ્તુનું ગ્રહણ થાય છે અને બીજું 'ગાય' શબ્દનું.

'शक्तिग्रहं व्याकरणोपमानकोषाप्तवाक्याद् व्यवहारतश्च । वाक्यस्य शेषाद् विवृतेर्वदन्ति सान्निध्यतः सिद्धपदस्य वृद्धाः ।।' (મંજૂષા - નામાર્થનિરૂપણ)

શબ્દના અર્થનું જ્ઞાન **આઠ પ્રકારે** થાય છે. (૧) વ્યાકરણથી (૨) ઉપમાનથી (૩) કોશથી (૪) આપ્તવાક્યથી (૫) વ્યવહારથી (૬) વાક્યશેષથી =

પ્રકરણથી (૭) વિવરણથી = વ્યાખ્યાથી (૮) જ્ઞાતપદના સાહચર્યથી.

૫૪. વ્યાકરણથી શબ્દનો અર્થબોધ :- ધાતુ, પ્રત્યય, નિપાત વગેરેના પૃથક્ પૃથક્ શું અર્થ છે તે વ્યાકરણથી જ જાણી શકાય છે. જેમકે, 'पाचकः' અહીં 'डुपचष् पाके' ધાતુ છે અને 'अक' પ્રત્યય કર્તા અર્થમાં થયો છે તેથી 'पच्' ધાતુનો અર્થ પાક ક્રિયા અને 'अक' પ્રત્યયનો અર્થ થાય છે કર્તા. આમપ્રકૃતિ અને પ્રત્યય બંને મળીને 'पाचकः' શબ્દનો અર્થ થયો 'पाककर्ता' આમધાત્વર્થનિર્ણય, લકારાર્થનિર્ણય, સુબર્થનિર્ણય વગેરે જ્ઞાન વ્યાકરણ વગર શક્ય જ નથી.

'कुमरीनव भूपस्य' આ વાક્યનો વ્યાકરણ વિના અર્થ કરવા જઈએ તો કોઈ અર્થબોધ થતો નથી, પરંતુ વ્યાકરણ દ્વારા સુબન્ત, તિઙન્ત, સંધિ, પ્રકૃતિ અને પ્રત્યયાદિનો વિભાગ કરીને અર્થ કરીએ તો વાક્યનો અર્થબોધ આ રીતે થશે.

'कुमरीनव भूपस्य' આ વાક્યનો પદ વિભાગ આ રીતે થશે - 'कुम्, अरीन्, अव, भूप, स्य'

'भूप ! कुम् (पृथिवीम्) अव (रक्ष), अरीन् (शत्रून्), स्य (नाशय)' આ રીતે અન્વય કરતા વાક્યનો અર્થ થશે - 'હે રાજા ! પૃથ્વીનું રક્ષણ કર, શત્રુનો નાશ કર.'

આ જ રીતે વ્યાકરણ અધ્યયન દ્વારા જ નિમ્ન લિખિત વાક્યનો અર્થ થઈ શકે અન્યથા નહીં.

'मामव द्य च शत्रून् मे' -

'माम् अव, मे शत्रून् द्य' - મારી રક્ષા કર અને મારા શત્રુઓનો નાશ કર.

'अप्यन्तरायाण्वार्य ? - अपि (किम्) अन्तर् आयाणि (अन्तर् आगच्छानि) आर्य (श्रीमन्)' શું હું અંદર આવી શકું છું શ્રીમાન્ ?

૫૫. ઉપમાનથી શબ્દનો અર્થબોધ :- જે શબ્દોના અર્થનું જ્ઞાન નથી તે અર્થનું જ્ઞાન સાદૃશ્યથી કરાવવામાં આવે છે. ગાય શબ્દના અર્થનું જ્ઞાન છે, પરંતુ રોઝ (ગવય) શબ્દના અર્થનું જ્ઞાન નથી ત્યારે 'गौरिव गवयः' (ગાય જેવું રોઝ હોય છે) આમાં ગાયની ઉપમા દ્વારા નીલગાય પશુનું જ્ઞાન થાય છે. યદ્યપિ ઉપમાન દ્વારા નિશ્ચિત અને તાત્ત્વિક અર્થનું જ્ઞાન થતું નથી તથાપિ અપ્રત્યક્ષ વસ્તુનો બોધ ઉપમાન દ્વારા સામાન્ય રૂપથી થાય જ છે.

૫૬. કોશથી શબ્દનો અર્થબોધ :- જે શબ્દોના અર્થનું જ્ઞાન નથી તે અર્થના જ્ઞાન માટે કોશ ગ્રંથોની વિશેષ આવશ્યકતા રહે છે. કોશમાં શબ્દોનો અર્થ કહેલો હોય છે તે અર્થથી શબ્દનો અર્થ સમજાય છે. કોશ-ગ્રંથ શબ્દોના પર્યાયવાચી શબ્દ દઈને શબ્દોના અર્થ સ્પષ્ટ કરે છે. જેમકે - 'स्वर्गेषुपशुवाग्वज्रदिग्नेत्रवृणिभूजले ।' (અમરકોશ : કા.૩, શ્લોક-૨૫)

ગાય શબ્દના સ્વર્ગ, બાણ, પશુ, વચન, વજ્ર, દિશા, નેત્ર, કિરણ, પૃથ્વી, જળ વગેરે અર્થો થાય છે. કોશના વિષયમાં એક વાત જાણી રાખવી અત્યંત જરૂરી છે કે કોશ-ગ્રંથોમાં શબ્દોના અર્થોનો સંગ્રહમાત્ર કરવામાં આવ્યો છે. એક એક શબ્દના અનેક અર્થ કોશમાં આપવામાં આવ્યા છે તેમાંથી ક્યો અર્થ કઈ જગ્યાએ લેવો, તેનો નિર્ણય આમવાક્ય અથવા પ્રકરણાદિ દ્વારા નિશ્ચિત કરવામાં આવે છે.

૫૭. આમવાક્યથી શબ્દનો અર્થબોધ :- 'आप्तो नामानुभवेन वस्तुतत्त्वस्य कात्स्न्येन निश्चयवान्, रागादिवशादपि नान्यथावादी यः स इति चरके पतञ्जलिः ।' (મંજૂષા - શક્તિનિરૂપણ) પોતાના અનુભવ દ્વારા વસ્તુપદાર્થને નિશ્ચિતરૂપથી જાણે છે અને રાગ-દ્વેષથી પણ ક્યારેય અસત્ય ન બોલતા હોય તે **આપ્ત પુરુષ** કહેવાય છે તેમચરકશાસ્ત્રમાં પતંજલિએ કહ્યું છે.

ન્યાયદર્શનમાં મહર્ષિ ગૌતમનું કથન છે કે, 'आप्तोपदेशसामर्थ्याच्छब्दादर्थसम्प्रत्ययः' (ન્યાયદર્શન : ૨/૧/૫૨) આપ્તોપદેશના સામર્થ્યથી શબ્દના અર્થનું જ્ઞાન થાય છે. વાત્સ્યાયન ઋષિએ આ સૂત્રની વ્યાખ્યા કરતા કહ્યું છે કે, શબ્દના એવા અર્થો જેને આપણે પ્રત્યક્ષતઃ નથી જોઈ શકતા. જેમકે, સ્વર્ગ, અપ્સરા, દેવતા વગેરે આ જ્ઞાન કેવળ શબ્દ સત્તાથી થતું નથી. પરંતુ આપ્તપુરુષોના વચનથી થાય છે.

વેદ કહે છે કે, ભગવાન સર્વત્ર વ્યાપેલા છે. આપણને નથી દેખાતા. યા તો વેદ સાવ જુઠા હોવા જોઈએ, યા તો એમબને કે આપણને હજુ વેદોની કક્ષાએ પહોંચવાનું બાકી હોય. આ બે શક્યતાઓમાંથી બીજી વધારે સ્વીકારવા યોગ્ય છે. કારણ કે, આપણી ચાંચ ન બૂડે તેવી આવી વાતો બીજા ઘણાં આપ્તપુરુષો, જ્ઞાનીઓ, કર્મયોગીઓ, સંન્યાસીઓ, યોગીઓ અને ભક્તો દ્વારા સદીઓથી થતી આવી છે. કંઈ નહિ તો નમ્રતા ખાતર પણ આપણને આપ્તપુરુષોની વાત ગળે ન ઉતરે ત્યાં સુધી એ વાતોને સમજવા મથવું જોઈએ. સૂરજ અંગે ઘુવડ જે દૃષ્ટિ બિંદુ અપનાવે તે આપણે અજમાવીએ તેમાં વિવેક નથી. આઈન્સ્ટાઈન જેવા મહાન વિજ્ઞાનીએ પણ આવો **વિવેક** બતાવીને વિજ્ઞાનની **મર્યાદા** સ્વીકારી છે.

પુરુષને કંઈક ગમી જાય છે તેનું રૂપ એ આંખ દ્વારા પામે છે અને એ શરીર એને આકર્ષક જણાય છે. એ વસ્તુ પ્રત્યક્ષ છે, ઈન્દ્રિયગમ્ય છે અને જોનારની આંખ પણ રોકડી છે. અહીં સુધી સમજાય છે પણ પછી બે વચ્ચે કશુંક અકથ્ય એવું આકર્ષણ જાગે છે. બંને એકબીજાથી દૂર હોય તોય એકબીજાને ઝંખે છે, ગમે તેવો રોકડપ્રેમી, દ્રવ્યવાદી, સાબિતીઘેલો, વિજ્ઞાનવિદ પણ કબૂલ કરશે કે જેનું અસ્તિત્વ 'એકને એક બે'ની માફક પ્રયોગશાળામાં સિદ્ધ કરી શકાય એમનથી એ ઝંખના છે તો ખરી જ. ટૂંકમાં ઈન્દ્રિયોની પકડમાં ન આવ્યું એવું કંઈક મનના પ્રદેશમાં હોઈ શકે એ વાત સ્વીકારવી પડે. પ્રશ્ન થાય કે મનની પકડમાં ન આવે એવું કોઈ તત્ત્વ ખરું ? જે ઈન્દ્રિયાતીત હોય તે મનોગમ્ય હોઈ શકે, પરંતુ જે મનાતીત હોય તેનો પત્તો શી રીતે મળે ? એથીય આગળ જે બુદ્ધિગમ્ય ન હોય તેને શી રીતે ખોળવું ? વિજ્ઞાન ખૂબ આગળ વધ્યું. એણે ઈન્દ્રિયગમ્ય, મનોગમ્ય અને બુદ્ધિગમ્ય હોય એવી બધી બાબતોમાં ઘણી મોટી ફાળ ભરી પણ બુદ્ધિથી પર એવા કશાકની વાત આવે છે અને વિજ્ઞાન હાથ ધોઈ નાખે છે. જ્યાં વિજ્ઞાનના હાથ હેઠા પડે ત્યાંથી જ અધ્યાત્મની શરૂઆત થાય છે.

બુધગ્રહનું એક વર્ષ પૃથ્વીના ૮૮ દિવસ જેટલું લાંબુ છે જેને પૃથ્વી પર એક વર્ષ કહે તેનો અર્થ અન્ય ગ્રહો અને તારાઓ પર શું થાશે ? આપણે કહીએ કે એક હજાર વર્ષ પહેલા ફલાણા રાજા થઈ ગયા. આ વાત માત્ર પૃથ્વી પૂરતી સાચી છે. એક હજાર પ્રકાશવર્ષ દૂરના ગ્રહ પરથી જો દૂરબીન દ્વારા પૃથ્વીનો ખેલ જોવા મળે તો એ રાજા જીવતો જોવા મળે. કારણ કે, પૃથ્વી પરના પ્રકાશને એ ગ્રહ પર પહોંચતા એક હજાર વર્ષ લાગે. પાંચેક હજાર પ્રકાશવર્ષ દૂરના તારા પરથી જોનારને આજે પણ શ્રીકૃષ્ણની રાસલીલા જોવા મળી શકે. અહીં પૃથ્વી પરના માણસો કહે છે કે, ભગવાન શ્રીકૃષ્ણ પાંચ હજાર વર્ષ પૂર્વ થઈ ગયા છે. આ આપણી નાદાનિયત છે. માટે ભગવાનના સ્વરૂપનું યથાર્થ જ્ઞાન આપ્તપુરુષોના વચનથી થાય છે.

૫૮. વ્યવહારથી શબ્દનો અર્થબોધ :- માતાપિતાના વ્યવહારથી શબ્દોના અર્થનો બોધ થાય છે. જેમકે, પિતા વગેરે દ્વારા પ્રયુક્ત 'गामानय' (ગાય લેતો આવ) આ વાક્ય સાંભળીને ગાયને લાવતા જોઈને અને 'गां नय, अश्वमानय' (ગાય, ઘોડો, લઈ જવું, લાવવું) વગેરે શબ્દોનો અર્થ બોધ થાય છે.

૫૯. વાક્યશેષથી (પ્રસિદ્ધિથી) શબ્દનો અર્થબોધ :- અનેક અર્થનો બોધ કરતા શબ્દનો અર્થ પ્રસિદ્ધિના આધારે પ્રસંગને અનુરૂપ અર્થ કરવાનો હોય છે. જેમકે, આર્ય લોકો 'यव' (જવ) શબ્દનો પ્રયોગ 'दीर्घशूक' (લાંબા અણીવાળા જવ)ના અર્થમાં કરે છે અને 'म्लेच्छ' (યવન) લોકો 'यव' (જવ) શબ્દનો પ્રયોગ 'प्रियंगु' (વૃક્ષ વિશેષ)ના અર્થમાં કરે છે, પરંતુ 'यवैर्जुहोति' આ વૈદિક મંત્રમાં 'यव' શબ્દનો ક્યો અર્થ કરવો તેના નિર્ણય માટે 'यदान्या औषधयो म्लायन्ते अथैते मोदमानास्तिष्ठन्ति' - 'જ્યારે અન્ય ઔષધિઓ મ્લાન થઈ જાય છે ત્યારે તે લીલા રંગના દેખાવા લાગે છે.' આ વાક્યશેષથી 'यव'

અર્થાત્ હિમાલય થાય. પરંતુ જો યુધિષ્ઠિર શબ્દનો રૂઢ અર્થ લઈએ તો રાજા યુધિષ્ઠિર થાય છે.

૨. નકુલ - 'न कुलं यस्य स नकुलः' આ વ્યુત્પત્તિ અનુસાર નકુલ શબ્દનો યૌગિક અર્થ કર્યે તો નકુલ શબ્દનો અર્થ થશે. જેને કુળ નથી તે અર્થાત્ ભગવાન શંકર થાય. પરંતુ જો નકુલ શબ્દનો રૂઢ અર્થ લઈએ તો રાજા યુધિષ્ઠિરનો ભાઈ નકુલ થાય છે.

૩. ભીમસેન - 'भीमा सेना यस्य स भीमसेनः' આ વ્યુત્પત્તિ અનુસાર ભીમસેન શબ્દનો યૌગિક અર્થ કર્યે તો જેની ભયંકર સેના છે તે દેવોના સેનાપતિ અર્થાત્ કાર્તિકેય થાય. પરંતુ જો ભીમસેન શબ્દનો રૂઢ અર્થ લઈએ તો રાજા યુધિષ્ઠિરનો ભાઈ ભીમસેન થાય છે.

ખોટો અર્થ :- આ શ્લોકમાં આવેલા શબ્દને જો યોગરૂઢ શબ્દ માનીને અનુવાદ કરીએ તો તેનું અનુવાદ આ રીતે થશે. યુધિષ્ઠિરની જે પુત્રી છે જેના નકુલની સાથે લગ્ન થયા છે, જે ભીમસેનની માતા છે તે દેવી વરદાનદેવાવાળી છે.

સાચો અર્થ :- આ શ્લોકના શબ્દનો જો યૌગિક અર્થ ગ્રહણ કરવામાં આવે તો શ્લોકનો અનુવાદ આ રીતે થશે. જે હિમાલયની પુત્રી છે તે શંકરની પત્ની છે અને જે કાર્તિકેયની માતા છે તે પાર્વતી વરદાયિની દેવી છે.

ક્યારેક શબ્દ પોતાનો મુખ્ય અને સ્વાભાવિક અર્થને છોડીને અન્ય અર્થનો બોધ કરવા લાગે છે. મહાભાષ્યકાર પતંજલિ આનું વિવેચન કરતા કહે છે : 'युक्तं पुनर्यत् नियतविषया नाम शब्दाः स्युः । बाढं युक्तम् । अन्यत्रापि तद्विषयदर्शनात् ।' (મહાભાષ્ય : ૨/૨/૨૯) શું એ યોગ્ય છે કે શબ્દનો કોઈ રૂઢ અર્થમાં પ્રયોગ હોય. હા, એ યોગ્ય છે. લૌકિક વ્યવહારમાં પણ એવું જોવામાં આવે છે.

'उपक्रमोपसंहारभ्यासापूर्वताफलम् । अर्थवादोपपत्ती च लिङ्गं तात्पर्यनिर्णये ।।' (વેદાંતસાર : ૧૦૨) કોઈપણ શાસ્ત્રના તાત્પર્યનો નિર્ણય કરવા માટે છ કારણો અપેક્ષિત છે. (૧) ઉપક્રમઅને ઉપસંહારમાં શું કહેવામાં આવ્યું છે. (૨) અભ્યાસ (૩) અપૂર્વતા (૪) ફળ (૫) અર્થવાદ (૬) ઉપપત્તિ.

૬૫. લક્ષણથી લક્ષ્યનો બોધ :- 'अव्याप्त्यतिव्याप्त्यसंभवरूपदोषत्रयशून्यत्वे सति असाधारणधर्मवत्त्वं लक्षणस्य लक्षणम् ।' જે લક્ષણમાં અવ્યાપ્તિ, અતિવ્યાપ્તિ અને અસંભવ - આ ત્રણ દોષોમાંથી એક પણ દોષ ન હોય અને લક્ષિત વસ્તુનો અસાધારણ ધર્મ હોય તેને લક્ષણ કહેવામાં આવે છે અર્થાત્ લક્ષ્યના પૂર્ણ ભાગમાં વિદ્યમાન રહેતા થકા લક્ષ્યથી ભિન્ન સ્થળોમાં અવિદ્યમાન લક્ષણ જ **અસાધારણ ધર્મ** હોઈ શકે છે અને તે જ તેનું વાસ્તવિક લક્ષણ છે. એક પદાર્થ બીજા પદાર્થથી ભિન્ન છે આ પ્રકારનું **ભેદ જ્ઞાન** લક્ષણનું ફળ છે.

અવ્યાપ્તિદોષ : 'लक्ष्यैकदेशावृत्तित्वमव्याप्तिः ।' લક્ષ્યના પૂર્ણ ભાગમાં જે લક્ષણ ઘટિત થતું ન હોય તેને અવ્યાપ્તિદોષ કહેવામાં આવે છે. જેમકે, જે ગાયને ન જાણતો હોય તે પૂછે કે, ગાય કોને કહેવાય ? ત્યારે ગાયનું લક્ષણ કરવામાં આવે કે 'रक्तत्वं गोर्लक्षणम् ।' લાલ રંગની જે હોય તેને ગાય કહેવાય. આ લક્ષણ ગાયનું યોગ્ય નથી. કારણ કે, આ લક્ષણ માત્ર લાલ રંગની ગાય હોય તેમાં જ ઘટિત થઈ શકે છે. પરંતુ કાળી, ધોળી અને ચિતકબરી વગેરે ગાયોમાં ઘટિત થતું નથી. અર્થાત્ આ લક્ષણ સમસ્ત ગાયોમાં ઘટિત ન થતાં ગાયજાતિના એક ભાગમાં ઘટિત થાય છે. અતઃ આ લક્ષણ અવ્યાપ્તિદોષથી યુક્ત છે. માટે 'रक्तत्वं गोर्लक्षणम् ।' એ ગાયનું લક્ષણ સ્વીકારી શકાય નહીં.

અતિવ્યાપ્તિદોષ : 'अतिव्याप्तिदोषः - लक्ष्यवृत्तित्वे सति अलक्ष्यवृत्तित्वमतिव्याप्तिः ।' જે લક્ષણ લક્ષ્યના સંપૂર્ણ ભાગમાં ઘટિત થતા થકા જે લક્ષ્ય નથી તેમાં પણ જે ઘટિત થાય તેને અતિવ્યાપ્તિદોષ કહેવામાં આવે છે. અર્થાત્ જે લક્ષણ લક્ષ્યમાં પણ રહે અને જે લક્ષ્ય નથી તેમાં પણ રહે. જેમકે, ગાયનું લક્ષણ કરવામાં આવે કે 'शृङ्गित्वं गोर्लक्षणम्' શીંગડાવાળી જે હોય તેને ગાય કહેવાય. પરંતુ આ લક્ષણ ગાયનું યોગ્ય નથી. કારણ કે, શીંગડા તો ગાયમાં

(જવ) શબ્દનો પ્રયોગ 'दीर्घशूक' (લાંબા અણીવાળા જવ) કરવો જોઈએ. 'प्रियंगु' (વૃક્ષ વિશેષ) નહીં.

૬૦. વિવરણથી શબ્દનો અર્થબોધ :- જે શબ્દના અર્થનું જ્ઞાન ન હોય ત્યારે તે શબ્દના વિવરણ (વ્યાખ્યા)થી અર્થનું જ્ઞાન થાય છે. જેમકે, 'पचति' આ પદનો અર્થ સ્પષ્ટ કરવા માટે 'पाकं करोति' (રાંધે છે) કહેવાથી 'पचति' શબ્દના અર્થનું જ્ઞાન થાય છે.

૬૧. રૂઢશબ્દથી અર્થબોધ :- 'अवयवार्थमनपेक्ष्य समुदायशक्तिमात्रेणार्थबोधकत्वं रूढत्वम्' - પ્રકૃતિ-પ્રત્યયરૂપી અવયવના અર્થોની અપેક્ષા વગર કેવળ સમુદાય શક્તિથી જે શબ્દ અર્થનો બોધ કરે તેને **રૂઢ** શબ્દ કહેવાય છે. અર્થાત્ જે શબ્દનો પરંપરાગત કોઈ નિશ્ચિત વસ્તુ કે વ્યક્તિ માટે જ પ્રયોગ થતો હોય તેને રૂઢ કહેવાય છે. જેમકે, ગાય. અહીં ગાય શબ્દમાં ગા તથા ય આ બે અક્ષરો છે તે બંને અક્ષરોનો અલગ-અલગ કોઈ જ અર્થ થતો નથી, પરંતુ બંને અક્ષરોના સમુદાયથી નિશ્ચિત ગળે ગોદડીવાળા વિશિષ્ટ પ્રાણીરૂપી અર્થનું જ્ઞાન કહેવાય. આમગાય શબ્દને એક રૂઢ શબ્દ કહેવાય છે. (પરમલઘુમંજૂષા - શક્તિનિરૂપણ)

૬૨. યોગરૂઢ શબ્દથી અર્થબોધ :- 'अवयवार्थसंवलितसमुदायशक्त्या अर्थबोधकत्वं योगरूढत्वम्' - પ્રકૃતિ-પ્રત્યયરૂપી અવયવોના અર્થ સંમિલિત થઈને સમુદાય શક્તિથી અર્થનો બોધ કરાવે તે શબ્દને **યોગરૂઢ** કહેવાય છે અર્થાત્ જે શબ્દનો પ્રકૃતિ-પ્રત્યયરૂપી અવયવનો અલગ અર્થ હોવા છતાં તે શબ્દનો પ્રયોગ કોઈ નિશ્ચિત વસ્તુ કે વ્યક્તિના બોધ માટે જ થતો હોય તે શબ્દને યોગરૂઢ કહેવાય છે. જેમકે, 'पङ्कजम्' - કમળ, આ શબ્દમાં 'पङ्के जातम् इति पङ्कजम्' આ વ્યુત્પત્તિ અનુસાર 'पङ्क+जन्' પ્રકૃતિ અને 'ड' પ્રત્યયરૂપી અવયવનો અર્થ થતો હોવા છતાં પણ પંકજ શબ્દનો અર્થ કેવળ 'કમળ' થાય છે. માટે 'પંકજ' શબ્દને યોગરૂઢ શબ્દ કહેવાય છે. (પરમલઘુમંજૂષા - શક્તિનિરૂપણ)

૬૩. યૌગિકશબ્દથી અર્થબોધ :- 'अवयवशक्त्यैवार्थबोधकत्वं यौगिकत्वम्' પ્રકૃતિ-પ્રત્યયરૂપી અવયવથી જે શબ્દ અર્થનો બોધ કરે તે શબ્દને યૌગિક શબ્દ કહેવાય છે. જેમકે, 'पाचकः' રાંધવાવાળો. આ શબ્દમાં 'पचति इति पाचकः' આ વ્યુત્પત્તિ અનુસાર 'पच्' પ્રકૃતિ 'अक' પ્રત્યય છે જેમાં 'पच्' ધાતુનો અર્થ રાંધવું થાય છે અને 'अक' પ્રત્યયનો અર્થ કર્તા થાય છે. તેથી 'पाचकः' શબ્દનો વ્યુત્પત્તિ અનુસાર અર્થ થાય છે રાંધવાવાળો. આમપ્રકૃતિ-પ્રત્યયથી બોધ થતો હોવાથી 'पाचकः' શબ્દને યૌગિક શબ્દ કહેવાય છે. (પરમલઘુમંજૂષા - શક્તિનિરૂપણ)

૬૪. યૌગિકરૂઢ શબ્દથી અર્થબોધ :- 'अवयवशक्त्या समुदायशक्त्या चार्थबोधकत्वम् योगिकरूढत्वम्' પ્રકૃતિ-પ્રત્યયરૂપી અવયવ શક્તિથી તથા માત્ર સમુદાય શક્તિથી જે શબ્દ અર્થનો બોધ કરાવે તેને યૌગિકરૂઢ શબ્દ કહેવાય છે. જેમકે, 'मण्डपः' આ મંડપ શબ્દના બે અર્થો થાય છે. જેમાં એક 'मण्डं पिबति इति मण्डपः' આ વ્યુત્પત્તિ અનુસાર 'मण्ड+पा' પ્રકૃતિ 'ड' પ્રત્યય છે જેમાં 'मण्ड+पा' પ્રકૃતિનો અર્થ ઓસામણ પીવું થાય છે અને 'ड' પ્રત્યયનો અર્થ કર્તા થાય છે. તેથી 'मण्डपः' શબ્દનો વ્યુત્પત્તિ અનુસાર અર્થ થાય છે - ઓસામણ પીવાવાળો. આમ, પ્રકૃતિ-પ્રત્યયથી બોધ થતો હોવાથી એક 'मण्डपः' શબ્દને યૌગિક શબ્દ કહેવાય છે અને બીજો 'मण्डपः' શબ્દનો અર્થ થાય છે - માંડવો. જ્યારે 'मण्डपः' શબ્દનો અર્થ માંડવો થાય છે ત્યારે 'मण्डपः' શબ્દ પ્રકૃતિ-પ્રત્યયરૂપી અવયવના અર્થોની અપેક્ષા વગર કેવળ સમુદાય શક્તિથી અર્થનો બોધ કરે છે તેથી 'मण्डपः' શબ્દને એક રૂઢ શબ્દ પણ કહેવાય છે. (પરમલઘુમંજૂષા - શક્તિનિરૂપણ)

'युधिष्ठिरस्य या कन्या नकुलेन विवाहिता । भीमसेनस्य या माता सा देवी वरदायिनी ।।' આ શ્લોકમાં આવેલા શબ્દો યૌગિકરૂઢ શબ્દો છે તેથી તેમના બે અર્થો થશે. જેમકે -

૧. યુધિષ્ઠિર - 'युधि स्थिरः यः असौ इति युधिष्ठिरः' આ વ્યુત્પત્તિ અનુસાર યુધિષ્ઠિર શબ્દનો યૌગિક અર્થ કર્યે તો યુગોથી યુદ્ધમાં જે સ્થિર છે તે

હોય છે તેમજ ગાયથી ભિન્ન ભેંસ, બકરી વગેરે પશુઓમાં પણ હોય છે અર્થાત્ આ લક્ષણ સમસ્ત ગાયોમાં ઘટિત થતા થકા ગાયથી ભિન્ન શીંગડાવાળા પ્રાણીઓમાં પણ ઘટિત થાય છે તેથી આ લક્ષણ અતિવ્યાપ્તિદોષથી યુક્ત છે. માટે 'शृङ्गित्वं गोर्लक्षणम्' એ ગાયનું લક્ષણ સ્વીકારી શકાય નહીં.

असंभवदोष : 'असम्भवदोषः - लक्ष्यमात्रावृत्तित्वम् ।' લક્ષ્યના એક પણ ભાગમાં લક્ષણ સંભવિત થતું ન હોય તેને અસંભવદોષ કહેવામાં આવે છે. જેમકે, ગાયનું લક્ષણ કરવામાં આવે કે 'एकशफवत्त्वं गोर्लक्षणम्' એક ખરીવાળી જે હોય તેને ગાય કહેવાય. પરંતુ આ લક્ષણ ગાય માટે યોગ્ય નથી. કારણ કે, એક ખરી તો ઘોડાઓમાં અને ગર્દભમાં જ સંભિવત છે, પરંતુ ગાયજાતિઓમાં નહિ તેથી આ લક્ષણ અસંભવદોષથી યુક્ત છે. માટે 'एकशफवत्त्वं गोर्लक्षणम्' એ ગાયનું લક્ષણ સ્વીકારી શકાય નહીં.

અવ્યાપ્તિ, અતિવ્યાપ્તિ અને અસંભવ આ ત્રણ દોષથી રહિત અસાધારણ ધર્મવાળું લક્ષણ જ **वास्तविक लक्षण** હોય છે અને તે જ તે લક્ષ્યનો અસાધારણ ધર્મ પણ હોય છે. જેમકે, ગાયનું લક્ષણ કરવામાં આવે કે 'सास्नादिमत्त्वं गोर्लक्षणम्' ગળે ગોદડીવાળી જે હોય તેને ગાય કહેવાય છે. ગળે ગોદડી માત્ર ગાયોને જ હોય છે અન્યત્ર કોઈને પણ નહિ. અતઃ 'सास्नादिमत्त्वं गोर्लक्षणम्' એ ગાયનું લક્ષણ સ્વીકારી શકાય છે. તેવી રીતે 'गन्धवत्त्वं पृथिव्याः लक्षणम्' ગંધ જેમાં હોય તેને પૃથ્વી કહેવાય છે. ગંધ માત્ર પૃથ્વીમાં જ હોય છે અન્યત્ર ક્યાંય પણ નહિ. અતઃ ગંધ યુક્ત હોવું એ પૃથ્વીનો અસાધારણ ધર્મ છે અને અવ્યાપ્તિ, અતિવ્યાપ્તિ અને અસંભવ આ ત્રણ દોષથી રહિત છે. તેથી 'गन्धवत्त्वं पृथिव्याः लक्षणम्' આ પૃથ્વીનું લક્ષણ માની શકાય છે. પરંતુ સર્વત્ર લક્ષ્યનું લક્ષણ કરી શકાય નહિ.

वेदनुं प्रामाण्यम् : વેદધર્માવલંબિઓ વેદને પ્રમાણ-સત્ય જ્ઞાનના સાધન તરીકે માને છે. વેદમાં ચારેય વેદો, બ્રાહ્મણો, આરણ્યકો તથા ઉપનિષદોનો સમાવેશ કરવામાં આવે છે અને તેમને **શ્રુતિ** કહેવામાં આવે છે. સનાતન સ્મૃતિઓ, ઈતિહાસો તથા પુરાણોને પણ પ્રમાણ તરીકે સ્વીકારે છે. પરંતુ જ્યાં આ સર્વેનો પરસ્પર વિરોધ હોય ત્યાં ઈતિહાસ, પુરાણ કરતા સ્મૃતિઓનું પ્રામાણ્ય ચઢતું અને સ્મૃતિઓથી શ્રુતિઓનું ચઢતું એવો નિયમમાને છે. શ્રુતિશાસ્ત્ર અથવા સાંપ્રદાયિક શાસ્ત્રના પ્રમાણને મૂકીને કેવળ 'बापा वाक्यं प्रमाणम्'નો સિદ્ધાંત જ સ્વીકારવો તે બુદ્ધિની નિર્બળતા સૂચવે છે. તથા 'बापा वाक्यं प्रमाणम्' જ સાંપ્રદાયિક ધર્મગ્રંથનો અભ્યાસ કરતા અટકાવે છે. અમુક માન્યતામાં બંધાઈ જવા કરતા શાસ્ત્રના તત્ત્વજ્ઞાનથી માહિત થઈ બુદ્ધિને કસી આગળ વિચાર કરવો જોઈએ, જેથી આપણી કૂપમંડૂકતા ટળે. શાસ્ત્રો એ ઘણા સમયના અનેક આપ્તપુરુષોના અનુભવ ઉપર રચાયેલા છે અને એ અનુભવનો આપણે લાભ લેવો ન જોઈએ ? આટલા પ્રાચીન સમયમાં બીજી કોઈ પ્રજામાં આટલું ઊંચું તત્ત્વજ્ઞાન મળી આવતું નથી. હવે આવો પિતાના અમૂલ્ય રત્નો ભરેલો ખજાનાનો વારસો ક્યો પુત્ર જતો કરે !

હવે પ્રામાણ્ય એટલે શું ? તે સમજવું જોઈએ. પ્રામાણ્ય એ ન્યાયશાસ્ત્રનો પારિભાષિક શબ્દ છે. ન્યાયશાસ્ત્રના સર્વ સિદ્ધાંતો અન્ય દર્શનનોને માન્ય નથી, પણ ન્યાયશાસ્ત્રમાં યોજેલી સિદ્ધાંતના **निर्णयनी पद्धति** સર્વશાસ્ત્રોને લગભગ સર્વાંશે માન્ય છે એમજરૂર કહી શકાય. સર્વશાસ્ત્રોમાં એ પદ્ધતિથી વિચાર કરવામાં આવ્યો છે. જે વાક્ય કે જે શાસ્ત્ર અમુક વસ્તુનો યથાર્થ અનુભવ કરાવતું હોય, તે વાક્યનું કે તે શાસ્ત્રનું તે વસ્તુના યથાર્થ અનુભવ માટે પ્રામાણ્ય-પ્રમાણરૂપ હોવાપણું ગણાય છે. 'यथार्थानुभवः प्रमा ।' યથાર્થ અનુભવ તે પ્રમાણ. જે અનુભવજ્ઞાન ફલવત્ પ્રવૃત્તિજનન યોગ્ય હોય તેને યથાર્થ કહેવામાં આવે છે, અમુક વસ્તુ જોવામાં આવતા, તેની પાસે જઈ તે લેતા, તે જ જોયેલી વસ્તુની પ્રાપ્તિ થાય, તો તે પ્રવૃત્તિ ફળવાળી કહી શકાય. જેમકે, દૂરથી આમ્રફળ જોવામાં આવ્યું હોય, તેની પાસે જઈ લેતા આમ્રફળ જ મળે તો તે પ્રથમનો આમ્રફળ જોવા રૂપ અનુભવ યથાર્થ છે. જો પત્થર મળે તો પ્રથમનો અનુભવ ભ્રમછે. 'प्रमाकरणं प्रमाणम् ।' યથાર્થ અનુભવ રૂપ પ્રમાણનું કરણસાધન તે **પ્રમાણ** કહેવાય છે. પ્રમાણો **છ પ્રકાર**ના છે. (૧)

પ્રત્યક્ષ (૨) અનુમાન (૩) ઉપમાન (૪) શબ્દ (૫) અર્થાપત્તિ (૬) અનુપલબ્ધિ. વૈશેષિક મતમાં પ્રથમના બે, ન્યાયમતના પ્રથમના ચાર અને અદ્વૈતવેદાંતમાં ઉપર કહ્યા તે છ પ્રમાણો મનાયા છે.

૬૬. પ્રત્યક્ષ પ્રમાણ :- 'इन्द्रियार्थसन्निकर्षोत्पन्नं ज्ञानं प्रत्यक्षम् ।' ઈન્દ્રિય અને વસ્તુ એના સંયોગથી જે જ્ઞાન થાય છે તે પ્રત્યક્ષ. તે જ્ઞાન જો યથાર્થ હોય તો તે પ્રત્યક્ષ પ્રમાણ કહેવાય છે. પ્રત્યક્ષ જ્ઞાનના સાધનો ઈન્દ્રિયો છે. પ્રથમપ્રત્યક્ષ પ્રમાણરૂપ ઈન્દ્રિયો છે. ઈન્દ્રિયોના સાધન સિવાય કોઈપણ વસ્તુનું પ્રત્યક્ષ જ્ઞાન થતું નથી. ઘટ, પટ વગેરે પદાર્થનું જોવાથી જ્ઞાન થાય છે.

૬૭. અનુમાન પ્રમાણ :- અનુમિતિનું સાધન તે અનુમાન. પર્વત પર ધુમાડો જોવાથી અગ્નિ નજરે નહિ પડવા છતાં પર્વત પર અગ્નિ છે. તેવું જે જ્ઞાન-અનુમિતિ થાય છે તેને અનુમાન કહેવામાં આવે છે. જ્યાં જ્યાં ધુમાડો હોય ત્યાં ત્યાં અગ્નિ હોવો જોઈએ એ વ્યાપ્તિ જ્ઞાન મનુષ્યોને સાધારણ રીતે હોવાથી પર્વત પર ધુમાડો જોવાથી ત્યાં અગ્નિ છે એવું અનુમાન થાય છે.

૬૮. ઉપમાન પ્રમાણ :- અજ્ઞાત વસ્તુ અમુક બીજી વસ્તુ જેવી છે એમજાણવાથી તે અજ્ઞાત વસ્તુ જોવામાં આવતા તે જ્ઞાત બીજી વસ્તુના જેવી જણાવવાથી તે અમુક જ વસ્તુ છે એવું જે જ્ઞાન-ઉપમિતિ થાય છે તે **ઉપમાન** કહેવાય છે. ખચ્ચર જેણે જોયું નહિ હોય તેને કહેવામાં આવે કે ખચ્ચર કંઈક મોટા ગર્દભ જેવું અને કંઈક નાના ઘોડા જેવું છે, તો ખચ્ચર જોવામાં આવતા તે મોટા ગર્દભ તથા નાના ઘોડા જેવું જાણવાથી એ જ ખચ્ચર છે એમજ્ઞાન થાય છે તે ઉપમાન છે. ઉપમિતિનું સાધન તે ઉપમાન.

૬૯. શબ્દ પ્રમાણ :- અમુક શબ્દો કહેવાથી જે યથાર્થ શબ્દ જ્ઞાન થાય તે શબ્દ પ્રમાણ કહેવાય છે. જેમકે, કાશી ગંગા નદીના કિનારા પર છે. જેણે કાશી કે ગંગા ન જોયા હોય તેને જેણે તે જોયા હોય તેના કહેવાથી જે શાબ્દિક યથાર્થ જ્ઞાન થાય છે તે શબ્દ પ્રમાણ ગણાય છે. જ્ઞાન માટે બાળકોએ દરરોજ ભણવું એવી જે આજ્ઞા તે વિધિવાક્ય કહેવાય છે. લોકના વિશ્વાસપાત્ર થવા માટે અસત્ય બોલવું નહિ તે નિષેધ વાક્ય કહેવાય છે. વિધિ-નિષેધ સિવાયના વાક્ય અર્થવાદ ગણાય છે. જેમકે, અગ્નિ ટાઢનું ઔષધ છે.

લૌકિક વાક્ય-સામાન્ય મનુષ્યોના વાક્ય, કોઈક પ્રમાણ અને કોઈક અપ્રમાણ હોય છે. ઉપરના વાક્યો છે તે પ્રમાણરૂપ છે. સૂર્ય પૃથ્વીની આસપાસ ફરે છે એ લૌકિક વાક્ય અપ્રમાણ છે. ખગોળના જ્ઞાનથી આપણે જાણીએ છીએ કે સૂર્ય પૃથ્વીની આસપાસ ફરતો નથી, પણ પૃથ્વી સૂર્યની આસપાસ ફરે છે. વેદવાક્ય સર્વ પ્રમાણ છે, કારણ કે તે પરમાત્માના વાક્ય છે.

૭૦. અર્થાપત્તિ પ્રમાણ :- અમુક જ્ઞાન થવાથી બીજું જ્ઞાન માની લેવામાં આવે - સહજ થાય તેને અર્થાપત્તિ કહેવામાં આવે છે. અર્થાપત્તિનો સમાવેશ નૈયાયિકો અનુમાનમાં કરે છે. સ્થૂલ (જાડા) શરીરનો દેવદત્ત દિવસે જમતો નથી તો રાત્રે જમતો હોવો જોઈએ. કારણ કે, જમ્યા વિના સ્થૂળ શરીર હોવાપણું સંભવતું નથી. આ પ્રકારનું જે જ્ઞાન થાય છે તે અર્થાપત્તિથી થાય છે.

૭૧. અનુપલબ્ધિ પ્રમાણ :- અમુક સ્થળે અમુક વસ્તુ નહિ હોવાથી ત્યાં તે વસ્તુના અભાવનું જે જ્ઞાન થાય છે તેને અનુપલબ્ધિ કહેવાય છે. જેમકે, અહીં ઘડો નથી.

પ્રામાણ્ય સ્વતોગ્રાહ્ય છે કે પરતોગ્રાહ્ય છે એ જાણવું જોઈએ. જો પ્રામાણ્ય સ્વતોગ્રાહ્ય માનીએ તો જોવામાં આવતું જળ પ્રમા-સત્યજ્ઞાન છે કે અસત્યજ્ઞાન છે. જળ છે જે કાંઈ બીજું છે એવો સંશય થવો જોઈએ નહિ. પરંતુ સંશય થાય છે તે ઉપરથી પ્રામાણ્ય સ્વતોગ્રાહ્ય નથી એમજણાય છે.

દૂરથી જણાતું જળ ખરેખર જળ જ છે એમનિશ્ચય નહિ થઈ શકતો હોવા છતાં જળ માટે તૃષાતુર મનુષ્ય પ્રવૃત્તિ કરે છે. જો જળ પ્રાપ્ત થાય છે તો માને છે કે મને જે પ્રથમજળનું જ્ઞાન થયું હતું તે સાચું હતું. જો પાસે જતા જણાય કે અહીં જળ નથી પણ માત્ર મૃગતૃષ્ણિકા ઝાંઝવાનું જળ છે, તો તે માને છે કે મને પ્રથમજળનું જ્ઞાન થયું હતું તે સત્ય જ્ઞાન ન હતું પણ ભ્રમજ્ઞાન હતું. પ્રથમનું જ્ઞાન જો સમર્થ પ્રવૃત્તિ જનક હોય - પ્રવૃત્તિ કરતા સફળ નિવડે તો સત્ય જ્ઞાન છે, એમનિશ્ચિત થાય છે. માટે જ્ઞાનનું પ્રામાણ્ય સ્વતઃ નથી, જ્ઞાન થતાની સાથે તેના સત્યત્વનો નિર્ણય થતો નથી, પરંતુ પરતઃ, સફળ પ્રવૃત્તિનું જનક થવાથી તેના સત્યત્વનો નિર્ણય થાય છે. આ રીતે નૈયાયિકો પ્રામાણ્યને સ્વતઃ ગ્રાહ્ય માનતા નથી, પરંતુ પરતઃ ગ્રાહ્ય માને છે. આ વિષયમાં જુદા જુદા શાસ્ત્રોના મતો અલગ-અલગ પડે છે અને તેના સમર્થનમાં પ્રૌઢવાદો થયેલા છે.

વેદાંતીઓ પ્રામાણ્યને **સ્વતઃ ગ્રાહ્ય** માને છે. જો પ્રામાણ્યને પરતઃ ગ્રાહ્ય માનીએ તો આત્માનું પ્રામાણ્ય નિશ્ચિત થશે નહિ. આત્મા સ્વયં પ્રકાશ છે અને એનું પ્રામાણ્ય સ્વતઃ ગ્રાહ્ય છે. જો આત્માને પરતઃ ગ્રાહ્ય માનીએ તો આત્માના પ્રામાણ્ય માટે બીજો આત્મા, તેના પ્રામાણ્ય માટે ત્રીજો આત્મા, એમઅનવસ્થા થશે માટે આત્મા સ્વતઃ પ્રમાણ છે. સૂર્ય સ્વયં પ્રકાશ હોવાથી તેનું પ્રામાણ્ય સ્વતઃ ગ્રાહ્ય છે. સૂર્યના પ્રામાણ્ય માટે બીજા કોઈની આવશ્યકતા નથી. પ્રથમજળ જ્ઞાનમાં સંશય થાય છે એનું કારણ દૂરથી જોવું એ અથવા દૃષ્ટિમાં એ પ્રકારનો દોષ છે. દૃષ્ટિમાં દોષ ન હોય અને દૂરથી જોવાનું ન હોય તો જળનું પ્રથમજ્ઞાન જ વ્યાવહારિક-લૌકિક સત્ય જ્ઞાન હોય શકે છે. અને પ્રામાણ્ય સ્વતઃ ગ્રાહ્ય છે પરતઃ ગ્રાહ્ય નથી.

ઉપર કહેલા છ પ્રમાણોમાં મુખ્ય **પ્રત્યક્ષ પ્રમાણ** છે. અનુમાન, ઉપમાન, લૌકિક શબ્દ, અર્થાપત્તિ અને અનુપલબ્ધિ એ બધા પ્રમાણોની સિદ્ધિ પ્રત્યક્ષ પ્રમાણના પ્રમાત્વપર અવલંબેલી છે. જો પ્રત્યક્ષ પ્રમાણનું પ્રમાત્વ સિદ્ધ થાય નહિ તો બીજા પ્રમાણોનું પ્રમાત્વ સિદ્ધ થાય નહિ. જેમકે, પર્વત વહ્નિવાળો છે. કારણ કે તેના પર ધુમાડો છે. હવે ધુમાડાનું પ્રત્યક્ષ જ્ઞાન જો પ્રમાણવાળું હોય તો પર્વત વહ્નિવાળો છે એવું અનુમાન સાચું થાય. પણ ધુમ્મસને ધુમાડો માન્યો હોય તો ધુમાડા જેવા દેખાતા ધુમ્મસવાળો પર્વત હોવાથી પર્વત પર વહ્નિ સિદ્ધ થતો નથી. હેતુનું પ્રત્યક્ષ જ્ઞાન પ્રમાણવાળું હોવું જોઈએ અર્થાત્ પ્રત્યક્ષ જ્ઞાન પ્રમાણવાળું છે એમપ્રથમસિદ્ધ થાય તો પ્રત્યક્ષ જ્ઞાન પર અવલંબેલા બીજા પ્રમાણોમાં પ્રમાત્વ સિદ્ધ થાય.

પ્રત્યક્ષ પ્રમાણ જો સ્વતઃ પ્રમાણ હોય તો ભ્રમથાય નહિ એમ**નૈયાયિકો** કહે છે અને તેને માટે તેઓ પરતઃ પ્રમાણ માને છે. પરતઃ પ્રમાણ માનવામાં આગળ કહ્યું તેમઅનવસ્થા, આત્માશ્રય, અન્યોન્યાશ્રય, ચક્રિકા વગેરે દોષો આવે છે.

વેદધર્માનુયાયીઓ વેદ, બ્રાહ્મણ, આરણ્યક, ઉપનિષદ્ વગેરે જેનો **શ્રુતિ** શબ્દમાં સમાવેશ થાય છે તેને સર્વાંશે પ્રમાણ રૂપ માને છે. વેદના પ્રમાણ્યનું ખંડન કરવા બૌદ્ધ તથા જૈનધર્મો જ્યારે પૂર જોશમાં હતા ત્યારે **પ્રયત્નો** થયા હતા.

મનુષ્યોને ભ્રમથાય છે કે નહિ ?

મનુષ્યોને ભ્રમથાય છે.

વેદકર્તા ઋષિઓ મનુષ્ય હતા કે નહિ ?

મનુષ્યો હતા.

ઋષિઓ મનુષ્યો હોવાથી ભ્રમપાત્ર છે માટે તેમના રચેલા વેદો ભ્રમમૂલક-ભ્રમરૂપ છે માટે પ્રમાણ નથી. આવા વેદધર્મ વિરોધીઓએ **કુતર્કો** કર્યા હતા. જાણે આ કુતર્ક તેમના ધર્મના આચાર્યોના રચેલા ગ્રંથોને લાગું ન પડતા હોય ! ઉપરના જેવો પણ **વિરુદ્ધ સિદ્ધાંત** ફલિત કરતો **તર્ક** કરી શકાય.

'મનુષ્યોને સત્ય જ્ઞાન થાય છે. વેદકર્તા ઋષિઓ મનુષ્ય હતા. માટે ઋષિના રચેલા વેદો સત્ય જ્ઞાનવાળા છે.'

વેદધર્માનુયાયીઓ વેદને **ઈશ્વર પ્રણીત** માને છે એટલે તેમાં ભ્રમનો સંભવ નથી. પરમાત્મા અને ઈશ્વર **અચિંત્ય પદાર્થો** છે તેને તર્ક સિદ્ધ કરી શકતો નથી. 'तर्काप्रतिष्ठानात्' (૨-૧-૧૧) એ બ્રહ્મસૂત્રમાં તર્કને અપ્રતિષ્ઠિત ગણ્યો છે.

વૈદિક ધર્મ એ માણસે નિર્માણ કરેલો ધર્મ નથી. કોઈ એક વ્યક્તિ આપણા ધર્મની સંસ્થાપક નથી. એ જ તેની **વિશિષ્ટતા** છે. આવું બીજા ધર્મોની બાબતમાં નથી. ઈસ્લામધર્મ મહમદ પયગંબરે, ખ્રિસ્તી ધર્મ ઈસુએ, બૌદ્ધ ધર્મ ભગવાન બુદ્ધે સ્થાપેલો છે. તેથી દરેક ધર્મ ઉપર તેના **સંસ્થાપક**ની **અસર** પડી છે.

બુદ્ધનો ધર્મ અહીં (ભારતમાં) એક હજાર વર્ષ સુધી ટક્યો હતો. એ વિચારનો જબરદસ્ત પ્રચાર થયો હતો એટલું જ નહિ રાજ્યસત્તાએ અઢળક સંપત્તિ ખર્ચી બૌદ્ધ ધર્મને રાજધર્મ અને પ્રજાધર્મ બનાવવા પ્રયત્ન કર્યો હોવા છતાં પણ બૌદ્ધધર્મને અહીંથી ભાગવું કેમપડ્યું ?

મુસલમાનોએ ભારતમાં પાંચસો વર્ષ સર્વોચ્ચ સત્તા અને સમૃદ્ધિના સિંહાસન પર બેસી એકહથ્થુ રાજસત્તા ચલાવ્યા છતાં પણ ભારતમાં વૈદિક ધર્મ અને હિન્દુ સમાજ ટક્યો છે. મધ્યયુગમાં સ્પેનમાં મુસલમાનો સત્તા ઉપર આવતા જ આખું સ્પેન મુસલમાન થઈ ગયેલું જોવા મળે છે. ત્યારબાદ ફર્ડિનાન્ડ અને ઈસાબેલા જેવા ચુસ્ત ખ્રિસ્તીઓ આવતા ત્યાંની પ્રજા પણ ખ્રિસ્તી થઈ હતી. ત્યારબાદ ફરી મુસલમાનો સત્તા પર આવતા તે પ્રજા પાછી મુસલમાન થઈ. જ્યારે ભારતમાં જુદાં જુદાં ધર્મના રાજાઓ હોવા છતાં પણ **વૈદિક ધર્મ** ટકી રહ્યો. ખ્રિસ્તી ધર્મના વંટોળિયાએ આખા યુરોપને ખ્રિસ્તી કરી નાખ્યું, પરંતુ તે જ ખ્રિસ્તી ધર્માનુયાયીઓએ ભારતના સિંહાસન પર બસો વર્ષ રાજ્ય કર્યા છતાં વૈદિકધર્મને કંઈ જ અસર કરી શક્યા નથી. જે બૌદ્ધધર્મે ચીન, જાપાનને આંજી પોતાના કરી લીધા. તેને અહીંથી કેમભાગવું પડ્યું ? વાસ્તવમાં તેના ઉદ્ગાતા બુદ્ધનો જન્મઅહીં ભારતમાં જ થયો હતો. આ બુદ્ધ ધર્મને તો રાજ્યાશ્રમમળ્યો હતો. રાજ્યસંપત્તિ તે ધર્મના પ્રચારમાં ખર્ચાઈ હતી. અશોક અને હર્ષ જેવા સમ્રાટોએ તેને રાજધર્મ બનાવ્યો હતો. તેના વર્તન વ્યવહારમાં છૂટછાટ હતી.આમછતાં તેને અહીંથી શા માટે ભાગવું પડ્યું ? અહીં બૌદ્ધધર્મ ખૂબજ પ્રચલિત હતો, છતાં પણ વૈદિક સમાજ અને વૈદિક સંસ્કૃતિ કેમઅણનમરહ્યા ? વૈદિક ધર્મમાં ખ્રિસ્તી ધર્મ જેવું બાહ્ય કર્મકાંડ; જેવું કે ચર્ચમાં જવું, સંઘ પ્રાર્થના કરવી વગેરે ન હોવા છતાં પણ તે કેમટકી રહ્યો ? વળી, અહીં એવું પણ જોવા મળે છે કે એક જ ઘરમાં પિતા શિવભક્ત હોય અને પુત્ર વિષ્ણુભક્ત હોય માતા દેવી ઉપાસક હોય અને દીકરી રામની ભક્તિ કરતી હોય. એક જ થાળીમાં સાથે જમવા બેસતા નથી. ધર્મના આચાર-વિચારમાં બધા પાસે સમાન સાધન હોવું જ જોઈએ એવો પણ આગ્રહ નથી, છતાં વૈદિક ધર્મમાં એવું તે શું હશે કે તેણે સમાજને પકડી રાખ્યો છે ?

એક એવો પણ સમય હતો કે જ્યારે વિરાટ ગ્રીક સેનાની આગેકૂચના નિનાદથી ધરણી ધ્રુજી ઊઠતી. ગ્રીકોની એ પ્રાચીન ભૂમિનું આજે પૃથ્વીના પટ પરથી નામોનિશાન ભૂંસાઈ ચૂક્યું છે. આજે કહેવાતી એની કથાઓની એક વાત રહેવા પામી નથી. એક એવો પણ સમય હતો કે જ્યારે રોમન ગરુડે જગતમાં જે કાંઈ લેવા જેવું હતું તેના પર તરાપ મારી હતી. જ્યાં જુઓ ત્યાં રોમન સત્તા દૃષ્ટિગોચર થાતી. કહો કે માનવતાને માથે ઠોકી બેસાડવામાં આવતી. રોમનના નામમ્રત્રવણે ધરા ધ્રુજી ઊઠતી હતી, પરંતુ આજે એ કેપીટોલાઈન ટેકરી ભંગારનો ઢગલો છે. જ્યાં સીઝરો રાજ્ય કરતા હતા ત્યાં આજે કરોળિયા બાજી ગયા છે. એવા જ મુલકમશહૂર બીજા ઘણા બધા રાષ્ટ્રો ઊગ્યા અને આથમ્યા. વિરાટ સત્તાધીશ બની દુષ્ટ રાષ્ટ્રીય જીવન જીવી વૈભવ-વિલાસના થોડા કલાકો તેણે માણી લીધા. પછી સિંધુ સપાટીએ તરતા બુદ બુદાની પેઠે અદૃશ્ય થયા. માનવતાના મુખારવિંદ પર આ રાષ્ટ્રો આવી છાપ મૂકી ગયા છે.

પરંતુ આપણે હજી જીવીએ છીએ. કદાચ આજે પણ મનુ ભગવાન પાછા વળે તો એમને દિગ્મૂઢ બની જતા વાર નહિ લાગે. કોઈ પારકી ભૂમિપર પોતે આવી ગયા છે એવું એમને નહિ લાગે. આજે પણ અસલની એ **પ્રણાલીઓ** મોજૂદ છે. હજારો વર્ષો વીતી ચૂક્યા છે છતાં એ જ કાયદાઓ વ્યવસ્થિત થાય છે ને વિચારાય છે. યુગોના બુદ્ધિ પ્રભાવથી અને સદીઓના અનુભવથી પરિપાક પામેલા **રીતિરિવાજો** આજે પણ મોજૂદ છે. જાણે અનંતકાળ ટકી રહેવા સર્જાયા ન હોય ! દિવસો પર દિવસો વીતે છે. કમનસીબીના પ્રહાર પર પ્રહારો એમના પર ઝીંકાય છે, પરંતુ એ પ્રહારની માત્ર એક જ અસર થઈ છે. એથી વધુ **જોમ** પૂરાયું છે ને **અડગતા** પ્રાપ્ત થઈ છે. આ છે વૈદિક ધર્મની ગરિમા ! આ છે ભારતીયોની ગરિમા !

વેદાંત દર્શનમાં શ્રીશંકરાચાર્યે પરબ્રહ્મનું અદ્વૈત તરીકે નિરૂપણ કર્યું છે. શ્રીભાસ્કરાચાર્યે ભેદાભેદ, શ્રીરામાનુજાચાર્યે વિશિષ્ટાદ્વૈત, શ્રીમધ્વાચાર્યે દ્વૈત, શ્રીનિમ્બાર્કાચાર્યે દ્વૈતાદ્વૈત, શ્રીકંઠાચાર્યે શૈવવિશિષ્ટાદ્વૈત, શ્રીપતિ આચાર્યે વીરશૈવવિશિષ્ટાદ્વૈત, શ્રીવલ્લભાચાર્યે શુદ્ધાદ્વૈત, શ્રીવિજ્ઞાનભિક્ષુએ અવિભાગાદ્વૈત, શ્રીબલદેવે અનિત્ય ભેદાભેદ અને શ્રીચૈતન્યમહાપ્રભુએ અચિન્ત્યદ્વૈતાદ્વૈત તરીકે પરબ્રહ્મનું નિરૂપણ કરેલું છે.

'एकं सद् विप्रा बहुधा वदन्ति' એ શ્રુતિ અનુસાર પરબ્રહ્મને તર્કશાસ્ત્રમાં કર્તા, સાંખ્યશાસ્ત્રમાં પુરુષ, યોગશાસ્ત્રમાં ઈશ્વર, મીમાંસાશાસ્ત્રમાં કર્મ, વેદાંતશાસ્ત્રમાં બ્રહ્મ, બૌદ્ધશાસ્ત્રમાં બુદ્ધ અને જૈનશાસ્ત્રમાં અર્હન્ નામથી કહ્યા છે. કોઈ કહે છે યજ્ઞ કરવાથી પરબ્રહ્મની પ્રાપ્તિ થાય છે. તો કોઈ કહે છે યોગ કરવાથી, કોઈ કહે છે જ્ઞાનબલથી, તો કોઈ કહે છે સાધનાબલથી, કોઈ કહે છે અભ્યાસબલથી, તો કોઈ કહે છે નિર્વાણથી પરબ્રહ્મની પ્રાપ્તિ થાય છે.

વેદો બ્રહ્મ ને સર્વજ્ઞ સર્વનિયંતા સર્વશક્તિમાન કહે છે, શિવોપાસક શિવને કહે છે. વૈષ્ણવો પુરુષોત્તમકહે છે. યાજ્ઞિકો યજ્ઞપુરુષ કહે છે. સૌગતબૌદ્ધિકો સર્વજ્ઞ કહે છે. જૈનદિગમ્બરો નિરાવરણ કહે છે. મીમાંસકો ઉપાસ્ય કહે છે. ચાર્વાકાચાર્ય લોકવ્યવહાર કહે છે. શિલ્પીઓ વિશ્વકર્મા કહે છે. યોગશાસ્ત્રીઓ બ્રહ્મ ને તેજોમય જ્ઞાનાત્મક કહે છે.

૧. બૌદ્ધદર્શનમાં **'चित्तस्य निःक्लेशावस्थारूपो निरोधो मुक्तिर्निगद्यते'** ક્લેશરહિત અવસ્થારૂપ નિરોધને મોક્ષ કહ્યો છે.

૨. સાંખ્યદર્શનમાં **'विवेकज्ञानात्पुरुषस्य यः प्रकृतेर्वियोगो भवति स मोक्षः'** વિવેકખ્યાતિ દ્વારા પુરુષનો પ્રકૃતિથી જે વિયોગ થાય છે તેને મોક્ષ કહ્યો છે.

૩. ન્યાયશાસ્ત્રમાં **'नित्यसंवेद्यमानेन सुखेन विशिष्टात्यन्तिको दुःखनिवृत्तिः पुरुषस्य मोक्षः'** શરીરાદિ એકવીશ દુઃખોનો આત્યંતિક ધ્વંશને મોક્ષ કહ્યો છે.

૪. જૈનદર્શનમાં **'कृत्स्नकर्मक्षयो मोक्षः'** સર્વ કર્મના ક્ષયને મોક્ષ કહ્યો છે.

૫. વૈશેષિકદર્શનમાં **'बुद्धिसुखदुःखेच्छाधर्माधर्मप्रयत्नभावनाख्य-संस्कारद्वेषाणां नवानामात्मविशेषगुणानामुच्छेदो मोक्षः ।'** બુદ્ધિ, સુખ, દુઃખ, ઈચ્છા, ધર્મ, અધર્મ, પ્રયત્ન, ભાવના, સંસ્કાર અને દ્વેષ આ જે નવ આત્માના વિશેષ ગુણો છે તેના વિનાશને મોક્ષ કહ્યો છે.

૬. અદ્વૈતતત્ત્વદર્શનના પુરસ્કર્તા શ્રીશંકરાચાર્યના મતાનુસાર **'प्रपञ्चविलयो मोक्षः'** પ્રપંચના નાશને મોક્ષ કહ્યો છે.

૭. વિશિષ્ટાદ્વૈત તત્ત્વદર્શનના પુરસ્કર્તા શ્રીરામાનુજાચાર્યના મતાનુસાર **'सर्वकर्तृत्वमेकं विहाय वासुदेवस्य सर्वज्ञत्वादीनां कल्याणगुणानामाप्तिमत्त्वे सति भगवद्याथात्म्यानुभवः'** સર્વકર્તાપણાને છોડીને વાસુદેવ ભગવાનના કલ્યાણકારી ગુણોની પ્રાપ્તિ થવાથી ભગવાન જેવો અનુભવ થાય છે તેને મોક્ષ કહ્યો છે.

૮. દ્વૈતતત્ત્વદર્શનના પુરસ્કર્તા શ્રીમધ્વાચાર્યના મતાનુસાર **'जगत्कर्तृत्व-लक्ष्मीपतित्व-श्रीवत्सवर्जं भगवद्ज्ञानायत्तनिर्दुःखपूर्णसुखम्'** જગત્કર્તાપણું લક્ષ્મીપતિપણું અને શ્રીવત્સને છોડીને ભગવાનના જ્ઞાનને આધીન જે દુઃખનો અભાવ અને પૂર્ણ સુખ તેમની પ્રાપ્તિ થવી તેને મોક્ષ કહ્યો છે.

૯. શુદ્ધાદ્વૈતતત્ત્વદર્શનના પુરસ્કર્તા શ્રીવલ્લભાચાર્યના મતાનુસાર **'द्विभुजकृष्णेन सह स्वांशभूतानां जीवानां गोलोके लीलानुभवः'** દ્વિભુજ શ્રીકૃષ્ણની સાથે શ્રીકૃષ્ણના અંશભૂત જીવોને ગોલોકમાં જે લીલાનો અનુભવ થવો તેને મોક્ષ કહ્યો છે.

૧૦. ભેદાભેદતત્ત્વદર્શનના પુરસ્કર્તા શ્રીભાસ્કરાચાર્યના મતાનુસાર **'जीवस्य लिङ्गशरीरापगमः'** જીવના લિંગ શરીરના નાશને મોક્ષ કહ્યો છે.

૧૧. ત્રિદંડી સંપ્રદાયના મતાનુસાર **'आनन्दमयपरमात्मनि जीवात्मलयः'** આનંદમય પરતામામાં જીવાત્માનો લય થવો તેને મોક્ષ કહ્યો છે.

૧૨. અભિનવગુપ્તાચાર્યના મતાનુસાર **'पूर्णात्मत्वलाभः'** પૂર્ણાત્મતાના લાભને મોક્ષ કહ્યો છે.

૧૩. પાશુપતસંપ્રદાયના મતાનુસાર **'पाशुपतधर्माचरणात् पशुपतिसमीपगमनमेव पुनरावृत्तिरहितम्'** પાશુપતના ધર્મના આચરણથી પશુપતિ ભગવાનની પાસે પહોંચીને ફરીવાર સંસારમાં આવવું ન પડે તેને મોક્ષ કહ્યો છે.

૧૪. શ્રીપાણિનિ ઋષિના મતાનુસાર **'परापश्यन्तीमध्यमावैखरीति वाणीचतुष्टये प्रथमायाः पराख्यायाः ब्रह्मरूपायाः वाण्याः दर्शनम्'** પરા, પશ્યંતી, મધ્યમા અને વૈખરી આ ચાર વાણીમાં પ્રથમપરા નામની બ્રહ્મરૂપવાણી દ્વારા દર્શન કરવું તેને મોક્ષ કહ્યો છે.

૧૫. મીમાંસામતાનુસાર **'प्रपञ्चसम्बन्धविलयो मोक्षः'** પ્રપંચના સંબંધનો વિલય થવો તેને મોક્ષ કહ્યો છે.

૧૬. યોગદર્શનમતાનુસાર **'पुरुषार्थशून्यानां गुणानां प्रतिप्रसवः कैवल्यं स्वरूपप्रतिष्ठा वा चितिशक्तिः'** પુરુષાર્થ શૂન્ય કાર્ય-કારણરૂપ ગુણોનું પ્રતિપ્રસવ થવું તેને કૈવલ્ય (મોક્ષ) કહ્યો છે.

૧૭. ચાર્વાકમતાનુસાર **'स्वातन्त्र्यं मृत्यु वेति'** સ્વતંત્રતા અથવા મૃત્યુ જ મોક્ષ કહ્યો છે.

છ અંધજનોએ હાથીના જુદાં જુદાં અંગોનો સ્પર્શ કર્યા પછી હાથીનું વર્ણન પોતપોતાની રીતે કર્યું તે વાર્તા ખૂબ જાણીતી છે. વીસમી સદીમાં એવો જ કિસ્સો નિરોગી આંખ ધરાવતા દેખતા આચાર્ય બાબતમાં બન્યો તે ઝાઝો જાણીતો નથી. અદ્વૈત, દ્વૈતાદ્વૈત, દ્વૈત, શુદ્ધાદ્વૈત, વિશિષ્ટાદ્વૈત. પરંતુ અખિલ પરબ્રહ્મને નિહાળવામાં બહુ ઓછાને સફળતા મળી.

શ્રીમદ્ ભગવદ્ ગીતા પર કોઈ ટીકા સંપૂર્ણ નથી અને હોઈ પણ ન શકે. જ્યાં સુધી ભગવાન શ્રીકૃષ્ણ જેવી વ્યક્તિ ટીકા ન કરે ત્યાં સુધી **ભગવદ્ ગીતા** પર કોઈ **ટીકા** સંપૂર્ણ નથી. બધા પાસાઓ છે અને શ્રીકૃષ્ણ ભગવાનના અનંત પાસાઓ છે એમાંથી જેને જે ગમે તે પસંદ કરી લે છે. શ્રીશંકરાચાર્ય એ જ ગીતામાં સંન્યાસ સિદ્ધ કરી દે છે, અકર્મ સિદ્ધ કરી દે છે અને એ જ ગીતામાં તિલક કર્મ સિદ્ધ કરી દે છે. ઘણી વ્યાખ્યાઓ છે શ્રીકૃષ્ણ પર, અંદાજે પચાસ નહિ હજાર અને રોજ વધતી જાય છે. પરંતુ કોઈ ટીકા ગીતાને ન્યાય નથી આપી શકતી.

શ્રીકૃષ્ણનું જે **જીવનદર્શન** છે તે એક સંઘટિત એકતા (ઓર્ગેનિક યુનિટી) છે. તેમાં હજાર પાસાઓ પર ટીકાઓ થઈ છે. તેના પર શ્રીરામાનુજાચાર્ય કંઈ જુદું કહે છે, શ્રીશંકરાચાર્ય કંઈ જુદું કહે છે, શ્રીનિંબાર્કાચાર્ય કંઈ જુદું કહે છે, શ્રીવલ્લભાચાર્ય કંઈ જુદું કહે છે, તિલક કંઈ જુદું કહે છે. ગાંધીજી કંઈ જુદું કહે છે, વિનોબા કંઈ જુદું કહે છે, અરવિંદ કંઈ જુદું કહે છે. આ હજારો કંઈ કંઈ કહેનારા લોકોને જો આપણે બધાને એકઠા કરીને રાખી લઈએ તોપણ એ 'ઓર્ગેનિક યુનિટી' સંભવતું નથી.

જરાય બાંધછોડ કરાઈ નથી. કોઈ પ્રકારના ડર વિના કોઈ જાતની બાંધછોડ વગર માનવજાતને આની પહેલા ભાગ્યે જ ઉપદેશાયેલા ઉચ્ચમાં ઉચ્ચ સત્યની ઘોષણા કરી છે. આપણા **મહાન દાર્શનિકો** વેદવ્યાસજી, પતંજલિ કે ગૌતમઅને બધા દર્શનોના જનક સમા મહાન કપિલમુનિ પોતે એ બધાને જ્યારે જ્યારે પોતાના લખાણ માટે **પ્રમાણની** જરૂર પડી છે ત્યારે ત્યારે ઉપનિષદોમાંથી જ **શાશ્વત સત્ય** મળેલા છે, બીજે ક્યાંયથી નહિ. કેટલાક એવા સત્યો હોય છે કે જે અમુક રીતે, અમુક દશામાં, અમુક સંજોગોમાં અને અમુક સમયને માટે સાચા હોય છે. તે તે સમયની સંસ્થાઓ પર આધારિત હોય છે. માનવીની પોતાની પ્રકૃતિ પર આધારિત બીજા એવા સત્યો છે કે જે માણસ પોતે ટકી રહે ત્યાં સુધી ટકે. અને આપણી સામાજિક પરિસ્થિતિઓમાં આપણી પોષાકની પરિપાટીઓમાં, આપણી ભોજનની રીતોમાં, આપણી પૂજાના પ્રકારોમાં ભારતમાં આટલા બધા પરિવર્તનો આવવા છતાં શ્રુતિઓના વિશ્વવ્યાપી સત્યો માત્ર આ સત્યો એકલા જ **વિશ્વવ્યાપી** થઈ શકે છે.

છાંદોગ્ય ઉપનિષદના પહેલા અધ્યાયમાં સત્ય-અસત્ય વચ્ચેના સૂક્ષ્મવિવેકને પ્રગટ કરતી એક **આખ્યાયિકા** છે. કુરુદેશમાં **ઉષસ્તિ** નામના અધ્વર્યુ નાની વયની પત્ની સાથે કોઈ ધનવાનના ગામમાં રહેતા હતા. એકવાર કુરુપ્રદેશમાં મોટો દુકાળ પડ્યો અને ઉષસ્તિને દિવસો સુધી ભૂખ્યા રહેવું પડ્યું. જ્યારે પ્રાણસંકટ ઊભું થયું ત્યારે તેઓએ એક ધનાઢ્ય પાસે જઈને અન્નની યાચના કરી. ધનાઢ્યે કહ્યું : ''મારી પાસે એઠી અડદની દાળ સિવાય બીજું કશું જ નથી. જે કાંઈ રાંધેલી દાળ હતી તે મેં મારા ભાણામાં ઠાલવી દીધી છે. હું તમને એઠું ભોજન શી રીતે આપું ?'' જવાબમાં ઉષસ્તિએ ધનાઢ્યને કહ્યું : ''તું મને એ જ આપી દે.'' ભોજન આપ્યા બાદ ધનાઢ્યે ઉષસ્તિને પીવા માટે પાણી આપ્યું. ત્યારે ઉષસ્તિએ કહ્યું : ''હું એ પાણી નહિ પીઉં. કારણ કે તે ઉચ્છિષ્ટ છે.'' ઉષસ્તિની આવી વાત સાંભળી ધનાઢ્ય બોલ્યો : ''શું અડદની દાળ ઉચ્છિષ્ટ ન હતી ?'' ઉષસ્તિએ જવાબ આપ્યો : ''પ્રાણસંકટ હતું તેથી મારે એઠી અડદની દાળ ખાવી પડી, પરંતુ પાણી તો મને બધે મળી રહે છે.'' સત્યપાલન માટે વિવેક જરૂરી છે. 'માહ્યલાના ટેકાવાળી બુદ્ધિ' વિના સત્યની સાધના ન થઈ શકે.

ઉપનિષદ્કાળનો યુવાન સત્યકામજાબાલ પોતાની માતાને કહે છે : ''હે માતા ! વેદના અધ્યયન માટે હું બ્રહ્મચારી બનીને આચાર્યને ત્યાં રહેવા ઈચ્છું છું. મારું ગોત્ર ક્યું છે ? માતા સત્યકામને કહે છે : ''હે વત્સ ! તારું ગોત્ર ક્યું છે એની મને જાણ નથી. પહેલા હું પતિના ઘરે આવતા ઘણા મહેમાનોની સેવા પરિચર્યામાં જ રત રહેતી હતી. એવે વખતે તારો જન્મથયેલો. પછી તો તારા પિતાનું અવસાન થયું અને હું અનાથ બની તેથી તારા ગોત્રની મને જાણ નથી. આચાર્ય પૂછે તો કહેજે કે હું માતા જબાલાનો પુત્ર છું અને મારું નામસત્યકામજાબાલ છે.'' સત્યકામપહોંચ્યો ઋષિ ગૌતમના આશ્રમે. ઋષિએ પૂછ્યું : ''હે સૌમ્ય ! તારું ગોત્ર ક્યું ?'' સત્યકામે માતાના કહેવા પ્રમાણે કર્યું અને સાચેસાચું કહી દીધું. ગૌતમઋષિ પ્રસન્ન થયા ને બોલ્યા : ''હે સૌમ્ય ! બ્રાહ્મણ હોય તે જ આમબોલે. તે સત્ય છોડ્યું નથી તેથી હું તને શિષ્ય બનાવીશ.''

ગમે તેવો ભટકેલો, માર્ગ ભૂલેલો પણ એનું લોહી બ્રાહ્મણનું છે માટે આદરને પાત્ર છે એનું કારણ એમાં એક ઋષિ બેઠેલો છે. ઋષિ કદાચ ભટકી જાય અને કદાચ સમાજની દૃષ્ટિએ આપણે એમકહીએ કે એનું પતન થયું પણ એ ઋષિત્વ જેમાં પડેલું છે એના પતનથી પણ સમાજને વેદવ્યાસ મળતા હોય છે. વેદવ્યાસજીના પ્રાગટ્યની કથા બતાવે છે. પરાશર ઋષિ મત્સ્યગંધાના સંસર્ગથી પતનને પામ્યા પણ તેના પતનથી વેદવ્યાસ ભગવાનનો જન્મથયો તે વાતને સમાજે ક્યારેય ન ભૂલવી જોઈએ.

ઉપનિષદમાં મુખ્યત્વે ચાર યુવાનોના નામખાસ જાણીતા છે. તૈત્તિરીય ઉપનિષદમાં ઋષિ વરુણના પુત્ર અને બ્રહ્મજિજ્ઞાસાથી શોભતા ઋષિ ભૃગુની વાત આવે છે. કઠોપનિષદમાં ઋષિ ઉદ્દાલકના સુપુત્ર નચિકેતાની કથા રજૂ થઈ છે. છાંદોગ્ય ઉપનિષદમાં ઉદ્દાલક આરુણિના સુપુત્ર શ્વેતકેતુની

શ્રીશંકરાચાર્યનો કેવલાદ્વૈત, શ્રીરામાનુજાચાર્યનો વિશિષ્ટાદ્વૈત અને શ્રીવલ્લભાચાર્યનો શુદ્ધાદ્વૈત - આ ત્રણ મહાન સંપ્રદાયો વેદાંતના છે. આ આચાર્યોએ તત્ત્વજ્ઞાનમાં ઘણા ઊંડા અવગહનો કર્યા છે. શંકરાચાર્યે જ્ઞાનને મહત્ત્વ આપ્યું અને એમનું વેદાંત આચારમાં નહિ મુકાવાથી અનધિકારીઓમાં પોપટિયા જ્ઞાન સ્વરૂપે પ્રસરી શુષ્ક ગણાયું. ઐહિક સુખની ઉપેક્ષા કરતો સંસારના મિથ્યાત્વનો સિદ્ધાંત વૈભવી પુરુષોથી ઝીલી શકાયો નહિ. અને નૈષ્કર્મ્ય યોગ સાધી શકાયો નહિ. બીજા બે આચાર્યોએ ભક્તિ પર ભાર મૂક્યો. પ્રભુને ધરાવેલી વૈભવી સામગ્રી પ્રભુમાં પ્રેમઉત્પન્ન કરવાને બદલે સ્વાભાવિક રીતે વૈભવમાં પ્રેમઉત્પન્ન કરનારી બની. મનુષ્યની નિર્બળતાઓને લીધે અનિષ્ટ પરિણામઉત્પન્ન થયા તેને માટે મૂળ સંપ્રદાયના સંસ્થાપક આચાર્યો જવાબદાર નથી.

તત્ત્વજ્ઞાનને સમજવા બાબતમાં જુદાં જુદાં અનુભવો થાય તો પણ **શબ્દ પ્રયોગની** બાબતમાં એક જ પ્રકારના શબ્દોની યોજના થઈ શકે છે. જેમકે, અહિંસા શબ્દની પાછળ રહેલી ભાવના એ શબ્દ વાપરનારા વ્યક્તિઓમાંથી ભાગ્યે બે વ્યક્તિની સરખી હોય એમબને. એવું ઘણા શબ્દો વિષે છે. લેખક-વિવેચક માને છે કે, અમુક વિષયમાં એટલો સ્પષ્ટ કર્યો છે કે એમાં હવે સમજણ ફેર થવાનો સંભવ જ નથી. પણ એના જ અંગત શિષ્યોમાં પાછળથી એટલા મતભેદ દેખાય આવે છે કે એ લેખકનો મૂળ અર્થ શો હશે એ સમજી જ ન શકાય. જ્યાં એકના વિચારોનો બીજાએ સંગ્રહ કર્યો હોય ત્યાં આવી સમજણ ફેર થવાનો સંભવ એથીયે વિશેષ છે. એટલે આચાર્યોના વચનોની પાછળ રહેલો **લક્ષ્યાર્થ** એમણે એક રીતે ધાર્યો હોય અને શિષ્યો જુદી રીતે પણ સમજતા હોય.

અનુભવની કદાપિ શબ્દો દ્વારા બરાબર **વ્યાખ્યા** કરી શકાય નહિ. વ્યાખ્યા કરવા બેસીએ તો પરિચિત લાગણી પણ અપરિચિત જેવી થઈ જાય. છતાં આચાર્યો જરૂર કાંઈક પોતાના અનુભવને સમજાવવા માટે લખે છે. આ રીતે અદ્વૈત, દ્વૈતાદ્વૈત, દ્વૈત, શુદ્ધાદ્વૈત, વિશિષ્ટાદ્વૈત વગેરે સર્વે વાદો લખનારાની ભૂમિકાનું અને અનુભવનું કાંઈક દર્શન કરાવે છે. કેવળ વાદી તો એ ભૂમિકા અને અનુભવને ઓળખી જ ન શકે. પણ કદાચ - કિંચિત્ અનુભવી એ ભૂમિકાને ઓળખે છતાં એકના ઉપર જ હંમેશાં સ્થિર રહે એવું ન બને. તેથી જ અનુભવની ભૂમિકા પણ તત્ત્વજ્ઞાનના વિવેચનમાં ભાગ ભજવે છે.

અતઃ ભગવાન શ્રી સ્વામિનારાયણ લોયાના બારમા વચનામૃતમાં કહે છે : ''જ્યારે મુમુક્ષુ પ્રથમગુરુ પાસે આવે ત્યારે વક્તા જે ગુરુ તેને વિશે દેશ, કાળ, સંગ, દીક્ષા, ક્રિયા, મંત્ર, શાસ્ત્રાદિકનું જે શુભ-અશુભપણું તથા પોતાની જે શ્રદ્ધા તેનું જે મંદતીક્ષ્ણપણું તેણે કરીને (જ્ઞાનમાં) એવો ભેદ પડી જાય છે માટે સારા દેશાદિકને સેવવા તથા વક્તા પણ સુધો શાંત હોય ને તેમાં કોઈ દોષ ન હોય તે સમે તે થકી **જ્ઞાન** સાંભળવું.''

કીડીઓના સમાજમાં હાથીના વજનની ચર્ચા થાય ત્યારે હાથીનું વજન પણ મિલિગ્રામમાં મંડાય તેવું બને. આપણી પહોંચ કેટલી ?

તૈત્તિરીય ઉપનિષદ **'सत्यं ज्ञानमनन्तं ब्रह्म. यो वेद निहितं गुहायां परमे व्योमन्'** કહે છે. સત્ય જ્ઞાનસ્વરૂપ છે અને અનંત છે. એ સત્યરૂપી બ્રહ્મ પરમવ્યોમમાં વ્યાપ્ત હોવા છતાં આપણા હૃદયની ગુફામાં છુપાયું છે.

ભારતીય મનને બાહ્ય જગતમાંથી મળી શકે તેટલું બધું મળી ચૂક્યું પણ તેને એનાથી સંતોષ ન થયો. એને તો શોધ આગળ ચલાવવી હતી. પોતાના આત્મામાં જ ડૂબકી મારવી હતી અને આખરી જવાબ તેને મળ્યો પણ ખરો. વેદના આ વિભાગને ઉપનિષદો, વેદાંત, આરણ્યકો કે રહસ્યોના નામે ઓળખવામાં આવે છે. આપણે એકદમજોઈએ છીએ કે ધર્મ બહારની બધી ઔપચારિકતાથી મુક્ત થયેલો છે. આધ્યાત્મિક બાબતો જડની ભાષામાં નહિ પણ ચેતનની ભાષામાં કહેવાઈ છે. સૌથી સૂક્ષ્મમાં સૂક્ષ્મભાષામાં રજૂ કરાઈ છે. સ્થૂળતા એને જરા પણ વળગતી નથી. દુન્યવી વસ્તુઓ સાથે

૨. સંમત સત્ય : કેટલાક શબ્દપ્રયોગો અંગે સર્વસંમતિ પ્રવર્તતી જોવા મળે છે. ઘોડો ગમે તે રંગનો હોય છતાં જેના ઘુંટણ સુધીના ચાર પગ અને કપાળ ધોળા હોય તેવા ઘોડાને જ પંચ-કલ્યાણી ઘોડો કહેવાય બીજાને નહિ.

૩. સ્થાપના સત્ય : કેટલાક સત્યો લાંબા સમયના વ્યવહારને કારણે વ્યવહારમાં સ્થાયી બની ચૂક્યા હોય છે. અંબામાતાની મૂર્તિ અંબામાતા ગણાય છે એ મૂર્તિ જ મંદિરમાં હોય તે મંદિર અંબામાતાનું મંદિર ગણાય છે. એકડા પછી બે મીંડા મૂકવાથી સો ગણાય છે અને ત્રણ મૂકવાથી હજાર ગણાય છે.

૪. નામસત્ય : કચરાપેટીમાંથી કાચ અને પ્લાસ્ટિકના ટુકડા ભેગા કરી જીવન ગુજારનાર ચીંથરેહાલ છોકરીનું નામરાજેશ્વરી હોય શકે. નિઃસંતાન હોય એવા પતિનું નામકુલવર્ધન હોય શકે. જબલપુરમાં કાપડની એક દુકાનનું નામછે 'દિગંબર કલોથ સ્ટોર.' અમદાવાદમાં ઝૂંપડપટ્ટીમાં એક વિસ્તારનું નામછે કુબેરનગર. લંડનના દારુના પબનું નામછે મહાત્મા ગાંધી પબ. વાત હાસ્યાસ્પદ છે, પરંતુ વ્યવહારમાં વાંધો નથી આવતો.

૫. રૂપ સત્ય : કોઈ દંભી માણસ ભગવા વસ્ત્ર પહેરે તેથી સાધુમાં ખપે. માલદાર માણસ નાની અમથી ઓરડીમાં રહે ને મેલાઘેલા કપડા પહેરે તેથી ગરીબમાં ખપે. તલવાર કે બંદૂક લઈને હરતો ફરતો માણસ બહાદુરમાં ખપી જાય.

૬. પ્રતીત્ય સત્ય : અન્ય બાબતો પર આધાર રાખતું સાપેક્ષ સત્ય વ્યવહારમાં ચાલી જાય છે. થોડાક વર્ષો પહેલા અમુક ચીજનો ઓછો ભાવ હતો તેને કારણે આજની કિંમત મોંઘી ગણાય. દુર્જનોના ટોળામાં સૌથી ઓછો દુર્જન સારો લાગે.

૭. વ્યવહાર સત્ય : ટ્રેન અમદાવાદ પહોંચે ત્યારે લોકો કહે છે કે અમદાવાદ આવી ગયું. ચોમાસામાં પાણી ગળતું હોય તોય લોકો કહે છે કે ધાબું ગળે છે.

૮. ભાવ સત્ય : ગાયને માતા કહેવી એ થયું ભાવસત્ય. ચંદ્રને ચંદ્રમામા કહેવા એ પણ ભાવસત્ય.

૯. યોગ સત્ય : યોગનો અર્થ અહીં એસોસિએશન કરવાનો છે. કોઈ બોસ સાહેબ મટી જાય તોય એને સાહેબ કહેવાય જાય છે. ફોજદાર કે જવાન નિવૃત્તિ બાદ ખાખી યુનિફોર્મમાં ન હોય તોય એને ફોજદાર કે જવાન કહેવાય જાય. બે બાબતો વચ્ચેનું સાહચર્ય મનમાં કાયમરહી જાય છે. છૂટાછેડા થઈ જાય પછી પણ કોઈ સ્ત્રીને ફલાણાની પત્ની તરીકે ઓળખવામાં આવે છે.

૧૦. ઉપમા સત્ય : ઉપમા અલંકાર વપરાય ત્યારે સ્ત્રી મૃગનયની કે ગજગામિની ગણાવાય. કોઈ રાજા સૂર્યસમાન તેજસ્વી ગણાવાય. ગામડામાં બે બાળકોની જોડ સુંદર હોય તો ખેડૂતો કહે છે 'રામ-લક્ષ્મણની જોડી.'

૭૩. મૃષા : આ પ્રકારની ભાષામાં અસત્યનો વિનિયોગ થાય છે એના દસ પ્રકારના ભેદો છે.

૧. ક્રોધ અસત્ય : ક્રોધમાં કોઈ માણસને ગધેડો કહે.

૨. માન અસત્ય : પોતાની છાપ પાડવા માટે આત્મશ્લાઘા કરીને કહેવું કે મારું નામદેજો, તમારું ગમે તે કામથઈ જશે.

૩. માયા અસત્ય : બીજાને ઠગવાના આશયથી ક્યારેક ઉછીના પૈસા લેવા આવેલો માણસ કહે છે : તમારા પૈસા દૂધે ધોઈને પાછા વાળીશ. તમને છેતરું તો મારે રૌરવ નરકમાં જવું પડે.

૪. લોભ અસત્ય : દુકાનદાર સાડી ખરીદવા આવેલી સ્ત્રીને કહે છે : આ જાતની એકજ સાડી બચેલી છે. પાંચસો રૂપિયામાં આવી સાડી પછી ન

બ્રહ્મજિજ્ઞાસા પ્રગટ થઈ છે. ઉપરોક્ત મંત્ર છાંદોગ્ય ઉપનિષદમાં માતા જબાલાના પુત્ર સત્યકામની કથા સાથે જોડાયેલો છે. સત્યકામને ઋષિએ ભણાવ્યો અને દૂબળી તથા નબળી એવી ચારસો ગાયો આપીને કહ્યું : ''હે સૌમ્ય ! આ ગાયોને વનમાં લઈ જા.'' ત્યારે સત્યકામે કહ્યું : ''હે ગુરુદેવ ! આ ગાયોની સંખ્યા હજાર નહિ થાય ત્યાં સુધી હું વનમાંથી પાછો નહીં ફરું.'' આમસત્યકામઘણા વર્ષો સુધી વનમાં રહ્યો. વનમાં રહીને એણે વિવિધ દેવતાઓની પાસેથી વિદ્યા ગ્રહણ કરી. એ જ્યારે વિદ્યા પ્રાપ્ત કરીને આશ્રમમાં પાછો ફર્યો ત્યારે ગુરુજીએ એને કહ્યું : ''હે સૌમ્ય ! તું તો બ્રહ્મવેત્તા જેવો ભાસે છે પછી ગુરુજીએ સત્યકામને વિદ્યા આપી.''

જેમ્સ કેલહનની વાત સાવ સાચી છે : ''સત્ય હજી તો બૂટની દોરી બાંધે ત્યાં તો અસત્ય પૃથ્વીનો અડધો ચકરાવો મારી ચૂક્યું હોય છે.''

ભગવાન શ્રીકૃષ્ણ યુધિષ્ઠિર રાજાને કહે છે : **'न तत्त्ववचनं सत्यं नातत्त्ववचनं मृषा । यद्भूतहितमत्यन्तं तद्धि सत्यं प्रकीर्तितम् ।।'** - હંમેશાં યથાર્થ વચન જ સત્ય અને અયથાર્થ વચન જ અસત્ય હોય એમનથી હોતું. જેનાથી પ્રાણીઓનું કલ્યાણ થાય તે વચન જ સત્ય કહેવાય.

તેથી જ ભગવાન શ્રી સ્વામિનારાયણ શિક્ષાપત્રીના ૨૬મા શ્લોકમાં કહે છે : **'स्वपरद्रोहजननं सत्यं भाष्यं न कर्हिचित् ।'** - જે સત્ય વચન બોલવે કરીને પોતાનો દ્રોહ થાય તથા પારકો દ્રોહ થાય એવું જે સત્ય વચન તે ક્યારેય ન બોલવું.

તૈત્તિરીય ઉપનિષદના ઋષિ કહે છે : **'सत्यं वद धर्मं चर.'** સત્ય અત્યંત સરળ હોય છે. અસત્ય જબરું અસરળ હોય છે. કોર્ટના કઠેરામાં ઊભેલા ખૂનીના વકીલની ઊલટ તપાસ લાંબી હોય છે. નિર્દોષ આરોપીની જુબાની ટૂંકી હોય છે. એ તો ન્યાયમૂર્તિને માત્ર એટલું જ કહે છે : ''મેં ખૂન નથી કર્યું.''

અસત્ય ચાર પ્રકારે આચરણ કરાય છે : (૧) સદ્‌ભાવ પ્રતિષેધ : જે હોય તેનો નિષેધ કરવો. (૨) અસદ્‌ભાવ-ઉદ્‌ભાવના : જે ન હોય તે ઊભું કરવું. (૩) અર્થાન્તર : પલટી મારવી, વાતને વિષયાંતર દ્વારા આડે પાટે ચડાવી દેવી. (૪) ગર્હા : બીજાની નિંદા-કુથલી કરવી.

સત્યનિષ્ઠ માણસે ખૂબજ સાચવવું પડે છે. એકવાર અસત્ય બોલવાની ટેવ પડે પછી દરેક પ્રસંગે જૂઠું બોલવાની પીડા એકધારી ઘટતી જ જાય છે. કોઠે પડી ગયેલું અસત્ય ચટકા ભરતું નથી. **'सत्यं वद'** જેવા બે શબ્દો તરત ગળે ઉતરી જાય છે, પરંતુ આચરણમાં ઝટ ઊતરતા નથી. સાચું બોલનારે સાચું શું અને જૂઠું શું તે સમજી લેવું પડે. આવી બારીક સમજને **સત્યાસત્ય વિવેક** કહે છે.

'પતંગિયાની આનંદયાત્રા' પુસ્તકમાં વ્યવહારની દૃષ્ટિએ ભાષાના મૂળ **ચાર ભેદો** કહ્યા છે. પહેલી ભાષા તે સત્યા, બીજી તેની વિપરિત તે મૃષા, ત્રીજી બંનેના મિશ્રણ જેવી તે સત્યામૃષા અને ચોથી અસત્યામૃષા. આ ચાર પ્રકારની ભાષાના ઉત્તર ભેદો **બેતાળીસ** ગણાવ્યા છે. સાચી વાણીની સાધના કરનારે આ ભેદો જાણી રાખવા જેવા છે. વાણીના નાના-નાના સ્ખલનો આપણા જીવનને ફોલી ખાય છે. બધું બચી જાય છે, પરંતુ સત્ત્વ જ ખતમથાય છે, શીલ કરમાઈ જાય છે અને ખોખું ટકી જાય છે. વાસણ જ્યારે ગોબાઈ જાય છે કે કાણું થઈ જાય ત્યારે એનું ભંગાર તરીકે જીવવાનું શરૂ થાય છે.

૭૨. સત્યા : સત્યા એટલે સાચી ભાષા. એના દસ પ્રકાર પાડવામાં આવ્યા છે.

૧. જનપદ સત્ય : જનપદ એટલે દેશ. અમુક દેશ કે પ્રદેશમાં કોઈ વસ્તુ માટે અમુક શબ્દ રૂઢ થયો હોય તે બીજે ન બોલાતો હોય તોય તે પ્રદેશ માટે સત્ય ગણાય. કચ્છમાં કેરીને આંબો કહે છે. ભાષા જુદી પડે પણ તેમાં અસત્ય નથી.

૨. આજ્ઞાયની : આજ્ઞા વચન હોવા છતાંય યુક્તિપૂર્વક કહેવું કે બજાર બાજુ જાય તો ધૂપસળી લેતો આવજે.

૩. યાચની : જીવનભર ઉપકાર નહિ ભૂલું, મને ઉછીના સો રૂપિયા આપ. એવા શબ્દો દ્વારા યાચના કરવી તે.

૪. પ્રજ્ઞાયની : શ્રોતાઓને ઉપદેશમાં કહેવું કે સાચું બોલવાથી આયુષ્ય વધે. નાનપણમાં પણ પંક્તિઓ સાંભળવા મળતી હોય છે કે 'વહેલા સૂઈ વહેલા ઊઠે જે વીર, બળ બુદ્ધિ ને ધન વધે સુખમાં રહે શરીર.'

૫. પ્રચ્છન્ની : જાણ ન હોય ત્યારે કે શંકાને કારણે વાત કઢાવવા માટે સામેની વ્યક્તિને પૂછવું : આ શું છે ? તને શું લાગે છે ?

૬. પ્રત્યાખ્યની : કોઈ આપણી પાસે કશુંક માગવા આવે ત્યારે તે ચીજ હોય તોય ના કહેવી તે.

૭. ઈચ્છાનુવર્તિની : પૂછનારની ઈચ્છા જાણીને પવન પ્રમાણે હોડી હંકારવી તે.

૮. અભિગૃહીતા : સ્પષ્ટ નિર્ણય આપવો તે. આમકરવા જેવું એમચોખ્ખેચોખ્ખું કહેવું તે.

૯. અનભિગૃહીતા : અભિપ્રાય આપતી વખતે અસ્પષ્ટ વાત કહેવી તે. મારે તો વધારે શું કહેવાનું હોય. તને યોગ્ય લાગે તે કર.

૧૦. સંશયકરણી : અનેક અર્થ નીકળે તેવા શબ્દો પ્રયોજીને સામી વ્યક્તિને સંશયમાં નાખવી તે. 'મારો અને તારો સંબંધ કેવો છે તે તો તું જાણે છે, પરંતુ બધું ધણીનું ધાર્યું થાય છે.'

૧૧. વ્યાકૃતા : સ્પષ્ટ વચન કહેવું તે. હું અત્યારે જ તને તારા વચનમાંથી મુક્ત કરું છું. તું મન પર ભાર રાખ્યા વિના નિરાંતે જઈ શકે છે. આ ઘરના બારણા તારા માટે કાયમમાટે ખુલ્લા જ છે.

૧૨. અવ્યાકૃતિ : સમજ ન પડે એવા ગૂઢ અર્થવાળું વચન બોલવું તે. 'મારું હૃદય કહે છે કે, ભૂલ તારી છે તું જ તારા હૃદયને પૂછી જો.' સત્ય અને અસત્ય વચ્ચેના **સૂક્ષ્મવિવેક** અંગે જૈનદર્શનમાં આટલું **ઝીણું સૂતર** કંતાયું છે.

ક્યારેક માણસ ધર્મગ્રંથોને વાંચ્યા અને સમજ્યા વગર માત્ર પોતાની માન્યતાને કે પોતાના અભિપ્રાયને સત્યમાં ખપાવે છે. પોતાની જ માન્યતા સાચી, એવી હઠ યુદ્ધના મૂળમાં રહેલી છે. યુદ્ધ માટે સંસ્કૃતમાં મજાનો શબ્દ છે : 'મમસત્યમ્' સત્યની ઉપાસના ખુલ્લા મનની નમ્રતા માગે છે. મનની દરેક બાબતને એકથી વધારે બાજુ હોય છે અને બધી જે - તે દૃષ્ટિકોણથી સાચી હોઈ શકે. છગન અને મગન એકબીજાને મળે ત્યારે ખરેખર તો કેટલા જણા મળતા હોય છે ?

૧. છગન પોતાને જે રીતે જુએ તે છગન.

૨. છગનને મગન જે રીતે જુએ તે છગન.

૩. છગન અંદરથી ખરેખર છે તે છગન.

૪. મગન પોતાને જે રીતે જુએ તે મગન.

૫. મગનને છગન જે રીતે જુએ તે મગન અને

૬. મગન અંદરથી ખરેખર છે તે મગન.

મળે.

૫. પ્રેમઅસત્ય : પ્રેમી પોતાની પ્રિયતમાને કહે છે કે તારા વિના હું જીવી શકું તેમનથી. તારાથી ચડિયાતી બીજી સ્ત્રી જડે એમનથી. તું મને છોડી દેશે તો મારા દિલના ટુકડા થઈ જશે.

૬. દ્વેષ અસત્ય : જેના પ્રત્યે આપણને દ્વેષ હોય તેવો માણસ પ્રામાણિક હોય તોય તેને ચોર કહેવાય જાય છે.

૭. હાસ્ય અસત્ય : સરદારજી પર રચાયેલી બધી મજાક હાસ્ય અસત્ય ગણાય.

૮. ભય અસત્ય : ભયંકર સજા થશે એવા ભયથી જૂઠું બોલવું. બ્લેકમેઈલ થતું હોય ત્યારે માણસ ન છૂટકે જૂઠું બોલે છે.

૯. કથા અસત્ય : કથારસ જામે તે માટે અસંભવિત હોય તેને સંભવિત ગણાવવું. વાર્તામાં કે પરિકથામાં સાત સમંદર પાર કરીને કે શેતરંજી પર ઊડીને માણસ રાક્ષસના એકદંડિયા મહેલમાં પહોંચી જઈ શકે.

૧૦. ઉપઘાત અસત્ય : સામેની વ્યક્તિને આઘાત પહોંચાડવા કહેવું : તું ચોર છે, બાયલો છે, અક્કલ વગરનો છે ઈત્યાદિ.

૭૪. સત્યા મૃષા : આ પ્રકારની ભાષામાં સત્ય અને અસત્ય વચ્ચે ભેળસેળ થઈ જાય છે. આવા મિશ્રણના દસ પ્રકારો છે.

૧. ઉત્પન્ન મિશ્ર : ગામમાં દસથી ઓછા બાળકો અમુક દિવસે જન્મ્યા હોય તોય દસ બાળકો જન્મ્યા હોય તેમકહેવું તે.

૨. વિગત મિશ્ર : કોમી હુલ્લડમાં પાંચ માણસો માર્યા ગયા હોય તોય વાતવાતમાં લોકો કહે છે કે પચાસ મૃત્યુ પામ્યા.

૩. ઉભય મિશ્ર : જન્મકે મૃત્યુ અંગે વિગતો મચડીને ગપ્પા મારવા તે.

૪. જીવ મિશ્ર : ઘાયલોના ઢગલામાં થોડાક મરેલા હોય તોય આ ઘાયલ થયેલાઓ પડ્યા છે તેમકહેવું તે.

૫. અજીવ મિશ્ર : ઘણા લોકો સમરાંગણમાં મરી ચૂક્યા હોય ત્યારે થોડાક જીવતા હોય તોય ત્યાં લાશો પડેલી છે તેમકહેવું તે.

૬. જીવાજીવ મિશ્ર : કેટલા મર્યા અને કેટલા જીવ્યા તેની વિગત બરાબર જાણ્યા વગર જ ઠોકાઠોક કરવી તે.

૭. અનંત મિશ્ર : લીમડાના પાનને લીમડો કહેવું તે.

૮. પ્રત્યેક મિશ્ર : પ્રત્યેક વનસ્પતિ અંગે ઉપર કહી તેવી ભૂલ કરવી તે. ગરમાળાના ઝાડ પર ફૂલ ખીલે ત્યારે લોકો કહે 'ગરમાળો ખીલ્યો.'

૯. અદ્ધા મિશ્ર : કોઈ પ્રસંગે સામાવાળાને ઉતાવળ કરાવવા દિવસ પૂરો થયો ન હોય તોય કહેવું કે રાત પડી ગઈ. રાત બાકી હોય તોય બોલાય જાય કે દિવસ ઉગ્યો.

૧૦. અદ્ધાદ્ધા મિશ્ર : હજી સવાર હોય ત્યાં કોઈ કહે કે જલદી કર બપોર થવા આવી.

૭૫. અસત્યા મૃષા : ચોથા પ્રકારની આ ભાષા નથી સત્ય, નથી અસત્ય કે નથી મિશ્ર. આ વ્યવહાર ભાષા છે ને એના બાર પ્રકાર નીચે પ્રમાણે છે.

૧. આમંત્રણી : પત્રમાં સંબોધન કરતી વખતે નામઆગળ પ્રિય લખવું તે.

સત્યની શોધ અત્યંત ખુલ્લા મનથી થવી જોઈએ.

કદાચ એમપણ હોય. માણસના પ્રત્યક્ષીકરણને એના અનુભવનો, અભિપ્રાયનો, પૂર્વગ્રહનો કે દૃષ્ટિકોણનો **રંગ** લાગી જાય છે. જે મને સમજાયું તે જ સત્ય છે એવું **વલણ** સૂક્ષ્મહિંસાને પ્રગટ કરનારું છે. અમુક દૃષ્ટિએ એમપણ હોઈ શકે એવી **વૈચારિક ઉદારતા** દ્વારા અહિંસા ધર્મ પળે છે. ઘણા લોકો અભિપ્રાય અને સત્ય વચ્ચે ભેળસેળ કરતા હોય છે. હાથી કેવો છે તે અંગે છ અંધજનો પોતાનો **અભિપ્રાય** આપે તેવી આ વાત છે. આગ્રહ સાથે સૂક્ષ્મકે સ્થૂળ હિંસા આપોઆપ જોડાઈ જાય છે. માટે શાસ્ત્રના વચન અનુસાર ચાલવું તો અચુક આપણે ખોટા આગ્રહથી બચી જઈશું.

ઋગ્વેદના ઋષિનું ફરીથી સ્મરણ કરીએ. તેઓ કહે છે : **સત્ય એ જ બ્રહ્મ છે.** બ્રાહ્મણો એને અનેક રીતે વાણી દ્વારા પ્રગટ કરે છે. સદીઓથી પોતાને સમજાયેલા સત્યના કોઈ અંશને, મતને, વાદને, સિદ્ધાંતને કે વિચારને સત્ય ગણાવવાના આશયથી પંડિતો વચ્ચે શાસ્ત્રાર્થ થતાં રહ્યા છે. ચાર જણ ચાર જુદી દિશાઓથી એવરેસ્ટનું આરોહણ શરૂ કરે છે. ચારે જણાના અનુભવો જુદાં હોય છે. ચારે જણાના માર્ગો પણ જુદા હોય છે. પરિણામે ચારે જણાનું એવરેસ્ટ અંગેનું પ્રત્યક્ષીકરણ જુદું હોય છે. માર્ગો જુદા હોવા છતાં ટોચ તો એક જ હોય છે. ચારે જણા ટોચ પર પહોંચીને જે જુએ તે સરખું હોય છે, પરંતુ ચારે જણા પોતપોતાના અનુભવો જુદી જુદી વાણી દ્વારા વ્યક્ત કરશે. જો ચાર જણા એકબીજાના **દૃષ્ટિબિંદુ**ને સમજવા મથે તો સત્યની ઉપાસના સાર્થક થાય. એક મંદિરમાં માતાજીનું ભવ્ય **તૈલચિત્ર** હતું. મંદિરના ડાબા-જમણા બે પ્રવેશદ્વારથી બે જણા દાખલ થયા. એકને સરસ્વતી દેખાય, બીજાને લક્ષ્મી. બંને જણા ચિત્રની પ્રશંસા કરતા કરતા આખરે લડી પડ્યા. એકે કહ્યું : "શું તને સરસ્વતી દેખાય છે ?" બીજો કહે : "શું તને લક્ષ્મી દેખાય છે ?" લડતી વખતે બંને જગ્યા બદલાઈ ગઈ તેથી કમાલ થઈ. સરસ્વતીને જોનારાને લક્ષ્મી દેખાય ને લક્ષ્મી જોનારને સરસ્વતી દેખાઈ. એક કહે તું સાચો છે બીજો કહે ના ભાઈ તું સાચો છે. હકીકતમાં બંને સાચા છે. કહેનાર કે સમજાવનારનો **દૃષ્ટિકોણ** જુદો હોય તો જુદું દેખાય પણ તેમાં લડવાની જરૂર નથી.

સોક્રેટીસ કહેતા : "જે માણસ જાણે કે પોતે નથી જાણતો તે **જ્ઞાની** છે." સોક્રેટીસના જ મિજાજમાં એમકહી શકાય કે, 'ગાંડાઓની હોસ્પિટલમાં જે ગાંડાને ખ્યાલ હોય કે પોતે ગાંડો છે તે **ડાહ્યો** ગણાય.'

કોણ કોને જાણે છે ? કોણ કોને ઓળખે છે ? જેની સાથે આપણે આખી જિંદગી રહીએ છીએ તેમને પણ ઓળખવા મુશ્કેલ છે તો પછી હું નિર્ણય કરવાવાળો કોણ છું ? હું કહું છું કે ફલાણો માણસ ખરાબ છે, ફલાણો માણસ ચોર છે, ફલાણો માણસ બેઈમાન છે. આ બધું તો બેહોશીમાં તો નથી કરી રહ્યો ને ? અને આપણે ખરેખર બેહોશીમાં કરી રહ્યા છીએ. હું તમારી પાસે આવું અને કહું કે ફલાણો માણસ ખૂબ સારો માણસ છે, ખૂબ ઈમાનદાર છે તો તમે કહેશો : "આ કળિયુગમાં ઈમાનદારી જ ક્યાં છે ? ઈમાનદારી સહેલી છે શું ? તમને ખ્યાલ નહિ હોય એ માણસ પણ જરૂર બેઈમાન હશે. બધા બેઈમાન જ છે. જો હું તમને કહું કે ફલાણો માણસ **ઈમાનદાર** છે તો તમે વિશ્વાસ નહિ કરો અને પચ્ચીસ **દલીલો** કરશો કે એ ઈમાનદાર હોઈ જ ના શકે. પરંતુ જો હું તમને એમકહું કે ફલાણો માણસ **બેઈમાન** છે તો તમે કહેશો કે બેશક હશે. તમે એક પણ દલીલ નહિ કરો. ખબર છે કે આવું શા માટે થાય છે ? નિંદા ઉપર આપણે તરત જ **વિશ્વાસ** મૂકી દઈએ છીએ, પ્રશંસા ઉપર ક્યારેય નહિ. કેમ? અચેતન વાત છે આ. નિંદાથી આપણને ખુશી મળે છે. કારણ કે, જ્યારે કોઈ માણસને નીચો બતાવીએ ત્યારે આપણને લાગે છે કે આપણે ઊંચા છીએ અને અને જ્યારે કોઈપણ માણસની પ્રશંસા થાય ત્યારે આપણને દુઃખ થાય છે. કોઈ માણસ ઊંચો હોય તો આપણે નીચા બની જઈએ છીએ."

ન્યૂયોર્કમાં એક લગ્નનો **ભોજન સમારોહ** યોજાયો. આશરે બસો જેટલા મિત્રો-સંબંધીઓ વગેરે આમંત્રિત મહેમાનો હતા. મહેમાનો બધા આવી

ગયા. ભોજન શરૂ થવાનું હતું. ત્યાં એક મહેમાને પોતાના ખિસ્સામાંથી એક સુંદર નાની પેટી કાઢી અને તેમાંથી એક **સિક્કો** કાઢ્યો. સિક્કો ત્રણ હજાર વર્ષ જૂનો મિસરનો સિક્કો હતો અને તેણે કહ્યું : "મેં આ એક રૂપિયાનો સિક્કો પચ્ચીસ હજાર રૂપિયા આપીને ખરીદ્યો છે, ત્રણ હજાર વર્ષ જૂનો છે. અપ્રાપ્ય સિક્કાઓમાં સૌથી જૂનો છે. આવો એક બીજો સિક્કો પણ છે, એ જ સમયનો. બસ દુનિયામાં આ બે જ સિક્કાઓ છે. દુનિયામાં એક સિક્કો કોઈક બીજી વ્યક્તિ પાસે છે અને એક આ છે. મેં ખરીદ્યો એટલે મેં વિચાર્યું કે લગ્નમાં લઈ જાઉં. મિત્રોને બતાવીશ, તેઓ ખુશ થશે." સિક્કો એકથી બીજા હાથમાં ફરવા લાગ્યો. કેટલાક લોકો તેને પૂછવા માટે ટોળે વળી ગયા : "કેટલો જૂનો છે ? ક્યા રાજાના સમયનો છે ? કઈ ધાતુનો બનેલો છે ? તેના પર શું લખ્યું છે ?" એમસિક્કો ફરતો રહ્યો.

અડધા કલાક બાદ સિક્કો મળવો મુશ્કેલ બની ગયો. કોઈ જાણે ક્યાં ખોવાઈ ગયો ? જેને પણ પૂછ્યું તેણે કહ્યું કે, "મારા હાથમાં આવેલો પણ મેં મારા પાડોશીને જોવા આપી દીધો હતો. મને કશી ખબર નથી." જેમને પણ પૂછ્યું તેમણે કહ્યું : "મારા હાથમાં આવેલો હતો, મેં જોયો હતો, પછી મેં બીજાને આપી દીધેલો." ત્યાં બસ્સો લોકો જમા થયેલા, ઘરમાં લગ્ન હતા, સિક્કો ક્યાં ગયો ? મુશ્કેલી ઊભી થઈ ગઈ. બધા મહેમાનો ભેગા થઈ ગયા અને તેમણે કહ્યું કે, "અમારા ખિસ્સા તપાસી લો, કપડા તપાસી લો, અમે તો નથી લીધો." એવું જ નક્કી થયું કે બધાના કપડા તપાસવામાં આવે. પરંતુ એક માણસે કહ્યું કે, "હું તો અહીં મહેમાન તરીકે આવ્યો છું, ચોર તરીકે નથી આવ્યો. હું તો કેવળ એટલું જ કહીશ કે મેં સિક્કો નથી લીધો. પરંતુ મારા ખિસ્સામાં કોઈને હાથ નહિ નાખવા દઉં. હું થોડો ચોર છું ? જોઈ વિચારીને હાથ નાખજો. આ પિસ્તોલ મારી પાસે છે." પછી તો વાત વિશેષ સ્પષ્ટ બની ગઈ. આપણને બધાને એ વાત સમજાઈ ગઈ હશે કે એ માણસે સિક્કો લઈ લીધો છે. પોલીસને ફોન કરવો પડ્યો, પરંતુ પોલીસ આવે એ પહેલા એક અદ્‌ભુત ઘટના બની ગઈ. પોલીસને ફોન કરવામાં આવ્યો. આખા ઘરના દરવાજા બંધ કરી દેવામાં આવ્યા. ઝઘડો થવાની પૂરી શક્યતા હતી. એ માણસને હાથ લગાવવો યોગ્ય નહોતો. તે ગોળી ચલાવી શકે તેમહતો. અજબ પાગલ માણસ હતો. લોકો તેને સમજાવતા પણ હતા, છતાં તે તૈયાર નહોતો. અને ત્યાં એક નોકરે પાણીનું વાસણ ટેબલ પરથી ઉઠાવ્યું અને લોકોએ જોયું કે એ વાસણ નીચે સિક્કો પડેલો છે. એ માણસે, બિચારાએ સિક્કો લીધો નહોતો, સિક્કો ટેબલ પર હતો. એટલે લોકોએ કહ્યું : "તું કેવો પાગલ માણસ છે ? જ્યારે તે સિક્કો લીધો નથી તો આટલો ઉપદ્રવ શા માટે ઊભો કર્યો ?" તેણે પોતાના ખિસ્સામાં હાથ નાખ્યો અને તેના જેવો જ બીજો સિક્કો બહાર કાઢીને કહ્યું : "બીજા સિક્કાનો માલિક હું છું. આ માણસ જે કહી રહ્યો હતો એવો બીજો પણ એક સિક્કો છે તે મારી પાસે છે. મેં પણ વિચાર્યું હતું કે લગ્નમાં સિક્કો લઈને જાઉં અને બતાવું, પરંતુ તેણે પહેલા બતાવી દીધો એટલે હું ચૂપ રહ્યો. હવે બતાવવાનો કોઈ અર્થ નહોતો. પરંતુ પાંચ મિનિટ પહેલા મારો **વિશ્વાસ** કોણ કરત કે આ સિક્કો ચોરીનો નથી ? કોણ વિશ્વાસ કરત ? પાંચ મિનિટ પહેલા એ બસ્સો માણસોમાં એવો ક્યો માણસ હતો જેણે એવો શક ના કર્યો હોત કે તેણે ચોરી કરી છે ?"

એકવાર **સત્ય** અને **અસત્ય** નામના બે માણસો નદીએ નહાવા ગયા. સત્યની ટેવ હતી કે એ ઘણી બધી વાર સુધી નાહીને પોતાની જાતને શુદ્ધ કરતો. પરંતુ અસત્ય તો સહેજવારમાં જ શુદ્ધિ-અશુદ્ધિની પરવા કર્યા વિના જેમતેમનાહીને બહાર આવી જતો. આજે પણ એમજ કર્યું પણ આજે તેણે એક આયોજન કર્યું. જેમાં તેના ષડયંત્રની બૂ આવતી હતી. બહાર નીકળીને તેણે સત્યના કપડા પહેરી લીધા અને ત્યાંથી પલાયન થઈ ગયો. જ્યારે સત્ય નાહીને બહાર આવ્યા ત્યારે તેના કપડાં મળ્યા નહિ. હવે કપડા વિના ઘેર કેમજવાય ? તેણે તો અસત્યના કપડા પહેરી લીધા. આ ઘટના પછી ક્યારેય સત્યને અસત્ય મળ્યો નથી, તેથી આજે પણ અસત્ય પાસે સત્યના જ **કપડા** છે અને સત્ય પાસે અસત્યના. આ કારણે આપણે ઘણા મૂંઝવણમાં છીએ કે સત્ય કોણ ? અસત્ય કોણ ?

શ્રીમદ્ ભગવદ્ ગીતામાં શ્રીકૃષ્ણ અર્જુનને કહે છે કે, તું યુદ્ધમાં જઈને લડ. જો બંનેની વાતો જોઈએ તો અર્જુન વધારે **ધાર્મિક** દેખાશે. ભગવાન શ્રીકૃષ્ણની વાત બહુ ધાર્મિક નહિ દેખાય. શ્રીકૃષ્ણ કહે છે લડ. અર્જુન કહે છે મારીશ તો દુઃખ થશે, પીડા થશે. એવા કોણ ધાર્મિક હશે જે કહેશે કે અર્જુન જે કહે છે તે ખોટું છે. બધા ધાર્મિક કહેશે તે બરાબર છે.

પરંતુ લડવા છતાં શ્રીકૃષ્ણ કંઈ જ ઈચ્છતા નથી. આ અનિચ્છાના કેટલા **અદ્‌ભુત કારણો** છે. શ્રીકૃષ્ણ પોતે સ્વયં એકલા જ લડે છે અર્જુનની તરફથી. એનું આખું સૈન્ય સામે પક્ષેથી લડે છે ! લડનારાની આ રીત નથી કે ખુદ પોતાનું સૈન્ય દુશ્મનની તરફથી લડતું હોય. શ્રીકૃષ્ણ લડે છે પાંડવો તરફથી અને શ્રીકૃષ્ણનું આખું સૈન્ય એકલા શ્રીકૃષ્ણને બાદ કરીને લડે છે કૌરવોની તરફથી. લડવાની આવી રીત કદી સાંભળી નથી. જો આ રીત છે લડવાની તો બધા લડનારા ખોટા છે. આ જ શ્રીકૃષ્ણ લડનારા તરીકે સાચા છે.

સંત હસન બસરીએ દરિયા કિનારે એક **પુરુષ**ને સ્ત્રીની સાવ જ નજીક સૂતેલો જોયો. તેના હાથમાં બાટલી હતી. સ્ત્રી તેના વાળ પસવારતી હતી. સંતનું મન આ દૃશ્ય જોઈને ખાટું થઈ ગયું. થોડી જ વારમાં દરિયામાં તોફાન આવ્યું. પેલો પુરુષ દોડ્યો અને એણે દરિયામાં ઝંપલાવીને ડૂબતા અનેક માણસોને બચાવી લીધા. સંતને આશ્ચર્ય થયું. પેલા પુરુષે પાસે આવીને સંતને કહ્યું : ''હું ખારવો છું, દરિયાકાંઠે વસું છું. આ સ્ત્રી મારી માતા છે. દરિયા કિનારે મીઠું પાણી ન મળે તેથી બાટલીમાં પીવાનું પાણી લઈ આવું છું. તમને તરસ લાગી હોય તો આ પાણી પીશો ?'' વાત સાંભળીને સંતે ગાંઠ વાળી કે કોઈપણ માણસ માટે તુરંત **અભિપ્રાય** નહિ બાંધુ ને કોઈને મારાથી નીચો નહિ ગણું.

એકજ સ્ત્રી એના પિતા માટે દીકરી હોય છે, પતિ માટે પત્ની હોય છે, પુત્ર માટે માતા હોય છે, સાસુ માટે વહુ હોય છે, ભાઈ માટે બહેન હોય છે, જેઠાણી માટે દેરાણી હોય છે, જમાઈ માટે સાસુ હોય છે, ભાભી માટે નણંદ હોય છે, દિયર માટે ભાભી હોય છે અને દીકરાની દીકરી માટે દાદીમા હોય છે. વ્યક્તિ એક જ પરંતુ એના તરફ જોવાની દૃષ્ટિ અનેક. અભિપ્રાય આપતા પહેલા સમગ્રપણે વિચારવું પડે. તેથી ઈસુએ કહ્યું : **''કોઈના કાજી ના બનો.''** આપણાથી કોઈ માટે તુરંત અભિપ્રાય બાંધવો કે ફલાણો માણસ તો ચારિત્ર્યહીન છે. એવું કહીએ ત્યારે આપણા અભિપ્રાયને 'ચારિત્ર્યની' આપણી વ્યાખ્યાનો રંગ લાગી જાય છે. કોઈ ગણિકાને હલકી ગણવાનું બહુ સહેલું છે પરંતુ એની મજબૂરીને સમજીને કરુણા બતાવવાનું અઘરું છે. વાદ-વિવાદ થાય ત્યારે ઘણીવાર ચર્ચામાં પ્રકાશ કરતા ગરમીનું પ્રમાણ વધારે હોય છે. જેથી સમજણ ઓછી હોય તે વધારે ઉગ્રતાથી ઘાટા પાડે છે. દલીલ ખૂટી પડે તેનું સ્થાન ઉશ્કેરાટ લેતો હોય છે. ચર્ચા કે દલીલબાજી સત્યની શોધ માટે ન હોય ત્યારે **અહંકારનો ઉકરડો** બની રહે છે, એમાં પોતાનો કક્કો ખરો કરવાની જીદ હોય છે. નમ્રતા કે જિજ્ઞાસા નથી હોતી. આવી દલીલબાજી **અવરોધક** છે. ગાંધીજીનો સત્યાગ્રહ સામા પક્ષને નમાવવા માટેની યુક્તિરૂપે પ્રયોજાયો હતો. તેઓ સામે પક્ષે રહેલા સત્યને પ્રમાણવા માટે સદાય તત્પર રહેતા. પોતાની રાઈ જેવડી ભૂલ કબૂલ કરવાની તત્પરતા બતાવવામાં તેમણે કદી અહંકારને વચ્ચે આવવા ન દીધો. લુઈ ફીશરે **ગાંધીજીનું વિધાન** ટાંક્યું છે : ''હું સ્વભાવે હંમેશાં સમાધાનપ્રિય માણસ રહ્યો છું. કારણ કે મને ક્યારેય એવો વિશ્વાસ નથી રહ્યો કે હું ખરો છું.'' અહંકાર આગલે બારણેથી પ્રવેશે ત્યારે સત્ય પાછલે બારણેથી ભાગી છૂટે છે.

'સત્યમેવ જયતિ નાનૃતમ્' 'સત્યં વદ ધર્મં ચર' **'સત્યં બ્રહ્મ'** 'ઉપનિષદ્ સત્યસ્ય સત્યમ્' 'સત્યસ્ય અપિહિતં મુખમ્' 'હૃદયેન હિ સત્યં જાનાતિ' 'સત્યમ્ જ્ઞાનમ્ અનંતમ્ બ્રહ્મ' આજે હું કેટલીવાર જૂઠું બોલ્યો ? આધ્યાત્મિક માર્ગે પ્રથમપગલું માંડવાની **શુભ શરૂઆત** આ પ્રશ્નથી થાય છે. માણસ માત્ર બે મહિના સુધી જૂઠું ન બોલવાનો **સંકલ્પ** પાળે તો એને જરૂર અનુભવ થશે કે એની પ્રાણ ઊર્જામાં થોડોક વધારો થયો છે. વાતવાતમાં બોલાતું પ્રત્યેક જૂઠું માણસને પ્રભાવહીન બનાવતું જાય છે. જૂઠું બોલીને સામા માણસને છેતરવા કરતા તો સાચું બોલીને એને નારાજ કરવાનું વધારે વ્યવહારું

છે. તમે જૂઠું બોલ્યા પછી પકડાઈ ગયેલા માણસનો મ્લાન ચહેરો જોયો છે ? એ માણસની **પ્રાણઊર્જા** તે ક્ષણે સાવ ઘટી ગઈ તેથી એનો ચહેરો નૂર ગુમાવી બેઠો ! નરસિંહ મહેતા ભગવાન શ્રીકૃષ્ણને વફાદાર રહે કે નાગરી નાતને ? સોક્રેટીસ પોતાના માંહ્યલાને વફાદાર રહે કે એથેન્સના સરેરાશ નાગરિકને ? વિષ્ણુગુપ્ત ચાણક્ય ભ્રષ્ટ રાજા ધનનંદને વફાદાર રહે કે અખંડ ભારતના સ્વપ્નને ? સીતાજી વનવાસી રામને વફાદાર રહે કે સુખ-સમૃદ્ધિની સંપૂર્ણ ખાતરી આપનાર રાવણને ? મીરાંબાઈ શ્રીકૃષ્ણને વફાદાર રહે કે રાણાને ? સત્ય પ્રત્યેની વફાદારી કદી **સુખ** નથી આપતી, પરંતુ આત્મતૃપ્તિ જરૂર આપે છે એ જ ખરા સુખની **ચરમસીમા** છે.

જે બધા સમયે બધી જગ્યાએ બધી સ્થિતિમાં એક સમાન રહે એનું નામસત્ય. એ પરમતત્ત્વનો સ્વભાવ છે. એનો કદી અભાવ હોતો નથી. **ગીતાજી કહે છે :-** 'અસત્યનું કદી અસ્તિત્વ હોતું નથી, અને સત્યનું કદી અનસ્તિત્વ (અભાવ)હોતું નથી.' **'नाऽसतो विद्यते भावः नाऽभावो विद्यते सतः'**

જે સત્ય છે તે ભૂતકાળમાં હતું, વર્તમાનકાળમાં છે અને ભવિષ્યકાળમાં રહેશે. આર્ષદૃષ્ટાઓ કહે છે કે મેં સત્યને મેળવી લીધું એમન કહો. પણ એમકહો કે મેં સત્યને માર્ગે ચાલતા ચાલતા ભગવાન મેળવી લીધા. સત્ય અને પરબ્રહ્મ આ બંને એક જ છે. એટલે જ તો **શ્રુતિ** કહે છે : **'सत्यं ज्ञानं अनन्तं ब्रह्म'** સત્ય, જ્ઞાન, અનંત અને બ્રહ્મ આ એકબીજાના પર્યાયવાચક છે. સત્યનું ફલક બહુ મોટું છે. એનો વ્યાપ બહુ વિશાળ છે. એવું કશું નથી જ્યાં એ ન હોય. ઋષિઓ કહે છે : તું તારા હોઠ બંધ રાખ, કાન બંધ રાખ, નેત્ર બંધ રાખ, આટલું કર્યા પછી પણ સત્યનું ગૂઢ રહસ્ય ન મળે તો અમારી હાંસી ઉડાવજે. જીવનમાં એ ધ્યાન રાખવું ઘટે કે સત્ય માટે બધું છોડી શકાય છે પણ બધાને માટે સત્ય છોડી દેવું યોગ્ય નથી.

સત્યને છોડાવવા સોક્રેટિસને ઝેર પીવડાવીને મારી નાખવામાં આવ્યા હતા. સોક્રેટિસ ધારત તો બચી શક્યા હોત, પણ તેણે સત્યદ્રોહ કરતા મોતને વહાલું ગણ્યું હતું. પોતાના વિચારમાં અને ધ્યેયમાં સોક્રેટિસની સ્થિરતા હતી. ઈસુના નામે ઈસવી સન શરૂ કરનારાઓએ જ ઈસુને પ્રથમસત્યને છોડાવવા જીવતા વધસ્તંભ (ક્રોસ) ઉપર જડી દીધા હતા.

સાચું નારિયેલ હંમેશાં વધેરાય જતું હોય છે અને ખોટું જ નારિયેલ મોતિયે મઢાય છે. સમાજ એવા લોકોને રસ્તા વચ્ચેથી દૂર કરે છે કે જે ચલિત થતા નથી, જે ચલિત થઈ શકે છે તે લાંબો વખત આડા આવતા નથી. તેમના પ્રાણ લેવાની કોઈ જરૂર રહેતી નથી. કડવું સત્ય પણ પરિણામે માઠા અસત્યથી વધારે સારું છે. સત્યથી જે ગુમાવાય તે હાનિ નથી પણ મોટી પ્રાપ્તિ છે. અસત્યથી જે પ્રાપ્ત કરીએ, એ પ્રાપ્તિ નહિ પણ મોટી હાનિ છે. સાપ-સીડીની રમતની જેમસતાણુંના ખાના સુધી પહોંચેલ અસત્યને સાપના મુખેથી ત્રણ નંબરે - તળિયે ઉતરી જતાં જરાય વાર લાગતી નથી.

'सच्चाई छीप नहि सकती, बनावट की असूलो से, खूश्बु आती नहि हरगीज, कभी कागज के फूलोसे.'

કોઈ સત્યને દબાવી અસત્યનો હરણફાળ પ્રચાર કરે તો પણ **સનાતન સત્ય** ક્યારેય દબાતું નથી. એટલે જ તો સત્યની પ્રતિષ્ઠા **સામુદાયિક કલ્યાણ** કરી શકે. સત્યને રાખનાર સંસારના દુઃખોને અતિક્રમી પરબ્રહ્મના **આનંદ**નો **અનુભવ** કરે છે.

સૂર્યની આસપાસ પૃથ્વી ફરે છે તે **સુકરાત** કહેતા ત્યારે સતાધીશોએ સુકરાતને કડક સૂચના આપી કે તે લેખિતમાં આપે કે પૃથ્વી સ્થિર છે, નહિતર મૃત્યુદંડની સજા આપવામાં આવશે. ત્યારે સુકરાતે કહ્યું : ''હું લખીને આપું તો શું પૃથ્વી ફરતી બંધ થઈ જવાની ?'' સુકરાતના સમર્થકોએ કહ્યું : ''આપ લખી આપો. કારણ કે આ લોકો સમજદાર નથી. આપનું જીવન અમારા માટે મૂલ્યવાન છે. આપ અમારાથી દૂર જશો તો અમોને આપ જેવા મૂલ્યનિષ્ઠ વ્યક્તિની ખોટ પડશે.'' સુકરાતે કહ્યું : ''રાત્રે સ્વપ્નામાં એક રણમાં એક તૃષાતુર માણસને મેં જોયો. તે તરસથી તડપી રહ્યો હતો. ત્યાં તેને દૂર એક સરોવર દેખાયું તે ત્યાં પહોંચ્યો પણ તે રાક્ષસનું સરોવર હતું. રાક્ષસે કહ્યું તું આ પાણી પીવાનો પ્રયત્ન કરીશ તો હું તને ખાઈ જઈશ. ત્યારે અન્ય રાહગીરે

તેને રોકતા કહ્યું કે ભાઈ શા માટે પાણી ખાતર તારા જાનને જોખમમાં મૂકે છે ? ત્યારે તૃષાતુર માણસ કહે છે કે આમેય તૃષાથી મરવાનો છું તો તૃપ્ત થઈને શા માટે ન મરું ?'' આમકહી સુકરાતે પોતાના સમર્થકોને કહ્યું : ''આ વ્યક્તિનું કથન સહી છે કે ગલત ?'' ત્યારે દરેકે કહ્યું : ''તેનો નિર્ણય બરાબર છે.'' ત્યારે સુકરાત હસીને બોલ્યા : ''મેં હંમેશાં સત્યનું જ પાલન કર્યું છે મારી તૃષા તેનાથી જ બુઝાઈ છે. સત્ય સુધાનું પાન કરવાથી મારું શરીર નષ્ટ થશે પણ તેનું પાન નહિ કરવાથી મારો અંદરનો સંત મરી જશે. બોલો હું તૃપ્ત થઈને મરું કે તડપી તડપીને ?'' આટલું કહીને સંત મૌન થઈ ગયા. સમર્થકોના ગળા સૂકાઈ ગયા ત્યાં તો સુકરાત ઝેરનો કટોરો ગટગટાવી ગયા !

કેટલાક **વિદ્વાનો** સત્યના ઉપાસક માટે **યાદ રાખવા જેવા** છે :

➠ મને લાગે છે કે તમારી વાત વિચારવા જેવી છે. કદાચ મારી ભૂલ થતી હોય એ બનવાજોગ છે. ➠ મારી વાત તમારે ગળે ન ઉતરે તો સ્વીકારશો નહિ. તમારી સાથે પૂરેપૂરી સંમતિ ન હોવા છતાં તમારો પેલો મુદ્દો મને સ્પર્શી ગયો છે. ➠ તમારી વાત મને હવે સમજાય છે. ➠ હું ખોટો હોઈ શકું, તમે ખરા હોઈ શકો. ➠ હું અત્યારે તમને ખાતરીપૂર્વક કશુંય ન કહી શકું. કારણ કે બંને બાજુની ચકાસણી નથી કરી. ➠ અત્યારે તેઓ ગેરહાજર છે તેથી એકવાર એમને સાંભળ્યા પછી જ કોઈના પર નિર્ણય લઈ શકાય. ➠ માત્ર સાંભળેલી વાત પરથી અભિપ્રાય આપી દઈએ તો કદાચ એમને અન્યાય થશે. કોર્ટનો ચુકાદો ન આવે ત્યાં સુધી એમને સજ્જન ગણીને ચાલીશું. અફવાને કે આરોપને સત્ય ન ગણી શકાય. મને તમે એકવાર બરાબર સાંભળી લો પછી તમને લાગે કે હું સજાપાત્ર છું તો સજા કરજો. મને લાગે કે મારી વાત ખોટી છે તે ક્ષણે તમારી માફી માગીશ. 'તમને મારાથી જબરો અન્યાય થઈ ગયો. હવે એવી ભૂલ નહિ થાય.' હું ક્ષમાપ્રાર્થી છું. ➠ મારી વાત સાચી પડી તેથી હું ફૂલાય જવાનો નથી એ મારો વિજય નથી, સત્યનો વિજય છે. ➠ મારે એમની સાથે મતભેદો ઘણા છે પરંતુ એમની પ્રામાણિકતા શંકાથી પર છે. એમના પર અપ્રામાણિકતા હોવાનો આક્ષેપ થાય ત્યારે હું એમનો બચાવ કરવા તત્પર રહીશ. આટલી **છણાવટ** પછી પણ મનમાં કોઈ ગોટાળો રહી જાય તો ફરીથી એકવાર ઋગ્વેદનો મંત્રો ઉદ્‌ગારવા 'સત્યમેવ જયતિ નાનૃતમ્' 'સત્યં વદ ધર્મં ચર' **'सत्यं ब्रह्म'** 'ઉપનિષદ્ સત્યસ્ય સત્યમ્' 'સત્યસ્ય અપિહિતં મુખમ્' 'હૃદયેન હિ સત્યં જાનાતિ' 'સત્યમ્ જ્ઞાનમ્ અનંતમ્ બ્રહ્મ.'

એક **નાનકડી વાર્તા** મને યાદ આવે છે. એક **ભિક્ષુણી** હતી, બૌદ્ધ ભિક્ષુણી. તેની પાસે એક નાનકડી બુદ્ધની ચંદનની પ્રતિમા હતી. તે પોતાના બુદ્ધને હંમેશાં પોતાની સાથે જ રાખતી હતી. ભિક્ષુણી હતી મંદિરોમાં, વિહારોમાં રોકાતી હતી પણ પૂજા પોતાના બુદ્ધની જ કરતી હતી. એકવાર તે એ મંદિરમાં રોકાણી જે હજાર બુદ્ધોનું મંદિર છે જ્યાં બુદ્ધની હજાર મૂર્તિઓ છે, જ્યાં મંદિરના ખૂણે ખૂણામાં પ્રતિમા છે. સવારે તે પોતાના બુદ્ધને સામે રાખીને પૂજા કરવા બેઠી. તેણે ધૂપ સળગાવ્યો. હવે ધૂપ તો કોઈ માણસના નિયમને માનતો નથી ! ઉલટું જ થઈ ગયું. હવાની લહેરખીઓ એવી હતી કે તેના નાનકડા બુદ્ધના નાક સુધી તો ધૂપની સુગંધ પહોંચતી ન હતી અને પેલી બાજુ મોટી મોટી બુદ્ધની પ્રતિમાઓ બેઠી હતી તેમના સુધી પહોંચવા માંડી. તે તો ખૂબ ચિંતિત થઈ. આવું ન ચાલી શકે. તો તેણે એક નાનકડું ટીનનું ભૂંગળું બનાવ્યું અને પોતાના ધૂપ પર ઢાંકી દીધું એને પોતાના નાનકડા બુદ્ધના નાક પાસે ચીમનીનું દ્વાર ખોલી નાખ્યું જેથી ધૂપની સુગંધ પોતાના જ બુદ્ધને મળે. સુગંધ તો મળી ગઈ પોતાના બુદ્ધને પણ બુદ્ધનું મુખ કાળુ થઈ ગયું. તે ભારે મુશ્કેલીમાં પડી ગઈ. ચંદનની મૂર્તિ હતી તે સાવ ખરાબ થઈ ગઈ. તેણે જઈને મંદિરના પૂજારીને કહ્યું કે, હું ભારે મુશ્કેલીમાં પડી ગઈ છું. મારા બુદ્ધની પ્રતિમા ખરાબ થઈ ગઈ, કદરૂપી થઈ ગઈ. હવે હું શું કરું ? તો એ પૂજારીએ **જવાબ** આપ્યો કે, ચારે બાજુ ફેલાતા સત્યોને જ્યારે કોઈ એક દિશામાં બાંધે છે ત્યારે આવી જ દુર્ઘટના અને આવી જ કુરૂપતા જન્મે છે.



૯. શ્રી સ્વામિનારાયણ મહામંત્રરાજનો મહાપ્રૌઢ પ્રતાપ...

યંત્ર માણસને ઝડપ અને સુવિધા આપે છે, તંત્ર માણસને વ્યવસ્થા અને સરળતા આપે છે, પરંતુ જ્યાં યંત્ર કામ ન લાગે, જ્યાં તંત્રથી પાર ન પડે, ત્યાં..., ત્યાં **મહામંત્રની પવિત્ર ઉર્જા** મનુષ્યને તારે છે. અહિં **'શ્રી સ્વામિનારાયણ'** મહામંત્રની એવી **ઉર્જાનું સ્મરણ** છે.

આજથી ૨૦૯ વર્ષ પહેલા સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણે **સ્વમુખે** આ **મહામંત્ર** આપ્યો ત્યારે તેમણે જ જે **મહિમા** કહ્યો તેની નોંધ લેતાં પ.પૂ. ધ.ધુ. આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજ **'શ્રીહરિલીલામૃત'** ગ્રંથમાં લખે છે :

'ષડક્ષરી મંત્ર મહાસમર્થ, જેથી થશે સિદ્ધ સમસ્ત અર્થ; સુખી કરે સંકટ સર્વ કાપે, અંતે વળી અક્ષરધામ આપે.
ષડક્ષરો છે ષટ શાસ્ત્ર સાર, તે તો ઉતારે ભવસિંધુ પાર; છયે ઋતુમાં દિવસે નિશાયે, સર્વે ક્રિયામાં સમરો સદાયે.'

(શ્રીહરિલીલામૃત : ૫/૩)

આજથી ૨૧૨ વર્ષ પહેલા ઉચ્ચારેલા **ભગવાન શ્રી સ્વામિનારાયણ**ના આ દિવ્ય વરદાનરૂપી **વચનો** ગઈકાલે, આજે, આવતીકાલે અને હંમેશને માટે **સત્ય** છે અને **શાશ્વત** પણ છે.

'શ્રી સ્વામિનારાયણ' મહામંત્રનો **દિવ્ય અનુભવ** પૂર્વે હજારો હરિભક્તોએ કર્યો છે, વર્તમાનકાળે સેંકડો હરિભક્તો કરી રહ્યા છે અને ભવિષ્યમાં પણ લાખો મુમુક્ષુ જીવાત્મા દિવ્ય અનુભવ કરતા રહેશે.

'શ્રી સ્વામિનારાયણ' મહામંત્ર અનેક કષ્ટોના સાગરમાં **નૌકા** બની રહે છે. જ્યાં માણસનું બાહુબળ, બુદ્ધિબળ, સંપત્તિબળ કે લોકબળ ખૂટી પડે છે ત્યાં **'શ્રી સ્વામિનારાયણ'** મહામંત્રની **પવિત્ર ઉર્જા** તેને તારે છે.

ઉદ્યોગપતિ હોય કે વેપારી, ડૉક્ટર હોય કે વકીલ, વિમાનના પાઈલૉટ હોય કે કોલેજના પ્રાધ્યાપક, દરેક વ્યવસાય જ્યારે આપત્તિઓમાં અટવાઈએ ત્યારે **મહાસાગર** સમો લાગે છે. અણધારી આવનારી આપત્તિ-મુશ્કેલીઓની જાણ કોઈને નથી હોતી. કેવી રીતે પાર કરીશું આ અજાણ્યા ઊછળતા મહાસાગરને ? આવા સમયે અનેક દ્વિધાઓ અને મૂંઝવણોમાં મન અને મગજ બહેર મારી જાય છે ત્યારે તેમાંથી ઉગર્યાનો

ગયા...!!!'' નિરાશાએ તેની વાણીને દબાવી દીધી.

શ્રીજીમહારાજે તેમની અકળામણ પારખી લીધી. તેના માથા ઉપર પોતાનો શીતળ હાથ ફેરવ્યો, શીતળદાસને આ સ્પર્શ આહ્લાદક લાગ્યો; પછી તેઓને કહ્યું : ''રામાનંદ સ્વામી તમને અહીં દર્શન આપે તો અહીં રહો કે નહિ ?''

શીતળદાસને આશ્ચર્ય થયું. રામાનંદ સ્વામી શી રીતે દર્શન દે ?

તે કાંઈ પણ વિચારે તે પહેલાં જ સહજાનંદ સ્વામીએ તેમને કહ્યું : ''તમો અહીં રહો અને આ અમે કહીએ તે **'સ્વામિનારાયણ'** મંત્રનું રટણ કરો, સ્વામી તમને જરૂર દર્શન દેશે.''

શીતળદાસને રામાનંદ સ્વામીનાં દર્શનની તીવ્ર ઈચ્છા હતી. ભગવાન મેળવવા માટે જ જ્યારે તેમણે ગૃહત્યાગ કર્યો હતો, અનેક કષ્ટો વેઠ્યાં હતાં, ત્યારે આ તો ભજન કરીને ભગવાન મેળવવાની વાત હતી. તેમણે આ વાત સ્વીકારી લીધી.

શીતળદાસ તરત જ સિદ્ધાસને બેસી ગયા. સ્વામિનારાયણ મંત્રની ધૂન શરૂ કરી. સ્વામિનારાયણ નામી ભગવાન શ્રીહરિના સ્વરૂપમાં તે એકતાર થઈ ગયા. તેમણે દેહભાન ગુમાવી દીધું. તેમને અચાનક પડી જતા જોઈ કેટલાક સંતો-હરિભક્તો આ સંન્યાસીને એકાએક આ શું થઈ ગયું ? તેની વિમાસણમાં એકદમ ઊઠીને તેની પાસે જવા લાગ્યા. શ્રીજીમહારાજે તેમને કહ્યું : ''તમે કોઈ મૂંઝાશો નહિ, તે સંન્યાસીને સમાધિ થઈ છે.''

આ સાંભળી સૌ આશ્ચર્ય પામ્યા. એક સાધુએ પૂછ્યું : ''સમાધિ ? યોગની સાધના વગર સમાધિ થતી હશે ?'' ભગવાન શ્રીહરિ હસ્યા. તેમણે કહ્યું : ''વ્રજનાં ગોપબાળકોને કૃષ્ણકૃપાથી સમાધિ નહોતી થઈ ? ભગવાનના દિવ્ય ધામનાં તેમને દર્શન નહોતાં થયાં ? ભગવાન જ્યારે પૃથ્વી ઉપર હોય, ત્યારે આવા ચમત્કારો સહજ જ થાય, આ **કૃપાસમાધિ** કહેવાય !''

શીતળદાસની ચેષ્ટા જોવામાં સૌ લીન થઈ ગયા. ભગવાનને પ્રાર્થના કરતા હોય તે પ્રકારના તેના હાવભાવથી સૌને તેની ક્રિયામાં કાંઈક અલૌકિકતા લાગી. ભગવાનના દિવ્ય અક્ષરધામમાં તેમણે ભગવાન શ્રીહરિને દિવ્ય સિંહાસન ઉપર બિરાજેલા જોયા. રામાનંદ સ્વામી તથા ચોવીસ અવતારો શ્રીજીમહારાજની સ્તુતિ કરતા તેમની સમક્ષ ઊભેલા તેમણે જોયા. તેને આશ્ચર્ય થયું. રામાનંદ સ્વામી ભગવાન છે તેવી વાત સાંભળી હતી. પરંતુ તે તો આ ભગવાન શ્રીહરિની સ્તુતિ કરી રહ્યા છે. શીતળદાસે ભગવાન શ્રીહરિની દિવ્ય ઉપચારો વડે પૂજા કરી. પછી તેને સર્વ મુક્તોની પૂજા કરવાની ઈચ્છા થઈ. પરંતુ મુક્તો અનંત અને પોતે એક ! શી રીતે એમની સૌની પૂજા થઈ શકે ? શ્રીજીમહારાજ તેમની મૂંઝવણ પારખી ગયા. તેમણે કહ્યું : ''ભક્તરાજ ! તમે સંકલ્પ કરો કે **જો રામાનંદ સ્વામી પુરુષોત્તમ ભગવાન હોય,** તો તેમની કૃપાથી તમારા અનંત સ્વરૂપો થાય.''

શીતળદાસે તે પ્રમાણે સંકલ્પ કર્યો. પરંતુ એ સિદ્ધિ તેને પ્રાપ્ત ન થઈ. પરંતુ પોતે તો એકલાઅટૂલા જ ઊભેલા દેખાયા. ભગવાન શ્રીહરિએ હસતાં હસતાં ફરી કહ્યું : ''હવે સંકલ્પ કરો કે **આ સહજાનંદ સ્વામી** જો **પૂર્ણ પુરુષોત્તમ** હોય તો મારા અનેક સ્વરૂપો થાય.''

શીતળદાસે એ પ્રમાણે સંકલ્પ કર્યો અને શ્રીજીમહારાજની કૃપાથી તેને પોતાના સ્વરૂપમાંથી પોતાના જ **અનેક સ્વરૂપો** નીકળતાં દેખાયાં. અનંત સ્વરૂપો નીકળવા જ લાગ્યાં. જેટલા મુક્તો તેટલાં જ શીતળદાસનાં સ્વરૂપો થયાં. સર્વ મુક્તોની પૂજા તેમણે તરત જ **એકકાળાવચ્છિન્ન**

એક જ ઉપાય છે. અને તે છે.... **'શ્રી સ્વામિનારાયણ'** મહામંત્ર...

શરીર સ્વાસ્થ્ય માટે આરોગ્યની જટિલ સમસ્યાઓ ક્યારેક દર્દી માટે અને તેના સગા-સ્નેહીજનો માટે કાંટાળી કેડી બની જાય છે, ક્યારેક નિષ્ણાંત ડોક્ટરો માટે પણ પ્રત્યેક પગલું સંભાળીને લેવા છતાં પણ સ્વાસ્થ્ય-આરોગ્યમાં એક પછી એક વેદનાદાયક **કાંટાઓ** ચૂભતા રહે છે. ક્યારેક આ કાંટાળી કેડીનો કોઈ અંત દેખાતો નથી, તેની બદલે જીવનનો અંત દેખાય છે...!! એવા છેલ્લામાં છેલ્લા સંજોગોમાંય અચાનક અશક્ય ઘટનાઓ **શક્ય** બની જાય અને કાંટાળી વાટમાં **પુષ્પો** પાથરવાનો **એકમાત્ર ઉપાય** છે. અને તે છે.... **'શ્રી સ્વામિનારાયણ'** મહામંત્ર...

જગતના દરેક મનુષ્ય પાસે સંઘર્ષ સામે લડવાની એક મર્યાદા હોય છે. જ્યારે જીવન અને મરણના સંઘર્ષનો **જ્વાળામુખી** ફાટી રહ્યો હોય ત્યારે તેની અગનજ્વાળામાં ભલભલા વીર માનવોની ધીરજ અને હિંમત પળભરમાં બાષ્પ બનીને ઊડી જાય છે. પરંતુ એવા તાપમય સંજોગોમાં સામાન્ય માણસો પણ ક્યારેક પ્રચંડ ઉર્જાથી હર્યાભર્યા થઈ જાય છે, અનન્ય જોમ સાથે તેઓ સંઘર્ષના વમળમાંથી તરી જાય છે. ક્યારેક નજર સામે મરણના લેખ લખાઈ જાય છે તેવા સંજોગોમાં પણ તેઓ અચાનક ઊગરી જાય છે. કેવી રીતે ઉગરે છે ? તો ઉગરવાનો **એકજ સહારો** છે. અને તે છે.... **'શ્રી સ્વામિનારાયણ'** મહામંત્ર...

જિંદગીમાં ક્યારેક હાર-જીતના ખેલ ખેલાય છે, ક્યારેય ચઢ-ઊતરની સર્પ-સીડીની રમત રમાય છે; પરંતુ આધિ-વ્યાધિ-ઉપાધિની ભડકતી જ્વાળાઓ વચ્ચે **'શ્રી સ્વામિનારાયણ' મહામંત્ર** કેવી રીતે શીતળતા, શાંતિ, ધીરજ, સ્થિરતા અને પવિત્રતા બક્ષે છે તેના કેટલાક પ્રસંગો સંતો-ભક્તોએ જાતે અનુભવેલા અને ચરિત્ર ગ્રંથોમાં પણ લખાયેલા અનેકાનેક પ્રસંગો સંપ્રદાયમાં ઘરે-ઘરે ગુંજી રહ્યા છે તે પ્રસંગોનું શ્રદ્ધાએ સહિત અત્રે 'કોટિમાંથી કિંચિત્' ન્યાયે યથાશક્ય **સ્મરણ** કરીશું.

● શીતળદાસમાંથી સદાશીતળ બનેલા સંત વ્યાપકાનંદજી :

ફરેણીમાં ગુરુવર્ય શ્રી રામાનંદ સ્વામીની ચૌદમાની સભામાં **શીતળદાસ** નામના એક વૈરાગી (મૂળ ઝરણા પરણા ગામના વિદ્વાન વિપ્ર) બેઠા હતા. સભા જોઈ તેમનું અંતર ઠરી ગયું. મહાપ્રભુ શ્રી સહજાનંદ સ્વામીની દિવ્ય વાણી તેના અંતરમાં ગુંજવા લાગી. તેમના શબ્દો તેણે સાંભળ્યા. પ્રણવના નાદનો તેમાં તેમણે રણકો અનુભવ્યો. તેમને કાંઈ જ સમજાયું ન હતું, છતાં તેને લાગ્યું કે **'આ નારાયણમુનિ કોઈ મહાપુરુષ છે.'**

સભાની સમાપ્તિ થતાં પહેલાં તે ઊઠ્યા અને સહજાનંદ સ્વામીના ચરણસ્પર્શની લાલચે તે સન્મુખ આવ્યા. ભગવાન શ્રીહરિએ તેમને પૂછ્યું : ''મહાત્મા ! ક્યાંથી આવો છો ?''

ત્યારે શીતળદાસ કહે : ''મધ્ય ભારતમાં ઝરણાપરણા ગામનો રહેવાસી છું, ભગવાન શોધવા નીકળ્યો છું.''

આ સાંભળી ભગવાન શ્રીહરિ હસ્યા. તેઓને લાગ્યું કે જીવમાં મુમુક્ષુતા તો હોય છે, પરંતુ ભગવાન ઓળખવાની બુદ્ધિ હોતી નથી. પછી તેઓએ પૂછ્યું : ''ભગવાન મળ્યા ?''

શીતળદાસે માથું ધુણાવીને કહ્યું : ''અહીં પશ્ચિમમાં આવ્યો ત્યારે જાણ્યું કે રામાનંદ સ્વામી ભગવાન છે. પરંતુ તે તો હવે અંતર્ધાન થઈ

કરી લીધી.

‘શિતળદાસે ધારિયુ, સ્વામિ આ છે સહજાનંદ । તે પુરુષોત્તમ હોય તો, મારા થાય સ્વરૂપનાં વૃંદ ॥
તે સમે શીતળદાસનાં, ત્યાં તો રૂપ થયાં અગણીત । અનંત મુક્તનિ એક ક્ષણમાં, પૂજા કરી ધરી પ્રીત ॥’

શીતળદાસે એ રીતનો સંકલ્પ કર્યો ત્યાંતો અનેકાનેક પોતાનાં સ્વરૂપો થયાં. તેથી એક સાથે અનંત કોટિ મુક્તોની પૂજા કરી અને રામાનંદસ્વામીનું પણ પૂજન કર્યું. પછી સ્વામીને શીતળદાસે કહ્યું : ‘‘હું તો તમોને ભગવાન જાણીને દર્શન કરવા આવ્યો હતો.’’ ત્યારે રામાનંદસ્વામી બોલ્યા :

‘સુણી બોલ્યા રામાનંદસ્વામી, ભગવાન તો અક્ષરધામી । તમે જોયા ફણેણીમાં જેહ, જુઓ આ દિસે પ્રત્યક્ષ એહ ॥
સર્વે અવતારના અવતારી, સરવોપરિ વિશ્વવિહારી । હું તો છું એના દાસનો દાસ, સજું સેવા રહી પ્રભુ પાસ ॥
જાણો ઉદ્ધવ છે મારું નામ, કહે શ્રીહરિ તે કરું કામ । સર્વ અવતાર એમાં સમાય, પોતે કોઈમાં લીન ન થાય ॥
એવી વાત કહી જેહ વાર, થયા લીન બધા અવતાર । સરિતાઓ મળે તે સાગરમાં, મળ્યા અવતાર સૌ હરિવરમાં ॥’

(કળશ - ૫ - વિ-૩)

આ વિધિ પછી તેણે ફરી ભગવાન શ્રીહરિના દિવ્ય સ્વરૂપ પ્રત્યે જોયું. અનંત અવતારો, અનંત મુક્તો, ઈશ્વરો, પ્રધાનપુરુષો, ભગવાન શ્રીહરિના સ્વરૂપમાંથી નીકળતા અને તેમાં લીન થતા તેમણે જોયા. અષ્ટાંગ યોગનું ફળ **નિર્વિકલ્પ સમાધિ** છે, તે સિદ્ધ થયા છતાં પૂર્ણ પુરુષોત્તમનાં આવાં અલૌકિક સ્વરૂપનાં દર્શન તે સિદ્ધ અવસ્થામા પણ શક્ય નથી, તે **દિવ્ય દર્શન** આજે તેને થયાં. જન્મજન્માંતરોને અંતે પણ જે **સિદ્ધિ** સદા અકલ્પ્ય રહે, તે સિદ્ધિ આજે તેમને પૂર્ણ પુરુષોત્તમ શ્રીહરિની કેવળ કૃપાથી પ્રાપ્ત થઈ. તેના આનંદના ભાવનો તે તાગ કાઢી શક્યા નહિ. સભામાં તેના દેહની અનેકવિધ ચેષ્ટા અને મુખ ઉપર અલૌકિક આનંદના ભાવ જોઈ સભાજનો પણ **આશ્ચર્યમુગ્ધ** બની ગયા.

થોડીવારે તે દેહમાં આવ્યા. દિવ્ય આનંદની અનુભૂતિ તેના મુખ ઉપર છાઈ રહી હતી. તેમણે જે જોયું તે સભામાં કહ્યું : ‘‘આ સહજાનંદ સ્વામી એ જ **ભગવાન શ્રીહરિ પૂર્ણ પુરુષોત્તમ** છે, રામાનંદ સ્વામી તો તેમના શિષ્ય છે.’’

શીતળદાસે તે જ દિવસે શ્રીજીમહારાજના સ્વહસ્તે **ભાગવતી દીક્ષા** ગ્રહણ કરી. ભગવાન શ્રીહરિએ તેનું નામ **‘વ્યાપકાનંદ’** પાડ્યું. વ્યાપકાનંદ નામ જાણે **‘શ્રી સ્વામિનારાયણ’** મહામંત્રના વિશ્વવ્યાપી પ્રભાવનું આગોતરું **એંધાણ** બની રહ્યું.

આ મંગલકારી દિવસથી.... ભગવાન શ્રીહરિના સર્વોપરિપણા રૂપે **‘સ્વામિનારાયણ’** મહામંત્રનું ભજન ચાલું થયું..., સંપ્રદાય **‘શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય’** તરીકે ઓળખાયો..., સૌપ્રથમ આજે શ્રીજીમહારાજે **ધર્મધુરા** સંભાળીને

વિશાળ સભાને પહેલી વહેલી સંબોધી..., સૌપ્રથમ આજથી **‘સ્વામિનારાયણ’** મહામંત્રથી સમાધિ પ્રકરણનો પ્રારંભ કર્યો..., આજથી ધર્મધુરા સંભાળ્યા પછી સૌપ્રથમ સંતોની ભાગવતી દીક્ષા આપવાનો પ્રારંભ કર્યો...,

● શ્રી સ્વામિનારાયણ મહામંત્રના નાદે..., મરેલી ઘોડીને જીવતી કરી...

એકવખત સ.ગુ. શ્રી વ્યાપકાનંદ સ્વામી વિચરણ કરતા કરતા ગઢપુર પાસેના **બોટાદ** ગામમાં પધાર્યા. ગામધણી દેહાખાચરના દરબારગઢમાં સંતોએ ઉતારો કર્યો. જ્યાં સ્વામીએ ઉતારો કર્યો ત્યાં તો દેહાખાચરને **હૈયાફાટ રૂદન** કરતા જોયા. સ્વામીએ આ કરુણ

કલ્પાંતનું **કારણ** પૂછ્યું તો ખબર પડી કે દેહાખાચરને દીકરા કરતાં પણ તેમની વ્હાલી ઘોડી જે હતી તે મૃત્યુ પામી હતી તેથી તેઓ રૂદન કરી રહ્યા છે.

સ્વામી બહુ દયાળુ હતા. તેથી સ્વામી સહજભાવે બોલી ગયા, ‘બધા આઘા ખસો, ક્યાં છે ઘોડી ? લાવો, અમને જોવા દો.’ એમ કહી સ્વામી મૃત્યુ પામેલી ઘોડી પાસે જઈ બેસી ગયા ને ભગવાન શ્રીહરિને પ્રાર્થના કરી ઘોડીના કાનમાં આગળ મોં રાખી **‘સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... સ્વામિનારાયણ...’** આમ, ત્રણ વખત જ્યાં મહામંત્રનો જપ કર્યો ત્યાં તો ઘોડી હણહણીને બેઠી થઈ...!!!

આ ચમત્કાર હતો આ **મહામંત્ર**નો... વિશ્વાસ અને શ્રદ્ધાએ સહિત કરેલો **મહામંત્રનો જપ** મરેલા મડદાને પણ બેઠા કરે છે.

● શ્રી સ્વામિનારાયણ મહામંત્રના નાદે..., મરેલા બ્રાહ્મણપુત્રને બેઠો કર્યો..

એકવખત સ.ગુ. શ્રી વ્યાપકાનંદ સ્વામી **બુંદેલખંડ**માં સત્સંગ કરાવવા માટે ગયા હતા. ત્યાં એક **ધાર્મિક બ્રાહ્મણ** હતો તે સ્વામીને પોતાના ઘેર લઈ ગયો અને પવિત્રપણે રસોઈ બનાવીને સંતોને જમાડવા બેસાડ્યા. એજ સમયે બ્રાહ્મણના ઘેર એક **અઘટિત ઘટના** બની ગઈ. બ્રાહ્મણનો એકનો એક પુત્ર મરણ પામ્યો. તેથી બ્રાહ્મણ અતિ શોકાતુર બન્યો. એક બાજુ પુત્રના વિયોગનું દુઃખ હતું તો બીજી બાજુ ધર્મસંકટ હતું કે, હવે શું કરવું ? કારણ કે પુત્રના મૃત્યુથી ઘરમાં સૂતક લાગે તેથી પવિત્ર સંતોને જમાડી ન શકાય. અને સંતોને વાત કરું તો સંતો મારા ઘરેથી ભૂખ્યા જતાં રહે તે પણ દોષ લાગે અને વાત ન કરું તો પણ દોષ લાગે.

છતાં પણ મૂંઝાયેલો બ્રાહ્મણ પછી નિર્ણય કરીને, બે હાથ જોડીને તે આગંતુક સંતોને કહેવા લાગ્યોઃ ‘‘હે સંતો ! હું મોટો અભાગી છું. ઘણાં દિવસથી તમારા જેવા પવિત્ર સંતોને જમાડવાની ઈચ્છા હતી અને તમો પધાર્યા એટલે મારી ઈચ્છા પૂર્ણ કરવા માટે મેં રસોઈ બનાવી તથા તમોને પીરસ્યું, પરંતુ અત્યારે જ મારો પુત્ર મૃત્યુ પામ્યો છે તેના કારણે મારે સૂતક આવ્યું એટલે તમોને જમાડવાનો લ્હાવો મને ન મળ્યો અને મારો મનોરથ વ્યર્થ થયો.’’ મારા આંગણેથી તમો ભૂખ્યા જાઓ છો તેનું મને પારાવાર દુઃખ થાય છે. હવે મારે કેમ કરવું તે મને સમજાતું નથી, માટે મારા ઉપર કૃપા કરો. બ્રાહ્મણની વાત સાંભળી વ્યાપકાનંદસ્વામીએ કહ્યું: ‘‘હે ભૂદેવ ! તમો બાળક પાસે જાઓ અને **‘સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... સ્વામિનારાયણ...’** એમ આ મહામંત્ર નો જપ કરો.’’ સ્વામીના વચનમાં વિશ્વાસ લાવી બ્રાહ્મણ, મૃતપુત્ર પાસે જઈ **સ્વામિનારાયણ** નામનું ભજન કરવા લાગ્યો. ત્યાંતો આશ્ચર્ય થયું ! જેમ સૂતેલો બાળક આળસ મરડીને બેઠો થાય તેમ બાળક બેઠો થયો.

બ્રાહ્મણના આનંદનો પાર ન રહ્યો, બાળકને લઈને બ્રાહ્મણ સ્વામી પાસે આવ્યો અને **દંડવત્ પ્રણામ** કરી શ્રીહરિનો આશ્રિત થયો.

(ભક્તચિંતામણી : પ્ર. ૧૩૦ના આધારે)

❖ ❖ ❖ ❖ ❖ ❖

● યમપુરી ખાલી કરાવી...

એકવખત ભગવાન શ્રી સ્વામિનારાયણ **કાલવાણી** ગામે સંતો-ભક્તોની સભા કરીને બિરાજમાન થયા હતા. ત્યાં એક **ભીમભાઈ** નામના ભક્તે મહાપ્રભુ શ્રીહરિને **પ્રાર્થના** કરી જે, ‘હે મહારાજ ! આ લોકમાં કોઈ રાજાનો **રાજ્યાભિષેક** થાય ત્યારે તમામ કેદીઓને મુક્ત કરી દે છે. તો આપ તો અક્ષરધામના અધિપતિ છો, આપનો આ **ગાદીપટ્ટાભિષેક** થયો ને આ ગાદીએ બિરાજમાન થયા તો આપ કોઈ સંતને યમપુરીમાં

મોકલી, ત્યાં પીડાતા બિચારા અનંત જીવોને શું આપ છોડાવી ન શકો ?' હે કરુણાના સાગર ! આપ તો મહાસમર્થ છો, તો આપ એ યમપુરીમાં પીડાતા અનેક જીવો ઉપર દયા કરો... દયા કરો ...!!!

ત્યારે આ પ્રેમી ભક્તની પ્રાર્થના સાંભળી શ્રીજીમહારાજે સ્વરૂપાનંદ સ્વામીને આજ્ઞા કરી જે, 'સ્વામી ! તમો સમાધિ કરી યમપુરીમાં જઈને ત્યાં અમારા આ **'સ્વામિનારાયણ'** મહામંત્રના જપથી સહુ નરકમાં પીડાતા જીવોને બહાર કાઢી ભૂમાપુરુષના ધામમાં મોકલી દો.'

આમ કહી સ્વામીને સામે બેસાડી શરૂ કરાવી **'સ્વામિનારાયણ'** મહામંત્રની ધૂન્ય, ત્યાં તો સમાધિ થઈ ગઈ. સમાધિમાં સ્વરૂપાનંદ સ્વામી ભગવાન શ્રીહરિની આજ્ઞા પ્રમાણે **'સ્વામિનારાયણ... સ્વામિનારાયણ...'** આ મહામંત્રના પ્રતાપે યમપુરીમાં અનંત યાતનાઓ ભોગવનાર જીવોને યમપુરીમાંથી મુક્ત કરી, ભૂમાપુરુષના લોકમાં મોકલી પાછા આવ્યા ને સમાધિમાંથી ઊઠી સૌને આ વાત કરી.

'જોયા નરકમાં પીડાતા પ્રાણી, અતિ અંતરમાં દયા આણી; લીધુ સ્વામિનારાયણ નામ, નાઠ્યા સાંભળી દૂત તમામ.'

(શ્રીહરિલીલામૃત : ૫/૬/૪૩)

❖ ❖ ❖ ❖ ❖ ❖

● 'શ્રી સ્વામિનારાયણ' મહામંત્રમાં બધાં મુહૂર્ત આવી ગયાં...!!!

ભગવાન શ્રીહરિ રાજકોટમાં અંગ્રેજ ગવર્નર સર માલ્કમ સાહેબને મળીને પાડાસણ, સમઢીયાળા, સાજડિયાળી થઈને ખોખરા (હાલ સરધાર પાસે આવેલ ભૂપગઢ ગામ) પધાર્યા હતા. ત્યાં ભક્તોને સુખ આપીને શ્રીજીમહારાજ ગઢપુર જવા ચાલતા થયા. ભગવાન શ્રીહરિનો મેનો ચાલ્યો એટલે બાઈઓ મંગળ ગીતા ગાવા લાગી. તે સાંભળી મહારાજ બોલ્યા : 'આ ગામ તો **ગોકુળ જેવું** લાગે છે.'

તે વખતે શ્રીજીમહારાજના મેના સાથે ચાલતા કાના સિંધવે તથા વસ્તા ભક્તે ભગવાન શ્રીહરિને કહ્યું : 'મહારાજ ! અમારા ગામમાં કોઈ બ્રાહ્મણ નથી, એટલે મુહૂર્ત જોવરાવવું હોય ત્યારે મૂંઝવણ થાય છે.'

શ્રીજીમહારાજ તેમની વાત સાંભળી હસ્યા. પછી કહ્યું : 'તમારે **'સ્વામિનારાયણ... સ્વામિનારાયણ...'** કહીને સાંતી જોડવા, વાસ્તુ કરવું. બધાં મુહૂર્ત તે મંત્રમાં આવી જાય છે.'

'લઇ સ્વામિનારાયણ નામ, સદા આદરવું શુભ કામ; સુણી એવું શ્રીજીનું વચન, હરિજન સહુ હરખીયા મન.'

(શ્રીહરિલીલામૃત : ૮/૧૧/૧૮)

❖ ❖ ❖ ❖ ❖ ❖

● સ્નાન સમયે નામ લીધા વિના શોણિત સ્નાન...

અને કુંડળમાં મહારાજ **જાળીયે ઘરે** નહાવા પધાર્યા હતા અને કાઠી સૌ ત્યાં ધુબકા મારી મારીને નહાયા પણ કોઈએ સ્વામિનારાયણનું નામ લીધું નહીં. પછી સૌ નાહીને બહાર નીસર્યા ત્યારે મહારાજ બોલ્યા જે, **સુરાખાચર** ! તમે સૌ લોહીમાં નહાયા.'' ત્યારે સુરોખાચર કહે, 'મહારાજ ! ગંગાજળ જેવું પાણી છે અને તમે લોહી કેમ કહો છો ?' મહારાજ કહે, ''તમે ભગવાનને સંભાર્યા હતા ? ભગવાનને સંભાર્યા વિના નહાયા તે લોહીમાં નહાયા.'' પછી ફરી, સૌ પોતીયાં પેરીને **'સ્વામિનારાયણ.... સ્વામિનારાયણ....'** બોલી બોલીને નહાયા. તે સાંભળીને મહારાજ કહે, ''હવે તમે સૌ ગંગાજીમાં નહાયા.''

(સ.ગુ. શ્રી અક્ષરાનંદ સ્વામીની વાતો : ૫૫૦)

● શ્રી સ્વામિનારાયણ નામથી ભગવાનને પણ બોલાવે છે...

અને એક વખત મહારાજ **કુંડળને** પાદર રાતના બે વાગે નીસર્યા હતા. પછી મહારાજે સૌને કહેલ જે, ''આપણે કુંડળમાં જાણ કરવું નથી. પછી તે વખતે **રામપટગર** ઉઠેલ. તે ઉભા થઈને હે સ્વામિનારાયણ ! હે સ્વામિનારાયણ ! ભજન કરતા હતા તે

સાંભળીને મહારાજે **હુંકારો** દીધો જે, હેં. ત્યારે સુરોખાચર કહે : ''કહેતા હતા જે નથી બોલવું ને કેમ બોલ્યા ?'' ત્યારે મહારાજ કહે, **''મને બોલાવે ત્યારે જવાબ દીધા વગર છુટકો છે ?''** પછી મહારાજ ગામમાં પધાર્યા અને સવારે થાળ જમીને ચાલ્યા.

(સ.ગુ. શ્રી અક્ષરાનંદ સ્વામીની વાતો : ૫૫૧)

● શ્રી સ્વામિનારાયણ ભજનથી અનાવરણ સ્થિતિ...

અમદાવાદમાં **ડોસાભાઇ** નામના મુસલમાન ભક્ત રહેતા હતા. જાતિએ કરીને તેઓ **તાઇ** હતા. એકવખત તેઓ ખેતર જઈને કામકાજ કરતા હતા તે સમયે સ્વામિનારાયણ ભગવાન કાઠી ભક્તો સાથે ઘોડેસ્વાર થઈને **અમદાવાદ** આવતા હતા. તેથી ડોસાભાઈએ શ્રીહરિને જોયા અને તેમનું મન ખેંચાયું, એટલે વટેમાર્ગુ લોકોને પૂછ્યું : ''આ મહારાજા જેવા આભૂષણો પહેરીને કોણ જાય છે ?'' ત્યારે લોકોએ કહ્યું: ''એ તો સ્વયં સ્વામિનારાયણ ભગવાન છે.''

શ્રી સ્વામિનારાયણ નામ સાંભળતાંજ તેમના હૃદયમાં તે નામ કંડારાઈ ગયું ! અને ઘાટ-સંકલ્પો વિરામ પામી ગયા. તેથી પોતે નક્કી કરી વાળ્યું કે ''એ ભગવાન જ છે, તે સિવાય મારા હૃદયમાં આટલીબધી શાંતિ થાય નહિ.'' પછી તો તેઓ **સ્વામિનારાયણ** નામનું સ્મરણ કરતાં કરતાં શહેરમાં આવ્યા અને લોકોને પૂછવા લાગ્યા : ''સ્વામિનારાયણ ભગવાન ક્યાં ઉતર્યા છે.?'' ત્યારે કોઈકે મંદિર બતાવ્યું. તુરંત મંદિરે આવ્યા. ત્યાંતો શ્રીજીમહારાજ ઊંચા સિંહાસને બેઠા હતા. ડોસાભાઈ તો મહિમા સહિત **દર્શન** કરવા લાગ્યા. તે સમયે શ્રીજીમહારાજે તેમની સામું જોયું, તેથી બન્નેની ચાર આંખો ભેગી થતાં ડોસાભાઈને **સમાધિ** થઈ ગઈ ! સમાધિમાં તેઓએ અક્ષરધામ જોયું. બે કલાક પછી સમાધિ ઉતરી તેથી શ્રીહરિને **સર્વોપરી ભગવાન** જાણી વારંવાર **દંડવત** કરવા લાગ્યા. પછી વર્તમાન ધારીને કંઠી બંધાવી ઘરે ગયા અને **દરરોજ** કાળુપુર મંદિરમાં દર્શન કરવા આવવા લાગ્યા. ત્યાં કથા વાર્તા સાંભળવા લાગ્યા, તેથી પાકા **ધર્મનિયમો** પાળતા થઈ ગયા.

આ બાજુ મુસ્લિમ નાતને ખબર પડી તેથી ડોસાભક્તને બોલાવી સત્સંગ છોડી દેવા સમજાવ્યા પરંતુ માન્યા નહિ, એટલે ખૂબ માર્યા, તોપણ **ભજન** કરવું છોડ્યું નહિ. પછી સંબંધી લોકોએ ઘરમાં પુરી દીધા અને ખાવા પીવાનું ન આપ્યું. આ રીતે ત્રણ દિવસ અંધારા ઘરમાં, ભૂખ્યા-તરસ્યા ડોસાભક્તે **'સ્વામિનારાયણ... સ્વામિનારાયણ...'** મહામંત્રનું ભજન કર્યું. આવી દૃઢતા જોઈને કરુણાસાગર શ્રીહરિજીએ દિવ્ય દર્શન દઈ, ડોસાભક્તના શરીરે હાથ ફેરવ્યો. તુરંત ભૂખ-તરસનું દુઃખ જતું રહ્યું અને શરીરને નિરાવરણ કરી દીધું ! તેથી ડોસાભક્ત બહાર નીકળ્યા.

ઘરમાં એકપણ તિરાડ ન પડી અને ડોસાભક્ત બહાર નીકળી ગયા, તે જોઈને લોકો આશ્ચર્ય પામી ગયા. પરંતુ ક્રૂર સ્વભાવના યવનોએ ફરીને ડોસાભક્તને પકડી અંધારી કોટડીમાં એક થાંભલા સાથે જકડીને બાંધી દીધા. પરંતુ **'રામ રાખે તેને કોઇ ન ચાખે'**

આ કહેવત મુજબ દયાસિંધુ શ્રીહરિની ઇચ્છાથી ડોસાભકત આપમેળે છૂટી ગયા અને ઠેઠ **ઘોળકા** ગામ નીકળ્યા. ત્યાં તેમના સગાઓ

જોઈ ગયા, એટલે તેઓએ પણ ઘરમાં પૂરી દીધા. ત્યાંતો તુરંત ઘરની બહાર નીકળ્યા. પછી તે **અમદાવાદ** મૂકી ગયા. આટલા બધા ચમત્કારો જોયા, છતાંપણ નરાધમ યવનોએ ડોસાભક્તનો પીછો ન છોડ્યો. એક દિવસ ભક્તને પકડીને નિર્જન સ્થાનમાં લઈ ગયા. ત્યાં ઊંડો ખાડો ખોદીને કહ્યું : "એય ડોસા ! સ્વામિનારાયણનો ધર્મ છોડી દે, નહિતર આ ખાડામાં દાટીને તને મારી નાખીશું, બોલ શું વિચારે છે ?" ત્યારે ડોસાભક્તે જવાબ આપ્યો : "મરવું એ મારે મન **આનંદ** છે. કેમકે મારું મૃત્યુ થાય તો તુરંત મને **અક્ષરધામ** મળશે."

આવું સાંભળી ક્રોધાયમાન થયેલા મુસલમાનોએ તુરંત ઊંડાં ખાડામાં ડોસાભક્તને નાખીને ઉપર માટી વાળીને પૂરી દીધા. પછી સહુ ઘેર આવ્યા ત્યાંતો ઓસરીમાં બેઠા બેઠા ડોસાભક્ત **'સ્વામિનારાયણ... સ્વામિનારાયણ...'** મહામંત્રનું સ્મરણ કરતા માળા ફેરવતા હતા ! આ દૃશ્ય જોઈને તેઓ આભા જ બની ગયા ! પછી માફી માંગી હેરાન કરવાનું છોડી દીધું.

(આદર્શ ભક્તગાથાના આધારે...)

❖ ❖ ❖ ❖ ❖ ❖

● 'શ્રી સ્વામિનારાયણ' મહામંત્રથી સુંદરજી ભક્તની સહાય...

મેઘપુરના **સુંદરજી સોની** ભગવાન શ્રી સ્વામિનારાયણના અનન્ય ભક્ત હતા . તેમને શ્રીજીમહારાજ પ્રત્યે અપાર શ્રદ્ધા હતી. પોતે સોનીનો ધંધો કરતા હોવાથી સોના-ચાંદીની ખરીદી કરવા માટે પગપાળા ચાલીને **જામનગર** આવ્યા હતા. ખરીદી કરતા કરતા **સૂર્યાસ્ત** થયો. તેમણે પોતાના પરિચિતને ત્યાં રાત્રિવાસો કર્યો. પછી વહેલી સવારે સુંદરજી સોની સોના-ચાંદીનો જે સામાન હતો, તે પહેલાનાં જૂના જમાનામાં સામાન ભરવાની ખલેચી આવતી, તેમાં ભરી ખલેચી ખભે લટકાવી **'સ્વામિનારાયણ... સ્વામિનારાયણ...'** મહામંત્રનું સ્મરણ કરતા ચાલતા થયા.

સુંદરજી સોની શ્રીજીમહારાજનું સ્મરણ કરતાં કરતાં પંથ કાપે છે. ચાલતાં ચાલતાં ઊંડ નદીનો પ્રદેશ આવ્યો. આ બે કિલોમીટરનો પ્રદેશ ખૂબ જ **ભયંકર** હતો. આ પ્રદેશમાં ચારેય બાજુ ઊંડી કોતરો અને ગીચ ઝાડીઓ હતી. અહીં ધોળે દિવસે અનેક લોકો લૂંટાયાના પ્રસંગો બનેલા. સુંદરજી સોનીએ વિચાર કર્યો કે, અરે ! દર વખતે તો દેવીસિંહ વળાવિયા તરીકે મારી સાથે હોય છે. પરંતુ આજે તે ન આવી શક્યા. હે મહારાજ ! હવે શું થશે ?

સુંદરજી સોની હજુ તો વિચાર જ કરે છે,

ત્યાં જ પાછળથી અચાનક **તબડક... તબડક... તબડક...** ઘોડાના ડાબલાઓનો અવાજ આવ્યો. સુંદરજી ભક્તે પાછળ નજર કરી તો કરડો જુવાન **જામનગરનો વાઘેર** હથિયાર બંધ આવી રહ્યો હતો. ભગતને ડર લાગ્યો. થોડીવારમાં તો પેલો વાઘેર તેમની નજીક આવી ગયો. તેણે ઘોડા ઉપરથી જ સુંદરજી સોનીને ઠેબું માર્યું અને કહ્યું : "એય, કઈ બાજુ જાય છે ? આ ખલેચીમાં શું છે ?"

સુંદરજી ભક્તને ગભરાટના માર્યા પરસેવો વળી ગયો. તેમણે થોથવાતી જીભે જવાબ આપ્યો : "સામે ગામ મેઘપુર જાઉં છું. આ ખલેચીમાં મારો **ઘરસામાન** છે."

વાઘેર સુંદરજી સોનીને નદીના કોતર પ્રદેશમાં લઈ ગયો. વાઘેરે ઘોડાને એક ઝાડની ડાળી સાથે બાંધ્યો અને પછી સુંદરજીને કહે : "લાવ તારો ખલેચો. એમાં શું છે, તે મને જોવા દે." વાઘેરે ભક્તનો ખલેચો તપાસ્યો તો તેમાંથી **સોનું-ચાંદી** નીકળ્યાં.

વાઘેરે સોનું-ચાંદી લઈ લીધું અને કહ્યું : "તારા ખિસ્સામાં હજુ કાંઈ હોય તે બહાર કાઢીને ઢગલો કરી દે, એટલે તને માર્યા પછી મારે તારું મડદું ચૂંથવું ન પડે ! જલ્દી કર."

આ સાંભળીને સુંદરજી ભક્ત તો ડરના માર્યા **થરથર** ધ્રૂજવા લાગ્યા. તેમણે વાઘેરને કહ્યું : "બાપા ! તમારે જે જોઈએ તે લઈ લ્યો. પરંતુ મને મારશો નહિ. મને મારવાથી તમને **શું ફાયદો** થશે ?"

વાઘેર કહે : "તને મારી નાખવાનો મારે હેતુ એ છે કે મારા સાગરીતોએ પહેલાં એવી ભૂલ કરી હતી. તેમણે જેને જેને લૂંટ્યા એ બધાયને દયા કરીને જીવતા છોડી દીધા. પછી એ જીવતા બચેલા લોકોએ અમારા માટે **મુસીબત** પેદા કરી. તેથી હવે કોઈને લૂંટ્યા પછી જીવતા છોડતા જ નથી."

આ સાંભળીને સુંદરજી સોનીને નક્કી થઈ ગયું કે આ હવે મને જીવતો છોડશે નહિ, એટલે તેમણે વાઘેરને કહ્યું : "સારું ભાઈ, તમે મને મારી નાખશો એનો મને જરાય વાંધો નથી. પણ પાંચ મિનિટ માટે મને મારા પ્રભુની **પૂજા** કરી લેવા દ્યો."

વાઘેર કહે : "હા, ભલે તારે જે કરવું હોય તે કરી લે. એ દરમ્યાન હું તારો બધો સામાન સગેવગે કરી દઉં."

આટલું કહીને વાઘેર સોનું-ચાંદી એકઠું કરવા લાગ્યો અને આ બાજુ સુંદરજી ભક્તે પ્રાતઃ પૂજાનો પ્રારંભ કર્યો. શ્રીજીમહારાજની સ્મૃતિ સાથે **'સ્વામિનારાયણ... સ્વામિનારાયણ...'** મહામંત્રનો જપ કરે અને આંખમાં આંસુ સાથે દીનભાવે મહારાજને **પ્રાર્થના** કરે : "હે મહારાજ ! જેવી તમારી ઈચ્છા ! હે પ્રભુ ! દયા કરો, રક્ષા કરો."

એ દરમ્યાન પેલા વાઘેરે જે સામાન હતો તે સગેવગે કર્યો. હાથમાં ખુલ્લી તલવાર લીધી અને **ત્રાડ** નાખી : "તારે જેને યાદ કરવા હોય તેને યાદ કરી લે, હવે તારું **મોત** આવ્યું છે." એમ કહીને જ્યાં તલવાર ખેંચી ત્યાં તો બાજુના ઝાડનાં ઝૂંડમાંથી ચિબરીએ કાળો કકળાટ કર્યો અને તે જ ક્ષણે સિંહની **ભયંકર ગર્જના** થઈ. વાઘેર હજુ સિંહ સામે જુએ ન જુએ ત્યાં તો લૂંટારા વાઘેરની પીઠ ઉપર ધ્રુફાંગ કરતો સિંહનો **વિકરાળ પંજો** પડ્યો, **વાઘેરના રામ રમી ગયા.**

આ બાજુ સુંદરજી ભક્તને છોગલાધારી સ્વરૂપે ભગવાન શ્રી સ્વામિનારાયણે સિંહમાંથી **દિવ્ય દર્શન** દઈને રક્ષા કરી.

❖ ❖ ❖ ❖ ❖ ❖

● જમદૂત થકી રક્ષા કરી અક્ષરધામ આપ્યું...

હિન્દુસ્તાનમાં ધુવા નામે ગામને વિષે એક લુહાર **બીંદો** નામે હરિજન બહુ સારો હતો પણ તેની કાકી કુસંગી અને દુષ્ટ સ્વભાવ વાળી હતી તે **સત્સંગીની ઠેકડી** કર્યા કરે ને સત્સંગીને દેખીને બળી મરે ને બોલે ત્યાં તો ઝેર વરસે ને સત્સંગીની માથે ખોટી આળ ચડાવે ને ગાળ્યું પણ દીધા કરે ને કહે જે, 'બીંદો તો સ્વામીનો થયો તે બગડી ગયો છે.' એમ જીવી ત્યાં સુધી કર્યું એમ કરતાં તેની આયુષ્ય પુરી થઈ ને મરવા વખતે જમ તેડવા આવ્યા તેને દેખીને તેણે દેવ દેવીને તથા પોતે જે ભેખધારીઓને સેવ્યા હતા તેને સંભાર્યા પણ કોઈએ તે ટાણે **સહાય** કરી નહિ ને જમ તો મારો...! મારો...! કહેવા લાગ્યા તેથી અતિશે દુઃખી થવા લાગી પછી તેણે શ્રીજીમહારાજને સંભાર્યા, 'હે સ્વામિનારાયણ ! તમે ભગવાન હો તો આ ટાણે મારી જમ થકી રક્ષા કરો.' ત્યારે જમ છેટે ખસી ગયા એટલે તેણે વારંવાર **'સ્વામિનારાયણ... સ્વામિનારાયણ...'**

નામ લેવા માંડ્યું ત્યારે શ્રીજીમહારાજ સુંદર રથમાં બેસીને પાર્ષદ સહિત આવ્યા ને ગામના બધાં માણસોને દર્શન થયા. પછી મહારાજ તે ડોશી પાસે પધાર્યા ત્યારે જમ ભાગી ગયા પછી ડોશીયે મહારાજના દર્શન કર્યા ને સ્તુતિ કરવા લાગી જે, 'ધન્ય ધન્ય મહારાજ ! તમે મારો આ સમયે **અવગુણ ન જોયો** ને મારી સહાય કરી તે તો તમારું **બિરુદ** સંભાળીને આવ્યા છો.' એમ કહી દેહનો ત્યાગ કરીને મહારાજ સાથે ધામમાં ગઈ ત્યારે **ગામનાં લોકો** કહેવા લાગ્યા કે, **'ધન્ય છે સ્વામિનારાયણને કે આવી અભાગણીના પણ દોષ ન જોયા ને તેડવા આવ્યા.'**

(શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ - ૩ : ૧૯૭)

● 'શ્રી સ્વામિનારાયણ' મહામંત્રથી પાપીને પણ પરમગતિ...

ધુવા ગામના **પ્રાણનાથ** નામે લુહાર ભક્ત હતા. તેમના પિતા **કેસરભાઈ** ભગવાનમાં માનતા નહીં. ઊલટું, વિધિ-નિષેધનું, તીર્થનું વ્રતનું તેમજ અવતારોનું ખંડન કરતા. તે પાપને લીધે મૃત્યુ બાદ તેઓ ભૂત થયા. અને પોતાની પત્નીના દેહમાં આવીને રહેતા પણ પોતાના જ પુત્ર પ્રાણનાથના કંઠમાંથી જેવો એમણે **'સ્વામિનારાયણ.... સ્વામિનારાયણ...'** મહામંત્રનો જપ સાંભળ્યો કે તરત જ કેસરભાઈ સર્વ પાપ થકી મુક્ત થઈ ભૂતના તનનો ત્યાગ કરીને **પરમ ગતિ** પામ્યા. જે વાત એમણે જતાં જતાં પોતાની પત્નીમાં રહીને કરી :

'સુણી એના મુખનું ભજન, તર્ત છૂટ્યો હું ભૂતનું તન; હવે જાઉં છું હરિને ધામ, સુણી સ્વામિનારાયણ નામ.'

(ભક્તચિંતામણી : ૧૫૫ના આધારે)

❖ ❖ ❖ ❖ ❖ ❖

● 'શ્રી સ્વામિનારાયણ' મહામંત્રના પ્રતાપે ધામગમન...

અમદાવાદનો એક વિપ્ર **પ્રાણવલ્લભ** નિત્ય **'સ્વામિનારાયણ... સ્વામિનારાયણ'** મહામંત્રનું ભજન કરતો. એકવાર સંઘ સાથે તે ગોદાવરી નદીમાં સ્નાન કરવા ગયો. એ વખતે મરકી (પ્લેગ) રોગમાં તે માંદો પડ્યો અને થોડા જ વખતમાં તેણે દેહત્યાગ કર્યો. તે સમયે સ્વયં શ્રીજીમહારાજ તેને લેવા આવ્યા.

ભગવાન શ્રીહરિએ તેને પૂછ્યું : "તારે કોઈ ઈચ્છા રહી જાય છે ?"

ત્યારે વિપ્ર પ્રાણવલ્લભે કહ્યું : "મહારાજ ! બધા લોકો એમ જ માનશે કે અન્યની જેમ આ પણ મરકીને લીધે મરીને અસદ્‌ગતિ પામ્યો છે. પરંતુ હું તો **'શ્રી સ્વામિનારાયણ'** મહામંત્રના ભજનના પ્રતાપે આપની સાથે આપના ધામમાં જઉં છું, એ કોઈ સમજશે નહીં."

ત્યારે શ્રીજીમહારાજે કહ્યું : "તું પાછો દેહમાં જા અને આ વાત લોકોને સમજાવ."

પુનઃ જ્યારે દેહમાં પ્રાણ આવ્યો, ત્યારે એનું શરીર તો ચિતા પર ગોઠવાઈ ગયું. અચાનક શરીર સળવળતાં લોકોને વિસ્મય થયું. ત્યારે તે દ્વિજે સૌને સમજાવ્યું : "મને તો સ્વયં ભગવાન શ્રીહરિ એમના ધામમાં તેડી ગયા'તા, પણ આ તો તમને સૌને સમજાવવા પાછો આવ્યો છું. હાલ કાળનો વેગ ભારે છે. માટે જો એનાથી બચવું હોય ને અંતે ભગવાનનું ધામ પામવું હોય તો **'શ્રી સ્વામિનારાયણ'** મહામંત્રનું ભજન કરો."

એમ કહી પોતે સૌને તાળી પાડીને **'શ્રી સ્વામિનારાયણ'** મહામંત્રની ધૂન ઝિલાવી પછી દેહત્યાગ કર્યો.

(ભક્તચિંતામણીના આધારે)

❖ ❖ ❖ ❖ ❖ ❖

● શ્રી સ્વામિનારાયણ જે કહેશે, ભાવે કુભાવે પણ મુક્તિ લેશે...

અનેક તારલાની મધ્યે જેમ ચાંદામામાનો રથ તરી આવે એમ અનેક ઘોડલાની ઘમરાણો વચ્ચે વિંટાયેલા **શ્રીજીમહારાજ** અલગ તરી આવે છે. ભગવાન શ્રીહરિએ વાટ લીધી છે **ગઢપુર થી વડતાલની...**

સુરજદાદાએ શણગાર સજી અને આછો આછો પ્રકાશ ગગને રમતો મૂક્યો છે, ગાયોના ધણ અહિંથી જ ગયાં હશે એવી સાબીતી **ગોરજ** આપે છે, અબળાઓ ગામને ગોંદરે છાણા વીણીને કોલાહલ કરી રહી છે. એ વખતે સખાઓ સહિત ભગવાન શ્રીહરિ ભાલના ગામડાના પાદરમાંથી પસાર થઈ રહ્યા છે.

"હે પ્રભુ ! આપ અનંત જીવ ઉદ્ધારવા આ ધરા પર આવ્યા અને આ અભણ ગામડીયા આપને નહિ ઓળખી શકે ? શું એનો **મોક્ષ** નહિ થાય ? શું એનું **કલ્યાણ** આપને નથી કરવું ?"

"દરબાર ! કેમ આજ આમ વાકું બોલો છો ? કોણ વળી બાકી રહ્યું છે ?"

"આ ડોશી મા...., બિચારાની આખી જિંદગી આમને આમ ગઈ."

છાણા વિણતા બબડતાં એક ડોશી સામે દરબારે આંગળી ચીંધી.

"દરબાર ! એનો તો મારે મોક્ષ જ કરવો છે..., પણ !"

"પણ શું ?" દરબારે અધીરાઈથી પૂછ્યું.

"એકવખત મારું નામ **સ્વામિનારાયણ** બોલે તો."

"વાહ પ્રભુ વાહ ! તમે તો કલ્યાણને સાવ સસ્તું કર્યું."

દરબાર ઘોડીએથી નીચે ઊતરી ડોશીમાને કહ્યું : "માડી ! આજે આ ભૂમિ પર સાક્ષાત્ ભગવાન પ્રગટ્યા છે, ને એનું નામ **સ્વામિનારાયણ** છે. તમે એકવખત એમનું નામ લ્યો તો એ તમારું કલ્યાણ કરે."

"હા દિકરા ! નામ લીધું હોય તો થાય હો !!" ડોશીએ છાણા વિણતા વિણતા જ જવાબ આપ્યો.

ડોશીનો જવાબ સાંભળી દરબારના મોં પર **ઉદાસીનતાની રેખા** ફરી વળી.

'અભાગણી ડોશી...' સૂરોખાચર મનમાં જ બબડ્યાં.

"અરે માજી ! તમે એમનું **એકવખત નામ** લ્યો તો એ તમારું કલ્યાણ કરે. અને તમને ધામ આપે." સૂરોખાચર રાજી થકા બોલ્યા.

"ના રે વિરા ! હવે જતી જિંદગીએ કાં નામ લેવું." ડોશીમા છાણાનો સૂંડલો માથે ચડાવતા બોલ્યા.

હાથમાં આવેલો શિકાર છટકી ન જાય અને જેમ વનરાજને રીસ ચડે એમ સૂરાખાચરને લાગી આવ્યું. પણ કરેય શું !! કર્તા-હર્તા ભગવાન શ્રીહરિ સાથે હતા. તેમ છતાં દરબારથી ન રહેવાયું એટલે બે ડગલાં આગળ ચાલીને ડોશીના માથા ઉપર રહેલ છાણાના સૂંડલાને ધક્કો માર્યો

અને ડોશીમાના હાથમાંથી સૂંડલો હેઠો પડ્યો.

''મારા પીટ્યા સ્વામિનારાયણીયા ફાટી ગયા છે !'' મોઢામાં દાંત નથી છતાં ડોશીમાં કચકાતા હૈયે બોલ્યા.

આ સાંભળી સૂરાખાચર નાચવા લાગ્યા. અને ભગવાન શ્રીહરિ પાસે દોડી ગયા.

''મહારાજ ! એ ડોશી કલ્યાણ લઈ ગઈ હો !! **અભાવથી પણ તમારું નામ** બોલી તો ખરી.''

❖ ❖ ❖ ❖ ❖ ❖

● જપીશ આઠો જામ, સ્વામિનારાયણ નામ...

ભગવાન શ્રી સ્વામિનારાયણનો **ભગવો ઝંડો** ફરકાવતા **સંતો** પંજાબની સીમમાં આવી પહોંચ્યા. નવો પ્રાંત, નવી ધરતી, નવા માનવીઓની વચ્ચે આ સંતોનું વર્તન **કાંટાની વચ્ચે રહેલા ગુલાબ** જેવું ખીલી ઊઠ્યું.

એક ઘટાદાર વડલાની ઓથે સંતોએ **વિસામો** લેવા વિચાર્યું. આ વખતે સૂરજ પોતાની લાલાશ જગને આપી અલવિદા થઈ રહ્યો છે. પણ એને જતા આકાશમાં રહેલા વાદળાં જગતને પલાળવા અધીરા બન્યા, એકાએક ધોધમાર વરસાદ તૂટી પડ્યો, વરસાદની વરસતી જડી સાથે આ સંતોના ધોતિયા પણ વરસવા લાગ્યા, કાળજું પલાળે એવો વરસાદ અને કાળજું ઠારે એવી કાતિલ ઠંડીથી સંતોના શરીર ધ્રૂજવા લાગ્યા, પરંતુ મુખે તો ભગવાન શ્રીહરિ અખંડ સંભારે છે.

આ સંતોને મહેલની અટારીએથી એક સ્ત્રીએ ધ્રૂજતા જોયા તેથી નોકર દ્વારા વાતચીતથી સંતોને મહેલમાં ઉતરવા બોલાવ્યા અને દાણા-પાણીની સગવડ કરી અપાવી. સંતોએ નોકરને એ પણ કહી દીધું કે, માલિક સ્ત્રી હવે નીચે ન આવે.

આ સ્ત્રીના આગ્રહ અને ભાવથી ત્રણ દિવસના ઉપવાસ પછી સંતોએ ખીચડી પકાવીને ઠાકોરજીને થાળ ધરાવીને જમ્યા.

હવે રાત્રિએ પોતાના અંધકારનો કાળો ધાબળો જગત પર પાથરી દીધો છે એ વખતે નોકર સંતો પાસે બેસવા આવ્યો. ત્યારે સંતોએ તેને પૂછ્યું : ''ભાઈ ! આ આટલા વિશાળ મહેલમાં કોણ રહે છે ? અને આ મહેલ છે કોનો ?''

ત્યારે નોકર કહે : ''મહારાજ ! આ મહેલ પંજાબના રાજા રણજીતસિંહની **રખાત** એક **વેશ્યા** બાઈનો છે.''

''રખાત ?'' સંતો આ જવાબથી હેબતાઈ ગયા.

'અનેક પતિત ઉદ્ધારીયા, જેના જશનો રે મોટો પરતાપ...સંત સમાગમ કીજીએ.'

સ.ગુ. શ્રી મુક્તાનંદ સ્વામીની આ પંક્તિને જીવનમાં જબોળતા સંતોએ તે ગણિકાનો ઉદ્ધાર કરવા **'શ્રી સ્વામિનારાયણ' મહામંત્ર**ની ધૂન ઉપાડી.

જેમ જેમ **'શ્રી સ્વામિનારાયણ'** મહામંત્રની ધૂન વધારે **પ્રબળ** બનવા લાગી તેમ તેમ અંતરમાં ભૂલા પડેલા આત્માને પ્રકાશ મળતા દોટું દેવા લાગ્યો, એનું હૈયું **નિર્મળ** બની ગયું. વિષયભોગથી ખરડાયેલું **માનસ** બદલાઈ ગયું. એક દિવસ આત્માનો સળવળાટ વ્યાપ્ય બન્યો અને વેશ્યા **વૈરાગણ** બની મહેલ છોડી ચાલી નીકળી.

''રાજા રણજીતસિંહને કહેજો કે, હવે હાડ-માંસ અને રુધિરથી ભરેલા દેહમાં આસક્ત ન થાય. હવે હું અવિનાશી વરને વરવા જઈ રહી

છું. અને એને પામીને જ જંપીશ, માટે શોધશો નહિ.'' જતા જતા આ વેશ્યાબાઈ નોકરને કહેતી ગઈ.

જંગલમાં જઈ એક નદી કિનારે પર્ણકુટિરમાં આ સ્ત્રીએ નિવાસ કર્યો. અને ભગવાન શ્રી સ્વામિનારાયણને પામવા સંતોના મુખે સાંભળેલા 'શ્રી સ્વામિનારાયણ' મહામંત્રનું રટણ ચાલુ કર્યું : **'સ્વામિનારાયણ... સ્વામિનારાયણ'**

❖ ❖ ❖ ❖ ❖ ❖

● 'શ્રી સ્વામિનારાયણ' નામરટણથી વાસના નિર્મૂળ થઈ ગઈ...

કાશીના રાજા **અનોપસિંહ** હતા. તેમના **ધર્મપત્ની** ઈડર રાજાના દિકરી હતા. પરણીને જ્યારે પતિગૃહે આવ્યા ત્યારે કરિયાવરમાં પિતાના ઘરેથી ભગવાન શ્રી સ્વામિનારાયણની મૂર્તિ અને સત્સંગ લાવેલા. તેમને ઘરે એક **કુંવરી**નો જન્મ થયો, જે મોટી થતા ખૂબ રૂપવાન અને ગુણવાન બની.

એક દિવસની વાત છે. રાજા ત્રણ ચાર સાથીદારો સાથે જંગલમાં શિકારે નીકળી ગયા. શિકારની પાછળ પાગલ બનેલા આ રાજન એક અંગરક્ષક સાથે અલગ થઈ ગયા. શિકાર તો ન પકડાયો પણ એમનું મોત જાણે પકડાઈ ગયું હોય એમ એક સાવજ પોતાની ભણી ધસી આવ્યો અને તરાપ મારવા જાય ત્યાં જ સાથે રહેલા અંગરક્ષકના **અચુક નિશાને** વનરાજાને વીંધી નાખ્યો.

પોતાની જાન બચાવવાથી ખુશ થયેલા ભૂપે અંગરક્ષકને કંઈક માંગવાનું કહ્યું.

આ યુવાને રાજાની રાજકુંવરીનો હાથ માંગ્યો.

મોહાંધ બનેલા આ અંગરક્ષકને રાજા કાંઈક બોલવા જાય ત્યાં ભગવાન શ્રી સ્વામિનારાયણને વિશે અનન્ય નિષ્ઠા ધરાવતી આ યુવાન કુંવરીએ સમય સાચવી લઈ અંગરક્ષકને ભરદરબારમાં **સ્પષ્ટપણે** કહી દીધું કે, ભલે ! હું આપની સાથે લગ્ન કરવા તૈયાર છું. પરંતુ **એક શરત** કે તમામ સગવડે યુક્ત એવા ઓરડામાં તમારે ભગવાન શ્રી સ્વામિનારાયણની મૂર્તિ સમક્ષ બેસીને હાથમાં માળા લઈ છ માસ સુધી **'સ્વામિનારાયણ... સ્વામિનારાયણ'** એમ અખંડ ભજન કરવાનું અને ત્યાંથી તમારે બહાર પણ નીકળવાનું નહિ.

આ શરત મંજુર રાખી તે અંગરક્ષકે મૂર્તિ આગળ બેસી **'શ્રી સ્વામિનારાયણ'** મહામંત્રનું **રટણ** ચાલુ કર્યું. અને જે મહામંત્રે અનાદિની વાસના બાળી નાખી. જેમ જેમ ભજન થતું ગયું તેમ તેમ અંતરે વાસના બાળવા માંડી. ચાર માસ પૂરા થતા તો **નિર્મળ** ને નિર્વાસનિક બનેલા આ **અંગરક્ષક** બહાર આવી સંસારનો મળવત્ ત્યાગ કરી ભગવાન શ્રીહરિની ભગવી ચૂંદડી ઓઢી **સદૈવ** અમર બની ગયા. તેથી જ સ.ગુ. શ્રી **મુક્તાનંદ સ્વામી** કહે છે : **'મુક્તાનંદ કહે મહિમા અતિ ઘણો, તેને એક મુખે રે કવિ કેટલોક ગાય...'**

❖ ❖ ❖ ❖ ❖ ❖

● ઘાંડલાના મૂળુ ડોશીને અખંડ મહામંત્ર જપનો કેફ...

સૌરાષ્ટ્રની ધિંગી ધરતી પર ખોબા જેવું ઘાંડલા ગામ ભગવાન શ્રી સ્વામિનારાયણના રંગથી રંગાઈ ગયેલું.

સૂરજ પોતાની લાલાશ પાથરે એ પહેલા મૂળુ ડોશી ઊઠી અને ઉચ્ચે સ્વરે **'સ્વામિનારાયણ... સ્વામિનારાયણ'** મહામંત્રનું **અખંડ ભજન** કરતા. જેના કારણે ઘરનું વાતાવરણ **મંદિર તુલ્ય** થઈ ગયેલું. સાંજ પડે અને ભજનીકો મૂળુ ડોશીના ફળીયે એકઠા થઈ ભજન-

કીર્તનોની **રમઝટ** બોલાવે.

હરિભક્તો કહે, રંગ છે મૂળુડોશીને ! દ્વેષીઓ બોલે, હવે તો એની હે ફાટી છે હો !!!

એક દિવસની વાત છે. સૂરજ માથે આવી અને ખસવાનું ભૂલી ગયો છે, પંખીઓ માળામાં જઈને લપાઈ ગયા, માણસો ઘરમાં જઈ ભીના પોતા કરી એની ભીનાશ માણી રહ્યા છે. એ વખતે મૂળુ ડોશીનો આત્મા પરમાત્માને પામવાની તૈયારી કરતા હોય એમ પથારીએ સૂતા સૂતા **'સ્વામિનારાયણ... સ્વામિનારાયણ'** બોલી રહ્યો છે.

''હવે તું તારા આત્માની સદ્‌ગતિ કર. હું તારી વાંહે **પાંચ એકાદશી** કરીશ.'' મૂળીબાઈના ખાટલા પાસે ઊભેલા તેના ધણીએ કહ્યું.

ત્યારે નિષ્ઠાના કેફ સાથે **મૂળુ ડોશી** કહે : ''અરે ! ડોસા તમારી એકાદશી હું લઉં અને મારી **સદ્‌ગતિ** થાય...!!! ભૂલ્યા ડોસા તમે ભૂલ્યા. મારે મુખે 'સ્વામિનારાયણ' મહામંત્રનો અખંડ જપ થાય અને તમારી એકાદશીએ મારી સદ્‌ગતિ થાય ? અરે ! મારી વાત તો ક્યાં રહી !! પરંતુ મારા હાથના ઘડેલા રોટલા જેણે જેણે ખાધા હશે તેને ભગવાન શ્રી સ્વામિનારાયણ પોતાના ધામમાં લઈ જાશે...!!! તો એમાં તમારી **એકાદશી** ક્યાં આડી આવે ?''

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના **ઈતિહાસના ઉજળા પૃષ્ઠો**એ એની **સાક્ષી** પૂરી કે, મૂળી ડોશીના હાથના રોટલા જેણે જેણે ખાધા એને **ભગવાન શ્રી સ્વામિનારાયણ** પોતાના ધામમાં લઈ ગયા.

❖ ❖ ❖ ❖ ❖ ❖

● મારી સીવેલી ડગલી જે પહેરશે તેનું પણ કલ્યાણ...

સવારનો સમય છે. પંખીડાઓ ચણ લેવા આકાશે રમવા લાગ્યા છે, ઘરે-ઘરે ધૂપ-દિવા થઈ અને બૂઝાઈ જવા આવ્યા છે, એ વખતે એક ઝૂપડાં જેવી દેખાતી ગાધકડા ગામના દરજીની દુકાનમાંથી **'સ્વામિનારાયણ... સ્વામિનારાયણ'** મહામંત્રનો **નાદ** ગૂંજે છે.

''અરે ! રવલા ! સાંભળ છો ! તું આખો દિવસ-રાત્રિ 'સ્વામિનારાયણ... સ્વામિનારાયણ' મંડ્યો જ હોય છે, તે એમ **સ્વામિનારાયણ** થોડું તારું કલ્યાણ કરશે ? એ થોડા ઝોળીમાં **કલ્યાણ** રાખી ફરે છે ?''

''અરે ! વડીલો ! મારું કલ્યાણ...!!!'' રવજીભગત હસી પડ્યા.

''મારાં કલ્યાણનું તો ક્યાં રહ્યું ! પરંતુ મારા હાથની ડગલી જેણે જેણે પહેરી હશે તેનું પણ મારા સ્વામિનારાયણ ભગવાન કલ્યાણ કરશે.''

''વાહ ! રે ! રવજીભગત તમારી ભગતીને ધન્ય છે હો...!!!''

રવજીભગતનો આ જવાબ સાંભળીને સૌ કોઈ મૌન જ બની ગયા.

❖ ❖ ❖ ❖ ❖ ❖

● ખાખીઓએ બંધ કરેલો સિંચોડો સ્વામિનારાયણ મહામંત્રથી ચાલુ થયો.

એક વખત ગામ **માંડવધાર**માં હરિજનને વાડે સિંચોડો ફરતો હતો તેવામાં ત્યાં એક ખાખી બાવાની જમાત આવી ને બોલ્યા કે 'અઢાર કડા ગોળની અને બસો સાંઠા શેરડીના આપો નહિ તો તમારો સિંચોડો બંધ કરી દેશું.' એમ કહી મોઢામાંથી અંગારા કાઢવા

લાગ્યા ત્યારે હરિજને તે ખાખીને સમજાવ્યા પણ સમજ્યા નહિ. પછી હરિજને એકાંતમાં વિચારીને ગઢડે બે હરિજનને મહારાજ પાસે મોકલ્યા ત્યારે તેણે ત્યાં જઈ મહારાજને પગે લાગીને ખાખીની વાત કહી ત્યારે મહારાજે તેને કહ્યું, 'તમે આ સચ્ચિદાનંદ સ્વામીને તથા બીજા ચાર સાધુને સાથે તેડી જાઓ.' ત્યારે તેણે એ પાંચ સાધુને સાથે લીધા ને મહારાજને પગે લાગીને ચાલ્યા પછી રસ્તામાં સચ્ચિદાનંદ સ્વામીએ તે હરિજનને કહ્યું, 'તમે બેમાંથી એક જણ ગામમાં જઈને ચાર સુતરના કોકડાં લઈ આવો ને અમે વાડે જઈએ છીએ.' એમ કહી હરિજનને સાથે લઈને સ્વામી વાડે ગયા ને માંડવામાં ઉતર્યા તે વખતે વીશ ખાખી ચીંપીયા લઈને સ્વામી પાસે આવીને બેઠા ને બોલવા લાગ્યા કે, 'જીવનમુક્તા આયા હો ક્યું ?' ત્યાં તો હરિજન ગામમાંથી સુતરના ચાર કોકડાં લઈને આવ્યો તે લઈને સ્વામીએ સિંચોડાની જગ્યાએથી બળદ છોડાવીને ત્યાં સુધી દોરા બાંધ્યા ને હરિજનના હાથમાં સુતરના તાંતણા દીધા પછી સ્વામીએ તે ખાખીઓને કહ્યું, 'તમે સિદ્ધ હો તો બળદ વિના આ સિંચોડો ફેરવી આપો નહી તો હું ફેરવી દઉં.' ત્યારે તે બોલ્યો, જે 'તમે ફેરવી દીયો.' પછી સચ્ચિદાનંદ સ્વામી **'સ્વામિનારાયણ... સ્વામિનારાયણ...'** બોલતા ઉઠ્યા ને સિંચોડાને આંટો દઈ **સ્વામિનારાયણ** ભગવાનનું **નામ** લઈને તાળી પાડી તેજ વખતે સિંચોડો ફરવા લાગ્યો તે જોઈને બધા ખાખીઓ તથા અખાડાના અને ગામના બીજા માણસો પણ આશ્ચર્ય પામ્યાં ને હરિજનો શેરડી ઓરવા લાગ્યા તે પોણી કલાકમાં કુંડી ભરાઈ ગઈ.

(શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ - ૩ : ૫૧૬)

❖ ❖ ❖ ❖ ❖ ❖

● 'શ્રી સ્વામિનારાયણ' મહામંત્રથી કોઈ મોટો મંત્ર નથી !!!

ગામ **બોટાદ**ના **અજોમહારાજ** કરીને શ્રીમાળી બ્રાહ્મણ હતા. તે કારીયાણીએ શ્રીજીમહારાજના દર્શને ગયા. પછી મહારાજે શંભુશુક્લને કહ્યું જે, ''આ અજામહારાજનું વરુણ કરો.'' ત્યારે અજોમહારાજ કહે જે, 'મહારાજ ! હું ભણ્યો નથી.' મહારાજ કહે, ''તમે તો મહામંત્ર ભણ્યા છો ને ?'' અજોમહારાજ કહે, 'હું મહામંત્ર પણ ભણ્યો નથી.' પછી મહારાજ લઘુશંકા કરવા પધાર્યા ત્યારે અજોમહારાજ પાછળ પાછળ ગયા અને કહ્યું જે, 'મહારાજ ! તમે કહો છો કે તું મહામંત્ર ભણ્યો છે ?' ત્યારે મહારાજ કહે, **'તું ભજન કેનું કરે છે ?''** ત્યારે તેણે કહ્યું જે, **'તમારૂં.'** મહારાજ કહે, ''શું કરે છે ?'' ત્યારે તેણે કહ્યું જે, **'સ્વામિનારાયણ... સ્વામિનારાયણ...** ભજન કરૂં છું.' ત્યારે મહારાજ કહે, ''**એથી કોઈ મોટો મહામંત્ર નથી** માટે જા જપ કરવા બેસી જા.'' પછી તેનું વરુણ કરાવીને મંત્રનો **જપ** કરવા બેસાર્યા.

(સ.ગુ. શ્રી અક્ષરાનંદ સ્વામીની વાતો : ૨૫૧)

● મહામંત્રના પ્રતાપથી સ્મશાનમાં મડદું બોલ્યું...

અલૈયાખાચરનો ચાકર **જેહલો** કરીને હતો, તે અકસ્માત મૃત્યુને પામ્યો, તે વખતે અલૈયોખાચર સીમમાં ગયા હતા અને જેહલાને સ્મશાનમાં લઈ ગયા હતા ત્યાં અલૈયોખાચર જઈ પહોંચ્યા. તે વખતે જેઠસુરખાચર બોલ્યા જે, તું ભણતો હતો જે, સ્વામિનારાયણનું નામ લે તેને મહારાજ તેડવા આવે અને આ તો જેહલે દેહ મેલ્યો તે પુઠચે થઈને જીવ નીકળી ગયો. અમે તો મહારાજને ભાળ્યા નહી. અલૈયાખાચર

કહે, 'તે ધામમાં ગયો છે માટે તમારે પરીક્ષા જોવી હોય તો અગ્નિ મેલશો નહીં.' પછી અલૈયાખાચરે સૌને કહ્યું જે, **'સ્વામિનારાયણ... સ્વામિનારાયણ...** એવી ધુન્ય કરો.' એમ ઘડીક ધુન્ય કરવાથી જેહલો દેહમાંથી બેઠો થયો. તે વખતે અલૈયોખાચર બોલ્યા જે, 'જેહલા! ક્યાં ગયો હતો?' ત્યારે તે કહે, હું તો અક્ષરધામમાં ગયો હતો. પછી અલૈયાખાચરે કહ્યુ જે, 'ત્યારે પાછો કેમ આવ્યો?' ત્યારે તે કહે, 'મહારાજે કહ્યું જે, ''અલૈયાખાચરની પ્રતિજ્ઞા રાખવા માટે જા.'' માટે ધુન્ય કરો. હું પાછો ધામમાં જાઉં છું.' એમ કહીને પાછો ધામમાં ગયો.

(સ.ગુ. શ્રી અક્ષરાનંદ સ્વામીની વાતો : ૫૪૧)

❖ ❖ ❖ ❖ ❖ ❖

● મહામંત્રના ભજનથી.... કેસરાભાઇને કાળાનાગનું ઝેર ઉતરી ગયું !

કચ્છ પ્રાંતમાં **દહિસરા** નામનું એક ગામ આવેલું છે. તે ગામમાં **કેસરાભાઇ** નામે

હરિભક્ત હતા. તેઓ ખેતીનો ધંધો કરતા હતા. વાડીએ કૂવામાં પાણી હતું તેથી ગામના લોકો પણ કપડાં ધોવા આવતા હતા. તે વાડીમાં એક મોટો કાળો નાગ રહેતો હતો, એટલે ગામના લોકો કહેતા કે-''તમો આ નાગને મારી નાખો;નહિતર તમોને અથવા કપડાં ધોવા આવનાર સ્ત્રીઓને ક્યારેક કરડશે.''

ત્યારે કેસરાભાઈએ કહ્યું : ''હું હરિભક્ત છું. મારા ઈષ્ટદેવે કોઈપણ જીવની હિંસા કરવાની ના કહી છે; માટે હું નહિ મારું અને મારવા પણ નહિ દઉં.''

તેવા સમયમાં એક વાદી (મદારી) આવ્યો. લોકોએ કહ્યું : ''આ મદારી નાગને પકડવા આવ્યો છે, માટે તેમને પકડવા દ્યો.'' ત્યારે કેસરાભાઈએ કહ્યું : ''તે નાગને પકડીને લઈ જાય, પછી તેને પુરો ખોરાક ન આપે તેનો દોષ મને પણ લાગે, માટે હું વાદીને નાગ પકડવા નહિ દઉં.''આવું સાંભળી વાદી જતો રહ્યો.

પછી એક દિવસ કેસરાભાઈ વહેલી સવારે વાડીએ ગયા અને પાણી કાઢવા માટે કોસ જોડવા ગયા ત્યારે અંધારામાં કંઈ દેખાયું નહિ, તેથી કોસ અંદર હાથ નાખ્યો; ત્યાંતો હાથમાં તે કાળોતરો સર્પ આવ્યો અને એકદમ કરડ્યો. ડંખ વાગતાંની સાથે કેસરાભાઈએ સ્વામિનારાયણ નામનું ભજન શરૂ કરી દીધું અને મંદિરે આવ્યા.

ઘરના લોકોને તથા ગામના લોકોને ખબર પડી તુરંત સર્વે આવ્યા અને કેસરાભાઈને કહેવા લાગ્યા: ''જલ્દી ચાલો ફલાણા ગામે જઈને નાગનું ઝેર ઉતારી આવીએ. ત્યાં એક ભૂવો (માતાજીનો ઉપાસક)ઝેર ઉતારીને દોરો બાંધે છે.''

ત્યારે તમામ લોકોને કેસરાભક્તે કહ્યું : ''મારે કયાંય જવું નથી અને કોઈનોપણ દોરો બાંધવો નથી. સ્વામિનારાયણ ભગવાનને, મને જીવતો રાખવો હશે તો ઝેર ઉતરી જશે, અને ધામમાં લઈ જવો હશે તો ઝેર નહિ ઉતરે. માટે તમો સૌ મારી સાથે ધૂન બોલવા લાગો.'' એમ કહીને તેઓ ભજનમાં બેસી ગયા અને આજુબાજુના ગામોમાંથી ખબર કાઢવા આવેલા તમામ હરિભક્તો પણ ઊંચા સ્વરથી **'સ્વામિનારાયણ... સ્વામિનારાયણ...'** નામની ધૂન બોલવા લાગ્યા. જેમ જેમ ધૂન બોલાતી ગઈ તેમ તેમ નાગનું ઝેર ઉતરતું ગયું અને અંતે

સારું થઈ ગયું.

❖ ❖ ❖ ❖ ❖ ❖

● ગઢાળીના હરિભાઈને સર્પનું ઝેર ઊતર્યું...!

કાઠિયાવાડમાં ગઢડાની બાજુમાં **ગઢાળી** નામનું નાનકડું ગામ છે. જ્યાં મહાન પ્રેમીભક્ત આંબાશેઠ થઈ ગયા છે. તે ગામમાં **હરિભાઇ** નામના એક નિષ્ઠાવાન હરિભક્ત પણ થઈ ગયા છે. તે હરિભાઈએ એક દિવસ ઘરની અંદર પેટી નીચેથી કંઈક

વસ્તુ લેવા માટે હાથ લંબાવ્યો. તે સમયે બરાબર ત્યાં નાગ આવેલો તેથી તેમનું મુખ (ફેણ) હરિભાઈના હાથમાં આવ્યું. એકદમ પોતાને કોઈકે પકડ્યો છે એમ માનીને ક્રોધીત થઈને નાગે જોરથી ડંખ માર્યો અને ભાગી ગયો.હરિભાઈએ હાથ બહાર કાઢ્યો, ત્યાંતો બરાબર દાઢો બેસી ગયેલી અને ડંખમાંથી લોહી વહેવા લાગ્યું. તુરંત કુટુંબના લોકોને ખબર પડી, તેથી એકદમ સર્પ ઉતારનારને બોલાવી લાવ્યા. પરંતુ હરિભાઈએ કહી દીધું : ''હું બેભાન થઈ જાઉં તોપણ મને દોરો બાંધશો નહિ. તમો સર્વેને મારી ઉપર દયા આવતી હોય તો સ્વામિનારાયણ નામની ધૂન શરૂ કરી દ્યો.'' તુરંત સર્વે લોકો **'સ્વામિનારાયણ... સ્વામિનારાયણ...'** મહામંત્રની ધૂન કરવા લાગ્યા. તેથી અમુક સમય જતાં ઝેર ઉતરી ગયું.

❖ ❖ ❖ ❖ ❖ ❖

● ખરડના રામબાઇને ઝેર ઉતરી ગયું !

ભાલ પ્રદેશમાં **ખરડ**(ભાલ) નામનું નાનું ગામ છે. ત્યાં **ગોવિંદભાઇ દવે** નામના બ્રાહ્મણકુળમાં ચુસ્ત સત્સંગી હતા. એક દિવસ તેમની દીકરી રામબાઈ મોઢવામાંથી છાણા લેવા ગઈ. મોઢવામાં અંધારુ હતું તેના કારણે છાણા લેવા જેવો હાથ લંબાવ્યો તેવો જ આખેઆખો કાળોનાગ હાથમાં આવી ગયો! ભયભીત બનેલા નાગે એકદમ દંશ દીધો અને પલાયન થઈ ગયો. ત્યાંતો આડોશી પાડોશીઓ ભેગા થઈ ગયા અને કહેવા લાગ્યા: ''જાવ જાવ, જલ્દી મંત્રેલો દોરો લેતા આવો અને રામબહેનને હાથે બાંધી દો, એટલે ઝેર ઉતરી જશે.'' ત્યારે ગોવિંદ ભગતે તેઓને કહ્યું : ''અમો સત્સંગી છીએ તેથી દોરાધાગાને ન બાંધીએ. અમોએ તો ગળામાં કંઠી પહેરી છે એજ અમારે માટે સર્વસ્વ છે. અમોને તમારે સાથ આપવાની ઈચ્છા હોય તો તમોપણ અમારી સાથે સ્વામિનારાયણ ભગવાનની ધૂન કરો.'' એમ કહીને ગોવિંદ ભક્ત અને રામબહેન **'સ્વામિનારાયણ... સ્વામિનારાયણ...'** મહામંત્રની ધૂન કરવા લાગ્યા. તેની સાથે ગામલોકો પણ ધૂન કરવા લાગ્યા, તેથી ઝેર ઉતરી ગયું.

❖ ❖ ❖ ❖ ❖ ❖

● સર્પનું ઝેર ઉતરાવવાનો ઈન્કાર !

કાઠિયાવાડમાં **લંગાળા** નામનું ગામ આવેલું છે. તે ગામમાં આપણા સંપ્રદાયના મહાન ભક્તરાજ **દાનભગત** થઈ ગયા છે. જેઓને સ્વામિનારાયણ ભગવાને કહ્યું હતું કે ''તમો બન્ને પતિ - પત્ની ગોલોકધામના મુક્તો છો.'' જ્યારથી તેઓને ખબર પડી ત્યારથી બન્ને પતિ-પત્નીએ બ્રહ્મચર્યવ્રત પાળીને સાંખ્યયોગનો સ્વીકાર કર્યો હતો.

એક સમયે દાન ભગતનાં પત્નીને અચાનક સર્પ કરડ્યો તેથી સ્નાન કરી પવિત્ર થઈ બન્ને જણ **'સ્વામિનારાયણ... સ્વામિનારાયણ...'**

મહામંત્રનું ભજન કરવા લાગ્યાં.

આ વાતની ગામના લોકોને ખબર પડી તેથી તેઓએ આવીને કહ્યું : ''અમો ઝેર ઉતારનારને બોલાવી લાવીએ.''ત્યારે દાન ભક્તના પત્નીએ જવાબ આપ્યો:

''શ્રીજીમહારાજની ઇચ્છા હશે તેમ થશે. મારો દેહ પડી જાય તોપણ ફાયદો જ છે કારણકે, સર્પ નહિ ઉતરે તો ધામમાં જવા મળશે, તેથી આ લોક કરતાં પણ અનંતગણું ત્યાં દિવ્ય સુખ મળશે અને શ્રીજીમહારાજની પ્રત્યક્ષ સેવા કરવાનો લાભ મળશે; તેમજ મુક્તોનાં દર્શનનો હંમેશાં લાભ મળશે.'' એમ કહીને ભજન કરવા લાગ્યાં. ત્યાં તો ઝેર ઉતરી ગયું...!!!

❖ ❖ ❖ ❖ ❖ ❖

● 'શ્રી સ્વામિનારાયણ' મહામંત્રના ભજનથી સમાધિમાં ધામ દેખાડ્યું...

...રામાનંદ સ્વામીના સ્વધામ ગમન પછી **સાડાબાર ભગવાનો નાના મોટા થયા.** અને સત્સંગપણ થોડો થોડો વહેંચાઈ ગયો. તેને એક કરવા વાસ્તે **માંગરોળ**માં પોતાનો (શ્રીજીમહારાજે) પારમૈશ્વર્ય પ્રતાપ દેખાડવા માંડ્યો. કેવી રીતે તો જે કોઈ એમને દેખે તેને તત્ક્ષણ સમાધિ થઈ જાય. આવું અપૂર્વ કૌતુક જોઈને એ ગામનો રાજા **વજદીન** નામનો હતો તેણે પોતાના **કાજી** નામના દિવાનને 'મહારાજ કેવી રીતે સમાધિ કરાવે છે.' તેની પરીક્ષા કરવા સારું મોકલ્યો. તેણે આવીને મહારાજને કહ્યું કે, 'મારા ઈષ્ટદેવને દેખાડો.' ત્યારે મહારાજે કહ્યું કે, 'તમે રાજાના સાળા દિવાન હોવાથી કંઈક આડુઅવળું અતર્કિત થઈ જાય તો રાજાનો ઠપકો આવે.' ત્યારે કાજીએ કહ્યું કે, 'મને રાજાએ જ મોકલ્યો હોવાથી ઠપકાનો ભય નથી.' પછી મહારાજે કહ્યું કે, **'સ્વામિનારાયણ'** એવું જોરથી ભજન કરો.' ત્યારે તેમણે તેમ કરતાં જ મહારાજે સમાધિ કરાવીને જમપુરી દેખાડી. તેનું દુરંત દુઃખ દેખીને કાજી તો બહુ ત્રાસ પામી ગયો. અને ન સહન થવાથી બોલ્યા કે, 'આ તો અનવધિ અસહ્ય દુઃખ છે.' ત્યારે મહારાજે કહ્યું કે, 'આ તો રાખના ડામ છે ડમયણાં (લોખંડાદિ ધાતુના સળિયાના) તો મર્યા પછી મળવાનાં નિશ્ચિત છે.' ત્યારે તે ભયભીત કાજીએ ફરી કહ્યું કે, 'એ દુરંત દુઃખ કેમ દૂર થાય?' ત્યારે વળી મહારાજે કહ્યું કે, **'સ્વામિનારાયણ'** એવું ભજન કરો તો દુઃખ મટે.' ત્યારે વળી કાજીએ કહ્યું કે, 'દુઃખ ટળ્યા પછી કેવું સુખ મળે?' ત્યારે વળી મહારાજે સમાધિ કરાવીને અક્ષરધામનું નિત્ય સુખ દેખાડ્યું. તે પછી તેને સમાધિમાંથી બહાર લાવીને પોતાના પર સ્વરૂપનો નિશ્ચય કરાવીને પોતાનો આશ્રિત કર્યો. પછી એ દિવાનજીએ રાજા પાસે જઈને આશ્ચર્યકારી બધી બાબત કહી. તે સાંભળી તુરંત એ રાજા, મહારાજ પાસે આવ્યા. તે વખતે મહારાજ બીજા ગામે જવા તૈયાર થતા હતા. પણ રાજાએ બહુ વિનંતિ કરીને ચાર માસ સુધી રાખ્યા અને ઉપયોગી સઘળી સેવા પણ કરી અને અનન્ય આશ્રિત થયા અને **'સ્વામિનારાયણ'** ના નામથી ભજન કરવા માંડ્યું.

(સ.ગુ. શ્રી અદ્‌ભુતાનંદ સ્વામીની વાતો : ૨૨)

● સદ્ય સમાધિનું કારણ 'સ્વામિનારાયણ' નામનું ભજન છે !

...ભુજમાં મુક્તાનંદમુનિને ખરી ખબર મળી કે, 'મહારાજ તો અનેક સામાન્ય જીવોને **સદ્ય સમાધિ** કરાવે છે અને પારમૈશ્વર્યને પ્રદર્શાવે છે.' આથી વિસ્મય પામેલા સ્વામીશ્રી ઉતાવળા આવીને, મહારાજને ઠપકાના રૂપમાં કહેવા લાગ્યા કે, 'સત્સંગમાં રહીને બહુ ફેલી થવું નહિ,

સમાધિ કાંઈ સહેલી નથી. બહુ દુષ્કર છે.' ત્યારે મહારાજે ધીમેથી કહ્યું કે, **'સ્વામિનારાયણ'** એવા તત્ત્વ નામથી ભજન કરતાં જ સમાધિ થાય છે. ગમે તેમ વારશો તો પણ થશે, એમાં અમે શું કરીએ, આ કંઈ ફેલ નથી...'

(સ.ગુ. શ્રી અદ્‌ભુતાનંદ સ્વામીની વાતો : ૨૪)

● આજથી 'સ્વામિનારાયણ' નામનું ભજન કરજો !

...પછી મહારાજ અમદાવાદથી સંતો સાથે ચાલ્યા તે ગામ મેથાણ થઈને ગામ કડુ પધાર્યા. ત્યાંના તળાવ ઉપર બેસીને પટેલ કલ્યાણદાસને ખબર આપવાથી તે મહારાજ માટે ઝટ ગાડુ જોડીને લાવ્યા. એ ગાડામાં મહારાજ તથા મુક્તાનંદ સ્વામી આદિક, મોટા સંતો બેઠા. ત્યાંથી **કેસરીયા** ગામે આવીને એ રાત્રિ રહ્યા. રાત્રિએ સેવાસમાગમ માટે પાસે બેઠેલા કલ્યાણદાસે મહારાજને કહ્યું કે, 'મને સંપ્રદાયના વર્તમાન ધરાવો.' ત્યારે મહારાજે પૂછ્યું કે, 'તમને વર્તમાન નથી ધરાવ્યાં?' ત્યારે કલ્યાણદાસે કહ્યું કે, 'ગુરુ રામાનંદ સ્વામીએ વર્તમાન પહેલાં ધરાવ્યાં છે.' ત્યારે વળી મહારાજે ફરી પૂછ્યું કે, 'કયો મંત્ર આપ્યો છે?' ત્યારે તેમણે કહ્યું કે, 'રામકૃષ્ણ ગોવિંદ હરે નારાયણ' એવું ભજન કરવાનું કહ્યું છે.' ત્યારે મહારાજે કલ્યાણભાઈ તથા ડાંગરાવાળા ડુંગરજી, આ બંનેને સ્વયં વર્તમાન ધરાવીને 'આજથી **'સ્વામિનારાયણ'** એવા ષડક્ષર નામથી ભજન કરજ્યો એમ કહ્યું.'

(સ.ગુ. શ્રી અદ્‌ભુતાનંદ સ્વામીની વાતો : ૨૭)

● 'શ્રી સ્વામિનારાયણ' મહામંત્રના ભજનથી વેશ્યાઓનો પણ ઉદ્ધાર થયો...

તે સમયે ભુજના **કારભારી** જગજીવન નામે હતા. તે જાતે નાગર બ્રાહ્મણ હતા. તે પોતે સત્સંગ વિરોધી હતા અને એની સ્ત્રી તથા બહેન બંને દૃઢ સત્સંગી હતાં. આ કારણથી એમની ઉપર પણ મર્યાદા મુકીને ઈર્ષ્યા કરતા અને એમને બાળવા માટે ચાકર કે કોઈ ક્ષુદ્ર હોય તેને પણ 'સહજાનંદ' એવા અપમાનભર્યા નામથી બોલાવીને, બહુ જ હલકું કામ કરવાનું પણ કહેતો. એક વખત બે વેશ્યાઓને બોલાવી-સમજાવીને, સુંદરજી-હીરજીને ઘેર મોકલી. તેણીઓ ઘરમાં મહારાજ પાસે આવી પોતાની જાતિની ચિત્ર ચેષ્ટાઓ કરવા મંડી. તેને જોઈને મહારાજ બોલ્યા કે, 'શરમ મર્યાદા મુકીને વેશ્યા થઈને આવી દુષ્ક્રિયાઓને અહર્નિશ કરો છો, તેથી જમપુરીનો માર ખાઈને મરી જશો તો પણ છુટકો થવાનો નથી.' ત્યારે તે વંઠેલ વેશ્યાઓ બળથી બોલી કે, 'જમપુરી વળી કેવી હોય? એ તો એક ભોળા લોકોને છેતરવા માટે તુત ઊભુ કર્યું છે.' ત્યારે તે નાસ્તિકીઓને સમાધિ કરાવીને જમપુરીમાં મોકલી. ત્યાં એક કલાક રાખી. ત્યાં તો 'મારો મારો, કાપો કાપો,

ખાવો ખાવો' એવા ભયંકર ભુંડા શબ્દોને સાંભળીને, તેમજ એવું બીજું ભયાનક દૃશ્ય દેખીને અત્યંત ત્રાસ પામીને, મહારાજની મરજી થતાં બારણે આવીને બોલી કે, 'હે મહારાજ! આ તો બહુ દુઃખ અસહ્ય છે, એ દુઃખ કોઈ રીતે મટે અને સુખ મળે એવો ઉપાય બતાવો.' ત્યારે દયાળું મહારાજે સહેલો ઉપાય બતાવ્યો કે, 'આ સર્વથા નીચ ધંધો છોડીને પુરુષમાત્રને ભાઈ બાપ જેવા માનીને **'સ્વામિનારાયણ'** એવા મંગળ નામથી ભજન કરો તો એ દુઃખ ટળે.' એટલે મુમુક્ષુ વેશ્યાઓએ તેમ કરવા તત્પરતા જણાવી. એટલે એમને સમાધિ દ્વારા સુખસમુદ્ર અક્ષરધામ દેખાડ્યું. પછી તે વેશ્યાઓ પિંગળા વેશ્યા કે જેમાંથી દત્તાત્રેયમુનિએ ગુણ ગ્રહણ કર્યો હતો તેની પેઠે પોતાનો પાપધંધો છોડીને સત્સંગી થઈ.

(સ.ગુ. શ્રી અદ્‌ભુતાનંદ સ્વામીની વાતો : ૨૮)

● અમદાવાદમાં 'સ્વામિનારાયણ' ભજનથી સંતોને સર્પનો ભય ટળ્યો...

પછીથી મહારાજે દોઢસો સાધુઓને અમદાવાદ જવાનો આદેશ આપ્યો. પોતે તો માણાવદર, ધોરાજી થઈને ભુજ પધાર્યા. સાધુઓ ત્યાંથી હાલ્યા તે અમદાવાદ આવીને ઉત્તર દિશામાં ઉજજડ દરીયાખાનના જીર્ણ ઘુમટમાં ઉતર્યા (કોઈ મોટા દરીયાખાન નામના યવનની એ મોટી ઘોર હતી) રાત્રિએ **'સ્વામિનારાયણ'** નામથી જોરથી ભજન કરવા એક સાથે મંડ્યા. તે સમયે તેમાં વર્ષોથી રહેતાં હજારો ભૂત આવ્યાં અને કરગરીને બોલ્યા કે, 'અમારે રહેવાનું એકાંત ઘર હતું તે તમોએ લઈ લીધું. હવે અનાધાર અમે ક્યાં જઈએ ?' એમ કહીને એક સાથે રડવા મંડ્યા. તેનો કરુણ સાદ સાંભળીને દયાળુ આનંદસ્વામીએ તુંબડામાંથી પાણી લઈને સર્વની ઉપર છાંટ્યું અને આશીષ આપી કે, 'તમે બધાં બદરીકાશ્રમમાં જઈને સુખેથી રહો.' સ્વામીના આવા વચનથી સર્વે ભૂતો બહુ રાજી થઈને બદરીકાશ્રમમાં ગયાં.

એક દિવસ શહેરમાં કોઈ મોટો શાહુકાર દેહ મૂકી ગયેલો. તેના અગ્નિ સંસ્કાર માટે હજારેક સારા માણસો નીકળેલા, તેમાં થોડાક સ્મશાન ભૂમિએ બાળવા આવ્યા અને બીજા ઘણાક તો સાધુ પાસે આવીને બેઠા. અને નવરાશનો લાભ લેવા માટે સાધુઓને પ્રશ્નો પૂછવા લાગ્યા. તેમાં કોઈએ બ્રહ્મ સંબંધી પ્રશ્ન પૂછ્યો, તેનો ઉત્તર મુક્તાનંદ સ્વામીએ શાસ્ત્રાધારથી આપ્યો. તેને સાંભળીને તે બોલ્યા કે, 'તમે તો ખોટા બ્રહ્મ છો. અને અહં બ્રહ્માસ્મિ ખરા બ્રહ્મ તો અમે છીએ' એમ પરસ્પર પ્રશ્નોત્તરો ચાલતા હતા. એજ સમયે દૈવયોગે સભામાં મોટી આંબલી ઉપરથી એક મોટો સર્પ પડ્યો. તેને દેખીને જ બીકના માર્યા સાચા બ્રહ્મ તો એકદમ એકબીજા ઉપર પડતા આખડતા નાઠા તે છેક છેટે જઈને ઉભા રહ્યાં. તે પડેલા સર્પને કળ

વળતાં ત્યાંથી ધીરે ધીરે ચાલીને જ્યાં સાધુઓ બેઠા હતા ત્યાં નિર્ભયપણે આવ્યો. તે વખતે શ્રીજીની આજ્ઞા કેવી આકરી હતી કે, 'સર્પ કે વીંછી કે વાઘ કે એવું બીજું કોઈ પશુ આવે તો ત્યાંથી ખાસ મળ મૂત્રાદિ પ્રયોજન વિના ઉઠવું નહિ.' અદ્‌ભુતાનંદ સ્વામી અદ્‌ભુત કહે છે કે, સાધુ પાસે આવેલો કોઈ દૈવી સર્પ, મારી પલાંઠી ઉપર થઈને, કોઈના હાથ ઉપર, તો કોઈના પગ ઉપર, તો કોઈની સાથળ ઉપર, એમ દોઢસો સાધુઓ ઉપર મરજી મુજબ ફરીને છેવટે સચ્ચિદાનંદ સ્વામીને ગળે આંટો દઈને માથા ઉપર છત્રને આકારે ફેણ કરી સ્થિર થયો. તે વખતે નિર્ભય સ્વામી તો **'સ્વામિનારાયણ'** એવી ધૂન્ય 'જેમ મુરલી વાગે એમ' ટંકારવ કરતા જાણીને 'જાણે વાંસળી વાગે છે' એવો મધુર શબ્દ સાંભળીને ઘણીવાર માથા ઉપર એમતેમ ડોલીને, ત્યાંથી પોતે જ વછૂટીને, આંબલી ઉપર ચઢી ગયો.

(સ.ગુ. શ્રી અદ્‌ભુતાનંદ સ્વામીની વાતો : ૩૮)

❖ ❖ ❖ ❖ ❖ ❖

● 'શ્રી સ્વામિનારાયણ' મહામંત્રનાં ભજનથી ઝેરી વીંછી પણ ચડ્યો નહિ..

સ.ગુ. શ્રી બાલમુકુંદદાસજી સ્વામી ઉનાથી સત્સંગ વિચરણ કરતાં કરતાં સ.ગુ. શ્રી ગુણાતીતાનંદ સ્વામીએ શ્રી વ્રજાનંદ સ્વામી પાસે મંદિર કરાવેલું એવા **સમઢીયાળા** ગામે પધાર્યા. ત્યાં રાત્રે એક સત્સંગીને ઘણો જ ઝેરી વીંછી કરડ્યો. અગાઉ આ ગામમાં વીંછીના કરડથી કોઈ મૃત્યુ પામેલો તેથી આ સત્સંગીને મરવાની બીક હતી. તે સ્વામીશ્રી પાસે દર્શન કરવા આવ્યા. સ્વામીશ્રીએ કહ્યું કે, **'સ્વામિનારાયણ...' 'સ્વામિનારાયણ...'** ભજન કરો, સારું થઈ જશે, ભય રાખશો નહીં. ભગવાન શ્રી સ્વામિનારાયણના ભજનથી તો કાળા નાગનું ઝેર પણ ઊડી જાય છે અને જીવ બ્રહ્મરૂપ થઈને ભગવાનના ધામને પામે છે.' આવી રીતે સ્વામીશ્રીની આજ્ઞા અને વિશ્વાસથી ભજન કરવા માંડ્યું. તેથી

તેને વીંછી બિલકુલ ચડ્યો નહીં, અને જરાપણ દુઃખ થયું નહીં.

(સ.ગુ. શ્રી બાળમુકુંદદાસજી સ્વામીની વાતોમાંથી...)

❖ ❖ ❖ ❖ ❖ ❖

● 'શ્રી સ્વામિનારાયણ' મહામંત્રથી અવગતિ પામેલા સર્પનો ઉદ્ધાર...

એકવાર સ.ગુ. શ્રી મહાપુરુષદાસજી સ્વામી સત્સંગ વિચરણ કરતા કરતા જામનગર પાસેના **વીંજરખી** ગામે પધાર્યા. ત્યાં દરવાજાની બાજુમાં એક ખાલી ઘર હતું. તેમાં સ્વામીએ ઉતારો કર્યો. ત્યાં સુથાર ભક્ત વાલજીભાઈએ રસોઈ આપી હતી. ઠાકોરજીને થાળ ધરાવીને સૌ સંતો ઠાકોરજી જમાડીને પછી આ વાલજીભાઈ સુથારને ઘરે પધરામણીએ ગયા. ત્યાં વાલજીભાઈના ભાઈ જાદવજીભાઈએ સ્વામીને વાત કરી કે, 'સ્વામી! અમારા ઘરમાં એક મોટો સાપ રહે છે, તે ઘરમાં કે રસોડામાં, ફળિયામાં બધે ઠેકાણે દેખાય છે પણ કોઈને કરડતો નથી. અમે એક-બે વખત પકડીને દૂર નાખી આવ્યા પણ પાછો તરત જ આવી ગયો. કોઈને કરડતો નથી પણ ઘરમાં બધા બહુ જ બીએ છે. નાના છોકરાંઓ તો રડતાં રડતાં ચીસો પાડે છે. તો સ્વામી! હવે આ આવી પડેલા દુઃખનું શું કરવું?'

પછી સ્વામીએ પાણીનો લોટો મંગાવી તેમાંથી ચાપવે ચાપવે પાણી બધે છાંટતા છાંટતા **'સ્વામિનારાયણ'** બોલતાં બોલતાં કહ્યું કે, 'તું હવે બદરીકાશ્રમમાં જતો રહેજે.' આટલું કહીને સ્વામી ઉતારે આવ્યા. બીજે દિવસે સ્વામી, જાદવજીભાઈને વાડામાં મોકલે છે. જ્યાં જાદવજીભાઈ સુથાર વાડામાં ગયા તો ત્યાં જે મોટો સાપ હતો તે મરેલો જોયો. આ વાત જાદવજીભાઈએ સ્વામીને કહી. ત્યારે સ્વામી શ્રી મહાપુરુષદાસજીએ કહ્યું કે, 'તે સાપ આગલા જન્મનો તારો ભાઈ હતો. તેને અમે બદરીકાશ્રમમાં મોકલી દીધો છે.' આવો મહિમા છે આ મહામંત્ર રત્ન **'સ્વામિનારાયણ'** નામના ઉચ્ચારનો...!!!

(સ.ગુ. શ્રી મહાપુરુષદાસજી સ્વામીના જીવનદર્શનમાંથી)

❖ ❖ ❖ ❖ ❖ ❖

● 'શ્રી સ્વામિનારાયણ' મહામંત્રના જપથી અંધને આંખો મળી...

ગોંડલ રાજ્યના **રીબ** ગામમાં **દાદભા** કરીને એક ગરાસીયા રહે. તેઓ ચાલીસ વર્ષની અવસ્થાએ ઓચિંતા એકદમ આંધળા થયા તેથી બહુ જ દીલગીર થઈ જાય અને વારંવાર ચિંતા કરે કે, 'અરે ! હવે મારું શું થશે ? ખાવું-પીવું આદિક દેહની બધી ક્રિયા મારે કેવી રીતે કરવી ? હવે મારો ગરાસ કોણ સંભાળશે ? દુનિયામાં અંધાપા જેવું બીજું કોઈ દુઃખ નથી. હે પ્રભુ ! હવે મારે જિંદગી કઈ રીતે ગુજારવી ?' આમ, રાત્રિ-દિવસ ચિંતા કર્યા કરે. તથા ઘણા વૈદ્ય-ડોકટરોને આંખો બતાવી ઉપાયો કર્યા, છતાં પણ સારું થયું નહિ.

તેવામાં ધ્રાફા ગામથી તેનો માસીનો દિકરો માનભા દાદભાને જોવા આવ્યો. તે કહે, 'દાદભા ! આ શું થયું ?' ત્યારે દાદભા કહે, 'અરે, ભાઈ અમારા ક્યા પૂર્વના પાપ ઉદે થયાં હશે અહો હાય... હાય... હવે શું થશે ?' એમ કહી રોવા લાગ્યા. ત્યારે માનભા કહે, 'ભાઈ, જે બનવાનું હતું તે બન્યું. લલાટમાં લખેલા લેખ કોઈ ખોટા કરી શકે નહિ. પૂર્વે હરિશ્ચંદ્ર રાજા, નળરાજા અને યુધિષ્ઠર જેવા ધાર્મિક રાજાઓને પણ ભાવિ ભોગવવા પડ્યા છે. ભાઈ, હવે રોવું મુંઝાવું મૂકી દઈ શાંત મનથી પ્રભુનું શરણ લ્યો. પહેલા નારદજીએ ધ્રુવજીને **'ૐ નમો ભગવતે વાસુદેવાય'** આ બાર અક્ષરનો મંત્ર આપ્યો હતો. ધ્રુવજીએ એ મંત્રનો જપ કર્યો તેના સર્વ મનોરથ સફળ થયા. માટે તમો એ મંત્રનો

પધાર્યા.

દાદભાએ સ્વામીની આજ્ઞા પ્રમાણે હોકો, બીડી, અફીણ આદિક સર્વ વ્યસનોનો ત્યાગ કરી, નાહી ધોઈ પવિત્ર થઈને સ્થિર મન કરી સાચી ભગવાનની અણનમ ટેક રાખી **'સ્વામિનારાયણ... સ્વામિનારાયણ...'** એ મહામંત્ર જપવા માંડ્યો. બે મહિનામાં એક દિવસ ઓછો રહ્યો ત્યારે સવારના પાંચ વાગ્યે શ્રીજીમહારાજના દર્શન થયાં અને કહ્યું કે, 'દરબાર ! સાધુના આપેલા ષડક્ષરી મંત્રના જપથી તમને દર્શન દેવા અમો સ્વામિનારાયણ ભગવાન પોતે જ આવ્યા છીએ. તમે સાચા ભાવથી જપ કર્યા તેથી હું પ્રસન્ન થયો છું. હવે અત્યારથી તમારો અંધાપો ગયો અને તમે દેખતા થયા. આજથી એ મંત્રનો જપ સદાય કરજો અને અમારી આજ્ઞા પ્રમાણે ધર્મ નિયમ પાળજો.' એમ કહી શ્રીજીમહારાજ અદૃશ્ય થઈ ગયા અને દરબાર એકદમ ઊભા થઈને **'સ્વામિનારાયણ... સ્વામિનારાયણ...'** એમ અતિ ઊંચે સ્વરે **ધૂન્ય** કરવા લાગ્યા એટલે ગામના માણસો ભેગા થઈ ગયા. અને પ્રથમ તો બધાએ એમ જાણ્યું કે દરબારનું કમળ ખસી ગયું કે મગજ ચસકી ગયો, પણ પૂછવાથી તેમણે કહ્યું કે, 'મને સાક્ષાત્ સ્વામિનારાયણ ભગવાને અત્યારે દર્શન દઈને દેખતો કર્યો છે, તેથી હવે હું બધું દેખું છે.' એમ કહી પોતાની આગળ ઊભેલા માણસોના નામ લઈને બોલાવવા માંડ્યા. અને સૌને કહ્યું કે, 'તમે સૌ **સ્વામિનારાયણ નામની ધૂન** કરો.' પછી સર્વેએ મળી ધૂન્ય કરી અને **સ્વામિનારાયણ ભગવાનની જય** બોલ્યા.

(સ.ગુ. શ્રી કૃષ્ણચરણદાસજી સ્વામીનું જીવનચરિત્ર : પેજ નં. ૧૩ થી ૧૬)

● 'શ્રી સ્વામિનારાયણ' મહામંત્રના પ્રતાપે ચૂડેલને પણ કાઢી મૂકી...

ભગવાનના ખરેખરા ભગત હોય તે જ્યાં ભજન કરે ત્યાં ભૂત રહી શકે નહિ. તે **ખોડી**માં **ઓધાભાઈ** હરિભક્ત હતા. તેના ખેતરમાં લીંબડીનું ઝાડ હતું. તેમાં **ચુડેલ** રહે. તે ઓધાભાઈ લીંબડીની છાંયે બેઠા બેઠા **'સ્વામિનારાયણ... સ્વામિનારાયણ...'** ભજન કરે. તે ચુડેલ ત્યાંથી ચાલી જાય ને પાછી આવે ને રહે. પછી ભગતે તે લીંબડી કાપી નાખી ત્યારે એક વખત ભગતની દિકરી વણે ખબર રાખતી હતી. ત્યાં ચુડેલ વણના પાંદ ખાતી ખાતી આવતી ને વાંસો ખરાબ છે એવી ભયંકર દેખાણી. ને બોલી કે, 'તારા બાપે મારું રહેવાનું ઘર કાપી નાખ્યું, પણ શું કરું ? એનો વારસદાર (માલિક) બહુ જબરો છે.' પછી તે બાઈએ પોતાના બાપને વાત કરી, તે ભગત ખેતર ગયા ત્યાં ચુડેલ દેખાણીને કહે, 'અહિંથી વહી જાજે.' તે કહે, 'ક્યાં જાઉં ?' ત્યારે ભગત કહે, 'ગીરમાં ઘણા ઝાડવાં છે. તેમાં રહેજે.' તે પછી દેખાતી આળશી ગઈ.

(સ.ગુ. શ્રી કૃષ્ણચરણદાસજી સ્વામીની ઉપદેશ વાતો : ૧૩૯)

● 'શ્રી સ્વામિનારાયણ' નામથી ભુવા-ડાકલા અને દોરાની પ્રતીતિ ટાળી...

સ્વામીએ વાત કરી જે, દોરા-ધાગામાં માણસને આસ્તા બહુ આવે છે, પણ ભગવાનની કે સંતપુરુષની આસ્તા રહેતી નથી. **મોતીસર**માં ચાર ભાઈ **કણબી** વચ્ચે એકને દીકરો, ને સત્સંગી બહુ સારા. છોકરો જુવાન થતાં તાવ આવવા માંડ્યો ને બહુ માંદો થયો. ગામ લોકો કહે, 'દાણા જોવરાવો, દોરો કરાવો, ડાકલા બેસારો, દવા કરાવો અને વડલીમાં ફકીર દોરો કરી દિયે છે, તેથી તાવ ઊતરી જાય છે.' પણ આને 'સ્વામિનારાયણની આસ્તા તે કોઈને માને નહિ, ને કાંઈ કરાવે નહિ, કે જેમ મહારાજની મરજી હશે તેમ થાશે.' પછી તો ઘરના માણસોને બીજાએ સમજાવ્યું કે, 'એકનો એક છોકરો મરી જાશે ત્યારે શું કરશો ? માટે કાંઈક કરાવો.' પછી બહુ કહ્યું ત્યારે દુદાભાઈએ ખેતર જઈ પોતાના ધાબળામાંથી ઊનના દોરા કાઢી **'સ્વામિનારાયણ... સ્વામિનારાયણ...'** નામ લઈ સાત ગાંઠો વાળીને ઘેર આવી દોરો બાંધ્યો. તે

જપ કરો, તો સારુ થઈ જશે.'

આ પ્રમાણે માનભાના કહેવાથી દાદભાએ છ મહિના સુધી તે મંત્રનો જપ કર્યો પણ કોઈ સિદ્ધિ થઈ નહિ. તેથી તેની શ્રદ્ધા મંદ પડી ગઈ અને જપ બંધ કર્યા. તેવામાં સ.ગુ. શ્રી કૃષ્ણચરણદાસજી સ્વામી ત્યાં પધાર્યા. ત્યારે સ્વામીને સત્સંગીઓએ દાદભાના અંધાપાની તથા મંત્ર જપ્યાની વાત કહી એટલે સ્વામી કહે, 'ચાલો, આપણે દરબારને જોવા જઈએ.' એમ કહી સ્વામી કેટલાક

હરિભક્તોને સાથે લઈ દરબારને જોવા ગયા. અને દરબારના ફળીમાં જઈ ઊંચે સ્વરે બોલ્યા, 'દરબાર ! જય સ્વામિનારાયણ, કેમ છે ?' દરબાર કહે, 'કોણ એ ?' 'એ તો અમે સ્વામિનારાયણના સાધુ છીએ.' ત્યાં તો દરબાર ખાટલામાંથી બેઠા થઈ ગયા. સ્વામીના પગમાં પડ્યા. અને સત્કાર કરી સ્વામીને આસન ઉપર બેસાડ્યા. સ્વામી કહે, 'દરબાર ! ઓચિંતા આ શું થયું ? કાંઈ આંખો દુઃખતી હતી ?' તો કહે, 'ના, મહારાજ ! આ તો હું આનંદથી બેઠો હતો અને ઓચિંતા ધબાયનમઃ થઈ ગયું.' પછી કહે ભેખ તો ભગવાન જેવા કહેવાય અને તેમાંય સ્વામિનારાયણના સાધુ તો બહુ સમર્થ કહેવાઓ છો તો કાંઈ કૃપા દૃષ્ટિ કરો. સ્વામી કહે, 'જેવું આપણું પ્રારબ્ધ હોય તેવું ભોગવ્યા વિના છૂટકો જ નહિ, પણ ભગવાનને સંભારવાથી અવશ્ય દુઃખ ઓછું થાય.'

દરબાર કહે, 'ધ્રાફાથી મારો **માસીઆઈ ભાઈ** આવ્યો હતો. તેણે મંત્ર જપવાનું કહ્યું. તે **છ મહિના સુધી જપ** કર્યો પણ કાંઈ **અસર** થઈ નહિ.' ત્યારે સ્વામી કહે, 'દરબાર ! છ મહિના સુધી ભાઈનું માની બાર અક્ષરનો મંત્રનો જપ કરી જોયો. તો હવે અમારું વચન માની અમે એક છ **અક્ષર**નો નાના સરખો **મંત્ર** આપીએ તેનો પૂર્ણ વિશ્વાસ રાખી **જપ** કરી જુઓ. જેમ નારદમુનિએ મંત્ર આપી **આશીર્વાદ** આપ્યો હતો. તેમ અમે પણ મંત્ર આપી આશીર્વાદ આપીએ છીએ. માટે તમે શ્રદ્ધા સહિત પવિત્ર થઈને આ મંત્રનો જપ જપો. અમારા મંત્રથી ઘણાક લોકો રોગથી, દુઃખથી, ચિંતાથી અને કળિના દૂત સમાન કામ-ક્રોધાદિક દોષોથી મુક્ત થઈ પરમ સુખિયા થઈ ગયા છે.

ગામ **બોટાદ**ના કાઠી દરબાર **દેહાખાચર**ની પ્રાણથી પ્યારી ઘોડી મરી ગયેલી તેને વ્યાપકાનંદ સ્વામીએ આજ **ષડક્ષરી** (સ્વામિનારાયણ) **મંત્ર**ના બળથી જીવતી કરી હતી તેવી જ રીતે આ જ ષડક્ષરી મંત્રના બળથી બુટેલ ખંડમાં એક મુસ્લિમ રાજાએ ઘણા વર્ષના જુના પોતાના વણિક દિવાનને એક કરોડ રૂપિયા દંડ કર્યો. અને જો તે એક મહિનાની અંદર પુરેપુરો દંડ ભરી ન શકે તો મુસલમાન કરવો. વણિક દિવાને પોતાની સર્વ સંપત્તિ વેચી તથા હેતુ મિત્રો પાસેથી અને સંબંધીઓ પાસેથી રૂપિયા ઉછી ઉધાર લીધા પણ કરોડ રૂપિયા કોઈ રીતે પુરા ન થયા. ત્યારે મુસલમાન થવું એ કરતા તો મરી જવું ઉત્તમ છે, આવા વિચાર પર આવ્યો. તેવામાં તેમને હરિઈચ્છાથી વ્યાપકાનંદ સ્વામી અને સ્વરૂપાનંદ સ્વામીના દર્શન થયા. તેમણે આ જ મંત્ર જપવાનું કહ્યું તેથી ભગવાન શ્રી સ્વામિનારાયણે તે દિવાનની રક્ષા કરી હતી. દરબાર ! શ્રી સ્વામિનારાયણ ભગવાનના ષડક્ષરી **મહામંત્ર**નો અલૌકિક પ્રતાપ છે. એ મંત્રના જપ કરનારને ભૂત-પ્રેત પિશાચ, ડાકણ, બ્રહ્મરાક્ષસ કે કોઈ મલીન દેવ અથવા વીર જરાય દુઃખ આપી શકતાં નથી. અને બળવાન એવા કાળ, કર્મ કે માયા તથા કામ-ક્રોધાદિક અંતઃશત્રુઓ પણ તેનો પરાભવ કરી શકતાં નથી. દરબાર ! સાંભળો છો ને જેમ સર્વે નદીઓમાં ગંગા નદી ઉત્તમ છે, સર્વે પેય વસ્તુઓમાં અમૃત ઉત્તમ છે, તેમ સર્વે મંત્રમાં આ ષડક્ષરી મંત્ર ઉત્તમોત્તમ છે. એમ મનમાં દૃઢ ભાવના રાખી અમારા વચનમાં વિશ્વાસ રાખી પૂર્ણ શ્રદ્ધાથી બે મહિના જપ

જપશો તો જરૂર સારું ફળ જડશે, એમાં તમે જરાય સંશય રાખશો નહિ.' ત્યારે દરબાર કહે, 'તમે બે મહિના કહો છો, પણ હું ભાવથી ચાર મહિના જપ જપીશ.' આવી રીતે સ્વામી દરબારને મંત્ર આપી ઉપદેશ ને ધીરજની વાતો કરી મંદિરમાં આવ્યા. અને બે દિવસ રહી **જૂનાગઢ**

સહુ રાજી થયા ને તાવ ઊતરી ગયો. ત્યારે સૌ કહે, 'દોરો કરાવ્યો તેથી તાવ ઊતરી ગયો, પણ (અમે કહેતા હતા તોપણ) માનતા નહોતાં ફકીર બહુ સારો છે.' ત્યારે દુદાભાઈ કહે, 'ઠાલાં વેવલા થાવોમાં આ જુઓ મારો ધાબળો, મેં મહારાજનું નામ લઈને દોરો કર્યો છે.'

(સ.ગુ. શ્રી કૃષ્ણચરણદાસજી સ્વામીની ઉપદેશ વાતો : ૨૧૮)

● 'શ્રી સ્વામિનારાયણ' મહામંત્રથી વાડીના માલિકોને ભૂત બનાવનાર ૩૦ ભૂતોનો પણ મોક્ષ કર્યો...

ખરેખરા હરિભક્ત હોય તેને ભૂત-પ્રેત કે જંત્ર-મંત્ર શું કરે ? તે **પીઠવાજાળ**માં દેસાઈ **પટેલ**ને ભૂત વળગેલ તે ધુણવા લાગ્યો કે, 'આ ટાણે જો કોઈ સામો મળે તો બાળી દઉં.' ત્યારે **ખીમો ડોબરીયો** કહે, 'લે હું સામો મળું, મને બાળી મેલજે.' તે ખરા હરિભક્તને શું કરે ? અને ગામ **ઘારી** પાસે વીરપુરમાં **ડાયો ભગત** રહેવા ગયા. ગામની પાસે નદીને કાંઠે એક વાડી, તેને જે રાખે તેને ભૂત ભરખી જાય. તેથી કોઈ ખેડુ રાખે નહિ. આ ભગતને વાડી જોઈએ તેથી પટેલે તથા વહીવટદારે વગર સાકરે (પૂરતી છૂટછાટથી) આપી. ભગતે ખેડીને ઉનાળુ જુવાર વાવી. ને રાતે વાસુ જાય. ને ખાટલામાં બેઠા-બેઠા માળા ફેરવતા હતા. ત્યાં પચીશ-ત્રીસ જેટલા **ભૂતો** આવી ચારે કોરે બેઠા. તે જોઈ ભક્તે કહ્યું, 'તમો આટલા બધા કોણ છો ?' **'સ્વામિનારાયણ... સ્વામિનારાયણ...'** નામ લીધું ત્યાં તો તેઓ બળવા લાગ્યા, ને પડતા - આથડતા ભાગ્યા, ને કહે, 'અમે ભૂત છીએ. અને આ વાડી અમારી છે. જે કોઈ રાખે તેને અમારા જેવો કરી દઈએ તેથી આટલા બધા થયા છીએ અને **તમે ભગવાનના ભગત** છો તે તમને **અમારાથી કાંઈ થાય નહિ**. તમે હંમેશા અમને **ભગવાનની વાતો** કરો.' ત્યારે

ભગત કહે, 'પણ જુવાર ઢોર ખાય જાય. તે મારે જાગવું જોઈએ.' ત્યારે ભૂત કહે, 'તેની અમે નજર રાખશું ને ખાવા નહિ દઈએ, ને ચોરને પણ ઘરવા નહિ દઈએ.' પછી ભગતે ખૂબ ભગવાનની ને ઉપદેશની વાતો કરી. અને તેમણે પણ ઢોર, ચોરને પેસવા દીધાં નહિ. પછી **કેવળાત્માનંદ સ્વામી** પધાર્યા, તેને જમાડ્યા ને ભક્તે કહ્યું, 'સ્વામી ! તમે ચાર બજ્યા પછી વાડીએ નાહ્વા આવજો ત્યાં **ભૂતનો મોક્ષ** કરવો છે.' ત્યારે સ્વામી કહે, 'તમે કર્યો નહિ ?' 'તમારા હાથથી થાય તો બહું સારું' પછી સ્વામી નાહ્વા પધાર્યા. ને નાહીને બેઠા ત્યારે ભગતે બધી વાત કરી દેખાડી. ત્યારે સ્વામીએ તુંબડામાંથી પાણી લઈને તેને **વર્તમાન** ધરાવ્યાં ને કહે, 'જાવ બદરિકાશ્રમમાં...,' તે ધુમાડારૂપ થઈને ઊડી ગયા. તે આજ શ્રી **સ્વામિનારાયણ** ભગવાનનો પ્રતાપ એવો છે. તે મુમુક્ષુ જીવને સમજાય છે, અને ભગવાનનો આશરો કરે છે.

(સ.ગુ. શ્રી કૃષ્ણચરણદાસજી સ્વામીની ઉપદેશ વાતો : ૨૧૯)

● ચાર જણનો જીવ લેનાર સર્પનું ઝેર પણ ન ચડ્યું !!

બગસરાના **વેલા સથવારા** ગઢડે શ્રીજીમહારાજના દર્શને ગયા હતા. **મહારાજે સભામાં વાત કરી** જે, 'આજ કળિયુગમાં **સ્વામિનારાયણનું નામ** કેવું છે ? જે **'સ્વામિનારાયણ... સ્વામિનારાયણ...'** ભજન કરે તો **કાળો નાગ** કરડ્યો હોય તોપણ તેનું ઝેર ન ચડે ને **વિંછી** કરડ્યો હોય તોપણ ન ચડે. ને ગમે તેવું માથે વિઘ્ન આવનારું હોય તોપણ ન આવે, ને **કરોડ જન્મના પાપ** બળી જાય ને સ્વામિનારાયણ જે કહે તેને માથેથી **જમપુરી** ને **ચોરાશીના ફેરા મટી જાય,** ને તેનું **કલ્યાણ** થાય એવું આજ કળિયુગમાં સ્વામિનારાયણ નામના મંત્રમાં **બળ** છે. ને સ્વામિનારાયણનું જો ભજન કરે તો ગમે તેવી મૂંઝવણ હોય, ને ગમે તેવું તેને માથે દુઃખ આવનારું હોય તોપણ નાશ થઈ જાય.' વેલો સથવારો ઘેર આવ્યા (પછી) થોડા દિવસે વાવમાં નાહવા સવારે ચાર બજે ગયા. ત્યાં સર્પ ઉપર પગ આવ્યો. તે સર્પ કરડ્યો.

ઘેર જઈને મરચાનો પાટો બાંધ્યો. ને એક ઓરડામાં બેસી **'સ્વામિનારાયણ... સ્વામિનારાયણ...'** ભજન કરવા માંડ્યાં. રાત્રે ઘરના મનુષ્યને કહે, 'અહીં દીવો કરશો નહિ.' તે દિવસ ને રાત ભજન કર્યું ને સર્પ ચડ્યો નહિ. ને સર્પે બે-ચાર માણસને મારી નાખ્યા હતા. આ ભક્ત ભજન કરવાથી ઊગર્યા. તે વેલા ભક્તનો અંતસમય થયો ત્યારે **મહારાજ** હાથીએ બેસીને **સંત-પાર્ષદ-બ્રહ્મચારી** સહિત પધાર્યા.

(સ.ગુ. શ્રી કૃષ્ણચરણદાસજી સ્વામીની ઉપદેશ વાતો : ૨૫૧)

● 'શ્રી સ્વામિનારાયણ' મહામંત્રના પ્રતાપે - અફીણનું ઝેર પણ ઉતારી દીધું!

પદ્મનાભાનંદ સ્વામીએ **મહેમદાવાદ**માં સત્સંગ કરાવ્યો. સ્વામી મહેમદાવાદમાં ગયા. તે ગામમાં ઘરવા દે નહિ. ને કહે, 'સ્વામિનારાયયણનો મૂંડિયો આવ્યો છે. તે ગામ બગાડશે, માટે ગામમાંથી કાઢો.' તે ગામમાં ઝોળી માગે ને **બેચર વડાદરા**ને ત્યાં ઉતરે, બેચર વડાદરાને અફીણનું બંધાણ. તે એક દિવસે વિશેષ લેવાણું તે **અફીણ** ચડ્યું. ઘણા ઉપાય કર્યા, પણ અફીણ ઉતરે નહિ. પદ્મનાભાનંદ સ્વામી કહે, **'હું ઔષધ કરું.'** ત્યારે કે, 'તો બહુ સારું.' પછી સ્વામી કહે, **'સ્વામિનારાયણ... સ્વામિનારાયણ...**નામ લ્યો તો ઉતરી જાશે.' તે પાંચ-સાત વાર નામ લીધું ત્યાં અફીણ ઉતરી ગયું.

(સ.ગુ. શ્રી કૃષ્ણચરણદાસજી સ્વામીની ઉપદેશ વાતો : ૩૦૯ તથા શ્રીહરિચરિત્ર ચિંતામણી ભાગ - ૩ : વાત - ૩૫)

❖ ❖ ❖ ❖ ❖ ❖

● 'શ્રી સ્વામિનારાયણ' મહામંત્રથી ભૂત-પિશાચ ભાગે...

અમદાવાદમાં બની ગયેલ આ **સત્ય ઘટના** છે :- કાળુપુર મંદિર નજીક એક હરિભક્ત રહેતા હતા. તેમને એક દીકરો હતો, તે સ્કુલમાં ભણતો હતો. તેમનો એક મિત્ર હતો તે **વણીકનો પુત્ર** હતો. તે બાળક **મિત્રની સાથે** દરરોજ મંદિરમાં **દર્શન કરવા** આવતો હતો.

એક દિવસ સભામંડપમાં **'શ્રીહરિલીલામૃત'** અંતર્ગત સ્વામિનારાયણ **નામનો મહિમા** એક વક્તા સંત કહેતા હતા કે, **''સ્વામિનારાયણ મહામંત્રનું સ્મરણ** કરવાથી ભૂત મારી શકતું નથી તેમજ પાસે પણ આવી શકતું નથી. જે જે સ્થાનોમાં તે નામનો જપ થાય છે તે તે સ્થાનોમાં રહેતા **ભૂત-પિશાચ પણ ભાગી જાય** છે; માટે ભય આવે ત્યારે **સ્વામિનારાયણ મંત્રનું ભજન** કરવું.''

આ રીતે નામનો મહિમા ચાલતો હતો તે સમયે પેલા બન્ને મિત્રો દર્શન કરવા આવ્યા. તેઓએ એકાગ્ર મને કરીને આ પ્રસંગ યાદ રાખી લીધો. પછી એક સમયે તેમના શિક્ષકે કહ્યું : ''આજે મારી સાથે ઘરે ચાલ.'' શિક્ષકના કહેવાથી વણીકનો બાળક ગયો. બરાબર સંધ્યા સમયે માસ્તર તે બાળકને લઈ સ્મશાનમાં આવ્યો. સ્મશાનમાં લાવવાનું કારણ એ હતું કે તે માસ્તર તમોગુણી એવા કાળભૈરવનો ઉપાસક હતો, તેથી નરબલી ચઢાવવા માટે વણીકના બાળકને લાવ્યો હતો.

બાળકને ખીજડાના ઝાડ નીચે ઉભો રાખી પેલાએ મંત્ર પ્રયોગથી કાળભૈરવને બોલાવ્યો ને કહ્યું : ''તમારો બલી લાવ્યો છું, માટે તેનો સ્વીકાર કરો.'' તુરંત કાળભૈરવ બાળક પાસે જવા લાગ્યો. ભૈરવનું ભયાનક સ્વરૂપ જોઈને બાળકને અત્યંત બીક લાગી. તેજ સમયે કથાના શબ્દો યાદ આવ્યા, તેથી **'સ્વામિનારાયણ... સ્વામિનારાયણ...'** એમ બોલવા લાગ્યો. ભૈરવ નજીક આવ્યો ત્યાંતો બળવા લાગ્યો તેથી પાછો ભાગ્યો અને શિક્ષકને કહેવા લાગ્યોઃ ''આ બાળકના મુખમાં ભગવાનનું નામ છે તેથી હું બળું છું, માટે તેને નામ લેવાનું બંધ કરાવ.'' આ શબ્દો બાળકે પણ સાંભળ્યા તેથી તેને હિંમત આવી ગઈ અને જોરજોરથી **નામરટણ** કરવા લાગ્યો.

ત્યારે શિક્ષકે ધમકી આપીને કહ્યું : ''બંધ કરી દે નામ લેવાનું, નહિતર પરીક્ષામાં નાપાસ કરીશ; સમજ્યો ?'' પરંતુ બાળકે જરાપણ માન્યું નહિ અને અખંડ ભજન શરૂ કરી દીધું, તેના કારણે કાળભૈરવ તેની પાસે આવી ન શક્યો. પછી ભૈરવનો સમય પુરો થવા આવ્યો તેથી શિક્ષકને જ પકડીને લોહી ચુસી ગયો અને અદૃશ્ય થઇ ગયો.

આવું ભયાનક દૃશ્ય જોઈને બાળક ગભરાઇ ગયો તેથી સ્વામિનારાયણ નામના રટણનો **તીવ્ર વેગ** ઉપડી ગયો અને એકદમ દોડતો દોડતો ઘરે આવ્યો. પરંતુ રટણનો તીવ્ર વેગ તો શરૂ જ હતો, તેથી તેમના માતા-પિતા કાળુપુર સ્વામિનારાયણ મંદિરે લઈને આવ્યાં, પછી દર્શન કરાવી પ્રસાદીનું જળ પાયું તેથી તેણે શાંત થઈને તમામ બીના કહી સંભળાવી. તેથી તેઓએ જાણ્યું કે **''આપણાં બાળકને શ્રી સ્વામિનારાયણ ભગવાને બચાવ્યો છે.''** પછી તેઓ સત્સંગી બની ગયા અને મહિમા સહિત ભજન કરવા લાગ્યા...!!!

❖ ❖ ❖ ❖ ❖ ❖

● 'શ્રી સ્વામિનારાયણ' મહામંત્રથી-અધોગતિ પામેલા બ્રાહ્મણ દંપતીનો મોક્ષ.

ગામ **ઝમરાળા**માં એક વખત (સ.ગુ. આનંદાનંદ બ્રહ્મચારી) સ્વામી પધાર્યા હતા અને એક બ્રાહ્મણે આવીને સ્વામીને કહ્યું જે, 'મારે ઘરે કાલે ઠાકોરજીને થાળ કરવાને પધારો.' પછી સવારે સૌ પૂજા પાઠ કરીને તેને ઘરે રસોઈ કરવા ગયા અને સ્વામીને આસન નાખી દીધું. એટલે સ્વામી તો ઓસરીમાં બેઠા ને તે બ્રાહ્મણના માતપિતા બન્ને **અધોગતિ**ને પામ્યાં હતાં અને તે બ્રાહ્મણની સ્ત્રી જ્યારે રસોઈ કરવા જાય ત્યારે તે બાઈની આગળ નાગ તથા નાગણી સામા આવે અને કેટલાક પરડોતરાં (પડકાં કે નાના સર્પ) પણ ઘરમાં ફર્યા કરે તેથી તેનું આખું ઘર કંટાળી ગયું હતું. તેથી તે ઘરમાં તેડી ગયા અને ઘરમાં જઈને છાણાં ભાંગીને જ્યાં આડ કરવા ગયા ત્યાં નાગ તથા નાગણી બન્ને દેખાણાં. પછી બ્રહ્મચારી અક્ષરાનંદજીએ કહ્યું, 'સ્વામી ! અહીંયાં તો નાગ અને નાગણી મોટાં છે.' પછી તે બ્રાહ્મણે હાથ જોડીને સ્વામીને કહ્યું જે, 'સ્વામી ! હું ઘરે નહોતો અને પછવાડેથી ડોસો ગુજરી ગયા તેથી મારાં બન્ને મા અને બાપ અધોગતિને પામ્યાં છે. તેથી મારી ઘરવાળી જ્યારે રસોઈ કરે છે ત્યારે ત્યાં સામાં આવીને નાગ અને નાગણી લડ્યા કરે છે.' તે સાંભળીને સ્વામીએ પોતાનાં ઠાકોરજીને નવરાવીને તે જળ તેનાં ઘરમાં **'સ્વામિનારાયણ... સ્વામિનારાયણ...'** એમ નામ લઈને છાંટ્યું અને સ્વામીનાં દર્શન તે નાગને તથા નાગણીને થયાં. ત્યારથી દેખાતાં બંધ થઈ ગયાં, અને તેમની **સદ્‌ગતિ** થઈ.

(સ.ગુ. શ્રી અક્ષરાનંદ સ્વામીની વાતો : ૯૨૦)



૧૦. સંપ્રદાયના ગ્રંથોમાં ‘શ્રી સ્વામિનારાયણ’ મહામંત્ર નામનો મહિમા

વચનામૃત

‘‘...ગમે તેવો પાપી હોય ને અંત સમે જો તેને **‘સ્વામિનારાયણ’** એવા નામનું ઉચ્ચારણ થાય, તો તે સર્વ પાપ થકી છુટીને બ્રહ્મમહોલને વિષે નિવાસ કરે એવો ભગવાનનો પ્રતાપ મોટો છે માટે ભગવાનનું બળ રાખવું...’’

(વચ. ગ. પ્ર. પ્ર. ૫૬)

‘‘...જ્યારે એવા ભૂંડા ઘાટ થવા માંડે ત્યારે ધ્યાનને પડ્યું મુકીને જીભે કરીને ઉચ્ચસ્વરે નિર્લજ્જ થઈને તાળી વજાડીને **‘સ્વામિનારાયણ... સ્વામિનારાયણ’** ભજન કરવું...’’ (વચ. લો. પ્ર. ૬)

શ્રીહરિચરિત્રામૃતસાગર (સ.ગુ. શ્રી આધારાનંદ સ્વામી કૃત)

‘સ્વામિનારાયણ નામહિ સુનિકે, ભૂત પ્રેત જાવત શિર ધુનિકે ।’

‘‘...સ્વામિનારાયણ નામ સાંભળી ભૂત-પ્રેત પણ માથું ધૂણાવી નાસી જાય છે. બીજા મતપંથી **સત્સંગનો પ્રતાપ** જોઈ પાતાળમાં પેસી ગયા છે.’’

(શ્રીહરિચરિત્રામૃતસાગર : પુર-૩, તરંગ-૫૮)

‘જમપુરી મેં રહે જીવ હિ જેહી, નરક મેં દુઃખ અતિ પાવે તેહી । સ્વામિનારાયણ મંત્ર હિ સુનિકે, પાપમાત્ર સબ ગયે ઝરિકે ॥
ધર્મરાજ તબ બોલત ભયેઉ, એસે અવતાર ન કોઈ લિયેઉ । પાપી કે પાપ ભયે સબ નાસા, દેવ તનુ પાયે સો ઉજાસા ॥’

‘‘...સ્વામિનારાયણ નામ સાંભળી જમપુરીનાં જીવોના બધાં પાપ બળી ગયાં. અને ભાગવતી તનુ પામી દિવ્ય વિમાનોમાં બેઠા. ધર્મરાજા તેમને કહે, તમારાં કંઈ સુકૃત નથી આ તો **સ્વામિનારાયણ નામનો પ્રતાપ** છે.’’

(શ્રીહરિચરિત્રામૃતસાગર : પુર-૪, તરંગ-૧૦૩)

‘‘...સવારે સંતોની ધૂન સાંભળીને સંતોને શ્રીહરિએ કહ્યું કે, તમે **સ્વામિનારાયણ નામની ધૂન** કરો છો, તેથી ઠામોઠામ લોકો તે નામ બોલે છે, તે નામનો બહુ **પ્રતાપ** છે. કળિના પાપને નાશ કરવામાં એ નામ અગ્નિ જેવું છે.’’

(શ્રીહરિચરિત્રામૃતસાગર : પુર-૬, તરંગ-૧૨)

‘‘...સવારમાં જાગી સંતો ધૂન કરવા લાગ્યા, સવારમાં **સ્વામિનારાયણ** શબ્દ જેના કાને પડે તેના રાત્રિના અમંગળ નાશ પામે છે.’’

(શ્રીહરિચરિત્રામૃતસાગર : પુર-૬, તરંગ-૨૭)

"...શ્રીહરિ ઊભા થઈને ધૂન કરવા લાગ્યા. બધા હરિભક્તો પણ ઊભા થઈને ધૂન કરવા લાગ્યા. ધૂનના શબ્દોથી આખું વાતાવરણ ગાજી રહ્યું. ધૂનમાં **'સ્વામિનારાયણ'** એવા નામનું વારંવાર ઉચ્ચારણ થતું. અને ભક્તોને તે તે નામની સાથે તે તે ભગવાનના દર્શન થતા અને બધા રૂપો સ્વામિનારાયણમાં લીન થતા અને નીકળતા દેખાતા. આવું ક્યારેક ક્યારેક બનતું, ક્યારેક ધૂન કરતા આકાશમાં મૂર્તિ દેખાતી."

(શ્રીહરિચરિત્રામૃતસાગર : પુર-૭, તરંગ-૩૭)

"...એક દિવસનો હરિભક્ત હોય અને તે **સ્વામિનારાયણનું નામ** લેતો હોય તેના પણ મન-કર્મ-વચને કરીને દાસપણે વર્તવું."

(શ્રીહરિચરિત્રામૃતસાગર : પુર-૭, તરંગ-૪૬)

"...**'સ્વામિનારાયણ'** નામ રટણ એકવાર કરવાથી જમનો ત્રાસ દૂર થાય છે."

(શ્રીહરિચરિત્રામૃતસાગર : પુર-૮, તરંગ-૧૨)

"...ભગવાન શ્રીહરિના અનંત નામો છે. તે એક એકથી અધિક છે પણ જેવો સમય ત્યાં તેવું નામ ભગવાન શ્રીહરિ પ્રગટ કરે છે, પણ **શ્રી સ્વામિનારાયણનું નામ** સર્વેથી પર વિખ્યાત છે. અને સ્વામિનારાયણનું **એક નામ** જપવાથી બીજા **સર્વે નામ** આવી જાય છે, પણ કોઈ નામ બાકી રહે જ નહિ. એવો **અલૌકિક પ્રતાપ** જાણી સર્વે ભક્તજનો શ્રી સ્વામિનારાયણના નામની ધૂન્ય કરતા. બીજા નામને વિષે જેવો પ્રતાપ છે તે થકી પણ શ્રી સ્વામિનારાયણના નામનો અનંત અપાર પ્રતાપ અધિક છે, એવો પ્રતાપ બીજાનો જાણવો નહિ. અને એવો પ્રતાપ નથી જાણતા તે બીજાના નામને અધિક માને છે. જે જે અવતારનાં નામો હોય તેમાં હેત થાય પણ એક એક નામ વિષે સર્વેને હેત કે રસ આવે જ નહિ. અવતાર જુદાં જુદાં ભક્તો માટે અનંત ધરે છે તેની પ્રથમથી મુક્તોને કે ભક્તોને જરા પણ ખબર પડતી નથી અને સર્વે ભક્તોના મત જુદાં જુદાં છે તે સર્વે **શુદ્ધ સમજણ** વિનાના છે. અને

જેને પ્રગટ ભગવાન શ્રીહરિનો નિશ્ચય નથી તેને પ્રગટનું નામ લેતા અતિ લાજ આવે છે. અને જેને ભગવાન શ્રીહરિ **પ્રગટ** મળેલા છે તે ભક્ત તો દિવસે દિવસે પ્રગટનું નામ લેતા **અતિ સુખ** અને **આનંદ** માણે છે."

(શ્રીહરિચરિત્રામૃતસાગર : ૧૦/૩૫)

"...**સ્વામિનારાયણ** નામમાં **બધાય નામ** આવી જાય છે. તેનો જપ કરતા બીજા કોઈ નામ બાકી રહેતા નથી. એમ પ્રતાપ સમજીને જનો તે નામની ધૂન કરતા."

(શ્રીહરિચરિત્રામૃતસાગર : પુર-૧૦, તરંગ-૪૮)

"...**સ્વામિનારાયણનું** નામ ભજે તે સર્વ સંત હરિભક્ત **દિવ્ય** છે. બધા અવતારનું સામર્થ્ય એમાં રાખ્યું છે."

(શ્રીહરિચરિત્રામૃતસાગર : પુર-૧૧, તરંગ-૪૨)

"...મોક્ષદાતા પ્રગટ ભગવાનનો જોગ થાય નહિ ત્યાં સુધી **કર્મનો રોગ** મટે નહિ. સ્વામિનારાયણનું **નામ** છે તે **કર્મ બાળવામાં અગ્નિરૂપ** છે."

(શ્રીહરિચરિત્રામૃતસાગર : પુર-૧૧ તરંગ-૧૨)

"...સ્વામિનારાયણ મંત્ર આજ કળિયુગમાં **જીવનો ઉદ્ધાર કરનાર** છે. સર્વે સંતો-હરિજનો **સ્વામિનારાયણ મંત્રની માળા** ફેરવે છે. તમારે જેટલી શ્રદ્ધા હોય તે પ્રમાણે નિત્ય **સ્વામિનારાયણ** જપ સાથે માળા ફેરવવી, પાંચ માળાથી ઓછી ક્યારેય ન ફેરવવી. અધિક કરો તો અધિક લાભ થાય. જીવને **સાચો લાભ** આ મંત્રના જપથી થાય છે."

(શ્રીહરિચરિત્રામૃતસાગર : પુર-૧૩ તરંગ-૩૨)

શ્રીહરિલીલામૃત (પ.પૂ. ધ.ધુ. આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજ કૃત)

જે સ્વામિનારાયણ નામ લેશે, તેનાં બધાં પાતક બાળી દેશે;
છે નામ મારાં શ્રુતિમાં અનેક, સર્વોપરી આજ ગણાય એક.
જો સ્વામિનારાયણ એકવાર, રટે બીજાં નામ રટ્યા હજાર;
જપ્યા થકી જે ફળ થાય એનું, કરી શકે વર્ણન કોણ તેનું ?
ષડક્ષરી મંત્ર મહાસમર્થ, જેથી થશે સિદ્ધ સમસ્ત અર્થ;
સુખી કરે સંકટ સર્વ કાપે, અંતે વળી અક્ષરધામ આપે.
ગાયત્રીથી લક્ષ ગુણો વિશેષ, જાણે જ જેનો મહિમા મહેશ;
જ્યાં જ્યાં મહામુક્ત જનો વસાય, આ કાળમાં તો જપ એજ થાય.
જો અંતકાળે શ્રવણે સુણાય, પાપી તણો તે પણ મોક્ષ થાય;
તે મંત્રથી ભૂત પિશાચ ભાગે, તે મંત્રથી તો સદબુદ્ધિ જાગે.
તે મંત્ર જેના મુખથી જપાય, તેના થકી તો જમ નાશી જાય;
શ્રી સ્વામિનારાયણ જે કહેશે, ભાવે કુભાવે પણ મુક્તિ લેશે.
ષડક્ષરો છે ષટ શાસ્ત્ર સાર, તે તો ઉતારે ભવસિંધુ પાર;
છયે ઋતુમાં દિવસે નિશાયે, સર્વે ક્રિયામાં સમરો સદાયે.
પવિત્ર દેહે અપવિત્ર દેહે, તે નામ નિત્યે સ્મરવું સનેહે;
જળે કરીને તન મેલ જાય, આ નામથી અંતર શુદ્ધ થાય.
જેણે મહાપાપ કર્યા અનંત, જેણે પીડ્યાં બ્રાહ્મણ ધેનું સંત;
તે સ્વામિનારાયણ નામ લેતાં, લાજી મરે છે મુખથી કહેતાં.
શ્રી સ્વામિનારાયણ નામ સાર, છે પાપને તે પ્રજળાવનાર;
પાપી ઘણું અંતર હોય જેનું, બળ્યા વિના કેમ રહેજ તેનું ?

(શ્રીહરિલીલામૃત : ૫/૩/૪૫-૫૪)

● સ.ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામી :-

અને 'લય, વિક્ષેપ, રસાસ્વાદ અને કષાય એ ચારને ટાળ્યાનો શો ઉપાય છે ?' એ પ્રશ્નનો ઉત્તર સ્વામીએ કર્યો જે લય તો ભગવાનની લીલાનાં ચિંતવને કરીને તથા **સ્વામિનારાયણ નામના ભજને** કરીને ટળે છે. ને વિક્ષેપ તો શ્રીજી મહારાજના માહાત્મ્યના વિચારે કરીને તથા આત્મા

અનાત્માના વિવેકે કરીને ટળે છે. ને રસાસ્વાદ તો નિયમને વિષે યથાર્થપણે વર્તવે કરીને ટળે છે. ને કષાય તો સત્તારૂપ થઈને શ્રીજી મહારાજનું ધ્યાન કરવાથી ટળે છે.

(શ્રી ગોપાળાનંદ સ્વામીની વાતો, (સરધાર પ્રકાશન) : ૧/૨૮૦)

● સ.ગુ. શ્રી શુકાનંદ સ્વામી :-

એકાદશીને દિવસ આ કિર્તન સાંભળ્યાં જે **''સ્વામિનારાયણ સ્વામિનારાયણ ઉંચે સાદે ગાય, સાંભળીને યમદૂત તેને દૂરથી લાગે પાય''** એ કિર્તન સાંભળીને સંતે પૂછ્યું જે એ કિર્તન કુસંગી લોક ગાય તો યમદૂત છેટે રહે કે ન રહે ? ઉત્તર જે **સ્વામિનારાયણ કહેવું એ મહામંત્ર છે** તે શું ? તો સત્સંગી ગાતા હોય કે કુસંગી ગાતા હોય પણ **યમના દૂત તો છેટે રહે છે** એવો એ નામનો **પ્રતાપ** છે. માટે હાલતાં, ચાલતાં, ખાતાં, પીતાં, નાતાં, ધોતાં, બેસતાં, ઉઠતાં, એ આદિક સર્વે ક્રિયા કરતાં થકાં સદા એ **મંત્રનો જપ** કરવો ને એમ જે **મંત્રનો જપ** કરે છે તેની સામું શ્રીજીમહારાજ જોઈ રહ્યા છે. અને વળી એમ વાત કરી જે કથા, વાર્તા, ભજન, સ્મરણ, એ આદિક જે જે ક્રિયા કરીએ છીએ તે સર્વેને **શ્રીજીમહારાજ** જોઈ રહ્યા છે ને **અક્ષરધામના મુક્ત તથા ગોપાળાનંદ સ્વામીને આગળ** મહારાજ વાત કરે છે જે એ **બહુ સારું કરે છે** ને આપણા ઉપર **બહુ રાજી** થાય છે ને એકાદશીનો ઉપવાસ કરે છે ને બાર વાગ્યા લગણ જાગરણ કરી કથા, વાર્તા, કિર્તન કરે છે, તે બહુ સારું કરે છે એમ શ્રીજીમહારાજ અક્ષરના મુક્તને કહે છે ને આપણ સર્વે સામું જોઈ રહ્યા છે.

(શ્રી શુકાનંદ સ્વામીની વાતો :- ૧૭)

ગઢડે શ્રીજીમહારાજ સભામાં વાતો કરીને પછી પોઢવા જાતા ત્યારે મનુષ્યને મોકલીને ખબર કઢાવતા જે કોણ કોણ વાતોનું મનન કરે છે ને કોણ ભજન, સ્મરણ, ને કિર્તન ગાય છે અને જે વાતોનું મનન કરતા ને કિર્તનાદિક કરતા તેના ઉપર બહુ રાજી થાતા અને આજ પણ જે જે ભજન, સ્મરણ, કથા, કિર્તન, વાર્તા, નામ-સ્મરણ, વચનામૃત, હરિસ્મૃતિ એ કંઠે કરીને બોલે છે ને રાતે ઊઠીને ભગવાનનું ધ્યાન કરે છે ને ઊંચે સાદે **'સ્વામિનારાયણ... સ્વામિનારાયણ...'** નામ લે છે તે

સર્વેને શ્રીજીમહારાજ સાંભળે છે ને સર્વના સામું જોઈ રહ્યા છે ને બહુ રાજી થાય છે જે આ બહુ સારું કરે છે એમ સર્વે મુક્તને ને ગોપાળાનંદ સ્વામીને કહે છે ને સ્વામી પણ રાજી થાય છે.

(શ્રી શુકાનંદ સ્વામીની વાતો :- ૧૮)

એકવાર વિજયાત્માનંદ સ્વામી ભજન કરતા હતા જે હે સ્વામિનારાયણ ! હે સ્વામિનારાયણ ! ત્યારે મહારાજ કહે શું કહો છો ? એમ જે **સ્વામિનારાયણ** કહે છે તેને મહારાજ જાણે છે જે આ ભક્ત મને સાદ કરે છે.

(શ્રી શુકાનંદ સ્વામીની વાતો :- ૧૯)

એક વાર શ્રીજીમહારાજ ગઢડેથી ચાલ્યા તે કારીયાણી આવ્યા તે વસ્તાખાચરને મનસૂબો થયો જે મહારાજ ક્યાં ઉતરશે ? મેમાન છે, એમ મનસૂબાને મહારાજ અંતર્યામીપણે જાણીને કટ લઈને ચાલી નીકળ્યા પછી તો બહુ તાણ કરી પણ રહ્યા નહિ ને રાત દોઢ પહોર ગઈ ત્યારે ગામ કુંડળને પાદર ચાલ્યા જતા હતા અને તે સમે મામૈયા પટગર સુતા ઊઠીને ઉંચે સાદે **'સ્વામિનારાયણ... સ્વામિનારાયણ...'** ભજન કરતા હતા તે સાંભળીને મહારાજ કટ વળીને ગયા પછી મામૈયા પટગરે કહ્યું છે અહો ! અહો ! મહારાજ ક્યાંથી આવ્યા ? ત્યારે શ્રીજીમહારાજ કહે તમે સાદ કર્યો

તે અમે આંહી આવ્યા પછી તો શ્રીજીમહારાજે મામૈયા પટગરને કહ્યું જે તમે સ્વામિનારાયણ એમ સાદ કર્યા તે સાંભળીને અમે અહીં આવ્યા, નહિ તો અમારે ચાલ્યા જવુ હતું , એમ કહીને મામૈયા પટગર ઉપર બહુ રાજી થયા.

(શ્રી શુકાનંદ સ્વામીની વાતો :- ૨૦)

● સ.ગુ. શ્રી ગુણાતીતાનંદ સ્વામી :-

પાંચ દશવાર **'સ્વામિનારાયણ... સ્વામિનારાયણ...' નામ જાણે અજાણે લેશે, તેનું પણ** આપણે **કલ્યાણ** કરવું પડશે; ને આખા બ્રહ્માંડને સત્સંગ કરાવવો છે.

(પ્રકરણ -૧, વાત :- ૨૪)

આખું બ્રહ્માંડ **સ્વામિનારાયણનું ભજન** કરશે ત્યારે સત્સંગ થયો; ને ત્યાં સુધી થાવો છે. ને મહારાજના મળેલા એક એક સાધુની કેડે લાખું માણસ ફરશે, ત્યાં સુધી સત્સંગ થાવો છે.

(પ્રકરણ -૧, વાત :- ૯૧)

અને **સ્વામિનારાયણ નામના મંત્ર જેવો બીજો કોઈ મંત્ર આજ બળિયો નથી.** એ મંત્રે કાળા નાગનું ઝેર ન ચડે ને એ મંત્રે વિષય ઉડી જાય છે ને બ્રહ્મરૂપ થાય છે ને કાળ, કર્મ, માયાનું બંધન છૂટી જાય છે. એવો બહુ બળિયો એ મંત્ર છે. માટે નિરંતર ભજન કરવું.

(પ્રકરણ -૧, વાત :- ૧૫૪)

ને અમને તો હેત આવે છે તે વાત કરીએ છીએ; **જે સ્વામિનારાયણ નામનો મંત્ર બહુ બળિયો છે, માટે ભજન કર્યા કરવું.**

(પ્રકરણ -૧, વાત :- ૨૪૫)

અને હરિભક્તને વાતો કરવાની આજ્ઞા કરી કે, વાતો કરજો તે વાતો તે શું ? જે **''સ્વામિનારાયણ ભગવાન છે, સ્વામિનારાયણ ભગવાન છે.''** એમ વાતો કરજો.

(પ્રકરણ -૧, વાત :- ૨૬૯)

અને મૂંઝવણ આવે તો કેમ કરવું ? એ પ્રશ્ન પૂછ્યું, તેનો ઉત્તર કર્યોઃ **જે સ્વામિનારાયણ સ્વામિનારાયણ ભજન કરવું તેથી મૂંઝવણ ટળી જાય.**

(પ્રકરણ -૧, વાત :- ૨૭૨)

વળી **બ્રહ્માંડ આખાના જીવ સ્વામિનારાયણ સ્વામિનારાયણ ભજન કરશે ત્યારે સત્સંગ થયો** એમ જાણવું.'' એમ કહીને વળી બોલ્યા જે **''કરોડ વહાણે કરીને એક મનવાર ભરાય એવી સો કરોડ મનવારો ભરાય એટલા જીવનું કલ્યાણ કરવું છે;**

(પ્રકરણ -૪, વાત :- ૨૦)

● સ.ગુ. શ્રી મુક્તાનંદ સ્વામી :-

રાગ : ભૈરવી-પ્રભાતી

સ્વામિનારાયણનું સ્મરણ કરતાં, અગમ વાત ઓળખાણી રે; નિગમ નિરંતર નેતિ કહી ગાવે, પ્રગટને પ્રમાણી રે. સ્વામિ૦ ૧
મંગળરૂપ પ્રગટને મેલી, પરોક્ષને ભજે જે પ્રાણી રે; તપ તીરથ કરે દેવ દેરાં, મન ન ટળે મસાણી રે. સ્વામિ૦ ૨
કથા ને કીર્તન કહેતાં ફરે છે, કર્મ તણી જેમ કહાણી રે, શ્રોતાને વક્તા બેઉ સમજ્યા વિનાના, પેટને અર્થે પુરાણી રે. સ્વામિ૦ ૩

કાશી કેદાર કે દ્વારકા દોડે, જોગની જુક્તિ ન જાણી રે; ફેરા ફરીને પાછો ઘરનો ઘરમાં, ગોધો જોડાણો જેમ ઘાણી રે. સ્વામિ૦ ૪
પીધા વિના પ્યાસ ન ભાંગે, મર પંડ ઉપર ઢોળે પાણી રે; મુક્તાનંદ મોહન સંગ મળતાં, મોજ અમૂલખ માણી રે. સ્વામિ૦ ૫

રાગ : ભૈરવ પદ-૧

સ્વામિનારાયણ સ્વામિનારાયણ કહો રે મન મેરા, એહિ હે મહા મંત્રસાર મીટે ભવફેરા. સ્વામિ૦ ૧
રટહુ નામ અષ્ટ જામ ટરે તાપ તેરા, માયા મોહાદિ મીટે ના'વે જમ તેરા. સ્વામિ૦ ૨
અજામિલ આદિ અધમ ઓધરે ઘણેરા, મહિમા ત્રઈ લોકમેં પ્રસિદ્ધ નામકેરા. સ્વામિ૦ ૩
શ્રીમુખ શ્રીહરિ આપ એહિ જાપ પ્રેરા, મુક્તાનંદ મંત્રરાજ મેટત અંધેરા. સ્વામિ૦ ૪

પદ-૨

સ્વામિનારાયણ સ્વામિનારાયણ સ્વામિનારાયણ જપના,
મનવા એહી મંત્રરાજ ઈષ્ટદેવ અપના. સ્વામિ૦ ૧
હરત ફરત કરત કામ સ્વામિનારાયણ કૈયે,
મોહાદિક શત્રુ મીટે પરમાનંદ પૈયે. સ્વામિ૦ ૨
ઉરમે હરિરૂપ ધારી રસના ગુન ગાવે,
તાપર હરિ અધિક અધિક કરૂણા વરસાવે. સ્વામિ૦ ૩
નિશદિન હરિનામ જપે લોકલાજ ત્યાગી,
મુક્તાનંદ તાસમો નહિ દૂજો બડભાગી. સ્વામિ૦ ૪

પદ-૩

સ્વામિનારાયણ સ્વામિનારાયણ સમરો સુખકારી,
મનવા એહી જપત જાપ કટત કર્મ ભારી. સ્વામિ૦૧
બ્રહ્મા ભવ રટત નામ સનકાદિક ગાવે,
સહસ્ત્ર મુખ રટત શેષ તૃપતી ન પાવે. સ્વામિ૦૨
અજામિલ ગુનકા ગજ ગીધકું ઓધારે,
નામિજુત નામને અનંત જંત તારે. સ્વામિ૦૩
નામિજુત નામ કહ્યો વેદમેં મોરારી,
મુક્તાનંદ શ્રીમુખકી સાખ રુદે ધારી. સ્વામિ૦૪

પદ-૪

સ્વામિનારાયણ સ્વામિનારાયણ સ્વામિનારાયણ ભજના,
મનવા એહી મરમ જાની વૃથાવાદ તજના. સ્વામિ૦૧
હરિ વિના અન્ય કરત વાત બુદ્ધિ ભ્રષ્ટ હોવે,
જેસે પતિવ્રતા નારી ભટકત પત્ય ખોવે. સ્વામિ૦૨
સુંદરવર સુભગ રૂપ તાકે ગુન ગાના,
તે વિના મન ઓર ઠોર ભૂલીકે ન જાના. સ્વામિ૦૩
નારદમુનિ પ્રેમમગન અખંડ નામ લેવે,
મુક્તાનંદ તાકુ હરિ અખંડ દરશ દેવે. સ્વામિ૦૪

રાગ : ધોળ પદ-૧

સુખદાયક રે સ્વામી સહજાનંદ, પ્રગટ પુરૂષોત્તમ શ્રીહરિ...ટેક૦
જેનું સ્વામિનારાયણ નામ છે, જેને ભજને રે પામે ભવજળપાર...પ્ર-૧
જેનાં દર્શન ઈચ્છે મહામુની, કરૂણાનિધિ રે પ્રભુ પરમ ઉદાર...પ્ર-૨
વહાલે કળિ મધ્યે અતિ કરૂણા કરી, ધાર્યો દ્વિજકુલ રે ગુણ નિધિ અવતાર...પ્ર-૩
વહાલે સતજુગ સમ ધર્મ સ્થાપિયો, ટાળ્યા નિજજનના, મનથી મદમાર...પ્ર-૪
એનો જે જને કીધો આશરો, તેતો તરી ગયા રે, કુળ સહિત સંસાર...પ્ર-૫
મુક્તાનંદ કહે મહિમા અપાર છે, કરે નિશદિન રે, નેતિ નિગમ પોકાર...પ્ર-૬

● સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામી :-

રાગ : યમન કલ્યાણ પદ-૧

સ્વામિનારાયણ નામ રે, વ્હાલું લાગે સ્વામિનારાયણ નામ રે...ટેક૦
રાત દિવસ મારા હૃદિયા ભીતર, જપીશ આઠું જામ રે...વ્હાલું-૧
ભવજળ તરવા પાર ઉતરવા, ઠરવાનું છે મારે ઠામ રે...વ્હાલું-૨
સર્વોપરી શ્યામ છે નરવીર નામ, સુંદર સુખડાનું ધામ રે...વ્હાલું-૩
નિષ્કુળાનંદના નાથને ભજતાં, વારે તેનું નહિં કામ રે...વ્હાલું-૪

શ્રી નિષ્કુળાનંદ કાવ્ય

'હાલે હુકમ એ નામ તણો રે, આજ અમલ એહનો ઘણો રે; શક્કો સર્વે પ્રકારે છે એનો રે, નથી અમલ આજ બીજા કેનો રે.'

(પુરુષોત્તમ પ્રકાશ : ૨૨/૧૯)

સુણી સ્વામિનારાયણ નામ રે, સર્યા કંઈક જીવના કામ રે; કાને એ નામની ભણક પડી રે, તેને અક્ષરપોળ ઉઘડી રે.'

(પુરુષોત્તમ પ્રકાશ : ૨૩/૧૧)

'લેતા સ્વામિનારાયણ નામ રે, થાય શુદ્ધ સહુ નરવામ રે; સ્વામિનારાયણ નામ જેવું રે, નથી બીજું નામ કોઈ એવું રે.
માટે જે જપશે એ નામ રે, તે તો પામશે અક્ષરધામ રે; એવો એ નામનો પરતાપ રે, પ્રગટાવ્યો પૃથવી પર આપ રે.'

(પુરુષોત્તમ પ્રકાશ : ૩૩/૧૩-૧૪)

'સર્વે ધામના જે કોઈ ધામી રે, તે તો અમે નારાયણ સ્વામી રે; વાત આજની છે અતિ મોટી રે, જેથી જીવ તર્યા કોટિ કોટિ રે.'

(પુરુષોત્તમ પ્રકાશ : ૪૪)

'જેમાં સહજાનંદ સ્વામી નામ રે, આવે જે કાવ્યમાં ઠામોઠામ રે;
એવી કાવ્ય કે'તા ને સાંભળતા રે, વાર ન લાગે મહાસુખ મળતાં રે.
મહામંત્રરૂપ એ કા'વે રે, તેને તુલ્ય બીજુ કેમ આવે રે.'

(પુરુષોત્તમ પ્રકાશ : ૪૭/૭-૯-૧૦)

'આજ એ નામનો અમલ રે, તે ન વીસરવું એક પલ રે; લેતા નામ નારાયણ સ્વામી રે, તે તો જાણો પામ્યા ભવપાર રે..'

(પુરુષોત્તમ પ્રકાશ : ૪૭/૧૨)

'સ્વામિનારાયણ સહુને, નક્કી લેવરાવ્યું નામ; ભજન કરાવી આ ભવમાં, આપિયું અક્ષરધામ.'

(પુરુષોત્તમ પ્રકાશ : ૫૪/૧૫)

'સ્વામિનારાયણ નામનો રે, શક્કો બેસારિયો આપ, એ નામને જે આશર્યા રે, તેના તે ટળિયા તાપ;'

(પુરુષોત્તમ પ્રકાશ : ૫૫/૧૧)

● સ.ગુ. શ્રી બ્રહ્માનંદ સ્વામી :-

રાગ : પ્રભાત પદ-૧

સ્વામિનારાયણ સ્વામિનારાયણ, સમરે દુઃખ જાવે;
મિટત શંક કાળ વ્યાળ, અતુલિત સુખ પાવે...સ્વા૦ ૧
વપુ અનૂપ સકળ વ્યાપ, તાપકું હરાવે;
શારદ અરુ શેષાદિક, નારદ મુનિ ગાવે...સ્વા૦ ૨
નિશ દિન જેહી રટત નામ, હિયમેં હુલસાવે;
મિટત તરત જનમ મરણ, ફીરણ ભવ ન આવે...સ્વા૦ ૩
સમરત અતિ હોત સુમતિ, કુમતિકું હરાવે;
પ્રગટ શ્યામ નામ વિના, ભવમેં ભરમાવે...સ્વા૦ ૪

વ્યાપત નહીં જાસ વિઘ્ન, જન્મ મરણ જાવે;
બ્રહ્માનંદ શ્યામ મૂરત, અંતર ઠેરાવે...સ્વા૦ ૫

પદ-૨

સ્વામિનારાયણ સ્વામિનારાયણ સ્વામિનારાયણ સત્ય રે;
રટ રે મન રેન દિન, ઓર સબ અસત્ય રે. સ્વા૦૧
નારદ શુક આદિ ધ્યાય, નિગમ ગાય નિત્ય રે;
શિવ વિરંચિ ઓર શેષ, ધ્યાન સોઉ ધરત રે. સ્વા૦૨
ધરત ધ્યાન મહા મુનીંદ્ર, સુરીયેંદ્ર સમત્ય રે;
સહજાનંદ જગત વંદ, આનંદ ઘન અત્ય રે. સ્વા૦૩
એક આપ વિશ્વ વ્યાપ, પાપકુ હરત્ય રે;
જાકો જીયે જપત જાપ, ટલત તાપ તરત રે. સ્વા૦૪
જગત પાશ હોત નાશ, જોગ ધ્યાન જત્ત રે;
સમરત શ્રીરંગદાસ, વાસ ઉર વસત્ત રે. સ્વા૦૫

● સ.ગુ. શ્રી પ્રેમાનંદ સ્વામી :-

રાગ : સોહની પદ-૧

પ્રાણી સ્વામિનારાયણ સ્વામિનારાયણ ગાઈયે રે; ગાઈયે દુરિજનથી લેશ ન લજાઈયે રે...ટેક૦
સ્વામિનારાયણ મહા મંત્ર છે પ્રગટ હરિનું નામ; આ અવસર જે કોઈ લેશે, તેનાં સરશે કામ...પ્રાણી૦ ૧
સ્વામિનારાયણ સ્વામિનારાયણ, ઊંચે સાદે ગાય; સાંભળીને જમદૂત તેને, દૂરથી લાગે પાય...પ્રાણી૦ ૨
સ્વામિનારાયણ નામનો પ્રાણી, અતિ મોટો પ્રતાપ; અંતકાળે પ્રભુ તેડવા આવે, સ્વામિનારાયણ આપ...પ્રાણી૦ ૩
સ્વામિનારાયણ સુમરીયે પ્રાણી, તજી લોકની લાજ; પ્રેમાનંદ કહે રાજી થઈ, તેના ઉરમાં રહે મહારાજ...પ્રાણી૦ ૪

રાગ : ગરબી પદ-૧

મારે સ્વામિનારાયણ ભજવા, દુરિજનીયાના સંગને તજવા...૧
મેંતો મેલ્યો સંસારીયો માડી, જોવા સ્વામિનારાયણ દા'ડી...૨
મને સ્વામિનારાયણ ભાવે, લોક સ્વામિની કહીને બોલાવે...૩
વાટે ઘાટે ને જાતાં વળતાં, સ્વામિનારાયણ શ્રવણે સાંભળતાં...૪
મુખે સ્વામિનારાયણ ગાઉં, લોકલાજ થકી ન લજાઉં...૫
પ્રેમસખી કે' સ્વામિને સારૂં, કુરબાન કર્યું શિર મારૂં...૬

રાગ : ભૈરવી - પદ-૧

સ્વામિનારાયણ સ્વામિનારાયણ, સ્વામિનારાયણ ભજ રે; કર રે મન ચરણ વાસ, જક્ત આશ તજ રે..સ્વામિ...ટેક૦
નારદ-સનકાદિક સિદ્ધ, ભજત જાહી અજ રે; શારદ શેષ-આદિ નિગમ, ગાવત ઊઠી ફજ રે..સ્વામિ૦ ૧
પુરૂષોત્તમ પ્રગટ આજ, નટવર તનુ સજ રે; કાળ-ઝાળ નાશ હોત, ધરત ચરણ ધ્વજ રે..સ્વામિ૦ ૨
અજામિલ ગણિકાદિક, તાર્યો જીન ગજ રે; અનંત આજ મુક્ત હોત, દેખત ભરી નજ રે..સ્વામિ૦ ૩
પ્રેમાનંદ સરવસ ફળ, સહજાનંદ ભજ રે; સર્વોપરી જાત જીતી, ત્રંબ કઠોર બજ રે..સ્વામિ૦ ૪

રાગ : ધન્યાશ્રી

સ્વામિનારાયણ સુમિરન કરલે, સમરથ છે સુખધામ, ભજ મન સ્વામિનારાયણ નામ...ટેક૦
અધ્ધમ ઉધ્ધારણ પતિતજન પાવન, ધર્મકુંવર ઘનશ્યામ, થાપત ધર્મ અધર્મ ઉથાપન, પ્રગટે પૂરણકામ...ભજ૦
આદિ પુરૂષ ઈશ્વર અવતારી, સંતન કે વિશ્રામ, પરમ કૃપાળુ સકળજન ત્રાતા, ઉરધારો આઠો જામ...ભજ૦
સર્વાધાર ચરાચર સ્વામી, કરૂણા સાગર શ્યામ, પ્રેમાનંદ ચરણ પંકજ છબી, ઉરધારે સરે કામ...ભજ૦

રાગ : ધોળ પદ-૧

સ્વામિનારાયણ આજ પ્રગટ મહામંત્ર છે, શ્રવણે સાંભળતા કંપે દિનકરદૂત જો;
ભવનાં બંધન સદ્ય કાપી સુખિયાં કરે, શું કહી દાખું મહિમા અતિ અદ્‌ભુત જો. સ્વામિ૦ ૧
અનેક પતિત ઓધાર્યા પૂરવે આ મંત્રથકી, અજામિલ ગનિકા આદિક અપાર જો;
તે મંત્ર આજ મહારાજે પ્રગટ કરચો, કળિમાં કરવા અનેક પતિત ભવપાર જો. સ્વામિ૦ ૨
સકામી જન સુમરી પામે ત્રિવર્ગને, નિષ્કામી જન પામે પદ નિર્વાણ જો;
નામતણા નામી સ્વામી પ્રગટ મળ્યા, તે જનના શું કરૂં મુખે વખાણ જો. સ્વામિ૦ ૩
ભવ બ્રહ્મા મુનિ મુક્ત જપે આ મંત્રને, તે સહુ પામ્યા મનવાંછિત સુખ સાજ જો;
પ્રેમાનંદ કહે કર જોડી સહુ જનને, ભૂલશો માં અવસર આવ્યો આજ જો. સ્વામિ૦ ૪

રાગ : ગરબી

રે સ્વામિનારાયણ સાંભરે, ગાતાં તે સાતે વાર રે;
રે વાણી તે રસ ભરી આપજો, ધર્મતણા કુમાર રે...સ્વામિ૦ ૦૧
રે આદિત્ય સહજાનંદ ઉદિયા, કરવા પતિત ભવ પાર રે...સ્વામિ૦ ૦૨
રે સોમ સરખા શીતળ સદા, ફુરતા ન મળે લગાર રે...સ્વામિ૦ ૦૩
રે મંગળકારી મૂર્તિ, ધર્મકુંવર કીરતાર રે...સ્વામિ૦ ૦૪

રે બુધ પુજે તેની પાદુકા, હરખ ભરચા વારંવાર રે...સ્વામિ૦ ૦૫
રે ગુરુ સુર મુનિ ભૂપના, સહજાનંદજી સરદાર રે...સ્વામિ૦ ૦૬
રે શુક્ર સરખા સ્વભાવના, રિપુ સદા સુખ સાર રે...સ્વામિ૦ ૦૭
રે શનિ સરખા નરનારનો, કીધો તે આજ ઓધાર રે...સ્વામિ૦ ૦૮
રે આ પદ ગાયે ને શીખે સાંભળે, વાધે પ્રભુ પદ પ્યાર રે...સ્વામિ૦ ૦૯
રે સ્વામિનારાયણ નામ પર, પ્રેમાનંદ જાય બલિહાર રે...સ્વામિ૦ ૧૦

રાગ : ખમાય

સ્વામિનારાયણ ગાશે રે, તારું સારું તે દી થાશે; સ્વામિ૦ટેક
આજ વા કાલ કલપ સો કેડે, દાસ પ્રભુનો કે'વાશેરે. તારું૦૧
હરિજન જોઈને હરખીશ મનમાં, કુસંગ જોઈને મન કા'શેરે. તારું૦૨
સ્વામિનારાયણ તાળી દઈને, ગાતાં મુખડું ફુલાશેરે. તારું૦૩
પ્રેમાનંદ કહે નહિ માનીશ તો, માર ખાતાં જીવ જાશેરે. તારું૦૪

રાગ : ગરબી પદ - ૧

નારાયણ રે નારાયણ રે નારાયણનું નામ, ભજો સુખધામરે. સ્વામિનારાયણ૦૧
અંતકાળે પોકાર્યો, અજામેલ તાર્યો રે. સ્વામિનારાયણ૦૨
સંભારી શરણે આવ્યો, ગજને છોડાવ્યો રે. સ્વામિનારાયણ૦૩
શરણાગત સુખકારી, ગનિકા ઓધારી રે. સ્વામિનારાયણ૦૪
અધમઓધારણ નામ, પ્રેમાનંદના શ્યામ રે. સ્વામિનારાયણ૦૫

● સ.ગુ. શ્રી દેવાનંદ સ્વામી :-

રાગ : ધન્યાશ્રી પદ - ૧

સ્વામિનારાયણ સુમરણ કર લે, ભજય નારાયણ ભાઈ; રસના સ્વામિનારાયણ રટતે, જનમ મરણ મીટ જાઈ. સ્વા૦૧
અજામેલ ગુનકા કો યારી, અધર્મ પાપી અન્યાઈ; નારાયણ સુત નામ રટન કરી, સો વૈકુંઠ વસાઈ. સ્વા૦૨
મહામંત્ર નારાયણ અસ્તર, ધ્રુવ મારત ભયે ધાઈ; ત્રીસ સહસ્ત્ર એ યક્ષ હે જોધા, મર ગયે મુનિપદ પાઈ. સ્વા૦૩
નામ તણો મહિમા અતિ મોટો, વેદ પુરાન બતાઈ; દેવાનંદ કહે સ્વામી પ્રગટ ભયે, સંતન કે સુખદાઈ. સ્વા૦૪

● સ.ગુ. શ્રી ભૂમાનંદ સ્વામી :-

રાગ : ઠૂમરી

સહજાનંદ શુભ નામ રટો; સ્વામિનારાયણ નારાયણ નારાયણ રે૦...ટેક.
તન મન ધન અર્પણ કરી ઈનકું; હાંરે પ્રભુ જુત હોય કે પ્રભુ પારાયણ રે૦...૧
શ્યામ બિના સબ દેહું નિકાસી; હાંરે ઉરહુંસે સજન સુત દારાયણ રે૦...૨
મન કર્મ વચને મોહનકે હોયકે; હાંરે શ્વાસોશ્વાસ સંભારી દિનસારાયણ રે૦...૩
ભૂમાનંદ એહિ અંત સમેકો; હાંરે સગો નરક ચોરાશી દુઃખ તારાયણ રે૦...૪

● સ.ગુ. શ્રી અવિનાશાનંદ સ્વામી :-

રાગ : ગરબી ઠૂમરી પદ - ૧

સ્વામિનારાયન સ્વામિનારાયન, નામ રટો જન નેન નિહાર. સ્વામિ૦૧
સિંધુસુતા[1] સમ કોટિ યશ મિલિ, ચરન ચાંપત ચિત્ત ધાર. સ્વામિ૦૨
વારિજસુત[2] વૃષવાહન[3] સુરવસુ, રટત હે નાંઉ ઉચાર. સ્વામિ૦૩
સિંધુસુતાસુત[4] હાર હિયાપર, લટકત લલીત અપાર. સ્વામિ૦૪
પ્રાણપતિ પીયા પ્રગટ છબીપર, અવિનાશાનંદ બલિહાર. સ્વામિ૦૫

૧. લક્ષ્મીજી. ૨. બ્રહ્મા. ૩. શંકર. ૪. મોતી.

● અન્ય ભક્ત કવિઓ :-

રાગ : ખમાચ પદ-૧

રૂડું સ્વામિનારાયણ નામ, નિત્ય સંભારીએ રે, વળી કરતાં ઘરનું કામ, ઘડી ન વિસારીએ રે.
ધર્મસુતનું ધ્યાન જ ધરતાં, વાર નહીં ભવસાગર તરતાં, હરતાં ફરતાં હરિને હૈયે ધારીએ રે...રૂડું૦ ૧
દુઃખ પડે દિલગીર ન થાવું, સુખ મળે હરખાઈ ન જાવું, સદાય હિંમત હૈયેથી નવ હારીએ રે...રૂડું૦ ૨
સંસાર છે સુખ દુઃખનો દરિયો, તેમાં તરી શકે કોઈક જ તરિયો, સંતસમાગમ કરીને મનને મારીએ રે...રૂડું૦ ૩
સ્મરણ કરતાં સુખ જ થાશે, ફોગટનો ફેરો ટળી જાશે, મૂળજી કહે મહારાજ મુજને તારીએ રે...રૂડું૦ ૪

સ્વામિનારાયણ મહામંત્ર ગમે

સ્વામિનારાયણ મહામંત્ર ગમે, અહો રાત દિવસ મારા દિલમાં રમે,
વ્હાલે છપૈયા ધામમાં જન્મ ધરી, વર્ણી વેષે હિમાચળે તપ કરી, હરિએ લાખો મુનિઓની મુક્તિ કરી...સ્વામિનારાયણ૦ ૧
વ્હાલે ગુરુ રામાનંદથી દીક્ષા લીધી, કચ્છ ગુજરાત સૌરાષ્ટ્રે લીલા કીધી, પ્રભુએ ભક્તોની ભ્રાંતિ મીટાવી દીધી...સ્વામિનારાયણ૦ ૨

વ્હાલે વચનામૃતમાં રહસ્ય ભર્યું, ધર્મ જ્ઞાન વૈરાગ્યનું પાત્ર ઠર્યું, પરા ભક્તિ બતાવી કલ્યાણ કર્યું...સ્વામિનારાયણ૦ ૩
વ્હાલે કૃપા કરી શિક્ષાપત્રી દીધી, એમાં ચારે પુરુષાર્થની સિદ્ધિ ચીંધી, એ છે સર્વે સત્સંગીની નૌતમ નિધિ...સ્વામિનારાયણ૦ ૪
વ્હાલા પ્રત્યક્ષ સત્સંગમાં વિચરો, માધવતીર્થની પ્રાર્થના ઉરમાં ધરો, શ્રીજી દર્શન દઈને પાવન કરો...સ્વામિનારાયણ૦ ૫

આજ કળિયુગમાં પરચા પૂરે...

આજ કળિયુગમાં પરચા પૂરે પ્રભુજી, સ્વામિનારાયણ સત્ય છે; પ્રેમી ભક્તોની હામું પૂરે પ્રભુજી, સ્વામિનારાયણ સત્ય છે...ટેક૦
જામનગર જાત્રાનું ધામ છે, સ્વામી મંદિરમાં શ્રી ઘનશ્યામ છે; દીધો પરચો પોષ સુદી એકાદશી પ્રભુજી, સ્વામિનારાયણ સત્ય છે-૧
વિપ્ર કન્યા ઝવેરબાઈ નામ છે, કચ્છ પિયરને સાસરૂં આ ગામ છે; ભાવે ભજતી એકલડી નિત્ય પ્રભુજી, સ્વામિનારાયણ સત્ય છે-૨
પૂર્વ કર્મ મટે કેમ ભાવિ, થયો ઝામર ને આંખે ખોટ આવી; થાય પીડા અંગો અંગ સહાય કરજો પ્રભુજી, સ્વામિનારાયણ સત્ય છે-૩
વૈદ્ય ડોકટરોને આંખડી બતાવી, સહુએ ઓપરેશન કરવા સમજાવી; છેડાવ્રત આજ છુટે લાજ રાખો પ્રભુજી, સ્વામિનારાયણ સત્ય છે-૪
દર્શન એકાદશીને દિન દીધું, વહાલે વનિતાનું રૂપ ધરી લીધું; ફર્યા પ્રદક્ષિણા પ્રેમી ભક્ત સાથે પ્રભુજી, સ્વામિનારાયણ સત્ય છે-૫
હરિએ નાખ્યું ટીપું નિજ હાથે, મહા અમૃતમય હાથ મૂકી માથે; દુઃખ કાપ્યું સુખ આપ્યું દીનાનાથે પ્રભુજી, સ્વામિનારાયણ સત્ય છે-૬
પ્રેમદાની પીડા સર્વે ટાળી, થયા વનિતા રૂપે વનમાળી; થયા ભેચક વૈદ્યો આંખ ભાળી પ્રભુજી, સ્વામિનારાયણ સત્ય છે-૭
મૂર્ખ લોકો આ વાત નહિ માને, જુઓ આંખે જઈ સાંભળો શું કાને; ખરી ખાત્રી કરી છે માવદાને પ્રભુજી, સ્વામિનારાયણ સત્ય છે-૮





૧૧. ભગવન્નામ માહાત્મ્ય સહિત-જપવિધિ સારાંશ

સ્વામી શ્રી **તુલસીદાસજી** પોતાના ગ્રંથમાં કહે છે :

''ભગવાનના નામ ઉચ્ચારણમાં જો જિહ્વા ઉત્સુક થાય તો ભગવાન સ્વયં કરુણા કરી તેના ઇન્દ્રિયો અને અન્તઃકરણ દિવ્ય કરી નામ જપનો અધિકારી બનાવે છે. પછી તો ઉત્તરોત્તર નામ જપના પ્રભાવથી ઇન્દ્રિયો અન્તઃકરણની ભૌતિકતા, પ્રાકૃતતા, લૌકિકતા સહજતાથી દૂર થઈ જાય છે. નામ જપનો મહિમા શાસ્ત્રોમાં અત્યધિક છે. નામજપનો પ્રભાવ પણ **અમોઘ** હોય છે.''

શ્રીમદ્‌ભાગવતમાં કહ્યું છે કે અજ્ઞાનતાથી અથવા જ્ઞાનથી **ભગવાનનું નામ** લેવાય તો જેમ અગ્નિ કાષ્ઠને બાળે છે તેમજ ભગવન્નામ **અનંત જન્મનાં પાપ**ને બાળીને **ભસ્મ** કરી નાખે છે.

બધા જ ધર્મોમાં તથા આધ્યાત્મિક સાધના માર્ગમાં પોતાના **ઇષ્ટદેવના નામમંત્ર**ની **સાધના** આવશ્યક અંગ માનવામાં આવે છે. યોગી હોય, અથવા સામાન્ય સંસારી હોય, હાલતાં-ચાલતાં, ખાતાં-પીતાં, પવિત્ર દેહે, અપવિત્ર દેહે તમામ ક્રિયાઓમાં **મંત્રજાપ** થઈ શકે છે.

'પવિત્ર દેહે અપવિત્ર દેહે, તે નામ નિત્યે સ્મરવું સનેહે; જળે કરીને તન મેલ જાય, આ નામથી અંતર શુદ્ધ થાય.'

(શ્રીહરિલીલામૃત : ૫/૩)

જપ-સાધના હિન્દુ ધર્મના આધ્યાત્મિક સાધનામાં **મેરુદંડ** સમાન છે. તેથી લૌકિક તથા આંતરિક તમામ સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે. જપ કરનાર

પછી પણ **આંતરિક શાંતિ** પ્રાપ્ત થતી નથી. ભગવાન શ્રીહરિ મધ્ય પ્રકરણના **૧૬મા વચનામૃત**માં કહે છે :- "...જેને બળવાન શ્રદ્ધા હોય તે તો તત્કાળ **સિદ્ધ** થાય છે તે પણ ગીતામાં કહ્યું છે, 'શ્રદ્ધાવાન્ લભતે જ્ઞાનમ્' ...જેને મંદ શ્રદ્ધા હોય તેને તો ઘણેક જન્મે કરીને સાધનની સમાપ્તિ થાય છે." સત્શાસ્ત્રમાં કહે છે :- 'શ્રદ્ધા સર્વેષાં માતા' - શ્રદ્ધા બધી જ સાધનાઓની માતા છે. સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણના દિવ્ય મુખકમળમાંથી પ્રકાશિત થયેલા આ **'શ્રી સ્વામિનારાયણ'** મહામંત્રમાં જેટલી શ્રદ્ધા રાખીએ તેટલો શ્રીજીમહારાજનો રાજીપો પ્રાપ્ત થાય છે.

મંત્રજાપને ભાવના સાથે અતૂટ સંબંધ છે. સાધક જેવી **ભાવના** સાથે જપ કરે તેવી **સિદ્ધિ** પ્રાપ્ત થાય છે. શાસ્ત્રકારો કહે છે :- **'यादृशी भावना यस्य सिद्धिर्भवती तादृशी ।'** - જેવી ભાવના હશે તેવી સિદ્ધિની પ્રાપ્તિ થશે. ભાવનાનો પ્રભાવ સીધો જ આપણા મન ઉપર પડે છે. કારણ કે, મન પરમાત્માએ આપેલ શક્તિના ભંડાર સમાન છે. તેથી જ **ભગવાન શ્રીહરિએ** ગઢડા પ્રથમ પ્રકરણના **૩૨મા વચનામૃત**માં મનને વશ કરવાના સાધનરૂપે તેને ભગવાનના લીલાચરિત્રોમાં પરોવવાની આજ્ઞા કરી છે. ભગવાન પ્રત્યે ભાવનાની અભિવૃદ્ધિ થતાં મંત્રજાપની સિદ્ધિ **તત્કાળ** થાય છે.

ભાવના સાથે મનની સ્થિરતા, એકાગ્રતા, મંત્રજાપમાં મહત્ત્વનું અંગ છે. મનના અન્ય સર્વે સંકલ્પોને વિરામ આપી, કેવળ ભગવાનની પ્રસન્નતા માટે, પોતાના કલ્યાણ માટે જ **મંત્રજાપ** કરવો જોઈએ.

દુન્વયી કાર્યોમાં આસક્ત થયેલું મન કે પછી અન્ય રાગદ્વેષથી ઉત્તેજિત થયેલું મન ભગવાનમાં સ્થિર થઈ શકતું નથી. આથી મંત્રમાં મન લાગતું નથી, મંત્રજાપ થતો નથી. આ માટે શાંત એકાંત સ્થળે, પવિત્ર આસન ઉપર બેસીને, હૃદયાકાશમાં અથવા તો નજર સમક્ષ ભગવાનની મૂર્તિનાં દર્શન કરતાં, ચારેબાજુ ફેલાયેલી વૃત્તિને સમેટી મન અને જીભ બંને દ્વારા **મંત્રનું ઉચ્ચારણ** (બીજાને ન સંભળાય તે રીતે) કરવું. એકાગ્રતાથી થયેલ કોઈપણ શબ્દસમૂહ **આશ્ચર્યકારક** કામ કરે છે. શબ્દના એકત્રિત કરેલ તરંગો દ્વારા દૂર-સુદૂરની માહિતી, દરિયાના પેટાળની માહિતી પણ વૈજ્ઞાનિકો પ્રાપ્ત કરતા હોય છે. આ જ એકાગ્રતા મંત્રજાપ વખતે થાય તો **મંત્ર સિદ્ધિ** ખૂબ જ **સહજ** બની જાય છે.

જેમ સ્થૂળ શરીરને માટે બાહ્ય પવિત્રતા, સ્નાન, વ્યાયામ, ભોજન અને નિયમિત મળશુદ્ધિ આ ક્રિયાઓ **આવશ્યક** છે, તેવી જ રીતે મનની મેલાશ દૂર કરવા માટે દરરોજ **જપની આવશ્યકતા** છે. નિત્ય જપ કરવાથી પ્રાચીન કુસંસ્કારો નાશ થાય છે અને મનની શાંતિ વધે છે. પરિણામે નિર્ણાયક શક્તિ વધતા વ્યાવહારિક તથા આધ્યાત્મિક નિર્ણયોમાં નિશ્ચિતતા આવે છે. અને ખોટા નિર્ણયોથી આવતી મુશ્કેલીઓ દૂર થાય છે.

શ્રીમદ્ભગવદ્ગીતાનાં દશમાં અધ્યાયમાં શ્રીકૃષ્ણચંદ્ર ભગવાને કહ્યું છે :- જપનાં **ત્રણ પ્રકાર** છે. (૧) વાચિક (૨) ઉપાંશુ (૩) માનસ.

વાચિક જપ :- ઉચ્ચ સ્વરે ભજન કરવું તેને 'વાચિક જપ' કહેવાય છે. ભગવાન શ્રીહરિ વાચિક જપનો ઉપયોગ સમજાવતાં લોયા પ્રકરણના છઠ્ઠા વચનામૃતમાં કહે છે :- "...જ્યારે એવા ભૂંડા ઘાટ થવા માંડે ત્યારે ધ્યાનને પડ્યું મુકીને જીભે કરીને ઉચ્ચસ્વરે નિર્લજ્જ થઈને તાળી વજાડીને **'સ્વામિનારાયણ... સ્વામિનારાયણ'** ભજન કરવું... તો ઘાટ ટળી જાય ને નિરાંત થાય." આ વાચિક જપથી મનનાં સંકલ્પોમાં રુકાવટ આવે છે અને મન લૌકિક વિચારોથી મુક્ત થાય છે.

ઉપાંશુ જપ :- હોઠ ફક્ત હાલતા હોય, પરંતુ પાસે બેઠેલ વ્યક્તિ પણ સાંભળી ન શકે અને પોતે જ સાંભળી શકે તે મંત્રજાપને 'ઉપાંશુ જપ' કહેવાય છે. આ જપ દરમ્યાન જપનો પ્રભાવ સૂક્ષ્મ શરીરમાં પણ પ્રવેશ કરે છે અને ઈન્દ્રિયો અંતર્મુખ થાય છે. પરિણામે મનની એકાગ્રતામાં અભિવૃદ્ધિ થાય છે.

જાપકને જોઈને ભૂત-પ્રેતાદિક મલિન તત્ત્વો પણ દૂર નાશી જાય છે.

મંત્રજાપ કરવાની રીત :

મંત્રજાપ સાથે તે મંત્રના **અર્થ**નું પણ **ચિંતવન** કરવું જોઈએ. સ.ગુ. શ્રી આધારાનંદ સ્વામી **'શ્રીહરિચરિત્રામૃતસાગર'** ગ્રંથમાં નામ સાથે નામીયુક્ત જપસાધનાનું પ્રતિપાદન કરતાં કહે છે :

"(પુરુષોત્તમ) નારાયણનું નામ **નામીએ સહિત** લેવું તો તેને તેવું ફળ મળે છે. અધિક નામ જો ભાવથી લહે છે તો તે ભક્ત **દેહ છતેજ ભગવાનના ધામને દેખે** છે. માટે દરેક હરિભક્તોએ નામીએ સહિત નામ લેવું. નામીયુક્ત જે નામનું પ્રતિપાદન પોતે ન કરે તેને અમે **દેહ અભિમાની** અને ગુરુદ્રોહી તથા સંતનો દ્રોહી માનીએ છીએ અને જે નામીએ સહિત નામ લહે છે તેને **આત્મદર્શી** ગુરુભક્ત અને સંતભક્ત માનીએ છીએ. અને તે અક્ષરધામમાં સદાય રહે છે. અમારા આ પત્રનું અતિ પ્રતિપાદન કરજો."

(શ્રીહરિચરિત્રામૃતસાગર : ૧૫/૯૭)

(પુરુષોત્તમ) નારાયણનું નામ **નામીએ સહિત** લેવું તેનો જે અતિશે **આગ્રહ** રાખશે, તેના જીવને સુષુમ્ણા નામે નાડીને વિષે પ્રવેશ કરાવીને ષટ્ચક્ર ભેદીને વૈકુંઠથી પર ગોલોક, તેથી પર **ચિદાકાશ** તેની વિશે તેને **પ્રવેશ** કરાવશે તે સારું (પુરુષોત્તમ) નારાયણનું નામ નામીએ સહિત અતિશે જીભથી ઝાઝાં લેવા અને જો ઝાઝાં લેશે તો **દેહ છતે પુરુષોત્તમનું ધામ** દેખશે ને જો થોડા થોડા લેશે તો મુઆ સમે દેખશે. તે સારું નામી વિના નામ તો જેમ ફૂલ વિનાનું પુષ્પ, વાંઝણી સ્ત્રી પુત્ર વિના, તેમ નામી વિના નામ, તે સારુ (પુરુષોત્તમ) નારાયણનું નામીએ સહિત જે નામ તેનું અતીશે **પ્રતિપાદન** નહી કરે તેને **દેહગુરુ** જાણવા, વચનદ્રોહી જાણવા, સંતના દ્રોહી જાણવા, સરવે સત્સંગી સમસ્ત વાંચજો. સં. ૧૮૬૨ના માહ વદી ૮ને ગુરુવાર.

(શ્રીહરિનો પ્રસાદીનો પત્ર : પેજ નં. ૫ તથા શ્રી સ્વા. અવતારી સ્વરૂપ નિરુપણ. પેજ.નં.૮૦૭)

'मनः संहृत्य विषयान्मन्त्रार्थगतमानसः । न द्रुतं न विलम्बञ्च जपेन्मौक्तिकपङ्क्तिवत् ।।'

મનમાં ભગવાનની મૂર્તિનું ચિંતવન કરી, મંત્રના અર્થને મનમાં ચિંતવનની સાથે ન અતિ ઉતાવળે ને ન અતિ ધીરે માળાના પારાની સાથે જપ કરવો.

(શબ્દકલ્પદ્રુમ કોષ)

યોગસૂત્રકાર જપયજ્ઞને **શ્રેષ્ઠ સાધના** જણાવીને કહે છે : **'तज्जपस्तदर्थभावनम् ।'** (૧/૨૮) જપ સાથે અર્થની ભાવના કરવી.

ગોવિંદરામ ભટ્ટ આ વાત સમજાવતાં કહે છે :-

'સાકર કીધે મોઢું મીઠું કહું કેદીએ ન થાય, નામ તણું નાડું ઝાલીને કૈંક તણાણા જાય;
કૈંક તણાણા જાય તે જાશે, પણ ખાધે મોઢું મીઠું થાશે;
કહે ગોવિંદરામ નામી વિનાનું નામ તે દીઠું, સાકર કીધે મોઢું મીઠું.'

તેમ ફક્ત **અર્થ સમજ્યા વિના** નામ જપથી અર્થ સરતો નથી. મંત્રના અર્થની સાથે જ જો **જપ** કરવામાં આવે તો જ **સાધનાની સિદ્ધિ** પ્રાપ્ત થાય છે. મંત્રજાપ કરતી વખતે તે મંત્ર પરની **શ્રદ્ધા** અતૂટ જોઈએ. જ્યાં શ્રદ્ધાનો અભાવ છે ત્યાં સંદેહ, કુતર્ક, શંકાઓ ઉત્પન્ન થાય છે. પરિણામે, મંત્રજાપ

માનસ જપ :- માનસ અર્થાત્ કોઈ ન સાંભળે હોઠ પણ ન ફફડે અને મનોમન જે જપ થાય તે 'માનસ જપ' કહેવામાં આવે છે. સંભળાય તેમ સ્પષ્ટ બોલવાથી વાણી સ્થૂળ બને છે, પરિણામે પ્રભાવ ઓછો હોય છે. માનસ જપમાં એ જ વાણી સૂક્ષ્મ બની જતા તેનો પ્રભાવ વધે છે.

ઉપરોક્ત જપો સિવાય તેલની ધારાની જેમ ક્યારેય ખંડિત ન થનાર જપને **'અખંડ જપ'** કહેવાય છે. આ અખંડ જપની સ્થિતિ સાધનાની અંતિમ **બ્રાહ્મીસ્થિતિ** છે.

ભમરો જેમ ગુંજન કરે છે તેમ સતત થતા મંત્રજાપને **'ભ્રમર જપ'** કહે છે. આ જપ શ્વાસોશ્વાસ સાથે સંકળાયેલ હોય છે. ઘણી સાધનાને અંતે આ જપ સિદ્ધિ થાય છે. આ જપની સાધનાથી મનની આળસ દૂર થાય છે અને આંતરિક પ્રકાશની અભિવૃદ્ધિ થાય છે.

જપના દશ અપરાધો ગણાવ્યા છે :- ૧. ભગવદ્‌ભક્ત અને સાધુપુરુષોની અવગણના કરવી. ૨. કુપાત્ર અને અસુરજીવ સમક્ષ ભગવાનનાં નામનો મહિમા કહેવો. ૩. શિવ અને નારાયણ(ભગવદ્ અવતાર સ્વરૂપ)માં ભેદબુદ્ધિ રાખવી. ૪. વેદમાં અવિશ્વાસ રાખવો. ૫. સ્મૃત્યાદિ શાસ્ત્રમાં અંધશ્રદ્ધા રાખવી. ૬. મહાપુરુષોનાં વચનમાં અવિશ્વાસ રાખવો. ૭. નામમાં અર્થવાદનો (માત્ર રૂચિ જગાડવા ઋષિઓ મહિમા કહે છે તેવો) ભ્રમ રાખવો. ૮. શાસ્ત્રનિષેધિતનું સેવન કરવું. ૯. શાસ્ત્રપ્રતિપાદિતનો ત્યાગ કરવો. ૧૦. નામજપની અન્ય સાથે તુલના કરવી. આ **દશ અપરાધોનું ખાસ ધ્યાન** જાપકોએ રાખવું ઘટે છે.

જપથી સાધકનું **બ્રહ્મતેજ** વધે છે, જપથી મનના સંકલ્પવિકલ્પનો વિરામ થાય છે, જપથી ભગવાનની સમીપ થવાય છે, જપ સર્વસાધનામાં શેખરીભૂત છે, જપ એ ભગવાનને પ્રાપ્ત કરવાનું **અમોઘ સાધન** છે.

'શ્રી સ્વામિનારાયણ' **મહામંત્ર** છે. કારણકે સ્વયં અક્ષરાધિપતિ એવા પૂર્ણ પુરુષોત્તમ નારાયણે તે મંત્રનો **જપ** કરવાનું તેમજ તેનું **સંકીર્તન** કરવાનું કહ્યું છે તથા તે મંત્રમાં **વિશેષતા** એ છે કે 'શ્રી સ્વામિનારાયણ' મહામંત્રની ઉત્પત્તિ પરમાત્માના મુખકમળમાંથી થઈ છે, જ્યારે બીજા નામોની ઉત્પત્તિ અન્ય સ્ત્રી પુરુષો અને મહાપુરુષોના મુખ થકી થઈ છે. તે માટે જ બીજા કોઈ મંત્રનો જપ ન કરતાં **'શ્રી સ્વામિનારાયણ'** નામનો જ જપ કરવો અને ધૂન પણ તે નામની **સવિશેષ** માહાત્મ્ય અને અર્થાનુસંધાન સહિત જ બોલવી જોઈએ.

આપણને 'શ્રી સ્વામિનારાયણ' નામ જેવો મહામંત્ર મળ્યો છે એ જેવો બીજો કોઈ મંત્ર નથી. સ્વયં **શ્રીમુખે** જો કોઈ નામનું **પ્રકાશન** કર્યું હોય તો તે **સ્વામિનારાયણ** નામ જ છે. સર્વ શ્રુતિ સ્મૃતિનો સાર અને ભગવાનના સમસ્ત નામનો સાર આ મહામંત્રમાં સમાઈ જાય છે.

આ મહામંત્રનો યથાર્થ અર્થ અને મહિમાના અનુસંધાનથી જપ કરવાથી આપણી **ચિત્તવૃત્તિ** ભગવદ્‌સ્વરૂપમાં **આસક્ત** થાય છે, તો આવા આશીર્વાદાત્મક મહામંત્રના એક એક શબ્દાક્ષરના અર્થને જાણીને તેનું યથાર્થ માહાત્મ્ય જાણવા માટે **યથાશક્ય પ્રયત્ન** કરવો જોઈએ.



૧૨. અંતમાં એક ટકોર....

વહાલા ભક્તજનો ! આ લેખમાળાને પૂર્ણ કરતા છેલ્લે આપ સૌને એક **ટચુકડી ટકોર** કરવી છે : કોઈપણ ભાષા હોય તેની **લેખિત** અભિવ્યક્તિમાં **સાચી જોડણી**નું ઘણું **મહત્ત્વ** હોય છે. સાચી જોડણીની જગ્યાએ જો **ખોટી જોડણી** લખાઈ જાય તો ઘણો અનર્થ કે **અનિચ્છનીય** અને અણચિંતવ્યો **ફેરફાર** થઈ જતો હોય છે. દા.ત. એક **ઉદાહરણ** જોઈએ - એક સામાન્ય 'હ્રસ્વ' અને 'દીર્ઘ' આ જોડણીનો **તફાવત** જોઈએ. બે શબ્દ છે : **'દિનેશ'** અને **'દીનેશ'** જોવામાં આ બંને શબ્દો સમાન જ દેખાય છે. પરંતુ બંને શબ્દોના અર્થોમાં ઘણો ફેર છે. ખરેખર તો બંનેનો અર્થ **સંપૂર્ણતઃ** ભિન્ન જ છે. બંને શબ્દોના લખાણમાં માત્ર 'હ્રસ્વ' (િ) અને 'દીર્ઘ' (ી) આટલો જ **તફાવત** દૃષ્ટિગોચર થાય છે. પરંતુ જ્યારે તેના **અર્થ**ને તપાસીએ તો **સંસ્કૃત વ્યાકરણ પ્રમાણે** બંને શબ્દોમાં રહેલો જે **'દિન'-'દીન'** શબ્દ તેમાં જે પ્રથમ હ્રસ્વ **'દિ'** વાળા **'દિનેશ'** શબ્દનો અર્થ થાય છે - દિન+ઈશ એટલે **દિનેશ** - દિવસના નાથ **સૂર્ય.** સૂર્યનું બીજું નામ છે - દિનેશ. આ રીતે અર્થ થાય. હવે 'દીર્ઘ' માત્રાવાળો શબ્દ **'દીનેશ'** આ શબ્દનો અર્થ છે - દીન+ઈશ એટલે **દીનેશ** અર્થાત્ ગરીબ-દરિદ્ર તેમના ઈશ એટલે **ગરીબોના નાથ** - ભગવાન.

આમ, 'હ્રસ્વ' (િ) અને 'દીર્ઘ' (ી) આ **માત્રા**માં **ફેર** પડતા શબ્દના અર્થમાં ઘણો **ફેરફાર** કે **અકલ્પિત અર્થ** થઈ જતો હોય છે.

આ એક સામાન્ય બાબત થઈ, પરંતુ મહત્ત્વની બાબત તો એ છે કે ઘણીવાર આપણે **અસાવધાની**થી આપણા ઈષ્ટદેવના **અપરાધી** બનીએ છીએ. એ **અપરાધથી** આજે આપ સૌને સજાગ કરવા છે, આપણા ઈષ્ટદેવ સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણે આપણને મહામુલા રત્નસમો જે **'સ્વામિનારાયણ'** મહામંત્ર આપ્યો છે. આ મહામંત્રમાં હંમેશા **'સ્વામિ'** પદમાં જે **'મિ'** છે તે હ્રસ્વ જ લખાવો જોઈએ. જો તે હ્રસ્વ 'મિ' લખાય તો જ તે સ્વામિ પદનો અર્થ થાય; 'સર્વ જગતનું સર્જન કરવાપણું, સર્વાત્માપણું, સર્વાંતર્યામીપણું, સર્વાધારપણું, સર્વકર્મફળપ્રદાતાપણું વગેરે બહુવિધ ઐશ્વર્ય સંપન્ન એવા પરમાત્મા પૂર્ણ પુરુષોત્તમ નારાયણ **ભગવાન શ્રી સ્વામિનારાયણ.**' આ શબ્દનો મૂળ અર્થ છે.

હવે જો **'સ્વામિ'** શબ્દમાં 'મિ'ને હ્રસ્વને બદલે દીર્ઘ **'મી'** લખાય તો 'સ્વામિનારાયણ' મંત્રના અર્થમાં **અતિ અનર્થ** થાય. જે વ્યાકરણ દૃષ્ટિએ આ મંત્રનું **ઘોર અપમાન** કર્યું કહેવાય, **અપશબ્દ** લખ્યો કહેવાય. જે અનર્થની લાંબી ચર્ચા નથી કરવી પણ આ અનર્થથી સૌએ ખાસ બચવું.

વ્યવહારમાં ઘણા ભક્તજનો નિવાસસ્થાનોમાં, પુસ્તકોમાં, દુકાનોમાં કે સંસ્થાઓમાં **'સ્વામિનારાયણ'** નામ લખતા હોય છે. પરંતુ અસાવધાનીમાં પણ આ મહામંત્ર લેખનની જોડણીમાં ભૂલથી પણ 'મિ' હ્રસ્વના બદલે 'મી' દીર્ઘ ન જ લખાય તેનું **ખાસ** સર્વેએ **અનુસંધાન** રાખવું.

ભક્તજનો ! આપ સર્વે આ વાતથી જ્યારે વાકેફ છો ત્યારે આપતો હવે પછી ભૂલથી પણ ખોટી જોડણી નહિ જ લખો. પરંતુ આપ જ્યાં જાવ ત્યાં 'સ્વામિનારાયણ' શબ્દને કોઈએ ભૂલથી **'સ્વામીનારાયણ'** આમ દીર્ઘ **'મી'** કરેલો હોય તે **ખોટી જોડણી**નો સુધારો કરવા **નમ્ર નિવેદન** કરજો. આગ્રહપૂર્વક પ્રયાસ કરી **ખોટી જોડણી સુધરાવજો.** તે પછી મંદિર, ધર્મશાળા, ઉતારા, ઘર-દુકાનો વગેરેમાં જોવા મળે કે કોઈ આમંત્રણ પત્રિકામાં જોવા મળે તો તુરંત તેમાં સુધારો કરાવજો. હંમેશને માટે **'સ્વામિનારાયણ'** નામમાં 'મિ' હ્રસ્વ લખાતો રહે તેમાં સર્વે ઉત્સુકતા દાખવશો એવી **આત્મવિશ્વાસ** સહ અતૂટ **શ્રદ્ધા** ધરાવીએ છીએ.

આ બાબત જોવામાં જણાય છે તો નાની પણ આ વાતમાં ખરો ખટકો જે કોઈ રાખશે તે મૂળ સંપ્રદાયની ઘણી મોટી સેવા કરી રહ્યા છે. તેમના ઉપર ભગવાન શ્રી સ્વામિનારાયણ તથા આદિઆચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ, આદિઆચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ, સ.ગુ. શ્રી મુક્તાનંદ સ્વામી, સ.ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામી, સ.ગુ. શ્રી નિત્યાનંદ સ્વામી, સ.ગુ. શ્રી બ્રહ્માનંદ સ્વામી, સ.ગુ. શ્રી ગુણાતીતાનંદ સ્વામી જેવા **મહાપુરુષો રૂડા આશિષો આપશે** - રાજીપો દાખવશે. બસ એજ આ **શ્રી સ્વામિનારાયણ મહામંત્રના ૨૧૫મા પ્રાગટ્યદિને** આ સેવાકરી કૃતકૃત્ય બનીએ.

ભગવદ્‌ભક્તો, ભગવદ્‌રસના પ્યાસુ અને જિજ્ઞાસુઓને જ તાત્ત્વિક, વાસ્તવિક અર્થ જાણવાની અને માણવાની તમન્ના હોય છે : **'इत्यलम्, अस्तु विरम्यते शतशः जय श्रीस्वामिनारायण पुरःसरम् ।'**

❖ ❖ ❖ ❖ ❖ ❖



૧૩. ગ્રંથ સંદર્ભ સૂચિ

આ **'શ્રી સ્વામિનારાયણ મહામંત્રનો સનાતન-વૈદિક શાસ્ત્રોના પ્રમાણો સહિત અર્થસભર મહિમા'** ગ્રંથમાં સંપ્રદાયના તેમજ અન્ય ગુજરાતી-સંસ્કૃત જે જે ગ્રંથોનો **આધાર** લેવામાં આવ્યો છે તેની **સૂચિ** નીચે પ્રમાણે છે.

ગુજરાતી સાહિત્ય

૧. **શ્રી શિક્ષાપત્રી (પંચરત્ન અંતર્ગત):-** લેખક : ભગવાન શ્રી સ્વામિનારાયણ, પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર - વડતાલ, સં. ૨૦૫૪, ઈ.સ. ૧૯૯૭

૨. **દેશ-વિભાગનો લેખ :-** રચયિતા : ભગવાન શ્રી સ્વામિનારાયણ, લેખક : શુકમુનિ. વડતાલ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી પાસેના હસ્તપ્રતને આધારે. સં. ૧૮૮૩ મહા સુદી પૂનમ.

૩. **શ્રીમદ્ સત્સંગિજીવન :-** રચયિતા : સ.ગુ. શ્રી શતાનંદ સ્વામી, સંશોધક :- સ્વામી આનંદસ્વરૂપદાસજી, પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર, ઈ.સ. ૨૦૦૭.

૪. **શ્રી વચનામૃત :-** ભગવાન શ્રી સ્વામિનારાયણની પરાવાણી, પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર. ઈ.સ. ૨૦૦૨.

૫. **શ્રીહરિચરિત્રામૃતસાગર :-** રચયિતા : સ.ગુ. શ્રી આધારાનંદ સ્વામી, સંપાદક-સંશોધક :- શા. જ્ઞાનપ્રકાશદાસજી સ્વામી. ઈ.સ. ૨૦૦૯

૬. **શ્રી શિક્ષાપત્રી અર્થદીપિકા ટીકા સહિતા :-** કર્તા : સ.ગુ. શ્રી શતાનંદ સ્વામી, સંશોધક : શાસ્ત્રી લક્ષ્મીશંકર શુક્લ - વડોદરા, સં. ૨૦૩૦.

૭. **શ્રી શિક્ષાપત્રી રહસ્યાર્થ :-** આચાર્ય શ્રી દેવેન્દ્રપ્રસાદજી મહારાજ (અમદાવાદ)ના શુભાશીર્વાદથી પ્રકાશિત, ઈ.સ. ૧૯૬૬

૮. **શ્રીહરિલીલાકલ્પતરુ :-** રચયિતા : આદિઆચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ, પ્રકાશક : શેઠ માણેકલાલ ચુનીલાલ - મુંબઈ, સં. ૨૦૨૦

૯. **શ્રીહરિદિગ્વિજય :-** રચયિતા : સ.ગુ. શ્રી નિત્યાનંદ સ્વામી, પ્રકાશક : મૂળજીભાઈ માણેકલાલ ચોકસી, સં. ૧૯૯૦, ઈ.સ. ૧૯૩૪

૧૦. **શ્રીહરિલીલાસિંધુ :-** રચયિતા : સ.ગુ. શ્રી વેષ્ણવાનંદ વર્ણી, પ્રકાશક : શ્રી સ્વા. વિદ્યાર્થી ભુવન - સુરેન્દ્રનગર, ઈ.સ. ૨૦૦૭

૧૧. **શ્રીહરિલીલામૃત :-** પ.પૂ. ધ.ધુ. આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજ, પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર - વડતાલ, સં.૧૯૮૪ , ઈ.સ. ૧૯૨૮

૧૨. **શ્રીહરિચરિત્રમ્ (ભાગ ૧-૨) :-** સંપાદક-સંશોધક :- શા. જ્ઞાનપ્રકાશદાસજી સ્વામી. ઈ.સ. ૨૦૦૨ સં. ૨૦૫૮.

૧૩. **શ્રી દુર્ગપુર માહાત્મ્ય (ગુજરાતી ભાષાંતર) :-** પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિર - ગઢડા, ઈ.સ. ૨૦૦૬

૧૪. **શ્રી મુક્તાનંદ કાવ્ય :-** રચયિતા : સ.ગુ. શ્રી મુક્તાનંદ સ્વામી, સંપાદક-સંશોધક : શા. રામદાસજી, પ્રસિદ્ધકર્તા : વડતાલ મેનેજીંગ ટ્રસ્ટી બોર્ડ, સં. ૨૦૬૧. - ઈ.સ. ૨૦૦૫.

૧૫. **શ્રી નિષ્કુળાનંદ કાવ્ય :-** સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામી, પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર - વડતાલ, સં. ૨૦૪૧

૧૬. **શ્રી ભક્તચિંતામણી :-** સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામી, પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર - વડતાલ, ઈ.સ. ૨૦૦૬

૧૭. **શ્રી બ્રહ્માનંદ કાવ્ય :-** રચયિતા : સ.ગુ. શ્રી બ્રહ્માનંદ સ્વામી, પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ વિદ્યાર્થી ભુવન - સુરેન્દ્રનગર, સં. ૨૦૫૩, ઈ.સ. ૧૯૯૭

૧૮. **શ્રી પ્રેમાનંદ કાવ્ય :-** રચયિતા : સ.ગુ. શ્રી પ્રેમાનંદ સ્વામી, પ્રસિદ્ધકર્તા : મહંત પુરાણી સ્વામી હરિસ્વરૂપદાસજી - ભુજ, સં. ૨૦૪૯.

૧૯. **શ્રી દેવાનંદ કાવ્ય :-** રચયિતા : સ.ગુ. શ્રી દેવાનંદ સ્વામી, પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ વિદ્યાર્થી ભુવન - સુરેન્દ્રનગર, સં. ૨૦૬૩.

૨૦. **શ્રી ભૂમાનંદ કાવ્ય :-** રચયિતા : સ.ગુ. શ્રી ભૂમાનંદ સ્વામી, પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ વિદ્યાર્થી ભુવન - સુરેન્દ્રનગર, સં. ૨૦૫૬.

૨૧. **કીર્તનામૃત :-** નંદસંતો રચિત કીર્તનો. સંશોધક :- સ્વામી આનંદસ્વરૂપદાસજી, પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર, ઈ.સ. ૨૦૧૦.

૨૨. **કીર્તન મુક્તાહારમ્ :-** સંકલન : પ્રભુ શાસ્ત્રી, પ્રકાશક : સત્સંગ પ્રચાર કાર્યાલય - રાજકોટ, સં. ૨૦૪૩.

૨૩. **શ્રી પુરુષોત્તમલીલામૃત સુખસાગર :-** લેખક : સ.ગુ. શ્રી અચ્યુતદાસજી સ્વામી, સંશોધક : શા. ધર્મજીવનદાસજી - ભુજ, સં. ૨૦૩૦

૨૪. **શ્રી સ્વા. અવતારી સ્વરૂપ નિરુપણ :-** લેખક-પ્રકાશક : પાર્ષદ ગાંડા ભગત, શ્રી સ્વામિનારાયણ મંદિર - કાલુપુર અમદાવાદ, ઈ.સ. ૧૯૭૨, સં.૨૦૨૮

૨૫. **સ.ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામીની વાતો :-** સંશોધક :- સાધુ આનંદસ્વરૂપદાસજી, પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર, ઈ.સ. ૨૦૦૮.

૨૬. **સ.ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામીની વાતો (અમદાવાદ પ્રત) :-** પ્રસિદ્ધ કર્તા : શ્રી સ્વા. મંદિર - ભુજ, સં.૨૦૬૧, ઈ.સ. ૨૦૦૫

૨૭. **સ.ગુ. શ્રી ગુણાતીતાનંદ સ્વામીની વાતો :-** સંશોધક :- સાધુ આનંદસ્વરૂપદાસજી, પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર, ઈ.સ. ૨૦૦૯.

૨૮. **સ.ગુ. શ્રી અદ્‌ભુતાનંદ સ્વામીની વાતો :-** સંપાદક-સંશોધક-પ્રકાશક : શા. હરિજીવનદાસજી, સં.૨૦૨૯, ઈ.સ. ૧૯૭૩.

૨૯. **સ.ગુ. શ્રી પ્રસાદાનંદ સ્વામીની વાતો :-** પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર - કાલુપુર અમદાવાદ, ઈ.સ. ૧૯૯૫

૩૦. **સ.ગુ. બ્રહ્મ. શ્રી અક્ષરાનંદ સ્વામીની વાતો :-** સંપાદક : બ્રહ્મ. સ્વામી કૃષ્ણાનંદજી, પ્રસિદ્ધકર્તા : વડતાલ મેનેજીંગ ટ્રસ્ટી બોર્ડ, સં. ૨૦૬૩, ઈ.સ. ૨૦૦૬.

૩૧. **સ.ગુ. શ્રી કૃષ્ણચરણદાસજી સ્વામીની વાતો :-** લેખક : સ્વા. અક્ષરપુરુષદાસજી, પ્રકાશક : સ્વામી ગોવિંદપ્રસાદદાસજી - જૂનાગઢ, સં. ૨૦૩૯.

૩૨. **સ.ગુ. શ્રી નિર્ગુણદાસજી સ્વામીની વાતો :-** સંશોધક :- સ્વામી ઘનશ્યામપ્રકાશદાસજી, પ્રકાશક : સ.ગુ. સ્વામી જગતપ્રકાશદાસજી, ઈ.સ. ૧૯૯૬. સં. ૨૦૫૨

૩૩. **બ્રહ્મનિષ્ઠ સંતો :-** લેખક : શા. સ્વામી ધર્મવલ્લભદાસજી, પ્રકાશક : સ્વામી પ્રેમજીવનદાસજી - જૂનાગઢ, સં. ૨૦૪૭.

૩૪. **આદર્શ ભક્તગાથા :-** લેખક : શા. સ્વામી ધર્મવલ્લભદાસજી, પ્રકાશક : સ્વામી પ્રેમજીવનદાસજી - જૂનાગઢ, સં. ૨૦૬૩.

૩૫. **શ્રીહરિ ચરિત્ર ચિંતામણી (ભાગ - ૧,૨) :-** ગ્રંથકર્તા :- સ્વામી રૂગનાથચરણદાસજી - જૂનાગઢ, પ્રકાશક : કો. સ્વામી નારાયણસ્વરૂપદાસજી - જૂનાગઢ, ઈ.સ. ૨૦૪૨.

૩૬. **શ્રીહરિ ચરિત્ર ચિંતામણી (ભાગ - ૩) :-** ગ્રંથકર્તા :- સ્વામી રૂગનાથચરણદાસજી - જૂનાગઢ, પ્રસિદ્ધકર્તા : શા. ચંદ્રપ્રસાદદાસજી - જૂનાગઢ, ઈ.સ. ૨૦૫૫.

૩૭. **ધર્મવંશી આચાર્યપદ :-** લેખક : હિતેન્દ્રભાઈ એન. પટેલ, પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર - કાલુપુર, અમદાવાદ, ઈ.સ. ૧૯૯૬

૩૮. **કીર્તનરત્નમાળા :-** પ્રકાશક :- શ્રી સ્વામિનારાયણ મંદિર. ભૂલેશ્વર - મુંબઈ, સં. ૧૯૯૦

૩૯. **શ્રી સ્વામિનારાયણ સંહિતા :-** ગ્રંથકર્તા :- પુરાણી સ્વા. દેવચરણદાસજી - મૂળી, પ્રકાશક : શ્રી પ્રભા હનુમાનજી મંદિર - જમીયતપુરા, ઈ.સ. ૨૦૬૧

૪૦. **શ્રીહરિ ઐશ્વર્ય દર્શન :-** પ્રકાશક : સત્સંગ પરિવાર, શ્રી સ્વામિનારાયણ મંદિર - ગાંધીનગર, ઈ.સ. ૨૦૫૩.

૪૧. **ભક્તની વ્હારે ભગવાન :-** સંકલન :- સાધુ અમૃતસ્વરૂપદાસજી, પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર, ઈ.સ. ૨૦૦૪.

૪૨. **ફરેણી માહાત્મ્ય :-** લેખક :- શા. બાલકૃષ્ણદાસજી. શ્રી સહજાનંદ સંસ્કાર ધામ - ફરેણી, ઈ.સ. ૨૦૦૬ સં. ૨૦૬૨.

૪૩. **પુરુષોત્તમ પ્રકાશ (નિષ્કુળાનંદ કાવ્ય અંતર્ગત) :-** પ્રસિદ્ધકર્તા. શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર, ઈ.સ. ૨૦૦૨

૪૪. **સુબોધસાગર અથવા મોક્ષમાર્ગના પગથિયાં :-** ગ્રંથકર્તા : બ્રહ્મ. પુરાણી શ્રી દામોદરાનંદજી, પ્રકાશક : બ્રહ્મ. શ્રી હરિપ્રિયાનંદજી, સં. ૨૦૫૧, ઈ.સ. ૧૯૯૫.

૪૫. **શ્રી સ્વામિનારાયણ ચરિત્ર ચિંતામણી :-** પ્રસિદ્ધકર્તા : સદ્. સ્વામી હરિજીવનદાસજી, શ્રી સ્વામિનારાયણ મંદિર - ડાકોર, સં. ૨૦૪૧, ઈ.સ. ૧૯૮૫.

૪૬. **શ્રી મહાપુરુષદાસજી સ્વામી જીવન અને ઐશ્વર્ય દર્શન :-** સંપાદક : રાજકવિ માવદાનજી રત્નુ, સં. ૨૦૫૬

૪૭. **બોચાસણ બંડનો અથેતિ ઈતિહાસ :-** લેખક-સંપાદક : શા. હરિજીવનદાસ, પ્રસિદ્ધકર્તા : શ્રી સ્વામિનારાયણ મંદિર - વડતાલ, સં.૨૦૩૮, ઈ.સ. ૧૯૮૨.

૪૮. **શ્રી સ્વામિનારાયણ મંત્રનો અર્થ અને મહિમા :-** લેખક : શા. નિર્મળદાસજી સ્વામી, સં. ૨૦૫૮ ઈ.સ. ૨૦૦૨

૪૯. **નહિ રે વિસારું હરિ :-** લેખક-પ્રકાશક : નટવરલાલ દવે - અમદાવાદ

૫૦. **વિમુખો સ્વામિનારાયણના નથી :-** લેખક-પ્રકાશક : નટવરલાલ દવે - અમદાવાદ

૫૧. **ભગવાન સ્વા.ના મૂળ સિદ્ધાંતો અને વિમુખો :-** લેખક : રામચંદ્ર ઠાકુર - મુંબઈ, પ્રકાશક : અંબાલાલ નથુદાસ પટેલ - વડુ,

૫૨. **શ્રી સ્વા. ધર્મ સિદ્ધાંત સત્ય માર્ગ દર્પણ :-** લેખક-પ્રકાશક : શ્રી મણિભાઈ બી. પટેલ - વલ્લભવિદ્યાનગર, સં. ૨૦૩૦

૫૩. **સાચું માર્ગદર્શન :-** લેખક-પ્રકાશક : શ્રી મણિભાઈ બી. પટેલ - વલ્લભવિદ્યાનગર, સં. ૨૦૩૧

૫૪. **ભગવદ્ગોમંડલ :-** કર્તા : શ્રી ભગવદ્સિંહજી મહારાજા - ગોંડલ, પ્રકાશક : પ્રવિણ પુસ્તક ભંડાર, યાજ્ઞિક રોડ - રાજકોટ. www.bhagvadgomandal.com

૫૫. **ભારતે ભગવાન :-** પ્રકાશક : ઉદય જાગુષ્ટે. પુનઃ મુદ્રણ : ૨૨મી વાર, ઈ.સ.૨૦૦૬

સંસ્કૃત સાહિત્ય

૧. **શિક્ષાપત્રી સટીકભાષ્યસમેતા :-** સંશોધન : પં. કૃષ્ણમાચાર્ય, પ.પૂ. ધ.ધુ. આચાર્ય શ્રી શ્રીપતિપ્રસાદજી મહારાજની આજ્ઞાથી પ્રકાશિત. સં. ૧૯૮૦, ઈ.સ. ૧૯૨૪

૨. **શ્રીમદ્ સત્સંગિજીવન શુકાનંદમુનિકૃત હેતુટીકા :-** આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજ કૃત 'ભાવપ્રબોધિની વ્યાખ્યા', સંશોધક : પં. એમ્બાર કૃષ્ણમાચાર્ય - વડતાલ પાઠશાળા

૩. **શ્રીહરિવાક્યસુધાસિંધુ સેતુમાલા ટીકા :-** કર્તા : આદિઆચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ, પ્રકાશક : મહંત પુરાણી સ્વામી હરિસ્વરૂપદાસજી - શ્રી સ્વામિનારાયણ મંદિર - ભુજ

૪. **શ્રીહરિવાક્યસુધાસિંધુ :-** સ.ગુ. શ્રી શતાનંદ સ્વામી, પ્રકાશક : હરિપ્રકાશ શાસ્ત્રી, સં. ૨૦૨૫.

૫. **શ્રીહરિલીલાકલ્પતરુ :-** રચયિતા : આદિઆચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ, સ.ગુ. શ્રી પરમસુખદાસજી સ્વામી દ્વારા હસ્તલિખિત પ્રત

૬. **શ્રીહરિલીલાકલ્પતરુ :-** આચાર્ય શ્રી ભગવત્પ્રસાદજી મહારાજ રચિત રસબોધિની વ્યાખ્યા સહિત (હસ્ત લિખિત પ્રત)

૭. **શ્રીહરિચરિત્રમ્ (સંસ્કૃત) :-** સંપાદક-સંશોધક :- શા. જ્ઞાનપ્રકાશદાસજી સ્વામી. ઈ.સ. ૨૦૦૦ સં. ૨૦૫૬.

૮. **શ્રીહરિલીલા પ્રદીપ :-** રચયિતા : આચાર્ય શ્રી ભગવત્પ્રસાદજી મહારાજ, અનુવાદક-સંશોધક : શા. શ્વેતવૈકુંઠદાસજી, પ્રકાશક :- શ્રીહરિપ્રકાશ શાસ્ત્રી, સં. ૨૦૨૭,

૯. **શ્રીહરિસંભવ મહાકાવ્યમ્ :-** વિદ્વજ્જનાહ્લાદીની ટીકા સંવલિત પ્રકાશક :- સ્વા. મં. વારાણસી ઈ.સ. ૧૯૬૮

૧૦. **આધ્યાત્મિક તત્ત્વાખ્યાનમ્ :-** પ્રકાશક : શા. હરિજીવનદાસ, શ્રી સ્વામિનારાયણ મંદિર - વડતાલ, સં. ૨૦૨૯

૧૧. **બ્રહ્મમીમાંસા ભાષ્ય :-** કર્તા : સ.ગુ. શ્રી મુક્તાનંદ સ્વામી, પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર - વડતાલ, સં.૨૦૦૯, ઈ.સ. ૧૯૫૨.

૧૨. **બ્રહ્મસૂત્રભાષ્ય રત્નમ્ :-** કર્તા : સ.ગુ. શ્રી મુક્તાનંદ સ્વામી, પ્રકાશક : પરીખ વલ્લભદાસ દેવદાસ અને ભીમજીભાઈ હીરજીભાઈ, સ. ૧૯૯૨, ઈ.સ. ૧૯૩૬.

૧૩. **બ્રહ્મમીમાંસા ભાષ્ય પ્રદીપ ટીકા :-** કર્તા : સ.ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામી, પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર - વડતાલ, સં.૨૦૦૯, ઈ.સ. ૧૯૫૨.

૧૪. **શ્રીમદ્ ભગવદ્ ગીતા ભાષ્યમ્ :-** કર્તા : સ.ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામી, પ્રસિદ્ધકર્તા : સ.ગુ. શ્રી ધર્મસ્વરૂપદાસજી - વડતાલ, ઈ.સ.૧૯૪૧, સં. ૧૯૯૭.

૧૫. **વેદાર્થ સંગ્રહ :-** કર્તા : શ્રી રામાનુજાચાર્ય, સંપાદક : એમ.એ. લક્ષ્મીતાતાચાર્ય, પ્રકાશક : સંસ્કૃત સંશોધન સંસત્ - મેલુકોટે, ઈ.સ. ૧૯૯૧.

૧૬. **૧૦૮ ઉપનિષદ :-** સંપાદક : વેદમૂર્તિ પં. શ્રી રામ શર્મા આચાર્ય, પ્રકાશક : બ્રહ્મવર્ચસ, શાંતિકુંજ - હરિદ્વાર. સં. ૨૦૫૪.

૧૭. **૧૦૮ ઉપનિષદ - સાધનાખંડ, બ્રહ્મવિદ્યાખંડ, જ્ઞાનખંડ :-** સંપાદક : વેદમૂર્તિ પં. શ્રી રામ શર્મા આચાર્ય, પ્રકાશક : બ્રહ્મવર્ચસ, શાંતિકુંજ - હરિદ્વાર. ઈ.સ. ૨૦૦૨.

૧૮. **ભગવત્ પતંજલિકૃત વ્યાકરણ મહાભાષ્ય નવાહ્નિક :-** સંપાદક : જિતેન્દ્ર શાહ, અનુવાદ : પ્રદ્યુમ્ન વોરા, પ્રકાશક : લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર - અમદાવાદ, ઈ.સ. ૨૦૦૪.

૧૯. **શ્રીમન્મહર્ષિ પતંજલિવિનિર્મિત પાણીનીયવ્યાકરણ મહાભાષ્ય :-** પ્રકાશક : ચૌખમ્બા સંસ્કૃત પ્રતિષ્ઠાન - દિલ્લી. ઈ.સ. ૧૯૯૨

૨૦. **વામનજયાદિત્યવિરચિતા 'કાશિકા' ન્યાસ-પદમંજરી-ભાવબોધિની સહિતા :-** સંપાદક : ડો. જયશંકરલાલ ત્રિપાઠી, ડો. સુધાકર માલવીય, ઈ.સ. ૧૯૮૪, સં. ૨૦૪૧.

૨૧. **શ્રીમન્મહર્ષિ પતંજલિવિનિર્મિત વ્યાકરણ મહાભાષ્યમ્ :-** સંશોધક : શ્રી ભાર્ગવ શાસ્ત્રી, પ્રકાશક : ચૌખમ્બા સંસ્કૃત પ્રતિષ્ઠાન - દિલ્લી. ઈ.સ. ૨૦૦૦.

૨૨. **શબ્દ કલ્પદ્રુમ :-** કર્તા : રાજા રાધાકાન્ત દેવ, પ્રકાશક : ચૌખમ્બા સંસ્કૃત સીરીઝ ઓફિસ - વારાણસી. ઈ.સ. ૨૦૦૧.

૨૩. **પ્રૌઢ મનોરમા :-** સંપાદક : વ્યાકરણાચાર્ય પં. ગોપાલ શાસ્ત્રી, પ્રકાશક : ચૌખમ્બા સંસ્કૃત સંસ્થાન - વારાણસી. સં. ૨૦૫૯.

૨૪. **પરમલઘુમંજુષા જ્યોત્સના વ્યાખ્યા :-** લેખક : કાલીદાસપ્રસાદ શુકલ.

૨૫. **પરમલઘુમંજુષા :-** સંપાદક : આચાર્ય લોકમણિ દાહાલ, પ્રકાશક : ચૌખમ્બા સૂરભારતી પ્રકાશન, વારાણસી.

૨૬. **પૈયાકરણસિદ્ધાંત કૌમુદી :-** સંશોધક : શ્રી પરમેશ્વરાનંદ શર્મા, પ્રકાશક : મોતીલાલ બનારસીદાસ - દિલ્લી, ઈ.સ. ૨૦૦૧.

૨૭. **લઘુ સિદ્ધાંત કૌમુદી :-** સંપાદક : વ્યાકરણાચાર્ય પં. શ્રી નારાયણદત્ત ત્રિપાઠી, પ્રકાશક : ગીતા પ્રેસ - ગોરખપુર.

૨૮. **પ્રૌઢ મનોરમા :-** સંપાદક : ડો. દ્વારિકાપ્રસાદ ત્રિવેદી, પ્રકાશક : ભારતીય વિદ્યા સંસ્થાન - વારાણસી, ઈ.સ. ૨૦૦૪.

૨૯. **વ્યાકરણ મહાભાષ્યમ્ :-** સંપાદક : પ્રો. જયશંકરલાલ ત્રિપાઠી, પ્રયોજક : ચૌખમ્બા કૃષ્ણદાસ અકાદમી - વારાણસી, સં. ૨૦૫૫.

૩૦. **મહાભાષ્યમ્ (હિન્દી વ્યાખ્યા) :-** વ્યાખ્યાકાર: યુધિષ્ઠિર મીમાંસક, પ્રકાશક : રામલાલ કપૂર ટ્રસ્ટ, સોનીપત (હરિયાણા) ઈ.સ. ૧૯૯૨

૩૧. **સિદ્ધાંત કૌમુદી :-** વ્યાખ્યાકાર : શ્રી ગોપાલદત્ત પાંડેય, પ્રકાશક : ચૌખમ્બા સૂરભારતી પ્રકાશન, વારાણસી. ઈ.સ. ૧૯૯૯.

૩૨. **અમરકોશ :-** વ્યાખ્યાકાર : પં. શ્રી હરગોવિંદ શાસ્ત્રી, પ્રકાશક : ચૌખમ્બા સંસ્કૃત સંસ્થાન - વારાણસી. સં. ૨૦૫૭.

૩૩. **સ્તોત્રરત્ન ભાષ્યમ્ :-** પ્રકાશક : શ્રી વેદનાથ દેસિકા સેવન્થ સેન્ટનરી ટ્રસ્ટ - મદ્રાસ

૩૪. **અષ્ટાધ્યાયી ભાષ્ય :-** કર્તા : પં. શ્રી બ્રહ્મદત્તજી જિજ્ઞાસુ, પ્રકાશક : રામલાલ કપૂર ટ્રસ્ટ, સોનીપત (હરિયાણા) ઈ.સ. ૨૦૦૩

૩૫. **ઈશાવાસ્યોપનિષદ્ :-** સંપાદક : એમ.એ.એસ. રાજન, પ્રકાશક : સંસ્કૃત સંશોધન - મેલુકોટે, ઈ.સ. ૧૯૯૧.

૩૬. **લઘુસિદ્ધાંત કૌમુદી (ભૈમીવ્યાખ્યા) :-** લેખક : ભીમસેન શાસ્ત્રી, પ્રકાશક : નચિકેતા જાટિયા - ગાંધીનગર, ઈ.સ. ૨૦૦૪.

૩૭. **અષ્ટાધ્યાયી :-** સંપાદક : પં. ગોપાલ શાસ્ત્રી, સંપાદક : શ્રી ગોપાલદત્ત પાંડેય, પ્રકાશક : ચૌખમ્બા સૂરભારતી પ્રકાશન, વારાણસી. ઈ.સ. ૨૦૦૦.

૩૮. **અષ્ટાધ્યાયી (શ્રીલલિતા વૃત્તિ સંવલિતા) :-** સંપાદક : શ્રી સિદ્ધાર્થ કૃષ્ણ, પ્રકાશક : શ્રી કૈલાસ વિદ્યા પ્રકાશન - ઋષિકેશ,સં. ૨૦૬૧, ઈ.સ. ૨૦૦૫.

૩૯. **લઘુશબ્દેન્દુશેખર :-** વ્યાખ્યાતા : આચાર્ય વિશ્વનાથ મિશ્ર, પ્રકાશક : ચૌખમ્બા સંસ્કૃત પ્રતિષ્ઠાન - દિલ્લી. ઈ.સ. ૨૦૦૧.

૪૦. **પરમલઘુમંજુષા (ભાવપ્રકાશિકા - બાલબોધિની) :-** સંપાદક : જયશંકરલાલ ત્રિપાઠી, પ્રકાશક : ચૌખમ્બા કૃષ્ણદાસ અકાદમી - વારાણસી, સં. ૨૦૬૧

૪૧. **દીક્ષા રહસ્ય :-** પ્રકાશક - ચૌખંભા ઓરિયન્ટાલિયા, વારાણસી

૪૨. **ચાણક્યનીતિ :-** સંપાદન : મનસુખ સાવલિયા, પ્રકાશક - પ્રવિણ પબ્લિકેશન - રાજકોટ, ઈ.સ. ૨૦૦૯

૪૩. **ગુરુગીતા :-** ભાષ્યકાર : પં. શ્રી વ્રજવલ્લભ દ્વિવેદી, પ્રકાશક : શૈવભારતી શોધપ્રતિષ્ઠાન - વારાણસી, ઈ.સ. ૧૯૯૯

૪૪. **વાલ્મીકી રામાયણ (હિન્દી ટીકા) :-** સંશોધક : પં. જ્વાલાપ્રસાદ મિશ્ર, પ્રકાશક : ચૌખમ્બા સંસ્કૃત સીરીઝ ઓફિસ - વારાણસી.

૪૫. **શ્રીમદ્ ભાગવત મહાપુરાણમ્ :-** (અનેકવ્યાખ્યાસંવલિત) સંપાદક : શ્રી કૃષ્ણશંકર શાસ્ત્રી, પ્રકાશક : શ્રી ભાગવત વિદ્યાપીઠ - સોલા, અમદાવાદ. સં. ૨૦૪૨.

૪૬. **શ્રીમદ્ ભાગવત પુરાણમ્ (મૂલમાત્રમ્) :-** પ્રકાશક : ગોવિંદ ભવન કાર્યાલય, ગીતાપ્રેસ - ગોરખપુર, સં. ૨૦૫૪.

૪૭. **વિષ્ણુ મહાપુરાણ :-** સંપાદક : પં. થાનેશચંદ્ર આચાર્ય, પ્રકાશક : પરિમલ પબ્લિકેશન્સ - દિલ્લી, ઈ.સ. ૨૦૦૩.

૪૮. **બ્રહ્મવૈવર્ત પુરાણ :-** અનુવાદક-સંપાદક : શ્રી તારિણીશ ઝા, પ્રકાશક : હિન્દી સાહિત્ય સંમેલન, પ્રયાગ, ઈ.સ. ૨૦૦૨

૪૯. **બૃહન્નારદીય પુરાણ :-** અનુવાદક : શ્રી તારિણીશ ઝા, પ્રકાશક : હિન્દી સાહિત્ય સંમેલન, પ્રયાગ, ઈ.સ. ૧૯૮૯

૫૦. **મત્સ્યપુરાણ :-** અનુવાદક : શ્રી રામપ્રતાપ ત્રિપાઠી, પ્રકાશક : હિન્દી સાહિત્ય સંમેલન, પ્રયાગ, ઈ.સ. ૧૯૮૯

૫૧. **બ્રહ્મપુરાણ :-** અનુવાદક : શ્રી તારિણીશ ઝા, પ્રકાશક : હિન્દી સાહિત્ય સંમેલન, પ્રયાગ, ઈ.સ. ૧૯૯૩

૫૨. **ભવિષ્યપુરાણ :-** અનુવાદક : પંડિત બાબુરામ ઉપાધ્યાય, પ્રકાશક : હિન્દી સાહિત્ય સંમેલન, પ્રયાગ, ઈ.સ. ૧૯૯૫

૫૩. **પદ્મપુરાણ :-** શ્રી વેદવ્યાસ પ્રણીત, પ્રકાશક : ચૌખમ્બા સંસ્કૃત સીરીઝ ઓફિસ - વારાણસી. ઈ.સ. ૨૦૦૭

૫૪. **યોગિની તંત્ર :-** ટીકાકાર : પં. હરિપ્રસાદ ત્રિપાઠી, પ્રકાશક : ચૌખમ્બા સંસ્કૃત સીરીઝ ઓફિસ - વારાણસી.

૫૫. **વાક્યપદીય-બ્રહ્મકાંડ :-** સંપાદક : પં. વેદાંત ઝા, પ્રકાશક : મંદાકિની સંસ્કૃત વિદ્વત્પરિષદ - દિલ્લી.

૫૬. **પાતંજલ યોગદર્શનમ્ :-** વ્યાખ્યાકાર : ડો. રમાશંકર ત્રિપાઠી, પ્રકાશક : ચૌખમ્બા સંસ્કૃત સીરીઝ ઓફિસ - વારાણસી.

૫૭. **શ્રીભાષ્યમ્ :-** વ્યાખ્યાકાર : આચાર્ય શ્રી શિવપ્રસાદ દ્વિવેદી, પ્રકાશક : ચૌખમ્બા વિદ્યાભવન - વારાણસી. ઈ.સ. ૨૦૦૯

૫૮. **જનમંગલ સ્તોત્ર 'ભાવાર્થપ્રકાશિકા' વ્યાખ્યા :** (હસ્તલિખિત પ્રત) વ્યાખ્યાકાર : આદિઆચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ

૫૯. **સર્વમંગલ સ્તોત્ર 'ભાવપ્રબોધિની' વ્યાખ્યા :** (હસ્તલિખિત પ્રત) વ્યાખ્યાકાર : આદિઆચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ



શ્રી લક્ષ્મીનારાયણદેવ – વડતાલ



શ્રી નરનારાયણદેવ – અમદાવાદ



શ્રી ગોપીનાથજી મહારાજ - ગઢડા



શ્રી મદનમોહનજી મહારાજ – ધોલેરા



શ્રી રાધારમણદેવ – જૂનાગઢ


શ્રી હરિકૃષ્ણ મહારાજ
શ્રી નારાયણભગવાન
(ભૂજ)
શ્રી નરભગવાન